લેટેસ્ટ 30% + 70% પેપર-પેટર્ન અનુસાર આયોજિત


NAVNEET

2025

સામાજિક વિજ્ઞાન

ધોરણ 9

ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQs)નો સઘન મહાવરો	કેસ સ્ટડી આધારિત પ્રશ્નોનો સમાવેશ	પાઠ્યપુસ્તક ના સૉલ્યુશન સાથેની અધ્યયન-સામગ્રી



સમયાંતરે બોર્ડ દ્વારા જાહેર થતા કોઈ પણ પ્રકારના સામાજિક વિજ્ઞાન વિષયના ફેરફાર અંગેની માહિતી તથા વિગતો આપેલ QR code scan કરી Digi support દ્વારા મેળવી શકાશે.

નવનીત એજ્યુકેશન લિમિટેડ

નવનીત હાઉસ

ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ–380 052.

ફોન : 6630 5000

Visit us at : www.navneet.com | e-mail : navneet.ahd@navneet.com

E2107

આ પુસ્તકની આગવી વિશેષતાઓ :

- દરેક પ્રકરણની શરૂઆતમાં **'પ્રકરણસાર'** શીર્ષક હેઠળ અતિ મહત્ત્વની પરીક્ષોપયોગી વિગતોનો સમાવેશ.
- પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયના પ્રશ્નોત્તર, ઉપરાંત વધારાના પરીક્ષોપયોગી તેમજ પ્રશ્નપત્રના અદ્યતન પરિરૂપ અનુસાર **CBQs** તેમજ **કેસ સ્ટડી** – વિવિધ ક્ષમતા આધારિત પ્રશ્નોનો સમાવેશ.
- ભૂગોળ વિભાગમાં વિષયવસ્તુને સ્પષ્ટ કરતા અનેક નકશાઓ અને આકૃતિઓ.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP) અન્વયે પરીક્ષા-પદ્ધતિમાં થયેલા ફેરફાર અનુસાર આયોજિત પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષા માટેનાં અદ્યતન પ્રશ્નપત્રોનો સમાવેશ.

નિવેદન

સામાજિક વિજ્ઞાન : ધોરણ 9ના પ્રવર્તમાન અમલી પાઠ્યપુસ્તક તથા શૈક્ષણિક વર્ષ 2024 – 25થી અમલમાં આવેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP) અન્વયે પરીક્ષા-પદ્ધતિમાં થયેલા ફેરફાર અનુસાર આયોજિત **'NAVNEET સામાજિક વિજ્ઞાન : ધોરણ 9'**ની આ અદ્યતન આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ માર્ગદર્શકનું આયોજન પ્રશ્નપત્રોના લેટેસ્ટ પરિરૂપ અનુસાર **30% હેતુલક્ષી** તથા **70% વર્ણનાત્મક પ્રશ્નો**ના સમાવેશ તેમજ **CBQ – ક્ષમતા અને કેસ સ્ટડી આધારિત પ્રશ્નો**ને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું છે.

પ્રત્યેક પ્રકરણની શરૂઆતમાં **'પ્રકરણસાર'** શીર્ષક હેઠળ પ્રકરણની અતિ મહત્ત્વની વિગતો આપવામાં આવી છે. વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે ઝડપી પુનરાવર્તન કરવામાં તે ખૂબ ઉપયોગી બનશે.

આ માર્ગદર્શકમાં પાઠ્યપુસ્તકના સ્વાધ્યાય-પ્રશ્નોના તેમજ પરીક્ષાલક્ષી મહત્ત્વના **CBQ – ક્ષમતા આધારિત પ્રશ્નો** દ્વારા 'વિદ્યાર્થીના વિકાસ', વિવેચનાત્મક વિચારસરણી અને 'સમસ્યા ઉકેલ' જેવા કૌશલ્યો-વિકાસનો પ્રયાસ આ પુસ્તક દ્વારા કરવામાં આવ્યો છે.

આ માર્ગદર્શકના **ભૂગોળ** વિભાગમાં માહિતીથી ભરપૂર **નકશાઓ** અને **આકૃતિઓ** આપીને વિષય-વસ્તુની તલસ્પર્શી છણાવટ કરવામાં આવી છે. પુસ્તકના અંતે લેટેસ્ટ પેપર-પૅટર્ન પ્રમાણેનાં **પ્રથમ પરીક્ષા, દ્વિતીય પરીક્ષા** અને **વાર્ષિક પરીક્ષા** માટેનાં અદ્યતન પ્રશ્નપત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ માર્ગદર્શકનું વારંવાર અધ્યયન વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનનો વિષય આત્મસાત્ કરવામાં તેમજ પરીક્ષામાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરાવવામાં સહાયરૂપ થશે એવો અમને દૃઢ વિશ્વાસ છે.

– પ્રકાશક

© All rights reserved. No part of this book may be copied, adapted, abridged or translated, stored in any retrieval system, computer system, photographic or other system or transmitted in any form or by any means without the prior written permission of the copyright holders, M/s. Navneet Education Limited. *Any breach will entail legal action and prosecution without further notice.*

અનુક્રમણિકા

❊ **પ્રશ્નપત્રનું પરિરૂપ** **4**

❊ **એકમ 1 : વીસમી સદી–વિશ્વ અને ભારત**

1. ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય 5
2. પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ 15
3. નૂતન વિશ્વ તરફ પ્રયાણ 27
4. ભારતની રાષ્ટ્રીય ચળવળો 42
5. ભારત : આઝાદી તરફ પ્રયાણ 54
6. 1945 પછીનું વિશ્વ 67
7. સ્વાતંત્ર્યોત્તર ભારત 84

❊ **એકમ 2 : આધુનિક રાષ્ટ્રનું નિર્માણ**

8. ભારતના રાજ્યબંધારણનું ઘડતર અને લક્ષણો 99
9. મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો 112
10. સરકારનાં અંગો 126
11. ભારતનું ન્યાયતંત્ર 148
12. ભારતીય લોકશાહી 160

❊ **એકમ 3 : ભારતભૂમિ અને લોકો**

13. ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ – I 171
14. ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ – II 181
15. જળપરિવાહ 201
16. આબોહવા 214
17. કુદરતી વનસ્પતિ 230
18. વન્યજીવન 242
19. ભારત : લોકજીવન 252
20. આપત્તિ-વ્યવસ્થાપન 264
21. ભારતીય કૃષિનો ઇતિહાસ અને પ્રાકૃતિક ખેતીનો પરિચય 277
22. માર્ગ-સલામતી : વાહનો અને માર્ગ 288

નમૂનાનાં પ્રશ્નપત્રો :

❊ પ્રશ્નપત્ર 1 : પ્રથમ પરીક્ષા માટે 294
❊ પ્રશ્નપત્ર 2 : દ્વિતીય પરીક્ષા માટે 296
❊ પ્રશ્નપત્ર 3 : વાર્ષિક પરીક્ષા માટે 298

પ્રશ્નપત્રનું પરિરૂપ

પ્રશ્નપ્રકાર પ્રમાણે ગુણભાર

પ્રશ્નપ્રકાર	પ્રથમ અને દ્વિતીય પરીક્ષા [સમય : 2 કલાક]			વાર્ષિક પરીક્ષા [સમય : 3 કલાક]		
	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
	વિકલ્પ વિના	વિકલ્પ સાથે		વિકલ્પ વિના	વિકલ્પ સાથે	
હેતુલક્ષી પ્રશ્નો (O)	15	15	15	24	24	24
ટૂંકજવાબી પ્રશ્નો – I (SA – I)	06	09	12	09	13	18
ટૂંકજવાબી પ્રશ્નો – II (SA – II)	05	08	15	06	09	18
વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA)	02	03	08	05	08	20
કુલ	**28**	**35**	**50**	**44**	**54**	**80**

પ્રકરણ પ્રમાણે ગુણભાર

પ્રકરણ ક્રમ	પ્રકરણનું નામ	પ્રથમ પરીક્ષા	દ્વિતીય પરીક્ષા	વાર્ષિક પરીક્ષા	
				જનરલ વિકલ્પ વિના	જનરલ વિકલ્પ સાથે
1.	ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય	06	01	03	03
2.	પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ	03	01	03	03
3.	નૂતન વિશ્વ તરફ પ્રયાણ	05	02	03	03
4.	ભારતની રાષ્ટ્રીય ચળવળો	06	02	05	05
5.	ભારત : આઝાદી તરફ પ્રયાણ		06	04	06
6.	1945 પછીનું વિશ્વ		04	04	08
7.	સ્વાતંત્ર્યોત્તર ભારત			05	07
8.	ભારતના રાજ્યબંધારણનું ઘડતર અને લક્ષણો	04	02	03	03
9.	મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો	06	02	04	06
10.	સરકારનાં અંગો		05	04	06
11.	ભારતનું ન્યાયતંત્ર		05	04	07
12.	ભારતીય લોકશાહી			04	08
13.	ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ – I	05	01	03	03
14.	ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ – II	08	01	03	03
15.	જળપરિવાહ	07	03	02	02
16.	આબોહવા		05	03	06
17.	કુદરતી વનસ્પતિ		05	04	08
18.	વન્યજીવન		05	05	05
19.	ભારત : લોકજીવન			05	08
20.	આપત્તિ-વ્યવસ્થાપન			04	04
21.	ભારતીય કૃષિનો ઇતિહાસ અને પ્રાકૃતિક ખેતીનો પરિચય			02	02
22.	માર્ગ-સલામતી : વાહનો અને માર્ગ			03	03
	કુલ ગુણ	**50**	**50**	**80**	**109**

1 ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય



રૉબર્ટ ક્લાઇવ | વૉરન હેસ્ટિંગ્સ | લૉર્ડ વેલેસ્લી | વિલિયમ બેન્ટિંક

પ્રકરણસાર

- પ્રાચીન સમયથી યુરોપમાં ભારતના મરી-મસાલા, તેજાના, મલમલ, રેશમી કાપડ, ગળી તેમજ અન્ય કીમતી ચીજવસ્તુઓની ખૂબ માંગ રહેતી.
- તુર્કસ્તાનમાં આવેલા **કૉન્સ્ટેન્ટિનોપલ** (ઇસ્તંબૂલ) મારફતે પશ્ચિમ અને પૂર્વના દેશો વચ્ચેનો વેપાર ઈરાની અખાત અને રાતા સમુદ્રના જળમાર્ગે તેમજ મધ્ય એશિયાના જમીનમાર્ગે ચાલતો.
- ઈ. સ. 1453માં તુર્ક મુસ્લિમોએ ખ્રિસ્તીઓના તાબા હેઠળનું કૉન્સ્ટેન્ટિનોપલ (ઇસ્તંબૂલ) જીતી લીધું. આથી યુરોપના લોકોને ભારત આવવા માટે નવો જળમાર્ગ શોધવાની જરૂરિયાત ઊભી થઈ.
- ઈ. સ. 1498માં પોર્ટુગલના સાહસિક નાવિક **વાસ્કો-દ-ગામા**એ ભારત આવવાનો નવો જળમાર્ગ શોધ્યો. એ પછી ફિરંગીઓ, ડચ, અંગ્રેજો, ફ્રેંચો વગેરે યુરોપીય પ્રજા ક્રમશઃ ભારતમાં વેપાર કરવા આવી.
- ઇંગ્લૅન્ડના કેટલાક વેપારીઓએ ભારત અને પૂર્વના દેશો સાથે વેપાર કરવા માટે (ઈ. સ. 1599માં) **'ઈસ્ટ ઇન્ડિયા કંપની'**ની સ્થાપના કરી. આ વેપારી પેઢીના અંગ્રેજ વેપારીઓએ ભારતમાં આવીને પોતાનાં વેપારીમથકો સ્થાપ્યાં (કોઠીઓ સ્થાપી).
- ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ રક્ષણના બહાના નીચે કોલકાતાની પોતાની કોઠીની ફરતે કિલ્લેબંધી કરી. બંગાળના નવાબ **સિરાજ-ઉદ્-દૌલા**એ એ કિલ્લેબંધી તોડી નાખી.
- પરિણામે ઈ. સ. 1757માં પ્લાસીના મેદાનમાં સિરાજ-ઉદ્-દૌલા અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ થયું, જેમાં અંગ્રેજોની જીત થઈ. આ યુદ્ધથી અંગ્રેજોને ચોવીસ પરગણાની જાગીર મળી. આ યુદ્ધ દ્વારા ભારતમાં અંગ્રેજી સત્તાનો પાયો નંખાયો.
- ઈ. સ. 1764ના બક્સરના યુદ્ધમાં વિજેતા બનેલા અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓડિશા(ઓરિસ્સા)માં જમીનમહેસૂલ ઉઘરાવવાની સત્તા (દીવાની સત્તા) મળી.
- ઈ. સ. 1773માં અંગ્રેજ સરકારે નિયામક ધારો પસાર કર્યો. આ ધારા મુજબ વૉરન હેસ્ટિંગ્સ ભારતનો પ્રથમ ગવર્નર જનરલ બન્યો.
- ગવર્નર જનરલ **કૉર્નવૉલિસે** ત્રીજા મૈસૂર વિગ્રહમાં ટીપુ સુલતાનને હરાવી કંપનીના પ્રદેશમાં વધારો કર્યો.
- ગવર્નર જનરલ **વેલેસ્લી**એ સહાયકારી યોજનાનો અમલ કરીને કંપનીની સર્વોપરિતા અને પ્રતિષ્ઠાને પુનઃસ્થાપિત કરી. સાત વર્ષના ટૂંકા સમયગાળા દરમિયાન તેણે કંપનીનો રાજ્યવિસ્તાર બમણો કર્યો.
- ગવર્નર જનરલ **હેસ્ટિંગ્સે** ગુરખાઓ, પીંઢારાઓ અને મરાઠાઓને હરાવી કંપનીની સત્તા સર્વોપરી બનાવી.
- ઉદાર ગવર્નર જનરલ તરીકે ઓળખાયેલા **વિલિયમ બેન્ટિંકે** ભારતમાં સર્વોપરી બનેલી કંપનીની સત્તાને સ્થિર કરવામાં મહત્ત્વની કામગીરી કરી.

- ગવર્નર જનરલ **ડેલહાઉસી**એ 'જીત, જપ્તી અને ખાલસાની નીતિ' દ્વારા ભારતનાં અનેક દેશી રાજ્યોને કંપની સરકારના પ્રદેશો સાથે જોડી દઈ, અંગ્રેજ સામ્રાજ્યનો ખૂબ વિસ્તાર કર્યો. તેણે અનેક સુધારા કર્યા હોવાથી તે 'સુધારાવાદી ગવર્નર જનરલ' તરીકે ઓળખાય છે.
- કંપની શાસનનાં 100 વર્ષના શાસનકાળમાં ભારતદેશ બ્રિટિશ સામ્રાજ્ય માટે કાચો માલ પેદા કરનાર અને સામ્રાજ્યના તૈયાર થયેલા પાકા માલ માટે બજાર બની ગયો.
- અંગ્રેજ સરકારની **અન્યાયી મહેસૂલનીતિ**ને કારણે ભારતના ખેડૂતો પાયમાલ અને દેવાદાર બન્યા.
- અંગ્રેજ સરકારની આર્થિક શોષણનીતિ તેમજ ભેદભાવભરી વેપાર અને જકાતનીતિને કારણે ભારતીય ઉદ્યોગ-ધંધા પડી ભાંગ્યા. તેથી કારીગરો ગરીબ અને બેકાર બન્યા.
- પ્રાચીન સમયમાં ભારતનાં ગામડાં સ્વાવલંબી અને સમૃદ્ધ હતાં, પરંતુ અંગ્રેજી શાસનની અસરથી તે ગરીબ અને પરાધીન બન્યાં.
- બ્રિટિશકાળ દરમિયાન ભારતમાં રેલવે, તાર, ટપાલ, જમીનમાર્ગો વગેરેનો વિકાસ થયો. ભારતના દરિયાકિનારે મુંબઈ, ચેન્નઈ (મદ્રાસ) અને કોલકાતા જેવાં મહાબંદરો વિકસ્યાં.
- અંગ્રેજ સરકારના વહીવટ દરમિયાન વર્તમાનપત્રોનો વિકાસ થયો. તેનાથી ભારતીય પ્રજામાં વિચાર અને વાણીસ્વાતંત્ર્યની ભાવના વિકસી.
- અંગ્રેજી કેળવણી અને અંગ્રેજો સાથેના સંપર્કને પરિણામે ભારતમાં કેટલાક સમાજસુધારકો પેદા થયા. તેમણે સતીપ્રથા, જન્મતાંવેંત દીકરીને દૂધ પીતી કરવી, દહેજપ્રથા, બાળલગ્ન વગેરે સામાજિક કુરિવાજો નાબૂદ કરવા અનેક કાયદા પસાર કરાવ્યા.
- **મેકોલે**ના પ્રયત્નોને લીધે ભારતમાં અંગ્રેજી શિક્ષણ આપવાની શરૂઆત થઈ. **ચાર્લ્સ વુડ**ની ભલામણથી મુંબઈ, ચેન્નઈ અને કોલકાતામાં યુનિવર્સિટીઓ સ્થપાઈ. કન્યાકેળવણી શરૂ થઈ. ભારતમાં અંગ્રેજી શિક્ષણ પામેલો એક વર્ગ અસ્તિત્વમાં આવ્યો. તેણે સ્વાતંત્ર્યની લડત શરૂ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

*** (1) કંપની શાસનની ભારત પર થયેલી આર્થિક અસરો જણાવો.**

અથવા

કંપનીના શાસનની ભારત પર કઈ કઈ આર્થિક અસરો થઈ ?

ઉત્તર : કંપની શાસનની ભારત પર પડેલી આર્થિક અસરો નીચે પ્રમાણે હતી :

→ ભારતદેશ છેલ્લાં 2000 વર્ષથી દુનિયામાં આર્થિક ક્ષેત્રે ગૌરવભર્યું સ્થાન ધરાવતો હતો.

→ બ્રિટિશ કંપનીનાં 100 વર્ષના શાસનકાળમાં ભારતદેશ બ્રિટિશ સામ્રાજ્ય માટે કાચો માલ ઉત્પન્ન કરનાર અને સામ્રાજ્યના તૈયાર થયેલા પાકા માલ માટે બજાર બની ગયો.

→ ઈ. સ. 1708થી 1756 દરમિયાન બંગાળ પ્રાંત સુતરાઉ કાપડ, કાચું રેશમ, ખાંડ, શણ, મલમલ વગેરે ચીજવસ્તુઓની યુરોપના દેશોમાં નિકાસ કરતો હતો. પરંતુ ક્લાઇવે અમલમાં મૂકેલી 'દ્વિમુખી શાસનપદ્ધતિ'ને કારણે બંગાળ પ્રાંત આર્થિક રીતે કંગાલ બની ગયો.

→ પ્રાચીન સમયમાં ભારતનાં ગામડાં સ્વાવલંબી અને સમૃદ્ધ હતાં. અંગ્રેજોના શાસનથી તે ગરીબ અને પરાધીન બન્યાં.

→ અંગ્રેજ સરકારની આકરી અને અન્યાયી મહેસૂલનીતિને કારણે ભારતના ખેડૂતો પાયમાલ અને દેવાદાર બન્યા.

→ ખેતી પડી ભાંગતાં તેની માઠી અસર દેશના વેપાર-વાણિજ્ય પર થઈ.

→ અંગ્રેજ સરકારે ઇંગ્લૅન્ડના કાપડ ઉદ્યોગને વિકસાવવા ભારતના કાપડ ઉદ્યોગ પર અન્યાયી જકાત નાખી.

→ ભારતના હુન્નર ઉદ્યોગો પડી ભાંગે એ માટે અંગ્રેજ સરકારે અયોગ્ય રીતરસમો અપનાવી. પરિણામે ભારતના ઉદ્યોગ-ધંધા પડી ભાંગ્યા. તેથી કારીગરો ગરીબ અને બેકાર બન્યા.

→ કંપનીના નોકરો ખાનગી વેપાર કરતા. તેઓ બંગાળના વણકરો પાસેથી સસ્તામાં અને ટૂંકી મુદતમાં કાપડ પૂરું પાડવાનો કૉન્ટ્રાક્ટ લખાવી લેતા. ઇન્કાર કરનાર વણકરને તેઓ ફટકા મારવાની કે જેલની શિક્ષા કરતા.

→ કંપનીની જોહુકમીને કારણે બંગાળનો ધીકતો સુતરાઉ અને રેશમી કાપડનો ઉદ્યોગ નાશ પામ્યો.

→ આમ, કંપની શાસનની ભારતની ખેતી, ગૃહઉદ્યોગો અને વેપાર-ધંધા પર વિનાશક અસર થઈ.

*** (2) કંપની શાસનની ભારત પર થયેલી સામાજિક અસરો જણાવો.** *અથવા*

કંપની શાસનની ભારતીય સમાજ પર કઈ કઈ અસરો થઈ ?

ઉત્તર : કંપની શાસનની ભારત પર થયેલી સામાજિક અસરો નીચે પ્રમાણે હતી :

→ અંગ્રેજ વહીવટ દરમિયાન વર્તમાનપત્રોના વિકાસથી પ્રજામાં વાણી અને વિચારસ્વાતંત્ર્યની ભાવનાનો વિકાસ થયો. વર્તમાનપત્રોના માધ્યમથી વિચારોનું આદાન-પ્રદાન શક્ય બન્યું.

→ 18મી – 19મી સદી દરમિયાન ભારતમાં સતીપ્રથા, જન્મતાંવેંત દીકરીને દૂધ પીતી કરવી (મારી નાખવી), બાળલગ્ન, દહેજપ્રથા,

નોંધ : આ પુસ્તકમાં જે પ્રશ્નો સામે ફુદડી(* – asterisk)નું ચિહ્ન મૂકવામાં આવ્યું છે, તે બધા પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયના પ્રશ્નો છે. એ સિવાયના પ્રશ્નો વધારાના અગત્યના પ્રશ્નો છે.

વિધવા-પુનર્લગ્ન પર પ્રતિબંધ વગેરે કુરિવાજો પ્રવર્તતા હતા. અંગ્રેજોના સંપર્કથી રાજા રામમોહનરાય, બહેરામજી મલબારી, દુર્ગારામ મહેતા વગેરે સમાજસુધારકોએ એ કુરિવાજો નાબૂદ કરતા કાયદા બનાવડાવ્યા.

→ ભારતમાં શિક્ષણક્ષેત્રે અંગ્રેજીકરણ થતાં દેશમાં અંગ્રેજી ભાષા જાણનારા લોકોની જરૂરત ઊભી થઈ. અંગ્રેજ ધારાશાસ્ત્રી **મેકોલે**ના પ્રયત્નોથી ઈ. સ. 1834માં ભારતમાં અંગ્રેજી શિક્ષણ પદ્ધતિ શરૂ થઈ.

→ **ચાર્લ્સ વુડ**ની ભલામણથી મુંબઈ, ચેન્નઈ અને કોલકાતામાં યુનિવર્સિટીઓની સ્થાપના થઈ.

→ ભારતમાં અંગ્રેજી શિક્ષણ શરૂ થતાં એક નવો અંગ્રેજી શિક્ષિત વર્ગ ઊભો થયો. નવા શિક્ષિત યુવાનોમાંથી રાજા રામમોહનરાય, દુર્ગારામ મહેતા, નર્મદ, મહિપતરામ રૂપરામ, કરસનદાસ મૂળજી, બહેરામજી મલબારી વગેરે સમાજસુધારકો થયા. એ સમાજસુધારકોના સક્રિય પ્રયત્નોને પરિણામે ભારતમાં સમાજસુધારાની પ્રક્રિયાને વેગ મળ્યો.

આમ, કંપની શાસને ભારતીય સમાજ પર નોંધપાત્ર અસરો કરી.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

*** (1) યુરોપિયન પ્રજાને ભારત આવવાનો જળમાર્ગ શોધવાની ફરજ પડી. આ વિધાન સમજાવો.**

ઉત્તર : પ્રાચીન કાળથી પશ્ચિમના દેશો અને ભારત વચ્ચે મોટા પાયા પર વેપારધંધો ચાલતો હતો. એ સમયે યુરોપનાં બજારોમાં ભારતનાં મરી-મસાલા, તેજાના, મલમલ, રેશમી કાપડ, ગળી તેમજ અન્ય કીમતી ચીજવસ્તુઓની ભારે માંગ રહેતી. પશ્ચિમ અને પૂર્વના દેશો વચ્ચેનો વેપાર ઈરાની અખાત અને રાતા સમુદ્રના જળમાર્ગે તેમજ મધ્ય એશિયાના જમીનમાર્ગે ચાલતો. આ માર્ગમાં તુર્કસ્તાનમાં આવેલું કૉન્સ્ટેન્ટિનોપલ વેપારનું મુખ્ય મથક હતું. ઈ. સ. 1453માં તુર્ક મુસ્લિમોએ કૉન્સ્ટેન્ટિનોપલ જીતી લીધું. પરિણામે યુરોપના દેશો અને ભારત વચ્ચેના વેપારનો માર્ગ બંધ થયો. યુરોપિયન પ્રજાને ભારતના મરી-મસાલા વગર ચાલે તેમ ન હતું. તેથી તેમને ભારત આવવાનો નવો જળમાર્ગ શોધવાની ફરજ પડી.

(2) ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં ક્યાં ક્યાં વેપારીમથકો સ્થાપ્યાં (કોઠીઓ સ્થાપી)?

ઉત્તર : ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મુઘલ બાદશાહ જહાંગીર પાસેથી ભારતમાં વેપાર કરવાનો પરવાનો મેળવ્યો. તેમણે ભારતમાં પહેલું વેપારીમથક ઈ. સ. 1613માં સુરતમાં સ્થાપ્યું. ઈ. સ. 1613થી 1618 દરમિયાન કંપનીએ ગુજરાતમાં ખંભાત, ભરૂચ, વડોદરા અને અમદાવાદમાં સુરતના વેપારીમથકની શાખાઓ સ્થાપી. ત્યારપછી તેમણે મછલીપટ્ટમ, ફૉર્ટ સેન્ટ જ્યૉર્જ (ચેન્નઈ), ફૉર્ટ વિલિયમ (હુગલી, કોલકાતા) વગેરે સ્થળોએ પોતાનાં વેપારીમથકો સ્થાપ્યાં તેમજ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મુંબઈ ખાતે પોતાનું વડું મથક સ્થાપ્યું.

*** (3) પ્લાસીના યુદ્ધની ટૂંકમાં માહિતી આપો.** ***અથવા***
પ્લાસીનું યુદ્ધ કોની કોની વચ્ચે થયું? શા માટે? આ યુદ્ધનું શું પરિણામ આવ્યું?

ઉત્તર : પ્લાસીનું યુદ્ધ ઈ. સ. 1757માં બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલા અને અંગ્રેજો વચ્ચે થયું.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પોતાના રક્ષણના બહાના હેઠળ પોતાના વેપારીમથક ફૉર્ટ વિલિયમ(કોલકાતા)ની કિલ્લેબંધી કરવા માંડી. સિરાજ-ઉદ્-દૌલા અંગ્રેજોની ખટપટોથી વાકેફ હતો. આથી તેણે એ કિલ્લેબંધી તોડી નાખી. આ સમાચાર મળતાં ચેન્નઈના ગવર્નરે બંગાળના અંગ્રેજોને મદદ કરવા રૉબર્ટ ક્લાઇવને નાનકડું લશ્કર લઈને કોલકાતા મોકલ્યો. અંગ્રેજો સીધી લડાઈમાં નવાબ સિરાજ-ઉદ્-દૌલાને હરાવી શકે તેમ નહોતા. તેથી તેમણે સિરાજ-ઉદ્-દૌલાને હરાવવા કાવતરું ઘડ્યું. રૉબર્ટ ક્લાઇવે નવાબના સેનાપતિ મીરજાફરને બંગાળનો નવાબ બનાવવાની લાલચ આપી તેમજ નવાબના બીજા વિરોધીઓને પણ લાલચો આપી પોતાના પક્ષમાં લીધા. અમીચંદે 30 લાખ રૂપિયા આપવાનું કબૂલી અંગ્રેજોને મદદ કરી. ત્યારપછી રૉબર્ટ ક્લાઇવે, બંગાળનો નવાબ અંગ્રેજોને કનડગત કરે છે એવું બહાનું કાઢી, તેની સામે ઈ. સ. 1757માં યુદ્ધ જાહેર કર્યું. પ્લાસીના મેદાનમાં સિરાજ-ઉદ્-દૌલા અને અંગ્રેજો વચ્ચે થયેલા યુદ્ધમાં અંગ્રેજોની જીત થઈ.

મીરજાફરને બંગાળનો નવાબ બનાવવામાં આવ્યો. તેના બદલામાં મીરજાફરે અંગ્રેજોને બંગાળની 24 પરગણાની જાગીર આપી. આમ, ભારતમાં અંગ્રેજ સત્તાનો પ્રારંભ થયો.

*** (4) વેલેસ્લીની સહાયકારી યોજનાની મુખ્ય શરતો કઈ કઈ હતી?** ***અથવા***
ગવર્નર જનરલ વેલેસ્લીએ સહાયકારી યોજના શા માટે અમલમાં મૂકી? તેની મુખ્ય શરતો શી હતી?

ઉત્તર : ભારતમાં અંગ્રેજ કંપનીને સર્વોપરી બનાવવા અને અંગ્રેજ કંપનીની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવા ગવર્નર જનરલ વેલેસ્લીએ સહાયકારી યોજના અમલમાં મૂકી.

આ યોજનાની મુખ્ય શરતો નીચે મુજબ હતી :

(1) આ યોજના સ્વીકારનાર રાજાને અંગ્રેજ સરકારનું તાલીમ પામેલું અંગ્રેજ સૈન્ય આપશે, જે આંતરિક અને બાહ્ય આક્રમણથી રાજ્યનું રક્ષણ કરશે. (2) તેના બદલામાં રાજા લશ્કરી ખર્ચ આપશે અથવા ખર્ચ પેટે પોતાની તેટલી ઊપજનો પ્રદેશ અંગ્રેજોને આપવો. (3) તે રાજા અંગ્રેજ સરકારની મંજૂરી વિના કોઈ રાજ્ય સાથે યુદ્ધ કે સંધિ કરશે નહિ. (4) તેણે સહાયકારી યોજનાના અમલ માટે રાજ્યદરબારમાં એક અંગ્રેજ પ્રતિનિધિ (રેસિડન્ટ) રાખવો પડશે. (5) તે અંગ્રેજો સિવાય બીજા કોઈ પરદેશીઓને નોકરીમાં રાખશે નહિ.

*** (5) ડેલહાઉસીએ ખાલસાનીતિ અંતર્ગત ક્યાં ક્યાં રાજ્યો ખાલસા કર્યાં?** ***અથવા***
ગવર્નર જનરલ ડેલહાઉસીએ અંગ્રેજ સત્તાનો વિસ્તાર શી રીતે કર્યો?

ઉત્તર : ગવર્નર જનરલ ડેલહાઉસીએ ખાલસાનીતિ અંતર્ગત નીચેનાં રાજ્યો ખાલસા કર્યાં :

→ તેણે શીખોને હરાવી પંજાબ ખાલસા કર્યું.

→ તેણે મ્યાનમાર(બર્મા)ના રાજાને હરાવી રંગૂન સહિતનો પેગુ પ્રાંત ખાલસા કર્યો.

→ તેણે સાતારા, જેતપુર, સંબલપુર, ઉદેપુર (મધ્ય પ્રદેશ), ઝાંસી, બઘાત, નાગપુર વગેરેના રાજાઓનું અપુત્ર અવસાન થતાં તેમનો દત્તક પુત્ર લેવાનો હક નામંજૂર કરી તેમનાં રાજ્યો ખાલસા કર્યાં.

→ રાજ્યમાં ગેરવહીવટ ચાલે છે એવા બહાના હેઠળ તેણે અવધના નવાબને પદભ્રષ્ટ કરી તેનું રાજ્ય ખાલસા કર્યું.

→ નિઝામ સહાયકારી યોજનાનું દેવું ભરવામાં નિષ્ફળ ગયો, તેથી ડેલહાઉસીએ તેના રાજ્યનો સમૃદ્ધ વરાડ પ્રાંત દેવા પેટે ખાલસા કર્યો.

→ નામમાત્રની સત્તાનો અંત લાવી ડેલહાઉસીએ કર્ણાટક અને તાંજોર રાજ્યોને ખાલસા કર્યાં.

આમ, ડેલહાઉસીએ 'જીત, જપ્તી અને ખાલસા' દ્વારા ભારતનાં અનેક રાજ્યોને કંપની સરકારના પ્રદેશોમાં જોડી દઈ અંગ્રેજ સામ્રાજ્યનો ખૂબ વિસ્તાર કર્યો.

*** (6) ડેલહાઉસીએ કયાં કયાં સુધારાવાદી કાર્યો કર્યાં? *અથવા* કારણો આપો : ડેલહાઉસી સામ્રાજ્યવાદી હોવા છતાં સુધારાવાદી હતો. *અથવા* "ડેલહાઉસી સુધારાવાદી ગવર્નર જનરલ ગણાય છે." આ વિધાન સમજાવો.**

ઉત્તર : ડેલહાઉસીનાં સુધારાવાદી કાર્યો નીચે મુજબ હતાં :

→ ડેલહાઉસીએ ભારતમાં રેલવેની શરૂઆત કરી.

→ તેના સમયમાં ઈ. સ. 1853માં ભારતમાં મુંબઈથી થાણા સુધીનો પ્રથમ રેલમાર્ગ શરૂ થયો.

→ તેણે ભારતમાં આધુનિક ટપાલ પદ્ધતિ શરૂ કરી. તેના સમયમાં ઇંગ્લૅન્ડ અને ભારત વચ્ચે તારવ્યવહાર શરૂ થયો.

→ તેણે ભારતમાં અંગ્રેજી કેળવણીની વ્યવસ્થા કરી.

→ તેણે બાળલગ્ન પર પ્રતિબંધ મૂકતો અને વિધવા-પુનર્લગ્નને છૂટ આપતો કાયદો પસાર કર્યો.

→ તેણે જાહેર બાંધકામ ખાતાની શરૂઆત કરી.

→ તેણે કંપની સરકારના વહીવટમાં પણ ઘણા સુધારા કર્યા.

→ ડેલહાઉસીએ કરેલા ઉપર્યુક્ત સુધારાઓ પરથી એમ કહી શકાય કે, ડેલહાઉસી સામ્રાજ્યવાદી હોવા છતાં સુધારાવાદી હતો.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) યુરોપિયન પ્રજાને પૂર્વના દેશોમાંથી મળતી ચીજવસ્તુઓ શાથી બંધ થઈ?

ઉત્તર : ઈ. સ. 1453માં તુર્ક મુસ્લિમોએ આંતરરાષ્ટ્રીય વેપારી-મથક કૉન્સ્ટેન્ટિનોપલ જીતી લીધું. પરિણામે યુરોપ અને પૂર્વના દેશો વચ્ચેના વેપારનો માર્ગ બંધ થયો અને યુરોપિયન પ્રજાને પૂર્વના દેશોમાંથી મળતી ચીજવસ્તુઓ બંધ થઈ.

(2) બક્સરનું યુદ્ધ ક્યારે અને કોની કોની વચ્ચે થયું? તેનું શું પરિણામ આવ્યું?

ઉત્તર : બક્સરનું યુદ્ધ ઈ. સ. 1764માં બંગાળના પૂર્વનવાબ મીરકાસીમ, મુઘલ શહેનશાહ શાહઆલમ તથા અવધના નવાબના સંયુક્ત લશ્કર અને અંગ્રેજો વચ્ચે થયું.

બક્સરના યુદ્ધમાં અંગ્રેજોની જીત થઈ. મીરકાસીમ નાસી ગયો. મુઘલ શહેનશાહ શાહઆલમે અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓડિશા પ્રાંતોમાંથી જમીનમહેસૂલ ઉઘરાવવાની દીવાની સત્તા આપી.

(3) નિયામક ધારાની મુખ્ય જોગવાઈઓ શી હતી?

ઉત્તર : ઈ. સ. 1773માં અંગ્રેજ સરકારે પસાર કરેલા નિયામક ધારાની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ હતી :

(1) બંગાળના ગવર્નરને **'ગવર્નર જનરલ'**નું પદ આપવામાં આવ્યું. (2) અંગ્રેજ કંપનીના વેપારી અને રાજકીય હિતો તેમજ પ્રવૃત્તિઓને ગવર્નર જનરલના સીધા અંકુશ નીચે મૂક્યાં. (3) મુંબઈ અને ચેન્નઈના ગવર્નરોને તથા તેમની કાઉન્સિલને ગવર્નર જનરલના સીધા અંકુશ નીચે મૂકવામાં આવ્યાં.

(4) ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં ક્યાં ક્યાં વેપારીમથકો સ્થાપ્યાં (કોઠીઓ સ્થાપી), તે શોધીને લખો.

(નાગપુર, સુરત, ચંદ્રનગર, મછલીપટ્ટમ્, પુડુચેરી, ફૉર્ટ સેન્ટ જ્યૉર્જ (ચેન્નઈ), ફૉર્ટ વિલિયમ (કોલકાતા))

ઉત્તર : સુરત, મછલીપટ્ટમ્, ફૉર્ટ સેન્ટ જ્યૉર્જ (ચેન્નઈ) અને ફૉર્ટ વિલિયમ (કોલકાતા).

(5) ભારતમાં રાજા નિઃસંતાન થતાં જે રાજ્યો ડેલહાઉસીએ ખાલસા કર્યાં, તે રાજ્યોનાં નામ શોધીને લખો.

(પંજાબ, સાતારા, અવધ, જેતપુર, કર્ણાટક, ઝાંસી, તાંજોર, સંબલપુર)

ઉત્તર : સાતારા, જેતપુર, ઝાંસી અને સંબલપુર.

(6) પ્લાસીનું યુદ્ધ ક્યારે અને કોની કોની વચ્ચે થયું, તે શોધીને લખો.

(ઈ. સ. 1757માં, ઈ. સ. 1761માં, ઈ. સ. 1765માં; બંગાળના નવાબ સુજા-ઉદ્-દૌલા, બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલા, ફ્રેંચો, અંગ્રેજો, પોર્ટુગીઝો)

ઉત્તર : પ્લાસીનું યુદ્ધ ઈ. સ. 1757માં બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલા અને અંગ્રેજો વચ્ચે થયું.

(7) ભારતમાં સહાયકારી યોજના કયા ગવર્નર જનરલે દાખલ કરી? એ યોજના સૌપ્રથમ કોણે સ્વીકારી, તે શોધીને લખો.

(ડેલહાઉસીએ, કૉર્નવોલિસે, વેલેસ્લીએ; હૈદરાબાદના હૈદરઅલીએ, હૈદરાબાદના નિઝામે, મૈસૂરના ટીપુ સુલતાને)

ઉત્તર : ગવર્નર જનરલ વેલેસ્લીએ ભારતમાં સહાયકારી યોજના દાખલ કરી. એ યોજના સૌપ્રથમ હૈદરાબાદના નિઝામે સ્વીકારી.

(8) ભારત આવવાનો નવો જળમાર્ગ કોણે, ક્યારે શોધ્યો, તે શોધીને લખો.

નોંધ : જે પ્રશ્ન નંબરમાં કે પ્રશ્ન આગળ સ્ક્રીન ( ) મૂકવામાં આવેલ છે, તે વિદ્યાર્થીઓની વિવિધ ક્ષમતા ચકાસણી કરે તેવા (CBQs – Competency Based Questions) પ્રશ્નો છે.

(પોર્ટુગલના સાહસિક નાવિક કોલંબસે, સ્પેનના સાહસિક નાવિક વાસ્કો-દ-ગામાએ, પોર્ટુગલના સાહસિક નાવિક વાસ્કો-દ-ગામાએ; ઈ. સ. 1453માં, ઈ. સ. 1498માં, ઈ. સ. 1468માં)

ઉત્તર : ભારત આવવાનો નવો જળમાર્ગ ઈ. સ. 1498માં પોર્ટુગલના સાહસિક નાવિક વાસ્કો-દ-ગામાએ શોધ્યો.

(9) ભારતમાં રેલવેની શરૂઆત ક્યારે અને ક્યાં થઈ, તે શોધીને લખો.

(ઈ. સ. 1818માં, ઈ. સ. 1853માં, ઈ. સ. 1861માં; મુંબઈ અને નાગપુર વચ્ચે, દિલ્લી અને આગરા વચ્ચે, મુંબઈ અને થાણા વચ્ચે)

ઉત્તર : ભારતમાં રેલવેની શરૂઆત ઈ. સ. 1853માં મુંબઈ અને થાણા વચ્ચે થઈ.

(10) યુરોપના દેશોમાં ભારતની કઈ કઈ ચીજવસ્તુઓની ખૂબ માંગ રહેતી, તે શોધીને લખો.

(ચા, મરી-મસાલા, કૉફી, તેજાના, મલમલ, ખજૂર, આભૂષણો, રેશમી કાપડ)

ઉત્તર : મરી-મસાલા, તેજાના, મલમલ અને રેશમી કાપડ.

(11) કંપની શાસનકાળમાં ભારતમાં કયાં કયાં મહાબંદરોનો વિકાસ થયો, તે શોધીને લખો.

(કોચી, વિશાખાપટ્ટનમ્, મુંબઈ, પારાદ્વીપ, ચેન્નઈ, પુડુચેરી, કોલકાતા)

ઉત્તર : મુંબઈ, ચેન્નઈ અને કોલકાતા.

(12) ભારતમાં અંગ્રેજોના સંપર્કથી કયા કયા સમાજસુધારકોએ કુરિવાજો નાબૂદ કરવા કાયદા કરાવ્યા, તે શોધીને લખો.

(બાળગંગાધર તિલક, રાજા રામમોહનરાય, સ્વામી વિવેકાનંદ, ગોપાલકૃષ્ણ ગોખલે, બહેરામજી મલબારી, દુર્ગારામ મહેતા, લાલા લજપતરાય)

ઉત્તર : રાજા રામમોહનરાય, બહેરામજી મલબારી, દુર્ગારામ મહેતા.

(13) કયા યુદ્ધથી અંગ્રેજોને કયા કયા પ્રાંતોમાં જમીનમહેસૂલ ઉઘરાવવાની સત્તા મળી?

(પ્લાસીના યુદ્ધથી, કાન્હાના યુદ્ધથી, બક્સરના યુદ્ધથી; બંગાળ, વરાડ, બિહાર, અવધ, નાગપુર, ઓડિશા)

ઉત્તર : બક્સરના યુદ્ધથી અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓડિશામાં જમીનમહેસૂલ ઉઘરાવવાની સત્તા મળી.

(14) ભારતમાં ફ્રેંચ પ્રજા વેપાર કરવા ક્યારે આવી? તેમણે ભારતમાં ક્યાં ક્યાં વેપારીમથકો સ્થાપ્યાં, તે શોધીને લખો.

(ઈ. સ. 1661માં, ઈ. સ. 1668માં, ઈ. સ. 1672માં; કારિકલ, સુરત, પુડુચેરી, ભરૂચ, ફૉર્ટ સેંન્ટ જ્યૉર્જ (ચેન્નઈ), માહે, ચંદ્રનગર, ફૉર્ટ વિલિયમ (કોલકાતા))

ઉત્તર : ભારતમાં ફ્રેંચ પ્રજા વેપાર કરવા માટે ઈ. સ. 1668માં આવી. તેમણે ભારતમાં કારિકલ, પુડુચેરી, માહે, ચંદ્રનગર વગેરે સ્થળોએ વેપારીમથકો સ્થાપ્યાં.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) વેલેસ્લીએ સહાયકારી યોજના અમલમાં મૂકી.

ઉત્તર : (1) ગવર્નર જનરલ સર જૉન શૉરે તટસ્થતાની નીતિ અપનાવી હતી. (2) તેના કારણે ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની પ્રતિષ્ઠા ઘટી અને તેનો રાજ્ય વિસ્તાર અટકી ગયો. (3) તેના સમયમાં અંગ્રેજોના હરીફ મરાઠાઓ વધારે શક્તિશાળી બન્યા. પરિણામે કંપનીની સર્વોપરિતા નષ્ટ થવાના સંજોગો ઊભા થયા. (4) આથી તટસ્થતાની નીતિનું પાલન કરવું કંપની સરકાર માટે હિતાવહ ન હતું. (5) આથી વેલેસ્લીએ કંપનીની સર્વોપરિતા અને પ્રતિષ્ઠાને પુનઃસ્થાપિત કરવા 'સહાયકારી યોજના' અમલમાં મૂકી.

(2) ડેલહાઉસીએ ખાલસાનીતિ અમલમાં મૂકી.

ઉત્તર : (1) ડેલહાઉસી ઉગ્ર સામ્રાજ્યવાદી હતો. (2) તે કોઈ પણ ભોગે સમગ્ર ભારતમાં કંપની સરકારના શાસનનો વિસ્તાર કરવા અને અંગ્રેજોની સાર્વભૌમ સત્તા સ્થાપવા ઇચ્છતો હતો. આ હેતુ સિદ્ધ કરવા માટે ડેલહાઉસીએ 'ખાલસાનીતિ' અમલમાં મૂકી.

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) ભારત અને યુરોપ વચ્ચેના વેપારનું મુખ્ય કેન્દ્ર કયું હતું?

ઉત્તર : તુર્કસ્તાનમાં આવેલું કૉન્સ્ટેન્ટિનોપલ (ઇસ્તંબૂલ) ભારત અને યુરોપ વચ્ચેના વેપારનું મુખ્ય કેન્દ્ર હતું.

(2) 'કેપ ઑફ ગુડ હૉપ' ભૂશિરની શોધ કોણે કરી?

ઉત્તર : બાર્થોલોમ્યુ ડાયઝે 'કેપ ઑફ ગુડ હૉપ'ની શોધ કરી.

(3) ક્રિસ્ટોફર કોલંબસે શોધેલા નવા પ્રદેશને 'અમેરિકા' તરીકે ઓળખ કોણે આપી?

ઉત્તર : અમેરિગો વેસ્પૂચિ નામના નકશા-આલેખકે ક્રિસ્ટોફર કોલંબસે શોધેલા નવા પ્રદેશને 'અમેરિકા' તરીકે ઓળખ આપી.

(4) ભારતમાં સૌપ્રથમ કઈ યુરોપિયન પ્રજા વેપાર કરવા આવી?

ઉત્તર : ભારતમાં સૌપ્રથમ પોર્ટુગીઝ પ્રજા વેપાર કરવા આવી.

(5) પોર્ટુગીઝોને વેપારમાં મળેલી સફળતાથી પ્રેરાઈને ભારતમાં કઈ કઈ યુરોપીય પ્રજા વેપાર કરવા આવી?

ઉત્તર : પોર્ટુગીઝોને વેપારમાં મળેલી સફળતાથી પ્રેરાઈને ભારતમાં નેધરલૅન્ડ્ઝ(હોલૅન્ડ)ની ડચ પ્રજા, ડેન્માર્કની ડેનિશ પ્રજા, ગ્રેટ બ્રિટનના અંગ્રેજો, ફ્રાન્સની ફ્રેંચ પ્રજા વગેરે યુરોપીય પ્રજા વેપાર કરવા આવી.

(6) ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પ્રથમ વેપારીમથક ક્યારે અને ક્યાં સ્થાપ્યું?

ઉત્તર : ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં પ્રથમ વેપારીમથક ઈ. સ. 1613માં સુરતમાં સ્થાપ્યું.

(7) ભારતમાં ચાલેલા સત્તાસંઘર્ષના અંતે ફિરંગીઓ (પોર્ટુગીઝો) અને ફ્રેંચો પાસે કયા કયા પ્રદેશો રહ્યા?

ઉત્તર : ભારતમાં ચાલેલા સત્તાસંઘર્ષના અંતે ફિરંગીઓ (પોર્ટુગીઝો) પાસે દીવ, દમણ તથા ગોવા રહ્યાં અને ફ્રેંચો પાસે માહે, ચંદ્રનગર, કારિકલ, પુડુચેરી વગેરે પ્રદેશો રહ્યા.

(8) કયા યુદ્ધથી ભારતમાં અંગ્રેજ સત્તાનો પાયો નંખાયો?

ઉત્તર : ઈ. સ. 1757ના પ્લાસીના યુદ્ધથી ભારતમાં અંગ્રેજ સત્તાનો પાયો નંખાયો.

(9) અંગ્રેજોને દીવાની સત્તા મળતાં બંગાળમાં કઈ શાસનપદ્ધતિની શરૂઆત થઈ?

ઉત્તર : અંગ્રેજોને દીવાની સત્તા મળતાં બંગાળમાં 'દ્વિમુખી શાસનપદ્ધતિ'ની શરૂઆત થઈ.

(10) ભારતનો પ્રથમ ગવર્નર જનરલ કોણ, ક્યારે બન્યો?

ઉત્તર : નિયામક ધારાની જોગવાઈ અનુસાર ઈ. સ. 1773માં વૉરન હેસ્ટિંગ્સ ભારતનો પ્રથમ ગવર્નર જનરલ બન્યો.

(11) ત્રીજો મૈસૂર વિગ્રહ કોની કોની વચ્ચે થયો? તેનું શું પરિણામ આવ્યું?

ઉત્તર : ત્રીજો મૈસૂર વિગ્રહ અંગ્રેજ ગવર્નર જનરલ કૉર્નવોલિસ અને મૈસૂરના ટીપુ સુલતાન વચ્ચે થયો. આ વિગ્રહમાં ટીપુ સુલતાનનો પરાજય થયો.

(12) ગવર્નર જનરલ સર જહૉન શૉરે કઈ નીતિ અપનાવી હતી?

ઉત્તર : ગવર્નર જનરલ સર જહૉન શૉરે તટસ્થતાની નીતિ અપનાવી હતી.

(13) કોને 'ઉદાર ગવર્નર જનરલ' તરીકે ઓળખવામાં આવે છે?

ઉત્તર : વિલિયમ બેન્ટિંકને 'ઉદાર ગવર્નર જનરલ' તરીકે ઓળખવામાં આવે છે.

(14) કઈ યોજના 'મીઠા ઝેર' સમાન હતી?

ઉત્તર : ગવર્નર જનરલ વેલેસ્લીની સહાયકારી યોજના 'મીઠા ઝેર' સમાન હતી.

(15) ગવર્નર જનરલ ડેલહાઉસીએ અંગ્રેજ સત્તાનો વિસ્તાર કેવી રીતે કર્યો?

ઉત્તર : ગવર્નર જનરલ ડેલહાઉસીએ 'જીત, જપ્તી અને ખાલસાનીતિ' દ્વારા અંગ્રેજ સત્તાનો વિસ્તાર કર્યો.

(16) શીખોને પરાજિત કરી પંજાબ કોણે ખાલસા કર્યું?

ઉત્તર : ગવર્નર જનરલ ડેલહાઉસીએ શીખોને પરાજિત કરી પંજાબ ખાલસા કર્યું.

(17) અંગ્રેજોની અન્યાયી મહેસૂલનીતિનું શું પરિણામ આવ્યું?

ઉત્તર : અંગ્રેજોની અન્યાયી મહેસૂલનીતિને કારણે ભારતના ખેડૂતો પાયમાલ અને દેવાદાર બન્યા.

(18) અંગ્રેજોની અન્યાયી અને ભેદભાવભરી જકાતનીતિનું શું પરિણામ આવ્યું?

ઉત્તર : અંગ્રેજોની અન્યાયી અને ભેદભાવભરી જકાતનીતિને કારણે ભારતના ઉદ્યોગ-ધંધા પડી ભાંગ્યા. કારીગરો ગરીબ અને બેરોજગાર બન્યા.

(19) ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વહીવટ દરમિયાન કયા કયા સામાજિક કુરિવાજો નાબૂદ કરવા માટે કાયદા બન્યા?

ઉત્તર : ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વહીવટ દરમિયાન સતીપ્રથા, જન્મતાંવેંત દીકરીને દૂધ પીતી કરવી (મારી નાખવી), બાળલગ્ન, વિધવાવિવાહની મનાઈ, દહેજપ્રથા વગેરે સામાજિક કુરિવાજો નાબૂદ કરતા કાયદા બન્યા.

(20) કોના પ્રયત્નોથી ભારતમાં અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણ આપવાનું નક્કી થયું?

ઉત્તર : અંગ્રેજ ધારાશાસ્ત્રી મેકોલેના પ્રયત્નોથી ભારતમાં અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણ આપવાનું નક્કી થયું.

(21) મુંબઈ, ચેન્નઈ અને કોલકાતામાં યુનિવર્સિટીઓની સ્થાપના કોની ભલામણથી કરવામાં આવી?

ઉત્તર : મુંબઈ, ચેન્નઈ અને કોલકાતામાં યુનિવર્સિટીઓની સ્થાપના ચાર્લ્સ વુડની ભલામણથી કરવામાં આવી.

પ્રશ્ન 6. નીચેના શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) કિલ્લેબંધી

ઉત્તર : દુશ્મનોના સંભવિત હુમલા સામે રક્ષણ મેળવવા માટે કોઈ ગામ, નગર, શહેર કે નવા વસવાટની ચારે બાજુ બાંધવામાં આવતી દીવાલને 'કિલ્લેબંધી' કહેવામાં આવે છે.

(2) દ્વિમુખી શાસનપદ્ધતિ

ઉત્તર : કોઈ પ્રદેશનું શાસન બે જુદી જુદી શાસનપદ્ધતિઓથી ચાલતું હોય તેને 'દ્વિમુખી શાસનપદ્ધતિ' કહેવામાં આવે છે.

(3) સહાયકારી યોજના

ઉત્તર : ભારતમાં અંગ્રેજ કંપનીને સર્વોપરી બનાવવા અને અંગ્રેજ કંપનીની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવા ગવર્નર જનરલ વેલેસ્લીએ અમલમાં મૂકેલી યોજનાને ઇતિહાસમાં 'સહાયકારી યોજના' તરીકે ઓળખવામાં આવે છે.

(4) ખાલસાનીતિ

ઉત્તર : ખાલસાનીતિ એટલે રાજાની સત્તાનો અંત લાવી તેના રાજ્યને સીધું જ અંગ્રેજી શાસન નીચે મૂકવું. ખાલસાનીતિ એ ગવર્નર જનરલ ડેલહાઉસીએ અપનાવેલી સામ્રાજ્યવાદી નીતિ હતી.

પ્રશ્ન 7. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) પ્રાચીન સમયથી ભારત સમગ્ર વિશ્વમાં અજોડ સ્થાન ધરાવે છે, કારણ કે ...

ઉત્તર : ભારતનો આર્થિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો અત્યંત સમૃદ્ધ છે.

(2) ઈ. સ. 1498માં વાસ્કો-દ-ગામાએ ભારત આવવાના નવા જળમાર્ગની કરેલી શોધ વિશ્વમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના ગણાય છે, કારણ કે ...

ઉત્તર : તેનાથી યુરોપના લોકો માટે ભારત આવવાનાં દ્વાર ખૂલી ગયાં.

(3) વેલેસ્લીએ સહાયકારી યોજના અમલમાં મૂકી, કારણ કે ...

ઉત્તર : ગવર્નર જનરલ સર જહૉન શૉરે અપનાવેલી તટસ્થતાની નીતિને લીધે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની પ્રતિષ્ઠા તેમજ રાજ્ય વિસ્તાર અટકી ગયાં હતાં. આથી વેલેસ્લી કંપનીની સર્વોપરિતા અને પ્રતિષ્ઠાને પુનઃસ્થાપિત કરવા ઇચ્છતો હતો.

(4) ડેલહાઉસીએ ખાલસાનીતિ અમલમાં મૂકી, કારણ કે ...

ઉત્તર : તે કોઈ પણ ભોગે સમગ્ર ભારતમાં કંપની સરકારના શાસનનો વિસ્તાર કરવા અને અંગ્રેજોની સાર્વભૌમ સત્તા સ્થાપવા ઇચ્છતો હતો.

(5) ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મીરકાસીમને ઊથલાવી ફરીથી મીરજાફરને બંગાળનો નવાબ બનાવ્યો, કારણ કે ...

ઉત્તર : મીરકાસીમ મીરજાફર કરતાં વધારે મહત્ત્વાકાંક્ષી સાબિત થયો હતો. તેથી કંપનીને મીરકાસીમનો ડર લાગ્યો હતો.

(6) વૉરન હેસ્ટિંગ્સ ભારતનો પ્રથમ ગવર્નર જનરલ બન્યો, કારણ કે ...

ઉત્તર : ઈ. સ. 1773ના નિયામક ધારાની જોગવાઈ પ્રમાણે બંગાળના ગવર્નરને ગવર્નર જનરલ બનાવવામાં આવ્યો હતો.

(7) સહાયકારી સૈન્યની યોજના 'મીઠા ઝેર' સમાન હતી, કારણ કે ...

ઉત્તર : આ યોજનાનો અમલ કરી વેલેસ્લીએ ભારતના ઘણા પ્રદેશો ઈસ્ટ ઇન્ડિયા કંપનીમાં જોડી દીધા હતા.

(8) ડેલહાઉસી સામ્રાજ્યવાદી સાથે સુધારાવાદી પણ હતો, કારણ કે ...

ઉત્તર : તેના સમયમાં ભારતમાં પ્રથમ રેલવે (ઈ. સ. 1853 – મુંબઈથી થાણા), ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે તાર-વ્યવહાર, જાહેર બાંધકામ ખાતાની સ્થાપના, અંગ્રેજી કેળવણીની વ્યવસ્થા વગેરેની શરૂઆત થઈ તેમજ વિધવા-પુનર્વિવાહ અને બાળલગ્ન પ્રતિબંધક ધારા પસાર થયા.

(9) ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસન દરમિયાન ભારતનો ખેડૂત પાયમાલ અને દેવાદાર બન્યો, કારણ કે ...

ઉત્તર : ઈસ્ટ ઇન્ડિયા કંપનીની મહેસૂલનીતિ અન્યાયી અને ભેદભાવભરી હતી.

(10) ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસન દરમિયાન ભારતનો કારીગર ગરીબ અને બેરોજગાર બન્યો, કારણ કે ...

ઉત્તર : ઈસ્ટ ઇન્ડિયા કંપનીની જકાતનીતિ અન્યાયી અને ભેદભાવભરી હતી તેમજ કંપનીએ ભારતના હુન્નર ઉદ્યોગોને કચડી નાખવા અયોગ્ય રીતરસમો અપનાવી હતી.

(11) બ્રિટિશ વહીવટ દરમિયાન ભારતીય પ્રજામાં વિચાર અને વાણીસ્વાતંત્ર્યની ભાવના વિકસી હતી, કારણ કે ...

ઉત્તર : બ્રિટિશ વહીવટ દરમિયાન ભારતમાં વર્તમાનપત્રોનો વિકાસ થયો હતો.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ઈ. સ. 1453માં તુર્ક મુસ્લિમોએ ..... જીતી લીધું.

A. તહેરાન B. કંદહાર C. કૉન્સ્ટેન્ટિનોપલ

(2) વાસ્કો-દ-ગામાએ ઈ. સ. .....માં ભારત આવવાનો નવો જળમાર્ગ શોધ્યો.

A. 1498 B. 1492 C. 1510

(3) ઈ. સ. 1773માં બ્રિટિશ પાર્લમેન્ટે ..... ધારો પસાર કર્યો.

A. ખાલસા B. નિયામક C. સહાયકારી

(4) ભારતના ઇતિહાસમાં ..... 'મૈસૂરના વાઘ' તરીકે જાણીતો છે.

A. ટીપુ સુલતાન B. હૈદરઅલી C. નિઝામ

(5) કૉર્નવોલિસ પછી ..... ભારતનો ગવર્નર જનરલ બન્યો.

A. ડેલહાઉસી B. વૉરન હેસ્ટિંગ્સ C. સર જ્હૉન શૉર

(6) સર જ્હૉન શૉરે અપનાવેલી .....ની નીતિને કારણે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની પ્રતિષ્ઠા ઘટી.

A. તટસ્થતા B. ખાલસા C. સહાયકારી

(7) ..... યોજના 'મીઠા ઝેર' સમાન હતી.

A. સામ્રાજ્યવાદી B. સહાયકારી C. તટસ્થતાની

(8) મુંબઈ, ચેન્નઈ અને કોલકાતામાં યુનિવર્સિટીઓની સ્થાપના માટે ..... ભલામણ કરી.

A. મેકોલેએ B. ચાર્લ્સ વુડ C. ડેલહાઉસીએ

(9) પોર્ટુગીઝ નાવિક ..... ભારત આવવાના નવા જળમાર્ગની શોધ કરી.

A. કોલંબસે B. વાસ્કો-દ-ગામાએ C. લેવિંગ્ટને

(10) બંગાળના નવાબ .....ના રાજ્યમાં તેના કેટલાક વિરોધીઓ હતા.

A. સિરાજ-ઉદ્-દૌલા B. સુજા -ઉદ્-દૌલા

C. શાહી-ઉદ્-દૌલા

ઉત્તર : (1) કૉન્સ્ટેન્ટિનોપલ (2) 1498 (3) નિયામક (4) ટીપુ સુલતાન (5) સર જ્હૉન શૉર (6) તટસ્થતા (7) સહાયકારી (8) ચાર્લ્સ વુડ (9) વાસ્કો-દ-ગામાએ (10) સિરાજ-ઉદ્-દૌલા

---

(11) વૉરન હેસ્ટિંગ્સ પછી ..... ગવર્નર જનરલ તરીકે ભારત આવ્યો.

A. વેલેસ્લી B. કૉર્નવોલિસ C. રૉબર્ટ ક્લાઇવ

(12) ગવર્નર જનરલ સર જ્હૉન શૉરના સમયમાં ..... વધુ શક્તિશાળી બન્યા.

A. શીખો B. રજપૂતો C. મરાઠાઓ

(13) ગવર્નર જનરલ ..... 'જીત, જપ્તી અને ખાલસાનીતિ' અપનાવી.

A. ડેલહાઉસીએ B. વેલેસ્લીએ C. હેસ્ટિંગ્સે

(14) ડેલહાઉસી સામ્રાજ્યવાદીની સાથે ..... પણ હતો.

A. ઉદારમતવાદી B. લડાયક C. સુધારાવાદી

(15) ઈ. સ. 1853માં ભારતમાં સૌપ્રથમ રેલવે ..... વચ્ચે શરૂ થઈ.

A. મુંબઈ-પુણે B. મુંબઈ-અમદાવાદ C. મુંબઈ-થાણા

(16) ઈસ્ટ ઇન્ડિયા કંપનીની અન્યાયી .....નીતિને લીધે ભારતનો ખેડૂત પાયમાલ થયો.

A. મહેસૂલ B. કૃષિ C. જકાત

(17) .....ના પ્રયત્નોથી ભારતમાં અંગ્રેજી શિક્ષણ આપવાની શરૂઆત થઈ.

A. સર જ્હૉન શૉર B. મેકોલે C. ચાર્લ્સ વુડ

ઉત્તર : (11) કૉર્નવોલિસ (12) મરાઠાઓ (13) ડેલહાઉસીએ (14) સુધારાવાદી (15) મુંબઈ-થાણા (16) મહેસૂલ (17) મેકોલે

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) કોલંબસે ભારત આવવાના નવા જળમાર્ગની શોધ કરી એ વિશ્વની એક મહત્ત્વપૂર્ણ ઘટના ગણાય છે.

(2) ઈ. સ. 1757ના પ્લાસીના યુદ્ધમાં સિરાજ-ઉદ્-દૌલાનો સેનાપતિ મીરજાફર નિષ્ક્રિય રહ્યો.

(3) કૉર્નવોલિસ પછી વૉરન હેસ્ટિંગ્સ ભારતનો ગવર્નર જનરલ બન્યો.

(4) રાજદરબારમાં એક અંગ્રેજ પ્રતિનિધિ રાખવો તે સહાયકારી યોજનાની એક શરત હતી.

(5) ગવર્નર જનરલ વેલેસ્લી 'ઉદાર ગવર્નર જનરલ' તરીકે ઓળખાય છે.

(6) ગવર્નર જનરલ વિલિયમ બેન્ટિંકે 'જીત, જપ્તી અને ખાલસાનીતિ' અપવાની હતી.

(7) ડેલહાઉસીના સમયમાં વિધવા-પુનર્વિવાહ ધારો બન્યો.

(8) દ્વિમુખી શાસનપદ્ધતિના અમલ પછી બંગાળની આર્થિક ચમક ઝાંખી પડી ગઈ.

(9) પ્લાસીના યુદ્ધ સમયે બંગાળમાં સુજા-ઉદ્-દૌલાનું શાસન હતું.

(10) નિયામક ધારા પ્રમાણે સૌપ્રથમ વૉરન હેસ્ટિંગ્સ ભારતનો ગવર્નર જનરલ બન્યો.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખરું (5) ખોટું (6) ખોટું (7) ખરું (8) ખરું (9) ખોટું (10) ખરું

---

(11) ગવર્નર જનરલ સર જ્હૉન શૉરે સહાયકારી યોજના દાખલ કરી હતી.

(12) ખાલસા યોજના 'મીઠા ઝેર' સમાન હતી.

(13) ગવર્નર જનરલ હેસ્ટિંગ્સે ગુરખાઓને લશ્કરમાં દાખલ કર્યા હતા.

(14) ડેલહાઉસી સામ્રાજ્યવાદીની સાથે સુધારાવાદી પણ હતો.

(15) બક્સરના યુદ્ધ દ્વારા ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સત્તાનો પાયો નંખાયો.

(16) બક્સરના યુદ્ધમાં અવધના મુઘલ શહેનશાહ શાહઆલમે ભાગ લીધો હતો.

(17) ટીપુ સુલતાન 'મૈસૂરના વાઘ' તરીકે જાણીતા છે.

(18) ભારત આવવાના નવા જળમાર્ગની શોધ થયા પછી ભારતમાં વેપાર કરવા સૌપ્રથમ પોર્ટુગીઝ (ફિરંગી) પ્રજા આવી.

(19) રૉબર્ટ ક્લાઇવના કાવતરાથી પ્લાસીનું યુદ્ધ માત્ર બે દિવસમાં જ પૂરું થયું હતું.

(20) અંગ્રેજી શિક્ષણને કારણે ભારતમાં અંગ્રેજી જાણનાર વર્ગ ઊભો થયો.

ઉત્તર : (11) ખોટું (12) ખોટું (13) ખરું (14) ખરું (15) ખોટું (16) ખરું (17) ખરું (18) ખરું (19) ખોટું (20) ખરું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારત અને યુરોપ વચ્ચેના વ્યાપાર માર્ગના કેન્દ્રસ્થાને કયું સ્થળ હતું? – **ઇસ્તંબૂલ (કૉન્સ્ટેન્ટિનોપલ)**

(2) ઈ. સ. 1453માં કૉન્સ્ટેન્ટિનોપલ કોણે જીતી લીધું?
– **તુર્ક મુસ્લિમોએ**

(3) પ્રિન્સ હેનરી કોણ હતો? – **પોર્ટુગલનો રાજા**

(4) 'કેપ ઑફ ગુડ હૉપ' ભૂશિરની શોધ કોણે કરી? – **બાર્થોલોમ્યુ ડાયઝે**

(5) સ્પેનના રાજાની મદદથી નવો જળમાર્ગ શોધવાની સાહસયાત્રા કોણે આરંભી? – **ક્રિસ્ટોફર કોલંબસે**

(6) કોલંબસે શોધેલા નવા પ્રદેશની સ્પષ્ટતા કોણે કરી?
– **અમેરિગો વેસ્પૂચિએ**

(7) ભારત આવવાનો નવો જળમાર્ગ કોણે શોધ્યો? – **વાસ્કો-દ-ગામાએ**

(8) વાસ્કો-દ-ગામા ભારતના કયા બંદરે આવી પહોંચ્યો? – **કાલિકટ**

(9) કાલિકટના રાજાનું નામ શું હતું? – **સામુદ્રિક (ઝામોરિન)**

(10) ભારતમાં વેપાર કરવા સૌપ્રથમ કઈ પ્રજા આવી?
– **પોર્ટુગીઝ (ફિરંગી)**

(11) ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કોણે કરી?
– **ઇંગ્લૅન્ડના વેપારીઓએ**

(12) ઇંગ્લૅન્ડના કયા શાસકે ઈસ્ટ ઇન્ડિયા કંપનીને પૂર્વના દેશો સાથે વેપાર કરવાનો પરવાનો આપ્યો? – **રાણી ઇલિઝાબેથે**

(13) ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું પ્રથમ વહાણ કોની કપ્તાની હેઠળ સુરત આવ્યું? – **વિલિયમ હોકિન્સ**

(14) કયા મુઘલ બાદશાહે, ઈસ્ટ ઇન્ડિયા કંપનીને વેપાર કરવાનો પરવાનો આપ્યો? – **જહાંગીરે**

(15) બંગાળના નવાબનું નામ શું હતું? – **સિરાજ-ઉદ્-દૌલા**

(16) કોની આગેવાની હેઠળ કંપનીનું સૈન્ય બંગાળ આવ્યું?
– **રૉબર્ટ ક્લાઇવની**

(17) નવાબ સિરાજ-ઉદ્-દૌલાનો સેનાપતિ કોણ હતો? – **મીરજાફર**

(18) ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મીરજાફરને ખસેડીને કોને બંગાળનો નવાબ બનાવ્યો? – **મીરકાસીમને**

(19) ઈ. સ. 1773માં અંગ્રેજ સરકારે કયો ધારો પસાર કર્યો?
– **નિયામક ધારો**

(20) નિયામક ધારા મુજબ ભારતનો પ્રથમ ગવર્નર જનરલ કોણ બન્યું? – **વૉરન હેસ્ટિંગ્સ**

(21) 'મૈસૂરના વાઘ' તરીકે કોણ જાણીતું હતું? – **ટીપુ સુલતાન**

(22) ગવર્નર જનરલ સર જ્હૉન શૉરે કઈ નીતિ અપનાવી હતી? – **તટસ્થતાની**

(23) ગવર્નર જનરલ વેલેસ્લીએ કઈ યોજના દાખલ કરી? – **સહાયકારી સૈન્યની**

(24) કઈ યોજના 'મીઠા ઝેર સમાન' હતી? – **સહાયકારી સૈન્યની**

(25) કયા ગવર્નર જનરલે નેપાળ સાથે યુદ્ધ કર્યું હતું? – **હેસ્ટિંગ્સે**

(26) કયો ગવર્નર જનરલ 'ઉદાર ગવર્નર જનરલ' તરીકે ઓળખાય છે? – **વિલિયમ બેન્ટિંક**

(27) કયો ગવર્નર જનરલ ઉગ્ર સામ્રાજ્યવાદી માનસ ધરાવતો હતો? – **ડેલહાઉસીએ**

(28) કયા ગવર્નર જનરલે 'જીત, જપ્તી અને ખાલસા' નીતિ અપનાવી હતી? – **ડેલહાઉસીએ**

(29) કયા ગવર્નર જનરલના સમયમાં ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે તાર-વ્યવહાર શરૂ થયો? – **ડેલહાઉસીના**

(30) કયા ગવર્નર જનરલના સમયમાં ભારતમાં જાહેર બાંધકામ ખાતાની સ્થાપના થઈ? – **ડેલહાઉસીના**

(31) કયા ગવર્નર જનરલના સમયમાં ભારતમાં અંગ્રેજી કેળવણીની વ્યવસ્થા થઈ? – **ડેલહાઉસીના**

(32) કઈ શાસનપદ્ધતિના અમલ પછી બંગાળની આર્થિક ચમક ઝાંખી પડી ગઈ? – **દ્વિમુખી શાસનપદ્ધતિ**

(33) કંપનીની કઈ નીતિને પરિણામે ભારતનો ખેડૂત પાયમાલ અને દેવાદાર બન્યો? – **અન્યાયી મહેસૂલનીતિ**

(34) અંગ્રેજોએ ત્રીજો મૈસૂર વિગ્રહ કોની સાથે કર્યો? – **ટીપુ સુલતાનની**

(35) કોના પ્રયત્નોથી ભારતમાં અંગ્રેજી શિક્ષણ આપવાનો પ્રારંભ થયો? – **મેકોલેના**

(36) કોની ભલામણથી મુંબઈ, મદ્રાસ (ચેન્નઈ) અને કોલકાતામાં યુનિવર્સિટીઓની સ્થાપના થઈ? – **ચાર્લ્સ વુડની**

(37) ભારતમાં અંગ્રેજી જાણનાર વર્ગે કંપની સરકાર સમક્ષ શી માગણીઓ કરી? – **સુધારાવાદી**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. કાલિકટનો રાજા	a. વૉરન હેસ્ટિંગ્સ
2. ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો પ્રથમ ગવર્નર જનરલ	b. ડેલહાઉસી
	c. ટીપુ સુલતાન
3. સહાયકારી યોજના બનાવનાર	d. ઝામોરિન
4. ખાલસાનીતિનો અમલ કરનાર	e. વેલેસ્લી

ઉત્તર : (1 – d), (2 – a), (3 – e), (4 – b).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ભારત આવવાના નવા જળમાર્ગનો શોધક	a. સિરાજ-ઉદ્-દૌલા
	b. વૉરન હેસ્ટિંગ્સ
2. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વહાણનો કપ્તાન	c. વાસ્કો-દ-ગામા
	d. ટીપુ સુલતાન
3. બંગાળનો નવાબ	e. વિલિયમ હૉકિન્સ
4. મૈસૂરનો વાઘ	

ઉત્તર : (1 – c), (2 – e), (3 – a), (4 – d).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ઉદાર ગવર્નર જનરલ	a. પ્લાસીનું યુદ્ધ
2. ભારતીય સમાજસુધારક	b. વિલિયમ બેન્ટિંક
3. 'મીઠા ઝેર' જેવી યોજના	c. બક્સરનું યુદ્ધ
4. ભારતમાં અંગ્રેજ સત્તાની શરૂઆત	d. રાજા રામમોહનરાય
	e. ખાલસા

ઉત્તર : (1 – b), (2 – d), (3 – e), (4 – a).

(4)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ભારતમાં અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણ આપવાના પ્રયાસો કરનાર	a. ડેલહાઉસી
	b. વેલેસ્લી
2. ભારતનાં ત્રણ મોટાં શહેરોમાં યુનિવર્સિટીઓની ભલામણ કરનાર	c. મેકોલે
	d. ચાર્લ્સ વુડ
3. તટસ્થતાની નીતિ અપનાવનાર ગવર્નર જનરલ	e. સર જ્હૉન શૉર
4. બાળલગ્ન પ્રતિબંધક ધારો ઘડનાર	

ઉત્તર : (1 – c), (2 – d), (3 – e), (4 – a).

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. પ્રાચીન સમયથી ભારત અને યુરોપ વચ્ચેના વેપારમાર્ગનું મુખ્ય કેન્દ્ર કયું હતું?

A. કૉન્સ્ટેન્ટિનોપલ B. જેરુસલેમ
C. દમાસ્કસ D. તહેરાન

2. તુર્ક મુસ્લિમોએ કયું શહેર જીતી લેતાં યુરોપના લોકોને ભારત તરફ આવવાનો નવો જળમાર્ગ શોધવાની જરૂર પડી?

A. તહેરાન B. દમાસ્કસ
C. જેરુસલેમ D. કૉન્સ્ટેન્ટિનોપલ

* **3.** ભારત આવવાનો જળમાર્ગ કોણે શોધ્યો?

A. કોલંબસે B. પ્રિન્સ હેનરીએ
C. વાસ્કો-દ-ગામાએ D. બાર્થોલોમ્યુ ડાયઝે

* **4.** નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

A. ઈ. સ. 1757માં પ્લાસીનું યુદ્ધ થયું.
B. પ્લાસીના યુદ્ધથી કંપનીને બંગાળના ચોવીસ પરગણાની જાગીર મળી.

C. પ્લાસીના યુદ્ધથી કંપનીને બંગાળ, બિહાર અને ઓડિશા-(ઓરિસ્સા)ની દીવાની સત્તા મળી.

D. બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલાએ પ્લાસીના યુદ્ધમાં ભાગ લીધો હતો.

* **5.** ભારતમાં પ્રથમ ગવર્નર જનરલ તરીકે કોણ આવ્યો?

A. વૉરન હેસ્ટિંગ્સ B. વેલેસ્લી

C. ડેલહાઉસી D. કેનિંગ

6. ભારતના ઇતિહાસમાં 'મૈસૂરના વાઘ' તરીકે કોણ ઓળખાય છે?

A. હૈદરઅલી B. રણજિતસિંહ

C. ટીપુ સુલતાન D. સુલતાન અલીખાન

7. કઈ યોજના 'મીઠા ઝેર' સમાન હતી?

A. તટસ્થતાની યોજના B. સહાયકારી યોજના

C. ખાલસા યોજના D. માઉન્ટ બેટન યોજના

* **8.** અંગ્રેજોએ ત્રીજો મૈસૂર વિગ્રહ કોની સાથે કર્યો?

A. ટીપુ સુલતાન B. મરાઠા

C. નિઝામ D. હૈદરઅલી

* **9.** ભારતમાં જાહેર બાંધકામ ખાતાની સ્થાપના કોના સમયમાં થઈ?

A. વેલેસ્લીના B. ડેલહાઉસીના

C. વૉરન હેસ્ટિંગ્સના D. વિલિયમ બેન્ટિંકના

10. ભારતમાં સૌપ્રથમ યુનિવર્સિટીઓ ક્યાં શહેરોમાં શરૂ થઈ?

A. મુંબઈ, દિલ્લી અને કોલકાતામાં

B. મુંબઈ, દિલ્લી અને બેંગલૂરુમાં

C. મુંબઈ, અમદાવાદ અને દિલ્લીમાં

D. મુંબઈ, ચેન્નઈ અને કોલકાતામાં

ઉત્તર : **1.** કૉન્સ્ટેન્ટિનોપલ **2.** કૉન્સ્ટેન્ટિનોપલ

3. વાસ્કો-દ-ગામાએ

4. પ્લાસીના યુદ્ધથી કંપનીને બંગાળ, બિહાર અને ઓડિશા-(ઓરિસ્સા)ની દીવાની સત્તા મળી.

5. વૉરન હેસ્ટિંગ્સ **6.** ટીપુ સુલતાન

7. સહાયકારી યોજના **8.** ટીપુ સુલતાન

9. ડેલહાઉસીના

10. મુંબઈ, ચેન્નઈ અને કોલકાતામાં

---

11. ભારતમાં મુંબઈ, ચેન્નઈ અને કોલકાતામાં યુનિવર્સિટીઓ કોની ભલામણથી શરૂ થઈ?

A. મેયોની B. મિન્ટોની C. ચાર્લ્સ વુડની D. મેકોલેની

12. 'કૅપ ઑફ ગુડ હૉપ' ભૂશિરની શોધ કોણે કરી?

A. લિવિંગ્ટન ડેવિડે B. બાર્થોલોમ્યુ ડાયઝે

C. બાર્થોલોમ્યુ ડેવિડે D. વાસ્કો-દ-ગામાએ

13. વાસ્કો-દ-ગામા કાલિકટ આવ્યો ત્યારે કાલિકટમાં કયા રાજાનું શાસન હતું?

A. હૈદરઅલીનું B. ઝામોરિનનું

C. ટીપુ સુલતાનનું D. બાજીરાવનું

14. અંગ્રેજોએ પ્લાસીના યુદ્ધ પછી કોને બંગાળનો નવાબ બનાવ્યો?

A. શાહઆલમને B. મીરજાફરને

C. મીરહસીમને D. મીરકાસીમને

15. કૉર્નવોલિસ પછી ગવર્નર જનરલ તરીકે કોની નિમણૂક થઈ?

A. વેલેસ્લીની B. ડેલહાઉસીની

C. વિલિયમ બેન્ટિંકની D. સર જ્હૉન શૉરની

16. સર જ્હૉન શૉર પછી ગવર્નર જનરલ તરીકે કયા અંગ્રેજની નિમણૂક થઈ?

A. વેલેસ્લીની B. કૉર્નવોલિસની

C. વિલિયમ બેન્ટિંકની D. ડેલહાઉસીની

17. ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું સૈન્ય શક્તિશાળી હોવા છતાં નવાબના સૈન્યને પરાજય આપવાનું સરળ ન લાગતાં રૉબર્ટ ક્લાઇવે કઈ યોજના બનાવી?

A. વફાદારીની B. દગાખોરીની

C. ભાઈબંધીની D. જોડાણવાદીની

18. કયા ગવર્નર જનરલના સમયમાં બાળલગ્ન પ્રતિબંધક ધારો ઘડાયો?

A. વેલેસ્લીના B. વિલિયમ બેન્ટિંકના

C. રિપનના D. ડેલહાઉસીના

19. કંપનીની કઈ નીતિથી ભારતનો ખેડૂત પાયમાલ અને દેવાદાર બન્યો?

A. અન્યાયી જકાતનીતિથી B. અન્યાયી મહેસૂલનીતિથી

C. અંગ્રેજી શિક્ષણનીતિથી D. ભેદભાવભરી નીતિથી

20. બ્રિટિશ વહીવટ દરમિયાન કોના વિકાસથી ભારતીય પ્રજામાં વિચારસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્યની ભાવના વિકસી?

A. અંગ્રેજી શિક્ષણના B. ન્યાયતંત્રના

C. સામાજિક સંસ્થાઓના D. વર્તમાનપત્રોના

21. કૉર્નવોલિસે ટીપુ સુલતાન સાથે કયો વિગ્રહ કર્યો?

A. પહેલો મૈસૂર વિગ્રહ B. બીજો મૈસૂર વિગ્રહ

C. ત્રીજો મૈસૂર વિગ્રહ D. ત્રીજો કર્ણાટક વિગ્રહ

ઉત્તર : **11.** ચાર્લ્સ વુડની **12.** બાર્થોલોમ્યુ ડાયઝે

13. ઝામોરિનનું **14.** મીરજાફરને

15. સર જ્હૉન શૉરની **16.** વેલેસ્લીની

17. દગાખોરીની **18.** ડેલહાઉસીના

19. અન્યાયી મહેસૂલનીતિથી

20. વર્તમાનપત્રોના **21.** ત્રીજો મૈસૂર વિગ્રહ

2 પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ

પ્રકરણસાર

- એશિયા અને આફ્રિકામાં સંસ્થાનો સ્થાપવામાં પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રો મુખ્ય હતાં.
- સ્પેને નેધરલૅન્ડ્ઝ, બેલ્જિયમ, લક્ઝમ્બર્ગ, પોર્ટુગલ વગેરે રાષ્ટ્રો પર પોતાની સત્તા સ્થાપી હતી. પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રો સામ્રાજ્યવાદી હતાં. તેમણે તેમનાં પડોશી રાષ્ટ્રો પર સત્તા જમાવી હતી.
- પોર્ટુગીઝ શાસક બિનવારસ મૃત્યુ પામતાં લોહીના સંબંધે, પોર્ટુગલ સ્પેનના રાજા ફિલિપ્સ બીજાના હાથમાં આવ્યું.
- ઇંગ્લૅન્ડે એશિયાના ભારત, શ્રીલંકા, મ્યાનમાર (બર્મા), સિંગાપુર, મલાયા, ચીન વગેરે દેશો પર પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું.
- ઇંગ્લૅન્ડે ચીનમાં શરૂ કરેલા અફીણના વેપારના કારણે ઇંગ્લૅન્ડ અને ચીન વચ્ચે યુદ્ધો થયાં. એ યુદ્ધો ઇતિહાસમાં **'અફીણ વિગ્રહો'** તરીકે જાણીતાં છે. તેમાં ચીનનો પરાજય થયો. પરિણામે ઇંગ્લૅન્ડની સત્તાનો ચીનમાં વધારો થયો.
- ચીનમાં ઇંગ્લૅન્ડ ઉપરાંત રશિયા, જર્મની, ફ્રાન્સ, બેલ્જિયમ, જાપાન, અમેરિકા વગેરે દેશોએ પણ સત્તા સ્થાપી.
- પશ્ચિમ એશિયાના ઈરાન, ઇરાક, કુવૈત, સાઉદી અરેબિયા, બહેરીન વગેરે દેશોમાં ખનીજ તેલના વિપુલ ભંડારો છે. એ ભંડારો પર ઇંગ્લૅન્ડ, જર્મની અને રશિયાએ કબજો જમાવ્યો.
- ઔદ્યોગિક ક્રાંતિને કારણે કાચા માલની પ્રાપ્તિ અને તૈયાર માલના વેચાણ માટે આફ્રિકાનો વિશાળ વિસ્તાર વધારે અનુકૂળ જણાતાં યુરોપના દેશોમાં આફ્રિકાનાં વિવિધ સ્થળોએ સંસ્થાનો સ્થાપવાની હરીફાઈ થઈ.
- 15મી સદીના અંત ભાગમાં આફ્રિકાના જુદા જુદા પ્રદેશો પર નેધરલૅન્ડ્ઝ(હોલૅન્ડ)ની ડચ પ્રજા, ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, બેલ્જિયમ, જર્મની, ઇટાલી, સ્પેન, પોર્ટુગલ વગેરે યુરોપના દેશોએ પોતાની સત્તા સ્થાપી.
- ઈ. સ. 1884 – 85માં જર્મનીમાં બર્લિન ખાતે યુરોપના દેશોની પરિષદ મળી. એ પરિષદમાં યુરોપના દેશોએ આફ્રિકાના જુદા જુદા પ્રદેશો વહેંચી લીધા.
- 1 ઑગસ્ટ, 1914ના દિવસે પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.
- ફ્રાન્સે જર્મની સાથે કરેલી ઈ. સ. 1871ની ફ્રેન્કફર્ટની સંધિ પ્રથમ વિશ્વયુદ્ધનું મુખ્ય કારણ હતું.
- 19મી સદીના અંતે જર્મનીએ એશિયા અને આફ્રિકામાં બજારો મેળવવા ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સની તુલનામાં માલ સસ્તી કિંમતે વેચવા માંડ્યો. આ રીતે જર્મનીએ એશિયા અને આફ્રિકામાં ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સનાં બજારો તોડવા માંડ્યાં.
- આર્થિક સ્પર્ધાઓમાં લશ્કરી સ્પર્ધા ઉમેરાતાં યુદ્ધનું વાતાવરણ સર્જાયું.
- પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં વિશ્વ આ બે જૂથોમાં વહેંચાયેલું હતું : (1) જર્મની પ્રેરિત જૂથ : જેમાં જર્મની, ઑસ્ટ્રિયા, હંગેરી, બલ્ગેરિયા, તુર્કસ્તાન (તુર્કી) વગેરે રાષ્ટ્રો હતાં. (2) ઇંગ્લૅન્ડ પ્રેરિત જૂથ : જેમાં ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, રશિયા, જાપાન વગેરે રાષ્ટ્રો હતાં.
- યુરોપમાં રાષ્ટ્રવાદની ભાવના ઉગ્ર અને સંકુચિત સ્વરૂપની હતી.
- જર્મન સમ્રાટ **કૈસર વિલિયમ બીજો** ઉગ્ર રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદનો પ્રણેતા હતો. તે અત્યંત મહત્ત્વાકાંક્ષી હતો. તે **'વિશ્વપ્રભુત્વ'**ની નીતિમાં માનતો હતો. તેના સમયમાં યુરોપમાં **'યુદ્ધ એ જ કલ્યાણ'**ની નીતિ પ્રબળ બની હતી.
- **ટ્રિટસ્કે** નામના જર્મન લેખકે 'શક્તિમાનને જ જીવવાનો હક છે.' અને 'યુદ્ધ જ રાષ્ટ્રીય જરૂરિયાત'ના સિદ્ધાંતો પ્રચલિત કર્યા. **નીત્સે** નામના લેખકે યુદ્ધને 'પવિત્ર કાર્ય' ગણાવ્યું.
- સર્બિયાની 'બ્લૅક હૅન્ડ' નામની ઉગ્રવાદી સંસ્થાના સભ્યે ગોળીબાર કરી ઑસ્ટ્રિયાના રાજકુમાર અને તેની પત્નીની હત્યા કરી. તેથી ઑસ્ટ્રિયાએ સર્બિયા સામે યુદ્ધ જાહેર કર્યું.
- પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન મિત્રરાષ્ટ્રોના પક્ષે 24 અને ધરીરાષ્ટ્રોના પક્ષે 5 રાષ્ટ્રોએ ભાગ લીધો હતો.
- ઈ. સ. 1917માં રશિયામાં બૉલ્શેવિક ક્રાંતિ થઈ. તેથી રશિયા પ્રથમ વિશ્વયુદ્ધમાંથી ખસી ગયું.
- જર્મનીએ અમેરિકાની **'લ્યુસિટાનિયા'** નામની સ્ટીમરને ડુબાડી દીધી. તેમાં અમેરિકાના 147 સૈનિકો માર્યા ગયા. તેથી અમેરિકા એપ્રિલ, 1917માં પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયું.
- 11 નવેમ્બર, 1918ના રોજ જર્મન પ્રજાસત્તાકે મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ રીતે પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો.
- પ્રથમ વિશ્વયુદ્ધમાં 6.5 કરોડ લોકોએ ભાગ લીધો હતો. તેમાં 1 કરોડ મૃત્યુ પામ્યા હતા. 2 કરોડ ઘવાયા હતા અને 70 લાખ લોકો કાયમ માટે અપંગ બન્યા હતા.

નોંધ : વિશ્વના દેશોની માહિતી માટે જુઓ **'નવનીત સ્કૂલ ઍટલાસ'.**

- વિશ્વયુદ્ધ દરમિયાન અને એ પછી પુરુષોની કૌટુંબિક અને વ્યાવસાયિક જવાબદારીઓ સ્ત્રીઓને સ્વીકારવી પડી. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓનું ઉત્પાદન ઘટ્યું હતું. તેથી પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપમાં અછત, બેકારી, ભૂખમરો, હડતાલો, તાળાબંધી વગેરે સમસ્યાઓ ઊભી થઈ.
- પ્રથમ વિશ્વયુદ્ધને અંતે પરાજિત રાષ્ટ્રો સાથે **વર્સેલ્સની સંધિ** કરવામાં આવી. આ યુદ્ધ માટે જર્મનીને જવાબદાર ગણીને તેની પર 6.5 અબજ પાઉન્ડનો યુદ્ધદંડ લાદવામાં આવ્યો. જર્મનીના સમૃદ્ધ ખનીજ પ્રદેશો પડાવી લેવામાં આવ્યા. જર્મનીએ જીતેલા પ્રદેશોને તેમજ તેનાં સંસ્થાનોને આંચકી લેવામાં આવ્યાં. આ સંધિથી જર્મનીનું અર્થતંત્ર છિન્નભિન્ન થઈ ગયું.
- રશિયાના ઝાર રાજાઓ આપખુદ હતા. તેઓ નિરંકુશ સત્તાઓ ભોગવતા હતા અને ખૂબ કઠોર હતા. જો કોઈ વ્યક્તિ અધિકારની માગણી કરે તો તેની પર અત્યાચાર ગુજારવામાં આવતો અથવા તેને સાઇબીરિયાના કાતિલ ઠંડીવાળા પ્રદેશમાં મોકલી દેવામાં આવતો.
- રશિયાની અનિયંત્રિત અને અત્યાચારી રાજાશાહી પ્રજા માટે દુઃખ, ગરીબાઈ અને યાતનાઓ આપનારી હતી.
- ઈ. સ. 1904 – 1905માં રશિયા અને જાપાન વચ્ચે યુદ્ધ થયું. એ યુદ્ધમાં રશિયાની હાર થઈ.
- રશિયામાં 22 જાન્યુઆરી, 1905નો દિવસ **'લોહિયાળ રવિવાર'** તરીકે જાણીતો છે.
- લેનિને બૉલ્શેવિકો(બહુમતી)ને મેન્શેવિકો (લઘુમતી) વિરુદ્ધ ઉશ્કેરી નવેમ્બર, 1917માં સશસ્ત્ર ક્રાંતિ કરી રશિયામાં સત્તા હાંસલ કરી, જે **'સમાજવાદી બૉલ્શેવિક ક્રાંતિ'** તરીકે જાણીતી થઈ.
- 10 જાન્યુઆરી, 1920ના દિવસે વિશ્વશાંતિ અને સલામતી માટે **રાષ્ટ્રસંઘ**(The League of Nations)ની સ્થાપના કરવામાં આવી.
- રાષ્ટ્રસંઘની સ્થાપનામાં અમેરિકાના પ્રમુખ **વુડ્રો વિલ્સને** વિશેષ યોગદાન આપ્યું.
- વિશ્વશાંતિની સ્થાપના કરવા માટે સ્થપાયેલ રાષ્ટ્રસંઘ મહાસત્તાઓની સામ્રાજ્યવાદી નીતિને રોકી શક્યો નહિ. પરિણામે ઈ. સ. 1939માં દ્વિતીય વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :

[પ્રત્યેકના 4 ગુણ]

*** (1) પશ્ચિમ યુરોપ, એશિયા અને આફ્રિકામાં સંસ્થાનો સ્થાપવાની પ્રક્રિયા વર્ણવો.**

ઉત્તર : **1. પશ્ચિમ યુરોપમાં સ્થપાયેલાં સંસ્થાનો :** પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રો સામ્રાજ્યવાદી ભાવના ધરાવતાં હતાં. તેમણે તેમનાં પડોશી રાષ્ટ્રો પર પણ સત્તા જમાવી હતી.

→ નેધરલૅન્ડ્ઝ, બેલ્જિયમ અને લક્ઝમ્બર્ગ પર સ્પેને સત્તા જમાવી હતી.

→ પોર્ટુગીઝ શાસક બિનવારસ મૃત્યુ પામતાં લોહીના સંબંધે, પોર્ટુગલ સ્પેનના રાજા ફિલિપ્સ બીજાના હાથમાં આવ્યું.

→ લગભગ છ દાયકા સુધી બિનયુરોપીય દેશોમાં સંસ્થાનો સ્થાપવાનો ઇજારો એકમાત્ર સ્પેન પાસે રહ્યો.

→ ફ્રાન્સ અને ઑસ્ટ્રિયાએ ઇટાલી અને જર્મની પર સત્તા જમાવી.

2. એશિયામાં સ્થપાયેલાં સંસ્થાનો : ઇંગ્લૅન્ડે ભારતમાં સત્તા જમાવ્યા પછી શ્રીલંકા, મ્યાનમાર (બર્મા), સિંગાપુર, મલાયા વગેરે ભારતના પાડોશી દેશો પર પણ સત્તા જમાવી.

→ ઇંગ્લૅન્ડે ચીનમાં પ્રવેશ મેળવ્યા પછી કૅન્ટોન બંદરે અફીણનો વેપાર શરૂ કર્યો. તેથી ઇંગ્લૅન્ડ અને ચીન વચ્ચે 'અફીણ વિગ્રહો' થયા. તેમાં ચીનની હાર થતાં ઇંગ્લૅન્ડને ચીનનાં બીજાં 5 બંદરો મળ્યાં. તેથી ચીનમાં ઇંગ્લૅન્ડની સત્તામાં વધારો થયો.

→ ચીનની નિર્બળતાનો લાભ ઉઠાવી રશિયા, જર્મની, ફ્રાન્સ, બેલ્જિયમ, અમેરિકા વગેરે દેશોએ પણ ચીનમાં વેપારી અને રાજકીય અધિકારો મેળવ્યા.

→ પશ્ચિમ એશિયાના દેશોમાં ખનીજ તેલના વિપુલ ભંડારો હતા. તેથી ઇંગ્લૅન્ડ, જર્મની, રશિયા અને અમેરિકાએ ઈરાન, ઇરાક, કુવૈત, સાઉદી અરેબિયા, બહેરીન વગેરે દેશોમાં પોતાની તેલ કંપનીઓ સ્થાપી.

3. આફ્રિકામાં સ્થપાયેલાં સંસ્થાનો : 15મી સદીના અંત ભાગમાં સૌપ્રથમ નેધરલૅન્ડ્ઝ(હોલૅન્ડ)ના ડચ લોકોએ આફ્રિકાના દક્ષિણ ભાગમાં – કેપમાં પોતાનું સંસ્થાન સ્થાપ્યું.

→ ત્યારપછી ઇંગ્લૅન્ડે કેપમાં અને ફ્રાન્સે ઉત્તર આફ્રિકામાં અલ્જિરિયામાં સંસ્થાનો સ્થાપ્યાં.

→ બેલ્જિયમના રાજા લિયોપોલ્ડે કૉંગોનો પ્રદેશ કબજે કરી ત્યાં પોતાની સત્તા સ્થાપી.

→ ઇંગ્લૅન્ડે ઇજિપ્ત તથા પૂર્વ આફ્રિકાના કેટલાક વિસ્તારોમાં તેમજ દક્ષિણ આફ્રિકા, નાતાલ, ટ્રાન્સવાલ વગેરેમાં પોતાની સત્તા સ્થાપી.

→ ફ્રાન્સે ટ્યૂનિસિયા, મોરોક્કો, પશ્ચિમ આફ્રિકાના પ્રદેશો વગેરેમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું.

→ જર્મનીએ પૂર્વ અને પશ્ચિમ આફ્રિકાના કેટલાક પ્રદેશોમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું.

→ ઇટાલીએ રાતા સમુદ્રની આસપાસના પ્રદેશો પર સત્તા જમાવી.

→ સ્પેન અને પોર્ટુગલે આફ્રિકાના કેટલાક પ્રદેશોમાં પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં.

આમ, ઈ. સ. 1880 સુધીમાં યુરોપના મોટા ભાગના દેશોએ એશિયા અને આફ્રિકાના ઘણા પ્રદેશોમાં પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં.

*** (2) પ્રથમ વિશ્વયુદ્ધ માટે જવાબદાર પરિબળો જણાવો.**

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધ માટેનાં જવાબદાર પરિબળો નીચે મુજબ હતાં :

1. આર્થિક પરિબળ : ઔદ્યોગિક ક્રાંતિ અને સંસ્થાનવાદના ઝડપી ફેલાવાને લીધે યુરોપના દેશોને પુષ્કળ કાચા માલની જરૂર પડતી હતી.

→ 19મી સદીને અંતે જર્મનીએ એશિયા અને આફ્રિકાનાં બજારોમાં ઇંગ્લૅન્ડ તથા ફ્રાન્સની તુલનામાં માલ ઓછી કિંમતે વેચવા માંડ્યો. આ રીતે તેણે ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સનાં એશિયા તથા આફ્રિકાનાં બજારો તોડવા માંડ્યાં. પરિણામે જર્મનીને ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ સાથે તીવ્ર આર્થિક સ્પર્ધા થઈ.

2. લશ્કરવાદ : પાડોશી દેશોના આક્રમણના ભય અને શંકાથી ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, રશિયા વગેરે દેશોએ સ્વરક્ષણના બહાના હેઠળ પોતાનાં લશ્કર અને શસ્ત્રસામગ્રીમાં વધારો કરવા માંડ્યો.

→ આમ, આર્થિક સ્પર્ધામાં લશ્કરી સ્પર્ધા ઉમેરાતાં યુદ્ધનું વાતાવરણ સર્જાયું.

3. જૂથબંધીઓ – ગુપ્ત સંધિઓ : ઈ. સ. 1914 પહેલાં એક બાજુ જર્મની, ઑસ્ટ્રિયા, હંગેરી, બલ્ગેરિયા અને તુર્કીનું જૂથ, તો બીજી બાજુ ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, રશિયા અને જાપાનનું જૂથ રચાયું.

→ યુરોપની સત્તાઓ બે જૂથોમાં વહેંચાઈ ગઈ. આ બંને જૂથો વચ્ચે ઈર્ષા, દુશ્મનાવટ, આશંકા, ભય, તિરસ્કાર અને સંઘર્ષની સ્થિતિ સર્જાઈ. પ્રથમ વિશ્વયુદ્ધનું આ મહત્ત્વનું પરિબળ બન્યું.

4. ઉગ્ર રાષ્ટ્રવાદની ભાવના : બેલ્જિયમ અને ગ્રીસની સ્વતંત્રતા તેમજ ઇટાલી અને જર્મનીનું એકીકરણ થયું. યુરોપમાં આર્થિક ઈર્ષાઓ, ખેંચતાણો, પ્રતિસ્પર્ધાઓ અને સામ્રાજ્યવાદની અત્યંત વૃદ્ધિને કારણે એકબીજાં રાષ્ટ્રોનાં હિતો ટકરાવા લાગ્યાં. યુરોપનાં આગળ પડતાં રાષ્ટ્રોએ પોતાની પ્રજાને ઉગ્ર અને આક્રમક દેશભક્તિના પાઠો શીખવ્યા, પોતાના દેશ માટે પ્રેમ અને બીજાં રાષ્ટ્રો પ્રત્યેની ઘૃણાને ઉત્તેજન આપવા માંડ્યું. જર્મનીનો સમ્રાટ કૈસર વિલિયમ બીજો અત્યંત મહત્ત્વાકાંક્ષી અને સામ્રાજ્યવાદી હતો. તે 'વિશ્વપ્રભુત્વ'ની નીતિમાં માનતો હતો. તે પોતાની પ્રચંડ લશ્કરી તાકાતથી ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સને ડરાવીને પોતાનું ધાર્યું કરવા ઇચ્છતો હતો. વિલિયમની નીતિએ જર્મની અને સમગ્ર વિશ્વને યુદ્ધના મુખમાં ધકેલ્યું.

5. વર્તમાનપત્રોનો ફાળો : યુરોપનાં વર્તમાનપત્રોનાં આકરાં, ઉશ્કેરણીજનક, અતિશયોક્તિભર્યાં અને જૂઠાં લખાણોએ યુદ્ધની ભૂમિકા સર્જી.

6. યુદ્ધ અંગેનું તત્ત્વજ્ઞાન : યુરોપમાં બધે 'યુદ્ધ એ જ કલ્યાણ'ની નીતિએ જોર પકડ્યું.

→ **ટ્રિટસ્કે** નામના જર્મન લેખકે 'શક્તિમાનને જ જીતવાનો હક છે.' અને 'યુદ્ધ એ રાષ્ટ્રીય જરૂરિયાત છે.'ના સિદ્ધાંતો પ્રચલિત કર્યા.

→ નીત્સે નામના જર્મન લેખકે યુદ્ધને 'પવિત્ર કાર્ય' ગણાવ્યું.

7. તાત્કાલિક કારણ : ઑસ્ટ્રિયાના રાજકુમાર આર્કડ્યૂક ફર્ડિનાન્ડ અને તેની પત્નીનાં બૉસ્નિયાની રાજધાની સારાજેવોમાં સર્બિયાની 'કાળા હાથ' (બ્લૅક હૅન્ડ) નામની ઉગ્ર સંસ્થાના સભ્યે ખૂન કર્યાં.

→ આ ઘટના પાછળ સર્બિયાનો હાથ હોવાનો ઑસ્ટ્રિયાએ આક્ષેપ મૂક્યો અને 48 કલાકમાં તેના ગુનેગારને પકડી ઑસ્ટ્રિયા સમક્ષ હાજર કરવાનું સર્બિયાને આખરીનામું આપ્યું. સર્બિયાએ પોતે આ ઘટનાથી અજાણ હોવાનું જાહેર કર્યું. ઑસ્ટ્રિયાએ સર્બિયાની દલીલ સાંભળી નહિ અને 28 જુલાઈ, 1914ના રોજ તેણે સર્બિયા સામે યુદ્ધ જાહેર કર્યું.

→ આમ, ઑસ્ટ્રિયાના રાજકુમાર અને તેની પત્નીના ખૂનનો બનાવ પ્રથમ વિશ્વયુદ્ધનું કારણ બન્યું.

*** (3) પ્રથમ વિશ્વયુદ્ધનાં પરિણામો લખો.**

ઉત્તર : 1 ઑગસ્ટ, 1914માં શરૂ થયેલા પ્રથમ વિશ્વયુદ્ધનો 11 નવેમ્બર, 1918ના રોજ અંત આવ્યો. આ યુદ્ધમાં જર્મની અને ધરીરાષ્ટ્રોનો પરાજય થયો અને મિત્રરાષ્ટ્રોનો વિજય થયો.

પ્રથમ વિશ્વયુદ્ધનાં પરિણામો નીચે મુજબ હતાં :

1. જાનમાલની હાનિ : ઇતિહાસવિદ્ લૅંગસમના જણાવ્યા પ્રમાણે યુદ્ધમાં 6.5 કરોડ લોકોએ ભાગ લીધો. તેમાં 1 કરોડ લોકો મૃત્યુ પામ્યા, 2 કરોડ લોકો ઘવાયા અને 70 લાખ લોકો કાયમી અપંગ બન્યા. યુદ્ધ પછી અસંખ્ય લોકો રોગચાળો અને ભૂખમરામાં મૃત્યુ પામ્યા. યુદ્ધમાં ખર્ચનો આંકડો ઘણો મોટો હતો.

2. સામાજિક પરિવર્તન : વિશ્વયુદ્ધમાં મોટી સંખ્યામાં પુરુષો માર્યા ગયા હોવાથી યુરોપીય દેશોમાં પુરુષોની સંખ્યા ઘટી. આથી જીવનનાં અનેક ક્ષેત્રોમાં કામ કરવા માટે સ્ત્રીઓને આગળ આવવું પડ્યું. પુરુષોની કૌટુંબિક અને વ્યાવસાયિક જવાબદારીઓ સ્ત્રીઓએ સ્વીકારવી પડી.

→ ઘરની ચાર દીવાલોમાંથી સ્ત્રીઓ બહાર આવી. તેમણે વ્યાવસાયિક ક્ષેત્રે સફળતાપૂર્વક જવાબદારી સંભાળી. પરિણામે તેમના પુરુષ સમોવડી હોવાના આત્મવિશ્વાસમાં વધારો થયો તેમનામાં સમાનતાની ભાવના જાગી. યુરોપીય દેશોમાં સ્ત્રીઓએ મતાધિકાર મેળવવા માટે આંદોલનો થયા.

→ યુદ્ધ દરમિયાન જીવન-જરૂરિયાતોનું ઉત્પાદન ઘટ્યું. તેથી યુરોપીય દેશોમાં અછત, બેકારી, ભૂખમરો, હડતાલો, તાળાબંધી જેવી સમસ્યાઓ સર્જાઈ. લોકોને અનેક મુશ્કેલીઓ વેઠવી પડી.

→ યુરોપના દેશોમાં બાળકોની સ્થિતિ દયનીય બની.

3. જૂન, 1919ની વર્સેલ્સની સંધિ : ઈ. સ. 1919માં ફ્રાન્સની રાજધાની પૅરિસમાં મળેલાં મિત્રરાષ્ટ્રોએ 'શાંતિ પ્રક્રિયા' હાથ ધરી, જે 'પૅરિસ શાંતિ સંમેલન' તરીકે પ્રસિદ્ધ બની.

→ તેમાં 58 જેટલાં કમિશનો રચાયાં. તેમની 145 જેટલી બેઠકો યોજવામાં આવી હતી. આ શાંતિ સંમેલનમાં જર્મની સાથેની સમજૂતી વર્સેલ્સના શીશમહેલ(મિરર પેલેસ)માં કરવામાં આવી હતી. તેથી તે 'વર્સેલ્સની સંધિ' તરીકે ઓળખાઈ.

→ અંતે મિત્રરાષ્ટ્રોએ હારેલાં રાષ્ટ્રો પર જૂન, 1919માં વર્સેલ્સની સંધિ લાદી. આ સંધિમાં ચાર પ્રકારની જોગવાઈઓ કરવામાં આવી હતી : (1) પ્રાદેશિક વ્યવસ્થા, (2) લશ્કરમાં ઘટાડો અને નિ:શસ્ત્રીકરણ, (3) યુદ્ધમાં વળતરના હપતાની ગોઠવણી અને યુદ્ધદંડ તથા (4) અન્ય જોગવાઈઓ.

→ વર્સેલ્સની સંધિમાં અમેરિકાના પ્રમુખ વુડ્રો વિલ્સને, બ્રિટિશ વડા પ્રધાન લૉર્ડ જ્યૉર્જે અને ફ્રાન્સના વડા ક્લેમેન્સોએ મહત્ત્વની કામગીરી કરી.

→ પ્રથમ વિશ્વયુદ્ધ માટે જર્મનીને જવાબદાર ગણીને તેની પર 6.5 અબજ પાઉન્ડનો યુદ્ધદંડ લાદવામાં આવ્યો.

→ ફ્રાન્સે જર્મનીનો રુહ્ર પ્રાંત પડાવી લીધો. જર્મનીની રૂહાઈન નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મૂકવામાં આવી.

→ ફ્રાન્સની સરહદે આવેલા રૂહાઈન પ્રદેશમાં કિલ્લેબંધી કરવાની મનાઈ ફરમાવવામાં આવી. દેશના ખનીજોથી સમૃદ્ધ પ્રદેશો 15 વર્ષ માટે ફ્રાન્સને આપવામાં આવ્યાં.

→ જર્મનીનાં મોટા ભાગનાં સંસ્થાનો પડાવી લેવામાં આવ્યાં.

→ આલ્સેસ અને લૉરેન્સ પ્રાંત ફ્રાન્સને પાછા આપવામાં આવ્યા.

→ યુદ્ધના દંડપેટે જર્મનીએ દર વર્ષે મોટા જથ્થામાં કોલસો અને લોખંડ ફ્રાન્સ અને મિત્રરાષ્ટ્રોને આપવાનું નક્કી કર્યું.

→ આ તમામ શરતો પર જર્મની પાસે બંદૂકની અણીએ બળજબરીપૂર્વક સહી કરાવવામાં આવી. આથી જર્મન પ્રજા હતાશ અને નિરાશ થઈ.

→ વર્સેલ્સની સંધિથી જર્મનીનું અર્થતંત્ર છિન્નભિન્ન થઈ ગયું.

4. દૂરગામી પરિણામો : યુદ્ધમાં પરાજિત રાષ્ટ્રો સાથે કરવામાં આવેલી વર્સેલ્સની સંધિમાં વેરની ભાવના હતી. તેનાથી વિશ્વમાં શાંતિ સ્થાપી શકાય નહિ.

→ વિશ્વશાંતિ જાળવવા રાષ્ટ્રસંઘ(The League of Nations)ની સ્થાપના થઈ.

→ રશિયાને રાષ્ટ્રસંઘમાં સ્થાન આપવામાં આવ્યું નહિ. અમેરિકા રાષ્ટ્રસંઘમાં જોડાયું નહિ.

→ વિશ્વ ફરીથી બે ભાગોમાં વહેંચાઈ ગયું. આમ, પ્રથમ વિશ્વયુદ્ધની શાંતિ પ્રક્રિયામાં જ દ્વિતીય વિશ્વયુદ્ધનાં બી રોપાયાં.

પ્રશ્ન 2. ટૂંક નોંધ લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

*** (1) પ્રથમ વિશ્વયુદ્ધની ઘટનાઓ**

ઉત્તર : 1 ઑગસ્ટ, 1914ના રોજ પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું.

→ વિશ્વયુદ્ધ દરમિયાન વિશ્વનાં રાષ્ટ્રો બે જૂથોમાં વહેંચાઈ ગયાં : (1) ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, રશિયા, ઇટાલી, જાપાન, સર્બિયા, અમેરિકા વગેરે 'મિત્રરાષ્ટ્રો'નું જૂથ અને (2) જર્મની, બલ્ગેરિયા, તુર્કી, હંગેરી, ઑસ્ટ્રિયા વગેરે 'ધરીરાષ્ટ્રો'નું જૂથ.

→ મિત્રરાષ્ટ્રોના પક્ષે 24 રાષ્ટ્રોએ અને ધરીરાષ્ટ્રોના પક્ષે 5 રાષ્ટ્રોએ યુદ્ધમાં ભાગ લીધો.

→ યુદ્ધની શરૂઆતમાં જર્મનીએ યુરોપમાં નોંધપાત્ર વિજયો મેળવ્યા. તેણે ફ્રાન્સ અને રશિયાના સૈનિકોનો મોટી સંખ્યામાં સંહાર કર્યો. સબમરીન યુદ્ધ કરીને તેણે મિત્રરાષ્ટ્રોનાં અનેક જહાજો ડુબાડી દીધાં.

→ યુદ્ધમાં બંને જૂથોના પરસ્પર હવાઈ હુમલાઓ, ટૅન્કો, ઝેરી ગૅસ વગેરેના ઉપયોગ દ્વારા લાખો સૈનિકો અને નાગરિકો માર્યા ગયા.

→ ઈ. સ. 1917માં રશિયામાં ક્રાંતિ થઈ, તેથી રશિયા યુદ્ધમાંથી બહાર નીકળી ગયું.

→ આ સમયે જર્મની ખૂબ શક્તિશાળી રાષ્ટ્ર હતું. તેણે અમેરિકાની લ્યુસિટાનિયા સ્ટીમરને ડુબાડી દીધી. આ ઘટનામાં અમેરિકાના 147 સૈનિકો માર્યા ગયા. આથી એપ્રિલ, 1917માં અમેરિકા યુદ્ધમાં મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયું. તેની સાથે પનામા, ગ્રીસ, ક્યૂબા, ચીન, સિયામ વગેરે દેશો પણ મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયાં. આથી મિત્રરાષ્ટ્રોની તાકાતમાં વધારો થયો.

→ અમેરિકાના સૈન્ય સામે જર્મનીનું સૈન્ય ટકી શક્યું નહિ. આથી સમગ્ર યુદ્ધનું પાસું પલટાઈ ગયું.

→ સપ્ટેમ્બર, 1918માં બલ્ગેરિયાએ; ઑક્ટોબર, 1918માં ઑસ્ટ્રિયાએ અને તુર્કીએ મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી.

→ જર્મનીનો સમ્રાટ કૈસર વિલિયમ બીજો જર્મની છોડીને ભાગી ગયો.

→ જર્મન પ્રજાસત્તાકે 11 નવેમ્બર, 1918ના રોજ મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી, યુદ્ધવિરામ પર હસ્તાક્ષર કર્યા. આમ, પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

(2) વર્સેલ્સની સંધિ

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(3)**ના ઉત્તરનો મુદ્દો **3. જૂન, 1919ની વર્સેલ્સની સંધિ.**

(3) પ્રથમ વિશ્વયુદ્ધનાં દૂરગામી પરિણામો

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(3)**ના ઉત્તરનો મુદ્દો **4. દૂરગામી પરિણામો.**

*** (4) રશિયન ક્રાંતિ**

ઉત્તર : ઈ. સ. 1917ની રશિયન ક્રાંતિ વિશ્વના ઇતિહાસની એક મહત્ત્વની ઘટના ગણાય છે.

→ રશિયાના ઝાર રાજાઓ આપખુદ હતા. તેઓ નિરંકુશ સત્તાઓ ભોગવતા હતા. ઝારના શાસનમાં પ્રજાને કોઈ અધિકાર ન હતો. રશિયાની પ્રજા ઝારશાહીના દમન નીચે કચડાતી હતી. ઝાર રાજાઓ એટલા બધા કઠોર હતા કે જો કોઈ વ્યક્તિ અધિકારની માગણી કરે તો તેની પર અત્યાચાર ગુજારવામાં આવતો અથવા તેને કાતિલ ઠંડી ધરાવતા સાઇબીરિયામાં મોકલી દેવામાં આવતો.

→ આમ, રશિયાની આપખુદ, નિરંકુશ અને અત્યાચારી ઝારશાહી દ્વારા પ્રજાને દુઃખ, ગરીબાઈ અને યાતના જ મળી.

→ રશિયાના ખેડૂતો, ખેતદાસો અને મજૂરોનો મોટો વર્ગ રશિયાની સામંતશાહીથી કચડાતો હતો. તેઓ તેમના માલિકોનાં ખેતરોમાં કમરતોડ કાળી મજૂરી કરતા, છતાં તેમને પૂરતું વળતર મળતું નહોતું તેમની સ્થિતિ કંગાળ બની હતી.

→ 22 જાન્યુઆરી, 1905ને રવિવારના દિવસે સેન્ટ પિટ્સબર્ગના લોકો ફાધર ગૅપોન નામના પાદરીના નેતૃત્વ નીચે વિશાળ સરઘસ કાઢીને ઝાર નિકોલસ બીજાને આવેદનપત્ર આપવા માટે તેના મહેલે ગયા. તે નિઃશસ્ત્ર હતા. કેટલાક લોકોના હાથમાં ઝારની છબી હતી. તેમાં 'રશિયાનો ગોરો નાનો, પ્રભુ ઘણું જીવો' જેવાં સૂત્રો લખેલાં હતાં. આ લોકો પર ઝારે લશ્કર દ્વારા ગોળીબાર કરાવી

હજારો નિર્દોષ લોકોને મારી નાખ્યા અને હજારોને ઘાયલ કર્યા. સેન્ટ પિટ્સબર્ગના ઝારના મહેલ આગળનો બરફ લોહીથી લાલ થઈ ગયો. આ દિવસે રવિવાર હતો. તેથી એ દિવસ 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખાય છે.

→ ઈ. સ. 1905માં રશિયા અને જાપાન વચ્ચે યુદ્ધ થયું. તેમાં રશિયાનો પરાજય થયો. આથી ઝારશાહીની નબળાઈઓ ખુલ્લી પડી. રશિયાની પ્રજા ઉશ્કેરાઈ. તેણે ઝાર રાજા સામે ભારે દેખાવો કર્યા.

→ રોષે ભરાયેલી રશિયન પ્રજાને શાંત પાડવા ઝારે વર્ષોથી નહિ બોલાવેલી ડુમા (DUMA – ધારાસભા) બોલાવવાની જાહેરાત કરી. સમયાંતરે ડુમાની ચાર બેઠકો થઈ. પરંતુ તે પ્રજાને સંતોષ થાય એવાં પગલાં ભરે તે પહેલાં તેને બરખાસ્ત કરવામાં આવી.

→ 8 માર્ચ, 1917ના રોજ પેટ્રોગાર્ડના કામદારોએ હડતાલ પાડી. હડતાલને દબાવી દેવા માટે ઝાર નિકોલસ બીજાએ સૈન્ય મોકલ્યું. પરંતુ સૈન્યે ગોળીબાર કરવાનો ઇન્કાર કર્યો. આ બનાવથી રશિયામાં ક્રાંતિની શરૂઆત થઈ.

→ ઝારશાહીના પતન પછી કેરેન્સ્કીના નેતૃત્વ નીચેના મેન્શેવિક (લઘુમતી) પક્ષના હાથમાં સત્તા આવી. ઝારશાહીના પતનથી એકમાત્ર લેનિન સિવાય રશિયાના બધા લોકો ખુશ થયા હતા.

→ લેનિન માર્ક્સવાદી વિચારસરણી મુજબ શ્રમજીવીઓના વર્ચસ્વમાં માનતો હતો; મેન્શેવિક પક્ષમાં મધ્યમવર્ગના લોકો વર્ચસ્વ ધરાવતા હતા. લેનિને બૉલ્શેવિકો(બહુમતી)ને મેન્શેવિકો વિરુદ્ધ ઉશ્કેરી નવેમ્બર, 1917માં સશસ્ત્ર ક્રાંતિ કરી સત્તા પ્રાપ્ત કરી, જે **સમાજવાદી 'બૉલ્શેવિક ક્રાંતિ'** તરીકે જાણીતી બની.

→ આમ, રશિયામાંથી ઝારશાહીના 300 વર્ષ જૂના શાસનનો અંત આવ્યો. પ્રથમ વાર રશિયા ઝાર વિનાનું બન્યું.

*** (5) રાષ્ટ્રસંઘના ઉદ્દેશો**

ઉત્તર : રાષ્ટ્રસંઘના મુખ્ય ઉદ્દેશો (હેતુઓ) નીચે પ્રમાણે હતા :

(1) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી. (2) દરેક રાષ્ટ્રે બીજા રાષ્ટ્રની અખંડિતતા જાળવવી. (3) દરેક રાષ્ટ્રે યુદ્ધનીતિનો ત્યાગ કરવો. (4) આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા. (5) આંતરરાષ્ટ્રીય ઝઘડાઓનો વાટાઘાટો દ્વારા કે મધ્યસ્થી દ્વારા શાંતિથી ઉકેલ લાવવો. (6) જો કોઈ રાષ્ટ્ર રાષ્ટ્રસંઘની કે અન્યની મધ્યસ્થીની અવગણના કરશે તો રાષ્ટ્રસંઘ એ રાષ્ટ્રને 'બળવાખોર' રાષ્ટ્ર જાહેર કરશે અને સંઘનાં બધાં રાષ્ટ્રો તેની સાથે સંબંધો કાપી નાખશે. (7) ગરીબી, બેકારી, અજ્ઞાન અને નિરક્ષરતા એ યુદ્ધનાં મૂળ કારણો હોવાથી તેમને દૂર કરવા બધાં સભ્યરાષ્ટ્રોએ પ્રયત્નો કરવા.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

(1) આફ્રિકામાં કઈ કઈ પ્રજાએ કયા કયા સ્થળે સંસ્થાનો સ્થાપ્યાં?

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(1)**ના ઉત્તરનો મુદ્દો **3. આફ્રિકામાં સ્થપાયેલાં સંસ્થાનો.**

(2) વર્સેલ્સની સંધિ 'જર્મની માટે અન્યાયી સંધિ રહી' તે કેવી રીતે કહી શકાય? તાર્કિક રીતે સમજાવો.

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધમાં પરાજિત જર્મનીને વર્સેલ્સની અત્યંત કડક શરતોવાળી સંધિ સ્વીકારવાની ફરજ પાડવામાં આવી. આ સંધિ મુજબ જર્મની પર 6.5 અબજ પાઉન્ડનો યુદ્ધદંડ લાદવામાં આવ્યો. તેના લશ્કરમાં ફરજિયાત ઘટાડો કરવામાં આવ્યો. જર્મનીના મોટા ભાગના સમૃદ્ધ ખનીજ પ્રદેશો પડાવી લેવામાં આવ્યા. ફ્રાન્સે જર્મનીનો રુહ્ર પ્રાંત પડાવી લીધો. જર્મનીની રહાઇન નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મૂકવામાં આવી. જર્મનીએ જીતેલા પ્રદેશોને તેમજ તેનાં સંસ્થાનોને આંચકી લેવામાં આવ્યાં. ફ્રાન્સની સીમાએ આવેલા રહાઇન પ્રદેશમાં કિલ્લેબંધી ફરમાવવામાં આવી. દેશના ખનીજોથી સમૃદ્ધ પ્રદેશો 15 વર્ષ માટે ફ્રાન્સને આપવામાં આવ્યા. આલ્સેસ અને લૉરેન્સ પ્રાંત ફ્રાન્સને પાછા આપવા પડ્યા. યુદ્ધના દંડપેટે જર્મનીએ દર વર્ષે મોટા જથ્થામાં કોલસો અને લોખંડ ફ્રાન્સ અને મિત્રરાષ્ટ્રોને આપવાનું નક્કી કરવામાં આવ્યું. આમ, વર્સેલ્સની સંધિ જર્મની માટે અત્યંત અન્યાયી અને અપમાનજનક હતી.

પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) 'ફ્રેન્કફર્ટની સંધિ જ પ્રથમ વિશ્વયુદ્ધનું મુખ્ય કારણ હતું.' તે કેવી રીતે કહી શકાય? તાર્કિક રીતે સમજાવો.

ઉત્તર : જર્મનીએ સેડાનના યુદ્ધમાં ફ્રાન્સને હરાવ્યું. તેથી ફ્રાન્સને તેની સાથે ઈ. સ. 1871ની ફ્રેન્કફર્ટની સંધિ કરવી પડી. આ સંધિ મુજબ ફ્રાન્સે જર્મનીને યુદ્ધદંડ આપવો પડ્યો તેમજ આલ્સેસ અને લૉરેન્સ નામના બે પ્રદેશો પણ જર્મનીને આપવા પડ્યા. જર્મનીએ કરેલું આ અપમાન ફ્રાન્સ ક્યારેય ભૂલી શક્યું નહોતું. આમ, ફ્રેન્કફર્ટની સંધિ જ પ્રથમ વિશ્વયુદ્ધનું મુખ્ય કારણ બન્યું.

(2) "જર્મની અને ઇંગ્લૅન્ડ વચ્ચે તીવ્ર આર્થિક સ્પર્ધા થઈ." સમજાવો.

ઉત્તર : 19મી સદીના અંતે જર્મનીએ એશિયા અને આફ્રિકામાં બજારો મેળવવા હરીફાઈ કરવા માંડી. જર્મનીએ ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સની સરખામણીએ સસ્તી કિંમતે માલ વેચવા માંડ્યો. આ રીતે જર્મનીએ એશિયા અને આફ્રિકામાં ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સનાં બજારો તોડવા માંડ્યાં. પરિણામે જર્મની અને ઇંગ્લૅન્ડ વચ્ચે તીવ્ર આર્થિક સ્પર્ધા થઈ.

(3) 'પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપીય સમાજમાં સ્ત્રીઓ જાગ્રત બની.' તે કેવી રીતે કહી શકાય? તાર્કિક રીતે સમજાવો.

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધમાં મોટી સંખ્યામાં પુરુષો માર્યા ગયા હોવાથી યુરોપીય સમાજમાં પુરુષોની સંખ્યા ઘટી. આથી જીવનના અનેક ક્ષેત્રોમાં કામ કરવા માટે સ્ત્રીઓએ આગળ આવવું પડ્યું. સ્ત્રીઓએ પુરુષોની કૌટુંબિક અને વ્યાવસાયિક જવાબદારી સ્વીકારી. સ્ત્રીઓ ઘરની ચાર દીવાલમાંથી બહાર આવી. તેમનામાં આત્મવિશ્વાસ વધ્યો અને રાજકીય જાગૃતિ આવી. પરિણામે યુરોપના કેટલાક દેશોમાં સ્ત્રીમતાધિકાર માટેનાં આંદોલનો થયાં. આમ, પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપીય સમાજમાં સ્ત્રીઓ જાગ્રત બની.

*** (4) "22 જાન્યુઆરી, 1905ના દિવસને રશિયાનો 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખવામાં આવે છે." કારણ આપો.**

ઉત્તર : 22 જાન્યુઆરી, 1905ના રવિવારના દિવસે ફાધર ગૅપોન નામના એક પાદરીના નેતૃત્વ નીચે એક વિશાળ લોકોનું સરઘસ ઝાર નિકોલસ બીજાને આવેદનપત્ર આપવા તેના મહેલે ગયું. બધા લોકો નિઃશસ્ત્ર હતા. આ લોકો પર ઝારે લશ્કર દ્વારા ગોળીબાર કરાવી હજારો નિર્દોષ લોકોને મારી નાખ્યા અને હજારોને ઘાયલ કર્યા. સેન્ટ પિટ્સબર્ગના ઝારના મહેલ આગળનો બરફ લોહીથી લાલ થઈ ગયો. આથી 22 જાન્યુઆરી, 1905ના દિવસ રશિયાનો 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખવામાં આવે છે.

* **(5) 'પ્રથમ વિશ્વયુદ્ધ પછી રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી.' તે માટેનાં કારણો જણાવો.**

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધથી પારાવાર જાનહાનિ થઈ હતી અને અબજો રૂપિયાની સંપત્તિ નાશ પામી હતી.

વિશ્વયુદ્ધની આ ભયાનકતાએ વિશ્વના દેશોને વિશ્વશાંતિની અનિવાર્યતા સમજાઈ. ફરીથી આવો વિશ્વવિગ્રહ ન થાય એ માટે વિશ્વના દેશોને જગતમાં શાંતિ જાળવી રાખવા, પરસ્પરના મતભેદો કે ઝઘડાઓ વાટાઘાટો કે લવાદી દ્વારા શાંતિથી ઉકેલવા તથા આંતરરાષ્ટ્રીય સહકાર વધારવા એક આંતરરાષ્ટ્રીય સંસ્થાની ખાસ જરૂર જણાઈ.

આથી વિશ્વયુદ્ધના અંતે પૅરિસમાં યોજાયેલી શાંતિ પરિષદે એપ્રિલ, 1919માં કરેલ જોગવાઈ અનુસાર 10 જાન્યુઆરી, 1920ના રોજ રાષ્ટ્રસંઘ(લીગ ઑફ નેશન્સ)ની સ્થાપના કરવામાં આવી.

(6) 'પ્રથમ વિશ્વયુદ્ધ માટે ઉગ્ર રાષ્ટ્રવાદની ભાવના એક જવાબદાર પરિબળ હતું.' તે કેવી રીતે કહી શકાય? તાર્કિક રીતે સમજાવો.

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(2)**ના ઉત્તરનો મુદ્દો **4. ઉગ્ર રાષ્ટ્રવાદની ભાવના.**

(7) 'પ્રથમ વિશ્વયુદ્ધને પરિણામે યુરોપીય દેશોમાં સામાજિક પરિવર્તન આવ્યું.' તે કેવી રીતે કહી શકાય? તાર્કિક રીતે સમજાવો.

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(3)**ના ઉત્તરનો મુદ્દો **2. સામાજિક પરિવર્તન.**

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) એશિયા-આફ્રિકામાં સંસ્થાનો સ્થાપવામાં કયાં રાષ્ટ્રો મુખ્ય હતાં?

ઉત્તર : એશિયા-આફ્રિકામાં સંસ્થાનો સ્થાપવામાં પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રો મુખ્ય હતાં.

(2) સ્પેને કયાં કયાં રાષ્ટ્રો પર પોતાની સત્તા સ્થાપી હતી?

ઉત્તર : સ્પેને નેધરલૅન્ડ્ઝ, બેલ્જિયમ, લક્ઝમ્બર્ગ, પોર્ટુગલ વગેરે રાષ્ટ્રો પર પોતાની સત્તા સ્થાપી હતી.

(3) ઇંગ્લૅન્ડ અને ચીન વચ્ચે કયા કારણે યુદ્ધો થયાં? એ યુદ્ધો ઇતિહાસમાં કયા વિગ્રહો તરીકે જાણીતાં થયાં?

ઉત્તર : ઇંગ્લૅન્ડે ચીનમાં શરૂ કરેલા અફીણના વેપારના કારણે ઇંગ્લૅન્ડ અને ચીન વચ્ચે યુદ્ધો થયાં. એ યુદ્ધો ઇતિહાસમાં 'અફીણ વિગ્રહો' તરીકે જાણીતાં થયાં.

(4) પશ્ચિમ એશિયાના કયા દેશોમાં ખનીજ તેલના વિપુલ ભંડારો છે?

ઉત્તર : પશ્ચિમ એશિયાના ઈરાન, ઇરાક, કુવૈત, સાઉદી અરેબિયા, બહેરીન વગેરે દેશોમાં ખનીજ તેલના વિપુલ ભંડારો છે.

(5) ફ્રાન્સે આફ્રિકામાં ક્યાં ક્યાં પોતાની સત્તા સ્થાપી?

ઉત્તર : ફ્રાન્સે આફ્રિકામાં ટ્યૂનિસિયા, મોરોક્કો અને પશ્ચિમ આફ્રિકાના પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપી.

(6) ઇટાલીએ આફ્રિકામાં કયા પ્રદેશો કબજે કર્યા?

ઉત્તર : ઇટાલીએ આફ્રિકામાં રાતા સમુદ્રની આજુબાજુના પ્રદેશો કબજે કર્યા.

(7) યુરોપના કયા બે દેશોએ એકીકરણ સાધ્યું?

ઉત્તર : યુરોપના જર્મની અને ઇટાલીએ એકીકરણ સાધ્યું.

(8) જર્મની અને ઇટાલીનું એકીકરણ થવાથી શું પરિણામ આવ્યું?

ઉત્તર : જર્મની અને ઇટાલીનું એકીકરણ થવાથી જર્મનીએ ઔદ્યોગીકરણ, વ્યાપારીકરણ અને સંસ્થાનીકરણની હરીફાઈમાં ઝંપલાવ્યું.

(9) પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત ક્યારે થઈ?

ઉત્તર : 1 ઑગસ્ટ, 1914ના દિવસે પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.

(10) ફ્રાન્સને શાથી ઈ. સ. 1871ની ફ્રેન્કફર્ટની સંધિ કરવી પડી?

ઉત્તર : જર્મનીએ સેડાનના યુદ્ધમાં ફ્રાન્સને પરાજય આપ્યો. તેથી ફ્રાન્સને ઈ. સ. 1871ની ફ્રેન્કફર્ટની સંધિ કરવી પડી.

(11) ફ્રાન્સ કયું અપમાન ક્યારેય ભૂલી શક્યું ન હતું?

ઉત્તર : ઈ. સ. 1871ની ફ્રેન્કફર્ટની સંધિ પ્રમાણે ફ્રાન્સે જર્મનીને યુદ્ધદંડ તેમજ આલ્સેસ અને લૉરેન્સ નામના બે પ્રદેશો આપવા પડ્યા. ફ્રાન્સ આ અપમાન ક્યારેય ભૂલી શક્યું ન હતું.

(12) પ્રથમ વિશ્વયુદ્ધનું મુખ્ય કારણ કયું હતું?

ઉત્તર : ફ્રાન્સે જર્મની સાથે કરેલી ઈ. સ. 1871ની ફ્રેન્કફર્ટની સંધિ પ્રથમ વિશ્વયુદ્ધનું મુખ્ય કારણ હતું.

(13) જર્મનીએ એશિયા અને આફ્રિકામાં ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સનાં બજારો કેવી રીતે તોડવા માંડ્યાં?

ઉત્તર : 19મી સદીના અંતે જર્મનીએ એશિયા અને આફ્રિકામાં બજારો મેળવવા ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સની તુલનામાં સસ્તી કિંમતે માલ વેચવા માંડ્યો. આ રીતે જર્મનીએ એશિયા અને આફ્રિકામાં ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સનાં બજારો તોડવા માંડ્યાં.

(14) પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં વિશ્વ કયાં બે જૂથોમાં વહેંચાયેલું હતું?

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં વિશ્વ આ બે જૂથોમાં વહેંચાયેલું હતું : (1) **જર્મની પ્રેરિત જૂથ :** આમાં જર્મની, ઑસ્ટ્રિયા, હંગેરી, બલ્ગેરિયા, તુર્કી વગેરે રાષ્ટ્રો હતાં. (2) **ઇંગ્લૅન્ડ પ્રેરિત જૂથ :** આમાં ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, રશિયા, જાપાન વગેરે રાષ્ટ્રો હતાં.

(15) યુરોપમાં રાષ્ટ્રવાદની ભાવનાએ કેવું સ્વરૂપ ધારણ કર્યું હતું?

ઉત્તર : યુરોપમાં રાષ્ટ્રવાદની ભાવનાએ ઉગ્ર અને સંકુચિત સ્વરૂપ ધારણ કર્યું હતું.

(16) ઉગ્ર રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદનો પ્રણેતા કોણ હતો?

ઉત્તર : જર્મન સમ્રાટ કૈસર વિલિયમ બીજો ઉગ્ર રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદનો પ્રણેતા હતો.

(17) જર્મન સમ્રાટ કૈસર વિલિયમ બીજો કઈ નીતિમાં માનતો હતો?

ઉત્તર : જર્મન સમ્રાટ કૈસર વિલિયમ બીજો અત્યંત મહત્ત્વાકાંક્ષી હતો. તે 'વિશ્વપ્રભુત્વ'ની નીતિમાં માનતો હતો.

(18) યુરોપમાં કઈ નીતિ પ્રબળ બની હતી?

ઉત્તર : યુરોપમાં 'યુદ્ધ એ જ કલ્યાણ'ની નીતિ પ્રબળ બની હતી.

(19) ટ્રિટસ્કે નામના જર્મન લેખકે કયા સિદ્ધાંતો પ્રચલિત કર્યા હતા?

ઉત્તર : ટ્રિટસ્કે નામના જર્મન લેખકે આ સિદ્ધાંતો પ્રચલિત કર્યા હતા : 'શક્તિમાનને જ જીવવાનો હક છે.' અને 'યુદ્ધ એ જ રાષ્ટ્રીય જરૂરિયાત છે.'

(20) નીત્સે નામના લેખકે યુદ્ધને કેવું કાર્ય ગણાવ્યું હતું?

ઉત્તર : નીત્સે નામના લેખકે યુદ્ધને 'પવિત્ર કાર્ય' ગણાવ્યું હતું.

(21) સર્બિયામાં કઈ ઉગ્રવાદી સંસ્થા સ્થપાઈ હતી?

ઉત્તર : સર્બિયામાં 'બ્લૅક હૅન્ડ' નામની ઉગ્રવાદી સંસ્થા સ્થપાઈ હતી.

(22) અમેરિકા પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયું તેની સાથે બીજાં કયાં રાષ્ટ્રો મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયાં?

ઉત્તર : અમેરિકા પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયું તેની સાથે પનામા, ગ્રીસ, ક્યૂબા, ચીન, સિયામ વગેરે રાષ્ટ્રો મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયાં.

(23) પ્રથમ વિશ્વયુદ્ધનો અંત કેવી રીતે આવ્યો?

ઉત્તર : 11 નવેમ્બર, 1918ના રોજ જર્મન પ્રજાસત્તાકે મિત્ર-રાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ રીતે પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

(24) પ્રથમ વિશ્વયુદ્ધમાં કયાં રાષ્ટ્રોનો વિજય અને કયાં રાષ્ટ્રોનો પરાજય થયો?

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રોનો વિજય અને જર્મની તથા ધરીરાષ્ટ્રોનો પરાજય થયો.

(25) પ્રથમ વિશ્વયુદ્ધનો અંત ક્યારે આવ્યો?

ઉત્તર : 11 નવેમ્બર, 1918ના રોજ પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

(26) પ્રથમ વિશ્વયુદ્ધ પછી કઈ કઈ સમસ્યાઓ ઊભી થઈ? શા માટે?

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓનું ઉત્પાદન ઘટ્યું હતું. તેથી પ્રથમ વિશ્વયુદ્ધ પછી અછત, બેકારી, ભૂખમરો, હડતાલો, તાળાબંધી વગેરે સમસ્યાઓ ઊભી થઈ.

(27) પ્રથમ વિશ્વયુદ્ધને અંતે પરાજિત રાષ્ટ્રો સાથે કઈ સંધિ કરવામાં આવી?

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધને અંતે પરાજિત રાષ્ટ્રો સાથે વર્સેલ્સની સંધિ કરવામાં આવી.

(28) વર્સેલ્સની સંધિમાં કોણે કોણે મહત્ત્વની કામગીરી બજાવી?

ઉત્તર : વર્સેલ્સની સંધિમાં અમેરિકાના પ્રમુખ વુડ્રો વિલ્સને, બ્રિટનના વડા પ્રધાન લૉર્ડ જ્યૉર્જે અને ફ્રાન્સના વડા ક્લેમેન્સોએ મહત્ત્વની કામગીરી બજાવી.

(29) પ્રથમ વિશ્વયુદ્ધ માટે કયા રાષ્ટ્રને જવાબદાર ગણવામાં આવ્યું?

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધ માટે જર્મનીને જવાબદાર ગણવામાં આવ્યું.

(30) દ્વિતીય વિશ્વયુદ્ધનું કારણ શામાંથી સર્જાયું એમ કહી શકાય?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધનું કારણ પ્રથમ વિશ્વયુદ્ધની શાંતિ પ્રક્રિયામાંથી સર્જાયું એમ કહી શકાય.

(31) રશિયાના ઝાર રાજાઓ કેવી સત્તાઓ ભોગવતા હતા?

ઉત્તર : રશિયાના ઝાર રાજાઓ આપખુદ અને નિરંકુશ સત્તાઓ ભોગવતા હતા.

(32) રશિયાના રાજાઓની આપખુદ ઝારશાહીની કઠોરતાનું એક દૃષ્ટાંત આપો.

ઉત્તર : રશિયાના રાજાઓની આપખુદ ઝારશાહી એટલી બધી કઠોર હતી કે, જો કોઈ વ્યક્તિ અધિકારની માગણી કરે તો તેની પર અત્યાચાર અને દમન ગુજારવામાં આવતો અથવા તેને સાઇબીરિયાના કાતિલ ઠંડા પ્રદેશમાં મોકલવાની સજા કરવામાં આવતી.

(33) રશિયામાં કયો દિવસ 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખાય છે?

ઉત્તર : 22 જાન્યુઆરી, 1905નો દિવસ રશિયામાં 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખાય છે.

(34) રશિયા અને જાપાન વચ્ચે ક્યારે યુદ્ધ થયું? તેનું શું પરિણામ આવ્યું?

ઉત્તર : ઈ. સ. 1904 – 05માં રશિયા અને જાપાન વચ્ચે યુદ્ધ થયું. એ યુદ્ધમાં રશિયાની હાર થઈ.

(35) જાપાન સામે રશિયાની હાર થતાં ઉશ્કેરાયેલી પ્રજાને શાંત કરવા ઝારે શું કર્યું?

ઉત્તર : જાપાન સામે રશિયાની હાર થતાં ઉશ્કેરાયેલી પ્રજાને શાંત કરવા ઝારે વર્ષોથી નહિ બોલાવેલી ડુમા (DUMA – ધારાસભા) બોલાવવાની જાહેરાત કરી.

(36) રશિયામાં ઝારશાહીના પતન પછી કોના હાથમાં સત્તા આવી?

ઉત્તર : રશિયામાં ઝારશાહીના પતન પછી કેરેન્સ્કીના નેતૃત્વવાળી મેન્શેવિક (લઘુમતી) પક્ષના હાથમાં સત્તા આવી.

(37) લેનિન કોના વર્ચસ્વમાં માનતો હતો?

ઉત્તર : લેનિન કાર્લ માર્ક્સની વિચારસરણી પ્રમાણે શ્રમજીવીઓના વર્ચસ્વમાં માનતો હતો.

(38) રાષ્ટ્રસંઘની સ્થાપનામાં કોણે વિશેષ યોગદાન આપ્યું હતું?

ઉત્તર : રાષ્ટ્રસંઘની સ્થાપનામાં અમેરિકાના પ્રમુખ વુડ્રો વિલ્સને વિશેષ યોગદાન આપ્યું હતું.

(39) રાષ્ટ્રસંઘ(The League of Nations)ની સ્થાપના ક્યારે કરવામાં આવી?

ઉત્તર : રાષ્ટ્રસંઘ(The League of Nations)ની સ્થાપના 10 જાન્યુઆરી, 1920ના દિવસે કરવામાં આવી.

(40) રશિયન ક્રાંતિને કયા નામે ઓળખવામાં આવે છે?

ઉત્તર : રશિયન ક્રાંતિને ઈ. સ. 1917ની સમાજવાદી 'બૉલ્શેવિક ક્રાંતિ' તરીકે ઓળખવામાં આવે છે.

પ્રશ્ન 6. નીચેના શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકના 1 અથવા 2 ગુણ]*

(1) એકીકરણ

ઉત્તર : એકીકરણ એટલે એકબીજા સાથેનું જોડાણ; અનેકનું એક થવું. પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં જર્મનીના ચાન્સેલર બિસ્માર્કે જર્મનીના જુદા જુદા પ્રદેશોને જોડીને જર્મનીને એક રાષ્ટ્ર બનાવ્યું હતું. એટલે કે જર્મનીનું એકીકરણ કર્યું હતું.

(2) સામ્રાજ્યવાદ

ઉત્તર : રાજકીય, આર્થિક અને લશ્કરી દૃષ્ટિએ વિકાસ પામેલો દેશ કોઈ અલ્પવિકસિત દેશ પર પોતાનું રાજકીય આધિપત્ય જમાવે તેને 'સામ્રાજ્યવાદ' કહેવાય.

સામ્રાજ્યવાદી દેશ વિસ્તારવાદી નીતિ અપનાવે છે અને બીજા દેશોને પરાધીન બનાવી તેમનું શોષણ કરે છે અને તે સમૃદ્ધ બને છે. તે પ્રજાને ગુલામ બનાવી તેની સંસ્કૃતિનો વિકાસ રુંધે છે. તેમની પર પોતાની સંસ્કૃતિનો પ્રભાવ જમાવે છે.

(3) સંધિ

ઉત્તર : સંધિ એટલે સુલેહ.

જગતના બે દેશો વચ્ચે કોઈ કારણસર યુદ્ધ થાય. યુદ્ધને અંતે એક દેશનો વિજય થાય અને બીજા દેશનો પરાજય થાય. પરાજિત દેશ વિજેતા દેશની શરણાગતિ સ્વીકારે ત્યારે તેને વિજેતા દેશ સાથે જે સુલેહ કરવી પડે તેને 'સંધિ' કહે છે. સંધિમાં પરાજિત દેશને વિજેતા દેશની કેટલીક શરતો સ્વીકારવી પડે છે.

(4) રાષ્ટ્રસંઘ

ઉત્તર : રાષ્ટ્રસંઘ એટલે રાષ્ટ્રોનો સંગઠિત અને વ્યવસ્થિત સમુદાય.

પ્રથમ વિશ્વયુદ્ધને અંતે વિશ્વના દેશોને વિશ્વશાંતિની જરૂર સમજાઈ. તેથી જગતમાં વિશ્વશાંતિ સ્થાપવાના હેતુથી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ વુડ્રો વિલ્સનના નેતૃત્વ નીચે પૅરિસમાં ભરાયેલી શાંતિ પરિષદે 10 જાન્યુઆરી, 1920ના દિવસે વિશ્વનાં રાષ્ટ્રોનું સંગઠન કરી એક સંસ્થા 'રાષ્ટ્રસંઘ'(The League of Nations – લીગ ઑફ નેશન્સ)ની સ્થાપના કરી.

(5) બ્લૅક હૅન્ડ

ઉત્તર : 'બ્લૅક હૅન્ડ' એ સર્બિયાની ઉગ્રવાદી સંસ્થા હતી. આ સંસ્થાએ ઑસ્ટ્રિયાના રાજકુમાર અને તેની પત્નીની ગોળી મારી હત્યા કરી હતી. આ ઘટના પાછળ સર્બિયાનો હાથ હોવાનો ઑસ્ટ્રિયાએ આક્ષેપ મૂક્યો અને 48 કલાકમાં ગુનેગારને પકડીને ઑસ્ટ્રિયા સમક્ષ હાજર કરવાનું સર્બિયાને આખરીનામું આપ્યું.

(6) લોહિયાળ રવિવાર

ઉત્તર : જુઓ પ્રશ્ન **4**ના પેટાપ્રશ્ન **(4)**નો ઉત્તર.

(7) બૉલ્શેવિક ક્રાંતિ

ઉત્તર : લેનિન માર્ક્સવાદી વિચારસરણી મુજબ શ્રમજીવીઓના વર્ચસ્વમાં માનતો હતો; મેન્શેવિક પક્ષમાં મધ્યમવર્ગના લોકો વર્ચસ્વ ધરાવતા હતા. લેનિને બૉલ્શેવિકો(બહુમતી)ને મેન્શેવિકો વિરુદ્ધ ઉશ્કેરી નવેમ્બર, 1917માં સશસ્ત્ર ક્રાંતિ કરી સત્તા પ્રાપ્ત કરી, જે **સમાજવાદી 'બૉલ્શેવિક ક્રાંતિ'** તરીકે જાણીતી બની.

(8) વર્સેલ્સની સંધિ

ઉત્તર : ઈ. સ. 1919માં ફ્રાન્સની રાજધાની પૅરિસમાં મળેલાં મિત્રરાષ્ટ્રોએ 'શાંતિ પ્રક્રિયા' હાથ ધરી, જે 'પૅરિસ શાંતિ સંમેલન' તરીકે પ્રસિદ્ધ બની. તેમાં 58 જેટલાં કમિશનો રચાયાં. તેમની 145 જેટલી બેઠકો યોજવામાં આવી હતી. આ શાંતિ સંમેલનમાં જર્મની સાથેની સમજૂતી વર્સેલ્સના શીશમહેલ(મિરર પેલેસ)માં કરવામાં આવી હતી. તેથી તે 'વર્સેલ્સની સંધિ' તરીકે ઓળખાઈ.

પ્રશ્ન 7. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) પોર્ટુગલ દેશ સ્પેનના રાજા ફિલિપ્ટ્સ બીજાના હાથમાં આવી ગયો, કારણ કે ...

ઉત્તર : પોર્ટુગીઝ શાસક બિનવારસ મૃત્યુ પામ્યો હતો.

(2) ઇંગ્લૅન્ડ અને ચીન વચ્ચે યુદ્ધો થયાં, કારણ કે ...

ઉત્તર : ઇંગ્લૅન્ડે ચીનમાં અફીણનો વેપાર શરૂ કર્યો હતો.

(3) યુરોપના દેશોમાં આફ્રિકાનાં વિવિધ સ્થળોએ સંસ્થાનો સ્થાપવાની હરીફાઈ થઈ, કારણ કે ...

ઉત્તર : ઔદ્યોગિક ક્રાંતિને કારણે કાચા માલની પ્રાપ્તિ અને તૈયાર માલના વેચાણ માટે આફ્રિકાનો વિશાળ વિસ્તાર વધારે અનુકૂળ જણાયો હતો.

(4) ફ્રાન્સને ઈ. સ. 1871ની ફ્રેન્કફર્ટની સંધિ કરવી પડી, કારણ કે ...

ઉત્તર : સેડાનના યુદ્ધમાં જર્મનીની સામે ફ્રાન્સનો પરાજય થયો હતો.

(5) પ્રથમ વિશ્વયુદ્ધમાંથી રશિયા ખસી ગયું, કારણ કે ...

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન રશિયામાં ક્રાંતિ શરૂ થઈ.

(6) રશિયાની ઝારશાહીની નબળાઈઓ ખૂલી પડી ગઈ, કારણ કે ...

ઉત્તર : જાપાન સાથેના યુદ્ધમાં રશિયાની હાર થઈ.

(7) અમેરિકા પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયું, કારણ કે ...

ઉત્તર : જર્મનીએ અમેરિકાની લ્યુસિટાનિયા નામની સ્ટીમરને ડુબાડી દીધી. તેમાં અમેરિકાના 147 સૈનિકો માર્યા ગયા.

(8) પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપીય સમાજમાં સ્ત્રીઓ જાગ્રત બની, કારણ કે ...

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધમાં મોટી સંખ્યામાં પુરુષો માર્યા ગયા હોવાથી યુરોપીય સમાજમાં પુરુષોની સંખ્યા ઘટી. આથી જીવનનાં અનેક ક્ષેત્રોમાં કામ કરવા માટે સ્ત્રીઓએ આગળ આવવું પડ્યું.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ઇંગ્લૅન્ડ અને ચીન વચ્ચે થયેલા '.....'માં ચીનનો પરાજય થયો.
A. અફીણ વિગ્રહો B. બંદર વિગ્રહો C. તમાકુ વિગ્રહો

(2) 15મી સદીના અંત ભાગમાં બેલ્જિયમના રાજા ..... કૉંગોમાં સત્તા સ્થાપી.
A. નિયોપૉલ્ડે B. કૈસર વિલિયમ બીજાએ C. લિયોપૉલ્ડે

(3) આધુનિક વિશ્વની કેટલીક હૃદયદ્રાવક અને અવિસ્મરણીય ઘટનાઓમાં .....નો સમાવેશ થાય છે.
A. 1857ના વિપ્લવ B. પ્રથમ વિશ્વયુદ્ધ C. અમેરિકન ક્રાંતિ

(4) ઈ. સ. 1871ની .....ની સંધિ પ્રથમ વિશ્વયુદ્ધનું કારણ બની.
A. ફ્રેન્કફર્ટ B. વર્સેલ્સ C. પૅરિસ

(5) જર્મન સમ્રાટ ..... ઉગ્ર રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદનો પ્રણેતા હતો.
A. વુડ્રો વિલ્સન B. ઍડોલ્ફ હિટલર C. કૈસર વિલિયમ બીજો

(6) પ્રથમ વિશ્વયુદ્ધ માટે .....ને જવાબદાર ગણવામાં આવ્યું.
A. ઑસ્ટ્રિયા B. જર્મની C. સ્પેન

(7) રશિયામાં 22 જાન્યુઆરી, 1905ના દિવસને ઇતિહાસમાં '.....' તરીકે ઓળખવામાં આવે છે.
A. લોહિયાળ રવિવાર B. બૉલ્શેવિક રવિવાર C. બ્લૅક સન્ડે

(8) ઈ. સ. 1917ની રશિયન ક્રાંતિને ..... ક્રાંતિ કહે છે.
A. સમાજવાદી બૉલ્શેવિક B. સ્વાતંત્ર્ય C. રક્તવિહીન

(9) અમેરિકાના રાષ્ટ્રપતિ ..... રાષ્ટ્રસંઘની સ્થાપનામાં વિશેષ યોગદાન આપ્યું હતું.
A. જ્યૉર્જ વૉશિંગ્ટને B. અબ્રાહમ લિંકને C. વુડ્રો વિલ્સને

(10) છ દાયકા સુધી બિનયુરોપીય દેશોમાં સંસ્થાનો સ્થાપવાનો ઇજારો એકમાત્ર ..... પાસે રહ્યો હતો.
A. સ્પેન B. જર્મની C. ફ્રાન્સ

ઉત્તર : (1) અફીણ વિગ્રહો (2) લિયોપૉલ્ડે (3) પ્રથમ વિશ્વયુદ્ધ (4) ફ્રેન્કફર્ટ (5) કૈસર વિલિયમ બીજો (6) જર્મની (7) લોહિયાળ રવિવાર (8) સમાજવાદી બૉલ્શેવિક (9) વુડ્રો વિલ્સને (10) સ્પેન

(11) 19મી સદીમાં ..... એશિયા અને આફ્રિકામાં વિશાળ સામ્રાજ્ય જમાવ્યું હતું.
A. રશિયાએ B. ઇંગ્લૅન્ડે C. જર્મનીએ

(12) રશિયાના બધા જ ..... રાજાઓ આપખુદ અને નિરંકુશ શાસન ભોગવતા હતા.
A. ઝાર B. ગૅપોન C. બૉલ્શેવિક

(13) 10 જાન્યુઆરી, ...ના દિવસે રાષ્ટ્રસંઘની રચના કરવામાં આવી હતી.
A. 1918 B. 1920 C. 1924

(14) યુરોપમાં હવે '.....'ની નીતિએ જોર પકડ્યું હતું.
A. વિશ્વપ્રભુત્વ B. યુદ્ધ એ જ પવિત્ર કાર્ય C. યુદ્ધ એ જ કલ્યાણ

(15) ઑસ્ટ્રિયાના રાજકુમાર અને તેની પત્નીની 'બ્લૅક હૅન્ડ' નામની .....ની ઉગ્રવાદી સંસ્થાના સભ્યે ગોળી મારી હત્યા કરી.
A. સર્બિયા B. જર્મની C. બૉસ્નિયા

ઉત્તર : (11) ઇંગ્લૅન્ડે (12) ઝાર (13) 1920 (14) યુદ્ધ એ જ કલ્યાણ (15) સર્બિયા

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) 15મી સદીના અંતમાં આફ્રિકાના દક્ષિણ ભાગમાં સૌપ્રથમ અંગ્રેજ પ્રજાએ સંસ્થાન સ્થાપ્યું હતું.

(2) જર્મનીએ સેડાનના યુદ્ધમાં ફ્રાન્સને પરાજય આપ્યો.

(3) એશિયામાં રાષ્ટ્રભાવના ઉગ્ર અને સંકુચિત સ્વરૂપની હતી.

(4) નીત્સે નામનો જર્મન લેખક યુદ્ધને પવિત્ર કાર્ય માનતો હતો.

(5) પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રોના પક્ષે 4 અને ધરીરાષ્ટ્રોના પક્ષે 24 રાષ્ટ્રોએ ભાગ લીધો.

(6) વર્સેલ્સની સંધિથી જર્મનીનું અર્થતંત્ર છિન્નભિન્ન થઈ ગયું.

(7) ઈ. સ. 1904 – 05માં રશિયા-જાપાન વચ્ચે થયેલા યુદ્ધમાં વિશાળ રશિયા સામે નાનકડા જાપાનનો પરાજય થયો.

(8) દરેક રાષ્ટ્રે અન્ય રાષ્ટ્રની અખંડિતતા જાળવવી એ રાષ્ટ્રસંઘની નીતિ હતી.

(9) છ દાયકા સુધી બિનયુરોપીય દેશોમાં સંસ્થાનો સ્થાપવાનો ઇજારો એકમાત્ર ઇંગ્લૅન્ડ પાસે રહ્યો હતો.

(10) 19મી સદીમાં ઇંગ્લૅન્ડે એશિયા અને આફ્રિકામાં વિશાળ સામ્રાજ્ય જમાવ્યું હતું.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખરું (5) ખોટું (6) ખરું (7) ખોટું (8) ખરું (9) ખોટું (10) ખરું

(11) સમ્રાટ કૈસર વિલિયમ બીજો ઉગ્ર રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદનો પ્રણેતા હતો.

(12) ફ્રાન્સે સેડાનના યુદ્ધમાં જર્મનીને પરાજય આપ્યો હતો.

(13) પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં વિશ્વ ત્રણ જૂથોમાં વહેંચાયેલું હતું.

(14) પ્રથમ વિશ્વયુદ્ધ માટે જર્મનીને જવાબદાર ગણવામાં આવ્યું.

(15) પ્રથમ વિશ્વયુદ્ધ પછી પરાજિત રાષ્ટ્રો સાથે કરવામાં આવેલી સંધિમાં મૈત્રીની ભાવના હતી.

(16) લેનિન કાર્લ માર્ક્સની વિચારસરણીનો અનુયાયી હતો.

(17) રશિયાના મેન્શેવિક પક્ષમાં મધ્યમ વર્ગના લોકો વર્ચસ્વ ધરાવતા હતા.

(18) રાષ્ટ્રસંઘ(The League of Nations)ની સ્થાપના 20 ડિસેમ્બર, 1920ના દિવસે કરવામાં આવી.

ઉત્તર : (11) ખરું (12) ખોટું (13) ખોટું (14) ખરું (15) ખોટું (16) ખરું (17) ખરું (18) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) એશિયા-આફ્રિકામાં સંસ્થાનો સ્થાપવામાં કયાં રાષ્ટ્રો મુખ્ય હતાં? **– પશ્ચિમ યુરોપનાં**

(2) છ દાયકા સુધી બિનયુરોપીય દેશોમાં સંસ્થાનો સ્થાપવાનો ઈજારો કયા રાષ્ટ્ર પાસે રહ્યો? **– સ્પેન**

(3) અફીણના વેપારને કારણે કયા દેશો વચ્ચે યુદ્ધો થયાં? **– ઇંગ્લૅન્ડ અને ચીન**

(4) પશ્ચિમ એશિયાના રણવિસ્તારમાં યુરોપની પ્રજાઓને સંસ્થાનો સ્થાપવા માટે કઈ બાબતે આકર્ષી? **– ખનીજ તેલ**

(5) 15મી સદીના અંત ભાગમાં આફ્રિકાના દક્ષિણ ભાગમાં સૌપ્રથમ કઈ પ્રજાએ સંસ્થાન સ્થાપ્યું? **– ડચ**

(6) ઉત્તર આફ્રિકાના અલ્જિરિયામાં કયા રાષ્ટ્રે વેપારી મથક સ્થાપ્યું? **– ફ્રાન્સે**

(7) રાતા સમુદ્રની આજુબાજુના આફ્રિકન પ્રદેશો કયા રાષ્ટ્રે કબજે કર્યા? **– ઇટાલીએ**

(8) આધુનિક વિશ્વની હૃદયદ્રાવક અને અવિસ્મરણીય ઘટનાઓમાં કોનો સમાવેશ થાય છે? **– પ્રથમ વિશ્વયુદ્ધનો**

(9) પ્રથમ વિશ્વયુદ્ધનાં બીજ કઈ સંધિમાં રોપાયાં હતાં? **– ફ્રેન્કફર્ટ**

(10) ફ્રેન્કફર્ટની સંધિમાં ફ્રાન્સે કયા પ્રદેશો ગુમાવ્યા હતા? **– આલ્સેસ અને લૉરેન્સ**

(11) કોના ઝડપી ફેલાવાને લીધે યુરોપના દેશોને પુષ્કળ કાચા માલની જરૂર પડી? **– ઔદ્યોગિક ક્રાંતિ અને સામ્રાજ્યવાદના**

(12) યુરોપમાં રાષ્ટ્રવાદની ભાવનાએ કેવું સ્વરૂપ ધારણ કર્યું? **– ઉગ્ર અને સંકુચિત**

(13) જર્મન સમ્રાટ વિલિયમ બીજો શાનો પ્રણેતા હતો? **– ઉગ્ર રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદનો**

(14) જર્મન સમ્રાટ વિલિયમ બીજો કઈ નીતિમાં માનતો હતો? **– વિશ્વ પ્રભુત્વની**

(15) યુરોપમાં કઈ નીતિએ જોર પકડ્યું હતું? **– યુદ્ધ એ જ કલ્યાણની**

(16) નીત્સે નામના જર્મન લેખકે યુદ્ધને શું ગણાવ્યું હતું? **– પવિત્ર કાર્ય**

(17) ઑસ્ટ્રિયાના રાજકુમાર અને તેની પત્નીની હત્યા સર્બિયાની કઈ ઉગ્રવાદી સંસ્થાના સભ્યે કરી? **– બ્લૅક હૅન્ડ**

(18) પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆતમાં કયા રાષ્ટ્રે યુરોપમાં નોંધપાત્ર વિજયો મેળવ્યા? **– જર્મનીએ**

(19) કઈ ક્રાંતિને લીધે રશિયાએ પ્રથમ વિશ્વયુદ્ધમાં ભાગ ન લીધો? **– બૉલ્શેવિક ક્રાંતિ**

(20) પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીએ કઈ અમેરિકન સ્ટીમર ડુબાડી દીધી હતી? **– લ્યુસિટાનિયાને**

(21) પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકા કોના પક્ષે જોડાયું? **– મિત્રરાષ્ટ્રોના**

(22) પ્રથમ વિશ્વયુદ્ધને અંતે કઈ સંધિ કરવામાં આવી? **– વર્સેલ્સની સંધિ**

(23) જર્મનીએ તેની કઈ નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મૂકી? **– રૂહાઈન**

(24) કયું મોટું રાષ્ટ્ર રાષ્ટ્રસંઘમાં જોડાયું નહિ? **– અમેરિકા**

(25) કઈ ઘટના વિશ્વના ઇતિહાસની એક અગત્યની ઘટના ગણાય છે? **– બૉલ્શેવિક ક્રાંતિ**

(26) રશિયાના બધા જ ઝાર રાજાઓ કેવું શાસન ભોગવતા હતા? **– આપખુદ અને નિરંકુશ**

(27) રશિયાની રાજાશાહી કેવી હતી? **– અનિયંત્રિત અને અત્યાચારી**

(28) કયા પાદરીના નેતૃત્વ નીચે એક વિશાળ સરઘસ ઝારના નિવાસસ્થાન વિન્ટર પેલેસ પહોંચ્યું? **– ફાધર ગૅપોન**

(29) રશિયામાં 22 જાન્યુઆરી, 1905નો દિવસ ઇતિહાસમાં કયા નામે ઓળખાય છે? **– લોહિયાળ રવિવાર**

(30) ઈ. સ. 1904 – 05માં રશિયા અને જાપાન વચ્ચે થયેલા યુદ્ધમાં કોની હાર થઈ? **– રશિયાની**

(31) નાનકડા રાષ્ટ્ર જાપાને વિશાળકાય રશિયાને આપેલી હારથી શું છતું થયું? **– ઝારશાહીની નબળાઈઓ**

(32) રશિયાની ધારાસભા કયા નામે ઓળખાતી હતી? **– ડુમા (DUMA)**

(33) ઝારશાહીના પતન બાદ કોના નેતૃત્વવાળા મેન્શેવિક પક્ષના હાથમાં સત્તા આવી? **– કેરેન્સ્કીના**

(34) ઝારશાહીના પતન બાદ રશિયામાં કયા પક્ષના હાથમાં સત્તા આવી? – **મેન્શેવિક પક્ષ(લઘુમતી)ના**

(35) લેનિન કોની વિચારસરણીમાં માનતો હતો? – **કાર્લ માર્ક્સની**

(36) લેનિન કાર્લ માર્ક્સની વિચારસરણી પ્રમાણે કોના વર્ચસ્વમાં માનતો હતો? – **શ્રમજીવીઓના**

(37) નવેમ્બર, 1917માં રશિયામાં કોણે ક્રાંતિ કરી? – **લેનિને**

(38) લેનિને કરેલી ક્રાંતિ કઈ ક્રાંતિ તરીકે ઓળખાઈ?

– **સમાજવાદી બૉલ્શેવિક**

(39) અમેરિકાના કયા રાષ્ટ્રપ્રમુખે રાષ્ટ્રસંઘની સ્થાપનામાં વિશેષ યોગદાન આપ્યું હતું? – **વુડ્રો વિલ્સને**

(40) 10 જાન્યુઆરી, 1920ના દિવસે કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના થઈ? – **રાષ્ટ્રસંઘ(The League of Nations)ની**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : ***[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]***

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. 1 ઑગસ્ટ, 1914	a. વર્સેલ્સની સંધિ
2. નવેમ્બર, 1917	b. રાષ્ટ્રસંઘની રચના
3. જૂન, 1919	c. પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત
4. 10 જાન્યુઆરી, 1920	d. તુર્કીની શરણાગતિ
	e. રશિયાની બૉલ્શેવિક ક્રાંતિ

ઉત્તર : (1 – c), (2 – e), (3 – a), (4 – b).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. કૈસર વિલિયમ બીજો	a. માર્ક્સવાદી વિચારક
2. ટ્રિટ્સ્કે	b. યુદ્ધ એ પવિત્ર કાર્ય છે
3. નીત્સે	c. લોહિયાળ રવિવાર
4. લેનિન	d. શક્તિમાનને જ જીવવાનો હક
	e. વિશ્વપ્રભુત્વની નીતિ

ઉત્તર : (1 – e), (2 – d), (3 – b), (4 – a).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. અમેરિકાના પ્રમુખ	a. કેરેન્સ્કી
2. બ્રિટિશ વડા પ્રધાન	b. ટ્રિટ્સ્કે
3. ફ્રાન્સના વડા	c. લૉર્ડ જ્યૉર્જ
4. મેન્શેવિક(લઘુમતી પક્ષ)ના નેતા	d. વુડ્રો વિલ્સન
	e. ક્લેમેન્સો

ઉત્તર : (1 – d), (2 – c), (3 – e), (4 – a).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

1. નેધરલૅન્ડ્ઝ, બેલ્જિયમ અને લક્ઝમ્બર્ગ પર કયા રાષ્ટ્રની સત્તા હતી?

A. ઇટાલીની B. સ્પેનની C. ઇંગ્લૅન્ડની D. જર્મનીની

2. શાના વેપારના કારણે ઇંગ્લૅન્ડ અને ચીન વચ્ચે યુદ્ધો થયાં હતાં?

A. ચાના B. અફીણના C. ખનીજ તેલના D. શસ્ત્રોના

3. બેલ્જિયમના રાજા લિયોપૉલ્ડે આફ્રિકાના કયા પ્રદેશ પર પોતાની સત્તા સ્થાપી?

A. મોરોક્કો B. નાતાલ C. ઇજિપ્ત D. કૉંગો

4. આધુનિક વિશ્વની એક હૃદયદ્રાવક અને અવિસ્મરણીય ઘટના કઈ છે?

A. પ્રથમ વિશ્વયુદ્ધ B. સંસ્થાનવાદ
C. ઔદ્યોગિક ક્રાંતિ D. રશિયન ક્રાંતિ

* **5.** ફ્રેન્કફર્ટની સંધિમાં ફ્રાન્સે કયા પ્રદેશો ગુમાવ્યા હતા?

A. ડેન્ઝિંગ પ્રદેશો
B. આલ્સેસ અને લૉરેન્સના પ્રદેશો
C. પશ્ચિમ રશિયાના પ્રદેશો
D. ઇંગ્લૅન્ડના પ્રદેશો

* **6.** પ્રથમ વિશ્વયુદ્ધનાં બીજ કઈ સંધિમાં રોપાયાં હતાં?

A. વર્સેલ્સની સંધિ B. ફ્રેન્કફર્ટની સંધિ
C. ફ્રાન્સ અને બ્રિટનની સંધિ D. જર્મની અને હંગેરીની સંધિ

7. કોનો ઉગ્ર રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદ પ્રથમ વિશ્વયુદ્ધ માટે જવાબદાર હતો?

A. બિસ્માર્કનો
B. જર્મન સમ્રાટ કૈસર વિલિયમ બીજાનો
C. હિટલરનો
D. મુસોલિનીનો

8. જર્મન સમ્રાટ કૈસર વિલિયમ બીજો કઈ નીતિમાં માનતો હતો?

A. 'યુદ્ધ એ જ કલ્યાણ'
B. 'વિશ્વપ્રભુત્વ'
C. 'શક્તિમાનને જ જીવવાનો હક છે.'
D. 'યુદ્ધ એ જ રાષ્ટ્રીય જરૂરિયાત છે.'

9. 'શક્તિમાનને જ જીવવાનો હક છે.' આ સિદ્ધાંત કયા જર્મન લેખકે પ્રચલિત કર્યો હતો?

A. ટોલેદોએ B. સૅન્ટેરે C. નીત્સે D. ટ્રિટ્સ્કે

* **10.** પ્રથમ વિશ્વયુદ્ધને અંતે કઈ સંધિ કરવામાં આવી?

A. વર્સેલ્સની સંધિ B. ગુપ્તસંધિ
C. લેટર્નની સંધિ D. ફ્રેન્કફર્ટની સંધિ

ઉત્તર : **1.** સ્પેનની **2.** અફીણના
3. કૉંગો **4.** પ્રથમ વિશ્વયુદ્ધ
5. આલ્સેસ અને લૉરેન્સના પ્રદેશો
6. ફ્રેન્કફર્ટની સંધિ
7. જર્મન સમ્રાટ કૈસર વિલિયમ બીજાનો
8. 'વિશ્વપ્રભુત્વ' **9.** ટ્રિટ્સ્કે
10. વર્સેલ્સની સંધિ

11. કઈ ક્રાંતિ વિશ્વના ઇતિહાસની એક અગત્યની ઘટના ગણાય છે?
A. જર્મન ક્રાંતિ B. રશિયન ક્રાંતિ
C. અમેરિકન ક્રાંતિ D. ફ્રેંચ ક્રાંતિ

12. ઈ. સ. 1917માં થયેલી રશિયન ક્રાંતિ કઈ ક્રાંતિ તરીકે ઓળખાઈ?
A. 'માર્ચ ક્રાંતિ' B. 'વસંત ક્રાંતિ'
C. 'રક્તવિહીન ક્રાંતિ' D. 'સમાજવાદી બૉલ્શેવિક ક્રાંતિ'

13. 'બ્લૅક હૅન્ડ' નામની ઉગ્રવાદી સંસ્થા કયા દેશમાં સ્થપાઈ હતી?
A. ઑસ્ટ્રિયામાં B. સર્બિયામાં
C. બૉસ્નિયામાં D. બેલ્જિયમમાં

14. નીચેનામાંથી કયા રાષ્ટ્રને રાષ્ટ્રસંઘમાં સ્થાન મળ્યું નહોતું?
A. ફ્રાન્સને B. અમેરિકાને C. રશિયાને D. જાપાનને

15. નીચેનામાંથી કયું મોટું રાષ્ટ્ર રાષ્ટ્રસંઘમાં જોડાયું નહોતું?
A. જાપાન B. ઇટાલી C. અમેરિકા D. ફ્રાન્સ

16. 22 જાન્યુઆરી, 1905ના દિવસને રશિયાના ઇતિહાસમાં ...
A. 'ક્રાંતિકારી રવિવાર' તરીકે ઓળખવામાં આવે છે.
B. 'કલંકિત રવિવાર' તરીકે ઓળખવામાં આવે છે.
C. 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખવામાં આવે છે.
D. 'સ્વાતંત્ર્ય રવિવાર' તરીકે ઓળખવામાં આવે છે.

17. પ્રથમ વિશ્વયુદ્ધને અંતે રાષ્ટ્રસંઘની સ્થાપનામાં કોનું વિશેષ યોગદાન હતું?
A. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ વુડ્રો વિલ્સનનું
B. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટનનું
C. બ્રિટનના વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલનું
D. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકનનું

18. લેનિન કાર્લ માર્ક્સની વિચારસરણી મુજબ કોના વર્ચસ્વમાં માનતો હતો?
A. મધ્યમવર્ગના લોકોના B. શ્રમજીવીઓના
C. અમીર વર્ગના લોકોના D. ગરીબ વર્ગના લોકોના

ઉત્તર : **11.** રશિયન ક્રાંતિ **12.** 'સમાજવાદી બૉલ્શેવિક ક્રાંતિ'
13. સર્બિયામાં **14.** રશિયાને
15. અમેરિકા
16. 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખવામાં આવે છે.
17. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ વુડ્રો વિલ્સનનું
18. શ્રમજીવીઓના

(બ) સમયાનુસાર બનાવોને યોગ્ય ક્રમમાં ગોઠવો :


[પ્રત્યેકનો 1 ગુણ]

1. A. ફ્રાન્સે જર્મની સાથે ફ્રેન્કફર્ટની સંધિ કરી.
B. સૌપ્રથમ ડચ પ્રજાએ આફ્રિકાના દક્ષિણ ભાગમાં સંસ્થાન સ્થાપ્યું.
C. ઇંગ્લૅન્ડ અને ચીન વચ્ચે 'અફીણ વિગ્રહો' થયા.
D. મિત્રરાષ્ટ્રો અને ધરીરાષ્ટ્રો વચ્ચે પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું.
ઉત્તર : B, C, A, D


2. A. રશિયામાં સમાજવાદી બૉલ્શેવિક ક્રાંતિ થઈ.
B. જર્મની સાથે વર્સેલ્સની સંધિ કરવામાં આવી.
C. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકા મિત્રરાષ્ટ્રોના પક્ષે યુદ્ધમાં જોડાયું.
D. જર્મન પ્રજાસત્તાકે મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી.
ઉત્તર : C, A, D, B

3. A. વિશ્વશાંતિ માટે રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી.
B. રશિયાના પેટ્રોગાર્ડના કચડાયેલા કામદારોએ હડતાલ પાડી.
C. રશિયા અને જાપાન વચ્ચે યુદ્ધ થયું.
D. જર્મનીએ રહાઇન નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મૂકી.
ઉત્તર : C, B, D, A

3 નૂતન વિશ્વ તરફ પ્રયાણ



ઍડોલ્ફ હિટલર



બેનિટો મુસોલિની



માઓ-ત્સે-તુંગ



સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)

પ્રકરણસાર

- પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપના અનેક દેશોમાં લોકોની અવદશા સુધારવામાં તે સમયની સરકારો નિષ્ફળ ગઈ. તેથી એ દેશોમાં લોકોને લોકશાહીમાંથી વિશ્વાસ ઊઠી ગયો. લોકશાહી નિષ્ફળ બની.
- એ દેશોમાં ઉગ્ર રાષ્ટ્રવાદને ઉત્તેજન મળતાં સરમુખત્યારશાહીનો ઉદય થયો.
- સમગ્ર યુરોપના રાજકારણમાં પરિવર્તન આવ્યું, તે દ્વિતીય વિશ્વનું સર્જનાત્મક પરિબળ બન્યું.
- વર્સેલ્સની સંધિમાં ઇટાલીની થયેલી ઉપેક્ષાથી પ્રજામાં ઉગ્ર અસંતોષ ફેલાયો હતો. ઇટાલીના લોકો દેશને થયેલા અપમાનનો બદલો લેવા ઇચ્છતા હતા. આ સંજોગોમાં **બેનિટો મુસોલિની**એ ઇટાલીમાં **'ફાસિસ્ટ પક્ષ'**ની સ્થાપના કરી. 'લાકડાંની ભારી અને કુહાડી' આ પક્ષનું પ્રતીક હતું. લશ્કરી તાલીમ પામેલા પક્ષના સ્વયંસેવકો કાળા રંગનો પોશાક પહેરતા.
- **'એક પક્ષ અને એક નેતા'** એ મુસોલિનીનો મુદ્રાલેખ હતો.
- મુસોલિનીએ રાષ્ટ્રસંઘનો ત્યાગ કર્યો અને જર્મની તથા જાપાનના સહયોગથી **'રોમ-બર્લિન-ટોકિયો'** ધરીનું નિર્માણ કર્યું.
- પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મનીનો પરાજય થતાં જર્મનીમાં ઘોર નિરાશા અને અસંતોષ ફેલાયાં હતાં.
- પ્રથમ વિશ્વયુદ્ધમાં પરાજિત જર્મનીને વર્સેલ્સ મુકામે અત્યંત કડક શરતો સાથેની સંધિ સ્વીકારવાની ફરજ પાડવામાં આવી.
- **વર્સેલ્સની સંધિ** જર્મની માટે અન્યાયી અને અપમાનજનક હતી.
- ઈ. સ. 1919માં ઍડોલ્ફ હિટલર 'રાષ્ટ્રીય સમાજવાદી જર્મન કામદાર પક્ષ'માં જોડાયો. આ પક્ષ **'નાઝી પક્ષ'** તરીકે જાણીતો છે. નાઝી પક્ષની વિચારસરણીમાં રાષ્ટ્રવાદ અને સમાજવાદનો સમન્વય હતો.
- જર્મનીના રાષ્ટ્રપતિ હિન્ડેનબર્ગ મૃત્યુ પામતાં હિટલરે રાષ્ટ્રપતિ પદ ધારણ કર્યું. તેણે જર્મનીમાં સરમુખત્યારશાહી સ્થાપી. જર્મન પ્રજા હિટલરને **ફ્યુહરર** (તારણહાર) માનતી હતી.
- નાઝી પક્ષના સૈનિકો ભૂરા રંગનો લશ્કરી પોશાક પહેરતા અને ખભા પર લાલ રંગનું સ્વસ્તિકનું ચિહ્ન ધારણ કરતા.
- પ્રથમ વિશ્વયુદ્ધ પછી જાપાને સામ્રાજ્યવાદી નીતિ અપનાવી. જાપાને ઈ. સ. 1932માં મંચુરિયા કબજે કર્યું. ઈ. સ. 1933માં જાપાન રાષ્ટ્રસંઘમાંથી બહાર નીકળી ગયું.
- 24 ઑક્ટોબર, 1929ના રોજ અમેરિકામાં એકાએક 'વૉલ સ્ટ્રીટ' શૅરબજાર તૂટી પડ્યું. વૉલ સ્ટ્રીટ સંકટે સમગ્ર વિશ્વની આર્થિક સ્થિતિ અસ્થિર બનાવી. ગ્રેટબ્રિટન અને અમેરિકાનાં અર્થતંત્રો પ્રભાવિત થતાં વૈશ્વિક મહામંદીનું સર્જન થયું.

દ્વિતીય વિશ્વયુદ્ધ માટેનાં મુખ્ય પરિબળો :

- **ઉગ્ર રાષ્ટ્રવાદ :** વર્સેલ્સની સંધિને કારણે જર્મનીમાં હિટલરના નાઝી પક્ષે અને ઇટાલીમાં મુસોલિનીના ફાસિસ્ટ પક્ષે પ્રજામાં ઉગ્ર અને આક્રમક રાષ્ટ્રવાદ જન્માવ્યો. જાપાને પણ સામ્રાજ્યવાદની નીતિ અપનાવી.
- **જૂથબંધીઓ :** પ્રથમ વિશ્વયુદ્ધ પછી ફ્રાન્સ, ઇટાલી અને રશિયાએ જુદા જુદા દેશો સાથે મૈત્રીકરારો કર્યા. ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સે લોકશાહી મૂલ્યો ધરાવતા દેશોનું અલગ જૂથ રચ્યું. ભિન્ન ભિન્ન દેશોનાં સત્તાજૂથો સામસામી છાવણીઓમાં મુકાતાં વિશ્વમાં ભયનું વાતાવરણ સર્જાયું.

- **લશ્કરવાદ :** યુરોપનાં બધાં રાષ્ટ્રો એકબીજાથી ચડિયાતાં શસ્ત્રોનું ઉત્પાદન કરવા લાગ્યાં. દરેક રાષ્ટ્રે લશ્કરની ત્રણે પાંખોમાં સૈનિકોની સંખ્યા વધારી. જાપાન અને અમેરિકાએ પણ લશ્કરવાદની દોડમાં ઝંપલાવ્યું. લશ્કરવાદે વિશ્વને યુદ્ધકીય વાતાવરણમાં પલટી નાખ્યું.
- **રાષ્ટ્રસંઘની નિષ્ફળતા :** જર્મની, ઇટાલી અને જાપાન જેવા દેશો તેમની સામ્રાજ્ય-લાલસા સંતોષવા નાનાં અને નબળાં રાષ્ટ્રો પર આક્રમણો કરવા લાગ્યાં. રાષ્ટ્રસંઘને લશ્કરી પીઠબળ ન હોવાથી એ આક્રમણો રોકવામાં તેને નિષ્ફળતા મળી.
- **વર્સેલ્સની સંધિ :** વર્સેલ્સની સંધિ જર્મની માટે અત્યંત કડક અને અપમાનજનક હતી. જર્મનીના સરમુખત્યાર હિટલરે વર્સેલ્સની સંધિને 'કાગળનું ચીંથરું' કહીને ફગાવી દીધી. આ સંધિ દ્વારા જર્મનીને આર્થિક, રાજકીય અને લશ્કરી દૃષ્ટિએ કચડી નાખવામાં આવ્યું હતું.
- જાપાનને પણ વર્સેલ્સની સંધિથી અસંતોષ થયો હતો. આ સંધિથી કોઈ ને કોઈ પ્રકારે કેટલાંક રાષ્ટ્રોને અન્યાય થયો હતો.
- આમ, **વર્સેલ્સની અન્યાયી સંધિમાં દ્વિતીય વિશ્વયુદ્ધનાં બી વવાયાં હતાં.**
- **ઍડોલ્ફ હિટલરની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષા :** ઍડોલ્ફ હિટલર ઉગ્ર રાષ્ટ્રવાદી અને સામ્રાજ્યવાદી હતો. 12 માર્ચ, 1938માં તેણે ઑસ્ટ્રિયા પર અને 1 ઑક્ટોબર, 1938માં ઝેકોસ્લોવેકિયા પર આક્રમણ કરી ત્યાં પોતાની સત્તા જમાવી. માર્ચ, 1939માં તેણે લિથુઆનિયાના મેમેલ (Mamal) બંદર પર કબજો જમાવ્યો.
- જર્મનીનું પોલૅન્ડ પરનું આક્રમણ દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થવા માટેનું તાત્કાલિક કારણ હતું.
- 1 સપ્ટેમ્બર, 1939ના રોજ હિટલરે પોલૅન્ડ પર આક્રમણ કર્યું. બ્રિટન અને ફ્રાન્સે પોલૅન્ડના રક્ષણ માટે જર્મની વિરુદ્ધ યુદ્ધ જાહેર કર્યું. આ રીતે દ્વિતીય વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.
- દ્વિતીય વિશ્વયુદ્ધમાં એક પક્ષે **'મિત્રરાષ્ટ્રો'** તરીકે ઓળખાતાં બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને અમેરિકા તથા તેમનાં મિત્રરાષ્ટ્રો હતાં; બીજા પક્ષે **'ધરીરાષ્ટ્રો'** તરીકે ઓળખાતાં જર્મની, ઇટાલી, જાપાન અને તેમનાં સાથીરાષ્ટ્રો હતાં.
- જાપાને અમેરિકાના હવાઈ ટાપુઓના લશ્કરી મથક પર્લહાર્બર પર હુમલો કરી અમેરિકન નૌકાદળની ભારે ખુવારી કરી. આથી રોષે ભરાઈને અમેરિકાએ જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું.
- અમેરિકાએ જાપાનનાં **હિરોશિમા** અને **નાગાસાકી** શહેરો પર અણુબૉમ્બ ફેંકી જાપાનમાં મહાવિનાશ સર્જ્યો.
- જાપાને મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારતાં 11 ઑગસ્ટ, 1945ના રોજ દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત આવ્યો.
- વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર બધાં રાષ્ટ્રોને અબજો ડૉલરનો જંગી ખર્ચ થયો અને તેટલી જ કિંમતની મિલકતોનો નાશ થયો. બધા દેશોનું અર્થતંત્ર છિન્નભિન્ન થઈ ગયું. લોકોની મુશ્કેલીઓ ખૂબ વધી ગઈ.
- ઈ. સ. 1949માં **માઓ-ત્સે-તુંગે** ચીનમાં સામ્યવાદી સરકારની સ્થાપના કરી.
- દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વના રાજકારણમાં લોકશાહી દેશ અમેરિકા-તરફી અને સામ્યવાદી દેશ રશિયા-તરફી બે પરસ્પર વિરોધી વિચારસરણીવાળાં સત્તાજૂથો રચાયાં. તેનાથી જે તંગ રાજકીય પરિસ્થિતિનું નિર્માણ થયું તેને **'ઠંડું યુદ્ધ'** (Cold War) કહેવામાં આવે છે.
- દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં શાંતિ, સલામતી અને સહઅસ્તિત્વ માટે 24 ઑક્ટોબર, 1945ના રોજ **સંયુક્ત રાષ્ટ્રો**(United Nations)ની સ્થાપના કરવામાં આવી. આથી જ દર વર્ષે 24 ઑક્ટોબરનો દિવસ વિશ્વભરમાં **યુ.એન.** ડે તરીકે ઊજવાય છે. હાલ સંયુક્ત રાષ્ટ્રોના 193 સભ્યો છે.
- **સંયુક્ત રાષ્ટ્રોનાં મુખ્ય 6 અંગો છે :** 1. સામાન્ય સભા, 2. સલામતી સમિતિ, 3. આર્થિક અને સામાજિક સમિતિ, 4. વાલીપણા સમિતિ, 5. આંતરરાષ્ટ્રીય અદાલત તથા 6. સચિવાલય.
- **સામાન્ય સભા :** તે સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ છે. દરેક સભ્યરાષ્ટ્ર સામાન્ય સભામાં પોતાના પાંચ પ્રતિનિધિઓ મોકલી શકે છે, પરંતુ દરેક સભ્યરાષ્ટ્રને એક જ મત આપવાનો અધિકાર છે.
- **સલામતી સમિતિ :** તે સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મહત્ત્વનું અંગ છે. યૂ.એસ.એ., રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીન – આ પાંચ તેના કાયમી સભ્યો છે. બીજા દસ બિનકાયમી સભ્યો છે.
- આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવા સલામતી સમિતિને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે.
- સંયુક્ત રાષ્ટ્રોના બંધારણે **પાંચ** કાયમી સભ્યોને ઠરાવનો નિષેધ કરવાનો વિશેષ અધિકાર આપ્યો છે. એ અધિકારને **'નિષેધાધિકાર'** કે **'વીટો' (Veto)** કહેવામાં આવે છે.
- **આર્થિક અને સામાજિક સમિતિ :** તે ધર્મ, જાતિ કે પ્રદેશના ભેદભાવ વિના જગતની પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવાના પ્રયાસો કરે છે. આ સમિતિની દેખરેખ નીચે અનેક પેટાસમિતિઓ કામ કરે છે : વિશ્વ-આરોગ્ય સંસ્થા (WHO – હુ); આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ (IMF); આંતરરાષ્ટ્રીય અન્ન અને કૃષિ સંસ્થા (FAO); આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થા (ILO); બાળકો માટેનું આકસ્મિક મદદ ભંડોળ (UNICEF – યુનિસેફ); શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (UNESCO – યુનેસ્કો) વગેરે.
- **વાલીપણા સમિતિ :** આ સમિતિ વિદેશી શાસન હેઠળ ગુલામી ભોગવતા દેશોને સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે મદદ કરે છે. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિદેશી શાસન હેઠળના દેશોને વાલીપણા (મેન્ડેટ) સમિતિની દેખરેખ નીચે મૂકવામાં આવ્યા હતા. એ દેશો સ્વતંત્ર બને ત્યાં સુધી તેમનું સઘળું સંચાલન વાલીપણા સમિતિ કરે છે.
- **આંતરરાષ્ટ્રીય અદાલત :** સભ્યરાષ્ટ્રના રાજકીય કે અન્ય પ્રકારના ઝઘડાને આંતરરાષ્ટ્રીય ધોરણે ઉકેલવા માટે આંતરરાષ્ટ્રીય અદાલતની રચના કરવામાં આવી છે. આ અદાલતનું કાયમી મથક નેધર-

લૅન્ડ્ઝના હેગ શહેરમાં છે. આ અદાલત 15 ન્યાયમૂર્તિઓની બનેલી છે. ન્યાયમૂર્તિઓના હોદ્દાની મુદત 9 વર્ષની હોય છે.

❁ **સચિવાલય :** તે સંયુક્ત રાષ્ટ્રોનું મહત્ત્વનું વહીવટી અંગ છે. સચિવાલયના વહીવટી વડા **'મહામંત્રી'** કહેવાય છે. તેમની નિમણૂક સામાન્ય સભા સલામતી સમિતિની ભલામણથી 5 વર્ષ માટે કરે છે. સચિવાલયનું વડું મથક **ન્યૂ યૉર્ક**માં છે. હાલના મહામંત્રી **બાન-કી-મૂન** છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

*** (1) દ્વિતીય વિશ્વયુદ્ધના ઉદ્ભવ માટેનાં જવાબદાર પરિબળોની ચર્ચા કરો.**

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધના ઉદ્ભવ માટેનાં જવાબદાર પરિબળો નીચે મુજબ હતાં :

1. ઉગ્ર રાષ્ટ્રવાદ : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જર્મની, ઇટાલી અને જાપાનમાં રાષ્ટ્રવાદે ઉગ્ર અને આક્રમક સ્વરૂપ ધારણ કર્યું.

→ જર્મનીમાં હિટલરના નાઝી પક્ષે અને ઇટાલીમાં મુસોલિનીના ફાસિસ્ટ પક્ષે પ્રજામાં આક્રમક રાષ્ટ્રવાદ વિકસાવ્યો.

→ જાપાને પણ સામ્રાજ્યવાદી નીતિ અપનાવી લોકોમાં ઉગ્ર રાષ્ટ્રવાદ વિકસાવી તેમને યુદ્ધ માટે તૈયાર કર્યા. પરિણામે વિશ્વશાંતિ જોખમાઈ.

2. જૂથબંધીઓ : પ્રથમ વિશ્વયુદ્ધ પછી ફ્રાન્સને જર્મનીનો ભય હોવાથી તેણે બેલ્જિયમ, પોલૅન્ડ, રુમાનિયા અને ઝેકોસ્લોવેકિયા સાથે મૈત્રીકરારો કર્યા.

→ ઇટાલીએ ઝેકોસ્લોવેકિયા, યુગોસ્લાવિયા, રુમાનિયા, હંગેરી, તુર્કી, ગ્રીસ અને ઑસ્ટ્રિયા સાથે કરાર કર્યા.

→ ઇટાલીએ જર્મની અને જાપાનના સહયોગથી 'રોમ-બર્લિન-ટોકિયો' ધરીની રચના કરી.

→ રશિયાએ જર્મની, તુર્કી, લિથુઆનિયા અને ઈરાન સાથે કરાર કર્યા.

→ ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સે લોકશાહી મૂલ્યો ધરાવતા દેશોનું જૂથ રચ્યું.

3. લશ્કરવાદ : પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપના બધા દેશો એકબીજાથી ચડિયાતાં શસ્ત્રોનું ઉત્પાદન કરવા લાગ્યા.

→ રશિયા અને જર્મનીએ લશ્કરમાં ફરજિયાત ભરતી શરૂ કરી.

→ યુરોપના દરેક દેશે ભૂમિદળ, નૌકાદળ અને હવાઈ દળની સંખ્યામાં વધારો કર્યો.

→ જાપાન અને અમેરિકાએ પણ શસ્ત્રસામગ્રી વધારવાની હોડમાં ઝંપલાવ્યું. અમેરિકાએ નૌકાદળને સશક્ત બનાવ્યું.

→ આમ, શસ્ત્રીકરણની દોડે વિશ્વને યુદ્ધકીય વાતાવરણમાં પલટી નાખ્યું. દ્વિતીય વિશ્વયુદ્ધનાં નગારાં વાગવા લાગ્યાં.

4. રાષ્ટ્રસંઘની નિષ્ફળતા : ઇટાલી, જાપાન અને જર્મની જેવાં રાષ્ટ્રો તેમની સામ્રાજ્ય-લાલસા સંતોષવા નાનાં અને નબળાં રાષ્ટ્રો પર આક્રમણો કરવા લાગ્યાં.

→ રાષ્ટ્રસંઘને લશ્કરી પીઠબળ ન હોવાથી એ આક્રમણો રોકવામાં તેને નિષ્ફળતા મળી.

5. વર્સેલ્સની સંધિ : જર્મનીને યુદ્ધ માટે જવાબદાર ગણી તેની પર 6.5 અબજ પાઉન્ડનો જંગી યુદ્ધદંડ નાખવામાં આવ્યો.

→ આ સંધિ મુજબ તેનો રુહ્ર પ્રાંત ફ્રાન્સે પડાવી લીધો.

→ જર્મનીની રહાઇન નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મૂકવામાં આવી.

→ જર્મનીના મોટા ભાગના સમૃદ્ધ ખનીજ પ્રદેશો પડાવી લેવામાં આવ્યા.

→ વર્સેલ્સની સંધિ જર્મની માટે અન્યાયી અને અપમાનજનક હતી.

→ તેથી જર્મનીના સરમુખત્યાર હિટલરે આ સંધિને 'કાગળનું ચીંથરું' કહીને ફગાવી દેવાની પ્રજાને હાકલ કરી. તેથી જર્મનીની પ્રજાને યુદ્ધનું પ્રોત્સાહન મળ્યું.

→ વર્સેલ્સની સંધિમાં ઇટાલીની ઉપેક્ષા થઈ હોવાથી તે રોષે ભરાયું હતું. આ સંધિથી જાપાનને પણ ઘણો અસંતોષ હતો.

→ આમ, વર્સેલ્સની અન્યાયી સંધિમાં જ દ્વિતીય વિશ્વયુદ્ધનાં બી વવાયાં હતાં.

6. ઍડોલ્ફ હિટલરની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષા : હિટલર ઉગ્ર રાષ્ટ્રવાદી અને સૈનિકવાદી માનસ ધરાવતો હતો. તે ગમે તે ભોગે જર્મનીની એકતા, સ્થિરતા અને સમૃદ્ધિ ઇચ્છતો હતો. તેથી તેણે ઉગ્ર સામ્રાજ્યવાદી નીતિ અપનાવી.

→ 12 માર્ચ, 1938ના દિવસે હિટલરે ઑસ્ટ્રિયા પર આક્રમણ કરી તેની પર સત્તા જમાવી.

→ 1 ઑક્ટોબર, 1938ના રોજ તેણે ઝેકોસ્લોવેકિયા પર કબજો જમાવ્યો.

→ માર્ચ, 1939માં તેણે લિથુઆનિયાનું મેમેલ (Mamal) બંદર કબજે કર્યું.

→ આમ, હિટલરે વર્સેલ્સની સંધિનો ભંગ કરી વિશાળ જર્મન રાષ્ટ્રનું સર્જન કર્યું અને પોતાની મહત્ત્વાકાંક્ષા સંતોષી.

→ હિટલરની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષા દ્વિતીય વિશ્વયુદ્ધ માટે કારણભૂત હતી.

7. જર્મનીનું પોલૅન્ડ પરનું આક્રમણ (તાત્કાલિક પરિબળ) : જર્મનીના સરમુખત્યાર હિટલરની સામ્રાજ્ય-લાલસાને કારણે યુરોપમાં યુદ્ધનું વાતાવરણ સર્જાયું હતું.

→ 1 સપ્ટેમ્બર, 1939ના દિવસે હિટલરે પોલૅન્ડ પર આક્રમણ કર્યું.

→ બ્રિટન અને ફ્રાન્સે જર્મનીને આ યુદ્ધ તાત્કાલિક બંધ કરવા ચેતવણી આપી. પરંતુ જર્મનીએ તેની અવગણના કરી.

→ તેથી બ્રિટન અને ફ્રાન્સે પોલૅન્ડના રક્ષણ માટે જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું. આ રીતે દ્વિતીય વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો.

*** (2) દ્વિતીય વિશ્વયુદ્ધનાં પરિણામો લખો.**

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધનાં પરિણામો નીચે મુજબ હતાં :

1. આર્થિક પરિણામો : દ્વિતીય વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર દરેક રાષ્ટ્રને ભારે ખર્ચ થયો.

→ અમેરિકાને 350 અબજ ડૉલરનો અને બીજાં રાષ્ટ્રોને લગભગ 1 અબજ ડૉલર કરતાં વધુ ખર્ચ થયો.

→ આ યુદ્ધમાં જેટલા ડૉલરનો ખર્ચ થયો હતો એટલી જ કિંમતની મિલકતોનો નાશ થયો.

→ ઇંગ્લૅન્ડે લગભગ 2 હજાર કરોડ પાઉન્ડની મિલકતો ગુમાવી.

→ આ યુદ્ધમાં ભાગ લેનાર બધા દેશોનું અર્થતંત્ર છિન્નભિન્ન થઈ ગયું. યુરોપના દેશોમાં ચીજવસ્તુઓની અછત, મોંઘવારી, બેકારી, ભૂખમરો વગેરે સમસ્યાઓ ઊભી થઈ. લોકોનું આર્થિક જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું. વિશ્વના બધા દેશોમાં મહામંદી પ્રસરી.

2. ચીનમાં સામ્યવાદી સરકારની સ્થાપના : ઈ. સ. 1917માં રશિયામાં થયેલી બૉલ્શેવિક ક્રાંતિથી ચીન સહિત વિશ્વનાં અનેક રાષ્ટ્રો પ્રભાવિત થયા હતા.

→ દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ જાપાનની તાકાત ઘટી ગઈ હતી. પરિણામે ચીન પરનો તેનો પ્રભાવ ઓસરી ગયો.

→ આ પરિસ્થિતિનો લાભ લઈ ચીનમાં માઓ-ત્સે-તુંગના નેતૃત્વ નીચે ક્રાંતિ થઈ. ક્રાંતિને અંતે ઈ. સ. 1949માં ચીનમાં સામ્યવાદી સરકારની સ્થાપના થઈ.

3. ઠંડું યુદ્ધ : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વના રાજકારણમાં અમેરિકા-તરફી અને રશિયા-તરફી એ બે પરસ્પર વિરોધી વિચારસરણીવાળાં સત્તાજૂથો રચાયાં. વિશ્વનાં નાનાં રાષ્ટ્રો પોતાની અનુકૂળતા મુજબ આ બંને સત્તાજૂથોમાં જોડાયાં. આ બંને સત્તાજૂથોએ એકબીજાના મતના ખંડન માટે તેમજ પોતાના મતના સમર્થન માટે વાક્ અને વિચાર યુદ્ધો કરી, શસ્ત્ર વગરની તંગ રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કર્યું, જે **'ઠંડા યુદ્ધ' (Cold War)** તરીકે ઓળખાઈ.

4. સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં શાંતિ, સલામતી અને સહ-અસ્તિત્વના હેતુથી 24 ઑક્ટોબર, 1945ના રોજ સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ની સ્થાપના કરવામાં આવી. તેનું મુખ્ય કાર્યાલય યૂ.એસ.એ.ના ન્યૂ યૉર્ક શહેરમાં રાખવામાં આવ્યું.

(3) સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના કેવી રીતે થઈ ?

ઉત્તર : સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના નીચે મુજબ થઈ :

→ ઈ. સ. 1939માં શરૂ થયેલા દ્વિતીય વિશ્વયુદ્ધમાં અમેરિકા જોડાયું ત્યારથી જ અમેરિકાના પ્રમુખ એફ. ડી. રૂઝવેલ્ટે વિશ્વમાં માનવ સ્વાતંત્ર્ય, શાંતિ અને સલામતી માટે પ્રયત્નો શરૂ કર્યા.

→ 6 જાન્યુઆરી, 1941ના રોજ તેમણે આ ચાર બાબતોની જાહેરાત કરી : (1) વિચાર અને વાણીસ્વાતંત્ર્ય, (2) ધાર્મિક સ્વાતંત્ર્ય, (3) આર્થિક સ્વાતંત્ર્ય તથા (4) ભયમાંથી મુક્તિનો અધિકાર.

→ 4 ઑગસ્ટ, 1941ના રોજ પ્રમુખ રૂઝવેલ્ટ અને બ્રિટનના વડા પ્રધાન ચર્ચિલે ચર્ચાવિચારણાને અંતે આઠ મુદ્દાઓનું 'ઍટલૅન્ટિક ખતપત્ર' બહાર પાડ્યું.

→ આ ખતપત્રમાં દરેક રાષ્ટ્રની સ્વતંત્રતા અને સાર્વભૌમત્વની જાળવણી, વિશ્વશાંતિ અને સલામતી, સામાજિક અને આર્થિક કલ્યાણ, નિઃશસ્ત્રીકરણ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

→ ઑક્ટોબર, 1943માં બ્રિટન, અમેરિકા, રશિયા અને ચીનના વિદેશ પ્રધાનો મૉસ્કોમાં મળ્યા. તેમની એ મૉસ્કો પરિષદમાં વિશ્વશાંતિ જાળવવાના કેટલાક પાયાના સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યા.

→ નવેમ્બર, 1943માં તહેરાનમાં ત્રણ માંધાતાઓની પરિષદ મળી.

→ સપ્ટેમ્બર, 1944માં વૉશિંગ્ટન ખાતે 50 રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ સંયુક્ત રાષ્ટ્રોનું ખતપત્ર તૈયાર કર્યું.

→ 24 ઑક્ટોબર, 1945ના રોજ અમેરિકાના સૅન ફ્રૅન્સિસ્કોમાં 51 સભ્યરાષ્ટ્રોએ સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ની સ્થાપનાની જાહેરાત કરી. તેમાં ભારતનો પણ સમાવેશ હતો.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

*** (1) વૈશ્વિક મહામંદી(ઈ. સ. 1929 – 1932)ના ઉદ્ભવની અસરો જણાવો.**

ઉત્તર : વૈશ્વિક મહામંદી(ઈ. સ. 1929 – 1932)ની અસરો નીચે મુજબ હતી :

→ વિશ્વનાં મોટા ભાગનાં રાષ્ટ્રો પર વૈશ્વિક મહામંદીની અસરો થઈ હતી.

→ વિશ્વની મહાસત્તા ગણાતા ગ્રેટબ્રિટનને પોતાના ચલણ પાઉન્ડ સામે અનામતરૂપે સોનાનો જથ્થો રાખવાની નીતિ ત્યજવી પડી. ગ્રેટબ્રિટનના આ પગલાની અસર વિશ્વનાં અન્ય રાષ્ટ્રો પર પણ પડી.

→ અમેરિકા જેવા સમૃદ્ધ રાષ્ટ્રમાં આર્થિક મંદીનું મોજું ફરી વળ્યું. અમેરિકામાં અનેક કારખાનાં તેમજ ઉદ્યોગ-ધંધા બંધ પડી ગયાં.

→ અમેરિકામાં લાખો કામદારો બેકાર બન્યા.

→ વૈશ્વિક મંદીએ અમેરિકાની અર્થવ્યવસ્થાને નબળી પાડી. દેશની આર્થિક સ્થિતિને કથળતી અટકાવવા અમેરિકાને કડક નિયંત્રણો લાદવાં પડ્યાં.

→ વિશ્વના આંતરરાષ્ટ્રીય વેપાર અને ઉદ્યોગો મંદીની અસર નીચે આવ્યા. વિશ્વનો વેપાર ઘટીને અરધો થઈ ગયો.

*** (2) સંયુક્ત રાષ્ટ્રોના અંગ તરીકે આર્થિક-સામાજિક સમિતિની સમજ આપો.**

ઉત્તર : સંયુક્ત રાષ્ટ્રોની આ સમિતિ આર્થિક અને સામાજિક ક્ષેત્રે ખૂબ મહત્ત્વ ધરાવે છે.

→ તેની કુલ સભ્યસંખ્યા 54 છે. સામાન્ય સભા તેમની ચૂંટણી દર ત્રણ વર્ષ માટે કરે છે. દર વર્ષે $\frac{1}{3}$ ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ નવા સભ્યો ચૂંટાય છે.

→ આર્થિક અને સામાજિક સમિતિ – ઇકોસોક (ECOnomic and SOcial Council – ECOSOC) તે જગતના દેશોની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને આરોગ્યવિષયક બાબતોનો અભ્યાસ કરી અહેવાલો તૈયાર કરે છે અને તેમના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓની ભલામણ કરે છે.

→ તે ધર્મ, જાતિ કે પ્રદેશના ભેદભાવ વિના જગતની પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવાના પ્રયત્નો કરે છે.

→ આ સમિતિની દેખરેખ નીચેની તેની પેટાસમિતિઓ (સંસ્થાઓ) વિશ્વભરમાં કામ કરે છે :

→ **'હુ' – વિશ્વ-આરોગ્ય સંસ્થા** (World Health Organization – WHO) : તે વિશ્વના બધા લોકોની તંદુરસ્તીનું ધોરણ સુધારવાનું કામ કરે છે.

→ **આંતરરાષ્ટ્રીય બૅન્ક અને નાણાં ભંડોળ** (International Monetary Fund – IMF) : તે વિશ્વમાં નાણાકીય સ્થિરતા સ્થાપવાનું કામ કરે છે.

→ **'ફાઓ'** – આંતરરાષ્ટ્રીય અન્ન અને કૃષિ સંસ્થા (Food and Agricalture Organization – FAO) : તે દુનિયાના બધા દેશોમાં કૃષિ-ઉત્પાદનો, જંગલો, માછલીઓ વગેરેનું ઉત્પાદન વધારવાનું તેમજ પોષણનું ધોરણ ઊંચું લાવવાનું કામ કરે છે.

→ **યુનિસેફ** – સંયુક્ત રાષ્ટ્રોનું બાળકો માટેનું આકસ્મિક મદદ ભંડોળ (United Nations International Children's Emergency Fund – UNICEF) : તે વિશ્વનાં બાળકોનું સ્વાસ્થ્ય સુધારવા પૌષ્ટિક આહારની અને બાળકલ્યાણની પ્રવૃત્તિઓ કરે છે.

→ **યુનેસ્કો** – સંયુક્ત રાષ્ટ્રોની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (United Nations Educational Scientific Cultural Organization – UNESCO) : તે દુનિયાના બધા દેશોમાં શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા આંતરરાષ્ટ્રીય સહકાર વધારવાનું કામ કરે છે.

પ્રશ્ન 3. ટૂંક નોંધ લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

(1) જાપાનની સામ્રાજ્યવાદી નીતિ

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધને અંતે વર્સેલ્સની સંધિ મુજબ જાપાનને તેની ઇચ્છા મુજબના ચીનના પ્રદેશો ન મળ્યા.

→ જર્મનીનાં મોટા ભાગનાં સંસ્થાનો ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સે વહેંચી લીધાં. તેથી જાપાનને અસંતોષ થયો હતો.

→ ઈ. સ. 1921 – 22ની વૉશિંગ્ટન પરિષદમાં ઇંગ્લૅન્ડ અને અમેરિકાના નૌકાદળની કુલ સંખ્યાના માત્ર 35 %નું નૌકાદળ રાખવાની દરખાસ્ત જાપાનને સ્વીકારવી પડી.

→ જાપાનને રાષ્ટ્રસંઘની સમિતિમાં કાયમી સભ્યપદ ન મળ્યું.

→ જાપાનને સખાલિન અને સાઇબીરિયાના ટાપુ ખાલી કરવા પડ્યા. તેથી જાપાનના યુવાનો નાખુશ થયા.

→ આ સમયે જાપાનમાં ચૂંટણી થઈ. તેમાં દેશમાં લશ્કરી ઢબના શાસનની તરફેણ કરનાર પક્ષોને બહુમતી મળી.

→ જાપાનના લશ્કરી શાસને વિસ્તારવાદની નીતિ અપનાવી.

→ ઈ. સ. 1932માં જાપાને મંચુરિયા કબજે કરી ત્યાં પોતાની 'મંચુકો' સરકાર બનાવી.

→ જાપાને કોરિયા, મંગોલિયા, શાટુંગ અને ચીનના કેટલાક ભાગો પર કબજો જમાવ્યો.

→ જાપાને જર્મની અને ઇટાલી સાથેના સંબંધો સુધારી તેમની જેમ સામ્રાજ્યવાદનો વિસ્તાર કર્યો.

→ ઈ. સ. 1933માં જાપાન રાષ્ટ્રસંઘમાંથી નીકળી ગયું.

→ સમ્રાટ મેઇજી પછી ઈ. સ. 1936માં ગાદીએ આવેલ શહેનશાહ હીરોહીટોએ જાપાનની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિને ઉત્તેજન આપ્યું.

→ જાપાનની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિઓને પશ્ચિમના દેશો રોકી શક્યા નહિ.

→ દ્વિતીય વિશ્વયુદ્ધ પહેલાં જાપાને લગભગ સમગ્ર ચીન પર પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું.

→ આમ, જાપાનની સામ્રાજ્યવાદી નીતિએ વિશ્વમાં દ્વિતીય વિશ્વયુદ્ધનો ભય ઉત્પન્ન કર્યો.

(2) દ્વિતીય વિશ્વયુદ્ધના એક પરિબળ તરીકે લશ્કરવાદ

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(1)**ના ઉત્તરનો મુદ્દો **3. લશ્કરવાદ.**

(3) દ્વિતીય વિશ્વયુદ્ધની રૂપરેખા

ઉત્તર : 1 સપ્ટેમ્બર, 1939ના રોજ દ્વિતીય વિશ્વયુદ્ધની શરૂઆત થઈ. યુદ્ધ દરમિયાન વિશ્વના દેશો બે જૂથમાં વહેંચાઈ ગયા : (1) મિત્રરાષ્ટ્રો તરીકે ઓળખાતાં બ્રિટન, ફ્રાન્સ, રશિયા, અમેરિકા અને તેમનાં મિત્રરાષ્ટ્રોનું જૂથ (2) ધરીરાષ્ટ્રો તરીકે ઓળખાતાં જર્મની, ઇટાલી, જાપાન અને તેમના સાથી રાષ્ટ્રોનું જૂથ.

→ પૅસિફિક મહાસાગરમાં આવેલા અમેરિકાના હવાઈ ટાપુઓના લશ્કરી મથક પર્લહાર્બર પર જાપાને હુમલો કરી અમેરિકન નૌકાદળની ભારે ખુવારી કરી. આથી તટસ્થનીતિ છોડી અમેરિકાએ જાપાનની સામે યુદ્ધ જાહેર કર્યું. અમેરિકા યુદ્ધમાં જોડાતાં મિત્રરાષ્ટ્રોની તાકાતમાં વધારો થયો. પરિણામે યુદ્ધની બાજી પલટાવા લાગી.

→ 7 મે, 1945ના રોજ જર્મનીએ બિનશરતી શરણાગતિ સ્વીકારી. યુદ્ધમાં મિત્રરાષ્ટ્રોનો વિજય થયો.

→ યુદ્ધનો અંત આવતાં મિત્રરાષ્ટ્રોએ જાપાન પર હુમલા શરૂ કર્યા. અમેરિકાએ જાપાનનાં હિરોશિમા અને નાગાસાકી નામનાં શહેરો પર અણુબૉમ્બ નાખ્યા. તેનાથી મહાભયાનક વિનાશ થયો.

→ જાપાનના 1 લાખ 24 હજારથી વધુ લોકો મૃત્યુ પામ્યા અને અસંખ્ય લોકો ઘાયલ થયા.

→ આથી જાપાને 11 ઑગસ્ટ, 1945ના દિવસે શરણાગતિ સ્વીકારી. એ સાથે દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

*** (4) સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા**

ઉત્તર : સામાન્ય સભા (General Assembly) સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ છે. તે બધાં સભ્યરાષ્ટ્રોના પ્રતિનિધિઓની બનેલી છે.

→ સામાન્ય સભાની $\frac{2}{3}$ બહુમતી અર્થાત્ સલામતી સમિતિની ભલામણથી જગતનું કોઈ પણ રાષ્ટ્ર સંયુક્ત રાષ્ટ્રોનું સભ્યપદ મેળવી શકે છે.

→ દરેક રાષ્ટ્ર સામાન્ય સભામાં પોતાના પાંચ પ્રતિનિધિઓ મોકલી શકે છે. પરંતુ દરેક રાષ્ટ્રને એક જ મત આપવાનો અધિકાર છે.

→ હાલમાં (ઈ. સ. 2016માં) સામાન્ય સભામાં સભ્યોની કુલ સંખ્યા 193 છે.

→ સામાન્ય સભા કોઈ સામાન્ય બાબત પર સાદી બહુમતીથી ઠરાવ પસાર કરે છે. પરંતુ મહત્ત્વના પ્રશ્ને હાજર રહેલા સભ્યરાષ્ટ્રોની $\frac{2}{3}$ બહુમતીથી ઠરાવ પસાર કરવામાં આવે છે.

મુખ્ય કાર્યો :

(1) આંતરરાષ્ટ્રીય સંબંધોને લગતી કોઈ પણ બાબત પર સામાન્ય સભા ચર્ચા કરી સલાહ, સૂચનો કે ભલામણો કરે છે.

(2) દર વર્ષે સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રીએ રજૂ કરેલા અંદાજપત્રને તે મંજૂર કરે છે અને સંયુક્ત રાષ્ટ્રોના દરેક અંગના ખર્ચની રકમોની ફાળવણી કરે છે.

(3) વિશ્વનાં રાષ્ટ્રોના આર્થિક વિકાસ, માનવ-અધિકાર, નિ:શસ્ત્રીકરણ તેમજ વર્તમાન સમયના આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનું નિરાકરણ વગેરે બાબતો અંગે સામાન્ય સભા કામ કરે છે.

(4) તે સંયુક્ત રાષ્ટ્રોનાં વિવિધ અંગોના સભ્યોની ચૂંટણી કરે છે.

(5) તે દર વર્ષે પોતાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે.

→ સામાન્ય સભાને વિશ્વની સંસદ (World Parliament – વર્લ્ડ પાર્લમન્ટ) કહી શકાય.

→ સામાન્ય સભાનું વડું મથક ન્યૂ યૉર્કમાં છે.

*** (5) સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિ**

ઉત્તર : સલામતી સમિતિ (Security Council) સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મહત્ત્વનું અંગ છે. તે સંયુક્ત રાષ્ટ્રોની કારોબારી છે.

→ તે 15 સભ્યોની બનેલી છે. જેમાં યૂ.એસ.એ., રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીન – આ પાંચ તેના કાયમી સભ્યો છે અને બાકીના દસ બિનકાયમી સભ્યો છે.

→ સલામતી સમિતિ વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવાનું કાર્ય કરે છે. આ માટે તે ચર્ચાઓ કરે છે.

→ ચર્ચાઓને અંતે પાંચ કાયમી સભ્યો સહિત ઓછામાં ઓછા નવ સભ્યોના મતથી ઠરાવ પસાર કરવામાં આવે છે.

→ સંયુક્ત રાષ્ટ્રોના બંધારણે પાંચ કાયમી સભ્યોને ઠરાવનો નિષેધ કરવાનો વિશેષ અધિકાર આપ્યો છે. એ અધિકારને 'નિષેધાધિકાર' કે 'વીટો' (Veto Power) કહેવામાં આવે છે.

→ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવા માટે સલામતી સમિતિને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે.

→ એ માટે તે સંયુક્ત રાષ્ટ્રોના સભ્યરાષ્ટ્રો સાથે વાટાઘાટો કરે છે.

→ સભ્યરાષ્ટ્રો વચ્ચે યુદ્ધ થયું હોય તો તે લવાદી કે વાટાઘાટો દ્વારા તેનો અંત લાવવા પ્રયાસો કરે છે.

(6) આંતરરાષ્ટ્રીય અદાલત

ઉત્તર : સભ્યરાષ્ટ્રોના રાજકીય કે અન્ય પ્રકારના ઝઘડાને આંતરરાષ્ટ્રીય ધોરણે ઉકેલવા માટે આંતરરાષ્ટ્રીય અદાલતની રચના કરવામાં આવી છે.

→ આ અદાલતનું કાયમી મથક નેધરલૅન્ડ્ઝના હેગ શહેરમાં છે.


→ આ અદાલત 15 ન્યાયમૂર્તિઓની બનેલી છે. તેમના હોદ્દાની મુદત 9 વર્ષની છે.

→ ન્યાયમૂર્તિઓની ચૂંટણી સામાન્ય સભા અને સલામતી સમિતિના સભ્યો કરે છે.

→ આ અદાલત આંતરરાષ્ટ્રીય ઝઘડાઓ વિશે ચુકાદા આપે છે અને સભ્યરાષ્ટ્રો પાસે આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરાવે છે.

→ સંયુક્ત રાષ્ટ્રોનું સભ્યપદ ન ધરાવનાર દેશ પણ આ અદાલત સમક્ષ ન્યાય માટે ફરિયાદ કરી શકે છે.

(7) નીચેના ચિત્રનો અભ્યાસ કરી પ્રશ્નોના ઉત્તર લખો :



1. ઉપરનું ચિત્ર કઈ બાબત દર્શાવે છે?

2. UNમાં સૌથી વધુ વખત 'વીટો પાવર'નો ઉપયોગ કયા દેશે કર્યો?

3. અમેરિકા અને રશિયા દ્વારા 'વીટો પાવર'ના ઉપયોગની તુલના કરો.

ઉત્તર : 1. સંયુક્ત રાષ્ટ્રોના બંધારણે અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીનને સલામતી સમિતિના ઠરાવનો નિષેધ કરવાનો 'વીટો પાવર' (Veto Power) આપ્યો છે. ઉપરનું ચિત્ર અમેરિકા, રશિયા, બ્રિટન અને ફ્રાન્સે સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં કેટલી વખત 'વીટો પાવર'નો ઉપયોગ કર્યો તે દર્શાવે છે.

2. UNમાં રશિયાએ સૌથી વધુ વખત 'વીટો પાવર'નો ઉપયોગ કર્યો છે.

3. UNમાં અમેરિકાએ 82 વખત અને રશિયાએ 122 વખત 'વીટો પાવર'નો ઉપયોગ કર્યો છે. આમ, UNની સલામતી સમિતિમાં અમેરિકા કરતાં રશિયાએ વધુ વખત 'વીટો પાવર'નો ઉપયોગ કર્યો છે.

(8) નીચેના ચિત્રનો અભ્યાસ કરી પ્રશ્નોના ઉત્તર લખો :



1. ઉપરનું ચિત્ર કઈ સંસ્થાનું છે?

2. આ સંસ્થાની સ્થાપના ક્યારે, કયા હેતુથી કરવામાં આવી હતી?

3. 'ઍટલૅન્ટિક ખતપત્ર'માં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો?

ઉત્તર : 1. ઉપરનું ચિત્ર 'સંયુક્ત રાષ્ટ્રો'(United Nations)નું છે.

2. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં શાંતિ, સલામતી અને સહઅસ્તિત્વના હેતુથી 24 ઑક્ટોબર, 1945ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી.

3. 'ઍટલૅન્ટિક ખતપત્ર'માં દરેક રાષ્ટ્રની સ્વતંત્રતા અને સાર્વભૌમત્વની જાળવણી, વિશ્વશાંતિ અને સલામતી, સામાજિક અને આર્થિક કલ્યાણ, નિઃશસ્ત્રીકરણ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

(9) નીચેના ચિત્રનો અભ્યાસ કરી પ્રશ્નોના ઉત્તર લખો :



1. ઉપરનું ચિત્ર સંયુક્ત રાષ્ટ્રોની કઈ સંસ્થાનું છે?

2. આ સંસ્થાનું પૂરું નામ શું છે?

3. આ સંસ્થા શું કામ કરે છે?

ઉત્તર : 1. ઉપરનું ચિત્ર સંયુક્ત રાષ્ટ્રોની આર્થિક-સામાજિક સમિતિની પેટાસમિતિ યુનેસ્કો(UNESCO)નું છે.

2. UNESCOનું પૂરું નામ આ પ્રમાણે છે : United Nations Educational Scientific Cultural Organization.

3. આ સંસ્થા દુનિયાના બધા દેશોમાં શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા આંતરરાષ્ટ્રીય સહકાર વધારવાનું કામ કરે છે.

પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) પ્રથમ વિશ્વયુદ્ધ પછી લોકશાહી શાસન પરથી લોકોનો વિશ્વાસ કેમ ઊઠી ગયો?

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધના અંતે યુરોપના દેશોમાં ગરીબી, બેકારી, મોંઘવારી, ચીજવસ્તુઓની અછત વગેરે સમસ્યાઓ સર્જાઈ. પરિણામે લોકોની આર્થિક દુર્દશા થઈ. લોકોની આર્થિક સ્થિતિ સુધારવામાં તે સમયની લોકશાહી સરકારો અસમર્થ રહી. આથી મોટા ભાગના લોકોને લોકશાહી શાસન પરથી વિશ્વાસ ઊઠી ગયો.

(2) વૈશ્વિક મહામંદી(ઈ. સ. 1929 – 1932)નું સર્જન શામાંથી થયું હતું?

ઉત્તર : 24 ઑક્ટોબર, 1929ના રોજ યૂ.એસ.એ.ના 'વૉલ સ્ટ્રીટ' નામના શૅરબજારમાં શૅરોની કિંમતો અચાનક ઘટી ગઈ. વિવેચકોએ આ ઘટનાને 'વૉલ સ્ટ્રીટ સંકટ' તરીકે ઓળખાવી. આ સંકટે વિશ્વના દેશોની આર્થિક સ્થિતિને અસ્થિર અને કમજોર બનાવી. તેમાંથી વૈશ્વિક મહામંદી (1929 – 1932) થઈ.

(3) દ્વિતીય વિશ્વયુદ્ધનાં મુખ્ય પરિબળો કયાં કયાં હતાં?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધનાં મુખ્ય પરિબળો : (1) ઉગ્ર રાષ્ટ્રવાદ, (2) જૂથબંધીઓ, (3) લશ્કરવાદ, (4) રાષ્ટ્રસંઘની નિષ્ફળતા, (5) વર્સેલ્સની સંધિ, (6) ઍડોલ્ફ હિટલરની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષા અને (7) જર્મનીનું પોલૅન્ડ પર આક્રમણ (તાત્કાલિક પરિબળ).

(4) પ્રથમ વિશ્વયુદ્ધ પછી વિશ્વના દેશોએ કઈ કઈ જૂથબંધીઓ કરી?

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધ પછી વિશ્વના દેશોએ કરેલી જૂથબંધીઓ :

(1) ફ્રાન્સને જર્મનીનો મોટો ભય હતો. તેથી તેણે બેલ્જિયમ, પોલૅન્ડ, રુમાનિયા અને ઝેકોસ્લોવેકિયા સાથે મૈત્રીકરારો કર્યા.

(2) ઇટાલીએ ઝેકોસ્લોવેકિયા, યુગોસ્લાવિયા, રુમાનિયા, હંગેરી, ગ્રીસ, તુર્કી અને ઑસ્ટ્રિયા સાથે કરારો કર્યા.

(3) ઇટાલીએ જર્મની અને જાપાનના સહયોગથી 'રોમ-બર્લિન-ટોકિયો' ધરીની રચના કરી.

(4) રશિયાએ જર્મની, તુર્કી, લિથુઆનિયા, ઈરાન વગેરે દેશો સાથે કરારો કર્યા.

(5) ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સે લોકશાહી મૂલ્યો ધરાવતા દેશોનું અલગ જૂથ રચ્યું.

(5) રાષ્ટ્રસંઘને આક્રમણકારી પગલાં રોકવામાં નિષ્ફળતા કેમ મળી?

ઉત્તર : રશિયા, જર્મની, ઇટાલી, જાપાન વગેરે દેશો રાષ્ટ્રસંઘમાંથી નીકળી ગયા. તેથી એ દેશોની યુદ્ધખોર અને આક્રમણકારી પ્રવૃત્તિઓ પર અંકુશ મૂકવાનું રાષ્ટ્રસંઘ માટે અશક્ય થયું. જાપાન, ઇટાલી અને જર્મની તેમની સત્તાલાલસા સંતોષવા નાનાં અને નબળાં રાષ્ટ્રો પર આક્રમણો કરવા લાગ્યાં. રાષ્ટ્રસંઘને લશ્કરી પીઠબળ ન હોવાથી એમનાં આક્રમણકારી પગલાં રોકવામાં તેને નિષ્ફળતા મળી.

(6) દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થવા માટે કયું તાત્કાલિક કારણ જવાબદાર હતું?

ઉત્તર : જર્મનીના સરમુખત્યાર હિટલરની સામ્રાજ્ય-લાલસાને કારણે યુરોપમાં યુદ્ધનું વાતાવરણ સર્જાયું. 1 સપ્ટેમ્બર, 1939ના દિવસે હિટલરે પોલૅન્ડ પર આક્રમણ કર્યું. બ્રિટન અને ફ્રાન્સે જર્મનીને આ યુદ્ધ તાત્કાલિક બંધ કરવા ચેતવણી આપી. પરંતુ જર્મનીએ તેની અવગણના કરી. તેથી બ્રિટન અને ફ્રાન્સે પોલૅન્ડના રક્ષણ માટે જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું. આ રીતે દ્વિતીય વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.

*** (7) સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના શા માટે કરવામાં આવી?**

ઉત્તર : વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવા; આંતરરાષ્ટ્રીય વિવાદાસ્પદ પ્રશ્નોને ચર્ચા, વાટાઘાટો કે લવાદીથી ઉકેલી યુદ્ધ અટકાવવા; વિશ્વના દેશોનો આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ સાધવા; શસ્ત્રોના ઉત્પાદન પર નિયંત્રણ રાખવા; આંતરરાષ્ટ્રીય બંધુત્વ, સહકાર અને સમજણ વિકસાવવા અને માનવહકોનું રક્ષણ કરવા; વગેરે ઉચ્ચ આદર્શો અને ભાવનાઓ સાકાર કરવા માટે દ્વિતીય વિશ્વયુદ્ધ પછી સંયુક્ત રાષ્ટ્રો(UN)ની સ્થાપના કરવામાં આવી.

(8) સંયુક્ત રાષ્ટ્રોનાં મુખ્ય અંગો કયાં કયાં છે?

ઉત્તર : સંયુક્ત રાષ્ટ્રોનાં મુખ્ય અંગો નીચે મુજબ હતાં :

(1) સામાન્ય સભા (General Assembly), (2) સલામતી સમિતિ (Security Council), (3) આર્થિક અને સામાજિક સમિતિ (Economic and Social Council), (4) વાલીપણા સમિતિ (Trusteeship Council), (5) આંતરરાષ્ટ્રીય અદાલત (International Court of Justice) તથા (6) સચિવાલય (Secretariat).

(9) સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાની મુખ્ય કામગીરી જણાવો.

ઉત્તર : જુઓ પ્રશ્ન **3**ના પેટાપ્રશ્ન **(4)**ના ઉત્તરમાં 'મુખ્ય કાર્યો – (1)થી (5).'

*** (10) 'ઠંડું યુદ્ધ' એટલે શું?**

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વના રાજકારણમાં અમેરિકા-તરફી અને રશિયા-તરફી એ બે પરસ્પર વિરોધી વિચારસરણીવાળાં સત્તાજૂથો રચાયાં. વિશ્વનાં નાનાં રાષ્ટ્રો પોતાની અનુકૂળતા મુજબ આ બંને સત્તાજૂથોમાં જોડાયાં. આ બંને સત્તાજૂથોએ એકબીજાના મતના ખંડન માટે તેમજ પોતાના મતના સમર્થન માટે વાક્ અને વિચાર યુદ્ધો કરી, શસ્ત્રો વગરની જે તંગ રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કર્યું, તેને 'ઠંડું યુદ્ધ' (Cold War) કહેવામાં આવે છે.

પ્રશ્ન 5. નીચેનાં વિધાનોનાં કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) મુસોલિનીએ ઇટાલીમાં ફાસિસ્ટ પક્ષની સ્થાપના કરી.

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધમાં ઇટાલી વિજેતા મિત્રરાષ્ટ્રોના પક્ષમાં હતું અને તેમના જ પક્ષમાં રહી યુદ્ધ લડ્યું હતું. યુદ્ધમાં ઇટાલીને 12 અબજ ડૉલરનો જંગી ખર્ચ થયો હતો. યુદ્ધમાં ઇટાલીના 6 લાખ સૈનિકો માર્યા ગયા હતા. આમ છતાં, વિજેતા મિત્રરાષ્ટ્રોના જૂથે વર્સેલ્સની સંધિ દ્વારા મનગમતા પ્રદેશો લઈ લીધા. પ્રદેશોની વહેંચણીમાં ઇટાલીની ઉપેક્ષા થઈ.

ઇટાલીને થયેલા અન્યાયથી પ્રજામાં ઉગ્ર અસંતોષ ફેલાયો. ઇટાલીના રાષ્ટ્રીય સ્વમાનભંગ માટે ઇટાલીની સરકાર જવાબદાર છે એમ માની ઇટાલીની પ્રજા પોતાના દેશનું સુકાન કોઈ શૂરવીર યોદ્ધાના હાથમાં સોંપવા ઇચ્છતી હતી, જેથી તે રાષ્ટ્રીય અપમાનનો બદલો લઈ શકે. દેશને કપરા સંજોગોમાંથી બહાર કાઢવા માટે બેનિટો મુસોલિનીએ ઇટાલીમાં 'ફાસિસ્ટ પક્ષ'ની સ્થાપના કરી.

(2) વર્સેલ્સની સંધિમાં જ દ્વિતીય વિશ્વયુદ્ધનાં બી વવાયાં હતાં.

ઉત્તર : પરાજિત જર્મનીને અત્યંત કડક શરતોવાળી વર્સેલ્સની સંધિ સ્વીકારવાની ફરજ પાડવામાં આવી. જર્મનીને યુદ્ધ માટે જવાબદાર ગણી તેની પર 6.5 અબજ પાઉન્ડનો જંગી યુદ્ધદંડ લાદવામાં આવ્યો. આ સંધિ મુજબ તેનો રુહ્ર પ્રાંત ફ્રાન્સે પડાવી લીધો. જર્મનીની રહાઈન નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખુલ્લી મૂકવામાં આવી. જર્મનીના મોટા ભાગના સમૃદ્ધ ખનીજ પ્રદેશો પડાવી લેવામાં આવ્યા. વર્સેલ્સની સંધિ જર્મની માટે અન્યાયી અને અપમાનજનક હતી. જર્મનીના સરમુખત્યાર ઍડોલ્ફ હિટલરે વર્સેલ્સની સંધિને 'કાગળનું ચીથરું' કહીને ફગાવી દેવાની પ્રજાને હાકલ કરી. તેથી જર્મનીની પ્રજાને યુદ્ધનું પ્રોત્સાહન મળ્યું. આ સંધિથી જાપાનને પણ ઘણો અસંતોષ હતો. વર્સેલ્સની સંધિમાં ઇટાલીની ઉપેક્ષા થઈ હોવાથી તે પણ રોષે ભરાયું હતું. આમ, આ સંધિથી કેટલાંય રાષ્ટ્રોને અન્યાય થયો હતો. આમ, વર્સેલ્સની અન્યાયી સંધિમાં જ દ્વિતીય વિશ્વયુદ્ધનાં બી વવાયાં હતાં.

(3) હિટલરની ઉગ્ર સામ્રાજ્યવાદી નીતિ દ્વિતીય વિશ્વયુદ્ધ માટે જવાબદાર હતી.

ઉત્તર : હિટલર ઉગ્ર રાષ્ટ્રવાદી હતો. તે કોઈ પણ ભોગે જર્મનીની એકતા, સ્થિરતા અને સમૃદ્ધિ ઇચ્છતો હતો. તેથી તેણે ઉગ્ર સામ્રાજ્યવાદી નીતિ અપનાવી. 12 માર્ચ, 1938ના રોજ હિટલરે ઑસ્ટ્રિયા પર આક્રમણ કરી તેની પર સત્તા જમાવી. મ્યુનિચ સંમેલન પછી 1 ઑક્ટોબર, 1938ના રોજ તેણે ઝેકોસ્લોવેકિયા પર કબજો જમાવ્યો. માર્ચ, 1939માં તેણે લિથુઆનિયાનું મેમેલ (Mamal) બંદર કબજે કર્યું. આમ, વર્સેલ્સની સંધિનો ભંગ કરી હિટલરે વિશાળ જર્મન રાષ્ટ્રનું સર્જન કર્યું. આમ, હિટલરની ઉગ્ર સામ્રાજ્યવાદી નીતિ દ્વિતીય વિશ્વયુદ્ધ માટે જવાબદાર હતી.

(4) સંયુક્ત રાષ્ટ્રો(UN)માં આંતરરાષ્ટ્રીય અદાલતની સ્થાપના કરવામાં આવી છે.

ઉત્તર : કોઈ પણ બે સભ્યરાષ્ટ્રોના રાજકીય કે અન્ય પ્રકારના વિવાદાસ્પદ પ્રશ્નોને ન્યાયી રીતે અને આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતો મુજબ ઉકેલવા માટે સંયુક્ત રાષ્ટ્રો(UN)માં આંતરરાષ્ટ્રીય અદાલતની સ્થાપના કરવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રોનું સભ્યપદ ન ધરાવતા દેશો પણ ન્યાય મેળવવા માટે આંતરરાષ્ટ્રીય અદાલત સમક્ષ ફરિયાદ કરી શકે છે.

પ્રશ્ન 6. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) ઇટાલીમાં ફાસિસ્ટ પક્ષની સ્થાપના કોણે કરી?

ઉત્તર : બેનિટો મુસોલિનીએ ઇટાલીમાં ફાસિસ્ટ પક્ષની સ્થાપના કરી.

*** (2) ઇટાલીના સરમુખત્યારનું નામ આપો.**

ઉત્તર : ઇટાલીના સરમુખત્યારનું નામ બેનિટો મુસોલિની હતું.

(3) ફાસિસ્ટ પક્ષનું પ્રતીક શું હતું?

ઉત્તર : ફાસિસ્ટ પક્ષનું પ્રતીક 'લાકડાંની ભારી અને કુહાડી' હતું.

(4) 'ફાસીવાદ' શબ્દ શેમાંથી બનેલો છે?

ઉત્તર : 'ફાસીવાદ' શબ્દ ઇટાલીના 'ફાસેજે' શબ્દમાંથી બનેલો છે.

(5) 'ફાસેજે'નો શો અર્થ થાય છે?

ઉત્તર : 'ફાસેજે'નો અર્થ 'બધી વસ્તુઓ પર રાજ્યોનો અધિકાર' થાય છે.

(6) મુસોલિનીનો મુદ્રાલેખ શો હતો?

ઉત્તર : મુસોલિનીનો મુદ્રાલેખ હતો : 'એક પક્ષ અને એક નેતા.'

(7) ફાસિસ્ટ પક્ષના સ્વયંસેવકોનો ગણવેશ કયા રંગનો હતો?

ઉત્તર : ફાસિસ્ટ પક્ષના સ્વયંસેવકોનો ગણવેશ કાળા રંગનો હતો.

(8) મુસોલિનીએ કઈ ધરીનું નિર્માણ કર્યું?

ઉત્તર : મુસોલિનીએ જર્મની અને જાપાનના સહયોગથી 'રોમ-બર્લિન-ટોકિયો' ધરીનું નિર્માણ કર્યું.

(9) જર્મનીને વર્સેલ્સની સંધિ પર સહી કરવાની ફરજ કોણે પાડી?

ઉત્તર : પૅરિસની શાંતિ પરિષદે જર્મનીને વર્સેલ્સની સંધિ પર સહી કરવાની ફરજ પાડી.

(10) ઍડોલ્ફ હિટલર કયા પક્ષમાં જોડાયો? તે પક્ષ કયા પક્ષના નામે જાણીતો છે?

ઉત્તર : ઍડોલ્ફ હિટલર 'રાષ્ટ્રીય સમાજવાદી જર્મન કામદાર પક્ષ'માં જોડાયો. તે પક્ષ 'નાઝી પક્ષ'ના નામે જાણીતો છે.

(11) હિટલરે જર્મનીમાં સરમુખત્યારશાહીની સ્થાપના કેવી રીતે કરી?

ઉત્તર : જર્મનીના રાષ્ટ્રપતિ હિન્ડેનબર્ગનું અવસાન થતાં હિટલરે રાષ્ટ્રપતિ પદ ધારણ કર્યું અને જર્મનીમાં સરમુખત્યારશાહીની સ્થાપના કરી.

*** (12) જર્મનીનો સરમુખત્યાર કોણ હતો?**

ઉત્તર : ઍડોલ્ફ હિટલર જર્મનીનો સરમુખત્યાર હતો.

(13) જર્મન પ્રજા હિટલરને શું માનતી હતી?

ઉત્તર : જર્મન પ્રજા હિટલરને ફ્યુહરર (તારણહાર) માનતી હતી.

(14) નાઝી પક્ષના સૈનિકો કેવો પોશાક પહેરતા?

ઉત્તર : નાઝી પક્ષના સૈનિકો ભૂરા રંગનો લશ્કરી પોશાક પહેરતા અને ખભા પર લાલ રંગનું સ્વસ્તિકનું ચિહ્ન ધારણ કરતા.

(15) દ્વિતીય વિશ્વયુદ્ધ તરફ દોરી જતાં મહત્ત્વનાં કારણો કયાં હતાં?

ઉત્તર : હિટલરનો વિસ્તારવાદ, હિટલરનાં પાડોશી દેશો સાથેનાં લશ્કરી પગલાં અને હિટલરની ચોક્કસ જૂથનો નાશ કરવાની નીતિ દ્વિતીય વિશ્વયુદ્ધ તરફ દોરી જતાં મહત્ત્વનાં કારણો હતાં.

(16) 'વૉલ સ્ટ્રીટ સંકટ' ક્યારે સર્જાયું હતું?

ઉત્તર : 'વૉલ સ્ટ્રીટ સંકટ' 24 ઑક્ટોબર, 1929ના રોજ સર્જાયું હતું.

(17) કયા સંકટે વિશ્વભરની આર્થિક સ્થિતિને ડામાડોળ કરી મૂકી હતી?

ઉત્તર : 24 ઑક્ટોબર, 1929ના રોજ અમેરિકાના શૅરબજારમાં સર્જાયેલા 'વૉલ સ્ટ્રીટ સંકટે' વિશ્વભરની આર્થિક સ્થિતિને ડામાડોળ કરી મૂકી હતી.

(18) વૈશ્વિક મહામંદીનું સર્જન શેમાંથી થયું હતું?

ઉત્તર : 24 ઑક્ટોબર, 1929ના રોજ અમેરિકાના શૅરબજારમાં સર્જાયેલા 'વૉલ સ્ટ્રીટ' સંકટે વિશ્વભરની આર્થિક સ્થિતિને ડામાડોળ બનાવી હતી. તેમાંથી વૈશ્વિક મહામંદીનું સર્જન થયું હતું.

*** (19) દ્વિતીય વિશ્વયુદ્ધ થવા પાછળ કઈ સંધિ જવાબદાર હતી?**

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ થવા પાછળ ઈ. સ. 1919માં થયેલી વર્સેલ્સની સંધિ જવાબદાર હતી.

(20) પ્રથમ વિશ્વયુદ્ધ પછી કયા દેશોમાં ઉગ્ર રાષ્ટ્રવાદનો વિકાસ થયો?

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધ પછી જર્મની, જાપાન અને ઇટાલીમાં ઉગ્ર રાષ્ટ્રવાદનો વિકાસ થયો.

(21) પ્રથમ વિશ્વયુદ્ધ પછી ફ્રાન્સે કયા કયા દેશો સાથે મૈત્રી-કરારો કર્યા?

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધ પછી ફ્રાન્સે બેલ્જિયમ, પોલૅન્ડ, રુમાનિયા, ઝેકોસ્લોવેકિયા વગેરે દેશો સાથે મૈત્રીકરારો કર્યા.

(22) ઇટાલીએ કયા દેશોના સહયોગથી 'રોમ-બર્લિન-ટોકિયો' ધરીની રચના કરી?

ઉત્તર : ઇટાલીએ જર્મની અને જાપાનના સહયોગથી 'રોમ-બર્લિન-ટોકિયો' ધરીની રચના કરી.

(23) જર્મનીએ કયા દેશ સાથે બિનઆક્રમણ સંધિ કરી?

ઉત્તર : જર્મનીએ રશિયા સાથે બિનઆક્રમણ સંધિ કરી.

(24) રાષ્ટ્રસંઘ કયાં કયાં આક્રમણો રોકવામાં નિષ્ફળ ગયો?

ઉત્તર : રાષ્ટ્રસંઘ જાપાનનું મંચુરિયા પરનું આક્રમણ, ઇટાલીનું એબિસિનિયા પરનું આક્રમણ તથા જર્મનીનું ઑસ્ટ્રિયા અને ઝેકોસ્લોવેકિયા પરનું આક્રમણ રોકવામાં નિષ્ફળ ગયો.

(25) રાષ્ટ્રસંઘની સૌથી મોટી નિર્બળતા કઈ હતી?

ઉત્તર : રાષ્ટ્રસંઘ જુદાં જુદાં રાષ્ટ્રોની જૂથબંધીઓ અટકાવી શક્યો નહિ, એ તેની સૌથી મોટી નિર્બળતા હતી.

(26) કોની મહત્ત્વાકાંક્ષા દ્વિતીય વિશ્વયુદ્ધ માટે જવાબદાર હતી?

ઉત્તર : જર્મનીના સરમુખત્યાર ઍડોલ્ફ હિટલરની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષા દ્વિતીય વિશ્વયુદ્ધ માટે જવાબદાર હતી.

*** (27) દ્વિતીય વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ જણાવો.**

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ 1 સપ્ટેમ્બર, 1939ના રોજ જર્મનીનું પોલૅન્ડ પરનું આક્રમણ હતું.

(28) દ્વિતીય વિશ્વયુદ્ધ ક્યારે શરૂ થયું?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ 1 સપ્ટેમ્બર, 1939ના રોજ શરૂ થયું.

(29) દ્વિતીય વિશ્વયુદ્ધ કયા કયા દેશોનાં બે જૂથો વચ્ચે લડાયું હતું?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધમાં એક પક્ષે 'મિત્રરાષ્ટ્રો' તરીકે ઓળખાતાં બ્રિટન, ફ્રાન્સ, રશિયા, અમેરિકા અને તેમનાં મિત્રરાષ્ટ્રો હતાં અને બીજા પક્ષે 'ધરીરાષ્ટ્રો' તરીકે ઓળખાતાં જર્મની, ઇટાલી, જાપાન અને તેમનાં સાથી રાષ્ટ્રો હતાં. દ્વિતીય વિશ્વયુદ્ધ આ બે જૂથો વચ્ચે લડાયું હતું.

(30) અમેરિકાએ જાપાનનાં ક્યાં બે શહેરો પર અણુબૉમ્બ ફેંક્યા?

ઉત્તર : અમેરિકાએ જાપાનનાં હિરોશિમા અને નાગાસાકી શહેરો પર અણુબૉમ્બ ફેંક્યા.

(31) દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત ક્યારે અને કેવી રીતે આવ્યો?

ઉત્તર : જાપાને મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારતાં 11 ઑગસ્ટ, 1945ના દિવસે દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

(32) કોના નેતૃત્વ હેઠળ ચીનમાં સામ્યવાદી શાસનની સ્થાપના થઈ? ક્યારે?

ઉત્તર : માઓ-ત્સે-તુંગના નેતૃત્વ હેઠળ ઈ. સ. 1949માં ચીનમાં સામ્યવાદી શાસનની સ્થાપના થઈ.

(33) સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ની સ્થાપના ક્યારે કરવામાં આવી?

ઉત્તર : 24 ઑક્ટોબર, 1945ના દિવસે સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ની સ્થાપના કરવામાં આવી.

* **(34) સંયુક્ત રાષ્ટ્રોનું મુખ્ય કાર્યાલય ક્યાં છે?**

ઉત્તર : સંયુક્ત રાષ્ટ્રોનું મુખ્ય કાર્યાલય અમેરિકાના ન્યૂ યૉર્ક શહેરમાં છે.

(35) દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટે કઈ ચાર બાબતોની જાહેરાત કરી હતી?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટે આ ચાર સ્વતંત્રતાઓની જાહેરાત કરી હતી : (1) વિચાર અને વાણીસ્વાતંત્ર્ય, (2) ધાર્મિક સ્વાતંત્ર્ય, (3) આર્થિક સ્વાતંત્ર્ય તથા (4) ભયમાંથી મુક્તિનો અધિકારો.

(36) 'મૉસ્કો જાહેરાત' એટલે શું?

ઉત્તર : ઑક્ટોબર, 1943માં બ્રિટન, અમેરિકા, રશિયા અને ચીનના વિદેશ પ્રધાનો વિશ્વશાંતિ અંગે ચર્ચા કરવા માટે રશિયાની રાજધાની મૉસ્કો ખાતે ભેગા થયા. તેમણે કરેલી જાહેરાત 'મૉસ્કો જાહેરાત' તરીકે ઓળખાય છે.

(37) દર વર્ષે વિશ્વભરમાં કયા દિવસને 'યુ.એન. ડે' (United Nations Day) તરીકે ઊજવવામાં આવે છે?

ઉત્તર : દર વર્ષે વિશ્વભરમાં 24 ઑક્ટોબરના દિવસને 'યુ.એન. ડે' (United Nations Day) તરીકે ઊજવવામાં આવે છે.

(38) હાલ (ઈ. સ. 2016માં) સંયુક્ત રાષ્ટ્રોની સભ્યસંખ્યા કેટલી છે?

ઉત્તર : હાલ (ઈ. સ. 2016માં) સંયુક્ત રાષ્ટ્રોની સભ્યસંખ્યા 193 છે.

(39) આંતરરાષ્ટ્રીય અદાલત ક્યાં છે?

ઉત્તર : આંતરરાષ્ટ્રીય અદાલત નેધરલૅન્ડ્ઝના હેગ શહેરમાં છે.

(40) સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ કયું છે?

ઉત્તર : સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ સામાન્ય સભા છે.

(41) સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મહત્ત્વનું અંગ કયું છે?

ઉત્તર : સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મહત્ત્વનું અંગ સલામતી સમિતિ છે.

(42) કયાં કયાં રાષ્ટ્રો સલામતી સમિતિના કાયમી સભ્યો છે?

ઉત્તર : અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીન સલામતી સમિતિના કાયમી સભ્યો છે.

(43) 'વીટો પાવર' (Veto) એટલે શું?

ઉત્તર : 'વીટો પાવર' (Veto) એટલે સલામતી સમિતિના કાયમી સભ્યોની નકારાત્મક મત આપવાની અસાધારણ સત્તા.

(44) સલામતી સમિતિનું મુખ્ય કાર્ય શું છે?

ઉત્તર : આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી એ સલામતી સમિતિનું મુખ્ય કાર્ય છે.

(45) વિશ્વ-આરોગ્ય સંસ્થાનું મુખ્ય કાર્ય શું છે?

ઉત્તર : વિશ્વની પ્રજા માટે સ્વાસ્થ્ય સુધારણાનાં કામો કરવાં એ વિશ્વ-આરોગ્ય સંસ્થાનું મુખ્ય કાર્ય છે.

(46) યુનિસેફ(UNICEF)નું મુખ્ય કાર્ય શું છે?

ઉત્તર : વિશ્વનાં બાળકોનું સ્વાસ્થ્ય સુધારવા પૌષ્ટિક આહાર, શિક્ષણ અને બાળકલ્યાણની પ્રવૃત્તિઓ કરવી એ યુનિસેફ(UNICEF)નું મુખ્ય કાર્ય છે.

(47) યુનેસ્કો (UNESCO) શું છે?

ઉત્તર : યુનેસ્કો (UNESCO) સંયુક્ત રાષ્ટ્રોની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે કામ કરતી સંસ્થા છે.

(48) આંતરરાષ્ટ્રીય અદાલતમાં કુલ કેટલા ન્યાયમૂર્તિઓ છે?

ઉત્તર : આંતરરાષ્ટ્રીય અદાલતમાં કુલ 15 ન્યાયમૂર્તિઓ છે.

(49) સચિવાલયના મહામંત્રીની નિમણૂક કોણ કરે છે?

ઉત્તર : સચિવાલયના મહામંત્રીની નિમણૂક સલામતી સમિતિની ભલામણથી સામાન્ય સભા કરે છે.

(50) સંયુક્ત રાષ્ટ્રોનું સચિવાલય કયા શહેરમાં છે?

ઉત્તર : સંયુક્ત રાષ્ટ્રોનું સચિવાલય યૂ.એસ.એ.ના ન્યૂ યૉર્ક શહેરમાં છે.

પ્રશ્ન 7. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) મુસોલિનીએ ઇટાલીમાં ફાસિસ્ટ પક્ષની સ્થાપના કરી, કારણ કે ...

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધને અંતે થયેલી વર્સેલ્સની સંધિમાં ઇટાલીને થયેલા અન્યાયથી પ્રજામાં ઉગ્ર અસંતોષ ફેલાયો. ઇટાલીના રાષ્ટ્રીય સ્વમાનભંગ માટે ઇટાલીની સરકાર જવાબદાર છે એમ માની ઇટાલીની પ્રજા પોતાના દેશનું સુકાન કોઈ શૂરવીર યોદ્ધાના હાથમાં સોંપવા ઇચ્છતી હતી, જેથી તે રાષ્ટ્રીય અપમાનનો બદલો લઈ શકે.

(2) વર્સેલ્સની સંધિમાં જ દ્વિતીય વિશ્વયુદ્ધનાં બી વવાયાં હતાં, કારણ કે ...

ઉત્તર : વર્સેલ્સની સંધિ પરાજિત જર્મની માટે અન્યાયી અને અપમાનજનક હતી. તેમજ આ સંધિથી ઇટાલી સહિત કેટલાંક રાષ્ટ્રોને અન્યાય થયો હતો.

(3) હિટલરની ઉગ્ર સામ્રાજ્યવાદી નીતિ દ્વિતીય વિશ્વયુદ્ધ માટે જવાબદાર હતી, કારણ કે ...

ઉત્તર : હિટલર ઉગ્ર રાષ્ટ્રવાદી હતો. તે કોઈ પણ ભોગે જર્મનીની એકતા, સ્થિરતા અને સમૃદ્ધિ ઇચ્છતો હતો. તેથી તેણે ઉગ્ર સામ્રાજ્યવાદી નીતિ અપનાવી.

(4) સંયુક્ત રાષ્ટ્રો(UN)માં આંતરરાષ્ટ્રીય અદાલતની સ્થાપના કરવામાં આવી છે, કારણ કે ...

ઉત્તર : કોઈ પણ બે સભ્યરાષ્ટ્રોના રાજકીય કે અન્ય પ્રકારના વિવાદાસ્પદ પ્રશ્નોને ન્યાયી રીતે અને આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતો મુજબ ઉકેલવા માટે સંયુક્ત રાષ્ટ્રોમાં આંતરરાષ્ટ્રીય અદાલતની સ્થાપના કરવામાં આવી છે.

(5) ઈ. સ. 1929થી 1932 દરમિયાન વૈશ્વિક મહામંદીનું સર્જન થયું, કારણ કે ...

ઉત્તર : 24 ઑક્ટોબર, 1929ના દિવસે યૂ.એસ.એ.ના 'વૉલ સ્ટ્રીટ' નામના શૅરબજારમાં શૅરોની કિંમતો અચાનક ઘટી ગઈ. આ 'વૉલ સ્ટ્રીટ' સંકટે વિશ્વના દેશોની આર્થિક સ્થિતિ અસ્થિર અને કમજોર બનાવી.

(6) 1 સપ્ટેમ્બર, 1939ના દિવસે દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થયું, કારણ કે ...

ઉત્તર : આ દિવસે જર્મનીએ પોલૅન્ડ પર આક્રમણ કર્યું હતું.

(7) દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાએ જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું, કારણ કે ... ***અથવા***

દ્વિતીય વિશ્વયુદ્ધમાં અમેરિકા મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયું, કારણ કે ...

ઉત્તર : જાપાને પૅસિફિક મહાસાગરમાં આવેલા અમેરિકાના હવાઈ ટાપુઓના લશ્કરી મથક પર્લહાર્બર પર હુમલો કરીને, અમેરિકન નૌકાદળની ભારે ખુવારી કરી.

(8) વિશ્વભરમાં દર વર્ષે 24 ઑક્ટોબરના દિવસને 'યુ.એન. દિવસ' તરીકે ઊજવવામાં આવે છે, કારણ કે ...

ઉત્તર : આ દિવસે અમેરિકાના સૅન ફ્રૅન્સિસ્કોમાં 51 સભ્યરાષ્ટ્રોએ સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ની સ્થાપના કરી હતી.

પ્રશ્ન 8. નીચેના પારિભાષિક શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) ઠંડું યુદ્ધ

ઉત્તર : જુઓ પ્રશ્ન **4**ના પેટાપ્રશ્ન **(10)**નો ઉત્તર.

(2) 'ફાઓ'

ઉત્તર : FAO – Food and Agriculture Organization. તે આંતરરાષ્ટ્રીય અન્ન અને કૃષિ સંસ્થાના નામે ઓળખાય છે. તે વિશ્વનાં બધાં રાષ્ટ્રોમાં કૃષિ-ઉત્પાદનો, જંગલો, માછલીઓ વગેરેનું ઉત્પાદન વધારવાનું તેમજ પોષણનું ધોરણ ઊંચું લાવવાનું કામ કરે છે.

(3) 'ફાસેજે'

ઉત્તર : ઇટાલીના 'ફાસેજે' શબ્દમાંથી ફાસીવાદ શબ્દ બનેલો છે. બધી વસ્તુઓ પર રાજ્યનો અધિકાર એવો ફાસેજેનો અર્થ થાય છે.

(4) સંયુક્ત રાષ્ટ્રો

ઉત્તર : સંયુક્ત રાષ્ટ્રો એટલે United Nations. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં શાંતિ, સલામતી અને સહ-અસ્તિત્વના હેતુથી 24 ઑક્ટોબર, 1945ના રોજ સંયુક્ત રાષ્ટ્રો નામની વિશ્વ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. તેનું મુખ્ય કાર્યાલય યૂ.એસ.એ.ના ન્યૂ યૉર્ક શહેરમાં રાખવામાં આવ્યું છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ફાસિસ્ટ પક્ષનું પ્રતીક '.....' હતું.
A. લાલ રંગની પટ્ટી B. લાકડાંની ભારી અને કુહાડી
C. સ્વસ્તિકનું ચિહ્ન

(2) નાઝી પક્ષની વિચારસરણીમાં રાષ્ટ્રવાદ અને '.....'નો સમન્વય હતો.
A. સામ્રાજ્યવાદ B. સમાજવાદ C. ફાસીવાદ

(3) પ્રથમ વિશ્વયુદ્ધને અંતે થયેલી '.....'ની સંધિમાં જ દ્વિતીય વિશ્વયુદ્ધનાં બી વવાયાં હતાં.
A. બૉલ્શેવિક B. ફ્રેન્કફર્ટ C. વર્સેલ્સ

(4) દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન ..... જાપાનનાં હિરોશિમા અને નાગાસાકી શહેરો પર અણુબૉમ્બ ફેંક્યા.
A. અમેરિકાએ B. બ્રિટને C. રશિયાએ

(5) ઇટાલીએ જર્મની અને જાપાનના સહયોગથી '.....' ધરીની રચના કરી.
A. રોમ-લંડન-ટોકિયો B. મૉસ્કો-બર્લિન-ટોકિયો
C. રોમ-બર્લિન-ટોકિયો

(6) .....ના નેતૃત્વ નીચે ચીનમાં સામ્યવાદી સરકારની સ્થાપના થઈ.
A. માઓ-ત્સે-તુંગ B. માઓ-ત્સે-ચુંગ C. માઓ-ત્સે-શુંગ

(7) સંયુક્ત રાષ્ટ્રોનું મુખ્ય કાર્યાલય યૂ.એસ.એ.ના ..... શહેર ખાતે આવેલું છે.
A. ન્યૂ યૉર્ક B. વૉશિંગ્ટન C. સૅન ફ્રૅન્સિસ્કો

(8) .....નો દિવસ યુ.એન. ડે (United Nations Day) તરીકે વિશ્વભરમાં ઊજવાય છે.
A. 10 નવેમ્બર B. 5 જૂન C. 24 ઑક્ટોબર

(9) જર્મન પ્રજા હિટલરને ..... માનતી હતી.
A. હ્યુહરર B. ફ્યુહરર C. મેન્ગોર

(10) નાઝી પક્ષના સૈનિકો ..... રંગનો લશ્કરી પોશાક પહેરતા હતા.
A. લાલ B. કાળા C. ભૂરા

ઉત્તર : (1) લાકડાંની ભારી અને કુહાડી (2) સામ્રાજ્યવાદ (3) વર્સેલ્સ (4) અમેરિકાએ (5) રોમ-બર્લિન-ટોકિયો (6) માઓ-ત્સે-તુંગ (7) ન્યૂ યૉર્ક (8) 24 ઑક્ટોબર (9) ફ્યુહરર (10) ભૂરા

---

(11) જાપાનની ..... પ્રવૃત્તિઓને પશ્ચિમના દેશો રોકી શક્યા નહિ.
A. સમાજવાદી B. સામ્રાજ્યવાદી C. લોકશાહી

(12) જર્મનીના સરમુખત્યાર ..... વર્સેલ્સની સંધિને 'કાગળનું ચીંથરું' કહીને ફગાવી દેવાની હાકલ કરી.
A. ઍડોલ્ફ હિટલરે B. મુસોલિનીએ C. લેનિને

(13) હિટલરની ..... નીતિ દ્વિતીય વિશ્વયુદ્ધ માટે જવાબદાર હતી.
A. ઝારવાદી B. સમાજવાદી C. સામ્રાજ્યવાદી

(14) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વ ..... અને ..... એમ બે મહાસત્તાઓમાં વહેંચાઈ ગયું.
A. અમેરિકા, બ્રિટન B. અમેરિકા, રશિયા C. રશિયા, જાપાન

(15) ..... સંયુક્ત રાષ્ટ્રો(UN)નું સૌથી મોટું અંગ છે.
A. સામાન્ય સભા B. સચિવાલય C. સલામતી સમિતિ

ઉત્તર : (11) સામ્રાજ્યવાદી (12) ઍડોલ્ફ હિટલરે (13) સામ્રાજ્યવાદી (14) અમેરિકા, રશિયા (15) સામાન્ય સભા

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) મુસોલિનીનો મુદ્રાલેખ હતો 'એક પક્ષ અને અનેક નેતા'.
(2) નાઝી પક્ષના સૈનિકો ભૂરા રંગનો લશ્કરી પોશાક પહેરતા હતા.
(3) જર્મનીએ ફ્રાન્સ સાથે બિનઆક્રમણ સંધિ કરી.
(4) 11 સપ્ટેમ્બર, 1939ના રોજ દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થયું.
(5) 24 ઑક્ટોબર, 1945ના દિવસે સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના કરવામાં આવી.
(6) દ્વિતીય વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રોનો વિજય થયો.
(7) સામાન્ય સભા સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ છે.
(8) ભારત સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિનું કાયમી સભ્ય છે.
(9) ફાસિસ્ટ પક્ષના સ્વયંસેવકો સફેદ રંગનો ગણવેશ પહેરતા હતા.
(10) નાઝી પક્ષમાં રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદનો સમન્વય હતો.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખોટું (5) ખરું (6) ખરું (7) ખરું (8) ખોટું (9) ખોટું (10) ખરું

---

(11) જાપાનના લશ્કરી રાષ્ટ્રવાદે વિસ્તારવાદની નીતિ વ્યાપક બનાવી.
(12) અમેરિકાના 'દલાલ સ્ટ્રીટ સંકટે' વૈશ્વિક મહામંદીનું સર્જન કર્યું હતું.
(13) પ્રથમ વિશ્વયુદ્ધને અંતે બર્લિન શાંતિ પ્રક્રિયામાં વર્સેલ્સની સંધિ કરવામાં આવી.
(14) જર્મનીના સરમુખત્યાર ઍડોલ્ફ હિટલરે વર્સેલ્સની સંધિને 'કાપડનું ચીંથરું' કહીને ફગાવી દેવાની હાકલ કરી હતી.
(15) જર્મનીએ પોલૅન્ડ પર આક્રમણ કર્યું એ સાથે દ્વિતીય વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.

ઉત્તર : (11) ખરું (12) ખોટું (13) ખોટું (14) ખોટું (15) ખરું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) પ્રથમ વિશ્વયુદ્ધ પછી કેટલાંક રાષ્ટ્રોમાં કયા પ્રકારની સરકારનો ઉદય થયો? – **સરમુખત્યારશાહી**
(2) ઇટાલીમાં કઈ સરમુખત્યારશાહીનો ઉદય થયો? – **ફાસીવાદ**
(3) જર્મનીમાં કઈ સરમુખત્યારશાહીનો ઉદય થયો? – **નાઝીવાદ**
(4) ઇટાલીમાં ફાસિસ્ટ પક્ષની સ્થાપના કોણે કરી?
– **બેનિટો મુસોલિનીએ**
(5) 'લાકડાંની ભારી અને કુહાડી' કયા પક્ષનું પ્રતીક હતું? – **ફાસિસ્ટ**
(6) ફાસીવાદ ઇટાલીના કયા શબ્દ પરથી ઊતરી આવ્યો છે? – **ફાસેજે**
(7) 'એક પક્ષ અને એક નેતા' એ કોનો મુદ્રાલેખ હતો? – **મુસોલિનીનો**
(8) ફાસિસ્ટ પક્ષનો ગણવેશ કયા રંગનો હતો? – **કાળા**
(9) જર્મનીને કઈ સંધિ પર સહી કરવાની ફરજ પડી? – **વર્સેલ્સની**
(10) નાઝી પક્ષની વિચારસરણીમાં કોનો સમન્વય હતો?
– **રાષ્ટ્રવાદ અને સમાજવાદ**
(11) જર્મનીમાં સરમુખત્યારશાહી કોણે સ્થાપી? – **ઍડોલ્ફ હિટલરે**
(12) જર્મન પ્રજા હિટલરને શું માનતી હતી? – **ફ્યુહરર (તારણહાર)**
(13) નાઝીવાદના સૈનિકો કયા રંગનો લશ્કરી પોશાક પહેરતા? – **ભૂરા**
(14) નાઝીવાદના સૈનિકો ખભા પર કયું પ્રતીક લગાવતા હતા? – **સ્વસ્તિક(卐)નું**
(15) બીજા વિશ્વયુદ્ધના અંત સુધીમાં માર્યા ગયેલા યહૂદીઓની ઘટના કયા નામે ઓળખાય છે? – **હોલોકાસ્ટ (નરસંહાર)**
(16) જાપાનની કઈ પ્રવૃત્તિઓને પશ્ચિમના દેશો રોકી શક્યા નહિ? – **સામ્રાજ્યવાદી**
(17) જાપાનના લશ્કરી રાષ્ટ્રવાદે કઈ નીતિ વ્યાપક બનાવી?
– **વિસ્તારવાદની**
(18) જાપાને મંચુરિયામાં પોતાની કઈ સરકાર સ્થાપી? – **મંચુકો**
(19) જાપાનના કયા શહેનશાહે દેશની સામ્રાજ્યવાદી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપ્યું? – **હીરોહીટોએ**
(20) વૉલ સ્ટ્રીટ સંકટમાંથી કઈ સ્થિતિનું સર્જન થયું હતું?
– **વૈશ્વિક મહામંદીનું**

(21) કઈ સંધિમાં દ્વિતીય વિશ્વયુદ્ધનાં બીજ વવાઈ ગયાં હતાં?
– વર્સેલ્સની સંધિમાં

(22) જર્મનીએ રશિયા સાથે કઈ સંધિ કરી? – **બિનઆક્રમક સંધિ**

(23) જર્મનીના સરમુખત્યાર હિટલરે વર્સેલ્સની સંધિને શું કહીને ફગાવી દેવાની હાકલ કરી? – **'કાગળનું ચીંથરું'**

(24) દ્વિતીય વિશ્વયુદ્ધના પાયામાં કોણ હતું? – **હિટલર**

(25) હિટલરના સામ્રાજ્યવાદનો પહેલો શિકાર કયો દેશ બન્યો?
– ઑસ્ટ્રિયા

(26) હિટલરની કઈ નીતિ દ્વિતીય વિશ્વયુદ્ધ માટે મુખ્ય જવાબદાર હતી? – **સામ્રાજ્યવાદી નીતિ**

(27) દ્વિતીય વિશ્વયુદ્ધના પ્રારંભે જર્મનીએ કયા દેશ પર આક્રમણ કર્યું? – **પોલૅન્ડ પર**

(28) જાપાને હવાઈ ટાપુઓમાં આવેલા કયા સ્થળે અમેરિકન નૌકાદળ પર આક્રમણ કર્યું? – **પર્લહાર્બર**

(29) જાપાની તાકાતને રોકવા અમેરિકાએ જાપાનનાં કયાં બે શહેરો પર અણુબૉમ્બ ફેંક્યા? – **હિરોશિમા અને નાગાસાકી**

(30) કયા દેશે શરણાગતિ સ્વીકારતાં દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત આવ્યો?
– જાપાને

(31) કોના નેતૃત્વ નીચે ચીનમાં ક્રાંતિ થઈ? – **માઓ-ત્સે-તુંગના**

(32) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વ કઈ બે મહાસત્તાઓ વચ્ચે વહેંચાઈ ગયું હતું? – **અમેરિકા અને રશિયા**

(33) 24 ઑક્ટોબર, 1945ના રોજ કઈ વિશ્વ-સંસ્થાની સ્થાપના થઈ? – **સંયુક્ત રાષ્ટ્રો(UN)ની**

(34) અમેરિકન કૉંગ્રેસ(સંસદ)ને સંદેશાં આપતાં મહત્ત્વની ચાર સ્વતંત્રતાઓની ઘોષણા કોણે કરી? – **અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટે**

(35) વિશ્વભરમાં 24 ઑક્ટોબરનો દિવસ કયા દિવસ તરીકે ઊજવવામાં આવે છે? – **યુ.એન. દિવસ (United Nations Day) તરીકે**

(36) આંતરરાષ્ટ્રીય અદાલતનું મુખ્ય મથક કયા શહેરમાં આવેલું છે? – **નેધરલૅન્ડ્ઝના હેગ શહેરમાં**

(37) સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ કયું છે? – **સામાન્ય સભા**

(38) સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભામાં દરેક રાષ્ટ્ર વધુમાં વધુ કેટલા પ્રતિનિધિઓ મોકલી શકે છે? – **પાંચ**

(39) સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મહત્ત્વનું અંગ કયું છે? – **સલામતી સમિતિ**

(40) સંયુક્ત રાષ્ટ્રોના કયા દેશે 'વીટો' (Veto) નિષેધાધિકારનો સૌથી વધુ વખત ઉપયોગ કર્યો છે? – **રશિયાએ**

(41) વિશ્વના માનવીઓનું સ્વાસ્થ્ય સુધારણાનું કાર્ય કોણ કરે છે?
– વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)

(42) વિશ્વના મજદૂરના હકો અને ન્યાય આપવાનું કાર્ય કોણ કરે છે?
– આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થા (ILO)

(43) સંયુક્ત રાષ્ટ્રોની આર્થિક અને સામાજિક સમિતિનું બીજું નામ શું છે? – **ઇકોસોક (ECOSOC)**

(44) સંયુક્ત રાષ્ટ્રોની કઈ સંસ્થા શિક્ષણ, વિજ્ઞાન અને સાંસ્કૃતિક સાધનો દ્વારા રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચે સહકાર વધારવાનું કાર્ય કરે છે? – **યુનેસ્કો (UNESCO)**

(45) સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રીની કચેરીને શું કહે છે? – **સચિવાલય**

(46) સંયુક્ત રાષ્ટ્રોનું સચિવાલય કયા શહેરમાં આવેલું છે? – **ન્યૂ યૉર્કમાં**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. વૉલ સ્ટ્રીટ સંકટ	a. 15
2. જર્મનીનું પોલૅન્ડ પર આક્રમણ	b. 9 ઑગસ્ટ, 1945
3. અમેરિકાએ નાગાસાકી શહેર પર અણુબૉમ્બ ફેંક્યો	c. 9
4. આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયમૂર્તિઓની કુલ સંખ્યા	d. 24 ઑક્ટોબર, 1929
	e. 1 સપ્ટેમ્બર, 1939

ઉત્તર : (1 – d), (2 – e), (3 – b), (4 – a).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. WHO	a. આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ
2. IMF	b. આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થા
3. FAO	c. વિશ્વ-આરોગ્ય સંસ્થા
4. ILO	d. બાળકો માટેનું આકસ્મિક મદદ ભંડોળ
	e. આંતરરાષ્ટ્રીય અન્ન અને કૃષિ સંસ્થા

ઉત્તર : (1 – c), (2 – a), (3 – e), (4 – b).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. ઇટાલીમાં ફાસિસ્ટ પક્ષની સ્થાપના કોણે કરી?
A. હિટલરે B. બિસ્માર્કે C. મુસોલિનીએ D. લેનિને

2. ફાસિસ્ટ પક્ષનું પ્રતીક કયું હતું?
A. હળ અને દાતરડું B. લાકડાંની ભારી અને કુહાડી
C. દાતરડું અને કુહાડી D. દાતરડું અને હથોડો

3. મુસોલિનીનો મુદ્રાલેખ શો હતો?
A. 'એક પક્ષ અને એક નેતા'
B. 'બે પક્ષ અને બે નેતા'
C. 'એક પક્ષ અને દસ નેતા'
D. 'અનેક પક્ષ અને અનેક નેતા'

* **4.** જર્મનીમાં નાઝીવાદનો સ્થાપક કોણ હતો?
A. હિટલર B. મુસોલિની
C. લેનિન D. આપેલ પૈકી એક પણ નહિ

* **5.** નીચેનામાંથી સાચું વિધાન શોધીને લખો.
A. જર્મનીમાં ફાસીવાદનો ઉદય થયો હતો.
B. મુસોલિની જર્મનીનો લીડર હતો.
C. નાઝી પક્ષનું પ્રતીક 'લાકડાંની ભારી અને કુહાડી' હતું.
D. મુસોલિનીએ ઇટાલીમાં ફાસિસ્ટ પક્ષ(ફાસીવાદ)ની સ્થાપના કરી.

6. જાપાનનાં હિરોશિમા અને નાગાસાકી શહેરો પર કયા દેશે અણુબૉમ્બ ફેંક્યા?
A. ફ્રાન્સે B. ઇંગ્લૅન્ડે C. જર્મનીએ D. અમેરિકાએ

7. સંયુક્ત રાષ્ટ્રો(UN)નું મુખ્ય કાર્યાલય ક્યાં આવેલું છે?
A. જિનીવામાં B. વિયેનામાં C. ન્યૂ યૉર્કમાં D. પૅરિસમાં

8. નીચેનામાંથી કયા રાષ્ટ્રે 'વીટો' (Veto) – નિષેધાધિકારનો વધુ વખત ઉપયોગ કર્યો છે?
A. ચીને B. બ્રિટને C. રશિયાએ D. યૂ.એસ.એ.એ

* **9.** વિશ્વના માનવીઓનું સ્વાસ્થ્ય સુધારણાનું કાર્ય કોણ કરે છે?
A. WHO B. IMF C. FAO D. ILO

10. જે સંકટે વિશ્વભરની આર્થિક સ્થિતિને ડામાડોળ કરી મૂકી હતી, તે 'વૉલ સ્ટ્રીટ' સંકટ ક્યારે આવ્યું હતું?
A. 14 સપ્ટેમ્બર, 1929ના દિવસે
B. 24 ઑક્ટોબર, 1929ના દિવસે
C. 1 સપ્ટેમ્બર, 1939ના દિવસે
D. 12 માર્ચ, 1938ના દિવસે

ઉત્તર : **1.** મુસોલિનીએ **2.** લાકડાંની ભારી અને કુહાડી
3. 'એક પક્ષ અને એક નેતા'
4. હિટલર
5. મુસોલિનીએ ઇટાલીમાં ફાસિસ્ટ પક્ષ(ફાસીવાદ)ની સ્થાપના કરી.
6. અમેરિકાએ **7.** ન્યૂ યૉર્કમાં
8. રશિયાએ **9.** WHO
10. 24 ઑક્ટોબર, 1929ના દિવસે

---

11. નાઝી પક્ષનો સૈનિક ખભા પર લાલ રંગનું કયું ચિહ્ન ધારણ કરતો?
A. સ્વસ્તિકનું B. સૂર્યનું C. ખોપરીનું D. મશાલનું

12. વિશાળ જર્મન રાષ્ટ્રનું સર્જન કોણે કર્યું?
A. લેનિને B. મુસોલિનીએ C. બિસ્માર્કે D. હિટલરે

13. કોની સામ્રાજ્યવાદી નીતિ દ્વિતીય વિશ્વયુદ્ધ માટે જવાબદાર હતી?
A. હિટલરની B. મુસોલિનીની
C. બિસ્માર્કની D. લેનિનની

14. સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ કયું છે?
A. સલામતી સમિતિ B. વાલીપણા સમિતિ
C. સચિવાલય D. સામાન્ય સભા

15. સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મહત્ત્વનું અંગ કયું છે?
A. સામાન્ય સભા B. સલામતી સમિતિ
C. સચિવાલય D. વાલીપણા સમિતિ

16. પ્રથમ વિશ્વયુદ્ધ પછી જર્મનીને યુરોપની મહાસત્તા કોણે બનાવી હતી?
A. બેનિટો મુસોલિનીએ B. ઍડોલ્ફ હિટલરે
C. બિસ્માર્કે D. વુડ્રો વિલ્સને

ઉત્તર : **11.** સ્વસ્તિકનું **12.** હિટલરે
13. હિટલરની **14.** સામાન્ય સભા
15. સલામતી સમિતિ **16.** ઍડોલ્ફ હિટલરે

પરિશિષ્ટ



સંયુક્ત રાષ્ટ્રોનું પ્રતીક



સંયુક્ત રાષ્ટ્રોનો ધ્વજ



સંયુક્ત રાષ્ટ્રોનું વડું મથક (ન્યૂ યૉર્ક)



સામાન્ય સભાનો સભાખંડ



FAO



ILO




UNICEF




UNESCO

4 ભારતની રાષ્ટ્રીય ચળવળો


બાળગંગાધર ટિળક


શ્યામજી કૃષ્ણ વર્મા


ગાંધીજી


ચિત્તરંજનદાસ મુનશી

પ્રકરણસાર

- 1857ના સંગ્રામનાં મુખ્ય કારણો : અંગ્રેજ સરકાર દ્વારા રાજકીય અન્યાયો, ભારતના જુદા જુદા વર્ગોની આર્થિક પાયમાલી, ભારતની સામાજિક વ્યવસ્થાની અવગણના, હિંદુ ધર્મમાં દરમિયાનગીરી, હિંદી સિપાઈઓનો અસંતોષ વગેરે.
- 1857ના સંગ્રામનું સૌથી મહત્ત્વનું કારણ હતું. ભારતીય સૈનિકોનો અસંતોષ ભારતીય લશ્કરમાં દાખલ કરાયેલી ઍન્ફિલ્ડ નામની રાઇફલ 1857ના સંગ્રામનું તાત્કાલિક કારણ હતું.
- 1857ના સંગ્રામમાં જગદીશપુરના રાજા કુંવરસિંહે, કાનપુરના પેશવા નાનાસાહેબે, તાત્યા ટોપેએ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ, બહાદુરખાને, મુઘલ બાદશાહ બહાદુરશાહે, અવધના નવાબની બેગમ હજરતમહાલે મહત્ત્વનો ભાગ ભજવ્યો.
- 1857ના સંગ્રામના અંતે ભારતમાંથી કંપનીના શાસનનો અંત આવ્યો. ભારતમાં બ્રિટિશ તાજ(બ્રિટિશ સરકાર)નું શાસન સ્થપાયું.
- નિર્ધારિત સમય કરતાં વિપ્લવની વહેલી શરૂઆત, કેન્દ્રીય નેતૃત્વનો અભાવ, સંગ્રામકારીઓએ રાષ્ટ્રીય ભાવના કરતાં પોતાના અંગત સ્વાર્થને આપેલું મહત્ત્વ, યોગ્ય અને સંગઠિત નેતાગીરીનો અભાવ, શિક્ષિતોના સાથ અને સહકારનો અભાવ, શીખો અને ગુરખાઓનું અંગ્રેજોને સમર્થન વગેરે 1857ના વિપ્લવની નિષ્ફળતાનાં મુખ્ય કારણો હતાં.
- ઈ. સ. 1905માં વાઇસરૉય કર્ઝને બંગાળ પ્રાંતનો વહીવટ કાર્યક્ષમ બનાવવાના બહાના હેઠળ ભારતમાં સૌથી વધુ જાગ્રત બંગાળી પ્રજાની – હિંદુ અને મુસ્લિમ પ્રજાની કોમી એકતા તોડવા બંગાળના પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળ એમ બે ભાગલા પાડ્યા.
- 16 ઑક્ટોબર, 1905ના રોજ બંગાળના ભાગલાનો અમલ શરૂ થયો. બંગાળના ભાગલાના વિરોધમાં દેશભરમાં બંગભંગ વિરોધી આંદોલન થયું. બંગભંગના દિવસને 'રાષ્ટ્રીય શોકદિન' તરીકે મનાવાયો. તે દિવસે તમામ વિદેશી માલના બહિષ્કારને અને સ્વદેશી માલના ઉપયોગને ઉત્તેજન આપવામાં આવ્યું.
- સ્વદેશી આંદોલનનાં મુખ્ય ત્રણ લક્ષણો હતાં : (1) સ્વદેશી અપનાવવું, (2) વિદેશી માલનો બહિષ્કાર કરવો અને (3) રાષ્ટ્રીય શિક્ષણ અપનાવવું.
- વિદેશી માલના બહિષ્કારને કારણે સ્વદેશી માલને ઉત્તેજન મળ્યું. ભારતને આર્થિક ફાયદો થયો, જ્યારે ઇંગ્લૅન્ડને મોટું નુકસાન થયું. તેથી બ્રિટિશ પાર્લમેન્ટે પુનર્વિચારણા કરીને ઈ. સ. 1911માં બંગાળના ભાગલા રદ કર્યા. દેશની ભાવિ રાષ્ટ્રીય લડત માટે આ બનાવ પ્રેરણાદાયી બન્યો.
- **'ભાગલા પાડો અને રાજ કરો'**ની અંગ્રેજ સરકારની નીતિને પરિણામે ઈ. સ. 1906માં મુસ્લિમ લીગની સ્થાપના થઈ. તેમાં વાઇસરૉય લૉર્ડ મિન્ટોએ મુસ્લિમોને ખૂબ મદદ કરી. કેટલાક લેખકોએ મિન્ટોને 'મુસ્લિમ કોમવાદના પિતા' કહ્યા. ભારતમાં હિંદુ-મુસ્લિમ એકતાની ઇમારતમાં તિરાડ પડી. અંતે એ તિરાડ ઈ. સ. 1947માં હિંદના ભાગલા માટે કારણરૂપ બની.
- ભારતમાં ક્રાંતિકારી ચળવળની શરૂઆત **વાસુદેવ બળવંત ફડકે**એ કરી. દામોદર ચાફેકર અને બાલકૃષ્ણ ચાફેકર, વીર સાવરકર, બારીન્દ્રનાથ ઘોષ, ખુદીરામ બોઝ, પ્રફુલ્લ ચાકી, રામપ્રસાદ 'બિસ્મિલ', અશફાક ઉલ્લાખાં, ચંદ્રશેખર 'આઝાદ', ભગતસિંહ, શિવરામ રાજગુરુ,

સુખદેવ, બટુકેશ્વર દત્ત, રોશનસિંહ વગેરે ક્રાંતિકારીઓએ રાષ્ટ્રવાદની જ્યોત જલતી રાખી.

- ઉગ્ર ક્રાંતિકારી ચળવળના ઉદ્‌ભવ માટે બંગભંગની ચળવળ, કૉંગ્રેસમાં પડેલા **જહાલ** અને **મવાળ** એવા બે ભાગલા, કૉંગ્રેસની માત્ર ઠરાવો, વિનંતીઓ અને આજીજી કરવાની પદ્ધતિનો પ્રચંડ વિરોધ વગેરે સંજોગો જવાબદાર હતા.
- લાલા લજપતરાય, બાળગંગાધર ટિળક અને બિપિનચંદ્ર પાલની ત્રિપુટીએ જહાલવાદી નીતિ અપનાવી. તેનાથી હિંદના યુવા કાર્યકરોમાં નવી જાગૃતિ આવી.
- **લોકમાન્ય ટિળકે** ઉગ્ર ભાષામાં જાહેર કર્યું કે, **"સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને હું તેને લઈને જ જંપીશ."** આ જાહેરાત આઝાદીના લડવૈયાઓનો મંત્ર બની ગયો.
- અલીપુર હત્યાકાંડ, હાવડા હત્યાકાંડ, કાકોરી લૂંટ કેસ, કેન્દ્રીય ધારાસભામાં બૉમ્બ વિસ્ફોટ વગેરે બનાવોમાં અંગ્રેજ સરકારે અનેક ક્રાંતિકારીઓની ધરપકડ કરી. **'ઇન્કલાબ ઝિંદાબાદ'** અને **'વંદે માતરમ્'**ના ગગનભેદી નારા સાથે કેટલાયે ક્રાંતિકારીઓ વીરગતિ પામ્યા.
- ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની સૌપ્રથમ ભૂમિકા તૈયાર કરનાર શ્રી અરવિંદ ઘોષ હતા. તેમના ભાઈ શ્રી બારીન્દ્રકુમાર ઘોષે તેમજ પુરાણી બંધુઓએ ગુજરાતના યુવાનોને ક્રાંતિ માટે તૈયાર કર્યા.
- ભારતને ગુલામીમાંથી આઝાદ કરવા ક્રાંતિકારી ચળવળો વિદેશોમાં પણ શરૂ થઈ. ભારતના જ વતની એવા ક્રાંતિકારીઓએ વિવિધ સંસ્થાઓ સ્થાપી વિદેશોમાં અંગ્રેજો વિરુદ્ધ ભાવના વ્યક્ત કરી.
- ઈ. સ. 1909માં વાઇસરૉય મિન્ટો અને હિંદી વજીર મોર્લેએ ભારતને આપેલા સુધારા **'મોર્લે-મિન્ટો સુધારા'** તરીકે જાણીતા બન્યા.
- દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની સફળ લડત ચલાવી ગાંધીજી ઈ. સ. 1915માં ભારત પાછા આવ્યા. અંગ્રેજો દ્વારા પ્રજાનું શોષણ થતું જોઈને તેમણે ભારતમાંથી બ્રિટિશ શાસનને નાબૂદ કરવા માટે ઉપાયો વિચાર્યા.
- ભારતીયોના વ્યક્તિસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્યને છીનવી લેતા **'રૉલેટ ઍક્ટ'**નો સમગ્ર દેશમાં પ્રચંડ વિરોધ થયો. ગાંધીજીએ તેને 'કાળો કાયદો' કહ્યો. તેનાથી અસહકારના આંદોલનની ભૂમિકા રચાઈ.
- રૉલેટ ઍક્ટ અને નેતાઓની ધરપકડનો વિરોધ કરવા 13 એપ્રિલ, 1919ના દિવસે અમૃતસરના જલિયાંવાલા બાગમાં એકઠા થયેલા લોકો પર પૂર્વ જનરલ ડાયરે ચેતવણી આપ્યા વિના અંધાધૂંધ ગોળીબાર કરાવી અમાનુષી હત્યાકાંડ સર્જ્યો. આ બનાવે સમગ્ર રાષ્ટ્રમાં અંગ્રેજો વિરુદ્ધ પ્રચંડ લોકમત ઊભો કર્યો.
- પ્રથમ વિશ્વયુદ્ધને અંતે મિત્રરાષ્ટ્રોએ તુર્કીના સુલતાન સાથે અત્યંત કડક શરતોવાળી સંધિ કરી. તુર્કીનો સુલતાન ઇસ્લામ ધર્મનો ખલીફા (ધાર્મિક વડો) હતો. પોતાના ખલીફા પ્રત્યે થયેલા અન્યાયથી નારાજ થયેલા હિંદના મુસ્લિમોએ **'ખિલાફત આંદોલન'** શરૂ કર્યું. ગાંધીજીએ હિંદુ-મુસ્લિમ એકતા માટે એ આંદોલનને ટેકો આપ્યો.
- ઈ. સ. 1920માં ગાંધીજીએ અસહકારનું આંદોલન શરૂ કર્યું. આંદોલનના હકારાત્મક (રચનાત્મક) અને નિષેધાત્મક (ખંડનાત્મક) કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા. આંદોલન પૂરજોશમાં ચાલતું હતું એ દરમિયાન ચૌરીચૌરામાં મોટી હિંસક ઘટના બનતાં ગાંધીજીએ અસહકારના આંદોલનને તત્કાળ મોકૂફ રાખવાની જાહેરાત કરી. એ આંદોલન કેટલાંક કારણોસર તેના ઉદ્દેશો સિદ્ધ કરી શક્યું નહિ.
- અંગ્રેજ સરકાર સામે પોતાની રીતે બંધારણીય લડત આપવા ઈ. સ. 1923માં ચિત્તરંજનદાસ મુનશી અને પંડિત મોતીલાલ નેહરુએ કૉંગ્રેસમાં **'સ્વરાજ્ય પક્ષ'**ની સ્થાપના કરી.
- સ્વરાજ્ય પક્ષે નવેમ્બર, 1923ની ચૂંટણીઓમાં ભાગ લીધો અને કેન્દ્રીય ધારાસભામાં અને કેટલીક પ્રાંતીય ધારાસભાઓમાં બહુમતી મેળવી. તેણે બે વર્ષ દરમિયાન ધારાસભાઓમાં શિસ્તબદ્ધ કામગીરી બજાવી. જૂન, 1925માં ચિત્તરંજનદાસ મુનશીનું અવસાન થતાં સ્વરાજ્ય પક્ષ નબળો પડી ગયો.

પ્રશ્નોત્તર

*** પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

[પ્રત્યેકના 4 ગુણ]

(1) બહિષ્કાર આંદોલન અને સ્વદેશી ચળવળનાં સ્વરૂપ અને પરિણામોની ચર્ચા કરો.

ઉત્તર : બહિષ્કાર આંદોલનનાં મુખ્ય ત્રણ લક્ષણો હતાં : 1. સ્વદેશી અપનાવવું, 2. વિદેશી માલનો બહિષ્કાર કરવો અને 3. રાષ્ટ્રીય શિક્ષણ અપનાવવું.

1. સ્વદેશી અપનાવવું : બંગભંગના આંદોલનને એક ભાગરૂપે બંગાળમાં સ્વદેશી ચળવળ શરૂ થઈ.

→ આ ચળવળ બહિષ્કારની પૂરક હતી. વિદેશી માલનો બહિષ્કાર કરી સ્વદેશી ચીજવસ્તુઓને ઉત્તેજન આપવાનો લોકોને આગ્રહ કરવામાં આવ્યો.

→ આ ચળવળ બંગાળ ઉપરાંત, પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મુંબઈ, તમિલનાડુ વગેરે પ્રાંતોમાં ફેલાઈ.

→ સ્વદેશી ચળવળને લીધે દેશમાં બનેલી ચીજવસ્તુઓને સારું ઉત્તેજન મળ્યું. દેશમાં સ્વદેશી ચીજવસ્તુઓ બનાવવાનાં કારખાનાં શરૂ થયાં. આ ચળવળથી ભારતની સ્વાતંત્ર્યચળવળને વેગ મળ્યો.

2. વિદેશી માલનો બહિષ્કાર કરવો : સ્વદેશીને ઉત્તેજન આપવા 'વિદેશી માલના બહિષ્કાર'નું આંદોલન ઉગ્ર બન્યું. તેમાં વિદેશી માલનો બહિષ્કાર કરી સ્વદેશી માલ વાપરવાની હિમાયત કરવામાં આવી.

→ વિદેશી માલના બહિષ્કારને લીધે માન્ચેસ્ટરથી ભારત આવતા કાપડનું વેચાણ લગભગ બંધ થઈ ગયું અને ભારતમાં ઉત્પન્ન થયેલા કાપડનું વેચાણ વધ્યું.

→ લોકોએ મીઠું, ખાંડ, પગરખાં, સિગારેટ, તમાકુ વગેરે ઇંગ્લૅન્ડથી આવતી ચીજવસ્તુઓનો બહિષ્કાર કર્યો. આમ, બહિષ્કારની ચળવળને લીધે અંગ્રેજી વેપાર પર માઠી અસર પડી અને ભારતમાં સ્વદેશી ઉદ્યોગોનો વિકાસ થયો.

3. રાષ્ટ્રીય શિક્ષણ અપનાવવું : રાષ્ટ્રીય શિક્ષણ એ બંગભંગનાં આંદોલનનું એક અંગ હતું. બંગભંગના આંદોલનમાં વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો. તેથી તેમને સામૂહિક દંડ કરવામાં આવ્યો. તેમને શાળા-કૉલેજોમાંથી કાઢી મૂકવામાં આવ્યા.

→ આંદોલન દરમિયાન સરકારી શિક્ષણનો પણ બહિષ્કાર કરવામાં આવ્યો. આથી સરકારી શિક્ષણના એક વિકલ્પ તરીકે રાષ્ટ્રીય શિક્ષણ આપતી સંસ્થાઓ શરૂ કરવામાં આવી.

→ ઈ. સ. 1907માં બંગાળમાં 25 જેટલી રાષ્ટ્રીય માધ્યમિક શાળાઓ અને 300 જેટલી રાષ્ટ્રીય પ્રાથમિક શાળાઓ શરૂ થઈ.

→ કવિવર રવીન્દ્રનાથ ટાગોરની શાંતિનિકેતન નામની વિદ્યાપીઠનો આ સમયમાં જ વિકાસ થયો.

[સ્વદેશી ચળવળનાં પરિણામોના ઉત્તર માટે જુઓ પ્રશ્ન **2**ના પેટાપ્રશ્ન **(1)**નો ઉત્તર.]

(2) ઉગ્ર ક્રાંતિકારી ચળવળનો ઉદ્‌ભવ અને વિકાસ વર્ણવો.

ઉત્તર : બંગભંગ આંદોલન, ઈ. સ. 1907માં સુરતમાં ભરાયેલ કૉંગ્રેસ મહાસભાના અધિવેશનમાં કૉંગ્રેસના 'જહાલ' અને 'મવાળ' એમ બે ભાગલા; કૉંગ્રેસની માત્ર ઠરાવો, વિનંતીઓ અને આજીજી કરવાની પદ્ધતિનો પ્રબળ વિરોધ વગેરે સંજોગોને કારણે ભારતમાં ઉગ્ર ક્રાંતિકારી ચળવળ ઉદ્‌ભવી.

→ લાલા લજપતરાય, બાળગંગાધર ટિળક અને બિપિનચંદ્ર પાલ – લાલ-બાલ-પાલની આ ત્રિપુટીએ જહાલવાદી નીતિ અપનાવી. તેનાથી કૉંગ્રેસ સહિત હિંદના યુવા કાર્યકરોમાં નવી જાગૃતિ આવી.

→ લોકમાન્ય ટિળકે ઉગ્ર ભાષામાં જાહેર કર્યું કે, ''સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને હું તેને લઈને જ ઝંપીશ.'' તેમનું આ વચન આઝાદીના ક્રાંતિકારી લડવૈયાઓનો મંત્ર બની ગયું.

→ ઉદારવાદી (મવાળવાદી) અને ઉગ્રવાદી (જહાલવાદી) વિચારધારાવાળા નેતાઓ પોતાના ઉદ્દેશો સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયા ત્યારે ક્રાંતિકારીઓ વિદેશી શાસનમાંથી ભારતને કોઈ પણ ભોગે અને કોઈ પણ રીતે આઝાદ કરવા ઇચ્છતા હતા. તેઓ માતૃભૂમિની આઝાદી માટે હસતે મુખે બલિદાનો આપવાની તેમજ જરાય ક્ષોભ કે સંકોચ રાખ્યા વિના અંગ્રેજોના પ્રાણ લેવાની તમન્ના ધરાવતા હતા.

→ ભારતમાં મહારાષ્ટ્ર, બંગાળ, બિહાર, ઓડિશા, પંજાબ, ગુજરાત, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, મધ્ય ભારત વગેરે પ્રાંતોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ પ્રસરી. ક્રાંતિકારીઓએ સ્થાપેલી 'મિત્રમેળા સોસાયટી', 'અભિનવ ભારત સમાજ', 'અનુશીલન સમિતિ', 'અંજુમન એ મુહિલ્લાને વતન', 'ઇન્ડિયન પેટ્રિઓટ્સ ઍસોસિયેશન (ભારતમાતા)' વગેરે સંસ્થાઓએ ઉગ્ર ક્રાંતિકારી પ્રવૃત્તિઓને વેગ આપ્યો.

→ ક્રાંતિકારી પ્રવૃત્તિઓના **પ્રથમ તબક્કા**માં 'સંધ્યા', 'યુગાંતર', 'નવશક્તિ', 'વંદે માતરમ્', 'કેસરી', 'મરાઠા' વગેરે વર્તમાનપત્રો અને સામયિકોએ સતત ઉત્તેજન આપ્યું. આ તબક્કા દરમિયાન બનેલા બનાવોમાં અલીપુર હત્યાકાંડમાં 34 ક્રાંતિકારીઓ પર ચાલેલો કેસ, હાવડા હત્યાકાંડ અને ઢાકા હત્યાકાંડના અનેક ક્રાંતિકારીઓની થયેલી ધરપકડ, દિલ્લીમાં વાઇસરૉય હાર્ડિંજ પર અને 13 નવેમ્બર, 1909ના રોજ અમદાવાદમાં વાઇસરૉય મિન્ટો પર બૉમ્બ ફેંકી તેમની હત્યા કરવાના થયેલા પ્રયાસો વગેરે મુખ્ય હતા.

→ ક્રાંતિકારી પ્રવૃત્તિઓના ઈ. સ. 1920થી 1942ના **દ્વિતીય તબક્કા**માં બનેલા ક્રાંતિકારી બનાવોમાં 'કાકોરી લૂંટ કેસ', 'લાહોર હત્યાકાંડ' અને દિલ્લીમાં કેન્દ્રીય ધારાસભામાં બૉમ્બ ફેંકવાની ઘટના વગેરે મુખ્ય હતી.

(3) અસહકાર આંદોલનના કાર્યક્રમો, બનાવ જણાવી તેની અસરો તપાસો.

ઉત્તર : અસહકારના આંદોલનના કાર્યક્રમો : મહાત્મા ગાંધીએ પોતાની 'કૈસરે હિંદી'ની પદવીનો અને રવીન્દ્રનાથ ટાગોરે 'નાઇટ હુડ'ના ખિતાબનો ત્યાગ કર્યો. દેશના અન્ય નેતાઓએ પણ પોતપોતાની પદવીઓનો ત્યાગ કર્યો.

→ વિદ્યાર્થીઓએ શાળા-કૉલેજોનો ત્યાગ કર્યો અને શિક્ષકોએ રાજીનામાં આપ્યાં. ઠેરઠેર વિદેશી કાપડની હોળીઓ પ્રગટાવવામાં આવી. દેશના નામાંકિત વકીલોએ વકીલાત છોડી. નવેમ્બર, 1921માં ડ્યૂક ઑફ કૅનાટ ભારત આવ્યા ત્યારે તેમનો બહિષ્કાર કરવામાં આવ્યો. ભારતમાં આવેલા પ્રિન્સ ઑફ વેલ્સના સન્માનનો પણ બહિષ્કાર કરવામાં આવ્યો.

→ સરકારી શિક્ષણના બહિષ્કારને કારણે વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે એ માટે રાષ્ટ્રીય શાળા-કૉલેજો (વિદ્યાપીઠો) શરૂ કરવામાં આવી. કાશી વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, જામિયા-મિલિયા વિદ્યાપીઠ (દિલ્લી), ગૂજરાત વિદ્યાપીઠ (અમદાવાદ) વગેરે આવી વિદ્યાપીઠો હતી.

→ સ્વદેશીનો પ્રચાર થતાં ઇંગ્લૅન્ડથી આયાત થતા કાપડ, પગરખાં, મોજશોખની વસ્તુઓમાં ભારે ઘટાડો થયો. તેનો પડઘો ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટમાં પડ્યો. ઇંગ્લૅન્ડને થયેલા ભારે આર્થિક નુકસાનથી સરકાર ચોંકી ઊઠી!

→ 'ટિળક સ્વરાજ્ય ફંડ'માં એક કરોડથી વધારે રૂપિયા એકઠા કરવામાં આવ્યા. હિંદુ-મુસ્લિમ એકતા માટે કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા.

→ હિંદુ જમીનદારો અને મુસ્લિમ ખેડૂતો વચ્ચે થયેલા મોપેલા બળવા(મલબાર)ને બ્રિટિશ સરકારે સખતાઈથી દબાવી દીધો. આ બળવો ટીકાપાત્ર બન્યો હતો.

→ અંગ્રેજ સરકારે અસહકારના આંદોલનને નિષ્ફળ બનાવવા દમનનીતિ અપનાવી. બેફામ લાઠીમાર, આડેધડ ગોળીબાર, સામુદાયિક ધરપકડો

અને અમાનુષી અત્યાચાર કરવામાં આવ્યો. હિંદુ-મુસ્લિમ એકતાને તોડવાનો નિષ્ફળ પ્રયાસ થયો.

ચૌરીચૌરાનો બનાવ અને આંદોલનની મોકૂફી :

→ 5 ફેબ્રુઆરી, 1922ના રોજ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામે વિદેશી કાપડ અને દારૂની દુકાન પર શાંતિથી પિકેટિંગ કરી રહેલા લોકો પર પોલીસોએ ગોળીબાર કર્યો. રાઇફલોમાંથી ગોળીઓ ખૂટી ગઈ ત્યારે તેઓ પોલીસ ચોકીમાં ભરાઈ ગયા. પોલીસોના દમનથી ઉશ્કેરાયેલા લોકો હિંસાને માર્ગે વળ્યા. તેમણે પોલીસ ચોકીને આગ લગાડી. તેમાં 21 પોલીસો મૃત્યુ પામ્યા. આ હિંસક પ્રસંગથી ગાંધીજીને ખૂબ દુ:ખ થયું. તેમણે જણાવ્યું કે, **"અહિંસાનું મૂલ્ય નહિ સમજનારા લોકોના હાથમાં સત્યાગ્રહનું શસ્ત્ર મૂકીને મેં હિમાલય જેવડી મોટી ભૂલ કરી છે."** ગાંધીજીએ અસહકારનું આંદોલન તત્કાલ પાછું ખેંચી લીધું.

અસહકારના આંદોલનની અસરો :

→ અસહકારના આંદોલનના હકારાત્મક અને નિષેધાત્મક કાર્યક્રમોએ લોકોને તેમના અધિકારો પ્રત્યે જાગ્રત કર્યા. દેશમાં અંગ્રેજ સરકાર પ્રત્યે વિરોધી વાતાવરણ સર્જાયું. લોકોમાં અન્યાય પ્રત્યે સંઘર્ષ કરવાની ભાવના પ્રબળ બની. ભારતના બધા જ વર્ગોમાં રાજકીય જાગૃતિ આવી. સ્વરાજ્ય માટેની તેમની શ્રદ્ધા અડગ બની. લોકોના મનમાંથી લાઠી, દંડ અને જેલનો ભય દૂર થયો. યુવાનો અને બહેનો પણ લડતમાં જોડાયાં. કૉંગ્રેસ લોકસંસ્થા બની. દેશમાં રાષ્ટ્રીય શિક્ષણની શાળાઓ શરૂ થઈ. અંગ્રેજી ભાષાને સ્થાને હિન્દી ભાષાને મહત્ત્વ મળ્યું. જે રાષ્ટ્રીય આંદોલન અત્યાર સુધી શહેરો અને બુદ્ધિજીવીઓ પૂરતું મર્યાદિત હતું તે હવે ગામડે ગામડે અને સામાન્ય જનતા સુધી પ્રસર્યું.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

(1) સ્વદેશી ચળવળનાં કેવાં પરિણામો આવ્યાં?

ઉત્તર : સ્વદેશી ચળવળનાં પરિણામો નીચે મુજબ આવ્યાં :

→ સ્વદેશી ચળવળને પરિણામે ઇંગ્લૅન્ડના માન્ચેસ્ટર શહેરથી આવતા કાપડનું વેચાણ લગભગ બંધ થઈ ગયું.

→ ઇંગ્લૅન્ડથી આયાત થતાં ખાંડ, બૂટ, સિગારેટ, તમાકુ વગેરે વસ્તુઓનો બહિષ્કાર થવાથી તેમની આયાત ખૂબ ઘટી ગઈ.

→ ભારતમાં બનેલા કાપડનું વેચાણ વધ્યું. સ્વદેશી માલનું ઉત્પાદન શરૂ થયું.

→ ભારતમાં બંગાળ ઉપરાંત, પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત, મુંબઈ, તમિલનાડુ વગેરે પ્રાંતોમાં સ્વદેશી ચળવળ પ્રસરી.

→ સ્વદેશી ચળવળના પ્રત્યાઘાત બ્રિટિશ પાર્લમેન્ટમાં પડ્યા.

→ બ્રિટિશ સરકારને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું.

→ તેથી બ્રિટિશ પાર્લમેન્ટે પુન:વિચારણા કરીને ઈ. સ. 1911માં બંગાળના ભાગલા રદ કર્યા. ભારતીયોની સંગઠનશક્તિનો વિજય થયો.

→ અંગ્રેજો વિરુદ્ધ થયેલી નવી ચેતનાનો આ નોંધપાત્ર વિજય હતો.

(2) અસહકારના આંદોલનની રૂપરેખા સમજાવો.

ઉત્તર : ગાંધીજીએ ઈ. સ. 1920માં અસહકારનું આંદોલન શરૂ કર્યું. આ આંદોલનનાં બે પાસાં હતાં : (1) હકારાત્મક (રચનાત્મક) અને (2) નિષેધાત્મક (ખંડનાત્મક).

→ અસહકારના આંદોલનના હકારાત્મક પાસામાં હિન્દુ-મુસ્લિમ એકતા મજબૂત બનાવવી, સ્વદેશી ચીજવસ્તુઓ વાપરવાનો આગ્રહ કરવો, ઘેરઘેર રેંટિયા ચાલુ કરવા, 'ટિળક સ્વરાજ્ય ફંડ'માં રૂપિયા એક કરોડ એકઠા કરવા વગેરે કાર્યક્રમોનો સમાવેશ હતો. આ ઉપરાંત, અસહકારના આંદોલનમાં ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, દારૂબંધી, રાષ્ટ્રીય શિક્ષણ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

→ અસહકાર આંદોલનના નિષેધાત્મક (ખંડનાત્મક) પાસામાં સરકારી, નોકરીઓ, ધારાસભાઓ, સરકારી શાળા-કૉલેજો વગેરેનો ત્યાગ કરવો; સરકારી અદાલતો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નિમાયેલા સભ્યોએ રાજીનામાં આપવાં; વિદેશી કાપડ સહિત વિદેશી માલનો બહિષ્કાર કરવો; સરકારી સમારંભો અને ઇલકાબો(ખિતાબો)નો ત્યાગ કરવો વગેરે કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો.

*** પ્રશ્ન 3. ટૂંક નોંધ લખો :** *[પ્રત્યેકના 3 ગુણ]*

(1) વિદેશોમાં ક્રાંતિકારી ચળવળ

ઉત્તર : ભારતમાં શરૂ થયેલી ઉગ્ર ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વિદેશોમાં ઇંગ્લૅન્ડ, કૅનેડા, અમેરિકા, જર્મની, ફ્રાન્સ, મ્યાનમાર (બર્મા), મલાયા, સિંગાપુર, કાબુલ (અફઘાનિસ્તાન), રશિયા વગેરે દેશોમાં ફેલાઈ.

→ શ્યામજી કૃષ્ણ વર્મા, મદનલાલ ધીંગરા, વીર સાવરકર, લાલા હરદયાળ, ઉધમસિંહ, રાજા મહેન્દ્રપ્રતાપ, મૅડમ ભિખાઈજી કામા, રાણા સરદારસિંહ, મૌલાના અબ્દુલા, મૌલાના બશીર, ચંપક રમણ પિલ્લાઈ, ડૉ. મથુરસિંહ, ખુદાબખ્શ વગેરે ક્રાંતિકારીઓ આ પ્રવૃત્તિઓ ચલાવતા હતા.

→ ઇંગ્લૅન્ડથી વિનાયક સાવરકર ભારતના ક્રાંતિકારીઓને રસોઈયાની બૅડિંગમાં છૂપી રીતે પિસ્તોલો (શસ્ત્રો) મોકલતા. મદનલાલ ધીંગરાએ ક્રાંતિકારીઓની ટીકા કરનાર વિલિયમ વાયલી નામના એક અંગ્રેજ અધિકારીનું ખૂન કર્યું.

→ અમેરિકામાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચલાવવા માટે ઈ. સ. 1907માં કૅલિફૉર્નિયામાં 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ' નામની સંસ્થા સ્થાપવામાં આવી. ક્રાંતિકારી લાલા હરદયાળે લીગનું નામ બદલીને 'ગદર પાર્ટી' રાખ્યું અને ચાર ભાષાઓમાં 'ગદર' નામનું સાપ્તાહિક શરૂ કર્યું. એ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં તારકનાથ દાસ અને કતારસિંહ જોડાયા.

→ જર્મનીમાં ચંપક રમણ પિલ્લાઈએ 'હિંદી રાષ્ટ્રીય સ્વયંસેવક દળ'ની રચના કરી. તેણે ઇરાકને વડું મથક બનાવી ત્યાંથી ભારત પર આક્રમણ કરવાની યોજના બનાવી. ઈ. સ. 1907માં જર્મનીના સ્ટુઅર્ટ ગાર્ડ શહેરમાં યોજાયેલી 'આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદ'માં સર્વપ્રથમ વખત મૅડમ ભિખાઈજી કામાએ બનાવેલો ભારતનો રાષ્ટ્રધ્વજ (સૂચિત) ફરકાવવામાં આવ્યો.

→ અફઘાનિસ્તાનના કાબુલ શહેરમાં રાજા મહેન્દ્રપ્રતાપના 'પ્રમુખ' પદે કામચલાઉ સરકારની રચના કરવામાં આવી. એ સરકારમાં

બરકતુલ્લા, આબિદુલ્લા, મૌલાના બશીર, શમશેરસિંહ, ડૉ. મથુરસિંહ વગેરે જોડાયા. એ સરકારે રશિયા, ઈરાન, તુર્કી વગેરે દેશોમાંથી સહાય મેળવવા પ્રયત્નો કર્યા. રાજા મહેન્દ્રપ્રતાપે પોતાની સહીવાળી સોનાની પટ્ટી રશિયાના રાજા ઝારને મોકલાવી હતી. તેમાં તેણે રશિયાને ઇંગ્લૅન્ડ સાથે સંબંધો તોડી નાખવા જણાવ્યું હતું.

→ મ્યાનમાર(બર્મા)માં સોહનલાલ પાઠકે અને સિંગાપુરમાં પરમાનંદે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરી.

→ વિદેશોમાં ક્રાંતિકારીઓને અંગ્રેજો વિરુદ્ધ પ્રવૃત્તિઓ ચલાવવા માટે કામાગાટામારુ અને તોશામારુ સ્ટીમરોની ઘટનાએ પ્રેરકશક્તિ પૂરી પાડી હતી.

(2) રૉલેટ ઍક્ટ

ઉત્તર : ભારતમાં અંગ્રેજ સરકારે રાષ્ટ્રવાદીઓ અને ક્રાંતિકારીઓ પર દમન ગુજારવાના ઉદ્દેશથી ઇંગ્લૅન્ડના કાયદા પ્રધાન રૉલેટના અધ્યક્ષ પદે ઈ. સ. 1919માં 'રૉલેટ ઍક્ટ' ઘડ્યો. આ ઍક્ટ મુજબ અંગ્રેજ સરકારને શાંતિ અને સલામતીના નામે કોઈ પણ વ્યક્તિની કારણ દર્શાવ્યા વિના ધરપકડ કરવાની તેમજ અદાલતમાં કેસ ચલાવ્યા વિના અનિશ્ચિત મુદત સુધી જેલમાં પૂરી રાખવાની સત્તા આપવામાં આવી. તેથી ગાંધીજીએ રૉલેટ ઍક્ટને 'કાળો કાયદો' કહ્યો.

→ રૉલેટ ઍક્ટથી ભારતીયોનું વ્યક્તિસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્ય છીનવાઈ ગયું. પંડિત મોતીલાલ નેહરુના મતે, આ કાયદાથી ભારતીયોનો **'દલીલ, અપીલ અને વકીલનો અધિકાર'** પડાવી લેવામાં આવ્યો.

→ ગાંધીજીએ રૉલેટ ઍક્ટનો વિરોધ કરવા દેશવ્યાપી હડતાલ પાડવાનું એલાન કર્યું. અંગ્રેજ સરકારે ગાંધીજીની દિલ્લીમાં ધરપકડ કરી. ગાંધીજીના એલાન મુજબ દેશભરમાં હડતાલ પાડવામાં આવી અને ઠેરઠેર સભા-સરઘસો, દેખાવો યોજાયાં. નેતાઓ અને પ્રજાએ એક બની આ કાયદાનો સખત વિરોધ કર્યો.

→ 6 એપ્રિલ, 1919ના દિવસે પંજાબના અમૃતસર શહેરના લોકપ્રિય નેતાઓ ડૉ. સત્યપાલ અને ડૉ. સેફુદ્દીન કિચલૂની અંગ્રેજ સરકારે ધરપકડ કરી. તેના વિરોધમાં લોકોએ અમૃતસરમાં સરઘસો કાઢ્યાં. એ વિરોધને દબાવી દેવા અંગ્રેજ સરકારે લોકો પર દમન ગુજાર્યો. રૉલેટ ઍક્ટનો દેશભરમાં લોકોએ દર્શાવેલા વિરોધને કારણે લોકોમાં એકતા અને જાગૃતિ પેદા થયાં.

(3) જલિયાંવાલા બાગનો હત્યાકાંડ

ઉત્તર : બ્રિટિશ સરકારના દમનનો તેમજ લોકપ્રિય નેતાઓ ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલૂની ધરપકડનો વિરોધ કરવા 13 એપ્રિલ, 1919ના રોજ (વૈશાખી પૂર્ણિમાના દિવસે) અમૃતસરના જલિયાંવાલા બાગમાં એક જંગી સભા ભરાઈ.

→ બાગને ફરતે દોઢેક મીટર જેટલી ઊંચી દીવાલ હતી. બાગની વચ્ચે અવાવરુ કૂવો હતો. બાગમાં જવા-આવવા માટે ફક્ત એક જ સાંકડો રસ્તો હતો.

→ સભા ચાલતી હતી ત્યારે અમૃતસરનો પોલીસવડો જનરલ ડાયર લશ્કરી ટુકડી સાથે ત્યાં આવી પહોંચ્યો. તેણે લોકોને વિખરાઈ જવાની ચેતવણી આપ્યા વિના ઓચિંતા જ ગોળીબાર કરવા સૈનિકોને હુકમ આપ્યો.



જલિયાંવાલા બાગ શહીદ સ્મારક

→ લશ્કરે માત્ર દસ મિનિટમાં 1500 જેટલા ગોળીબારના રાઉન્ડ છોડતાં આશરે 379 લોકો મૃત્યુ પામ્યા અને લગભગ 1200 લોકો ઘવાયા. કૉંગ્રેસે નીમેલી તપાસ સમિતિના મતે લગભગ 1000 લોકો મૃત્યુ પામ્યા હતા.

→ આ હત્યાકાંડથી આખા દેશમાં હાહાકાર મચી ગયો. ગાંધીજીની અંગ્રેજો પ્રત્યેની રહીસહી શ્રદ્ધા પણ ડગી ગઈ.

→ આ હત્યાકાંડે આખા દેશમાં રાષ્ટ્રીય એકતા સ્થાપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. આ હત્યાકાંડે અસહકારના ભાવિ આંદોલનની ભૂમિકા પૂરી પાડી.

(4) સ્વરાજ્ય પક્ષ

ઉત્તર : અસહકાર આંદોલનને કારણે લોકોમાં આવેલી રાજકીય જાગૃતિને ટકાવી રાખવાના હેતુથી ચિત્તરંજનદાસ મુનશી અને મોતીલાલ નેહરુએ ઈ. સ. 1923માં સ્વરાજ્ય પક્ષની સ્થાપના કરી.

→ સ્વરાજ્ય પક્ષનો હેતુ ધારાસભાઓમાં પ્રવેશી અંગ્રેજ સરકારની અયોગ્ય નીતિઓનો વિરોધ કરવાનો હતો.

→ સ્વરાજ્ય પક્ષના સ્થાપકોએ ગાંધીજીના અસ્પૃશ્યતાનિવારણ, હિંદુ-મુસ્લિમ એકતા, રેંટિયાનો પ્રચાર, નશાબંધી વગેરે રચનાત્મક કાર્યક્રમો અમલમાં મૂક્યા.

→ સ્વરાજ્ય પક્ષે નવેમ્બર, 1923ની ધારાસભાઓની ચૂંટણીમાં ભાગ લીધો અને કેન્દ્રીય તથા પ્રાંતીય ધારાસભાઓમાં બહુમતી મેળવી.

→ કેન્દ્રીય ધારાસભામાં સ્વરાજ્ય પક્ષના નેતા તરીકે મોતીલાલ નેહરુની અને બંગાળ પ્રાંતમાં નેતા તરીકે ચિત્તરંજનદાસની વરણી થઈ.

→ આ પક્ષે ધારાસભાઓમાં સરકારી અંદાજપત્રો અને ખરડાઓને નામંજૂર કરી, સરકારની નીતિઓનો વિરોધ કર્યો. તેણે સરકારને પ્રજાના પ્રશ્નો તરફ ધ્યાન આપવાની ફરજ પાડી.

→ સ્વરાજ્ય પક્ષની કામગીરીને કારણે જ સરકારને 'સાયમન કમિશન' બે વર્ષ વહેલું નીમવાની ફરજ પડી.

→ સ્વરાજ્ય પક્ષે ધારાસભામાં ઊંચી સંસદીય પ્રણાલી સ્થાપી. ભારતના લોકોમાં લોકશાહી પદ્ધતિએ અને બંધારણીય રીતે શાસન ચલાવવાની ક્ષમતા છે એમ આ પક્ષે બ્રિટિશ સરકારને પ્રતીતિ કરાવી દીધી.

→ સ્વરાજ્ય પક્ષની સારી કામગીરીને લીધે હિંદનો શિક્ષિત વર્ગ તેની તરફ આકર્ષાયા. દેશમાં રાષ્ટ્રીય જાગૃતિ આવી.

→ 'સ્વરાજ્યપ્રાપ્તિ'ને વધુ નજીક લાવવામાં આ પક્ષે મહત્ત્વનો ભાગ ભજવ્યો.

→ આમ, સ્વરાજ્ય પક્ષે બે વર્ષ દરમિયાન નોંધપાત્ર કામગીરી બજાવી. જૂન, 1925માં ચિત્તરંજનદાસનું અવસાન થતાં સ્વરાજ્ય પક્ષની કામગીરી નબળી પડી.

પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

*** (1) બંગાળના ભાગલા ક્યારે અને કોણે પાડ્યા? શા માટે?**

ઉત્તર : વિશાળ બંગાળ પ્રાંતમાં વહીવટી કાર્યક્ષમતા લાવવાના બહાના હેઠળ ઈ. સ. 1905માં તે સમયના વાઇસરૉય કર્ઝને બંગાળના પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળ એમ બે ભાગલા પાડ્યા. આની પાછળ કર્ઝનનો ઇરાદો સમગ્ર ભારતમાં સૌથી વધારે જાગ્રત બંગાળી પ્રજાની – હિંદુ અને મુસ્લિમ પ્રજાની – કોમી એકતા તોડવાનો હતો.

(2) વાઇસરૉય મિન્ટોને 'મુસ્લિમ કોમવાદના પિતા' શા માટે કહેવામાં આવે છે?

ઉત્તર : વાઇસરૉય મિન્ટોએ શિમલામાં તેમની મુલાકાતે આવેલા મુસ્લિમોના પ્રતિનિધિમંડળને કોમવાદના ધોરણે અલગ મતાધિકારની માગણી રજૂ કરવા જણાવ્યું. આમ, વાઇસરૉય મિન્ટોએ જ મુસ્લિમોને સહયોગી બનાવવાની નીતિની શરૂઆત કરી હતી. તેથી તેમને 'મુસ્લિમ કોમવાદના પિતા' કહેવામાં આવે છે.

(3) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરનાર ક્રાંતિવીરોનાં નામ જણાવો.

ઉત્તર : ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરનાર ક્રાંતિવીરોનાં નામ : (1) વાસુદેવ બળવંત ફડકે (2) દામોદર ચાફેકર અને બાલકૃષ્ણ ચાફેકર (3) વીર સાવરકર (4) બારીન્દ્રનાથ ઘોષ (5) ખુદીરામ બોઝ (6) પ્રફુલ્લ ચાકી (7) રામપ્રસાદ બિસ્મિલ (8) અશફાક ઉલ્લાખાં (9) ચંદ્રશેખર આઝાદ (10) સરદાર ભગતસિંહ (11) શિવરામ રાજગુરુ (12) સુખદેવ થાપર (13) બટુકેશ્વર દત્ત (14) રૌશનસિંહ વગેરે.

(4) ભારતમાં કયાં કયાં સ્થળોએ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ પ્રસરી? આ પ્રવૃત્તિઓને કઈ કઈ સંસ્થાઓએ વેગ આપ્યો?

ઉત્તર : ભારતમાં મહારાષ્ટ્ર, બંગાળ, પંજાબ, બિહાર, ઓડિશા, ગુજરાત, રાજસ્થાન, ચેન્નઈ પ્રાંત, ઉત્તર પ્રદેશ અને મધ્ય ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ પ્રસરી. આ પ્રવૃત્તિઓને 'મિત્રમેળા સોસાયટી', 'અભિનવ ભારત સમાજ', 'અનુશીલન સમિતિ', 'અંજુમન-એ-મુહિલ્લાને વતન', 'ઇન્ડિયન પેટ્રિઓટ્સ ઍસોસિયેશન' ('ભારતમાતા') વગેરે સંસ્થાઓએ વેગ આપ્યો.

*** (5) ગુજરાતમાં થયેલી ઉગ્ર ક્રાંતિકારી ચળવળો વિશે જણાવો.**

ઉત્તર : (1) શ્રી અરવિંદ ઘોષે ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા તૈયાર કરી હતી. તેમણે 'ભવાની મંદિર' નામના પુસ્તકમાં ક્રાંતિની યોજના વર્ણવી હતી. (2) ઈ. સ. 1902માં બારીન્દ્રકુમાર ઘોષ ગુજરાત આવ્યા. તેમણે દક્ષિણ ગુજરાતમાં ક્રાંતિનો પ્રચાર કર્યો. અહીં તેમને શ્રી છોટુભાઈ પુરાણી અને શ્રી અંબુભાઈ પુરાણીનો સાથ મળ્યો. નર્મદા નદીના કિનારે તેમને સાકરિયા સ્વામી મળ્યા. (3) શ્રી બારીન્દ્રકુમાર ઘોષે વડોદરા, ચરોતર પ્રદેશ (ખેડા), અમદાવાદ, મહેસાણા વગેરે સ્થળોએ ફરીને મધ્યમવર્ગના યુવાનોને ક્રાંતિમાં જોડ્યા. (4) ગુજરાતમાં ઉગ્ર ક્રાંતિની યોજનાઓ ફેલાવવા માટે 'દેશી વનસ્પતિની દવાઓ', 'નાહવાનો સાબુ બનાવવાની રીત', 'કસરત', 'ગુલાબનો કિસ્સો', 'કાયદાનો સંગ્રહ' વગેરે શીર્ષકોવાળી પુસ્તિકાઓ પ્રકાશિત કરવામાં આવી. આ પુસ્તિકાઓમાં બૉમ્બ બનાવવાની રીત હતી. (5) નર્મદા નદીના કિનારે ચાંદોદ-કરનાલી પાસે 'ગંગનાથ વિદ્યાલય'ની સ્થાપના કરવામાં આવી. એ વિદ્યાલયમાં છૂપી રીતે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલતી હતી. (6) ગુજરાતના અનેક યુવાનો ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાયા.

(6) વિશ્વના કેટલાક દેશોમાં ફેલાયેલી ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં કયા કયા ક્રાંતિકારીઓ સક્રિય રીતે સંકળાયેલા હતા?

ઉત્તર : વિશ્વના કેટલાક દેશોમાં ફેલાયેલી ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં શ્યામજી કૃષ્ણ વર્મા, મદનલાલ ધીંગરા, વીર સાવરકર, લાલા હરદયાળ, ઉધમસિંહ, રાજા મહેન્દ્રપ્રતાપ, મૅડમ ભિખાઈજી કામા, રાણા સરદારસિંહ, મૌલાના અબ્દુલા, મૌલાના બશીર, ચંપક રમણ પિલ્લાઈ, ડૉ. મથુરસિંહ, ખુદાબખ્શ વગેરે ક્રાંતિકારીઓ સક્રિય રીતે સંકળાયેલા હતા.

(7) રૉલેટ ઍક્ટની મુખ્ય બે જોગવાઈઓ કઈ હતી?

ઉત્તર : રૉલેટ ઍક્ટની મુખ્ય બે જોગવાઈઓ : (1) કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિની કારણ દર્શાવ્યા વિના ધરપકડ થઈ શકતી. (2) તેના પર મુકદ્દમો ચલાવ્યા વિના દિવસો સુધી તેને જેલમાં પૂરી શકાતી.

(8) હિંદના મુસ્લિમોએ ખિલાફત ચળવળ શા માટે શરૂ કરી?

ઉત્તર : (1) પ્રથમ વિશ્વયુદ્ધમાં તુર્કી જર્મની સાથે જોડાયેલું હતું. (2) પ્રથમ વિશ્વયુદ્ધને અંતે પરાજિત તુર્કી સાથે કરાયેલી સંધિની શરતો અત્યંત કડક અને અન્યાયી હતી. (3) તે સમયે તુર્કીનો સુલતાન મુસ્લિમ ધર્મનો ખલીફા (ધાર્મિક વડો) હતો. (4) તેથી ખલીફા પર થયેલા અન્યાયથી હિંદના મુસ્લિમો ભારે ગુસ્સે થયા. (5) તેમણે ખલીફા પર લદાયેલી કડક શરતો હળવી કરવા માટે હિંદમાં 'ખિલાફત ચળવળ' શરૂ કરી.

*** (9) અસહકારનું આંદોલન (1920 – 22) શા માટે મોકૂફ રાખવામાં આવ્યું?**

ઉત્તર : (1) ગાંધીજી બ્રિટિશ સરકાર સામે અહિંસક આંદોલન ચલાવવાના આગ્રહી હતા. (2) 5 ફેબ્રુઆરી, 1922ના રોજ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામમાં લોકો હિંસાને માર્ગે વળ્યા. (3) તેમણે પોલીસ ચોકીમાં ભરાયેલા 21 પોલીસોને જીવતા સળગાવી દીધા. (4) આંદોલનમાં હિંસા થતાં ગાંધીજીને ખૂબ દુઃખ થયું. અહિંસક લડત માટે લોકો હજુ તૈયાર નથી એમ તેમને લાગ્યું. આથી તેમણે અસહકારનું આંદોલન મોકૂફ રાખ્યું.

*** (10) 'સ્વરાજ્ય પક્ષ'ની પ્રતિષ્ઠા કયાં કારણોથી ઓછી થઈ હતી?**

ઉત્તર : 'સ્વરાજ્ય પક્ષ'ની પ્રતિષ્ઠા ઓછી થવાનાં કારણો : (1) 'સ્વરાજ્ય પક્ષ'ના એક સ્થાપક ચિત્તરંજનદાસ મુનશીનું જૂન, 1925માં અવસાન થયું. (2) 'સ્વરાજ્ય પક્ષ'ના કેટલાક સભ્યોએ અંગ્રેજ સરકારને સહકાર આપવાની નીતિ અપનાવી. (3) પક્ષના કેટલાક સભ્યોએ 'નૅશનલ પાર્ટી' નામનો નવો પક્ષ સ્થાપ્યો.

પ્રશ્ન 5. નીચેના વિધાનનાં કારણો આપો : *[2 ગુણ]*

ઈ. સ. 1905માં વાઇસરૉય કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા.

ઉત્તર : (1) અંગ્રેજ શાસન દરમિયાન બંગાળ ભારતનો સૌથી મોટો પ્રાંત હતો. તેથી તેનો વહીવટ કરવો ખૂબ મુશ્કેલ બન્યો હતો. (2) તે સમયના વાઇસરૉય કર્ઝને વહીવટી કાર્યક્ષમતા લાવવાના બહાના હેઠળ બંગાળની પ્રજાની – હિંદુ અને મુસ્લિમ પ્રજાની – એકતા તોડી પાડવા અને વધતી જતી રાષ્ટ્રીય ચેતનાના જુવાળને રોકવા માગતો હતો. (3) આથી તેણે ઈ. સ. 1905માં બંગાળના બે ભાગ પાડ્યા : 1. પૂર્વ બંગાળ (રાજધાની – ઢાકા) અને 2. પશ્ચિમ બંગાળ (રાજધાની – કોલકાતા).

પ્રશ્ન 6. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ઈ. સ. 1857ના સંગ્રામનું તાત્કાલિક કારણ કયું હતું?

ઉત્તર : ભારતના લશ્કરમાં નવી દાખલ કરાયેલી ઍન્ફિલ્ડ નામની રાઇફલ ઈ. સ. 1857ના સંગ્રામનું તાત્કાલિક કારણ હતું.

(2) ઈ. સ. 1857ના સંગ્રામનું પરિણામ શું આવ્યું?

ઉત્તર : ઈ. સ. 1857ના સંગ્રામનું પરિણામ : ભારતમાંથી કંપનીના શાસનનો અંત આવ્યો અને ભારત પર બ્રિટિશ તાજનું (ઇંગ્લૅન્ડની સરકારનું) શાસન સ્થપાયું.

(3) અંગ્રેજોની કઈ કૂટનીતિને લીધે બહિષ્કાર આંદોલન અને સ્વદેશી ચળવળને વેગ મળ્યો?

ઉત્તર : અંગ્રેજોની **'ભાગલા પાડો અને રાજ કરો'**ની કૂટનીતિને લીધે બહિષ્કાર આંદોલન અને સ્વદેશી ચળવળને વેગ મળ્યો.

(4) બંગાળના ભાગલા કોણે પાડ્યા?

ઉત્તર : વાઇસરૉય કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા.

(5) વાઇસરૉય કર્ઝને ભારતમાં કોમવાદને ઉત્તેજન આપવા માટે કઈ નીતિ અપનાવી?

ઉત્તર : વાઇસરૉય કર્ઝને ભારતમાં કોમવાદને ઉત્તેજન આપવા માટે 'ભાગલા પાડો અને રાજ કરો'(Divide and Rule)ની કૂટનીતિ અપનાવી.

(6) વાઇસરૉય કર્ઝને કયા બહાના હેઠળ બંગાળના બે ભાગલા પાડ્યા?

ઉત્તર : વાઇસરૉય કર્ઝને વિશાળ બંગાળ પ્રાંતમાં વહીવટી કાર્યક્ષમતા લાવવાના બહાના હેઠળ બંગાળના બે ભાગલા પાડ્યા.

(7) બંગાળ પ્રાંતના ભાગલાનો અમલ ક્યારે કરવામાં આવ્યો?

ઉત્તર : 16 ઑક્ટોબર, 1905ના રોજ બંગાળ પ્રાંતના ભાગલાનો અમલ કરવામાં આવ્યો.

(8) બંગાળના ભાગલાનો દિવસ બંગાળ પ્રાંતમાં કઈ રીતે મનાવવામાં આવ્યો?

ઉત્તર : બંગાળના ભાગલાનો દિવસ સમગ્ર બંગાળ પ્રાંતમાં 'રાષ્ટ્રીય શોકદિન' તરીકે મનાવવામાં આવ્યો.

(9) બંગભંગના આંદોલનનાં મુખ્ય લક્ષણો કયાં હતાં?

ઉત્તર : બંગભંગના આંદોલનનાં મુખ્ય લક્ષણો : (1) સ્વદેશી અપનાવવું, (2) વિદેશી માલનો બહિષ્કાર કરવો અને (3) રાષ્ટ્રીય શિક્ષણ અપનાવવું.

(10) બંગાળના ભાગલા ક્યારે રદ કરવામાં આવ્યા?

ઉત્તર : ઈ. સ. 1911માં બંગાળના ભાગલા રદ કરવામાં આવ્યા.

(11) મુસ્લિમ લીગની સ્થાપના ક્યારે થઈ?

ઉત્તર : ઈ. સ. 1906માં મુસ્લિમ લીગની સ્થાપના થઈ.

(12) મુસ્લિમ લીગની સ્થાપનામાં કોણે કોણે મહત્ત્વની ભૂમિકા ભજવી?

ઉત્તર : મુસ્લિમ લીગની સ્થાપનામાં મુસ્લિમોના ધાર્મિક વડા આગાખાન, ઢાકાના નવાબ સલીમ ઉલ્લાખાં, વાઇસરૉય મિન્ટો અને તેમના ખાનગી મંત્રી ડનડોપ સ્મિથ વગેરેએ મહત્ત્વની ભૂમિકા ભજવી.

(13) કેટલાક લેખકો વાઇસરૉય મિન્ટોને શું કહે છે?

ઉત્તર : કેટલાક લેખકો વાઇસરૉય મિન્ટોને 'મુસ્લિમ કોમવાદના જનક' કહે છે.

(14) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત કોણે કરી?

ઉત્તર : ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત વાસુદેવ બળવંત ફડકેએ કરી.

(15) જહાલવાદના મુખ્ય નેતાઓ કોણ કોણ હતા?

ઉત્તર : જહાલવાદના મુખ્ય નેતાઓ લાલા લજપતરાય, બાળગંગાધર ટિળક અને બિપિનચંદ્ર પાલ હતા. આ નેતાઓ 'લાલ-બાલ-પાલ'ની ત્રિપુટીના નામે ઇતિહાસમાં પ્રખ્યાત છે.

(16) લોકમાન્ય બાળગંગાધર ટિળકે શું જાહેર કર્યું?

ઉત્તર : લોકમાન્ય બાળગંગાધર ટિળકે જાહેર કર્યું : 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને હું તેને લઈને જ ઝંપીશ.'

(17) પ્રથમ તબક્કામાં કયાં કયાં વર્તમાનપત્રો અને સામયિકોએ રાષ્ટ્રીય આંદોલનને બળ પૂરું પાડ્યું?

ઉત્તર : પ્રથમ તબક્કામાં 'સંધ્યા', 'યુગાંતર', 'નવશક્તિ', 'વંદે માતરમ્', 'કેસરી', 'મરાઠા' વર્તમાનપત્રો અને સામયિકોએ રાષ્ટ્રીય આંદોલનને બળ પૂરું પાડ્યું.

(18) રાષ્ટ્રીય આંદોલનના બીજા તબક્કામાં કયા કયા બનાવો બન્યા?

ઉત્તર : રાષ્ટ્રીય આંદોલનના બીજા તબક્કામાં કાકોરી લૂંટ કેસ, લાહોર હત્યાકાંડ, દિલ્લીની કેન્દ્રીય ધારાસભામાં બૉમ્બ ફેંકવો વગેરે બનાવો બનેલા.

(19) ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા સર્વપ્રથમ કયા નેતાએ તૈયાર કરી હતી?

ઉત્તર : ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા સર્વપ્રથમ શ્રી અરવિંદ ઘોષે તૈયાર કરી હતી.

(20) મૅડમ ભિખાઈજી કામાએ તૈયાર કરેલ ભારતનો રાષ્ટ્રધ્વજ (સૂચિત) સૌપ્રથમ ક્યારે અને ક્યાં ફરકાવવામાં આવ્યો?

ઉત્તર : મૅડમ ભિખાઈજી કામાએ તૈયાર કરેલો ભારતનો રાષ્ટ્રધ્વજ (સૂચિત) સૌપ્રથમ ઈ. સ. 1907માં જર્મનીના સ્ટુઅર્ટ ગાર્ડ શહેરમાં યોજાયેલી 'આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદ'માં ફરકાવવામાં આવ્યો.

(21) ઈ. સ. 1915માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફર્યા ત્યારે તેમને કોની કોની પાસેથી પ્રેરણા મેળવી?

ઉત્તર : ઈ. સ. 1915માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફર્યા ત્યારે તેમને ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલે અને શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી પ્રેરણા મેળવી.

(22) રૉલેટ ઍક્ટનો મુખ્ય ઉદ્દેશ શો હતો?

ઉત્તર : રૉલેટ ઍક્ટનો મુખ્ય ઉદ્દેશ ક્રાંતિકારીઓ અને રાષ્ટ્રવાદીઓ પર દમન ગુજારવાનો હતો.

* **(23) રૉલેટ ઍક્ટને ગાંધીજીએ 'કાળો કાયદો' શા માટે કહ્યો?**

ઉત્તર : રૉલેટ ઍક્ટ મુજબ કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી શકાતી તેમજ તેના પર મુકદ્દમો ચલાવ્યા વિના દિવસો સુધી તેને જેલમાં પૂરી શકાતી. આથી ગાંધીજીએ રૉલેટ ઍક્ટને 'કાળો કાયદો' કહ્યો.

(24) ગાંધીજીએ શું કહીને અસહકારનું આંદોલન તત્કાળ પાછું ખેંચી લીધું?

ઉત્તર : 'અહિંસાનું મૂલ્ય નહિ સમજનારા લોકોના હાથમાં સત્યાગ્રહનું શસ્ત્ર મૂકીને મેં હિમાલય જેવડી મોટી ભૂલ કરી છે' એમ કહીને ગાંધીજીએ અસહકારનું આંદોલન તત્કાળ પાછું ખેંચી લીધું.

(25) સ્વરાજ્ય પક્ષની સ્થાપના કોણે અને શા માટે કરી?

ઉત્તર : ચિત્તરંજનદાસ મુનશી અને મોતીલાલ નેહરુએ અસહકારના આંદોલન દરમિયાન પ્રજામાં આવેલી જાગૃતિને ટકાવી રાખવા સ્વરાજ્ય પક્ષની સ્થાપના કરી.

પ્રશ્ન 7. નીચેની વ્યક્તિઓનો *એક-બે* વાક્યોમાં પરિચય આપો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) અરવિંદ ઘોષ

ઉત્તર : મહર્ષિ અરવિંદ ઘોષે સૌપ્રથમ ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા તૈયાર કરી. તેમણે 'ભવાની મંદિર' નામના પુસ્તકમાં ક્રાંતિની યોજના વર્ણવી છે.

(2) મૅડમ ભિખાઈજી કામા

ઉત્તર : મૅડમ ભિખાઈજી કામા જર્મનીના પૅરિસ શહેરમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચલાવતાં હતાં. ઈ. સ. 1907માં જર્મનીના સ્ટુઅર્ટ ગાર્ડ શહેરમાં યોજાયેલી 'આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદ'માં સૌપ્રથમ તેમણે પોતે તૈયાર કરેલો ભારતનો રાષ્ટ્રધ્વજ (સૂચિત) ફરકાવ્યો હતો.

(3) જનરલ ડાયર

ઉત્તર : જનરલ ડાયર અમૃતસરનો અંગ્રેજ લશ્કરી અધિકારી હતો. લોકપ્રિય નેતાઓ ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલૂની ધરપકડનો શાંત રીતે વિરોધ કરવા અમૃતસરના જલિયાંવાલા બાગમાં એકઠા થયેલા લોકોને કોઈ પણ જાતની ચેતવણી આપ્યા વિના અંધાધૂંધ ગોળીબાર કરાવી તેણે હત્યાકાંડ સર્જ્યો હતો.

(4) ચિત્તરંજનદાસ

ઉત્તર : ચિત્તરંજનદાસ કૉંગ્રેસના અગ્રણી નેતા હતા. તેઓ 'દેશબંધુ'ના નામથી ઓળખાતા હતા. તેમણે મોતીલાલ નેહરુની સાથે કૉંગ્રેસમાં 'સ્વરાજ્ય પક્ષ' સ્થાપ્યો હતો.

પ્રશ્ન 8. નીચેના શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) બહિષ્કાર આંદોલન

ઉત્તર : અસહકારના આંદોલનમાં બહિષ્કારનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. તેમાં લોકોને સરકારી નોકરીઓ અને ઇલકાબો, સરકારી શાળા-કૉલેજો, અદાલતો, ધારાસભાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી સમારંભો, વિદેશી કાપડ સહિત બધી ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવાનો સમાવેશ થતો હતો.

(2) કાળો કાયદો

ઉત્તર : અંગ્રેજ સરકારે પોતાના વિરોધીઓ પર દમન ગુજારવા માટે 'રૉલેટ ઍક્ટ' બનાવ્યો. તેનાથી ભારતીયોનું વ્યક્તિસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્ય છીનવાઈ ગયું. ગાંધીજીએ 'રૉલેટ ઍક્ટ'ને કાળો કાયદો કહ્યો હતો.

(3) ચૌરીચૌરા

ઉત્તર : તે ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાનું એક ગામ છે. એ ગામમાં અસહકારના આંદોલન દરમિયાન લોકોના ટોળાએ પોલીસ ચોકીમાં પુરાયેલા 21 પોલીસોને જીવતા સળગાવી દીધા હતા.

(4) ખિલાફત ચળવળ

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તુર્કી જર્મનીના પક્ષે જોડાયું. તેથી ઇંગ્લૅન્ડના વિજય પછી તેની સાથે જે સંધિ કરવામાં આવી હતી, તેની શરતો અત્યંત કડક અને અન્યાયી હતી. તુર્કીનો સુલતાન એ વખતે ઇસ્લામ ધર્મનો ખલીફા (ધાર્મિક વડો) હતો. તેણે સંધિની શરતોનો વિરોધ કર્યો. સંધિની શરતો હળવી કરવા માટે ભારતમાં જે ચળવળ થઈ તેને 'ખિલાફત ચળવળ' કહેવામાં આવે છે.

પ્રશ્ન 9. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારતીય લશ્કરમાં દાખલ કરેલી ઍન્ફિલ્ડ નામની રાઇફલ 1857ના સંગ્રામનું તાત્કાલિક કારણ હતું, કારણ કે ...

ઉત્તર : આ રાઇફલ પ્રત્યે ભારતીય સૈનિકોમાં ઉગ્ર અસંતોષ હતો.

(2) ઈ. સ. 1905માં વાઇસરૉય કર્ઝને બંગાળાના બે ભાગલા પાડ્યા, કારણ કે ...

ઉત્તર : બંગાળ પ્રાંતનો વહીવટ કાર્યક્ષમ બનાવવાના બહાના હેઠળ તે ભારતમાં સૌથી વધુ જાગ્રત બંગાળી પ્રજાની – હિંદુ અને મુસ્લિમ પ્રજાની – કોમી એકતા તોડવા ઇચ્છતો હતો.

(3) વાઇસરૉય મિન્ટોને 'મુસ્લિમ કોમવાદના પિતા' કહેવામાં આવે છે, કારણ કે ...

ઉત્તર : વાઇસરૉય મિન્ટોએ શિમલામાં તેમની મુલાકાતે આવેલા મુસ્લિમોના પ્રતિનિધિમંડળને કોમવાદના ધોરણે અલગ મતાધિકારની

માગણી રજૂ કરવા જણાવ્યું. આમ, વાઇસરૉય મિન્ટોએ જ મુસ્લિમોને સહયોગી બનાવવાની નીતિની શરૂઆત કરી હતી.

(4) ગાંધીજીએ ખિલાફત ચળવળને ટેકો આપ્યો, કારણ કે ...

ઉત્તર : ગાંધીજી હિંદુ-મુસ્લિમ એકતા જાળવવા માગતા હતા.

(5) ચિત્તરંજનદાસ મુનશી અને પંડિત મોતીલાલ નેહરુએ સ્વરાજ્ય પક્ષની સ્થાપના કરી, કારણ કે ...

ઉત્તર : તેઓ અસહકારના આંદોલન દરમિયાન ભારતીય પ્રજામાં આવેલી જાગૃતિને ટકાવી રાખવા માગતા હતા.

(6) અસહકારનું આંદોલન (ઈ. સ. 1920 – 1922) મોકૂફ રાખવામાં આવ્યું, કારણ કે ...

ઉત્તર : 5 ફેબ્રુઆરી, 1922ના રોજ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામમાં લોકોએ પોલીસ ચોકીમાં ભરાયેલા 21 પોલીસોને જીવતા સળગાવી દીધા. આંદોલનમાં હિંસા થતાં ગાંધીજીને ખૂબ દુઃખ થયું.

(7) ઈ. સ. 1906માં ભારતમાં મુસ્લિમ લીગની સ્થાપના થઈ, કારણ કે ...

ઉત્તર : અંગ્રેજો 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ દ્વારા હિંદુ-મુસ્લિમ વચ્ચે વૈમનસ્ય ઊભું કરવા માગતા હતા. અલગ મતાધિકાર અને અલગ મતદાર મંડળની માગણી કરવા એક મુસ્લિમ સંગઠનની રચના કરવા મુસ્લિમોના એક જૂથને સમજાવવામાં અંગ્રેજો સફળ રહ્યા.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) બ્રિટિશ શાસન સમયે ..... સૌથી મોટો પ્રાંત હતો.
A. પંજાબ B. બંગાળ C. મુંબઈ

(2) ..... આંદોલનથી ભારતને ખૂબ આર્થિક લાભ થયો.
A. સ્વદેશી B. બંગભંગ C. અસહકારના

(3) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત ..... કરી.
A. ખુદીરામ બોઝે B. ચંદ્રશેખર આઝાદે
C. વાસુદેવ બળવંત ફડકેએ

(4) શ્રી અરવિંદ ઘોષે '.....' નામના પુસ્તકમાં ક્રાંતિની યોજના વર્ણવી હતી.
A. ભવાની મંદિર B. રાધા-કૃષ્ણ મંદિર C. રામજી મંદિર

(5) જલિયાંવાલા બાગ ..... શહેરમાં આવેલો છે.
A. આગરા B. અમૃતસર C. શ્રીનગર

(6) ગાંધીજીએ .....ને 'કાળો કાયદો' કહ્યો હતો.
A. રૉલેટ ઍક્ટ B. હંટર ઍક્ટ C. ડાયર ઍક્ટ

(7) ખિલાફત ચળવળના મુખ્ય નેતાઓ ..... અને ..... હતા.
A. મૌલાના મોહમ્મદઅલી, રહિમતુલ્લા
B. મૌલાના સૌકતઅલી, મૌલાના સલીમઅલી
C. મૌલાના સૌકતઅલી, મૌલાના મોહમ્મદઅલી

(8) અસહકારની લડત મોકૂફી બાદ ચિત્તરંજનદાસ મુનશી અને મોતીલાલ નેહરુએ ..... પક્ષની રચના કરી.
A. સ્વરાજ્ય B. ફૉરવર્ડ બ્લૉક C. સત્યાગ્રહ

(9) ..... ઇંગ્લૅન્ડના કાયદા ખાતાના પ્રધાન હતા.
A. માઉન્ટ બેટન B. હંટર C. રૉલેટ

(10) જૂન, 1925માં .....નું અવસાન થતાં 'સ્વરાજ્ય પક્ષ' નબળો પડ્યો.
A. મોતીલાલ નેહરુ B. ગોપાલકૃષ્ણ ગોખલે
C. ચિત્તરંજનદાસ મુનશી

ઉત્તર : (1) બંગાળ (2) સ્વદેશી (3) વાસુદેવ બળવંત ફડકેએ (4) ભવાની મંદિર (5) અમૃતસર (6) રૉલેટ ઍક્ટ (7) મૌલાના સૌકતઅલી, મૌલાના મોહમ્મદઅલી (8) સ્વરાજ્ય (9) રૉલેટ (10) ચિત્તરંજનદાસ મુનશી

---

(11) વાઇસરૉય ..... બંગાળના બે ભાગલા પાડ્યા.
A. વેલેસ્લીએ B. કર્ઝને C. લિનલિથગોએ

(12) કેટલાક લેખકો વાઇસરૉય .....ને 'મુસ્લિમ કોમવાદના પિતા' કહે છે.
A. લૉર્ડ મિન્ટો B. લૉર્ડ મૉન્ટેગ્યુ C. લૉર્ડ ચેમ્સફર્ડ

(13) જલિયાંવાલા બાગના હત્યાકાંડનો કરનાર ..... હતો.
A. ડાયેના B. નીલ C. ઓડોનીલ ડાયર

(14) ..... બનાવને કારણે ગાંધીજીએ અસહકારનું આંદોલન મોકૂફ રાખ્યું હતું.
A. અલીપુર B. ચૌરીચૌરા C. હાવડા

(15) ..... આંદોલનની અસરને લીધે દેશમાં અંગ્રેજીના સ્થાને હિંદી ભાષાને મહત્ત્વ મળ્યું.
A. અસહકારના B. બંગભંગના C. મીઠાના સત્યાગ્રહના

(16) ગાંધીજીએ ગુજરાતમાં અમદાવાદ ખાતે ..... વિદ્યાપીઠની સ્થાપના કરી હતી.
A. જામિયા મિલિયા B. ગૂજરાત C. કાશી

(17) લાલ-બાલ-પાલની ત્રિપુટીએ ..... નીતિ અપનાવી હતી.
A. જહાલવાદી B. મવાળવાદી C. ઉગ્રવાદી

(18) 1857ના સ્વાતંત્ર્યસંગ્રામનો પ્રથમ શહીદ ..... હતો.
A. ખુદીરામ બોઝ B. પ્રફુલ્લ ચાકી C. મંગળ પાંડે

(19) ગાંધીજીના રાજકીય ગુરુ ..... હતા.
A. લોકમાન્ય ટિળક B. ગોપાલકૃષ્ણ ગોખલે
C. શ્રીમદ્ રાજચંદ્ર

ઉત્તર : (11) કર્ઝને (12) લૉર્ડ મિન્ટો (13) ઓડોનીલ ડાયર (14) ચૌરીચૌરા (15) અસહકારના (16) ગૂજરાત (17) જહાલવાદી (18) મંગળ પાંડે (19) ગોપાલકૃષ્ણ ગોખલે

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) વાઈસરૉય મિન્ટોએ બંગાળના બે ભાગલા પાડ્યા.

(2) શ્રી અરવિંદ ઘોષે સૌપ્રથમ ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા તૈયાર કરી હતી.

(3) ચંપક રમણ પિલ્લાઈએ જર્મનીમાં 'હિંદી રાષ્ટ્રીય સ્વયંસેવક દળ'ની રચના કરી હતી.

(4) ઈ. સ. 1909માં બંગાળના ભાગલા પાડવામાં આવ્યા.

(5) મોતીલાલ નેહરુનું અવસાન થતાં 'સ્વરાજ્ય પક્ષ' નબળો પડ્યો.

(6) ગોપાલકૃષ્ણ ગોખલે ગાંધીજીના રાજકીય ગુરુ હતા.

(7) ચૌરીચૌરાના હિંસક બનાવને કારણે ગાંધીજીએ અસહકારનું આંદોલન તત્કાળ પાછું ખેંચી લીધું.

(8) અસહકારના આંદોલનને પરિણામે હિંદી ભાષાનું મહત્ત્વ ઘટ્યું અને અંગ્રેજી ભાષાનું મહત્ત્વ વધ્યું.

(9) બ્રિટિશ શાસન સમયે બંગાળ સૌથી મોટો પ્રાંત હતો.

(10) સ્વદેશી આંદોલનથી ઇંગ્લૅન્ડને ખૂબ લાભ થયો.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખરું (4) ખોટું (5) ખોટું (6) ખરું (7) ખરું (8) ખોટું (9) ખરું (10) ખોટું

---

(11) કેટલાક લેખકો લૉર્ડ કર્ઝનને 'મુસ્લિમ કોમવાદના પિતા' કહે છે.

(12) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત ચંદ્રશેખર આઝાદે કરી.

(13) 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને તેને લઈને જ હું જંપીશ.' આ જાહેરાત ગાંધીજીએ કરી હતી.

(14) શ્રીમદ્ રાજચંદ્ર ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ હતા.

(15) 'સ્વરાજ્ય પ્રાપ્તિ'ને નજીક લાવવામાં સ્વરાજ્ય પક્ષે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો.

(16) અસહકારના આંદોલનની શરૂઆતમાં ગાંધીજીએ 'નાઈટ હુડ' સમ્માનનો ત્યાગ કર્યો.

ઉત્તર : (11) ખોટું (12) ખોટું (13) ખોટું (14) ખરું (15) ખરું (16) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) 1857ના સ્વાતંત્ર્યસંગ્રામનો પ્રથમ શહીદ કોણ હતો?

– મંગળ પાંડે

(2) ભારતમાં બ્રિટિશ શાસન સમયે સૌથી મોટો પ્રાંત કયો હતો?

– બંગાળ

(3) અંગ્રેજોએ બંગાળના ભાગલા શા માટે પાડ્યા?

– કોમવાદને ઉત્તેજન આપવા

(4) બંગાળના ભાગલા કયા વાઈસરૉયે પાડ્યા? **– કર્ઝન**

(5) બંગાળના ભાગલાના અમલનો દિવસ કયા દિન તરીકે મનાવવામાં આવ્યો? **– રાષ્ટ્રીય શોકદિન**

(6) ઈ. સ. 1906માં મુસ્લિમોએ કઈ સંસ્થા સ્થાપી? **– મુસ્લિમ લીગ**

(7) કેટલાક લેખકો કોને 'મુસ્લિમ કોમવાદના પિતા' કહે છે?

– વાઈસરૉય મિન્ટોને

(8) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત કોણે કરી હતી?

– વાસુદેવ બળવંત ફડકેએ

(9) ઈ. સ. 1907ના સુરતના કૉંગ્રેસ અધિવેશનમાં કૉંગ્રેસના કયા બે ભાગલા પડ્યા? **– જહાલ અને મવાળ**

(10) લાલ-બાલ-પાલની ત્રિપુટીએ કઈ નીતિ અપનાવી? **– જહાલવાદી**

(11) 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને તેને લઈને જ હું જંપીશ.' એમ કોણે જાહેર કર્યું હતું? **– બાળગંગાધર ટિળકે**

(12) ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા કોણે તૈયાર કરી હતી?

– શ્રી અરવિંદ ઘોષે

(13) શ્રી અરવિંદ ઘોષના ભાઈનું નામ શું હતું? **– બારીન્દ્રકુમાર ઘોષ**

(14) બારીન્દ્રકુમાર ઘોષને ગુજરાતમાં નર્મદા કાંઠે કોણ મળ્યું?

– સાકરિયા સ્વામી

(15) સાકરિયા સ્વામી 1857ના સ્વાતંત્ર્યસંગ્રામ સમયે કોની સાથે હતા? **– ઝાંસીની રાણી સાથે**

(16) અમદાવાદમાં રાયપુર દરવાજા બહાર કોની બગી પર બૉમ્બ નાખવાનો ક્રાંતિકારી બનાવ બન્યો હતો? **– વાઈસરૉય મિન્ટોની**

(17) શ્રી અરવિંદ ઘોષે કયા પુસ્તકમાં ક્રાંતિની યોજના લખી હતી?

– 'ભવાની મંદિર'

(18) અંગ્રેજ વિલિયમ વાયલીની હત્યા કોણે કરી હતી?

– મદનલાલ ધીંગરાએ

(19) જર્મનીમાં 'હિંદ રાષ્ટ્રીય સ્વયંસેવક દળ'ની રચના કોણે કરી હતી? **– ચંપક રમણ પિલ્લાઈએ**

(20) પરદેશની ભૂમિ પર હિન્દનો સૂચિત રાષ્ટ્રધ્વજ સૌપ્રથમ કોણે ફરકાવ્યો? **– મૅડમ ભિખાઈજી કામાએ**

(21) રાજા મહેન્દ્ર પ્રતાપે પોતાની સહીવાળી સોનાની પટ્ટી કોને મોકલાવી હતી? **– રશિયાના ઝારને**

(22) રશિયાના કયા ક્રાંતિવીરે ભારતના ક્રાંતિકારીઓને બધી જ મદદ કરવા વચન આપ્યું હતું? **– ટ્રોટસ્કીએ**

(23) ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં કોની વિરુદ્ધ સત્યાગ્રહની લડત ચલાવી હતી? **– રંગભેદ વિરુદ્ધ**

(24) ગાંધીજીના રાજકીય ગુરુ કોણ હતા? **– ગોપાલકૃષ્ણ ગોખલે**

(25) ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ કોણ હતા? **– શ્રીમદ્ રાજચંદ્ર**

(26) કયો કાયદો કાળા કાયદા તરીકે ઓળખાયો? – **'રૉલેટ ઍક્ટ'**

(27) જલિયાંવાલા બાગ ક્યાં આવેલો છે? – **અમૃતસરમાં**

(28) જલિયાંવાલા બાગનો હત્યાકાંડ પંજાબના કયા તહેવારના દિવસે બન્યો હતો? – **વૈશાખી**

(29) જલિયાંવાલા બાગનો હત્યાકાંડ કોણે સર્જ્યો હતો?
– **જનરલ ઓડોનીલ ડાયરે**

(30) પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તુર્કી કોના પક્ષે જોડાયું હતું? – **જર્મનીના**

(31) પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ઇસ્લામ ધર્મના ખલીફા (ધર્મગુરુ) કોણ હતું? – **તુર્કીનો સુલતાન**

(32) અસહકારના આંદોલનને કૉંગ્રેસના કયા અધિવેશનમાં બહાલી મળી? – **નાગપુર**

(33) અસહકારના આંદોલનની શરૂઆતમાં ગાંધીજીએ કયા ખિતાબનો ત્યાગ કર્યો? – **'કૈસરે હિંદ'**

(34) અસહકારના આંદોલનની શરૂઆતમાં 'નાઇટ હુડ સન્માન'નો ત્યાગ કર્યો? – **રવીન્દ્રનાથ ઠાકુરે**

(35) અસહકારના આંદોલન દરમિયાન હિન્દુ જમીનદારો અને મુસ્લિમ ખેડૂતો વચ્ચે કયો બળવો થયો હતો? – **'મોપલા બળવો'**

(36) કયા બનાવને લીધે ગાંધીજીએ અસહકારનું આંદોલન પાછું ખેંચી લીધું? – **ચૌરીચૌરાના**

(37) ચિત્તરંજનદાસ મુનશી અને મોતીલાલ નેહરુએ કયા પક્ષની સ્થાપના કરી? – **સ્વરાજ્ય પક્ષની**

(38) કોનું અવસાન થતાં 'સ્વરાજ્ય પક્ષ' નબળો પડ્યો?
– **ચિત્તરંજનદાસનું**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. મુસ્લિમ કોમવાદના પિતા	a. જનરલ ડાયર
2. મૅડમ ભિખાઈજી કામા	b. શ્રીમદ્ રાજચંદ્ર
3. ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ	c. રાષ્ટ્રીય એકતાદિન
4. જલિયાંવાલા બાગનો હત્યાકાંડ	d. લૉર્ડ મિન્ટો
	e. સર્વપ્રથમ ભારતનો રાષ્ટ્રધ્વજ તૈયાર કર્યો

ઉત્તર : (1 – d), (2 – e), (3 – b), (4 – a).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત કરનાર	a. ચંપક રમણ પિલ્લાઈ
2. 'ભવાની મંદિર' પુસ્તકના રચયિતા	b. ચૌરીચૌરાનો બનાવ
3. 'હિન્દ રાષ્ટ્રીય સ્વયંસેવક દળ'	c. જલિયાંવાલા બાગનો હત્યાકાંડ
4. 13 એપ્રિલ, 1919	d. શ્રી અરવિંદ ઘોષ
	e. વાસુદેવ બળવંત ફડકે

ઉત્તર : (1 – e), (2 – d), (3 – a), (4 – c).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. કાળો કાયદો	a. વાઇસરૉય કર્ઝન
2. બંગાળનું વિભાજન	b. જલિયાંવાલા બાગનો હત્યાકાંડ સર્જાયો
3. જહાલવાદના એક નેતા	c. મોતીલાલ નેહરુ
4. સ્વરાજ્ય પક્ષના એક સ્થાપક	d. રૉલેટ ઍક્ટ
	e. લાલા લજપતરાય

ઉત્તર : (1 – c), (2 – a), (3 – e), (4 – b).

(4)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. સ્વાતંત્ર્યસંગ્રામનો પ્રથમ શહીદ	a. શ્રી બારીન્દ્રકુમાર ઘોષ
2. ભવાની મંદિર	b. અમૃતસર
3. શ્રી અરવિંદ ઘોષના ભાઈ	c. દિલ્લી
4. જલિયાંવાલા બાગ	d. મંગળ પાંડે
	e. શ્રી અરવિંદ ઘોષ

ઉત્તર : (1 – d), (2 – e), (3 – a), (4 – b).

(5)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. વિલિયમ વાયલીની હત્યા	a. શ્રીમદ્ રાજચંદ્ર
2. હિંદ રાષ્ટ્રીય સ્વયંસેવક દળ	b. ગોપાલકૃષ્ણ ગોખલે
3. ગાંધીજીના રાજકીય ગુરુ	c. ચંપક રમણ પિલ્લાઈ
4. ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ	d. ખુદીરામ બોઝ
	e. મદનલાલ ધીંગરા

ઉત્તર : (1 – e), (2 – c), (3 – b), (4 – a).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

* **1.** બંગાળના ભાગલાના અમલનો દિવસ કયા દિન તરીકે મનાવવામાં આવ્યો?
A. રાષ્ટ્રીય શોકદિન B. બંગભંગદિન
C. સ્વાતંત્ર્યદિન D. આપેલ પૈકી એક પણ નહિ

2. કેટલાક લેખકો કોને 'મુસ્લિમ કોમવાદના જનક' કહે છે?
A. મહંમદઅલી ઝીણાને B. રહિમતુલ્લાને
C. સર સૈયદ અહમદને D. લૉર્ડ મિન્ટોને

3. 'પાકિસ્તાનના સાચા સર્જક મહંમદઅલી ઝીણા કે રહિમતુલ્લા નહિ; પરંતુ ..... જ હતા.'
A. લૉર્ડ મૉન્ટેગ્યુ B. લૉર્ડ રિપન
C. લૉર્ડ કર્ઝન D. લૉર્ડ મિન્ટો

4. ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત કોણે કરી?
A. વીર સાવરકરે B. વાસુદેવ બળવંત ફડકેએ
C. ચંદ્રશેખર આઝાદે D. ભગતસિંહે

5. ''સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને હું તેને લઈને જ ઝંપીશ.'' આ વિધાન કોણ બોલે છે તેને ઓળખો.
A. બાળગંગાધર ટિળક B. ગોપાલકૃષ્ણ ગોખલે
C. લાલા લજપતરાય D. લાલા હરદયાળ

* **6.** ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા કોણે તૈયાર કરી હતી?
A. બારીન્દ્રનાથ ઘોષે B. છોટુભાઈ પુરાણીએ
C. અંબુભાઈ પુરાણીએ D. અરવિંદ ઘોષે

* **7.** પરદેશની ભૂમિ પર ભારતનો સૂચિત રાષ્ટ્રધ્વજ સૌપ્રથમ કોણે ફરકાવ્યો?
A. શ્યામજી કૃષ્ણ વર્માએ B. રાણા સરદારસિંહે
C. મૅડમ ભિખાઈજી કામાએ D. મદનલાલ ધીંગરાએ

8. ગાંધીજીના રાજકીય ગુરુ કોણ હતા?
A. લોકમાન્ય ટિળક B. લાલા લજપતરાય
C. ગોપાલકૃષ્ણ ગોખલે D. મોતીલાલ નેહરુ

* **9.** કયા સુધારાએ મુસ્લિમોને કોમી મતદાર મંડળો આપ્યાં?
A. મૉન્ટ-ફર્ડ B. ઇલ્બર્ટ બિલ
C. ઑગસ્ટ ઑફર D. મોર્લે-મિન્ટો

10. કયા ઍક્ટથી વ્યક્તિસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્ર્ય નષ્ટ થયું?
A. ધારા 144થી B. રૉલેટ ઍક્ટથી
C. ચાર્ટર ઍક્ટથી D. બ્રિટિશ ઍક્ટથી

ઉત્તર : **1.** રાષ્ટ્રીય શોકદિન **2.** લૉર્ડ મિન્ટોને
3. લૉર્ડ મિન્ટો **4.** વાસુદેવ બળવંત ફડકેએ
5. બાળગંગાધર ટિળક **6.** અરવિંદ ઘોષે
7. મૅડમ ભિખાઈજી કામાએ **8.** ગોપાલકૃષ્ણ ગોખલે
9. મોર્લે-મિન્ટો **10.** રૉલેટ ઍક્ટથી

---

11. અસહકારના આંદોલનની શરૂઆતમાં કોણે પોતાની 'કૈસરે હિંદ'ની ઉપાધિનો ત્યાગ કર્યો?
A. મહાત્મા ગાંધીએ B. રવીન્દ્રનાથ ટાગોરે
C. ગોપાલકૃષ્ણ ગોખલેએ D. શ્રીમદ્ રાજચંદ્રે

12. કોને ઉત્તેજન આપવા માટે બંગાળના બે ભાગલા પાડવામાં આવ્યા?
A. સ્વદેશી ચળવળને B. બહિષ્કાર આંદોલનને
C. પ્રાંતવાદને D. કોમવાદને

13. કયા વાઇસરૉયે બંગાળના બે ભાગલા પાડ્યા?
A. કર્ઝને B. લિનલિથગોએ C. લિટને D. રિપને

14. સ્વદેશીને ઉત્તેજન આપવા માટે કયું આંદોલન ઉગ્ર બન્યું?
A. રાષ્ટ્રીય શિક્ષણનું B. વિદેશી માલના બહિષ્કારનું
C. ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું D. અસહકારનું

15. શ્રી અરવિંદ ઘોષે કયા પુસ્તકમાં ક્રાંતિની યોજનાનું વર્ણન કર્યું હતું?
A. ભવાની મંદિર B. શારદા મંદિર
C. રાધાકૃષ્ણ મંદિર D. મહાકાલી મંદિર

16. અંગ્રેજ અધિકારી વિલિયમ વાયલીની હત્યા કોણે કરી?
A. ખુદીરામ બોઝે B. ભગતસિંહે
C. પ્રફુલ્લ ચાકીએ D. મદનલાલ ધીંગરાએ

17. પોતાની સહીવાળી સોનાની પટ્ટી રશિયાના ઝારને કોણે મોકલી હતી?
A. રાજા મહેન્દ્રપ્રતાપે B. મદનલાલ ધીંગરાએ
C. લાલા હરદયાળે D. રાણા સરદારસિંહે

18. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં નિર્દેશિત સ્થળ કયા ઐતિહાસિક બનાવની યાદ કરાવે છે?
A. બંગાળના ભાગલા
B. ચૌરીચૌરાનો બનાવ
C. જલિયાંવાલા બાગ હત્યાકાંડ
D. 1857નો મેરઠ બનાવ



19. રશિયાના કયા ક્રાંતિવીરે ભારતના ક્રાંતિકારીઓને બધી જ મદદ કરવા વચન આપ્યું હતું?
A. લેનિને B. નિઝિને C. સ્ટેલિને D. ટ્રોટસ્કીએ

20. જલિયાંવાલા બાગ કયા શહેરમાં આવેલો છે?
A. શ્રીનગરમાં B. દિલ્લીમાં C. અમૃતસરમાં D. બેંગલૂરુમાં

21. જલિયાંવાલા બાગમાં કોણે બેફામ ગોળીબાર કરાવ્યો?
A. જનરલ ડાયરે B. જનરલ નીલે
C. જનરલ ડાયેનાએ D. જનરલ હોકિન્સે

ઉત્તર : **11.** મહાત્મા ગાંધીએ **12.** કોમવાદને
13. કર્ઝને **14.** વિદેશી માલના બહિષ્કારનું
15. ભવાની મંદિર **16.** મદનલાલ ધીંગરાએ
17. રાજા મહેન્દ્રપ્રતાપે **18.** જલિયાંવાલા બાગ હત્યાકાંડ
19. ટ્રોટસ્કીએ **20.** અમૃતસરમાં
21. જનરલ ડાયરે

(બ) સમયાનુસાર બનાવોને યોગ્ય ક્રમમાં ગોઠવો :

[પ્રત્યેકનો 1 ગુણ]

1. A. મુસ્લિમ લીગની સ્થાપના થઈ.
B. સુરતના કૉંગ્રેસના અધિવેશનમાં કૉંગ્રેસના 'જહાલ' અને 'મવાળ' એમ બે ભાગલા પડ્યા.
C. સમગ્ર બંગાળ પ્રાંતમાં 'રાષ્ટ્રીય શોકદિન' તરીકે મનાવવામાં આવ્યો.
D. બંગાળના ભાગલા રદ કરવામાં આવ્યા.
ઉત્તર : C, A, B, D

2. A. ગાંધીજીએ રૉલેટ ઍક્ટને 'કાળો કાયદો' કહ્યો.
B. અમદાવાદમાં રાયપુર દરવાજા બહાર વાઇસરૉય મિન્ટો પર બૉમ્બ ફેંકવામાં આવ્યો.
C. અમૃતસરમાં જલિયાંવાલા બાગ હત્યાકાંડ સર્જાયો.
D. અમેરિકાના કૅલિફૉર્નિયામાં 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ'ની સંસ્થા સ્થપાઈ.
ઉત્તર : D, B, A, C

5 ભારત : આઝાદી તરફ પ્રયાણ



સુભાષચંદ્ર બોઝ	ક્લેમેન્ટ એટલી	જવાહરલાલ નેહરુ	લૉર્ડ માઉન્ટ બેટન	સરદાર વલ્લભભાઈ પટેલ

પ્રકરણસાર

- હિંદના વહીવટી તંત્રમાં નવા સુધારાની ભલામણ કરવા ઈ. સ. 1927માં ઇંગ્લૅન્ડથી સાયમન કમિશન ભારત આવ્યું. સાત સભ્યોના બનેલા આ કમિશનમાં એકેય હિંદી સભ્ય ન હોવાથી સમગ્ર ભારતે તેનો સખત વિરોધ કર્યો.
- હિંદી વજીર બર્કનહેડે ફેંકેલા પડકારને ઉપાડી લઈને મોતીલાલ નેહરુ કમિટીએ એક વિશિષ્ટ પ્રકારના ભારતના બંધારણની રૂપરેખા તૈયાર કરી, જે **'નેહરુ અહેવાલ'** તરીકે પ્રસિદ્ધ બન્યો.
- (31 ડિસેમ્બર, 1929ની મધ્યરાત્રિએ) લાહોરમાં રાવી નદીના કિનારે યોજાયેલા કૉંગ્રેસ અધિવેશને **'પૂર્ણ સ્વરાજ્ય'**નો ઠરાવ પસાર કર્યો. પ્રતિ વર્ષે દેશમાં 26 જાન્યુઆરીના દિવસને 'પ્રજાસત્તાકદિન' તરીકે મનાવવાનું નક્કી કર્યું.
- પૂર્ણ સ્વરાજ્યની પ્રાપ્તિનું ધ્યેય હાંસલ કરવા કૉંગ્રેસે ગાંધીજીના નેતૃત્વ હેઠળ સવિનય કાનૂનભંગનું આંદોલન શરૂ કર્યું. આ આંદોલનના એક ભાગરૂપે મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરવા ગાંધીજીએ 12મી માર્ચ, 1930ના રોજ અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમ(ગાંધી આશ્રમ)થી નવસારી જિલ્લાના દાંડી બંદરના દરિયાકિનારા સુધી **દાંડીકૂચ** કરી.
- 6 એપ્રિલ, 1930ના દિવસે સૂર્યોદય સમયે દાંડીના મીઠાના અગરમાંથી ચપટી મીઠું ઉપાડી ગાંધીજીએ ગગનભેદી અવાજે લોકમેદનીને કહ્યું, **"મૈંને નમક કા કાનૂન તોડ દિયા!"** એ સમયે ધરાસણા અને વડાલામાં પણ મીઠાના સત્યાગ્રહો થયા.
- ના-કર, વિદેશી કાપડનો બહિષ્કાર, સરકારી નોકરીઓ અને શાળાઓનો ત્યાગ, સરકારી કાયદાઓનો ભંગ, ખિતાબોનો ત્યાગ વગેરે કાર્યક્રમો પર આધારિત સવિનય કાનૂન ભંગનું આંદોલન ખૂબ વ્યાપક અને ઉગ્ર બન્યું.
- ઈ. સ. 1930માં લંડનમાં પ્રથમ ગોળમેજી પરિષદ યોજાઈ. તેમાં કૉંગ્રેસે ભાગ ન લીધો. તેથી તે નિષ્ફળ ગઈ. માર્ચ, 1931માં ગાંધી-ઇરવિન કરાર થયા. ઈ. સ. 1931માં યોજાયેલી બીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજીએ હાજરી આપી. પરંતુ તેમાં બ્રિટિશ પક્ષે ભારતની અલગ અલગ કોમ માટે અલગ અલગ મતદાર મંડળનો વિભાજનકારી મુદ્દો ઉઠાવ્યો. તેથી પરિષદ નિષ્ફળ ગઈ. ગાંધીજી નિરાશ હૃદયે ભારત પાછા આવ્યા.
- ક્રિપ્સ મિશનની દરખાસ્તોથી સાબિત થઈ ગયું કે બ્રિટિશ સરકાર સત્તા છોડવા ઇચ્છતા નથી. તેમજ હિંદુસ્તાનને સ્વરાજ્ય આપવાનો ઇરાદો ધરાવતી નથી. તેથી ગાંધીજીએ લોકોને નિરાશા ખંખેરી એક નવી અને અંતિમ લડત માટે તૈયાર રહેવા જણાવ્યું.
- મુંબઈમાં મળેલી કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં ગાંધીજીના નેતૃત્વ નીચે 8 ઑગસ્ટ, 1942ની રાત્રે 'હિંદ છોડો'નો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ગાંધીજીએ અંગ્રેજ સરકારને **'હિંદ છોડો'**નું એલાન આપ્યું. ગાંધીજીએ કહ્યું, ''આઝાદી માટે મારી આ અંતિમ લડત છે.'' ગાંધીજીએ પ્રજાને આ સૂત્ર આપ્યું : **'કરેંગે યા મરેંગે' (Do or Die).**
- 10 ઑગસ્ટના રોજ વહેલી સવારે અંગ્રેજ સરકારે ગાંધીજી સહિત દેશના બધા અગ્રણી નેતાઓની ધરપકડ કરી તેમને જેલમાં પૂર્યા. પૂરજોશમાં શરૂ થયેલા આંદોલનને કચડી નાખવા બ્રિટિશ સરકારે

તમામ દમનકારી પગલાં ભર્યાં. દેશની પ્રજાએ એ પગલાંનો પ્રખર વિરોધ કર્યો. પ્રજાએ હિંસા અને ભાંગફોડનો આશરો લીધો.

- મહાન ક્રાંતિવીર સુભાષચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી, 1897ના રોજ ઓડિશાના કટક શહેરમાં થયો હતો. તેમણે ઇંગ્લૅન્ડ જઈ I.C.S.(ઇન્ડિયન સિવિલ સર્વિસ)ની પરીક્ષા પાસ કરી હતી.
- સુભાષચંદ્ર બોઝ ઈ. સ. 1921થી ભારતની આઝાદીની ચળવળમાં જોડાયા હતા. તે યુવાન વયે જ બે વખત કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ બન્યા હતા. ગાંધીજી સાથે ઉગ્ર મતભેદ થતાં તેમણે કૉંગ્રેસ છોડી અને **'ફૉરવર્ડ બ્લૉક'** નામનો નવો રાજકીય પક્ષ સ્થાપ્યો.
- સુભાષચંદ્ર બોઝ અંગ્રેજ સરકારની નજરકેદમાંથી છટકીને છૂપા વેશે જર્મનીના બર્લિન શહેરમાં પહોંચ્યા. ઈ. સ. 1943માં તેઓ સિફતપૂર્વક જાપાન પહોંચ્યા.
- 2 જુલાઈ, 1943ના રોજ સુભાષચંદ્ર બોઝ જાપાનથી સિંગાપુર ગયા. ત્યાં તેઓ 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ'ના પ્રમુખ તથા **'આઝાદ હિંદ ફોજ'**ના વડા બન્યા. અહીં તેમને 'નેતાજી'નું હુલામણું નામ આપવામાં આવ્યું.
- સિંગાપુરમાં સુભાષચંદ્રે ભારતની 'કામચલાઉ સરકાર' સ્થાપી. એ સરકારનું પ્રધાનમંડળ રચીને તેઓ તેના વડા પ્રધાન બન્યા.
- 'આઝાદ હિંદ ફોજ'નું વડું મથક સિંગાપુરથી રંગૂન ખસેડવામાં આવ્યું. અહીંથી આઝાદ હિંદ ફોજની ટુકડીઓએ હિંદની સરહદમાં પ્રવેશ કરી મોડોક, પ્રોમ, કોહિમા (હાલમાં ભારતના નાગાલૅન્ડની રાજધાની), ઇમ્ફાલ (હાલમાં ભારતના મણિપુરની રાજધાની) વગેરે કબજે કર્યાં.
- એ અરસામાં અમેરિકાએ જાપાનનાં નાગાસાકી અને હિરોશિમા શહેરો પર અણુબૉમ્બ ફેંક્યા. દેશમાં ભયંકર વિનાશ સર્જાતાં જાપાને મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી. પરિણામે જાપાન તરફથી આઝાદ હિંદ ફોજને મળતી મદદ બંધ થઈ ગઈ. આઝાદ હિંદ ફોજના સૈનિકોને પીછેહઠ કરવી પડી. છેવટે આઝાદ હિંદ ફોજને વિખરાઈ જવાની ફરજ પડી. 18 ઑગસ્ટ, 1945ના રોજ સુભાષચંદ્ર બોઝનું વિમાની અકસ્માતમાં અવસાન થયું, એમ માનવામાં આવે છે.
- બ્રિટનના વડા પ્રધાન **એટલી**એ 20 ફેબ્રુઆરી, 1947ના રોજ જાહેરાત કરી કે બ્રિટિશ સરકાર કૅબિનેટ મિશન અનુસાર રચાનાર હિંદની સરકારને તમામ સત્તાઓ સોંપીને જૂન, 1948 સુધીમાં હિંદમાંથી વિદાય લેશે.
- પાકિસ્તાન મેળવવા માટે અંગ્રેજ સરકાર પર દબાણ લાવવા મુસ્લિમ લીગે મુસ્લિમોને 16 ઑગસ્ટ, 1946નો દિવસ **'સીધા પગલાંદિન'** તરીકે મનાવવાનો આદેશ આપ્યો. આથી દેશભરમાં ભયંકર હુલ્લડો અને તોફાનો ફાટી નીકળ્યાં. કૉંગ્રેસના બધા નેતાઓને લાગ્યું કે, મુસ્લિમ લીગની પાકિસ્તાનની માગણી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જવાહરલાલ નેહરુએ ગાંધીજી સાથે વાટાઘાટો કરી. ગાંધીજીએ નાછૂટકે હિંદના ભાગલાની વ્યવસ્થા ભારે હૈયે સ્વીકારી.
- જુલાઈ, 1947ના રોજ બ્રિટિશ પાર્લમેન્ટે **'હિંદ સ્વાતંત્ર્યધારો – 1947'** પસાર કર્યો. એ ધારા મુજબ 15 ઑગસ્ટ, 1947ના રોજ ભારત અને પાકિસ્તાન એમ બે સ્વતંત્ર રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યાં.
- 14 ઑગસ્ટ, 1947ની મધ્યરાત્રિએ નવી દિલ્લીમાં સ્તંભ પરથી ઇંગ્લૅન્ડનો 'યુનિયન ઝૅક' નીચે ઊતારવામાં આવ્યો અને ભારતનો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો.
- વાઇસરૉય માઉન્ટ બેટને ભારતને સ્વતંત્રતા આપતા દસ્તાવેજો પ્રથમ હિંદી ગવર્નર જનરલ ચક્રવર્તી સી. રાજગોપાલાચારીને સોંપ્યા. સમગ્ર ભારતના અબાલવૃદ્ધ સૌએ આનંદ અને ઉલ્લાસથી પ્રથમ સ્વાતંત્ર્યપર્વ ઊજવ્યું.
- ભારતના પ્રથમ નાયબ વડા પ્રધાન અને ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે ભારતનાં **562** જેટલાં દેશી રાજ્યોનું ભારતીય સંઘ સાથે વિલીનીકરણ કરી ભારતને એક અખંડ રાષ્ટ્ર બનાવ્યું.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

*** (1) 'હિંદ છોડો' ચળવળ અને એ ચળવળના વિવિધ બનાવો જણાવો.** *અથવા*

ટૂંક નોંધ લખો : 'હિંદ છોડો'ની લડત

ઉત્તર : ક્રિપ્સ દરખાસ્તો દ્વારા સાબિત થયું કે બ્રિટિશ સરકાર ભારત છોડવા માગતી નથી. તેમજ તે ભારતને સ્વરાજ્ય આપવાનો ઇરાદો ધરાવતી નથી. તે હિંદની પ્રજાને છેતરી રહી છે એવું લાગતાં ભારતની પ્રજામાં ભારે હતાશા અને અસંતોષ વ્યાપ્યાં. ગાંધીજીએ પ્રજાની નિરાશા દૂર કરી તેમને આખરી લડત લડવા તૈયાર કર્યા.

→ મુંબઈમાં મળેલી કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં ગાંધીજીના નેતૃત્વમાં 8 ઑગસ્ટ, 1942ની રાત્રે હિંદ છોડોનો ઐતિહાસિક ઠરાવ પસાર કરવામાં આવ્યો.

→ ગાંધીજીએ જાહેર કર્યું કે, ''આઝાદી માટે મારી આ અંતિમ લડત છે.'' ''આજે છુપાઈને કશું કરવું નથી.'' ''કરેંગે યા મરેંગે'' (Do or Die). આ સભામાં જ ગાંધીજીએ પ્રજાને વિવિધ કાર્યક્રમો કરવાનો તેમજ અંગ્રેજ સરકારને 'હિંદ છોડો' આદેશ આપ્યો.

'હિંદ છોડો' ચળવળના બનાવો :

→ હિંદ છોડોના ઠરાવના બીજા દિવસે વહેલી સવારમાં અંગ્રેજ સરકારે ગાંધીજી, વલ્લભભાઈ, જવાહરલાલ નેહરુ, મૌલાના આઝાદ ઉપરાંત દેશના અગ્રગણ્ય નેતાઓની ધરપકડ કરી, તેમને જેલમાં પૂર્યા. કૉંગ્રેસને ગેરકાયદેસર જાહેર કરાઈ. વર્તમાનપત્રો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

→ અંગ્રેજ સરકારે પ્રાંતિક અને જિલ્લા કક્ષાના કૉંગ્રેસી નેતાઓની ધરપકડ કરી. ગાંધીજી સહિત તમામ દેશનેતાઓની ધરપકડને કારણે ભારતનાં શહેરો અને ગામડાઓમાં એકાએક હડતાલો પડી.

→ ભારતભરનાં શહેરો અને ગામડાંમાં મજૂરો, ખેડૂતો, યુવાનો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, વેપારીઓ, મહિલાઓ વગેરેએ હિંદ છોડોની ચળવળમાં સક્રિય ભાગ લીધો. મજૂરોએ કારખાનાઓમાં હડતાલ પાડી. જમશેદપુરના લોખંડના કારખાનામાં તેમજ મુંબઈ, તમિલનાડુ અને અમદાવાદની કાપડની મિલોમાં કામદારોએ હડતાલ પાડી. અમદાવાદમાં કાપડની 75 મિલોના એક લાખ ચાલીસ હજાર મજૂરોએ 105 દિવસ સુધી શાંત અને અભૂતપૂર્વ હડતાલ પાડી. શાળા-કૉલેજોમાં હડતાલ પડી. અમદાવાદમાં સાડા ત્રણ માસ સુધી બજારો બંધ રહ્યાં.

→ બ્રિટિશ સરકાર સામે શાંતિથી દેખાવો કરી રહેલા લોકો પર સરકારે ઉગ્ર દમનનીતિ અપનાવી. પરિણામે હિંસક તોફાનો ફાટી નીકળતાં ભાંગફોડના બનાવો બન્યા.

→ લોકોએ રેલવે-સ્ટેશનો, પોલીસ-સ્ટેશનો, પોસ્ટ-ઑફિસો, સરકારી મકાનો વગેરેને ભારે નુકસાન પહોંચાડ્યું. કેટલાંક સ્થળોએ રેલના પાટાઓને ઉખેડીને ફેંકી દીધા. દેશભરમાં મિલકતોને લૂંટવાના અને આગ લગાડવાના બનાવો મોટી સંખ્યામાં બન્યા. રેલવેને સૌથી વધુ નુકસાન થયું. કેટલાક વિસ્તારોમાં લોકોએ બૉમ્બનો પણ ઉપયોગ કર્યો. અનેક સ્થળોએ પોલીસો અને લોકો વચ્ચે હિંસક ઘર્ષણો થયાં.

→ અંગ્રેજ સરકારે 'હિંદ છોડો' ચળવળને દબાવી દેવા લાઠીચાર્જ, ટિયરગૅસ, ગોળીબાર વગેરેનો વ્યાપક ઉપયોગ કર્યો. સરકારે લગભગ 70,000 કરતાં વધુ લોકોને જેલમાં પૂર્યા; 538 વખત ગોળીબાર કર્યો, જેમાં 1028 માણસો મૃત્યુ પામ્યા અને 3200થી વધારે સંખ્યામાં ઘવાયા. આમ છતાં, અંગ્રેજ સરકાર આ ચળવળને સંપૂર્ણપણે દબાવી શકી નહિ.

→ આથી સરકારને ખાતરી થઈ ગઈ કે હવે ભારતને વધુ સમય સુધી પરાધીન રાખવાનું શક્ય નથી. 'હિંદ છોડો' ચળવળથી ભારતના લોકોમાં અભૂતપૂર્વ જાગૃતિ આવી. લોકો પૂર્ણ સ્વરાજ્ય મેળવવા કટિબદ્ધ થયા. પરિણામે પાંચ વર્ષે એટલે કે ઈ. સ. 1947માં ભારતને સંપૂર્ણ આઝાદી મળી.

*** (2) આઝાદ હિંદ ફોજે ભારતને આઝાદી અપાવવા બજાવેલી કામગીરીની વિગત દર્શાવો.** *અથવા*

આઝાદ હિંદ ફોજે ભારતની સ્વાતંત્ર્ય લડતમાં શો ફાળો આપ્યો?

અથવા

ટૂંક નોંધ લખો : આઝાદ હિંદ ફોજ

ઉત્તર : અંગ્રેજ સરકારે સુભાષચંદ્ર બોઝની ધરપકડ કરી કોલકાતાના તેમના નિવાસસ્થાને નજરકેદ કર્યા. એક મધ્યરાત્રિએ સુભાષચંદ્ર બોઝ વેશપલટો કરી અંગ્રેજ સરકારની નજરકેદમાંથી છટકી ગયા.

→ તેઓ કોલકાતાથી પેશાવર, કાબુલ, ઈરાન અને રશિયા થઈ 28 માર્ચ, 1942ના રોજ બર્લિન (જર્મની) પહોંચ્યા. બર્લિનમાં તેમણે 'આઝાદ હિંદ રેડિયો સ્ટેશન' સ્થાપ્યું. એ સ્ટેશનેથી તેમણે ભારતીયોને અંગ્રેજ શાસન ઉથલાવી નાખવાની હાકલ કરી.

→ રાસબિહારી બોઝ નામના હિંદી ક્રાંતિકારી નેતાએ જાપાનના ટોકિયો શહેરમાં 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ' નામની સંસ્થા સ્થાપી હતી. તેમણે ભારતની આઝાદી માટે આઝાદ હિંદ ફોજની રચના કરવા નક્કી કર્યું. એ સમયે વિશ્વના જુદા જુદા દેશોમાં વસતા હિંદીઓના 100 જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. એ પરિષદમાં દ્વિતીય વિશ્વયુદ્ધમાં જાપાનના હાથે યુદ્ધકેદી તરીકે પકડાયેલા મેજર મોહનસિંગે રાસબિહારી બોઝના પ્રમુખપદે આઝાદ હિંદ ફોજની રચના કરી.

→ ઈ. સ. 1943માં સુભાષચંદ્ર બોઝ બર્લિનથી જાપાન ગયા. જાપાનમાં રાસબિહારી બોઝે સુભાષચંદ્ર બોઝને 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ'ના નેતા બનાવ્યા.

→ 2 જુલાઈ, 1943ના રોજ સુભાષચંદ્ર બોઝ જાપાનથી સિંગાપુર ગયા. 4 જુલાઈ, 1943ના રોજ તેઓ 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ'ના પ્રમુખ બન્યા. એ જ સમયે રાસબિહારી બોઝે સુભાષચંદ્ર બોઝને 'આઝાદ હિંદ ફોજ'(Indian National Army – INA)ના વડા બનાવ્યા. સિંગાપુરમાં વસતા હિંદીઓએ સુભાષચંદ્ર બોઝને 'નેતાજી'નું હુલામણું નામ આપ્યું.

→ સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજને 'ચલો દિલ્લી' અને 'જયહિંદ'નાં સૂત્રો આપ્યાં. તેમણે ફોજના સૈનિકોને કહ્યું, ''તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા.''

→ સુભાષચંદ્ર બોઝે સિંગાપુરમાં ભારતની કામચલાઉ સરકાર (આરઝી હકૂમત) સ્થાપી. આ સરકારના તેઓ વડા પ્રધાન અને લશ્કરના સેનાપતિ બન્યા. આ સરકારને જાપાન, જર્મની, ચીન, ઇટાલી, મ્યાનમાર (બર્મા) વગેરે દેશોએ માન્યતા આપી.

→ ઈ. સ. 1943માં સુભાષચંદ્ર બોઝે અંદમાન-નિકોબાર ટાપુઓની મુલાકાત લીધી અને તેમને અનુક્રમે 'શહીદ' અને 'સ્વરાજ્ય' એવાં નામ આપ્યાં.

→ સુભાષચંદ્ર બોઝની કામચલાઉ સરકારે ઇંગ્લૅન્ડ સામે યુદ્ધ જાહેર કર્યું. આઝાદ હિંદ ફોજનું વડું મથક સિંગાપુરથી રંગૂન ખસેડવામાં આવ્યું. અહીંથી આઝાદ હિંદ ફોજની ટુકડીઓએ ભારતની પૂર્વ સરહદે પ્રવેશ કરી પ્રોમ, કોહિમા (હાલના નાગાલૅન્ડની રાજધાની) ઇમ્ફાલ (હાલના મણિપુરની રાજધાની) વગેરે જીતી લીધાં.

→ એ સમયે અમેરિકાએ બ્રિટનના પક્ષે દ્વિતીય વિશ્વયુદ્ધમાં ઝંપલાવ્યું. તેણે જાપાનનાં નાગાસાકી અને હિરોશિમા શહેરો પર અણુબૉમ્બ ફેંક્યા. અણુબૉમ્બથી સર્જાયેલા ભયંકર વિનાશને કારણે જાપાને મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી. પરિણામે આઝાદ હિંદ ફોજને જાપાનની મદદ મળતી બંધ થઈ. આ ઉપરાંત, બ્રિટને આઝાદ હિંદ ફોજ ઉપર હવાઈ હુમલાઓ કર્યા અને તેની પાસેથી રંગૂન કબજે કર્યું. આવી કપરી પરિસ્થિતિમાં આઝાદ હિંદ ફોજને વિખરાઈ જવાની ફરજ પડી.

→ 18 ઑગસ્ટ, 1945ના દિવસે સુભાષચંદ્ર બોઝનું વિમાની અકસ્માતમાં અવસાન થયું એમ માનવામાં આવે છે.

→ આમ, ભારતની સ્વાતંત્ર્ય લડતમાં આઝાદ હિંદ ફોજે નોંધપાત્ર કામગીરી બજાવી.

(3) સુભાષચંદ્ર બોઝના જીવન અને કારકિર્દીનો ટૂંકમાં અહેવાલ આપી, ભારતની સ્વતંત્રતાની લડતમાં તેમણે આપેલો ફાળો વર્ણવો.

અથવા

*** ટૂંક નોંધ લખો : સુભાષચંદ્ર બોઝ**

ઉત્તર : સુભાષચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી, 1897ના રોજ ઓરિસ્સા(ઓડિશા)ના કટક શહેરમાં થયો હતો.

→ કોલકાતાની પ્રેસિડેન્સી કૉલેજમાં અભ્યાસ પૂરો કરી તેઓ વધુ અભ્યાસ માટે ઇંગ્લૅન્ડ ગયા.

→ તેમણે લંડનમાં I.C.S.(ઇન્ડિયન સિવિલ સર્વિસ)ની પદવી મેળવી. પ્રેસિડેન્સી કૉલેજના ઘમંડી અંગ્રેજ અધ્યાપકોના હિંદીઓ પ્રત્યેના અપમાનજનક વર્તને તેમનામાં ક્રાંતિનાં બી રોપ્યાં.

→ ઈ. સ. 1923માં તે 'રાષ્ટ્રીય સ્વરાજ્ય પક્ષ'માં જોડાયા. ટૂંક સમયમાં જ તે યુવાનોના અતિપ્રિય નેતા બની ગયા.

→ દેશની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લઈને તે જેલમાં ગયા.

→ **સુભાષચંદ્ર બોઝનો સ્વાતંત્ર્ય ચળવળમાં આપેલ ફાળો :** ઈ. સ. 1938માં 41 વર્ષની વયે સુભાષચંદ્ર બોઝ હરિપુરા (સુરત) કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ બન્યા. ગાંધીજી સાથે મતભેદ થતાં તેમણે કૉંગ્રેસ છોડી અને મે, 1939માં 'ફૉરવર્ડ બ્લૉક' નામના નવા રાજકીય પક્ષની સ્થાપના કરી.

→ ત્યારપછી તેમણે બ્રિટિશરો વિરુદ્ધ લોકમત જાગ્રત કરવા દેશના વિવિધ ભાગોમાં પ્રવાસ કરી અનેક સભાઓ યોજી. અંતે બ્રિટિશ સરકારે હિંદ સંરક્ષણ ધારાનો ઉપયોગ કરી સુભાષચંદ્રને જેલમાં પૂર્યા. કારાવાસ દરમિયાન તેમની તબિયત બગડતાં તેમને પોતાના નિવાસસ્થાનમાં જ નજરકેદ કર્યા.

→ 26 જાન્યુઆરી, 1941ના રોજ મધ્યરાત્રિએ સુભાષચંદ્ર વેશપલટો કરી, અંગ્રેજ સરકારની નજરકેદમાંથી છટક્યા અને 28 માર્ચ, 1942ના રોજ બર્લિન (જર્મની) પહોંચ્યા.

→ બર્લિનમાં તેમણે 'આઝાદ હિંદ રેડિયો સ્ટેશન' સ્થાપ્યું. એ સ્ટેશનેથી સુભાષચંદ્રે ભારતીયોને અંગ્રેજ શાસન ઉથલાવી નાખવા હાકલ કરી.

→ ઈ. સ. 1943માં તે બર્લિનથી જાપાન ગયા.

→ 2 જુલાઈ, 1943ના રોજ તે જાપાનથી સિંગાપુર ગયા.

→ 4 જુલાઈ, 1943ના રોજ તે 'આઝાદ હિંદ ફોજ'ના સર્વોચ્ચ નેતા બન્યા. તેમને **'નેતાજી'**નું હુલામણું નામ મળ્યું.

→ સુભાષચંદ્ર બોઝે **'ચલો દિલ્લી'** અને **'જયહિંદ'**નાં સૂત્રો આપ્યાં. તેમણે ફોજના સૈનિકોને કહ્યું, **"તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા."** ઑક્ટોબર, 1943માં સિંગાપુરમાં તેમણે ભારતની 'કામચલાઉ સરકાર'(આરઝી હકૂમત)ની રચના કરી.

→ એ સરકારે ઇંગ્લૅન્ડ સામે યુદ્ધ જાહેર કર્યું.

→ મે, 1944માં તેમના નેતૃત્વ નીચે ફોજના સૈનિકોએ ભારતની પૂર્વ સરહદે પ્રવેશ કરી રંગૂન, કોહિમા, પ્રોમ, ઇમ્ફાલ વગેરે જીતી લીધાં.

→ એ અરસામાં અમેરિકાએ દ્વિતીય વિશ્વયુદ્ધમાં ઝંપલાવી જાપાનનાં નાગાસાકી અને હિરોશિમા શહેરો પર અણુબૉમ્બ ફેંક્યા. તેનાથી ભયંકર વિનાશ સર્જાતાં જાપાને મિત્રરાષ્ટ્રોની શરણાગતિ સ્વીકારી. પરિણામે જાપાન તરફથી આઝાદ હિંદ ફોજને મળતી મદદ બંધ થઈ ગઈ.

→ બ્રિટને હવાઈ હુમલા કરી આઝાદ હિંદ ફોજના સૈનિકોને પીછેહઠ કરવાની ફરજ પાડી. મે, 1945માં બ્રિટિશ દળોએ આઝાદ હિંદ ફોજ પાસેથી રંગૂન કબજે કર્યું. આથી આઝાદ હિંદ ફોજને વિખરાઈ જવાની ફરજ પડી.

→ સ્વરાજ્ય પ્રાપ્તિનું સુભાષચંદ્ર બોઝનું સ્વપ્ન પૂરું ન થયું. 18 ઑગસ્ટ, 1945ના રોજ સુભાષચંદ્ર બોઝનું વિમાની અકસ્માતમાં અવસાન થયું એમ માનવામાં આવે છે.

→ સુભાષચંદ્રનું બલિદાન એળે ન ગયું. ટૂંક સમયમાં ભારતને આઝાદી મળી. ઈ. સ. 1941થી મૃત્યુપર્યંત વિદેશોમાં જ રહીને સુભાષચંદ્ર બોઝે ભારતની સ્વતંત્રતાની લડતમાં અનન્ય ફાળો આપ્યો છે.

પેટાપ્રશ્ન : નીચે આપેલ ચિત્ર જોઈ તેમણે ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં આપેલ ફાળા વિશે ચર્ચા કરો.



ઉત્તર : ઉપર આપેલ ચિત્ર સુભાષચંદ્ર બોઝનું છે.

જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(3)**ના ઉત્તરનો મુદ્દો; **સુભાષચંદ્ર બોઝનો સ્વાતંત્ર્ય ચળવળમાં આપેલ ફાળો.**

(4) ગાંધીજીએ ભારતના ભાગલાનો કેમ સ્વીકાર કર્યો?

ઉત્તર : જુલાઈ, 1946ની ચૂંટણીઓમાં મુસ્લિમ લીગે 78 બેઠકોમાંથી 73 બેઠકો મેળવી. તેથી મુસ્લિમ લીગે પાકિસ્તાન માટેની માગણી પ્રબળ બનાવી.

→ બ્રિટિશ સરકાર પર દબાણ લાવવા મુસ્લિમ લીગે 16 ઑગસ્ટ, 1946નો દિવસ મુસ્લિમોને 'સીધા પગલાંદિન' તરીકે મનાવવાનો આદેશ કર્યો. પરિણામે દેશભરમાં હિંસક કોમી તોફાનો ફાટી નીકળ્યાં.

→ આ પરિસ્થિતિમાં વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ સહિત કૉંગ્રેસના નેતાઓને લાગ્યું કે, પાકિસ્તાનની માગણી સ્વીકાર્યા વિના અન્ય કોઈ વિકલ્પ નથી.

→ મુસ્લિમ લીગ અને મહંમદઅલી જિન્હાનો હઠાગ્રહ; 9 ડિસેમ્બર, 1946ના રોજ મળેલી બંધારણસભાનો મુસ્લિમ લીગે કરેલો બહિષ્કાર તેમજ 31 જાન્યુઆરી, 1947ના રોજ મુસ્લિમ લીગે પાકિસ્તાન

મેળવવા માટે જલદ કાર્યક્રમ યોજવાના આગ્રહને કારણે હિંદના ભાગલા પાડવાની પરિસ્થિતિ સર્જાઈ.

→ તેથી માઉન્ટ બેટને ભારતના ભાગલાની યોજના રજૂ કરી. ''અનેક સ્વાયત્ત અને વિરોધી એકમોવાળી નિર્બળ કેન્દ્ર સરકાર કરતાં કેન્દ્રને અધીન એવા વહીવટી એકમો સાથેની સુદૃઢ કેન્દ્ર સરકાર ધરાવતું હિંદ વધારે શાંતિ ભોગવી શકશે.'' : માઉન્ટ બેટનની આ દલીલ જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલને યોગ્ય લાગી. તેમણે ગાંધીજી સાથે માઉન્ટ બેટનની યોજનાની ચર્ચા કરી.

→ ગાંધીજીએ નાછૂટકે અને ભારે હૈયે હિંદના ભાગલાની યોજનાનો સ્વીકાર કર્યો.

*** પ્રશ્ન 2. ટૂંક નોંધ લખો : *[પ્રત્યેકના 3 ગુણ]***

(1) પૂર્ણ સ્વરાજ્યની માગણી

અથવા

કયા સંજોગોમાં પૂર્ણ સ્વરાજ્યની માગણી કરવામાં આવી?

ઉત્તર : બ્રિટિશ સરકારે નેહરુ કમિટીના અહેવાલની ભલામણોનો અસ્વીકાર કર્યો.

→ આ સમયે હિંદી રાષ્ટ્રીય મહાસભામાં જવાહરલાલ નેહરુ અને સુભાષચંદ્ર બોઝ જેવા યુવા નેતાઓ સક્રિય હતા. આ નેતાઓ પૂર્ણ સ્વરાજ્યના હિમાયતી હતા. સાંસ્થાનિક સ્વરાજ્યથી તેમને સંતોષ ન હતો.

→ 31 ડિસેમ્બર, 1929ના રોજ લાહોરમાં રાવી નદીના કિનારે જવાહરલાલ નેહરુના પ્રમુખપદે ભરાયેલા હિંદી રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં પૂર્ણ સ્વરાજ્યની માગણીનો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યો. એ પછી 26 જાન્યુઆરી, 1930ના રોજ સ્વતંત્રતાની પ્રતિજ્ઞા લઈ પ્રથમ વાર સ્વાતંત્ર્યદિન ઊજવવામાં આવ્યો.

→ પૂર્ણ સ્વરાજ્ય મેળવવા માટેની ઘટનાને યાદ રાખવા માટે સ્વતંત્ર ભારતના બંધારણને 26 જાન્યુઆરી, 1950ના દિવસે અમલમાં મૂકવામાં આવ્યું. આપણે દર વર્ષે 26 જાન્યુઆરીના દિવસને 'પ્રજાસત્તાકદિન' તરીકે ઊજવીએ છીએ.

(2) સાયમન કમિશન

ઉત્તર : ઈ. સ. 1919ના મૉન્ટ-ફર્ડ(મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ)ના કાયદામાં જોગવાઈ મુજબ આ કાયદાનો કઈ રીતે અમલ થયો છે અને હવે તેમાં કોઈ સુધારાની આવશ્યકતા છે કે કેમ તેનો અભ્યાસ કરવા માટે દસ વર્ષે એક કમિશનની નિમણૂક કરવી.

→ પરંતુ ઈ. સ. 1927માં અર્થાત્ બે વર્ષ પહેલાં સાયમન કમિશનની નિમણૂક કરવામાં આવી.

→ જૉન સાયમનના પ્રમુખપદે રચાયેલા સાયમન કમિશનમાં સાત સભ્યો હતા. આ સાતેય સભ્યો અંગ્રેજ હતા.

→ હિંદીઓનાં દુઃખદર્દ હિંદીઓ જ સમજી શકે એ વિચારથી કમિશનમાં હિંદી સભ્યોને સામેલ કરવાની ભારતીયોએ ભલામણ કરી હતી, પરંતુ અંગ્રેજ સરકારે એ ભલામણ સ્વીકારી નહિ. તેથી ભારતીયોએ સાયમન કમિશનનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું.

→ 3 ફેબ્રુઆરી, 1928ના રોજ સાયમન કમિશન મુંબઈના બંદરે ઊતર્યું ત્યારે લોકોએ 'સાયમન પાછો જા'(સાયમન ગો બૅક)ના બુલંદ સૂત્રોચ્ચાર કરી દેખાવો કર્યા.

→ કમિશનના ભારત આગમનના વિરોધમાં દેશભરમાં હડતાલ પાડવામાં આવી તેમજ સભા-સરઘસો યોજવામાં આવ્યાં.

→ બ્રિટિશ સરકારે આ આંદોલનને કચડી નાખવા લોકો પર ભારે દમન ગુજાર્યું. હજારો નિર્દોષ અને નિઃશસ્ત્ર લોકો પર લાઠીચાર્જ, ટિયરગૅસ અને ગોળીબાર કર્યો. તેમાં લાલા લજપતરાય, ગોવિંદવલ્લભ પંત, જવાહરલાલ નેહરુ જેવા કૉંગ્રેસના અગ્રણી નેતાઓ ઘવાયા.

→ લાહોરમાં સરઘસની આગેવાની લેનાર લાલા લજપતરાય ગંભીર રીતે ઘાયલ થયા. થોડા સમય પછી તેમનું અવસાન થયું. ગોવિંદવલ્લભ પંત જીવનપર્યંત વિકલાંગ બની ગયા.

→ લાલાજીના મૃત્યુના સમાચારથી ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ વગેરે ક્રાંતિકારીઓ ખૂબ ગુસ્સે થયા. લાઠીચાર્જનો આદેશ આપનાર અંગ્રેજ પોલીસ અધિકારી સાંડર્સની હત્યા કરવામાં આવી.

(3) દાંડીકૂચ

ઉત્તર : સવિનય કાનૂનભંગની ચળવળના ભાગરૂપે ગાંધીજીએ દાંડી ગામના દરિયાકિનારે જઈ મીઠાના કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું.

→ 11 માર્ચની સાંજે ગાંધીજીએ અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમમાં હજારો લોકોની સભાને સત્યાગ્રહનો સંદેશો આપ્યો. ધરપકડ થાય તોપણ લોકોની મક્કમતાપૂર્વક અહિંસક રીતે અંગ્રેજ સરકાર સામે લડત આગળ વધારવાનો તેમણે અનુરોધ કર્યો.

→ તેમણે અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમમાંથી 12 માર્ચ, 1930ના રોજ પોતાના 78 સત્યાગ્રહીઓ સાથે નવસારી જિલ્લાના દાંડી બંદરના દરિયાકિનારા સુધી 370 કિલોમીટરની પદયાત્રા યોજી. તેમની એ ઐતિહાસિક યાત્રા 'દાંડીકૂચ'ના નામે પ્રસિદ્ધ છે.

→ 29 માર્ચ, 1930ના રોજ દાંડીયાત્રામાં ગાંધીજીએ પ્રતિજ્ઞા કરી કે, ''હું કાગડા-કૂતરાના મોતે મરીશ, પરંતુ સ્વરાજ્ય મળે નહિ ત્યાં સુધી આશ્રમમાં પાછો નહિ ફરું.''

→ દાંડીયાત્રાના માર્ગમાં ગામેગામે સત્યાગ્રહીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

→ દરેક ગામમાં ગાંધીજી સભા યોજીને લોકોને જાગ્રત કરવા માટે મીઠાના અન્યાયી કાયદા વિશે, સવિનય કાનૂનભંગ અને સત્યાગ્રહ વિશે સમજાવતા.

→ ગાંધીજી અને તેમના સાથીઓ 24 દિવસની પદયાત્રા બાદ 5 એપ્રિલ, 1930ના દિવસે દાંડી પહોંચ્યા. 6 એપ્રિલ, 1930ના રોજ સૂર્યોદય સમયે ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે અગરમાંથી મૂઠી મીઠું લઈ, મીઠાના કાયદાનો ભંગ કર્યો અને ધરપકડ વહોરી લીધી.


→ ગાંધીજીએ ગગનભેદી અવાજે જણાવ્યું : **''मैंने नमक का कानून तोड दिया!''**

→ તેમણે ત્યાં ઉપસ્થિત જનતાને સંબોધતા કહ્યું કે, ''હું બ્રિટિશ સામ્રાજ્યરૂપી ઇમારતના પાયામાં (આ પ્રસંગથી) લૂણો લગાડું છું.''

→ દાંડીકૂચે ભારતના લોકોમાં અપૂર્વ જાગૃતિ, અપાર શ્રદ્ધા, ચેતના અને એકતા જગાવવાનું અદ્‌ભુત કાર્ય કર્યું. સમગ્ર દેશમાં મીઠાના કાયદાના ભંગ કરવાના સત્યાગ્રહો થયા.

→ શ્રી મહાદેવભાઈ દેસાઈએ દાંડીકૂચને ગૌતમ બુદ્ધના **'મહાભિનિષ્ક્રમણ'** સાથે સરખાવી છે.

પેટાપ્રશ્ન : નીચે આપેલ ચિત્ર જોઈ તેમણે યોજેલ દાંડીકૂચ વિશે માહિતી આપો.



ઉત્તર : ઉપર આપેલ ચિત્ર ગાંધીજીનું છે.

ગાંધીજીએ યોજેલ દાંડીકૂચ : જુઓ પ્રશ્ન **2**ના પેટાપ્રશ્ન **(3)**નો ઉત્તર.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) ઈ. સ. 1927માં સાયમન કમિશનની રચના શા માટે કરવામાં આવી?

ઉત્તર : ઈ. સ.1919ના મૉન્ટ-ફર્ડ(મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ)ના કાયદામાં કરેલ જોગવાઈ મુજબ આ કાયદાનો કઈ રીતે અમલ થયો છે અને હવે તેમાં કોઈ સુધારાની આવશ્યકતા છે કે કેમ તેનો અભ્યાસ કરવા માટે દસ વર્ષે એક કમિશનની નિમણૂક કરવી. પરંતુ ઈ. સ.1927માં અર્થાત્ બે વર્ષ પહેલાં સાયમન કમિશનની નિમણૂક કરવામાં આવી.

(2) ભારતમાં સાયમન કમિશનનો કેવો વિરોધ થયો?

ઉત્તર : ભારતમાં સાયમન કમિશનનો વિરોધ આ પ્રમાણે થયો : (1) સાયમન કમિશનના સભ્યો મુંબઈ બંદરે ઊતર્યા તે દિવસે સમગ્ર દેશમાં હડતાલો અને સભા-સરઘસો દ્વારા તેનો પ્રચંડ વિરોધ કરવામાં આવ્યો. (2) ભારતમાં સાયમન કમિશનના સભ્યો જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં દેખાવકારોએ 'સાયમન પાછો જા'નાં સૂત્રોવાળા કાળા વાવટા ફરકાવ્યા. (3) દેખાવકારોને વિખેરવા ઘણી જગ્યાએ અંગ્રેજ સરકારે લાઠીચાર્જ, ટિયરગૅસ અને ગોળીબારનો ઉપયોગ કરી દમન આચર્યો. (4) ઉત્તર પ્રદેશમાં પંડિત જવાહરલાલ અને ગોવિંદવલ્લભ પંત પર લાઠીચાર્જ થયો. તેમાં ગોવિંદવલ્લભ પંત વિકલાંગ થયા અને જવાહરલાલ ઘાયલ થયા. (5) લાહોરમાં લાલા લજપતરાય પર સખત લાઠીચાર્જ થયો. લાઠીચાર્જની ઈજાઓને કારણે પાછળથી તેમનું અવસાન થયું.

(3) લાલા લજપતરાયનું અવસાન શાથી થયું?

ઉત્તર : લાહોરમાં સાયમન કમિશનના વિરોધમાં નીકળેલા સરઘસની આગેવાની લાલા લજપતરાયે લીધી હતી. એ સમયે અંગ્રેજ અમલદાર જ્હૉન સાંડર્સના હુકમથી અંગ્રેજ પોલીસે લાલા લજપતરાય પર લાઠીઓના સખત ફટકા માર્યા. લાઠીચાર્જની જીવલેણ ઈજાઓને કારણે લાલા લજપતરાયનું અવસાન થયું.

(4) દાંડીકૂચ ક્યાંથી ક્યાં યોજવામાં આવી હતી? શા માટે?

ઉત્તર : દાંડીકૂચ અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમથી નવસારી જિલ્લામાં આવેલા દાંડી બંદર સુધી યોજવામાં આવી હતી.

સવિનય કાનૂનભંગના આંદોલનના ભાગરૂપે મીઠાના કાયદાનો ભંગ કરવા દાંડીકૂચ યોજવામાં આવેલી.

(5) ભારતના ભાગલાને પરિણામે ભારતને કઈ કઈ મુખ્ય સમસ્યાઓ હલ કરવાની હતી?

ઉત્તર : ભારતના ભાગલાને પરિણામે ભારતને હલ કરવાની સમસ્યાઓ : (1) લશ્કરોની વ્યવસ્થા, (2) મિલકતોને લગતા પ્રશ્નો, (3) લેણાં અને દેવાંનો હિસાબ, (4) નિરાશ્રિતોનો પુનર્વસવાટ, (5) જાહેર સેવાઓ અને તેના અધિકારીઓ તથા વહીવટી તંત્રની વ્યવસ્થા, (6) ભારતની પૂર્વ અને પશ્ચિમ બાજુએ નવા રચાયેલા પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદો નક્કી કરવી અને (7) નદીઓની જળવહેંચણી.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) ભારતના લોકોએ સાયમન કમિશનનો બહિષ્કાર કર્યો.

ઉત્તર : (1) ઈ. સ. 1919ના મૉન્ટ-ફર્ડ (મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ) સુધારાના અમલનો અભ્યાસ કરી, ભારતના વહીવટી તંત્રમાં નવા સુધારાઓની ભલામણ કરવા નવેમ્બર, 1927માં બ્રિટિશ સરકારે સર જ્હૉન સાયમનના અધ્યક્ષપદે સાયમન કમિશનની નિમણૂક કરી. (2) એ કમિશન બ્રિટિશ પાર્લમેન્ટના સાત સભ્યોનું બનેલું હતું અને એ બધા જ સભ્યો અંગ્રેજો હતા. (3) હિંદીઓનાં દુઃખદર્દ હિંદીઓ જ સમજી શકે એ વિચારથી કમિશનમાં હિંદી સભ્યોએ સામેલ કરવાની ભારતીયોએ ભલામણ કરી હતી. પરંતુ અંગ્રેજ સરકારે એ ભલામણ સ્વીકારી નહિ. (4) સાયમન કમિશનમાં એક પણ ભારતીય સભ્યને સ્થાન આપવામાં આવ્યું નહોતું. તેથી ભારતના લોકોએ સાયમન કમિશનનો બહિષ્કાર કર્યો.

(2) (ઈ. સ. 1929માં) લાહોરમાં રાવી નદીના કિનારે ભરાયેલા કૉંગ્રેસ અધિવેશનનું ઘણું ઐતિહાસિક મહત્ત્વ છે.

ઉત્તર : (1) (31 ડિસેમ્બર, 1929માં) જવાહરલાલ નેહરુના પ્રમુખપદે લાહોરમાં રાવી નદીના કિનારે ભરાયેલા કૉંગ્રેસ અધિવેશનમાં 'પૂર્ણ સ્વરાજ્ય'નો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો. (2) 26 જાન્યુઆરી, 1930ના દિવસે બધા કાર્યકરોએ પૂર્ણ સ્વરાજ્ય મેળવવાની પ્રતિજ્ઞા લઈ પ્રથમ વાર સ્વાતંત્ર્યદિન ઊજવવામાં આવ્યો. (3) એ પછી દર વર્ષે 26 જાન્યુઆરીનો દિવસ 'પ્રજાસત્તાકદિન' તરીકે ઊજવવો એમ આ અધિવેશનમાં ઠરાવવામાં આવ્યું. (4) આમ, 1929માં લાહોરમાં રાવી નદીના કિનારે ભરાયેલા કૉંગ્રેસ અધિવેશને સ્વાતંત્ર્યની લડતને નવો વળાંક આપ્યો. તેથી તેનું ઘણું ઐતિહાસિક મહત્ત્વ છે.

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

*** (1) ભારતના લોકોએ સાયમન કમિશનનો શા માટે વિરોધ કર્યો?**

ઉત્તર : સાત સભ્યોના બનેલા સાયમન કમિશનના બધા જ સભ્યો અંગ્રેજો હતા. તેમાં એક પણ ભારતીયને સ્થાન આપવામાં આવ્યું ન હોવાથી ભારતના લોકોએ સાયમન કમિશનનો વિરોધ કર્યો.

(2) 'નેહરુ અહેવાલ (રિપોર્ટ)' કોણે તૈયાર કર્યો?

ઉત્તર : પંડિત મોતીલાલ નેહરુના પ્રમુખપદે રચાયેલી નેહરુ કમિટીએ 'નેહરુ અહેવાલ (રિપોર્ટ)' તૈયાર કર્યો.

(3) નેહરુ અહેવાલમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો?

ઉત્તર : નેહરુ અહેવાલમાં સાંસ્થાનિક સ્વરાજ્ય (ડોમિનિયન સ્ટેટ્સ), સ્વતંત્ર ન્યાયતંત્ર, મૂળભૂત અધિકારો, પુખ્તવય મતાધિકાર વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

(4) કૉંગ્રેસે પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ ક્યારે અને ક્યાં પસાર કર્યો?

ઉત્તર : કૉંગ્રેસે પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ 31 ડિસેમ્બર, 1929ના રોજ લાહોરમાં રાવી નદીના કિનારે યોજાયેલા અધિવેશનમાં પસાર કર્યો.

(5) ભારતમાં સ્વાતંત્ર્યદિનની સૌપ્રથમ ઉજવણી ક્યારે થઈ?

ઉત્તર : 26 જાન્યુઆરી, 1930ના દિવસે ભારતમાં સ્વાતંત્ર્યદિનની સૌપ્રથમ ઉજવણી થઈ.

(6) સમગ્ર ભારતમાં 26 જાન્યુઆરીના દિવસને દર વર્ષે કયા દિવસ તરીકે ઊજવવામાં આવે છે?

ઉત્તર : સમગ્ર ભારતમાં 26 જાન્યુઆરીના દિવસને દર વર્ષે 'પ્રજાસત્તાક દિવસ' તરીકે ઊજવવામાં આવે છે.

(7) સવિનય કાનૂનભંગ એટલે શું? ***અથવા***
સંકલ્પના સમજાવો : સવિનય કાનૂનભંગ

ઉત્તર : સવિનય કાનૂનભંગ એટલે સરકારના અન્યાયી કાયદાનો શાંત, અહિંસક અને વિનય સાથે છડેચોક ભંગ કરવો.

(8) સવિનય કાનૂનભંગની લડત કોના નેતૃત્વ નીચે અને શા માટે શરૂ કરવામાં આવી?

ઉત્તર : સવિનય કાનૂનભંગની લડત ગાંધીજીના નેતૃત્વ નીચે પૂર્ણ સ્વરાજ્ય મેળવવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી.

(9) દાંડીકૂચનો આરંભ ક્યારે થયો?

ઉત્તર : દાંડીકૂચનો આરંભ 12 માર્ચ, 1930ના રોજ થયો.

(10) દાંડીકૂચ કોણે, ક્યારે અને ક્યાંથી શરૂ કરી હતી?

ઉત્તર : 12 માર્ચ, 1930ના રોજ ગાંધીજીએ પોતાના સાથીઓ સાથે અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમથી દાંડીકૂચ શરૂ કરી હતી.

(11) દાંડીકૂચ દરમિયાન ગાંધીજીએ કઈ પ્રતિજ્ઞા લીધી?

ઉત્તર : દાંડીકૂચ દરમિયાન ગાંધીજીએ આ પ્રતિજ્ઞા લીધી : ''કાગડા-કૂતરાના મોતે મરીશ, પરંતુ સ્વરાજ્ય મળે નહિ ત્યાં સુધી આશ્રમમાં પાછો નહિ ફરું.''

(12) દાંડીકૂચનો અંત કઈ તારીખે આવ્યો?

ઉત્તર : 6 એપ્રિલ, 1930ના રોજ વહેલી સવારે દાંડીકૂચનો અંત આવ્યો.

(13) શ્રી મહાદેવભાઈ દેસાઈએ દાંડીકૂચને કોની સાથે સરખાવી હતી?

ઉત્તર : શ્રી મહાદેવભાઈ દેસાઈએ દાંડીકૂચને ગૌતમ બુદ્ધના 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવી હતી.

(14) ગાંધીજીએ કઈ ગોળમેજી પરિષદમાં હાજરી આપી હતી?

ઉત્તર : ગાંધીજીએ બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપી હતી.

(15) 8 ઑગસ્ટની રાત્રે મુંબઈમાં મળેલી કૉંગ્રેસની અખિલ હિંદ મહાસમિતિએ કયો ઠરાવ પસાર કર્યો?

ઉત્તર : 8 ઑગસ્ટની રાત્રે મુંબઈમાં મળેલી કૉંગ્રેસની અખિલ હિંદ મહાસમિતિએ 'હિંદ છોડો'નો ઠરાવ પસાર કર્યો.

(16) સુભાષચંદ્ર બોઝનો જન્મ ક્યારે, ક્યાં થયો હતો?

ઉત્તર : સુભાષચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી, 1897ના રોજ ઓરિસ્સા (ઓડિશા) રાજ્યના કટક શહેરમાં થયો હતો.

(17) સુભાષચંદ્ર બોઝે કયો નવો રાજકીય પક્ષ સ્થાપ્યો?

ઉત્તર : સુભાષચંદ્ર બોઝે 'ફૉરવર્ડ બ્લૉક' નામનો નવો રાજકીય પક્ષ સ્થાપ્યો.

*** (18) 'આઝાદ હિંદ ફોજ'નાં સૂત્રો જણાવો.**

ઉત્તર : 'ચલો દિલ્લી', 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા' અને 'જયહિંદ' એ 'આઝાદ હિંદ ફોજ'નાં સૂત્રો હતાં.

(19) સુભાષચંદ્ર બોઝે અંદમાન-નિકોબાર ટાપુઓને કયાં નામ આપ્યાં?

ઉત્તર : સુભાષચંદ્ર બોઝે અંદમાન-નિકોબાર ટાપુઓને અનુક્રમે 'શહીદ' અને 'સ્વરાજ્ય' નામ આપ્યાં.

(20) 20 ફેબ્રુઆરી, 1947ના રોજ બ્રિટનના વડા પ્રધાન એટલીએ કઈ જાહેરાત કરી?

ઉત્તર : 20 ફેબ્રુઆરી, 1947ના રોજ બ્રિટનના વડા પ્રધાન એટલીએ જાહેરાત કરી કે, કૅબિનેટ મિશન યોજના મુજબ રચાયેલી હિંદ સરકારને હિંદની તમામ સત્તાઓ સોંપી જૂન, 1948 સુધીમાં બ્રિટિશ સરકાર ભારતમાંથી વિદાય લેશે.

(21) વેવલ પછી ભારતના વાઇસરૉય તરીકે કોને નીમવામાં આવ્યા?

ઉત્તર : વેવલ પછી ભારતના વાઇસરૉય તરીકે માઉન્ટ બેટનને નીમવામાં આવ્યા.

*** (22) માઉન્ટ બેટન યોજના ક્યારે રજૂ થઈ?**

ઉત્તર : માઉન્ટ બેટન યોજના 3 જૂન, 1947ના રોજ રજૂ થઈ.

(23) હિંદ સ્વાતંત્ર્ય ધારા મુજબ ભારતીય સંઘે અને પાકિસ્તાને પ્રથમ ગવર્નર જનરલ તરીકે કોને કોને પસંદ કર્યા?

ઉત્તર : હિંદ સ્વાતંત્ર્ય ધારા મુજબ ભારતીય સંઘે પ્રથમ ગવર્નર જનરલ તરીકે માઉન્ટ બેટનને અને પાકિસ્તાને ગવર્નર જનરલ મહંમદઅલી જિન્હાને પસંદ કર્યા.

*** (24) અંગ્રેજોએ ભારતને સત્તા સોંપી ત્યારે હિંદના પ્રથમ હિંદી ગવર્નર જનરલ તરીકે કોને નિમવામાં આવેલા?**

ઉત્તર : અંગ્રેજોએ ભારતને સત્તા સોંપી ત્યારે હિંદના પ્રથમ હિંદી ગવર્નર જનરલ તરીકે ચક્રવર્તી સી. રાજગોપાલાચારીને નિમવામાં આવ્યા હતા.

(25) બ્રિટિશ લશ્કરે ભારતમાંથી ક્યારે વિદાય લીધી?

ઉત્તર : ફેબ્રુઆરી, 1948માં બ્રિટિશ લશ્કરે ભારતમાંથી વિદાય લીધી.

(26) ડોમિનિયન સ્ટેટ્સ એટલે શું?

ઉત્તર : ડોમિનિયન સ્ટેટ્સ એટલે સાંસ્થાનિક સ્વરાજ. મોતીલાલ નેહરુએ આપેલા 'નેહરુ અહેવાલ'માં ભારતને ડોમિનિયન સ્ટેટ્સનો દરજ્જો આપવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

પ્રશ્ન 6. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) સાયમન કમિશનની નિમણૂક કરવામાં આવી, કારણ કે ...

ઉત્તર : ઈ. સ. 1919ના મૉન્ટ-ફર્ડ (મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ) સુધારાના અમલનો અભ્યાસ કરી, ભારતના વહીવટી તંત્ર માટે નવા સુધારાઓની જરૂરિયાત અંગે અભ્યાસ કરવાનો હતો.

(2) ભારતના લોકોએ સાયમન કમિશનનો વિરોધ કર્યો, કારણ કે ...

ઉત્તર : સાત સભ્યોના બનેલા સાયમન કમિશનના બધા જ સભ્યો અંગ્રેજો હતા.

(3) ગાંધીજીએ દાંડીકૂચ કરી, કારણ કે ...

ઉત્તર : ગાંધીજી સવિનય કાનૂનભંગની ચળવળના ભાગરૂપે મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરવા માગતા હતા.

(4) બ્રિટિશ સરકારે ગોળમેજી પરિષદો યોજી, કારણ કે ...

ઉત્તર : બ્રિટિશ સરકાર ભારતને કેવા પ્રકારનું બંધારણ અને સુધારા આપવા તે માટે ચર્ચા કરવા માગતી હતી.

(5) બ્રિટિશ સરકારે યોજેલી પહેલી ગોળમેજી પરિષદ નિષ્ફળ ગઈ, કારણ કે ...

ઉત્તર : બ્રિટિશ સરકારે નવેમ્બર, 1930માં યોજેલી પહેલી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસ મહાસભાના પ્રતિનિધિઓ ગેરહાજર રહ્યા હતા.

(6) લાલા લજપતરાયનું અવસાન થયું, કારણ કે ...

ઉત્તર : લાહોરમાં સાયમન કમિશનના વિરોધમાં નીકળેલા સરઘસમાં અંગ્રેજ અમલદાર જ્હૉન સાંડર્સના હુકમથી અંગ્રેજ પોલીસે લાલા લજપતરાયને લાઠીઓ વડે જીવલેણ સખત ફટકા માર્યા હતા.

(7) બીજી ગોળમેજી પરિષદ પણ નિષ્ફળ ગઈ, કારણ કે ...

ઉત્તર : બીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે એકમાત્ર ગાંધીજી હાજર રહ્યા, પરંતુ આ પરિષદમાં બ્રિટિશ પક્ષે બંધારણના ઘડતરની ચર્ચા માટે અલગ અલગ કોમ માટે અલગ અલગ મતદાર મંડળનો વિભાજકારી મુદ્દો ઉઠાવતાં ગાંધીજી નિરાશ થયા હતા.

(8) સુભાષચંદ્ર બોઝે કૉંગ્રેસ છોડી અને 'ફૉરવર્ડ બ્લૉક' નામના નવા રાજકીય પક્ષની સ્થાપના કરી, કારણ કે ...

ઉત્તર : સુભાષચંદ્રના ઉદાત્ત વિચારોને ગાંધીજીના વિચારો સાથે ખાસ મેળ બેસતો ન હોવાથી સુભાષચંદ્રને ગાંધીજી સાથે મતભેદ સર્જાયો હતો.

પ્રશ્ન 7. નીચેના પારિભાષિક શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) નેહરુ અહેવાલ

ઉત્તર : સાયમન કમિશનનો બહિષ્કાર થતાં હિંદી વજીર બર્કનહેડે જણાવ્યું કે હિંદના નેતાઓ બધા પક્ષોને અનુકૂળ બંધારણ ઘડી આપે તો બ્રિટિશ સરકાર તેનો વિચાર કરશે. આ આહવાનને પડકાર સમજી હિંદી રાષ્ટ્રીય મહાસભાએ મોતીલાલ નેહરુના પ્રમુખપદે નેહરુ કમિટીની રચના કરી. આ કમિટીએ બંધારણ અંગે જે અહેવાલ આપ્યો તે 'નેહરુ અહેવાલ' તરીકે પ્રસિદ્ધ છે.

(2) દાંડીકૂચ

ઉત્તર : સવિનય કાનૂનભંગના આંદોલનના એક ભાગરૂપે મીઠાના કાયદાનો ભંગ કરવા ગાંધીજીએ 12 માર્ચ, 1930ના રોજ અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમ(ગાંધી આશ્રમ)થી નવસારી જિલ્લાના દાંડી બંદરના કિનારા સુધી પદયાત્રા કરી, જે 'દાંડીકૂચ'ના નામે પ્રસિદ્ધ બની.

(3) સવિનય કાનૂનભંગ

ઉત્તર : 'સવિનય કાનૂનભંગ' એટલે સરકારના અન્યાયી કાયદાનો શાંત, અહિંસક અને વિનય સાથે છડેચોક ભંગ કરવો.

(4) ગોળમેજી પરિષદો

ઉત્તર : બ્રિટિશ સરકારે ભારતને કેવા પ્રકારનું બંધારણ અને સુધારા આપવા તે માટે જે પરિષદો બોલાવી તે 'ગોળમેજી પરિષદો'-(Round Table Conferences)ના નામે ઓળખાય છે. લંડનમાં મળેલી પહેલી પરિષદમાં કૉંગ્રેસે ભાગ લીધો નહોતો, તેથી તે નિષ્ફળ ગઈ હતી. બીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે ગાંધીજી હાજર રહ્યા હતા. પરંતુ તે પરિષદ પણ નિષ્ફળ ગઈ હતી.

(5) ફૉરવર્ડ બ્લૉક

ઉત્તર : સુભાષચંદ્ર બોઝના વિચારોને ગાંધીજીના વિચારો સાથે ખાસ મેળ બેસતો નહોતો. ગાંધીજી સાથે મતભેદ થતાં સુભાષચંદ્ર બોઝે કૉંગ્રેસ છોડી દીધી અને 'ફૉરવર્ડ બ્લૉક' નામના નવા પક્ષની સ્થાપના કરી.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) સાયમન કમિશનમાં કુલ ..... સભ્યો હતા.
A. બાર B. સાત C. પાંચ

(2) અંગ્રેજ પોલીસોના લાઠીચાર્જને કારણે .....નું અવસાન થયું.
A. લાલા લજપતરાય B. મોતીલાલ નેહરુ
C. બાળગંગાધર ટિળક

(3) ભારતમાં દર વર્ષે 26 જાન્યુઆરીના દિવસને ..... તરીકે ઊજવવામાં આવે છે.
A. સ્વરાજ્યદિન B. પ્રજાસત્તાકદિન C. સ્વાતંત્ર્યદિન

(4) ગાંધીજીએ 12 માર્ચ, 1930ના રોજ .....નો સત્યાગ્રહ શરૂ કર્યો.
A. અસહકાર B. હિંદ છોડો C. મીઠા

(5) ..... દાંડીકૂચની તુલના ગૌતમ બુદ્ધના 'મહાભિનિષ્ક્રમણ' સાથે કરી હતી.
A. શ્રી મહાદેવભાઈ દેસાઈએ B. સુભાષચંદ્ર બોઝે
C. સરદાર વલ્લભભાઈ પટેલે

(6) .....'ની ચળવળ એ ભારતની રાષ્ટ્રીય ચળવળના ઇતિહાસની એક મહત્ત્વની ચળવળ હતી.
A. બંગભંગ B. દાંડીકૂચ C. અસહકાર

(7) ગાંધીજીએ કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે ..... ગોળમેજી પરિષદમાં હાજરી આપી હતી.
A. ત્રીજી B. પહેલી C. બીજી

(8) ..... કૉંગ્રેસ છોડીને 'ફૉરવર્ડ બ્લૉક' નામના નવા રાજકીય પક્ષની સ્થાપના કરી.
A. સુભાષચંદ્ર બોઝે B. સરદાર વલ્લભભાઈ પટેલે
C. ચિત્તરંજનદાસ મુનશીએ

(9) સિંગાપુરના હિંદીઓએ સુભાષચંદ્ર બોઝને .....'નું હુલામણું નામ આપ્યું.
A. સરદાર B. શાંતિદૂત C. નેતાજી

(10) ..... ભારતનાં દેશી રાજ્યોનું 'ભારતીય સંઘ'માં વિલીનીકરણ કર્યું.
A. પંડિત જવાહરલાલ નેહરુએ B. સરદાર વલ્લભભાઈ પટેલે
C. માઉન્ટ બેટને

ઉત્તર : (1) સાત (2) લાલા લજપતરાય (3) પ્રજાસત્તાકદિન (4) મીઠા (5) શ્રી મહાદેવભાઈ દેસાઈએ (6) દાંડીકૂચ (7) બીજી (8) સુભાષચંદ્ર બોઝે (9) નેતાજી (10) સરદાર વલ્લભભાઈ પટેલે

(11) જવાહરલાલ નેહરુ અને સુભાષચંદ્ર બોઝ જેવા યુવા નેતાઓ .....ના હિમાયતી હતા.
A. સાંસ્થાનિક સ્વરાજ્ય B. પૂર્ણ સ્વરાજ્ય C. દેશી સ્વરાજ્ય

(12) .....ના આંદોલનના ભાગરૂપે ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું.
A. સવિનય કાનૂનભંગ B. અસહકાર C. બંગભંગ

(13) સુભાષચંદ્ર બોઝે ..... રેડિયો પરથી પોતાના દેશબાંધવોને બ્રિટન સામે જેહાદ જગાડવા અનુરોધ કર્યો.
A. સિંગાપુર B. ટોકિયો C. બર્લિન

(14) સુભાષચંદ્ર બોઝે અંદમાન-નિકોબાર ટાપુઓને અનુક્રમે ....., અને ..... નામ આપ્યાં.
A. શહીદ, સ્વરાજ્ય B. આઝાદી, શહીદ C. સ્વરાજ્ય, વતન

(15) .....ની યોજના અનુસાર બ્રિટિશ પાર્લમેન્ટે હિંદ સ્વાતંત્ર્યધારો પસાર કર્યો.
A. વાઇસરૉય વેવેલ B. વાઇસરૉય માઉન્ટ બેટન
C. સરદાર

(16) ..... સ્વતંત્ર ભારતના પ્રથમ હિંદી ગવર્નર જનરલ તરીકે નિયુક્ત થયા હતા.
A. અબ્દુલ ગફાર ખાન B. મૌલાના અબ્દુલકમાલ આઝાદ
C. ચક્રવર્તી સી. રાજગોપાલાચારી

ઉત્તર : (11) પૂર્ણ સ્વરાજ્ય (12) સવિનય કાનૂનભંગ (13) બર્લિન (14) શહીદ, સ્વરાજ્ય (15) વાઇસરૉય માઉન્ટ બેટન (16) ચક્રવર્તી સી. રાજગોપાલાચારી

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) સાયમન કમિશનના બધા જ સભ્યો હિંદીઓ હતા.

(2) શ્રી જવાહરલાલ નેહરુએ 'નેહરુ અહેવાલ' તૈયાર કર્યો હતો.

(3) ગાંધીજીએ સાબરમતીના હરિજન આશ્રમથી દાંડીયાત્રા શરૂ કરી હતી.

(4) 'હિંદ છોડો'ની લડત સમયે ગાંધીજીએ પ્રજાને સૂત્ર આપ્યું : ''કરેંગે યા મરેંગે.''

(5) ગાંધીજીએ પહેલી ગોળમેજી પરિષદમાં હાજરી આપી હતી.

(6) સુભાષચંદ્ર બોઝ પઠાણના છૂપાવેશે કોલકાતાથી 28 માર્ચ, 1942ના રોજ ટોકિયો પહોંચ્યા.

(7) મુસ્લિમ લીગે 16 ઑગસ્ટ, 1946નો દિવસ 'સીધા પગલાદિન' તરીકે પાળવાનો મુસ્લિમોને આદેશ આપ્યો.

(8) સાયમન કમિશનનો વિરોધ કરતાં થયેલા લાઠીચાર્જથી લાલા લજપતરાયનું મૃત્યુ થયું હતું.

(9) જવાહરલાલ નેહરુને 'નેતાજી'નું હુલામણું નામ મળ્યું હતું.

(10) મહાદેવભાઈ દેસાઈએ ગાંધીજીની દાંડીકૂચને 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવી છે.

ઉત્તર : (1) ખોટું (2) ખોટું (3) ખરું (4) ખરું (5) ખોટું (6) ખોટું (7) ખરું (8) ખરું (9) ખોટું (10) ખરું

(11) સાયમન કમિશન પાંચ સભ્યોનું બનેલું હતું.

(12) 'ડોમિનિયન સ્ટેટ્સ' એટલે જવાબદાર રાજતંત્ર.

(13) જવાહરલાલ નેહરુ અને સુભાષચંદ્ર બોઝ જેવા યુવા નેતાઓ પૂર્ણ સ્વરાજ્યના હિમાયતી હતા.

(14) ગાંધીજી દાંડીકૂચ દરમિયાન પદયાત્રા કરીને 5 એપ્રિલ, 1930ના દિવસે દાંડી પહોંચ્યા.

(15) 'હિંદ છોડો' આંદોલન દરમિયાન અમદાવાદમાં સાડા ચાર મહિના સુધી બજારો બંધ રહ્યાં હતાં.

(16) સુભાષચંદ્ર બોઝે કૉંગ્રેસ છોડીને 'ફૉરવર્ડ બ્લૉક' નામના નવા રાજકીય પક્ષની સ્થાપના કરી.

(17) ઈ. સ. 1943માં સુભાષચંદ્ર બોઝે અંદમાન-નિકોબાર ટાપુઓને અનુક્રમે 'શહીદ' અને 'ભારતમાતા' નામ આપ્યાં હતાં.

(18) હિંદુસ્તાનના વિભાજન સમયે વાઇસરૉય તરીકે વેવેલ હતા.

(19) ચક્રવર્તી સી. રાજગોપાલાચારી સ્વતંત્ર ભારતના પ્રથમ હિંદી ગવર્નર જનરલ હતા.

(20) જવાહરલાલ નેહરુએ હિંદ સ્વાતંત્ર્યધારાને બ્રિટિશ સરકાર દ્વારા હિંદને આપવામાં આવેલો એકમાત્ર શ્રેષ્ઠ અને શ્રેયસ્કર ધારો કહ્યો હતો.

ઉત્તર : (11) ખોટું (12) ખોટું (13) ખરું (14) ખરું (15) ખોટું (16) ખરું (17) ખોટું (18) ખોટું (19) ખરું (20) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) ઈ. સ. 1920થી 1947ના સમયગાળાને કયાં આંદોલનોનો યુગ ગણવામાં આવે છે? – **ગાંધીયુગનાં**

(2) સાયમન કમિશનનો વિરોધ કરતાં લાઠીચાર્જથી કોનું અવસાન થયું હતું? – **લાલા લજપતરાયનું**

(3) ડોમિનિયન સ્ટેટ્સ એટલે શું? – **સાંસ્થાનિક સ્વરાજ્ય**

(4) કોના અધ્યક્ષપણા નીચે હિંદી રાષ્ટ્રીય મહાસભામાં પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ પસાર કરવામાં આવ્યો? – **જવાહરલાલ નેહરુના**

(5) 12 માર્ચથી 6 એપ્રિલ, 1930 દરમિયાન ગાંધીજીએ કઈ યાત્રા કરી? – **દાંડીયાત્રા (દાંડીકૂચ)**

(6) ગાંધીજીએ દાંડી ગામના દરિયાકિનારે જઈ કયા કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું? – **મીઠાના**

(7) ગાંધીજીએ દાંડીયાત્રા / દાંડીકૂચ ક્યાંથી શરૂ કરી?

– **સાબરમતી હરિજન આશ્રમથી**

(8) કોણે દાંડીકૂચને 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવી?

– **શ્રી મહાદેવભાઈ દેસાઈએ**

(9) 'સરહદના ગાંધી' તરીકે કોણ ઓળખાતું હતું?

– **અબ્દુલ ગફાર ખાન**

(10) લંડનમાં મળેલી પ્રથમ ગોળમેજી પરિષદ શાથી નિષ્ફળ ગઈ?

– **કૉંગ્રેસની ગેરહાજરીને લીધે**

(11) બીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે કોણે હાજરી આપી? – **ગાંધીજીએ**

(12) કઈ દરખાસ્તો દ્વારા સિદ્ધ થયું કે બ્રિટિશ સરકાર હિન્દુસ્તાનને સ્વરાજ્ય આપવા માગતી નથી? – **ક્રિપ્સ દરખાસ્તો**

(13) 8 ઑગસ્ટ, 1942ની રાત્રે કૉંગ્રેસ મહાસમિતિએ કયો ઠરાવ પસાર કર્યો? – **'હિંદ છોડો'નો**

(14) ''આઝાદી માટે મારી આ અંતિમ લડત છે.'' એમ કોણે કહ્યું હતું?

– **ગાંધીજીએ**

(15) 'કરેંગે યા મરેંગે' એ કોનું સૂત્ર હતું? – **ગાંધીજીનું**

(16) કયા આંદોલન દરમિયાન અમદાવાદમાં સાડા ત્રણ માસ સુધી બજારો બંધ રહ્યાં હતાં? – **'હિંદ છોડો'**

(17) કયા દેશનેતાનો જન્મ ઓડિશા રાજ્યના કટક શહેરમાં થયો હતો?

– **સુભાષચંદ્ર બોઝનો**

(18) સુભાષચંદ્ર બોઝ સૌપ્રથમ કયા પક્ષમાં જોડાયા?

– **રાષ્ટ્રીય સ્વરાજ પક્ષમાં**

(19) સુભાષચંદ્ર બોઝે કયા નવા પક્ષની સ્થાપના કરી?

– **'ફૉરવર્ડ બ્લૉક'ની**

(20) સુભાષચંદ્ર બોઝે જર્મનીમાં કોની સાથે ભારતની આઝાદી વિશે ચર્ચા કરી? – **હિટલર સાથે**

(21) જાપાનમાં ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ નામની મધ્યસ્થ સંસ્થાની સ્થાપના કોણે કરી? – **રાસબિહારી બોઝે**

(22) રાસબિહારી બોઝે ભારતની સ્વાધીનતા માટે કઈ ફોજ ઊભી કરવાનો નિર્ણય લીધો? – **આઝાદ હિંદ ફોજ**

(23) સુભાષચંદ્ર બોઝ બર્લિનથી જાપાન કઈ રીતે પહોંચ્યા?

– **સબમરીન દ્વારા**

(24) રાસબિહારી બોઝે આઝાદ હિંદ ફોજના વડા તરીકે કોની નિમણૂક કરી? – **સુભાષચંદ્ર બોઝની**

(25) સુભાષચંદ્ર બોઝને કયું હુલામણું નામ આપવામાં આવ્યું હતું?

– **'નેતાજી'**

(26) 'જય હિંદ'નું સૂત્ર કોણે આપ્યું હતું? – **સુભાષચંદ્ર બોઝે**

(27) સિંગાપુરમાં સુભાષચંદ્ર બોઝે કઈ સરકારની સ્થાપના કરી?

– **કામચલાઉ**

(28) સુભાષચંદ્ર બોઝે અંદમાન-નિકોબાર ટાપુઓને અનુક્રમે કયાં નામ આપ્યાં? – **'શહીદ' અને 'સ્વરાજ્ય'**

(29) દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાએ જાપાનનાં કયાં શહેરો પર અણુબૉમ્બવર્ષા કરી? – **હિરોશિમા અને નાગાસાકી**

(30) સુભાષચંદ્ર બોઝને કયા વિમાન મથકે અકસ્માતથી વિમાનમાં આગ લાગી હતી? – **તાઈપાઈ**

(31) હિંદના વાઇસરૉય તરીકે વેવેલની જગ્યાએ કોની નિમણૂક થઈ? – **માઉન્ટ બેટનની**

(32) કોણે નાછૂટકે હિંદના ભાગલાની વ્યવસ્થાનો ભારે હૈયે સ્વીકાર કર્યો? – **ગાંધીજીએ**

(33) અખંડ હિંદના બે ભાગલા કરવાની આખરી યોજના કોણે રજૂ કરી? – **વાઇસરૉય માઉન્ટ બેટને**

(34) જુલાઈ, 1943માં બ્રિટિશ પાર્લમેન્ટે કયો ધારો પસાર કર્યો? – **હિંદ સ્વાતંત્ર્યધારો**

(35) હિંદ સ્વાતંત્ર્યધારા મુજબ ભારતીય સંઘે પ્રથમ ગવર્નર જનરલ તરીકે કોને પસંદ કર્યા? – **માઉન્ટ બેટનને**

(36) હિંદ સ્વાતંત્ર્યધારા મુજબ પાકિસ્તાને પ્રથમ ગવર્નર જનરલ તરીકે કોને પસંદ કર્યા? – **જનાબ જિન્હાને**

(37) કયા ધારાથી હિંદની પરાધીનતાનો અંત આવ્યો? – **હિંદ સ્વાતંત્ર્યધારાથી**

(38) બ્રિટિશ શાસનના અંતિમ વાઇસરૉય કોણ હતા? – **માઉન્ટ બેટન**

(39) સ્વતંત્ર ભારતના પ્રથમ હિંદી ગવર્નર જનરલ તરીકે કોણ નિયુક્ત થયું હતું? – **ચક્રવર્તી સી. રાજગોપાલાચારી**

(40) હિંદના વિભાજન સમયે ભારતમાં કયા અંગ્રેજ ગવર્નર જનરલ હતા? – **માઉન્ટ બેટન**

(41) ભારતનાં 562 જેટલાં દેશી રજવાડાંઓને ભારતસંઘમાં જોડવાનો ભગીરથ પ્રશ્ન કોણે ઉકેલ્યો? – **સરદાર વલ્લભભાઈ પટેલે**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ઈ. સ. 1930	a. સુભાષચંદ્ર બોઝ જાપાનથી સિંગાપુર ગયા
2. ઈ. સ. 1942	b. મુંબઈનો નૌકાવિગ્રહ
3. ઈ. સ. 1943	c. દાંડીકૂચ
4. ઈ. સ. 1946	d. 'હિંદ છોડો' ચળવળ
	e. નેહરુ અહેવાલ

ઉત્તર : (1 – c), (2 – d), (3 – a), (4 – b).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. નેહરુ અહેવાલ	a. સુભાષચંદ્ર બોઝ
2. દાંડીકૂચ	b. મોતીલાલ નેહરુ
3. 'ફૉરવર્ડ બ્લૉક'ના સ્થાપક	c. જવાહરલાલ નેહરુ
4. હિંદના છેલ્લા બ્રિટિશ વાઇસરૉય	d. ગાંધીજી
	e. માઉન્ટ બેટન

ઉત્તર : (1 – b), (2 – d), (3 – a), (4 – e).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ભારતમાં સ્વાતંત્ર્યદિનની સૌપ્રથમ ઉજવણી	a. 12 માર્ચ, 1930ના રોજ
2. દાંડીકૂચનો પ્રારંભ	b. ગાંધીજી
3. 'કરેંગે યા મરેંગે'નું સૂત્ર	c. ચક્રવર્તી સી. રાજગોપાલાચારી
4. હિંદના પ્રથમ હિંદી ગવર્નર	d. 26 જાન્યુઆરી, 1930ના રોજ
	e. 26 જાન્યુઆરી, 1950ના રોજ

ઉત્તર : (1 – d), (2 – a), (3 – b), (4 – c).

(4)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ઈ. સ. 1927	a. મુંબઈમાં નૌકાસૈનિકોએ બળવો કર્યો
2. ઈ. સ. 1931	b. સાયમન કમિશનની નિમણૂક થઈ
3. ઈ. સ. 1942	c. ગાંધી-ઇરવિન સમજૂતી થઈ
4. ઈ. સ. 1947	d. સુભાષચંદ્ર બોઝ જર્મની પહોંચ્યા
	e. બ્રિટિશ પાર્લમેન્ટે હિંદ સ્વાતંત્ર્યધારો પસાર કર્યો

ઉત્તર : (1 – b), (2 – c), (3 – d), (4 – e).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

* **1.** સાયમન કમિશન કેટલા સભ્યોનું બનેલું હતું?
A. 5 B. 6 C. 7 D. 8

* **2.** ડોમિનિયન સ્ટેટ્સ એટલે શું?
A. સાંસ્થાનિક સ્વરાજ્ય B. સાંપ્રદાયિકતા
C. પૂર્ણ સ્વરાજ્ય D. સરમુખત્યારશાહી

* **3.** સાયમન કમિશનનો વિરોધ કરતાં લાઠીચાર્જથી કોનું મૃત્યુ થયું હતું?
A. પંડિત જવાહરલાલનું B. લાલા લજપતરાયનું
C. ગોવિંદવલ્લભ પંતનું D. મોતીલાલ નેહરુનું

* **4.** મૉન્ટ-ફર્ડ સુધારામાં નવા સુધારાની જરૂરિયાત માટે કેટલાં વર્ષે કમિશન નીમવું તેવી જોગવાઈ હતી?
A. 20 વર્ષે B. 10 વર્ષે C. 7 વર્ષે D. 5 વર્ષે

* **5.** દાંડીકૂચ ક્યારે કરવામાં આવી?
A. 12 એપ્રિલ, 1930 B. 12 માર્ચ, 1931
C. 12 માર્ચ, 1930 D. 12 માર્ચ, 1929

6. સ્વતંત્ર ભારતે 26 જાન્યુઆરીના દિવસને કઈ રીતે અમર બનાવ્યો છે?
A. પ્રજાસત્તાકદિન તરીકે B. સ્વાતંત્ર્યદિન તરીકે
C. સ્વરાજ્યદિન તરીકે D. શહીદદિન તરીકે

7. ગાંધીજીએ દાંડીકૂચ ક્યાંથી શરૂ કરી?
A. પાલડીના કોચરબ આશ્રમથી
B. વર્ધાના પવનાર આશ્રમથી
C. સાબરમતીના સંન્યાસ આશ્રમથી
D. સાબરમતીના હરિજન આશ્રમથી

8. ''કાગડા-કૂતરાના મોતે મરીશ, પરંતુ સ્વરાજ્ય મળે નહિ ત્યાં સુધી આશ્રમમાં પાછો નહિ ફરું.'' આ પ્રતિજ્ઞા કોણે લીધી હતી?
A. સુભાષચંદ્ર બોઝે
B. ગાંધીજીએ
C. પંડિત જવાહરલાલ નેહરુએ
D. વિનોબા ભાવેએ

9. ''હું બ્રિટિશ સામ્રાજ્યરૂપી ઈમારતના પાયામાં લૂણો લગાડું છું.'' આ વિધાન ગાંધીજીએ કયા સ્થળે ઉચ્ચાર્યું હતું?
A. સાબરમતીના હરિજન આશ્રમે
B. પાલડીના કોચરબ આશ્રમે
C. દાંડીના દરિયાકિનારે
D. વર્ધાના પવનાર આશ્રમે

* **10.** કઈ વ્યક્તિ દાંડીકૂચને 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવે છે?
A. મહાદેવભાઈ દેસાઈ B. સરદાર વલ્લભભાઈ
C. મૌલાના આઝાદ D. સુભાષચંદ્ર બોઝ

ઉત્તર : **1.** 7 **2.** સાંસ્થાનિક સ્વરાજ્ય
3. લાલા લજપતરાયનું **4.** 10 વર્ષે
5. 12 માર્ચ, 1930 **6.** પ્રજાસત્તાકદિન તરીકે
7. સાબરમતીના હરિજન આશ્રમથી
8. ગાંધીજીએ **9.** દાંડીના દરિયાકિનારે
10. મહાદેવભાઈ દેસાઈ

---

11. ''કરેંગે યા મરેંગે.'' ગાંધીજીએ આ સૂત્ર ક્યારે ઉચ્ચાર્યું હતું?
A. દાંડીયાત્રા વખતે
B. સવિનય કાનૂનભંગની ચળવળ વખતે
C. 'હિંદ છોડો' ચળવળ વખતે
D. અસહકારની ચળવળ વખતે

12. 'સરહદના ગાંધી' કોણ કહેવાયા?
A. મૌલાના આઝાદ B. અબ્બાસ તૈયબજી
C. મહાદેવભાઈ દેસાઈ D. અબ્દુલ ગફાર ખાન

* **13.** 'નેતાજી'નું હુલામણું નામ કોને મળ્યું હતું?
A. સુભાષચંદ્ર બોઝને B. વલ્લભભાઈ પટેલને
C. રાસબિહારી બોઝને D. જવાહરલાલ નેહરુને

* **14.** હિંદુસ્તાનના વિભાજન સમયે ભારતમાં કયા અંગ્રેજ ગવર્નર જનરલ હતા?
A. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ B. વેલેસ્લી
C. માઉન્ટ બેટન D. ડેલહાઉસી

15. સ્વતંત્ર ભારતના પ્રથમ હિંદી ગવર્નર જનરલ કોણ હતા?
A. ગોવિંદવલ્લભ પંત
B. ચક્રવર્તી સી. રાજગોપાલાચારી
C. સરદાર વલ્લભભાઈ પટેલ
D. પંડિત જવાહરલાલ નેહરુ

16. ક્રાંતિકારીઓએ લાલા લજપતરાયના મૃત્યુ માટે જવાબદાર કયા અંગ્રેજ અધિકારીની હત્યા કરી?
A. સ્કોનિકલેની B. સ્કોટનની
C. જનરલ ડાયરની D. સાંડર્સની

17. 'નેહરુ અહેવાલ'માં ભારતને કયા પ્રકારનું સ્વરાજ્ય આપવાની માગણી કરવામાં આવી હતી?
A. સાંસ્થાનિક સ્વરાજ્ય B. મર્યાદિત સ્વરાજ્ય
C. પૂર્ણ સ્વરાજ્ય D. ફૉરવર્ડ સ્વરાજ્ય

18. ઈ. સ. 1930માં કૉંગ્રેસે અંગ્રેજ સરકાર સમક્ષ કયા સ્વરાજ્યની માગણી કરી?
A. સાંસ્થાનિક સ્વરાજ્ય B. પૂર્ણ સ્વરાજ્ય
C. દ્વિમુખી સ્વરાજ્ય D. સમવાયી સ્વરાજ્ય

19. આપણે દર વર્ષે કયા દિવસને 'પ્રજાસત્તાક દિવસ' તરીકે ઊજવીએ છીએ?
A. 2 ઑક્ટોબરના દિવસને B. 30 જાન્યુઆરીના દિવસને
C. 15 ઑગસ્ટના દિવસને D. 26 જાન્યુઆરીના દિવસને

20. ગાંધીજીએ દાંડીયાત્રા શા માટે શરૂ કરી?
A. મીઠાના કાયદાનો ભંગ કરવા માટે
B. વિદેશી માલનો બહિષ્કાર કરવા માટે
C. ભારતને પૂર્ણ સ્વરાજ્ય અપાવવા માટે
D. દેશના નેતાઓની ધરપકડનો વિરોધ કરવા માટે

ઉત્તર : **11.** 'હિંદ છોડો' ચળવળ વખતે
12. અબ્દુલ ગફાર ખાન **13.** સુભાષચંદ્ર બોઝને
14. માઉન્ટ બેટન **15.** ચક્રવર્તી સી. રાજગોપાલાચારી
16. સાંડર્સની **17.** સાંસ્થાનિક સ્વરાજ્ય
18. પૂર્ણ સ્વરાજ્ય **19.** 26 જાન્યુઆરીના દિવસને
20. મીઠાના કાયદાનો ભંગ કરવા માટે

---

21. સુભાષચંદ્ર બોઝે કયો રાજકીય પક્ષ સ્થાપ્યો?
A. સ્વરાજ્ય પક્ષ B. યંગ ઈન્ડિયા
C. ફૉરવર્ડ બ્લૉક D. ઇન્ડિપેન્ડન્સ ઇન્ડિયા

22. સુભાષચંદ્ર બોઝે કયું સૂત્ર આપ્યું હતું?
A. આઝાદ હિંદ B. જયહિંદ
C. કૈસરે હિંદ D. ભારતમાતા

23. સુભાષચંદ્ર બોઝે અંદમાન-નિકોબાર ટાપુઓને અનુક્રમે કયાં નામ આપ્યાં?
A. શહીદ અને સ્વદેશ B. શહીદ અને સ્વરાજ્ય
C. સ્વદેશ અને સ્વરાજ્ય D. શહીદ અને દેવભૂમિ

24. હિંદના બે ભાગલા કરવાની યોજના કોણે રજૂ કરી?
A. વાઇસરૉય માઉન્ટ બેટને B. વાઇસરૉય લિટને
C. વાઇસરૉય વેવલે D. વાઇસરૉય એટલીએ

25. 'હિંદ સ્વાતંત્ર્યધારો' કોણે પસાર કર્યો?
A. ભારતીય સંસદે B. કામચલાઉ સરકારે
C. બ્રિટિશ પાર્લમેન્ટે D. બંધારણસભાએ

26. ભારતનાં દેશી રાજ્યોનું ભારતસંઘમાં વિલીનીકરણ કરી કોણે રાજકીય એકતા સિદ્ધ કરી?
A. સરદાર વલ્લભભાઈ પટેલે
B. ડૉ. રાજેન્દ્રપ્રસાદે
C. ગાંધીજીએ
D. પંડિત જવાહરલાલ નેહરુએ

27. પ્રો. અગ્રવાલ કયા રિપોર્ટને વર્તમાન ભારતીય બંધારણની 'બ્લૂ પ્રિન્ટ' કહે છે?
A. ગાંધી રિપોર્ટને B. સરદાર રિપોર્ટને
C. નેહરુ રિપોર્ટને D. ટિળક રિપોર્ટને

28. ''આઝાદી માટે મારી આ અંતિમ લડત છે.'' એમ કોણે કહ્યું હતું?
A. સુભાષચંદ્ર બોઝે B. જવાહરલાલ નેહરુએ
C. ગાંધીજીએ D. મોતીલાલ નેહરુએ


29. 'ચલો દિલ્લી'નું સૂત્ર કોણે આપ્યું હતું?
A. રણજીતસિંહે B. ટીપુ સુલતાને
C. ગાંધીજીએ D. સુભાષચંદ્ર બોઝે

30. અખંડ હિંદના બે ભાગલા કરવાની યોજનાને કઈ યોજના કહે છે?
A. કૅબિનેટ મિશન યોજના B. ક્રિપ્સ મિશન યોજના
C. માઉન્ટ બેટન યોજના D. ગાંધી-ઇરવિન યોજના

ઉત્તર : **21.** ફૉરવર્ડ બ્લૉક **22.** જયહિંદ
23. શહીદ અને સ્વરાજ્ય **24.** વાઇસરૉય માઉન્ટ બેટને
25. બ્રિટિશ પાર્લમેન્ટે **26.** સરદાર વલ્લભભાઈ પટેલે
27. નેહરુ રિપોર્ટને **28.** ગાંધીજીએ
29. સુભાષચંદ્ર બોઝે **30.** માઉન્ટ બેટન યોજના

(બ) માગ્યા મુજબ ઉત્તર લખો : *[1 ગુણ]*

બાજુમાં આપેલ ભારતના વિભાગીય નકશામાં નિર્દેશિત સ્થળ કયા ઐતિહાસિક બનાવની યાદ કરાવે છે?



A. ચૌરીચૌરાનો બનાવ
B. મીઠાના કાયદાનો ભંગ
C. બંગાળના ભાગલા
D. ચલો દિલ્લી
ઉત્તર : B

(ક) સમયાનુસાર બનાવોને યોગ્ય ક્રમમાં ગોઠવો :
[પ્રત્યેકનો 1 ગુણ]


1. A. ગાંધીજી અને વાઇસરૉય ઇરવિન વચ્ચે ગાંધી-ઇરવિન સમજૂતી થઈ.
B. સાયમન કમિશનની નિમણૂક કરવામાં આવી.
C. ગાંધીજીએ અમદાવાદના સાબરમતી હરિજન આશ્રમથી દાંડીયાત્રા શરૂ કરી.
D. હિંદી રાષ્ટ્રીય મહાસભાએ સ્વતંત્રતાના શપથ લઈને પ્રથમ વાર સ્વાતંત્ર્યદિન ઊજવ્યો.
ઉત્તર : B, D, C, A

2. A. પહેલી ગોળમેજી પરિષદ લંડનમાં મળી.
B. સુભાષચંદ્ર બોઝ બર્લિનથી સિફતપૂર્વક જાપાન પહોંચ્યા.
C. મુંબઈમાં મળેલી કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં ગાંધીજીની આગેવાની હેઠળ 'હિંદ છોડો'નો ઠરાવ પસાર કરવામાં આવ્યો.
D. કૉંગ્રેસની કારોબારી સમિતિએ વ્યક્તિગત સત્યાગ્રહ બંધ કરવાનો નિર્ણય કર્યો.
ઉત્તર : A, D, C, B


3. A. મુંબઈમાં નૌકાવિગ્રહ થયો.
B. વાઇસરૉય માઉન્ટ બેટને અખંડ હિંદના બે ભાગલા કરવાની યોજના રજૂ કરી.
C. સુભાષચંદ્ર બોઝે અંદમાન-નિકોબાર ટાપુઓની મુલાકાત લીધી.
D. સુભાષચંદ્ર બોઝ જાપાનથી સિંગાપુર ગયા.
ઉત્તર : D, C, A, B

6 1945 પછીનું વિશ્વ


અહમદ સુકર્ણો (ઇન્ડોનેશિયા)


જમાલ અબ્દુલ નાસર (ઇજિપ્ત)


માર્શલ ટિટો


મિખાઇલ ગોર્બોચોવ

પ્રકરણસાર

- ઈ. સ. 1939માં દ્વિતીય વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, જેનાં ભયાનક અને વિનાશકારી પરિણામો આવ્યાં. હવે પછી આવાં યુદ્ધો ન થાય તેમજ વિશ્વમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે એ માટે 24 ઑક્ટોબર, 1945ના રોજ સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ની વિધિવત્ સ્થાપના કરવામાં આવી.
- સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્રનો આરંભ આમુખથી થાય છે. તેમાં મહાવિનાશક યુદ્ધોની યાતનાથી ભાવિ પ્રજાને બચાવવાનો તેમજ વિશ્વની તમામ પ્રજાની આર્થિક-સામાજિક પ્રગતિ માટે સહકાર સાધવા સૌ રાષ્ટ્રોને અનુરોધ કરવામાં આવ્યો છે.
- વિશ્વયુદ્ધને અંતે અસ્તિત્વમાં આવેલી બે મહાસત્તાઓ – અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચે વિશ્વ પર પ્રભુત્વ અને પ્રભાવ જમાવવાની તીવ્ર સ્પર્ધા શરૂ થઈ. આ બે મહાસત્તાઓ વચ્ચેના અત્યંત તનાવપૂર્ણ સંબંધોને કારણે **'ઠંડા યુદ્ધ'**ની પરિસ્થિતિ સર્જાઈ.
- પરસ્પર શંકા-કુશંકા, અવિશ્વાસ અને તેમાંથી ઊભા થયેલા ભયને કારણે બંને સત્તાજૂથોએ પોતપોતાનાં આગવાં લશ્કરી જૂથો રચ્યાં.
- અમેરિકા અને ઇંગ્લૅન્ડના નેતૃત્વ હેઠળ **'નાટો'** (NATO), **'સિઆટો'** (SEATO) અને **'સેન્ટો'** (CENTO) લશ્કરી જૂથોની સ્થાપના થઈ.
- સોવિયેત યુનિયનના નેતૃત્વ હેઠળ સામ્યવાદી દેશોએ **'વૉર્સો કરાર'** નામનું લશ્કરી સંગઠન રચ્યું.
- અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને પોતાના વહીવટ હેઠળના પશ્ચિમ જર્મનીના પ્રદેશોનું એકીકરણ કર્યું. એ રીતે તેમણે બર્લિનના પણ ત્રણ વિભાગોને એક કર્યા. આ પ્રક્રિયાના વિરોધરૂપે એપ્રિલ, 1948માં સોવિયેત યુનિયને **'બર્લિનની નાકાબંધી'** કરી.
- બે હરીફ સત્તાજૂથોએ એકબીજા પર પ્રભુત્વ જમાવવા સંહારક શસ્ત્રોનું ઉત્પાદન વધાર્યું. ઈ. સ. 1945માં અમેરિકાએ જાપાનનાં બે શહેરો પર અણુબૉમ્બ ફેંકીને અણુશસ્ત્રોમાં પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી. એ પછી ઈ. સ. 1949માં સોવિયેત યુનિયને અણુઅખતરો કર્યો.
- ઈ. સ. 1961 – 62માં અમેરિકાએ સામ્યવાદી ક્યૂબાની નાકાબંધી જાહેર કરી, તે 'ક્યૂબાની કટોકટી' તરીકે ઓળખાઈ હતી.
- પરમાણુ શસ્ત્રોના નિઃશસ્ત્રીકરણની દિશામાં પ્રથમ પગલા તરીકે અમેરિકા, સોવિયેત યુનિયન અને બ્રિટને 'આંશિક પરમાણુબંધી સંધિ' બનાવી. આ સંધિ પર ફ્રાન્સે અને ચીને હસ્તાક્ષર કરવાનો ઇન્કાર કર્યો.
- પરમાણુ શસ્ત્રો ધરાવતાં એ પાંચ રાષ્ટ્રોએ પરમાણુ શસ્ત્રો બનાવવાનું ચાલુ રાખ્યું તો બીજી બાજુ બંને મહાસત્તાઓએ વિવિધ અંતરોનાં પ્રક્ષેપાસ્ત્રો (મિસાઇલો) વિકસાવ્યાં.
- બંને મહાસત્તાઓ વચ્ચે 'સંબંધ સુધાર'ની પ્રક્રિયા શરૂ થતાં વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રો પર મર્યાદા મૂકતી અને તેમાં ઘટાડો કરતી સંધિઓ પર હસ્તાક્ષર કર્યા. ભારતે આ સંધિઓને આવકારી છે.
- દ્વિતીય વિશ્વયુદ્ધના અંતે યુરોપીય સત્તાઓના સામ્રાજ્યવાદનો અંત આવ્યો. એશિયા અને આફ્રિકાનાં પરાધીન રાજ્યોમાં આઝાદીની ચળવળો તીવ્ર બનતાં પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રોને તેમને સ્વતંત્ર બનાવવાની ફરજ પડી.

- ઈ. સ. 1947માં ભારતદેશ આઝાદ થયો. ઈ. સ. 1948માં મ્યાનમાર અને શ્રીલંકા સ્વતંત્ર બન્યાં. ઈ. સ. 1949માં ઇન્ડોનેશિયા સ્વતંત્ર બન્યું. ઈ. સ. 1954 સુધીમાં અન્ય પૂર્વીય એશિયાઈ દેશો એક પછી એક સ્વતંત્ર બન્યા.
- ઈ. સ. 1951થી 1966 સુધીનાં 16 વર્ષના સમયગાળા દરમિયાન આફ્રિકાના નાના-મોટા 40 દેશો સ્વતંત્ર બન્યા.
- બે વિરોધી સત્તાજૂથો અને લશ્કરી જૂથો સાથે નહિ જોડાયેલ નવોદિત દેશોને 'બિનજોડાયેલાં' અને તેમણે અપનાવેલી વિદેશનીતિ 'બિનજોડાણવાદી નીતિ' તરીકે ઓળખાય છે.
- ભારતના વડા પ્રધાન જવાહરલાલ નેહરુ, ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ અહમદ સુકર્ણો, ઇજિપ્તના રાષ્ટ્રપતિ જમાલ અબ્દુલ નાસર અને યુગોસ્લાવિયાના રાષ્ટ્રપતિ માર્શલ ટિટોએ બિનજોડાણવાદની નીતિને સફળ બનાવવા અમૂલ્ય ફાળો આપ્યો હતો.
- ઈ. સ. 1955માં ઇન્ડોનેશિયાના બાન્ડુંગ ખાતે તટસ્થ રાષ્ટ્રોની પરિષદ યોજાઈ. આ પરિષદમાં તટસ્થ રાષ્ટ્રોના સંગઠનનું માળખું અને ભાવિ કામગીરી નક્કી કરવામાં આવ્યાં.
- ઈ. સ. 1961માં બેલગ્રેડ ખાતે યોજાયેલ પરિષદમાં બિનજોડાણવાદી આંદોલન (NAM – નૉન એલાઇમેન્ટ મુવમેન્ટ) સંસ્થાની વિધિવત્ સ્થાપના થઈ.
- પંડિત જવાહરલાલ નેહરુના નેતૃત્વ હેઠળ ભારતે બિનજોડાણની વિદેશનીતિ અપનાવી તેમજ બિનજોડાણવાદી ચળવળને અમૂલ્ય નેતૃત્વ પૂરું પાડ્યું.
- બિનજોડાણવાદી નીતિએ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.
- એક અને અખંડ જર્મની ફરીથી મજબૂત રાષ્ટ્ર બને તો વિશ્વ માટે ખતરો ઊભો કરે એવા ડરથી પરાજિત જર્મની અને તેના પાટનગર બર્લિનને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યું. જર્મનીના પૂર્વ ભાગ પર શરૂઆતથી જ સોવિયેત યુનિયને કબજો જમાવ્યો હોવાથી એ ભાગ તેને સોંપ્યો.
- અમેરિકા અને બ્રિટને જર્મની વિશે નવી વ્યવસ્થા ગોઠવવાનું શરૂ કરતાં સોવિયેત યુનિયને પૂર્વ જર્મનીમાં પોતાના કબ્જામાં રહે એવી 'પૂતળા સરકાર' સ્થાપી દીધી. ત્રણેય દેશોએ જર્મનીના ત્રણેય પ્રદેશોનું એકીકરણ કરી પશ્ચિમ જર્મનીનું સ્વતંત્ર રાજ્ય બનાવ્યું. એ જ રીતે તેમણે બર્લિનના ત્રણ વહીવટી વિભાગોનું એકીકરણ કર્યું.
- આ પ્રક્રિયાના વળતા પગલા તરીકે સોવિયેત યુનિયને 'બર્લિનની નાકાબંધી' જાહેર કરી. પશ્ચિમ બર્લિન અને પૂર્વ બર્લિનને જુદી પાડતી 42 કિમી લાંબી, ઊંચી દીવાલ બાંધવામાં આવી.
- 3 ઑક્ટોબર, 1990ના રોજ બંને જર્મનીનું એકીકરણ થયું. જર્મનીના વિભાજનના પ્રતીક સમી બર્લિનની દીવાલને તોડી નાખવામાં આવી.
- 11 માર્ચ, 1985ના રોજ મિખાઇલ ગોર્બોચોવ સામ્યવાદી પક્ષના નવા મહામંત્રી તરીકે સત્તાસ્થાને આવ્યા. તે ઉદારમતવાદી હતા. તેમના શાસન દરમિયાન દેશે વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ મેળવી.
- 'ગ્લાસ્નોસ્ત' (ખુલ્લાપણું) અને 'પેરેસ્ટ્રોઇકા' (આર્થિક અને સામાજિક સુધારણાની) નીતિઓને કારણે સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘનાં રાજ્યો સ્વતંત્ર અને સાર્વભૌમ થવા લાગ્યાં.
- ઈ. સ. 1990માં સોવિયેત યુનિયનના વિભાજનની પ્રક્રિયા શરૂ થઈ.
- ડિસેમ્બર, 1991 સુધીમાં દેશનાં કુલ 15 રાજ્યોમાંથી 14 રાજ્યો સ્વતંત્ર થતાં વિઘટનની પ્રક્રિયા પૂરી થઈ.
- આઝાદી પછી ભારતે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ અને રંગભેદ જેવાં દૂષણો દૂર કરવા ચાલતી ચળવળોને તેણે હંમેશાં સહકાર આપ્યો છે.
- ભારતે વિશ્વશાંતિ અને સલામતી માટે નિઃશસ્ત્રીકરણની જરૂરિયાત પર સતત ભાર મૂક્યો છે.
- સંયુક્ત રાષ્ટ્રોની વિવિધ સમિતિઓ અને અંગોમાં ભારતે સક્રિય ભૂમિકા ભજવી છે.
- ત્રીજા વિશ્વના વિકાસશીલ દેશોના નેતા તરીકે ભારતે એ દેશોના વિવિધ પ્રશ્નોને વાચા આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.
- વિશ્વશાંતિ એ ભારતની વિદેશનીતિનો મુખ્ય સિદ્ધાંત રહ્યો છે.
- **ભારત-અમેરિકા સંબંધો :** બંને લોકશાહી દેશો હોવા છતાં છેલ્લા પાંચ દાયકા દરમિયાન ભારત અને યૂ.એસ.એ. વચ્ચેના સંબંધોમાં ઠીક ઠીક પ્રમાણમાં ચડાવ-ઉતાર થતા આવ્યા છે. 11 સપ્ટેમ્બર, 2001ના રોજ યૂ.એસ.એ. પર થયેલા આતંકવાદી હુમલા પછી બંને દેશો વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર સુધારો થયો છે.
- **ભારત-સોવિયેત યુનિયન (રશિયા) સંબંધો :** ભારતના સોવિયેત યુનિયન સાથેના સંબંધો એકંદરે સારા અને ઉષ્માપૂર્ણ રહ્યા છે. ભારતમાં ભારે અને ચાવીરૂપ ઉદ્યોગો સ્થાપવામાં સોવિયેત યુનિયને ગણનાપાત્ર સહાય કરી છે. તેણે સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં કશ્મીરના પ્રશ્ને ભારતનો પક્ષ લઈ અનેક વખત 'વીટો' સત્તાનો ઉપયોગ કર્યો છે.
- **ભારત-પાકિસ્તાન સંબંધો :** ઈ. સ. 1948, 1965 અને 1971 એમ ત્રણ વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધો થયાં. ઈ. સ. 1999માં કારગિલમાં ઘૂસી આવેલા પાકિસ્તાનના લશ્કરને ભારતે લશ્કરી બળનો ઉપયોગ કરી ભગાડી મૂક્યું હતું. બંને દેશના વડાઓના શાંતિ પ્રયાસો છતાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સારા અને સુમેળભર્યા બની શક્યા નથી.
- **ભારત-ચીન સંબંધો :** ચીને પોતાની સરહદોના નકશામાં ભારતનો ઘણો મોટો વિસ્તાર પોતાનો દર્શાવ્યો. ભારત અને ચીન વચ્ચેની સરહદ દર્શાવતી મેકમોહન રેખાનો ચીને અસ્વીકાર કર્યો. ત્યાર-પછી બંને દેશો વચ્ચેના સંબંધો બગડ્યા. ઑક્ટોબર, 1962માં

ચીને ભારત પર આક્રમણ કરી પોતાના પ્રદેશો તરીકે બતાવેલા ભારતના પ્રદેશો પર લશ્કરી કબજો જમાવ્યો. એ પછી ભારતના ચીન સાથેના સંબંધો વધુ બગડ્યા. છેલ્લા દાયકા દરમિયાન બંને દેશો વચ્ચે પરસ્પર સહકાર અને મૈત્રીભર્યા સંબંધો વિકસતા રહ્યા છે.

❁ **ભારત-બાંગ્લાદેશ સંબંધો :** પહેલાં પૂર્વ પાકિસ્તાન તરીકે ઓળખાતા બાંગ્લાદેશનો ઈ. સ. 1971માં એક સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે ઉદ્‌ભવ થયો. શરૂઆતમાં ભારતે બાંગ્લાદેશને નાણાકીય તેમજ ટેક્નિકલ અને ભૌતિક સાધનોની મદદ કરી, પરંતુ કેટલીક બાબતોમાં બંને દેશો વચ્ચે મતભેદો ઊભા થયા છે. ઈ. સ. 2015માં બંને દેશો વચ્ચેના વિવાદિત સરહદી જમીનના વિસ્તારોનો ઉકેલ લાવવામાં આવ્યો છે.

❁ **ભારત-ભૂતાન (ભૂટાન) સંબંધો :** ઈ. સ. 1949માં ભારતે ભૂતાન સાથે કાયમી શાંતિ અને મિત્રતાની સંધિ કરી. ભારતે ભૂતાનને સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારના વિકાસ માટે મદદ કરીને સંબંધો મજબૂત બનાવ્યા. ઈ. સ. 1971માં ભારતે ભૂતાનને યુ.એન.નું સભ્યપદ અપાવવામાં મદદ કરી.

❁ **ભારત-શ્રીલંકા સંબંધો :** ભારત સાથે જૂના સંબંધો ધરાવતા શ્રીલંકામાં વર્ષોથી સ્થાયી થયેલા ભારતના તમિલ લોકોના નાગરિકત્વના પ્રશ્ને બંને દેશો વચ્ચે મતભેદ ઊભો થયો, પરંતુ બંને દેશોએ આ પ્રશ્નને વાટાઘાટો દ્વારા ઉકેલવા પ્રયત્નો કર્યા છે. આજે બંને દેશો વચ્ચે મૈત્રીભર્યા સંબંધો છે.

❁ **ભારત-નેપાલ સંબંધો :** ઈ. સ. 1950માં ભારત અને નેપાલ વચ્ચે થયેલી સમજૂતીમાં બંને દેશોએ એકબીજાના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા સ્વીકાર્યાં છે. નેપાલના આર્થિક વિકાસ માટે ભારતે ઘણી મદદ કરી છે. નેપાલના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે ભારત આવે છે. 25 એપ્રિલ, 2015ના રોજ નેપાલમાં આવેલા ભયંકર ભૂકંપમાં ભારતે અનેક પ્રકારની બચાવ કામગીરી કરી હતી.

❁ **ભારત-અફઘાનિસ્તાન સંબંધો :** ભારત અફઘાનિસ્તાન સાથે મૈત્રીભર્યા સંબંધો ધરાવે છે. અફઘાનિસ્તાનના નવસર્જનમાં ભારતે નોંધપાત્ર ફાળો આપ્યો છે. ભારતે અફઘાનિસ્તાનના વિકાસ માટે આર્થિક મદદ કરી છે.

❁ **ભારત-મ્યાનમાર સંબંધો :** ઈ. સ. 1948માં મ્યાનમારે આઝાદી મેળવી ત્યારથી ભારત તેની સાથે સુમેળભર્યા સંબંધો ધરાવે છે. મ્યાનમારને આર્થિક રીતે મજબૂત કરવા ભારતે તેને પૂરતી આર્થિક મદદ કરી છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

*** (1) સંયુક્ત રાષ્ટ્રસંઘ(રાષ્ટ્રો)ના હેતુઓ જણાવો.**

ઉત્તર : સંયુક્ત રાષ્ટ્રસંઘ(રાષ્ટ્રો)ના હેતુઓ (ઉદ્દેશો) નીચે મુજબ હતા :

→ વિશ્વમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી.

→ શાંતિને અવરોધરૂપ બાબતોને અટકાવવી કે દૂર કરવી. આક્રમણનાં કે શાંતિભંગના બનાવોને નાબૂદ કરવા અસરકારક સામૂહિક પગલાં ભરવાં. દરેક આંતરરાષ્ટ્રીય વિવાદ કે ઝઘડાનો શાંતિમય સાધનો દ્વારા ઉકેલ લાવવો.

→ આત્મનિર્ણય અને સમાન હકના પાયા પર વિશ્વનાં રાષ્ટ્રો વચ્ચે પરસ્પર મૈત્રીભર્યા સંબંધો વિકસાવવા અને વિશ્વશાંતિ જાળવવા માટે યોગ્ય પગલાં ભરવાં.

→ જગતનાં રાષ્ટ્રોની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક કે માનવતાવાદી સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે આંતરરાષ્ટ્રીય સહકાર પ્રાપ્ત કરવો.

→ જાતિ, ભાષા, લિંગ કે ધર્મના ભેદભાવ વિના વિશ્વના બધા જ લોકોના માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓ પ્રત્યે આદરભાવ ઉત્પન્ન કરવો.

→ વિશ્વમાં એકતા અને વિશ્વબંધુત્વની ભાવના વિકસાવવી.

→ સંયુક્ત રાષ્ટ્રોના ઉદ્દેશો હાંસલ કરવા માટે કામ કરી રહેલાં રાષ્ટ્રોનાં કાર્યો વચ્ચે યુ.એન.એ સુમેળ લાવનાર કેન્દ્ર તરીકે કામ કરવું.

(2) 'ઠંડા યુદ્ધ'નાં મુખ્ય કારણો સંક્ષેપમાં જણાવો.

ઉત્તર : ઠંડા યુદ્ધ(Cold War)નાં મુખ્ય કારણો નીચે મુજબ હતાં :

→ દ્વિતીય વિશ્વયુદ્ધ પછી ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ જેવી મહાસત્તાઓની વિશ્વની નેતાગીરી અમેરિકા અને રશિયાએ લીધી.

→ દ્વિતીય વિશ્વયુદ્ધમાં ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, રશિયા અને અમેરિકા એકસાથે રહ્યા હતા, પરંતુ યુદ્ધ પૂરું થયા પછી રશિયાની સામ્યવાદી વિચારસરણીને કારણે અમેરિકા અને ઇંગ્લૅન્ડ રશિયાથી જુદા પડ્યા.

→ દ્વિતીય વિશ્વયુદ્ધ પછી આ બંને મહાસત્તાઓ(અમેરિકા અને રશિયા)એ સમગ્ર વિશ્વ પર પ્રભુત્વ અને પ્રભાવ સ્થાપવા સક્રિય પ્રયત્નો કર્યા.

→ આ સમય દરમિયાન વિશ્વના મોટા ભાગના દેશો એક યા બીજા લશ્કરી જૂથમાં જોડાયા. વિશ્વમાં વિવિધ લશ્કરી જૂથોનું નિર્માણ ઠંડા યુદ્ધનું મહત્ત્વનું કારણ બન્યું.

→ વિશ્વ બે વિરોધી સત્તાજૂથો વચ્ચે અને લશ્કરી જૂથોમાં વહેંચાઈ ગયું. સત્તાનું બે ધ્રુવો(અમેરિકા અને રશિયા)માં કેન્દ્રીકરણ થયું. તેથી આ સમયગાળાને દ્વિધ્રુવી વિશ્વવ્યવસ્થાના ગાળા તરીકે ઓળખવામાં આવે છે.

→ દ્વિતીય વિશ્વયુદ્ધ પછી આ બે મહાસત્તાઓ વચ્ચે અત્યંત તનાવપૂર્ણ સંબંધો સર્જાયા. બંને સત્તાજૂથો વચ્ચે અવિશ્વાસ અને અસંતોષનું વાતાવરણ સર્જાયું.

→ સત્તા માટે ખેંચતાણ અને અત્યંત તંગ પરિસ્થિતિનું નિર્માણ થવાથી આ તબક્કાને 'ઠંડા યુદ્ધના તબક્કા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

*** (3) 'ઠંડા યુદ્ધ'નાં પરિણામોની સંક્ષેપમાં ચર્ચા કરો.**

ઉત્તર : ઠંડા યુદ્ધ(Cold War)નાં પરિણામો નીચે મુજબ હતાં :

→ ઠંડા યુદ્ધના સમયગાળા દરમિયાન બંને મહાસત્તાઓ અમેરિકા અને સોવિયેત યુનિયન અનેક વખત આમનેસામને આવી, પરંતુ બંને પાસે પરમાણુ શસ્ત્રો અને દૂરસંચાર મિસાઈલો હોવાથી વિશ્વ ભયંકર મહાયુદ્ધમાંથી બચી ગયું.

→ બંને મહાસત્તાઓ વચ્ચે શરૂ થયેલી શસ્ત્રસ્પર્ધા પરાકાષ્ઠાએ પહોંચી.

→ દુનિયાનાં મુખ્ય શક્તિશાળી રાષ્ટ્રો વચ્ચેના આંતરસંબંધોમાં આમૂલ પરિવર્તન આવ્યું.

→ દ્વિતીય વિશ્વયુદ્ધના અંતે જગતમાં અમેરિકા એકલું જ અણુબૉમ્બ જેવું વિનાશકારી શસ્ત્ર ધરાવતું હતું. પરંતુ ઈ. સ. 1949માં સોવિયેત યુનિયને સફળ અણુઅખતરો કરી પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું.

→ વિશ્વના મોટા ભાગના દેશોને એકબીજા પ્રત્યે ભારોભાર અવિશ્વાસ હતો. તેમને એકબીજાનો ભય સતાવતો હતો. તેથી તેઓ જગતના એક યા બીજા લશ્કરી જૂથમાં જોડાયા.

*** (4) 'નાટો', 'સિઆટો' અને 'વૉર્સો' લશ્કરી જૂથો વિશે માહિતી આપો.**

ઉત્તર : નાટો (NATO) : સોવિયેત યુનિયન અને તેના સામ્યવાદને અંકુશિત કરવાના ઉદ્દેશથી એપ્રિલ, 1949માં અમેરિકાની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ ઉત્તર ઍટલૅન્ટિક મહાસાગરના કિનારે આવેલા પશ્ચિમી લોકશાહી દેશોનું એક લશ્કરી સંગઠન રચવામાં આવ્યું તે **'નાટો'**(NATO – નોર્થ ઈસ્ટ ઍટલૅન્ટિક ટ્રીટી ઑર્ગેનાઇઝેશન)ના નામે ઓળખાય છે.

સિઆટો (SEATO) : ઇંગ્લૅન્ડ અને અમેરિકાએ દક્ષિણ-પૂર્વ એશિયાનું 'સામ્યવાદી વિસ્તારવાદ' સામે રક્ષણ કરવા માટે ઈ. સ. 1954માં **'સિઆટો'** (SEATO – સાઉથ ઈસ્ટ એશિયાટિક ટ્રીટી ઑર્ગેનાઇઝેશન) નામના લશ્કરી જૂથની રચના કરી.

વૉર્સો કરાર : અમેરિકાની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ રચાયેલાં 'નાટો' અને 'સિઆટો' લશ્કરી જૂથોના વધતા જતા પ્રભાવને અટકાવવા, તેમની વિરુદ્ધમાં સોવિયેત યુનિયનની નેતાગીરી નીચે યુરોપના સામ્યવાદી દેશોએ **'વૉર્સો કરાર'** નામના લશ્કરી જૂથની રચના કરી. આલ્બેનિયા, બલ્ગેરિયા, ઝેકોસ્લોવેકિયા, પૂર્વ જર્મની, હંગેરી, પોલૅન્ડ, રુમાનિયા, રશિયા વગેરે દેશો આ લશ્કરી જૂથના સભ્યો હતા.

[લશ્કરી જૂથ સેન્ટો (CENTO) : ઇંગ્લૅન્ડની પ્રેરણાથી મધ્ય-પૂર્વમાં અરબ સંઘના દેશોનું એક લશ્કરી સંગઠન રચવામાં આવ્યું છે. તે 'કેન્દ્રીય સંગઠન કરાર' – **'સેન્ટો'**(CENTO – સેન્ટ્રલ ઈસ્ટ નોર્થ ટ્રીટી ઑર્ગેનાઇઝેશન)ના નામે ઓળખાય છે. આ સંગઠનનું નેતૃત્વ અમેરિકાએ લીધું છે.]

*** (5) જર્મનીના ભાગલા અને એકીકરણ વિશે ટૂંકમાં જણાવો.**

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધને અંતે પરાજિત જર્મનીની રાજ્યવ્યવસ્થા, સામાજિક વ્યવસ્થા અને અર્થતંત્ર સંપૂર્ણ ભાંગી પડ્યાં હતાં.

→ એ સમયે જર્મનીને ફરીથી બેઠું કરી શકે એવો કોઈ નેતા દેશમાં રહ્યો નહોતો.

→ વિશ્વયુદ્ધ પૂરું થતાં જર્મનીને ચાર વહીવટી વિસ્તારોમાં વહેંચી દેવામાં આવ્યું.

→ વિશ્વયુદ્ધના છેલ્લા તબક્કા દરમિયાન સોવિયેત યુનિયનની લાલ સેના(રેડ આર્મી)એ જર્મનીના પૂર્વ ભાગ પર લશ્કરી કબજો જમાવ્યો હતો. તેથી પૂર્વ જર્મનીનો વહીવટ સોવિયેત યુનિયનને સોંપવામાં આવ્યો.

→ જર્મનીના નૈર્ઋત્ય ભાગનો વહીવટ અમેરિકાને, ફ્રાન્સની નજીક આવેલા પ્રદેશોનો વહીવટ ફ્રાન્સને તેમજ નેધરલૅન્ડ્ઝ (હોલૅન્ડ) અને બેલ્જિયમને અડીને આવેલા જર્મન પ્રદેશોનો વહીવટ બ્રિટનને સોંપવામાં આવ્યો.

→ ભૌગોલિક રીતે પૂર્વ જર્મનીમાં આવેલા પાટનગર બર્લિનને પણ ચાર વહીવટી વિભાગોમાં વહેંચી દઈ તેના પર ચાર દેશોનો વહીવટ સ્થાપવામાં આવ્યો. વહીવટી એકતા માટે સંકલન સમિતિ રચવામાં આવી.

→ સત્તાજૂથો વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ સર્જાતાં પૂર્વ જર્મની પરની પોતાની સત્તા જતી રહેશે એવો ડર સોવિયેત યુનિયનને લાગ્યો. તેથી તેણે પૂર્વ જર્મનીમાં પોતાના સામ્યવાદી પક્ષની પૂતળા સરકાર સ્થાપી.

→ અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને પોતપોતાના વહીવટી અંકુશ નીચેના પશ્ચિમ જર્મનીના પ્રદેશોનું એકીકરણ કરી **'ફેડરલ રિપબ્લિક ઑફ જર્મની'**ની રચના કરી.

→ પશ્ચિમ જર્મનીના ત્રણ વિભાગોનું એકીકરણ કરવામાં આવ્યું તેમ બર્લિનના ત્રણ વિભાગોને એક કરવામાં આવ્યા.

→ આ પ્રક્રિયાના વિરોધરૂપે સોવિયેત યુનિયને એપ્રિલ, 1948માં **'બર્લિનની નાકાબંધી'** જાહેર કરી.

→ પરિણામે પશ્ચિમી દેશો અને સોવિયેત યુનિયન વચ્ચે ભારે તણાવ ઊભો થયો.

→ આ પરિસ્થિતિમાં પશ્ચિમ બર્લિન અને પૂર્વ બર્લિનને જુદી પાડતી 42 કિમી લાંબી, ઊંચી દીવાલ બનાવવામાં આવી.

→ ઉપર્યુક્ત બનાવો પછીના ચાર-સાડા ચાર દસકાના સમયમાં વિવિધ કારણોસર ઠંડા યુદ્ધની સ્થિતિમાં પરિવર્તન આવ્યું.

→ સામ્યવાદી યુરોપના પૂર્વ દેશો અને પશ્ચિમ યુરોપના લોકશાહી દેશો વચ્ચેનું અંતર ઘટવા લાગ્યું. પરિણામે સોવિયેત યુનિયનનું 14 રાજ્યોમાં વિઘટન થયું.

→ એ પ્રક્રિયાના એક ભાગરૂપે 3 ઑક્ટોબર, 1990ના દિવસે પશ્ચિમ જર્મની અને પૂર્વ જર્મનીનું એકીકરણ થયું.

→ જર્મન પ્રજાનાં દુઃખ, યાતનાઓ, સંતાપ અને ક્રૂરતાભર્યા જોરજુલમના પ્રતીક સમી બર્લિનની દીવાલ હર્ષોલ્લાસ સાથે તોડી પાડવામાં આવી.

→ એ દીવાલ જમીનદોસ્ત થતાં સમગ્ર જર્મન પ્રજાએ ભારે ખુશી અને આનંદ અનુભવ્યાં.

→ સંયુક્ત બનેલા જર્મનીએ ઈ. સ. 1990 પછીના દશકામાં ખૂબ ઝડપી પ્રગતિ સાધી. પરિણામે રાજકીય, આર્થિક, વેપાર-વાણિજ્ય, સામાજિક વગેરે ક્ષેત્રે પ્રગતિ સાધીને તે યુરોપનું સંપન્ન રાષ્ટ્ર બન્યું છે.

(6) ભારત અને યૂ.એસ.એ. વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ (યૂ.એસ.એ.) બંને લોકશાહી દેશો છે. ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે અનેક સમાનતાઓ હોવા છતાં છેલ્લા પાંચ દાયકા દરમિયાન તેમની વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર ચડાવ-ઉતાર આવ્યા છે.

→ આઝાદી મેળવ્યા પછી ભારત પોતાના નેતૃત્વ હેઠળના 'લોકશાહી સત્તાજૂથ'માં જોડાઈ જશે એવી યુનાઇટેડ સ્ટેટ્સની અપેક્ષા હતી. પરંતુ ભારતે કોઈ સત્તાજૂથમાં જોડાવાને બદલે 'બિનજોડાણવાદી નીતિ' અપનાવી. ભારતનો આ નિર્ણય મહાસત્તા યુનાઇટેડ સ્ટેટ્સને ગમ્યો નહિ. તેથી ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચેના સંબંધો બંધાયા નહિ.

→ પાકિસ્તાન યુનાઇટેડ સ્ટેટ્સના નેતૃત્વ હેઠળના સત્તાજૂથ અને લશ્કરી સંગઠનમાં જોડાયું હતું. આથી યુનાઇટેડ સ્ટેટ્સે જમ્મુ-કશ્મીરના પ્રશ્ને હંમેશાં પાકિસ્તાનનું સમર્થન કર્યું છે. યુનાઇટેડ સ્ટેટ્સની પાકિસ્તાનનો પક્ષપાત કરવાની નીતિને કારણે બંને દેશો વચ્ચે સારા સંબંધો બંધાયા નહિ.

→ યુનાઇટેડ સ્ટેટ્સના પ્રભાવ હેઠળ ઘડાયેલી 'પરમાણુ બિનપ્રસાર સંધિ' અને 'સર્વગ્રાહી પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ' પર ભારત હસ્તાક્ષર કરે એવો યુનાઇટેડ સ્ટેટ્સે આગ્રહ રાખ્યો છે. પરંતુ એ બંને સંધિઓ ભેદભાવયુક્ત અને પોતાનાં રાષ્ટ્રીય હિતોને નુકસાનકર્તા હોવાથી ભારતે તેની પર હસ્તાક્ષર કર્યા નહિ. પોતાના ઇરાદાઓ અને આગ્રહની અવગણના થતાં યુનાઇટેડ સ્ટેટ્સ ભારત પર નારાજ થયું. જ્યારે ઈ. સ. 1998માં ભારતે પોખરણ (રાજસ્થાન) ખાતે સફળ પરમાણુ અખતરો કર્યો ત્યારે યુનાઇટેડ સ્ટેટ્સ ભારત પર છંછેડાયું અને તેણે ભારત સામે કેટલાક પ્રતિબંધો મૂક્યા. પરિણામે બંને દેશો વચ્ચે મતભેદો ઊભા થયા.

→ 11 સપ્ટેમ્બર, 2001ના દિવસે યુનાઇટેડ સ્ટેટ્સના ન્યૂ યૉર્ક શહેરમાં આવેલા વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા વિનાશક આતંકવાદી હુમલાના બનાવ પછી યુનાઇટેડ સ્ટેટ્સ અને ભારત વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર સુધારો થયો છે.

→ સપ્ટેમ્બર, 2014 અને 2015માં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાની મુલાકાત લીધી હતી અને સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાને પણ સંબોધી હતી. અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા ભારતના 66મા પ્રજાસત્તાકદિનના સમારોહના મુખ્ય અતિથિ બની ભારતની મુલાકાતે આવ્યા હતા. ભારતીય ગણતંત્રદિવસમાં ભાગ લેનારા તેઓ અમેરિકાના પ્રથમ પ્રમુખ હતા. આમ, ભારત અને યૂ.એસ.એ. વચ્ચે સુમેળભર્યા સંબંધો સ્થપાઈ રહ્યા છે.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો :

અથવા *[પ્રત્યેકના 3 ગુણ]*

ટૂંક નોંધ લખો :

*** (1) બર્લિનની નાકાબંધી**

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધને અંતે પરાજિત જર્મનીને ચાર વહીવટી વિસ્તારોમાં વહેંચી દેવામાં આવ્યું.

→ એ જ રીતે તેની રાજધાની બર્લિનને પણ ચાર વહીવટી વિભાગોમાં વહેંચી દઈ તેના પર ચાર મહાસત્તાઓનો વહીવટ સ્થાપવામાં આવ્યો.

→ થોડાં વર્ષો પછી અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને પોતાના વહીવટ હેઠળના પશ્ચિમ જર્મનીના ત્રણ પ્રદેશોનું એકીકરણ કરી **'ફેડરલ રિપબ્લિક ઑફ ઈસ્ટ જર્મની'** તરીકે રચના કરી.

→ આ દેશોએ પશ્ચિમ જર્મનીના ત્રણ પ્રદેશોના એકીકરણની જેમ બર્લિનના ત્રણ વિભાગોને પણ એક બનાવ્યા.

→ પ્રક્રિયાના વિરોધરૂપે એપ્રિલ, 1948માં સોવિયેત યુનિયને 'બર્લિનની નાકાબંધી' જાહેર કરી.

→ પરિણામે પશ્ચિમી દેશો અને સોવિયેત યુનિયન વચ્ચે ભારે તણાવ ઊભો થયો.

→ ઘણા વિદ્વાનો આ નાકાબંધીને ઠંડા યુદ્ધનો આરંભ માને છે.

*** (2) શસ્ત્રીકરણ અને નિઃશસ્ત્રીકરણ**

ઉત્તર : શસ્ત્રીકરણ : 'ઠંડા યુદ્ધ'ના તબક્કા દરમિયાન બંને મહાસત્તાઓ વચ્ચે વિશ્વ પર પોતાનાં પ્રભાવ અને પ્રભુત્વ જમાવવા માટે વિવિધ પ્રકારનાં સંખ્યાબંધ સંહારક શસ્ત્રોનું ઉત્પાદન વધારવાની હરીફાઈ થઈ.

→ અમેરિકાએ સૌથી વધુ સંહારક એવો પરમાણુ બૉમ્બ બનાવ્યો અને દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન, ઈ. સ. 1945માં, જાપાનનાં હિરોશિમા અને નાગાસાકી શહેરો પર તેનો ઉપયોગ કર્યો અને અણુશસ્ત્રોમાં પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી. એ પછીનાં ચાર વર્ષમાં ઈ. સ. 1949માં સોવિયેત યુનિયને અણુઅખતરો કરી અણુશસ્ત્રો બનાવવાની પોતાની ક્ષમતા પુરવાર કરી. એ પછી વિશ્વના અગ્રણી દેશો વચ્ચે પરમાણુ શસ્ત્રો બનાવવાની સ્પર્ધા શરૂ થઈ.

→ બે મહાસત્તાઓ પછી બ્રિટને પરમાણુ શસ્ત્રો વિકસાવ્યાં. એ પછીના દાયકામાં ફ્રાન્સ અને ચીન પરમાણુ શસ્ત્રો વિકસાવી પરમાણુ સત્તાઓ બન્યા. આમ, વિશ્વનાં પાંચ રાષ્ટ્રો પરમાણુ શસ્ત્રો ધરાવતાં રાષ્ટ્રો બન્યાં. ચીન સિવાયનાં ચાર રાષ્ટ્રો સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિનાં કાયમી સભ્ય-રાષ્ટ્રો હતાં.

→ આ પાંચ રાષ્ટ્રો પાસે પરમાણુ શસ્ત્રો, વિઘાતક રાસાયણિક જૈવિક શસ્ત્રો તેમજ હજારો કિલોમીટર દૂર આવેલાં નિશ્ચિત લક્ષ્યાંકો પર ફેંકી શકાય એવાં પ્રક્ષેપાસ્ત્રો(મિસાઇલ)ના ઉત્પાદનની અદ્યતન ટેક્નોલૉજી હતી. સમગ્ર મનુષ્ય જાતિનો જ નહિ પરંતુ સમગ્ર જીવસૃષ્ટિ સાથે આખા જગતનો અનેક વાર વિનાશ કરી શકે એવાં શસ્ત્રોના ભય નીચે વિશ્વ જીવતું હતું.

નિઃશસ્ત્રીકરણ : ઈ. સ. 1961 – 62માં સર્જાયેલી 'ક્યૂબાની કટોકટી'ની ઘટના પછી અમેરિકા, સોવિયેત યુનિયન અને બ્રિટને પરમાણુ શસ્ત્રોના નિઃશસ્ત્રીકરણની દિશામાં પ્રથમ સોપાન તરીકે પરમાણુ શસ્ત્રોના ઉત્પાદન, પરીક્ષણ અને પ્રસારણ પર અંકુશ મૂકવા માટે સહમત થયા. આ માટે તેમણે **'આંશિક પરમાણુ અખતરાબંધી'** નામની સંધિ તૈયાર કરી. આ સંધિ એક બીજા દેશ પર અણુઅખતરા કરવા પર પ્રતિબંધ મૂકતી હતી. આ સંધિ પર ફ્રાન્સ અને ચીને હસ્તાક્ષર કરવાનો ઇન્કાર કર્યો. ઈ. સ. 1964માં ચીને અણુઅખતરો કર્યો.

→ બંને મહાસત્તાઓ વચ્ચેના ઠંડા યુદ્ધની તીવ્રતા ઓછી થતાં અને તેમની વચ્ચે 'સંબંધ સુધાર'ની પ્રક્રિયા શરૂ થતાં મહાસત્તાઓએ પરમાણુ શસ્ત્રો પર મર્યાદા મૂકતી અને તેમાં ઘટાડો કરતી સંધિઓ પર હસ્તાક્ષર કર્યા છે. ભારતે આ સંધિઓ આવકારી છે. પરંતુ તે હંમેશાં સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણની હિમાયત કરે છે.

→ જ્યાં સુધી પરમાણુ શસ્ત્રોનું સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ નહિ થાય ત્યાં સુધી વિશ્વ પરમાણુ શસ્ત્રોના જોખમમાંથી મુક્ત બની શકશે નહિ.

*** (3) ક્યૂબાની કટોકટી** *અથવા*
ક્યૂબાની કટોકટી વિશે માહિતી આપો.

ઉત્તર : ઈ. સ. 1961–1962 દરમિયાન અમેરિકાએ તેની દક્ષિણ-પશ્ચિમે આવેલા સામ્યવાદી દેશ ક્યૂબાની નાકાબંધી કરી.

→ અમેરિકાના સંભવિત લશ્કરી આક્રમણ સામે ક્યૂબાની સલામતી માટે સોવિયેત યુનિયને પરમાણુ શસ્ત્રોથી સજ્જ મિસાઇલો ભરેલાં વહાણો કૅરિબિયન સમુદ્ર તરફ રવાના કર્યાં.

→ વિશ્વની બંને મહાસત્તાઓએ એકબીજા પર પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની ધમકી આપી. વિશ્વમાં પરમાણુ યુદ્ધની પરિસ્થિતિ ઊભી થઈ. અંતે અમેરિકા અને સોવિયેત યુનિયનના વડાઓએ સૌપ્રથમ વાર **'હોટ લાઇન'** પર વાતચીત કરી.

→ પરિણામે સોવિયેત યુનિયને પોતાનાં વહાણ પાછાં વાળી લીધાં અને અમેરિકાએ ક્યૂબા સામે ગોઠવેલાં પરમાણુ શસ્ત્રોવાળાં મિસાઇલો ઉતારી લીધાં. પરિણામે બંને દેશો વચ્ચે યુદ્ધની ઘટના ટળી ગઈ.

→ આ ઘટનાને 'ક્યૂબાની કટોકટી' તરીકે ઓળખવામાં આવે છે.

→ 'ક્યૂબાની કટોકટી'ની આ ઘટના વેળા બંને મહાસત્તાઓએ સદ્‌ભાવપૂર્ણ સંદેશાની સૌપ્રથમ આપ-લે શરૂ કરી. બંને મહા-સત્તાઓ વચ્ચે ગેરસમજ દૂર થવાનો માર્ગ મોકળો બન્યો.

→ ક્યૂબાની કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ગણવામાં આવે છે.

(4) પરમાણુ શસ્ત્રો અને મિસાઇલો

ઉત્તર : પરમાણુ બૉમ્બ પરમાણુ શસ્ત્ર છે. માનવીએ શોધેલાં સંહારક શસ્ત્રોમાં તે સૌથી વધુ ઘાતક, સંહારક અને અંતિમ શસ્ત્ર છે.

→ ઈ. સ. 1945માં અમેરિકાએ જાપાનનાં હિરોશિમા અને નાગાસાકી શહેરો પર અણુબૉમ્બનો ઉપયોગ કરી જગતને તેની મહાવિનાશક શક્તિની પ્રતીતિ કરાવી હતી.

→ એ પછી થોડાં વર્ષોમાં સોવિયેત યુનિયને, બ્રિટને, ફ્રાન્સે અને ચીને પરમાણુ શસ્ત્રો વિકસાવ્યાં.

→ ઈ. સ. 1965માં વિશ્વનાં આ પાંચ રાષ્ટ્રો પરમાણુ શસ્ત્રો ધરાવતાં રાષ્ટ્રો બન્યાં. પરમાણુ શસ્ત્રો બનાવવાની સામગ્રી અને અદ્યતન ટેક્નોલૉજી તેમની પાસે હોવાથી તેમણે વધુ ને વધુ સંહારક શક્તિ ધરાવતાં પરમાણુ શસ્ત્રો બનાવ્યાં.

→ આ સાથે તેમણે પરમાણુ શસ્ત્રો હજારો કિલોમીટર દૂર આવેલાં નિશ્ચિત લક્ષ્યાંકો પર છોડી શકાય એવાં મધ્યમ અને લાંબા અંતરનાં મિસાઇલો (પ્રક્ષેપાસ્ત્રો) વિકસાવ્યાં.

→ વિશ્વ આજે માત્ર મનુષ્યો જ નહિ પરંતુ સમગ્ર જીવસૃષ્ટિ સાથે સમગ્ર વિશ્વનો અનેક વખત વિનાશ કરી શકે એટલાં મહાસંહારક શસ્ત્રોના જ્વાળામુખી પર બેઠું છે.

(5) જર્મન ચમત્કાર

ઉત્તર : અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને પોતાના દેશોના વહીવટી અંકુશ હેઠળના જર્મન પ્રદેશોનું એકીકરણ કરીને **'ફેડરલ રિપબ્લિક ઑફ જર્મની'**ની રચના કરવામાં આવી. તેને 'પશ્ચિમ જર્મની'નું નામ આપવામાં આવ્યું.

→ આ નવા દેશમાં લોકશાહી શાસનતંત્ર અમલમાં આવ્યું.

→ એ પછીના સાડા ચાર દાયકા દરમિયાન પશ્ચિમ જર્મનીએ અભૂતપૂર્વ વિકાસ સાધ્યો, જેને વિદ્વાનો **'જર્મન ચમત્કાર'** તરીકે ઓળખાવે છે.

*** (6) સોવિયેત યુનિયનનું વિઘટન**

ઉત્તર : 20મી સદીના છેલ્લા દાયકા દરમિયાન ઉદારમતવાદી વલણ ધરાવતા મિખાઇલ ગોર્બોચોવ સોવિયેત યુનિયનના પ્રમુખ બન્યા. તેમની એ નીતિને કારણે સોવિયેત યુનિયન વિચારસરણીમાં પરિવર્તન આવ્યું. તેથી સોવિયેત યુનિયન(રશિયા)નું વિભાજન થયું. સોવિયેત યુનિયનનું શાંતિપૂર્ણ વિઘટન એ વિશ્વરાજકારણની એક અદ્વિતીય અને શકવર્તી ઘટના ગણાય છે.

→ 11 માર્ચ, 1985માં મિખાઇલ ગોર્બોચોવ સામ્યવાદી પક્ષના નવા મહામંત્રી તરીકે સત્તાસ્થાને આવ્યા. તેમના કાર્યકાળ દરમિયાન રશિયાએ વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી. તે અમેરિકા જેવી મહાસત્તા સામે શક્તિ ધરાવતું બન્યું.

→ મિખાઇલ ગોર્બોચોવની 'ગ્લાસ્નોસ્ત' (ખુલ્લાપણું) અને 'પેરેસ્ટ્રોઇકા' (આર્થિક અને સામાજિક સુધારણાની નીતિ) નીતિઓને કારણે સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘનાં સભ્ય-રાજ્યો સ્વતંત્ર અને સાર્વભૌમ રાજ્યનો દરજ્જો મેળવવા તત્પર બન્યાં. આ રાજ્યો એક પછી એક સ્વતંત્ર બન્યાની ઘોષણા કરવા લાગ્યાં.

→ ધીમે ધીમે સોવિયેત યુનિયનના વહીવટીતંત્ર પર સામ્યવાદી પક્ષ, અમલદારશાહી અને લાલ સેના(રેડ આર્મી)ની પકડ ઢીલી પડવા લાગી.

→ ઈ. સ. 1990માં સોવિયેત યુનિયનના વિભાજનથી પ્રક્રિયા શરૂ થઈ. ડિસેમ્બર, 1991માં દેશનાં કુલ 15 રાજ્યોમાંથી 14 રાજ્યો સ્વતંત્ર થતાં સોવિયેત યુનિયનના વિઘટનની પ્રક્રિયા પૂરી થઈ.

→ 15મું રાજ્ય રશિયા સૌથી મોટું છે. તે 'રશિયન ફેડરેશન'ના નામે ઓળખાય છે.

(7) ભારતનું આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિશ્વ રાજકારણમાં પ્રદાનની સમજ આપો.

ઉત્તર : સ્વતંત્ર થયા પછી ભારતે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો છે. વિશ્વમાં સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ, કાળા-ગોરા વચ્ચેનો રંગભેદ વગેરે દૂષણો નાબૂદ કરવા તેમજ તેની સામે ચાલતી ચળવળોને ભારતે હંમેશાં ટેકો આપ્યો છે.

→ સંયુક્ત રાષ્ટ્રોના આદેશથી ભારતે કોરિયાના યુદ્ધમાં ઘવાયેલા સૈનિકોની તબીબી સારવાર માટે દવાઓ અને તબીબી ટુકડીઓ મોકલી હતી. ગાઝા, સાયપ્રસ, કૉંગો, શ્રીલંકા વગેરેમાં સર્જાયેલી કટોકટી વખતે સંયુક્ત રાષ્ટ્રોના શાંતિ સ્થાપક દળોમાં ભારતે પોતાના સૈનિકોને મોકલીને એ દેશોમાં શાંતિ સ્થાપવામાં સક્રિય કામગીરી બજાવી હતી.

→ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવાના તેમજ સમગ્ર વિશ્વના લોકોના સ્વાતંત્ર્ય અને સુખસમૃદ્ધિ માટેના તમામ પ્રયત્નોમાં ભારતે સંપૂર્ણ સહકાર આપ્યો છે.

→ સંયુક્ત રાષ્ટ્રોની મહાસભામાં પરમાણુ શસ્ત્રોના સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણનો ઠરાવ રજૂ કરીને ભારતે શાંતિની ઇચ્છાને વાચા આપી હતી.

→ દુનિયાના દરેક દેશે ઘાતક શસ્ત્રોનું ઉત્પાદન બંધ કરી તેમજ સૈન્ય સંખ્યા ઘટાડીને એ નાણાં વિશ્વની ગરીબ તથા ભૂખમરાથી પીડાતી પ્રજાના આર્થિક અને સામાજિક વિકાસ માટે કરવો જોઈએ. એવી માગણી હંમેશાં ભારતે સંયુક્ત રાષ્ટ્રો સમક્ષ કરી છે.

→ આમ, વિશ્વશાંતિ એ ભારતની વિદેશનીતિનો મુખ્ય સિદ્ધાંત છે. વિશ્વશાંતિ માટે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે સહકાર, વિશ્વાસ અને સમજણનું વાતાવરણ સ્થાપવા માટે ભારતે સતત પ્રયાસ કર્યો છે.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

*** (1) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી મહાસત્તાઓ વચ્ચેના સંબંધો શાથી તનાવપૂર્ણ બન્યા?**

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી અસ્તિત્વમાં આવેલી પરસ્પર વિરોધી વિચારસરણીવાળી બે મહાસત્તાઓ અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચે સમગ્ર વિશ્વ પર પ્રભુત્વ સ્થાપવાની તીવ્ર સ્પર્ધા શરૂ થઈ.

→ પરસ્પરની શંકા-કુશંકા અને અવિશ્વાસમાંથી જન્મેલા ભયને કારણે બંને મહાસત્તાઓએ પોતપોતાનાં લશ્કરી જૂથો બનાવ્યાં. વિશ્વના મોટા ભાગના દેશો એક યા બીજા લશ્કરી જૂથમાં જોડાયા.

→ વિશ્વ બે સત્તાજૂથો અને લશ્કરી જૂથોમાં વહેંચાઈ ગયું. સત્તાનું અમેરિકા અને રશિયા – આ બે ધ્રુવોમાં કેન્દ્રીકરણ થયું.

→ દ્વિતીય વિશ્વયુદ્ધના અંતે જગતમાં એકલું અમેરિકા જ અણુબૉમ્બ જેવું વિનાશકારી શસ્ત્ર ધરાવતું હતું. પરંતુ ઈ. સ. 1949માં સોવિયેત યુનિયને સફળ અણુઅખતરો કરી પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું.

→ અરસપરસના ઇરાદાઓ માટે ભારે શંકા-કુશંકા અને અવિશ્વાસને કારણે બંને મહાસત્તાઓ વચ્ચે મહાવિનાશકારી શસ્ત્રોના ઉત્પાદનની તીવ્ર હરીફાઈ શરૂ થઈ.

→ ઉપર્યુક્ત કારણોને લીધે બીજા વિશ્વયુદ્ધ પછી મહાસત્તાઓ વચ્ચેના સંબંધો તનાવપૂર્ણ બન્યા.

(2) વિશ્વ શા માટે સત્તાજૂથો અને લશ્કરી જૂથોમાં વહેંચાઈ ગયું?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જગતમાં અમેરિકાતરફી લોકશાહી દેશોનું અને સોવિયેત યુનિયનતરફી સામ્યવાદી દેશોનું એમ પરસ્પર વિરોધી વિચારસરણીવાળાં બે સત્તાજૂથો અસ્તિત્વમાં આવ્યાં હતાં.

→ આ બંને સત્તાજૂથોએ જગતમાં પોતપોતાની વિચારસરણીનો પ્રચાર કરી એકબીજા પર વર્ચસ્વ સ્થાપવાના પ્રયાસો કર્યા.

→ બંને સત્તાજૂથોએ પોતપોતાનાં પ્રભુત્વ વધારવા જે પરિસ્થિતિનું નિર્માણ કર્યું તેમાંથી બંને સત્તાજૂથો વચ્ચે ભારોભાર અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું.

→ તેમાંથી ઉપસ્થિત થયેલા ભયને કારણે બંને સત્તાજૂથોએ પોતાના વર્ચસ્વવાળાં કેટલાંક લશ્કરી જૂથો રચ્યાં.

→ વિશ્વના મોટા ભાગના દેશો એક યા બીજા લશ્કરી જૂથમાં જોડાઈ. સત્તાજૂથો – લશ્કરી જૂથોમાં વહેંચાઈ ગયું.

(3) વિશ્વમાં કયાં કયાં લશ્કરી જૂથોની સ્થાપના થઈ? કોઈ એક લશ્કરી જૂથ વિશે સમજાવો.

ઉત્તર : વિશ્વમાં નાટો (NATO), સિઆટો (SEATO), સેન્ટો (CENTO) અને વૉર્સો કરાર નામનાં લશ્કરી જૂથોની સ્થાપના થઈ.

→ **નાટો (NATO) :** સોવિયેત યુનિયન અને તેના સામ્યવાદને અંકુશિત કરવાના ઉદ્દેશથી એપ્રિલ, 1949માં અમેરિકાની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ ઉત્તર ઍટલૅન્ટિક મહાસાગરના કિનારે આવેલા પશ્ચિમી લોકશાહી દેશોનું એક લશ્કરી સંગઠન રચવામાં આવ્યું. તે **'નાટો'**(NATO – નૉર્થ ઈસ્ટ ઍટલૅન્ટિક ટ્રીટી ઑર્ગેનાઇઝેશન)ના નામે ઓળખાય છે.

(4) 'ઠંડું યુદ્ધ' એટલે શું? તેનો અંત કેવી રીતે આવ્યો?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વના રાજકારણમાં અમેરિકાતરફી અને રશિયાતરફી એ બે પરસ્પર વિરોધી વિચારસરણીવાળાં સત્તાજૂથો રચાયાં.

→ આ બંને સત્તાજૂથોએ વિશ્વ પર પોતાનાં પ્રભાવ અને પ્રભુત્વ જમાવવા જે અત્યંત તંગ રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કર્યું તેને 'ઠંડું યુદ્ધ' (Cold War) કહેવામાં આવે છે.

→ 20મી સદીના છેલ્લા દાયકામાં રશિયાના પ્રમુખ ગોર્બોચોવની ઉદારમતવાદી નીતિને કારણે સોવિયેત યુનિયનની રાજકીય વિચારસરણીમાં આવેલા પરિવર્તનથી સોવિયેત યુનિયનનું વિઘટન થયું.

→ પરિણામે વિશ્વમાંથી ઠંડા યુદ્ધની સ્થિતિનો કાયમ માટે અંત આવ્યો.

*** (5) 'પરમાણુ બિનપ્રસાર સંધિ' એટલે શું? ભારતે તેના પર કેમ હસ્તાક્ષર કર્યા નથી?**

ઉત્તર : જગતની પરમાણુ સત્તાઓએ પરમાણુ શસ્ત્રો અને પ્રક્ષેપાસ્ત્રોનો ફેલાવો જગતના અન્ય દેશોમાં થતો અટકાવવા માટે ઘડેલી સંધિ 'પરમાણુ બિનપ્રસાર સંધિ' તરીકે ઓળખાય છે.

→ પરમાણુ બિનપ્રસાર સંધિ પરમાણુ શસ્ત્રો અને પ્રક્ષેપાસ્ત્રો ધરાવતા (મુખ્યત્વે અમેરિકા અને સોવિયેત યુનિયન) દેશો પર કોઈ નિયંત્રણ મૂકતી નથી. તેઓ તેમનાં એ શસ્ત્રોમાં વધારો કરી શકે છે, પરંતુ

એ શસ્ત્રોના ઉત્પાદન પર તેઓ અન્ય દેશો પર કડક નિયંત્રણો મૂકે છે.

→ આમ, આ સંધિ સંપૂર્ણ ભેદભાવયુક્ત અને ભારતનાં રાષ્ટ્રીય હિતોની વિરોધી હોવાથી ભારતે તેની પર હસ્તાક્ષર કર્યા નથી.

(6) વિશ્વમાં પરમાણુ શસ્ત્રોના નિઃશસ્ત્રીકરણની દિશામાં સૌપ્રથમ કયા દેશોએ પ્રયત્નો શરૂ કર્યા? કઈ રીતે?

ઉત્તર : વિશ્વમાં પરમાણુ શસ્ત્રોના નિઃશસ્ત્રીકરણની દિશામાં સૌપ્રથમ અમેરિકા, સોવિયેત યુનિયન અને બ્રિટને પ્રયત્નો શરૂ કર્યા. આ માટે તેમણે 'આંશિક પરમાણુ અખતરાબંધી સંધિ' તૈયાર કરી અને તેની પર હસ્તાક્ષર કર્યા.

(7) મહાસત્તાઓ વચ્ચે 'સત્તાની સમતુલા' શાથી સધાઈ?

ઉત્તર : ઈ. સ. 1945માં વિશ્વની મહાસત્તા અમેરિકાએ જાપાનનાં હિરોશિમા અને નાગાસાકી નામનાં બે શહેરો પર સૌપ્રથમ અણુબૉમ્બનો ઉપયોગ કરીને અણુશસ્ત્રો બનાવવાની પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી.

→ એ પછી માત્ર ચાર જ વર્ષમાં ઈ. સ. 1949માં અમેરિકાની હરીફ મહાસત્તા સોવિયેત યુનિયને સફળ અણુઅખતરો કરી અણુશસ્ત્રો બનાવવાની પોતાની ક્ષમતા પુરવાર કરી.

→ આમ, એકબીજાની હરીફ મહાસત્તાઓ અમેરિકા અને સોવિયેત યુનિયને અણુશસ્ત્રો બનાવવાનું સામર્થ્ય પ્રાપ્ત કરતાં બંને મહાસત્તાઓ વચ્ચે 'સત્તાની સમતુલા' સધાઈ.

(8) 'બિનજોડાણવાદી નીતિ' એટલે શું?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી સ્વતંત્ર થયેલાં કેટલાંક નવોદિત રાષ્ટ્રોએ પરસ્પર વિરોધી બે સત્તાજૂથો અને લશ્કરી જૂથો સાથે ન જોડાયાં. આમ, વિશ્વના કોઈ પણ સત્તાજૂથ કે લશ્કરી જૂથમાં નહિ જોડાયેલ રાષ્ટ્રોએ અપનાવેલ વિદેશનીતિને 'બિનજોડાણવાદી નીતિ' કહેવામાં આવે છે.

*** (9) પંડિત જવાહરલાલ નેહરુ બિનજોડાણની નીતિ વિશે શું માનતા હતા?**

ઉત્તર : ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ બિનજોડાણની નીતિના પ્રખર હિમાયતી હતા.

→ તેઓ માનતા હતા કે, કોઈ એક સત્તાજૂથ કે લશ્કરી જૂથમાં જોડાવાને બદલે બિનજોડાણની નીતિ સ્વીકારીશું – તટસ્થ રહીશું – તો દેશનાં રાષ્ટ્રીય હિતોનું વધારે સારી રીતે રક્ષણ કરી શકીશું.

→ ભારત માનતું હતું કે વિશ્વના દેશોનું આવાં બે હરીફ-જૂથોમાં વિભાજન વિશ્વશાંતિ અને આંતરરાષ્ટ્રીય સહકાર માટે ખતરા-રૂપ છે.

*** (10) બિનજોડાણની નીતિનો અર્થ સમજાવો.**

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જગતમાં અમેરિકાતરફી લોકશાહી દેશોનું સત્તાજૂથ અને લશ્કરી જૂથ તથા સોવિયેત યુનિયનતરફી સામ્યવાદી સત્તાજૂથ અને લશ્કરી જૂથ એમ પરસ્પર વિરોધી મહાસત્તાઓ અને લશ્કરી જૂથો અસ્તિત્વમાં આવ્યાં.

→ એશિયા અને આફ્રિકાના નવા સ્વતંત્ર થયેલા દેશોએ પોતાની સ્વતંત્રતા તેમજ અન્ય રાષ્ટ્રીય હિતોની સુરક્ષા માટે આમાંના કોઈ પણ સત્તાજૂથ કે લશ્કરી જૂથમાં જોડાવાને બદલે, એ જૂથોથી સમાન અંતર રાખીને, તટસ્થ રહેવાનો નિર્ણય કર્યો.

→ આમ, અલિપ્ત રહેલા દેશોએ જગતના કોઈ પણ સત્તાજૂથ કે લશ્કરી જૂથમાં ન જોડાવાની અપનાવેલી વિદેશનીતિને **'બિનજોડાણની નીતિ'** કહેવામાં આવે છે.

*** (11) ભારત અને રશિયા વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.**

ઉત્તર : ભારતમાં ભારે અને ચાવીરૂપ ઉદ્યોગો સ્થાપવામાં અને સંરક્ષણ ક્ષેત્રે સજ્જ થવામાં રશિયાએ આર્થિક અને તકનિકી સહાય કરી છે.

→ રશિયાએ હંમેશાં જમ્મુ-કશ્મીરના પ્રશ્નમાં ભારતનો પક્ષ લીધો છે.

→ સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં કશ્મીરના મુદ્દે ભારત વિરુદ્ધ ઠરાવ પસાર ન થાય એ માટે રશિયાએ અનેક વખત પોતાની 'વીટો' (VETO) સત્તાનો ઉપયોગ કર્યો છે.

→ તેણે કશ્મીરના પ્રશ્ને વૈશ્વિક સ્તર પર ભારતના મતનું સમર્થન કર્યું છે.

→ આમ, ભારત અને રશિયા વચ્ચે ગાઢ મૈત્રીભર્યા સંબંધો પ્રવર્તે છે.

(12) ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : ઈ. સ. 1947માં ભારત અને પાકિસ્તાન આઝાદ થયાં. એ સમયથી તેમની વચ્ચેના સંબંધો તણાવભર્યા રહ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ઈ. સ. 1948, 1965, 1971 અને 1999-(કારગિલ)માં એમ ચાર વાર યુદ્ધો થયાં, તેમાં દરેક વખતે પાકિસ્તાનનો પરાજય થયો.

→ બંને દેશો વચ્ચે તાશ્કંદ કરાર અને શિમલા કરાર થયા છતાં પાકિસ્તાન એ કરારોને નિષ્ઠાપૂર્વક અનુસરતું નથી.

→ બંને દેશોના વડાઓ પોતાની સમસ્યાઓનો શાંતિમય સમાધાન દ્વારા ઉકેલ લાવવા પ્રયત્નો કરી રહ્યા છે.

(13) ભારત અને ચીન વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : ઈ. સ. 1945માં ભારત અને ચીન વચ્ચેના સંબંધોની શરૂઆત થઈ હતી. જ્યારે ચીને પોતાની સરહદોના નકશા પ્રકાશિત કર્યા ત્યારે ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં ભંગાણ પડ્યું. આ નકશામાં ચીને ભારતનો ઘણો મોટો વિસ્તાર પોતાનો છે એમ દર્શાવ્યું. તેનો ભારતે સખત વિરોધ કર્યો. ભારત અને ચીન વચ્ચેની સરહદ દર્શાવતી મેકમોહન રેખાનો ચીને અસ્વીકાર કર્યો, ત્યારથી બંને દેશો વચ્ચે મતભેદ ઊભા થયા છે.

→ ઈ. સ. 1962માં ચીને ભારત પર આક્રમણ કર્યું. તેણે જે પ્રદેશો પોતાના પ્રદેશો તરીકે દર્શાવ્યા હતા તેની પર તેણે કબજો મેળવ્યો. ભારતે સરહદોનું રક્ષણ કરવા લશ્કર મોકલ્યું. ચીને એકતરફી યુદ્ધવિરામ જાહેર કર્યો. એ રીતે યુદ્ધનો અંત આવ્યો. આ પ્રશ્નને ઉકેલવા માટે મંત્રણાઓ યોજાય છે, પરંતુ કોઈ સમાધાન થઈ શક્યું નથી.

→ આમ છતાં, છેલ્લા દાયકા દરમિયાન ભારત અને ચીન વચ્ચે સહકાર અને મૈત્રીપૂર્ણ સંબંધો વિકસતા રહ્યા છે.

(14) ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : ઈ. સ. 1971માં એક સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે બાંગ્લાદેશનો ઉદ્‌ભવ થયો. એ પહેલાં તે પાકિસ્તાનનો ભાગ હતો.

→ એક નવોદિત રાષ્ટ્ર તરીકે ભારતે બાંગ્લાદેશને આર્થિક, ટેક્નિકલ અને ભૌતિક સાધનોની ઘણી મદદ કરી છે. પરંતુ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કેટલીક બાબતોમાં મતભેદો ઊભા થયા છે. ગંગા નદીના પાણીનો ઉપયોગ અને તેની વહેંચણીના પ્રશ્નને ચર્ચાઓ દ્વારા ઉકેલવામાં આવ્યો છે.

→ અતિવૃષ્ટિ અને વાવાઝોડા જેવી કુદરતી આપત્તિ વખતે ભારતે બાંગ્લાદેશને પૂરતા પ્રમાણમાં મદદ કરી છે. ઈ. સ. 2015માં બંને રાષ્ટ્રો વચ્ચેના વિવાદિત જમીન વિસ્તારનો અને તે ક્ષેત્રના લોકોની નાગરિકતાના પ્રશ્નોનું નિરાકરણ વાટાઘાટોથી કરવામાં આવ્યું છે.

(15) ભારત અને ભૂતાન વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : ઈ. સ. 1949માં ભારતે ભૂતાન સાથે કાયમી શાંતિ અને મિત્રતાની સંધિ કરી છે. ભૂતાને પણ સંરક્ષણ અને વિદેશનીતિમાં ભારતને વિશ્વાસમાં લેવાનું સ્વીકાર્યું છે. ભારતે ભૂતાનને સંદેશવ્યવહાર અને વાહન-વ્યવહારના વિકાસ માટે આર્થિક સહાય કરીને સંબંધો મજબૂત બનાવ્યા છે.

→ ઈ. સ. 1958માં ભારતના વડા પ્રધાન નેહરુએ ભૂતાનની મુલાકાત લીધી હતી.

→ ઈ. સ. 1970માં ભારતના રાષ્ટ્ર-પ્રમુખે ભૂતાનની મુલાકાત લીધી હતી. ઈ. સ .1971માં ભારતે ભૂતાનને યુ.એન.નું સભ્ય બનાવવામાં મદદ કરી હતી.

→ ભારતના ભૂતાન સાથેના સંબંધોમાં ક્યારેય તંગદિલી ઊભી થઈ નથી.

→ જૂન, 2014માં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતાનની મુલાકાત લીધી હતી. એ સમયે તેમણે બંને દેશો વચ્ચે સુરક્ષા સંબંધિત સહયોગ પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

(16) ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : પ્રાચીન સમયથી ભારત શ્રીલંકા સાથે સંબંધો ધરાવે છે. ભારતના ઘણા તમિલ લોકો શ્રીલંકામાં લાંબા સમયથી વસવાટ કરે છે અને ત્યાં સ્થાયી થયા છે. તમિલ લોકોના નાગરિકત્વનો પ્રશ્ન બંને દેશોએ વાટાઘાટો દ્વારા ઉકેલવાનો પ્રયાસ કર્યો છે.

→ શ્રીલંકાના તમિલ લોકોને થતા અન્યાયો નાબૂદ થાય એ માટે તમિલ સંગઠનો અને શ્રીલંકાની સરકાર શાંતિમય રીતે ઉકેલ શોધે એવી ભારતની ઇચ્છા છે.

→ 13 માર્ચ, 2015ના રોજ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીલંકાની મુલાકાત વખતે તમિલ પ્રભાવિત વિસ્તાર જાફનાની મુલાકાત લીધી હતી.

→ શ્રીલંકન તમિલ અસરગ્રસ્તોના પુનર્વસન માટે 27,000 જેટલાં મકાનો ભારતની આર્થિક મદદથી બનાવવામાં આવ્યાં છે.

→ આજે શ્રીલંકા સાથે ભારતના મૈત્રીપૂર્ણ સંબંધો છે.

(17) ભારત અને નેપાલ વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : નેપાલ અને ભારત વચ્ચેના સંબંધોની શરૂઆત ઈ. સ. 1950માં બંને દેશો વચ્ચે કરવામાં આવેલી સમજૂતીથી થઈ હતી. એ સમજૂતી મુજબ બંને દેશોએ એકબીજાના સાર્વભૌમ અને પ્રાદેશિક અખંડિતતાનું જતન કરવાનું સ્વીકાર્યું છે. તેમજ બંને દેશોના નાગરિકોની એકબીજાના દેશમાં મુક્ત અવરજવરને માન્ય રાખેલ છે.

→ ભારતે નેપાલના સામાજિક અને આર્થિક વિકાસમાં ઘણી આર્થિક સહાય કરી છે. નેપાલના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે ભારત આવે છે.

→ હિમાલયમાંથી નીકળતી કેટલીક નદીઓ નેપાલમાંથી પસાર થઈને ભારતમાં આવે છે. ચોમાસામાં એ નદીઓમાં ભારે પૂર આવે છે. તેથી ભારતને ઘણું નુકસાન થાય છે. નદીઓનાં પૂર રોકવા માટે ભારત અને નેપાલ વચ્ચે સમજૂતી થાય એ માટે ભારત સક્રિય પ્રયત્નો કરી રહ્યું છે.

→ 25 એપ્રિલ, 2015ના રોજ નેપાલમાં 5.8ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેમાં લગભગ 8000 જેટલા લોકો મૃત્યુ પામ્યા હતા. આ કુદરતી હોનારતમાં ભારતે નેપાલને બચાવ કામગીરીમાં તેમજ રાહત અને પુનર્વસનમાં નોંધપાત્ર સહાય કરી હતી.

(18) ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મૈત્રીભર્યા સંબંધો છે.

→ અફઘાનિસ્તાનના નવસર્જનમાં ભારતનો સિંહફાળો રહ્યો છે.

→ બાંધકામ, આરોગ્ય અને કેળવણીક્ષેત્રે ભારતે અફઘાનિસ્તાનને નોંધપાત્ર મદદ કરી છે. આ ઉપરાંત તેના આર્થિક-સામાજિક ઉત્થાન માટે તેમજ કુદરતી આપત્તિ વખતે ભારતે આર્થિક મદદ કરી છે.

→ અફઘાનિસ્તાનના પાર્લમેન્ટ હાઉસનું બાંધકામ ભારતે પોતાના ખર્ચે કરી આપ્યું છે.

(19) ભારત અને મ્યાનમાર વચ્ચેના સંબંધોની સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : ભારત અને મ્યાનમાર (બર્મા) વચ્ચેના સંબંધો સુમેળભર્યા રહ્યા છે.

→ ઈ. સ. 1948માં મ્યાનમારને સ્વતંત્રતા મળી ત્યારથી બંને દેશો વચ્ચે મૈત્રીસંબંધો જળવાયા છે.

→ આઝાદી પછી મ્યાનમારે ભારત પાસે વિકાસ માટે આર્થિક સહાયની માગણી કરી ત્યારે ભારતે તરત જ સહાય મોકલી આપી હતી.

→ મ્યાનમાર હંમેશાં આર્થિક રીતે સમૃદ્ધ રહે એમ ભારત ઇચ્છે છે.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

*** (1) સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપનાએ નવા વિશ્વનો પાયો નાખ્યો છે.**

ઉત્તર : આધુનિક વિશ્વે બબ્બે મહાભયાનક અને સંહારક વિશ્વયુદ્ધોનાં માઠાં પરિણામો ભોગવ્યાં છે.

→ આવાં યુદ્ધોની યાતનાથી ભાવિ પ્રજાને બચાવવા ઈ. સ. 1945માં જગતના 50 દેશોએ વિશ્વસંસ્થા સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના કરી.

→ એ સમયે મળેલી પરિષદના સમાપન પ્રવચનમાં અમેરિકાના એ સમયના પ્રમુખ ટ્રુમેને જણાવ્યું હતું કે, હવે યુદ્ધો વિનાના વિશ્વમાં જગતનાં રાષ્ટ્રો પોતાના ઝઘડાઓ કે વિવાદોનો ઉકેલ ચર્ચાઓ, વાટાઘાટો કે લવાદી દ્વારા લાવશે.

→ તેમના મતે, સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપનાએ યુદ્ધો વિનાના નવા વિશ્વનો પાયો નાખ્યો છે.

(2) ઈ. સ. 1945થી 1962 સુધીના સમયગાળા(તબક્કા)ને 'ઠંડા યુદ્ધના તબક્કા' તરીકે ઓળખવામાં આવે છે.

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધને અંતે પરસ્પર વિરોધી વિચારસરણીવાળાં અમેરિકા અને સોવિયેત યુનિયન જગતની મહાસત્તાઓ બન્યાં.

→ પરસ્પર અવિશ્વાસ, આશંકા અને દ્વેષમાંથી જન્મેલા ભયને કારણે બંને મહાસત્તાઓએ પોતપોતાનાં લશ્કરી જૂથો બનાવ્યાં.

→ તેમણે સમગ્ર વિશ્વ પર પોતાનાં પ્રભુત્વ અને પ્રભાવ જમાવવા સક્રિય પ્રયાસો કર્યા.

→ આ સમયગાળા દરમિયાન વિશ્વના મોટા ભાગના દેશો આ બે મહાસત્તાઓ અને લશ્કરી જૂથોમાં વહેંચાઈ ગયા.

→ અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચે સત્તાનું કેન્દ્રીકરણ થયું. પરિણામે આ બે મહાસત્તાઓ વચ્ચેના સંબંધો સુમેળભર્યા ન રહ્યા. બંને જૂથો વચ્ચે અસંતોષનું વાતાવરણ સર્જાયું. આમ, સત્તા માટે ખેંચતાણ અને અત્યંત તીવ્ર તંગદિલીની પરિસ્થિતિનું નિર્માણ થયું.

→ આથી ઈ. સ. 1945થી 1962 સુધીના સમયગાળાને 'ઠંડા યુદ્ધના તબક્કા' તરીકે ઓળખવામાં આવે છે.

(3) 'બર્લિનની નાકાબંધી'ને ઠંડા યુદ્ધનો આરંભ ગણવામાં આવે છે.

ઉત્તર : જુઓ પ્રશ્ન **2**ની ટૂંક નોંધ **(1) બર્લિનની નાકાબંધી.**

*** (4) ક્યૂબાની કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ગણવામાં આવે છે.**

ઉત્તર : જુઓ પ્રશ્ન **2**ની ટૂંક નોંધ **(3) ક્યૂબાની કટોકટી.**

(5) ભારતે પરમાણુ બિનપ્રસાર સંધિ પર હસ્તાક્ષર કર્યા નથી.

ઉત્તર : જુઓ પ્રશ્ન **3**ના પેટાપ્રશ્ન **(5)**નો ઉત્તર.

(6) બીજા વિશ્વયુદ્ધ પછી જર્મનીનું વિભાજન કરવામાં આવ્યું.

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધને અંતે પરાજિત જર્મનીની રાજ્યવ્યવસ્થા, સામાજિક વ્યવસ્થા અને અર્થતંત્ર સદંતર ભાંગી પડ્યાં હતાં.

→ એ સમયે જર્મનીને ફરીથી બેઠું કરી શકે તેવો કોઈ નેતા નહોતો.

→ વળી, જો જર્મનીને એક અને અખંડ રાખવામાં આવે તો તે ફરીથી એક મજબૂત લશ્કરી સત્તા બની જાય તો વિશ્વ માટે જોખમરૂપ બને તેવો મિત્રરાષ્ટ્રોને ભય હતો.

→ આથી બીજા વિશ્વયુદ્ધ પછી વિજેતા રાષ્ટ્રોએ પરાજિત જર્મનીને ચાર વહીવટી વિભાગોમાં વહેંચી નાખ્યું.

(7) સોવિયેત યુનિયનના વિઘટન સાથે 'ઠંડા યુદ્ધ'નો અંત આવ્યો.

ઉત્તર : 20મી સદીના છેલ્લા દાયકા દરમિયાન સોવિયેત યુનિયનના પ્રમુખ ગોર્બોચોવની ઉદાર નીતિને કારણે સોવિયેત યુનિયનની વિચારસરણીમાં આવેલા પરિવર્તનથી સોવિયેત યુનિયનનું શાંતિપૂર્ણ વિઘટન થયું. પરિણામે દ્વિધ્રુવી વિશ્વ-રાજકારણનો કાયમી અંત આવ્યો. એની સાથે 'ઠંડા યુદ્ધ'નો પણ અંત આવ્યો.

(8) સોવિયેત યુનિયનનું શાંતિપૂર્ણ વિઘટન એક શકવર્તી ઘટના ગણાય છે.

ઉત્તર : ઈ. સ. 1985માં ઉદારમતવાદી વલણ ધરાવતા મિખાઈલ ગોર્બોચોવ સોવિયેત યુનિયનના પ્રમુખ બન્યા.

→ મિખાઈલ ગોર્બોચોવની ઉદારમતવાદી નીતિને કારણે સોવિયેત યુનિયનની વિચારસરણીમાં પરિવર્તન આવ્યું.

→ ધીરે ધીરે સોવિયેત યુનિયનના વહીવટીતંત્ર પર સામ્યવાદી પક્ષ, અમલદારશાહી અને લાલ સેના(રેડ આર્મી)ની પકડ ઢીલી પડવા લાગી.

→ ઈ. સ. 1990માં સોવિયેત યુનિયનના વિઘટનની પ્રક્રિયા શરૂ થઈ. ડિસેમ્બર, 1991 સુધીમાં દેશનાં કુલ 15 રાજ્યોમાંથી 14 રાજ્યો સ્વતંત્ર થતાં વિઘટનની પ્રક્રિયા પૂરી થઈ.

→ આ સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ અને લોહીનું એક પણ ટીપું પાડ્યા વિના પૂરી થઈ. લાલ સેના(રેડ આર્મી)એ પણ તેમાં કોઈ દખલગીરી કરી નહિ.

→ આથી સોવિયેત યુનિયનનું શાંતિપૂર્ણ વિઘટન એક શકવર્તી ઘટના ગણાય છે.

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ની સ્થાપના ક્યારે થઈ ?

ઉત્તર : 24 ઑક્ટોબર, 1945ના રોજ સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ની સ્થાપના થઈ.

(2) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી કઈ બે મહાસત્તાઓ વચ્ચે વિશ્વ પર પ્રભુત્વ જમાવવા માટે સ્પર્ધા શરૂ થઈ ?

ઉત્તર : વિશ્વયુદ્ધ પછી બે મહાસત્તાઓ અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચે વિશ્વ પર પ્રભુત્વ જમાવવા માટે સ્પર્ધા શરૂ થઈ.

(3) ઈ. સ. 1945થી 1962ના સમયગાળાને કયા તબક્કા તરીકે ઓળખવામાં આવે છે ?

ઉત્તર : ઈ. સ. 1945થી 1962ના સમયગાળાને 'ઠંડા યુદ્ધ'ના તબક્કા તરીકે ઓળખવામાં આવે છે.

(4) દ્વિતીય વિશ્વયુદ્ધના પાછળના તબક્કા દરમિયાન સોવિયેત યુનિયને કયા કયા દેશો પર લશ્કરી કબજો જમાવ્યો ?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધના પાછળના તબક્કા દરમિયાન સોવિયેત યુનિયને પૂર્વ જર્મની, ઑસ્ટ્રિયા, આલ્બેનિયા, હંગેરી, યુગોસ્લાવિયા, ઝેકોસ્લોવેકિયા, પોલૅન્ડ, રુમાનિયા, બલ્ગેરિયા, બાલ્ટિક રાજ્યો વગેરે દેશો પર લશ્કરી કબજો જમાવ્યો.

(5) વિશ્વમાં કયાં કયાં લશ્કરી જૂથોની સ્થાપના થઈ છે?

ઉત્તર : વિશ્વમાં નાટો (NATO), સિઆટો (SEATO), સેન્ટો (CENTO), વૉર્સો કરાર વગેરે લશ્કરી જૂથોની સ્થાપના થઈ છે.

(6) 'વૉર્સો કરાર' સૈનિક સંગઠનના કયા કયા દેશો સભ્યો હતા?

ઉત્તર : 'વૉર્સો કરાર' સૈનિક સંગઠનના આ દેશો સભ્યો હતા : રશિયા, આલ્બેનિયા, બલ્ગેરિયા, ઝેકોસ્લોવેકિયા, પૂર્વ જર્મની, હંગેરી, રુમાનિયા વગેરે.

(7) બગદાદ-કરારની માહિતી આપો.

ઉત્તર : મધ્ય-પૂર્વના દેશોમાં ઇંગ્લૅન્ડની પ્રેરણાથી 'સેન્ટો' (CENTO – Central East North Treaty Organization) જે બગદાદ-કરાર નામે જૂથ રચાયું; પરંતુ ઇરાકમાં ક્રાંતિ થતાં તે જૂથથી અલગ થયું. પાછળથી આ જૂથનું નેતૃત્વ અમેરિકાએ લીધું.

(8) 'સેન્ટો' (CENTO) લશ્કરી જૂથની નેતાગીરી કયા દેશે લીધી હતી?

ઉત્તર : 'સેન્ટો' (CENTO) લશ્કરી જૂથની નેતાગીરી યૂ.એસ.એ. લીધી હતી.

(9) ઈ. સ. 1970 સુધીમાં કયા કયા દેશો પરમાણુ સત્તાવાળા બન્યા?

ઉત્તર : ઈ. સ. 1970 સુધીમાં અમેરિકા, સોવિયેત યુનિયન, બ્રિટન, ફ્રાન્સ, ચીન વગેરે દેશો પરમાણુ સત્તાવાળા બન્યા.

(10) ક્યૂબાની નાકાબંધી કયા દેશે, ક્યારે કરી?

ઉત્તર : અમેરિકાની દક્ષિણ-પશ્ચિમે આવેલ સામ્યવાદી શાસન ધરાવતા ક્યૂબાની નાકાબંધી અમેરિકાએ ઈ. સ. 1961 – 1962 દરમિયાન કરી હતી.

(11) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી એશિયામાં કયાં કયાં રાષ્ટ્રો સ્વતંત્ર બન્યાં?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી એશિયામાં ભારત, પાકિસ્તાન, મ્યાનમાર (બર્મા), શ્રીલંકા, ઇન્ડોનેશિયા, લાઓસ, કંબોડિયા વગેરે રાષ્ટ્રો સ્વતંત્ર બન્યાં.

(12) દ્વિતીય વિશ્વયુદ્ધ પૂરું થતાં આફ્રિકાના કયા દેશો સ્વતંત્ર હતા?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ પૂરું થતાં આફ્રિકાના એબિસિનિયા (ઇથિયોપિયા), દક્ષિણ આફ્રિકા સંઘ અને ઇજિપ્ત સ્વતંત્ર હતા.

(13) ઈ. સ. 1951થી 1966 સુધીના સમયગાળા દરમિયાન આફ્રિકાના કેટલા દેશોએ સ્વતંત્રતા મેળવી હતી?

ઉત્તર : ઈ. સ. 1951થી 1966 સુધીના સમયગાળા દરમિયાન આફ્રિકાના 40 જેટલા નાના-મોટા દેશોએ સ્વતંત્રતા મેળવી હતી.

(14) કયા કયા દેશનેતાઓનું બિનજોડાણવાદની નીતિને પ્રબળ સમર્થન પ્રાપ્ત થયું હતું?

ઉત્તર : ભારતના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ, ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ અહમદ સુકર્ણો, ઇજિપ્તના રાષ્ટ્રપતિ જમાલ અબ્દુલ નાસર અને યુગોસ્લાવિયાના રાષ્ટ્રપતિ માર્શલ ટિટો – આ ચાર દેશનેતાઓનું બિનજોડાણવાદની નીતિને પ્રબળ સમર્થન હતું.

(15) વિશ્વના તટસ્થ રાષ્ટ્રોની પ્રથમ પરિષદ ક્યારે અને ક્યાં યોજાઈ હતી?

ઉત્તર : વિશ્વના તટસ્થ રાષ્ટ્રોની પ્રથમ પરિષદ ઈ. સ. 1955માં ઇન્ડોનેશિયાના બાન્દુંગ ખાતે યોજાઈ હતી.

(16) બિનજોડાણવાદી આંદોલન (NAM – નૉન એલાઇમેન્ટ મુવમેન્ટ) સંસ્થાની સ્થાપના ક્યારે અને ક્યાં થઈ?

ઉત્તર : ઈ. સ. 1961માં બેલગ્રેડ ખાતે યોજાયેલ પરિષદમાં બિનજોડાણવાદી આંદોલન (NAM – નૉન એલાઇમેન્ટ મુવમેન્ટ) સંસ્થાની સ્થાપના થઈ.

(17) ભારતે કોના નેતૃત્વ હેઠળ બિનજોડાણની વિદેશનીતિ અપનાવી?

ઉત્તર : ભારતે પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુના નેતૃત્વ હેઠળ બિનજોડાણની નીતિ અપનાવી.

(18) 'બર્લિનની નાકાબંધી' માટે શું કરવામાં આવ્યું?

ઉત્તર : 'બર્લિનની નાકાબંધી' માટે પશ્ચિમ બર્લિન અને પૂર્વ બર્લિનને જુદી પાડતી 42 કિલોમીટર લાંબી, ઊંચી મજબૂત દીવાલ બાંધવામાં આવી.

(19) વિદ્વાનો કઈ બાબતને 'જર્મન ચમત્કાર' તરીકે ઓળખાવે છે?

ઉત્તર : જર્મનીના ત્રણેય વહીવટી પ્રદેશોનું એકીકરણ કરીને નવા રચાયેલા પશ્ચિમ જર્મનીએ આર્થિક અને અન્ય ક્ષેત્રોમાં સાધેલી અભૂતપૂર્વ સિદ્ધિને વિદ્વાનો 'જર્મન ચમત્કાર' તરીકે ઓળખાવે છે.

(20) પૂર્વ જર્મની અને પશ્ચિમ જર્મનીનું એકીકરણ ક્યારે કરવામાં આવ્યું? એકીકરણ વખતે શું કરવામાં આવ્યું?

ઉત્તર : 3 ઑક્ટોબર, 1990ના રોજ પૂર્વ જર્મની અને પશ્ચિમ જર્મનીનું એકીકરણ કરવામાં આવ્યું. એકીકરણ વખતે જર્મનીના વિભાજનના પ્રતીક સમી બર્લિનની દીવાલ તોડી નાખી જર્મન પ્રજાએ ભારે હર્ષોલ્લાસ અને આનંદ વ્યક્ત કર્યાં.

(21) કોને વિશ્વ-રાજકારણની એક શકવર્તી ઘટના ગણવામાં આવે છે?

ઉત્તર : સોવિયેત યુનિયનના શાંતિપૂર્ણ વિઘટનને – વિભાજનને વિશ્વ-રાજકારણની એક શકવર્તી ઘટના ગણવામાં આવે છે.

(22) સોવિયેત રશિયામાં સામ્યવાદી પક્ષના નવા મહામંત્રી તરીકે કોણ, ક્યારે સત્તાસ્થાને આવ્યા?

ઉત્તર : મિખાઇલ ગોર્બોચોવ 11 માર્ચ, 1985ના રોજ સોવિયેત રશિયામાં સામ્યવાદી પક્ષના મહામંત્રી તરીકે સત્તાસ્થાને આવ્યા.

(23) ગોર્બોચોવની 'ગ્લાસ્નોસ્ત' અને 'પેરેસ્ટ્રોઇકા'ની નીતિનો અર્થ સ્પષ્ટ કરો.

ઉત્તર : ગોર્બોચોવની 'ગ્લાસ્નોસ્ત' એટલે 'ખુલ્લાપણું' અને 'પેરેસ્ટ્રોઇકા' એટલે 'આર્થિક અને સામાજિક સુધારણાની નીતિ'.

(24) ગોર્બોચોવની ઉદારમતવાદી નીતિનું શું પરિણામ આવ્યું?

ઉત્તર : ગોર્બોચોવની ઉદારમતવાદી નીતિને કારણે સોવિયેત યુનિયનની વિચારસરણીમાં પરિવર્તન આવ્યું. પરિણામે સોવિયેત યુનિયન(રશિયા)નું વિભાજન થયું.

(25) પંડિત જવાહરલાલ નેહરુ જોડાણવાદ વિશે શું માનતા હતા?

ઉત્તર : પંડિત જવાહરલાલ નેહરુ જોડાણવાદ વિશે માનતા હતા કે કોઈ પણ સત્તાજૂથ કે લશ્કરી જૂથમાં જોડાવાને બદલે તટસ્થ રહેવાથી દેશનાં રાષ્ટ્રીય હિતોનું વધુ સારી રીતે રક્ષણ થઈ શકશે.

(26) ભારતે પ્રથમ સફળ પરમાણુ અખતરો ક્યારે અને ક્યાં કર્યો હતો?

ઉત્તર : ભારતે પ્રથમ સફળ પરમાણુ અખતરો ઈ. સ. 1998માં રાજસ્થાનમાં પોખરણ ખાતે કર્યો હતો.

(27) યૂ.એસ.એ.ના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આતંકવાદી હુમલો ક્યારે થયો હતો?

ઉત્તર : યૂ.એસ.એ.ના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આતંકવાદી હુમલો 11 સપ્ટેમ્બર, 2001ના રોજ થયો હતો.

(28) ભારતના 66મા પ્રજાસત્તાકદિન (ગણતંત્રદિન) સમારોહમાં મુખ્ય મહેમાન બની કોણ, ક્યારે ભારત આવ્યું હતું?

ઉત્તર : યૂ.એસ.એ.ના રાષ્ટ્રપતિ બરાક ઓબામા 26 જાન્યુઆરી, 2015ના રોજ ભારતના 66મા પ્રજાસત્તાકદિન (ગણતંત્રદિન) સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ભારત આવ્યા હતા.

(29) ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્યારે ક્યારે યુદ્ધો થયાં? એ યુદ્ધોનું શું પરિણામ આવ્યું?

ઉત્તર : ઈ. સ. 1948, ઈ. સ. 1965, ઈ. સ. 1971 અને ઈ. સ. 1999 એમ ચાર વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધો થયાં. એ યુદ્ધોમાં પાકિસ્તાનનો પરાજય થયો.

(30) ઈ. સ. 1971 પહેલાં બાંગ્લાદેશ કયા દેશનો ભાગ હતો?

ઉત્તર : ઈ. સ. 1971 પહેલાં બાંગ્લાદેશ પાકિસ્તાનનો ભાગ હતો.

(31) ભારત અને નેપાલ વચ્ચેના સંબંધોનો આરંભ ક્યારે, કઈ રીતે થયો?

ઉત્તર : ભારત અને નેપાલ વચ્ચેના સંબંધોની શરૂઆત ઈ. સ. 1950માં બંને દેશો વચ્ચે કરવામાં આવેલી સમજૂતીથી થયો.

(32) ઈ. સ. 1950માં ભારત અને નેપાલ વચ્ચે કઈ સમજૂતી થઈ?

ઉત્તર : ઈ. સ. 1950માં ભારત અને નેપાલ વચ્ચે સમજૂતી થઈ કે, બંને દેશોએ એકબીજાને સાર્વભૌમ અને પ્રાદેશિક અખંડિતતાનું રક્ષણ કરવું. બંને દેશના નાગરિકો એકબીજાના દેશમાં મુક્ત અવરજવર કરી શકશે.

(33) નેપાલમાં ભૂકંપ ક્યારે આવ્યો હતો? તેમાં કેટલા લોકો મૃત્યુ પામ્યા હતા?

ઉત્તર : નેપાલમાં 25 એપ્રિલ, 2015ના રોજ 5.8ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેમાં લગભગ 8000 લોકો મૃત્યુ પામ્યા હતા.

(34) ભારતની વિદેશનીતિનું મુખ્ય ધ્યેય શું છે?

ઉત્તર : ભારતની વિદેશનીતિનું મુખ્ય ધ્યેય વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવાનું છે.

પ્રશ્ન 6. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) 'નાટો' (NATO) લશ્કરી સંગઠનનો ઉદ્‌ભવ થયો, કારણ કે ...

ઉત્તર : તેમાં સોવિયેત યુનિયન અને તેના સામ્યવાદને અંકુશિત કરવાનો ઉદ્દેશ હતો.

(2) સોવિયેત યુનિયને બર્લિનની નાકાબંધી કરી, કારણ કે ...

ઉત્તર : અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને પશ્ચિમ જર્મનીના ત્રણ અને બર્લિનના ત્રણ વિભાગોનું એકીકરણ કર્યું. આ પ્રક્રિયાના વિરોધરૂપે સોવિયેત યુનિયને બર્લિનની નાકાબંધી કરી.

(3) 'સિઆટો' (SEATO) લશ્કરી સંગઠનની રચના કરવામાં આવી, કારણ કે ...

ઉત્તર : તેમાં દક્ષિણ અને પૂર્વ એશિયાના દેશોનું રક્ષણ કરવાનો ઉદ્દેશ હતો.

(4) સોવિયેત યુનિયને પરમાણુ શસ્ત્રોથી સજ્જ મિસાઈલવાળાં વહાણ કૅરેબિયન સમુદ્રમાં મોકલ્યાં, કારણ કે ...

ઉત્તર : સોવિયેત યુનિયન અમેરિકાના આક્રમણના ભયથી સામ્યવાદી શાસન ધરાવતા ક્યૂબાનું રક્ષણ કરવા ઇચ્છતું હતું.

(5) રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી, કારણ કે ...

ઉત્તર : પ્રથમ વિશ્વયુદ્ધને અંતે વિશ્વમાં કાયમી શાંતિ સ્થાપવાની હતી.

(6) ઈ. સ. 1945થી 1962 સુધીના સમયગાળાને ઠંડા યુદ્ધના તબક્કા તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે ...

ઉત્તર : ઈ. સ. 1945થી 1962 સુધીના સમયગાળા દરમિયાન અમેરિકા અને રશિયા – આ બે મહાસત્તાઓ વચ્ચે સત્તા માટે ખેંચતાણ અને તંગ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.

(7) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં કેટલાંક લશ્કરી જૂથો રચાયાં, કારણ કે ...

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં અમેરિકા અને રશિયા – આ બે મહાસત્તાઓનાં સત્તાજૂથો વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું હતું.

(8) તટસ્થ રાષ્ટ્રોએ 'બિનજોડાણવાદી' વિદેશનીતિ અપનાવી, કારણ કે ...

ઉત્તર : તટસ્થ રાષ્ટ્રો એકબીજાના સહકારથી; પરંતુ પોતાના આગવા અસ્તિત્વ સાથે સર્વાંગી વિકાસ કરવા ઇચ્છતાં હતાં.

(9) દ્વિતીય વિશ્વયુદ્ધ પૂરું થતાં વિજેતા રાષ્ટ્રોએ જર્મનીને ચાર વહીવટી વિભાગોમાં વહેંચી નાખ્યું, કારણ કે ...

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધમાં પરાજિત થયેલા જર્મનીની આર્થિક, સામાજિક અને રાજકીય કરોડરજ્જુ તૂટી ગઈ હતી તેમજ જર્મનીને પુનઃ બેઠું કરી શકે તેવો કોઈ નેતા જર્મનીમાં નહોતો.

(10) 'સર્વગ્રાહી પરમાણુ પરીક્ષણ સંધિ' અને 'સર્વગ્રાહી પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ' – આ બે સંધિઓ પર ભારતે હસ્તાક્ષર કર્યા નહિ, કારણ કે ...

ઉત્તર : ભારતના મતે આ બંને સંધિઓ ભેદભાવયુક્ત અને દેશનાં રાષ્ટ્રીય હિતોને નુકસાનકર્તા હતી.

(11) ભારત અને ચીન વચ્ચે મતભેદ ઊભા થયા, કારણ કે ...

ઉત્તર : ભારત અને ચીન વચ્ચેની સરહદ દર્શાવતી મેકમોહન રેખાનો ચીને અસ્વીકાર કર્યો હતો.

પ્રશ્ન 7. નીચેના પારિભાષિક શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) નાટો (NATO)

ઉત્તર : સોવિયેત યુનિયન અને તેના સામ્યવાદને અંકુશિત કરવાના ઉદ્દેશથી એપ્રિલ, 1949માં અમેરિકાની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ ઉત્તર ઍટલૅન્ટિક મહાસાગરના કિનારે આવેલા પશ્ચિમી લોકશાહી દેશોનું એક લશ્કરી સંગઠન રચવામાં આવ્યું તે **'નાટો'**(NATO – નોર્થ ઈસ્ટ ઍટલૅન્ટિક ટ્રીટી ઑર્ગેનાઇઝેશન)ના નામે ઓળખાય છે.

(2) સિઆટો (SEATO)

ઉત્તર : ઇંગ્લૅન્ડ અને અમેરિકાએ દક્ષિણ-પૂર્વ એશિયાના 'સામ્યવાદી વિસ્તારવાદ' સામે રક્ષણ કરવા માટે ઈ. સ. 1954માં **'સિઆટો'** (SEATO – સાઉથ ઈસ્ટ એશિયાટિક ટ્રીટી ઑર્ગેનાઇઝેશન) નામના લશ્કરી જૂથની રચના કરી.

(3) વૉર્સો કરાર

ઉત્તર : અમેરિકાની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ રચાયેલાં 'નાટો' અને 'સિઆટો' લશ્કરી જૂથોના વધતા જતા પ્રભાવને અટકાવવા, તેમની વિરુદ્ધમાં સોવિયેત યુનિયનની નેતાગીરી નીચે યુરોપના સામ્યવાદી દેશોએ **'વૉર્સો કરાર'** નામના લશ્કરી જૂથની રચના કરી. આલ્બેનિયા, બલ્ગેરિયા, ઝેકોસ્લોવેકિયા, પૂર્વ જર્મની, હંગેરી, પોલૅન્ડ, રુમાનિયા, રશિયા વગેરે દેશો આ લશ્કરી જૂથના સભ્યો હતા.

(4) જર્મન ચમત્કાર

ઉત્તર : અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને પોતાના દેશોના વહીવટી અંકુશ હેઠળના જર્મન પ્રદેશોનું એકીકરણ કરીને 'પશ્ચિમ જર્મની'ની રચના કરી. આ નવા દેશમાં લોકશાહી શાસનતંત્ર અમલમાં આવ્યું. એ પછીના સાડા ચાર દાયકા દરમિયાન પશ્ચિમ જર્મનીએ અભૂતપૂર્વ વિકાસ સાધ્યો, જેને વિદ્વાનો **'જર્મન ચમત્કાર'** તરીકે ઓળખાવે છે.

(5) બિનજોડાણવાદી નીતિ

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી સ્વતંત્ર થયેલાં કેટલાંક નવોદિત રાષ્ટ્રોએ પરસ્પર વિરોધી બે સત્તાજૂથો અને લશ્કરી જૂથો સાથે જોડાયાં નહિ. આમ, વિશ્વના કોઈ પણ સત્તાજૂથ કે લશ્કરી જૂથમાં નહિ જોડાયેલ રાષ્ટ્રોએ અપનાવેલ વિદેશનીતિને **'બિનજોડાણવાદી નીતિ'** કહેવામાં આવે છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) .....ના દિવસે સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ની સ્થાપના થઈ.

A. 24 ઑક્ટોબર, 1945

B. 10 ઑક્ટોબર, 1945

C. 24 નવેમ્બર, 1945

(2) સોવિયેત યુનિયને .....ના વર્ષમાં પરમાણુ અખતરો કર્યો.

A. ઈ. સ. 1942

B. ઈ. સ. 1945

C. ઈ. સ. 1949

(3) રશિયાએ ..... નામના લશ્કરી સંગઠનની રચના કરી.

A. સિઆટો (SEATO) B. વૉર્સો કરાર C. નાટો (NATO)

(4) .....ની કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ઓળખવામાં આવે છે.

A. બર્લિન B. ક્યૂબા C. જર્મન

(5) દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન જ એશિયાના પરાધીન દેશોમાં .....ની ચળવળો શરૂ થઈ ચૂકી હતી.

A. સ્વાતંત્ર્ય B. જાગૃતિ C. અસહકાર

(6) તટસ્થ રાષ્ટ્રોએ .....નો નવો અભિગમ અપનાવી વિશ્વના રાજકારણમાં યોગ્ય પ્રદાન આપ્યું.

A. અસહકાર B. તટસ્થતા C. બિનજોડાણવાદ

(7) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જર્મનીને ..... વિભાગોમાં વહેંચવામાં આવ્યું હતું.

A. બે B. ત્રણ C. ચાર

(8) ભારતની વિદેશનીતિનું મુખ્ય ધ્યેય વિશ્વમાં ..... જાળવવાનું છે.

A. શાંતિ અને પ્રગતિ

B. શાંતિ અને સલામતી

C. શાંતિ અને સહકાર

(9) મધ્ય-પૂર્વના દેશોમાં ઇંગ્લૅન્ડની પ્રેરણાથી '.....' નામનું લશ્કરી જૂથ રચાયું.

A. સેન્ટો (CENTO)

B. સિઆટો (SEATO)

C. નાટો (NATO)

(10) ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપ્રમુખ જિનપિંગ વચ્ચે અમદાવાદમાં ..... ખાતે સૌજન્યપૂર્ણ મુલાકાત યોજાઈ હતી.

A. રિવરફ્રન્ટ B. મહાત્મા મંદિર C. ગાંધી આશ્રમ

ઉત્તર : (1) 24 ઑક્ટોબર, 1945 (2) ઈ. સ. 1949 (3) વૉર્સો કરાર (4) ક્યૂબા (5) સ્વાતંત્ર્ય (6) બિનજોડાણવાદ (7) ચાર (8) શાંતિ અને સલામતી (9) સેન્ટો (CENTO) (10) રિવરફ્રન્ટ

---

(11) ભારતના પ્રથમ વડા પ્રધાન ·····ના નેતૃત્વ હેઠળ ભારતે બિનજોડાણની વિદેશનીતિ અપનાવી.

A. પંડિત જવાહરલાલ નેહરુ

B. ઇન્દિરા ગાંધી

C. લાલબહાદુર શાસ્ત્રી

(12) આજે વિશ્વના સૌથી વધુ દેશો ····· જૂથના સભ્યો છે.

A. સિઆટો (SEATO) B. વૉર્સો કરાર C. બિનજોડાણવાદી

(13) પશ્ચિમ જર્મનીએ આર્થિક અને અન્ય ક્ષેત્રોમાં સાધેલી પ્રગતિ ····· તરીકે ઓળખાય છે.

A. જર્મન આબાદી B. જર્મન ચમત્કાર C. જર્મન સિદ્ધિ

(14) 11 માર્ચ, 1985માં ····· સોવિયેત રશિયાના સામ્યવાદી પક્ષના નવા મહામંત્રી તરીકે સત્તાસ્થાને આવ્યા.

A. મિખાઇલ ગોર્બોચોવ B. લેનિન C. મિખાઇલ ગ્લાસ્નોસ્ત

(15) ····· એ ભારતની વિદેશનીતિનો મુખ્ય સિદ્ધાંત છે.

A. મૈત્રીભાવ B. બિનજોડાણવાદ C. વિશ્વશાંતિ

(16) તટસ્થ રાષ્ટ્રોએ ·····નો નવો અભિગમ અપનાવી વિશ્વના રાજકારણમાં યોગ્ય પ્રદાન આપ્યું.

A. અસહકાર B. તટસ્થતા C. બિનજોડાણવાદ

ઉત્તર : (11) પંડિત જવાહરલાલ નેહરુ (12) બિનજોડાણવાદી (13) જર્મન ચમત્કાર (14) મિખાઇલ ગોર્બોચોવ (15) વિશ્વશાંતિ (16) બિનજોડાણવાદ

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ના ખતપત્રનો આરંભ આમુખથી થાય છે.

(2) દ્વિતીય વિશ્વયુદ્ધમાં બ્રિટન અને ફ્રાન્સનો પરાજય થયો.

(3) વિશ્વમાં સર્વપ્રથમ રશિયાએ ઈ. સ. 1945માં પરમાણુ અખતરો કર્યો હતો.

(4) સોવિયેત સંઘ અને સામ્યવાદથી બચવા અમેરિકાની પ્રેરણાથી નાટો (NATO) સંગઠન રચાયું હતું.

(5) સોવિયેત યુનિયને એપ્રિલ, 1948માં બર્લિનની નાકાબંધી કરી હતી.

(6) ગોર્બોચોવે અમલમાં મૂકેલી નવી નીતિઓને લીધે સામ્યવાદી પક્ષમાં લોકશાહી પદ્ધતિ દાખલ થઈ.

(7) ઈ. સ. 1971માં ભારત અને ચીન વચ્ચે 'શાંતિ, મૈત્રી અને સહકાર'ની સંધિ થયેલી છે.

(8) શ્રીલંકામાં તમિલ લોકો ઘણા લાંબા સમયથી વસવાટ કરે છે.

(9) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જર્મની અને ઇટાલી વચ્ચે ઠંડું યુદ્ધ શરૂ થયું.

(10) ક્યૂબાની કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ઓળખવામાં આવે છે.

ઉત્તર : (1) ખરું (2) ખોટું (3) ખોટું (4) ખરું (5) ખરું (6) ખરું (7) ખોટું (8) ખરું (9) ખોટું (10) ખરું

---

(11) ભારતે હંમેશાં નિઃશસ્ત્રીકરણની હિમાયત કરી છે.

(12) દ્વિતીય વિશ્વયુદ્ધનું આફ્રિકાના પરાધીન દેશો માટે દુઃખદ પરિણામ આવ્યું.

(13) ભારતના વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ બિનજોડાણવાદની નીતિને પ્રબળ સમર્થન આપ્યું હતું.

(14) બર્લિનની નાકાબંધીને કારણે પશ્ચિમી દેશો અને અમેરિકા વચ્ચે ભારે તણાવ ઊભો થયો હતો.

(15) 3 ઑક્ટોબર, 1995ના દિવસે પૂર્વ અને પશ્ચિમ જર્મનીનું એકીકરણ થયું.

ઉત્તર : (11) ખરું (12) ખોટું (13) ખરું (14) ખોટું (15) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં ઉત્તર લખો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) 24 ઑક્ટોબર, 1945ના રોજ કઈ વિશ્વ-સંસ્થાની સ્થાપના થઈ? – **સંયુક્ત રાષ્ટ્રો(UN)ની**

(2) સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્રનો આરંભ શેનાથી થાય છે? – **આમુખથી**

(3) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વનું નેતૃત્વ કયા દેશોએ લીધું? – **અમેરિકા અને રશિયાએ**

(4) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી કયા બે દેશો વચ્ચે ઠંડું યુદ્ધ શરૂ થયું? – **અમેરિકા અને રશિયા**

(5) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી ઉત્તર ઍટલૅન્ટિક મહાસાગરના કિનારે આવેલા દેશોએ કયું લશ્કરી સંગઠન રચ્યું? – **'નાટો' (NATO)**

(6) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી દક્ષિણ અને પૂર્વ એશિયાના દેશોએ કયું લશ્કરી સંગઠન રચ્યું? – **'સિઆટો' (SEATO)**

(7) રશિયાએ કયા સૈનિક સંગઠનની સ્થાપના કરી? – **'વૉર્સો કરાર'**

(8) ઇંગ્લૅન્ડની પ્રેરણાથી મધ્ય-પૂર્વના દેશોએ કયા લશ્કરી સંગઠનની સ્થાપના કરી? – **'સેન્ટો' (CENTO)**

(9) ઈ. સ. 1961 – 62માં ક્યૂબાની નાકાબંધી કોણે કરી? – **અમેરિકાએ**

(10) કઈ કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ઓળખવામાં આવે છે? – **ક્યૂબાની**

(11) સોવિયેત યુનિયનના નેતૃત્વ હેઠળના દેશો કઈ વિચારધારામાં માનતા હતા? – **સામ્યવાદી**

(12) ભારતે હંમેશાં શાની હિમાયત કરી છે? – **નિઃશસ્ત્રીકરણની**

(13) વિશ્વમાં કોઈ પણ સત્તાજૂથ કે લશ્કરી જૂથમાં નહિ જોડાયેલ રાષ્ટ્રોએ અપનાવેલ વિદેશનીતિ કઈ નીતિ તરીકે ઓળખાય છે? – **બિનજોડાણવાદી**

(14) ભારતના કયા વડા પ્રધાને બિનજોડાણવાદની નીતિને પ્રબળ સમર્થન આપ્યું હતું? – **જવાહરલાલ નેહરુએ**

(15) યુગોસ્લાવિયાના કયા રાષ્ટ્રપતિએ બિનજોડાણવાદી નીતિને પ્રબળ સમર્થન આપ્યું હતું? – **માર્શલ ટિટોએ**

(16) ઈ. સ. 1955માં ઇન્ડોનેશિયાના કયા શહેરમાં તટસ્થ રાષ્ટ્રોની પરિષદ યોજાઈ હતી? – **બાન્દુંગ શહેરમાં**

(17) ઈ. સ. 1961માં બિનજોડાણવાદી આંદોલન સંસ્થાની સ્થાપના ક્યાં થઈ? – **બેલગ્રેડ ખાતે**

(18) ભારતના કયા વડા પ્રધાનના નેતૃત્વ હેઠળ ભારતે બિનજોડાણની વિદેશનીતિ અપનાવી? – **પંડિત જવાહરલાલ નેહરુના**

(19) આજે વિશ્વના સૌથી વધુ દેશો કયા જૂથના સભ્યો છે?
– **બિનજોડાણવાદી**

(20) દ્વિતીય વિશ્વયુદ્ધ પૂરું થતાં વિજેતા રાષ્ટ્રોએ કયા દેશને ચાર વહીવટી વિભાગમાં વહેંચી નાખ્યું? – **જર્મનીને**

(21) એપ્રિલ, 1948માં કયા દેશે બર્લિનની નાકાબંધી જાહેર કરી? – **સોવિયેત યુનિયને**

(22) સાડા ચાર દસકામાં પશ્ચિમ જર્મનીએ આર્થિક અને અન્ય ક્ષેત્રોમાં સાધેલી સિદ્ધિ કયા નામે ઓળખાય છે?
– **'જર્મન ચમત્કાર'ના નામે**

(23) 11 માર્ચ, 1985માં સોવિયેત રશિયામાં સામ્યવાદી પક્ષના નવા મહામંત્રી તરીકે કોણ સત્તાસ્થાને આવ્યું? – **મિખાઈલ ગોર્બોચોવ**

(24) મિખાઈલ ગોર્બોચોવ કેવું વલણ ધરાવતા હતા? – **ઉદારમતવાદી**

(25) ભારતની વિદેશનીતિનો મુખ્ય સિદ્ધાંત કયો છે? – **વિશ્વશાંતિ**

(26) જમ્મુ-કશ્મીરની બાબતમાં યૂ.એસ.એ.એ કયા દેશની તરફેણ કરી હતી? – **પાકિસ્તાનની**

(27) ઈ. સ.1998માં ભારતે કયા સ્થળે સફળ પરમાણુ અખતરો કર્યો હતો? – **પોખરણ (રાજસ્થાન) ખાતે**

(28) 11 સપ્ટેમ્બર, 2001ના રોજ યૂ.એસ.એ.માં ન્યૂ યૉર્કના કયા સેન્ટર પર આતંકવાદી હુમલો થયો હતો? – **વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર**

(29) આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કઈ નીતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે? – **બિનજોડાણવાદી નીતિએ**

(30) સપ્ટેમ્બર, 2014 અને 2015માં ભારતના કયા વડા પ્રધાને યૂ.એસ.એ.ની મુલાકાત લીધી હતી? – **નરેન્દ્ર મોદીએ**

(31) 26 જાન્યુઆરી, 2015ના રોજ ભારતના 66મા પ્રજાસત્તાક દિનના સમારોહના મુખ્ય મહેમાન કોણ હતા?
– **બરાક ઓબામા** (યૂ.એસ.એ.ના પ્રમુખ)

(32) જમ્મુ-કશ્મીરના પ્રશ્ને કયા દેશે ભારતનો પક્ષ લીધો છે?
– **સોવિયેત રશિયાએ**

(33) ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપ્રમુખ જિનપિંગ વચ્ચે અમદાવાદમાં ક્યાં મુલાકાત યોજાઈ હતી?
– **રિવરફ્રન્ટમાં**

(34) ભારતે કયા પડોશી દેશને સંયુક્ત રાષ્ટ્રો(UN)નું સભ્ય બનાવવામાં મદદ કરી હતી? – **ભૂતાનને**

(35) ભારતે કયા પડોશી દેશને તેના સામાજિક અને આર્થિક વિકાસમાં ઘણી મદદ કરી છે? – **નેપાલને**

(36) હિમાલયમાંથી નીકળતી કેટલીક નદીઓ કયા દેશમાં થઈને ભારતમાં આવે છે? – **નેપાલમાં થઈને**

(37) ભારતના કયા પડોશી દેશના નવસર્જનમાં ભારતનો સિંહફાળો રહ્યો છે? – **અફઘાનિસ્તાનના**

(38) ભારતે કયા દેશના પાર્લમેન્ટ હાઉસનું બાંધકામ કર્યું છે?
– **અફઘાનિસ્તાનના**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. રશિયાએ રચેલું લશ્કરી સંગઠન	a. થાઈલૅન્ડ
2. મધ્ય-પૂર્વના દેશોએ રચેલું લશ્કરી સંગઠન	b. વૉર્સો કરાર
3. પૂર્વ જર્મની પર અંકુશ	c. સોવિયેત યુનિયન
4. જર્મનીના નૈર્ઋત્ય ભાગ પર અંકુશ	d. સેન્ટો (CENTO)
	e. અમેરિકા

ઉત્તર : (1 – b), (2 – d), (3 – c), (4 – e).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. અમેરિકા અને રશિયા	a. વૉર્સો કરાર
2. હૉટલાઇન	b. સેન્ટો
3. બર્લિનની નાકાબંધી	c. ઠંડું યુદ્ધ
4. રશિયાએ રચેલું લશ્કરી સંગઠન	d. સોવિયેત યુનિયન
	e. ક્યૂબાની કટોકટી

ઉત્તર : (1 – c), (2 – d), (3 – a), (4 – b).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. એશિયા ખંડમાં સૌપ્રથમ મેળવેલ આઝાદી	a. શ્રીલંકા
2. ભારતમાં બિનજોડાણની વિદેશનીતિના પ્રવર્તક	b. રશિયા
3. સોવિયેત યુનિયનનું સૌથી મોટું રાજ્ય	c. અફઘાનિસ્તાન
4. પ્રાચીન સમયથી ભારત સાથે સંબંધો ધરાવતું રાજ્ય	d. પંડિત જવાહરલાલ નેહરુ
	e. ભારત

ઉત્તર : (1 – e), (2 – d), (3 – b), (4 – a).

(4)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ઈ. સ. 1948	a. ચીને પરમાણુ અખતરો કર્યો
2. ઈ. સ. 1955	b. રશિયાએ પરમાણુ અખતરો કર્યો
3. ઈ. સ. 1961	c. મ્યાનમાર અને શ્રીલંકા સ્વતંત્ર થયા
4. ઈ. સ. 1964	d. અમેરિકાએ ક્યૂબાની નાકાબંધી કરી
	e. બાન્દુંગ ખાતે તટસ્થ રાષ્ટ્રોની પરિષદ યોજાઈ

ઉત્તર : (1 – c), (2 – e), (3 – d), (4 – a).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

* **1.** સંયુક્ત રાષ્ટ્રો(યુ.એન.)ના ખતપત્રનો આરંભ શેનાથી થાય છે?
A. ઘોષણાપત્રથી B. આમુખથી
C. માનવહકોથી D. બંધારણથી

* **2.** ઘણા વિદ્વાનો કઈ ઘટનાને ઠંડા યુદ્ધની શરૂઆત માને છે?
A. બર્લિનની નાકાબંધીને B. જર્મનીના ભાગલાને
C. જર્મનના ચમત્કારને D. જર્મનીના એકીકરણને

3. એશિયા ખંડમાં સૌપ્રથમ કયા દેશે આઝાદી મેળવી?
A. મ્યાનમારે B. શ્રીલંકાએ
C. ભારતે D. ઇન્ડોનેશિયાએ

* **4.** ભારતમાં બિનજોડાણની વિદેશનીતિના પ્રવર્તક કોણ હતા?
A. લાલબહાદુર શાસ્ત્રી B. ડૉ. રાધાકૃષ્ણન
C. પંડિત જવાહરલાલ નેહરુ D. શ્રીમતી ઇન્દિરા ગાંધી

5. બિનજોડાણવાળી ચળવળને કોણે મૂલ્યવાન નેતૃત્વ પૂરું પાડ્યું?
A. સોલોમન બંડારનાયકે B. પંડિત જવાહરલાલ નેહરુએ
C. શ્રીમતી ઇન્દિરા ગાંધીએ D. તુન્કુ અબ્દુલ રહેમાને

* **6.** આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કઈ નીતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે?
A. બિનજોડાણની નીતિએ B. ઠંડા યુદ્ધની નીતિએ
C. નિઃશસ્ત્રીકરણની નીતિએ D. સંસ્થાનવાદની નીતિએ

7. 'પેરેસ્ટ્રોઇકા' એટલે ... .
A. શસ્ત્રીકરણ પર પ્રતિબંધ
B. નિઃશસ્ત્રીકરણની જરૂરિયાત
C. આર્થિક સુધારણા અને સામાજિક સુધારણાની નીતિ
D. ખુલ્લાપણું

8. કઈ ઘટનાને 20મી સદીની એક અદ્વિતીય અને શકવર્તી ઘટના ગણાય છે?
A. સોવિયેત યુનિયનનું વિઘટન
B. જર્મનીનું એકીકરણ
C. ક્યૂબાની કટોકટી
D. જર્મનીના ભાગલા

* **9.** સોવિયેત યુનિયનના નેતૃત્વ હેઠળના દેશો કઈ વિચારધારામાં માનતા હતા?
A. લોકશાહી B. સામ્રાજ્યવાદી
C. સામ્યવાદી D. ઉદારમતવાદી

10. ભારતે ઈ. સ. 1949માં કયા દેશ સાથે કાયમી શાંતિ અને મિત્રતાની સંધિ કરી?
A. પાકિસ્તાન B. શ્રીલંકા C. ભૂતાન D. ચીન

ઉત્તર : **1.** આમુખથી **2.** બર્લિનની નાકાબંધીને
3. ભારતે **4.** પંડિત જવાહરલાલ નેહરુ
5. પંડિત જવાહરલાલ નેહરુએ **6.** બિનજોડાણની નીતિએ
7. આર્થિક સુધારણા અને સામાજિક સુધારણાની નીતિ
8. સોવિયેત યુનિયનનું વિઘટન **9.** સામ્યવાદી
10. ભૂતાન

---

11. નેપાલમાં 5.8ની તીવ્રતાનો ભૂકંપ ક્યારે આવ્યો હતો?
A. 25 જૂન, 2014ના રોજ
B. 13 માર્ચ, 2015ના રોજ
C. 10 જાન્યુઆરી, 2015ના રોજ
D. 25 એપ્રિલ, 2015ના રોજ

12. કયા દેશના નવસર્જનમાં ભારતનો સિંહફાળો છે?
A. અફઘાનિસ્તાન B. પાકિસ્તાન C. ઈરાન D. ઇરાક

13. સંયુક્ત રાષ્ટ્રો(યુ.એન.)ની વિધિવત્ સ્થાપના ક્યારે થઈ?
A. 16 ડિસેમ્બર, 1945ના રોજ
B. 24 ઑક્ટોબર, 1945ના રોજ
C. 31 જાન્યુઆરી, 1945ના રોજ
D. 24 ઑગસ્ટ, 1945ના રોજ

14. એપ્રિલ, 1949માં વિશ્વમાં કયા લશ્કરી સંગઠનની રચના થઈ?
A. નાટો (NATO) B. સિઆટો (SEATO)
C. સેન્ટો (CENTO) D. વૉર્સો કરાર

15. ઈ. સ. 1954માં વિશ્વમાં કયા લશ્કરી સંગઠનની રચના થઈ?
A. વૉર્સો કરાર B. સેન્ટો (CENTO)
C. નાટો (NATO) D. સિઆટો (SEATO)

16. મધ્ય-પૂર્વના દેશોમાં ઇંગ્લૅન્ડની પ્રેરણા અને નેતાગીરી હેઠળ કયા લશ્કરી જૂથની રચના થઈ?
A. નાટો (NATO) B. સિઆટો (SEATO)
C. સેન્ટો (CENTO) D. વૉર્સો કરાર

17. સોવિયેત યુનિયને કયા લશ્કરી સંગઠનની રચના કરી?
A. વૉર્સો કરાર B. નાટો (NATO)
C. સેન્ટો (CENTO) D. સિઆટો (SEATO)

18. ક્યૂબાની નાકાબંધી કયા દેશે કરી?
A. ચીને B. અમેરિકાએ C. સોવિયેત યુનિયને D. જાપાને

19. બર્લિન કયા દેશની રાજધાની છે?
A. ફ્રાન્સ B. જર્મની C. જાપાન D. બ્રિટન

20. એશિયા ખંડમાં સૌપ્રથમ કયા દેશે આઝાદી મેળવી?
A. મ્યાનમારે B. શ્રીલંકાએ C. ભારતે D. ઇન્ડોનેશિયાએ

ઉત્તર : **11.** 25 એપ્રિલ, 2015ના રોજ
12. અફઘાનિસ્તાન
13. 24 ઑક્ટોબર, 1945ના રોજ
14. નાટો (NATO) **15.** સિઆટો (SEATO)

16. સેન્ટો (CENTO) **17.** વૉર્સો કરાર
18. અમેરિકાએ **19.** જર્મની
20. ભારતે

---

21. સોવિયેત યુનિયને બર્લિનની નાકાબંધી ક્યારે કરી?
A. માર્ચ, 1949માં B. જાન્યુઆરી, 1951માં
C. ઑક્ટોબર, 1950માં D. એપ્રિલ, 1948માં

22. સોવિયેત યુનિયનનું સૌથી મોટું રાજ્ય કયું છે?
A. જૉર્જિયા B. રશિયા C. કઝાખિસ્તાન D. તાજિકિસ્તાન

23. કઈ કટોકટીને ઠંડા યુદ્ધના અંતના આરંભ તરીકે ઓળખવામાં આવે છે?
A. પોલૅન્ડની B. મૉસ્કોની C. બર્લિનની D. ક્યૂબાની

24. ભારતની વિદેશનીતિનું મુખ્ય ધ્યેય શું છે?
A. અહિંસા પરમો ધર્મ B. વિશ્વશાંતિ અને સલામતી
C. સત્ય અને અહિંસા D. જીવો અને જીવવા દો

25. ભારતે રાજસ્થાનમાં પોખરણ ખાતે સફળ પરમાણુ અખતરો ક્યારે કર્યો?
A. ઈ. સ. 1992માં B. ઈ. સ. 1996માં
C. ઈ. સ. 1998માં D. ઈ. સ. 2000માં

26. ઈ. સ. 1971માં ભારતે કયા દેશને સંયુક્ત રાષ્ટ્રોનું સભ્ય બનાવવામાં મદદ કરી હતી?
A. શ્રીલંકાને B. ભૂતાનને C. નેપાલને D. બાંગ્લાદેશને

27. નીચેના દેશોમાંથી કયા દેશ સાથે ભારત પ્રાચીન સમયથી સંબંધો ધરાવે છે?
A. અફઘાનિસ્તાન B. મ્યાનમાર C. શ્રીલંકા D. નેપાલ

28. નિ:શસ્ત્રીકરણનો ઉત્તમ હેતુ શો છે?
A. ઠંડા યુદ્ધનો અંત લાવવાનો છે.
B. સામ્રાજ્યવાદનો અંત લાવવાનો છે.
C. સામ્યવાદનો અંત લાવવાનો છે.
D. ભયાનક શસ્ત્રોના અસ્તિત્વનો અંત લાવવાનો છે.

29. વિશ્વની કઈ સામ્યવાદી ક્રાંતિએ માત્ર રશિયાને જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વને પ્રભાવિત કર્યું?
A. ક્યૂબાની ક્રાંતિએ B. બર્લિનની ક્રાંતિએ
C. બૉલ્શેવિક ક્રાંતિએ D. મૉસ્કો ક્રાંતિએ

30. કયા દેશે સંયુક્ત રાષ્ટ્રોમાં જમ્મુ-કશ્મીરના પ્રશ્નમાં ભારતનો પક્ષ લીધો છે?
A. યૂ.એસ.એ.એ B. બ્રિટને
C. ચીને D. સોવિયેત યુનિયને (રશિયાએ)

31. આજે વિશ્વના સૌથી વધુ દેશો કયા જૂથના સભ્યો છે?
A. સેન્ટો (CENTO) જૂથના
B. બિનજોડાણવાદી જૂથના
C. સિઆટો (SEATO) જૂથના
D. જોડાણવાદી જૂથના

ઉત્તર : 21. એપ્રિલ, 1948માં **22.** રશિયા
23. ક્યૂબાની **24.** વિશ્વશાંતિ અને સલામતી
25. ઈ. સ. 1998માં **26.** ભૂતાનને
27. શ્રીલંકા
28. ભયાનક શસ્ત્રોના અસ્તિત્વનો અંત લાવવાનો છે.
29. બૉલ્શેવિક ક્રાંતિએ
30. સોવિયેત યુનિયને (રશિયાએ)
31. બિનજોડાણવાદી જૂથના

(બ) સમયાનુસાર બનાવોને યોગ્ય ક્રમમાં ગોઠવો :

[પ્રત્યેકનો 1 ગુણ]

1. A. નાટો (NATO) લશ્કરી સંગઠનની રચના થઈ.
B. રશિયાએ પરમાણુ અખતરો કર્યો.
C. અમેરિકાએ ક્યૂબાની નાકાબંધી કરી.
D. અમેરિકાએ હિરોશિમા અને નાગાસાકી શહેરો પર અણુબૉમ્બ ફેંક્યા.
ઉત્તર : D, B, A, C


2. A. ભારતદેશ આઝાદ થયો.
B. સોવિયેત યુનિયને બર્લિનની નાકાબંધી કરી.
C. ઇન્ડોનેશિયાના બાન્દુંગ ખાતે તટસ્થ રાષ્ટ્રોની પરિષદ યોજાઈ.
D. ચીને પરમાણુ અખતરો કર્યો.
ઉત્તર : A, B, C, D

3. A. પૂર્વ જર્મની અને પશ્ચિમ જર્મનીનું એકીકરણ થયું.
B. મિખાઇલ ગોર્બોચોવ સામ્યવાદી પક્ષના નવા મહામંત્રી બન્યા.
C. ઇન્ડોનેશિયા દેશ સ્વતંત્ર થયો.
D. બેલગ્રેડ ખાતે યોજાયેલ તટસ્થ રાષ્ટ્રોની પરિષદમાં વિધિસર રીતે બિનજોડાણવાદી આંદોલન સંસ્થાની સ્થાપના થઈ.
ઉત્તર : C, D, B, A

4. A. કારગિલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું.
B. ભારતે ભૂતાન સાથે કાયમી શાંતિ અને મિત્રતાની સંધિ કરી.
C. ચીને ભારત પર આક્રમણ કર્યું.
D. સોવિયેત યુનિયનના વિભાજનની પ્રક્રિયા શરૂ થઈ.
ઉત્તર : B, C, D, A

7 સ્વાતંત્ર્યોત્તર ભારત


ડૉ. હોમી જહાંગીર ભાભા


ડૉ. અબ્દુલ કલામ


ડૉ. વિક્રમ સારાભાઈ


સર સી. વી. રામન

પ્રકરણસાર

- આઝાદી પછી સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવું અને દેશી રાજ્યોને ભારતીય સંઘ સાથે જોડી અખંડ ભારતની રચના કરવી આ બે અગત્યનાં કાર્યો હતાં.
- સ્વતંત્રતા મેળવ્યા પછી ભારતના પ્રથમ નાયબ વડા પ્રધાન અને ગૃહપ્રધાન **સરદાર વલ્લભભાઈ પટેલ** અને તેમના સચિવ **વી. પી. મેનને 'જોડાણખત'** અને **'જૈસે થે કરાર'**(15 ઑગસ્ટ, 1947ની સ્થિતિ જાળવી રાખવી.)નો મુસદ્દો બનાવીને 562 જેટલાં દેશી રાજ્યોના વિલીનીકરણની યોજના હાથ ધરી.
- સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયાસોને લીધે હૈદરાબાદ, જૂનાગઢ અને જમ્મુ-કશ્મીર સિવાયનાં રાજ્યો ભારતીય સંઘ સાથે જોડાઈ ગયાં.
- હૈદરાબાદના નવાબે સ્વતંત્ર રહેવાની જાહેરાત કરીને ભારતની એકતા સામે ખતરો ઊભો કર્યો. નિઝામ સાથેની વાટાઘાટો નિષ્ફળ જતાં સરદાર વલ્લભભાઈ પટેલે તેની સામે **'પોલીસ પગલું'** ભરીને હૈદરાબાદને ભારતીય સંઘમાં જોડી દીધું. ભારતને સરદાર પટેલની અસાધારણ કુનેહ અને ધીરજનો વિજય થયો. કનૈયાલાલ મુનશીએ આ પ્રશ્નમાં મહત્ત્વની ભૂમિકા ભજવી.
- આઝાદીના દિવસે જ જૂનાગઢના નવાબે જૂનાગઢનું પાકિસ્તાન સાથે જોડાણ કર્યું. જૂનાગઢની પ્રજાએ તેનો પ્રચંડ વિરોધ કર્યો. સરદાર પટેલની કુનેહ અને જૂનાગઢની પ્રજાની પ્રબળ ઇચ્છાશક્તિ વડે જૂનાગઢનું ભારતીય સંઘમાં જોડાણ થયું.
- કશ્મીરના મહારાજા હરિસિંહે સમયસૂચકતા ન દાખવતાં પાકિસ્તાને કશ્મીર પર આક્રમણ કર્યું. એ પછી તેમણે કશ્મીરનું રક્ષણ કરવા માટે કશ્મીરનું ભારતીય સંઘ સાથે તાત્કાલિક જોડાણ કર્યું. ભારતના લશ્કરે કશ્મીર જઈને પાકિસ્તાનના સૈન્યને ભગાડી મૂક્યું, પરંતુ એ દરમિયાન પાકિસ્તાને કશ્મીરની પશ્ચિમે તેના ત્રીજા ભાગ પર કબજો જમાવી દીધો હતો. કશ્મીરનો એ ભાગ હજુ આપણે પાછો મેળવી શક્યા નથી. કશ્મીરનો પ્રશ્ન ભારત અને પાકિસ્તાનના સંબંધોમાં આજે પણ સળગતો રહ્યો છે.
- 26 જાન્યુઆરી, 1950ના રોજ ભારત સાર્વભૌમ, પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું ત્યારે પુડુચેરી (પૉંડિચેરી), કરાઇકલ (તમિલનાડુ), માહે (કેરલ), યનામ (આંધ્ર પ્રદેશ) અને ચંદ્રનગર (પશ્ચિમ બંગાળ) પર ફ્રેંચોની સત્તા હતી. એ પ્રદેશોની પ્રજાએ ભારતીય સંઘ સાથે જોડાવા માટે ઉગ્ર ચળવળો ચલાવી. જોડાણના પ્રશ્નનું શાંતિમય સમાધાન કરવા ભારત સરકારે ફ્રેંચ સરકાર સાથે વાટાઘાટો કરી, પણ કોઈ પરિણામ ન આવ્યું. અંતે એ પ્રદેશોની પ્રજાનો મિજાજ પારખીને ફ્રેંચ સરકારે એ પ્રદેશો ભારત સરકારને સોંપી દીધા.
- ભારત પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું એ સમયે દીવ, દમણ, દાદરા-નગરહવેલી અને ગોવા પર પોર્ટુગીઝોનો અંકુશ હતો. એ સંસ્થાનો ભારતને સોંપી દેવા ભારત સરકારે પોર્ટુગીઝ સરકાર સાથે વાટાઘાટો કરી, પરંતુ તેમાં સફળતા ન મળી. લોકોએ પણ **'ગોવામુક્તિ આંદોલન'** શરૂ કરી સત્યાગ્રહ કર્યો. છેવટે ભારતે લશ્કરી અભિયાન **'ઑપરેશન વિજય'** દ્વારા ગોવા, દીવ અને દમણ કબજે કર્યાં.
- બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજ્યોનું એકીકરણ કરીને ઈ. સ. 1950માં ભારતનાં રાજ્યોને ચાર વર્ગોમાં વિભાજિત કર્યાં. એ રાજ્યોનો દરજ્જો એકસરખો નહોતો.

- રાજ્યોની પુનર્રચના કરવા માટે ભારત સરકારે સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયમૂર્તિ **ફઝલઅલી**ના અધ્યક્ષપદે **'રાજ્ય પુનર્રચનાપંચ'**ની નિમણૂક કરી.
- એ પંચના અહેવાલ પરથી બંધારણમાં સુધારો કરી ભારત સરકારે રાજ્યોની પુનર્રચના માટે કાયદો ઘડ્યો. એ કાયદા મુજબ ચાર પ્રકારનાં રાજ્યો રદ કરી ભાષાના ધોરણે 14 રાજ્યો અને 5 કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભારતનાં રાજ્યોની પુનર્રચના કરવામાં આવી. પરંતુ તેમાં મુંબઈ અને પંજાબની રચના ભાષાના ધોરણે થઈ નહોતી. મુંબઈની દ્વિભાષી રચના સામે ગુજરાત અને મહારાષ્ટ્રમાં લોકોએ આંદોલન ચલાવ્યું. અંતે 1 મે, 1960ના રોજ મુંબઈ રાજ્યનું મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે અલગ રાજ્યોમાં વિભાજન થયું.
- ભારતની ઉત્તર-પૂર્વ દિશામાં અસમ સહિત નવાં 7 રાજ્યોની રચના કરવામાં આવી. એ સાતેય રાજ્યોને 'સાત બહેનો' (Seven Sisters) તરીકે ઓળખવામાં આવે છે.
- ઈ. સ. 2000માં બિહારમાંથી નવા ઝારખંડ રાજ્યની અને મધ્ય પ્રદેશમાંથી નવા છત્તીસગઢ રાજ્યની રચના કરવામાં આવી તેમજ ઉત્તર પ્રદેશમાંથી ઉત્તરાખંડ નામના નવા રાજ્યની રચના કરવામાં આવી.
- ઈ. સ. 2014માં આંધ્ર પ્રદેશમાંથી નવા તેલંગણા રાજ્યની રચના કરવામાં આવી.
- આજે (ઈ. સ. 2016માં) ભારતીય સંઘમાં 29 રાજ્યો અને 6 સંઘશાસિત પ્રદેશો તેમજ **ભારતના પાટનગર દિલ્લી**ના રાજ્ય સહિત કુલ 36 ઘટકો છે.
- એક **ઉપખંડ** કહી શકાય એવો ભારતદેશ અનેક વિવિધતાઓ ધરાવે છે. વિવિધ ધર્મો, ભાષાઓ, જાતિઓ, જ્ઞાતિઓ અને સંસ્કૃતિઓ ધરાવતા લોકો સદીઓથી એકસાથે રહેતા હોવાથી તેમની વચ્ચે ભાવાત્મક એકતા જન્મી છે.
- ચોક્કસ પ્રાદેશિક વિસ્તારમાં કાયમી વસવાટ કરીને રહેતી પ્રજામાં પોતાના વિસ્તારની ભૂમિ માટે એક પ્રકારની ભાવાત્મક લાગણી જન્મે છે, તેને **'પ્રદેશવાદ'** કહે છે.
- પ્રદેશવાદના ઉદ્ભવ અને વિકાસ માટે મુખ્યત્વે **ભાષા, જાતિ** અને **ધર્મ** આ ત્રણ પરિબળો જવાબદાર છે.
- ભારતના બંધારણે ભારતને 'સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી, પ્રજાસત્તાક રાષ્ટ્ર' જાહેર કર્યો છે.
- પ્રાદેશિક અસમાનતાને લીધે પ્રદેશવાદની ભાવના જન્મે છે. દેશમાં પ્રવર્તતી પ્રાદેશિક અસમાનતા નાબૂદ કરી દેશનો સમતોલ સામાજિક અને આર્થિક વિકાસ સાધવા આપણે કેન્દ્રીય આયોજનનો માર્ગ અપનાવ્યો. એ માટે ભારત સરકારે ઈ. સ. 1950માં **આયોજનપંચ**ની રચના કરી.
- દેશનાં વિકસિત, મધ્યમ વિકસિત અને અલ્પવિકસિત રાજ્યોમાં પણ આંતરિક પ્રાદેશિક અસમાનતાઓ પ્રવર્તે છે.
- છેલ્લાં 50 વર્ષોમાં ભારતે વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે. વિકસિત દેશોની તુલનામાં ભારતે આ ક્ષેત્રે સાધેલો વિકાસ અદ્વિતીય છે.
- ભારતમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસમાં ડૉ. હોમી ભાભા, ડૉ. રાજા રામન્ના, ડૉ. વિક્રમ સારાભાઈ, ડૉ. સી. વી. રામન, સર એમ. વિશ્વેશ્વરૈયા, સામ પિત્રોડા, ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ, ઈ. શ્રીધરન વગેરે વૈજ્ઞાનિકો, ઇજનેરો, ટેક્નોક્રેટો વગેરેએ નોંધપાત્ર ફાળો આપ્યો છે.
- ભારતમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે મહિલાઓનું યોગદાન પણ નોંધપાત્ર રહ્યું છે. આ ઉપરાંત, મહિલાઓએ વિવિધ ક્ષેત્રોમાં સુંદર કામગીરી બજાવીને રાષ્ટ્રીય વિકાસમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો છે.
- વિજ્ઞાન અને ટેક્નોલૉજીના શિક્ષણ અને સંશોધન માટે 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ', 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી', 'ઇન્ડિયન રિસર્ચ ઑર્ગેનાઇઝેશન' (ઇસરો)', 'ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી' વગેરે સંસ્થાઓએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.
- ભારતે અદ્યતન કૃષિ ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને તેમજ સિંચાઈ યોજનાઓ દ્વારા **'હરિયાળી ક્રાંતિ'** કરી છે. આ ક્રાંતિના પરિણામે ભારત અન્ન-ઉત્પાદન ક્ષેત્રે સ્વાવલંબી બન્યું છે.
- પરમાણુ વિજ્ઞાન અને ટેક્નોલૉજીમાં ભારતે હરણફાળ ભરી છે. ભારતે અદ્યતન પરમાણુ મથકો ઊભાં કર્યાં છે. ભારતે પરમાણુ બૉમ્બ અને વિવિધ અંતરની મિસાઇલો વિકસાવી છે. દેશના સંરક્ષણ માટે ભારતે રાજસ્થાનમાં પોખરણ ખાતે બે વખત સફળ પરમાણુ પરીક્ષણ કર્યાં છે.
- ભારતે અવકાશ સંશોધન ક્ષેત્રે અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. ભારતે 'આર્યભટ્ટ', 'ભાસ્કર', 'રોહિણી' જેવા ઉપગ્રહો બાહ્ય અવકાશમાં છોડ્યા છે, તેમજ ઉપગ્રહો છોડવા માટેનાં વ્હીકલ (GSLV) વિકસાવ્યાં છે.
- છેલ્લા એક દાયકામાં ભારતે ટેલિકમ્યુનિકેશન અને માહિતી ટેક્નોલૉજી ક્ષેત્રે અદ્વિતીય પ્રગતિ સાધી છે. દેશમાં ટેલિફોન, મોબાઇલ ટેલિફોન, ટી.વી., કમ્પ્યૂટર વગેરે ઉપકરણોનો ઉપયોગ ઉત્તરોત્તર વધતો રહ્યો છે.
- ભારતમાં ઉદ્યોગો, ઊર્જા, કૃષિ, આરોગ્ય વગેરે ક્ષેત્રોમાં બાયો-ટેક્નોલૉજીનો ઉપયોગ સતત વધી રહ્યો છે.
- વિશ્વ-સંસ્થા સંયુક્ત રાષ્ટ્રો (United Nations) એ 21 જૂનનો દિવસ વિશ્વ-યોગદિન તરીકે ઊજવવાનો નિર્ણય કર્યો છે. આ માટે ભારત ગૌરવ અનુભવે છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :

[પ્રત્યેકના 4 ગુણ]

*** (1) ભારતીય સંઘમાં દેશી રાજ્યોના વિલીનીકરણ અંગે સંક્ષેપમાં માહિતી આપો.** *અથવા*

દેશી રાજ્યોના એકીકરણ વિશે માહિતી આપો.

ઉત્તર : સ્વરાજ્ય મળ્યું ત્યારે ભારતમાં નાનાં-મોટાં મળીને 562 દેશી રાજ્યો હતાં.

→ તેમનું ક્ષેત્રફળ સ્વતંત્ર ભારતના કુલ ક્ષેત્રફળ પૈકી 48 % હતું. તેમની કુલ વસ્તી દેશની સમગ્ર વસ્તીના લગભગ પાંચમા ભાગ જેટલી હતી.

→ કશ્મીર, હૈદરાબાદ અને મૈસૂર મોટાં રાજ્યો હતાં.

→ બધાં દેશી રાજ્યોના રાજાઓ તેમજ નવાબોને ભારતીય સંઘમાં જોડાવા માટે સમજાવવા એ ભગીરથ કાર્ય હતું. આ કાર્ય ઝડપથી પૂરું કરવાનું હતું.

→ સૌપ્રથમ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહે 15 જાન્યુઆરી, 1948ના રોજ ભાવનગરમાં 'જવાબદાર સરકાર' શરૂ કરી, સરદાર પટેલના પ્રયત્નથી સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં ભાવનગર રાજ્ય 15 ફેબ્રુઆરી, 1948માં તેમાં વિલીન થઈ ગયું.

→ સરદાર પટેલ અને તેમના સચિવ વી. પી. મેનનની મદદથી તેમણે દેશી રાજ્યો માટે એક 'જોડાણખત' અને 'જૈસે થે કરાર'નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. સરદાર વલ્લભભાઈ પટેલે વ્યવહારુ બુદ્ધિથી લગભગ બધાં દેશી રાજ્યોની ભારતમાં વિલીનીકરણની પ્રક્રિયા શરૂ કરી. સરદાર પટેલે દેશી રાજાઓને અપીલ કરી કે તેમના શાસન હેઠળની પ્રજા અને ભારતીય સંઘના હિતમાં તેઓ પોતાનાં રાજ્યોનો સ્વેચ્છાએ ત્યાગ કરે અને એક મજબૂત, અખંડ અને સમૃદ્ધ ભારતનો પાયો નાખવામાં પોતાનો સહકાર આપે. સરદાર પટેલે ભારત સરકાર વતી રાજાઓને તેમનાં સાલિયાણાં, દરજ્જો, હકો અને હિતોના રક્ષણની ખાતરી આપી.

→ સરદાર વલ્લભભાઈ પટેલે રજૂ કરેલા મુસદ્દાથી રાજાઓ સંતુષ્ટ થયા.

→ આથી જમ્મુ-કશ્મીર, જૂનાગઢ અને હૈદરાબાદના શાસકો સિવાયનાં બધા (559) રાજાઓએ 15 ઑગસ્ટ, 1947 પહેલાં જ જોડાણખત પર હસ્તાક્ષર કરી પોતાનાં રાજ્યો અને રિયાસતોને ભારતીય સંઘ સાથે જોડી દીધાં.

→ જમ્મુ-કશ્મીર, જૂનાગઢ અને હૈદરાબાદના જોડાણના પ્રશ્નો જુદી રીતે ઉકેલવામાં આવ્યા.

→ **જૂનાગઢના** નવાબ સામે લશ્કરી કાર્યવાહી તેમજ પ્રજાની પ્રબળ ઇચ્છાશક્તિ વડે જૂનાગઢને ભારતીય સંઘ સાથે જોડી દેવામાં આવ્યું.

→ **હૈદરાબાદના** નિઝામ સામે 'પોલીસ પગલું' ભરીને હૈદરાબાદને ભારતીય સંઘ સાથે જોડી દેવામાં આવ્યું.

→ આઝાદી પછી પાકિસ્તાને જમ્મુ-કશ્મીર પર આક્રમણ કર્યું. એ સમયે કશ્મીરનું રક્ષણ કરવા ભારત સરકારની મદદ મેળવવા રાજા હરિસિંહે તાત્કાલિક જોડાણખત પર સહી કરી જમ્મુ-કશ્મીરને ભારતીય સંઘ સાથે જોડી દીધું.

*** (2) હૈદરાબાદ અને જૂનાગઢનાં રાજ્યો ભારતીય સંઘમાં કેવી રીતે ભળ્યાં? સંક્ષેપમાં ચર્ચા કરો.**

ઉત્તર : હૈદરાબાદ : ભારતને સ્વરાજ્ય મળ્યું એ પૂર્વે હૈદરાબાદના નવાબ નિઝામે ભારતીય સંઘથી સ્વતંત્ર રહેવાની ઇચ્છા પ્રગટ કરી અને પોતાના રાજ્યને 15 ઑગસ્ટના રોજ સ્વતંત્ર જાહેર કર્યું.

→ સરદાર પટેલે નિઝામને સમજાવવા તેની સાથે વાટાઘાટો શરૂ કરી. તેમણે નિઝામ વતી વાટાઘાટો કરનાર અધિકારીઓને સ્પષ્ટ જણાવી દીધું કે, હૈદરાબાદના લોકો ભારતીય સંઘ સાથે જોડાવાની તીવ્ર ઇચ્છા ધરાવે છે. તેથી તેમની ઇચ્છા મુજબ હૈદરાબાદનું ભારતીય સંઘ સાથે જોડાણ કરવું એ સૌના હિતમાં છે.

→ એ સમયે નિઝામના અધિકારીઓએ અને તેની સેનાએ પ્રજા પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું. લોકોને એમાંથી બચાવવા માટે ભારત સરકારે હૈદરાબાદ સામે 18 સપ્ટેમ્બર, 1948ના રોજ 'પોલીસ પગલું' ભરીને તેને ભારતીય સંઘ સાથે જોડી દીધું. નિઝામે શરણાગતિ સ્વીકારી. નિઝામને તેનાં હિતોના રક્ષણની બાંયધરી આપવામાં આવી. આ કામગીરીમાં શ્રી કનૈયાલાલ મુનશીએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

→ **જૂનાગઢ :** જૂનાગઢના નવાબે આઝાદીના દિવસે જ જૂનાગઢનું પાકિસ્તાન સાથે જોડાણ કર્યું. પાકિસ્તાને તેને મંજૂર કર્યું.

→ સરદાર પટેલે જૂનાગઢના નવાબ સામે પગલાં લેવાનું નક્કી કર્યું.

→ મુંબઈમાં જૂનાગઢના નાગરિકોએ જૂનાગઢને ભારતીય સંઘમાં જોડાવા માટે **'આરઝી હકૂમત'**ની સ્થાપના કરી. સૌરાષ્ટ્રનાં બધાં રાજ્યો અને લોકોએ નવાબના પાકિસ્તાન સાથેના જોડાણનો વિરોધ કર્યો.

→ જૂનાગઢના નવાબે રાજ્યની પ્રજાને ત્રાસ આપવા માંડ્યો.

→ ભારતના સૈન્યે અને નૌકાદળે જૂનાગઢને ચોતરફથી ઘેરી લીધું. આખરે નવાબ પોતાની સલામતી માટે પાકિસ્તાન ભાગી ગયો.

→ ભારત સરકારે 9 નવેમ્બર, 1947ના રોજ જૂનાગઢનો કબજો લીધો. એ પછી લોકમત લેવાતાં લોકોએ જૂનાગઢને સંપૂર્ણપણે ભારતીય સંઘ સાથે જોડી દેવાની તરફેણ કરી.

→ આમ, સરદાર પટેલની કુનેહ અને જૂનાગઢના નાગરિકોની પ્રબળ ઇચ્છાશક્તિ વડે જૂનાગઢનું ભારતીય સંઘ સાથે જોડાણ થયું.

(3) ટૂંક નોંધ લખો : કશ્મીરનો પ્રશ્ન

ઉત્તર : ભારતને સ્વરાજ્ય મળ્યું એ સમયે કશ્મીરના મહારાજા હરિસિંહ ડોગરા મૂંઝવણમાં હતા, કારણ કે તેમણે ભારત સાથેના જોડાણખત પર સહી કરી નહોતી.

→ આ દરમિયાન પાકિસ્તાને કશ્મીરને પોતાની સાથે જોડવા માટે કશ્મીર પર આક્રમણ કર્યું. પાકિસ્તાનના સૈનિકોએ કશ્મીરમાં લૂંટફાટ અને અત્યાચાર શરૂ કર્યા. આ કટોકટીની સ્થિતિમાં રક્ષણ મેળવવા રાજા હરિસિંહે ભારતની લશ્કરી મદદ માગી.

→ ભારત સરકારે તેમને ભારતીય સંઘ સાથે જોડાવા માટેના 'જોડાણખત' પર સહી કરવા જણાવ્યું.

→ તેથી રાજા હરિસિંહે તાબડતોબ જોડાણખત પર સહી કરી. એ પછી ભારત સરકારે કશ્મીરમાં તાત્કાલિક ધોરણે લશ્કર મોકલીને આક્રમણખોરોને નસાડી મૂક્યા.

→ પરંતુ એ દરમિયાન પાકિસ્તાને કશ્મીરના ત્રીજા ભાગ પર પોતાનો લશ્કરી કબજો જમાવી દીધો.

→ એ ભાગ પાછો મેળવવા ભારત સરકારે પાકિસ્તાન વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં ફરિયાદ નોંધાવી. સલામતી સમિતિએ યુદ્ધવિરામ કરવા જણાવ્યું.

→ જમ્મુ-કશ્મીર રાજ્યના ત્રીજા ભાગ પર પાકિસ્તાનનો આજે પણ અંકુશ ચાલુ છે. પરંતુ કશ્મીર કાયદેસર રીતે ભારતનો જ ભાગ છે તે હકીકત નિર્વિવાદ છે.

→ આજે કશ્મીરનો પ્રશ્ન ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોનો સળગતો પ્રશ્ન છે.

*** (4) દીવ, દમણ અને ગોવાના ભારતીય સંઘમાં જોડાણની માહિતી આપો.** *અથવા*

ભારત સરકારે દીવ, દમણ અને ગોવાને કબજે કરવા શો નિર્ણય કર્યો? શા માટે? *અથવા*

દીવ, દમણ અને ગોવાનું ભારતીય સંઘ સાથે જોડાણ કેવી રીતે થયું? રાજકીય ઘટના તરીકે તેનું મૂલ્યાંકન કરો.

ઉત્તર : ઈ. સ. 1950માં ભારત સાર્વભૌમ, પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું.

→ એ સમયે ગોવા, દીવ અને દમણ પોર્ટુગીઝોનાં સંસ્થાનો હતાં.

→ એ સંસ્થાનો ભારતને સોંપી દેવા ભારત સરકારે સમજાવટ અને વાટાઘાટો દ્વારા બહુ પ્રયત્નો કર્યા. પરંતુ તેનું કોઈ પરિણામ ન આવ્યું.

→ ગોવાને ભારતીય સંઘમાં જોડી દેવા લોકોએ ઉગ્ર આંદોલન શરૂ કર્યું. લોકોએ મોટા પાયા પર સત્યાગ્રહ કર્યો. ત્રિરંગો ધ્વજ ફરકાવવા બદલ પોર્ટુગીઝ સરકારે સેંકડો સત્યાગ્રહીઓની ધરપકડ કરી. 15 ઑગસ્ટ, 1955ના રોજ લોકોએ 'ગોવામુક્તિ આંદોલન' કરી ગોવા, દીવ અને દમણમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો. પોર્ટુગીઝ સત્તાવાળાઓ સાથેની અથડામણમાં અનેક સત્યાગ્રહીઓ શહીદ થયા.

→ વાટાઘાટો, સમજાવટ અને સત્યાગ્રહ જેવા શાંત પ્રયાસો દ્વારા સફળતા નહિ મળે એમ માનીને ભારત સરકારે ગોવા, દીવ અને દમણને મુક્ત કરવા જનરલ ચૌધરીના નેતૃત્વ હેઠળ **'ઑપરેશન વિજય'** નામનું લશ્કરી અભિયાન શરૂ કરવાનો નિર્ણય લીધો.

→ 18 ડિસેમ્બર, 1961ના રોજ હેઠળ લશ્કરે અભિયાન શરૂ કર્યું. ભારતનાં લશ્કરી દળોએ ગોવા, દીવ અને દમણમાં પ્રવેશ કર્યો. 19મી ડિસેમ્બરની રાત્રે ગોવાના પોર્ટુગીઝ ગવર્નર જનરલ ડિ-સિલ્વાએ શરણાગતિ સ્વીકારી. આમ, ગોવા, દીવ અને દમણમાંથી પોર્ટુગીઝ શાસનનો અંત આવ્યો. ત્રણેય સંસ્થાનોમાં ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો.

(5) બંધારણનો અમલ શરૂ થયો ત્યારે ભારતમાં કેટલા વર્ગનાં રાજ્યો હતાં? કયાં કયાં?

ઉત્તર : 26 જાન્યુઆરી, 1950ના રોજ બંધારણનો અમલ શરૂ થયો ત્યારે ભારતમાં અ, બ, ક અને ડ વર્ગોનાં ચાર પ્રકારોનાં રાજ્યો હતાં. આ ચાર વર્ગ(પ્રકાર)નાં રાજ્યોનો દરજ્જો એકસમાન નહોતો.

અ-વર્ગનાં રાજ્યો : (1) આંધ્ર પ્રદેશ, (2) અસમ, (3) બિહાર, (4) મુંબઈ, (5) મદ્રાસ, (6) ઓડિશા (ઓરિસ્સા), (7) પંજાબ, (8) ઉત્તર પ્રદેશ અને (9) પશ્ચિમ બંગાળ.

બ-વર્ગનાં રાજ્યો : (1) હૈદરાબાદ, (2) જમ્મુ-કશ્મીર, (3) મધ્ય ભારત, (4) મૈસૂરુ, (5) પેપ્સુ (પતિયાલા ઍન્ડ ઈસ્ટ પંજાબ સ્ટેટ્સ યુનિયન), (6) રાજસ્થાન, (7) સૌરાષ્ટ્ર અને (8) ત્રાવણકોર – કોચી.

ક-વર્ગનાં રાજ્યો : (1) અજમેર, (2) બિલાસપુર, (3) ભોપાલ, (4) કૂર્ગ, (5) દિલ્લી, (6) હિમાચલ પ્રદેશ, (7) કચ્છ, (8) મણિપુર, (9) ત્રિપુરા અને (10) વિંધ્ય પ્રદેશ.

ડ-વર્ગનું રાજ્ય : અંદમાન-નિકોબાર ટાપુઓ

*** (6) ટૂંક નોંધ લખો : દેશી રાજ્યો – રિયાસતોના એકીકરણમાં સરદાર પટેલનો ફાળો**

ઉત્તર : 15 ઑગસ્ટ, 1947 પહેલાં ભારતમાં નાનાં-મોટાં **562** દેશી રાજ્યો હતાં. ભારતની સાથે એમને પણ સ્વતંત્રતા મળી.

→ સરદાર વલ્લભભાઈ પટેલ જુલાઈ, 1947માં વચગાળાની સરકારના ગૃહમંત્રી બન્યા. તેઓ દીર્ઘદૃષ્ટિ અને લોખંડી મનોબળ ધરાવતા ગૃહમંત્રી હતા.

→ તેમણે અને તેમના સચિવ વી. પી. મેનને 'જોડાણખત' અને 'જૈસે થે કરાર'(15 ઑગસ્ટ, 1947ની સ્થિતિ જાળવી રાખવી.)નો મુસદ્દો તૈયાર કર્યો અને દેશી રાજ્યોની ભારતીય સંઘ સાથેના એકીકરણની પ્રક્રિયા ખૂબ ઝડપથી શરૂ કરી. તેમણે દેશી રાજાઓની તેમની પ્રજા અને રાષ્ટ્રના હિતમાં પોતાનાં રાજ્યોનો સ્વેચ્છાએ ત્યાગ કરવા અને ભારતીય સંઘને એક, અખંડ, મજબૂત તથા સમૃદ્ધ બનાવવાનો પાયો નાખવામાં તેમનો સહકાર આપવા અપીલ કરી.

→ તેમણે રાજાઓ સાથે વ્યક્તિગત ચર્ચાઓ કરી તેમની શંકાઓ નિર્મૂળ કરી.

→ તેમણે ભારત સરકાર વતી એ રાજાઓને તેમનો દરજ્જો, હકો અને હિતોના રક્ષણની તેમજ સાલિયાણાં આપવાની ખાતરી આપી.

→ આથી હૈદરાબાદ, જૂનાગઢ અને જમ્મુ-કશ્મીરના શાસકો સિવાયના બધા રાજાઓએ જોડાણખત પર હસ્તાક્ષર કરી તેમનાં રાજ્યો અને રિયાસતોનું ભારતીય સંઘ સાથે જોડાણ કર્યું.

→ હૈદરાબાદના નિઝામે સ્વતંત્ર રહેવાનો નિર્ણય કરતાં તેની સામે 'પોલીસ પગલું' લઈને તેના રાજ્યને ભારતીય સંઘ સાથે જોડી દેવામાં આવ્યું.

→ જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય કર્યો. સરદાર પટેલે તરત જ ભારતીય સૈન્ય અને નૌકાદળને જૂનાગઢની ચારે બાજુ ગોઠવી દીધું. જૂનાગઢનો નવાબ પોતાની સલામતી માટે પાકિસ્તાન ભાગી ગયો. નવેમ્બર, 1947માં ભારત સરકારે લોકમત લઈને જૂનાગઢને ભારતીય સંઘ સાથે જોડી દીધું.

→ કશ્મીરના રાજા હરિસિંહે કશ્મીરનું વિધિસર ભારતીય સંઘ સાથે જોડાણ કર્યું.

→ સરદાર પટેલની આ સિદ્ધિઓમાં તેમના મુખ્ય સચિવ વી. પી. મેનનનો ફાળો ખૂબ મહત્ત્વનો હતો.

→ આમ, સરદાર પટેલ અને વી. પી. મેનને ખૂબ ધીરજ અને અસાધારણ કુનેહ દાખવી દેશી રાજ્યો અને રિયાસતોનું ભારતીય સંઘ સાથે એકીકરણ કરી ભારતને એક અખંડ રાષ્ટ્ર બનાવ્યું.

*** (7) ટૂંક નોંધ લખો : પ્રદેશવાદ**

ઉત્તર : ભારતદેશ અનેક વિવિધતાઓ ધરાવે છે. વિવિધ ધર્મો, ભાષાઓ, જાતિઓ, જ્ઞાતિઓ અને સંસ્કૃતિઓ ધરાવતા લોકો સદીઓથી એકસાથે રહેતા હોવાથી તેમની વચ્ચે ભાવાત્મક એકતા છે.

→ ભારતીય સમાજમાં વિદેશી પ્રજા અને તેમનાં સાંસ્કૃતિક મૂલ્યોનો સમન્વય થયો. એ પ્રજા જે પ્રદેશમાં લાંબા સમયથી વસવાટ કરતી હતી તેમને ત્યાંની ભૂમિ માટે એક પ્રકારની લાગણી જન્મી તેને 'પ્રદેશવાદની ભાવના' કહે છે.

→ પ્રદેશવાદના ઉદ્‌ભવ અને વિકાસ માટે મુખ્યત્વે **ભાષા, જાતિ** અને **ધર્મ** આ ત્રણેય પરિબળો જવાબદાર છે.

→ **ભાષાવાદે** પ્રદેશવાદને ઉત્તેજન આપ્યું છે. ઉત્તર ભારતમાં હિંદીભાષી પ્રજામાં અને દક્ષિણ ભારતમાં બિનહિંદીભાષી પ્રજામાં પ્રદેશવાદની લાગણી તીવ્ર છે.

→ ઉત્તર-પૂર્વ ભારતનાં રાજ્યોમાં એક જ કોમની બહુમતી છે. આ પ્રજા પોતાનો અલગ ધર્મ પાળે છે. દા. ત., નાગાલૅન્ડ, મિઝોરમ, મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ વગેરે રાજ્યોની પ્રજાના રીતરિવાજો, પરંપરા, જીવનશૈલી, વ્યવસાય વગેરેમાં વિવિધતા પ્રવર્તે છે. તેમનામાં ધર્મને કારણે પ્રદેશવાદની ભાવના જન્મી છે.

→ પ્રદેશવાદના જાતિવાદના પરિબળને કારણે પંજાબ અને હરિયાણાની રચના થઈ. બિહારમાંથી ઝારખંડ રાજ્ય મધ્ય પ્રદેશમાંથી છત્તીસગઢ અને ઉત્તર પ્રદેશમાંથી ઉત્તરાખંડ રાજ્ય આ જ કારણે રચાયાં છે. આજે મહારાષ્ટ્રમાંથી અલગ વિદર્ભ રાજ્ય રચવાની માગણી થઈ રહી છે. પ્રદેશવાદની સંકુચિત લાગણીનો વિચાર વધતો જાય છે.

→ કેટલાક પ્રદેશો – રાજ્યોમાં નેતાઓ અને કેટલાંક બળવાખોર જૂથો લોકલાગણીને ઉશ્કેરી પ્રદેશવાદને ઉત્તેજન આપે છે. આ પરિબળો દેશની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે નુકસાનકારક છે.

*** (8) ટૂંક નોંધ લખો : પ્રાદેશિક અસમાનતા**

ઉત્તર : ભારતમાં વિદેશી શાસકોએ જે પ્રદેશોમાં પોતાને આર્થિક લાભ થયો નહોતો તે પ્રદેશોમાં વિકાસનાં કામો કર્યાં નહિ. પરિણામે એ વિસ્તારોમાં પ્રાદેશિક અસમાનતા સર્જાઈ હતી.

→ ભારતની ભૌગોલિક વિશાળતા અને ભિન્નતાઓને કારણે દેશના જુદા જુદા પ્રદેશોનો – રાજ્યોનો સમતોલ આર્થિક વિકાસ થયો નથી.

→ દેશના વિવિધ પ્રદેશોમાં પ્રવર્તતી કુદરતી સંસાધનોની વિષમતાઓને કારણે બધા પ્રદેશોનો ઔદ્યોગિક ક્ષેત્રે અને કૃષિક્ષેત્રે એકસરખો વિકાસ થયો નથી.

→ આઝાદી પછી ભારતનો આર્થિક, સામાજિક અને અન્ય ક્ષેત્રોમાં સમતોલ વિકાસ સાધવા માટે આયોજનપંચ(હવે નીતિઆયોગ)ની રચના થઈ. તેનો મુખ્ય હેતુ જુદા જુદા પ્રદેશોનો સમતોલ આર્થિક સહિત અન્ય ક્ષેત્રોમાં વિકાસ સાધવાનો હતો. પરંતુ પ્રદેશવાદનાં દબાણો, રાજકીય કારણોથી વિકાસ યોજનાઓ પોતાના પ્રદેશમાં લઈ જવાની ખેંચતાણ, વિકાસ માટેના સ્રોતો, વગેરે અનેક પરિબળોને લીધે દેશના બધા પ્રદેશોનો સમતોલ આર્થિક વિકાસ સાધવામાં નોંધપાત્ર સફળતા મળી નથી. આથી સમતોલ વિકાસની બાબતોમાં અસમાનતા પ્રવર્તતી જોવા મળે છે.

→ ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં માથાદીઠ આવક, સાક્ષરતાનો દર, આરોગ્ય અને શિક્ષણ સેવાઓ, ઉદ્યોગીકરણની માત્રા, વાહનવ્યવહાર અને સંદેશવ્યવહારની સગવડો, શહેરીકરણનો દર વગેરે બાબતોમાં અસમાનતાઓ પ્રવર્તે છે. તેથી દેશમાં વિકસિત, મધ્યમ વિકસિત અને અલ્પવિકસિત રાજ્યો જોવા મળે છે.

→ કેટલાંક રાજ્યોના આંતરિક પ્રાદેશિક વિકાસમાં પણ અસમાનતા જોવા મળે છે. મહારાષ્ટ્ર વિકસિત રાજ્ય છે પણ તેના વિદર્ભ અને મરાઠાવાડના વિસ્તારો પછાત છે.

→ આંધ્ર પ્રદેશ રાજ્યમાં રાયલસીમા અને તેલંગણા રાજ્યના કેટલાક વિસ્તારો અલ્પવિકસિત છે. ભારતનાં કેટલાંક રાજ્યો કૃષિ વિકાસમાં તો કેટલાંક રાજ્યો ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર છે. આમ, રાજ્યો-રાજ્યો વચ્ચે ઘણી બાબતોમાં અસમાનતાઓ પ્રવર્તે છે.

→ પ્રદેશવાદને કારણે કેટલાંક રાજ્યો વચ્ચે સરહદી જમીન તથા જળની વહેંચણીના વિવાદો ચાલી રહ્યા છે. મહારાષ્ટ્ર અને કર્ણાટક રાજ્ય વચ્ચે તથા પંજાબ અને હરિયાણા રાજ્યોની સરહદ માટેની જમીનના વિવાદ ચાલી રહ્યા છે. પોતાના રાજ્યની ખનીજસંપત્તિ અને જંગલસંપત્તિ પોતાને જ મળે એવી પ્રાદેશિક સંકુચિતતા પ્રજામાં જોવા મળે છે.

* (9) ટૂંક નોંધ લખો : ભારતનો ટેક્નોલૉજી ક્ષેત્રે વિકાસ

ઉત્તર : છેલ્લાં **50** વર્ષોમાં ભારતે વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. વિકસિત દેશોની તુલનામાં ભારતે આ ક્ષેત્રે સાધેલો વિકાસ અદ્વિતીય છે.

→ ભારતમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસમાં ડૉ. હોમી ભાભા, ડૉ. રાજા રામન્ના, ડૉ. વિક્રમ સારાભાઈ, ડૉ. સી. વી. રામન, સર એમ. વિશ્વેશ્વરૈયા, સામ પિત્રોડા, ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ, ઈ. શ્રીધરન વગેરે વૈજ્ઞાનિકો, ઇજનેરો, ટેક્નોક્રેટોએ નોંધપાત્ર ફાળો આપ્યો છે.

→ આ ઉપરાંત, ભારતીય મહિલાઓએ પણ વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો છે. વનસ્પતિ ક્ષેત્રે જાનકી અમ્મા, રસાયણશાસ્ત્રના ક્ષેત્રે અસીમા ચેટરજી, તબીબી ક્ષેત્રે ડૉ. ઇન્દિરા આહુજા, ગણિતશાસ્ત્રમાં માનવ સંગણક(Human Computer)માં શકુંતલાદેવી, અવકાશ ક્ષેત્રે કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સ.

→ વિજ્ઞાન અને ટેક્નોલૉજીના શિક્ષણ અને સંશોધન માટે 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ', 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી', 'ઇન્ડિયન રિસર્ચ ઑર્ગેનાઇઝેશન' (ઇસરો), 'ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી' વગેરે સંસ્થાઓએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

→ ભારતે અદ્યતન કૃષિ ટેક્નોલૉજી, કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ યુનિવર્સિટીઓનો ઉપયોગ કરીને તેમજ સિંચાઈ યોજનાઓ દ્વારા **'હરિયાળી ક્રાંતિ'** કરી છે. આ ક્રાંતિના પરિણામે ભારત અન્ન-ઉત્પાદન ક્ષેત્રે સ્વાવલંબી બન્યું છે.

→ પરમાણુ વિજ્ઞાન અને ટેક્નોલૉજીમાં ભારતે હરણફાળ ભરી છે. ભારતે ભાભા પરમાણુ ક્ષેત્ર સંશોધન, વૈજ્ઞાનિકો, ઇજનેરો અને ટેક્નોક્રેટોના સંયુક્ત પ્રયાસથી અદ્યતન **પરમાણુ મથકો** ઊભાં કર્યાં છે. ભારતે પરમાણુ બૉમ્બ અને વિવિધ અંતરની મિસાઇલો વિકસાવી છે. દેશના સંરક્ષણ માટે ભારતે રાજસ્થાનમાં **પોખરણ** ખાતે બે વખત સફળ પરમાણુ પરીક્ષણ કર્યાં છે.

→ ભારતે અવકાશ સંશોધન ક્ષેત્રે અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. ભારતે **'આર્યભટ્ટ', 'ભાસ્કર', 'રોહિણી'** જેવા ઉપગ્રહો બાહ્ય અવકાશમાં છોડ્યા છે, તેમજ ઉપગ્રહો છોડવા માટેનાં **વ્હીકલ (GSLV)** વિકસાવ્યાં છે.

→ છેલ્લા એક જ દાયકામાં ભારતે ટેલિકમ્યુનિકેશન અને માહિતી ટેક્નોલૉજી ક્ષેત્રે અદ્વિતીય પ્રગતિ સાધી છે. દેશમાં ટેલિફોન, મોબાઇલ ટેલિફોન, ટી.વી., કમ્પ્યૂટર વગેરે ઉપકરણોનો ઉપયોગ ઉત્તરોત્તર વધતો જાય છે.

→ આ ઉપરાંત, ભારતમાં ઉદ્યોગો, ઊર્જા, કૃષિ, આરોગ્ય વગેરે ક્ષેત્રોમાં **બાયો-ટેક્નોલૉજી**નો ઉપયોગ પણ સતત વધી રહ્યો છે.

પ્રશ્ન 2. ટૂંક નોંધ લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

(1) જૂનાગઢનું ભારતીય સંઘમાં જોડાણ

ઉત્તર : જૂનાગઢ સૌરાષ્ટ્રમાં આવેલું છે. જૂનાગઢનો નવાબ મુસ્લિમ હતો, જ્યારે રાજ્યની મોટા ભાગની વસ્તી હિંદુઓની હતી.

→ નવાબે પ્રજાની ઇચ્છા વિરુદ્ધ આઝાદીના દિવસે જ જૂનાગઢનું પાકિસ્તાન સાથે જોડાણ કર્યું. પાકિસ્તાને તેને મંજૂર કર્યું.

→ સરદાર પટેલે તાત્કાલિક વળતાં પગલાં લેવાનું નક્કી કર્યું.

→ જૂનાગઢને સ્વતંત્ર કરી તેને ભારતીય સંઘમાં જોડવા માટે મુંબઈમાં જૂનાગઢના નાગરિકોએ **'આરઝી હકૂમત'**ની સ્થાપના કરી.

→ સૌરાષ્ટ્રનાં બધાં રાજ્યોએ અને લોકોએ નવાબના પાકિસ્તાન સાથેનો જોડાણનો વિરોધ કર્યો. નવાબે જૂનાગઢના લોકોને ત્રાસ આપવા માંડ્યો.

→ ભારતના સૈન્યે અને નૌકાદળે જૂનાગઢને ચારે બાજુથી ઘેરી લીધું. આખરે નવાબ પોતાની સલામતી માટે પાકિસ્તાન ભાગી ગયો.

→ 9 નવેમ્બર, 1947માં ભારત સરકારે જૂનાગઢ કબજે કર્યું.

→ એ પછી જૂનાગઢમાં લોકમત લેવાતાં લોકોએ જૂનાગઢને સંપૂર્ણપણે ભારતીય સંઘ સાથે જોડી દેવાની તરફેણ કરી.

→ આમ, સરદાર પટેલની કુનેહ અને જૂનાગઢના નાગરિકોની ઇચ્છાશક્તિ વડે જૂનાગઢનું ભારતીય સંઘ સાથે જોડાણ થયું.

(2) હૈદરાબાદનું ભારતીય સંઘ સાથે જોડાણ

ઉત્તર : હૈદરાબાદ રાજ્ય દક્ષિણ ભારતમાં આવેલું છે. હૈદરાબાદના નિઝામે પોતાના રાજ્યને 15 ઑગસ્ટના દિવસે સ્વતંત્ર જાહેર કર્યું.

→ ભારત સરકારે નિઝામને ભારતીય સંઘમાં જોડાઈ જવાની અનેક વખત વિનંતી કરી. ભારત સરકારે તેને સમજાવ્યું કે હૈદરાબાદની ચારે બાજુ ભારતીય સંઘના પ્રદેશો આવેલા છે એટલે તે એક સ્વતંત્ર રાજ્ય તરીકે ટકી શકશે નહિ.

→ જોડાણ અંગે નિઝામે પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, જો ભારતના ભાગલા પડશે તો તે ભૌગોલિક કારણસર પાકિસ્તાન સાથે અને વૈચારિક કારણોસર ભારત સાથે જોડાઈ શકશે નહિ. આથી તેણે સ્વતંત્ર રહેવાનું નક્કી કર્યું.

→ સરદાર પટેલે નિઝામને સમજાવવા તેની સાથે વાટાઘાટો શરૂ કરી. નિઝામ વતી વાટાઘાટો કરનાર અધિકારીઓને સ્પષ્ટ જણાવી દીધું કે, હૈદરાબાદના લોકો ભારતીય સંઘ સાથે જોડાવાની તીવ્ર ઇચ્છા ધરાવે છે. તેથી તેમની ઇચ્છા મુજબ હૈદરાબાદનું ભારતીય સંઘ સાથે જોડાણ કરવું એ સૌના હિતમાં છે.

→ એ સમયે નિઝામના અધિકારીઓએ અને સૈન્યે પ્રજા પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું. લોકોને એમાંથી બચાવવા માટે ભારત સરકારે હૈદરાબાદ સામે 'પોલીસ પગલું' ભરીને 18 સપ્ટેમ્બર, 1948ના રોજ તેને ભારતીય સંઘ સાથે જોડી દીધું. નિઝામે શરણાગતિ સ્વીકારી. નિઝામને તેનાં હિતોની બાંયધરી આપવામાં આવી.

→ હૈદરાબાદના જોડાણની સમગ્ર કાર્યવાહીમાં કનૈયાલાલ મુનશીની ભૂમિકા મહત્ત્વની હતી.

*** (3) હરિયાળી ક્રાંતિ**

ઉત્તર : ભારતમાં કૃષિક્ષેત્રે આવેલા ટેક્નિકલ અને સંસ્થાગત સુધારાઓને પરિણામે દેશ અન્ન-ઉત્પાદનમાં સ્વાવલંબી બન્યો છે. દેશમાં કૃષિ-ઉત્પાદન ઘણું વધ્યું છે. આ ઘટના 'હરિયાળી ક્રાંતિ' કહેવાય છે.

→ ભારતે હરિયાળી ક્રાંતિ સાધી એની પાછળ રહેલાં કારણો :

→ મોટાં જળાશયો અને બંધોમાંથી કાઢેલી નહેરો વડે વિકસાવવામાં આવેલી સગવડો.

→ અદ્યતન કૃષિ ટેક્નોલૉજીનો ઉપયોગ.

→ કૃષિ સંશોધન સંસ્થાઓ, પ્રયોગશાળાઓ અને કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા મળતું સંશોધન – માર્ગદર્શન

→ ઉત્તમ બિયારણો, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, વીજળી, પંપ સેટ કે ટ્રૅક્ટરની ખરીદીમાં ખેડૂતોને અપાતી રાહતો.

→ ખેડૂતોને આર્થિક લોન કે સબસિડી સ્વરૂપે અપાતી નાણાકીય સહાય.

→ ખેડૂતોને વર્તમાનપત્રો, આકાશવાણી, દૂરદર્શન અને કૃષિમેળાઓ દ્વારા કૃષિની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે અપાતું માર્ગદર્શન.

→ જિલ્લા કક્ષાએ સ્થપાયેલાં 'ખેડૂત તાલીમ કેન્દ્રો' વગેરે.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) આઝાદી પછી ભારત સમક્ષ કયા બે મુખ્ય પ્રશ્નો તાત્કાલિક ઊભા થયા?

ઉત્તર : આઝાદી પછી ભારત સમક્ષ તાત્કાલિક નીચેના બે મુખ્ય પ્રશ્નો ઊભા થયા :

→ સ્વતંત્ર ભારતને અનુરૂપ રાજ્યબંધારણ ઘડવું.

→ બ્રિટિશ પ્રાંતો અને નાનાં-મોટાં 562 દેશી રાજ્યો – રિયાસતોનું એકીકરણ કરી, તેમને ભારતસંઘ સાથે જોડી દઈને એક, અખંડ અને સ્વતંત્ર ભારતની રચના કરવી.

*** (2) દેશી રાજ્યોને ભારતીય સંઘમાં જોડાવા સરદાર પટેલે કઈ અપીલ કરી હતી?**

ઉત્તર : દેશી રાજ્યોને ભારતીય સંઘમાં જોડાવા સરદાર પટેલે આ અપીલ કરી : ''તેમના શાસન હેઠળની પ્રજા અને ભારતીય સંઘના હિતમાં, તેઓ પોતાનાં રાજ્યોનો સ્વેચ્છાએ ભારતીય સંઘમાં જોડાવા પોતાની સંમતિ આપે.''

*** (3) હૈદરાબાદમાં શા માટે 'પોલીસ પગલું' ભરવામાં આવ્યું હતું?**

ઉત્તર : સરદાર પટેલે નિઝામને સમજાવવા તેની સાથે વાટાઘાટો શરૂ કરી.

→ તેમણે નિઝામ વતી વાટાઘાટો કરનાર અધિકારીઓને સ્પષ્ટ જણાવી દીધું કે, હૈદરાબાદના લોકો ભારતીય સંઘ સાથે જોડાઈ જવાની તીવ્ર ઇચ્છા ધરાવે છે. તેથી તેમની ઇચ્છા મુજબ હૈદરાબાદનું ભારતીય સંઘ સાથે જોડાણ કરવું એ સૌના હિતમાં છે.

→ એ સમયે નિઝામના અધિકારીઓએ અને સૈન્યે લોકો પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું. લોકોને એ અસહ્ય પરિસ્થિતિમાંથી બચાવવા માટે ભારત સરકારને હૈદરાબાદ સામે 'પોલીસ પગલું' ભરવું પડ્યું.

(4) કશ્મીરના મહારાજા હરિસિંહે જોડાણખતમાં શા માટે સહી કરી?

અથવા

કારણો આપો : કશ્મીરના મહારાજા હરિસિંહે તાબડતોબ જોડાણખત પર સહી કરી.

ઉત્તર : કશ્મીરના મહારાજા હરિસિંહ ડોગરાએ ભારત સાથે જોડાવાનો નિર્ણય લીધો નહોતો. તેમણે ભારત સાથે જોડાવા માટેના 'જોડાણખત' પર સહી કરી નહોતી.

→ આ દરમિયાન કશ્મીરને પોતાની સાથે જોડવા માટે પાકિસ્તાને કશ્મીર પર આક્રમણ કર્યું. પાકિસ્તાનના સૈનિકોએ કશ્મીરમાં લૂંટફાટ અને અત્યાચાર શરૂ કર્યા.

→ કટોકટીની આ સ્થિતિ સામે કશ્મીરનું રક્ષણ કરવા રાજા હરિસિંહે ભારતની લશ્કરી સહાય માગી.

→ ભારત સરકારે તેમને જણાવી દીધું કે, પહેલાં તમે ભારતીય સંઘ સાથે જોડાવા માટેના જોડાણખત પર સહી કરો એ પછી અમે કશ્મીરનું રક્ષણ કરવા લશ્કર મોકલીશું.

→ આથી કશ્મીરના રાજા હરિસિંહે તાબડતોબ જોડાણખતમાં સહી કરી.

*** (5) ફ્રેંચ સરકાર તેની ભારતમાંની વસાહતો ભારતને સોંપી દેવા શા માટે તૈયાર થઈ?**

ઉત્તર : ઈ. સ. 1950માં ભારત સાર્વભૌમ, પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું એ સમયે ભારતમાં ફ્રેંચોની પુડુચેરી સહિત પાંચ વસાહતો હતી.

→ એ પ્રદેશોના લોકો ભારતીય સંઘમાં જોડાવા માગતા હતા. એ માટે તેમણે ઉગ્ર સ્વાતંત્ર્ય-ચળવળો શરૂ કરી. ફ્રેંચ સરકારે એ ચળવળોને દબાવી દેવાના પ્રયત્નો કર્યા.

→ ઈ. સ. 1948માં પુડુચેરીના લોકોએ એક વિરાટસભા યોજી ફ્રેંચ સરકારને 'ભારત છોડો'નું એલાન આપ્યું.

→ ભારત સરકારે પુડુચેરીનું શાંતિમય સમાધાન કરવા ફ્રેંચ સરકાર સાથે વાટાઘાટો શરૂ કરી. પરંતુ લોકો પુડુચેરીને તાત્કાલિક આઝાદ કરી ભારતમાં જોડી દેવા માગતા હતા. ફ્રેંચોના અંકુશ હેઠળની અન્ય વસાહતોના લોકોએ પણ સ્વાતંત્ર્ય-ચળવળો શરૂ કરી હતી.

→ યેનામના લોકોની મુક્તિસેનાએ ઈ. સ. 1954માં યેનામનો વહીવટ પોતાના હસ્તક લઈ લીધો.

→ લોકોનો મિજાજ પારખીને ફ્રેંચ સરકારે 13 ઑક્ટોબર, 1954માં ભારત સરકાર સાથે વાટાઘાટો શરૂ કરી. વાટાઘાટોના અંતે ફ્રેંચ સરકાર તેની પુડુચેરી, કરાઇકલ, ચંદ્રનગર, માહે અને યનમ આ પાંચ ભારતમાંની વસાહતો ભારતને સોંપી દેવા તૈયાર થઈ.

*** (6) 'ઑપરેશન વિજય' એટલે શું? તે શા માટે કરવામાં આવ્યું?**

ઉત્તર : 'ઑપરેશન વિજય' એટલે ભારત સરકારે ગોવાને પોર્ટુગીઝ સરકારના અંકુશથી મુક્ત કરવા શરૂ કરેલું લશ્કરી અભિયાન.

→ ઈ. સ. 1950માં ભારત સાર્વભૌમ, પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું એ સમયે ગોવા, દીવ અને દમણ પોર્ટુગીઝોનાં સંસ્થાનો હતાં.

→ એ સંસ્થાનો ભારતને સુપ્રત કરવા ભારત સરકારે સમજાવટ અને વાટાઘાટો દ્વારા બહુ પ્રયત્નો કર્યા. પરંતુ તેનું કોઈ પરિણામ ન આવ્યું.

→ ગોવાને ભારતમાં જોડી દેવા લોકોએ ઉગ્ર આંદોલન શરૂ કર્યું. 18 જૂન, 1954ના રોજ લોકોએ મોટા પાયા પર સત્યાગ્રહ કર્યો.

→ 15 ઑગસ્ટ, 1955ના રોજ હજારો લોકોએ 'ગોવામુક્તિ આંદોલન' કરી ગોવા, દીવ અને દમણમાં પ્રવેશવા પ્રયત્ન કર્યો.

→ પોર્ટુગીઝ સત્તાવાળાઓ સાથેની અથડામણમાં અસંખ્ય સત્યાગ્રહીઓ શહીદ થયા. પોર્ટુગીઝ સત્તાવાળાઓના અત્યાચારો વધી ગયા. ગોવામાં સ્ફોટક પરિસ્થિતિ સર્જાઈ.

→ વાટાઘાટો, સમજાવટ અને સત્યાગ્રહ જેવા શાંત પ્રયાસોને સફળતા નહિ મળે એમ લાગવાથી ભારત સરકારે ગોવાને મુક્ત કરવા જનરલ ચૌધરીની આગેવાની હેઠળ 'ઑપરેશન વિજય' કરવામાં આવ્યું.

(7) રાજ્યોની પુનર્રચના પછી કેટલાં ઘટક રાજ્યો અને સંઘપ્રદેશો અસ્તિત્વમાં આવ્યા?

ઉત્તર : રાજ્યોની પુનર્રચના પછી 14 ઘટક રાજ્યો અને 5 સંઘપ્રદેશો અસ્તિત્વમાં આવ્યા, જે નીચે મુજબ છે :

14 ઘટક રાજ્યો : (1) આંધ્ર પ્રદેશ, (2) અસમ, (3) બિહાર, (4) મુંબઈ, (5) જમ્મુ-કશ્મીર, (6) કેરલ, (7) મધ્ય પ્રદેશ, (8) મદ્રાસ (તમિલનાડુ), (9) કર્ણાટક, (10) ઓરિસ્સા (ઓડિશા), (11) પંજાબ, (12) રાજસ્થાન, (13) ઉત્તર પ્રદેશ અને (14) પશ્ચિમ બંગાળ.

5 સંઘપ્રદેશો : (1) દિલ્લી, (2) હિમાચલ પ્રદેશ, (3) મણિપુર, (4) ત્રિપુરા અને (5) લક્ષદ્વીપ ટાપુઓ.

(8) કેન્દ્ર સરકારે કોના અધ્યક્ષપદે 'રાજ્ય પુનર્રચનાપંચ'ની રચના કરી? તેમાં બીજા કયા બે સભ્યો હતા?

ઉત્તર : કેન્દ્ર સરકારે ભારતની સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયમૂર્તિ ફઝલઅલીના અધ્યક્ષપદે 'રાજ્ય પુનર્રચનાપંચ'ની રચના કરી. તેમાં બીજા બે સભ્યો હૃદયનાથ કુંઝરુ અને કે. એમ. પનિકર હતા.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) હૈદરાબાદના નિઝામે સ્વતંત્ર રહેવાનું પસંદ કર્યું.

ઉત્તર : ભારત આઝાદ થયો એ પહેલાં હૈદરાબાદના નિઝામે ભારતીય સંઘથી સ્વતંત્ર રહેવાનું જાહેર કર્યું હતું.

→ આથી ભારત સરકારે તેને સમજાવ્યું કે, હૈદરાબાદની ચારે બાજુ ભારતીય સંઘના પ્રદેશો આવેલા છે એટલે તે એક સ્વતંત્ર રાજ્ય તરીકે ટકી શકશે નહિ.

→ જોડાણ વિશે નિઝામે પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, જો ભારતના ભાગલા પડશે તો ભૌગોલિક કારણસર તે પાકિસ્તાનમાં અને વૈચારિક કારણોસર ભારતમાં જોડાઈ શકશે નહિ.

→ આમ, પોતાની વિચારસરણી મુજબ હૈદરાબાદના નિઝામે સ્વતંત્ર રહેવાનું પસંદ કર્યું.

(2) આજે પણ કશ્મીરના ત્રીજા ભાગના પ્રદેશ પર પાકિસ્તાનનો અંકુશ છે.

ઉત્તર : ભારતને સ્વરાજ્ય મળ્યું એ પહેલાં કશ્મીરના રાજા હરિસિંહે ભારત સાથે કશ્મીરનું જોડાણ કરવાનો નિર્ણય લીધો નહિ તેમજ જોડાણખત પર સહી કરી નહિ.

→ આ દરમિયાન કશ્મીરને પોતાની સાથે જોડવા માટે પાકિસ્તાને કશ્મીર પર આક્રમણ કર્યું. રાજા હરિસિંહે કશ્મીરનું રક્ષણ કરવા ભારત સરકારની લશ્કરી મદદ માગી.

→ ભારત સરકારે તેમની પાસેથી કશ્મીરના ભારતસંઘ સાથેના જોડાણખત પર સહી કરાવી લીધી. એ પછી ભારત સરકારે કશ્મીરમાં તાત્કાલિક ધોરણે લશ્કર મોકલીને આક્રમણખોરોને નસાડી મૂક્યા.

→ પરંતુ એ દરમિયાન પાકિસ્તાને કશ્મીરના ત્રીજા ભાગ પર પોતાનો અંકુશ જમાવી દીધો હતો.

→ એ ભાગ પાછો મેળવવા ભારત સરકારે પાકિસ્તાન વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં ફરિયાદ નોંધાવી. સલામતી સમિતિએ યુદ્ધવિરામ કરવા જણાવ્યું.

→ ભારતની એ ફરિયાદનો નિકાલ આજ દિન સુધી આવ્યો નથી. તેથી આજે પણ કશ્મીરના ત્રીજા ભાગના પ્રદેશ પર પાકિસ્તાનનો અંકુશ છે.

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) જુલાઈ, 1947માં બ્રિટિશ પાર્લમેન્ટે કયો ધારો પસાર કર્યો?

ઉત્તર : જુલાઈ, 1947માં બ્રિટિશ પાર્લમેન્ટે હિંદ સ્વાતંત્ર્ય ધારો પસાર કર્યો.

(2) ભારત આઝાદ થયો એ સમયે દેશમાં લગભગ કેટલાં દેશી રાજ્યો હતાં?

ઉત્તર : ભારત આઝાદ થયો એ સમયે દેશમાં લગભગ 562 દેશી રાજ્યો હતાં.

(3) ભારતના કુલ ક્ષેત્રફળના કેટલા ટકા ક્ષેત્રફળ દેશી રાજ્યોમાં હતું?

ઉત્તર : ભારતના કુલ ક્ષેત્રફળના 48 % ક્ષેત્રફળ દેશી રાજ્યોમાં હતું.

(4) ભારતની કુલ જનસંખ્યાના કેટલા ટકા જનસંખ્યા દેશી રાજ્યોની હતી?

ઉત્તર : ભારતની કુલ જનસંખ્યાના 20 % જનસંખ્યા દેશી રાજ્યોમાં હતી.

(5) આઝાદી પ્રાપ્ત થતાં સૌપ્રથમ કોણે 'જવાબદાર સરકાર' બનાવી?

ઉત્તર : આઝાદી પ્રાપ્ત થતાં સૌપ્રથમ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમાર સિંહે 'જવાબદાર સરકાર' બનાવી.

(6) ભાવનગર રાજ્ય ક્યારે, કોના પ્રયત્નથી શામાં વિલીન થયું?

ઉત્તર : ભાવનગર રાજ્ય 15 ફેબ્રુઆરી, 1948માં સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયત્નથી સંયુક્ત સૌરાષ્ટ્રમાં વિલીન થઈ ગયું.

(7) પંડિત જવાહરલાલ નેહરુએ કઈ ઘટનાને ''સમકાલીન ઈતિહાસનું સૌથી વિશેષ નોંધપાત્ર એકીકરણ'' ગણાવ્યું?

ઉત્તર : સંયુક્ત સૌરાષ્ટ્રની રચના અને તેમાં ભાવનગર રાજ્યના વિલીનીકરણની ઘટનાને પંડિત જવાહરલાલ નેહરુએ ''સમકાલીન ઈતિહાસનું સૌથી વિશેષ નોંધપાત્ર એકીકરણ'' ગણાવ્યું.

(8) 15 ઑગસ્ટ, 1947 સુધીમાં કયાં દેશી રાજ્યોના શાસકોએ 'જોડાણખત' પર હસ્તાક્ષર કર્યા નહોતા?

ઉત્તર : 15 ઑગસ્ટ, 1947 સુધીમાં જમ્મુ-કશ્મીર, જૂનાગઢ અને હૈદરાબાદ રાજ્યોના શાસકોએ 'જોડાણખત' પર હસ્તાક્ષર કર્યા નહોતા.

(9) દેશી રાજ્યોના ભારતસંઘ સાથેના જોડાણનો પ્રશ્ન કોના કોના પ્રયત્નોથી હલ થયો?

ઉત્તર : દેશી રાજ્યોના ભારતસંઘ સાથેના જોડાણનો પ્રશ્ન એ સમયના ભારતના નાયબ વડા પ્રધાન અને ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ અને તેમના મુખ્ય સચિવ વી. પી. મેનનના પ્રયત્નોથી હલ થયો.

(10) ભારત સરકારે હૈદરાબાદને ક્યારે અને કેવી રીતે ભારતીય સંઘ સાથે જોડી દીધું?

ઉત્તર : ભારત સરકારે હૈદરાબાદને પોલીસ પગલું ભરીને 18 સપ્ટેમ્બર, 1948ના રોજ ભારતીય સંઘ સાથે જોડી દીધું.

(11) હૈદરાબાદના ભારતીય સંઘ સાથેના જોડાણમાં કોણે અગત્યની ભૂમિકા ભજવી હતી?

ઉત્તર : હૈદરાબાદના ભારતીય સંઘ સાથેના જોડાણમાં શ્રી કનૈયાલાલ મુનશીએ અગત્યની ભૂમિકા ભજવી હતી.

(12) જૂનાગઢનું ભારતીય સંઘ સાથે જોડાણ કેવી રીતે થયું?

ઉત્તર : સરદાર વલ્લભભાઈ પટેલની કુનેહ અને જૂનાગઢના નાગરિકોની પ્રચંડ ઇચ્છાશક્તિ વડે જૂનાગઢનું ભારતીય સંઘ સાથે જોડાણ થયું.

(13) ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં કયો પ્રશ્ન સળગતો પ્રશ્ન બન્યો છે?

ઉત્તર : ઈ. સ. 1947માં પાકિસ્તાને કશ્મીર પર આક્રમણ કરી કશ્મીરનો $\frac{1}{3}$ જેટલો પ્રદેશ પચાવી પાડ્યો છે તે પ્રશ્ન ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં સળગતો પ્રશ્ન બન્યો છે.

(14) ગોવા, દીવ, દમણ અને દાદરા-નગરહવેલીને ભારતીય સંઘમાં ક્યારે જોડી દેવામાં આવ્યાં?

ઉત્તર : ભારતના બંધારણના 12મા સુધારા મુજબ ગોવા, દીવ, દમણ અને દાદરા-નગરહવેલીને 12 માર્ચ, 1962માં ભારતીય સંઘમાં જોડી દેવામાં આવ્યાં.

(15) ગોવા, દમણ અને દીવમાંથી કોને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો છે?

ઉત્તર : ગોવા, દમણ અને દીવમાંથી ગોવાને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો છે.

(16) દાદરા-નગરહવેલીનું મુખ્ય મથક કયું છે?

ઉત્તર : દાદરા-નગરહવેલીનું મુખ્ય મથક સેલવાસ છે.

(17) દમણ અને દીવનું મુખ્ય મથક કયું છે?

ઉત્તર : દમણ અને દીવનું મુખ્ય મથક દમણ છે.

(18) ગોવાનું મુખ્ય મથક કયું છે?

ઉત્તર : ગોવાનું મુખ્ય મથક પણજી છે.

(19) ભારતના બંધારણનો અમલ ક્યારથી થયો?

ઉત્તર : 26 જાન્યુઆરી, 1950ના દિવસથી ભારતના બંધારણનો અમલ થયો.

(20) 'રાજ્ય પુનર્રચનાપંચ'ના અધ્યક્ષ કોણ હતા? આ પંચના અન્ય બે સભ્યો કોણ હતા?

ઉત્તર : 'રાજ્ય પુનર્રચનાપંચ'ના અધ્યક્ષ સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયમૂર્તિ ફઝલઅલી હતા. આ પંચના અન્ય બે સભ્યો હૃદયનાથ કુંઝરુ અને કે. એમ. પનિકર હતા.

(21) રાજ્યોની પુનર્રચના પછી કેટલાં ઘટક રાજ્યો અને સંઘપ્રદેશો અસ્તિત્વમાં આવ્યા?

ઉત્તર : રાજ્યોની પુનર્રચના પછી 14 ઘટક રાજ્યો અને 5 સંઘપ્રદેશો અસ્તિત્વમાં આવ્યા.

(22) ગુજરાત રાજ્યની રચના ક્યારે કરવામાં આવી?

ઉત્તર : 1 મે, 1960ના રોજ ગુજરાત રાજ્યની રચના કરવામાં આવી.

(23) ભારતનાં કયાં સાત રાજ્યોને 'સાત બહેનો' (Seven Sisters) તરીકે ઓળખવામાં આવે છે?

ઉત્તર : આ સાત રાજ્યોને 'સાત બહેનો' (Seven Sisters) તરીકે ઓળખવામાં આવે છે. ભારતનાં અસમ, મેઘાલય, મણિપુર, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ અને નાગાલૅન્ડ.

(24) ઈ. સ. 2000માં બિહાર અને મધ્ય પ્રદેશમાંથી કયાં કયાં નવાં રાજ્યોની રચના કરવામાં આવી?

ઉત્તર : ઈ. સ. 2000માં બિહારમાંથી ઝારખંડ નામના નવા રાજ્યની અને મધ્ય પ્રદેશમાંથી છત્તીસગઢ નામના નવા રાજ્યની રચના કરવામાં આવી.

(25) ઈ. સ. 2002માં ઉત્તર પ્રદેશમાંથી કયા નવા રાજ્યની રચના કરવામાં આવી?

ઉત્તર : ઈ. સ. 2002માં ઉત્તર પ્રદેશમાંથી 'ઉત્તરાખંડ' નામના નવા રાજ્યની રચના કરવામાં આવી.

(26) ઈ. સ. 2014માં આંધ્ર પ્રદેશમાંથી કયા નવા રાજ્યની રચના કરવામાં આવી?

ઉત્તર : ઈ. સ. 2014માં આંધ્ર પ્રદેશમાંથી 'તેલંગણા' નામના નવા રાજ્યની રચના કરવામાં આવી.

(27) મહારાષ્ટ્રમાંથી કયા અલગ રાજ્યની માગણી ચાલુ છે?

ઉત્તર : મહારાષ્ટ્રમાંથી 'વિદર્ભ' નામના નવા રાજ્યની માગણી ચાલુ છે.

(28) આજે (ઈ. સ. 2016માં) ભારતીય સંઘમાં કેટલાં રાજ્યો છે?

ઉત્તર : આજે (ઈ. સ. 2016માં) ભારતીય સંઘમાં 29 રાજ્યો છે.

(29) પ્રદેશવાદના ઉદ્‌ભવ અને વિકાસ માટે મુખ્યત્વે કયાં પરિબળો જવાબદાર છે?

ઉત્તર : પ્રદેશવાદના ઉદ્‌ભવ અને વિકાસ માટે મુખ્યત્વે ભાષા, જાતિ અને ધર્મ – આ ત્રણ પરિબળો જવાબદાર છે.

(30) અસમમાં કઈ જાતિના લોકો ઉગ્ર આંદોલન ચલાવી રહ્યા છે?

ઉત્તર : અસમમાં બોડો જાતિના લોકો પોતાના અલગ પ્રદેશ માટે ઉગ્ર આંદોલન ચલાવી રહ્યા છે.

(31) ભારતના બંધારણમાં ભારતને કેવું રાષ્ટ્ર જાહેર કરવામાં આવ્યું છે?

ઉત્તર : ભારતના બંધારણમાં ભારતને 'સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી, પ્રજાસત્તાક રાષ્ટ્ર' તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

(32) આયોજનપંચનો મુખ્ય હેતુ શો હતો?

ઉત્તર : આયોજનપંચનો મુખ્ય હેતુ દેશના જુદા જુદા પ્રદેશોનો સમતોલ આર્થિક, સામાજિક તેમજ અન્ય ક્ષેત્રોમાં વિકાસ સાધવા માટે કેન્દ્રીય આયોજન કરવાનો હતો.

(33) ભારતે કયા ક્ષેત્રે અતિવિકસિત દેશોની બરાબરી કરી શકે એવી સિદ્ધિઓ મેળવી છે?

ઉત્તર : ભારતે વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે અતિવિકસિત દેશોની બરાબરી કરી શકે એવી સિદ્ધિઓ મેળવી છે.

(34) ભારતમાં મેટ્રો રેલ-પ્રોજેક્ટને કોણે સફળ બનાવ્યો છે?

ઉત્તર : ઈ. શ્રીધરન (મેટ્રો મૅન) નામના ઇજનેરે ભારતમાં મેટ્રો રેલ-પ્રોજેક્ટને સફળ બનાવ્યો છે.

(35) ઊર્જાની માંગને પહોંચી વળવા માટે શું કરવામાં આવ્યું છે?

ઉત્તર : ઊર્જાની માંગને પહોંચી વળવા માટે દેશમાં અણુ-ઊર્જા માટેનાં રિઍક્ટરો બાંધવામાં આવ્યાં છે.

(36) સંસદમાં રાજ્ય પુનર્રચનાપંચ નીમવાની જાહેરાત કોણે, ક્યારે કરી?

ઉત્તર : સંસદમાં રાજ્ય પુનર્રચનાપંચ નીમવાની જાહેરાત ભારતના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ ઈ. સ. 1953માં કરી.

પ્રશ્ન 6. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) હૈદરાબાદના નિઝામે સ્વતંત્ર રહેવાનું પસંદ કર્યું, કારણ કે ...

ઉત્તર : ભારત આઝાદ થયો એ પહેલાં હૈદરાબાદના નિઝામે ભારતીય સંઘથી સ્વતંત્ર રહેવાનું જાહેર કર્યું હતું. જોડાણ વિશે નિઝામે પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, જો ભારતના ભાગલા પડશે તો ભૌગોલિક કારણસર તે પાકિસ્તાનમાં અને વૈચારિક કારણોસર ભારતમાં જોડાઈ શકશે નહિ.

(2) હૈદરાબાદમાં 'પોલીસ પગલું' ભરવામાં આવ્યું હતું, કારણ કે ...

ઉત્તર : સરદાર પટેલે નિઝામને સમજાવવા તેની સાથે વાટાઘાટો શરૂ કરી. એ સમયે નિઝામના અધિકારીઓએ અને સૈન્યે લોકો પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું. લોકોને એ અસહ્ય પરિસ્થિતિમાંથી બચાવવા માટે ભારત સરકારને હૈદરાબાદ સામે 'પોલીસ પગલું' ભરવું પડ્યું.

(3) આજે પણ કશ્મીરના ત્રીજા ભાગના પ્રદેશ પર પાકિસ્તાનનો અંકુશ છે, કારણ કે ...

ઉત્તર : કશ્મીરને પોતાની સાથે જોડવા માટે પાકિસ્તાને કશ્મીર પર આક્રમણ કર્યું. રાજા હરિસિંહે કશ્મીરનું રક્ષણ કરવા ભારત સરકારની લશ્કરી મદદ માગી. ભારત સરકારે તેમની પાસેથી કશ્મીરના ભારતસંઘ સાથેના જોડાણખત પર સહી કરાવી લીધી. એ પછી ભારત સરકારે કશ્મીરમાં તાત્કાલિક ધોરણે લશ્કર મોકલીને આક્રમણખોરોને ભગાડી મૂક્યા. પરંતુ એ દરમિયાન પાકિસ્તાને કશ્મીરના ત્રીજા ભાગ પર પોતાનો અંકુશ જમાવી દીધો હતો.

(4) મુંબઈમાં 'આરઝી હકૂમત'ની સ્થાપના કરવામાં આવી, કારણ કે ...

ઉત્તર : મુંબઈમાં રહેતા જૂનાગઢના નાગરિકો જૂનાગઢને ભારતીય સંઘમાં જોડવા માગતા હતા.

(5) ભારતમાં પ્રદેશવાદ કે પ્રાદેશિકતાની ભાવના સર્જાઈ છે, કારણ કે ...

ઉત્તર : ભારતમાં રાજ્ય-રાજ્ય વચ્ચે કે પ્રદેશ-પ્રદેશ વચ્ચે ઘણી અસમાનતાઓ છે.

(6) ઈ. સ. 1953માં 'રાજ્ય પુનર્રચનાપંચ'ની રચના કરવામાં આવી, કારણ કે ...

ઉત્તર : ભાષાના ધોરણે રાજ્યોની રચના કરવાની માગણી સમગ્ર દેશમાં ઉદ્‌ભવી હતી.

પ્રશ્ન 7. નીચેના પારિભાષિક શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) પ્રદેશવાદ

ઉત્તર : ચોક્કસ પ્રાદેશિક વિસ્તારમાં કાયમી વસવાટ કરીને રહેતી પ્રજામાં પોતાના વિસ્તારની ભૂમિ માટે એક પ્રકારની ભાવાત્મક લાગણી જન્મે છે, તેને **'પ્રદેશવાદ'** કહે છે. પ્રદેશવાદના ઉદ્‌ભવ અને વિકાસ માટે મુખ્યત્વે ભાષા, જાતિ અને ધર્મ આ ત્રણ પરિબળો જવાબદાર છે.

(2) હરિયાળી ક્રાંતિ

ઉત્તર : ભારતમાં કૃષિક્ષેત્રે આવેલા ટેક્નિકલ અને સંસ્થાગત સુધારાઓને પરિણામે દેશ અન્ન-ઉત્પાદનમાં સ્વાવલંબી બન્યો છે. દેશમાં કૃષિ-ઉત્પાદન ઘણું વધ્યું છે. આ ઘટના **'હરિયાળી ક્રાંતિ'** કહેવાય છે.

(3) 'ઑપરેશન વિજય'

ઉત્તર : 'ઑપરેશન વિજય' એટલે ભારત સરકારે ગોવાને પોર્ટુગીઝ સરકારના અંકુશથી મુક્ત કરવા શરૂ કરેલું લશ્કરી અભિયાન.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) મુંબઈમાં જૂનાગઢના નાગરિકોએ ‘.....’ની સ્થાપના કરી.
A. આરઝી જૂનાગઢ B. આરઝી હકૂમત
C. આઝાદ જૂનાગઢ

(2) રાજ્ય પુનર્રચનાપંચના અધ્યક્ષ (ચૅરમૅન) ..... હતા.
A. પૂર્વ ન્યાયમૂર્તિ ફઝલઅલી B. હૃદયનાથ કુંઝરુ
C. કે. એમ. પનિકર

(3) .....ના રોજ ગુજરાતના અલગ રાજ્યની રચના કરવામાં આવી.
A. 24 નવેમ્બર, 1958 B. 10 જાન્યુઆરી, 1960
C. 1 મે, 1960

(4) ભારતની ઉત્તર-પૂર્વ દિશામાં રચાયેલાં સાતેય રાજ્યોને ..... તરીકે ઓળખવામાં આવે છે.
A. છ બહેનો B. નવ બહેનો C. સાત બહેનો

(5) આજે ભારતીય સંઘ(ઈ. સ. 2016)માં ..... રાજ્યો છે.
A. 29 B. 35 C. 27

(6) .....માં બોડો જાતિના લોકો અલગ પ્રદેશ માટે ઉગ્ર આંદોલન ચલાવી રહ્યા છે.
A. મિઝોરમ B. મણિપુર C. અસમ

(7) આંધ્ર પ્રદેશમાંથી ..... રાજ્યની રચના થઈ.
A. ઝારખંડ B. તેલંગણા C. કર્ણાટક

(8) બ્રિટિશરોનો મુખ્ય હેતુ ભારતનું ..... કરવાનો હતો.
A. વિકાસ B. શોષણ C. પરાધીન

(9) ભારતે અંતરિક્ષમાં ....., ... અને ..... નામના (દૂરસંચાર) ઉપગ્રહો છોડ્યા છે.
A. દિવાકર, આર્યભટ્ટ, ધૂમકેતુ
B. આર્યભટ્ટ, ધૂમકેતુ, રોહિણી
C. આર્યભટ્ટ, ભાસ્કર, રોહિણી

(10) આઝાદીના દિવસે જ જૂનાગઢના નવાબે ..... સાથે જોડાણ કર્યું.
A. હૈદરાબાદ B. પાકિસ્તાન C. ભારતીય સંઘ

ઉત્તર : (1) આરઝી હકૂમત (2) પૂર્વ ન્યાયમૂર્તિ ફઝલઅલી (3) 1 મે, 1960 (4) સાત બહેનો (5) 29 (6) અસમ (7) તેલંગણા (8) શોષણ (9) આર્યભટ્ટ, ભાસ્કર, રોહિણી (10) પાકિસ્તાન

---

(11) ઈ. સ. 1956માં ..... રાજ્યને આંધ્ર પ્રદેશ રાજ્યમાં સમાવવામાં આવ્યું.
A. હૈદરાબાદ B. મૈસૂર C. કર્ણાટક

(12) ..... સરદાર વલ્લભભાઈ પટેલના સચિવ હતા.
A. ડૉ. વિક્રમ સારાભાઈ B. કનૈયાલાલ મુનશી
C. વી. પી. મેનન

(13) આઝાદી મળી એ સમયે કશ્મીરના મહારાજા ..... હતા.
A. ચેતસિંહ માનવા B. હરિસિંહ ડોગરા C. માનસિંહ ડોગરા

(14) ગોવા, દીવ અને દમણમાં પોર્ટુગીઝ સરકાર દ્વારા અત્યાચાર થતાં .....માં સત્યાગ્રહીઓ શહીદ થયા.
A. ગોવામુક્તિ આંદોલન B. ગોવાવિજય આંદોલન
C. ઑપરેશન વિજય

(15) ગોવાનું મુખ્ય મથક ..... છે.
A. સેલવાસ B. દમણ C. પણજી

(16) ઉત્તરાખંડની રાજધાની ..... છે.
A. દેહરાદૂન B. ચંડીગઢ C. શિમલા

(17) ભારતમાં ભાષાવાદે .....ને ઉત્તેજન આપ્યું છે.
A. વિવિધતા B. જ્ઞાતિવાદ C. પ્રદેશવાદ

(18) ભારતના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ..... મહાન વૈજ્ઞાનિક હતા.
A. ડૉ. હોમીભાભા B. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ
C. ડૉ. રાજા રામન્ના

(19) ભારતે અવકાશમાં ઉપગ્રહો છોડવા માટે વિશિષ્ટ પ્રકારનાં ..... વિકસાવ્યાં છે.
A. GSLV B. GTPL C. GSTL

ઉત્તર : (11) હૈદરાબાદ (12) વી. પી. મેનન (13) હરિસિંહ ડોગરા (14) ગોવામુક્તિ આંદોલન (15) પણજી (16) દેહરાદૂન (17) પ્રદેશવાદ (18) ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ (19) GSLV

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) શ્રી કનૈયાલાલ મુનશી ગૃહખાતાના તે સમયના સચિવ હતા.

(2) આઝાદીના દિવસે જ જૂનાગઢના નવાબે હૈદરાબાદના નવાબ સાથે જોડાણ કર્યું.

(3) આજેય પણ જમ્મુ-કશ્મીર રાજ્યના ત્રીજા ભાગના પ્રદેશ પર પાકિસ્તાનનો અંકુશ છે.

(4) ભારત આઝાદ થયો તે સમયે દીવ, દમણ અને ગોવા પર પોર્ટુગીઝોનો અંકુશ હતો.

(5) 1 માર્ચ, 1961ના દિવસે ગુજરાતના અલગ રાજ્યની રચના કરવામાં આવી.

(6) છત્તીસગઢ રાજ્યની રચના મધ્ય પ્રદેશ રાજ્યમાંથી કરવામાં આવી છે.

(7) ભારતમાં એક જ ધર્મ પાળનારા અને એક જ ભાષા બોલનારા લોકો વસે છે.

(8) ભારતમાં ઉદ્યોગો, ઊર્જા, કૃષિ, આરોગ્ય વગેરે ક્ષેત્રોમાં બાયો-ટેક્નોલૉજીનો ઉપયોગ સતત વધી રહ્યો છે.

(9) આઝાદી પ્રાપ્ત થતાં સૌપ્રથમ જામનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહે જામનગરમાં 'જવાબદાર સરકાર'નો શુભારંભ કર્યો.

(10) હૈદરાબાદ રાજ્યને ભારતીય સંઘમાં ભેળવી દેવામાં શ્રી કનૈયાલાલ મુનશીએ અગત્યની ભૂમિકા ભજવી હતી.

ઉત્તર : (1) ખોટું (2) ખોટું (3) ખરું (4) ખરું (5) ખોટું (6) ખરું (7) ખોટું (8) ખરું (9) ખોટું (10) ખરું

---

(11) સરદાર પટેલની કુનેહ અને જૂનાગઢના નાગરિકોની પ્રચંડ ઇચ્છાશક્તિ થકી જૂનાગઢનું ભારતીય સંઘમાં જોડાણ થયું.

(12) પુડુચેરીના લોકોએ વિશાળ સભા યોજી પોર્ટુગીઝ સરકારને 'ભારત છોડો'નું એલાન આપ્યું.

(13) દાદરા-નગરહવેલીનું મુખ્ય મથક પણજી છે.

(14) 1 મે, 1960નો દિવસ ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ છે.

(15) ઈ. સ. 2000માં બિહારમાંથી ઝારખંડ રાજ્યની રચના કરવામાં આવી.

(16) ઈ. સ. 2012માં આંધ્ર પ્રદેશમાંથી તેલંગણાની અલગ રાજ્ય તરીકે રચના થઈ.

(17) હાલમાં ભારતીય સંઘમાં 27 રાજ્યો છે.

(18) ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે.

(19) અસીમા ચેટરજીનું રસાયણશાસ્ત્રના વિષયમાં નોંધપાત્ર પ્રદાન રહ્યું છે.

(20) દર વર્ષે 21 જૂનનો દિવસ વિશ્વભરમાં 'વિશ્વ યોગદિન' તરીકે ઊજવવામાં આવે છે.

ઉત્તર : (11) ખરું (12) ખોટું (13) ખોટું (14) ખરું (15) ખરું (16) ખોટું (17) ખોટું (18) ખરું (19) ખરું (20) ખરું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) આઝાદી પ્રાપ્ત થતાં સૌપ્રથમ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમાર-સિંહે ભાવનગરમાં કઈ સરકારની શરૂઆત કરી?
– 'જવાબદાર સરકાર'ની

(2) ભારતનાં દેશી રાજ્યોના રાજાઓમાં દેશભક્તિ કોણે જાગ્રત કરી? **– સરદાર વલ્લભભાઈ પટેલે**

(3) સરદાર પટેલના સચિવનું નામ શું હતું? **– વી. પી. મેનન**

(4) ભારત સરકારે પોલીસ પગલું ભરીને કયા રાજ્યને ભારતીય સંઘમાં ભેળવી દીધું? **– હૈદરાબાદને**

(5) ઈ. સ. 1956માં રાજ્યોની પુનર્રચના થતાં હૈદરાબાદ રાજ્યને કયા રાજ્યમાં સમાવી લેવામાં આવ્યું? **– આંધ્ર પ્રદેશમાં**

(6) જૂનાગઢના નવાબે પોતાના રાજ્યને કોની સાથે જોડાણખત લખી આપ્યું? **– પાકિસ્તાન**

(7) મુંબઈમાં જૂનાગઢના નાગરિકોએ શાની સ્થાપના કરી?
– 'આરઝી હકૂમત'ની

(8) કશ્મીરના મહારાજાનું નામ શું હતું? **– હરિસિંહ ડોગરા**

(9) દાદરા-નગરહવેલીનું મુખ્ય મથક કયું છે? **– સેલવાસ**

(10) દમણ અને દીવનું મુખ્ય મથક કયું છે? **– દમણ**

(11) ગોવાનું મુખ્ય મથક કયું છે? **– પણજી**

(12) ઈ. સ. 1953માં સંસદમાં 'રાજ્ય પુનર્રચનાપંચ' નીમવાની જાહેરાત કોણે કરી? **– જવાહરલાલ નેહરુએ**

(13) ગુજરાતમાં 1 મેનો દિવસ કયા દિવસ તરીકે ઊજવવામાં આવે છે? **– ગુજરાત સ્થાપનાદિન**

(14) સ્વતંત્રતા મળ્યા પછી ભારતના તત્કાલીન ગૃહપ્રધાન તરીકે કોની નિમણૂક થઈ? **– સરદાર વલ્લભભાઈ પટેલની**

(15) ઈ. સ. 2014માં આંધ્ર પ્રદેશમાંથી કયા અલગ રાજ્યની રચના કરવામાં આવી? **– તેલંગણાની**

(16) ઝારખંડની રચના કયા રાજ્યમાંથી કરવામાં આવી? **– બિહારમાંથી**

(17) ઈ. સ. 2000માં મધ્ય પ્રદેશમાંથી કયા અલગ રાજ્યની રચના કરવામાં આવી? **– છત્તીસગઢની**

(18) ઈ. સ. 2000માં ઉત્તરાખંડની રચના કયા રાજ્યમાંથી કરવામાં આવી? **– ઉત્તર પ્રદેશમાંથી**

(19) અસમમાં કઈ જાતિના લોકો પોતાના અલગ પ્રદેશ માટે ઉગ્ર આંદોલન ચલાવી રહ્યા છે? **– બોડો જાતિના**

(20) હાલ મહારાષ્ટ્રમાંથી કયા અલગ રાજ્ય રચવાની માગણી ચાલી રહી છે? **– વિદર્ભ રાજ્યની**

(21) ભારત સ્વતંત્ર બન્યા પછી દેશના સામાજિક અને આર્થિક વિકાસ માટે કયા પંચની રચના કરવામાં આવી? **– આયોજનપંચની**

(22) સંયુક્ત રાષ્ટ્રો (UN) એ 21 જૂનના દિવસને કયા દિવસ તરીકે ઊજવવાનો નિર્ણય કર્યો છે? **– વિશ્વ-યોગદિન**

(23) અવકાશ સંશોધન ક્ષેત્રે ભારતે બાહ્ય અવકાશમાં ઉપગ્રહો છોડવામાં સંપૂર્ણ સ્વાવલંબનની મેળવેલી સિદ્ધિ માટે ભારતની કઈ સંસ્થાની ભૂમિકા નોંધપાત્ર રહી છે? **– ઇસરોની**

(24) જાનકી અમ્માનું કયા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે? **– વનસ્પતિ ક્ષેત્રે**

(25) અસીમા ચેટરજીનું કયા વિષયમાં નોંધપાત્ર પ્રદાન રહ્યું છે?
– રસાયણશાસ્ત્રમાં

(26) ડૉ. ઇન્દિરા આહુજાનું કયા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે?
– તબીબી ક્ષેત્રે

(27) કલ્પના ચાવલાનું કયા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે?
– અવકાશ ક્ષેત્રે

(28) સુનિતા વિલિયમ્સનું કયા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે?
– અવકાશ ક્ષેત્રે

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. મુંબઈ પુનરર્રચના ધારો	a. 21 જૂન
2. જૂનાગઢના નવાબ	b. પોલીસ પગલું
3. હૈદરાબાદ	c. 10 માર્ચ
4. વિશ્વ-યોગદિન	d. ઈ. સ. 1960
	e. પાકિસ્તાન સાથે જોડાણ

ઉત્તર : (1 – d), (2 – e), (3 – b), (4 – a).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહ	a. શ્રી કનૈયાલાલ મુનશી
2. હૈદરાબાદના જોડાણમાં અગત્યની ભૂમિકા	b. 'જવાબદાર સરકાર'
3. જૂનાગઢ	c. હૃદયનાથ કુંઝરુ
4. 'રાજ્ય પુનરર્રચનાપંચ'ના સભ્ય	d. આરઝી હકૂમત
	e. શ્રી વી. પી. મેનન

ઉત્તર : (1 – b), (2 – a), (3 – d), (4 – c).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. બિહારમાંથી નવા રાજ્યની રચના	a. તેલંગણા
2. મધ્ય પ્રદેશમાંથી નવા રાજ્યની રચના	b. ઉત્તરાખંડ
3. આંધ્ર પ્રદેશમાંથી નવા રાજ્યની રચના	c. વિદર્ભ
4. ઉત્તર પ્રદેશમાંથી નવા રાજ્યની રચના	d. ઝારખંડ
	e. છત્તીસગઢ

ઉત્તર : (1 – d), (2 – e), (3 – a), (4 – b).

(4)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. દાદરા-નગરહવેલીનું મુખ્ય મથક	a. 29
2. દમણ અને દીવનું મુખ્ય મથક	b. 27
3. ગોવાનું મુખ્ય મથક	c. સેલવાસ
4. ભારતીય સંઘનાં કુલ રાજ્યો	d. દમણ
	e. પણજી

ઉત્તર : (1 – c), (2 – d), (3 – e), (4 – a).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

* **1.** સ્વતંત્રતા મળ્યા બાદ ભારતના તત્કાલીન ગૃહપ્રધાન તરીકે કોની નિમણૂક થઈ હતી?

A. સુભાષચંદ્ર બોઝની

B. વડોદરાના ગાયકવાડની

C. સરદાર વલ્લભભાઈ પટેલની

D. મોતીલાલ નેહરુની

2. પાકિસ્તાને કબજે કરેલો કશ્મીરનો ભાગ પાછો મેળવવા ભારત સરકારે કોની સમક્ષ ફરિયાદ કરી?

A. સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિ સમક્ષ

B. સોવિયેત સરકાર સમક્ષ

C. અમેરિકન સરકાર સમક્ષ

D. સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભા સમક્ષ

* **3.** ગુજરાત રાજ્યનો સ્થાપનાદિન કયો છે?

A. 1 મે, 1961 B. 1 મે, 1960

C. 1 મે, 1962 D. 1 મે, 1970

4. ભારતની ઉત્તર-પૂર્વ દિશામાં રચાયેલાં રાજ્યોને કયા નામે ઓળખવામાં આવે છે?

A. 'સેવન સિસ્ટર્સ' (સાત બહેનો)

B. 'ગિરિવૃંદો'

C. 'સપ્તક રાજ્યો'

D. 'ગિરિબહેનો'

* **5.** નીચેનામાંથી કયો પ્રદેશ કેન્દ્રશાસિત નથી?

A. ચંડીગઢ B. જમ્મુ-કશ્મીર C. લક્ષદ્વીપ D. પુડુચેરી

* **6.** ઈ. સ. 2014માં આંધ્ર પ્રદેશમાંથી કયું રાજ્ય અલગ પડ્યું?

A. ઉત્તરાખંડ B. છત્તીસગઢ C. તેલંગણા D. બિહાર

* **7.** ઝારખંડ રાજ્ય કયા રાજ્યમાંથી અલગ પડ્યું?

A. છત્તીસગઢ B. બિહાર C. તેલંગણા D. ઉત્તરાખંડ

8. મહારાષ્ટ્રમાંથી કયા અલગ રાજ્યની માગણી ચાલુ છે?

A. વિદર્ભની B. સોલાપુરની C. નાગપુરની D. સાતારાની

* **9.** હાલ (ઈ. સ. 2016) ભારતીય સંઘમાં કેટલાં રાજ્યો અસ્તિત્વમાં છે?

A. 26 B. 27 C. 28 D. 29

* **10.** નીચેનાંમાંથી કયાં બે રાજ્યો 'સેવન સિસ્ટર્સ'માંનાં રાજ્યો નથી?

A. મણિપુર, અસમ B. ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ

C. મિઝોરમ, નાગાલૅન્ડ D. ઉત્તરાખંડ, ઝારખંડ

ઉત્તર : **1.** સરદાર વલ્લભભાઈ પટેલની

2. સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિ સમક્ષ

3. 1 મે, 1960 **4.** 'સેવન સિસ્ટર્સ' (સાત બહેનો)

5. જમ્મુ-કશ્મીર **6.** તેલંગણા

7. બિહાર **8.** વિદર્ભની

9. 29 **10.** ઉત્તરાખંડ, ઝારખંડ

---

* **11.** નીચેનામાંથી કયું રાજ્ય ભારતીય સંઘમાં 29 રાજ્યોમાંનું એક નથી?

A. આંધ્ર પ્રદેશ B. ગોવા C. દિલ્લી D. ગુજરાત

* **12.** ભારત સ્વતંત્ર બન્યા પછી (દેશના) સામાજિક અને આર્થિક વિકાસ માટે કયા પંચની રચના કરી?
A. કૃષિપંચની B. શિક્ષણપંચની
C. આયોજનપંચની D. કોઠારી પંચની

13. ઉદ્યોગો, ઊર્જા, કૃષિ, આરોગ્ય વગેરે ક્ષેત્રોમાં કઈ ટેક્નોલૉજીનો ઉપયોગ વધી રહ્યો છે?
A. બાયો-ટેક્નોલૉજીનો B. અણુ-ટેક્નોલૉજીનો
C. સ્પેસ-ટેક્નોલૉજીનો D. માઇનિંગ-ટેક્નોલૉજીનો

14. સંયુક્ત રાષ્ટ્રોએ કયા દિવસને વિશ્વ-યોગદિન તરીકે ઊજવવાનો નિર્ણય કર્યો છે?
A. 12 માર્ચના દિવસને B. 21 જૂનના દિવસને
C. 15 ઑગસ્ટના દિવસને D. 26 જાન્યુઆરીના દિવસને

15. હૈદરાબાદને ભારતીય સંઘ સાથે વિલીનીકરણ કરવામાં સરદાર પટેલની સાથે કોણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી?
A. કનૈયાલાલ મુનશીએ B. લાલબહાદુર શાસ્ત્રીએ
C. વી. પી. મેનને D. જયપ્રકાશજીએ

16. 'આરઝી હકૂમત'ની સ્થાપના કોણે કરી?
A. શામળદાસ ગાંધીએ B. ભારત સરકારે
C. જૂનાગઢના નાગરિકોએ D. રતુભાઈ અદાણીએ

17. જૂનાગઢના નાગરિકોએ કયા શહેરમાં 'આરઝી હકૂમત'ની સ્થાપના કરી?
A. મુંબઈમાં B. રાજકોટમાં
C. અમદાવાદમાં D. જૂનાગઢમાં

18. ભારત સરકારે જૂનાગઢને ભારતસંઘ સાથે કેવી રીતે જોડી દીધું?
A. લોકમત લઈને B. સમજાવટથી
C. પોલીસ પગલું ભરીને D. લાલચ આપીને

19. ભારત આઝાદ થયું ત્યારે કશ્મીરના રાજા કોણ હતા?
A. માધોસિંહ B. માણેકરાવ C. જયસિંહ D. હરિસિંહ

20. પુડુચેરીમાં લોકોએ ફ્રેંચ સરકારને શેનું એલાન આપ્યું?
A. 'પુડુચેરી છોડો'નું B. 'ભારત છોડો'નું
C. 'યેનામ છોડો'નું D. 'શરણાગતિ સ્વીકારો'નું

ઉત્તર : **11.** ગોવા **12.** આયોજનપંચની
13. બાયો-ટેક્નોલૉજીનો **14.** 21 જૂનના દિવસને
15. કનૈયાલાલ મુનશીએ **16.** જૂનાગઢના નાગરિકોએ
17. મુંબઈમાં **18.** લોકમત લઈને
19. હરિસિંહ **20.** 'ભારત છોડો'નું

---

21. રાજકીય પક્ષો અને સત્યાગ્રહીઓએ ગોવાને પોર્ટુગીઝોથી મુક્ત કરવા શું કર્યું?
A. 'ગોવામુક્તિ આંદોલન' B. 'પોલીસ પગલું'
C. 'ઑપરેશન વિજય' D. 'હિંદ છોડો' આંદોલન

22. ભારત સરકારે ગોવામાં જનરલ ચૌધરીના નેતૃત્વ નીચે શું કર્યું?
A. 'પોલીસ પગલું' B. 'ગોવા છોડો' આંદોલન
C. 'ગોવા વિજય' D. 'ઑપરેશન વિજય'

23. દાદરા-નગરહવેલીનું મુખ્ય મથક કયું છે?
A. પિંપરી B. દમણ C. સેલવાસ D. પણજી

24. દમણ અને દીવનું મુખ્ય મથક કયું છે?
A. પણજી B. દમણ C. દીવ D. સેલવાસ

25. ગોવાનું મુખ્ય મથક કયું છે?
A. પણજી B. પિંપરી C. સેલવાસ D. દમણ

26. 'રાજ્ય પુનર્રચનાપંચના અધ્યક્ષ' (ચૅરમૅન) કોણ હતા?
A. ફઝલઅલી B. અબુલ ફઝલ
C. હૃદયનાથ કુંઝરુ D. કે. એમ. પનિકર

27. રાજ્યોની પુનર્રચનાના કાયદા મુજબ કેટલાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની રચના કરવામાં આવી?
A. 21 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશો
B. 16 રાજ્યો અને 5 કેન્દ્રશાસિત પ્રદેશો
C. 14 રાજ્યો અને 5 કેન્દ્રશાસિત પ્રદેશો
D. 12 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશો

28. ગુજરાત રાજ્યની રચના ક્યારે કરવામાં આવી?
A. 1 માર્ચ, 1958ના રોજ
B. 31 ઑગસ્ટ, 1960ના રોજ
C. 10 જાન્યુઆરી, 1961ના રોજ
D. 1 મે, 1960ના રોજ

29. ઈ. સ. 2000માં બિહારમાંથી કયા નવા રાજ્યની રચના કરવામાં આવી?
A. ઉત્તરાખંડની B. છત્તીસગઢની
C. તેલંગણાની D. ઝારખંડની

30. ઈ. સ. 2000માં મધ્ય પ્રદેશમાંથી કયા નવા રાજ્યની રચના કરવામાં આવી?
A. છત્તીસગઢની B. ઝારખંડની
C. આંધ્ર પ્રદેશની D. ઉત્તરાખંડની

ઉત્તર : **21.** 'ગોવામુક્તિ આંદોલન' **22.** 'ઑપરેશન વિજય'
23. સેલવાસ **24.** દમણ
25. પણજી **26.** ફઝલઅલી
27. 14 રાજ્યો અને 5 કેન્દ્રશાસિત પ્રદેશો
28. 1 મે, 1960ના રોજ
29. ઝારખંડની **30.** છત્તીસગઢની

31. ઈ. સ. 2002માં ઉત્તર પ્રદેશમાંથી કયા નવા રાજ્યની રચના કરવામાં આવી?
A. ઝારખંડની B. છત્તીસગઢની
C. ઉત્તરાખંડની D. તેલંગણાની

32. આંધ્ર પ્રદેશનો કયો વિસ્તાર આર્થિક દૃષ્ટિએ પછાત છે?
A. રાયલસીમા B. પેનુકોંડા C. મર્કાપુર D. આદોની

33. છેલ્લા પાંચ દાયકામાં ભારતે કયા ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ સાધ્યો છે?
A. કૃષિક્ષેત્રે
B. ઔદ્યોગિક ક્ષેત્રે
C. ખનીજ-સંશાધનના ક્ષેત્રે
D. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે

34. ભારતમાં મેટ્રો રેલવેના પ્રોજેક્ટને કોણે સફળ બનાવ્યો છે?
A. સામ પિત્રોડાએ B. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામે
C. ઈ. શ્રીધરને D. કે. જયવર્ધને

35. ભારતે રાજસ્થાનમાં કયા સ્થળે સફળ પરમાણુ અખતરા કર્યા હતા?
A. પોખરણ B. જૈસલમેર C. ખેતડી D. કોલાયત

36. જૂનાગઢના નવાબે કોને જોડાણખત લખી આપ્યું?
A. હૈદરાબાદને B. કશ્મીરને
C. ભારતસંઘને D. પાકિસ્તાનને

37. પાકિસ્તાને ભારતના કયા દેશી રાજ્યને પોતાની સાથેના જોડાણની અનુમતિ આપી દીધી?
A. જમ્મુ-કશ્મીરને B. જૂનાગઢને
C. હૈદરાબાદને D. રાજસ્થાનને

38. ઈ. સ. 1975માં ભારતે અવકાશમાં કયો ઉપગ્રહ છોડ્યો હતો?
A. ભાસ્કર B. રોહિણી C. પૃથ્વી D. આર્યભટ્ટ

39. ઉત્તર પ્રદેશની રાજધાની કઈ છે?
A. પટના B. ભોપાલ C. દિલ્લી D. લખનઉ

40. ઉત્તરાખંડની રાજધાની કઈ છે?
A. શિમલા B. દેહરાદૂન C. રાયપુર D. દિસપુર

41. કર્ણાટકની રાજધાની કઈ છે?
A. બેંગલૂરુ B. ઇમ્ફાલ C. ચંડીગઢ D. ચેન્નઈ

ઉત્તર : **31.** ઉત્તરાખંડની **32.** રાયલસીમા
33. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે
34. ઈ. શ્રીધરને **35.** પોખરણ
36. પાકિસ્તાનને **37.** જૂનાગઢને
38. આર્યભટ્ટ **39.** લખનઉ
40. દેહરાદૂન **41.** બેંગલૂરુ

(બ) સમયાનુસાર બનાવોને યોગ્ય ક્રમમાં ગોઠવો :

[પ્રત્યેકનો 1 ગુણ]

1. A. ભારત સરકારે 'પોલીસ પગલું' ભરીને હૈદરાબાદને ભારતીય સંઘમાં જોડી દીધું.
B. બ્રિટિશ પાર્લમેન્ટે હિંદ સ્વાતંત્ર્યધારો પસાર કર્યો.
C. યમનમાં લોકોએ મુક્તિસેના રચી તેનો વહીવટ પોતાના હસ્તક લઈ લીધો.
D. હૈદરાબાદ રાજ્યને આંધ્ર પ્રદેશમાં સમાવી લેવામાં આવ્યું.
ઉત્તર : B, A, C, D

2. A. ભારતના રાજ્યબંધારણનો અમલ શરૂ થયો.
B. આંધ્ર પ્રદેશમાંથી તેલંગણાની અલગ રાજ્ય તરીકે રચના થઈ.
C. ગોવા, દીવ, દમણ, દાદરા-નગરહવેલીને ભારતીય સંઘમાં જોડી દેવામાં આવ્યાં.
D. બિહારમાંથી ઝારખંડ રાજ્યની રચના કરવામાં આવી.
ઉત્તર : A, C, D, B

3. A. ગુજરાત રાજ્યની રચના કરવામાં આવી.
B. મધ્ય પ્રદેશમાંથી છત્તીસગઢ રાજ્યની રચના કરવામાં આવી.
C. જવાહરલાલ નેહરુએ સંસદમાં 'રાજ્ય પુનર્રચનાપંચ' નીમવાની જાહેરાત કરી.
D. ભારતે અવકાશમાં આર્યભટ્ટ નામનો ઉપગ્રહ છોડ્યો.
ઉત્તર : C, A, D, B

8 ભારતના રાજ્યબંધારણનું ઘડતર અને લક્ષણો

પ્રકરણસાર

- દેશનો વહીવટ કરવા માટે ઘડવામાં આવેલા નિયમોના સુવ્યવસ્થિત સંગ્રહને 'બંધારણ' કહેવામાં આવે છે.
- બંધારણ એ ભારતનો પાયાનો, જીવંત અને મૂળભૂત દસ્તાવેજ છે.
- કૅબિનેટ મિશનની યોજના મુજબ રચાયેલી બંધારણસભાએ **9 ડિસેમ્બર, 1946**ના રોજથી સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવાની કામગીરી શરૂ કરી.
- બંધારણસભામાં કુલ **389** સભ્યો હતા. તેમાં બધા વર્ગોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું હતું.
- **ડૉ. રાજેન્દ્રપ્રસાદ** બંધારણસભાના અધ્યક્ષ હતા, જ્યારે **ડૉ. ભીમરાવ આંબેડકર** ખરડા સમિતિના અધ્યક્ષ હતા.
- **166** બેઠકોને અંતે બંધારણસભાએ **26 નવેમ્બર, 1949**ના રોજ સ્વતંત્ર ભારતનું બંધારણ સર્વાનુમતે પસાર કર્યું.
- બંધારણમાં પ્રથમ 395 અનુચ્છેદો અને 8 પરિશિષ્ટો હતાં. એ પછી તેમાં સુધારાવધારા કરતાં **461** અનુચ્છેદો અને **12** પરિશિષ્ટો થયાં.
- **26 જાન્યુઆરી, 1950**થી બંધારણનો અમલ શરૂ થયો. ભારત સાર્વભૌમ, પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું. 26 જાન્યુઆરીના દિવસને **પ્રજાસત્તાકદિન** તરીકે જાહેર કરવામાં આવ્યો.
- ભારતનું બંધારણ **આમુખ**થી શરૂ થાય છે. આમુખમાં ભારતીય પ્રજાના મુખ્ય આદર્શો, ઉદ્દેશો અને ભવ્ય ભાવનાઓ રજૂ કરવામાં આવ્યાં છે. આમુખ બંધારણનો અર્ક છે. બંધારણની જોગવાઈઓને સમજવામાં તે હોકાયંત્રની ગરજ સારે છે. આમુખ બંધારણને સમજવાની ગુરુચાવી છે.
- ઈ. સ. 1976માં બંધારણમાં સુધારો કરી આમુખમાં **'સમાજવાદી', 'બિનસાંપ્રદાયિક', 'રાષ્ટ્રીય એકતા'** અને **'રાષ્ટ્રની અખંડિતતા'** જેવા શબ્દો ઉમેરવામાં આવ્યા.
- આમુખના **આધારસ્તંભો** આ પ્રમાણે છે : (1) ભારત સાર્વભૌમ સત્તા ધરાવે છે. (2) ભારત લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય છે. (3) ભારત સમાજવાદી, બિનસાંપ્રદાયિક રાજ્ય છે.
- ભારતના બંધારણનાં **મુખ્ય લક્ષણો** : (1) ભારતનું બંધારણ લિખિત સ્વરૂપમાં છે. (2) ભારતનું બંધારણ વિશ્વનાં બંધારણો કરતાં લાંબું, વિસ્તૃત અને વિગતપૂર્ણ છે. (3) ભારતના બધા નાગરિકો (જમ્મુ-કશ્મીર રાજ્ય સિવાય) માત્ર સંઘનું એક જ નાગરિકત્વ ધરાવે છે. (4) ભારત રાજ્યોનો બનેલો સંઘ છે. (5) ભારતમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કાર્યો અને સત્તાની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે. (6) બંધારણમાં કટોકટીની પરિસ્થિતિ માટેની જોગવાઈઓ કરવામાં આવી છે. (7) ભારતમાં સંસદીય પદ્ધતિની સરકાર છે. (8) ભારતમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને એકીકૃત ન્યાયતંત્રની રચના કરવામાં આવી છે. 'બંધારણના રક્ષક અને વાલી' તરીકે ન્યાયતંત્ર નાગરિકોના અધિકારોનું રક્ષણ કરે છે. (9) બંધારણમાં ભારતને બિનસાંપ્રદાયિક અથવા ધર્મનિરપેક્ષ રાજ્ય જાહેર કરવામાં આવ્યું છે. (10) ભારતનું બંધારણ સુપરિવર્તનશીલ છે. (11) ભારતના **18** વર્ષ કે તેથી વધુ વયના નાગરિકોને સાર્વત્રિક પુખ્ત વય મતાધિકાર આપવામાં આવ્યો છે. (12) **અદાલતી સમીક્ષા** બંધારણનું વિશિષ્ટ લક્ષણ છે. સંસદ અને ધારાસભાઓએ ઘડેલા કાયદાઓ, અદાલતી ચુકાદાઓ અને બંધારણીય સુધારાઓની સમીક્ષા કરવાની સત્તા સર્વોચ્ચ અદાલતને આપવામાં આવી છે. સર્વોચ્ચ અદાલત બંધારણનું અર્થઘટન કરવાની અંતિમ સત્તા ધરાવે છે. (13) બંધારણે નાગરિકોને મૂળભૂત હકો આપ્યા છે. (14) **'કલ્યાણ રાજ્ય'** સ્થાપવામાં મદદરૂપ બને એ માટે બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (15) દેશના પછાત વર્ગો, જાતિઓ અને વંચિત સમુદાયોના ઉત્કર્ષ માટે બંધારણમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

(1) બંધારણના ઘડતરની પ્રક્રિયા સંક્ષેપમાં વર્ણવો.

ઉત્તર : 25 માર્ચ, 1946ના રોજ બ્રિટિશ સરકારે **ત્રણ** સભ્યોના બનેલા કૅબિનેટ મિશનને ભારત મોકલ્યું. કૅબિનેટ મિશને રજૂ કરેલી યોજના મુજબ સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવા માટે બંધારણસભા રચવામાં આવી.

→ બંધારણસભામાં કુલ **389** સભ્યો હતા.

→ બંધારણસભામાં વિવિધ કોમ, જાતિ, લિંગ, પ્રદેશો અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ તેમજ વિવિધ ક્ષેત્રોની તજ્જ્ઞ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

→ બંધારણસભામાં જવાહરલાલ નેહરુ, વલ્લભભાઈ પટેલ, મૌલાના અબુલ કલામ આઝાદ, શ્યામાપ્રસાદ મુખરજી, એચ. પી. મોદી, એચ. વી. કામથ, ફ્રેન્ક ઍન્થની, એન. ગોપાલ સ્વામી આયંગર, કૃષ્ણ સ્વામી અય્યર, બલદેવસિંઘ વગેરે અગ્રણી નેતાઓ ઉપરાંત બંધારણના નિષ્ણાતો તરીકે ડૉ. ભીમરાવ આંબેડકર અને શ્રી કનૈયાલાલ મુનશી તેમજ સ્ત્રીસભ્યો તરીકે શ્રીમતી સરોજિની નાયડુ અને શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

→ બંધારણસભાના અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્રપ્રસાદ હતા.

→ બંધારણનો મુસદ્દો તૈયાર કરવા માટે ડૉ. ભીમરાવ આંબેડકરના અધ્યક્ષપદે ખરડા સમિતિની રચના કરવામાં આવી.

→ **9 ડિસેમ્બર, 1946**ના દિવસથી બંધારણસભાએ તેની કામગીરી શરૂ કરી. આ ભગીરથ કાર્ય પૂરું કરવા કુલ **166** બેઠકો યોજી હતી. એ કામગીરી કુલ **2** વર્ષ, **11** મહિના અને **18** દિવસ ચાલી હતી.

→ બંધારણમાં પ્રથમ 395 અનુચ્છેદો (આર્ટિકલ્સ) અને 8 પરિશિષ્ટો હતાં. એ પછી તેમાં સુધારા થતાં 461 અનુચ્છેદો (આર્ટિકલ્સ) અને 12 પરિશિષ્ટો થયાં.

→ આ સમય દરમિયાન બંધારણસભાએ બંધારણની દરેક જોગવાઈની વ્યાપક ચર્ચા-વિચારણા કરી, તેને **26 નવેમ્બર, 1949**ના રોજ પસાર કર્યું.

→ **26 જાન્યુઆરી, 1950**ના દિવસથી બંધારણનો અમલ કરવામાં આવ્યો અને ભારતને પ્રજાસત્તાક રાષ્ટ્ર જાહેર કરવામાં આવ્યું.

→ આથી આપણા દેશમાં 26 જાન્યુઆરીનો દિવસ **'પ્રજાસત્તાકદિન'** તરીકે ઊજવવામાં આવે છે.

→ ભારતના બંધારણમાં ઇંગ્લૅન્ડ, આયરલૅન્ડ, ફ્રાન્સ, યૂ.એસ.એ. વગેરે લોકશાહી દેશોનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(2) આમુખનું મહત્ત્વ સમજાવો.

ઉત્તર : ભારતના બંધારણની શરૂઆત ભવ્ય આદર્શો, ઉદ્દેશો અને ભાવનાઓ રજૂ કરતા આમુખથી થાય છે.

→ આમુખમાં સમગ્ર બંધારણનું હાર્દ રજૂ થયું હોવાથી આમુખને **બંધારણનો આત્મા** કહ્યો છે.

→ કોઈ પણ કાયદો ઘડવામાં, તેને પૂર્ણ રીતે સમજવામાં કે તેનું અર્થઘટન કરવામાં આમુખ માર્ગદર્શક બને છે.

→ કાયદો ઘડવા પાછળ સંસદ કે ધારાસભાઓનો હેતુ, આદર્શ અને નીતિ શાં છે તે સમજવામાં આમુખ મદદરૂપ થાય છે.

→ કયા પ્રકારની મુશ્કેલીઓના નિરાકરણ માટે કાયદો ઘડવામાં આવી રહ્યો છે, તેની સ્પષ્ટતા આપણને આમુખ દ્વારા થાય છે. આમ, **આમુખ બંધારણનો અર્ક** છે.

→ બંધારણની કોઈ કલમ, મુદ્દા કે શબ્દનું અર્થઘટન કરવામાં આમુખ માર્ગદર્શક બને છે. આમુખ બંધારણની જોગવાઈઓને સમજવામાં **હોકાયંત્રની ગરજ** સારે છે.

→ આમુખ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા તેમજ દેશના નાગરિકો વચ્ચેની બંધુત્વની ઉમદા ભાવનાઓ અને આદર્શોનું ગૌરવપૂર્ણ નિરૂપણ કરે છે.

→ આમુખ બંધારણનો અંતર્ગત ભાગ નથી. તેને કાયદાનું પીઠબળ પણ નથી. આથી તેની વિગતોના ભંગ બદલ અદાલતનો આશરો લઈ શકાતો નથી. આમ છતાં, આમુખને ઉચ્ચ આદર્શો અને ધ્યેયોનું પીઠબળ છે.

(3) આમુખના નીચેના ત્રણ આધારસ્તંભોની સંક્ષેપમાં ચર્ચા કરો :
1. લોકશાહી 2. સમાજવાદી 3. બિનસાંપ્રદાયિકતા

ઉત્તર : 1. લોકશાહી : લોકશાહી (Democracy) શબ્દ મૂળ ગ્રીક શબ્દો 'Demos' (લોકો) અને 'Kratos' (સત્તા) પરથી બન્યો છે.

→ યૂ.એસ.એ.ના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકને લોકશાહીની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : 'Democracy is of the people, for the people and by the people.' લોકશાહી એટલે લોકોનું, લોકો માટે અને લોકો વડે ચાલતું રાજ્ય.

→ બંધારણના આમુખે ભારતને લોકશાહી રાજ્ય જાહેર કરી તેની સરકારના સ્વરૂપને સ્પષ્ટ કર્યું છે.

→ ભારતના બંધારણે દેશમાં પ્રજાકીય સાર્વભૌમત્વનો સ્વીકાર કર્યો છે. ભારતમાં રાજકીય સત્તા સંપૂર્ણપણે પ્રજાના હાથમાં છે.

→ આમુખમાં ભારતની લોકશાહી સરકાર લોકશાહીના પાયાના સિદ્ધાંતો સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ (ભાતૃભાવ) સ્વીકારશે તેમજ તેને અમલી બનાવશે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

→ ભારતના મતદારો સાર્વત્રિક પુખ્ત વય મતાધિકારનો ઉપયોગ કરી, પોતાના પ્રતિનિધિઓને 5 વર્ષ માટે ચૂંટે છે. પ્રધાનમંડળની રચના કેન્દ્રમાં સંસદમાંથી અને રાજ્યોમાં ધારાસભાઓમાંથી કરવામાં આવે છે.

→ તેથી કેન્દ્રનું પ્રધાનમંડળ (સરકાર) સંસદને અને રાજ્યોનાં મંત્રીમંડળો (સરકારો) ધારાસભાઓને સંયુક્ત રીતે જવાબદાર છે.

→ આ ઉપરાંત, બંધારણમાં મૂળભૂત હકોની જાહેરાત, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ઉલ્લેખ, સંસદ અને ધારાસભાઓની વિશિષ્ટ સત્તાઓ, નિષ્પક્ષ ન્યાયતંત્ર, સ્વાયત્ત ચૂંટણીપંચ વગેરે જોગવાઈઓ કરવામાં આવી છે, જે ભારતને લોકશાહી રાજ્ય જાહેર કરે છે.

2. સમાજવાદી : ભારતના બંધારણની મોટા ભાગની જોગવાઈઓનો મુખ્ય ઉદ્દેશ પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે સામાજિક ક્રાંતિ દ્વારા દેશમાં સામાજિક અને આર્થિક સમાનતા લાવીને **'કલ્યાણરાજ'** સ્થાપવાનો છે.

→ તેથી આમુખમાં સામાજિક અને આર્થિક સમાનતા પર તેમજ સામાજિક ન્યાય પર આધારિત સમાજવાદી સમાજરચના સ્થાપવાનું ધ્યેય રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સ્વીકારવામાં આવ્યું છે. ભારતના રાષ્ટ્રીય સંસાધનોની ન્યાયયુક્ત વહેંચણી અંગેની બંધારણીય જોગવાઈઓ તેનું ઉત્તમ ઉદાહરણ છે.

→ ભારતે મિશ્ર અર્થતંત્ર અપનાવ્યું છે.

→ બંધારણમાં સમાજવાદી વિચારસરણીમાં પ્રજાનું સામાજિક કલ્યાણ સાધવાનો અને ગરીબ-તવંગર વચ્ચેના ભેદોને નાબૂદ કરી તેમનું જીવનધોરણ ઊંચું લાવીને સામાજિક અને આર્થિક કલ્યાણ સાધવાના પ્રયત્નો કરવા રાજ્યોને માર્ગદર્શન આપ્યું છે.

→ તેથી ભારતનું બંધારણ એક સામાજિક દસ્તાવેજ છે.

3. બિનસાંપ્રદાયિકતા : ભારતના બંધારણે ભારતને બિનસાંપ્રદાયિક અથવા ધર્મનિરપેક્ષ રાજ્ય જાહેર કર્યું છે. બંધારણે બધા નાગરિકોને ધાર્મિક સ્વાતંત્ર્યનો મૂળભૂત હક આપ્યો છે.

→ બંધારણની જોગવાઈ મુજબ ભારત ધાર્મિક રાજ્ય બની શકે નહિ. રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી. ધર્મની બાબતમાં રાજ્ય તટસ્થ છે. રાજ્ય બિનસાંપ્રદાયિક (ધર્મનિરપેક્ષ) પ્રવૃત્તિઓ સાથે ધર્મને જોડી શકશે નહિ.

→ દરેક નાગરિકને પોતાનો મનપસંદ ધર્મ પાળવાની સ્વતંત્રતા છે. ધર્મ કે સંપ્રદાયને નામે રાજ્ય કોઈ નાગરિક પ્રત્યે ભેદભાવ કે પક્ષપાત રાખી શકશે નહિ.

→ દરેક નાગરિકને જાહેર નોકરીઓ મેળવવાની તેમજ રાજકીય અધિકારો ભોગવવાની સમાન તક આપવામાં આવી છે.

→ બંધારણમાં **'સર્વધર્મ-સમદૃષ્ટિ'** અને **'સર્વધર્મ-સમભાવ'**નો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. તેથી ધર્મને કારણે દેશના કોઈ પણ ક્ષેત્રમાં ભેદભાવ રાખવામાં આવતો નથી. ભારતમાં કોઈ ધર્મને ઉત્તેજન આપવામાં આવતું નથી.

→ વ્યક્તિને પોતાની ધાર્મિક માન્યતા અને આસ્થા રાખવા સાથે તેનો પ્રચાર-પ્રસાર કરવાના નાગરિકના અધિકારને રાજ્યનો કોઈ પ્રતિબંધ કે અવરોધ નથી.

→ આમ, બિનસાંપ્રદાયિકતા એ બંધારણનું મૂળ તત્ત્વ અને લોકશાહીનું અનિવાર્ય લક્ષણ છે.

(4) ભારતના બંધારણનાં મુખ્ય લક્ષણો વર્ણવો.

ઉત્તર : આપણા દેશે સ્વીકારેલા આદર્શો અને ધ્યેયોને વાચા આપતું **આમુખ** ભારતના બંધારણની આગવી વિશેષતા છે. ભારતના બંધારણનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ છે :

1. લિખિત દસ્તાવેજ : ભારતનું બંધારણ લિખિત અને સુપરિવર્તનશીલ છે.

2. બંધારણનું કદ : બંધારણના કુલ 22 ભાગો છે, તેમાં પ્રથમ 395 અનુચ્છેદો અને 8 પરિશિષ્ટો હતાં. એ પછી તેમાં સુધારાવધારા કરતાં 461 અનુચ્છેદો અને 12 પરિશિષ્ટો થયાં. વિશ્વનાં લોકશાહી બંધારણોની સરખામણીએ તે લાંબું, વિસ્તૃત અને વિગતપૂર્ણ છે.

3. એક જ નાગરિકત્વ : ભારતના નાગરિકો સંઘ(કેન્દ્ર)સરકારની એકવડી નાગરિકતા ધરાવે છે. માત્ર જમ્મુ-કશ્મીર રાજ્યના નાગરિકો બેવડું નાગરિકત્વ ધરાવે છે : એક સંઘનું અને બીજું જમ્મુ-કશ્મીરનું.

4. મજબૂત કેન્દ્રવાળું સમવાયતંત્ર : ભારત એક **સંઘરાજ્ય** (Union of States) છે. સંઘનાં એકમ રાજ્યો સંઘમાંથી સ્વતંત્ર થવાનો અધિકાર ધરાવતાં નથી.

→ ભારતની રાજ્યવ્યવસ્થા સમવાયતંત્રી હોવા છતાં સંઘસરકાર અને રાજ્યસરકારોનાં કાર્યક્ષેત્રો અને સત્તાઓની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે. બંને સરકારનાં કાર્યો અને સત્તાઓને **સંઘયાદી, રાજ્યયાદી** અને **સંયુક્ત યાદી** એમ ત્રણ યાદીઓમાં વહેંચવામાં આવ્યાં છે.

→ જે વિષયો માટે સત્તાની વહેંચણી ન થઈ હોય, તેમનો સમાવેશ **'શેષ સત્તા'**માં કરવામાં આવ્યો છે. એ વિષયો પર કાયદા ઘડવાની સત્તા કેન્દ્રસરકારને આપવામાં આવી છે.

→ ભારતીય સમવાયતંત્રમાં સંઘસરકારને રાજ્યો કરતાં વિશેષ અને ચડિયાતી સત્તા આપવામાં આવી છે.

5. કટોકટી વેળા એકતંત્રી વ્યવસ્થા : સમગ્ર દેશમાં કે કોઈ રાજ્યમાં કેટલીક ચોક્કસ પરિસ્થિતિઓ સર્જાય ત્યારે કટોકટી જાહેર કરવાની જોગવાઈ કરવામાં આવી છે. રાષ્ટ્રપ્રમુખ એ સમયે બંધારણને એકતંત્રી સરકારમાં ફેરવી શકે છે. તેટલા સમય પૂરતું સમવાયતંત્ર સ્થગિત થઈ જાય છે.

6. દ્વિગૃહી પ્રથા : ભારતમાં સંસદીય પદ્ધતિની સરકાર છે. સંઘની સંસદ લોકસભા (નીચલું ગૃહ) અને રાજ્યસભા (ઉપલું ગૃહ) એમ બે ગૃહોની બનેલી છે. રાજ્યસભાની સત્તાઓ બહુ ઓછી છે; જ્યારે લોકસભાની સત્તાઓ રાજ્યસભાની સત્તાઓ કરતાં વિશેષ, ચડિયાતી અને નિર્ણાયક છે.

→ સંઘસરકારનો વહીવટ રાષ્ટ્રપ્રમુખના નામે અને દરેક રાજ્યસરકારનો વહીવટ રાજ્યપાલના નામે ચાલે છે. આમ છતાં, બંને સરકારોમાં વહીવટની વાસ્તવિક સત્તાઓ પ્રધાનમંડળના વડાઓ અને તેમનાં પ્રધાનમંડળો ભોગવે છે.

7. સ્વતંત્ર, નિષ્પક્ષ અને એકીકૃત ન્યાયતંત્ર : ભારતમાં સમગ્ર દેશ માટે એકધારા, સળંગ, સુગ્રથિત, એકસૂત્રી અને સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના કરવામાં આવી છે.

8. બંધારણમાં સુધારો : ભારતનું બંધારણ સુપરિવર્તનશીલ છે. તેમાં ફેરફાર કરવા માટે કુલ ત્રણ કલમો છે. આમ છતાં, કેટલીક બાબતોમાં રાજ્યોની સંમતિ વિના બંધારણમાં સુધારો થઈ શકતો નથી.

9. સાર્વત્રિક પુખ્ત મતાધિકાર : ભારતના નાગરિકોને **સાર્વત્રિક પુખ્ત વય મતાધિકાર** આપવામાં આવ્યો છે.

10. ધર્મનિરપેક્ષતા (બિનસાંપ્રદાયિકતા) : ભારતને બિનસાંપ્રદાયિક (ધર્મનિરપેક્ષ) રાજ્ય બનાવવામાં આવ્યું છે.

11. અદાલતી સમીક્ષા : સંસદે કે ધારાસભાઓએ ઘડેલા કાયદાઓ અને બહાર પાડેલા આદેશો, વટહુકમો, અદાલતી ચુકાદાઓ અને બંધારણીય સુધારોની ન્યાયિક સમીક્ષા કરવાની સત્તા સર્વોચ્ચ અદાલતને આપવામાં આવી છે. બંધારણ સાથે સુસંગત ન હોય એવી બધી બાબતોને સર્વોચ્ચ અદાલત ગેરબંધારણીય જાહેર કરી રદબાતલ કરી શકે છે. તે બંધારણનું અર્થઘટન કરવાની અંતિમ સત્તા ધરાવે છે.

12. મૂળભૂત હકો અને ફરજો : નાગરિકોના મૂળભૂત હકો અને ફરજોને બંધારણમાં સ્પષ્ટપણે દર્શાવ્યાં છે.

13. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો : બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સૂચવવામાં આવ્યા છે. રાજ્યોને નીતિઘડતરમાં અને રાજ્યશાસનમાં આ સિદ્ધાંતો માર્ગદર્શન આપે છે.

14. પછાત વર્ગો અને આદિવાસીઓ માટેની જોગવાઈઓ : ભારતના બંધારણમાં પછાત વર્ગો તથા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના ઉત્કર્ષ માટે જરૂરી ભલામણો કરવા માટે પંચની નિમણૂક કરવાની જોગવાઈ છે.

→ પંચે કરેલ ભલામણો અનુસાર ધારાસભાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તેમજ સરકારી નોકરીઓ અને શિક્ષણસંસ્થાઓમાં પછાત વર્ગોને તેમની વસ્તીના ધોરણે અનામત બેઠકો ફાળવવામાં આવી છે.

→ પછાત જાતિઓનાં બાળકોને શિક્ષણ માટે ફી માફી, શિષ્યવૃત્તિઓ અને અન્ય સવલતોનો લાભ ''હકારાત્મક ભેદભાવ''નો કે ''રક્ષણાત્મક ભેદભાવ''ની નીતિનો ખાસ પ્રબંધ બંધારણમાં કરવામાં આવ્યો છે.

*** (5) ''ભારતીય બંધારણ સમવાયી છે.'' ચર્ચો.**

ઉત્તર : બંધારણે ભારતને રાજ્યોના સંઘ (Union of States) તરીકે ઉલ્લેખ કર્યો છે. ભારત સંઘીય રાજ્ય છે.

→ ભારતમાં સંઘ (કેન્દ્ર) અને રાજ્યો વચ્ચે કાયમી સંબંધોની લેખિત સ્વરૂપમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. એટલે રાજ્યોને સંઘથી અલગ થવાનો અધિકાર નથી.

→ રાજ્યસરકારો કરતાં સંઘસરકારને વિશેષ અને ચડિયાતી સત્તાઓ આપવામાં આવી છે.

→ સંઘસરકાર અને રાજ્યસરકારો વચ્ચે કાર્યો અને સત્તાઓની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે.

→ બંધારણે રાષ્ટ્રીય હિતને સર્વોપરી ગણ્યું છે.

→ દેશમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને તટસ્થ ન્યાયતંત્રની રચના કરવામાં આવી છે. તે બંધારણનું અર્થઘટન કરવાની અંતિમ સત્તા ધરાવે છે.

→ કાયદા ઘડવા માટેની **સંઘયાદી**માં સૌથી વધારે વિષયોનો અને રાષ્ટ્રીય કક્ષાના મહત્ત્વના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

→ રાજ્યસરકારોની સરખામણીમાં સંઘસરકારને શક્તિશાળી બનાવવા માટે બંધારણે **સંયુક્ત યાદી**માં સંઘસરકારને વિશેષ અને ચડિયાતી સત્તાઓ આપી છે.

→ કાયદા ઘડવાના વિષયોની ત્રણ યાદીઓમાંથી કોઈ પણ યાદીમાં ન આવતા હોય, તે અંગેના કાયદા ઘડવાની **શેષ સત્તા** માત્ર સંઘસરકારને જ આપવામાં આવી છે.

→ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાકીય સાધનો પણ વહેંચવામાં આવ્યાં છે. સંઘસરકાર રાજ્યસરકારોને ગ્રાન્ટ સ્વરૂપે આર્થિક સહાય આપે છે.

→ ભારતના નાગરિકો એકમ રાજ્યોની નહિ પણ સંઘની જ નાગરિકતા ધરાવે છે. જમ્મુ-કશ્મીર રાજ્ય સિવાય ભારતમાં નાગરિકોને માત્ર એક જ નાગરિકત્વ આપવામાં આવ્યું છે.

→ કટોકટી સમયે દેશનું બંધારણ સમવાયતંત્રી મટી એકતંત્રી બનાવી શકાય એવી જોગવાઈ કરવામાં આવી છે.

*** (6) સંસદીય પદ્ધતિની સરકારનાં લક્ષણો જણાવો.**

ઉત્તર : સંસદીય પદ્ધતિની સરકારનાં લક્ષણો નીચે મુજબ છે :

→ સંસદીય પદ્ધતિની સરકારમાં લોકો સર્વોપરી હોય છે.

→ ભારતીય સંસદ દ્વિગૃહી છે. સંસદના નીચલા ગૃહને લોકસભા અને ઉપલા ગૃહને રાજ્યસભા કહેવામાં આવે છે.

→ લોકસભાના સભ્યોને દેશના સામાન્ય મતદારો પુખ્ત વય મતાધિકારના ધોરણે, ગુપ્તમતદાન-પદ્ધતિથી ચૂંટે છે. લોકસભાની મુદત પાંચ વર્ષની છે.

→ દરેક રાજ્યને તેની વસ્તીના પ્રમાણમાં બેઠકો મળે છે. રાજ્યસભા કાયમી ગૃહ છે. પરંતુ દર 2 વર્ષને અંતે તેના સભ્યોની કુલ સંખ્યાના $\frac{1}{3}$ ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ નવા સભ્યો ચૂંટાય છે. રાજ્યસભાનું સંપૂર્ણપણે વિસર્જન થતું નથી.

→ રાજ્યસભાના દરેક સભ્યના હોદ્દાની મુદત 6 વર્ષની હોય છે.

→ રાજ્યસભાના સભ્યોની ચૂંટણી આડકતરી રીતે થાય છે. તેની કુલ સભ્યસંખ્યા **250** છે, જેમાંથી **238** સભ્યોની ચૂંટણી પ્રત્યેક રાજ્યની વિધાનસભાના સભ્યો તે રાજ્યની વસ્તીના ધોરણે કરે છે. બાકીના **12** સભ્યો રાષ્ટ્રપ્રમુખ વિવિધ ક્ષેત્રની નિષ્ણાત અને વિશિષ્ટ પ્રતિભા ધરાવતી વ્યક્તિઓને નીમે છે.

→ સંઘસરકારનો વહીવટ રાષ્ટ્રપ્રમુખના નામે અને દરેક રાજ્યસરકારનો વહીવટ રાજ્યપાલના નામે ચાલે છે.

→ આમ છતાં, વાસ્તવિક વહીવટ સંઘસરકારમાં વડા પ્રધાન અને તેમનું પ્રધાનમંડળ તથા રાજ્યસરકારમાં મુખ્યમંત્રી અને તેમનું મંત્રીમંડળ ચલાવે છે.

→ દેશના અને રાજ્યના મંત્રીમંડળની રચના અનુક્રમે સંસદ તથા વિધાનસભામાંથી થાય છે. સમગ્ર મંત્રીમંડળ પોતાનાં બધાં જ કાર્યો માટે સંસદ(લોકસભા)ને જવાબદાર હોય છે.

→ તેથી સંસદીય લોકશાહી સરકારને **'જવાબદાર સરકાર'** કહેવામાં આવે છે.

→ સંસદીય લોકશાહીમાં સંસદ મંત્રીમંડળ અને રાષ્ટ્રપ્રમુખને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે.

→ આમ, સંસદીય પદ્ધતિની સરકારમાં રાજકીય સત્તાનો સ્રોત પ્રજાએ ચૂંટેલી સંસદ પાસે જ હોય છે.

(7) સંઘ અને રાજ્યો વચ્ચે કાર્યો અને સત્તાની વહેંચણી વિશે સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : બંધારણમાં સંઘસરકાર અને રાજ્યસરકારો વચ્ચે કાર્યો અને સત્તાઓની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે.

→ તેમાં બંને સરકારોનાં કાર્યો અને સત્તાઓનું **સંઘયાદી**, **રાજ્યયાદી** અને **સંયુક્ત યાદી**માં વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

→ **સંઘયાદી**માં મુખ્યત્વે રાષ્ટ્રીય કક્ષાના સંરક્ષણ, વિદેશી બાબતો, અણુશક્તિ, નાણું અને બૅન્કિંગ, તાર અને ટપાલ, રેલવે, વીમો જેવા **97** વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદીમાં સૂચવેલા વિષયો પર સંઘસરકાર કાયદા ઘડી શકે છે તેમજ તેમાં ફેરફાર કરી શકે છે.

→ **રાજ્યયાદી**માં મુખ્યત્વે કાયદો અને વ્યવસ્થા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, કૃષિ-સિંચાઈ, શિક્ષણ, આરોગ્ય, રાજ્યના આંતરિક વેપાર અને વાણિજ્ય જેવા **66** વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદીમાં સૂચવેલા વિષયો પર રાજ્યસરકારો કાયદા ઘડી શકે છે તેમજ તેમાં ફેરફાર કરી શકે છે.

→ **સંયુક્ત યાદી**માં મુખ્યત્વે દીવાની અને ફોજદારી બાબતો; લગ્ન, છૂટાછેડા અને ભરણપોષણ, શિક્ષણ, આર્થિક આયોજન, વેપારી સંઘો જેવા **47** વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદીમાં સૂચવેલા વિષયો પર સંઘસરકાર અને રાજ્યસરકારો બંને કાયદા ઘડી શકે છે.

→ આમ છતાં, કોઈ વિષય પર સંઘ અને રાજ્ય એ બંનેની સરકારો કાયદો ઘડે, તો માત્ર સંઘસરકારે ઘડેલો કાયદો જ અમલમાં રહે છે.

→ જે વિષયો પર કાયદા ઘડવાની સત્તાની વહેંચણી કરવામાં આવી ન હોય, તેમનો સમાવેશ **'શેષ સત્તા'**માં કરવામાં આવ્યો છે. એ વિષયો પર કાયદા ઘડવાની સત્તા માત્ર સંઘસરકારને જ આપવામાં આવી છે.

*** પ્રશ્ન 2. બંધારણનાં વિશિષ્ટ લક્ષણો પૈકી દ્વિગૃહી સંસદીય પદ્ધતિ, સમવાયી અને એકતંત્રીય વ્યવસ્થા, એકીકૃત અને સ્વતંત્ર ન્યાયતંત્ર, બંધારણમાં સુધારો, અદાલતી સમીક્ષા પર સવિસ્તર લખો. *[4 ગુણ]***

ઉત્તર : દ્વિગૃહી સંસદીય પદ્ધતિ : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(6)**નો ઉત્તર.

સમવાયી અને એકતંત્રીય વ્યવસ્થા : જુઓ પ્રશ્ન **4**ના પેટાપ્રશ્ન **(4)**નો ઉત્તર.

એકીકૃત અને સ્વતંત્ર ન્યાયતંત્ર : જુઓ પ્રશ્ન **3**ના પેટાપ્રશ્ન **(5)**નો ઉત્તર.

બંધારણમાં સુધારો : જુઓ પ્રશ્ન **3**ના પેટાપ્રશ્ન **(6)**નો ઉત્તર.

અદાલતી સમીક્ષા : જુઓ પ્રશ્ન **5**ના પેટાપ્રશ્ન **(11)**નો ઉત્તર.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) બંધારણ એટલે શું? બંધારણનું મહત્ત્વ જણાવો.

ઉત્તર : દેશનો વહીવટ કરવા માટે ઘડવામાં આવેલા નિયમોના સુવ્યવસ્થિત સંગ્રહને 'બંધારણ' કહેવામાં આવે છે.

બંધારણ એ દેશનો પાયાનો અને મહત્ત્વનો દસ્તાવેજ છે. બંધારણને સુસંગત તેમજ બંધારણમાં દર્શાવેલી જોગવાઈઓને આધીન રહીને જ કાયદા ઘડવામાં આવે છે. બંધારણ કાયદાઓથી સર્વોપરી છે. આપણા દેશમાં સંઘ (કેન્દ્ર) અને રાજ્યોનું શાસનતંત્ર બંધારણ પ્રમાણે જ ચાલે છે. સમય પ્રમાણે લોકોની બદલાતી જરૂરિયાતો, આકાંક્ષાઓ, અપેક્ષાઓ, ઇચ્છાઓ અને ભાવનાઓનું પ્રતિબિંબ બંધારણમાં જોવા મળે છે. તેથી બંધારણને જીવંત અને મૂળભૂત દસ્તાવેજ કહેવામાં આવે છે.

બંધારણ ભારતની લોકશાહી સરકાર માટે અસાધારણ મહત્ત્વ ધરાવે છે.

*** (2) ભારતના આમુખમાં કયા આદર્શો જણાવવામાં આવ્યા છે?**

ઉત્તર : ભારતના આમુખમાં જણાવેલા આદર્શો નીચે મુજબ છે :

(1) ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી અને પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવો; (2) દેશમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની સ્થાપના; (3) વિચાર, વાણી અને માન્યતાની અભિવ્યક્તિની સ્વતંત્રતા; (4) ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા; (5) વ્યક્તિત્વના વિકાસ માટે દરજ્જા અને તકની સમાનતા; (6) વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ગૌરવની સ્થાપના તથા (7) રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને સુદૃઢ કરે એવી બંધુત્વની ભાવના.

*** (3) સાર્વત્રિક પુખ્ય વય મતાધિકાર કોને કહેવાય?**

ઉત્તર : સાર્વત્રિક પુખ્ત વય મતાધિકાર એટલે 18 વર્ષ કે તેથી વધુ વયનો હોય, કાયદા દ્વારા ગેરલાયક ઠરાવવામાં ન આવ્યો હોય, અસ્થિર મગજનો ન હોય અને જેનું મતદાર યાદીમાં નામ હોય એવા ભારતના પ્રત્યેક નાગરિકને ધર્મ, જાતિ, કોમ, શિક્ષણ, લિંગ, જન્મસ્થાન, આવક કે મિલકતના ભેદભાવ વિના આપેલો સમાન મતાધિકાર.

(4) ભારતના બંધારણમાં કટોકટી માટે કઈ કઈ જોગવાઈઓ કરવામાં આવી છે?

ઉત્તર : ભારતના બંધારણમાં કટોકટી માટે કરવામાં આવેલી વિશિષ્ટ જોગવાઈઓ નીચે મુજબ છે :

→ યુદ્ધ, બાહ્ય આક્રમણ કે દેશમાં સશસ્ત્ર બળવા જેવી આંતરિક અશાંતિને કારણે સમગ્ર દેશની રાષ્ટ્રીય સલામતી કે તેના કોઈ પણ ભાગની સુરક્ષિતતા ભયમાં મુકાઈ ગઈ હોય ત્યારે દેશમાં **સલામતી વિષયક કટોકટી**ની સ્થિતિ જાહેર કરવામાં આવે છે.

→ રાજ્યપાલના અહેવાલ પરથી કે અન્ય રીતે રાષ્ટ્રપ્રમુખને ખાતરી થાય કે રાજ્યમાં બંધારણના નિયમો પ્રમાણે વહીવટ ચાલી શકે એમ નથી ત્યારે કેન્દ્રસરકાર **બંધારણીય કટોકટી**ની સ્થિતિ જાહેર કરી શકે છે. તે રાજ્યમાં રાષ્ટ્રપ્રમુખનું શાસન લાગુ કરવામાં આવે છે.

→ સતત ભાવવધારાને કારણે નાણાંના મૂલ્યમાં ઝડપથી ઘોવાણ થતું હોય ત્યારે **નાણાકીય કટોકટી**ની સ્થિતિ જાહેર કરવામાં આવે છે.

*** (5) એકીકૃત ન્યાયતંત્ર એટલે શું? *અથવા***
ટૂંક નોંધ લખો : ભારતમાં ન્યાયતંત્રની કામગીરી

ઉત્તર : બંધારણમાં સમગ્ર દેશ માટે સળંગ, સુગ્રથિત, સ્વતંત્ર, નિષ્પક્ષ અને એકસૂત્રી ન્યાયતંત્રની જોગવાઈ કરવામાં આવી છે. ભારતીય સમવાયતંત્ર કેન્દ્રમાં સર્વોચ્ચ અદાલત છે, જેનું સ્થાન સૌથી ઊંચું છે. ત્યારપછી અનુક્રમે રાજ્યોની વડી અદાલતો (હાઈકોર્ટ), જિલ્લાની અદાલતો અને તાલુકા અદાલતો(તાબાની અદાલતો)નું સ્થાન છે. આમ, આપણા દેશમાં સળંગ એકસૂત્રી ન્યાયતંત્ર છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ભારતની તમામ અદાલતો માટે બંધનકર્તા છે. સંઘસરકાર અને રાજ્યસરકારો વચ્ચે બંધારણીય બાબતો કે કાયદાનાં અર્થઘટનો અંગે વિવાદો સર્જાય તો તેનો ઉકેલ લાવવાની સત્તા સર્વોચ્ચ અદાલત ધરાવે છે. સર્વોચ્ચ અદાલત દેશની તમામ અદાલતો પર નિયંત્રણ, દેખરેખ અને માર્ગદર્શનનો અધિકાર ધરાવે છે. ભારતનું ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર છે. તે નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ કરે છે. આથી જ સમવાયતંત્રી ભારતમાં સર્વોચ્ચ અદાલતને **'બંધારણની રક્ષક અને વાલી'** ગણવામાં આવે છે.

*** (6) બંધારણમાં સુધારાની જોગવાઈ સ્પષ્ટ કરો. *અથવા***
ભારતના બંધારણમાં સુધારો કરવાની શી જોગવાઈ છે?

ઉત્તર : ભારતના બંધારણમાં સુધારો કરવા માટે નીચેની **ત્રણ** કલમોની જોગવાઈ કરવામાં આવી છે :

(1) સંસદમાં હાજર રહેલા સભ્યોની અડધા કરતાં વધારે તેમજ મતદાનમાં ભાગ લેતા સભ્યોની સાદી બહુમતીથી બંધારણમાં સુધારો કરી શકાય છે.

(2) કેટલીક બાબતોમાં સંસદનાં બંને ગૃહોની કુલ સભ્યસંખ્યાની બહુમતી તેમજ હાજર રહેલા અને મતદાનમાં ભાગ લેતા સભ્યોની $\frac{2}{3}$ બહુમતી જરૂરી છે.

(3) કેટલીક બાબતોમાં સંસદનાં બંને ગૃહોની કુલ સભ્યસંખ્યાની બહુમતી તેમજ હાજર રહેલા અને મતદાનમાં ભાગ લેતા સભ્યોની $\frac{2}{3}$ બહુમતીની આવશ્યકતા ઉપરાંત **50 %** કરતાં વધારે રાજ્યોની વિધાનસભાઓની મંજૂરી જરૂરી છે.

આ ઉપરાંત, કેન્દ્ર અને રાજ્યોના આંતરિક સંબંધોમાં કે ઉચ્ચ ન્યાયતંત્રના માળખામાં સુધારો કરવા માટે દેશનાં બધાં રાજ્યો પૈકી ઓછામાં ઓછા **50 %** રાજ્યોની સંમતિ હોવી આવશ્યક છે.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં કારણો આપી સમજાવો : *[પ્રત્યેકના 2 ગુણ]*

*** (1) આમુખ ભારતીય બંધારણનો અર્ક છે.**

ઉત્તર : કોઈ પણ કાયદાના ઘડતરમાં, કાયદાને સંપૂર્ણપણે સમજવામાં કે તેનો અર્થઘટન કરવામાં આમુખ માર્ગદર્શક બને છે. કાયદો ઘડવા પાછળ સંસદ કે ધારાસભાનો હેતુ શો છે, તેનો આદર્શ કે નીતિ શું છે, તે જાણવામાં આમુખ મદદગાર બને છે. કયા પ્રકારની મુશ્કેલીઓ નિવારવા માટે કાયદો ઘડવામાં આવી રહ્યો છે, તેનો નિર્દેશ આપણને આમુખમાંથી જાણવા મળે છે. આમ, આમુખ સમગ્ર બંધારણનું હાર્દ રજૂ કરતું હોવાથી તે ભારતીય બંધારણનો અર્ક મનાય છે.

*** (2) આમુખ એ બંધારણના ઘડવૈયાઓના માનસને સમજવાની ચાવી છે.**

ઉત્તર : બંધારણના ઘડવૈયાઓએ બંધારણના મહાન આદર્શો, ઉદ્દેશો, મૂળભૂત હેતુઓ અને સિદ્ધાંતો આમુખમાં દર્શાવ્યા છે. તેમણે આમુખમાં સમગ્ર બંધારણનું હાર્દ રજૂ કર્યું છે. આમુખ બંધારણના હેતુઓ દ્વારા ભારતમાં 'કલ્યાણરાજ' સ્થાપવાની ઉચ્ચ ભાવના અને આદર્શને સિદ્ધ કરવા માગે છે. આમ, આમુખ એ બંધારણના ઘડવૈયાઓના માનસને સમજવાની ગુરુચાવી છે.

*** (3) આમુખ એ હોકાયંત્રની ગરજ સારે છે.**

ઉત્તર : કાયદાની કોઈ કલમ કે વિગતમાં અસ્પષ્ટતા કે વિસંગતતા હોય ત્યારે અથવા કાયદાનો હેતુ સ્પષ્ટ ન થતો હોય ત્યારે આમુખ કાયદાની કલમ, મુદ્દા કે શબ્દનું યથાર્થ અર્થઘટન કરવામાં માર્ગદર્શક બને છે. તે કાયદાને સમજવાની ગુરુચાવી છે. આમુખ બંધારણની જોગવાઈઓને સમજવામાં હોકાયંત્રની ગરજ સારે છે.

*** (4) ભારતના બંધારણમાં સમવાયી અને એકતંત્રી બંનેનો સમન્વય છે.**

ઉત્તર : સમવાયતંત્રી ભારતમાં સંઘસરકાર અને રાજ્યોની સરકારો એમ બે પ્રકારની સરકારો છે. બંને સરકારો વચ્ચે કાર્યો અને સત્તાઓની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે. રાજ્યોની સરકારો કરતાં સંઘ-સરકારને વિશેષ અને ચડિયાતી સત્તાઓ સોંપવામાં આવી છે. દેશના નાગરિકોને માત્ર સંઘનું જ નાગરિકત્વ આપવામાં આવ્યું છે. બંધારણમાં સમગ્ર દેશ માટે એકસૂત્રી ન્યાયતંત્રની જોગવાઈ કરવામાં આવી છે. આ બધી બાબતો ભારતનું બંધારણ સમવાય છે એ સ્પષ્ટ કરે છે. આમ છતાં, કોઈ રાજ્યમાં કે સમગ્ર દેશમાં બંધારણીય કટોકટીની પરિસ્થિતિ સર્જાય ત્યારે બધી સત્તાઓ સંઘ(કેન્દ્ર)સરકાર અને રાષ્ટ્રપ્રમુખને સોંપવામાં આવે છે. આ સમયે ભારતનું બંધારણ સમવાયતંત્રી મટી એકતંત્રી બને છે. આમ, ભારતના બંધારણમાં સમવાયી અને એકતંત્રી સરકાર એમ બંનેનો સમન્વય છે.

*** (5) ભારત એ બિનસાંપ્રદાયિક રાજ્ય છે.**

ઉત્તર : ભારતમાં ધર્મ, જાતિ કે પંથના ભેદભાવ વિના બધા નાગરિકોને સમાન અધિકારો આપવામાં આવ્યા છે. ભારતના બધા નાગરિકોને ધાર્મિક સ્વાતંત્ર્યનો મૂળભૂત હક આપવામાં આવ્યો છે. ભારત સરકાર કોઈ પંથ કે ધર્મને વરેલી નથી. રાજ્ય બધા ધર્મોને સમાન ગણે છે. રાજ્યની નજરમાં ધર્મને કારણે કોઈ ઊંચું કે નીચું નથી. દરેકને પોતપોતાની પસંદગીનો ધર્મ પાળવાની છૂટ છે. ભારત સરકાર ધાર્મિક બાબતોમાં નિષ્પક્ષ અને તટસ્થ છે. ભારતના બંધારણમાં 'સર્વધર્મ-સમદૃષ્ટિ' અને 'સર્વધર્મ-સમભાવ'નો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. આથી કહી શકાય કે, ભારત એ બિનસાંપ્રદાયિક રાજ્ય છે.

*** (6) ભારત એ લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય છે.**

ઉત્તર : ભારતમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ લોકોને જવાબદાર રહીને રાજ્યતંત્ર ચલાવે છે. ભારતની સરકારે લોકશાહીના પાયાના

સિદ્ધાંતો – સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ (ભ્રાતૃભાવ) સ્વીકાર્યા છે અને તેને અમલમાં મૂક્યા છે. આ ઉપરાંત સાર્વત્રિક પુખ્ત વય મતાધિકાર, મૂળભૂત હકોની જાહેરાત, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ઉલ્લેખ, સંસદ અને ધારાસભાઓને વિશિષ્ટ સત્તાઓ, સ્વતંત્ર ન્યાયતંત્રની વ્યવસ્થા, સ્વાયત્ત ચૂંટણીપંચ વગેરે જોગવાઈઓ ભારતને લોકશાહી રાજ્ય જાહેર કરે છે.

બંધારણમાં નક્કી કરેલી લાયકાતો ધરાવનાર ભારતનો કોઈ પણ નાગરિક સાર્વત્રિક પુખ્ત વય મતાધિકાર દ્વારા ચૂંટાઈ શકે છે. ભારતમાં કોઈ વ્યક્તિ કે કુટુંબનું વંશપરંપરાગત શાસન નથી, પણ પ્રજાનું શાસન છે. ભારતમાં પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ સરકાર ચલાવે છે તેમજ રાજ્યના વડાઓના હોદ્દાઓ ભોગવે છે. ભારતમાં રાષ્ટ્રપ્રમુખનો હોદ્દો વંશપરંપરાગત નથી. ભારતની પ્રજા ચૂંટણી દ્વારા કોઈ પણ સરકારને પદભ્રષ્ટ કરી, નવી સરકાર રચવાની સાર્વભૌમ સત્તા ધરાવે છે. તેથી ભારત એ લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય છે.

*** (7) ભારત એક અખંડ અને અવિભાજ્ય સંઘરાજ્ય છે.**

ઉત્તર : ભારતના બંધારણે ભારતને રાજ્યોના સંઘ (Union of States) તરીકે દર્શાવ્યો છે. ભારતમાં હાલમાં કુલ 29 રાજ્યો અને રાષ્ટ્રીય રાજધાનીના પ્રદેશ દિલ્લી સહિત કુલ 7 કેન્દ્રશાસિત પ્રદેશો છે. સંઘ શબ્દ દ્વારા ભારતમાં સંઘ (કેન્દ્ર) અને એકમ રાજ્યો વચ્ચે ક્યારેય પણ બદલી ન શકાય એવા કાયમી સંબંધોની લેખિત સ્વરૂપે બંધારણમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. સંઘનાં એકમ રાજ્યો સંઘમાંથી સ્વતંત્ર થવાનો અધિકાર ધરાવતાં નથી. આથી કહી શકાય કે, ભારત એક અખંડ અને અવિભાજ્ય સંઘરાજ્ય છે.

*** (8) ભારતનું બંધારણ વિશ્વનું સૌથી વધુ વિગતવાર અને વિસ્તૃત લેખિત દસ્તાવેજ છે.**

ઉત્તર : બંધારણમાં કુલ **22** ભાગ છે. તેમાં **461** અનુચ્છેદો અને **12** પરિશિષ્ટો (અનુસૂચિઓ) છે.

બંધારણમાં સંઘ અને રાજ્યોની શાસનવ્યવસ્થા અને તેમના આંતરસંબંધો; નાગરિકના મૂળભૂત હકો અને ફરજો; રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો; ન્યાયતંત્રનું સ્વતંત્ર માળખું; ચૂંટણીઓ; લઘુમતીઓ, પછાત વર્ગો અને જાતિઓ તેમજ વંચિત સમૂહોના ઉત્કર્ષ માટેની જોગવાઈઓ; કટોકટીની પરિસ્થિતિ માટેની જોગવાઈ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આથી કહી શકાય કે, ભારતનું બંધારણ વિશ્વનું સૌથી વધુ વિગતવાર અને વિસ્તૃત લેખિત દસ્તાવેજ છે.

*** (9) "સામાજિક અને આર્થિક સમાનતા વિના રાજકીય સમાનતા અધૂરી છે." સમજાવો.**

ઉત્તર : બંધારણના આમુખમાં સામાજિક અને આર્થિક સમાનતા તેમજ સામાજિક ન્યાય પર આધારિત સમાજવાદી સમાજરચનાના ધ્યેયને સ્વીકારવામાં આવ્યું છે. ભારત સરકારે આ ધ્યેયને હાંસલ કરવા માટે સામાજિક કલ્યાણ સાધવાનો સંકલ્પ કર્યો છે. દેશની પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવી, દેશમાં સામાજિક અને આર્થિક સમાનતા સાધવા ભારત સરકારે અને રાજ્ય સરકારોએ અનેક યોજનાઓ અમલમાં મૂકી છે.

પ્રશ્ન 5. નીચેના પારિભાષિક શબ્દો સમજાવો : *અથવા*
નીચેના શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકના 2 ગુણ]*

*** (1) બેવડું નાગરિકત્વ**

ઉત્તર : બેવડું નાગરિકત્વ એટલે બે પ્રકારનું નાગરિકત્વ. સમવાયતંત્રી (Fedral) શાસનવ્યવસ્થામાં નાગરિકો બેવડું નાગરિકત્વ ધરાવે છે. યૂ.એસ.એ.માં સમવાયતંત્રી શાસનવ્યવસ્થા છે. તેથી ત્યાં દરેક નાગરિક બેવડું નાગરિકત્વ ધરાવે છે : એક યૂ.એસ.એ.નું અને બીજું તે પોતે જે રાજ્યમાં વસવાટ કરતો હોય તે રાજ્યનું.

*** (2) સંસદીય પદ્ધતિ**

ઉત્તર : જે શાસનપદ્ધતિમાં સંસદ લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી હોય તેને 'સંસદીય પદ્ધતિની લોકશાહી' કહેવામાં આવે છે.

સંસદીય પદ્ધતિ લોકશાહી શાસનપદ્ધતિનો એક પ્રકાર છે. ભારતમાં સંસદીય પદ્ધતિની લોકશાહી છે. (યૂ.એસ.એ.માં પ્રમુખપદ્ધતિની લોકશાહી છે.)

*** (3) જવાબદાર સરકાર**

ઉત્તર : આપણા બંધારણની જોગવાઈ અનુસાર મંત્રીમંડળના બધા મંત્રીઓ લોકસભાને સંયુક્ત રીતે જવાબદાર છે. સરકારના બધા નીતિવિષયક નિર્ણયોની જવાબદારી સમગ્ર મંત્રીમંડળની સંયુક્ત ગણાય છે. જ્યારે લોકસભા બહુમતીથી કોઈ પણ એક મંત્રી સામે નીતિવિષયક મુદ્દા અંગે અવિશ્વાસનો ઠરાવ પસાર કરે, તો એ અવિશ્વાસનો ઠરાવ સમગ્ર મંત્રીમંડળ સામેનો ગણાય છે. આવું બને ત્યારે સમગ્ર મંત્રીમંડળને રાજીનામું આપવું પડે છે. આમ, સમગ્ર મંત્રીમંડળ તેનાં કાર્યો માટે લોકસભાને સંયુક્ત રીતે જવાબદાર ગણાય છે. તેથી સંસદીય સરકાર 'જવાબદાર સરકાર' કહેવાય છે.

*** (4) કેન્દ્રયાદી**

ઉત્તર : કેન્દ્રયાદીમાં સૂચવેલા વિષયો પર કેન્દ્ર(સંઘ)સરકાર કાયદા ઘડી શકે છે તેમજ તેમાં ફેરફાર કરી શકે છે. આ યાદીમાં મુખ્યત્વે સંરક્ષણ, વિદેશી બાબતો, અણુશક્તિ, નાણું અને બૅન્કિંગ, રેલવે, તાર અને ટપાલ, વીમો જેવા 97 વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

*** (5) રાજ્યયાદી**

ઉત્તર : રાજ્યયાદીમાં સૂચવેલા વિષયો પર રાજ્યસરકારો કાયદા ઘડી શકે છે તેમજ તેમાં ફેરફાર કરી શકે છે. આ યાદીમાં મુખ્યત્વે કાયદો અને વ્યવસ્થા, શિક્ષણ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, કૃષિ-સિંચાઈ, આરોગ્ય, રાજ્યનો આંતરિક વેપાર અને વાણિજ્ય જેવા 66 વિષયોનો સમાવેશ થાય છે.

*** (6) સંયુક્ત યાદી**

ઉત્તર : આ યાદીમાં સૂચવેલા વિષયો પર કેન્દ્ર(સંઘ)સરકાર અને રાજ્યસરકારો બંને કાયદા ઘડી શકે છે. આમ છતાં, કોઈ વિષય પર કેન્દ્ર અને રાજ્ય એ બંનેની સરકારો કાયદો ઘડે તો માત્ર કેન્દ્રસરકારે ઘડેલો કાયદો અમલમાં રહે છે.

*** (7) શેષ સત્તા**

ઉત્તર : જે વિષયો પર કાયદા ઘડવાની સત્તાની વહેંચણી કરવામાં આવી ન હોય, તેમનો સમાવેશ 'શેષ સત્તા'માં કરવામાં આવ્યો છે.

એ વિષયો પર કાયદા ઘડવાની અને તેમાં ફેરફાર કરવાની સત્તા માત્ર કેન્દ્રસરકારને આપવામાં આવી છે.

*** (8) સમાજવાદ**

ઉત્તર : સમાજવાદ શાસનપદ્ધતિનો એક પ્રકાર છે. તેમાં ઉત્પાદનનાં તમામ સાધનો રાજ્યની માલિકીનાં હોય છે. તેમાં ઉત્પાદનોની વહેંચણી કરવાની જવાબદારી રાજ્ય-સંચાલિત દુકાનો સંભાળે છે. સમાજવાદી પદ્ધતિમાં રાજ્યમાં પ્રવર્તતી ગરીબી, બેકારી, ભાવવધારો, નિરક્ષરતા જેવાં પરિબળોને અંકુશમાં રાખી; દેશમાંથી ગરીબો અને શ્રીમંતો વચ્ચેના તફાવતો નાબૂદ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે.

*** (9) લોકશાહી**

ઉત્તર : લોકશાહી (Democracy) શબ્દ મૂળ ગ્રીક શબ્દો 'Demos' (લોકો) અને 'Kratos' (સત્તા) પરથી બન્યો છે.

યૂ.એસ.એ.ના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકને લોકશાહીની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : 'Democracy is of the people, for the people and by the people.' લોકશાહી એટલે લોકોનું, લોકો માટે અને લોકો વડે ચાલતું રાજ્ય. લોકશાહીમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓથી બનેલી સરકાર લોકમતના આધારે અને લોકહિતની દૃષ્ટિએ રાજ્યવહીવટ ચલાવે છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોને જવાબદાર હોવાથી લોકશાહી જવાબદાર રાજ્યતંત્ર કહેવાય છે.

(10) સાર્વભૌમ

ઉત્તર : ભારત સાર્વભૌમ પ્રજાસત્તાક રાજ્ય છે. ભારતના બંધારણે પ્રજાકીય સાર્વભૌમત્વનો સ્વીકાર કર્યો છે. ભારતમાં પ્રજાની ઇચ્છા જ સર્વોપરી છે. દેશની આંતરિક અને બાહ્ય(વિદેશનીતિ)ના ઘડતરમાં પ્રજા સંપૂર્ણપણે સ્વતંત્ર છે. ભારતના રાજ્યવહીવટની અંતિમ સત્તા પ્રજાના હાથમાં છે. પ્રજા ચૂંટણી દ્વારા સરકારને પદભ્રષ્ટ કરી, નવી સરકાર રચવાની સાર્વભૌમ સત્તા ધરાવે છે.

*** (11) અદાલતી સમીક્ષા**

ઉત્તર : અદાલતી સમીક્ષા એ બંધારણનું વિશિષ્ટ લક્ષણ છે. સંસદની સર્વોપરિતાને અવગણ્યા વિના રાજ્યવહીવટ અંગેની કોઈ પણ બાબતની અદાલતી સમીક્ષા કરવાના સિદ્ધાંતનો બંધારણે સ્વીકાર કર્યો છે. ભારતની સંસદે કે રાજ્યોની વિધાનસભાઓએ ઘડેલા કાયદાઓ, બહાર પાડેલા આદેશો, વટહુકમો, અદાલતી ચુકાદાઓ કે બંધારણીય સુધારાઓની અદાલતી સમીક્ષા કરવાની સત્તા સર્વોચ્ચ અદાલતને સોંપવામાં આવી છે. બંધારણ સાથે સુસંગત ન હોય એવા કોઈ પણ કાયદાને, સુધારાને કે હુકમને સર્વોચ્ચ અદાલત ગેરબંધારણીય જાહેર કરી રદબાતલ કરી શકે છે.

(12) બંધારણ

ઉત્તર : દેશનો વહીવટ સુવ્યવસ્થિત રીતે ચલાવવા માટે ચોક્કસ સિદ્ધાંતો, ધ્યેયો અને આદર્શોને આધારે બનાવેલા લિખિત સ્વરૂપના નિયમોના વ્યવસ્થિત સંગ્રહને 'બંધારણ' કહેવામાં આવે છે. બંધારણ પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ઘડેલું હોવું જોઈએ.

(13) પ્રજાસત્તાક

ઉત્તર : પ્રજાસત્તાક એટલે કોઈ વ્યક્તિ કે કુટુંબનું વંશપરંપરાગત શાસન નહિ પણ પ્રજાનું શાસન. પ્રજાસત્તાક દેશમાં રાજ્યવહીવટની અંતિમ સત્તા લોકોના હાથમાં હોય છે.

(14) બિનસાંપ્રદાયિકતા (ધર્મનિરપેક્ષતા)

ઉત્તર : બિનસાંપ્રદાયિકતા (ધર્મનિરપેક્ષતા) એટલે બધા ધર્મોને સમાન ગણવા, કોઈ પણ એક ધર્મ કે સંપ્રદાયને રાજકીય માન્યતા ન આપવી. બિનસાંપ્રદાયિકતા(ધર્મનિરપેક્ષતા)માં 'સર્વધર્મ-સમદૃષ્ટિ' અને 'સર્વધર્મ-સમભાવ'નો સિદ્ધાંત છે.

પ્રશ્ન 6. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) બંધારણ કોને કહેવામાં આવે છે?

ઉત્તર : દેશનો વહીવટ કરવા માટે ઘડવામાં આવેલા નિયમોના સુવ્યવસ્થિત સંગ્રહને 'બંધારણ' કહેવામાં આવે છે.

(2) બ્રિટિશ કૅબિનેટ મિશને શું કાર્ય કર્યું?

ઉત્તર : બ્રિટિશ કૅબિનેટ મિશને ભારતનું બંધારણ ઘડવા માટે બંધારણસભાની રચના કરી.

(3) બંધારણસભામાં કુલ કેટલા સભ્યો હતા?

ઉત્તર : બંધારણસભામાં કુલ 389 સભ્યો હતા.

(4) બંધારણસભાના મહિલા પ્રતિનિધિઓ કોણ કોણ હતાં?

ઉત્તર : શ્રીમતી સરોજિની નાયડુ અને શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત બંધારણસભાના મહિલા પ્રતિનિધિઓ હતાં.

(5) બંધારણસભાના અધ્યક્ષ અને બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ કોણ કોણ હતા?

ઉત્તર : ડૉ. રાજેન્દ્રપ્રસાદ બંધારણસભાના અધ્યક્ષ હતા અને ડૉ. ભીમરાવ આંબેડકર બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ હતા.

(6) બંધારણસભાએ તેની કામગીરી ક્યારે શરૂ કરી હતી?

ઉત્તર : બંધારણસભાએ તેની કામગીરી 9 ડિસેમ્બર, 1946ના દિવસથી શરૂ કરી હતી.

(7) બંધારણસભાએ બંધારણને ક્યારે પસાર કર્યું?

ઉત્તર : 26 નવેમ્બર, 1949ના દિવસે બંધારણસભાએ બંધારણને પસાર કર્યું.

(8) બંધારણનો અમલ ક્યારથી કરવામાં આવ્યો?

ઉત્તર : 26 જાન્યુઆરી, 1950ના દિવસથી બંધારણનો અમલ કરવામાં આવ્યો.

(9) આપણે દર વર્ષે કયા દિવસને 'પ્રજાસત્તાકદિન' તરીકે ઊજવીએ છીએ?

ઉત્તર : આપણે દર વર્ષે 26 જાન્યુઆરીના દિવસને 'પ્રજાસત્તાકદિન' તરીકે ઊજવીએ છીએ.

(10) ભારતના બંધારણે રાષ્ટ્રચિહ્ન અને રાષ્ટ્રસૂત્ર તરીકે કોને કોને ઘોષિત કર્યાં છે?

ઉત્તર : ભારતના બંધારણે રાષ્ટ્રચિહ્ન તરીકે 'ચાર સિંહોની મુખાકૃતિ'ને અને રાષ્ટ્રસૂત્ર તરીકે 'સત્યમેવ જયતે'ને ઘોષિત કર્યાં છે.

(11) ભારતના બંધારણની શરૂઆત શેનાથી થાય છે?

ઉત્તર : ભારતના બંધારણની શરૂઆત 'આમુખ'થી થાય છે.

(12) ભારતના બંધારણમાં ભારતને કેવું રાજ્ય જાહેર કરવામાં આવ્યું છે?

ઉત્તર : ભારતના બંધારણમાં ભારતને એક સ્વતંત્ર, સાર્વભૌમ, લોકશાહી, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, પ્રજાસત્તાક રાજ્ય જાહેર કરવામાં આવ્યું છે.

(13) ઈ. સ. 1976ના 42મા બંધારણીય સુધારાથી આમુખમાં કયા કયા શબ્દો ઉમેરવામાં આવ્યા?

ઉત્તર : ઈ. સ. 1976ના 42મા બંધારણીય સુધારાથી આમુખમાં આ શબ્દો ઉમેરવામાં આવ્યા : 'સમાજવાદી', 'બિનસાંપ્રદાયિક', 'રાષ્ટ્રીય એકતા' અને 'રાષ્ટ્રની અખંડિતતા'.

(14) ભારતના બંધારણના આમુખમાં વ્યક્ત થયેલા આધારરૂપ શબ્દો કયા કયા છે?

ઉત્તર : ભારતના બંધારણના આમુખમાં વ્યક્ત થયેલા આધારરૂપ શબ્દો : અમે ભારતના લોકો, સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક, બંધુતા, ન્યાય, સમાનતા, સ્વતંત્રતા, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા વગેરે.

(15) લોકશાહી (Democracy) શબ્દ કયા શબ્દો પરથી બન્યો છે?

ઉત્તર : લોકશાહી (Democracy) શબ્દ ગ્રીક શબ્દો 'Demos' (લોકો) અને 'Kratos' (સત્તા) પરથી બન્યો છે.

(16) કઈ કઈ જોગવાઈઓ ભારતને લોકશાહી રાજ્ય તરીકે ઘોષિત કરે છે?

ઉત્તર : ભારતના બંધારણમાં મૂળભૂત હકો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, સંસદ, ધારાસભાઓ, સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર, સ્વતંત્ર ચૂંટણીપંચની રચના અને તેની કામગીરી વગેરે જોગવાઈઓ ભારતને લોકશાહી રાજ્ય ઘોષિત કરે છે.

(17) ભારતના દરેક નાગરિકને કેટલી ઉંમરે મતાધિકાર પ્રાપ્ત થાય છે?

ઉત્તર : 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના ભારતના દરેક નાગરિકને મતાધિકાર પ્રાપ્ત થાય છે.

(18) ભારતીય બંધારણ કઈ રીતે એક સામાજિક દસ્તાવેજ છે?

ઉત્તર : ભારતના બંધારણની મોટા ભાગની જોગવાઈઓનો મુખ્ય ઉદ્દેશ પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે 'સામાજિક ક્રાંતિ' દ્વારા સામાજિક અને આર્થિક સમાનતા સાધીને 'કલ્યાણરાજ' સ્થાપવાનો છે. આમ, ભારતીય બંધારણ એક સામાજિક દસ્તાવેજ છે.

(19) યૂ.એસ.એ.માં નાગરિકત્વ વિશે શી જોગવાઈ છે?

ઉત્તર : યૂ.એસ.એ.માં દરેક નાગરિક બેવડું નાગરિકત્વ ધરાવે છે : એક યૂ.એસ.એ.નું અને બીજું તે પોતે જે રાજ્યમાં રહેતો હોય તે રાજ્યનું.

(20) ભારતમાં કયા રાજ્યના નાગરિકો બેવડું નાગરિકત્વ ધરાવે છે?

ઉત્તર : ભારતમાં જમ્મુ-કશ્મીર રાજ્યના નાગરિકો બેવડું નાગરિકત્વ ધરાવે છે.

(21) ભારતના સંઘરાજ્યની વિશેષતા કઈ છે?

ઉત્તર : ભારતના કોઈ પણ એકમ (ઘટક) રાજ્યને ભારતીય સંઘરાજ્યમાંથી છૂટા પડવાનો અધિકાર નથી, એ ભારતના સંઘરાજ્યની વિશેષતા છે.

(22) ભારતનું સમવાયતંત્ર કઈ બે પ્રકારની સરકારોનું બનેલું છે?

ઉત્તર : ભારતનું સમવાયતંત્ર આ બે પ્રકારની સરકારોનું બનેલું છે : (1) સંઘસરકાર અને (2) રાજ્યોની સરકારો.

(23) ભારતમાં કેવા પ્રકારના ન્યાયતંત્રની સ્થાપના કરવામાં આવી છે?

ઉત્તર : ભારતમાં સળંગ, સુગ્રથિત, નિષ્પક્ષ, સ્વતંત્ર અને એકીકૃત ન્યાયતંત્રની સ્થાપના કરવામાં આવી છે.

(24) દેશનાં પછાત જાતિનાં બાળકોના શિક્ષણ માટે બંધારણમાં શો પ્રબંધ કરવામાં આવ્યો છે?

ઉત્તર : દેશનાં પછાત જાતિનાં બાળકોના શિક્ષણ માટે બંધારણમાં શિષ્યવૃત્તિઓ, સવલતો અને ફી માફીની સગવડોનો લાભ 'હકારાત્મક ભેદભાવ'નો કે 'રક્ષણાત્મક ભેદભાવ'ની નીતિનો ખાસ પ્રબંધ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન 7. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) આમુખ ભારતીય બંધારણનો અર્ક છે, કારણ કે ...

ઉત્તર : કોઈ પણ કાયદાના ઘડતરમાં, કાયદાને સંપૂર્ણપણે સમજવામાં કે તેનું અર્થઘટન કરવામાં આમુખ માર્ગદર્શક બને છે. આમુખ સમગ્ર બંધારણનું હાર્દ રજૂ કરે છે.

(2) આમુખ એ બંધારણના ઘડવૈયાઓના માનસને સમજવાની ગુરુચાવી છે, કારણ કે ...

ઉત્તર : આમુખ બંધારણના હેતુઓ દ્વારા ભારતમાં 'કલ્યાણરાજ' સ્થાપવાની ઉચ્ચ ભાવના અને આદર્શને સિદ્ધ કરવા માગે છે.

(3) આમુખ એ હોકાયંત્રની ગરજ સારે છે, કારણ કે ...

ઉત્તર : કાયદાની કોઈ કલમ કે વિગતમાં અસ્પષ્ટતા કે વિસંગતતા હોય ત્યારે અથવા કાયદાનો હેતુ સ્પષ્ટ ન થતો હોય ત્યારે આમુખ કાયદાની કલમ, મુદ્દા કે શબ્દનું યથાર્થ અર્થઘટન કરવામાં માર્ગદર્શક બને છે. વળી, તે કાયદાને સમજવાની ગુરુચાવી છે.

(4) ભારત બિનસાંપ્રદાયિક રાજ્ય છે, કારણ કે ...

ઉત્તર : ભારતમાં ધર્મ, જાતિ કે પંથના ભેદભાવ વિના બધા નાગરિકોને સમાન અધિકારો આપવામાં આવ્યા છે તેમજ ભારતના બધા નાગરિકોને ધાર્મિક સ્વાતંત્ર્યનો મૂળભૂત હક આપવામાં આવ્યો છે.

(5) ભારત એક અખંડ અને અવિભાજ્ય સંઘરાજ્ય છે, કારણ કે ...

ઉત્તર : ભારતના બંધારણે ભારતને રાજ્યોના સંઘ (Union of States) તરીકે દર્શાવ્યો છે. સંઘ શબ્દ દ્વારા ભારતમાં સંઘ (કેન્દ્ર) અને એકમ રાજ્યો વચ્ચે ક્યારેય પણ બદલી ન શકાય એવા કાયમી સંબંધોની લેખિત સ્વરૂપે બંધારણમાં સ્પષ્ટતા કરવામાં આવી છે.

(6) ભારતનું બંધારણ વિશ્વનો સૌથી વધુ વિગતવાર અને વિસ્તૃત લેખિત દસ્તાવેજ છે, કારણ કે ...

ઉત્તર : બંધારણમાં કુલ **22** ભાગ છે. તેમાં **461** અનુચ્છેદો અને **12** પરિશિષ્ટો (અનુસૂચિઓ) છે.

(7) બ્રિટનની સરકારે કૅબિનેટ મિશનને ભારત મોકલ્યું હતું, કારણ કે ...

ઉત્તર : બ્રિટનની સરકાર ભારતના સ્વરાજ્યના પ્રશ્નનો ઉકેલ શોધવા માગતી હતી.

(8) સંસદીય સરકારને 'જવાબદાર સરકાર' કહેવામાં આવે છે, કારણ કે ...

ઉત્તર : સંસદીય સરકાર સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત પર કામ કરે છે.

(9) ભારત પ્રજાસત્તાક રાજ્ય છે, કારણ કે ...

ઉત્તર : ભારત લોકશાહી રાજ્ય છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ ..... હતા.
A. કનૈયાલાલ મુનશી B. ડૉ. ભીમરાવ આંબેડકર
C. ડૉ. રાજેન્દ્રપ્રસાદ

(2) ભારતનું બંધારણ .....ના રોજ પસાર કરવામાં આવ્યું.
A. 26 નવેમ્બર, 1949 B. 26 જાન્યુઆરી, 1950
C. 15 ઑગસ્ટ, 1947

(3) ભારતનું બંધારણ 26 જાન્યુઆરી, ...ના દિવસથી અમલમાં આવ્યું.
A. 1948 B. 1949 C. 1950

(4) ભારતના બંધારણની શરૂઆત .....થી થાય છે.
A. પરિશિષ્ટ B. આમુખ C. પ્રસ્તાવના

(5) દેશની સામાન્ય ચૂંટણીઓમાં ..... વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકો મત આપે છે.
A. 16 B. 17 C. 18

(6) સંઘયાદીમાં ..... વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
A. 66 B. 97 C. 52

(7) કટોકટી સમયે ભારત ..... વ્યવસ્થામાં ફેરવાઈ જાય છે.
A. સમવાયતંત્રી B. સરમુખત્યારશાહી C. એકતંત્રી

(8) ભારતનું ન્યાયતંત્ર .....નું રક્ષક અને વાલી છે.
A. રાષ્ટ્રપ્રમુખ B. બંધારણ C. રાષ્ટ્રીય મૂલ્યો

(9) ભારતમાં સાર્વત્રિક ..... મતાધિકાર છે.
A. પુખ્ત વય B. બાલવય C. વૃદ્ધ વય

(10) ..... સમીક્ષા બંધારણનું વિશિષ્ટ લક્ષણ છે.
A. સંસદીય B. રાષ્ટ્રીય C. અદાલતી

ઉત્તર : (1) ડૉ. ભીમરાવ આંબેડકર (2) 26 નવેમ્બર, 1949 (3) 1950 (4) આમુખ (5) 18 (6) 97 (7) એકતંત્રી (8) બંધારણ (9) પુખ્ત વય (10) અદાલતી

---

(11) ..... અને ..... દેશમાં બંધારણ લિખિત સ્વરૂપનું નથી.
A. યૂ.એસ.એ., બ્રિટન B. બ્રિટન, ઇઝરાયલ
C. ઇઝરાયલ, ભારત

(12) સંયુક્ત યાદીમાં ..... જેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
A. 47 B. 57 C. 97

(13) કેન્દ્રમાં પ્રધાનમંડળની રચના .....માંથી કરવામાં આવે છે.
A. લોકસભા B. રાજ્યસભા C. સંસદ

(14) બંધારણમાં ફેરફારની કલમોને ..... ભાગમાં વહેંચવામાં આવી છે.
A. ત્રણ B. ચાર C. પાંચ

(15) ભારતીય બંધારણમાં ..... લઘુમતીઓને કેટલાક વિશેષ અધિકારો અને સવલતો આપવામાં આવ્યાં છે.
A. ભાષાકીય B. ધાર્મિક C. પ્રાદેશિક

(16) હકો અને ફરજો ..... સમાજની મહામૂલી મૂડી છે.
A. ભારતીય B. આધુનિક C. લોકશાહી

(17) રાજ્યયાદીમાં ..... વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
A. 66 B. 97 C. 47

(18) સંસદનું નીચલું ગૃહ ..... નામે ઓળખાય છે.
A. બંધારણસભા B. રાજ્યસભા C. લોકસભા

(19) સંસદનું ઉપલું ગૃહ ..... નામે ઓળખાય છે.
A. રાજ્યસભા B. લોકસભા C. આમસભા

(20) બંધારણસભાના અધ્યક્ષ ..... હતા.
A. ડૉ. ભીમરાવ આંબેડકર B. ડૉ. રાજેન્દ્રપ્રસાદ
C. ડૉ. રાધાકૃષ્ણન્

ઉત્તર : (11) બ્રિટન, ઇઝરાયલ (12) 47 (13) સંસદ (14) ત્રણ (15) ધાર્મિક (16) લોકશાહી (17) 66 (18) લોકસભા (19) રાજ્યસભા (20) ડૉ. રાજેન્દ્રપ્રસાદ

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ડૉ. રાધાકૃષ્ણન્ બંધારણસભાના અધ્યક્ષ હતા.

(2) બંધારણના ઘડતરની કામગીરી 166 બેઠકોમાં પૂર્ણ થઈ હતી.

(3) 15 ઑગસ્ટ, 1947 ભારતનો પ્રજાસત્તાકદિન છે.

(4) ભારતે લોકશાહી શાસનપદ્ધતિ અપનાવી છે.

(5) ભારત ધર્મની દૃષ્ટિએ બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે.

(6) ભારતના નાગરિકો બેવડું નાગરિકત્વ ધરાવે છે.
(7) લોકસભા કાયમી ગૃહ છે.
(8) બંધારણમાં સુધારો કરવાની સત્તા વડા પ્રધાનની છે.
(9) ડૉ. ભીમરાવ આંબેડકર બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ હતા.
(10) બંધારણ આમુખનો આત્મા છે.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખરું (5) ખરું (6) ખોટું (7) ખોટું (8) ખોટું (9) ખરું (10) ખોટું

---

(11) ભારતની સંસદીય સરકાર સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત પર કામ કરે છે.
(12) ભારતમાં 16 વર્ષ કે તેથી વધુ ઉંમરના ભારતના કોઈ પણ નાગરિકને મત આપવાનો અધિકાર છે.
(13) ઈ. સ. 1980ના 45મા બંધારણીય સુધારાથી આમુખમાં 'બિનસાંપ્રદાયિક' શબ્દ ઉમેરવામાં આવ્યો છે.
(14) ભારતનું બંધારણ 26 નવેમ્બર, 1950ના દિવસે પસાર કરવામાં આવ્યું.
(15) સંઘયાદીમાં કુલ 66 વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
(16) સંયુક્ત યાદીમાં કુલ 97 વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
(17) રાજ્યસભાનો સભ્ય 6 વર્ષ સુધી સભ્યપદ ધરાવે છે.
(18) ભારતનું બંધારણ અપરિવર્તનશીલ છે.
(19) ભારતના બંધારણે 6થી 14 વર્ષ સુધીનાં બધાં બાળકોને ફરજિયાત શિક્ષણનો હક આપ્યો છે.

ઉત્તર : (11) ખરું (12) ખોટું (13) ખોટું (14) ખરું (15) ખોટું (16) ખોટું (17) ખરું (18) ખોટું (19) ખરું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) દેશના પાયાનો અને મહત્ત્વનો દસ્તાવેજ કયો છે? – **બંધારણ**
(2) ભારતની બંધારણસભાની રચના કોણે કરી? – **કૅબિનેટ મિશને**
(3) બંધારણસભાના અધ્યક્ષ કોણ હતા? – **ડૉ. રાજેન્દ્રપ્રસાદ**
(4) બંધારણસભાની મુસદ્દા (ખરડા) સમિતિના અધ્યક્ષ કોણ હતા? – **ડૉ. ભીમરાવ આંબેડકર**
(5) આપણે 26 જાન્યુઆરીને કયા દિવસ તરીકે ઊજવીએ છીએ? – **પ્રજાસત્તાકદિન તરીકે**
(6) ભારતનું રાષ્ટ્રચિહ્ન કયું છે? – **ચાર સિંહોની મુખાકૃતિ**
(7) ભારતનું રાષ્ટ્રસૂત્ર કયું છે? – **સત્યમેવ જયતે**
(8) વિશ્વનો સૌથી મોટો, વિસ્તૃત અને વિશદ લેખિત દસ્તાવેજ કયો છે? – **ભારતનું બંધારણ**
(9) બંધારણનું પ્રારંભિક હાર્દરૂપ અને વિશિષ્ટ સ્થાન ધરાવતું તત્ત્વ કયું છે? – **બંધારણનું આમુખ**
(10) બંધારણની શરૂઆત શાનાથી થાય છે? – **આમુખથી**
(11) બંધારણનો આત્મા કોને કહ્યો છે? – **આમુખને**
(12) બંધારણનો અર્ક કોણ છે? – **આમુખ**
(13) બંધારણની જોગવાઈઓને સમજવામાં હોકાયંત્રની ગરજ કોણ સારે છે? – **આમુખ**
(14) લોકશાહી કયા બે ગ્રીક શબ્દોમાંથી ઊતરી આવ્યો છે? – **Demos (લોકો) અને Kratos (સત્તા)**
(15) પ્રધાનમંડળની રચના શામાંથી કરવામાં આવી છે? – **સંસદમાંથી**
(16) સંસદીય સરકાર કયા સિદ્ધાંત પર કામ કરે છે? – **સંયુક્ત જવાબદારીના**
(17) સંસદીય સરકારને કઈ સરકાર પણ કહેવામાં આવે છે? – **જવાબદાર સરકાર**
(18) ભારતના લોકોને કયા પ્રકારનો મતાધિકારનો હક આપવામાં આવ્યો છે? – **સાર્વત્રિક પુખ્ત વય**
(19) કલ્યાણ રાજ સ્થાપવાનો ઉદ્દેશ કઈ રીતે સિદ્ધ કરી શકાય? – **સામાજિક ક્રાંતિ દ્વારા**
(20) ભારતીય બંધારણ એ કયા પ્રકારનો દસ્તાવેજ છે? – **સામાજિક**
(21) ધર્મની દૃષ્ટિએ ભારત કેવું રાષ્ટ્ર છે? – **ધર્મનિરપેક્ષ કે બિનસાંપ્રદાયિક**
(22) ધર્મની દૃષ્ટિએ ભારતીય બંધારણ કયા સિદ્ધાંતને વરેલું છે? – **સર્વધર્મ-સમદૃષ્ટિ અને સર્વધર્મ-સમભાવ**
(23) કયા બે લોકશાહી દેશોનાં બંધારણ લિખિત સ્વરૂપનાં નથી? – **બ્રિટન અને ઇઝરાયલ**
(24) કયા દેશમાં દરેક વ્યક્તિ બેવડું નાગરિકત્વ ધરાવે છે? – **યૂ.એસ.એ.માં**
(25) ભારતના કયા રાજ્યના નાગરિકો બેવડું નાગરિકત્વ ધરાવે છે? – **જમ્મુ-કશ્મીરના**
(26) ભારતના બંધારણમાં કયા શબ્દનો ક્યાંય ઉપયોગ થયો નથી? – **સમવાય (Fedral)**
(27) બંધારણે ભારતને કેવા રાષ્ટ્ર તરીકે વર્ણવ્યું છે? – **'રાજ્યોના સંઘ' તરીકે**
(28) કઈ યાદીમાં કુલ 97 જેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે? – **કેન્દ્ર(સંઘ)યાદીમાં**
(29) કઈ યાદીમાં કુલ 66 જેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે? – **રાજ્યયાદીમાં**
(30) કઈ યાદીમાં કુલ 47 જેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે? – **સંયુક્ત યાદીમાં**
(31) આબકારી જકાત, આયાત-નિકાસ જકાત, આવકવેરો વગેરે કરવેરા કોને ફાળવવામાં આવ્યા છે? – **કેન્દ્રને**
(32) વેચાણવેરો, મનોરંજનવેરો, શિક્ષણવેરો વગેરે વેરા કોને ફાળવવામાં આવ્યા છે? – **રાજ્યોને**
(33) રાજ્યમાં બંધારણીય કટોકટી દરમિયાન કોનું શાસન લાગુ પડે છે? – **રાષ્ટ્રપ્રમુખનું**
(34) સંસદના ઉપલા ગૃહનું નામ શું છે? – **રાજ્યસભા**

(35) સંસદના નીચલા ગૃહનું નામ શું છે? – **લોકસભા**

(36) સંસદના કયા ગૃહનું સંપૂર્ણપણે વિસર્જન થતું નથી? – **રાજ્યસભાનું**

(37) ભારતની કઈ અદાલતના ચુકાદા દેશની બધી અદાલતો માટે બંધનકર્તા છે? – **સર્વોચ્ચ અદાલતના**

(38) નાગરિકોના અધિકારોનું રક્ષણ કોણ કરે છે? – **ન્યાયતંત્ર**

(39) લોકશાહી સમાજની મહામૂલી મૂડી કઈ છે?
– **મૂળભૂત હકો અને ફરજો**

(40) પછાત વર્ગો અને આદિવાસી જાતિઓના વિકાસ માટે શી વિશેષ જોગવાઈ કરવામાં આવી છે? – **અનામત બેઠકોની**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. 26 જાન્યુઆરી	a. સ્વાતંત્ર્યદિન
2. બેવડું નાગરિકત્વ	b. લોકસભા
3. સંસદનું નીચલું ગૃહ	c. પ્રજાસત્તાકદિન
4. સંસદનું ઉપલું ગૃહ	d. યૂ.એસ.એ.
	e. રાજ્યસભા

ઉત્તર : (1 – c), (2 – d), (3 – b), (4 – e).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. જીવંત અને મૂળભૂત દસ્તાવેજ	a. ડૉ. રાજેન્દ્રપ્રસાદ
2. બંધારણસભાના અધ્યક્ષ	b. સંયુક્ત જવાબદારીનો સિદ્ધાંત
3. બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ	c. એકતંત્રી વ્યવસ્થા
4. સંસદીય સરકાર	d. બંધારણ
	e. ડૉ. ભીમરાવ આંબેડકર

ઉત્તર : (1 – d), (2 – a), (3 – e), (4 – b).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. બંધારણનો અર્ક	a. રાજ્યસભા
2. બંધારણનું રક્ષક અને વાલી	b. જમ્મુ-કશ્મીર રાજ્ય
3. સંસદનું કાયમી ગૃહ	c. ન્યાયતંત્ર
4. ભારતમાં બેવડું નાગરિકત્વ ધરાવતા નાગરિકો	d. લોકસભા
	e. આમુખ

ઉત્તર : (1 – e), (2 – c), (3 – a), (4 – b).

(4)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ભારતના બંધારણની શરૂઆત	a. 'ચાર સિંહોની મુખાકૃતિ'
2. બંધારણસભાનાં સ્ત્રી-સભ્ય	b. શ્રીમતી ઇન્દિરા ગાંધી
3. ભારતનું રાષ્ટ્રચિહ્ન	c. શ્રીમતી સરોજિની નાયડુ
4. ભારતનું રાષ્ટ્રસૂત્ર	d. આમુખ
	e. 'સત્યમેવ જયતે'

ઉત્તર : (1 – d), (2 – c), (3 – a), (4 – e).

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

* **1.** બંધારણસભામાં કુલ કેટલા સભ્યો હતા?
A. 389 B. 545 C. 250 D. 166

* **2.** ભારતીય બંધારણસભાના અધ્યક્ષનું નામ આપો.
A. કનૈયાલાલ મુનશી B. ડૉ. રાજેન્દ્રપ્રસાદ
C. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી D. સરદાર પટેલ

3. કોના અધ્યક્ષપદે ખરડા સમિતિ રચવામાં આવી હતી?
A. ડૉ. રાધાકૃષ્ણન્‌ના B. શ્રી કનૈયાલાલ મુનશીના
C. ડૉ. રાજેન્દ્રપ્રસાદના D. ડૉ. ભીમરાવ આંબેડકરના

* **4.** બંધારણના ઘડતરનું કાર્ય ક્યારે પૂર્ણ થયું?
A. ઈ. સ. 1948માં B. ઈ. સ. 1949માં
C. ઈ. સ. 1950માં D. ઈ. સ. 1947માં

5. ભારતના બંધારણમાં કુલ કેટલા અનુચ્છેદો અને પરિશિષ્ટો છે?
A. 285 અને 11 B. 461 અને 12
C. 495 અને 13 D. 345 અને 8

* **6.** ભારતનું બંધારણ ક્યારે અમલમાં આવ્યું છે?
A. 26 નવેમ્બર, 1949ના દિવસથી
B. 26 જાન્યુઆરી, 1950ના દિવસથી
C. 15 ઑગસ્ટ, 1947ના દિવસથી
D. 9 ડિસેમ્બર, 1946ના દિવસથી

7. નીચેનામાંથી બંધારણસભાનાં સ્ત્રી-સભ્ય કોણ હતાં?
A. શ્રીમતી એની બેસન્ટ B. શ્રીમતી ઇન્દિરા ગાંધી
C. શ્રીમતી કમલાદેવી પંડિત D. શ્રીમતી સરોજિની નાયડુ

8. કયા દિવસને 'પ્રજાસત્તાકદિન' તરીકે ઊજવવામાં આવે છે?
A. 26 જાન્યુઆરીના દિવસને
B. 15 ઑગસ્ટના દિવસને
C. 26 ડિસેમ્બરના દિવસને
D. 2 ઑક્ટોબરના દિવસને

9. ભારતમાં નાગરિકના મતાધિકાર માટે કેટલાં વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી છે?
A. 16 B. 20 C. 18 D. 21

10. નીચેનામાંથી કયા દેશનું બંધારણ લિખિત સ્વરૂપનું નથી?
A. ઇટલીનું B. ઈરાનનું
C. ઇઝરાયલનું D. ઇથિયોપિયાનું

ઉત્તર : **1.** 389 **2.** ડૉ. રાજેન્દ્રપ્રસાદ
3. ડૉ. ભીમરાવ આંબેડકરના
4. ઈ. સ. 1949માં **5.** 461 અને 12
6. 26 જાન્યુઆરી, 1950ના દિવસથી
7. શ્રીમતી સરોજિની નાયડુ
8. 26 જાન્યુઆરીના દિવસને
9. 18 **10.** ઇઝરાયલનું

11. નીચેનામાંથી કયા દેશમાં દરેક નાગરિક બેવડું નાગરિકત્વ ધરાવે છે?
A. યૂ.એસ.એ.માં B. ભારતમાં
C. ગ્રેટબ્રિટનમાં D. પાકિસ્તાનમાં

* **12.** ભારત પ્રજાસત્તાક રાજ્ય છે, કારણ કે ...
A. તે સાર્વભૌમ રાજ્ય છે.
B. તે લોકશાહી રાજ્ય છે.
C. રાજ્યના વડાને નિશ્ચિત મુદત માટે ચૂંટવામાં આવે છે.
D. પ્રજાને ધાર્મિક સ્વતંત્રતા છે.

* **13.** કેન્દ્ર(સંઘ)યાદીમાં કેટલા વિષયો સમાવિષ્ટ છે?
A. 66 B. 47 C. 97 D. 87

14. ભારતનું રાષ્ટ્રચિહ્ન કયું છે?
A. ત્રણ સિંહોની મુખાકૃતિ B. ચાર સિંહોની મુખાકૃતિ
C. ત્રણ વાઘની મુખાકૃતિ D. ચાર વાઘની મુખાકૃતિ

15. ભારતના બંધારણની શરૂઆત ક્યાંથી થાય છે?
A. મૂળભૂત હકોથી B. મૂળભૂત ફરજોથી
C. સ્વરાજ્યના દસ્તાવેજથી D. આમુખથી

16. ઈ. સ. 1976ના 42મા બંધારણીય સુધારાથી આમુખમાં કયા શબ્દને ઉમેરવામાં આવ્યો નહોતો?
A. સાંપ્રદાયિક B. સમાજવાદી
C. બિનસાંપ્રદાયિક D. રાષ્ટ્રીય એકતા

17. ભારતના બંધારણમાં કોને આખરી સાર્વભૌમ સત્તા આપવામાં આવી છે?
A. સર્વોચ્ચ અદાલતને B. કારોબારીને
C. ભારતના લોકોને D. રાજ્યોને

18. કેન્દ્ર સરકારનું પ્રધાનમંડળ કોને જવાબદાર છે?
A. વડા પ્રધાનને B. સંસદને
C. રાષ્ટ્રપ્રમુખને D. ભારતની પ્રજાને

19. લોકશાહી રાજ્ય એટલે ... .
A. સર્વ સત્તા બંધારણ પાસે
B. સર્વ સત્તા રાષ્ટ્રપ્રમુખ પાસે
C. સર્વ સત્તા વડા પ્રધાન પાસે
D. લોકોનું, લોકો માટે, લોકો વડે ચાલતું રાજ્ય

20. આપણા દેશમાં દર કેટલાં વર્ષે સામાન્ય ચૂંટણીઓ થાય છે?
A. પાંચ B. ચાર C. છ D. સાત

ઉત્તર : **11.** યૂ.એસ.એ.માં **12.** તે લોકશાહી રાજ્ય છે.
13. 97 **14.** ચાર સિંહોની મુખાકૃતિ
15. આમુખથી **16.** સમાજવાદી
17. ભારતના લોકોને **18.** સંસદને
19. લોકોનું, લોકો માટે, લોકો વડે ચાલતું રાજ્ય
20. પાંચ

21. ભારત ધર્મની દૃષ્ટિએ કેવું રાજ્ય છે?
A. સાંસ્કૃતિક B. બિનસાંપ્રદાયિક
C. સાંપ્રદાયિક D. બિનસાંસ્કૃતિક

22. ભારતમાં કયા રાજ્યના નાગરિકો બેવડું નાગરિકત્વ ધરાવે છે?
A. ઉત્તરાખંડ B. જમ્મુ-કશ્મીર
C. અસમ D. નાગાલૅન્ડ

23. બંધારણનું અર્થઘટન કરી કાયદાકીય વિવાદનું નિરાકરણ લાવવાનું કામ કોણ કરે છે?
A. રાષ્ટ્રપ્રમુખ B. વડા પ્રધાન
C. સર્વોચ્ચ અદાલત D. સંસદ

24. સંસદનું નીચલું ગૃહ કયા નામે ઓળખાય છે?
A. લોકસભા B. રાજ્યસભા
C. બંધારણસભા D. વિધાનસભા

25. સંસદનું ઉપલું ગૃહ કયા નામે ઓળખાય છે?
A. વિધાનસભા B. આમસભા
C. રાજ્યસભા D. લોકસભા

26. કેન્દ્રમાં કોના નામે વહીવટ ચાલે છે?
A. રાજ્યપાલના નામે B. વડા પ્રધાનના નામે
C. પ્રધાનમંડળના નામે D. રાષ્ટ્રપ્રમુખના નામે

27. બંધારણે કેટલાં વર્ષની ઉંમર સુધીનાં બાળકોને ફરજિયાત શિક્ષણનો હક આપ્યો છે?
A. 5થી 12 વર્ષ B. 7થી 14 વર્ષ
C. 6થી 14 વર્ષ D. 6થી 18 વર્ષ

28. રાષ્ટ્રપ્રમુખ રાજ્યસભામાં કેટલી વ્યક્તિઓની નિમણૂક કરે છે?
A. 18 B. 12 C. 10 D. 15

29. રાજ્યસભાના $\frac{1}{3}$ સભ્યો કેટલાં વર્ષે નિવૃત્ત થાય છે?
A. દર 5 વર્ષે B. દર 3 વર્ષે
C. દર 2 વર્ષે D. દર 4 વર્ષે

30. ભારતનો પાયાનો અને મહત્ત્વનો દસ્તાવેજ કયો છે?
A. કાયદાપોથી B. બંધારણ
C. ન્યાયપોથી D. આમુખ

31. ભારતના બંધારણમાં કુલ કેટલા અનુચ્છેદો છે?
A. 285 B. 495 C. 395 D. 345

ઉત્તર : **21.** બિનસાંપ્રદાયિક **22.** જમ્મુ-કશ્મીર
23. સર્વોચ્ચ અદાલત **24.** લોકસભા
25. રાજ્યસભા **26.** રાષ્ટ્રપ્રમુખના નામે
27. 6થી 14 વર્ષ **28.** 12
29. દર 2 વર્ષે **30.** બંધારણ
31. 395

9 મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

પ્રકરણસાર

માનવ હકો – માનવ અધિકારો (Human Rights)

- માનવ હકો (Human Rights) એ માનવના જન્મસિદ્ધ અધિકારો છે. વ્યક્તિના અસ્તિત્વ અને તેના વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ માટે જરૂરી સામાજિક પરિસ્થિતિઓને 'માનવ અધિકારો' કહે છે.
- 10 ડિસેમ્બર, 1948ના રોજ સંયુક્ત રાષ્ટ્રો(યૂ.એન.)ની સામાન્ય સભાએ માનવ અધિકારો અંગેનું જાહેરનામું મંજૂર કર્યું હતું. આથી સમગ્ર વિશ્વમાં 10 ડિસેમ્બરના દિવસને **'માનવ અધિકારદિન'** તરીકે ઊજવવામાં આવે છે.

મૂળભૂત હકો (Fundamental Rights)

- મૂળભૂત હકો એટલે નાગરિકના વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ માટે મળવી જોઈતી અમુક ચોક્કસ અનુકૂળતાઓ.
- ભારતના બંધારણે નાગરિકોને આ **છ** મૂળભૂત હકો આપ્યા છે : (1) સમાનતાનો હક, (2) સ્વતંત્રતાનો હક, (3) શોષણ વિરોધી હક, (4) ધાર્મિક સ્વતંત્રતાનો હક, (5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક તથા (6) બંધારણીય ઈલાજોનો હક.
- મૂળભૂત હકોના અમલ અંગે બંધારણમાં વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે. મૂળભૂત હકોના ભંગ બદલ અદાલતમાં ફરિયાદ કરી રક્ષણ મેળવી શકાય છે.
- **સમાનતાના હક**માં (1) કાયદાની સમાનતા, (2) જાહેર સ્થળોના ઉપયોગની સમાનતા, (3) જાહેર નોકરીઓમાં સમાનતા, (4) અસ્પૃશ્યતા પર પ્રતિબંધ તથા (5) ઇલકાબો અને ખિતાબો પર પ્રતિબંધનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- **સ્વતંત્રતાના હક**માં (1) વિચાર, વાણી અને લેખનની સ્વતંત્રતા; (2) શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના એકઠા થવાની અને સભા ભરવાની સ્વતંત્રતા; (3) મંડળો, સંસ્થાઓ અને સંઘો રચવાની સ્વતંત્રતા; (4) દેશભરમાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા; (5) ભારતના સમગ્ર વિસ્તારના (જમ્મુ-કશ્મીર સિવાય) કોઈ પણ ભાગમાં રહેવાની અને સ્થાયી થવાની સ્વતંત્રતા તથા (6) કોઈ પણ વ્યવસાય, ધંધો-રોજગાર કે વેપારની સ્વતંત્રતા વગેરે.
- **શોષણ વિરોધી હક** દ્વારા દરેક નાગરિકને કોઈ પણ ક્ષેત્રમાં શોષણ સામે રક્ષણ આપવામાં આવ્યું છે. આ હક દ્વારા ગુલામીની પ્રથા, ફરજિયાત વેઠપ્રથા, બાળમજૂરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- **ધાર્મિક સ્વતંત્રતાના હક** દ્વારા કેટલીક મર્યાદાઓ સાથે દરેક નાગરિકને પોતાનો મનપસંદ ધર્મ પાળવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. બધા ધર્મો રાજ્ય સમક્ષ સરખા હોવાથી તે કોઈ પણ ધર્મ પ્રત્યે પક્ષપાત બતાવશે નહિ કે ભેદભાવ રાખશે નહિ.
- **સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક** દ્વારા બંધારણે ધર્મ, ભાષા અને સંસ્કૃતિના આધારે રચાયેલી લઘુમતીઓના હકોનું રક્ષણ કરવાની ખાતરી આપી છે.
- **બંધારણીય ઈલાજોનો હક** એ મૂળભૂત હકોનું જ નહિ, બલકે ભારતના બંધારણનું એક વિશિષ્ટ લક્ષણ છે. આ હક દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપે છે. **ડૉ. આંબેડકર**ના મત મુજબ, બંધારણીય ઈલાજો સંબંધી જોગવાઈ સમગ્ર **'બંધારણના આત્મા સમાન'** છે.

મૂળભૂત ફરજો

- **ઈ. સ. 1976**માં બંધારણમાં સુધારો કરીને બંધારણમાં નાગરિકની **મૂળભૂત ફરજો** સમાવવામાં આવી છે. મૂળભૂત ફરજોનો મુખ્ય હેતુ દેશપ્રેમ, કેટલાક ઉચ્ચ આદર્શો અને મૂલ્યો પ્રતિ જાગૃતિ તેમજ રાષ્ટ્રને ઉન્નત બનાવવા માટે નાગરિકોને પ્રતિબદ્ધ કરવાનો છે. આ વિષયના પાઠ્યપુસ્તકની શરૂઆતમાં મૂળભૂત ફરજો દર્શાવવામાં આવી છે.
- દર વર્ષે **6 જાન્યુઆરી**ના દિવસને **'મૂળભૂત ફરજદિન'** તરીકે ઊજવવાનું સૂચન થયું છે.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

- દેશના રાષ્ટ્રીય જીવન અને સામાજિક જીવનનાં વિવિધ ક્ષેત્રો વિશે તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નીતિઓ નક્કી કરવામાં માર્ગદર્શક બનતા સિદ્ધાંતોને **'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો'** કહે છે. આ સિદ્ધાંતોને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું છે.
- દેશમાં સામાજિક અને આર્થિક લોકશાહીની સ્થાપના માટે રાજ્ય સન્નિષ્ઠ પ્રયાસો કરે એવું માર્ગદર્શન આ સિદ્ધાંતોમાં આપવામાં આવ્યું છે.
- આ સિદ્ધાંતોએ કલ્યાણકારી સમાજવાદી સમાજવ્યવસ્થાનું નિર્માણ કરવાની રૂપરેખા આપી છે.
- સ્વસ્થ વિદેશનીતિના ઘડતર માટે પણ આ સિદ્ધાંતો પાયાનાં રચનાત્મક સૂચનો કરે છે.
- આ સિદ્ધાંતોનો અમલ રાજ્ય માટે ફરજિયાત હોતો નથી.

- આ સિદ્ધાંતોના અમલ માટે નાગરિકો અદાલતનો આશરો લઈ શકતા નથી.
- ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે આ સિદ્ધાંતોને દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો ગણાવ્યા છે.
- બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવ્યું છે : (1) આર્થિક નીતિઓના સિદ્ધાંતો, (2) સામાજિક નીતિઓના સિદ્ધાંતો, (3) રાજકીય અને વિદેશનીતિના સિદ્ધાંતો તથા (4) શૈક્ષણિક અને સાંસ્કૃતિક નીતિઓના સિદ્ધાંતો.
- મૂળભૂત હકો રાજ્યની સત્તાને મર્યાદિત કરે છે; જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યની સત્તાને વિસ્તારે છે. મૂળભૂત હકો રાજકીય લોકશાહી સ્થાપે છે; જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનું ધ્યેય ધરાવે છે.
- આમ, મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એકબીજાના વિરોધી નથી બલકે એકબીજાના પૂરક છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

*** (1) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મહત્ત્વ દર્શાવો.**

અથવા

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એટલે શું? એનું ધ્યેય શું છે? આ સિદ્ધાંતોનું મહત્ત્વ દર્શાવો.

ઉત્તર : દેશના રાષ્ટ્રીય જીવન અને સામાજિક જીવનનાં જુદાં જુદાં નીતિવિષયક ક્ષેત્રો વિશે તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નીતિઓ નક્કી કરવામાં માર્ગદર્શક બનતા સિદ્ધાંતોને **'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો'** કહેવામાં આવે છે.

→ દેશમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય પર આધારિત સમાજવ્યવસ્થા સ્થાપવી એ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મુખ્ય ધ્યેય છે.

→ ભારત એક **'કલ્યાણ રાજ્ય' (Welfare State)** બને એવો આદર્શ આ સિદ્ધાંતોએ સેવ્યો છે.

→ દેશમાં સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવા માટે રાજ્ય સન્નિષ્ઠ પ્રયાસો કરે એવો માર્ગદર્શક આદેશ આ સિદ્ધાંતો દ્વારા આપવામાં આવ્યો છે.

→ મૂળભૂત હકો ઉપરાંત, મનુષ્યના સર્વતોમુખી વિકાસ માટે અતિ-આવશ્યક એવા અન્ય કેટલાક હકોનો સમાવેશ આ સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે.

→ સ્વસ્થ વિદેશનીતિના ઘડતર માટે પણ આ સિદ્ધાંતો પાયાનાં રચનાત્મક સૂચનો કરે છે.

→ આ સિદ્ધાંતોનો અમલ રાજ્ય માટે ફરજિયાત હોતો નથી. આમ છતાં, કલ્યાણ રાજ્ય અને વિશ્વશાંતિના ધ્યેયને વરેલી કોઈ પણ સરકારને આ સિદ્ધાંતોની ઉપેક્ષા કરવી નહિ, એવું માર્ગદર્શન આ સિદ્ધાંતોમાંથી મળી રહે છે.

→ આ સિદ્ધાંતોએ કલ્યાણકારી સમાજવાદી સમાજવ્યવસ્થાનું નિર્માણ કરવાની રૂપરેખા આપી છે.

→ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભાવિ સમાજનું દર્શન રજૂ કરે છે. આપણે કઈ દિશામાં જવાનું તે પ્રત્યે અંગુલીનિર્દેશ કરે છે.

→ ભારતના બંધારણના ઘડવૈયા **ડૉ. આંબેડકર** કહે છે, ''આ સિદ્ધાંતો દેશના શાસનમાં પાયાનું મહત્ત્વ ધરાવે છે. આપણે જે સરકારોને ચૂંટીને સત્તા સોંપીએ છીએ, એ સત્તાનો ઉપયોગ તેમણે કયા હેતુઓ માટે કરવાનો છે તેની આ સિદ્ધાંતો સતત યાદ આપે છે. આ દૃષ્ટિએ એમનું મહત્ત્વ જરાય ઓછું નથી''.

(2) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું સંક્ષેપમાં વર્ણન કરો.

ઉત્તર : રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો નીચે મુજબ છે :

→ મનુષ્યના સર્વતોમુખી વિકાસ માટે અતિઆવશ્યક એવા કેટલાક માનવહકોનો સમાવેશ આ સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે. જેમ કે કામ કરવાનો હક, પુરુષો અને સ્ત્રીઓને સમાન કામ માટે સમાન વેતન મેળવવાનો હક, જીવનનિર્વાહનાં જરૂરી સાધનો મેળવવાનો હક, 14 વર્ષની ઉંમર સુધી મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો હક વગેરે.

→ બધા નાગરિકોનું મહત્તમ કલ્યાણ થાય એ રીતે સમાજમાં ભૌતિક સાધનોની માલિકી અને અંકુશનું વિતરણ કરવું.

→ સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોનું વિકેન્દ્રીકરણ થાય એવી નીતિઓ ઘડવી અને તેમનો અમલ કરવો.

→ સમાજનાં ભૌતિક સંસાધનો(જળ, જમીન અને જંગલો)નું વિતરણ બધાના કલ્યાણ માટે થાય એવા પ્રયત્નો કરવા.

→ શ્રમજીવીઓ અને કુમળી વયનાં બાળકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું તથા ગરીબીને કારણે તેમને બિનઆરોગ્યપ્રદ કામો કરવાં ન પડે એ માટે પગલાં લેવાં.

→ જાહેર સ્વાસ્થ્યને નુકસાન કરે એવાં દારૂ જેવાં માદક પીણાં અને કેફી પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો.

→ ખેતી, પશુપાલન, કુટિર ઉદ્યોગો, ગ્રામોદ્યોગો વગેરેનો અદ્યતન અને વૈજ્ઞાનિક ઢબે વિકાસ કરવો. દુધાળાં પ્રાણીઓની કતલ અટકાવવી.

→ રાજ્યમાં સૌને ન્યાયની સમાન તક આપવી. આર્થિક કારણસર કોઈને ન્યાય આપવાનો ઇન્કાર કરવામાં ન આવે તેમજ એવા લોકોને મફત કાનૂની સહાય મળી રહે એવો રાજ્યે પ્રબંધ કરવો.

→ જંગલો, વન્યજીવન તથા પર્યાવરણનું રક્ષણ કરવા પગલાં ભરવાં.

→ રાષ્ટ્રીય ગૌરવના પ્રતીક સમાં પ્રાચીન, ઐતિહાસિક સ્મારકોનું રક્ષણ કરવું.

→ સત્તાનું વિકેન્દ્રીકરણ છેક ગ્રામસ્તરે થાય એ માટે ગામડાંમાં ગ્રામપંચાયતોની રચના કરવી.

→ ઉદ્યોગોના સંચાલનમાં શ્રમજીવીઓની હિસ્સેદારી વધે એ પ્રકારનાં પગલાં ભરવાં. કામના સ્થળે કામદારોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે એવી માનવીય પરિસ્થિતિ સર્જવી.

*** (3) બંધારણમાં સમાવિષ્ટ ભારતના નાગરિકની મૂળભૂત ફરજો વિશે જણાવો.**

ઉત્તર : ભારતના બંધારણમાં સમાવિષ્ટ ભારતના નાગરિકની મૂળભૂત ફરજો નીચે મુજબ છે :

→ બંધારણનું પાલન કરવું અને રાષ્ટ્રને વફાદાર રહેવું.

→ બંધારણમાં વ્યક્ત થયેલા આદર્શો તેમજ રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો – ગૌરવ જાળવવું.

→ સ્વાતંત્ર્યસંગ્રામના ઉદાત્ત વિચારો અને પ્રેરણાદાયી આદર્શોને માન આપવું તેમજ તેનું પાલન કરવું.

→ દેશનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું રક્ષણ કરવું.

→ આવશ્યકતા ઊભી થાય ત્યારે દેશના રક્ષણ માટે રાષ્ટ્રસેવામાં જોડાવું.

→ દેશના લોકોમાં સુમેળ રહે અને પરસ્પર બંધુત્વની ભાવનાની વૃદ્ધિ થાય એવાં કામો કરવાં.

→ સ્ત્રીઓના ગૌરવને હાનિ પહોંચાડતા વ્યવહારોનો ત્યાગ કરવો.

→ રાષ્ટ્રના સમૃદ્ધ, સમન્વિત સાંસ્કૃતિક વારસાનું જતન કરવું.

→ કાયદાઓનું પાલન કરવું.

→ કરવેરા પ્રામાણિકપણે ભરવા.

→ જંગલો, નદીઓ, સરોવરો અને વન્ય જીવો સહિત પર્યાવરણનું જતન કરવું અને તેમાં સુધારો થાય એવા પ્રયત્નો કરવા. બધા જીવો પ્રત્યે દયા રાખવી.

→ વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો તેમજ માનવવાદ અને સંશોધન વૃત્તિ વિકસાવવાં.

→ જાહેર મિલકતોનું રક્ષણ કરવું.

→ હિંસાનું આચરણ ન કરવું.

→ વ્યક્તિગત તેમજ સામૂહિક પુરુષાર્થનાં બધાં ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા સિદ્ધ કરવા પ્રયત્નો કરવા.

→ પોતાના બાળકને મફત, ફરજિયાત અને સાર્વત્રિક રીતે અપાતું શિક્ષણ આપવું એ દરેક માતા-પિતાની ફરજ રહેશે.

*** (4) ટૂંક નોંધ લખો : આર્થિક નીતિઓ સંદર્ભે માર્ગદર્શક સિદ્ધાંતો**

ઉત્તર : ભારતના તમામ નાગરિકોનું કલ્યાણ થાય એ રીતે સમાજનાં ભૌતિક સંસાધનોની સમાન વહેંચણી કરવી.

→ દેશમાં ઉત્પાદન વધે અને કોઈનું શોષણ ન થાય એ માટે રાજ્યનાં ઉત્પાદનનાં સાધનો અને તેની વહેંચણી પર નિયંત્રણો મૂકવાં.

→ જનકલ્યાણને અવરોધરૂપ આવતા સંપત્તિના કેન્દ્રીકરણને અટકાવવું.

→ સમાન કામ માટે સ્ત્રી-પુરુષને સમાન વેતન મળે એ માટે રાજ્યે પ્રયાસ કરવા.

→ સ્ત્રીઓ અને બાળમજૂરોને તેમનું આરોગ્ય જોખમાય એવાં કામમાં રોકવાં નહિ. બધા જ વર્ગના કામદારોને કામગીરીના બદલામાં યોગ્ય વેતન આપવું તથા તેમને શારીરિક અને માનસિક વિકાસની સગવડો પૂરી પાડવી. કામના સ્થળે બધા જ કામદારોનું આરોગ્ય જળવાઈ રહે એવી માનવીય પરિસ્થિતિનું સર્જન કરવું.

→ સ્ત્રીઓને પ્રસૂતિ સમયે જરૂરી રજાઓ અને રાહત આપવાં.

→ રાજ્યે નાગરિકોને માંદગી, અપંગ અવસ્થા, વૃદ્ધાવસ્થા કે અન્ય આફતો સામે વીમા યોજના, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી, બચત યોજના, આરોગ્યગૃહો, દવાખાનાં વગેરે દ્વારા યોગ્ય રક્ષણ આપવું.

→ ઉદ્યોગોના સંચાલનમાં કામદારોની હિસ્સેદારી વધે એવાં પગલાં ભરવાં.

→ આર્થિક લાચારીને કારણે બાળકોનું શોષણ ન થાય તેમજ તેઓ સ્વસ્થ અને સ્વતંત્ર રીતે ગૌરવપ્રદ સ્થિતિમાં તંદુરસ્ત વિકાસ સાધે એ માટેની જરૂરી તકો અને સવલતો ઊભી કરવા રાજ્યે ખાસ પગલાં ભરવાં.

→ ખેતી અને પશુપાલનનો અદ્યતન અને વૈજ્ઞાનિક ઢબે વિકાસ કરવો. દુધાળાં ઢોર અને અન્ય પાલતુ પશુઓની કતલ ન થાય એ માટે શક્ય એટલા તમામ પ્રયત્નો કરવા.

→ રાજ્યમાં બધાંને એકસમાન ન્યાય મળે તેમજ આર્થિક રીતે સમર્થ ન હોય એવા લોકોને ન્યાય આપવાનો ઇન્કાર કરવામાં ન આવે. સૌને મફત કાનૂની સહાય આપવાની વ્યવસ્થા કરવી. એ માટે જરૂરી કાયદા ઘડવા.

→ ખેતમજૂરોને યોગ્ય જીવનધોરણ મળી રહે, તેમને જરૂરી કામ અને આરામ મળે તેમજ તેમને અન્ય નાગરિકોની જેમ શિક્ષણ વગેરેની સગવડો મળે એ માટે રાજ્યે આવશ્યક પગલાં ભરવાં.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

(1) ટૂંક નોંધ લખો :

*** 1. સમાનતાનો હક**

ઉત્તર : સમાનતા એ લોકશાહીનો પાયાનો સિદ્ધાંત છે.

→ સમાનતાના હક દ્વારા બધા નાગરિકોને કાયદાની સમાનતા તેમજ કાયદાનું સમાન રક્ષણ આપવામાં આવ્યું છે.

→ ભારતમાં ધર્મ, વંશ, જાતિ, લિંગ, જ્ઞાતિ, ભાષા, રંગ કે જન્મસ્થળના કોઈ પણ ભેદભાવ વિના દરેક નાગરિકને સમાનતાનો હક મળેલો છે.

→ આ હક સરકારી નોકરીઓ, ધંધો, જાહેર રોજગાર, હોદ્દાની પ્રાપ્તિ, ધાર્મિક સ્વતંત્રતા, જાહેર સ્થળનો ઉપયોગ, સામાજિક જીવન વગેરેની બાબતમાં દરેક નાગરિકને સમાનતા આપે છે.

→ દેશની અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક દૃષ્ટિએ પછાત મનાતા વર્ગો માટે રાજ્ય સરકાર ખાસ જોગવાઈઓ કરે તો તે સમાનતાના હકનો ભંગ ગણાશે નહિ.

→ આ વર્ગો માટે સરકારી નોકરીઓમાં તેમજ શિક્ષણસંસ્થાઓમાં અનામત બેઠકો રાખવામાં આવે છે.

→ ભારતીય સમાજનું કલંક ગણાતી અસ્પૃશ્યતાને બંધારણે નાબૂદ કરી છે. તેથી અસ્પૃશ્યો કે અન્ય પછાત જાતિઓના લોકોને અછૂત ગણી તેમનો તિરસ્કાર કરી શકાશે નહિ, અસ્પૃશ્યતાનું આચરણ સજાપાત્ર ગુનો બને છે.

→ સમાજમાં કૃત્રિમ ભેદભાવ સર્જતા ઈલકાબો અને ખિતાબો નાબૂદ કરવામાં આવ્યા છે.

*** 2. સ્વતંત્રતાનો હક**

ઉત્તર : સ્વતંત્રતાનો હક એ લોકશાહીનો પ્રાણ છે.

→ સ્વતંત્રતાના હક વિનાની લોકશાહીની કલ્પના થઈ શકે નહિ.

→ લોકશાહીના સફળ સંચાલન માટે સ્વતંત્રતા જરૂરી છે.

→ દેશના પ્રત્યેક નાગરિકના વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ માટે અને અભિવ્યક્તિ કરવા માટે સ્વતંત્રતાનો હક અનિવાર્ય છે.

→ વ્યક્તિ તંદુરસ્ત અને સ્વસ્થ જીવન જીવી શકે એ માટે સ્વતંત્રતાના હકનું સવિશેષ મહત્ત્વ છે.

→ આ હક દ્વારા ભારતીય નાગરિકો પોતાના વિચારોને વાણી અને વર્તન દ્વારા અભિવ્યક્ત કરવાની સ્વતંત્રતા બક્ષવામાં આવી છે.

→ વ્યક્તિ સ્વાતંત્ર્યને આવરી લેતા આ હકને છ પ્રકારની સ્વતંત્રતાઓમાં વહેંચી નાખવામાં આવ્યો છે.

→ બંધારણે નિર્ધારિત કરેલ મર્યાદાઓમાં રહીને આ હક ભોગવવાની નાગરિકોને બાંયધરી આપવામાં આવી છે.

→ આ હક દ્વારા નાગરિકોને આ પ્રમાણે સ્વતંત્રતાઓ આપવામાં આવી છે : (1) વિચાર, વાણી અને લેખનની સ્વતંત્રતા; (2) શાંતિપૂર્વક, શસ્ત્રો વિના એકઠા થવાની અને સભા ભરવાની સ્વતંત્રતા; (3) મંડળો, સંસ્થાઓ અને સંઘો સ્થાપવાની સ્વતંત્રતા; (4) ભારતના સમગ્ર ક્ષેત્રમાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા; (5) ભારતના સમગ્ર ક્ષેત્રના (જમ્મુ-કશ્મીર સિવાય) કોઈ પણ ભાગમાં રહેવાની અને સ્થાયી થવાની સ્વતંત્રતા તથા (6) કોઈ પણ વ્યવસાય, કામકાજ, વેપાર, ધંધો અને રોજગારની સ્વતંત્રતા.

*** 3. શોષણ સામેનો હક**

ઉત્તર : આ હક દ્વારા શોષણવિહીન સમાજની સ્થાપનાનો બંધારણનો ઉદ્દેશ સિદ્ધ થયો છે.

→ આ હક દ્વારા દરેક નાગરિકને કોઈ પણ ક્ષેત્રમાં શોષણ સામે રક્ષણ આપવામાં આવ્યું છે.

→ આ હક દ્વારા ગુલામીની પ્રથા, ફરજિયાત વેઠપ્રથા, બાળમજૂરી, લોહીનો વેપાર વગેરે પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ બધા પ્રકારના શોષણને સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.

→ કોઈ પણ વ્યક્તિ પાસે વિના વેતને કે લઘુતમ વેતનથી ઓછા વેતને ફરજિયાત કે બળજબરીપૂર્વક કામ કરાવવું એ શિક્ષાપાત્ર ગુનો બને છે.

→ આ હક મુજબ, 14 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને કારખાનાંમાં, ખાણોમાં કે અન્ય જોખમભરેલાં સ્થાને નોકરીમાં રાખવાની મનાઈ ફરમાવવામાં આવી છે. બાળમજૂરી કાનૂન હેઠળ આ પ્રકારના શોષણને સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.

→ માલિકો મજૂરોનું શોષણ ન કરે તે માટે પણ બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

→ આ હક વ્યક્તિના ગૌરવનો સ્વીકાર અને રક્ષણ કરે છે.

4. ધાર્મિક સ્વાતંત્ર્યનો હક

ઉત્તર : ભારત બિનસાંપ્રદાયિક દેશ છે.

→ ભારતને પોતાનો કોઈ ધર્મ નથી. ભારતનું રાજ્ય કોઈ ધર્મ કે સંપ્રદાયના સિદ્ધાંતો કે માન્યતાઓને આધારે ચાલતું નથી.

→ ભારત ધાર્મિક બાબતો અને માન્યતાઓમાં તટસ્થ છે.

→ અહીં બધા ધર્મોને સમાન ગણવામાં આવ્યા છે.

→ ભારતના બંધારણે બધા નાગરિકોને ધાર્મિક સ્વાતંત્ર્યનો હક આપ્યો છે.

→ આ હક દરેક નાગરિકને જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને સ્વાસ્થ્યની વિરુદ્ધ ન હોય એવો કોઈ પણ મનપસંદ ધર્મ પાળવાનો તથા માનવાનો અને તેનો પ્રચાર-પ્રસાર કરવાની સ્વતંત્રતા આપે છે.

→ આ હક મુજબ દરેક નાગરિકને પોતાના ધર્મના ક્રિયાકાંડો, પ્રાર્થના, પૂજા અને વિધિઓ કરવાની અને એ વિધિઓમાં ભાગ લેવાની સ્વતંત્રતા છે.

→ આ હકે નાગરિકને ધર્મપરિવર્તન કરવાની પણ સ્વતંત્રતા આપી છે.

→ આ ઉપરાંત, આ હક અન્વયે નાગરિક પોતાના ધર્મના પ્રચાર માટે સંસ્થાઓ સ્થાપી શકે છે, મુક્તપણે તેનું સંચાલન કરી શકે છે તેમજ એ ધાર્મિક સંસ્થાઓ મિલકત ધરાવી શકે છે.

5. સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો

ઉત્તર : સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો સાંસ્કૃતિક, ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓ માટે અતિમહત્ત્વના છે. આ હકોથી –

→ ભારતના કોઈ પણ નાગરિકને પોતાનાં ભાષા, બોલી, લિપિ, સંસ્કૃતિ, પ્રણાલિકાઓ, આદર્શો, મૂલ્યો વગેરે ધરાવવાની, જાળવી રાખવાની અને તેમનો વિકાસ કરવાની સ્વતંત્રતા મળી છે.

→ રાજ્ય દ્વારા સંચાલિત કે રાજ્યની ગ્રાન્ટ પર નિર્ભર હોય એવી કોઈ પણ શિક્ષણસંસ્થામાં કોઈ પણ નાગરિકને ભાષા, ધર્મ કે સંસ્કૃતિને કારણે પ્રવેશ આપવાનો ઇન્કાર થઈ શકતો નથી.

→ ભારતના કોઈ પણ નાગરિકને પોતાનો વિકાસ સાધવા માટે યોગ્ય લાગે તે કલા, શિક્ષણ અને સાહિત્ય વગેરે સંસ્કારપોષક પ્રવૃત્તિઓ કરવાની સ્વતંત્રતા મળી છે.

→ લઘુમતી કોમો ભાષાકીય અને ધાર્મિક દૃષ્ટિએ પોતાની શિક્ષણ-સંસ્થાઓ સ્થાપી શકે છે. રાજ્ય કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના તેમને નાણાકીય સહાય આપવા બંધાયેલું છે.

→ રાજ્યસરકાર લઘુમતી સંસ્થાઓની મિલકતોનું સંપાદન જરૂરી વળતર આપીને જ કરી શકે છે. શૈક્ષણિક સંસ્થાઓના સંદર્ભે મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ બંધારણમાં કરવામાં આવી છે.

→ દેશના સાંસ્કૃતિક વારસાની જાળવણી એ રાજ્યની ફરજ બને છે.

* 6. બંધારણીય ઈલાજોનો હક

ઉત્તર : ભારતના બંધારણે દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપતો બંધારણીય ઈલાજોનો હક આપ્યો છે.

→ કોઈ પણ મૂળભૂત હકનું પાલન ન થતું હોય કે તેનો ભંગ થતો હોય તો કોઈ પણ નાગરિક એ હકના રક્ષણ માટે વડી અદાલત (હાઈકોર્ટ) કે સર્વોચ્ચ અદાલત પાસે દાદ માગી શકે છે.

→ આ માટે અદાલતને હાજર હુકમ, કર્તવ્ય હુકમ, મનાઈ હુકમ વગેરે હુકમો – આદેશો બહાર પાડવાની બંધારણીય સત્તા આપવામાં આવી છે.

→ અદાલતો પાસે આવેલી મૂળભૂત હકના ભંગ બદલની ફરિયાદ બરાબર સાંભળીને નાગરિકોને ન્યાય આપવો એ અદાલતોની ફરજ બને છે.

→ આમ, આ હક કોઈ પણ નાગરિકને મૂળભૂત હકોના ભંગ બદલ અદાલતોમાં જવાનો અને એ હકોનું રક્ષણ મેળવવાનો અધિકાર આપે છે.

→ **ડૉ. બાબાસાહેબ આંબેડકર**ના મત મુજબ, **''બંધારણીય ઈલાજો સંબંધી જોગવાઈ સમગ્ર 'બંધારણના આત્મા સમાન'** છે.''

→ અલબત્ત, જ્યારે દેશમાં કટોકટીની પરિસ્થિતિ જાહેર કરવામાં આવી હોય ત્યારે અન્ય મૂળભૂત હકોની જેમ આ હકનો અમલ પણ મોકૂફ રાખી શકાય છે.

* 7. રાજકીય અને વિદેશી સંબંધો વિશેના સિદ્ધાંતો

ઉત્તર : રાજ્ય ગ્રામપંચાયતોની સ્થાપના કરવા આવશ્યક પગલાં ભરશે તેમજ તેમની સત્તા અને તેમના અધિકારોમાં વધારો કરશે. ગ્રામપંચાયતોના નિભાવ માટે રાજ્ય તેમને નાણાકીય મદદ કરશે.

→ ન્યાયાધીશો નિષ્પક્ષ, નિર્ભિક અને નીડરતાથી ન્યાય આપી શકે એ માટે રાજ્ય તેની સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીથી અલગ અને સ્વતંત્ર રાખવા પગલાં ભરશે.

→ આંતરરાષ્ટ્રીય શાંતિ, સલામતી અને વિકાસ માટેના દરેક પ્રયત્નમાં રાજ્ય પૂરતો સહકાર આપશે.

→ બધા દેશો સાથે મૈત્રી અને ભાઈચારાના સંબંધો રાખવા.

→ આંતરરાષ્ટ્રીય કાયદા અને બીજા દેશો સાથેના કરારોને માન આપવું અને તેનું પાલન કરવું.

→ આંતરરાષ્ટ્રીય ઝઘડાઓનું યુદ્ધને બદલે ચર્ચાઓ અને લવાદોના શાંતિમય માર્ગો દ્વારા નિરાકરણ થાય એ માટે પ્રયત્નો કરવા.

→ વિશ્વમાં દરેક રાષ્ટ્રનું સાર્વભૌમત્વ જળવાય અને રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના સંબંધો ગૌરવપ્રદ બને એ માટે પ્રયત્નો ચાલુ રાખવા.

8. સામાજિક નીતિઓ સંબંધી રાજ્યનીતિના સિદ્ધાંતો

ઉત્તર : સમાજના પછાત વર્ગો, અનુસૂચિત જાતિઓ (હરિજનો), અનુસૂચિત જનજાતિઓ (આદિવાસીઓ) અને સમાજના વંચિત સમૂહો વગેરેના આર્થિક અને શૈક્ષણિક વિકાસ તથા કલ્યાણ માટે રાજ્યએ ખાસ પગલાં ભરવાં. તેમને તમામ પ્રકારના શોષણમાંથી મુક્તિ મળે તેમજ તેમને સમાન ન્યાય મળે એ માટે ખાસ પગલાં ભરવાં.

→ ભારતના તમામ નાગરિકો માટે એકસરખા દીવાની કાયદા (યુનિફૉર્મ સિવિલ કોડ) ઘડવા. સૌને ન્યાય મળી રહે એવી ન્યાયવ્યવસ્થા ગોઠવવી.

→ લગ્ન, લગ્નવિચ્છેદ (છૂટાછેડા), ભરણપોષણ, સગીર બાળકો, દત્તકવિધાન પદ્ધતિ, વસિયતનામું વગેરે બાબતો વિશે એકસમાન કાયદા ઘડીને સામાજિક ન્યાય સ્થાપવા રાજ્યે પ્રયત્નો કરવા.

→ રાજ્યમાં બધા નાગરિકોને કામ કરવાનો હક મળે એ માટે સરકારે પ્રયાસો કરવા.

→ વૃદ્ધાવસ્થા, માંદગી, અપંગ અવસ્થા, વિષમ આર્થિક પરિસ્થિતિ વગેરે પ્રસંગે જરૂરિયાતમંદ લોકોને નાણાકીય અને અન્ય આવશ્યક મદદ મળી રહે એ માટે સરકારે અસરકારક જોગવાઈઓ કરવી.

9. આરોગ્યવિષયક નીતિઓ સંબંધી રાજ્યનીતિના સિદ્ધાંતો

ઉત્તર : પ્રજાના આરોગ્ય અને જીવનધોરણને ઊંચું લાવવા રાજ્યે પ્રયત્નો કરવા.

→ જાહેર સ્વાસ્થ્ય અને જનસુખાકારી વધારવાનાં પગલાંને રાજ્યે પોતાની પ્રાથમિક ફરજ માનવી.

→ જાહેર સ્વાસ્થ્યને હાનિકારક એવાં માદક પીણાં, કેફી પદાર્થો અને નશાકારી વસ્તુઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો.

→ દેશના પર્યાવરણનું રક્ષણ થાય તેમજ તેમાં જરૂરી સુધારો થાય એવો રાજ્યે પ્રયાસ કરવો.

→ દેશનાં જંગલો અને વન્ય જીવસૃષ્ટિના સંરક્ષણ માટે રાજ્યે ખાસ પગલાં ભરવાં.

→ કામદારોને કામના સ્થળે રાજ્યે આરોગ્યપ્રદ વાતાવરણ પૂરું પાડવું તેમજ આરામના સમયે તેઓને સામાજિક અને સાંસ્કૃતિક પ્રગતિની તકો પૂરી પાડવી.

→ કામદારોનું માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે તેમને મનોરંજનની સગવડો પૂરી પાડવા રાજ્યે પ્રયત્નો કરવા.

(2) મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત સમજાવો.

ઉત્તર : મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત નીચે મુજબ છે :

મૂળભૂત હકો	રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
1. મૂળભૂત હકોની ભૂમિકા કાનૂની છે.	1. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની ભૂમિકા નૈતિક છે.
2. તેમને અદાલતનું રક્ષણ મળે છે.	2. તેમને અદાલતનું રક્ષણ મળતું નથી.
3. તેમનો અમલ કરવા રાજ્ય બંધાયેલ છે.	3. તેમનો અમલ કરવા રાજ્ય બંધાયેલ નથી.
4. તે કટોકટીના સમયમાં મોકૂફ રાખી શકાય છે કે તેમના ઉપર નિયંત્રણ મૂકી શકાય છે.	4. તેમનો અમલ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવતો નથી. તેમની ઉપર નિયંત્રણ મૂકી શકાતું નથી.
5. તેમનું સ્વરૂપ નકારાત્મક છે. તે રાજ્યની સત્તા પર અમુક બંધનો મૂકે છે અને અમુક કાર્યો નહિ કરવાનું ફરમાવે છે.	5. તેમનું સ્વરૂપ હકારાત્મક છે. તે રાજ્યને સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવા માર્ગદર્શન આપે છે.
6. મૂળભૂત હકોનો સમગ્ર ઝોક નાગરિકોના વ્યક્તિત્વના વિકાસ પર છે.	6. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમગ્ર ઝોક સમાજવ્યવસ્થાના પરિવર્તન પર છે.
7. તે રાજ્ય અને નાગરિકોના સંબંધોની ચર્ચા કરે છે.	7. તે રાજ્યની આંતરિક નીતિ અને આંતરરાષ્ટ્રીય રાજ્યનીતિની ચર્ચા કરે છે.

*** (3) વાજબી નિયંત્રણો અને મર્યાદાઓ એટલે શું?**

ઉત્તર : સ્વતંત્રતાના હક દ્વારા ભારતનો દરેક નાગરિક પોતાના વિચારોને વાણી અને લેખન દ્વારા રજૂ કરી શકે છે.

→ પરંતુ કોઈ પણ નાગરિક આ હકનો અમર્યાદિત અને નિરંકુશપણે ઉપયોગ કરી શકે નહિ.

→ ભારતના બંધારણે આ હક દ્વારા આપેલી સ્વતંત્રતાઓ બધા નાગરિકોએ કેટલીક મર્યાદાઓ હેઠળ ભોગવવાની હોય છે.

→ ભારતનું સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતા, જાહેર શાંતિ અને સલામતી, વિદેશો સાથે મૈત્રીભર્યા સંબંધો, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી, હિંસક ઉશ્કેરણી વગેરે બાબતોને ધ્યાનમાં રાખી નાગરિકની સ્વતંત્રતાઓ પર રાજ્ય કાયદા દ્વારા મર્યાદાઓ અને નિયંત્રણો મૂકી શકે છે.

→ ભારતનો નાગરિક શાંતિથી અને શસ્ત્રો વિના એકઠા થવાની, જાહેર સભા ભરવાની અને સરઘસો કાઢવાની સ્વતંત્રતા ધરાવે છે. પરંતુ કોઈ પણ નાગરિકને રાષ્ટ્રીય ધોરી માર્ગ (હાઈવે) અને રેલમાર્ગ પર સરઘસ કાઢવાનો અધિકાર મળતો નથી.

→ નાગરિકો મંડળો, સંસ્થાઓ અને સંઘો સ્થાપવાની સ્વતંત્રતા કેટલાંક નિયંત્રણો અને મર્યાદાઓ હેઠળ ભોગવી શકે છે.

→ બધા નાગરિકો જાહેર હિત જોખમાય નહિ એ રીતે ધંધો કે વ્યવસાય કરવાનો હક ભોગવી શકે છે. રાજ્ય ધંધો કે વ્યવસાય અને રોજગાર માટેની લાયકાતનાં ધોરણો નક્કી કરી શકે છે.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) માનવ અધિકાર એટલે શું?

ઉત્તર : માનવ અધિકાર એટલે વ્યક્તિના અસ્તિત્વ માટે અને તેના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધવામાં મદદરૂપ બની શકે એવી આવશ્યક સામાજિક પરિસ્થિતિઓ. જે અધિકાર માનવીના વિકાસ માટે અનિવાર્ય છે, તેને 'માનવ અધિકાર' કહે છે.

માનવ અધિકારો વડે દરેક વ્યક્તિ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પાયાની ન્યૂનતમ જરૂરિયાતો(રોટી, કપડાં, મકાન, શિક્ષણ અને આરોગ્ય)ને ગૌરવપૂર્વક અને સન્માનપૂર્વક મેળવીને પોતાનો સર્વતોમુખી વિકાસ સાધી શકે છે.

*** (2) ભારતના બંધારણમાં આપેલ બંધારણીય અધિકારો જણાવો.**

અથવા

ભારતના નાગરિકને કયા કયા મૂળભૂત હકો આપવામાં આવ્યા છે?

ઉત્તર : ભારતના નાગરિકને બંધારણે આ છ બંધારણીય અધિકારો – મૂળભૂત હકો – આપ્યા છે : (1) સમાનતાનો હક, (2) સ્વતંત્રતાનો હક, (3) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક, (4) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક, (5) શોષણના વિરોધનો હક તથા (6) બંધારણીય ઈલાજોના હક.

[ઈ. સ. 1978માં ભારત સરકારે બંધારણમાં સુધારો કરીને નાગરિકના મિલકત ધરાવવાના હકને મૂળભૂત અધિકારોમાંથી નાબૂદ કર્યો છે. મિલકતના અધિકારને માત્ર કાનૂની અધિકાર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.]

*** (3) મૂળભૂત હકોની અગત્ય સમજાવો.** ***અથવા***

મૂળભૂત હકો એટલે શું? તેમનું મહત્ત્વ સમજાવો.

ઉત્તર : મૂળભૂત હકો એટલે નાગરિકના વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ માટે મળવી જોઈતી અમુક ચોક્કસ અનુકૂળતાઓ.

મૂળભૂત હકો એ દરેક નાગરિકની મહામૂલી પૂંજી અને શક્તિ છે. તેમના દ્વારા નાગરિક સર્વાંગી પ્રગતિ અને વ્યક્તિત્વનો વિકાસ સાધી શકે છે. સરળ, સ્વસ્થ, સમજદારીભર્યું અને સમૃદ્ધ જીવન જીવવા માટે મૂળભૂત હકો અનિવાર્ય છે. નાગરિકના મૂળભૂત હકોનું રક્ષણ એ બીજી રીતે લોકશાહીનું જ રક્ષણ છે. જે સરકાર નાગરિકોને પાયાના હકો ગણાતા મૂળભૂત હકો આપે તેને લોકશાહી સરકાર કહી શકાય. આમ, મૂળભૂત હકોમાં લોકશાહીની ભાવના રહેલી હોવાથી તેમનું અસાધારણ મહત્ત્વ છે.

(4) સમાનતાના હકમાં કઈ કઈ સમાનતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે?

ઉત્તર : સમાનતાના હકમાં સમાવિષ્ટ સમાનતાઓ આ મુજબ છે : (1) કાયદા સમક્ષ સમાનતા; (2) કાયદાનું સમાન રક્ષણ;

(3) દુકાનો, નાસ્તાગૃહો, હોટલો, જાહેર મનોરંજનનાં સ્થળો તેમજ જાહેર સ્થળો તથા જાહેર રસ્તા, તળાવો કે કૂવાઓના ઉપયોગની સમાનતા; (4) જાહેર નોકરીઓમાં સમાનતા; (5) અસ્પૃશ્યતા પર પ્રતિબંધ અને (6) ઇલકાબો કે ખિતાબો પર પ્રતિબંધ.

(5) સ્વતંત્રતાના હકમાં કઈ કઈ સ્વતંત્રતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે?

ઉત્તર : સ્વતંત્રતાના હકમાં સમાવિષ્ટ સ્વતંત્રતાઓ આ મુજબ છે : (1) વિચાર, વાણી અને લેખનની સ્વતંત્રતા; (2) શાંતિપૂર્વક; શસ્ત્રો વિના એકઠા થવાની અને સભા ભરવાની સ્વતંત્રતા; (3) મંડળો, સંસ્થાઓ અને સંઘો સ્થાપવાની સ્વતંત્રતા; (4) ભારતના સમગ્ર વિસ્તારમાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા; (5) ભારતના સમગ્ર વિસ્તારના (જમ્મુ-કશ્મીર સિવાય) કોઈ પણ ભાગમાં રહેવાની અને સ્થાયી થવાની સ્વતંત્રતા તથા (6) કોઈ પણ વ્યવસાય, કામકાજ વેપાર, ધંધો અને રોજગારની સ્વતંત્રતા.

*** (6) નિવારક અટકાયત (પ્રતિબંધિત અટકાયત ધારા) વિશે લખો.**

ઉત્તર : રાજ્યસરકારને ખાતરી થાય કે એક વ્યક્તિ કોઈ ગુનાહિત કૃત્ય કે પ્રવૃત્તિ કરવાની છે તો સાવચેતીનાં પગલાં તરીકે તેની નિવારક અટકાયત ધારા હેઠળ ધરપકડ કરી શકાય છે.

નિવારક અટકાયત ધારાનો મુખ્ય હેતુ અટકાયતીને તેના સંભવિત ગુનાહિત કૃત્ય માટે શિક્ષા કરવાનો નથી; પરંતુ તેને રાજ્ય, સમાજ કે કોઈ વ્યક્તિ વિરુદ્ધ ગુનાહિત કૃત્ય કરતો અટકાવવાનો છે. આ ધારા અન્વયે અટકાયતીને ત્રણ માસ કરતાં વધારે સમય સુધી અટકાયતમાં રાખી શકાતી નથી. વડી અદાલતના ન્યાયાધીશ કે સલાહકાર બોર્ડના અભિપ્રાયના આધારે અટકાયતનો હુકમ રદ કરી શકાય છે.

અટકાયતીને કેટલા સમય સુધી અટકાયતમાં રાખવો તેનો અંતિમ નિર્ણય રાજ્ય સરકાર કરી શકે છે.

*** (7) લઘુમતીઓને બક્ષવામાં આવેલા બંધારણીય અધિકારો જણાવો.**

ઉત્તર : લઘુમતીઓને બક્ષવામાં આવેલા બંધારણીય અધિકારો આ મુજબ છે : (1) લઘુમતી કોમો પોતાની સંસ્કૃતિ, ભાષા કે ધર્મના આધારે શિક્ષણસંસ્થાઓ સ્થાપી શકે છે તેમજ તેનું સંચાલન કરી શકે છે. (2) રાજ્યસરકાર કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના તેમને દરેક પ્રકારની નાણાકીય સહાય આપવા બંધાયેલી છે. (3) રાજ્યસરકાર લઘુમતી સંસ્થાઓની મિલકતોનું સંપાદન જરૂરી વળતર આપીને જ કરી શકે છે.

(8) તમારી પડોશમાં એક કુટુંબ બૌદ્ધ ધર્મનું પાલન કરે છે. તે હવે હિંદુ ધર્મ સ્વીકારવા ઇચ્છે છે, તો તે કુટુંબને તમે શું માર્ગદર્શન આપશો?

ઉત્તર : તમારી પડોશમાં રહેતા કુટુંબને જણાવો કે, ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. ભારતના બંધારણે બધા નાગરિકોને ધાર્મિક સ્વાતંત્ર્યનો હક આપ્યો છે. આ હક મુજબ દરેક નાગરિક ધર્મપરિવર્તન કરી શકે છે, તો તમે તમારા પડોશી કુટુંબને જણાવો કે તે જિલ્લા કલેક્ટરની ઑફિસમાં અરજી કરીને ધર્મપરિવર્તન કરવાની કાર્યવાહી પૂર્ણ કરે. સરકારની પરવાનગી મેળવીને તમારા પડોશી હિંદુ ધર્મ અંગીકાર કરી શકશે.

(9) હકારાત્મક ભેદભાવ એટલે શું?

ઉત્તર : હકારાત્મક ભેદભાવ એટલે જૂના પરંપરાગત ભેદભાવોને નાબૂદ કરવા માટે સમાજના નબળા-અસહાય અને વંચિત સમૂહોની તરફેણમાં 'ભેદભાવ' કરવાની નીતિ.

દેશની અનુસૂચિત જાતિઓ (હરિજનો), અનુસૂચિત જનજાતિઓ (આદિવાસીઓ) તેમજ સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત મનાતા વર્ગોના કલ્યાણ અને વિકાસ માટે રાજ્યસરકાર ખાસ કાયદાકીય જોગવાઈઓ કરે તો તેને સમાનતાના મૂળભૂત હકનો ભંગ ગણાશે નહિ. આ વર્ગો માટે સરકારી નોકરીઓમાં તેમજ શિક્ષણસંસ્થાઓમાં અનામત બેઠકો રાખવામાં આવે છે. આ ઉપરાંત, સ્ત્રીઓ અને બાળકો માટેની ખાસ કાયદાકીય જોગવાઈઓ લિંગના આધારે ભેદભાવ ગણાશે નહિ.

(10) તમારી સોસાયટીમાં રહેતી વ્યક્તિ તમારા પિતાને માર મારવાની વારંવાર ધમકીઓ આપ્યા કરે છે, તો તમે તમારા પિતાને એ વ્યક્તિથી બચાવવા શું કરશો?

ઉત્તર : આ માટે તમે એ વ્યક્તિ વિરુદ્ધ તમારા નજીકના પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરો. પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીને તપાસ કરતાં ખાતરી થાય કે એ વ્યક્તિ ગુનાહિત કૃત્ય કરવાની છે, તો સાવચેતીનાં પગલાં તરીકે એ અધિકારી તેની 'ગુના નિવારક અટકાયત ધારા' હેઠળ ધરપકડ કરશે. અટકાયતીને કેટલા સમય સુધી અટકાયતમાં રાખવો તેનો અંતિમ નિર્ણય રાજ્યસરકાર કરી શકે છે.

(11) આગામી મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણીમાં તમારા વિસ્તારના એક ઉમેદવાર શ્રીમતી નયનાબહેન પરીખ ગાંધી મેદાનમાં સભાનું આયોજન કરવા ઇચ્છે છે, તો તેમને તમે શું માર્ગદર્શન આપશો?

ઉત્તર : ભારતના બંધારણે સ્વાતંત્ર્યના મૂળભૂત હક દ્વારા દરેક નાગરિકને શાંતિપૂર્વક, શસ્ત્રો વિના એકઠા થવાની અને સભા ભરવાની સ્વતંત્રતા આપી છે; તો આ સ્વતંત્રતાનો ઉપયોગ કરવા નજીકના પોલીસ સ્ટેશનની પાસે પરવાનગી મેળવવી ફરજિયાત છે. પોલીસ સ્ટેશનની પરવાનગી મળતાં શ્રીમતી નયનાબહેન જાહેર શાંતિ, સુલેહ અને સલામતીનો ભંગ ન થાય એ રીતે સભાનું આયોજન કરી શકે છે.

(12) તમારા રહેણાક વિસ્તારમાં વિવિધ પ્રકારે થતી બાળમજૂરી અંગેની મોજણી હાથ ધરીને તેને અટકાવવા વિદ્યાર્થી તરીકે તમે શું કરશો? વિચારીને ઉત્તર લખો.

ઉત્તર : મારા રહેણાક વિસ્તારમાં આવેલાં ગૅરેજ, હૉટલ, લારી-ગલ્લા અને ઘરનોકર તરીકે 14 વર્ષથી નીચેની ઉંમરનાં દસ બાળકોને મજૂરી કરતાં મને જોવા મળ્યાં.

એક વિદ્યાર્થી તરીકે મેં બાળકોને કામે રાખનાર જવાબદાર માણસોનું ધ્યાન દોર્યું કે, 14 વર્ષની નીચેની ઉંમરનાં બાળકો પાસે મજૂરી કરાવવી એ કાયદાથી પ્રતિબંધિત છે. બાળમજૂરી નાબૂદી કાનૂનનો તમે ભંગ કરી રહ્યા છો. બાળમજૂરી એ શિક્ષાપાત્ર ગુનો છે, તો તમારે દંડકીય કાર્યવાહીમાંથી બચવું હોય તો સત્વરે આ બાળકો પાસે કામ કરાવવાનું છોડી દો. આ બાળકોના વાલીઓ પાસે જઈને તેમના અભ્યાસ બાબતે વિચાર-વિમર્શ કરો.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં કારણો આપો :

[પ્રત્યેકના 2 કે 3 ગુણ]

*** (1) મૂળભૂત હકોના ભંગ સામે અદાલતનો આશરો લઈ શકાય છે.**

ઉત્તર : ભારતના બંધારણમાં દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપતો બંધારણીય ઈલાજોનો હક આપવામાં આવ્યો છે.

આ હક મુજબ મૂળભૂત હકોના ભંગ બદલ રક્ષણ મેળવવા સીધા જ સર્વોચ્ચ અદાલત કે વડી અદાલતમાં જઈ શકાય છે. સર્વોચ્ચ અદાલત મૂળભૂત હકોના રક્ષક અને વાલી તરીકે ફરજ બજાવે છે.

*** (2) બંધારણીય ઈલાજોનો હક 'બંધારણના આત્મા સમાન' છે.**

ઉત્તર : ભારતના બંધારણે દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપતો બંધારણીય ઈલાજોનો હક આપ્યો છે.

→ આ હક મુજબ, કોઈ પણ નાગરિક અદાલતો પાસેથી પોતાના મૂળભૂત હકોનું રક્ષણ મેળવી શકે છે. આથી બંધારણીય ઈલાજોના હકનું અનન્ય મહત્ત્વ છે.

→ તેથી બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબના મતે, ''બંધારણીય ઈલાજોનો હક 'બંધારણના આત્મા સમાન' છે.''

*** (3) સ્વતંત્રતાઓ અમર્યાદિત કે નિરંકુશ હોઈ શકે નહિ.**

ઉત્તર : ભારતના બંધારણે સ્વતંત્રતાના મૂળભૂત હક દ્વારા આપેલી સ્વતંત્રતાઓ નાગરિકોએ કેટલીક મર્યાદાઓ હેઠળ ભોગવવાની હોય છે.

→ આપણે સમાજમાં રહેતા હોવાથી સમાજનાં હિત અને સલામતી ધ્યાનમાં રાખવાં પડે છે.

દેશનું સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતા, રાજ્યની સલામતી, વિદેશી રાજ્યો સાથે મૈત્રીભર્યા સંબંધો, જાહેર વ્યવસ્થા, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી, સુરુચિ અને નીતિમત્તા, હિંસક ઉશ્કેરણી વગેરે બાબતોને ધ્યાનમાં રાખી નાગરિકની સ્વતંત્રતાઓ પર કાયદા દ્વારા વાજબી મર્યાદાઓ મૂકી શકાય છે. આમ, સ્વતંત્રતાઓ અમર્યાદિત કે નિરંકુશ હોઈ શકે નહિ.

*** (4) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ એ મૂળભૂત હકોના ઉપયોગ માટેની પૂર્વશરત છે.**

ઉત્તર : રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો મુખ્ય ઉદ્દેશ સિદ્ધ કરવા માટે મૂળભૂત હકોની જેમ તેમને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભલે આ સિદ્ધાંતોનો અમલ કરવા રાજ્ય બંધાયેલું નથી. પરંતુ આ સિદ્ધાંતોનો અમલ કરવામાં આવે તો જ મૂળભૂત હકો સાર્થક બને. આમ, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ એ મૂળભૂત હકોના ઉપયોગની પૂર્વશરત છે.

*** (5) માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત હકો એ એકબીજાના વિરોધી નથી બલકે એકબીજાના પૂરક છે.**

ઉત્તર : રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યની સત્તાને વિસ્તારે છે; જ્યારે મૂળભૂત હકો રાજ્યની સત્તાને મર્યાદિત કરે છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યમાં સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનું ધ્યેય ધરાવે છે; જ્યારે મૂળભૂત હકો રાજ્યમાં રાજકીય લોકશાહી સ્થાપે છે.

આમ, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત હકો એ એકબીજાના વિરોધી નથી બલકે એકબીજાના પૂરક છે.

*** (6) શોષણમુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું મુખ્ય ધ્યેય છે.**

ઉત્તર : ભારતના બંધારણમાં દેશના બધા નાગરિકોને શોષણ સામેનો મૂળભૂત હક આપવામાં આવ્યો છે. આ હક દ્વારા દરેક નાગરિકને કોઈ પણ ક્ષેત્રમાં શોષણ સામે પૂરતું રક્ષણ આપવામાં આવ્યું છે. બધા પ્રકારના શોષણને સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.

14 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને શોષણમાંથી બચાવવા બાળમજૂરી નાબૂદી કાયદો ઘડવામાં આવ્યો છે. માલિકો મજૂરોનું શોષણ ન કરે એ માટે પણ બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

આમ, શોષણમુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું મુખ્ય ધ્યેય છે.

*** (7) હકો અને ફરજો એક સિક્કાની બે બાજુઓ છે. *અથવા* હક અને ફરજ એકબીજાં સાથે જોડાયેલાં છે.**

ઉત્તર : હક અને ફરજ એકબીજાનાં પૂરક છે. આપણે અમુક હકનો વિચાર કરીએ એટલે તેની સાથે સંકળાયેલી ફરજનો વિચાર પણ કરવો જ પડે છે. ફરજ વિનાનો કોઈ હક નથી અને હક ન હોય ત્યાં ફરજ પણ હોતી નથી. એક વ્યક્તિનો હક બીજી વ્યક્તિ માટે ફરજ બની રહે છે. હક ભોગવવા માટે ફરજ અચૂક બજાવવી પડે છે. એક નાગરિક પોતાનો હક ભોગવે ત્યારે બીજાના તે પ્રકારના હકો જાળવવા એ તેની ફરજ બની રહે છે. રસ્તાની ડાબી બાજુએ ચાલવાની આપણી ફરજ છે, તેમ બીજાને પણ એ રસ્તા પર સરળતાથી ચાલવાનો હક છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે હક વિના ફરજ નથી અને ફરજ વિના હક નથી. હક અને ફરજ એકબીજાં સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે. તે બંને એક સિક્કાની બે બાજુઓ છે.

*** (8) બાળમજૂરી સજાપાત્ર ગુનો છે.**

ઉત્તર : શોષણ વિરોધી હકથી દરેક નાગરિકને શોષણ વિરુદ્ધ રક્ષણ આપવામાં આવ્યું છે. આ હક દ્વારા બાળમજૂરી પર કાયદાથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ હક મુજબ 14 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને જોખમભરેલાં સ્થળોએ નોકરીમાં રાખવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આથી બાળમજૂરી સજાપાત્ર ગુનો ગણાય છે.

*** (9) (રાજ્યનીતિના) માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે અદાલતોનો આશરો લઈ શકાતો નથી.**

ઉત્તર : રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ રાજ્ય માટે ફરજિયાત હોતો નથી. એ સિદ્ધાંતોનો અમલ કરવા રાજ્ય બંધાયેલ નથી. તેમનો અમલ કરવા માટે સરકારને અદાલત દ્વારા ફરજ પાડી શકાતી નથી. તેથી રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે અદાલતોનો આશરો લઈ શકાતો નથી.

*** (10) માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનમાં પાયારૂપ સિદ્ધાંતો છે.**

ઉત્તર : દેશમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય પર આધારિત સમાજવ્યવસ્થા સ્થાપવી એ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મુખ્ય ધ્યેય છે. દેશમાં સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવા માટે

રાજ્ય સન્નિષ્ઠ પ્રયાસો કરે એવો માર્ગદર્શક આદેશ આ સિદ્ધાંતો દ્વારા આપવામાં આવ્યો છે. આ સિદ્ધાંતોએ કલ્યાણકારી સમાજરચનાનું નિર્માણ કરવાની રૂપરેખા દોરી આપી છે. સરકારે તેની સત્તાનો ઉપયોગ કયા હેતુઓ માટે કરવાનો છે. તેની આ સિદ્ધાંતો સતત યાદ આપે છે. આ દૃષ્ટિએ તે શાસનસત્તાના આધારરૂપ સિદ્ધાંતો છે. તેથી જ ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર કહે છે કે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનમાં પાયારૂપ સિદ્ધાંતો છે.

*** (11) આર્થિક અને સામાજિક લોકશાહી વિના રાજકીય લોકશાહી અધૂરી છે.**

ઉત્તર : જુઓ પ્રકરણ **8**; પ્રશ્ન **4**ના પેટાપ્રશ્ન (**9**)નો ઉત્તર.

*** (12) સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું જતન થાય એ જોવાની ફરજ સૌની છે.**

ઉત્તર : આપણાં સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોનાં રક્ષણ પરત્વે તેમજ એ સ્થળોને થઈ રહેલા નુકસાન કે નાશ પરત્વે દેશના નાગરિકોમાં જાગૃતિ અને સભાનતા કેળવવાં જોઈએ. 'આપણો વારસો અમૂલ્ય છે. તેથી તેને નષ્ટ ન જ થવા દેવાય' એવો લોકમત કેળવવો જોઈએ. આપણો સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો એ આપણા દેશની અને લોકોની ઓળખનો અરીસો છે. આપણો અમૂલ્ય વારસો જ આપણને ગૌરવ અર્પે છે. તેથી એ વારસાના સંરક્ષણમાં લોકોએ સહકાર આપવો જોઈએ તેમજ તેના જતનની જવાબદારી ઉઠાવવી જોઈએ. આમ, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું જતન થાય એ જોવાની આપણા સૌની ફરજ છે.

(13) મૂળભૂત હકોનો અમલ મોકૂફ રાખી શકાય છે. ***અથવા*** **મૂળભૂત હકોને મર્યાદા છે.**

ઉત્તર : મૂળભૂત હકો નાગરિકના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય છે.

→ આમ છતાં, નાગરિક સમાજ કે રાજ્યથી પર નથી.

→ જાહેર હિત અને રાજ્યની સલામતીને લક્ષમાં રાખીને જ મૂળભૂત હકોનો ઉપયોગ થઈ શકે છે.

→ કોઈ પણ હક નિરંકુશ હોઈ શકે નહિ. આથી કટોકટીના સમયે મૂળભૂત હકોનો અમલ મોકૂફ રાખવાની જોગવાઈ બંધારણે કરેલી છે.

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) માનવ અધિકારો એટલે શું?

ઉત્તર : માનવ અધિકારો એટલે વ્યક્તિના અસ્તિત્વ માટે તેમજ તેના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ સાધવામાં મદદરૂપ બની શકે એવી આવશ્યક સામાજિક પરિસ્થિતિઓ.

(2) માનવ અધિકારો કોણે જાહેર કર્યા છે? ક્યારે?

ઉત્તર : 10 ડિસેમ્બર, 1948ના રોજ સંયુક્ત રાષ્ટ્રો(યૂ.એન.)ની સામાન્ય સભાએ માનવ અધિકારો જાહેર કર્યા છે.

(3) માનવ અધિકારદિન ક્યારે ઊજવાય છે?

ઉત્તર : સમગ્ર વિશ્વમાં દર વર્ષે 10 ડિસેમ્બરના રોજ 'માનવ અધિકારદિન' ઊજવાય છે.

(4) ભારતે માનવ અધિકારોને ક્યાં સ્થાન આપ્યું છે?

ઉત્તર : ભારતે તેના બંધારણના ત્રીજા ભાગના અનુચ્છેદ 14થી 32માં મૂળભૂત હકો તરીકે માનવ અધિકારોને સ્થાન આપ્યું છે.

(5) મૂળભૂત હકો એટલે શું?

ઉત્તર : મૂળભૂત હકો એટલે નાગરિકના વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ માટે જોઈતી અમુક પરિસ્થિતિઓ.

(6) 6થી 14 વર્ષની ઉંમર સુધીનાં બધાં બાળકોને કયો મૂળભૂત હક પ્રાપ્ત થયો છે?

ઉત્તર : 6થી 14 વર્ષની ઉંમર સુધીનાં બધાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો મૂળભૂત હક પ્રાપ્ત થયો છે.

(7) સમાનતાના મૂળભૂત હકમાં કયા બે સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

ઉત્તર : સમાનતાના મૂળભૂત હકમાં સમાવેશ કરવામાં આવેલા સિદ્ધાંતો : (1) કાયદા સમક્ષ સમાનતા અને (2) કાયદાનું સમાન રક્ષણ.

(8) કાયદા સમક્ષ સમાનતા એટલે શું?

ઉત્તર : કાયદા સમક્ષ સમાનતા એટલે કોઈ પણ વ્યક્તિ કે સમાજ કોઈ પણ વર્ગની તરફેણમાં વિશેષાધિકારોનો અભાવ.

(9) કાયદાનું સમાન રક્ષણ એટલે શું?

ઉત્તર : કાયદાનું સમાન રક્ષણ એટલે દેશના તમામ નાગરિકો અને વર્ગો સાથે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના એકસરખા સંજોગોમાં એકસરખો વ્યવહાર.

(10) વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ યોગદાન આપનારને ભારત સરકાર કયા કયા અવૉર્ડ્ઝ આપે છે?

ઉત્તર : વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ યોગદાન આપનારને ભારત સરકાર ભારતરત્ન, પદ્મવિભૂષણ, પદ્મભૂષણ, પદ્મશ્રી જેવા દસેક અવૉર્ડ્ઝ આપે છે.

(11) યુદ્ધમાં અસાધારણ બહાદુરી બતાવનાર અથવા બલિદાન આપનાર લશ્કરી દળોના સભ્યોને કયા કયા અવૉર્ડ્ઝ આપવામાં આવે છે?

ઉત્તર : યુદ્ધમાં અસાધારણ બહાદુરી બતાવનાર અથવા બલિદાન આપનાર લશ્કરી દળોના સભ્યોને પરમવીર ચક્ર, મહાવીર ચક્ર અને વીરચક્ર જેવા અવૉર્ડ્ઝ આપવામાં આવે છે.

(12) લશ્કરમાં ઊંચા હોદ્દાઓ ધરાવનારના નામની આગળ લાગતાં કયાં કયાં વિશેષણોને સમાનતાના હકનો ભંગ ગણવામાં આવતો નથી?

ઉત્તર : લશ્કરમાં ઊંચા હોદ્દાઓ ધરાવનાર નામની આગળ લાગતાં ફિલ્ડ માર્શલ, ચીફ માર્શલ, મેજર, જનરલ જેવાં વિશેષણોને સમાનતાના હકનો ભંગ ગણવામાં આવતો નથી.

(13) બાળમજૂરી કાનૂન હેઠળ કઈ બાબતને શિક્ષાપાત્ર ગુનો ગણવામાં આવ્યો છે?

ઉત્તર : 14 વર્ષથી નીચેની ઉંમરના કોઈ પણ બાળકને કારખાનામાં; ખાણ, બાંધકામ કે અન્ય જોખમી વ્યવસાયમાં; ગૅરેજ, હૉટલ કે લારી-ગલ્લા પર તેમજ ઘરનોકર તરીકે રાખવામાં આવે તો તેને શિક્ષાપાત્ર ગુનો ગણવામાં આવ્યો છે.

(14) ભારતનો નાગરિક કયા મૂળભૂત હકથી પોતાને યોગ્ય લાગે તે ધર્મ અપનાવી શકે છે?

ઉત્તર : ભારતનો નાગરિક ધાર્મિક સ્વાતંત્ર્યના મૂળભૂત હકથી પોતાને યોગ્ય લાગે તે ધર્મ અપનાવી શકે છે.

(15) લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ 123(3) શું દર્શાવે છે?

ઉત્તર : જો કોઈ ઉમેદવાર ચૂંટણીમાં ધર્મ, જાતિ કે ભાષાના ધોરણે પોતાને મત આપવાની લોકોને અપીલ કરે, તો તે લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ 123(3) હેઠળ ગેરરીતિ ગણાય છે.

(16) ડૉ. બાબાસાહેબ આંબેડકરે કયા મૂળભૂત હકને 'બંધારણના આત્મા સમાન' કહ્યો છે?

ઉત્તર : ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણીય ઈલાજોના હકને 'બંધારણના આત્મા સમાન' કહ્યો છે.

(17) કયા દિવસને 'મૂળભૂત ફરજદિન' તરીકે ઊજવવામાં આવે છે?

ઉત્તર : દર વર્ષે 6 જાન્યુઆરીના દિવસને 'મૂળભૂત ફરજદિન' તરીકે ઊજવવામાં આવે છે.

(18) નાગરિકની મૂળભૂત ફરજોનો મુખ્ય હેતુ શો છે?

ઉત્તર : નાગરિકની મૂળભૂત ફરજોનો મુખ્ય હેતુ દેશપ્રેમ, રાષ્ટ્રીય ભાવના, કેટલાક ઉચ્ચ આદર્શો અને મૂલ્યો પ્રત્યે જાગૃતિ અને રાષ્ટ્રને ઉન્નત બનાવવા માટે નાગરિકોને પ્રતિબદ્ધ કરવાનો છે.

(19) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો શાનું માર્ગદર્શન આપે છે?

ઉત્તર : રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો કેન્દ્ર અને રાજ્ય સરકારોને જુદાં જુદાં નીતિવિષયક ક્ષેત્રોમાં કઈ કઈ નીતિઓ ઘડવી તે અંગે માર્ગદર્શન આપે છે.

(20) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો મુખ્ય ઉદ્દેશ શો છે?

ઉત્તર : રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો મુખ્ય ઉદ્દેશ ભારતના બધા નાગરિકોને રાજકીય, સામાજિક અને આર્થિક ન્યાય મળી રહે એવી સમાજરચના સ્થાપવાનો કેન્દ્ર અને રાજ્ય સરકારોને આદેશ આપવાનો છે.

(21) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે અદાલતમાં શા માટે ફરિયાદ કરી શકાતી નથી?

ઉત્તર : રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોથી આપણને કોઈ કાનૂની અધિકારો મળતા નથી. તેમજ આ સિદ્ધાંતોને કોઈ કાનૂની પીઠબળ ન હોવાથી તેમના અમલ માટે અદાલતમાં ફરિયાદ કરી શકાતી નથી.

(22) ડૉ. બાબાસાહેબ આંબેડકરે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિશે શું કહ્યું છે?

ઉત્તર : ડૉ. બાબાસાહેબ આંબેડકરે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિશે કહ્યું છે કે, ''તે દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે.''

પ્રશ્ન 6. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) મૂળભૂત હકો જરૂરી છે, કારણ કે ...

ઉત્તર : રાષ્ટ્રની સ્થિરતા અને વ્યક્તિ-સ્વાતંત્ર્યના રક્ષણ માટે તેમજ સરમુખત્યારશાહી સામેના રક્ષણ માટે મૂળભૂત હકો જરૂરી છે.

(2) બધા મૂળભૂત હકોમાં બંધારણીય ઈલાજોનો હક અત્યંત મહત્ત્વનો છે, કારણ કે ...

ઉત્તર : આ હક દ્વારા ભારતનો કોઈ પણ નાગરિક પોતાના મૂળભૂત હકના રક્ષણ માટે અદાલતમાં ફરિયાદ કરી ન્યાય મેળવી શકે છે.

(3) મૂળભૂત હકોના ભંગ સામે અદાલતનો આશરો લઈ શકાય છે, કારણ કે ...

ઉત્તર : ભારતના બંધારણમાં દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપતો બંધારણીય ઈલાજોનો હક આપવામાં આવ્યો છે. આ હક મુજબ મૂળભૂત હકોના ભંગ બદલ રક્ષણ મેળવવા સીધા જ કેન્દ્રની સર્વોચ્ચ અદાલત કે રાજ્યની વડી અદાલતમાં જઈ શકાય છે.

(4) બંધારણીય ઈલાજોનો હક 'બંધારણના આત્મા સમાન' છે, કારણ કે ...

ઉત્તર : ભારતના બંધારણે દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપતો બંધારણીય ઈલાજોનો હક આપ્યો છે. આ હક મુજબ, કોઈ પણ નાગરિક અદાલતો પાસેથી પોતાના મૂળભૂત હકોનું રક્ષણ મેળવી શકે છે.

(5) બાળમજૂરી સજાપાત્ર ગુનો છે, કારણ કે ...

ઉત્તર : શોષણ વિરોધી મૂળભૂત હક દ્વારા બાળમજૂરી પર કાયદાથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ હક મુજબ 14 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને જોખમભરેલાં સ્થળોએ નોકરીમાં રાખવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

(6) ભારતના બંધારણ અનુસાર અસ્પૃશ્યતાનું પાલન એ એક ગુનો છે, કારણ કે ...

ઉત્તર : અસ્પૃશ્યતાના પાલનથી અસ્પૃશ્ય જાતિઓનો સમાનતાનો અધિકાર છીનવાઈ જાય છે. બંધારણે અસ્પૃશ્યતાને નાબૂદ કરી છે.

(7) નાનાં બાળકોને જોખમવાળી નોકરીઓમાં રાખી શકાય નહિ, કારણ કે ...

ઉત્તર : શોષણ વિરોધી મૂળભૂત હકથી દરેક નાગરિકને કોઈ પણ ક્ષેત્રમાં શોષણ વિરુદ્ધ રક્ષણ આપવામાં આવ્યું છે. આ હક મુજબ 14 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને કારખાનાંમાં, ખાણોમાં કે અન્ય જોખમવાળાં સ્થાને નોકરીમાં રાખવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

(8) મૂળભૂત હકોનો અમલ મોકૂફ રાખી શકાય છે, કારણ કે ...

ઉત્તર : જાહેર હિત અને રાજ્યની સલામતીને લક્ષમાં રાખીને જ મૂળભૂત હકોનો ઉપયોગ થઈ શકે છે. કોઈ પણ હક નિરંકુશ હોઈ શકે નહિ. આથી કટોકટીના સમયે મૂળભૂત હકોનો અમલ મોકૂફ રાખવાની જોગવાઈ બંધારણે કરેલી છે.

પ્રશ્ન 7. નીચેના પારિભાષિક શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) માનવ અધિકાર (હક)

ઉત્તર : માનવ અધિકાર (હક) એટલે વ્યક્તિના અસ્તિત્વ અને તેના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધવામાં મદદરૂપ બની શકે એવી આવશ્યક સામાજિક પરિસ્થિતિઓ, જે અધિકાર માનવીના વિકાસ માટે અનિવાર્ય છે. તેને **'માનવ અધિકાર'** (હક) કહે છે.

(2) મૂળભૂત હકો

ઉત્તર : મૂળભૂત હકો એટલે નાગરિકના વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ સાધવા માટે મળવી જોઈતી અમુક ચોક્કસ અનુકૂળતાઓ.

(3) મૂળભૂત ફરજો

ઉત્તર : મૂળભૂત ફરજો એટલે દેશપ્રેમ, કેટલાક ઉચ્ચ આદર્શો અને મૂલ્યો પ્રતિ જાગૃતિ તેમજ રાષ્ટ્રને ઉન્નત બનાવવા માટે નાગરિકોએ બજાવવાની ફરજો.

(4) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

ઉત્તર : દેશના રાષ્ટ્રીય અને સામાજિક જીવનનાં વિવિધ ક્ષેત્રો વિશે તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નીતિઓ નક્કી કરવામાં માર્ગદર્શક બનતા સિદ્ધાંતોને **'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો'** કહેવામાં આવે છે. આ સિદ્ધાંતોને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું છે.

(5) હકારાત્મક ભેદભાવ

ઉત્તર : હકારાત્મક ભેદભાવ એટલે જૂના પરંપરાગત ભેદભાવોને નાબૂદ કરવા માટે સમાજના નબળા-અસહાય અને વંચિત સમૂહની તરફેણમાં 'ભેદભાવ' કરવાની નીતિ.

(6) કાયદા સમક્ષ સમાનતા

ઉત્તર : કાયદા સમક્ષ સમાનતા એટલે કે કોઈ પણ વ્યક્તિ કે સમાજ તેમજ કોઈ પણ વર્ગની તરફેણમાં વિશેષાધિકારોનો અભાવ.

(7) કાયદાનું સમાન રક્ષણ

ઉત્તર : કાયદાનું સમાન રક્ષણ એટલે દેશના તમામ નાગરિકો અને વર્ગો સાથે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના એકસરખા સંજોગોમાં એકસરખો વ્યવહાર.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) કાયદેસરની કાર્યવાહી વિના કોઈ વ્યક્તિની ..... છીનવી શકાય નહિ.
A. ફરજો B. સમાનતા C. સ્વતંત્રતા

(2) માર્ગદર્શક સિદ્ધાંતો ..... અને આર્થિક લોકશાહી સ્થાપવાનો આદેશ આપે છે.
A. ધાર્મિક B. આધ્યાત્મિક C. સામાજિક

(3) ..... સમક્ષ સમાનતા એટલે કોઈ પણ વ્યક્તિ કે વર્ગની તરફેણમાં વિશેષાધિકારોનો અભાવ.
A. કાયદા B. જરૂરિયાતો C. સંસ્કૃતિ

(4) ..... અને ..... એક સિક્કાની બે બાજુઓ છે.
A. હકો અને ફરજો B. હકો અને જરૂરિયાતો
C. ફરજો અને જરૂરિયાતો

(5) .....ના મતે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે.
A. જવાહરલાલ નેહરુ B. વિનોબા ભાવે
C. ડૉ. ભીમરાવ આંબેડકર

(6) મૂળભૂત હકોને .....નું પીઠબળ છે.
A. કાયદા B. નીતિમત્તા C. માનવશક્તિ

(7) માર્ગદર્શક સિદ્ધાંતોની પાછળ .....નું પીઠબળ છે.
A. સમાજ B. નીતિમત્તા C. કાયદા

(8) ..... રાજ્યની સત્તા પર બ્રેક સમાન છે.
A. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
B. મૂળભૂત હકો C. મૂળભૂત ફરજો

(9) અટકાયત કે ધરપકડ કરાયેલ વ્યક્તિને ..... કલાકમાં મૅજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી જોઈએ.
A. 12 B. 48 C. 24

(10) બધા નાગરિકો ..... સમક્ષ સમાન છે.
A. કાયદા B. રાષ્ટ્રીય હકો C. સમાજવ્યવસ્થા

ઉત્તર : (1) સ્વતંત્રતા (2) સામાજિક (3) કાયદા (4) હકો અને ફરજો (5) ડૉ. ભીમરાવ આંબેડકર (6) કાયદા (7) નીતિમત્તા (8) મૂળભૂત હકો (9) 24 (10) કાયદા

---

(11) લઘુમતીઓને પોતાની ..... સંસ્થાઓ સ્થાપવાનો હક છે.
A. ન્યાયિક B. શિક્ષણ C. સરકારી

(12) ભારત એક ..... બને એવી માર્ગદર્શક સિદ્ધાંતોમાં અપેક્ષા રાખવામાં આવી છે.
A. લોકશાહીરાજ B. પંચાયતીરાજ C. કલ્યાણરાજ

(13) માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે .....નો આશરો લઈ શકાતો નથી.
A. અદાલતો B. ગ્રામપંચાયતો C. સામાજિક સંસ્થાઓ

(14) .....ને કાનૂન હેઠળ સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.
A. આંતરજ્ઞાતીય લગ્નો B. અસ્પૃશ્યતા C. નિરક્ષરતા

(15) ..... વર્ષથી નીચેની ઉંમરના બાળકને જોખમી વ્યવસાયમાં રાખવો એ કાનૂન હેઠળ શિક્ષાપાત્ર ગુનો છે.
A. 12 B. 13 C. 14

(16) ડૉ. ભીમરાવ આંબેડકરે .....ના હકને 'બંધારણના આત્મા સમાન' કહ્યો છે.
A. સમાનતા B. બંધારણીય ઈલાજો C. સ્વતંત્રતા

ઉત્તર : (11) શિક્ષણ (12) કલ્યાણરાજ (13) અદાલતો (14) અસ્પૃશ્યતા (15) 14 (16) બંધારણીય ઈલાજો

પ્રશ્ન 2. (અ) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) જાહેર નોકરીઓમાં અનામત બેઠકો ફાળવવી એ સમાનતાના હકના ભંગ સમાન છે.

(2) મૂળભૂત હકોના ભંગ બદલ અદાલતનાં દ્વાર ખટખટાવી શકાય નહિ.

(3) શિક્ષકો, વકીલોના સંગઠનની જેમ દાણચોરો પણ પોતાનું મંડળ રચવાની સ્વતંત્રતા ધરાવે છે.

(4) ગાયોની કતલ અટકાવતો કાયદો ઘડવો એ રાજ્યનું સાંપ્રદાયિક પગલું ગણાય છે.

(5) રાજ્યસરકાર ધાર્મિક સંસ્થાઓની મિલકતનું સંપાદન કરવાનો હક ધરાવે છે.

(6) પાસા હેઠળના અટકાયતીને 24 કલાકમાં મૅજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો પડે છે.

(7) ભાષા, ધર્મ કે કોમના આધારે ચૂંટણીમાં ઉમેદવાર મત માગી શકે છે.

(8) જીવન જીવવાનો હક એટલે અસ્તિત્વ ટકાવી રાખવાનો હક.

(9) રાજ્ય જાહેર હિતમાં સ્વતંત્રતાના હક પર વાજબી અંકુશો લાદી શકે છે.

(10) 18 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને જોખમી વ્યવસાયમાં કામે રોકી શકાય નહિ.

ઉત્તર : (1) ખોટું (2) ખોટું (3) ખોટું (4) ખરું (5) ખરું (6) ખોટું (7) ખોટું (8) ખરું (9) ખરું (10) ખોટું

---

(11) ડૉ. બાબાસાહેબ આંબેડકરે સમાનતાના હકને 'બંધારણના આત્મા સમાન' કહ્યો છે.

(12) ડૉ. બાબાસાહેબ આંબેડકરના મતે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દેશના પાયારૂપ સિદ્ધાંતો છે.

(13) ભારતના બંધારણે દેશના નાગરિકોને પાંચ પ્રકારની સ્વતંત્રતાઓ આપી છે.

(14) બાળમજૂરીનું આચરણ સામાજિક કલંક ગણાય છે.

(15) પ્રતિબંધિત અટકાયત હેઠળના આરોપીને ત્રણ મહિના સુધી અટકાયત હેઠળ રાખી શકાય છે.

(16) ભારતમાં 6 જાન્યુઆરીના દિવસને 'મૂળભૂત ફરજદિન' તરીકે ઊજવવામાં આવે છે.

(17) મૂળભૂત હકો રાજ્યની સત્તાને વિસ્તારે છે.

(18) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યની સત્તાને મર્યાદિત કરે છે.

ઉત્તર : (11) ખોટું (12) ખરું (13) ખોટું (14) ખોટું (15) ખરું (16) ખરું (17) ખોટું (18) ખોટું

*** (બ) નીચેનાં વિધાનો પૈકી ખરાં વિધાનો માટે (T) અને ખોટાં વિધાનો માટે (F) ☐ માં લખો :** *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) જાહેર નોકરીઓમાં અનામત બેઠકો ફાળવવી એ સમાનતાના હકના ભંગ સમાન છે. **F**

(2) મૂળભૂત હકોના ભંગ બદલ અદાલતનાં દ્વાર ખટખટાવી શકાય નહિ. **F**

(3) શિક્ષકો, વકીલોના સંગઠનની જેમ દાણચોરો પણ પોતાનું મંડળ રચવાની સ્વતંત્રતા ધરાવે છે. **F**

(4) ગાયોની કતલ અટકાવતો કાયદો ઘડવો એ રાજ્યનું સાંપ્રદાયિક પગલું ગણાય છે. **T**

(5) રાજ્યસરકાર ધાર્મિક સંસ્થાઓની મિલકતનું સંપાદન કરવાનો હક ધરાવે છે. **T**

(6) પાસા હેઠળના અટકાયતીને 24 કલાકમાં મૅજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો પડે છે. **F**

(7) ભાષા, ધર્મ કે કોમના આધારે ચૂંટણીમાં ઉમેદવાર મત માગી શકે છે. **F**

(8) જીવન જીવવાનો હક એટલે અસ્તિત્વ ટકાવી રાખવાનો હક. **T**

(9) રાજ્ય જાહેર હિતમાં સ્વતંત્રતાના હક પર વાજબી અંકુશો લાદી શકે છે. **T**

(10) 18 વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને જોખમી વ્યવસાયમાં કામે રોકી શકાય નહિ. **F**

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) સંયુક્ત રાષ્ટ્રો(UN)ની મહાસભાએ 10 ડિસેમ્બર, 1948ના રોજ શું જાહેર કર્યું? – **માનવ અધિકારો**

(2) આપણે 10 ડિસેમ્બરને કયા દિવસ તરીકે ઊજવીએ છીએ? – **માનવ હકદિન (માનવ અધિકારદિન)**

(3) કયું આચરણ ભારતનું સામાજિક કલંક ગણાય છે? – **અસ્પૃશ્યતાનું**

(4) કયું આચરણ શિક્ષાપાત્ર ગુનો બને છે? – **અસ્પૃશ્યતાનું**

(5) કોની પરવાનગી વિના કોઈ પણ વ્યક્તિને કસ્ટડીમાં રાખી શકાય નહિ? – **મૅજિસ્ટ્રેટની**

(6) મૂળભૂત હકોના રક્ષણની અગત્યની ભૂમિકા કોણ બજાવે છે? – **સર્વોચ્ચ અદાલત**

(7) કોણે બંધારણીય ઈલાજોના હકને 'બંધારણના આત્મા સમાન' કહ્યો છે? – **ડૉ. બાબાસાહેબ આંબેડકરે**

(8) ભારતમાં 6 જાન્યુઆરીના દિવસને કયા દિવસ તરીકે ઊજવવાનું નક્કી થયું છે? – **મૂળભૂત ફરજદિન**

(9) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ બંધારણના કયા ભાગમાં કરવામાં આવ્યો છે? – **ચોથા**

(10) કોના મતે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દેશના પાયારૂપ સિદ્ધાંતો છે? – **ડૉ. બાબાસાહેબ આંબેડકરના**

(11) રાજ્યની સત્તાને કોણ મર્યાદિત કરે છે? – **મૂળભૂત હકો**

(12) રાજકીય લોકશાહી કોણ સ્થાપે છે? – **મૂળભૂત હકો**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. માનવ હકદિન	a. બંધારણીય ઈલાજોનો હક
2. બંધારણના આત્મા સમાન	b. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
3. મૂળભૂત ફરજદિન	c. મૂળભૂત હકો
4. રાજ્યની સત્તાને મર્યાદિત કરનાર	d. 10 ડિસેમ્બર
	e. 6 જાન્યુઆરી

ઉત્તર : (1 – d), (2 – a), (3 – e), (4 – c).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ભારતના બંધારણના ઘડવૈયા	a. હકારાત્મક
2. ધર્મપરિવર્તન કરવાની સ્વતંત્રતા	b. કાનૂની
3. મૂળભૂત હકોની ભૂમિકા	c. નૈતિક
4. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની ભૂમિકા	d. ડૉ. બાબાસાહેબ આંબેડકર
	e. ધાર્મિક સ્વાતંત્ર્યનો હક

ઉત્તર : (1 – d), (2 – e), (3 – b), (4 – c).

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. માનવ હકોની વૈશ્વિક ઘોષણાને કોણે સ્વીકૃતિ આપી?
A. યૂ.એસ.એ.એ B. રશિયાએ
C. ભારતે D. સંયુક્ત રાષ્ટ્રોએ

* **2.** કયું આચરણ ભારતનું સામાજિક કલંક ગણાય?
A. અસ્પૃશ્યતા B. બાળમજૂરી
C. દહેજપ્રથા D. વહેમ અને અંધશ્રદ્ધા

3. દર વર્ષે કયા દિવસને 'માનવ હકદિન' તરીકે ઊજવવામાં આવે છે?
A. 10 ડિસેમ્બરના દિવસને
B. 1 ઑગસ્ટના દિવસને
C. 12 જાન્યુઆરીના દિવસને
D. 10 ઑક્ટોબરના દિવસને

* **4.** કઈ ઉંમરનાં બાળકોને મફત અને નિઃશુલ્ક પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર છે?
A. 6થી 14 વર્ષનાં B. 3 વર્ષ સુધીનાં
C. 14 વર્ષથી ઉપરનાં D. 18 વર્ષનાં

* **5.** પ્રતિબંધિત અટકાયત હેઠળના આરોપીને કેટલા સમય સુધી અટકાયત હેઠળ રાખી શકાય છે?
A. 24 કલાક B. 6 માસ
C. 3 માસ D. આજીવન

* **6.** કઈ ઉંમરનાં બાળકોને જોખમી વ્યવસાયમાં રોકી શકાય નહિ?
A. 14 વર્ષથી નીચેનાં B. 18 વર્ષથી નીચેનાં
C. 6થી 14 વર્ષનાં D. 28 વર્ષથી ઉપરનાં

* **7.** ડૉ. બાબાસાહેબ આંબેડકરે કયા હકને 'બંધારણના આત્મા સમાન' કહ્યો છે?
A. સ્વતંત્રતાના હકને
B. સમાનતાના હકને
C. સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકને
D. બંધારણીય ઈલાજોના હકને

8. દર વર્ષે કયા દિવસને 'મૂળભૂત ફરજદિન' તરીકે ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે?
A. 10 ડિસેમ્બરના દિવસને B. 6 જાન્યુઆરીના દિવસને
C. 18 ફેબ્રુઆરીના દિવસને D. 12 માર્ચના દિવસને

9. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને બંધારણના કયા ભાગમાં દર્શાવ્યા છે?
A. પહેલા B. બીજા C. ત્રીજા D. ચોથા

* **10.** કોના મતે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દેશના પાયારૂપ સિદ્ધાંતો છે?
A. નરેન્દ્ર મોદીના B. જવાહરલાલ નેહરુના
C. ડૉ. રાજેન્દ્રપ્રસાદના D. ડૉ. બાબાસાહેબ આંબેડકરના

ઉત્તર : **1.** સંયુક્ત રાષ્ટ્રોએ **2.** અસ્પૃશ્યતા
3. 10 ડિસેમ્બરના દિવસને **4.** 6થી 14 વર્ષનાં
5. 3 માસ **6.** 14 વર્ષથી નીચેનાં
7. બંધારણીય ઈલાજોના હકને
8. 6 જાન્યુઆરીના દિવસને
9. ચોથા
10. ડૉ. બાબાસાહેબ આંબેડકરના

---

11. સંયુક્ત રાષ્ટ્રો(UN)ની મહાસભાએ માનવ હકો ક્યારે જાહેર કર્યા?
A. 10 ડિસેમ્બર, 1948ના રોજ
B. 12 જાન્યુઆરી, 1950ના રોજ
C. 1 ઑગસ્ટ, 1951ના રોજ
D. 10 ઑક્ટોબર, 1955ના રોજ

12. દર વર્ષે 10 ડિસેમ્બરના દિવસને કયા દિન તરીકે ઊજવીએ છીએ?
A. માનવફરજદિન B. મહિલા વિકાસદિન
C. સાક્ષરતાદિન D. માનવ હકદિન

13. એક અનુસૂચિત જાતિના ઉમેદવારે સરકારી નોકરી માટેની અનામત બેઠકોનું અરજીપત્રક ભર્યું. આમાં કયો મૂળભૂત હક સમાયેલો છે?
A. સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક
B. સ્વતંત્રતાનો હક
C. સમાનતાનો હક
D. શોષણ વિરોધી હક

14. એક અનુસુચિત જાતિના બહેનને ગામના કૂવામાંથી પાણી ભરવા ન દીધું. આમાં કયા મૂળભૂત હકનું ઉલ્લંઘન થયું ગણાય?
A. સમાનતાનો હક B. સ્વતંત્રતાનો હક
C. બંધારણીય ઇલાજોનો હક D. શોષણ વિરોધી હક

15. પોલીસે ખૂનના આરોપસર એક નાગરિકની ધરપકડ કરી સીધો જેલમાં પૂરી દીધો. આમાં કયા મૂળભૂત હકનું ઉલ્લંઘન થયું ગણાય?
A. સ્વતંત્રતાનો હક B. બંધારણીય ઇલાજોનો હક
C. સમાનતાનો હક D. શોષણ વિરોધી હક

16. એક ફૅક્ટરીના માલિકે 12 વર્ષની ઉંમરના એક બાળકને નોકરીમાં રાખ્યો. આમાં કયા મૂળભૂત હકનું ઉલ્લંઘન થયું ગણાય?
A. સ્વતંત્રતાનો હક
B. બંધારણીય ઇલાજોનો હક
C. સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક
D. શોષણ વિરોધી હક

17. ભારતમાં સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવા બંધારણમાં શી જોગવાઈ છે?
A. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની
B. મૂળભૂત ફરજોની
C. મૂળભૂત અધિકારોની
D. લોકશાહી શાસનપ્રથાની

18. રાજ્યની સત્તાને કોણ વિસ્તારે છે?
A. મૂળભૂત ફરજો
B. મૂળભૂત હકો
C. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
D. માનવ હકો

19. રાજ્યની સત્તાને કોણ અમર્યાદિત કરે છે?
A. માનવ હકો
B. મૂળભૂત ફરજો
C. મૂળભૂત હકો
D. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

20. બંધારણે આપેલા મૂળભૂત હકો પૈકી કયા હકનો સમાવેશ થતો નથી?
A. સમાનતાનો હક B. શોષણ સામેનો હક
C. સ્વતંત્રતાનો હક D. અપ્રમાણ મિલકતનો હક

21. કોઈ પણ વ્યક્તિ પાસે ફરજિયાતપણે કામ કરાવવું તેમાં કયા મૂળભૂત હકનો ભંગ થાય છે?
A. સમાનતાનો હક B. શોષણ વિરોધી હક
C. સાંસ્કૃતિક અને શૈક્ષણિક D. સ્વતંત્રતાનો હક

ઉત્તર : 11. 10 ડિસેમ્બર, 1948ના રોજ
12. માનવ હકદિન **13.** સમાનતાનો હક
14. સમાનતાનો હક **15.** સ્વતંત્રતાનો હક
16. શોષણ વિરોધી હક
17. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની
18. મૂળભૂત હકો
19. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
20. અપ્રમાણ મિલકતનો હક
21. શોષણ વિરોધી હક

10 સરકારનાં અંગો

પ્રકરણસાર

- સરકારનાં **ત્રણ** અંગો છે : (1) ધારાસભા, (2) કારોબારી અને (3) ન્યાયતંત્ર.
- ધારાસભા કાયદાઓ ઘડે છે, કારોબારી કાયદાઓનો અમલ કરે છે અને ન્યાયતંત્ર કાયદાનો ભંગ કરનારને સજા કે દંડ કરે છે તેમજ ન્યાય આપે છે.
- ભારતમાં સંઘ અને રાજ્ય કક્ષાએ **સત્તા વિશ્લેષ**ના સિદ્ધાંત મુજબ સરકારનાં કાર્યોને તેનાં ત્રણેય અંગો વચ્ચે વહેંચવામાં આવ્યાં છે. ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી અલગ રાખવામાં આવ્યું છે.
- સંઘની સંસદમાં રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ, લોકસભા અને રાજ્યસભાનો સમાવેશ થાય છે.
- સંસદ દ્વિગૃહી છે. સંસદનું નીચલું ગૃહ **'લોકસભા'** તરીકે અને ઉપલું ગૃહ **'રાજ્યસભા'** તરીકે ઓળખાય છે.
- લોકસભાના કુલ **545** સભ્યો પુખ્તવય મતાધિકારના ધોરણે લોકો દ્વારા ચૂંટાય છે. લોકસભાની મુદત પાંચ વર્ષની છે. કટોકટી દરમિયાન તેની મુદત એક વર્ષ લંબાવી શકાય છે.
- લોકસભાના સભ્યો તેમનામાંથી અધ્યક્ષ (સ્પીકર) અને ઉપાધ્યક્ષ-(ડેપ્યુટી સ્પીકર)ની ચૂંટણી કરે છે. અધ્યક્ષ લોકસભાની બેઠકોનું અધ્યક્ષપદ સંભાળી તેનું સંચાલન કરે છે. કોઈ ખરડા પર સરખા મત પડે ત્યારે અધ્યક્ષ પોતાનો નિર્ણાયક મત આપી શકે છે.
- રાજ્યસભા કુલ **250** સભ્યોની બનેલી છે. તેમાં **238** સભ્યો રાજ્યોની વિધાનસભાઓ દ્વારા ચૂંટાયેલા હોય છે અને **12** સભ્યો રાષ્ટ્રપ્રમુખ દ્વારા નિયુક્ત થયેલા હોય છે.
- સંસદને ધારાકીય, નાણાકીય, કારોબારીવિષયક અને ન્યાયવિષયક સત્તાઓ મળેલી છે. સંઘસરકારમાં કાયદા ઘડવાનું કામ સંસદ કરે છે. બિનનાણાકીય ખરડો સંસદના કોઈ પણ ગૃહમાં રજૂ થઈ શકે છે. નાણાકીય ખરડો રાષ્ટ્રપ્રમુખની મંજૂરી મેળવી લોકસભામાં જ રજૂ થઈ શકે છે. રાષ્ટ્રપ્રમુખની સહી થતાં સંસદે પસાર કરેલો ખરડો કાયદો બને છે.
- લોકસભાના સભ્યો પોતાની પહેલી બેઠકમાં પોતાનામાંથી એક સભ્યની સ્પીકર (અધ્યક્ષ) તરીકે ચૂંટણી કરે છે. સ્પીકર લોકસભાના અધ્યક્ષ સ્થાને બેસીને ગૃહનું સંચાલન કરે છે. તે ગૃહનું ગૌરવ, વ્યવસ્થા, શિસ્ત અને માનમરતબો જાળવે છે. ગૃહમાં ઠરાવ પર સરખા મત પડે ત્યારે અધ્યક્ષ પોતાનો **'નિર્ણાયક મત' (Casting Vote)** આપીને ઠરાવ પસાર કરાવવામાં સહાય કરે છે.
- કાયદા માટેની દરખાસ્ત 'ખરડો' કહેવાય છે. ખરડાના બે પ્રકારો છે : 1. સામાન્ય ખરડો અને 2. નાણાકીય ખરડો.
- સામાન્ય ખરડો કાયદો બને તે પહેલાં તેને બંને ગૃહોમાંથી પસાર થવું પડે છે. ત્યારપછી રાષ્ટ્રપ્રમુખ ખરડા પર સહી કરે ત્યારે જ તે કાયદો બને છે.
- નાણાકીય ખરડો રાષ્ટ્રપ્રમુખની પૂર્વમંજૂરીથી પ્રથમ લોકસભામાં રજૂ કરવામાં આવે છે. લોકસભાએ પસાર કર્યા પછી જ એ ખરડાને રાજ્યસભામાં મોકલવામાં આવે છે. રાજ્યસભાએ 14 દિવસમાં તેને પાછો મોકલવાનો હોય છે. આ મુદત દરમિયાન રાજ્યસભા નાણાકીય ખરડો લોકસભામાં પરત ન કરે તોપણ તે પસાર થયેલો ગણાય છે. રાષ્ટ્રપ્રમુખની સહી થતાં નાણાકીય ખરડો કાયદો બને છે.
- રાજ્યની ધારાસભા એકગૃહી કે દ્વિગૃહી હોઈ શકે છે. ધારાસભાનું નીચલું ગૃહ **'વિધાનસભા'** તરીકે અને ઉપલું ગૃહ **'વિધાનપરિષદ'** તરીકે ઓળખાય છે.
- વિધાનસભાની સભ્યસંખ્યા **વધુમાં વધુ 500** અને **ઓછામાં ઓછી 60** હોય છે. વિધાનસભાના સભ્યો રાજ્યના લોકો દ્વારા ચૂંટાય છે. તેઓ તેમનામાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને ચૂંટે છે.
- વિધાનપરિષદના સભ્યો રાજ્યનાં વિવિધ મતદારમંડળો દ્વારા ચૂંટાય છે. વિધાનપરિષદ કાયમી ગૃહ છે. તેનો દરેક સભ્ય **6** વર્ષની મુદત માટે ચૂંટાય છે. વિધાનસભા વિધાનપરિષદ કરતાં વધારે સત્તાઓ ધરાવે છે.
- સંઘસરકારની કારોબારીમાં રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ અને વડા પ્રધાન સહિત તેમના નેતૃત્વ હેઠળના પ્રધાનમંડળનો સમાવેશ થાય છે.
- ભારતના રાષ્ટ્રપ્રમુખ દેશના બંધારણીય વડા છે. તેમની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. 35 વર્ષ કે તેથી વધુ ઉંમરનો ભારતીય નાગરિક બંધારણે નક્કી કરેલી અન્ય લાયકાતો ધરાવતો હોય, તો તે રાષ્ટ્રપ્રમુખના પદ માટે ઉમેદવારી નોંધાવી શકે છે. રાષ્ટ્રપ્રમુખના હોદ્દાની મુદત પાંચ વર્ષની છે. બંધારણમાં દર્શાવેલી **'મહાભિયોગ' (Impeachment)**ની કાર્યવાહી દ્વારા તેમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

- રાષ્ટ્રપ્રમુખને **પાંચ** પ્રકારની સત્તાઓ મળેલી છે : (1) કારોબારી સત્તાઓ, (2) ધારાકીય સત્તાઓ, (3) નાણાકીય સત્તાઓ, (4) ન્યાયવિષયક સત્તાઓ અને (5) કટોકટી વિશેની સત્તાઓ.
- રાષ્ટ્રપ્રમુખ સંઘસરકારની કારોબારીના સર્વોચ્ચ વડા છે. તેઓ વડા પ્રધાનની નિમણૂક કરે છે અને તેમની સલાહથી અન્ય પ્રધાનોને નીમે છે. તેઓ દેશના મહત્ત્વના અનેક હોદ્દાઓ પર લાયકાત ધરાવતી વ્યક્તિઓની નિમણૂકો કરે છે. સંઘસરકારનો સઘળો વહીવટ રાષ્ટ્રપ્રમુખના નામે ચાલે છે. પરંતુ વાસ્તવમાં બધી સત્તાઓ વડા પ્રધાન અને તેમનું પ્રધાનમંડળ ભોગવે છે.
- રાષ્ટ્રપ્રમુખ સંસદની બેઠકો બોલાવે છે. દર વર્ષે સંસદના પ્રથમ સત્રની શરૂઆતમાં તેઓ સંસદની સંયુક્ત બેઠકને સંબોધે છે. સંસદે પસાર કરેલા ખરડા પર રાષ્ટ્રપ્રમુખ સહી કરે તો જ તે કાયદો બને છે. સંસદની બેઠક ચાલુ ન હોય એ સમયે તેઓ વટહુકમ બહાર પાડવાની સત્તા ધરાવે છે.
- દેશના સર્વોચ્ચ વડા તરીકે રાષ્ટ્રપ્રમુખ લશ્કરી અદાલતના ગુનેગારો સિવાયના ગુનેગારોને માફી આપવાની, ફોજદારી ગુનાની સજાની મુદત ઘટાડવાની, તેનો અમલ મોકૂફ રાખવાની અથવા સજાનું સ્વરૂપ બદલવાની સત્તા ધરાવે છે.
- બાહ્ય આક્રમણ કે આંતરિક અશાંતિના કારણે દેશની સલામતી ભયમાં મુકાઈ હોય ત્યારે રાષ્ટ્રપ્રમુખ એક જાહેરનામું બહાર પાડી કટોકટીની સ્થિતિ જાહેર કરે છે. દેશના કોઈ રાજ્યમાં બંધારણ પ્રમાણે વહીવટ ન ચાલી શકે એમ હોય ત્યારે તેઓ બંધારણીય કટોકટી જાહેર કરી એ રાજ્યમાં રાષ્ટ્રપ્રમુખનું શાસન જાહેર કરે છે. દેશમાં નાણાકીય અસ્થિરતા સર્જાય ત્યારે રાષ્ટ્રપ્રમુખ નાણાકીય કટોકટી જાહેર કરે છે.
- રાષ્ટ્રપ્રમુખની ગેરહાજરીમાં રાષ્ટ્રપ્રમુખની ફરજો **ઉપરાષ્ટ્રપ્રમુખ** બજાવે છે. ઉપરાષ્ટ્રપ્રમુખ પોતાના હોદ્દાની રૂએ **રાજ્યસભાના અધ્યક્ષ** છે.
- **વડા પ્રધાન** સંઘસરકારની કારોબારીના વાસ્તવિક વડા છે. લોકસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાને રાષ્ટ્રપ્રમુખ વડા પ્રધાન તરીકે નીમે છે. વડા પ્રધાનની સલાહ અનુસાર તેઓ અન્ય પ્રધાનોને નીમે છે. સરકાર વડા પ્રધાનના નામથી ઓળખાય છે. તેઓ પોતાના હોદ્દાની રૂએ **નીતિપંચ**(આયોજનપંચ)ના **અધ્યક્ષ** બને છે. સમગ્ર પ્રધાનમંડળ સંયુક્તપણે લોકસભાને જવાબદાર છે. લોકસભા પ્રધાનમંડળ પર અવિશ્વાસનો ઠરાવ પસાર કરે તો સમગ્ર પ્રધાનમંડળને રાજીનામું આપવું પડે છે.
- સંઘીય પ્રધાનમંડળની સલાહ અનુસાર રાષ્ટ્રપ્રમુખ રાજ્યના બંધારણીય વડા તરીકે રાજ્યપાલને નિયુક્ત કરે છે. રાજ્યપાલની મુદત પાંચ વર્ષની છે. તેઓ મહત્ત્વની ધારાકીય સત્તાઓ ધરાવે છે.
- વિધાનસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાને રાજ્યપાલ રાજ્યના મુખ્યમંત્રી તરીકે નીમે છે. મુખ્યમંત્રીની સલાહથી તેઓ અન્ય પ્રધાનોની નિમણૂક કરે છે. રાજ્યપાલને મળેલી સત્તાઓ વાસ્તવમાં મુખ્ય પ્રધાન અને તેમનું પ્રધાનમંડળ ભોગવે છે.
- સરકારનું વહીવટી તંત્ર **સનદી સેવા** તરીકે ઓળખાય છે. સનદી સેવકો દેશનાં વિકાસલક્ષી કાર્યોને ફળીભૂત કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. સનદી સેવકોના કાર્યદક્ષ વહીવટથી દેશ પ્રગતિશીલ બને છે.
- પોતાના ક્ષેત્રમાં નિષ્ણાત, તજ્જ્ઞ અને બાહોશ સનદી અધિકારીઓ **સરકારની કરોડરજ્જુ સમાન** છે.
- રાજકીય કારોબારી લોકોનાં કલ્યાણ અને સુખાકારીની ચિંતા કરતા મગજ સમાન છે; જ્યારે વહીવટી કારોબારી તેના હાથપગ છે. બંને વચ્ચેના નિખાલસ અને મૈત્રીપૂર્ણ સંબંધી રાજ્યના સુશાસન અને વિકાસની પૂર્વશરત છે.
- ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એ ગ્રામીણ સ્વશાસનની સંસ્થાઓ છે. તે 'પંચાયતીરાજની સંસ્થાઓ' કહેવાય છે.
- પંચાયતીરાજનું માળખું **ત્રણ** સ્તરનું છે : (1) ગ્રામ્ય કક્ષાએ ગ્રામ-પંચાયત, (2) તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત અને (3) જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત.
- ગ્રામપંચાયતના વડાને **'સરપંચ'** કહે છે. ગામના નોંધાયેલા બધા મતદારો પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા સરપંચની ચૂંટણી કરે છે.
- જે ગામના નોંધાયેલા બધા મતદારો ગ્રામપંચાયતના સભ્યો અને સરપંચની સર્વાનુમતે પસંદગી કરે છે એ ગામને **'સમરસગામ'** કહે છે.
- ગામનો સઘળો વહીવટ **'તલાટી-કમ-મંત્રી'** સંભાળે છે.
- તાલુકા પંચાયતના વહીવટી વડા **'તાલુકા વિકાસ અધિકારી'**ના નામે ઓળખાય છે.
- જિલ્લા પંચાયતના વહીવટી વડા **'જિલ્લા વિકાસ અધિકારી'**ના નામે ઓળખાય છે.
- નગરપાલિકા, મહાનગરપાલિકા અને મહાનગરનિગમ શહેરી સ્વશાસનની સંસ્થાઓ છે. આ સંસ્થાઓની ચૂંટણી ગુપ્ત મતદાન પદ્ધતિ દ્વારા પ્રત્યક્ષ રીતે થાય છે.
- નગરપાલિકાના વડા **'પ્રમુખ'**ના નામે અને વહીવટી વડા **'ચીફ ઑફિસર'**ના નામે ઓળખાય છે.
- મહાનગરપાલિકા અને મહાનગરનિગમના વડાને **'મેયર'** કહે છે. આ સંસ્થાઓના વહીવટી વડા **'મ્યુનિસિપલ કમિશનર'**ના નામે ઓળખાય છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે.
- ન્યાયતંત્ર ભારતના બંધારણનું અને નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ કરે છે. ધારાસભાએ ઘડેલા કાયદાઓ જો બંધારણ સાથે સુસંગત ન હોય, તો તે તેને ગેરબંધારણીય ગણીને રદબાતલ કરી શકે છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

(1) લોકસભાની રચના સમજાવો. *અથવા*
ટૂંક નોંધ લખો : લોકસભાની રચના

ઉત્તર : ભારતની સંસદ નીચલા ગૃહ અને ઉપલા ગૃહ એમ બે ગૃહોની બનેલી છે.

→ સંસદનું નીચલું ગૃહ 'લોકસભા' કહેવાય છે. તે પ્રજા દ્વારા સીધેસીધા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું બનેલું છે.

→ સામાન્ય રીતે લોકસભાની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. લોકસભાની કુલ સભ્યસંખ્યા 545 છે.

→ જો ઍંગ્લો-ઇન્ડિયન જાતિનો કોઈ સભ્ય ન ચૂંટાયો હોય, તો રાષ્ટ્રપ્રમુખ એ જાતિના 2 સભ્યોની નિમણૂક કરે છે.

→ દરેક રાજ્યને તેની વસ્તીની સંખ્યાના પ્રમાણમાં બેઠકો મળે છે.

→ દરેક રાજ્યને તથા સંઘશાસિત પ્રદેશને વિવિધ મતદાર વિભાગોમાં વહેંચવામાં આવે છે અને દરેક મતદાર વિભાગ એક સભ્યની ચૂંટણી કરે છે.


→ લોકસભાના સભ્યોને રાષ્ટ્રના 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારો પુખ્તવય મતાધિકારના ધોરણે ગુપ્ત મતદાન પદ્ધતિથી ચૂંટે છે.

→ લોકસભામાં અનુસૂચિત જાતિઓ તેમજ અનુસૂચિત જનજાતિઓ માટે કેટલીક બેઠકો અનામત રાખવામાં આવે છે.

→ લોકસભાના સભ્યો પોતાનામાંથી લોકસભાના સ્પીકર (અધ્યક્ષ) અને ડેપ્યુટી સ્પીકર(ઉપાધ્યક્ષ)ને ચૂંટે છે.

→ 25 વર્ષ કે તેથી વધુ ઉંમરનો કોઈ પણ ભારતીય નાગરિક લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે છે. જોકે સરકારી પગારદાર કર્મચારીઓ, માનસિક રીતે અસ્થિર, નાદાર અને જેલની સજા પામેલા ગુનેગારો લોકસભામાં ઉમેદવારી નોંધાવી શકતા નથી.

→ સામાન્ય રીતે લોકસભાની મુદત પાંચ વર્ષની હોય છે. પરંતુ અસાધારણ સંજોગોમાં રાષ્ટ્રપ્રમુખ તેને મુદત પહેલાં બરખાસ્ત કરી શકે છે. દેશમાં કટોકટીની પરિસ્થિતિ જાહેર કરવામાં આવી હોય ત્યારે તેની મુદત એક વર્ષ લંબાવી શકાય છે.



(2) રાજ્યસભાની રચના સમજાવો. *અથવા*
ટૂંક નોંધ લખો : રાજ્યસભાની રચના

ઉત્તર : રાજ્યસભા રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવતું સંસદનું ઉપલું ગૃહ છે.

→ તે કાયમી ગૃહ છે. તેનું ક્યારેય વિસર્જન (બરખાસ્ત) થતું નથી. પરંતુ દર બે વર્ષને અંતે તેના સભ્યોની કુલ સંખ્યાના $\frac{1}{3}$ ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેમની જગ્યાએ તેટલા જ બીજા નવા સભ્યો ચૂંટાય છે.

→ રાજ્યસભાના દરેક સભ્યના હોદ્દાની મુદત 6 વર્ષની છે.

→ 30 વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતો કોઈ પણ ભારતીય નાગરિક રાજ્યસભાના સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવી શકે છે. તે નાદાર, માનસિક રીતે અસ્થિર મગજનો કે સજા પામેલ ગુનેગાર ન હોવો જોઈએ. તે સરકારી સંસ્થાઓમાં સવેતન કે નફાકારક કોઈ હોદ્દો ધરાવતો ન હોવો જોઈએ.

→ રાજ્યસભાના સભ્યોની ચૂંટણી આડકતરી રીતે થાય છે. તેની કુલ સભ્યસંખ્યા 250ની છે, જેમાંથી 238 સભ્યોની ચૂંટણી પ્રત્યેક રાજ્યની વિધાનસભાના સભ્યો તે રાજ્યની વસ્તીના ધોરણે કરે છે. બાકીના 12 સભ્યો તરીકે રાષ્ટ્રપ્રમુખ સાહિત્ય, વિજ્ઞાન, કલા, શિક્ષણ, સમાજસેવા, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વગેરે ક્ષેત્રમાં વિશેષ જ્ઞાન અને વિશિષ્ટ પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓને નીમે છે.

→ ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખ હોદ્દાની રૂએ રાજ્યસભાના ચૅરમૅન (પ્રમુખ) બને છે.

→ રાજ્યસભાના સભ્યો પોતાનામાંથી ગૃહના વાઇસ ચૅરમૅન-(ઉપપ્રમુખ)ને ચૂંટે છે.

(3) લોકસભાના અધ્યક્ષ વિશે માહિતી આપો.

ઉત્તર : લોકસભાના સભ્યો પોતાની પહેલી બેઠકમાં પોતાનામાંથી એક સભ્યની સ્પીકર (અધ્યક્ષ) તરીકે ચૂંટણી કરે છે.

→ લોકસભા જેટલી મુદત સુધી ચાલે ત્યાં સુધી તે સ્પીકર (અધ્યક્ષ) તરીકે કામ કરે છે. પરંતુ તે દરમિયાન તે સ્વેચ્છાએ રાજીનામું આપી શકે છે. નવી લોકસભાની રચના થાય ત્યાં સુધી તે હોદ્દા પર ચાલુ રહે છે. 14 દિવસની નોટિસથી લોકસભાના સભ્યો સાદી બહુમતીથી ઠરાવ પસાર કરીને સ્પીકરને હોદ્દા પરથી દૂર કરી શકે છે.

→ સ્પીકર લોકસભાનું અધ્યક્ષ સ્થાન સંભાળે છે અને ગૃહમાં થતી ચર્ચા તેમજ કાર્યવાહીનું સંચાલન નિયમ અનુસાર તટસ્થ અને નિષ્પક્ષ રીતે કરે છે.

→ તે ગૃહનું ગૌરવ, વ્યવસ્થા, શિસ્ત અને માનમરતબો જાળવે છે.

→ તે ગૃહના સભ્યોને પ્રશ્નો પૂછવાની મંજૂરી આપે છે. લોકસભામાં થતાં ભાષણો કે ટીકાઓ અધ્યક્ષને ઉદ્દેશીને જ થાય છે. અંગ્રેજી કે હિંદી ભાષા ન જાણતા સભ્યને તે માતૃભાષામાં સંબોધવાની, બોલવાની પરવાનગી અધ્યક્ષ આપે છે.

→ ગૃહની કાર્યવાહી દરમિયાન ઉપસ્થિત થતી ચર્ચાસ્પદ બાબતો પર તે ચુકાદા આપે છે.

→ પોતાના આદેશનું ઉલ્લંઘન કરનાર સભ્યને સ્પીકર ગૃહના કર્મચારીઓ દ્વારા ગૃહમાંથી બહાર કાઢી શકે છે.

→ ગૃહના સંચાલનમાં સભ્યો વારંવાર ખલેલ પહોંચાડતા હોય અને તેઓ સ્પીકરની વિનંતીને માન ન આપતા હોય ત્યારે સ્પીકર ગૃહનું કામકાજ સ્થગિત કરી શકે છે. તે ગૃહને મુલતવી રાખે છે.

→ અધ્યક્ષની પરવાનગી વિના કોઈ પણ સભ્ય ગૃહમાં સતત 60 દિવસ સુધી ગેરહાજર રહે, તો તેની બેઠક ખાલી થયેલી ગણાય છે.

→ સામાન્ય રીતે સ્પીકર ગૃહના કોઈ પણ ઠરાવ પર પોતાનો મત આપતા નથી. પરંતુ કોઈ પણ ઠરાવ પર સરખા મત પડે ત્યારે તે પોતાનો 'નિર્ણાયક મત' (Casting Vote) આપીને ઠરાવ પસાર કરવામાં સહાય કરે છે.

*** (4) ખરડો કાયદો ક્યારે બને? પ્રક્રિયા વર્ણવો. *અથવા* ખરડો કાયદો કેવી રીતે બને છે, તે સમજાવો.**

ઉત્તર : કાયદા માટેની દરખાસ્ત ખરડો કહેવાય છે. ખરડાના બે પ્રકારો છે : 1. સામાન્ય ખરડો અને 2. નાણાકીય ખરડો.

1. સામાન્ય ખરડામાંથી કાયદાની રચના : સંસદમાં ખરડો રજૂ કરતાં પહેલાં લોકસભામાં સ્પીકરની અને રાજ્યસભામાં અધ્યક્ષની પરવાનગી મેળવવી પડે છે.

→ સામાન્ય ખરડો સંસદનાં બંને ગૃહોમાંથી કોઈ પણ ગૃહમાં રજૂ થઈ શકે છે.

→ તે પ્રધાનમંડળના કોઈ પ્રધાન અથવા ગૃહના કોઈ પણ સભ્ય દ્વારા રજૂ થઈ શકે છે.

→ સામાન્ય ખરડો રાષ્ટ્રપ્રમુખ પાસે સહી માટે મોકલવામાં આવે તે પહેલાં તેને બંને ગૃહોમાં **ત્રણ** વાચનમાંથી પસાર થવું પડે છે.

(i) પ્રથમ વાચન : ખરડો રજૂ કરનાર મંત્રી કે સંસદસભ્ય ગૃહમાં ખરડાનું વાચન કરી ખરડાના હેતુઓ અને બીજી મહત્ત્વની બાબતો ગૃહના ધ્યાન પર લાવે છે. ત્યારપછી ગૃહમાં ખરડા પર ચર્ચા થાય છે. ગૃહ ખરડાને મંજૂર કરે તો તે બીજા વાચનમાં આવે છે.

(ii) બીજું વાચન : બીજા વાચન દરમિયાન ખરડાની દરેક કલમ પર ગૃહના સભ્યો વિસ્તૃત ચર્ચા કરે છે. આ સમયે સભ્યો તેમાં સુધારા રજૂ કરી શકે છે. કોઈ મહત્ત્વનો ખરડો હોય અથવા ખરડા ઉપર ગંભીર વિચારણાની જરૂર હોય, તો વધુ વિચારણા માટે ખરડાને સંસદસભ્યોમાંથી જે-તે વિષયના તજજ્ઞ અને વિશેષ જ્ઞાન ધરાવતા સભ્યોની બનેલી **'પ્રવર સમિતિ'**ને સોંપવામાં આવે છે.

(iii) ત્રીજું વાચન : પ્રવર સમિતિના અહેવાલ પછી એ અહેવાલને આધારે ગૃહમાં ખરડાનું ત્રીજું વાચન શરૂ થાય છે. ત્રીજા વાચનને અંતે ગૃહ ખરડાને બહુમતીથી પસાર કરે તો તેને સંસદના બીજા ગૃહમાં મોકલવામાં આવે છે. બીજા ગૃહમાં પણ ખરડાને ત્રણ વાચનમાંથી પસાર થવું પડે છે. આમ, બંને ગૃહોમાંથી પસાર થયા પછી ખરડાને રાષ્ટ્રપ્રમુખની સહી માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપ્રમુખ સહી કરે પછી જ તે કાયદો બને છે.

સહી કરતાં પહેલાં રાષ્ટ્રપ્રમુખને જરૂર લાગે તો ખરડાને પોતાની પાસે રાખી મૂકી શકે છે, કે સંસદમાં પુનઃવિચારણા માટે પાછો મોકલી શકે છે. ફરીથી એ જ વિધિથી ખરડો બંને ગૃહોમાં પસાર થાય તો રાષ્ટ્રપ્રમુખને સહી કરવી પડે છે. રાષ્ટ્રપ્રમુખ સહી કરે એટલે તે ખરડો કાયદો બને છે અને ત્યારપછી તેને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

2. નાણાકીય ખરડામાંથી કાયદાની રચના : નાણાકીય ખરડો રાષ્ટ્રપ્રમુખની પૂર્વમંજૂરીથી પ્રથમ લોકસભામાં રજૂ કરવામાં આવે છે.

→ કોઈ પણ ખરડો નાણાકીય ખરડો છે કે કેમ તે માત્ર લોકસભાના સ્પીકર જ નક્કી કરે છે.

→ લોકસભાએ પસાર કર્યા પછી જ નાણાકીય ખરડાને રાજ્યસભામાં મોકલવામાં આવે છે.

→ રાજ્યસભાએ માત્ર ચર્ચા કરી, તેની ભલામણો સાથે કે ભલામણો વિના, 14 દિવસમાં તેને લોકસભાને પાછો મોકલવાનો હોય છે.

→ આ મુદત દરમિયાન રાજ્યસભા નાણાકીય ખરડો લોકસભામાં પરત ન કરે તોપણ તે પસાર થયેલો ગણાય છે.

→ એ પછી તેને રાષ્ટ્રપ્રમુખની સહી માટે મોકલવામાં આવે છે, રાષ્ટ્રપ્રમુખની સહી થતાં નાણાકીય ખરડો કાયદો બને છે.

*** (5) ટૂંક નોંધ લખો : નાણાકીય ખરડા અંગેની બંધારણીય જોગવાઈઓ *અથવા* નાણાકીય ખરડામાંથી કાયદાની રચના સમજાવો.**

ઉત્તર : કોઈ પણ ખરડો નાણાકીય ખરડો છે કે કેમ તે માત્ર લોકસભાના સ્પીકર જ નક્કી કરે છે.

→ અંદાજપત્ર તેમજ નાણાકીય બાબતોને લગતો ખરડો નાણાકીય ખરડો કહેવાય છે.

→ નાણાકીય ખરડો રાષ્ટ્રપ્રમુખની મંજૂરીથી પ્રથમ લોકસભામાં રજૂ કરવામાં આવે છે.

→ લોકસભામાં નાણાકીય ખરડો (અંદાજપત્ર) નીચેના તબક્કામાંથી પસાર કરવામાં આવે છે :

(1) ખરડા પર બે-ત્રણ દિવસ સુધી પ્રાથમિક ચર્ચા કરવામાં આવે છે.

(2) અંદાજપત્રમાં દર્શાવેલા વાર્ષિક ખર્ચની માગણીઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવે છે. નાણામંત્રી ગૃહમાં આંકડાકીય માહિતી રજૂ કરે છે.

(3) કેન્દ્રના પ્રધાનમંડળના પ્રધાનો પોતાના ખાતાની માગણીઓ ગૃહમાં ચર્ચા-વિચારણા માટે રજૂ કરે છે. ગૃહમાં હાજર રહેલા સભ્યોના મતદાનથી તે મંજૂર થાય છે.

(4) અંદાજપત્રમાં દર્શાવેલ આવકના વિવિધ સ્રોતો અને કરવેરાના પ્રસ્તાવો ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે.

→ લોકસભાએ પસાર કર્યા પછી જ નાણાકીય ખરડાને રાજ્યસભામાં મોકલવામાં આવે છે.

→ રાજ્યસભાએ તેની પર માત્ર ચર્ચા કરી, તેની ભલામણો સાથે કે ભલામણો વિના, 14 દિવસમાં તેને લોકસભાને પાછો મોકલવાનો હોય છે. આ મુદત દરમિયાન રાજ્યસભા નાણાકીય ખરડો લોકસભાને પરત ન કરે તોપણ તે પસાર થયેલો ગણાય છે.

→ રાજ્યસભાએ સૂચવેલી ભલામણો લોકસભા સ્વીકારે કે ન સ્વીકારે તોપણ નાણાકીય ખરડો બંને ગૃહોમાં પસાર થયેલો ગણાય છે.

→ ત્યારપછી તેને રાષ્ટ્રપ્રમુખની સહી માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપ્રમુખની સહી થતાં નાણાકીય ખરડો કાયદો બને છે.

(6) રાજ્યની ધારાસભાની રચના સમજાવો.

ઉત્તર : આપણા દેશમાં કેટલાંક રાજ્યોમાં ધારાસભા એકગૃહી છે, તો કેટલાંક રાજ્યોમાં દ્વિગૃહી છે.

→ રાજ્યની ધારાસભાનું નીચલું ગૃહ 'વિધાનસભા' અને ઉપલું ગૃહ 'વિધાનપરિષદ' કહેવાય છે.

વિધાનસભાની રચના : વિધાનસભાની રચના પ્રત્યક્ષ ચૂંટણીથી થાય છે.

→ વિધાનસભાની બેઠકો રાજ્યની વસ્તીના ધોરણે ફાળવવામાં આવે છે.

→ કોઈ પણ રાજ્યની વિધાનસભાની સંખ્યા 500થી વધુ અને 60થી ઓછી ન હોવી જોઈએ.

→ **25** વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતો અને કોઈ પ્રકારે કાયદેસર રીતે ગેરલાયક ઠર્યો ન હોય તેવો ભારતનો નાગરિક વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે છે.

→ વિધાનસભાના સભ્યોને રાજ્યના સામાન્ય મતદારો પુખ્તવય મતાધિકારના ધોરણે, ગુપ્ત મતદાન પદ્ધતિથી ચૂંટે છે.

→ વિધાનસભાની મુદત સામાન્ય રીતે **પાંચ** વર્ષની હોય છે. તેની મુદત પૂરી થતાં તેનું વિસર્જન થાય છે.

→ અસાધારણ સંજોગોમાં રાજ્યપાલ તેની મુદત થોડા સમય માટે લંબાવી શકે છે અથવા તેને મુદત પહેલાં બરખાસ્ત કરી શકે છે.

→ આ પ્રમાણે રચાયેલી વિધાનસભા પોતાના સભ્યોમાંથી સ્પીકર (અધ્યક્ષ) અને ડેપ્યુટી સ્પીકર (ઉપાધ્યક્ષ) ચૂંટે છે.

વિધાનપરિષદની રચના : વિધાનપરિષદ કાયમી ગૃહ છે. પરંતુ દર બે વર્ષને અંતે તેના સભ્યોની કુલ સંખ્યાના $\frac{1}{3}$ ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ બીજા નવા સભ્યો ચૂંટવામાં આવે છે. તેથી દરેક સભ્ય 6 વર્ષની મુદત માટે ચૂંટાય છે.

→ વિધાનપરિષદની સભ્યસંખ્યા વિધાનસભાના સભ્યોની સંખ્યાના $\frac{1}{3}$ ભાગથી વધારે ન હોવી જોઈએ તેમજ 40થી ઓછી પણ ન હોવી જોઈએ.

→ વિધાનપરિષદના સભ્યોની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે.

→ રાજ્યની વિધાનસભાના સભ્યો, રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સભ્યો, રાજ્યના નોંધાયેલા સ્નાતકો, માધ્યમિક શાળાના નોંધાયેલા શિક્ષકો તથા કૉલેજો અને યુનિવર્સિટીઓના નોંધાયેલા અધ્યાપકોનાં બનેલાં મતદારમંડળો વિધાનપરિષદના સભ્યોને ચૂંટે છે.

→ આ રીતે રચાયેલી વિધાનપરિષદ પોતાના સભ્યોમાંથી સ્પીકર (અધ્યક્ષ) અને ડેપ્યુટી સ્પીકર(ઉપાધ્યક્ષ)ને ચૂંટે છે.

(7) રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી, લાયકાત અને હોદ્દાની મુદત જણાવો.

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી : ભારતના રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી પરોક્ષ પદ્ધતિથી થાય છે.

→ સંસદનાં બંને ગૃહોના સભ્યો અને બધાં જ રાજ્યોની વિધાનસભાઓના સભ્યોનું બનેલું મતદારમંડળ રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી કરે છે.

→ રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી સપ્રમાણ પ્રતિનિધિત્વની પ્રથાથી, ગુપ્ત મતદાન પદ્ધતિ દ્વારા થાય છે. પ્રત્યેક સભ્યનો એક મત ગણાય છે.

→ સંસદસભ્ય અને દરેક ધારાસભ્યના મતનું મૂલ્ય અગાઉથી નક્કી કરવામાં આવે છે.

રાષ્ટ્રપ્રમુખની લાયકાતો : ભારતના રાષ્ટ્રપ્રમુખના પદ માટેનો ઉમેદવાર નીચેની લાયકાતો ધરાવતો હોવો જોઈએ :

→ તે ભારતના નાગરિક હોવા જોઈએ.

→ તેમની ઉંમર **35** વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ.

→ તે લોકસભાનો સભ્ય થવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ.

→ તે સંઘસરકાર કે રાજ્યસરકારનો પગારદાર નોકર ન હોવા જોઈએ.

→ તે સંસદ કે રાજ્યની ધારાસભાના સભ્ય ન હોવા જોઈએ. જો તે સભ્ય હોય, તો રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાય ત્યારે તેમને એ સભ્યપદેથી રાજીનામું આપવું પડે છે.

રાષ્ટ્રપ્રમુખના હોદ્દાની મુદત : રાષ્ટ્રપ્રમુખ જે દિવસે પોતાનો હોદ્દો સ્વીકારે, તે દિવસથી પાંચ વર્ષની મુદત સુધી તે એ હોદ્દા પર રહી શકે છે. તે પહેલાં તેઓ ઇચ્છે તો રાજીનામું આપીને હોદ્દાનો ત્યાગ કરી શકે છે. રાષ્ટ્રપ્રમુખ હોદ્દા પર ચાલુ હોય ત્યાં સુધી તેમની પર કોઈ ફોજદારી મુકદ્દમો ચલાવી શકાતો નથી કે તેમની ધરપકડ કે કેદનો હુકમ થઈ શકતો નથી.

→ બંધારણભંગના કે એવા અન્ય કોઈ રાષ્ટ્રીય હિતની દૃષ્ટિએ ગંભીર ગણાય એવા ગુના માટે સંસદ રાષ્ટ્રપ્રમુખને પદભ્રષ્ટ કરી શકે છે.

→ હોદ્દાની મુદત પૂરી થતાં રાષ્ટ્રપ્રમુખ બીજી વખત પ્રમુખપદ માટે ઉમેદવારી કરી શકે છે.

(8) ભારતના રાષ્ટ્રપ્રમુખની સત્તાઓ અને કાર્યોની સંક્ષેપમાં ચર્ચા કરો.

ઉત્તર : ભારતના રાષ્ટ્રપ્રમુખની સત્તાઓ અને કાર્યો નીચે મુજબ છે :

1. કારોબારી (વહીવટી) સત્તાઓ : ભારતના રાષ્ટ્રપ્રમુખ સંઘસરકારની કારોબારીના સર્વોચ્ચ વડા છે. લોકસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાને તે વડા પ્રધાન તરીકે નીમે છે. પ્રધાનમંડળના અન્ય પ્રધાનોની નિમણૂક તે વડા પ્રધાનની સલાહથી કરે છે. કારોબારીનાં બધાં જ કાર્યો રાષ્ટ્રપ્રમુખના નામે કરવામાં આવે છે.

→ રાષ્ટ્રપ્રમુખ ત્રણેય સંરક્ષણ દળોના વડા છે. તે અન્ય રાષ્ટ્રો સામે યુદ્ધ જાહેર કરવાની, યુદ્ધ બંધ કરવાની કે સંધિ કરવાની સત્તા ધરાવે છે.

→ ભારતના ઍટર્ની જનરલ, ક્રૉમ્પ્ટ્રોલર, ઑડિટર જનરલ, સર્વોચ્ચ અદાલત અને રાજ્યોની વડી અદાલતોના ન્યાયાધીશો, રાજ્યપાલો, ઉચ્ચ લશ્કરી અધિકારીઓ, કેટલાક સર્વોચ્ચ અધિકારીઓ વગેરેની નિમણૂક રાષ્ટ્રપ્રમુખ કરે છે.

→ તે ચૂંટણીપંચ, નાણાપંચ, જાહેર સેવા આયોગ વગેરેના અધ્યક્ષો અને સભ્યોની નિમણૂક કરે છે.

→ તે વિદેશોમાં ભારતના રાજદૂતો – એલચીઓની નિમણૂક કરે છે અને વિદેશી રાજદૂતોને માન્યતા આપે છે.

2. ધારાકીય સત્તાઓ : રાષ્ટ્રપ્રમુખ સંસદની બેઠકો બોલાવવાની, મુલતવી રાખવાની તથા લોકસભાને બરખાસ્ત કરવાની સત્તા ધરાવે છે.

→ તે સાહિત્ય, શિક્ષણ, વિજ્ઞાન, કલા, સમાજસેવા વગેરે ક્ષેત્રોની 12 નામાંકિત વ્યક્તિઓની રાજ્યસભામાં નિમણૂક કરે છે.

→ લોકસભામાં ઍંગ્લો-ઇન્ડિયનોને પૂરતું પ્રતિનિધિત્વ ન મળ્યું હોય ત્યારે એ વર્ગના બે પ્રતિનિધિઓ નીમવાની રાષ્ટ્રપ્રમુખને સત્તા છે.

→ સામાન્ય ચૂંટણીઓ પછી સંસદનાં બંને ગૃહોનું તે ઉદ્‌ઘાટન કરે છે તેમજ તે દર વર્ષે સંસદની પ્રથમ બેઠક સમયે બંને ગૃહોની સંયુક્ત સભા સમક્ષ 'અભિભાષણ' (પ્રવચન) કરે છે.

→ સંસદગૃહોએ પસાર કરેલા ખરડાઓ રાષ્ટ્રપ્રમુખની સહી વિના કાયદા બની શકતા નથી. નાણાકીય ખરડા સિવાયના ખરડા રાષ્ટ્રપ્રમુખ પુનર્વિચારણા માટે સંસદને પરત મોકલી શકે છે.

→ અંદાજપત્ર કે અન્ય કોઈ નાણાકીય ખરડો રાષ્ટ્રપ્રમુખની પૂર્વસંમતિથી જ લોકસભામાં દાખલ થઈ શકે છે.

→ કોઈ પણ ખરડા પર સંસદનાં બંને ગૃહો વચ્ચે મતભેદો પડે ત્યારે રાષ્ટ્રપ્રમુખ સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવે છે.

→ સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે તાકીદની પરિસ્થિતિ અંગે રાષ્ટ્રપ્રમુખ વટહુકમ બહાર પાડી શકે છે.

3. ન્યાયતંત્ર અંગેની સત્તાઓ : દેશની કોઈ પણ અદાલતે ગુનેગારને ફરમાવેલી સજા માફ કરવાની, ફોજદારી સજાઓનો અમલ મોકૂફ રાખવાની કે તે માટે મહેતલ આપવાની, બાકીની સજા માફ કરવાની તેમજ સજાનું સ્વરૂપ બદલવાની સત્તા રાષ્ટ્રપ્રમુખ ધરાવે છે. (બંધારણના ભંગ બદલ થયેલી કે લશ્કરી અદાલતે ફરમાવેલી સજામાં ફેરફાર કરવાની રાષ્ટ્રપ્રમુખને સત્તા નથી.)

→ તે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ તથા અન્ય ન્યાયાધીશો તેમજ રાજ્યોની વડી અદાલતોના મુખ્ય ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

→ બંધારણીય મડાગાંઠ અંગે કે કોઈ જાહેર હિતના પ્રશ્ન અંગે તે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોનો અભિપ્રાય માગી શકે છે.

4. નાણાકીય સત્તાઓ : રાષ્ટ્રપ્રમુખ દર વર્ષે નાણામંત્રી મારફતે લોકસભામાં કેન્દ્ર સરકારનું અંદાજપત્ર રજૂ કરાવે છે.

→ તે દર વર્ષે રેલમંત્રી મારફત લોકસભામાં રેલવેનું અંદાજપત્ર રજૂ કરાવે છે.

→ રાષ્ટ્રપ્રમુખની પરવાનગી વિના કોઈ પણ નાણાકીય ખરડો સંસદમાં (લોકસભામાં) રજૂ કરી શકાતો નથી.

→ સંઘ અને રાજ્યો વચ્ચે નાણાંની યોગ્ય વહેંચણી થાય એ માટે રાષ્ટ્રપ્રમુખ 'નાણાપંચ'ની નિમણૂક કરે છે અને તેની ભલામણોને સંસદ સમક્ષ રજૂ કરાવે છે.

→ રાષ્ટ્રપ્રમુખ દર વર્ષે સરકારના હિસાબની તપાસ વિશેનો ઑડિટર જનરલનો અહેવાલ, નાણાપંચનો અહેવાલ વગેરે સંસદ સમક્ષ રજૂ કરે છે.

→ તે આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે સંચિત નિધિમાંથી સંસદની મંજૂરી વિના પણ નાણાં આપી શકે છે.

5. કટોકટીવિષયક સત્તાઓ : બાહ્ય આક્રમણ કે આંતરિક અશાંતિના કારણે સમગ્ર દેશની કે તેના કોઈ પણ ભાગની સુરક્ષિતતા ભયમાં મુકાઈ ગઈ હોય ત્યારે રાષ્ટ્રપ્રમુખ એક જાહેરનામું બહાર પાડી કટોકટીની સ્થિતિ જાહેર કરે છે.

→ રાજ્યપાલના અહેવાલ પરથી કે અન્ય રીતે રાષ્ટ્રપ્રમુખને ખાતરી થાય કે રાજ્યમાં બંધારણના નિયમો પ્રમાણે વહીવટ ચાલી શકે તેમ નથી ત્યારે તે બંધારણીય કટોકટીનું જાહેરનામું બહાર પાડે છે અને રાજ્યની તમામ કારોબારી સત્તા પોતાને હસ્તક લઈ લે છે.

→ દેશમાં નાણાકીય સ્થિરતા જોખમમાં મુકાય ત્યારે રાષ્ટ્રપ્રમુખ નાણાકીય કટોકટીની જાહેરાત કરી શકે છે. એ પરિસ્થિતિ દરમિયાન તે બધા સરકારી કર્મચારીઓ અને ન્યાયાધીશોનાં વેતન-ભથ્થાં ઘટાડવાનો આદેશ આપી શકે છે.

*** (9) સંસદની સત્તાઓ અંગે ઉલ્લેખ કરો.**

ઉત્તર : સંસદની સત્તાઓ નીચે મુજબ છે :

1. ધારાકીય સત્તાઓ : સામાન્ય સંજોગોમાં સંસદ સંઘયાદી અને સંયુક્ત યાદીમાં સૂચવેલા વિષયો પર કાયદા ઘડે છે.

→ કટોકટીના સમયે સંસદ રાજ્યયાદી સહિત કોઈ પણ વિષય પર કાયદો ઘડી શકે છે.

→ સંસદની મંજૂરી વિના કોઈ પણ ખરડો કાયદો બની શકતો નથી.

→ નાણાકીય ખરડા સિવાયનો કોઈ પણ ખરડો સંસદના કોઈ પણ ગૃહમાં રજૂ થઈ શકે છે. નાણાકીય ખરડાઓની પ્રથમ રજૂઆત માત્ર લોકસભામાં જ થઈ શકે છે.

→ રાષ્ટ્રપ્રમુખ દ્વારા બહાર પાડવામાં આવતા વટહુકમ માટે વહેલામાં વહેલી તકે સંસદની મંજૂરી લેવી પડે છે. જો સંસદ મંજૂરી ન આપે, તો વટહુકમ આપોઆપ રદ થાય છે.

2. કારોબારી સત્તાઓ : લોકસભાને મંત્રીમંડળ પર અવિશ્વાસની દરખાસ્ત (Vote of no confidence) લાવવાની સત્તા છે. જો એ દરખાસ્ત પસાર થાય, તો મંત્રીમંડળને રાજીનામું આપવું પડે છે.

→ લોકસભા નાણામંત્રીએ રજૂ કરેલા નાણાકીય ખરડાને નામંજૂર કરીને સમગ્ર મંત્રીમંડળને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે.

→ સંસદના સભ્યો મંત્રીઓને રાજ્યવહીવટ સંબંધી પ્રશ્નો અને પેટા-પ્રશ્નો પૂછવાની તેમજ પ્રજાના જાહેર હિત પ્રત્યે મંત્રીઓનું ધ્યાન દોરવાની સત્તા ધરાવે છે.

→ સંસદની બેઠક ચાલુ હોય ત્યારે સંસદનો કોઈ પણ સભ્ય જાહેર હિતના મહત્ત્વના પ્રશ્ન પરત્વે મંત્રીમંડળનું ધ્યાન દોરવા સભા-મોકૂફીની દરખાસ્ત રજૂ કરી શકે છે.

→ સંસદ મંત્રીમંડળ વિરુદ્ધ ઠપકાની દરખાસ્ત પસાર કરે તોપણ મંત્રીમંડળે રાજીનામું આપવું પડે છે.

3. નાણાકીય સત્તાઓ : નાણામંત્રી અને રેલમંત્રીએ રજૂ કરેલાં અંદાજપત્રો મંજૂર કરવાં, આકસ્મિક ખર્ચનિધિમાંથી સરકારે ખર્ચેલી રકમ મંજૂર કરવી, સરકારે આગલા વર્ષે કરેલા ખર્ચનો ઑડિટ કરેલ હિસાબ અને અહેવાલ મંજૂર કરવો વગેરે સંસદની નાણાકીય સત્તાઓ છે.

→ અંદાજપત્રો સહિત તમામ નાણાકીય બાબતો પ્રથમ લોકસભામાં રજૂ કરવામાં આવે છે. લોકસભાએ પસાર કર્યા પછી જ તેને રાજ્યસભામાં મોકલવામાં આવે છે. રાજ્યસભાએ માત્ર ચર્ચા કરી 14 દિવસમાં નાણાકીય ખરડો લોકસભાને પાછો મોકલવાનો હોય છે. આ મુદત દરમિયાન રાજ્યસભા એ ખરડો લોકસભામાં પરત ન કરે તોપણ તે પસાર થયેલો ગણાય છે.

4. ન્યાયવિષયક સત્તાઓ : સંસદ લોકસભાના સ્પીકર અને ડેપ્યુટી સ્પીકર તેમજ રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને બંધારણના ભંગ બદલ કે કોઈ ગંભીર ગુના માટે બહુમતીથી ઠરાવ પસાર કરીને પદભ્રષ્ટ કરી શકે છે.

→ બંધારણના ભંગ બદલ કે દેશહિત વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરવાના આરોપસર સંસદ રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ, સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ન્યાયમૂર્તિઓ, મુખ્ય ચૂંટણી કમિશનર, ઑડિટર જનરલ કે ઍટર્ની જનરલ પર મહાભિયોગ (Impeachment) ચલાવી શકે છે અને $\frac{2}{3}$ બહુમતીથી આરોપ પુરવાર થયેલો જાહેર કરી તેમને હોદ્દા પરથી દૂર કરી શકે છે.

→ સંસદ પોતાના કોઈ પણ સભ્યને અસભ્ય વર્તણૂક માટે કે સભાગૃહના નિયમોના ભંગ બદલ તેનું સભ્યપદ નાબૂદ કરવાની, જેલમાં મોકલવાની શિક્ષા કરી શકે છે કે ગૃહમાં થોડા દિવસો માટે હાજરી ન આપવાનો આદેશ આપી શકે છે.

*** (10) ટૂંક નોંધ લખો : વડા પ્રધાનનું સ્થાન અને કારોબારી સત્તાઓ**

ઉત્તર : 1. વડા પ્રધાનનું સ્થાન : પ્રધાનમંડળમાં વડા પ્રધાનનું સ્થાન અજોડ છે. તે પ્રધાનમંડળના વડા છે.

→ લોકસભામાં સરકારી નીતિઓની તે પ્રધાનમંડળ વતી જાહેરાતો કરે છે.

→ **પ્રખ્યાત બંધારણશાસ્ત્રી ડૉ. જેનિંગના** શબ્દોમાં કહીએ તો, ''પ્રધાનમંડળમાં તે સૌથી વધુ મહત્ત્વની વ્યક્તિ છે. પ્રધાનમંડળની રચના, પ્રધાનમંડળ અને સંઘ, પ્રધાનમંડળ અને રાષ્ટ્રપ્રમુખ તથા રાજ્યવહીવટ સાથે વડા પ્રધાનનો ગાઢ સંબંધ હોય છે.''

→ પ્રધાનમંડળની બેઠકોમાં તે પ્રમુખસ્થાન લે છે. તે દરેક પ્રધાનના કામકાજ પર દેખરેખ રાખે છે.

→ બીજા પ્રધાનો તેમની ઇચ્છા અને લાગણીને માન આપે છે.

→ તે ગમે તે પ્રધાનને રાજીનામું આપવાનું જણાવી શકે છે. રાષ્ટ્રપ્રમુખ સાથે તે સતત સંપર્કમાં રહે છે.

→ પ્રધાનમંડળના અગત્યના નિર્ણયોની તે રાષ્ટ્રપ્રમુખને તાત્કાલિક જાણ કરે છે.

→ રાષ્ટ્રપ્રમુખનો અભિપ્રાય તે પ્રધાનમંડળ સમક્ષ રજૂ કરે છે. તે દેશની ગૃહનીતિ અને વિદેશનીતિ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

→ રાષ્ટ્રની પ્રગતિ અને તેના ભાવિનો આધાર મોટા ભાગે વડા પ્રધાનના નેતૃત્વ પર રહેલો છે.

→ **પ્રોફેસર શેટ્ટી અને મહાજનના** મત પ્રમાણે, **''વડા પ્રધાન પ્રધાનમંડળમાં સુકાનીરૂપ અને ચાવીરૂપ વ્યક્તિ (Key-man) છે.''**

2. વડા પ્રધાનની કારોબારી સત્તાઓ : ભારતના વડા પ્રધાનનાં મુખ્ય કાર્યો અને સત્તાઓ નીચે મુજબ છે :

→ વડા પ્રધાન રાષ્ટ્રપ્રમુખના આમંત્રણથી પ્રધાનમંડળ રચે છે. તેઓ દરેક પ્રધાનને એક કે વધારે ખાતાંનો વહીવટ સોંપે છે. તેઓ પોતે પણ એક કે વધારે ખાતાંનો વહીવટ સંભાળે છે.

→ તેઓ પ્રધાનોને પદભ્રષ્ટ કરવાનો, તેમનાં ખાતાં બદલવાનો અને સમગ્ર પ્રધાનમંડળની પુનર્રચના કરવાનો અધિકાર ધરાવે છે.

→ વડા પ્રધાન જ દેશની કારોબારીના વાસ્તવિક વડા છે. તેઓ દેશની આંતરિક નીતિ અને વિદેશનીતિ ઘડે છે તેમજ એ નીતિ અનુસાર કાર્ય કરવા માટે દરેક પ્રધાનને માર્ગદર્શન આપે છે.

→ વડા પ્રધાન પ્રધાનમંડળની બેઠકોનું અધ્યક્ષસ્થાન સંભાળે છે. તેઓ અગત્યની બાબતો અંગે ચર્ચા કરી નિર્ણયો લે છે.

→ તેઓ લોકસભામાં સરકારની નીતિઓની જાહેરાત કરે છે અને એ વિશેના ખુલાસા કરે છે તેમજ નીતિવિષયક નિર્ણયો લે છે.

→ વડા પ્રધાન પ્રધાનમંડળ અને રાષ્ટ્રપ્રમુખ વચ્ચે કડીરૂપ છે. પ્રધાનમંડળની બેઠકોમાં થયેલા ઠરાવો વિશે, દેશની સમગ્ર પરિસ્થિતિ વિશે તેમજ કેન્દ્ર સરકારના સમગ્ર વહીવટ વિશે વડા પ્રધાન રાષ્ટ્રપ્રમુખને વાકેફ કરે છે.

→ હોદ્દાની રૂએ વડા પ્રધાન નીતિપંચ(આયોજનપંચ)નું અધ્યક્ષપદ સંભાળે છે.

*** (11) ટૂંક નોંધ લખો : રાજ્યપાલનું સ્થાન અને કાર્યો**

ઉત્તર : રાજ્યપાલની નિમણૂક સંઘના પ્રધાનમંડળની સલાહ અનુસાર રાષ્ટ્રપ્રમુખ કરે છે.

→ 35 વર્ષ કે તેથી વધુ ઉંમરના ભારતના કોઈ પણ નાગરિકને રાષ્ટ્રપ્રમુખ એક કે તેથી વધુ રાજ્યોના રાજ્યપાલ તરીકે નીમી શકે છે.

→ રાજ્યપાલના હોદ્દાની મુદત પાંચ વર્ષની છે. પરંતુ એ મુદત પૂર્ણ થાય એ પહેલાં રાષ્ટ્રપ્રમુખ તેમને હોદ્દા પરથી દૂર કરી શકે છે અથવા રાજ્યપાલ સ્વેચ્છાથી રાજીનામું આપી શકે છે.

→ રાષ્ટ્રપ્રમુખ તેમના હોદ્દાની મુદત વધારી પણ શકે છે.

→ તે તેમની બીજા રાજ્યના રાજ્યપાલ તરીકે બદલી કરી શકે છે.

→ રાજ્યપાલ રાજ્યના બંધારણીય વડા છે.

→ તે રાજ્યની બધી કારોબારી સત્તાઓ ધરાવે છે.

→ રાજ્યનો તમામ વહીવટ રાજ્યપાલને નામે ચાલે છે.

→ તે વિધાનસભાના બહુમતી પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે અને મુખ્યમંત્રીની સલાહ અનુસાર પ્રધાનમંડળની રચના કરે છે.

→ રાજ્યપાલ રાજ્યના ઍડ્વોકેટ જનરલ તથા રાજ્યના જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક કરે છે.

→ રાષ્ટ્રપ્રમુખ રાજ્યપાલની સાથે મંત્રણા કરીને રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

→ રાજ્યપાલ રાજ્યની ધારાસભાની બેઠકો બોલાવવાની, તેને બરખાસ્ત કરવાની કે મુલતવી રાખવાની, વટહુકમો બહાર પાડવાની, રાજ્યની ધારાસભાએ પસાર કરેલા ખરડાઓ પર સહી કરી તેમને કાયદાઓનું સ્વરૂપ આપવાની વગેરે ધારાકીય સત્તાઓ ધરાવે છે.

→ રાજ્યની બધી યુનિવર્સિટીઓના હોદ્દાની રૂએ રાજ્યપાલ કુલાધિપતિ (ચાન્સેલર) હોય છે. તેઓ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરની નિમણૂક કરવાની ઔપચારિક સત્તા ધરાવે છે.

→ રાજ્યમાં રાષ્ટ્રપ્રમુખનું શાસન સ્થપાય તો તે રાષ્ટ્રપ્રમુખના પ્રતિનિધિ તરીકે રાજ્યનો વહીવટ ચલાવે છે.

→ રાજ્યમાં સામાન્ય ચૂંટણી પછી વિધાનસભામાં બહુમતીએ ચૂંટાઈ આવેલા પક્ષના નેતાની રાજ્યપાલ મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.

→ જો વિધાનસભામાં કોઈ પણ એક પક્ષને સ્પષ્ટ બહુમતી મળી ન હોય, તો જુદા જુદા પક્ષોએ સંગઠન સાધીને મેળવેલી બહુમતીના નેતાની કે અન્ય પક્ષોનો ટેકો ધરાવતા સૌથી મોટા પક્ષના નેતાની નિમણૂક રાજ્યપાલ મુખ્યમંત્રી તરીકે કરી શકે છે.

→ રાજ્યપાલ રાજ્યની કારોબારીના વડા છે. પરંતુ વાસ્તવમાં, રાજ્યપાલની લગભગ બધી જ સત્તાઓ મુખ્ય પ્રધાન અને તેમનું પ્રધાનમંડળ ભોગવે છે.

*** (12) રાષ્ટ્રપ્રમુખની કટોકટી વેળાની સત્તાઓ જણાવો.**

ઉત્તર : ભારતના રાષ્ટ્રપ્રમુખની કટોકટી વેળાની અસાધારણ સત્તાઓ નીચે મુજબ છે :

1. બાહ્ય કે આંતરિક અશાંતિ : બાહ્ય આક્રમણ કે આંતરિક અશાંતિના કારણે સમગ્ર દેશની કે તેના કોઈ પણ ભાગની સલામતી ભયમાં મુકાઈ ગઈ હોય ત્યારે રાષ્ટ્રપ્રમુખ એક જાહેરનામું બહાર પાડી કટોકટીની સ્થિતિ જાહેર કરે છે.

→ એ જાહેરનામા સાથે ભારતના બંધારણના સમવાયતંત્રની જોગવાઈઓ બિનઅસરકારક બને છે અને એકતંત્રી શાસનનો અમલ શરૂ થાય છે.

→ કટોકટીમાં સંઘસરકાર ભારતના નાગરિકોના મૂળભૂત હકો મોકૂફ રાખવાની તેમજ સમગ્ર દેશ માટે કોઈ પણ વિષય ઉપર કાયદો ઘડવાની સત્તા ધરાવે છે.

2. બંધારણીય કટોકટી : રાજ્યપાલના અહેવાલ પરથી કે અન્ય રીતે રાષ્ટ્રપ્રમુખને ખાતરી થાય કે રાજ્યમાં બંધારણના નિયમો પ્રમાણે વહીવટ ચાલી શકે એમ નથી ત્યારે તે બંધારણીય કટોકટીનું જાહેરનામું બહાર પાડે છે અને રાજ્યની તમામ કારોબારી સત્તા પોતાને હસ્તક લઈ લે છે.

→ તે રાજ્યના કાયદા ઘડવાની સત્તા સંઘસંસદને તેમજ રાજ્યની કારોબારી સત્તા કેન્દ્રના પ્રધાનમંડળને સોંપે છે.

→ રાજ્યના રાજ્યપાલ રાષ્ટ્રપ્રમુખના પ્રતિનિધિ તરીકે રાજ્યનો વહીવટ કરે છે.

→ આ પ્રમાણેનું રાજ્યમાં રાષ્ટ્રપ્રમુખ શાસન વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત સુધી અમલમાં રહી શકે છે.

3. નાણાકીય કટોકટી : દેશમાં નાણાકીય સ્થિરતા કે શાખ જોખમમાં મુકાય ત્યારે રાષ્ટ્રપ્રમુખ નાણાકીય કટોકટીની જાહેરાત કરી શકે છે.

→ એ પરિસ્થિતિ દરમિયાન બધા જ સરકારી કર્મચારીઓ અને ન્યાયાધીશોનાં વેતન-ભથ્થાં ઘટાડવાનો આદેશ આપી શકે છે.

→ નાણાકીય બાબતો અંગે અમુક ચોક્કસ સિદ્ધાંતોનું પાલન કરવા તે રાજ્યોને આદેશ આપી શકે છે.

→ નાણાકીય કટોકટીની પરિસ્થિતિ દરમિયાન રાજ્યોની વિધાન-સભાઓએ પસાર કરેલા નાણાકીય ખરડાને રાષ્ટ્રપ્રમુખની સંમતિ મોકલવામાં આવે છે.

(13) ટૂંક નોંધ લખો : વહીવટીતંત્ર (વહીવટી કારોબારી)

અથવા

"વહીવટીતંત્ર રાજકીય રીતે તટસ્થ રહેવું જોઈએ." આ વિધાન અંગે તમારાં મંતવ્યો જણાવો.

ઉત્તર : વહીવટી કારોબારી ગણાતા વહીવટીતંત્રને **સનંદી સેવા** કહેવામાં આવે છે.

→ સંઘસરકાર અને રાજ્ય સરકારોનું વહીવટીતંત્ર સમગ્ર દેશમાં પથરાયેલું છે.

→ તે આવકની વસૂલાત, કાયદો અને વ્યવસ્થાની જાળવણી, સરકારનાં વિવિધ ખાતાંનાં વહીવટી કાર્યોમાં મદદ, રોજબરોજનો વહીવટ વગેરે કામગીરી બજાવે છે.

→ દેશનાં સંખ્યાબંધ વિકાસલક્ષી કાર્યો વહીવટીતંત્ર દ્વારા પાર પડે છે.

→ વહીવટીતંત્ર સરકારની વિકાસલક્ષીની નીતિની રચના તથા વિકાસલક્ષી કાર્યક્રમોના આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

→ અનેક ક્ષેત્રોમાં નિષ્ણાત, વ્યાવસાયિક કુશળતા અને અનુભવ ધરાવતા, તજ્જ્ઞ અને બાહોશ વહીવટી અધિકારીઓ (સનદી અધિકારીઓ) સરકારની કરોડરજ્જુ ગણાય છે.

→ વહીવટીતંત્રના અમલદારો અને અધિકારીઓ તેમની નિવૃત્તિ વયમર્યાદા સુધી કામ કરે છે.

→ તેઓ સરકારની કામગીરીનું સાતત્ય જાળવે છે.

→ તેઓ પોતપોતાના ક્ષેત્રમાં કાર્યદક્ષ અને કાર્યક્ષમ હોવાથી સરકારની નીતિઓ અને કાર્યક્રમોના અસરકારક અમલમાં નોંધપાત્ર ફાળો આપે છે.

→ વહીવટીતંત્રના અમલદારો તેમની દીર્ઘકાલીન સેવાઓ દરમિયાન જુદા જુદા રાજકીય પક્ષોની સરકારો હેઠળ કામ કરતા હોવાથી તેમની પાસેથી રાજકીય નિષ્પક્ષતા અને તટસ્થતાની અપેક્ષા રાખવામાં આવે છે.

→ જો વહીવટીતંત્રના અમલદારો રાજકીય પક્ષોની વિચારસરણીથી દોરવાઈ જઈને કામ કરે, તો તેઓ પોતાની કર્તવ્યનિષ્ઠા અને કાર્યદક્ષતા ગુમાવે છે.

→ તેઓ લોકસેવકો તરીકેની તેમની પ્રતિષ્ઠા પણ ગુમાવે છે. દેશનાં વિકાસલક્ષી કાર્યોની ગતિ મંદ પડે છે. તેઓ પોતાની ફરજો પ્રત્યે નિષ્કાળજી દાખવે છે. તેમનામાં નકારાત્મક વલણ જન્મે છે, જે દેશના વહીવટીતંત્રને શિથિલ બનાવે છે. આથી દેશનું વહીવટીતંત્ર રાજકીય રીતે નિષ્પક્ષ રહેવું જોઈએ.

*** (14) સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ વિશે જણાવો.**

ઉત્તર : **ગ્રામ્ય કક્ષાએ સ્વશાસનની સંસ્થાઓ :** પંચાયતીરાજનું માળખું **ત્રણ** સ્તરનું છે : (1) ગ્રામ્ય કક્ષાએ ગ્રામપંચાયત, (2) તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત અને (3) જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત.

→ ગ્રામપંચાયતના વડાને **'સરપંચ'** કહે છે. ગામના નોંધાયેલા બધા મતદારો પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા સરપંચની ચૂંટણી કરે છે.

→ જે ગામના નોંધાયેલા બધા મતદારો ગ્રામપંચાયતના સભ્યો અને સરપંચની સર્વાનુમતે પસંદગી કરે છે, એ ગામને **'સમરસગામ'** કહે છે.

→ ગામનો સઘળો વહીવટ **'તલાટી-કમ-મંત્રી'** સંભાળે છે.

→ તાલુકા પંચાયતની ચૂંટાયેલી પાંખના નેતા **'તાલુકા પંચાયત પ્રમુખ'** કહેવાય છે; જ્યારે તાલુકા પંચાયતના વહીવટી વડા **'તાલુકા વિકાસ અધિકારી'(TDO)**ના નામે ઓળખાય છે.

→ જિલ્લા પંચાયતની ચૂંટાયેલી પાંખના નેતા **જિલ્લા પંચાયત પ્રમુખ** કહેવાય છે; જ્યારે જિલ્લા પંચાયતના વહીવટી વડા **'જિલ્લા વિકાસ અધિકારી'(DDO)**ના નામે ઓળખાય છે.

શહેરી કક્ષાએ સ્વશાસનની સંસ્થાઓ :

→ નગરપાલિકા, મહાનગરપાલિકા અને મહાનગરનિગમ (મૅગાસિટી) એ શહેરી સ્વશાસનની સંસ્થાઓ છે. આ સંસ્થાઓની ચૂંટણી ગુપ્ત મતદાન પદ્ધતિ દ્વારા પ્રત્યક્ષ રીતે થાય છે.

→ નગરપાલિકાના વડા **'પ્રમુખ'**ના નામે અને વહીવટી વડા **'ચીફ ઑફિસર'**ના નામે ઓળખાય છે.

→ મહાનગરપાલિકા અને મહાનગરનિગમના વડાને **'મેયર'** કહે છે. આ સંસ્થાઓના વહીવટી વડા **'મ્યુનિસિપલ કમિશનર'**ના નામે ઓળખાય છે. તેમની નિમણૂક રાજ્ય સરકાર કરે છે. મ્યુનિસિપલ કમિશનરના હાથ નીચે ટેક્નિકલ અને વહીવટી જ્ઞાન ધરાવતા ઝોનલ વડાઓ, અન્ય અધિકારીઓ તથા કર્મચારીઓનું તંત્ર હોય છે.

→ જાહેર સ્વચ્છતા અને આરોગ્ય, પીવાનું શુદ્ધ પાણી, રસ્તાઓ અને પુલો, દીવાબત્તી, ગટરવ્યવસ્થા, પ્રાથમિક શિક્ષણ, દવાખાનાં અને આરોગ્ય કેન્દ્રો, જન્મ-મરણની નોંધ વગેરે બાબતો અંગેનાં કામો એ શહેરી સ્વશાસનની સંસ્થાઓનાં ફરજિયાત કાર્યો છે.

→ રમતગમતનાં મેદાનો, બાગબગીચા, જાહેર જાજરૂ અને પેશાબખાનાં, સ્નાનગૃહ, પુસ્તકાલયો, માધ્યમિક શાળાઓ, વૃક્ષારોપણ, વરસાદી પાણીનો નિકાલ, જાહેર વ્યવહાર, શાકમાર્કેટો કે બજારોની વ્યવસ્થા, પ્રસૂતિગૃહો, સ્મશાનગૃહો, મનોરંજન, ગંદા વસવાટોની નાબૂદી વગેરે બાબતો અંગેનાં કામો એ શહેરી સ્વશાસનની સંસ્થાઓનાં મરજિયાત કાર્યો છે.

પ્રશ્ન 2. ટૂંક નોંધ લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

(1) ઉપરાષ્ટ્રપ્રમુખ

ઉત્તર : **1. લાયકાતો :** તે ભારતના નાગરિક હોવા જોઈએ.

→ તેમની ઉંમર 35 વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ.

→ તે રાજ્યસભાના સભ્ય થવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ.

→ તે ભારતીય સંઘ કે રાજ્યની સરકારના પગારદાર નોકર ન હોવા જોઈએ.

→ તે સંસદ કે રાજ્યની ધારાસભાના સભ્ય ન હોવા જોઈએ. જો તે સભ્ય હોય, તો ઉપરાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાય ત્યારે તેમણે એ સભ્યપદેથી રાજીનામું આપવું પડે છે.

2. ચૂંટણી : ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણી સંઘસંસદનાં બંને ગૃહોના સભ્યો સંયુક્ત બેઠકમાં ગુપ્ત મતદાન દ્વારા કરે છે.

3. મુદત : ઉપરાષ્ટ્રપ્રમુખના હોદ્દાની મુદત પાંચ વર્ષની છે. પરંતુ રાજ્યસભા અવિશ્વાસની દરખાસ્ત પસાર કરે અને લોકસભા તેને બહુમતીથી માન્ય રાખે તો ઉપરાષ્ટ્રપ્રમુખને પદભ્રષ્ટ કરી શકાય છે.

4. સત્તા અને કાર્યો : ઉપરાષ્ટ્રપ્રમુખ પોતાના હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ (સ્પીકર) બને છે.

→ કોઈ પણ સમયે રાષ્ટ્રપ્રમુખનું સ્થાન ખાલી પડતાં તે જગ્યાએ નવા રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી ન થાય ત્યાં સુધી ઉપરાષ્ટ્રપ્રમુખ, રાષ્ટ્રપ્રમુખ તરીકેની ફરજો બજાવે છે.

→ રાષ્ટ્રપ્રમુખ પોતાના હોદ્દાનું રાજીનામું ઉપરાષ્ટ્રપ્રમુખને સોંપે છે.

5. વેતન : સંસદે નક્કી કરેલાં પગાર અને ભથ્થાં ઉપરાષ્ટ્રપ્રમુખને આપવામાં આવે છે.

(2) અંદાજપત્ર

ઉત્તર : અંદાજપત્ર એ વાર્ષિક નાણાકીય નિવેદન છે.

→ રાષ્ટ્રપ્રમુખની પૂર્વસંમતિ મેળવીને સંઘસરકારના નાણાપ્રધાન દર વર્ષે પ્રથમ લોકસભામાં સંઘસરકારનાં આવક અને ખર્ચના અંદાજો દર્શાવતું નિવેદન રજૂ કરે છે.

→ તેમાં આગામી વર્ષ માટે સંઘસરકારનાં વિવિધ ખાતાઓના ખર્ચની માગણીઓ હોય છે.

→ આ ઉપરાંત, તેમાં દેશના નાગરિકો, ઉત્પાદકો, વેપારીઓ, ઉદ્યોગ-ગૃહો, આયાત-નિકાસ વગેરેના કરમાળખાની પણ વિગતો હોય છે. લોકસભા અંદાજપત્રમાં દર્શાવેલી ખર્ચની માગણીઓ દરખાસ્તો પર ચર્ચા કરે છે.


→ લોકસભા એ માગણીઓ મંજૂર કે નામંજૂર કરી શકે છે અથવા તેમાં ઘટાડો કરી શકે છે. પરંતુ તેમાં વધારો કરી શકતી નથી.

→ લોકસભા અંદાજપત્રની માગણીઓ મંજૂર કરે ત્યારે અંદાજપત્ર પસાર થયેલું ગણાય છે.

→ જો લોકસભા અંદાજપત્ર નામંજૂર કરે, તો સંઘસરકારને રાજીનામું આપવું પડે છે.

*** (3) રાજ્યની વિધાનસભાની કારોબારીવિષયક સત્તાઓ**

ઉત્તર :



→ વિધાનસભ્યો પ્રધાનોને વહીવટી કાર્યો અંગે પ્રશ્નો અને પેટાપ્રશ્નો પૂછી શકે છે.

→ તે અગત્યની બાબત કે બનાવ વિશે ચર્ચા કરવા સભામોકૂફીની દરખાસ્ત રજૂ કરી શકે છે.

→ તે પ્રધાનમંડળ ઉપર અવિશ્વાસનો ઠરાવ પસાર કરી તેને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે.

→ વિધાનસભાની સત્તાઓ ઘણી વિસ્તૃત હોવા છતાં કટોકટીના સમયમાં લોકસભા (સંસદનું નીચલું ગૃહ) તેના પર અંકુશ મૂકી શકે છે.

(4) રાજ્યની વિધાનસભાનાં ધારાકીય કાર્યો

ઉત્તર : સામાન્ય ખરડા ધારાસભાનાં બંને ગૃહોમાં રજૂ થઈ શકે છે. પરંતુ નાણાકીય ખરડો માત્ર વિધાનસભામાં જ રજૂ થઈ શકે છે.

→ વિધાનસભાએ પસાર કરેલો ખરડો વિધાનપરિષદ દ્વારા કેટલાક સુધારાઓ સાથે પસાર કરવામાં આવે અથવા નામંજૂર કરવામાં આવે અથવા 3 મહિનાની મુદતમાં વિધાનસભાને પરત મોકલવામાં ન આવે તો વિધાનસભા ફરીથી તે ખરડો પસાર કરી શકે છે.

→ જો વિધાનપરિષદ ફરીથી તે ખરડો નામંજૂર કરે અથવા તેમાં સુધારા કરે અથવા એક મહિનાની મુદતમાં વિધાનસભાને પરત ન મોકલે, તો તે ખરડો ધારાસભાએ પસાર થયેલો ગણાય છે.

→ રાજ્યની વિધાનસભાએ પસાર કરેલા ખરડાને રાજ્યપાલની સહી માટે મોકલવામાં આવે છે. રાજ્યપાલની સહી થતાં તે કાયદો બને છે.

→ રાજ્યની વિધાનસભા રાજ્યયાદીના વિષયો પર કાયદા ઘડે છે. તદુપરાંત, તે સંયુક્ત યાદીના વિષયો પર પણ કાયદા ઘડી શકે છે. પરંતુ સંયુક્ત યાદીના કોઈ પણ વિષય પર રાજ્યની ધારાસભાએ ઘડેલા કાયદા અને સંસદે ઘડેલા કાયદા વચ્ચે વિસંગતિ ઊભી થાય, તો સંસદે ઘડેલો કાયદો આખરી ગણાય છે.

*** (5) રાષ્ટ્રપ્રમુખની ધારાકીય સત્તાઓ અને વહીવટી સત્તાઓ**

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખની ધારાકીય સત્તાઓ : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(8)**ના ઉત્તરનો મુદ્દો **2. ધારાકીય સત્તાઓ.**

રાષ્ટ્રપ્રમુખની વહીવટી સત્તાઓ : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(8)**ના ઉત્તરનો મુદ્દો **1. કારોબારી (વહીવટી) સત્તાઓ.**

*** (6) રાજ્યસભાની ઉપયોગિતા અને મર્યાદા**

ઉત્તર : રાજ્યસભાની ઉપયોગિતા : ભારત **29** રાજ્યો અને રાષ્ટ્રીય રાજધાનીના પ્રદેશ – દિલ્લી સહિત **7** સંઘશાસિત પ્રદેશોનું બનેલું સંઘરાજ્ય (Union of States) છે.

→ ભારતની સંસદ દ્વિગૃહી છે.

→ રાજ્યસભા ભારતસંઘનાં રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવતું સંસદનું ઉપલું ગૃહ છે.

→ રાજ્યસભાના સભ્યો જુદાં જુદાં રાજ્યોમાંથી આવેલા હોય છે. તેઓ તેમનાં રાજ્યોના લોકોની ઇચ્છાઓ, માગણીઓ, પ્રશ્નો, સમસ્યાઓ વગેરેને સારી રીતે સમજી શકે છે અને ગૃહમાં તેની સારી રીતે રજૂઆત કરીને લોકોને ન્યાય અપાવી શકે છે, જે રાજ્યસભાની ઉપયોગિતા દર્શાવે છે.

→ આમ, સંઘના દરેક રાજ્યને સરકાર સમક્ષ રજૂઆતો કરવાની તકો મળે એ હેતુથી રાજ્યસભાની રચના કરવામાં આવી છે.

રાજ્યસભાની મર્યાદા : લોકસભાએ પ્રથમ પસાર કરેલો નાણાકીય ખરડો રાજ્યસભામાં ભલામણ અર્થે મોકલવામાં આવે છે. રાજ્યસભાએ તે ખરડા અંગે જરૂરી ભલામણો સહિત લોકસભાને 14 દિવસમાં પરત મોકલવો પડે છે. જો 14 દિવસમાં નાણાકીય ખરડો લોકસભામાં પરત ન કરવામાં આવે તો તે ખરડો રાજ્યસભામાં પસાર થયેલો માનવામાં આવે છે. લોકસભા, રાજ્યસભાની તમામ કે અંશતઃ ભલામણોનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે. રાજ્યસભાએ સૂચવેલી ભલામણોનો લોકસભામાં સ્વીકાર કરે તો બંને ગૃહોમાં સુધારેલો ખરડો પસાર થયેલો ગણાય છે; પરંતુ જો રાજ્યસભાની ભલામણોનો લોકસભા અસ્વીકાર કરે તો લોકસભામાં ફરીથી મૂળ સ્વરૂપે પસાર કરે તો નાણાકીય ખરડો બંને ગૃહોમાં પસાર કરેલો ગણાય છે. આમ, નાણાકીય બાબતોમાં રાજ્યસભાની સત્તા મર્યાદિત છે.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

*** (1) સત્તા વિશ્લેષનો સિદ્ધાંત એટલે શું?**

ઉત્તર : સત્તા વિશ્લેષનો સિદ્ધાંત એટલે સત્તાઓને એકબીજીથી અલગ રાખવાનો સિદ્ધાંત.

સરકારનાં કાર્યો એકબીજાંથી જુદાં હોય છે. તેથી એ કાર્યોને સરકારનાં ત્રણેય અંગો વચ્ચે વહેંચી દેવામાં આવ્યાં છે.

સત્તા વિશ્લેષના સિદ્ધાંત અનુસાર કાયદા ઘડવાની સત્તા ધારાસભાને કાયદાનો અમલ કરવાની સત્તા કારોબારીને અને કાયદા પ્રમાણે ન્યાય આપવાની સત્તા ન્યાયતંત્રને આપવામાં આવી છે. સરકારનો વહીવટ સરળ અને કાર્યક્ષમ બને એ માટે સત્તાનું વિશ્લેષ કરવું જરૂરી છે.

આમ છતાં, ધારાસભાને કાયદા ઘડવાની સત્તા છે, પરંતુ તે તેની સત્તાનો બેફામ ઉપયોગ ન કરે એ માટે કારોબારી અને ન્યાયતંત્રને ધારાસભા પર નિયંત્રણ રાખવાની કેટલીક સત્તા મળે છે. એ જ રીતે કારોબારી પર ધારાસભા અને ન્યાયતંત્ર દ્વારા નિયંત્રણ મૂકવામાં આવ્યું છે. પરંતુ ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી અલગ – સ્વતંત્ર રાખવામાં આવ્યું છે.

*** (2) સાંસદની લાયકાત કઈ છે?**

ઉત્તર : ભારતીય સંસદના સભ્ય માટેની લાયકાતો : (1) તે ભારતનો નાગરિક હોવો જોઈએ. (2) તેની ઉંમર 25 વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ. (3) તે સંઘસરકાર કે રાજ્યસરકારનો પગારદાર નોકર ન હોવો જોઈએ. (4) તે માનસિક રીતે અસ્થિર તેમજ નાદાર ન હોવો જોઈએ. (5) તે અદાલત દ્વારા ગુનેગાર પુરવાર થયેલો ન હોવો જોઈએ.

*** (3) રાજ્યસભાના સભ્યોની પસંદગી કઈ રીતે થાય છે?**

ઉત્તર : રાજ્યસભા સંસદનું ઉપલું ગૃહ છે. તે રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવે છે.

30 વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતો કોઈ પણ ભારતીય નાગરિક રાજ્યસભાના સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવી શકે છે. તે માનસિક રીતે અસ્થિર તેમજ નાદાર ન હોવો જોઈએ. રાજ્યસભાના સભ્યોની ચૂંટણી આડકતરી રીતે થાય છે. તેની કુલ સભ્યસંખ્યા 250ની છે. તેમાંથી 238 સભ્યોની ચૂંટણી પ્રત્યેક રાજ્યની અને સંઘપ્રદેશની વિધાનસભાના સભ્યો તેમની વસ્તીના ધોરણે કરે છે. બાકીના 12 સભ્યો રાષ્ટ્રપ્રમુખ સાહિત્ય, વિજ્ઞાન, કલા, શિક્ષણ, સમાજસેવા, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વગેરે ક્ષેત્રોમાં વિશેષ જ્ઞાન અને વિશિષ્ટ પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓને નીમે છે.

*** (4) સ્પીકર ગૃહની મર્યાદાના રક્ષક છે. શાથી?**

ઉત્તર : સ્પીકર લોકસભાની બેઠકો દરમિયાન ગૃહનું અધ્યક્ષ સ્થાન સંભાળે છે અને ગૃહમાં થતી ચર્ચા અને કાર્યવાહીનું તટસ્થતાથી સંચાલન કરે છે. તે લોકસભાનું ગૌરવ, શિસ્ત, વ્યવસ્થા અને માનમરતબો જાળવે છે. તે ગૃહના સભ્યોને પ્રશ્નો પૂછવાની મંજૂરી આપે છે. ગૃહની કાર્યવાહી દરમિયાન ઉપસ્થિત થતી ચર્ચાસ્પદ બાબતો પર તે ચુકાદા આપે છે. તેમના ચુકાદા – નિર્ણયો આખરી અને અંતિમ હોય છે. પોતાના આદેશનું ઉલ્લંઘન કરનાર સભ્યને સ્પીકર ગૃહના કર્મચારીઓ દ્વારા ગૃહમાંથી બહાર કાઢી શકે છે. ગૃહના સંચાલનમાં સભ્યો વારંવાર ખલેલ પહોંચાડતા હોય અને તેઓ સ્પીકરની વિનંતીને માન ન આપતા હોય ત્યારે સ્પીકર ગૃહનું કામકાજ સ્થગિત કરી શકે છે.

*** (5) મહાભિયોગની કાર્યવાહી શું છે? *અથવા***
રાષ્ટ્રપ્રમુખને કયા સંજોગોમાં અને કેવી રીતે પદભ્રષ્ટ કરી શકાય?

ઉત્તર : સંસદનાં બંને ગૃહો રાષ્ટ્રપ્રમુખ વિરુદ્ધ બંધારણભંગનું તહોમતનામું પસાર કરે તો જ રાષ્ટ્રપ્રમુખને તેમના હોદ્દા પરથી પદભ્રષ્ટ કરી શકાય. આ માટે સંસદના કોઈ પણ એક ગૃહે $\frac{2}{3}$ બહુમતીથી રાષ્ટ્રપ્રમુખ સામેનું લેખિત તહોમતનામું પસાર કરવાનું હોય છે અને બીજા ગૃહે તે તહોમતનામા ઉપર અદાલતી તપાસ કરવાની હોય છે. જો બીજું ગૃહ પણ $\frac{2}{3}$ બહુમતીથી રાષ્ટ્રપ્રમુખ પરનો આરોપ પુરવાર થયેલો જાહેર કરે, તો જ રાષ્ટ્રપ્રમુખને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

આ પ્રકારની કાર્યવાહીને 'મહાભિયોગ' (Impeachment) કહે છે.

(6) ભારતના રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી કેવી રીતે થાય છે?

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(7)**ના ઉત્તરનો મુદ્દો **1. રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી.**

(7) ભારતના રાષ્ટ્રપ્રમુખપદનો ઉમેદવાર શી લાયકાતો ધરાવતો હોવો જોઈએ?

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(7)**ના ઉત્તરનો મુદ્દો **2. રાષ્ટ્રપ્રમુખની લાયકાતો.**

(8) ભારતના રાષ્ટ્રપ્રમુખના હોદ્દાની મુદત વિશે ટૂંકમાં માહિતી આપો.

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(7)**ના ઉત્તરનો મુદ્દો **3. રાષ્ટ્રપ્રમુખના હોદ્દાની મુદત.**

(9) પ્રધાનમંડળની સંયુક્ત જવાબદારી એટલે શું?

ઉત્તર : આપણા બંધારણની જોગવાઈ મુજબ, પ્રધાનમંડળના બધા પ્રધાનો લોકસભાને સંયુક્ત રીતે જવાબદાર છે.

સરકારના તમામ નીતિવિષયક નિર્ણયોની જવાબદારી સમગ્ર પ્રધાનમંડળની સંયુક્ત ગણાય છે. જ્યારે લોકસભા બહુમતીથી કોઈ પણ એક પ્રધાન સામે નીતિવિષયક મુદ્દા અંગે અવિશ્વાસનો ઠરાવ પસાર કરે ત્યારે એ અવિશ્વાસનો ઠરાવ સમગ્ર પ્રધાનમંડળ સામેનો ગણાય છે. આવું બને ત્યારે સમગ્ર પ્રધાનમંડળને રાજીનામું આપવું પડે છે. આમ, સમગ્ર પ્રધાનમંડળ તેનાં કાર્યો માટે લોકસભાને સંયુક્ત રીતે જવાબદાર છે. આ જવાબદારીને 'પ્રધાનમંડળની સંયુક્ત જવાબદારી' કહેવામાં આવે છે.

(10) કોઈ પણ રાજ્યમાં રાષ્ટ્રપ્રમુખનું શાસન ક્યારે સ્થાપી શકાય?

ઉત્તર : દેશના કોઈ પણ રાજ્યમાં બંધારણ પ્રમાણે રાજ્યવહીવટ ચલાવવો અશક્ય બને એવી પરિસ્થિતિ સર્જાય ત્યારે રાષ્ટ્રપ્રમુખ રાજ્યપાલના એ વિશેના અહેવાલની ખાતરી કરીને, બંધારણની 356મી કલમ અનુસાર રાજ્યમાં ખાસ હુકમ દ્વારા કટોકટીની સ્થિતિ જાહેર કરે છે અને રાજ્યનો સંપૂર્ણ વહીવટ પોતાના હાથમાં લઈ રાજ્યમાં રાષ્ટ્રપ્રમુખનું શાસન સ્થાપે છે.

(11) વિધાનપરિષદના સભ્યપદના ઉમેદવારમાં શી લાયકાતો હોવી જોઈએ?

ઉત્તર : વિધાનપરિષદના સભ્યપદના ઉમેદવારની લાયકાતો નીચે મુજબ છે :

(1) તે ભારતનો નાગરિક અને રાજ્યનો વતની હોવો જોઈએ. (2) તેની ઉંમર ઓછામાં ઓછી 30 વર્ષની હોવી જોઈએ. (3) તે સરકારી કર્મચારી ન હોવો જોઈએ. (4) તે માનસિક રીતે અસ્થિર, નાદાન અને જેલની સજા પામેલ ગુનેગાર ન હોવો જોઈએ.

(12) રાજ્યપાલ કઈ કઈ ધારાકીય સત્તાઓ ધરાવે છે?

ઉત્તર : રાજ્યપાલ આ ધારાકીય સત્તાઓ ધરાવે છે : (1) રાજ્યની વિધાનસભાની બેઠકો બોલાવવી, (2) વિધાનસભાને વિખેરી નાખવી, (3) વટહુકમો બહાર પાડવા, (4) વિધાનસભાએ પસાર કરેલા ખરડા પર સહી કરી તેને કાયદા તરીકે મંજૂર કરવો વગેરે.

(13) 15 ઑગસ્ટનો દિવસ હતો. નીતા તેના પપ્પાની જોડે બેસીને ટીવી જોઈ રહી હતી. ટીવીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રવચન કરી રહ્યા હતા. નીતાના પપ્પાએ નીતાને પૂછ્યું કે વડા પ્રધાન ક્યાંથી પ્રવચન કરી રહ્યા છે? દેશના વડા પ્રધાન કઈ રીતે બની શકાય?

ઉત્તર : નીતાએ તેના પપ્પાને જણાવ્યું કે આજે ભારતનો સ્વાતંત્ર્યદિન છે. આ દિવસે દર વર્ષે દેશના વડા પ્રધાન દિલ્લીના લાલ કિલ્લા પરથી ધ્વજવંદન કરે છે તેમજ ઉપસ્થિત જનમેદની સમક્ષ પ્રજાજોગ સંદેશો આપતું પ્રવચન કરે છે.

દેશના વડા પ્રધાન બનવું હોય તો દેશમાં લોકસભાની ચૂંટણી થાય ત્યારે કોઈ રાષ્ટ્રીય પક્ષમાંથી, સંસદ-સભ્ય બનવાની લાયકાતો સાથે, ઉમેદવાર બનીને ચૂંટાઈ આવવું પડે છે. જો તેમનો પક્ષ લોકસભામાં સ્પષ્ટ બહુમતી મેળવે, તો એ પક્ષના સર્વમાન્ય નેતા તરીકે સ્થાન મેળવવું પડે છે. આમ, બહુમતી ધરાવતા પક્ષના એ નેતાને રાષ્ટ્રપ્રમુખ દેશના વડા પ્રધાન બનાવે છે.

(14) 26 જાન્યુઆરીનો દિવસ હતો. હેમંત તેના દાદા જોડે બેસીને ટીવી જોઈ રહ્યો હતો. દાદાએ હેમંતને પૂછ્યું કે ટીવીમાં કોણ, ક્યાંથી પ્રવચન કરી રહ્યા છે? તેમના જેવું બનવું હોય, તો કઈ કઈ લાયકાતો હોવી જોઈએ?

ઉત્તર : હેમંતે તેના દાદાને જણાવ્યું કે આજે પ્રજાસત્તાકદિનની પૂર્વ સંધ્યા છે. આ દિવસે દેશના રાષ્ટ્રપ્રમુખ દિલ્લીમાં આવેલા રાષ્ટ્રપ્રમુખ ભવનમાંથી દેશની પ્રજાને સંબોધન કરે છે. આજે ટીવીમાં દેશના રાષ્ટ્રપ્રમુખ શ્રી દ્રૌપદી મુર્મુ પ્રવચન કરી રહ્યા છે.

રાષ્ટ્રપ્રમુખ બનવું હોય તો દેશના નાગરિકમાં બંધારણે નક્કી કરેલ રાષ્ટ્રપ્રમુખની લાયકાતો હોવી જોઈએ. આ લાયકાતો માટે જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(7)**ના મુદ્દા **2**માં આપેલી વિગતો.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

*** (1) ભારતીય સંસદ દ્વિગૃહી છે.**

ઉત્તર : ભારતીય સંસદ બે ગૃહોની બનેલી છે : 1. નીચલું ગૃહ અને 2. ઉપલું ગૃહ. નીચલું ગૃહ 'લોકસભા'ના નામે ઓળખાય છે. તે પ્રજા દ્વારા સીધેસીધા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું બનેલું છે. ઉપલું ગૃહ 'રાજ્યસભા'ના નામે ઓળખાય છે. તે રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવે છે.

*** (2) રાજ્યસભા કાયમી ગૃહ છે. *અથવા***
રાજ્યસભા ક્યારેય બરખાસ્ત થતી નથી.

ઉત્તર : દર બે વર્ષને અંતે રાજ્યસભાના સભ્યોની કુલ સંખ્યાના $\frac{1}{3}$ ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ બીજા નવા સભ્યો ચૂંટાય છે. આખી રાજ્યસભા ક્યારેય બરખાસ્ત થતી નથી. આમ, રાજ્યસભા કાયમી ગૃહ છે.

*** (3) ભારતમાં સંસદ સર્વોપરી નથી, પરંતુ બંધારણ સર્વોપરી છે.**

ઉત્તર : ભારતીય સંસદે બંધારણમાં દર્શાવેલી મર્યાદાઓમાં રહીને પોતાની સત્તાઓ ભોગવવાની છે. સંસદે ઘડેલા કોઈ કાયદામાં બંધારણીય જોગવાઈઓનો ભંગ થતો હોય કે તે બંધારણ સાથે સુસંગત ન હોય, તો તેને અદાલતમાં પડકારી શકાય છે. અદાલતને ખાતરી થાય કે સંસદે ઘડેલો કાયદો બંધારણીય જોગવાઈઓનો ભંગ કરે છે, તો તે તેને ગેરબંધારણીય ગણીને રદબાતલ કરી શકે છે. આમ, ભારતમાં બંધારણ સર્વોપરી છે, સંસદ નહિ.

*** (4) સ્વતંત્ર, નિષ્પક્ષ ન્યાયતંત્ર લોકશાહીની આધારશિલા છે.**

ઉત્તર : ન્યાયાધીશો નિર્ભય રીતે અને પક્ષપાત વિના તટસ્થ રીતે ન્યાય આપી શકે એ માટે ભારતીય સંઘસરકારમાં ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. તે લોકશાહીનું મહત્ત્વનું લક્ષણ છે.

બંધારણે ભારતને લોકશાહી રાજ્ય જાહેર કરીને તેના સંરક્ષણનું કાર્ય ન્યાયતંત્રને સોંપ્યું છે. ન્યાયતંત્ર બંધારણના રક્ષક અને વાલી તરીકે કામ કરે છે. આથી કહી શકાય કે, સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર લોકશાહીની આધારશિલા છે.

*** (5) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ લોકશાહીની તાલીમશાળા અને બંધારણ(વહીવટ) સુધારણાની પ્રયોગશાળા છે.**

અથવા

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ લોકશાહીની તાલીમશાળા કહેવાય છે.

ઉત્તર : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની રચના અને વહીવટ લોકશાહી પદ્ધતિએ ચાલે છે. આથી આ સંસ્થાઓ દ્વારા લોકોને લોકશાસનના પ્રત્યક્ષ પાઠ શીખવા મળે છે. આ સંસ્થાઓ દ્વારા લોકોને મતાધિકારનું મહત્ત્વ સમજાય છે. તેમને યોગ્ય પ્રતિનિધિઓ પસંદ કરવાની અને કાર્યદક્ષ પ્રતિનિધિઓ તરીકે કાર્ય કરવાની તાલીમ મળે છે. આ તાલીમ અને અનુભવ તેમને ધારાસભાના કે કારોબારીના સભ્યો તરીકેની ફરજો બજાવવામાં ઉપયોગી થાય છે. સ્થાનિક સ્તરે નાગરિકો પોતાના રોજબરોજના પ્રશ્નોના નિરાકરણમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. સ્થાનિક કાર્યો કરતાં કરતાં તેમનામાં રાજ્ય કે રાષ્ટ્રના પ્રશ્નો વિશે પોતાનાં મંતવ્યો બાંધવાની સૂઝ વિકસે છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા નાગરિકોને ઘરઆંગણે લોકશાહીની પ્રણાલિકાઓ અને

કાર્યપદ્ધતિનો અનુભવ મળે છે. તેથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ 'લોકશાહીની તાલીમશાળા' છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના નીચલા સ્તરે વહીવટમાં કાયદાની અસ્પષ્ટતા કે વિસંગતતાને કારણે સર્જાતી સમસ્યાઓ કે પ્રશ્નોને ઉપલી કક્ષાએ હલ કરવામાં પૂરતી કાળજી, ચકાસણી અને સુધારણાનો અવકાશ રહે છે. તેથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને 'વહીવટ સુધારણાની પ્રયોગશાળા' પણ કહે છે.

*** (6) રાજ્યની વિધાનસભા રાજ્યના લોકોની ઇચ્છાનું પ્રતિબિંબ પાડે છે.**

ઉત્તર : ભારત પ્રજાસત્તાક લોકશાહી દેશ છે. ભારતમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ લોકોને જવાબદાર રહીને રાજ્યવહીવટ ચલાવે છે. વિધાનસભા રાજ્યની પ્રજા દ્વારા સીધેસીધા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું બનેલું ગૃહ છે. તેથી તે પ્રજાને પ્રત્યક્ષ રીતે જવાબદાર છે. રાજ્યની વિધાનસભા રાજ્યના લોકોની ઇચ્છા – લોકમત – મુજબ ધારાકીય અને કારોબારી કાર્યો કરે છે. વિધાનસભા પ્રજાના વિવિધ પ્રશ્નો, પોતાનાં કાર્યો વિશે પ્રજાના પ્રત્યાઘાતો, અભિપ્રાયો; લોકોની આશાઓ, આકાંક્ષાઓ, માગણીઓ જાણીને, સમજીને રાજ્યનો વહીવટ કરે છે. આમ, રાજ્યની વિધાનસભામાં રાજ્યના લોકોની ઇચ્છાનું પ્રતિબિંબ પડે છે.

*** (7) રાજ્યપાલ એ રાજ્ય અને કેન્દ્ર વચ્ચે કડીરૂપ ભૂમિકા અદા કરે છે.**

ઉત્તર : રાજ્યપાલની નિમણૂક કેન્દ્રના પ્રધાનમંડળની સલાહ અનુસાર રાષ્ટ્રપ્રમુખ કરે છે. રાજ્યપાલ રાજ્ય સરકારની કામગીરી વિશે રાષ્ટ્રપ્રમુખને વાકેફ કરે છે. રાજ્યમાં રાષ્ટ્રપ્રમુખનું શાસન સ્થપાય છે ત્યારે રાજ્યપાલ રાષ્ટ્રપ્રમુખના પ્રતિનિધિ તરીકે રાજ્યનો વહીવટ સંભાળે છે. આમ, રાજ્યપાલ એ રાજ્ય અને કેન્દ્ર વચ્ચે કડીરૂપ ભૂમિકા કરે છે.

*** (8) લોકસભા દેશની ચાવીરૂપ પ્રજાકીય સંસ્થા છે.**

ઉત્તર : લોકસભા પ્રજા દ્વારા સીધેસીધા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું બનેલું સંસદનું નીચલું ગૃહ છે. સંઘસરકાર પોતાનાં બધાં જ કાર્યો માટે લોકસભાને જ જવાબદાર છે. લોકસભામાં પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં આવે છે. લોકસભામાં પ્રજાના વિચારો, ઇચ્છાઓ, માગણીઓ, આકાંક્ષાઓનો પડઘો પડે છે અને એ પ્રમાણે કાયદા ઘડવામાં આવે છે. લોકસભાના સભ્યો લોકોની ઇચ્છાને વધારે સારી રીતે સમજી શકે છે. તેઓ પ્રજાના પ્રશ્નો અને સમસ્યાઓ ઉકેલે છે. આથી કહી શકાય કે, લોકસભા દેશની ચાવીરૂપ પ્રજાકીય સંસ્થા છે.

*** (9) રાજકીય કારોબારી અને વહીવટી કારોબારી વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો રાજ્યના સુશાસનની પૂર્વશરત છે.**

ઉત્તર : રાજકીય કારોબારી વહીવટીતંત્રનાં જુદાં જુદાં ક્ષેત્રોની નીતિઓ ઘડે છે અને વહીવટી કારોબારી એ નીતિઓનો કાર્યક્ષમતાથી અમલ કરે છે. વહીવટી કારોબારી રાજકીય કારોબારીને નીતિવિષયક બાબતોમાં સલાહ-સૂચનો આપે છે. તેમજ જરૂરી માહિતી અને આંકડા પૂરા પાડે છે. આ રીતે સરકારની નીતિઓના ઘડતરમાં અને અમલીકરણમાં વહીવટી કારોબારી રાજકીય કારોબારીને પીઠબળ પૂરું પાડે છે. વહીવટી કારોબારી સરકારની કરોડરજ્જુ સમાન છે.

રાજકીય કારોબારી પ્રજાના કલ્યાણ અને સુખાકારી માટે ચિંતા તથા ચિંતન કરતું મગજ છે; જ્યારે વહીવટી કારોબારી રાજકીય કારોબારીના હાથપગ છે. જેમ મગજની આજ્ઞા પ્રમાણે હાથ-પગ કામ કરે છે. તેમ રાજકીય કારોબારીની આજ્ઞા પ્રમાણે વહીવટી કારોબારી કામ કરે છે. સરકારની વિકાસયાત્રાની ગતિ સાતત્યપૂર્ણ રીતે જાળવી રાખવામાં વહીવટી કારોબારી મહત્ત્વનો ભાગ ભજવે છે.

આમ, રાજકીય કારોબારી અને વહીવટી કારોબારી વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો રાજ્યના સુશાસનની પૂર્વશરત છે.

*** (10) સક્ષમ અને બાહોશ સનદી અધિકારીઓ સરકારની કરોડરજ્જુ સમાન છે.**

ઉત્તર : નિષ્ણાત જ્ઞાન, વહીવટી ક્ષમતા અને સૂઝબૂઝ, બહોળો અનુભવ અને દીર્ઘદૃષ્ટિને કારણે સનદી અધિકારીઓ રાજ્યનો કાર્યક્ષમ વહીવટ કરી શકે છે. રાજ્યની કારોબારી (મંત્રીમંડળ) એ લોકકલ્યાણ અને સુખાકારીની ચિંતા અને ચિંતન કરતા મગજ સમાન છે; જ્યારે વહીવટી કારોબારીના સનદી અધિકારીઓ તેના હાથપગ છે. સરકારના કાયદા, નીતિઓ વગેરેનો અમલ સનદી અધિકારીઓ જ કરે છે. તેઓ સરકારને પીઠબળ પૂરું પાડે છે. આથી કહી શકાય કે, સક્ષમ અને બાહોશ સનદી અધિકારીઓ સરકારની કરોડરજ્જુ સમાન છે.

(11) રાષ્ટ્રપ્રમુખ નાણાકીય ખરડાને પુનર્વિચારણા માટે પાછો મોકલી શકતા નથી કે રોકી શકતા નથી.

ઉત્તર : ભારતના બંધારણની જોગવાઈ મુજબ સંસદમાં (લોકસભામાં) નાણાકીય ખરડો રજૂ કરતાં પહેલાં રાષ્ટ્રપ્રમુખની મંજૂરી લેવાનું આવશ્યક હોય છે. આમ, નાણાકીય ખરડો રાષ્ટ્રપ્રમુખની પૂર્વમંજૂરીથી જ સંસદમાં (લોકસભામાં) આવતો હોવાથી રાષ્ટ્રપ્રમુખ નાણાકીય ખરડાને પુનર્વિચારણા માટે સંસદ પર પાછો મોકલી શકતા નથી કે તેને રોકી શકતા નથી.

(12) રાષ્ટ્રપ્રમુખ સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવે છે.

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખ દરેક સત્રની શરૂઆતમાં બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી તેમની સમક્ષ અભિભાષણ કરે છે. આ ઉપરાંત, નાણાકીય ખરડા સિવાયના કોઈ ખરડા ઉપર સંસદનાં બંને ગૃહો વચ્ચે મતભેદ ઊભો થાય ત્યારે પણ રાષ્ટ્રપ્રમુખ બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવે છે અને હાજર રહેલા સભ્યોની બહુમતીથી નિર્ણય લે છે.

(13) ભારતના રાષ્ટ્રપ્રમુખને કટોકટીના સમયની વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવી છે.

ઉત્તર : સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે જો દેશમાં કોઈ પણ પ્રકારની કટોકટીની પરિસ્થિતિ સર્જાય તો એ સમયે સંસદ તાત્કાલિક કાયદો ઘડી શકતી નથી. એવી પરિસ્થિતિમાં દેશમાં શાંતિ અને સુવ્યવસ્થા જાળવવા માટે ભારતના બંધારણે રાષ્ટ્રપ્રમુખને કટોકટીના સમયની વિશિષ્ટ સત્તાઓ આપી છે.

(14) રાજ્યસભાના ચૅરમૅન(અધ્યક્ષ)ને ચૂંટવામાં આવતા નથી.

ઉત્તર : ભારતના બંધારણે કરેલી જોગવાઈ અનુસાર ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખ તેમના હોદ્દાની રૂએ રાજ્યસભાના ચૅરમૅન (અધ્યક્ષ) બને છે. તેથી રાજ્યસભાના ચૅરમૅન(અધ્યક્ષ)ને ચૂંટવામાં આવતા નથી.

(15) ભારતના રાષ્ટ્રપ્રમુખ રાજ્યસભામાં 12 સભ્યોની નિમણૂક કરે છે.

ઉત્તર : વિજ્ઞાન, સાહિત્ય, કલા, શિક્ષણ, સમાજસેવા, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વગેરે ક્ષેત્રોની નામાંકિત વ્યક્તિઓ એક યા બીજા કારણે ચૂંટણીના ચક્કરમાં પડવા માગતી નથી. આવી વિશેષ જ્ઞાન, વ્યવહાર અને અનુભવ ધરાવતી વ્યક્તિઓનાં જ્ઞાન અને અનુભવનો દેશને લાભ મળે એ હેતુથી રાષ્ટ્રપ્રમુખ રાજ્યસભામાં જુદાં જુદાં ક્ષેત્રોની 12 નામાંકિત વ્યક્તિઓની નિમણૂક કરે છે.

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) સરકારનાં અંગો કેટલાં છે? કયાં કયાં?

ઉત્તર : સરકારનાં અંગો ત્રણ છે : (1) ધારાસભા, (2) કારોબારી અને (3) ન્યાયતંત્ર.

(2) સરકારનાં ત્રણેય અંગો શું કાર્ય કરે છે?

ઉત્તર : સરકારનાં ત્રણેય અંગોનાં કાર્ય આ મુજબ છે : (1) ધારાસભા કાયદા ઘડે છે. (2) કારોબારી ધારાસભાએ ઘડેલા કાયદાઓનો અમલ કરે છે. (3) ન્યાયતંત્ર ન્યાય આપે છે તેમજ કાયદાનો ભંગ કરનારને સજા કે દંડ કરે છે.

(3) ભારતીય સંઘની સંસદમાં કોનો કોનો સમાવેશ થાય છે?

ઉત્તર : ભારતીય સંઘની સંસદમાં રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ, લોકસભા અને રાજ્યસભાનો સમાવેશ થાય છે.

(4) ભારતીય સંસદ કેટલાં ગૃહોની બનેલી છે? એ ગૃહો કયા કયા નામે ઓળખાય છે?

ઉત્તર : ભારતીય સંસદ બે ગૃહોની બનેલી છે. સંસદનું ઉપલું ગૃહ 'રાજ્યસભા'ના નામે અને નીચલું ગૃહ 'લોકસભા'ના નામે ઓળખાય છે.

(5) રાજ્યની ધારાસભાનાં ગૃહો કયા કયા નામથી ઓળખાય છે?

ઉત્તર : રાજ્યની ધારાસભાનું ઉપલું ગૃહ 'વિધાનપરિષદ' અને નીચલું ગૃહ 'વિધાનસભા'ના નામે ઓળખાય છે.

(6) ભારતનાં કયાં કયાં રાજ્યોમાં દ્વિગૃહી ધારાસભા છે?

ઉત્તર : ભારતનાં આ રાજ્યોમાં દ્વિગૃહી ધારાસભા છે : બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, જમ્મુ-કશ્મીર અને તેલંગણા.

(7) લોકસભાના સભ્યોની સંખ્યા કેટલી છે?

ઉત્તર : લોકસભાના સભ્યોની સંખ્યા 545 છે. તેમાં રાષ્ટ્રપ્રમુખે પસંદ કરેલા 2 ઍંગ્લો-ઇન્ડિયન પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

(8) લોકસભાના સભ્યપદ માટે કયો નાગરિક ઉમેદવારી નોંધાવી શકે છે?

ઉત્તર : જેની ઉંમર 25 વર્ષ કે તેથી વધારે હોય તેમજ સંસદે નક્કી કરેલ લાયકાત ધરાવતો હોય તેમજ તે નાદાર કે અસ્થિર મગજનો ન હોય, કેન્દ્ર કે રાજ્ય સરકારમાં સવેતન હોદ્દો ધરાવતો ન હોય અને સક્ષમ અદાલત દ્વારા ગુનેગાર પુરવાર થયેલ ન હોય એવો ભારતનો કોઈ પણ નાગરિક લોકસભાના સભ્યપદ માટે ઉમેદવારી નોંધાવી શકે છે.

* **(9) લોકસભા અને રાજ્યસભાની કાર્યસાધક સંખ્યા કેટલી છે?**

ઉત્તર : લોકસભાની કાર્યસાધક સંખ્યા 545 છે અને રાજ્યસભાની કાર્યસાધક સંખ્યા 250 છે.

(10) રાજ્યસભાના સભ્યોની ચૂંટણી કોણ કરે છે?

ઉત્તર : રાજ્યસભાના સભ્યોની ચૂંટણી રાજ્યો અને સંઘપ્રદેશોની વિધાનસભાના સભ્યો કરે છે.

(11) રાષ્ટ્રપ્રમુખ રાજ્યસભાના 12 સભ્યો તરીકે કેવી વ્યક્તિઓને નિમણૂક કરે છે?

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખ રાજ્યસભાના 12 સભ્યો તરીકે આવી વ્યક્તિઓની નિમણૂક કરે છે : સાહિત્ય, વિજ્ઞાન, કલા, શિક્ષણ, સમાજસેવા, રમતગમત, સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રે વિશેષ જ્ઞાન અને વ્યવહારિક અનુભવ ધરાવતી વ્યક્તિઓ.

(12) રાજ્યસભાના સભ્યપદ માટેના ઉમેદવારની વયમર્યાદા શી છે?

ઉત્તર : રાજ્યસભાના સભ્યપદ માટેના ઉમેદવારની વયમર્યાદા 30 વર્ષની છે.

(13) સામાન્ય રીતે સંસદનાં બંને ગૃહોનાં વર્ષમાં કેટલાં સત્રો મળે છે? કયાં કયાં?

ઉત્તર : સામાન્ય રીતે સંસદનાં બંને ગૃહોનાં ત્રણ સત્રો મળે છે : (1) અંદાજપત્ર સત્ર, (2) ચોમાસું સત્ર અને (3) શિયાળુ સત્ર.

(14) રાજ્યસભાના ચૅરમૅન (અધ્યક્ષ) કોણ બને છે?

ઉત્તર : ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખ પોતાના હોદ્દાની રૂએ રાજ્યસભાના ચૅરમૅન (અધ્યક્ષ) બને છે.

(15) રાજ્યસભાના પ્રથમ ચૅરમૅન (અધ્યક્ષ) કોણ હતા?

ઉત્તર : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ રાજ્યસભાના પ્રથમ ચૅરમૅન (અધ્યક્ષ) હતા.

(16) લોકસભાના સ્પીકર(અધ્યક્ષ)નું મુખ્ય કાર્ય શું છે?

ઉત્તર : લોકસભાના સ્પીકર(અધ્યક્ષ)નું મુખ્ય કાર્ય લોકસભાનું કામકાજ વ્યવસ્થિતપણે અને ચોક્કસ નીતિ-નિયમો પ્રમાણે ચલાવવાનું તેમજ ગૃહમાં શિસ્ત, વ્યવસ્થા અને ગૌરવ જાળવવાનું છે.

(17) ગૃહના અધ્યક્ષ પોતાનો કાસ્ટિંગ વૉટ (નિર્ણાયક મત) ક્યારે આપે છે?

ઉત્તર : જ્યારે ગૃહની કાર્યવાહીમાં કોઈ પ્રશ્ન કે સમસ્યા અંગે તેમજ ખરડા પરની ચર્ચા-વિચારણાને અંતે, નિર્ણય વખતે સરખા મત પડે ત્યારે અધ્યક્ષ પોતાનો કાસ્ટિંગ વૉટ (નિર્ણાયક મત) આપે છે.

(18) લોકસભાના પ્રથમ અધ્યક્ષ કોણ હતા?

ઉત્તર : શ્રી ગણેશ વાસુદેવ માવળંકર લોકસભાના પ્રથમ અધ્યક્ષ હતા.

(19) અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં ગૃહનું સંચાલન કોણ કરે છે?

ઉત્તર : અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંનેની ગેરહાજરીમાં ગૃહના સંચાલન માટે વિવિધ રાજકીય પક્ષોના પીઢ, અનુભવી અને સંસદીય પ્રક્રિયાના જાણકાર તજ્જ્ઞ સભ્યોની એક **'સ્પીકર્સ પૅનલ'** તૈયાર કરવામાં આવે છે. આ પૅનલના સભ્યો અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંનેની ગેરહાજરીમાં ગૃહનું કામકાજ સંભાળે છે.

(20) ખરડો કોને કહે છે?

ઉત્તર : કાયદા માટેની દરખાસ્તને 'ખરડો' કહે છે.

(21) સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક કોણ બોલાવી શકે છે? ક્યારે?

ઉત્તર : જ્યારે સંસદનાં બંને ગૃહો વચ્ચે કોઈ ખરડો પસાર કરવા અંગે મતભેદ ઊભો થાય ત્યારે રાષ્ટ્રપ્રમુખ સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે.

(22) સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠકનું સંચાલન કોણ કરે છે?

ઉત્તર : સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠકનું સંચાલન લોકસભાના સ્પીકર (અધ્યક્ષ) કરે છે.

(23) નાણાકીય ખરડો પ્રથમ સંસદના કયા ગૃહમાં રજૂ થઈ શકે છે?

ઉત્તર : નાણાકીય ખરડો પ્રથમ સંસદના નીચલા ગૃહમાં (લોકસભામાં) રજૂ થઈ શકે છે.

(24) નાણાકીય ખરડો કેન્દ્રમાં અને રાજ્યમાં કોની ભલામણથી રજૂ થાય છે?

ઉત્તર : નાણાકીય ખરડો કેન્દ્રમાં રાષ્ટ્રપ્રમુખની અને રાજ્યમાં રાજ્યપાલની ભલામણથી રજૂ થાય છે.

(25) ખરડો પ્રવર સમિતિને ક્યારે સોંપવામાં આવે છે?

ઉત્તર : કોઈ ખરડો ખૂબ મહત્ત્વનો હોય અથવા ખરડા પર ગંભીર વિચારણાની જરૂર હોય ત્યારે બીજા વાચન પછી વધુ વિચારણા માટે ખરડો જે-તે વિષયના તજજ્ઞો, વિશેષ જ્ઞાન ધરાવતા સભ્યોની 'પ્રવર સમિતિ'ને સોંપવામાં આવે છે.

(26) પ્રવર સમિતિ શું કાર્ય કરે છે?

ઉત્તર : પ્રવર સમિતિ સંસદે સોંપેલા ખરડા ઉપર ચર્ચા-વિચારણા કરીને સુધારાવધારા સૂચવે છે અને એ અંગેનો અહેવાલ તૈયાર કરે છે.

(27) ખરડો નાણાકીય કે બિનનાણાકીય પ્રકારનો છે તે કોણ નક્કી કરે છે?

ઉત્તર : ખરડો નાણાકીય કે બિનનાણાકીય પ્રકારનો છે તે લોકસભાના સ્પીકર (અધ્યક્ષ) નક્કી કરે છે.

(28) નાણાકીય ખરડો કોને કહે છે?

ઉત્તર : અંદાજપત્રને લગતી બાબતો ધરાવતા ખરડાને તેમજ નાણાકીય જોગવાઈઓ ધરાવતા ખરડાને નાણાકીય ખરડો કહે છે.

(29) કેન્દ્રના મંત્રીમંડળને રાજીનામું આપવાની ફરજ ક્યારે પડે છે?

ઉત્તર : લોકસભા કેન્દ્રના મંત્રીમંડળ ઉપર અવિશ્વાસની દરખાસ્ત બહુમતીથી પસાર કરે અથવા અંદાજપત્ર નામંજૂર કરે તો તેને રાજીનામું આપવાની ફરજ પડે છે.

(30) રાષ્ટ્રપ્રમુખને કયા સંજોગોમાં અને કેવી રીતે પદભ્રષ્ટ કરી શકાય?

ઉત્તર : બંધારણના ભંગ બદલ કે દેશહિત વિરુદ્ધ પ્રવૃત્તિઓના આરોપસર રાષ્ટ્રપ્રમુખ પર 'મહાભિયોગ' (Impeachment) ચલાવી $\frac{2}{3}$ બહુમતીથી તેમને પદભ્રષ્ટ કરી શકાય.

(31) બંધારણે વિધાનસભાની સભ્યસંખ્યા કેટલી નક્કી કરી છે?

ઉત્તર : બંધારણે વિધાનસભાની સભ્યસંખ્યા ઓછામાં ઓછી 60ની અને વધુમાં વધુ 500 નક્કી કરી છે.

(32) વિધાનસભાના સભ્યપદ માટે કેવી વ્યક્તિ ઉમેદવારી નોંધાવી શકે છે?

ઉત્તર : જેની ઉંમર 25 વર્ષ કે તેથી વધારે હોય તેમજ જેને કોઈ પ્રકારે કાયદાથી ગેરલાયક ઠરાવ્યો ન હોય એવો ભારતનો કોઈ પણ નાગરિક વિધાનસભાના સભ્યપદ માટે ઉમેદવારી નોંધાવી શકે છે.

(33) વિધાનપરિષદના સભ્યોની ચૂંટણી કોણ કરે છે?

ઉત્તર : વિધાનપરિષદના સભ્યોની ચૂંટણી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, નોંધાયેલા સ્નાતકો, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષકો અને અધ્યાપકોનું બનેલું મતદારમંડળ કરે છે.

(34) સંઘસરકારની કારોબારીમાં કોનો કોનો સમાવેશ થાય છે?

ઉત્તર : સંઘસરકારની કારોબારીમાં રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ અને વડા પ્રધાન સહિત તેમના નેતૃત્વ હેઠળના પ્રધાનમંડળનો સમાવેશ થાય છે.

(35) વહીવટી અધિકારીઓની સેવાને કઈ સેવા તરીકે ઓળખવામાં આવે છે?

ઉત્તર : વહીવટી અધિકારીઓની સેવાને 'સનદી સેવા' તરીકે ઓળખવામાં આવે છે.

(36) સંઘસરકારના બંધારણીય વડા કોણ છે?

ઉત્તર : સંઘસરકારના બંધારણીય વડા રાષ્ટ્રપ્રમુખ છે.

(37) ભારતના રાષ્ટ્રપ્રમુખપદના ઉમેદવારની ઉંમર કેટલી હોવી જોઈએ?

ઉત્તર : ભારતના રાષ્ટ્રપ્રમુખપદના ઉમેદવારની ઉંમર ઓછામાં ઓછી 35 કે તેથી વધારે વર્ષની હોવી જોઈએ.

(38) રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી કરનાર મતદારમંડળમાં કોનો કોનો સમાવેશ થાય છે?

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી કરનાર મતદારમંડળમાં લોકસભા અને રાજ્યસભાના સભ્યો તથા રાજ્યોની વિધાનસભાઓના સભ્યોનો સમાવેશ થાય છે.

(39) રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી કઈ પદ્ધતિથી અને કેટલાં વર્ષ માટે થાય છે?

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી પરોક્ષ પદ્ધતિથી 5 વર્ષ માટે થાય છે.

(40) રાષ્ટ્રપ્રમુખ વડા પ્રધાન તરીકે કઈ વ્યક્તિને નીમે છે?

ઉત્તર : સામાન્ય ચૂંટણીઓ પછી લોકસભામાં ચૂંટાઈ આવેલા બહુમતી પક્ષના નેતાને રાષ્ટ્રપ્રમુખ વડા પ્રધાન તરીકે નીમે છે.

(41) ભારતનાં સંરક્ષણદળોના સર્વોચ્ચ વડા કોણ છે?

ઉત્તર : ભારતનાં સંરક્ષણદળોના સર્વોચ્ચ વડા રાષ્ટ્રપ્રમુખ છે.

(42) રાષ્ટ્રપ્રમુખ કઈ કઈ વ્યક્તિઓની નિમણૂક કરે છે?

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખ રાજ્યોના રાજ્યપાલો, સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ, ઍટર્ની જનરલ, ચૂંટણીપંચના મુખ્ય ચૂંટણી

અધિકારીઓ, જાહેર સેવા પંચના અધ્યક્ષ અને તેના સભ્યો, વિદેશોમાં ભારતના રાજદૂતો વગેરેની નિમણૂક કરે છે.

(43) ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણી કોણ કરે છે?

ઉત્તર : ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણી લોકસભા અને રાજ્યસભાના સભ્યોનું બનેલું મતદારમંડળ કરે છે.

(44) ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખના ઉમેદવારની ઉંમર કેટલી હોવી જોઈએ?

ઉત્તર : ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખના ઉમેદવારની ઉંમર 35 કે તેથી વધારે વર્ષની હોવી જોઈએ.

(45) પોતાના હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ કોણ બને છે?

ઉત્તર : પોતાના હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ ઉપરાષ્ટ્ર-પ્રમુખ બને છે.

(46) રાષ્ટ્રપ્રમુખ પોતાના હોદ્દાનું રાજીનામું કોને સોંપે છે?

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખ પોતાના હોદ્દાનું રાજીનામું ઉપરાષ્ટ્રપ્રમુખને સોંપે છે.

(47) સંઘસરકારની કારોબારીના વાસ્તવિક વડા કોણ છે?

ઉત્તર : સંઘસરકારની કારોબારીના વાસ્તવિક વડા વડા પ્રધાન છે.

(48) રાજ્યની કારોબારીમાં કોનો કોનો સમાવેશ થાય છે?

ઉત્તર : રાજ્યની કારોબારીમાં રાજ્યપાલ (ગવર્નર) અને રાજ્યના મુખ્ય પ્રધાન સહિત તેમના નેતૃત્વ હેઠળના પ્રધાનમંડળનો સમાવેશ થાય છે.

(49) રાજ્યપાલની નિમણૂક કોણ કરે છે?

ઉત્તર : રાજ્યપાલની નિમણૂક કેન્દ્રીય પ્રધાનમંડળની સલાહ મુજબ રાષ્ટ્રપ્રમુખ કરે છે.

(50) રાજ્યપાલની ઉંમર કેટલી હોવી જોઈએ?

ઉત્તર : રાજ્યપાલની ઉંમર 35 કે તેથી વધારે વર્ષની હોવી જોઈએ.

(51) રાજ્યપાલ રાજ્યના મુખ્ય પ્રધાન તરીકે કઈ વ્યક્તિને નીમે છે?

ઉત્તર : સામાન્ય ચૂંટણીઓ પછી વિધાનસભામાં ચૂંટાઈ આવેલા બહુમતી પક્ષના નેતાને રાજ્યપાલ મુખ્ય પ્રધાન તરીકે નીમે છે.

(52) યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરની નિમણૂક કોણ કરે છે?

ઉત્તર : યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરની નિમણૂક રાજ્યપાલ કરે છે.

(53) ગુજરાતના મુખ્ય પ્રધાન અને તેમના પ્રધાનમંડળનું કાર્યાલય ક્યાં આવેલું છે?

ઉત્તર : ગુજરાતના મુખ્ય પ્રધાન અને તેમના પ્રધાનમંડળનું કાર્યાલય નવા સચિવાલય – સ્વર્ણિમભવન, ગાંધીનગરમાં આવેલું છે.

(54) રાજ્યના પ્રધાનમંડળમાં કેટલી કક્ષાના મંત્રીઓ હોય છે?

ઉત્તર : રાજ્યના પ્રધાનમંડળમાં કુલ ચાર કક્ષાના મંત્રીઓ હોય છે : (1) કૅબિનેટ મંત્રીઓ, (2) રાજ્યકક્ષાના મંત્રીઓ, (3) નાયબ મંત્રીઓ અને (4) સંસદીય સચિવ.

*** (55) અમલદારીશાહીનાં અનિષ્ટો જણાવો.**

ઉત્તર : અમલદારીનાં મુખ્ય અનિષ્ટો : તુમારશાહી, લાગવગ, સગાવાદ, ભ્રષ્ટાચાર, અપ્રમાણિકતા, બિનકાર્યક્ષમતા, ગેરરીતિઓ, જવાબદારીમાંથી પલાયન થવાની વૃત્તિ.

(56) ગુજરાત સરકારે રાજ્યમાંથી લાંચરુશવતની બદી રોકવા માટે શી વ્યવસ્થા કરી છે?

ઉત્તર : ગુજરાત સરકારે રાજ્યમાંથી લાંચરુશવતની બદી રોકવા માટે લાંચરુશવત વિરોધી બ્યૂરો (ઍન્ટિ કરપ્શન બ્યૂરો) નામે એક સ્વતંત્ર વિભાગ શરૂ કર્યો છે અને તેનો ટોલ ફ્રી ફોન નંબર (1800 2334 4444) જાહેર કરીને પ્રજાની ફરિયાદો સાંભળવાની વ્યવસ્થા ગોઠવી છે.

(57) શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કઈ કઈ છે?

ઉત્તર : શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ નગરપાલિકા, મહાનગરપાલિકા અને મહાનગરનિગમ છે.

(58) ગુજરાતમાં પંચાયતીરાજની સંસ્થાઓ કઈ કઈ છે?

ઉત્તર : ગુજરાતમાં પંચાયતીરાજની સંસ્થાઓ ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત છે.

(59) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ શાની તાલીમશાળા અને પ્રયોગશાળા કહેવાય છે?

ઉત્તર : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ 'લોકશાહીની તાલીમશાળા અને વહીવટ સુધારણાની પ્રયોગશાળા' કહેવાય છે.

(60) 'પંચાયતીરાજ' અને 'સ્વશાસનની સંસ્થાઓ' કઈ રીતે અસ્તિત્વમાં આવી?

ઉત્તર : ઈ. સ. 1992માં કરવામાં આવેલા 73મા અને 74મા બંધારણીય સુધારાથી અનુક્રમે 'પંચાયતીરાજ' અને 'સ્વશાસનની સંસ્થાઓ' અસ્તિત્વમાં આવી.

(61) મહાનગરપાલિકાના વહીવટી વડા કયા નામે ઓળખાય છે?

ઉત્તર : મહાનગરપાલિકાના વહીવટી વડા 'મ્યુનિસિપલ કમિશનર'ના નામે ઓળખાય છે.

(62) કયા સિદ્ધાંત અનુસાર ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર રાખવામાં આવે છે?

ઉત્તર : સત્તા વિશ્લેષના સિદ્ધાંત અનુસાર ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર રાખવામાં આવે છે.

પ્રશ્ન 6. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારતીય સંસદ દ્વિગૃહી છે, કારણ કે ...

ઉત્તર : ભારતીય સંસદ બે ગૃહોની બનેલી છે : (1) નીચલું ગૃહ અને (2) ઉપલું ગૃહ. નીચલું ગૃહ 'લોકસભા'ના નામે અને ઉપલું ગૃહ 'રાજ્યસભા'ના નામે ઓળખાય છે.

(2) રાજ્યસભા કાયમી ગૃહ છે, કારણ કે ...

ઉત્તર : દર બે વર્ષને અંતે રાજ્યસભાના સભ્યોની કુલ સંખ્યાના $\frac{1}{3}$ ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ બીજા નવા સભ્યો ચૂંટાય છે. આખી રાજ્યસભા ક્યારેય બરખાસ્ત થતી નથી.

(3) ભારતમાં સંસદ સર્વોપરી નથી, પરંતુ બંધારણ સર્વોપરી છે, કારણ કે ...

ઉત્તર : ભારતીય સંસદે બંધારણમાં દર્શાવેલી મર્યાદાઓમાં રહીને પોતાની સત્તાઓ ભોગવવાની છે. સંસદે ઘડેલા કોઈ કાયદામાં બંધારણીય જોગવાઈઓનો ભંગ થતો હોય કે તે બંધારણ સાથે સુસંગત ન હોય, તો તેને અદાલતમાં પડકારી શકાય છે.

(4) સ્વતંત્ર, નિષ્પક્ષ ન્યાયતંત્ર લોકશાહીની આધારશિલા છે, કારણ કે ...

ઉત્તર : ન્યાયાધીશો નિર્ભય રીતે અને પક્ષપાત વિના તટસ્થ રીતે ન્યાય આપી શકે એ માટે ભારતીય સંઘસરકારમાં ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે.

(5) રાજ્યની વિધાનસભા રાજ્યના લોકોની ઇચ્છાનું પ્રતિબિંબ પાડે છે, કારણ કે ...

ઉત્તર : રાજ્યની વિધાનસભા રાજ્યના લોકોની ઇચ્છા – લોકમત – મુજબ ધારાકીય અને કારોબારી કાર્યો કરે છે. વિધાનસભા પ્રજાના વિવિધ પ્રશ્નો, પોતાનાં કાર્યો વિશે પ્રજાના પ્રત્યાઘાતો, અભિપ્રાયો; લોકોની આશાઓ, આકાંક્ષાઓ, માગણીઓ જાણીને, સમજીને રાજ્યનો વહીવટ કરે છે.

(6) રાજ્યપાલ રાજ્ય અને કેન્દ્ર વચ્ચે કડીરૂપ ભૂમિકા અદા કરે છે, કારણ કે ...

ઉત્તર : રાજ્યપાલની નિમણૂક કેન્દ્રના પ્રધાનમંડળની સલાહ અનુસાર રાષ્ટ્રપ્રમુખ કરે છે. રાજ્યપાલ રાજ્ય સરકારની કામગીરી વિશે રાષ્ટ્રપ્રમુખને વાકેફ કરે છે. રાજ્યમાં રાષ્ટ્રપ્રમુખનું શાસન સ્થપાય છે ત્યારે રાજ્યપાલ રાષ્ટ્રપ્રમુખના પ્રતિનિધિ તરીકે રાજ્યનો વહીવટ સંભાળે છે.

(7) લોકસભા દેશની ચાવીરૂપ પ્રજાકીય સંસ્થા છે, કારણ કે ...

ઉત્તર : લોકસભા પ્રજા દ્વારા સીધેસીધા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું બનેલું સંસદનું નીચલું ગૃહ છે. સંઘસરકાર પોતાનાં બધાં જ કાર્યો માટે લોકસભાને જ જવાબદાર છે. લોકસભામાં પ્રજાના વિચારો, ઇચ્છાઓ, માગણીઓ, આકાંક્ષાઓનો પડઘો પડે છે અને એ પ્રમાણે કાયદા ઘડવામાં આવે છે.

(8) રાષ્ટ્રપ્રમુખ સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવે છે, કારણ કે ...

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખ દરેક સત્રની શરૂઆતમાં બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી તેમની સમક્ષ અભિભાષણ કરે છે. આ ઉપરાંત, નાણાકીય ખરડા સિવાયના કોઈ ખરડા ઉપર સંસદનાં બંને ગૃહો વચ્ચે મતભેદ ઊભો થાય ત્યારે પણ રાષ્ટ્રપ્રમુખ બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવે છે.

(9) ભારતના રાષ્ટ્રપ્રમુખને કટોકટીના સમયની વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવી છે, કારણ કે ...

ઉત્તર : સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે જો દેશમાં કોઈ પણ પ્રકારની કટોકટીની પરિસ્થિતિ સર્જાય તો એ સમયે સંસદ તાત્કાલિક કાયદો ઘડી શકતી નથી. એવી પરિસ્થિતિમાં દેશમાં શાંતિ અને સુવ્યવસ્થા જાળવવા માટે ભારતના બંધારણે રાષ્ટ્રપ્રમુખને કટોકટીના સમયની વિશિષ્ટ સત્તાઓ આપી છે.

(10) ભારતસંઘનું પ્રધાનમંડળ માત્ર લોકસભાને જવાબદાર છે, કારણ કે ...

ઉત્તર : ભારતસંઘના બંધારણની જોગવાઈ મુજબ પ્રધાનમંડળના બધા પ્રધાનો લોકો દ્વારા પ્રત્યક્ષ ચૂંટણીથી ચૂંટાયેલી લોકસભાને સંયુક્ત રીતે જવાબદાર છે. જ્યારે લોકસભા બહુમતીથી કોઈ એક પ્રધાન સામે નીતિવિષયક મુદ્દા અંગે અવિશ્વાસનો ઠરાવ પસાર કરે ત્યારે તે અવિશ્વાસનો ઠરાવ સમગ્ર પ્રધાનમંડળ સામેનો ગણાય છે. આવું બને ત્યારે સમગ્ર પ્રધાનમંડળને રાજીનામું આપવું પડે છે.

(11) રાજ્યસભાના ચૅરમૅન(અધ્યક્ષ)ને ચૂંટવામાં આવતા નથી, કારણ કે ...

ઉત્તર : ભારતના બંધારણે કરેલી જોગવાઈ અનુસાર ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખ તેમના હોદ્દાની રૂએ રાજ્યસભાના ચૅરમૅન (અધ્યક્ષ) બને છે.

(12) ભારતના રાષ્ટ્રપ્રમુખ રાજ્યસભામાં 12 સભ્યોની નિમણૂક કરે છે, કારણ કે ...

ઉત્તર : વિજ્ઞાન, સાહિત્ય, કલા, શિક્ષણ, સમાજસેવા, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વગેરે ક્ષેત્રોની નામાંકિત વ્યક્તિઓ એક યા બીજા કારણે ચૂંટણીના ચક્કરમાં પડવા માગતી નથી. આવી વિશેષ જ્ઞાન, વ્યવહાર અને અનુભવ ધરાવતી વ્યક્તિઓનાં જ્ઞાન અને અનુભવનો દેશને લાભ મળે એ હેતુથી રાષ્ટ્રપ્રમુખ રાજ્યસભામાં જુદાં જુદાં ક્ષેત્રોની 12 નામાંકિત વ્યક્તિઓની નિમણૂક કરે છે.

પ્રશ્ન 7. નીચેના પારિભાષિક શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) લોકસભા

ઉત્તર : ભારતની સંસદનું નીચલું ગૃહ 'લોકસભા' કહેવાય છે. તે પ્રજા દ્વારા સીધેસીધા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું બનેલું છે. સામાન્ય રીતે લોકસભાની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. લોકસભાની કુલ સભ્ય-સંખ્યા 545 છે. જો ઍંગ્લો-ઇન્ડિયન જાતિના કોઈ સભ્ય ન ચૂંટાયો હોય, તો રાષ્ટ્રપ્રમુખ એ જાતિના 2 સભ્યોની લોકસભામાં નિમણૂક કરે છે. દરેક રાજ્યને તેની વસ્તીની સંખ્યના પ્રમાણમાં લોકસભાની બેઠકો ફાળવવામાં આવે છે.

(2) રાજ્યસભા

ઉત્તર : રાજ્યસભા એ દેશનાં રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવતું સંસદનું ઉપલું ગૃહ છે. તે કાયમી ગૃહ છે. તેનું ક્યારેય વિસર્જન (બરખાસ્ત) થતું નથી. પરંતુ દર બે વર્ષને અંતે તેના સભ્યોની કુલ સંખ્યાના $\frac{1}{3}$ ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેમની જગ્યાએ તેટલા જ બીજા નવા સભ્યો ચૂંટાય છે.

(3) ખરડો

ઉત્તર : કાયદા માટેની દરખાસ્ત ખરડો કહેવાય છે. ખરડાના બે પ્રકાર છે : (1) સામાન્ય ખરડો અને (2) નાણાકીય ખરડો.

(4) નાણાકીય ખરડો

ઉત્તર : અંદાજપત્રને લગતી બાબતો ધરાવતા ખરડાને તેમજ નાણાકીય જોગવાઈઓ ધરાવતા ખરડાને નાણાકીય ખરડો કહે છે.

(5) પ્રવર સમિતિ

ઉત્તર : પ્રવર સમિતિ એ સંસદના જે-તે વિષયના તજ્જ્ઞ અને વિશેષ જ્ઞાન ધરાવતા સભ્યોની બનેલી હોય છે. કોઈ મહત્ત્વનો ખરડો હોય અથવા ખરડા ઉપર ગંભીર વિચારણાની જરૂર હોય, તો વધુ વિચારણા માટે ખરડાને પ્રવર સમિતિને સોંપવામાં આવે છે.

(6) અંદાજપત્ર

ઉત્તર : અંદાજપત્ર એ વાર્ષિક નાણાકીય નિવેદન છે. રાષ્ટ્રપ્રમુખની પૂર્વસંમતિ મેળવીને સંઘસરકારના નાણાપ્રધાન દર વર્ષે પ્રથમ લોકસભામાં સંઘસરકારની આવક અને ખર્ચના અંદાજો દર્શાવતું નિવેદન રજૂ કરે છે. તેમાં આગામી વર્ષ માટે સંઘસરકારનાં વિવિધ ખાતાંઓના ખર્ચની માગણીઓ હોય છે.

(7) સરપંચ

ઉત્તર : ગ્રામપંચાયતના વડાને સરપંચ કહે છે. ગામના નોંધાયેલા બધા મતદારો પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા સરપંચની ચૂંટણી કરે છે.

(8) સત્તા વિશ્લેષનો સિદ્ધાંત

ઉત્તર : સત્તા વિશ્લેષનો સિદ્ધાંત એટલે સત્તાઓને એકબીજીથી અલગ રાખવાનો સિદ્ધાંત. આ સિદ્ધાંત અનુસાર કાયદા ઘડવાની સત્તા ધારાસભાને, કાયદાનો અમલ કરવાની સત્તા કારોબારીને અને કાયદા પ્રમાણે ન્યાય આપવાની સત્તા ન્યાયતંત્રને સોંપવામાં આવી છે. સરકારનો વહીવટ સરળ અને કાર્યક્ષમ બને એ માટે સત્તાનું વિશ્લેષ કરવું જરૂરી છે.

(9) મહાભિયોગ

ઉત્તર : જુઓ પ્રશ્ન **3**ના પેટાપ્રશ્ન **(5)**નો ઉત્તર.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ····· દ્વારા રાજ્યસભામાં 12 સભ્યો નીમાય છે.
A. વડા પ્રધાન B. મુખ્ય ન્યાયમૂર્તિ
C. રાષ્ટ્રપ્રમુખ

(2) ····· સંસદના અભિન્ન અંગ સમાન છે.
A. રાષ્ટ્રપ્રમુખ B. વડા પ્રધાન C. ન્યાયાધીશ

(3) નાણાકીય ખરડો પ્રથમ ·····માં જ રજૂ થઈ શકે છે.
A. સંસદ B. રાજ્યસભા C. લોકસભા

(4) આયોજનપંચ(નીતિપંચ)ના અધ્યક્ષ હોદ્દાની રૂએ ····· જ છે.
A. રાષ્ટ્રપ્રમુખ B. વડા પ્રધાન C. ઉપરાષ્ટ્રપ્રમુખ

(5) સરખા મત પડે ત્યારે કાસ્ટિંગ વૉટ ····· આપે છે.
A. વિરોધપક્ષના નેતા B. અધ્યક્ષ (સ્પીકર) C. વડા પ્રધાન

(6) પંચાયતીરાજનું માળખું ····· છે.
A. ત્રિસ્તરીય B. પાંચ સ્તરીય C. દ્વિસ્તરીય

(7) સંસદમાં અંદાજપત્ર ····· રજૂ કરે છે.
A. રાષ્ટ્રપ્રમુખ B. વડા પ્રધાન C. નાણાપ્રધાન

(8) બંધારણીય 73મા સુધારાથી ·····ની જોગવાઈ કરવામાં આવી છે.
A. લોકશાહી B. પંચાયતીરાજ C. લોકઅદાલતો

(9) શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ·····, ····· અને ····· છે.
A. નગર પંચાયત, મહાનગરપાલિકા, મહાનગરનિગમ
B. નગરપાલિકા, મહાનગરપાલિકા, મહાનગરનિગમ
C. શહેર પંચાયત, મહાનગરપાલિકા, મહાનગરનિગમ

(10) ····· યાદીના વિષયો પર કાયદો ઘડવાની સત્તા કેન્દ્ર અને રાજ્યને છે.
A. સંઘ B. રાજ્ય C. સંયુક્ત

ઉત્તર : (1) રાષ્ટ્રપ્રમુખ (2) રાષ્ટ્રપ્રમુખ (3) લોકસભા (4) વડા પ્રધાન (5) અધ્યક્ષ (સ્પીકર) (6) ત્રિસ્તરીય (7) નાણાપ્રધાન (8) પંચાયતીરાજ (9) નગરપાલિકા, મહાનગરપાલિકા, મહાનગરનિગમ (10) સંયુક્ત

---

(11) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક ····· કરે છે.
A. વડા પ્રધાન B. રાષ્ટ્રપ્રમુખ C. ઉપરાષ્ટ્રપ્રમુખ

(12) ગુજરાતમાં ····· ધારાસભા નથી.
A. પ્રથમ B. દ્વિતીય C. દ્વિગૃહી

(13) ····· એ સંસદનું નીચલું ગૃહ છે.
A. વિધાનસભા B. લોકસભા C. રાજ્યસભા

(14) ····· એ સંસદનું ઉપલું ગૃહ છે.
A. લોકસભા B. રાજ્યસભા C. વિધાનસભા

(15) કાયદા માટેની દરખાસ્ત ····· કહેવાય છે.
A. ખરડો (વિધેયક) B. કાનૂન C. સૂચના

(16) રાષ્ટ્રપ્રમુખની ગેરહાજરીમાં ····· ફરજો બજાવે છે.
A. વડા પ્રધાન B. મુખ્ય ન્યાયાધીશ C. ઉપરાષ્ટ્રપ્રમુખ

(17) ગ્રામપંચાયતનો વહીવટ ····· સંભાળે છે.
A. તલાટી-કમ-મંત્રી B. સરપંચ C. વિકાસ અધિકારી

(18) તાલુકા પંચાયતની વહીવટી પાંખના વડા ····· કહેવાય છે.
A. પ્રમુખ B. તાલુકા વિકાસ અધિકારી C. તાલુકા કમિશનર

(19) રાજ્યના મુખ્યમંત્રીની નિમણૂક ····· દ્વારા કરવામાં આવે છે.
A. રાષ્ટ્રપ્રમુખ B. ઉપરાષ્ટ્રપ્રમુખ C. રાજ્યપાલ

(20) વિધાનસભાના સભ્યોની સંખ્યા .....થી ઓછી નહિ અને .....થી વધારે હોઈ શકશે નહિ.
A. 40, 400 B. 60, 500 C. 20, 200

ઉત્તર : (11) રાષ્ટ્રપ્રમુખ (12) દ્વિગૃહી (13) લોકસભા (14) રાજ્યસભા (15) ખરડો (વિધેયક) (16) ઉપરાષ્ટ્રપ્રમુખ

(17) તલાટી-કમ-મંત્રી (18) તાલુકા વિકાસ અધિકારી (19) રાજ્યપાલ
(20) 60, 500

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) સત્તા વિશ્લેષના સિદ્ધાંત અનુસાર ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારી સાથે જોડી દેવામાં આવ્યું છે.
(2) સંસદનું ઉપલું ગૃહ 'રાજ્યસભા' કહેવાય છે.
(3) રાષ્ટ્રપ્રમુખ રાષ્ટ્રીય કટોકટીમાં લોકસભાની મુદત બે વર્ષ સુધી લંબાવી શકે છે.
(4) રાજ્યની વિધાનસભામાં નાણાકીય ખરડો રાષ્ટ્રપ્રમુખની ભલામણથી રજૂ થાય છે.
(5) મહારાષ્ટ્રમાં ધારાસભાનાં બે ગૃહો છે.
(6) રાષ્ટ્રપ્રમુખ પોતાના હોદ્દાનું રાજીનામું ઉપરાષ્ટ્રપ્રમુખને સોંપે છે.
(7) રાજ્યપાલની નિમણૂક મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવે છે.
(8) તાલુકા પંચાયતની ચૂંટાયેલી પાંખના નેતા તાલુકા પંચાયત પ્રમુખ કહેવાય છે.
(9) ભારત સંસદીય લોકશાહી ઘરાવતું પ્રજાસત્તાક રાજ્ય છે.
(10) ગુજરાતમાં ધારાસભાનાં બે ગૃહો છે.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખોટું (5) ખરું (6) ખરું (7) ખોટું (8) ખરું (9) ખરું (10) ખોટું

(11) વડા પ્રધાન સંસદનાં બંને ગૃહોનું સત્ર બોલાવે છે.
(12) રાષ્ટ્રપ્રમુખે લોકસભાનું વિસર્જન કર્યું હોય તો તે પગલાને અદાલતમાં પડકારી શકાય છે.
(13) કોરમ એટલે ગૃહની 'કાર્યસાધક' સંખ્યા.
(14) રાજ્યસભાના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા 238 છે.
(15) રાજ્યસભાના પ્રથમ ચેરમૅન ડૉ. રાજેન્દ્રપ્રસાદ હતા.
(16) રાષ્ટ્રપ્રમુખ સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે.
(17) બધા જ નાણાકીય ખરડા પ્રથમ રાજ્યસભામાં જ રજૂ કરવામાં આવે છે.
(18) રાષ્ટ્રપ્રમુખ રાષ્ટ્રના વડા તથા ભારતીય પ્રજાસત્તાકના પ્રથમ નાગરિક છે.
(19) રાજ્યપાલની સત્તા વ્યવહારમાં વડા પ્રધાન અને તેમનું પ્રધાનમંડળ ભોગવે છે.
(20) દેશનું બંધારણ એ દેશનો મૂળભૂત કાનૂન છે.

ઉત્તર : (11) ખોટું (12) ખોટું (13) ખરું (14) ખરું (15) ખોટું (16) ખરું (17) ખોટું (18) ખરું (19) ખોટું (20) ખરું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં ઉત્તર લખો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) ધારાસભાએ ઘડેલા કાયદાઓનો અમલ કરવાનું કામ કોણ કરે છે? – **કારોબારી**
(2) કાયદાનો ભંગ કરનારને સજા અથવા દંડ કરવાનું કાર્ય કોણ કરે છે? – **ન્યાયતંત્ર**
(3) દેશની મહત્ત્વની અને સર્વોપરી સંસ્થા કઈ છે? – **સંસદ**
(4) કોની સહી થયા પછી જ ખરડો કાયદો બને છે? – **રાષ્ટ્રપ્રમુખની**
(5) રાષ્ટ્રપ્રમુખ કોની સલાહથી જ લોકસભાનું વિસર્જન કરી શકે છે? – **વડા પ્રધાનની**
(6) કોરમ એટલે શું? – **ગૃહની કાર્યસાધક સંખ્યા**
(7) સંઘ (કેન્દ્ર) કક્ષાએ કયા ગૃહનું વિસર્જન થતું નથી? – **રાજ્યસભાનું**
(8) હોદ્દાની રૂએ રાજ્યસભાના ચેરમૅન (સભાપતિ) કોણ બને છે? – **ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખ**
(9) રાજ્યસભાના પ્રથમ ચેરમૅન કોણ હતા? – **ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**
(10) લોકસભાના પ્રથમ અધ્યક્ષ કોણ હતા? – **ગણેશ વાસુદેવ માવળંકર**
(11) કાયદા માટેની દરખાસ્તને શું કહે છે? – **ખરડો (વિધેયક)**
(12) સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક કોણ બોલાવી શકે છે? – **રાષ્ટ્રપ્રમુખ**
(13) સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠકનું સંચાલન કોણ સંભાળે છે? – **લોકસભાના અધ્યક્ષ (સ્પીકર)**
(14) વહીવટી અધિકારીઓની સેવાને કઈ સેવા તરીકે ઓળખવામાં આવે છે? – **સનદી સેવા**
(15) કેન્દ્ર સરકારનો બધો વહીવટ કોના નામે થાય છે? – **રાષ્ટ્રપ્રમુખના**
(16) રાષ્ટ્રના વડા તેમજ ભારતીય પ્રજાસત્તાકના પ્રથમ નાગરિક કોણ ગણાય છે? – **રાષ્ટ્રપ્રમુખ**
(17) દેશનાં સંરક્ષણદળોના સર્વોચ્ચ વડા કોણ છે? – **રાષ્ટ્રપ્રમુખ**
(18) સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની નિમણૂક કોણ કરે છે? – **રાષ્ટ્રપ્રમુખ**
(19) દેશમાં કટોકટીની સ્થિતિ કોણ જાહેર કરી શકે છે? – **રાષ્ટ્રપ્રમુખ**
(20) રાષ્ટ્રપ્રમુખ પોતાનું રાજીનામું કોને સોંપે છે? – **ઉપરાષ્ટ્રપ્રમુખને**
(21) સંઘસરકારના વાસ્તવિક, કારોબારી વડા કોણ છે? – **વડા પ્રધાન**

(22) લોકસભામાં કેન્દ્રનું અંદાજપત્ર (બજેટ) કોણ રજૂ કરે છે?
– નાણામંત્રી

(23) રાજ્યમાં 'રાષ્ટ્રપ્રમુખ શાસન' દરમિયાન રાજ્યનું સંચાલન કોણ કરે છે? **– રાજ્યપાલ**

(24) વડા પ્રધાનને હોદ્દા અને ગુપ્તતાના સોગંદ કોણ લેવડાવે છે?
– રાષ્ટ્રપ્રમુખ

(25) ગ્રામપંચાયતનો વહીવટ કોણ સંભાળે છે? **– તલાટી-કમ-મંત્રી**

(26) જે ગ્રામપંચાયતમાં સર્વસંમતિથી ચૂંટણી નિવારવામાં આવે તેમજ સરપંચની સર્વમાન્ય પસંદગી કરવામાં આવે તેને કેવું ગામ જાહેર કરવામાં આવે છે? **– 'સમરસગામ'**

(27) મહાનગરપાલિકાની રાજકીય કારોબારીમાં ચૂંટાયેલી બહુમતી પાંખના નેતાને શું કહે છે? **– મેયર**

(28) મહાનગરપાલિકાની વહીવટી પાંખના વડા કોણ હોય છે?
– મ્યુનિસિપલ કમિશનર

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. સંઘની કારોબારીના બંધારણીય વડા	a. વિધાનસભા
2. સંઘની કારોબારીના વાસ્તવિક વડા	b. વિધાનપરિષદ
3. રાજ્યની ધારાસભાનું નીચલું ગૃહ	c. વડા પ્રધાન
4. રાજ્યની ધારાસભાનું ઉપલું ગૃહ	d. રાજ્યસભા
	e. રાષ્ટ્રપ્રમુખ

ઉત્તર : (1 – e), (2 – c), (3 – a), (4 – b).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ	a. તલાટી-કમ-મંત્રી
2. હોદ્દાની રૂએ નીતિપંચના અધ્યક્ષ	b. સરપંચ
3. રાષ્ટ્રપ્રમુખના હોદ્દાની મુદત	c. ઉપરાષ્ટ્રપ્રમુખ
4. ગ્રામપંચાયતના વડા	d. 5 વર્ષ
	e. વડા પ્રધાન

ઉત્તર : (1 – c), (2 – e), (3 – d), (4 – b).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ગામનો સઘળો વહીવટ કરનાર	a. 'સમરસગામ'
2. નગરપાલિકાના વહીવટી વડા	b. મ્યુનિસિપલ કમિશનર
3. મહાનગરપાલિકાના વહીવટી વડા	c. પ્રમુખ
4. ગ્રામપંચાયતના સભ્યો અને સરપંચની સર્વાનુમતે પસંદગી	d. ચીફ ઑફિસર
	e. તલાટી-કમ-મંત્રી

ઉત્તર : (1 – e), (2 – d), (3 – b), (4 – a).

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. નીચેના કયા રાજ્યમાં ધારાસભાનાં બે ગૃહો અસ્તિત્વમાં નથી?
A. કર્ણાટક B. આંધ્ર પ્રદેશ C. તમિલનાડુ D. બિહાર

* **2.** રાષ્ટ્રપ્રમુખ કયા ગૃહમાં બે ઍંગ્લો-ઇન્ડિયન સભ્યની નિમણૂક કરે છે?
A. રાજ્યસભા B. લોકસભા
C. ગોવા વિધાનસભા D. આયોજનપંચ

3. સંસદનાં બંને ગૃહોનું સત્ર બોલાવવાની અને મોકૂફ રાખવાની સત્તા કોની પાસે છે?
A. વડા પ્રધાન B. રાષ્ટ્રપ્રમુખ
C. સ્પીકર D. ઉપરાષ્ટ્રપ્રમુખ

* **4.** લોકસભાના સભ્યોની સમયમર્યાદા કેટલાં વર્ષની છે?
A. 4 વર્ષ B. 6 વર્ષ C. 2 વર્ષ D. 5 વર્ષ

* **5.** રાજ્યસભામાં રાષ્ટ્રપ્રમુખ કેટલા સભ્યો નીમે છે?
A. 238 B. 12 C. 2 D. 14

6. લોકસભામાં ગુજરાતની સભ્યસંખ્યા કેટલી છે?
A. 26 B. 25 C. 24 D. 20

7. મહાભિયોગ(Impeachment)ની કાર્યવાહી કોની પર કરવામાં આવે છે?
A. નાણાપ્રધાન પર B. વડા પ્રધાન પર
C. સંરક્ષણપ્રધાન પર D. રાષ્ટ્રપ્રમુખ પર

* **8.** વિધાનસભાના સભ્યપદ માટે વયમર્યાદા કેટલાં વર્ષની નક્કી થઈ છે?
A. 25 વર્ષ B. 30 વર્ષ C. 35 વર્ષ D. 18 વર્ષ

9. સંઘસરકારની કારોબારીના સર્વોચ્ચ વડા કોણ છે?
A. સરસેનાધિપતિ B. ઉપરાષ્ટ્રપ્રમુખ
C. રાષ્ટ્રપ્રમુખ D. વડા પ્રધાન

* **10.** સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને કોણ નીમે છે?
A. વડા પ્રધાન B. રાજ્યપાલ
C. રાષ્ટ્રપ્રમુખ D. ઉપરાષ્ટ્રપ્રમુખ

ઉત્તર : **1.** આંધ્ર પ્રદેશ **2.** લોકસભા
3. રાષ્ટ્રપ્રમુખ **4.** 5 વર્ષ
5. 12 **6.** 26
7. રાષ્ટ્રપ્રમુખ પર **8.** 25 વર્ષ
9. રાષ્ટ્રપ્રમુખ **10.** રાષ્ટ્રપ્રમુખ

* **11.** લોકસભાનું સંખ્યાબળ અને રાજ્યસભાનું સંખ્યાબળ કેટલું નિર્ધારિત કર્યું છે?
A. 545 અને 250 B. 455 અને 350
C. 182 અને 11 D. 543 અને 238

* **12.** વડા પ્રધાનને હોદ્દા અને ગુપ્તતાના શપથ કોણ લેવડાવે છે?
A. ઉપરાષ્ટ્રપ્રમુખ
B. રાષ્ટ્રપ્રમુખ
C. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ
D. લોકસભાના પ્રૉટેમ સ્પીકર

13. રાષ્ટ્રપ્રમુખ પોતાના હોદ્દાનું રાજીનામું કોને સોંપે છે?
A. વડા પ્રધાનને
B. લોકસભાના અધ્યક્ષને
C. ઉપરાષ્ટ્રપ્રમુખને
D. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિને

14. ગ્રામપંચાયતનો વહીવટ કોણ સંભાળે છે?
A. મામલતદાર
B. સરપંચ
C. તાલુકા વિકાસ અધિકારી
D. તલાટી-કમ-મંત્રી

* **15.** સંસદમાં અંદાજપત્ર કોણ રજૂ કરે છે?
A. વડા પ્રધાન B. ગૃહપ્રધાન
C. નાણાપ્રધાન D. સંસદસભ્ય

* **16.** નીચે આપેલાં જોડકાં લક્ષમાં લઈ આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો :

વહીવટી સંસ્થાઓ	વહીવટી વડાઓ
1. જિલ્લા સેવાસદન	a. મેયર
2. મહાનગરપાલિકા	b. ડીડીઓ
3. જિલ્લા પંચાયત	c. કલેક્ટર
	d. કમિશનર

A. (1 – a), (2 – c), (3 – d)
B. (1 – c), (2 – d), (3 – b)
C. (1 – b), (2 – c), (3 – d)
D. (1 – c), (2 – a), (3 – b)

17. ભારતમાં કઈ પદ્ધતિની સરકાર છે?
A. કૅબિનેટ પદ્ધતિની B. સંઘ પદ્ધતિની
C. પ્રમુખ પદ્ધતિની D. સંસદીય પદ્ધતિની

18. સંઘસરકારની કારોબારીમાં કોનો સમાવેશ થતો નથી?
A. વડા પ્રધાનનો B. મુખ્ય ન્યાયમૂર્તિનો
C. રાષ્ટ્રપ્રમુખનો D. પ્રધાનમંડળનો

19. રાજ્યસભાના સભ્યપદનો ઉમેદવાર કેટલાં વર્ષ કે તેથી વધુ વયનો હોવો જોઈએ?
A. 30 કે તેથી વધુ B. 20 કે તેથી વધુ
C. 25 કે તેથી વધુ D. 18 કે તેથી વધુ

20. કાસ્ટિંગ વૉટ (નિર્ણાયક મત) કોણ આપી શકે છે?
A. અધ્યક્ષ B. વડા પ્રધાન C. રાષ્ટ્રપ્રમુખ D. નાણાપ્રધાન

ઉત્તર : **11.** 545 અને 250 **12.** રાષ્ટ્રપ્રમુખ
13. ઉપરાષ્ટ્રપ્રમુખને **14.** તલાટી-કમ-મંત્રી
15. નાણાપ્રધાન **16.** (1 – c), (2 – d), (3 – b)
17. સંસદીય પદ્ધતિની **18.** મુખ્ય ન્યાયમૂર્તિનો
19. 30 કે તેથી વધુ **20.** અધ્યક્ષ

---

21. લોકસભાના પ્રથમ અધ્યક્ષ કોણ હતા?
A. જ્ઞાની ઝૈલસિંઘ
B. શ્રી પુરુષોત્તમ માવળંકર
C. શ્રી ગણેશ વાસુદેવ માવળંકર
D. શ્રીમતી પ્રતિભા પાટિલ

22. સંઘસરકારના વાર્ષિક અંદાજપત્રને લોકસભામાં કોની ભલામણથી રજૂ થાય છે?
A. ઉપરાષ્ટ્રપ્રમુખની B. વડા પ્રધાનની
C. રાષ્ટ્રપ્રમુખની D. નાણાપ્રધાનની

23. રાજ્યના વાર્ષિક અંદાજપત્રને વિધાનસભામાં કોની ભલામણથી રજૂ થાય છે?
A. રાજ્યપાલની B. મુખ્યમંત્રીની
C. વડા પ્રધાનની D. રાષ્ટ્રપ્રમુખની

24. ખરડા પર વિગતપૂર્ણ ચર્ચા કરવા માટે ખરડો કોને સોંપવામાં આવે છે?
A. ખરડા સમિતિને B. ન્યાય સમિતિને
C. પ્રધાન સમિતિને D. પ્રવર સમિતિને

25. બધા જ નાણાકીય ખરડાને સૌપ્રથમ કયા ગૃહમાં રજૂ કરવામાં આવે છે?
A. રાજ્યસભામાં B. વિધાનસભામાં
C. લોકસભામાં D. વિધાનપરિષદમાં

26. રાષ્ટ્રપ્રમુખના શાસન દરમિયાન રાજ્યનું સંચાલન કોણ કરે છે?
A. રાષ્ટ્રપ્રમુખ B. વડા પ્રધાન C. રાજ્યપાલ D. મુખ્યમંત્રી

27. વિવિધ દેશોમાં ભારતના રાજદૂતોની નિમણૂક કોણ કરે છે?
A. વડા પ્રધાન B. સંઘસરકાર C. સંસદ D. રાષ્ટ્રપ્રમુખ

28. ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણી કોણ કરે છે?
A. લોકસભાના સભ્યો B. રાજ્યસભાના ચૂંટાયેલા સભ્યો
C. રાષ્ટ્રપ્રમુખ D. સંસદનાં બંને ગૃહોના સભ્યો

29. નીતિપંચ(આયોજનપંચ)નું અધ્યક્ષપદ હોદ્દાની રૂએ કોણ સંભાળે છે?
A. રાષ્ટ્રપ્રમુખ B. ઉપરાષ્ટ્રપ્રમુખ
C. વડા પ્રધાન D. આયોજનપંચના અધ્યક્ષ

30. સંઘનું પ્રધાનમંડળ સંયુક્ત રીતે કોને જવાબદાર હોય છે?
A. સંસદનાં બંને ગૃહોને B. લોકસભાને
C. રાષ્ટ્રપ્રમુખને D. રાજ્યસભાને

ઉત્તર : **21.** શ્રી ગણેશ વાસુદેવ માવળંકર
22. રાષ્ટ્રપ્રમુખની **23.** રાજ્યપાલની
24. પ્રવર સમિતિને **25.** લોકસભામાં
26. રાજ્યપાલ **27.** રાષ્ટ્રપ્રમુખ
28. સંસદનાં બંને ગૃહોના સભ્યો
29. વડા પ્રધાન **30.** લોકસભાને

---

31. રાજ્યપાલની નિમણૂક કોણ કરે છે?
A. રાષ્ટ્રપ્રમુખ B. વડા પ્રધાન
C. વિધાનસભા D. મુખ્યમંત્રી

32. જિલ્લા પંચાયતના વહીવટી વડા કોણ છે?
A. જિલ્લા વિકાસ અધિકારી
B. જિલ્લા વહીવટી અધિકારી
C. જિલ્લા પ્રમુખ
D. જિલ્લા કમિશનર

33. મહાનગરપાલિકાની વહીવટી પાંખના વડા હોય છે.
A. કલેક્ટર B. મ્યુનિસિપલ કમિશનર
C. મેયર D. સ્ટૅન્ડિંગ કમિટીના ચૅરમૅન

34. કયા સિદ્ધાંત મુજબ ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી અલગ રાખવામાં આવે છે?
A. ક્ષેત્રિય વિશ્લેષના સિદ્ધાંત મુજબ
B. અંગ વિશ્લેષના સિદ્ધાંત મુજબ
C. સનદ વિશ્લેષના સિદ્ધાંત મુજબ
D. સત્તા વિશ્લેષના સિદ્ધાંત મુજબ

35. સંસદમાં અંદાજપત્ર કોણ રજૂ કરે છે?
A. વડા પ્રધાન B. ગૃહપ્રધાન
C. નાણાપ્રધાન D. સંસદસભ્ય

36. જે ગ્રામપંચાયતમાં સર્વસંમતિથી ચૂંટણી નિવારવામાં આવે છે અને સરપંચની સર્વમાન્ય પસંદગી કરવામાં આવે છે, તેને કેવું ગામ જાહેર કરવામાં આવે છે?
A. 'એકરૂપ' B. 'સર્વમાન્ય' C. 'સમરસ' D. 'સર્વસંમત'

37. નીચેનાં પૈકી કયા રાજ્યમાં ધારાસભાનાં બે ગૃહો અસ્તિત્વમાં છે?
A. તેલંગણા B. પંજાબ C. ગુજરાત D. ઓડિશા

38. નીચેનાં પૈકી કયા રાજ્યમાં ધારાસભાનાં બે ગૃહો અસ્તિત્વમાં છે?
A. આંધ્ર પ્રદેશ B. મધ્ય પ્રદેશ
C. ગુજરાત D. જમ્મુ-કશ્મીર

39. નીચેનાં પૈકી કયા રાજ્યમાં ધારાસભાનાં બે ગૃહો અસ્તિત્વમાં છે?
A. ગુજરાત B. ઉત્તર પ્રદેશ
C. મધ્ય પ્રદેશ D. રાજસ્થાન

* **40.** નીચેનાં કયા રાજ્યમાં ધારાસભાનાં બે ગૃહો અસ્તિત્વમાં છે?
A. કર્ણાટક B. આંધ્ર પ્રદેશ C. તમિલનાડુ D. રાજસ્થાન

ઉત્તર : **31.** રાષ્ટ્રપ્રમુખ **32.** જિલ્લા વિકાસ અધિકારી
33. મ્યુનિસિપલ કમિશનર
34. સત્તા વિશ્લેષના સિદ્ધાંત મુજબ
35. નાણાપ્રધાન **36.** 'સમરસ'
37. તેલંગણા **38.** જમ્મુ-કશ્મીર
39. ઉત્તર પ્રદેશ **40.** કર્ણાટક

11 ભારતનું ન્યાયતંત્ર

પ્રકરણસાર

- ભારતીય સંઘરાજ્યમાં સમગ્ર દેશ માટે સળંગ, સુગ્રથિત, એકસૂત્રી અને સ્વતંત્ર ન્યાયતંત્ર છે.
- ભારતના ન્યાયતંત્રમાં **સર્વોચ્ચ અદાલતનું સ્થાન સૌથી ઊંચું** છે. એ પછી અનુક્રમે રાજ્યોની વડી અદાલતો, જિલ્લા અદાલતો અને તાલુકા અદાલતોનું સ્થાન છે.
- ભારતના બંધારણ મુજબ સર્વોચ્ચ અદાલત દેશની સૌથી ઊંચી ન્યાયિક સંસ્થા છે.
- આપણા દેશમાં સર્વોચ્ચ અદાલત **દિલ્લીમાં** છે.
- સર્વોચ્ચ અદાલતમાં વરિષ્ઠ ન્યાયાધીશ સહિત **28** ન્યાયાધીશો છે. આ ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપ્રમુખ કરે છે. સંસદ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની સંખ્યામાં ફેરફાર કરી શકે છે.
- સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશની નિમણૂક સીનિયોરિટીના ધોરણે થાય છે.
- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની લાયકાતો અને તેમના હોદ્દા પરથી દૂર કરવાની **મહાભિયોગની** પદ્ધતિ બંધારણ નક્કી કરે છે.
- સર્વોચ્ચ અદાલતના કાર્યક્ષેત્રને મૂળભૂત ક્ષેત્રાધિકાર, અપીલ (વિવાદ) ક્ષેત્રાધિકાર અને સલાહકારી ક્ષેત્રાધિકાર એમ **ત્રણ** પ્રકારોમાં વહેંચવામાં આવ્યું છે.
- સર્વોચ્ચ અદાલત નાગરિક-નાગરિક વચ્ચેના, નાગરિક અને સરકાર વચ્ચેના, રાજ્ય-રાજ્ય વચ્ચેના તથા રાજ્ય અને કેન્દ્ર વચ્ચેના વિવાદો ઉકેલવાનું કાર્ય કરે છે.
- સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અંતિમ હોય છે. તેમને ભારતની કોઈ અદાલતમાં પડકારી શકાતા નથી.
- સર્વોચ્ચ અદાલત ભારતના બંધારણનું અને નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરે છે.
- સર્વોચ્ચ અદાલત અને રાજ્યોની વડી અદાલતો **નઝીરી અદાલત** (Court of Records) તરીકે પણ કામ કરે છે.
- ભારતનાં ઉત્તર-પૂર્વનાં અસમ, મણિપુર, મેઘાલય, નાગાલૅન્ડ, ત્રિપુરા, મિઝોરમ અને અરુણાચલ પ્રદેશ – આ **સાત રાજ્યો** માટે **અસમમાં એક** જ વડી અદાલત છે. આ ઉપરાંત, પંજાબ અને હરિયાણા વચ્ચે અને આંધ્ર પ્રદેશ અને તેલંગણા વચ્ચે પણ એક જ વડી અદાલત છે. આ રાજ્યો સિવાય ભારતના દરેક રાજ્યમાં એક વડી અદાલત છે.
- વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સહિત અન્ય ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપ્રમુખ કરે છે.
- વડી અદાલતના કાર્યક્ષેત્રને મૂળભૂત અધિકારક્ષેત્ર, વિવાદી (અપીલ) અધિકારક્ષેત્ર, વહીવટી અધિકારક્ષેત્ર અને નઝીરી અદાલત એમ **ચાર** પ્રકારોમાં વહેંચવામાં આવ્યું છે.
- દરેક જિલ્લામાં **દીવાની** અને **ફોજદારી** અદાલતો હોય છે. આ અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક રાજ્યપાલ કરે છે.
- દીવાની દાવા ચલાવનાર અદાલતને જિલ્લા અદાલત અને તેના ન્યાયાધીશને જિલ્લા ન્યાયાધીશ કહે છે; જ્યારે ફોજદારી દાવા ચલાવનાર અદાલતને સેશન્સ અદાલત અને તેના ન્યાયાધીશને સેશન્સ ન્યાયાધીશ કહે છે.
- જિલ્લા અદાલતો તાબાની – નીચલી અદાલતોના ચુકાદાઓ સામેની અરજીઓની સુનાવણી કરીને ચુકાદા આપે છે.
- દીવાની અદાલતો રૂપિયા એક લાખ સુધીના સરકારે કરેલા કે સરકાર સામેના કેસો ચલાવવાની સત્તા ધરાવે છે.
- ફોજદારી અદાલતોમાં ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટની કોર્ટ, સેકન્ડ ક્લાસ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટની કોર્ટ તથા મામલતદાર અને ઍક્ઝિક્યુટિવ મૅજિસ્ટ્રેટ કોર્ટ વગેરેનો સમાવેશ થાય છે. આ કોર્ટો 3 વર્ષથી 10 વર્ષ સુધીની કેદની સજા તથા ₹ 5,000થી વધારે રકમના દંડની તેમજ હત્યાના મુકદ્દમામાં જન્મટીપ કે મૃત્યુદંડની સજા કરવાની સત્તા ધરાવે છે.
- જિલ્લામાં સ્મૉલ કૉઝ કોર્ટ, ફૅમિલી કોર્ટ, લેબર કોર્ટ, ફાસ્ટ ટ્રૅક કોર્ટ, પોટા કોર્ટ, ટ્રિબ્યૂનલો (ખાસ અદાલતો) વગેરે કોર્ટો પણ હોય છે.
- આપણા બંધારણમાં ન્યાયતંત્રને સરકારનાં બીજાં બે અંગો – કારોબારી અને ધારાસભાથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે, જેથી તે નિષ્પક્ષ, તટસ્થ અને નિર્ભિક બનીને ન્યાય આપી શકે.
- સ્થાનિક કક્ષાએ સમાજના ગરીબ અને શોષિત લોકોને સરળ રીતે, ઝડપી અને સસ્તો ન્યાય મળે એ હેતુથી **લોકઅદાલતોનું** આયોજન કરવામાં આવ્યું છે.

❁ **જાહેર હિતની અરજીઓ** વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતમાં કરી શકાય છે. બંને અદાલતો જાહેર હિતના દાવાને માત્ર પોસ્ટકાર્ડ કે સામાન્ય પત્ર દ્વારા થયેલી ફરિયાદની અરજી તરીકે સ્વીકારે છે અને સંબંધિતોને એ અંગે જરૂરી આદેશો આપે છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :

[પ્રત્યેકના 4 ગુણ]

(1) સર્વોચ્ચ અદાલતના કાર્યક્ષેત્રનું વર્ણન કરો. *અથવા*
ટૂંક નોંધ લખો : સર્વોચ્ચ અદાલતનાં કાર્યક્ષેત્રો

ઉત્તર : સર્વોચ્ચ અદાલતનાં કાર્યક્ષેત્રોને **ત્રણ** વિભાગોમાં વહેંચવામાં આવ્યાં છે : 1. મૂળભૂત ક્ષેત્રાધિકાર, 2. અપીલ(વિવાદ)નું ક્ષેત્રાધિકાર અને 3. સલાહકારી ક્ષેત્રાધિકાર.

1. મૂળભૂત ક્ષેત્રાધિકાર : આ અધિકાર હેઠળ સર્વોચ્ચ અદાલત સંઘ અને રાજ્ય વચ્ચેના તેમજ રાજ્ય-રાજ્ય વચ્ચેના મતભેદોનો નિકાલ લાવે છે.

→ તે સંઘસરકારની કોઈ પણ કાયદાકીય કે બંધારણીય કાયદેસરતાને લગતા તમામ પ્રશ્નો અંગેના ચુકાદા આપે છે.

→ તે નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ કરે છે. મૂળભૂત હકોના ભંગ બદલ તે હાજર હુકમ, મનાઈ હુકમ, અધિકારભંગ હુકમ, પ્રતિબંધ હુકમ, કર્તવ્ય હુકમ વગેરે હુકમો કાઢવાની સત્તા ધરાવે છે.

2. અપીલ(વિવાદ)નું ક્ષેત્રાધિકાર : આ અધિકાર હેઠળ સર્વોચ્ચ અદાલત રાજ્યોની વડી અદાલતોએ આપેલા ચુકાદાઓ વિરુદ્ધ અમુક શરતોને આધીન રહી અપીલો સાંભળે છે અને ચુકાદાઓ આપે છે.

→ આ અધિકારક્ષેત્રને ત્રણ પેટાવિભાગોમાં વહેંચવામાં આવે છે : (1) બંધારણના અર્થઘટન અંગેની અપીલ, (2) દીવાની દાવાવિષયક અપીલ અને (3) ફોજદારી દાવાવિષયક અપીલ.

નોંધ : આ મુદ્દાની વધુ વિગત માટે જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(2)**નો ઉત્તર.

3. સલાહકારી ક્ષેત્રાધિકાર : આ અધિકાર હેઠળ સર્વોચ્ચ અદાલત અગત્યના કાનૂની, હકીકતલક્ષી, બંધારણીય અર્થઘટન, ખરડાની કાયદેસરતા, જાહેર હિત વગેરેને લગતા મહત્ત્વના પ્રશ્નોસંબંધી રાષ્ટ્રપ્રમુખને સલાહ આપવાની કામગીરી બજાવે છે.

→ જોકે, સર્વોચ્ચ અદાલતની સલાહ કે અભિપ્રાય રાષ્ટ્રપ્રમુખ માટે બંધનકર્તા હોતો નથી.

→ સર્વોચ્ચ અદાલતની સલાહ માટે રાષ્ટ્રપ્રમુખે મોકલેલા પ્રશ્ન પર વિચારણા કરવાનું કે અભિપ્રાય આપવાનું યોગ્ય ન જણાય તો સર્વોચ્ચ અદાલત તેને રાષ્ટ્રપ્રમુખને પરત મોકલી શકે છે.

→ સંસદ કાયદો પસાર કરીને સર્વોચ્ચ અદાલતને વધારે અધિકારો આપી શકે છે.

ભારતનું ન્યાયતંત્ર
↓
સર્વોચ્ચ અદાલત (કેન્દ્ર કક્ષાએ)
↓
વડી અદાલત (રાજ્ય કક્ષાએ)
↓
જિલ્લા અદાલતો
↓

દીવાની અદાલત	ફોજદારી અદાલત	તાલુકા અદાલતો (ટ્રાયલ કોર્ટ્સ)

(2) સર્વોચ્ચ અદાલતની અપીલ ક્ષેત્રાધિકાર (વિવાદ ક્ષેત્રાધિકાર) હેઠળની સત્તાઓ વર્ણવો.

ઉત્તર : સર્વોચ્ચ અદાલતના અપીલ ક્ષેત્રાધિકારને **ત્રણ** પેટાવિભાગોમાં વહેંચવામાં આવે છે : 1. બંધારણના અર્થઘટન અંગેની અપીલ, 2. દીવાની દાવાવિષયક અપીલ અને 3. ફોજદારી દાવાવિષયક અપીલ.

1. બંધારણના અર્થઘટન અંગેની અપીલ : રાજ્યની વડી અદાલતે પોતાના ચુકાદામાં એવું પ્રમાણપત્ર આપેલું હોય કે આ કેસમાં બંધારણની કલમના અર્થઘટનનો મહત્ત્વનો કાયદાકીય પ્રશ્ન સંકળાયેલો છે અને તેમાં ખોટી રીતે ચુકાદો અપાયેલો છે ત્યારે વડી અદાલતના એ ચુકાદા વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઈ શકે છે.

→ કોઈ વખત વડી અદાલત એવું પ્રમાણપત્ર ન આપે, પરંતુ સર્વોચ્ચ અદાલતને ખાતરી થાય કે ઉક્ત બાબતમાં બંધારણીય પ્રશ્ન સંકળાયેલો છે તો તે વડી અદાલતના ચુકાદા વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવાની ખાસ પરવાનગી આપી શકે છે. અલબત્ત, અપીલમાં નવું કારણ ઉમેરી શકાતું નથી.

→ જે વ્યક્તિ વડી અદાલતની કાર્યવાહીમાં પક્ષકાર હોય તે જ વ્યક્તિ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકે છે.

2. દીવાની દાવાવિષયક અપીલ : વડી અદાલતે એવું પ્રમાણપત્ર આપ્યું હોય કે આ દાવામાં કાયદાના અર્થઘટનનો મહત્ત્વનો પ્રશ્ન સંકળાયેલો છે. તેથી તેનો નિર્ણય સર્વોચ્ચ અદાલત કરે તે જરૂરી છે. આ સંજોગોમાં વડી અદાલતે આપેલા ચુકાદા વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકાય છે.

→ વડી અદાલતના એક લાખથી વધુ રકમના દીવાની દાવાના ચુકાદા વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકાય છે.

3. ફોજદારી દાવાવિષયક અપીલ : ફોજદારી દાવાના ચુકાદામાં રાજ્યની વડી અદાલતે આરોપીને ફાંસીની સજા ફરમાવી હોય અને અપીલ કે પુનર્વિચાર માટે પ્રમાણપત્ર આપ્યું હોય, તો એ ચુકાદા વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકાય છે.

→ કોઈ પણ રાજ્યની વડી અદાલતમાં ચાલતા મુકદ્દમાને સર્વોચ્ચ અદાલત પોતાની અદાલતમાં તબદીલ (Transfer) કરી શકે છે.

(3) વડી અદાલતના કાર્યક્ષેત્રનું વર્ણન કરો.

ઉત્તર : વડી અદાલતના કાર્યક્ષેત્રને **ત્રણ** વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે : 1. મૂળભૂત અધિકારક્ષેત્ર, 2. અપીલ (વિવાદી) અધિકારક્ષેત્ર, અને 3. વહીવટી અધિકારક્ષેત્ર.

1. મૂળભૂત અધિકારક્ષેત્ર : આ અધિકાર હેઠળ વડી અદાલત તેના અધિકારક્ષેત્રમાં આવતી સરકાર, સત્તામંડળ કે વ્યક્તિને મૂળભૂત હકોના ભંગ બદલ થયેલી રીટ અંગે આદેશો આપે છે.

→ તે ચૂંટણીને, કાયદાને તેમજ પ્રવેશ-પરીક્ષાસંબંધી જોગવાઈઓને પડકારતી રીટ પીટિશનો સ્વીકારે છે અને તેમના ચુકાદા આપે છે.

→ તે કંપનીને લગતા તેમજ લગ્ન, છૂટાછેડા અને ભરણપોષણને લગતા મુકદ્દમા સાંભળીને ચુકાદા આપે છે.

→ તમામ દીવાની અને ફોજદારી કેસોમાં નીચલી અદાલતોએ આવેલ ચુકાદાઓ સામેની રીટ અરજીઓ સાંભળે છે અને તેમના ચુકાદા આપે છે.

→ અદાલતી તિરસ્કારને લગતા, જમીનમહેસૂલ અને તેની ઉઘરાણીને લગતા, જમીન-સંપાદન અને તેના વળતરસંબંધી દાવાઓના મુકદ્દમા ચલાવે છે અને તેના ચુકાદા આપે છે.

→ રાજ્યના નાગરિકોના મૂળભૂત હકોનું તે રક્ષણ કરે છે.

2. અપીલ (વિવાદી) અધિકારક્ષેત્ર : આ અધિકાર હેઠળ વડી અદાલત તેના તાબાની અદાલતો કે ટ્રિબ્યૂનલોના ચુકાદા વિરુદ્ધની અપીલો સાંભળે છે.

→ જિલ્લાની ફોજદારી અદાલત(સેશન્સ કોર્ટ)ના ન્યાયાધીશે આરોપીને તેના ગુના માટે ચાર વર્ષ કરતાં વધારે વર્ષની સજા કરી હોય, એવા ચુકાદા વિરુદ્ધ પક્ષકાર વડી અદાલતમાં અપીલ કરી શકે છે.

→ ફોજદારી અદાલતે (સેશન્સ કોર્ટે) કોઈ આરોપીને તેની નીચેની ફોજદારી અદાલતના ચુકાદા વિરુદ્ધ હત્યાના આરોપસર મૃત્યુદંડની સજા ફરમાવી હોય, તેવા કેસમાં વડી અદાલતમાં ફરિયાદ કરી શકાય છે.

→ ટ્રિબ્યૂનલોના ચુકાદાથી નારાજ થયેલ પક્ષકારો વડી અદાલતમાં અપીલ કરીને ન્યાય મેળવી શકે છે.

→ પોતાના તાબા હેઠળની કોઈ અદાલતમાં નિકાલ થયા વિના પડી રહેલા કેસમાં બંધારણના અર્થઘટનસંબંધી પ્રશ્ન રહેલો છે, એમ વડી અદાલતને જણાય ત્યારે તે એ કેસને પોતાની અદાલતમાં તબદીલ (Transfer) કરીને તેનો નિકાલ કરી શકે છે.

3. વહીવટી અધિકારક્ષેત્ર : આ અધિકાર હેઠળ વડી અદાલત રાજ્યની બધી અદાલતો અને ન્યાયપંચો (ટ્રિબ્યૂનલો) પર દેખરેખ રાખે છે તેમજ તેની કામગીરીનું નિરીક્ષણ કરે છે.

→ જરૂર જણાય તો વડી અદાલત તાબાની અદાલતો પાસેથી કેસ પેપર્સ કે પત્રકો મંગાવી કેસ ચલાવી શકે છે.

→ તે તેના તાબા હેઠળની અદાલતોના વ્યવહાર અને કામગીરીનું નિયમન કરવા નિયમો બનાવીને તેમને મોકલે છે.

→ તાબાની અદાલતોએ તેમના હિસાબો અને નોંધો કેવી રીતે રાખવી તેનું તે માર્ગદર્શન આપે છે.

→ તે બંધારણને અધીન અને સુસંગત રહીને વિવિધ પ્રકારની ફીનાં ધોરણો અને કોષ્ટકો નક્કી કરે છે.

→ તે રાજ્યપાલને કાનૂની બાબતોમાં સલાહ આપી શકે છે.

પ્રશ્ન 2. ટૂંક નોંધ લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

*** (1) સર્વોચ્ચ અદાલતની મૂળભૂત ક્ષેત્રાધિકાર હેઠળની સત્તાઓ વિશે જણાવો.**

ઉત્તર : સર્વોચ્ચ અદાલત મૂળભૂત ક્ષેત્રાધિકાર હેઠળ નીચે પ્રમાણે સત્તાઓ ભોગવે છે :

→ તે સંઘસરકાર કે સંઘના એક કે તેથી વધુ રાજ્યો વચ્ચેના ઝઘડા કે મતભેદોનો નિકાલ લાવે છે.

→ એક તરફ સંઘસરકાર તથા એકથી વધારે રાજ્યો અને બીજી તરફ સંઘનાં એકથી વધુ રાજ્યો હોય, તો સર્વોચ્ચ અદાલત તેમની વચ્ચેના મતભેદોનો નિકાલ કરે છે.

→ તે સંઘનાં બેથી વધુ રાજ્યો વચ્ચેના મતભેદોનો નિકાલ લાવે છે.

→ તે સંઘસરકારની કોઈ પણ કાયદાકીય કે બંધારણીય કાયદેસરતાને લગતા તમામ પ્રશ્નો અંગેના ચુકાદા આપે છે.

→ તે નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ અને જતન કરે છે. મૂળભૂત હકોના ભંગ બદલ તે હાજર હુકમ, મનાઈ હુકમ, અધિકારભંગ હુકમ, પ્રતિબંધ હુકમ, કર્તવ્ય હુકમ વગેરે હુકમો કાઢવાની સત્તા ધરાવે છે.

→ સર્વોચ્ચ અદાલતના ચુકાદા આખરી હોય છે, તેને અન્યત્ર પડકારી શકાતા નથી. તે બધા માટે શિરોમાન્ય હોય છે.

(2) સર્વોચ્ચ અદાલતનો સલાહકારી ક્ષેત્રાધિકાર

ઉત્તર : સલાહકારી ક્ષેત્રાધિકાર હેઠળ સર્વોચ્ચ અદાલત અગત્યના કાનૂની, હકીકતલક્ષી, બંધારણીય અર્થઘટન, ખરડાની કાયદેસરતા, જાહેર હિત વગેરેને લગતા મહત્ત્વના પ્રશ્નોસંબંધી રાષ્ટ્રપ્રમુખને સલાહ આપવાની કામગીરી બજાવે છે.

→ જોકે, સર્વોચ્ચ અદાલતની સલાહ કે અભિપ્રાય રાષ્ટ્રપ્રમુખ માટે બંધનકર્તા હોતો નથી.

→ સર્વોચ્ચ અદાલતની સલાહ માટે રાષ્ટ્રપ્રમુખે મોકલેલા પ્રશ્ન પર વિચારણા કરવાનું કે અભિપ્રાય આપવાનું યોગ્ય ન જણાય તો સર્વોચ્ચ અદાલત તેને રાષ્ટ્રપ્રમુખને પરત મોકલી શકે છે.

*** (3) નઝીરી અદાલત**

ઉત્તર : જે અદાલતના ચુકાદાની નોંધ (Records) પુરાવાનું મૂલ્ય ધરાવે છે અને જ્યારે તે રજૂ કરવામાં આવે ત્યારે તેની કાયદેસરતા સામે કોઈ વાંધો લઈ શકાતો નથી, તેને નઝીરી અદાલત (Court of Records) કહેવામાં આવે છે.

→ સર્વોચ્ચ અદાલત નઝીરી અદાલત તરીકે નીચે મુજબ અધિકારો ધરાવે છે :

→ જુદી જુદી અદાલતોએ આપેલા ચુકાદાઓ, કાયદાનાં અર્થઘટનો, સ્વીકારવામાં આવેલી પ્રણાલિકાઓ વગેરેને સર્વોચ્ચ અદાલત દસ્તાવેજો સ્વરૂપે સાચવે છે.

→ એ ચુકાદાઓને નમૂનારૂપ ગણી બીજી અદાલતો તેમને આધારે ચુકાદા આપે છે.

→ સર્વોચ્ચ અદાલતના નિર્ણયો અને ચુકાદાઓ આખરી ગણાય છે. તેમની વિરુદ્ધ અપીલ થઈ શકતી નથી.

→ સર્વોચ્ચ અદાલતના નિર્ણયો અને ચુકાદા દેશના તમામ નાગરિકોને અને દેશની બધી અદાલતોને માટે બંધનકર્તા હોય છે.

→ સર્વોચ્ચ અદાલત દેશની તમામ અદાલતોની કાર્યવાહી માટે નિયમો ઘડે છે. એ નિયમોનું પાલન કરવાનું બધી અદાલતો માટે અનિવાર્ય છે.

→ તેના નિર્ણયો અને ચુકાદાઓનો ભંગ કરનારને તે સર્વોચ્ચ અદાલતના તિરસ્કાર માટે શિક્ષા કરી શકે છે.

→ સર્વોચ્ચ અદાલત દરેક પ્રકારના કેસમાં આપેલા પોતાના ચુકાદાની નોંધ (Record) રાખે છે અને પ્રકાશિત કરે છે.

*** (4) વડી અદાલતનું અપીલી ક્ષેત્રાધિકાર**

ઉત્તર : રાજ્યની વડી અદાલતના હકૂમતમાં રહેલી અને તેના અંકુશ નીચે કામ કરતી અદાલતોના ચુકાદાઓ વિરુદ્ધની અપીલો સાંભળવાના વડી અદાલતના અધિકારને 'અપીલી ક્ષેત્રાધિકાર' કહે છે.

→ વડી અદાલત તેના તાબાની અદાલતો કે ટ્રિબ્યૂનલોના ચુકાદા વિરુદ્ધની અપીલો સાંભળે છે.

→ જિલ્લાની ફોજદારી અદાલત(સેશન્સ કોર્ટ)ના ન્યાયાધીશે આરોપીને તેના ગુના માટે ચાર વર્ષ કરતાં વધારે વર્ષની સજા કરી હોય, એવા ચુકાદા વિરુદ્ધ પક્ષકાર વડી અદાલતમાં અપીલ કરી શકે છે.

→ ફોજદારી અદાલતે (સેશન્સ કોર્ટે) કોઈ આરોપીને તેની નીચેની ફોજદારી અદાલતના ચુકાદા વિરુદ્ધ હત્યાના આરોપસર મૃત્યુદંડની સજા ફરમાવી હોય, તેવા કેસમાં વડી અદાલતમાં અપીલ કરી શકાય છે.

→ ટ્રિબ્યૂનલના ચુકાદાથી નારાજ થયેલ પક્ષકારો વડી અદાલતમાં અપીલ કરીને ન્યાય મેળવી શકે છે.

→ પોતાના તાબા હેઠળની કોઈ અદાલતમાં નિકાલ થયા વિના પડી રહેલા કેસમાં બંધારણના અર્થઘટનસંબંધી પ્રશ્ન રહેલો છે, એમ વડી અદાલતને જણાય ત્યારે તે એ કેસને પોતાની અદાલતમાં તબદીલ (Transfer) કરીને તેનો નિકાલ કરી શકે છે.

*** (5) તાબાની અદાલતો**

ઉત્તર : રાજ્યની વડી અદાલત(હાઈકોર્ટ)ની હકૂમતમાં રહેલી અને તેના અંકુશ નીચે કામ કરતી અદાલતો 'તાબાની અદાલતો' અથવા 'નીચલી અદાલતો' કહેવાય છે.

→ તાબાની અદાલતોમાં રાજ્યની તમામ જિલ્લા અદાલતો અને તાલુકા અદાલતોનો સમાવેશ થાય છે.

→ રાજ્યની બધી તાબાની અદાલતો વડી અદાલતના નિરીક્ષણ હેઠળ કામ કરે છે.

→ દરેક જિલ્લામાં દીવાની અને ફોજદારી અદાલતો હોય છે.

→ જિલ્લા અદાલતમાં દીવાની દાવા ચલાવનાર ન્યાયાધીશને જિલ્લા ન્યાયાધીશ અને ફોજદારી મુકદ્દમા ચલાવનાર ન્યાયાધીશને સેશન્સ ન્યાયાધીશ કહેવાય છે. જિલ્લા અદાલતો તેના તાબા હેઠળની અદાલતોના ચુકાદાઓ સામેની અરજીઓની સુનાવણી કરે છે.

→ દરેક જિલ્લાની દીવાની અદાલતોમાં એક લાખ રૂપિયા સુધીના દાવાઓ તેમજ સરકારે કરેલા કે સરકાર સામેના કેસો ચલાવવાની સત્તા છે. આ કોર્ટોના સિવિલ જજ લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, જમીન સંપાદનને લગતા કે વળતરને લગતા દાવાઓ અને વાલીપણાને લગતા કેસો ચલાવવાની સત્તા ધરાવે છે.

→ ફોજદારી અદાલતોમાં સેશન્સ કોર્ટ અને તેની હકૂમત નીચે પ્રથમ વર્ગના ન્યાયાધીશ અને દ્વિતીય વર્ગના ન્યાયાધીશની અદાલતો, મામલતદાર અને ઍક્ઝિક્યુટિવ મૅજિસ્ટ્રેટ કોર્ટ હોય છે. આ અદાલતોમાં 3 વર્ષથી માંડીને 10 વર્ષ સુધીની કેદની સજા અને ₹ 5,000 કે તેથી વધુ રકમ સુધીના દંડની તથા હત્યાના કેસમાં મૃત્યુદંડ, ફાંસીની કે જન્મટીપની આજીવન કારાવાસ જેવી સજાઓ કરવાની સત્તા ધરાવે છે.

→ આ ઉપરાંત, તાબાની અદાલતોમાં ફાસ્ટ ટ્રૅક કોર્ટ, પોટા કોર્ટ, સ્મૉલ કૉઝ કોર્ટ, ફૅમિલી કોર્ટ, લેબર કોર્ટ, ટ્રિબ્યૂનલો (ખાસ અદાલતો) પણ હોય છે.

*** (6) લોકઅદાલતો અને જાહેર હિતના દાવાઓ**

ઉત્તર : લોકઅદાલતો : સ્થાનિક કક્ષાએ સમાજના ગરીબ અને શોષિત લોકોને સરળ રીતે, ઝડપી અને સસ્તો ન્યાય મળે એ હેતુથી લોકઅદાલતોનું આયોજન કરવામાં આવ્યું છે.

→ લોકઅદાલતોના પક્ષકારો માટે અમદાવાદમાં 'કાનૂની સેવા સત્તામંડળ' નામની સંસ્થા મફત કાનૂની સહાય અને માર્ગદર્શન કેન્દ્ર તરીકે કામ કરે છે.

→ લોકઅદાલત રવિવાર કે રજાના દિવસે બંને પક્ષકારોની સંમતિથી જિલ્લામથકે અથવા તાલુકામથકે યોજવામાં આવે છે.

→ લોકઅદાલતોની કામગીરી સ્વૈચ્છિક હોય છે.

→ લોકઅદાલતોમાં મુખ્યત્વે મોટર-વાહન અકસ્માત અને વળતર, લગ્નવિચ્છેદ, ભરણપોષણ, સામાન્ય લેણાં, ખાનગી ફરિયાદો, પોલીસ ફરિયાદો વગેરે બાબતો અંગેના વિવાદો ઉકેલવામાં આવે છે.

→ લોકઅદાલતોમાં વકીલોને સ્થાન હોતું નથી. પરંતુ સમાધાનની પ્રક્રિયામાં પ્રતિષ્ઠિત નાગરિકો, સામાજિક કાર્યકરો, કેળવણીકારો, પોલીસ અધિકારીઓ, વીમાકંપનીના અધિકારીઓ, નિવૃત્ત ન્યાયાધીશ કે ન્યાયિક અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહે છે.

→ લોકઅદાલતોમાં સ્થળ પર જ બંને પક્ષો વચ્ચે શાંતિથી કાયમી સમાધાન કરાવવામાં આવે છે.

→ અહીં બંને પક્ષોનું હિત અને માન જળવાય છે. બંને પક્ષોમાંથી કોઈની જીત કે હાર હોતી નથી.

→ વર્ષોથી વિલંબમાં પડેલા કેસોનો ઝડપી અને બિનખર્ચાળ નિકાલ થાય છે.

→ વળી, લોકઅદાલતોના ચુકાદાઓને કાનૂની પીઠબળ પણ પૂરું પાડવામાં આવ્યું છે. આથી જ લોકઅદાલતો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

જાહેર હિતના દાવાઓ : જાહેર હિતની અરજીઓ વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતમાં કરી શકાય છે.

→ બંને અદાલતો જાહેર હિતના દાવાને માત્ર પોસ્ટકાર્ડ કે સામાન્ય પત્ર દ્વારા થયેલી ફરિયાદની અરજી તરીકે સ્વીકારે છે અને સંબંધિતોને તે અંગે જરૂરી આદેશો આપે છે.

[નાગરિકોના અધિકારો કે જાહેર હિતના ભંગ અંગે વર્તમાનપત્રોમાં છપાયેલા સમાચારોનો આશરો લઈને વડી અદાલત કે સર્વોચ્ચ અદાલત આપમેળે (સુમો મોટો) ફરિયાદ દાખલ કરી કાનૂની પગલાં લઈ શકે છે.]

* (7) ન્યાયતંત્રની સ્વતંત્રતા

ઉત્તર : દેશના કારોબારી તંત્રની લાગવગ, શેહ-શરમ, લાલચ કે દબાણમાં આવ્યા વિના ન્યાયાધીશો નિષ્પક્ષ, તટસ્થ, પ્રામાણિકપણે અને નિર્ભય રીતે ન્યાય આપી શકે – પોતાની ફરજો બજાવી શકે તેમજ લોકોને સાચો, પારદર્શીય અને ઝડપી ન્યાય આપી શકે તે માટે ન્યાયતંત્રને કારોબારીથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે.

→ ભારતના બંધારણમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે.

→ અલબત્ત, કારોબારી તંત્ર દ્વારા નિયત કરવામાં આવેલાં લાયકાતનાં ધોરણોને આધારે તેમજ સુસ્થાપિત વિધિ મુજબ બંધારણીય જોગવાઈઓને આધીન રહીને ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવે છે. પરંતુ કારોબારી તંત્ર તેમને હોદ્દા પરથી દૂર કરી શકતું નથી.

→ ન્યાયાધીશો 65 વર્ષની ઉંમર સુધી પોતાના હોદ્દા પર રહી શકે છે. તેમના પગાર-ભથ્થાં, નોકરીની શરતો, બઢતી, બદલી, નિવૃત્તિના લાભો, પેન્શનફંડ વગેરે બાબતોમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી.

→ ન્યાયાધીશોની ફરજ દરમિયાન તેમના વર્તન અંગે સંઘની સંસદમાં કે રાજ્યની વિધાનસભામાં ચર્ચા કે ટીકાત્મક સમીક્ષા થઈ શકતી નથી.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

* (1) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂકની લાયકાતો જણાવો. *અથવા* સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે કઈ લાયકાતો જરૂરી છે?

ઉત્તર : સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો તરીકેની નિમણૂક માટે જરૂરી લાયકાતો : (1) તે ભારતનો નાગરિક હોવો જોઈએ. (2) તેની વય 65 વર્ષથી વધુ ન હોવી જોઈએ. (3) તેણે કોઈ પણ રાજ્યની વડી અદાલત(હાઈકોર્ટ)ના ન્યાયાધીશ તરીકે ઓછામાં ઓછાં 5 વર્ષ સળંગ સેવા બજાવી હોવી જોઈએ. **અથવા** (4) તેણે કોઈ પણ રાજ્યની વડી અદાલત(હાઈકોર્ટ)માં ઓછામાં ઓછાં 10 વર્ષ સુધી સળંગ વકીલાત કરી હોવી જોઈએ. **અથવા** (5) રાષ્ટ્રપ્રમુખના મત મુજબ તે પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી હોવો જોઈએ.

* (2) સર્વોચ્ચ અદાલતના અધિકારક્ષેત્ર બહારની વિગતો વિશે જણાવો.

ઉત્તર : રાજ્ય-રાજ્ય વચ્ચેના કે રાજ્યો-રાજ્ય કે રાજ્ય-રાજ્યો કે રાજ્યો-રાજ્યો વચ્ચેના નદીના પાણીની વહેંચણી તેમજ તેના ઉપયોગ બાબતો અંગેના વિવાદો ઉકેલવાની સત્તા સર્વોચ્ચ અદાલતના હકૂમત બહાર છે. (તે માટે અલગ 'પાણી ન્યાયપંચ' (ટ્રિબ્યૂનલો) ચુકાદા આપે છે.)

(3) સર્વોચ્ચ અદાલતની અન્ય સત્તાઓ જણાવો.

ઉત્તર : સર્વોચ્ચ અદાલતની અન્ય સત્તાઓ આ પ્રમાણે છે : (1) તે પોતાના ચુકાદા કે નિર્ણયની પુનઃસમીક્ષા કરી શકે છે. (2) તેના ચુકાદાઓ અને નિર્ણયોનો ભંગ કરનારને તે સર્વોચ્ચ અદાલતના તિરસ્કાર માટે શિક્ષા કરી શકે છે. (3) તે રાષ્ટ્રપ્રમુખ કે ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણી અંગેના વિવાદનો ઉકેલ લાવે છે. (4) બંધારણીય ઈલાજોના હકના રક્ષણ હેઠળ તે નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ કરે છે. આ માટે તે બંધારણ સાથે સુસંગત ન હોય એવા સંઘની કારોબારીના પગલાને, આદેશ કે હુકમને ગેરબંધારણીય જાહેર કરી રદબાતલ કરી શકે છે. આમ, સર્વોચ્ચ અદાલત બંધારણ અને નાગરિકોના હકોના રક્ષણ-વાલી તરીકેની ફરજો અદા કરે છે.

* (4) મહાભિયોગની કાર્યવાહી સમજાવો.

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખ દ્વારા સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોને માત્ર સાબિત થયેલી ગેરવર્તણૂક, બિનકાર્યક્ષમતા કે બંધારણીય મર્યાદાઓના ભંગના આધારે મહાભિયોગની કાર્યવાહીથી હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

સંસદનાં બંને ગૃહોમાં તેના કુલ તેમજ હાજર રહેલા અને મતદાન કરતા સભ્યોની $\frac{2}{3}$ બહુમતીથી પસાર કરેલા ઠરાવને આધારે જ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાય છે. આ વિધિને 'મહાભિયોગની કાર્યવાહી' કહે છે.

મહાભિયોગની કાર્યવાહી દરમિયાન સંબંધિત ન્યાયાધીશને સંસદમાં હાજર રહીને પોતાના બચાવમાં નિવેદન કરવાની તક આપવામાં આવે છે.

*** (5) ફોજદારી દાવા અંગેની અપીલમાં સર્વોચ્ચ અદાલતની સત્તાઓ વર્ણવો.**

ઉત્તર : ફોજદારી દાવા અંગેની અપીલમાં સર્વોચ્ચ અદાલતની સત્તાઓ આ મુજબ છે : (1) ફોજદારી દાવાના ચુકાદામાં રાજ્યની વડી અદાલતે આરોપીને ફાંસીની સજા ફરમાવી હોય અને અપીલ કે પુનર્વિચાર માટે પ્રમાણપત્ર આપ્યું હોય તો એ ચુકાદા વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકાય છે. (2) કોઈ પણ રાજ્યની વડી અદાલતમાં ચાલતા મુકદ્દમાને સર્વોચ્ચ અદાલત પોતાની અદાલતમાં તબદીલ (Transfer) કરી શકે છે.

*** (6) વડી અદાલતોના ન્યાયાધીશોની લાયકાતનાં ધોરણો વર્ણવો.**

અથવા

વડી અદાલતના ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે જરૂરી લાયકાતો વર્ણવો.

ઉત્તર : વડી અદાલતના ન્યાયાધીશની લાયકાતનાં ધોરણો આ મુજબ છે : (1) તે ભારતનો નાગરિક હોવો જોઈએ. (2) તેની વય 62 વર્ષથી વધુ ન હોવી જોઈએ. (3) તેણે નીચલી અદાલતોમાં ઓછામાં ઓછાં 10 વર્ષ સુધી ન્યાયાધીશ તરીકે કામ કર્યું હોવું જોઈએ અથવા (4) કોઈ પણ રાજ્યની વડી અદાલતમાં ઓછામાં ઓછાં 10 વર્ષ સુધી વકીલાત કરી હોવી જોઈએ. (5) રાષ્ટ્રપ્રમુખના મત મુજબ તે પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી હોવો જોઈએ.

*** (7) તાબા હેઠળની વિવિધ અદાલતો જણાવો.**

ઉત્તર : રાજ્યની વડી અદાલત(હાઈકોર્ટ)ની હકૂમતમાં રહેલી અને તેના અંકુશ નીચે કામ કરતી તાબાની અદાલતોમાં રાજ્યની તમામ જિલ્લા અદાલતો અને તાલુકા અદાલતોનો સમાવેશ થાય છે. દરેક જિલ્લામાં ફોજદારી અને દીવાની અદાલતો હોય છે. ફોજદારી અદાલતોમાં તેની હકૂમત નીચે પ્રથમ વર્ગના ન્યાયાધીશ અને દ્વિતીય વર્ગના ન્યાયાધીશની અદાલતો, મામલતદાર અને ઍક્ઝિક્યુટિવ મૅજિસ્ટ્રેટ કોર્ટ હોય છે. આ ઉપરાંત તાબાની અદાલતોમાં ફાસ્ટ ટ્રૅક કોર્ટ, પોટા કોર્ટ, સ્મૉલ કૉઝ કોર્ટ, ફૅમિલી કોર્ટ, લેબર કોર્ટ ટ્રિબ્યૂનલો (ખાસ અદાલતો) પણ હોય છે.

(8) જિલ્લા અદાલતના ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે જરૂરી લાયકાતો જણાવો.

ઉત્તર : જિલ્લા અદાલતના ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે જરૂરી લાયકાતો આ મુજબ છે : (1) તે ભારતનો નાગરિક હોવો જોઈએ. (2) તેની ઉંમર 65 વર્ષથી વધુ ન હોવી જોઈએ. (3) તેને રાજ્યની કોઈ પણ અદાલતમાં વકીલ અથવા ધારાશાસ્ત્રી તરીકેનો ઓછામાં ઓછો 7 વર્ષનો અનુભવ હોવો જોઈએ. (4) સંઘસરકાર કે રાજ્યસરકારના ન્યાયતંત્રમાં અધિકારી હોય તે વ્યક્તિ જિલ્લા ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે યોગ્યતા ધરાવે છે.

(9) આપણા દેશમાં સળંગ ન્યાયતંત્ર છે એમ શાથી કહી શકાય ?

ઉત્તર : ભારતના ન્યાયતંત્રમાં સર્વોચ્ચ અદાલતનું સ્થાન સૌથી ઊંચું છે. એ પછી અનુક્રમે રાજ્યોની વડી અદાલતો, જિલ્લા અદાલતો અને તાલુકા અદાલતોનું સ્થાન છે. આમ કહી શકાય કે, આપણા દેશમાં સળંગ ન્યાયતંત્ર છે.

(10) ન્યાયતંત્ર શા માટે સ્વતંત્ર હોવું જોઈએ ?

ઉત્તર : ન્યાયતંત્ર ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર ન હોય તો ન્યાયાધીશો પર પ્રધાનો, અમલદારો કે ધારાસભ્યોની વગનો ઉપયોગ થવાની શક્યતા રહે છે. જો આમ બને તો ન્યાયાધીશો નિષ્પક્ષપણે અને પ્રામાણિકપણે ન્યાય આપી શકે નહિ. ન્યાયાધીશો નિર્ભય રીતે અને પક્ષપાત વિના તટસ્થ રીતે ન્યાય આપી શકે તે માટે ન્યાયતંત્ર સ્વતંત્ર હોવું જોઈએ.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

*** (1) ન્યાયતંત્ર લોકશાહીની આધારશિલા છે.**


ઉત્તર : ભારતીય સમવાયતંત્રી લોકશાહીમાં બંધારણ અને નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ કરવા તેમજ કેન્દ્ર અને રાજ્ય વચ્ચે અથવા રાજ્ય-રાજ્ય વચ્ચે સત્તાઓ અને કાર્યક્ષેત્ર અંગે કોઈ ઘર્ષણો ઊભાં થાય તો તેનો બંધારણીય ઉકેલ લાવવા માટે સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્રની જોગવાઈ કરવામાં આવી છે. આ ન્યાયતંત્ર કાયદાની કોઈ કલમ કે જોગવાઈની બંધારણીય સુસંગતતા તપાસે છે અને તેનું અર્થઘટન કરે છે. ધારાસભા અને કારોબારી દ્વારા બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન ન થાય તેનું ન્યાયતંત્ર ધ્યાન રાખે છે. આમ, ભારતનું ન્યાયતંત્ર લોકશાહીની આધારશિલા છે.

*** (2) સર્વોચ્ચ અદાલત બંધારણ અને નાગરિકોના મૂળભૂત હકોના રક્ષક – વાલી છે.**

ઉત્તર : દેશની સરકાર બંધારણ અનુસાર કાર્ય કરે છે કે નહિ તેમજ નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ થાય છે કે નહિ તે જોવાનું કાર્ય સર્વોચ્ચ અદાલતનું છે. તેથી તે બંધારણ અને નાગરિકોના મૂળભૂત હકોના રક્ષક – વાલી ગણાય છે.

*** (3) વડી અદાલત કડીરૂપ સ્થાન ધરાવે છે.**

ઉત્તર : ભારતની સંઘીય શાસનપદ્ધતિમાં સમગ્ર દેશ માટે સળંગ, સુગ્રથિત, એકસૂત્રી અને સ્વતંત્ર પિરામિડ સ્વરૂપનું ન્યાયતંત્ર છે. કેન્દ્ર કક્ષાએ ટોચ પર દેશની સર્વોચ્ચ અદાલત છે, મધ્યમાં વડી અદાલત છે અને પાયામાં જિલ્લા અદાલતો તથા તાબાની અદાલતો છે.



વડી અદાલત જિલ્લા અદાલતોની અપીલો સાંભળે છે અને તેના ચુકાદાઓ આપે છે, જ્યારે વડી અદાલતોની અપીલો સર્વોચ્ચ અદાલત સાંભળે છે અને તેના ચુકાદાઓ આપે છે. આમ, ભારતના ન્યાયતંત્રમાં વડી અદાલત કડીરૂપ છે.

*** (4) લોકઅદાલતો આકર્ષણનું કેન્દ્ર બની છે. *અથવા* લોકઅદાલતો શા માટે આકર્ષણનું કેન્દ્ર બની છે?**

ઉત્તર : સ્થાનિક કક્ષાએ સમાજના ગરીબ અને શોષિત લોકોને સરળ રીતે, ઝડપી અને સસ્તો ન્યાય મળે એ હેતુથી લોકઅદાલતોનું આયોજન કરવામાં આવ્યું છે.

લોકઅદાલતોમાં સ્થળ પર જ બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવવામાં આવે છે. અહીં બંને પક્ષોનું હિત અને માન જળવાય છે. બંને પક્ષોમાંથી કોઈની જીત કે હાર હોતી નથી. વર્ષોથી વિલંબમાં પડેલા કેસોનો ઝડપી અને બિનખર્ચાળ નિકાલ થાય છે. વળી, લોકઅદાલતોના ચુકાદાઓને કાનૂની પીઠબળ પૂરું પાડવામાં આવ્યું છે. આ બધાં કારણોસર લોકઅદાલતો આકર્ષણનું કેન્દ્ર બની છે.

*** (5) ધારાસભા અને કારોબારી બેજવાબદાર બને ત્યારે ન્યાયતંત્રની સક્રિયતા આશીર્વાદરૂપ બને છે.**

ઉત્તર : કેટલીક વાર ધારાસભા બહુમતી સંખ્યાના જોરે આપખુદ બનીને જનકલ્યાણને અવરોધે એવો કાયદો બનાવે અને કારોબારી તેનો અમલ કરે ત્યારે ન્યાયતંત્રમાં તેને પડકારવામાં આવે છે. એ સમયે ન્યાયતંત્ર કાયદાની બંધારણીય સુસંગતતા તપાસે છે. જો તે ગેરબંધારણીય હોય, તો તે તેને રદબાતલ કરે છે. આમ, ન્યાયતંત્ર નિષ્પક્ષ અને નિર્ભય રીતે ન્યાય આપી પોતાની સક્રિયતા દાખવે છે. આથી એમ કહી શકાય કે, ધારાસભા અને કારોબારી બેજવાબદાર બને ત્યારે ન્યાયતંત્રની સક્રિયતા આશીર્વાદરૂપ બને છે.

*** (6) સર્વોચ્ચ અદાલત નઝીરી અદાલત ગણાય છે.**

ઉત્તર : (1) સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અને નિર્ણયો કાયમી દસ્તાવેજો ગણાય છે. (2) એ ચુકાદાઓ અને નિર્ણયો દેશના તમામ નાગરિકો અને દેશની બધી અદાલતોને માટે બંધનકર્તા હોય છે તેમજ તેમને નમૂનારૂપ ગણી બીજી અદાલતો તેમને આધારે ચુકાદાઓ આપે છે. (3) સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અને નિર્ણયોનો ભંગ કરનારને તે સર્વોચ્ચ અદાલતના તિરસ્કાર માટે શિક્ષા કરી શકે છે. (4) સર્વોચ્ચ અદાલત દરેક પ્રકારના મુકદ્દમામાં આપેલ ચુકાદાની નોંધ (Record) રાખે છે અને તેને ગૅઝેટમાં પ્રકાશિત કરે છે.

ઉપર દર્શાવેલાં કારણોસર સર્વોચ્ચ અદાલત નઝીરી અદાલત (Court of Records) ગણાય છે.

(7) સર્વોચ્ચ અદાલતના ચુકાદા ભારતની કોઈ અદાલતમાં પડકારી શકાતા નથી.

ઉત્તર : સર્વોચ્ચ અદાલત એ ન્યાય માટેની સર્વોપરી અને આખરી અદાલત છે. તેના નિર્ણયો અને ચુકાદા અંતિમ ગણાય છે. એ નિર્ણયો કે ચુકાદા વિરુદ્ધ ક્યાંય અપીલ થઈ શકતી નથી. સર્વોચ્ચ અદાલતના નિર્ણયો અને ચુકાદા દેશના તમામ નાગરિકોને અને દેશની બધી અદાલતોને માટે બંધનકર્તા હોય છે. તેના નિર્ણય અને ચુકાદાઓનો ભંગ કરનારને તે સર્વોચ્ચ અદાલતના તિરસ્કાર માટે શિક્ષા કરી શકે છે. આમ, સર્વોચ્ચ અદાલતના ચુકાદા ભારતની કોઈ અદાલતમાં પડકારી શકાતા નથી.

*** (8) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો નિવૃત્તિ બાદ પણ કોઈ પણ કોર્ટમાં વકીલાત કરી શકતા નથી.**

ઉત્તર : સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોનો મોભો અને પ્રતિષ્ઠા ઘણા ઊંચા દરજ્જાનાં બનાવવામાં આવ્યાં છે. એક વખત જે વ્યક્તિએ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશ તરીકે કામ કર્યું હોય અને ત્યારપછી તે કોઈ પણ અદાલતમાં વકીલ તરીકે કામ કરે, તો તે અદાલતના ન્યાયાધીશો અજાણતાં પણ તેની શેહ-શરમમાં આવી જાય અને કદાચ તેની તરફેણમાં પક્ષપાતભર્યું વલણ દાખવી બેસે. આથી બંધારણમાં કરેલ જોગવાઈ પ્રમાણે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો નિવૃત્તિ બાદ પણ કોઈ પણ કોર્ટમાં વકીલાત કરી શકતા નથી.

(9) સર્વોચ્ચ અદાલતને 'સર્વોચ્ચ' કહેવામાં આવે છે.

ઉત્તર : સર્વોચ્ચ અદાલત એ ન્યાય માટેની સર્વોપરી અને આખરી અદાલત છે. તેના નિર્ણયો અને ચુકાદા અંતિમ ગણાય છે. એ નિર્ણયો કે ચુકાદા વિરુદ્ધ ક્યાંય અપીલ થઈ શકતી નથી. સર્વોચ્ચ અદાલત દેશની તમામ અદાલતો ઉપર નિયંત્રણ, માર્ગદર્શન અને દેખરેખનો અધિકાર ધરાવે છે. આથી સર્વોચ્ચ અદાલતને 'સર્વોચ્ચ' કહેવામાં આવે છે.

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) ભારતની સંઘીય શાસનપદ્ધતિમાં સમગ્ર દેશ માટે કેવા પ્રકારનું ન્યાયતંત્ર છે?

ઉત્તર : ભારતની સંઘીય શાસનપદ્ધતિમાં સમગ્ર દેશ માટે સળંગ, સુગ્રથિત, એકસૂત્રી અને સ્વતંત્ર પિરામિડ સ્વરૂપનું ન્યાયતંત્ર છે.

(2) હાલમાં સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની સંખ્યા કેટલી છે?

ઉત્તર : હાલમાં સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની સંખ્યા મુખ્ય ન્યાયાધીશ સહિત 28 છે.

(3) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કોણ કરે છે?

ઉત્તર : સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપ્રમુખ કરે છે.

(4) આપણા દેશમાં બધી અદાલતોમાં કઈ અદાલતનું સ્થાન સૌથી ઊંચું છે?

ઉત્તર : આપણા દેશમાં બધી અદાલતોમાં સર્વોચ્ચ અદાલત(સુપ્રીમ કોર્ટ)નું સ્થાન સૌથી ઊંચું છે.

(5) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિવૃત્તિવય કેટલાં વર્ષની નિર્ધારિત કરવામાં આવી છે?

ઉત્તર : સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિવૃત્તિવય 65 વર્ષની નિર્ધારિત કરવામાં આવી છે.

(6) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને હોદ્દા પરથી ક્યારે દૂર કરી શકાય છે?

ઉત્તર : રાષ્ટ્રપ્રમુખ દ્વારા સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને માત્ર સાબિત થયેલી ગેરવર્તણૂક, બિનકાર્યક્ષમતા કે બંધારણીય મર્યાદાઓના ભંગના આધારે મહાભિયોગ દ્વારા હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

(7) ક્ષેત્રાધિકાર કોને કહે છે?

ઉત્તર : ભારતીય બંધારણમાં સર્વોચ્ચ અદાલતને જે વિશાળ અને વિશિષ્ટ પ્રકારની વ્યાપક સત્તાઓ આપવામાં આવી છે, તેને 'ક્ષેત્રાધિકાર' કહે છે.

(8) મૂળભૂત ક્ષેત્રાધિકાર કોને કહે છે?

ઉત્તર : જે બાબતમાં મુકદમો શરૂઆતથી જ સર્વોચ્ચ અદાલતમાં આવે અને તેનો ચુકાદો આપવાનો હોય તે સત્તાને 'મૂળભૂત ક્ષેત્રાધિકાર' કહે છે.

(9) નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કોણ કરે છે?

ઉત્તર : રાજ્યોની વડી અદાલતો અને દેશની સર્વોચ્ચ અદાલત નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરે છે.

(10) મૂળભૂત અધિકારોના ભંગ માટે સર્વોચ્ચ અદાલત કયા કયા હુકમો કાઢવાની સત્તા ધરાવે છે?

ઉત્તર : મૂળભૂત અધિકારોના ભંગ માટે સર્વોચ્ચ અદાલત હાજર હુકમ, મનાઈ હુકમ, કર્તવ્ય હુકમ, અધિકારભંગ હુકમ, પ્રતિબંધ હુકમ વગેરે હુકમો કાઢવાની સત્તા ધરાવે છે.

(11) વિવાદ ક્ષેત્રાધિકાર કોને કહે છે?

ઉત્તર : વડી અદાલતોએ આપેલા ચુકાદાઓ સામે સર્વોચ્ચ અદાલત અપીલ સાંભળે છે, તેને 'વિવાદ ક્ષેત્રાધિકાર' કહે છે.

(12) ન્યાયની અપીલ કયા કયા પ્રકારની હોય છે?

ઉત્તર : ન્યાયની અપીલ ત્રણ પ્રકારની હોય છે : (1) બંધારણના અર્થઘટન અંગેની અપીલ, (2) દીવાની દાવાવિષયક અપીલ અને (3) ફોજદારી દાવાવિષયક અપીલ.

(13) કઈ અદાલતો નઝીરી અદાલત (Court of Records) તરીકે કામ કરે છે?

ઉત્તર : સર્વોચ્ચ અદાલત અને રાજ્યોની વડી અદાલતો નઝીરી અદાલત (Court of Records) તરીકે કામ કરે છે.

(14) ભારતમાં અસમ સહિત કયાં કયાં રાજ્યો માટે એક જ વડી અદાલત છે?

ઉત્તર : ભારતમાં અસમ સહિત મણિપુર, મેઘાલય, નાગાલૅન્ડ, ત્રિપુરા, મિઝોરમ અને અરુણાચલ પ્રદેશ રાજ્યો માટે તેમજ પંજાબ અને હરિયાણા રાજ્યો વચ્ચે તથા આંધ્ર પ્રદેશ અને તેલંગણા રાજ્યો વચ્ચે એક જ વડી અદાલત છે.

(15) ગુજરાતમાં વડી અદાલત ક્યાં આવેલી છે?

ઉત્તર : ગુજરાતમાં વડી અદાલત અમદાવાદમાં સરખેજ-ગાંધીનગર હાઈ-વે પર આવેલી છે.

(16) આપણા બંધારણમાં ન્યાયતંત્રને કોનાથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે?

ઉત્તર : આપણા બંધારણમાં ન્યાયતંત્રને સરકારનાં બીજાં બે અંગો – ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે.

(17) જાહેર હિતની અરજીઓ કઈ અદાલતોમાં કરી શકાય છે?

ઉત્તર : જાહેર હિતની અરજીઓ સર્વોચ્ચ અદાલત અને રાજ્યોની વડી અદાલતોમાં કરી શકાય છે.

પ્રશ્ન 6. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) આપણા દેશમાં સળંગ ન્યાયતંત્ર છે એમ કહી શકાય, કારણ કે ...

ઉત્તર : ભારતના ન્યાયતંત્રમાં સર્વોચ્ચ અદાલતનું સ્થાન સૌથી ઊંચું છે. એ પછી અનુક્રમે રાજ્યોની વડી અદાલતો, જિલ્લા અદાલતો અને તાલુકા અદાલતોનું સ્થાન છે.

(2) સર્વોચ્ચ અદાલત બંધારણ અને નાગરિકોના મૂળભૂત હકોના રક્ષક – વાલી ગણાય છે, કારણ કે ...

ઉત્તર : દેશની સરકાર બંધારણ અનુસાર કાર્ય કરે છે કે નહિ તેમજ નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ થાય છે કે નહિ તે જોવાનું કાર્ય સર્વોચ્ચ અદાલતનું છે.

(3) ન્યાયતંત્ર સ્વતંત્ર હોવું જોઈએ, કારણ કે ...

ઉત્તર : ન્યાયતંત્ર ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર ન હોય તો ન્યાયાધીશો પર પ્રધાનો, અમલદારો કે ધારાસભ્યોની વગનો ઉપયોગ થવાની શક્યતા રહે છે. જો આમ બને તો ન્યાયાધીશો નિષ્પક્ષપણે અને પ્રામાણિકપણે ન્યાય આપી શકે નહિ.

(4) વડી અદાલત કડીરૂપ સ્થાન ધરાવે છે, કારણ કે ...

ઉત્તર : વડી અદાલત જિલ્લા અદાલતોની અપીલો સાંભળે છે અને તેના ચુકાદાઓ આપે છે, જ્યારે વડી અદાલતોની અપીલો સર્વોચ્ચ અદાલત સાંભળે છે અને તેના ચુકાદાઓ આપે છે.

(5) સર્વોચ્ચ અદાલતના ચુકાદા ભારતની કોઈ અદાલતમાં પડકારી શકાતા નથી, કારણ કે ...

ઉત્તર : સર્વોચ્ચ અદાલત એ ન્યાય માટેની સર્વોપરી અને આખરી અદાલત છે. તેના નિર્ણયો અને ચુકાદા અંતિમ ગણાય છે. એ નિર્ણયો કે ચુકાદા વિરુદ્ધ ક્યાંય અપીલ થઈ શકતી નથી. સર્વોચ્ચ અદાલતના નિર્ણયો અને ચુકાદા દેશના તમામ નાગરિકોને અને દેશની બધી અદાલતોને માટે બંધનકર્તા હોય છે.

(6) લોકઅદાલતો આકર્ષણનું કેન્દ્ર બની છે, કારણ કે ...

ઉત્તર : સ્થાનિક કક્ષાએ સમાજના ગરીબ અને શોષિત લોકોને સરળ રીતે, ઝડપી અને સસ્તો ન્યાય મળે એ હેતુથી લોકઅદાલતોનું આયોજન કરવામાં આવ્યું છે. લોકઅદાલતોમાં સ્થળ પર જ બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવવામાં આવે છે. અહીં બંને પક્ષોનું હિત અને માન જળવાય છે. બંને પક્ષોમાંથી કોઈની જીત કે હાર હોતી નથી.

(7) ધારાસભા અને કારોબારી બેજવાબદાર બને ત્યારે ન્યાયતંત્રની સક્રિયતા આશીર્વાદરૂપ બને છે, કારણ કે ...

ઉત્તર : કેટલીક વાર ધારાસભા બહુમતી સંખ્યાના જોરે આપખુદ બનીને જનકલ્યાણને અવરોધે એવો કાયદો બનાવે અને કારોબારી

તેનો અમલ કરે ત્યારે ન્યાયતંત્રમાં તેને પડકારવામાં આવે છે. એ સમયે ન્યાયતંત્ર કાયદાની બંધારણીય સુસંગતતા તપાસે છે. જો તે ગેરબંધારણીય હોય, તો તે તેને રદબાતલ કરે છે.

(8) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો નિવૃત્તિ બાદ પણ કોઈ પણ કોર્ટમાં વકીલાત કરી શકતા નથી, કારણ કે ...

ઉત્તર : એક વખત જે વ્યક્તિએ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશ તરીકે કામ કર્યું હોય અને ત્યારપછી તે કોઈ પણ અદાલતમાં વકીલ તરીકે કામ કરે, તો તે અદાલતના ન્યાયાધીશો અજાણતાં પણ તેની શેહ-શરમમાં આવી જાય અને કદાચ તેની તરફેણમાં પક્ષપાતભર્યું વલણ દાખવી બેસે.

(9) સર્વોચ્ચ અદાલતને 'સર્વોચ્ચ' કહેવામાં આવે છે, કારણ કે ...

ઉત્તર : સર્વોચ્ચ અદાલત એ ન્યાય માટેની સર્વોપરી અને આખરી અદાલત છે. તેના નિર્ણયો અને ચુકાદા અંતિમ ગણાય છે. એ નિર્ણયો કે ચુકાદા વિરુદ્ધ ક્યાંય અપીલ થઈ શકતી નથી.

(10) ગુજરાતમાં લોકઅદાલતની રચના કરવામાં આવી છે, કારણ કે ...

ઉત્તર : સ્થાનિક કક્ષાએ સમાજના ગરીબ અને શોષિત લોકોને સરળ રીતે, ઝડપી અને સસ્તો ન્યાય મળે એ હેતુથી ગુજરાતમાં લોકઅદાલતની રચના કરવામાં આવી છે.

પ્રશ્ન 7. નીચેના પારિભાષિક શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ક્ષેત્રાધિકાર

ઉત્તર : ભારતીય બંધારણમાં સર્વોચ્ચ અદાલતને જે વિશાળ અને વિશિષ્ટ પ્રકારની વ્યાપક સત્તાઓ આપવામાં આવી છે, તેને **'ક્ષેત્રાધિકાર'** કહે છે.

(2) મૂળભૂત ક્ષેત્રાધિકાર

ઉત્તર : જે બાબતમાં મુકદ્દમો શરૂઆતથી જ સર્વોચ્ચ અદાલતમાં આવે અને તેનો ચુકાદો આપવાનો હોય તે સત્તાને **'મૂળભૂત ક્ષેત્રાધિકાર'** કહે છે.

(3) વિવાદ ક્ષેત્રાધિકાર

ઉત્તર : વડી અદાલતોએ આપેલા ચુકાદાઓ સામે સર્વોચ્ચ અદાલત અપીલ સાંભળે છે, તેને **'વિવાદ ક્ષેત્રાધિકાર'** કહે છે.

(4) નઝીરી અદાલત

ઉત્તર : જે અદાલતના ચુકાદાની નોંધ (Records) પુરાવાનું મૂલ્ય ધરાવે છે અને જ્યારે તે રજૂ કરવામાં આવે ત્યારે તેની કાયદેસરતા સામે કોઈ વાંધો લઈ શકાતો નથી, તેને **'નઝીરી અદાલત'** (Court of Records) કહેવામાં આવે છે. દેશની સર્વોચ્ચ અદાલત અને રાજ્યોની વડી અદાલતો નઝીરી અદાલત (Court of Records) તરીકે કામ કરે છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ગરીબો અને શોષિતોને ઝડપી અને સસ્તો ન્યાય આપવા માટે ..... ની રચના કરવામાં આવી છે.

A. ખાસ અદાલતો B. લોકઅદાલતો C. જાહેર અદાલતો

(2) ..... સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને નીમે છે.

A. રાષ્ટ્રપ્રમુખ B. વડા પ્રધાન C. મુખ્ય ન્યાયમૂર્તિ

(3) જિલ્લા ન્યાયાધીશ સિવાયના અન્ય ન્યાયાધીશોની નિમણૂક રાજ્યપાલ ..... સાથે ચર્ચા-વિચારણા કરીને કરે છે.

A. મુખ્ય પ્રધાન B. સર્વોચ્ચ અદાલત C. વડી અદાલત

(4) ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ..... ની રચના થઈ છે.

A. ગ્રાહક જાગૃતિ કેન્દ્ર

B. ગ્રાહક ફરિયાદ ફોરમ

C. ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

(5) મફત કાનૂની સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર ..... માં છે.

A. રાજકોટ B. અમદાવાદ C. વડોદરા

(6) વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશને ..... શપથ લેવડાવે છે.

A. રાજ્યપાલ B. મુખ્ય પ્રધાન C. રાષ્ટ્રપ્રમુખ

(7) ભારતની સર્વોચ્ચ અદાલત ..... શહેરમાં આવેલી છે.

A. શ્રીનગર B. ભોપાલ C. દિલ્લી

(8) ભારતના ન્યાયતંત્રની ટોચ પર ..... અદાલત છે.

A. વડી અદાલત B. સર્વોચ્ચ C. ઉચ્ચ અદાલત

(9) સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશોની નિમણૂક ..... ના ધોરણે થાય છે.

A. અનુભવ B. સીનિયોરિટી C. જ્ઞાન

(10) સર્વોચ્ચ અદાલતને ..... અદાલત (Court of Records) પણ કહી શકાય.

A. નઝીરી B. શ્રેષ્ઠ C. દેશની

ઉત્તર : (1) લોકઅદાલતો (2) રાષ્ટ્રપ્રમુખ (3) વડી અદાલત (4) ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (5) અમદાવાદ (6) રાજ્યપાલ (7) દિલ્લી (8) સર્વોચ્ચ (9) સીનિયોરિટી (10) નઝીરી

(11) ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિવૃત્તિવય ..... વર્ષ નિર્ધારિત કરવામાં આવી છે.

A. 60 B. 62 C. 65

(12) સર્વોચ્ચ અદાલતને અગાઉ આપેલ પોતાના નિર્ણય કે ચુકાદાની ..... કરવાની સત્તા છે.

A. પુનઃસમીક્ષા B. ફેરબદલી C. વિચારણા

(13) સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અથવા નિર્ણયો કાયમી ..... ગણાય છે.

A. નોંધો B. દસ્તાવેજો C. ફાઈલો

(14) વડી અદાલતના ન્યાયાધીશોની નિવૃત્તિવય ..... વર્ષની હોય છે.

A. 56 B. 62 C. 65

(15) સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોનું કામકાજ ..... ભાષામાં થાય છે.

A. અંગ્રેજી B. હિન્દી C. પ્રાદેશિક

(16) વડી અદાલત ..... અદાલત તરીકેનું સ્થાન ધરાવે છે.

A. રાજ્યની B. શ્રેષ્ઠ C. નઝીરી

(17) દિલીપભાઈની ઉંમર 55 વર્ષની છે. હિમાંશુભાઈની ઉંમર 67 વર્ષની છે અને રાજેશભાઈની ઉંમર 71 વર્ષની છે. આ ત્રણમાંથી સર્વોચ્ચ (સુપ્રીમ) અદાલતના ન્યાયાધીશ કોણ બની શકે?

A. હિમાંશુભાઈ B. દિલીપભાઈ C. રાજેશભાઈ

(18) કૌશિકભાઈની ઉંમર 65 વર્ષની છે. દેવેન્દ્રભાઈની ઉંમર 70 વર્ષની છે અને રવીન્દ્રભાઈની ઉંમર 58 વર્ષની છે. આ ત્રણમાંથી વડી અદાલત(હાઈકોર્ટ)ના ન્યાયાધીશ કોણ બની શકે?

A. રવીન્દ્રભાઈ B. કૌશિકભાઈ C. દેવેન્દ્રભાઈ

(19) જગદીશભાઈની ઉંમર 68 વર્ષની છે. આત્માનંદની ઉંમર 70 વર્ષની છે. જ્યોતીન્દ્રકુમારની ઉંમર 62 વર્ષની છે. આ ત્રણમાંથી જિલ્લા અદાલતના ન્યાયાધીશ કોણ બની શકે?

A. આત્માનંદ B. જગદીશભાઈ C. જ્યોતીન્દ્રકુમાર

(20) યાજ્ઞિકભાઈની ઉંમર 60 વર્ષની છે. યોગેશભાઈની ઉંમર 62 વર્ષની છે અને તુષારભાઈની ઉંમર 65 વર્ષની છે. આ ત્રણમાંથી સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશના પદેથી સૌપ્રથમ કોણ નિવૃત્ત થશે?

A. તુષારભાઈ B. યોગેશભાઈ C. યાજ્ઞિકભાઈ

(21) નરેશભાઈની ઉંમર 60 વર્ષની છે. પરેશભાઈની ઉંમર 61 વર્ષની છે અને હરેશભાઈની ઉંમર 62 વર્ષની છે. આ ત્રણમાંથી વડી અદાલત(હાઈકોર્ટ)ના ન્યાયાધીશના પદેથી સૌપ્રથમ કોણ નિવૃત્ત થશે?

A. નરેશભાઈ B. પરેશભાઈ C. હરેશભાઈ

ઉત્તર : (11) 65 (12) પુનઃસમીક્ષા (13) દસ્તાવેજો (14) 62 (15) અંગ્રેજી (16) નઝીરી (17) દિલીપભાઈ (18) રવીન્દ્રભાઈ (19) જ્યોતીન્દ્રકુમાર (20) તુષારભાઈ (21) હરેશભાઈ

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની વય 65 વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(2) ભારતમાં ન્યાયતંત્ર સ્વતંત્ર નથી.

(3) સર્વોચ્ચ અદાલત પોતે આપેલા ચુકાદાનું પોતે જ પુનરાવલોકન કરી શકતી નથી.

(4) બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ વડી અદાલત પણ હોઈ શકે.

(5) જિલ્લા ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપ્રમુખ કરે છે.

(6) લોકઅદાલતોની રચનાથી ન્યાય સસ્તો બન્યો છે.

(7) સર્વોચ્ચ અદાલત દેશના રાષ્ટ્રપ્રમુખને કાનૂની સલાહ આપે છે.

(8) જિલ્લા અદાલતનો ન્યાયાધીશ ફોજદારી મુકદ્દમા ચલાવે ત્યારે તે સેશન્સ ન્યાયાધીશ કહેવાય છે.

(9) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ કરે છે.

(10) મફત કાનૂની સત્તા સેવા મંડળની કચેરીનું વડું મથક ગાંધીનગરમાં આવેલું છે.

ઉત્તર : (1) ખરું (2) ખોટું (3) ખોટું (4) ખરું (5) ખોટું (6) ખરું (7) ખરું (8) ખરું (9) ખોટું (10) ખોટું

---

(11) ભારતના ન્યાયતંત્રમાં તેના સૌથી ટોચના સ્થાને વડી અદાલત છે.

(12) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની સંખ્યામાં સંસદ ફેરફાર કરે છે.

(13) કોઈ ખરડાની કાયદેસરતાને લગતા પ્રશ્નો પર વડા પ્રધાન સર્વોચ્ચ અદાલતની સલાહ મેળવી શકે છે.

(14) સર્વોચ્ચ અદાલત બંધારણ અને નાગરિકોના હકોના રક્ષક – વાલી તરીકેની ફરજો અદા કરે છે.

(15) દરેક રાજ્યમાં બે કે ત્રણ વડી અદાલતો હોય છે.

(16) વડી અદાલતોના ન્યાયાધીશોની મુદત 65 વર્ષની વયની હોય છે.

(17) પોટાના કેસો ચલાવવા માટે ગુજરાતમાં પોટા અદાલતોની રચના કરવામાં આવી છે.

(18) લોકઅદાલતોના ચુકાદાઓને કાનૂની પીઠબળ પૂરું પાડવામાં આવ્યું છે.

ઉત્તર : (11) ખોટું (12) ખરું (13) ખોટું (14) ખરું (15) ખોટું (16) ખોટું (17) ખરું (18) ખરું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) આપણે ત્યાં કયા પ્રકારના ન્યાયતંત્રની રચના કરવામાં આવી છે? **– એકસૂત્રી**

(2) દેશના ન્યાયતંત્રમાં સૌથી ટોચના સ્થાને કઈ અદાલત છે? **– સર્વોચ્ચ**

(3) સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશોની નિમણૂક કયા ધોરણે થાય છે? **– શ્રેયાનતા(સીનિયોરિટી)ના ધોરણે**

(4) કોના મત મુજબ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિમણૂક પામનાર વ્યક્તિ પ્રસિદ્ધ કાયદાશાસ્ત્રી કે નામાંકિત ન્યાયવિદ્ હોવી જોઈએ? **– રાષ્ટ્રપ્રમુખના**

(5) કઈ અદાલતના ચુકાદાઓ અંતિમ હોય છે? **– સર્વોચ્ચ અદાલતના**

(6) કઈ અદાલત પોતાના આપેલ ચુકાદાઓનું પોતે જ પુનરાવલોકન (પુનઃસમીક્ષા) કરી શકે છે? **– સર્વોચ્ચ અદાલત**

(7) ભારતમાં આજે પણ કયાં બે રાજ્યો વચ્ચે એક જ વડી અદાલત છે? **– પંજાબ અને હરિયાણા**

(8) મિઝોરમ અને ત્રિપુરાની વડી અદાલત કયા રાજ્યમાં આવેલી છે? **– અસમ**

(9) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કોણ કરે છે? **– રાષ્ટ્રપ્રમુખ**

(10) વડી અદાલતોના ન્યાયાધીશો કોને સંબોધીને રાજીનામું આપી શકે છે? **– રાષ્ટ્રપ્રમુખને**

(11) કઈ અદાલતોના ન્યાયાધીશોની ભારતના કોઈ પણ રાજ્યમાં બદલી કરી શકાય છે? **– વડી અદાલતોના**

(12) સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોનું કામકાજ કઈ ભાષામાં થાય છે? **– અંગ્રેજી**

(13) મફત કાનૂની સેવા મંડળની કચેરીનું વડું મથક ક્યાં આવેલું છે? **– અમદાવાદમાં**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : ***[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]***

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. સર્વોચ્ચ અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક	a. સર્વોચ્ચ અદાલત
2. બંધારણનું અર્થઘટન કરવાની અંતિમ સત્તા	b. લોકઅદાલતો
3. રાજ્યની વડી અદાલત	c. જ્ઞાતિપંચો
4. ન્યાયતંત્રમાં થતો વિલંબ નિવારે છે.	d. રાષ્ટ્રપ્રમુખ
	e. નઝીરી અદાલત

ઉત્તર : (1 – d), (2 – a), (3 – e), (4 – b).

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

1. ભારતીય સમવાયતંત્રમાં કેવા ન્યાયતંત્રની રચના કરવામાં આવી છે?
A. વિશિષ્ટ B. દ્વિસૂત્રી C. એકસૂત્રી D. બહુસૂત્રી

2. ભારતની સર્વોચ્ચ અદાલત કયા શહેરમાં આવેલી છે?
A. અમદાવાદ B. કોલકાતા C. મુંબઈ D. દિલ્લી

* **3.** સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની નિમણૂક કોણ કરે છે?
A. વડા પ્રધાન B. રાષ્ટ્રપ્રમુખ
C. ઉપરાષ્ટ્રપ્રમુખ D. કાયદાપ્રધાન

* **4.** સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો અને વડી અદાલતના ન્યાયાધીશોની નિવૃત્તિવય છે.
A. 65 અને 58 B. 65 અને 60
C. 60 અને 65 D. 65 અને 62

* **5.** મિઝોરમ અને ત્રિપુરાની વડી અદાલત કયા રાજ્યમાં આવેલી છે?
A. મેઘાલયમાં B. અરુણાચલ પ્રદેશમાં
C. અસમમાં D. નાગાલૅન્ડમાં

6. સર્વોચ્ચ અદાલતને કઈ અદાલત પણ કહી શકાય?
A. લોકઅદાલત B. સંઘીય અદાલત
C. સુગ્રથિત અદાલત D. નઝીરી અદાલત

7. જિલ્લા અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક કોણ કરે છે?
A. રાજ્યના મુખ્યમંત્રી B. રાજ્યના રાજ્યપાલ
C. રાષ્ટ્રપ્રમુખ D. કેન્દ્ર સરકાર

* **8.** જિલ્લા ન્યાયાધીશની લાયકાતમાં વકીલ તરીકેનો અનુભવ જરૂરી છે.
A. 3 વર્ષ B. 7 વર્ષ C. 10 વર્ષ D. 5 વર્ષ

* **9.** મફત કાનૂની સત્તા સેવા મંડળની કચેરીનું વડું મથક ક્યાં આવેલું છે?
A. વડોદરામાં B. રાજકોટમાં
C. અમદાવાદમાં D. ગાંધીનગરમાં

* **10.** ગ્રાહકોની ફરિયાદના નિવારણ માટે કઈ સંસ્થાની રચના થઈ છે?
A. મફત કાનૂની સલાહ કેન્દ્ર B. દીવાની કોર્ટ
C. ગ્રાહક ફોરમ D. સ્મૉલ કૉઝ કોર્ટ

ઉત્તર : **1.** એકસૂત્રી **2.** દિલ્લી
3. રાષ્ટ્રપ્રમુખ **4.** 65 અને 62
5. અસમમાં **6.** નઝીરી અદાલત
7. રાજ્યના રાજ્યપાલ **8.** 7 વર્ષ
9. અમદાવાદમાં **10.** ગ્રાહક ફોરમ

---

11. ભારતના નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ કરવાની અંતિમ સત્તા કોણ ધરાવે છે?
A. સંસદ B. વડી અદાલત
C. સર્વોચ્ચ અદાલત D. રાષ્ટ્રપ્રમુખ

12. ભારતના બંધારણનું અર્થઘટન કોણ કરે છે?
A. સર્વોચ્ચ અદાલત B. વડી અદાલત
C. રાષ્ટ્રપ્રમુખ D. સંસદ

13. સર્વોચ્ચ અદાલત પાસે કાનૂની સલાહ કોણ માગી શકે છે?
A. સંરક્ષણ પ્રધાન B. ઉપરાષ્ટ્રપ્રમુખ
C. વડા પ્રધાન D. રાષ્ટ્રપ્રમુખ

14. કઈ અદાલતના ચુકાદા ભારતની કોઈ પણ અદાલતમાં પડકારી શકાતા નથી?
A. વડી અદાલતના B. લોકઅદાલતના
C. જિલ્લા અદાલતના D. સર્વોચ્ચ અદાલતના

15. સામાન્ય રીતે દરેક રાજ્યમાં કેટલી વડી અદાલતો હોય છે?
A. એક B. બે C. ત્રણ D. ચાર

16. ભારતનાં અસમ સહિત ઉત્તર-પૂર્વનાં સાત રાજ્યો માટે કેટલી વડી અદાલતો છે?
A. એક B. બે C. ત્રણ D. ચાર

17. સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોનું કામકાજ કઈ ભાષામાં થાય છે?
A. મરાઠી B. ગુજરાતી C. અંગ્રેજી D. હિન્દી

18. વડી અદાલતના ન્યાયાધીશ બનવા માટેના ઉમેદવારે નીચલી અદાલતોમાં કેટલાં વર્ષ સુધી ન્યાયાધીશ તરીકે કામ કર્યું હોવું જોઈએ?
A. 5 B. 10 C. 8 D. 12

19. વડી અદાલતના ન્યાયાધીશો કોને રાજીનામું આપી શકે છે?
A. ઉપરાષ્ટ્રપ્રમુખને B. રાજ્યપાલને
C. રાષ્ટ્રપ્રમુખને D. વડા પ્રધાનને

20. વડી અદાલતનાં અધિકારક્ષેત્રોમાં કયું અધિકારક્ષેત્ર નથી?
A. અંતિમ અધિકારક્ષેત્ર B. મૂળભૂત અધિકારક્ષેત્ર
C. વિવાદી અધિકારક્ષેત્ર D. વહીવટી અધિકારક્ષેત્ર

ઉત્તર : **11.** સર્વોચ્ચ અદાલત **12.** સર્વોચ્ચ અદાલત
13. રાષ્ટ્રપ્રમુખ **14.** સર્વોચ્ચ અદાલતના
15. એક **16.** એક
17. અંગ્રેજી **18.** 10
19. રાષ્ટ્રપ્રમુખને **20.** અંતિમ અધિકારક્ષેત્ર

12 ભારતીય લોકશાહી

પ્રકરણસાર

- ભારત વસ્તીની દૃષ્ટિએ **સૌથી મોટો લોકશાહી દેશ** છે. વિશ્વના બધા લોકશાહી દેશોમાં સૌથી વધારે મતદારો ભારતમાં છે.
- ચૂંટણી લોકશાહીનું અનિવાર્ય અંગ છે. ચૂંટણી દ્વારા લોકશાહી ચરિતાર્થ થાય છે.
- ભારતમાં **સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર** છે. સાર્વત્રિક પુખ્તવય મતાધિકારમાં **'વ્યક્તિદીઠ એક મત'**નો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે.
- **18** વર્ષ કે તેથી વધુ ઉંમરના, જેનું મતદારયાદીમાં નામ નોંધાયેલું હોય એવા, ભારતના નાગરિકને મતાધિકાર આપવામાં આવ્યો છે.
- ભારતમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર હોવાથી મોટા ભાગના મતદારો મતદાન કરે છે.
- ચૂંટણીમાં મતદાન કરવું એ દરેક નાગરિકનો હક જ નહિ, પવિત્ર ફરજ પણ છે.
- ચૂંટણી લોકશાહીનો આધારસ્તંભ છે. લોકશાહીમાં ચૂંટણી દ્વારા લોકો પોતાના પ્રતિનિધિઓને દેશનું શાસન સોંપે છે. ચૂંટણી લોકશાહીને જીવંત રાખે છે.
- રાજકીય પક્ષો તેમજ ચૂંટણીના ઉમેદવારો માટે ચૂંટણીનું મૂલ્ય ઘણું ઊંચું છે. ચૂંટણી લોકશાહીની પારાશીશી છે. ચૂંટણી દ્વારા સરકારોનું ભવિષ્ય નક્કી થાય છે. લોકશાહીમાં લોકોનું સમર્થન ચૂંટણી દ્વારા જ જાણી શકાય છે. ચૂંટણી લોકશાહીનો પ્રાણ હોવાથી તેની પ્રક્રિયામાં પારદર્શકતા હોવી જરૂરી છે.
- આપણા દેશમાં પ્રાતિનિધિક લોકશાહી છે. મતદાન દ્વારા વિજેતા બનનાર નાગરિક લોકપ્રતિનિધિ બને છે.
- લોકશાહીમાં લોકમત મુજબ જ રાજ્યવહીવટ ચાલે છે. લોકમત રાજકીય પક્ષો, પ્રતિનિધિઓ અને સંગઠનો માટે ખૂબ ઉપયોગી છે. પ્રબળ, જાગ્રત અને સંગઠિત લોકમત લોકશાહીમાં અત્યંત નોંધપાત્ર ભાગ ભજવે છે.
- મુદ્રિત માધ્યમો અને વીજાણુ માધ્યમો લોકમતના ઘડતરમાં ફાળો આપતાં બે મુખ્ય માધ્યમો છે.
- દૈનિક વર્તમાનપત્રો, સામયિકો, વિવિધ સમસ્યા અંગેનાં ચર્ચાપત્રો, વિશિષ્ટ લેખો વગેરે લોકમત ઘડનારાં મુદ્રિત માધ્યમો છે.
- રેડિયો, ટેલિવિઝન અને ફિલ્મો જેવાં દૃશ્ય-શ્રાવ્ય સાધનો લોકમત ઘડનારાં વીજાણુ માધ્યમો છે.
- વિશ્વમાં અનેક દેશોમાં લોકશાહી છે. સંસદીય લોકશાહી અને પ્રમુખીય લોકશાહી એમ લોકશાહી શાસનવ્યવસ્થાના મુખ્ય બે પ્રકારો છે.
- ભારતમાં સંસદીય લોકશાહી છે; જ્યારે યૂ.એસ.એ.માં પ્રમુખીય લોકશાહી છે. સંસદીય લોકશાહીમાં સરકાર સંસદને સંપૂર્ણપણે જવાબદાર છે; જ્યારે પ્રમુખીય લોકશાહીમાં પ્રમુખ અને તેમનું પ્રધાનમંડળ સેનેટને જવાબદાર હોતું નથી.
- ચૂંટણીઓ લોકશાહીની તેમજ લોકમતની પારાશીશી ગણાય છે. દેશમાં મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણીઓ થાય એ ખૂબ જરૂરી છે.
- લોકશાહીમાં ચૂંટણીઓ દ્વારા લોકોનું સમર્થન મેળવીને જ સત્તા પર આવી શકાય છે અને રહી શકાય છે.
- ભારતમાં સમગ્ર ચૂંટણી-પ્રક્રિયાનું સંચાલન, નિયમન અને નિરીક્ષણ સ્વાયત્ત અને **સ્વતંત્ર ચૂંટણીપંચ** કરે છે. ચૂંટણીપંચ સંસદ, રાજ્યોની ધારાસભાઓ, રાષ્ટ્રપ્રમુખ અને ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણીની કાર્યવાહી કરે છે.
- ચૂંટણીપંચ દેશમાં કે રાજ્યમાં કેટલીક વાર પેટાચૂંટણી અને મધ્યસત્ર ચૂંટણી યોજે છે.
- ભારતમાં મતદાન **ગુપ્ત મતદાન પદ્ધતિ**થી થાય છે. આધુનિક સમયમાં મતદાન પદ્ધતિમાં વીજાણુ મશીનનો ઉપયોગ કરવામાં આવે છે. એ મશીનને **EVM** (Electronic Voting Machine) કહે છે. હમણાં નકારાત્મક મત આપવા માટે મશીનમાં 'નોટા'(નન ઑફ ધી ઍબોવ)ની સગવડ કરવામાં આવી છે.
- લોકશાહીમાં રાજકીય વિવિધ પક્ષો હોય છે. રાજકીય પક્ષો વિના લોકશાહી ચાલી શકે નહિ. ચૂંટણીમાં બહુમતી મેળવનાર પક્ષ સરકાર રચે છે.
- **ભારતમાં બહુપક્ષીય લોકશાહી છે.** ભારતમાં કેટલાક મોટા રાષ્ટ્રીય પક્ષો છે, તો કેટલાક નાના પ્રાદેશિક પક્ષો છે, રાષ્ટ્રીય પક્ષો દેશવ્યાપી હોય છે, જ્યારે પ્રાદેશિક પક્ષો કોઈ એક રાજ્ય કે પ્રદેશ પૂરતા મર્યાદિત હોય છે.
- લોકશાહીમાં વિરોધપક્ષોનું મૂલ્ય ખૂબ ઊંચું છે. વિરોધપક્ષો સંસદમાં અને ધારાગૃહોમાં રચનાત્મક ભૂમિકા ભજવી લોકશાહીનું રક્ષણ કરે છે. સત્તાપક્ષ અને વિરોધપક્ષના સમતોલ સંબંધો પર લોકશાહીની સફળતાનો આધાર છે. અસરકારક અને સબળ વિરોધપક્ષ જીવંત લોકશાહી માટે અનિવાર્ય છે. **લોકશાહીરૂપી રથ સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ એ બે પૈડાં પર ચાલતો રહે છે.**

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :

[પ્રત્યેકના 4 ગુણ]

(1) લોકશાહીમાં લોકમતનું મહત્ત્વ દર્શાવી, લોકમતનાં માધ્યમોનું સંક્ષેપમાં વર્ણન કરો.

ઉત્તર : લોકશાહી લોકમત અનુસાર ચાલતી શાસનપદ્ધતિ છે.

→ લોકશાહીમાં લોકમત મુજબ જ સરકારને લોકો પાસેથી સત્તા પ્રાપ્ત થાય છે.

→ લોકમત અનુસાર જ સત્તાધારી પક્ષની સત્તા ટકી શકે છે તેમજ તે પુનઃ સત્તા પ્રાપ્ત કરી શકે છે.

→ સરકાર પ્રજાના વિવિધ પ્રશ્નો અંગે, પોતાની નીતિ વિશે પ્રજાના પ્રત્યાઘાતો, અભિપ્રાયો જાણીને એ મુજબ દેશનો વહીવટ કરે તો તે સત્તા પર ટકી રહે છે તેમજ તે પુનઃ સત્તા પર આવી શકે છે. એ દૃષ્ટિએ લોકમતનું મહત્ત્વ અનેક ગણું વધી જાય છે.

→ જાગ્રત અને સંગઠિત લોકમત સરકારને આપખુદ, ભ્રષ્ટાચારી કે ગેરવહીવટ કરતાં રોકે છે. પ્રબળ લોકમતને લીધે જ સરકાર દેશહિત અને પ્રજાહિતની અવગણના કરી શકતી નથી.

→ જાગ્રત, બુદ્ધિશાળી અને સુમાહિતગાર નાગરિકોને સરકાર ગેરમાર્ગે દોરી શકતી નથી.

લોકમતના ઘડતરનાં આ બે મુખ્ય માધ્યમો છે : 1. મુદ્રિત માધ્યમ અને 2. વીજાણુ માધ્યમ.

1. મુદ્રિત માધ્યમ : વિવિધ ભાષાઓમાં પ્રકાશિત થતાં દૈનિક વર્તમાનપત્રો; અઠવાડિકો, પાક્ષિકો અને માસિકો જેવાં સામયિકો, વિશિષ્ટ વિષયોનાં સામયિકો વગેરે લોકમત ઘડનારાં મુદ્રિત માધ્યમો છે. આ ઉપરાંત, વિવિધ વિષયોનાં ચર્ચાપત્રો, વિશિષ્ટ લેખો વગેરે પણ લોકમતનું ઘડતર કરે છે. મુદ્રિત માધ્યમો લોકમત ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

2. વીજાણુ માધ્યમ : રેડિયો, ટેલિવિઝન અને ફિલ્મો જેવાં દશ્ય-શ્રાવ્ય માધ્યમો લોકમત ઘડનારાં વીજાણુ માધ્યમો છે. રેડિયો અને ટેલિવિઝનના માધ્યમ દ્વારા દેશ અને દુનિયાની મહત્ત્વની ઘટનાઓ દરેક ઘરમાં પહોંચી જાય છે. સિનેમાના પડદા પર ફિલ્મો દ્વારા અસ્પૃશ્યતા, દહેજપ્રથા, સ્ત્રીઓનું શોષણ, નિરક્ષરતા, ગરીબી વગેરે સામાજિક અને આર્થિક સમસ્યાઓ સચિત્ર રજૂ કરીને તેમની સામે અસરકારક લોકમત ઊભો કરી શકાય છે.

(2) ભારતમાં ચૂંટણી-પ્રક્રિયાનું વર્ણન કરો.

ઉત્તર : ચૂંટણી બે પ્રકારે હોય છે : (1) પ્રત્યક્ષ અથવા સીધી ચૂંટણી અને (2) પરોક્ષ અથવા આડકતરી ચૂંટણી.

→ ભારતમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓના સભ્યોની ચૂંટણી પ્રત્યક્ષ પદ્ધતિથી થાય છે; જ્યારે રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ, રાજ્યસભા અને વિધાનપરિષદના સભ્યોની ચૂંટણી પરોક્ષ પદ્ધતિથી થાય છે.

→ ભારતમાં સમગ્ર ચૂંટણી-પ્રક્રિયાનું સંચાલન, નિયમન અને નિરીક્ષણ ચૂંટણીપંચ કરે છે. તે એક સ્વતંત્ર અને સ્વાયત્ત સંસ્થા છે.

→ ચૂંટણી-પ્રક્રિયામાં ચૂંટણીની તારીખોની જાહેરાત, ઉમેદવારીપત્રો ભરવાં, ઉમેદવારપત્રોની ચકાસણી, ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની તારીખ, ઉમેદવારોની અંતિમ યાદીની જાહેરાત, ઉમેદવારોને ચૂંટણી પ્રતીકોની ફાળવણી, ચૂંટણી ઝુંબેશ, મતદાન અને ચૂંટણીનાં પરિણામોની જાહેરાત વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

→ ચૂંટણીમાં ભાગ લેતો દરેક રાજકીય પક્ષ અને અપક્ષ ઉમેદવારો પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરે છે. તેમાં તેઓ તેમની આર્થિક, સંરક્ષણ અને વિદેશનીતિ વિશે તેમની કામગીરી તેમજ દેશની જુદી જુદી સમસ્યાઓ અંગે તેમનું વલણ સ્પષ્ટ કરે છે.

→ ચૂંટણી ઝુંબેશમાં સભા-સરઘસો, પ્રવચનો, મતદારોનો અંગત સંપર્ક, રેડિયો અને ટેલિવિઝન પર પ્રચાર વગેરેનો સમાવેશ થાય છે.

→ ચૂંટણીપંચ નિશ્ચિત તારીખોએ ચૂંટણીઓ યોજે છે.

→ ચૂંટણી પૂરી થયા પછી મતોની ગણતરી કરીને પરિણામો જાહેર કરવામાં આવે છે. વધુ મતો પ્રાપ્ત કરનાર ઉમેદવારો વિજેતા તરીકે જાહેર થાય છે.

(3) ગુપ્ત મતદાન એટલે શું? સમજાવો.

ઉત્તર : મતદારે કોને મત આપ્યો તે કોઈને પણ ખબર પડે નહિ એ રીતે કરાતા મતદાનને 'ગુપ્ત મતદાન' કહે છે.

→ આપણા દેશમાં સમગ્ર ચૂંટણી-પ્રક્રિયામાં ગુપ્ત મતદાન પદ્ધતિ અપનાવવામાં આવી છે.

→ મતદારને પોતાનો મત ગુપ્ત રાખવાનો અધિકાર મળેલો છે. મતદારે કોને મત આપ્યો તે તેને પૂછી શકાતું નથી. મતદારનો મત ગુપ્ત રહે એવી સુંદર વ્યવસ્થા ચૂંટણીપંચે ગોઠવેલી છે.

→ મતદાન કરવા માટે બે રીતો અમલમાં છે : (1) મતપત્રકો દ્વારા મતદાન અને (2) વીજાણુ મશીન (EVM) દ્વારા મતદાન. મતપત્રકો દ્વારા થયેલ મતદાનની ગણતરી કરવામાં સમય જાય છે. તેમાં મતપત્રકોની ગણતરી કરીને ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવે છે. (3) હાલના સમયમાં ચૂંટણીઓમાં મતદાન કરવા માટે વીજાણુ મશીનનો ઉપયોગ કરવામાં આવે છે. આ મશીનને Electronic Voting Machine (EVM) કહે છે. આ રીતમાં મતગણતરી ખૂબ ઝડપથી થાય છે. તેમાં માનવકલાકો અને માનવશ્રમનો બચાવ થાય છે. વળી, આ રીતમાં કાગળનો બચાવ થાય છે. તેથી પર્યાવરણને એટલું નુકસાન થતું અટકાવી શકાય છે.

→ આ રીતમાં મતદાર કોઈ પણ ઉમેદવારને મત આપવા ઇચ્છતો ન હોય તો તે મશીનમાં નોટા – NOTA(નન ઑફ ધી ઍબોવ – None of The Above)નો ઉપયોગ કરી શકે છે.

*** (4) ટૂંક નોંધ લખો : મતદાર અને સરકાર**

ઉત્તર : ભારતમાં લોકશાહી પદ્ધતિની સરકાર છે. બંધારણ મુજબ મતદાન એક મહત્ત્વની પ્રક્રિયા છે. તેમાં મતદાર ખૂબ મહત્ત્વ ધરાવે છે.

→ ભારતમાં **સાર્વત્રિક પુખ્તવય** મતાધિકારની પદ્ધતિ છે.

→ 18 વર્ષ કે તેથી વધારે ઉંમર અને મતદારયાદીમાં નામ ધરાવતો, નાદાર અને અસ્થિર મગજ ન હોય તેવો ભારતનો દરેક નાગરિક

કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના ચૂંટણીઓમાં મત આપવાનો અધિકાર ધરાવે છે.

→ આપણા દેશમાં બંધારણે લિંગ, જાતિ, ધર્મ, શિક્ષણ, જન્મસ્થાન, મિલકત કે ઊંચનીચના ભેદભાવ રાખ્યા વિના પુખ્તવયનાં (18 વર્ષ પૂરાં કર્યાં હોય એવાં) તમામ સ્ત્રી-પુરુષોને મતાધિકાર આપ્યો છે.

→ પુખ્તવય મતાધિકાર એ ભારતના બંધારણની એક મહત્ત્વની વિશેષતા છે.

→ સાર્વત્રિક પુખ્તવય મતાધિકારની પદ્ધતિ **'વ્યક્તિદીઠ એક મત'**ના સિદ્ધાંત પર આધારિત છે.

→ મતદાર જાગૃત અને પોતાની ફરજ પ્રત્યે સભાન હોવો જોઈએ. તેણે લોભ, લાલચ કે ડર વિના મતદાન કરવાની ફરજ બજાવવી જોઈએ.

→ ચૂંટણીમાં મતદાન કરવું એ દરેક નાગરિકનો અધિકાર જ નહિ, પવિત્ર ફરજ પણ છે. તેથી તેણે મતદાન કરીને પોતાની ફરજ અદા કરવી જોઈએ.

→ લોકશાહીની સફળતાનો આધાર મતદારોના મતાધિકારના વિવેકપૂર્ણ ઉપયોગ પર અવલંબે છે.

→ દરેક નાગરિકને મતદાનનો અધિકાર છે. તેથી દરેક મતદારે પોતાના અધિકારનો ઉપયોગ કરવો જોઈએ.

(5) લોકશાહીમાં ચૂંટણીનું મહત્ત્વ શું છે? સમજાવો.

ઉત્તર : ચૂંટણી લોકશાહીનું મહત્ત્વનું લક્ષણ છે. તે લોકશાહીનો આધારસ્તંભ છે.

→ લોકશાહીમાં ચૂંટણીઓ દ્વારા લોકો પોતાના પ્રતિનિધિઓને દેશમાં શાસન કરવાની સત્તા સોંપે છે.

→ એ પ્રતિનિધિઓના શાસનથી નાગરિકોને સંતોષ થાય તો જ તેઓ તેમને ફરીથી ચૂંટે છે. નહિ તો તેમને સ્થાને બીજા પ્રતિનિધિઓને ચૂંટે છે.

→ એ રીતે ચૂંટણી લોકોને તેમના પ્રતિનિધિઓની કામગીરીનું મૂલ્યાંકન કરવાની તક આપે છે.

→ બંધારણે નક્કી કરેલ લાયકાતો ધરાવતા દરેક નાગરિકને ચૂંટણી લડવાનો અધિકાર છે.

→ દેશની સામાન્ય ચૂંટણીમાં રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારો ભાગ લે છે. સ્થાનિક સ્વરાજ્યની ગ્રામીણ અને શહેરી સંસ્થાઓમાં ચૂંટણી દ્વારા જ પ્રતિનિધિઓ પસંદ કરવામાં આવે છે.

→ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારો માટે ચૂંટણી રાજકીય જીવન-રેખા ગણાય છે.

→ લોકશાહી તંત્ર લોકમત અનુસાર ચાલે છે. લોકોની બહુમતી કયા મત કે અભિપ્રાયને પસંદ કરે છે તે ચૂંટણી દ્વારા જ જાણી શકાય છે. ચૂંટણી લોકશાહીને જીવંત રાખે છે.

→ આમ, ચૂંટણીઓ લોકમત જાણવાનું તેમજ લોકશાહીના સંચાલનનું મહત્ત્વનું માધ્યમ છે. તેથી ચૂંટણીને 'લોકશાહીની પારાશીશી' પણ કહેવામાં આવે છે.

પ્રશ્ન 2. ટૂંક નોંધ લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

(1) લોકમતનાં મુદ્રિત માધ્યમો *અથવા*
લોકમતના ઘડતરમાં મુદ્રિત માધ્યમોનો ફાળો જણાવો.

ઉત્તર : વિવિધ ભાષાઓમાં પ્રકાશિત થતાં દૈનિક વર્તમાનપત્રો; અઠવાડિકો, પાક્ષિકો, માસિકો જેવાં સામયિકો, વિશિષ્ટ વિષયોનાં સામયિકો, વિવિધ વિષયોનાં ચર્ચાપત્રો, વિશિષ્ટ લેખો વગેરે લોકમત ઘડનારાં મુદ્રિત માધ્યમો છે.

→ આ માધ્યમોમાં રજૂ થતા સમાચારો, મંતવ્યો, અભિપ્રાયો વગેરે વાંચીને વિવિધ વિચારસરણી ધરાવતા લોકો એક જ ઘટના કે પ્રસંગ વિશે જુદાં જુદાં તારણો પર આવે છે.

→ મુદ્રિત માધ્યમોમાં પ્રસિદ્ધ થતા પ્રસંગો, અહેવાલો, મંતવ્યો વગેરે સાચા, તટસ્થ અને પૂર્વગ્રહ રહિત હોવાં જોઈએ. આ માટે દેશમાં અખબારી સ્વાતંત્ર્ય હોવું અનિવાર્ય છે.

→ સરકાર માત્ર તેની સિદ્ધિઓની કે સફળતાઓની જાહેરાતો કરે અને પોતાની નિષ્ફળતાઓ કે ખામીઓ છુપાવે એવું પણ બની શકે.

→ આ સંજોગોમાં અખબારી સ્વતંત્રતા હશે તો જ મુદ્રિત માધ્યમો સરકારની કામગીરીનું સાચું ચિત્ર, મૂલ્યાંકન આમજનતા સુધી પહોંચી શકશે.

→ અખબારી સ્વાતંત્ર્ય હશે તો જ સમતોલ અને તટસ્થ સમાચારો પ્રજા સુધી પહોંચી શકશે.

(2) લોકમતનાં વીજાણુ માધ્યમો

ઉત્તર : રેડિયો, ટેલિવિઝન, ફિલ્મો વગેરે લોકમત ઘડનારાં વીજાણુ માધ્યમો છે. આપણા દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે હોવાથી વર્તમાનપત્રો અને સામયિકો કરતાં રેડિયો અને ટેલિવિઝનનું મહત્ત્વ વધારે છે.

→ આ બે માધ્યમો દ્વારા દેશ અને દુનિયાની અગત્યની ઘટનાઓ ઘરેઘર પહોંચી જાય છે.

→ સિનેમાના પડદા પર ફિલ્મો દ્વારા અસ્પૃશ્યતા, દહેજપ્રથા, સ્ત્રીઓનું શોષણ, નિરક્ષરતા, ગરીબી વગેરે સામાજિક અને આર્થિક સમસ્યાઓ સચિત્ર રજૂ કરીને તેમની સામે અસરકારક લોકમત ઊભો કરી શકાય છે.

→ ટેલિવિઝનના ઉત્તરોત્તર વધતા જતા ઉપયોગ વડે લોકો ઘેરબેઠાં સમાચારો, ચલચિત્રો, નાટકો, ધારાવાહિકો વગેરેનો આનંદ માણતા થયા છે.

→ ટેલિવિઝન પર રજૂ થતી એ બાબતો સમાજ અને દેશની અનેક પ્રકારની સમસ્યાઓ વિશે લોકોનું ધ્યાન ખેંચે છે. તે પ્રજાને કોઈ ને કોઈ સંદેશો આપે છે. લોકો તેમને જોઈ-જાણીને અને સમજીને પોતાનાં મંતવ્યો બાંધે છે.

→ આજકાલ ફિલ્મો અને ટેલિવિઝનના કાર્યક્રમોમાં રજૂ થતી હિંસા, વિકૃતિ અને બિભત્સતાએ ખાસ કરીને બાળકો તથા યુવાનવર્ગ પર માઠી અસર પહોંચાડી છે.

→ સરકારે નીતિનિયમો અને કાયદા ઘડીને તેને અટકાવવા ખાસ નિયંત્રણો મૂકવાં જોઈએ.

→ દેશના રાજકીય પક્ષો અને સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓએ તેની વિરુદ્ધ આંદોલન કરીને તેને અટકાવવા લોકમત ઊભો કરવો જોઈએ.

(3) ભારતમાં ચૂંટણી તંત્ર

ઉત્તર : ભારત વિશ્વમાં સૌથી વધારે મતદારો ધરાવતો લોકશાહી દેશ છે. ભારતની લોકશાહી વિશ્વની સૌથી મોટી લોકશાહી છે.

→ ચૂંટણી એ લોકશાહીનું મહત્ત્વનું લક્ષણ છે. ચૂંટણીઓનું તટસ્થ રીતે સંચાલન થાય એ માટે ભારતના બંધારણમાં **સ્વતંત્ર** અને **સ્વાયત્ત** ચૂંટણીપંચની જોગવાઈ કરવામાં આવી છે.

→ ચૂંટણીપંચની સ્વાયત્તતા જળવાય એ માટે ચૂંટણી કમિશનરોની નિમણૂક, નોકરીની શરતો અને જવાબદારીઓ વગેરે બાબતોની બંધારણમાં ચોક્કસ જોગવાઈ કરવામાં આવી છે.

→ ચૂંટણીપંચ ચૂંટણી-પ્રક્રિયાનું સંચાલન, નિયમન અને નિરીક્ષણ કરે છે.

→ ચૂંટણીપંચ સંસદ, રાજ્યોની વિધાનસભાઓ અને વિધાનપરિષદો, રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ વગેરેની ચૂંટણી કરે છે.

→ આપણા દેશમાં ચૂંટણી ગુપ્ત મતદાન પદ્ધતિએ થાય છે.

→ સંસદ કે વિધાનસભાની પાંચ વર્ષની મુદત પૂરી થાય ત્યારે તેનું વિસર્જન કરી નવેસરથી ચૂંટણી યોજવામાં આવે છે. કોઈ સભ્યના અવસાન કે રાજીનામાથી ખાલી પડેલી બેઠક માટે પેટાચૂંટણી યોજવામાં આવે છે.

→ ચૂંટણીપંચ ચૂંટણીની તારીખોની જાહેરાત, ઉમેદવારીપત્રો ભરવાં, ઉમેદવારીપત્રો ચકાસણી, ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની તારીખ, ઉમેદવારોની અંતિમ યાદીની જાહેરાત, ઉમેદવારોને ચૂંટણી પ્રતીકોની ફાળવણી, ચૂંટણી ઝુંબેશ, મતદાન અને ચૂંટણીનાં પરિણામો વગેરે બાબતો અંગેનાં કાર્યો કરે છે.

→ ચૂંટણીની તારીખો જાહેર થાય તે દિવસથી જ આચારસંહિતા લાગુ પડે છે. લોકમતને પ્રભાવિત કરવા માટે સરકાર આચારસંહિતા દરમિયાન કોઈ નીતિવિષયક નિર્ણયો કે લાભકારી જાહેરાતો કરી શકતી નથી.

→ ચૂંટણીમાં ભાગ લેતો દરેક રાજકીય પક્ષ અને અપક્ષ ઉમેદવારો પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડે છે. તેમાં તેઓ તેમની આર્થિક, સંરક્ષણ અને વિદેશનીતિ વિશે કરવા ધારેલી તેમની કામગીરી અને યોજનાઓ તેમજ દેશની જુદી જુદી સમસ્યાઓ અને તેના નિરાકરણ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરે છે.

* (4) રાજકીય પક્ષના પ્રકારો

ઉત્તર : ભારતમાં બહુપક્ષીય લોકશાહી છે. તેથી દેશમાં અનેક નાના-મોટા રાજકીય પક્ષો છે.

→ ચૂંટણીપંચ ચોક્કસ નીતિ અને નક્કી કરેલાં ધોરણો પ્રમાણે રાજકીય પક્ષોને માન્યતા આપે છે.

→ આપણા દેશમાં રાજકીય પક્ષોના મુખ્ય બે પ્રકારો છે : (1) રાષ્ટ્રીય પક્ષો અને (2) પ્રાદેશિક પક્ષો.

→ જે રાજકીય પક્ષોનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશમાં વિસ્તરેલું હોય તે 'રાષ્ટ્રીય પક્ષો' કહેવાય છે અને જે રાજકીય પક્ષોનું કાર્યક્ષેત્ર એક જ રાજ્ય કે પ્રદેશ પૂરતું સીમિત હોય તે પ્રાદેશિક પક્ષો કહેવાય છે.

→ કોઈ રાષ્ટ્રીય કે પ્રાદેશિક પક્ષને માન્યતા આપવા માટે ચૂંટણીપંચે ચોક્કસ ધોરણો નક્કી કર્યા છે. એ ધોરણો મુજબ જે રાજકીય પક્ષે ઓછામાં ઓછાં ચાર રાજ્યોમાં અગાઉની ચૂંટણીમાં માન્ય કરેલ કુલ મતમાંથી ઓછામાં ઓછા ચાર ટકા મતો મેળવેલા હોય તેને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્ય રાખવામાં આવે છે.

→ આપણા દેશમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ INC (Congress), ભારતીય જનતા પક્ષ (BJP), કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (CPI), કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (માર્કસિસ્ટ) (CPIM), બહુજન સમાજવાદી પાર્ટી (BSP), રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટી (NCP) વગેરે રાષ્ટ્રીય પક્ષો છે.

→ જે રાજકીય પક્ષનો પ્રભાવ માત્ર અમુક રાજ્ય કે પ્રદેશ પૂરતો મર્યાદિત હોય તેને ચૂંટણીપંચ પ્રાદેશિક પક્ષ તરીકે માન્યતા આપે છે.

→ આપણા દેશમાં તમિલનાડુનો દ્રવિડ મુનેત્ર કઝગમ અને ઑલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ, આંધ્ર પ્રદેશનો તેલુગુ દેશમ્, પંજાબનો અકાલી દળ, બિહારનો રાષ્ટ્રીય જનતા દળ અને જનતા દળ યુનાઇટેડ, ઉત્તર પ્રદેશનો સમાજવાદી પક્ષ, જમ્મુ-કશ્મીરનો નૅશનલ કૉન્ફરન્સ, અસમનો અસમ ગણપરિષદ, મહારાષ્ટ્રની શિવસેના, દિલ્લીની આમ આદમી પાર્ટી વગેરે પ્રાદેશિક પક્ષો છે.

→ રાષ્ટ્રીય પક્ષો તરીકે માન્ય પક્ષની માન્યતા મતોના આધારે રદ થઈ શકે છે; જ્યારે પ્રાદેશિક પક્ષોને રાષ્ટ્રીય પક્ષો તરીકે માન્યતા મળી શકે છે.

* (5) ચૂંટણીપંચ અને રાજકીય પક્ષો

ઉત્તર : ચૂંટણીપંચ : ભારતના રાષ્ટ્રપ્રમુખ ચૂંટણીપંચના અધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક કરે છે.

→ ભારતમાં સમગ્ર ચૂંટણી-પ્રક્રિયાનું સંચાલન, નિયમન અને નિરીક્ષણ ચૂંટણીપંચ કરે છે. તે એક સ્વતંત્ર અને સ્વાયત્ત સંસ્થા છે.

→ ચૂંટણીપંચ રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ, સંસદ, રાજ્યોની ધારાસભાઓની ચૂંટણીઓની વ્યવસ્થા કરે છે. તે ચૂંટણી અંગેની તમામ જવાબદારીઓ સંભાળે છે.

→ તે મતદારોની યાદીઓ તૈયાર કરાવે છે તેમજ ચૂંટણીની તારીખો અને ઉમેદવારી નોંધાવવાની તારીખો જાહેર કરે છે.

→ તે ઉમેદવારી પત્રોની ચકાસણી કરી અધિકૃત ઉમેદવારોનાં નામ અને તેમનાં ચૂંટણી પ્રતીકો જાહેર કરે છે.

→ દરેક ઉમેદવાર પંચે નક્કી કરેલ આચારસંહિતા (નિયમો) પ્રમાણે પ્રચાર અને ચૂંટણીખર્ચ કરે છે કે નહિ તેની તકેદારી ચૂંટણીપંચ રાખે છે.

→ તે નિશ્ચિત તારીખોએ ચૂંટણી યોજે છે અને મતગણતરી કરી વધુ મતો મેળવનાર વિજયી ઉમેદવારોનાં નામ જાહેર કરે છે.

આમ, ચૂંટણીપંચ ચૂંટણી અંગેની તમામ કાર્યવાહી કરે છે. આ ઉપરાંત, તે ચૂંટણીઓ અંગેના ઝઘડાઓ પણ પતાવે છે.

રાજકીય પક્ષો : રાજકીય પક્ષો લોકશાહીનું એક મહત્ત્વનું લક્ષણ છે.

→ કોઈ પણ રાજકીય પક્ષનું મુખ્ય ધ્યેય રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા, સામાજિક ન્યાય, આર્થિક સમાનતા અને બિનસાંપ્રદાયિકતા હોવું જોઈએ. આ ધ્યેયો ધરાવતા રાજકીય પક્ષોથી લોકશાહી જીવંત, સક્રિય અને સફળ બને છે. સત્તા પર હોય તો સરકાર તરફથી અને વિરોધપક્ષના સ્થાને હોય તો ચોકીદાર તરીકે આ ધ્યેયો પૂરાં કરવાં જોઈએ.

→ રાજકીય પક્ષોના નેતાઓ અને સભ્યોમાં રાષ્ટ્રભાવના, નિષ્ઠા, નિઃસ્વાર્થવૃત્તિ અને સેવાભાવ જેવા ગુણો હોવા જોઈએ. આ ગુણો ધરાવતા રાજકીય પક્ષો જ પ્રજામાં રાજકીય અને રાષ્ટ્રીય જાગૃતિ લાવવાનું કાર્ય કરી શકે.

→ લોકશાહીના તંદુરસ્ત વિકાસ માટે દેશમાં બે-ત્રણ જ રાજકીય પક્ષો હોવા જોઈએ. એક પક્ષ કે બહુ પક્ષો લોકશાહી માટે હાનિકારક છે.

→ ચૂંટણીપંચ ચોક્કસ ધોરણો અનુસાર રાજકીય પક્ષોને માન્યતા આપવાનું કાર્ય કરે છે.

*** પ્રશ્ન 3. તફાવત સમજાવો : *[પ્રત્યેકના 3 ગુણ]***

(1) રાષ્ટ્રીય પક્ષો અને પ્રાદેશિક પક્ષો

ઉત્તર : રાષ્ટ્રીય પક્ષો અને પ્રાદેશિક પક્ષો વચ્ચેનો તફાવત :

રાષ્ટ્રીય પક્ષો	પ્રાદેશિક પક્ષો
1. જે રાજકીય પક્ષોનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશમાં વિસ્તરેલું હોય તે રાષ્ટ્રીય પક્ષો કહેવાય છે.	1. જે રાજકીય પક્ષોનું કાર્યક્ષેત્ર એક જ રાજ્ય કે પ્રદેશ પૂરતું સીમિત હોય તે પ્રાદેશિક પક્ષો કહેવાય છે.
2. કોઈ રાષ્ટ્રીય કે પ્રાદેશિક પક્ષને માન્યતા આપવા માટે ચૂંટણીપંચે ચોક્કસ ધોરણો નક્કી કર્યા છે. એ ધોરણો મુજબ જે રાજકીય પક્ષે ઓછામાં ઓછાં ચાર રાજ્યોમાં અગાઉની ચૂંટણીમાં માન્ય કરેલ કુલ મતમાંથી ઓછામાં ઓછા 4 (ચાર) ટકા મતો મેળવેલા હોય તેને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્ય રાખવામાં આવે છે. આપણા દેશમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ INC (Congress), ભારતીય જનતા પક્ષ (BJP), કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (CPI), કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (માર્કસિસ્ટ) (CPIM), બહુજન સમાજવાદી પાર્ટી (BSP), રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટી (NCP) વગેરે રાષ્ટ્રીય પક્ષો છે.	2. જે રાજકીય પક્ષનો પ્રભાવ માત્ર અમુક રાજ્ય કે પ્રદેશ પૂરતો મર્યાદિત હોય તેને ચૂંટણીપંચ પ્રાદેશિક પક્ષ તરીકે માન્યતા આપે છે. આપણા દેશમાં તમિલનાડુનો દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) અને ઑલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (AIADMK), આંધ્ર પ્રદેશનો તેલુગુ દેશમ્, પંજાબનો અકાલી દળ, બિહારનો રાષ્ટ્રીય જનતા દળ (RJD), જનતા દળ યુનાઇટેડ (JDU), ઉત્તર પ્રદેશનો સમાજવાદી પક્ષ (SP), જમ્મુ-કશ્મીરનો નૅશનલ કૉન્ફરન્સ, અસમનો અસમ ગણપરિષદ, મહારાષ્ટ્રની શિવસેના, દિલ્લીની આમ આદમી પાર્ટી (APP) વગેરે પ્રાદેશિક રાજકીય પક્ષો છે.

(2) સંસદીય લોકશાહી અને પ્રમુખીય લોકશાહી

ઉત્તર : સંસદીય લોકશાહી અને પ્રમુખીય લોકશાહી વચ્ચેનો તફાવત :

સંસદીય લોકશાહી	પ્રમુખીય લોકશાહી
1. લોકસભામાં સ્પષ્ટ બહુમતી ધરાવતા નેતાને રાષ્ટ્રપ્રમુખ વડા પ્રધાન તરીકે નીમે છે.	1. રાષ્ટ્રના વડા પ્રમુખને પ્રજા સીધી રીતે ચૂંટે છે.
2. સમગ્ર પ્રધાનમંડળ સંસદ-(લોકસભા)ને જવાબદાર હોય છે.	2. પ્રધાનમંડળ સૅનેટ(સંસદ)ને જવાબદાર હોતું નથી. પ્રધાનો વ્યક્તિગત રીતે પ્રમુખને જવાબદાર હોય છે.
3. પ્રધાનમંડળ સંસદની બહુમતીનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી જ સત્તા પર રહી શકે છે.	3. પ્રધાનમંડળના પ્રધાનો પ્રમુખની ઇચ્છા હોય ત્યાં સુધી જ હોદ્દા પર રહી શકે છે.
4. રાષ્ટ્રપ્રમુખ દેશના બંધારણીય વડા છે, જ્યારે વહીવટી વડા વડા પ્રધાન અને તેમના પ્રધાનો છે.	4. પ્રમુખ દેશના વહીવટી વડા તેમજ બંધારણીય વડા છે.
5. પ્રધાનો વડા પ્રધાનના સાથી-દારો છે.	5. પ્રધાનો પ્રમુખના અમલદારો ગણાય છે.

(3) મુદ્રિત માધ્યમો અને વીજાણુ માધ્યમો

ઉત્તર : મુદ્રિત માધ્યમો અને વીજાણુ માધ્યમો વચ્ચેનો તફાવત :

મુદ્રિત માધ્યમો	વીજાણુ માધ્યમો
1. વિવિધ ભાષાઓમાં પ્રકાશિત થતાં દૈનિક વર્તમાનપત્રો, અઠવાડિકો, પાક્ષિકો, માસિકો, વિશિષ્ટ વિષયનાં સામયિકો, વિવિધ વિષયોનાં ચર્ચાપત્રો, વિશિષ્ટ લેખો વગેરે લોકમત ઘડનારાં મુદ્રિત માધ્યમો છે.	1. રેડિયો, ટેલિવિઝન, ફિલ્મો વગેરે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો લોકમત ઘડનારાં વીજાણુ માધ્યમો છે. આપણા દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે હોવાથી વર્તમાનપત્રો અને સામયિકો કરતાં રેડિયો અને ટેલિવિઝનનું મહત્ત્વ વધુ છે.
2. આ માધ્યમોમાં રજૂ થતા સમાચારો, મંતવ્યો, અભિપ્રાયો વગેરે વાંચીને વિવિધ વિચારસરણી ધરાવતા લોકો એક જ ઘટના કે પ્રસંગ વિશે જુદાં જુદાં તારણો પર આવે છે.	2. રેડિયો અને ટેલિવિઝન દ્વારા દેશ અને દુનિયાની અગત્યની ઘટનાઓ ઘરેઘર પહોંચી જાય છે. સિનેમાના પડદા પર ફિલ્મો દ્વારા દેશની સામાજિક અને આર્થિક સમસ્યાઓ સચિત્ર રજૂ કરીને તેમની સામે અસરકારક લોકમત ઊભો કરી શકાય છે.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

*** (1) મતદાર લોકશાહીને જીવંત રાખે છે.**

ઉત્તર : ચૂંટણી લોકશાહીનું મહત્ત્વનું લક્ષણ છે. લોકશાહી સરકારની રચના જ ચૂંટણી દ્વારા થાય છે. ચૂંટણીઓમાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પોતાની પસંદગીના પ્રતિનિધિઓને ચૂંટે છે. મતદારોએ ચૂંટેલા પ્રતિનિધિઓ મતદારો વતી રાજ્યવહીવટ ચલાવે છે. તેથી મતદારો જેવા પ્રતિનિધિઓ ચૂંટે છે. એવું રાજતંત્ર રચાય છે. લોકશાહી સરકારની સફળતા અને અસરકારકતાનો આધાર મતદારોએ ચૂંટેલા પ્રતિનિધિઓ પર રહે છે. આમ, મતદાર લોકશાહીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આથી કહી શકાય કે, મતદાર લોકશાહીને જીવંત રાખે છે.

*** (2) સંસદીય લોકશાહી અનોખી અને મહત્ત્વની છે.**

ઉત્તર : ભારતે લોકશાહી સિદ્ધાંતો મુજબ સંસદીય લોકશાહીનો સ્વીકાર કર્યો છે. સંસદીય લોકશાહી શાસનપદ્ધતિ અનુસાર સામાન્ય ચૂંટણીઓ પછી કેન્દ્રની લોકસભામાં જે પક્ષના સભ્યોની બહુમતી થાય તે પક્ષની સરકાર રચાય છે અને તેના વડાને રાષ્ટ્રપ્રમુખ વડા પ્રધાન તરીકે નીમે છે. બીજી સામાન્ય ચૂંટણી થાય ત્યાં સુધી એ સરકાર શાસનતંત્રની સત્તા ભોગવે છે. એ સમય દરમિયાન જો શાસક પક્ષ લોકસભામાં બહુમતી સભ્યોનો વિશ્વાસ ગુમાવે, તો સરકારને રાજીનામું આપવું પડે છે. આમ, સંસદીય શાસનપદ્ધતિની સરકાર લોકસભાને સંપૂર્ણપણે જવાબદાર છે. આમ, સંસદીય લોકશાહી અનોખી અને મહત્ત્વની છે.

*** (3) પ્રસાર માધ્યમો એ લોકમત કેળવવાનું સઘન માધ્યમ છે.**

ઉત્તર : મુદ્રિત માધ્યમો અને વીજાણુ માધ્યમો લોકમતના ઘડતરમાં ફાળો આપતાં બે મુખ્ય માધ્યમો છે.

દૈનિક વર્તમાનપત્રો, સામયિકો, વિવિધ સમસ્યા અંગેનાં ચર્ચાપત્રો, વિશિષ્ટ લેખો વગેરે લોકમત ઘડનારાં મુદ્રિત માધ્યમો છે. આ માધ્યમોમાં રજૂ થતા સમાચારો, મંતવ્યો, અભિપ્રાયો વગેરે વાંચીને વિવિધ વિચારસરણી ધરાવતા લોકો એક જ ઘટના કે પ્રસંગ વિશે જુદાં જુદાં તારણો પર આવે છે.

રેડિયો, ટેલિવિઝન અને ફિલ્મો લોકમત ઘડનારાં વીજાણુ માધ્યમો છે. રેડિયો અને ટેલિવિઝનના માધ્યમ દ્વારા દેશ અને દુનિયાની મહત્ત્વની ઘટનાઓ દરેક ઘરમાં પહોંચી જાય છે. સિનેમાના પડદા પર ફિલ્મો દ્વારા અસ્પૃશ્યતા, દહેજપ્રથા, સ્ત્રીઓનું શોષણ, નિરક્ષરતા, ગરીબી વગેરે સામાજિક અને આર્થિક સમસ્યાઓ સચિત્ર રજૂ કરીને તેમની સામે અસરકારક લોકમત ઊભો કરી શકાય છે. ટેલિવિઝન પર રજૂ થતી બાબતો સમાજ અને દેશની અનેક પ્રકારની સમસ્યાઓ વિશે લોકોનું ધ્યાન ખેંચે છે. તે પ્રજાને કોઈ ને કોઈ સંદેશો આપે છે. લોકો તેમને જોઈ-જાણીને અને સમજીને પોતાનાં મંતવ્યો બાંધે છે.

આમ, પ્રસાર માધ્યમો એ લોકમત કેળવવાનું સઘન માધ્યમ છે.

*** (4) ચૂંટણી એ લોકશાહીની પારાશીશી છે.**

ઉત્તર : લોકશાહીમાં ચૂંટણીઓ દ્વારા લોકો પોતાના પ્રતિનિધિઓને દેશમાં શાસન કરવાની સત્તા સોંપે છે. એ પ્રતિનિધિઓના શાસનથી નાગરિકોને સંતોષ થાય તો જ તેઓ તેમને ફરીથી ચૂંટે છે, નહિ તો તેમના સ્થાને બીજા પ્રતિનિધિઓને ચૂંટે છે. એ રીતે ચૂંટણી લોકોને તેમના પ્રતિનિધિઓની કામગીરીનું મૂલ્યાંકન કરવાની તક આપે છે.

ચૂંટણી દેશમાં નવી રાજકીય વ્યવસ્થા અને વલણો સર્જે છે કે જેનાથી દેશનો ભાવિ માર્ગ નક્કી થાય છે. ચૂંટણી વખતે દેશ અને સમાજના પ્રશ્નોની જાહેરમાં ચર્ચા થાય છે. પરિણામે ચૂંટણીથી દેશની સામાજિક અને આર્થિક સ્થિતિનો ખ્યાલ આવે છે. ચૂંટણી દ્વારા સરકારોનું ભવિષ્ય નક્કી થાય છે. લોકશાહીમાં રાજકીય પક્ષોને અને ઉમેદવારોને લોકોનું સમર્થન ચૂંટણી દ્વારા જ જાણી શકાય છે.

આમ, ચૂંટણીઓ લોકમતને જાણવાનું મહત્ત્વનું માધ્યમ છે. તેથી તે 'લોકશાહીની પારાશીશી' છે.

(5) પ્રબળ, સંગઠિત લોકમત લોકશાહી માટે અત્યંત જરૂરી છે.

ઉત્તર : પ્રબળ, જાગ્રત અને સંગઠિત લોકમત સરકારને આપખુદ, ભ્રષ્ટાચારી અને ગેરવહીવટ કરતાં અટકાવે છે.

→ પ્રબળ લોકમતને લીધે જ સરકાર દેશહિત અને પ્રજાહિતની અવગણના કરી શકતી નથી.

→ જાગ્રત, બુદ્ધિશાળી, વિચારશીલ અને સુમાહિતગાર નાગરિકોને સરકાર ગેરમાર્ગે દોરી શકતી નથી.

→ આમ, પ્રબળ અને સંગઠિત લોકમત લોકશાહી માટે અત્યંત જરૂરી છે.

(6) ભારતમાં બહુપક્ષી લોકશાહી છે.

ઉત્તર : જો રાજ્યમાં એક જ રાજકીય પક્ષ હોય, તો સ્વાભાવિક રીતે જ એ પક્ષની સરમુખત્યારશાહી સ્થપાઈ જાય.

→ આમ ન બને એ માટે લોકશાહીમાં એક કરતાં વધારે રાજકીય પક્ષો અનિવાર્ય છે.

→ ભારત લોકશાહીને વરેલો દેશ છે.

→ ભારતમાં કેટલાક દેશવ્યાપી રાષ્ટ્રીય પક્ષો છે અને કેટલાક પ્રાદેશિક પક્ષો છે.

→ આથી એમ કહી શકાય કે, ભારતમાં બહુપક્ષી લોકશાહી છે.

(7) ભારતમાં કેટલાક પક્ષો પ્રાદેશિક પક્ષો છે.

ઉત્તર : ભારતમાં ભૌગોલિક વિશાળતા અને ભિન્નતાને કારણે દેશના જુદા જુદા પ્રદેશોનો – રાજ્યોનો આર્થિક વિકાસ સમતુલિત થયો નથી.

→ પરિણામે દરેક રાજ્યના લોકો પોતપોતાના પ્રદેશના આર્થિક વિકાસ માટે, દેશમાં પોતાના પ્રદેશના રાજકીય મહત્ત્વ માટે અને પોતાનાં રાજકીય હિતો માટે સ્વતંત્રપણે વિચારવા લાગ્યા.

→ તેઓ રાષ્ટ્રીય હિતોની અવગણના કરીને પોતાના પ્રદેશ કે રાજ્યનાં હિતો કે વિકાસને અગ્રિમતા આપવા લાગ્યા.

→ એ માટે લોકોએ પ્રાદેશિક ધોરણે રાજકીય પક્ષોની રચના કરવા માંડી.

→ આથી આજે ભારતમાં કેટલાક પક્ષો પ્રાદેશિક રાજકીય પક્ષો છે.

(8) આપણા દેશમાં ચૂંટણીપંચની જોગવાઈ કરવામાં આવી છે.

ઉત્તર : ચૂંટણીઓ નિયમિત સમયે, નિષ્પક્ષ અને ન્યાયપૂર્વક થાય એ માટે આપણા દેશમાં એક સ્વતંત્ર અને સ્વાયત્ત ચૂંટણીપંચની જોગવાઈ કરવામાં આવી છે.

પ્રશ્ન 5. નીચેના પક્ષોમાંથી કયા પક્ષો રાષ્ટ્રીય અને કયા પ્રાદેશિક છે, તે અલગ તારવો : *[આ પ્રકારનો 2 કે 3 ગુણનો પ્રશ્ન પૂછી શકાય.]*

(1) દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) (2) ભારતીય જનતા પક્ષ (BJP) (3) રાષ્ટ્રીય જનતા દળ (RJD) (4) કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (CPI) (5) ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ INC (Congress) (6) કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (માર્કસિસ્ટ) (CPIM) (7) જનતા દળ યુનાઇટેડ (JDU) (8) બહુજન સમાજવાદી પાર્ટી (BSP) (9) સમાજવાદી પાર્ટી (SP) (10) શિવસેના

ઉત્તર : **રાષ્ટ્રીય પક્ષો :** (1) ભારતીય જનતા પક્ષ (BJP) (2) કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (CPI) (3) ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ INC (Congress) (4) કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (માર્કસિસ્ટ) (CPIM) (5) બહુજન સમાજવાદી પાર્ટી (BSP)

પ્રાદેશિક પક્ષો : (1) દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) (2) રાષ્ટ્રીય જનતા દળ (RJD) (3) જનતા દળ યુનાઇટેડ (JDU) (4) સમાજવાદી પાર્ટી (SP) (5) શિવસેના

પ્રશ્ન 6. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) લોકમતના ઘડતરમાં ફાળો આપતાં મુદ્રિત માધ્યમો કયાં કયાં છે?

ઉત્તર : વિવિધ ભાષામાં પ્રગટ થતાં દૈનિક વર્તમાનપત્રો; અઠવાડિકો, પાક્ષિકો, માસિકો જેવાં સામયિકો, વિવિધ વિષયોનાં સામયિકો, વિવિધ સમસ્યાઓ અંગેનાં ચર્ચાપત્રો, વિશિષ્ટ લેખો વગેરે લોકમતના ઘડતરમાં ફાળો આપતાં મુદ્રિત માધ્યમો છે.

(2) ચૂંટણી-પ્રક્રિયામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

ઉત્તર : ચૂંટણી-પ્રક્રિયામાં ચૂંટણીની તારીખોની જાહેરાત, ઉમેદવારીપત્રો ભરવાં, ઉમેદવારીપત્રોની ચકાસણી, ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની તારીખ, ઉમેદવારોની અંતિમ યાદીની જાહેરાત, ઉમેદવારોને ચૂંટણી પ્રતીકોની ફાળવણી, ચૂંટણી ઝુંબેશ, મતદાન, ચૂંટણીનાં પરિણામોની જાહેરાત વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(3) ચૂંટણીપંચ કયા પક્ષને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા આપે છે?

ઉત્તર : ચૂંટણીપંચે નક્કી કરેલા ધોરણ મુજબ જે રાજકીય પક્ષે ઓછામાં ઓછાં ચાર રાજ્યોમાં અગાઉની ચૂંટણીમાં માન્ય કરેલ કુલ મતોમાંથી ઓછામાં ઓછા ચાર ટકા મતો મેળવેલા હોય તેને ચૂંટણીપંચ રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા આપે છે.

*** (4) ભારતમાં કયા કયા પ્રાદેશિક અને રાષ્ટ્રીય રાજકીય પક્ષો સક્રિય છે?**

ઉત્તર : **પ્રાદેશિક પક્ષો :** તમિલનાડુનો દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) અને ઑલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (AIADMK), આંધ્ર પ્રદેશનો તેલુગુ દેશમ્, પંજાબનો અકાલી દળ, બિહારનો રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને જનતા દળ યુનાઇટેડ (JDU), ઉત્તર પ્રદેશની સમાજવાદી પાર્ટી (SP), જમ્મુ-કશ્મીરનો નૅશનલ કૉન્ફરન્સ, પશ્ચિમ બંગાળનો તૃણમૂલ કૉંગ્રેસ, અસમનો અસમ ગણપરિષદ, મહારાષ્ટ્રની શિવસેના.

રાષ્ટ્રીય પક્ષો : જુઓ પ્રશ્ન **2**ના પેટાપ્રશ્ન **(4)**નો ઉત્તર : 'રાજકીય પક્ષોના પ્રકારો.'

પ્રશ્ન 7. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં સૌથી મોટો લોકશાહી દેશ કયો છે?

ઉત્તર : વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં સૌથી મોટો લોકશાહી દેશ ભારત છે.

(2) વિશ્વના બધા લોકશાહી દેશો કરતાં વધારે મતદારો કયા દેશમાં છે?

ઉત્તર : વિશ્વના બધા લોકશાહી દેશો કરતાં વધારે મતદારો ભારતમાં છે.

(3) સાર્વત્રિક પુખ્તવય મતાધિકારની પદ્ધતિ કયા સિદ્ધાંત પર આધારિત છે?

ઉત્તર : સાર્વત્રિક પુખ્તવય મતાધિકારની પદ્ધતિ 'વ્યક્તિદીઠ એક મત'ના સિદ્ધાંત પર આધારિત છે.

(4) મતાધિકાર કોને કોને હોતો નથી?

ઉત્તર : સગીર, અસ્થિર મગજના, નાદાર, ગુનેગાર અને પરદેશીઓને મતાધિકાર હોતો નથી.

*** (5) કેટલાં વર્ષે મતદાન કરવાનો અધિકાર મળે છે?**

ઉત્તર : 18 વર્ષે મતદાન કરવાનો અધિકાર મળે છે.

*** (6) લોકમત કેળવવા કયાં કયાં માધ્યમોનો ઉપયોગ થાય છે?**

ઉત્તર : લોકમત કેળવવા મુખ્ય બે માધ્યમોનો ઉપયોગ થાય છે : (1) મુદ્રિત માધ્યમો અને (2) વીજાણુ માધ્યમો.

(7) પ્રજાને સાચા, તટસ્થ અને સમતોલ સમાચારો આપવા માટે શું અનિવાર્ય છે?

ઉત્તર : પ્રજાને સાચા, તટસ્થ અને સમતોલ સમાચારો આપવા માટે અખબારી સ્વાતંત્ર્ય અનિવાર્ય છે.

(8) લોકમત ઘડનારાં મુદ્રિત માધ્યમો કયાં કયાં છે?

ઉત્તર : વિવિધ ભાષાઓમાં પ્રકાશિત થતાં દૈનિક વર્તમાનપત્રો, અઠવાડિકો, પાક્ષિકો અને માસિકો જેવાં સામયિકો, વિશિષ્ટ વિષયોનાં સામયિકો વગેરે લોકમત ઘડનારાં મુદ્રિત માધ્યમો છે.

(9) લોકમત ઘડનારાં વીજાણુ માધ્યમો કયાં કયાં છે?

ઉત્તર : રેડિયો, ટેલિવિઝન અને ફિલ્મો લોકમત ઘડનારાં વીજાણુ માધ્યમો છે.

(10) લોકશાહીના મુખ્ય કેટલા પ્રકારો છે? કયા કયા?

ઉત્તર : લોકશાહીના મુખ્ય બે પ્રકારો છે : (1) સંસદીય લોકશાહી અને (2) પ્રમુખીય લોકશાહી.

(11) યૂ.એસ.એ.માં કયા પ્રકારની શાસનવ્યવસ્થા છે?

ઉત્તર : યૂ.એસ.એ.માં પ્રમુખીય લોકશાહી શાસનવ્યવસ્થા છે.

(12) ભારતમાં ચૂંટણીપંચ શું કાર્ય કરે છે?

ઉત્તર : ભારતમાં ચૂંટણીપંચ ચૂંટણી-પ્રક્રિયાનું સંચાલન, નિયમન અને નિરીક્ષણ કરે છે.

(13) ચૂંટણીપંચ કોની કોની ચૂંટણીની કાર્યવાહી કરે છે?

ઉત્તર : ચૂંટણીપંચ સંસદ, રાજ્યોની ધારાસભાઓ, રાષ્ટ્રપ્રમુખ અને ઉપરાષ્ટ્રપ્રમુખની ચૂંટણીની કાર્યવાહી કરે છે.

(14) પેટાચૂંટણી કોને કહે છે?

ઉત્તર : સંસદસભ્ય કે ધારાસભ્યના અવસાન કે રાજીનામાથી ખાલી પડેલી બેઠક ભરવા માટે કરવામાં આવતી ચૂંટણીને પેટાચૂંટણી કહે છે.

(15) મધ્યસત્ર ચૂંટણી કોને કહે છે? *(સામાન્ય જ્ઞાન માટે)*

ઉત્તર : મુદત પૂરી થતાં અગાઉ સંસદ કે ધારાસભાને વિખેરી નાખવામાં આવતાં સંસદ કે ધારાસભાની નવેસરથી રચના કરવા માટે કરવામાં આવતી ચૂંટણીને મધ્યસત્ર ચૂંટણી કહે છે.

(16) EVMનું પૂરું નામ શું છે?

ઉત્તર : EVMનું પૂરું નામ : Electronic Voting Machine

(17) રાષ્ટ્રીય પક્ષ કોને કહેવાય?

ઉત્તર : જે રાજકીય પક્ષનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશમાં વિસ્તરેલું હોય તે રાષ્ટ્રીય પક્ષ કહેવાય.

(18) પ્રાદેશિક પક્ષ કોને કહેવાય?

ઉત્તર : જે રાજકીય પક્ષનું કાર્યક્ષેત્ર એક જ રાજ્ય કે પ્રદેશ પૂરતું સીમિત હોય તે પ્રાદેશિક પક્ષ કહેવાય.

(19) જીવંત લોકશાહી માટે અનિવાર્ય શરત કઈ છે?

ઉત્તર : અસરકારક અને સબળ વિરોધપક્ષ એ જીવંત લોકશાહી માટે અનિવાર્ય શરત છે.

(20) લોકશાહી રથનાં બે પૈડાં કયાં કહેવાય છે?

ઉત્તર : સંસદમાં સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ એ લોકશાહી રથનાં બે પૈડાં કહેવાય છે.

પ્રશ્ન 8. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) મતદાર લોકશાહીને જીવંત રાખે છે, કારણ કે ...

ઉત્તર : ચૂંટણીઓમાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પોતાની પસંદગીના પ્રતિનિધિઓને ચૂંટે છે. મતદારોએ ચૂંટેલા પ્રતિનિધિઓ મતદારો વતી રાજ્યવહીવટ ચલાવે છે. તેથી મતદારો જેવા પ્રતિનિધિઓ ચૂંટે છે એવું રાજતંત્ર રચાય છે.

(2) સંસદીય લોકશાહી અનોખી અને મહત્ત્વની છે, કારણ કે ...

ઉત્તર : સંસદીય લોકશાહી શાસનપદ્ધતિ અનુસાર સામાન્ય ચૂંટણીઓ પછી કેન્દ્રની લોકસભામાં જે પક્ષના સભ્યોની બહુમતી થાય તે પક્ષની સરકાર રચાય છે અને તેના વડાને રાષ્ટ્રપ્રમુખ વડા પ્રધાન તરીકે નીમે છે. બીજી સામાન્ય ચૂંટણી થાય ત્યાં સુધી એ સરકાર શાસનતંત્રની સત્તા ભોગવે છે. એ સમય દરમિયાન જો શાસક પક્ષ લોકસભામાં બહુમતી સભ્યોનો વિશ્વાસ ગુમાવે, તો સરકારને રાજીનામું આપવું પડે છે.

(3) ચૂંટણી એ લોકશાહીની પારાશીશી છે, કારણ કે ...

ઉત્તર : લોકશાહીમાં ચૂંટણીઓ દ્વારા લોકો પોતાના પ્રતિનિધિઓને દેશમાં શાસન કરવાની સત્તા સોંપે છે. એ પ્રતિનિધિઓના શાસનથી નાગરિકોને સંતોષ થાય તો જ તેઓ તેમને ફરીથી ચૂંટે છે, નહિ તો તેમના સ્થાને બીજા પ્રતિનિધિઓને ચૂંટે છે. એ રીતે ચૂંટણી લોકોને તેમના પ્રતિનિધિઓની કામગીરીનું મૂલ્યાંકન કરવાની તક આપે છે. લોકશાહીમાં રાજકીય પક્ષોને અને ઉમેદવારોને લોકોનું સમર્થન ચૂંટણી દ્વારા જ જાણી શકાય છે.

(4) પ્રબળ, સંગઠિત લોકમત લોકશાહી માટે અત્યંત જરૂરી છે, કારણ કે ...

ઉત્તર : પ્રબળ, જાગ્રત અને સંગઠિત લોકમત સરકારને આપખુદ, ભ્રષ્ટાચારી અને ગેરવહીવટ કરતાં અટકાવે છે. પ્રબળ લોકમતને લીધે જ સરકાર દેશહિત અને પ્રજાહિતની અવગણના કરી શકતી નથી.

(5) ભારતમાં બહુપક્ષી લોકશાહી છે, કારણ કે ...

ઉત્તર : જો રાજ્યમાં એક જ રાજકીય પક્ષ હોય, તો સ્વાભાવિક રીતે જ એ પક્ષની સરમુખત્યારશાહી સ્થપાઈ જાય. ભારત લોકશાહીને વરેલો દેશ છે. ભારતમાં કેટલાક દેશવ્યાપી રાષ્ટ્રીય પક્ષો છે અને કેટલાક પ્રાદેશિક પક્ષો છે.

(6) ભારતમાં કેટલાક પક્ષો પ્રાદેશિક પક્ષો છે, કારણ કે ...

ઉત્તર : ભારતમાં ભૌગોલિક વિશાળતા અને ભિન્નતાને કારણે દેશના જુદા જુદા પ્રદેશોનો – રાજ્યોનો આર્થિક વિકાસ સમતુલિત થયો નથી. તેઓ રાષ્ટ્રીય હિતોની અવગણના કરીને પોતાના પ્રદેશ કે રાજ્યનાં હિતો કે વિકાસને અગ્રિમતા આપવા લાગ્યા. એ માટે લોકોએ પ્રાદેશિક ધોરણે રાજકીય પક્ષોની રચના કરવા માંડી.

(7) આપણા દેશમાં ચૂંટણીપંચની જોગવાઈ કરવામાં આવી છે, કારણ કે ...

ઉત્તર : ચૂંટણીઓ નિયમિત સમયે, નિષ્પક્ષ અને ન્યાયપૂર્વક થાય એ માટે આપણા દેશમાં એક સ્વતંત્ર અને સ્વાયત્ત ચૂંટણીપંચની જોગવાઈ કરવામાં આવી છે.

પ્રશ્ન 9. નીચેના પારિભાષિક શબ્દોની સંકલ્પના સ્પષ્ટ કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) લોકમત

ઉત્તર : લોકમત એટલે લોકોનો મત, લોકોનો અભિપ્રાય. લોકશાહી સરકાર લોકમત અનુસાર ચાલતી શાસનપદ્ધતિ છે. લોકશાહીમાં લોકમત મુજબ જ સરકારને લોકો પાસેથી સત્તા પ્રાપ્ત થાય છે. લોકમત અનુસાર જ સત્તાધારી પક્ષની સત્તા ટકી શકે છે તેમજ તે પુનઃસત્તા પ્રાપ્ત કરી શકે છે.

(2) ગુપ્ત મતદાન

ઉત્તર : મતદારે કોને મત આપ્યો તે કોઈને પણ ખબર ન પડે એ રીતે કરાતા મતદાનને **'ગુપ્ત મતદાન'** કહે છે. આપણા દેશમાં સમગ્ર ચૂંટણી-પ્રક્રિયામાં ગુપ્ત મતદાન પદ્ધતિ અપનાવવામાં આવી છે.

(3) ચૂંટણી

ઉત્તર : ચૂંટણી લોકશાહીનું મહત્ત્વનું લક્ષણ છે. તે લોકશાહીનો આધારસ્તંભ છે. લોકશાહીમાં ચૂંટણીઓ દ્વારા લોકો પોતાના પ્રતિનિધિઓને દેશમાં શાસન કરવાની સત્તા સોંપે છે.

(4) ચૂંટણીપંચ

ઉત્તર : ચૂંટણીપંચ એ દેશમાં સમગ્ર ચૂંટણી-પ્રક્રિયાનું સંચાલન, નિયમન અને નિરીક્ષણ કરવાની એક સ્વાયત્ત અને સ્વતંત્ર સંસ્થા છે. ચૂંટણીપંચ રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ, સંસદ અને રાજ્યોની ધારાસભાઓની ચૂંટણીઓની વ્યવસ્થા કરે છે. તે ચૂંટણી અંગેની તમામ જવાબદારીઓ સંભાળે છે.

(5) પેટાચૂંટણી

ઉત્તર : સંસદસભ્ય કે ધારાસભ્યના અવસાન કે રાજીનામાથી ખાલી થયેલી બેઠક ભરવા માટે કરવામાં આવતી ચૂંટણીને **'પેટાચૂંટણી'** કહેવામાં આવે છે.

(6) મધ્યસત્ર ચૂંટણી

ઉત્તર : મુદત પૂરી થતાં અગાઉ સંસદ કે ધારાસભાને વિખેરી નાખવામાં આવતાં સંસદ કે ધારાસભાની નવેસરથી રચના કરવા માટે કરવામાં આવતી ચૂંટણીને **'મધ્યસત્ર ચૂંટણી'** કહેવામાં આવે છે.

(7) રાષ્ટ્રીય પક્ષ

ઉત્તર : જે રાજકીય પક્ષનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશમાં વિસ્તરેલું હોય તે **'રાષ્ટ્રીય પક્ષ'** કહેવાય છે.

(8) પ્રાદેશિક પક્ષ

ઉત્તર : જે રાજકીય પક્ષનું કાર્યક્ષેત્ર એક જ રાજ્ય કે પ્રદેશ પૂરતું સીમિત હોય તે **'પ્રાદેશિક પક્ષ'** કહેવાય છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) વિશ્વના બધા લોકશાહી દેશો કરતાં વધારે ..... ભારતમાં છે.
A. સંગઠનો B. મતદારો C. લોકશાહીના પ્રકારો

(2) ભારતમાં ..... પુખ્તવય મતાધિકાર છે.
A. સાર્વત્રિક B. ખાનગી C. જાહેર

(3) સાર્વત્રિક પુખ્તવય મતાધિકારની પદ્ધતિ .....'ના સિદ્ધાંત પર આધારિત છે.
A. વ્યક્તિદીઠ ત્રણ મત B. વ્યક્તિદીઠ પાંચ મત
C. વ્યક્તિદીઠ એક મત

(4) ..... લોકશાહીનો આધારસ્તંભ છે.
A. લોકમત B. ચૂંટણી C. રાજકીય પક્ષો

(5) પ્રબળ અને સંગઠિત .....નું લોકશાહીમાં ખૂબ મહત્ત્વ છે.
A. રાજકીય પક્ષો B. મતદાતા C. લોકમત

(6) ચૂંટણીઓ લોકશાહીની ..... છે.
A. સમસ્યા B. પારાશીશી C. શાસનવ્યવસ્થા

(7) ભારતમાં ચૂંટણી ..... મતદાન દ્વારા થાય છે.
A. જાહેર B. અર્ધખાનગી C. ગુપ્ત

(8) ભારતમાં બહુપક્ષીય ..... છે.
A. રાજનીતિ B. લોકશાહી C. વિદેશનીતિ

(9) જે રાજકીય પક્ષો દેશવ્યાપી છે તે ..... પક્ષો કહેવાય છે.
A. દેશીય B. પ્રાદેશિક C. રાષ્ટ્રીય

(10) 10 માર્ચ, 2014 સુધીમાં ભારતમાં ..... રાજકીય પક્ષો નોંધાયા છે.
A. 1593 B. 1480 C. 2110

ઉત્તર : (1) મતદારો (2) સાર્વત્રિક (3) વ્યક્તિદીઠ એક મત (4) ચૂંટણી (5) લોકમત (6) પારાશીશી (7) ગુપ્ત (8) લોકશાહી (9) રાષ્ટ્રીય (10) 1593

(11) ચૂંટણીમાં રાજકીય પક્ષો ઉપરાંત ..... ઉમેદવારો ચૂંટણી લડે છે.
A. વિવિધ B. અપક્ષ C. અનેક

(12) ભારતની લોકશાહી વ્યવસ્થામાં દેશની સૌથી ટોચની સંસ્થા ..... અને પાયાનો એકમ ..... છે.
A. સંસદ, ગ્રામપંચાયત B. સંસદ, વિધાનસભા
C. વિધાનસભા, વિધાનપરિષદ

(13) ચૂંટણી .....ને જીવંત અને ધબકતી રાખે છે.
A. ગ્રામપંચાયત B. ઉમેદવારી C. લોકશાહી

(14) આપણા દેશમાં પ્રાતિનિધિક ..... છે.
A. લોકશાહી B. રાજાશાહી C. સંસદ

(15) આપણા દેશમાં ..... લોકશાહી શાસનવ્યવસ્થા છે.
A. પ્રમુખીય B. પરોક્ષ C. સંસદીય

(16) યૂ.એસ.એ.માં ..... લોકશાહી શાસનવ્યવસ્થા છે.
A. પ્રમુખીય B. પરોક્ષ C. સંસદીય

(17) સત્તાપક્ષ અને વિરોધપક્ષ ..... રથનાં બે પૈડાં છે.
A. સરકારી B. લોકશાહી C. પંચાયતી

ઉત્તર : (11) અપક્ષ (12) સંસદ, ગ્રામપંચાયત (13) લોકશાહી (14) લોકશાહી (15) સંસદીય (16) પ્રમુખીય (17) લોકશાહી

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારત વસ્તીની દૃષ્ટિએ સૌથી મોટો લોકશાહી દેશ છે.

(2) ભારતમાં અપક્ષ ઉમેદવારો ચૂંટણી લડી શકતા નથી.

(3) દૈનિક વર્તમાનપત્રો એ લોકમતના ઘડતરનું એક વીજાણુ માધ્યમ છે.

(4) ટેલિવિઝન એ લોકમતના ઘડતરનું એક મુદ્રિત માધ્યમ છે.

(5) યૂ.એસ.એ.માં સંસદીય લોકશાહી છે.

(6) ભારતનું ચૂંટણીપંચ સ્વતંત્ર અને સ્વાયત્ત સંસ્થા છે.
(7) ભારતમાં એકેય પ્રાદેશિક પક્ષ નથી.
(8) ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ એ રાષ્ટ્રીય પક્ષ છે.
(9) આપણા દેશમાં સાર્વત્રિક અને કિશોર મતાધિકાર છે.
(10) ચૂંટણી લોકશાહીને જીવંત અને ધબકતી રાખે છે.

ઉત્તર : (1) ખરું (2) ખોટું (3) ખોટું (4) ખોટું (5) ખોટું (6) ખરું (7) ખોટું (8) ખરું (9) ખોટું (10) ખરું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) આખી દુનિયામાં સૌથી વધારે મતદારો ધરાવતો દેશ કયો છે? – **ભારત**

(2) વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં સૌથી મોટી લોકશાહી કયા દેશમાં છે? – **ભારતમાં**

(3) લોકોનું પ્રતિનિધિત્વ કરતી રાષ્ટ્રીય સંસ્થા કઈ છે? – **સંસદ**

(4) સાર્વત્રિક પુખ્ત વય મતાધિકારમાં કયો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે? – **'વ્યક્તિદીઠ એક મત'નો**

(5) લોકશાહીનો આધારસ્તંભ કયો છે? – **ચૂંટણી**

(6) લોકશાહી વ્યવસ્થામાં પાયાનો એકમ કયો છે? – **ગ્રામપંચાયત**

(7) ચૂંટણી લોકશાહીને કેવી રાખે છે? – **જીવંત અને ધબકતી**

(8) લોકશાહીનો પ્રાણ કયો છે? – **ચૂંટણી**

(9) કેવો લોકમત લોકશાહીમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે? – **પ્રબળ અને સંગઠિત**

(10) દૈનિક સમાચારપત્રો એ લોકમતના ઘડતરનું કેવું માધ્યમ કહેવાય? – **મુદ્રિત**

(11) રેડિયો, ટેલિવિઝન અને સિનેમા લોકમતના ઘડતરનાં કેવાં માધ્યમ કહેવાય? – **વીજાણુ**

(12) નિરક્ષરતાનું પ્રમાણ વધુ હોય ત્યાં લોકમતના ઘડતર માટે કયું માધ્યમ વધુ અસરકારક નીવડે છે? – **વીજાણુ**

(13) આજે લોકમત કેળવવા માટે કયાં માધ્યમોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે? – **વીજાણુ**

(14) રેડિયોની સરખામણીમાં કયું વીજાણુ માધ્યમ લોકભોગ્ય બન્યું છે? – **ટેલિવિઝન**

(15) કયા દેશમાં પ્રમુખીય લોકશાહી શાસનવ્યવસ્થા છે? – **યૂ.એસ.એ.માં**

(16) આપણા દેશમાં કયા પ્રકારની લોકશાહી શાસનવ્યવસ્થા છે? – **સંસદીય**

(17) સંસદીય લોકશાહીમાં સરકારની રચના કોણ કરે છે? – **વડા પ્રધાન**

(18) આપણા દેશની ચૂંટણી કયા મતદાન દ્વારા થાય છે? – **ગુપ્ત**

(19) કોઈના અવસાન કે રાજીનામાથી ખાલી પડેલી બેઠક ભરવા માટે યોજાતી ચૂંટણીને શું કહે છે? – **પેટાચૂંટણી**

(20) આધુનિક સમયમાં મોટા ભાગની ચૂંટણી કયા મશીનથી થાય છે? – **વીજાણુ મશીનથી**

(21) લોકશાહી રથનાં બે પૈડાં કયાં કયાં છે? – **સત્તાપક્ષ અને વિરોધપક્ષ**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : ***[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]***

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર	a. સંસદીય લોકશાહી
2. લોકશાહીનો આધાર	b. દૈનિક સમાચારપત્રો
3. લોકમતના ઘડતરનું મુદ્રિત માધ્યમ	c. ટેલિવિઝન
4. લોકમતના ઘડતરનું વીજાણુ માધ્યમ	d. ચૂંટણી
	e. 'વ્યક્તિદીઠ એક મત'નો સિદ્ધાંત

ઉત્તર : (1 – e), (2 – d), (3 – b), (4 – c).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. લોકોનું પ્રતિનિધિત્વ કરતી રાષ્ટ્રીય સંસ્થા	a. ભારત
2. સંસદીય લોકશાહી શાસનવ્યવસ્થા	b. પ્રાદેશિક પક્ષ
3. પ્રમુખીય લોકશાહી શાસનવ્યવસ્થા	c. રાષ્ટ્રીય પક્ષ
4. ભારતીય જનતા પક્ષ	d. સંસદ
	e. યૂ.એસ.એ.

ઉત્તર : (1 – d), (2 – a), (3 – e), (4 – c).

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

1. વિશ્વમાં વસ્તીની દૃષ્ટિએ સૌથી મોટો લોકશાહી દેશ કયો છે?
A. ભારત B. યૂ.એસ.એ.
C. ગ્રેટબ્રિટન D. ફ્રાન્સ

* **2.** આપણા દેશમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકારમાં ..... સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે.

અથવા

સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર પદ્ધતિ કયા સિદ્ધાંત પર આધારિત છે?
A. વ્યક્તિદીઠ બહુમત B. વ્યક્તિદીઠ એક મત
C. વ્યક્તિદીઠ વિરોધ મત D. વ્યક્તિદીઠ જાહેર મત

3. નીચેનામાંથી કયા દેશમાં પ્રમુખીય લોકશાહી છે?
A. ગ્રેટબ્રિટનમાં B. યૂ.એસ.એ.માં
C. જાપાનમાં D. ભારતમાં

4. ચૂંટણીઓ લોકશાહીની શું ગણાય છે?
A. પારાશીશી B. ઉદ્‌ભવ રેખા
C. ક્રાંતિકારી પદ્ધતિ D. શાસનવ્યવસ્થા

5. નીચેનામાંથી કોની ચૂંટણીની કાર્યવાહી ચૂંટણીપંચ દ્વારા થાય છે?
A. વડા પ્રધાન B. રાષ્ટ્રપ્રમુખ
C. રાજ્યપાલ D. મુખ્યમંત્રી

* **6.** લોકમતના ઘડતર માટે ..... માધ્યમ ઓછું અસરકારક છે.
A. દશ્ય-શ્રાવ્ય B. દશ્ય C. શ્રાવ્ય D. મુદ્રિત

* **7.** EVMનું સાચું (પૂરું) નામ ..... છે.
A. ઇલેક્ટ્રૉનિક વૅલ્યૂ મશીન
B. ઇલેક્ટ્રૉનિક વેઇટ મશીન
C. ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મૅથડ
D. ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીન

8. જે રાજકીય પક્ષો દેશવ્યાપી છે, તેને કેવા પક્ષો કહેવાય?
A. બિનરાષ્ટ્રીય B. રાષ્ટ્રીય
C. પ્રાદેશિક D. આંતરદેશીય

9. લોકશાહીને જીવંત કોણ રાખે છે?
A. લોકમત B. રાજકીય પક્ષો
C. ચૂંટણી D. વડા પ્રધાન

10. કયા પ્રકારનો લોકમત લોકશાહીમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે?
A. પ્રાતિનિધિક B. બહુપક્ષીય
C. પ્રજાકીય D. પ્રબળ અને સંગઠિત

ઉત્તર : **1.** ભારત **2.** વ્યક્તિદીઠ એક મત
3. યૂ.એસ.એ.માં **4.** પારાશીશી
5. રાષ્ટ્રપ્રમુખ **6.** મુદ્રિત
7. ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીન **8.** રાષ્ટ્રીય
9. ચૂંટણી **10.** પ્રબળ અને સંગઠિત

---

11. નીચેનામાંથી કયું માધ્યમ લોકમતના ઘડતરમાં ફાળો આપતું મુદ્રિત માધ્યમ છે?
A. રેડિયો B. ટેલિવિઝન C. સિનેમા D. સામયિકો

12. નીચેનામાંથી કયું માધ્યમ લોકમતના ઘડતરમાં ફાળો આપતું વીજાણુ માધ્યમ છે?
A. વર્તમાનપત્રો B. અઠવાડિકો
C. પાક્ષિકો D. રેડિયો

13. નીચેનામાંથી કયું માધ્યમ લોકમતના ઘડતરમાં ફાળો આપતું મુદ્રિત માધ્યમ છે?
A. દૈનિક વર્તમાનપત્રો B. ટેલિવિઝન C. રેડિયો D. સિનેમા

14. નીચેનામાંથી કયું માધ્યમ લોકમતના ઘડતરમાં ફાળો આપતું વીજાણુ માધ્યમ છે?
A. અઠવાડિકો B. પાક્ષિકો C. વર્તમાનપત્રો D. ટેલિવિઝન

15. ભારતમાં કેટલા પ્રકારના રાજકીય પક્ષો છે?
A. પાંચ B. ત્રણ C. ચાર D. બે

16. નીચેનામાંથી કયો પક્ષ રાષ્ટ્રીય પક્ષ છે?
A. કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા
B. શિવસેના
C. બહુજન સમાજવાદી પાર્ટી
D. અકાલી દળ

17. નીચેનામાંથી કયો પક્ષ રાષ્ટ્રીય પક્ષ નથી?
A. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ B. કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા
C. ભારતીય જનતા પક્ષ D. રાષ્ટ્રીય જનતા દળ

18. નીચેનામાંથી કયો પક્ષ પ્રાદેશિક રાજકીય પક્ષ છે?
A. ભારતીય જનતા પક્ષ B. તૃણમૂલ કૉંગ્રેસ
C. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ D. કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા

19. સંસદીય સરકાર સંપૂર્ણપણે કોને જવાબદાર છે?
A. રાષ્ટ્રપ્રમુખને B. વડા પ્રધાનને
C. લોકસભાને D. રાજ્યસભાને

20. નીચેનામાંથી કોની ચૂંટણીની કાર્યવાહી ચૂંટણીપંચ દ્વારા થાય છે?
A. મુખ્યમંત્રીની B. ઉપરાષ્ટ્રપ્રમુખની
C. રાજ્યપાલની D. વડા પ્રધાનની

21. ભારતમાં કેવા પ્રકારની લોકશાહી છે?
A. પ્રમુખશાહી B. ન્યાયતંત્રીય
C. સંસદીય D. રાજાનિર્મિત

ઉત્તર : **11.** સામયિકો **12.** રેડિયો
13. દૈનિક વર્તમાનપત્રો **14.** ટેલિવિઝન
15. બે
16. કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા
17. રાષ્ટ્રીય જનતા દળ **18.** તૃણમૂલ કૉંગ્રેસ
19. લોકસભાને **20.** ઉપરાષ્ટ્રપ્રમુખની
21. સંસદીય

13 ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ – I

પ્રકરણસાર

- ભારતીય સંસ્કૃતિ પ્રાચીનતમ સંસ્કૃતિઓમાંની એક છે.
- ભારત જગતની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે.
- બધા ધર્મો, જાતિ કે પ્રજા પ્રત્યે સમભાવ એ ભારતની સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. તેથી ભારત **'સંસ્કૃતિનું સંગમતીર્થ'** બન્યું છે.
- ભારતની અવિરત પ્રગતિમાં તેમજ ભારતની સંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં દેશની ભૌગોલિક પરિસ્થિતિનું યોગદાન નોંધપાત્ર છે.
- ભારત **8°4′** અને **37°6′** ઉત્તર અક્ષાંશવૃત્તોની વચ્ચે તેમજ **68°7′**થી **97°25′** પૂર્વ રેખાંશવૃત્તોની વચ્ચે આવેલો દેશ છે.
- કર્કવૃત્ત (**23°30′ ઉ.અ.**) ભારતની લગભગ મધ્યમાંથી પસાર થાય છે. તેની ઉત્તરે આવેલા વધુ વિસ્તૃત ભાગમાં હિમાલય અને ઉત્તરનાં મેદાનો છે તથા દક્ષિણે આવેલા ત્રિકોણાકાર ભાગમાં દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશનો ઘણો મોટો ભાગ અને દરિયાકિનારાનાં મેદાનો છે.
- ભારતનો ઉત્તર-દક્ષિણ વિસ્તાર આશરે **3214** કિમી અને પૂર્વ-પશ્ચિમ વિસ્તાર આશરે **2933** કિમી છે.
- ભારતના પૂર્વ અને પશ્ચિમનાં દૂરનાં સ્થળોના સ્થાનિક સમયમાં લગભગ બે કલાકનો તફાવત છે. તેથી સમગ્ર ભારતનો પ્રમાણ-સમય આ બંને સ્થળોથી સરખા અંતરે આવેલા **82°30′** પૂર્વ રેખાંશના સ્થાનિક સમય પ્રમાણે રાખવામાં આવ્યો છે.
- ભારતની પ્રમાણસમય રેખા (**82°30′ પૂ.રે.**) **પાંચ** રાજ્યોમાંથી પસાર થાય છે.
- ભારતનું ક્ષેત્રફળ **32.8** લાખ ચોરસ કિમી છે, જે જગતના ભૂ-ક્ષેત્રનું **2.42 %** છે. ક્ષેત્રફળની બાબતમાં ભારતનો ક્રમ **સાતમો** છે.
- અનુક્રમે રશિયા, કૅનેડા, યૂ.એસ.એ., ચીન, બ્રાઝિલ અને ઑસ્ટ્રેલિયા દેશો વિસ્તારમાં ભારતથી મોટા છે.
- ઉત્તરની આખી સરહદે હિમાલયની ઉત્તુંગ ગિરિમાળા પશ્ચિમથી પૂર્વ તરફ પથરાયેલી છે. દક્ષિણમાં ભારતીય દ્વીપકલ્પ ત્રણે બાજુએ સમુદ્રોથી ઘેરાયેલો છે.
- ભારતીય દ્વીપકલ્પની પૂર્વે બંગાળાની ખાડી, પશ્ચિમે અરબ સાગર અને દક્ષિણે હિંદ મહાસાગર છે.
- ભારતમાં જમીનમાર્ગે અને જળમાર્ગે બહારથી આવેલાં સાંસ્કૃતિક તત્ત્વોને આત્મસાત્ કરીને ભારતે સમરસતા અને એકતા વિકસાવી છે.
- પ્રાચીન કાળથી ભારતે પોતાના વિશિષ્ટ દરિયાઈ સ્થાનને આધારે પૂર્વ, દક્ષિણ-પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ એશિયાના દેશો તથા પૂર્વ આફ્રિકા સાથે સમુદ્રમાર્ગે સંપર્ક સાધી ઘનિષ્ઠ સાંસ્કૃતિક અને વ્યાપારી સંબંધો સ્થાપ્યા છે. આ સંબંધો દ્વારા ભારતની ફિલસૂફી, ભારતીય અંકો, દશાંશપદ્ધતિ, ચિકિત્સા-પદ્ધતિ વગેરે જગતના વિભિન્ન ભાગો સુધી પહોંચાડ્યા છે.
- ભારતીય સંઘમાં આજે **28** રાજ્યો અને **7** સંઘશાસિત પ્રદેશો છે. (દિલ્લી રાષ્ટ્રીય રાજધાનીનો પ્રદેશ છે.)
- પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ચીન, તિબેટ, નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, શ્રીલંકા, માલદીવ આપણા પાડોશી દેશો છે.
- લક્ષદ્વીપ ટાપુઓ અરબ સાગરમાં અને અંદમાન-નિકોબાર ટાપુઓ બંગાળાની ખાડીમાં આવેલા છે.
- ભારતનાં વર્તમાન ભૂમિસ્વરૂપોનું નિર્માણ લાખો વર્ષ દરમિયાન ભૂપૃષ્ઠ હેઠળ થયેલા આંતરિક હલનચલન અને સપાટી પર અસર કરનારાં પરિબળોને આભારી છે.
- પૃથ્વીનો પોપડો **'ઍસ્થેનોસ્ફિયર (મિશ્રાવરણ)'**ના અર્ધપ્રવાહી ખડકોની ઉપર તરી રહ્યો છે. આ પોપડા પર પૃથ્વીના પેટાળની ગરમીથી ઉદ્ભવતા સંવહનિક તરંગો ભૂ-સપાટી તરફ દબાણ કરે છે. તેના પરિણામે પોપડાના મોટા મોટા ટુકડાઓ થઈ, મુખ્ય સાત **'મૃદાવરણીય પ્લેટ'** (લિથોસ્ફિરિક પ્લેટ) રચાઈ છે.
- કેટલીક જગ્યાએ આ પ્લેટો એકબીજાથી દૂર થઈ રહી છે, તેને **'અપસારી પ્લેટ'** કહે છે. કેટલીક પ્લેટો એકબીજાની નજીક આવી રહી છે, તેને **'અભિસારી પ્લેટ'** કહે છે.
- **અપસરણ**ની ક્રિયાથી ભૂપૃષ્ઠ પર **સ્તરભંગ** થાય છે, જ્યારે **અભિસરણ**ની ક્રિયાથી ગેડ પડે છે. પ્લેટોની હિલચાલથી ભૂમિ-ખંડના આકારોમાં ફેરફાર થયા કરે છે. ભારતનાં વર્તમાન ભૂમિ-સ્વરૂપો આવી પ્રક્રિયાઓથી રચાયાં છે.
- કરોડો વર્ષ પૂર્વે ભારત **ગોંડવાનાલૅન્ડ** નામના ખૂબ વિશાળ ભૂમિખંડનો ભાગ હતો. ગોંડવાનાલૅન્ડમાં આજના દક્ષિણ અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા તથા ઍન્ટાર્ક્ટિકા ખંડોનો સમાવેશ થતો હતો. **મિશ્રાવરણ**(ઍસ્થેનોસ્ફિયર)ના સંવહનિક તરંગોએ ગોંડવાનાલૅન્ડને અનેક ભાગોમાં વહેંચી નાખ્યો.
- આમાંનો એક ભાગ **ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ** બન્યો. આ પ્લેટ ધીમે ધીમે ઉત્તર તરફ ખસવા લાગી. તેનો ઉત્તર ભાગ આજથી લગભગ **પાંચ કરોડ વર્ષો** પહેલાં **યુરેશિયન પ્લેટ**ની નીચે ઘસી ગયો. આ અથડામણથી બંને પ્લેટો વચ્ચે આવેલા **ટેથિસ સાગર**ના તળના પ્રસ્તર ખડકોમાં ગેડ પડી. તેના પરિણામસ્વરૂપે **હિમાલય** અને

મધ્ય એશિયાની પર્વતશ્રેણીઓનું નિર્માણ થયું. એ સાથે હિમાલયની દક્ષિણમાં એક વિશાળ ગર્ત (બેસિન) અસ્તિત્વમાં આવ્યો.


❄ ભારત વૈવિધ્યસભર ભૂપૃષ્ઠ ધરાવે છે. દક્ષિણનો દ્વીપકલ્પીય પ્રદેશ પ્રાચીનતમ પ્રદેશ છે.

પ્રશ્નોત્તર

*** પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]***

(1) ભારતનાં સ્થાન અને વિસ્તાર વિશે માહિતી આપો.

ઉત્તર : ભારતનું સ્થાન :



→ ભારત એશિયા ખંડના દક્ષિણ ભાગમાં મધ્ય સ્થાને આવેલો દ્વીપકલ્પવાળો દેશ છે.

→ તેના મુખ્ય ભૂમિ-ભાગ સિવાય તેમાં બે દ્વીપસમૂહો – લક્ષદ્વીપ અને અંદમાન-નિકોબાર ટાપુઓનો સમાવેશ થાય છે.

→ તેનો મુખ્ય ભૂમિ-ભાગ 8°4′ અને 37°6′ ઉત્તર અક્ષાંશવૃત્તોની વચ્ચે તેમજ 68°7′ અને 97°25′ પૂર્વ રેખાંશવૃત્તોની વચ્ચે આવેલો છે. તેથી તે પૂર્ણપણે ઉત્તર અને પૂર્વ ગોળાર્ધમાં છે.

→ ભારતની મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે. તે 23°30′ ઉત્તર અક્ષાંશવૃત્ત પર આવેલો છે.

→ લક્ષદ્વીપ ટાપુઓ અરબ સાગરમાં તથા અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો બંગાળાની ખાડીમાં છે.

→ ભારતની વાયવ્ય સીમાએ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન; ઉત્તરે ચીન, તિબેટ, નેપાળ અને ભૂતાન; પૂર્વે બાંગ્લાદેશ અને મ્યાનમાર તથા દક્ષિણે શ્રીલંકા અને માલદીવ ભારતના પાડોશી દેશો છે.

ભારતનો વિસ્તાર :

→ ભારતનું ક્ષેત્રફળ 32.8 લાખ ચોરસ કિલોમીટર છે. તે જગતના ભૂ-ક્ષેત્રના માત્ર 2.42 % જેટલું છે.

→ ક્ષેત્રફળ સંદર્ભે ભારતનો ક્રમ જગતમાં સાતમો છે.

→ ભારતથી મોટા છ દેશો અનુક્રમે રશિયા, કૅનેડા, યૂ.એસ.એ., ચીન, બ્રાઝિલ અને ઑસ્ટ્રેલિયા છે. આમાંનો પ્રત્યેક દેશ ભારત કરતાં બેથી પાંચ ગણો મોટો છે.

→ ભારતના અક્ષાંશીય અને રેખાંશીય વિસ્તારો લગભગ સરખા અર્થાત્ 29° – 30° જેટલા છે. પરંતુ વાસ્તવિક અંતરોમાં થોડો ફરક છે. ઉત્તર-દક્ષિણ (અક્ષાંશીય) વિસ્તાર આશરે 3214 કિમી છે, જ્યારે પૂર્વ-પશ્ચિમ (રેખાંશીય) વિસ્તાર આશરે 2933 કિમી છે.

→ કર્કવૃત્ત (23°30′ ઉ.અ.) ભારતની મધ્યમાંથી પસાર થઈ દેશના લગભગ બે સરખા ભાગ કરે છે.

→ રેખાંશીય તફાવતને કારણે દેશના પૂર્વ અને પશ્ચિમે આવેલાં દૂરનાં સ્થળોના સ્થાનિક સમયમાં આશરે બે કલાકનો ફરક છે.


→ ભારતના પ્રમાણસમયની રેખા 82°30′ પૂર્વ રેખાંશવૃત્ત પર આવેલા ઉત્તર પ્રદેશના મિર્જાપુર જિલ્લામાંથી પસાર થાય છે. તેનો સ્થાનિક સમય જ ભારતનો પ્રમાણસમય ગણાય છે.

→ ઉત્તરનો ભાગ થોડો વધારે વિસ્તૃત છે. તેમાં હિમાલય અને ઉત્તરનાં મેદાનો આવેલાં છે, દક્ષિણનો ત્રિભુજાકાર ભાગ દક્ષિણ તરફ સાંકડો થતો જાય છે. આ ભાગમાં દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશનો ઘણો મોટો ભાગ અને દરિયાકિનારાનાં મેદાનો આવેલાં છે.

(2) પૃથ્વીની રચના વિશે વિસ્તૃત માહિતી આપો.

ઉત્તર : પૃથ્વીનો પોપડો **'ઍસ્થેનોસ્ફિયર'**ના અર્ધપ્રવાહી ખડકો પર તરી રહ્યો છે. આ પોપડા પર પૃથ્વીના પેટાળની ગરમીથી ઉદ્ભવતા સંવહનિક તરંગો ભૂ-સપાટી તરફ દબાણ કરે છે. તેના પરિણામે પોપડાના મોટા મોટા ટુકડાઓ થઈ, મુખ્ય **સાત** 'મૃદાવરણીય પ્લેટ' (લિથોસ્ફિરિક પ્લેટ) રચાઈ છે.

→ મુખ્ય **સાત** મૃદાવરણીય (લિથોસ્ફિરિક) પ્લેટો : (1) પૅસિફિક પ્લેટ, (2) ઉત્તર અમેરિકન પ્લેટ, (3) દક્ષિણ અમેરિકન પ્લેટ, (4) યુરેશિયન પ્લેટ, (5) આફ્રિકન પ્લેટ, (6) ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ અને (7) ઍન્ટાર્ક્ટિકા પ્લેટ.



→ કેટલીક જગ્યાએ આ પ્લેટો એકબીજાથી દૂર થઈ રહી છે, જેને **'અપસારી પ્લેટ'** કહે છે. કેટલીક પ્લેટો એકબીજાની નજીક આવી રહી છે, જેને **'અભિસારી પ્લેટ'** કહે છે.

→ અપસરણની ક્રિયાથી ભૂપૃષ્ઠ પર સ્તરભંગ થાય છે, જ્યારે અભિસરણની ક્રિયાથી ગેડ પડે છે. આ પ્લેટોની હિલચાલથી ભૂમિખંડના આકારો અને સ્થાનોમાં ફેરફાર થયા કરે છે. ભારતનાં વર્તમાન ભૂમિસ્વરૂપો આવી પ્રક્રિયાઓથી રચાયાં છે.

→ એકબીજાથી વિપરીત દિશામાં ખસી જવાની આ પરસ્પર પ્રતિક્રિયા જ બધી ભૂકંપીય અને જ્વાળામુખીય ક્રિયાઓ માટે જવાબદાર છે.

→ સરકતી કે ખસતી પ્લેટો જ્યાં એકબીજા સાથે ટકરાઈ રહી છે ત્યાં પર્વતનું નિર્માણ થાય છે.

→ પ્લેટો જ્યાં એકબીજાથી દૂર ખસે છે, ત્યાં ભૂમિખંડો અને મહાસાગરોમાં ફાટોનું નિર્માણ કરે છે. આ પ્લેટો પર આવેલા ભૂમિખંડો નિરંતર ખસતા રહે છે. આ પ્રકારની પ્લેટોને **'રૂપાંતરિત પ્લેટ'** કહે છે.

→ કરોડો વર્ષ પૂર્વે ભારત ગોંડવાનાલૅન્ડ નામના ખૂબ વિશાળ ભૂમિખંડનો ભાગ હતો. ગોંડવાનાલૅન્ડમાં આજના દક્ષિણ અમેરિકા, આફ્રિકા, અરેબિયા, ભારત, ઑસ્ટ્રેલિયા અને ઍન્ટાર્ક્ટિકા ખંડોનો સમાવેશ થતો હતો.

→ કાળક્રમે ગોંડવાનાલૅન્ડથી અલગ થઈને 'ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ' ધીમે ધીમે ઉત્તર તરફ ખસવા લાગી. તેનો ઉત્તર ભાગ આજથી લગભગ પાંચ કરોડ વર્ષો પહેલાં યુરેશિયન પ્લેટની નીચે ઘસી ગયો. આ અથડામણથી બંને પ્લેટો વચ્ચે આવેલા ટેથિસ સાગરના તળના પ્રસ્તર ખડકોમાં ગેડ પડી. તેના પરિણામસ્વરૂપે હિમાલય અને મધ્ય એશિયાની પર્વતશ્રેણીઓનું નિર્માણ થયું. એ સાથે હિમાલયની દક્ષિણે એક વિશાળ ગર્ત (બેસિન) અસ્તિત્વમાં આવ્યો.

→ સમય જતાં આ ગર્તમાં ઉત્તર અને દક્ષિણ તરફથી આવતી નદીઓનો કાંપ પુરાવાથી ઉત્તર ભારતના મેદાનનો ઉદ્ભવ થયો.

→ હિમાલયનો ઉદ્‌ભવ થઈ રહ્યો હતો ત્યારે ભારતના દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં એક વિસ્તૃત જ્વાળામુખીનો વિસ્ફોટ થયો. તેથી ઉચ્ચપ્રદેશનો પશ્ચિમ તરફનો ભાગ તૂટીને પેટાળ તરફ બેસી ગયો. પરિણામે ત્યાં અરબ સાગરનું નિર્માણ થયું. આ ભૂ-નિમ્મજનને કારણે જ પશ્ચિમઘાટ વધારે સ્પષ્ટ થઈ ગયો.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

*** (1) "ભારત 'સંસ્કૃતિનું સમન્વયતીર્થ' બન્યું છે." સમજાવો.**

ઉત્તર : બધા ધર્મો, જાતિઓ અને પ્રજા પ્રત્યે સમભાવ એ ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. આથી કોઈ પણ ધર્મ પાળતી પ્રજા કે જાતિ માટે ભારતે મૈત્રીનાં દ્વાર ખુલ્લાં રાખીને સૌને આવકાર્યા છે. ભારતીય સંસ્કૃતિનો દેહ હિંદુ, બૌદ્ધ, જૈન, શીખ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી વગેરે પ્રજાની સંસ્કૃતિઓના સુભગ સમન્વયમાંથી ઘડાયો છે. ભારતીય સંસ્કૃતિમાં સમન્વયકારી ભાવના રહેલી છે. તેથી ભારતીય સંસ્કૃતિમાં જગતની ભિન્ન ભિન્ન પ્રજાનાં સાંસ્કૃતિક તત્ત્વોનું સંયોજન જોવા મળે છે. પરિણામે ભારત 'સંસ્કૃતિનું સમન્વયતીર્થ' બન્યું છે.

(2) ભારતનો પ્રમાણસમય 82°30′ પૂર્વ રેખાંશના સ્થાનિક સમય મુજબ કેમ નક્કી કરવામાં આવ્યો છે? સમજાવો.

ઉત્તર : (1) ભારતનો પૂર્વ-પશ્ચિમ રેખાંશીય વિસ્તાર આશરે **29°** (97° પૂ.રે. – 68° પૂ.રે.) છે. તેના કારણે ભારતનાં પૂર્વ અને પશ્ચિમનાં દૂરનાં સ્થળોના સ્થાનિક સમયમાં આશરે **બે કલાક**નો ફરક છે. (2) તેથી સમગ્ર ભારતનો પ્રમાણસમય 68° અને 97°થી સરખા અંતરે આવેલા મધ્યવર્તી **82°30′** પૂર્વ રેખાંશ પરના સ્થાનિક સમય પ્રમાણે રાખવામાં આવ્યો છે. આમ કરવાથી ભારતના કોઈ પણ સ્થળના સ્થાનિક સમય અને ભારતના પ્રમાણસમય વચ્ચે **એક** કલાકથી વધારે ફરક પડતો નથી.

*** (3) ભારતનું પૂર્વ ગોળાર્ધમાં મોકાનું સ્થાન છે. શાથી? *અથવા* ભૌગોલિક દૃષ્ટિએ ભારતનું સ્થાન કઈ રીતે મોકાનું છે?**

અથવા

ભારતનું ભૌગોલિક સ્થાન શાથી મહત્ત્વનું છે? *અથવા*

કારણો આપી સમજાવો : ભૌગોલિક દૃષ્ટિએ ભારતનું સ્થાન મહત્ત્વનું છે.

ઉત્તર : (1) ભારત દક્ષિણ એશિયાની મધ્યમાં હિંદ મહાસાગરના શીર્ષસ્થ સ્થાને છે. આ કારણે પ્રાચીન કાળથી ભારતને માટે એશિયાના દેશો અને પૂર્વ આફ્રિકા સાથે સમુદ્રમાર્ગે ઘનિષ્ઠ સંબંધો બાંધવા શક્ય બન્યા છે. (2) સુએઝ નહેર બંધાયા પછી ભારતના યુરોપ અને અમેરિકાના દેશો સાથેના સંબંધોનો પણ ઘણો વિકાસ થયો છે. (3) પૂર્વ અને દક્ષિણ-પૂર્વ એશિયા અને ઑસ્ટ્રેલિયાથી સુએઝ માર્ગે યુરોપ અને અમેરિકા જતા દરિયાઈ માર્ગો અને હવાઈ માર્ગો ભારત પરથી કે ભારત પાસેથી પસાર થાય છે. એ દૃષ્ટિએ ભારતનું પૂર્વ ગોળાર્ધમાં મોકાનું સ્થાન છે.

*** (4) ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર કેમ સરળ બન્યો છે?**

અથવા

કારણો આપો : ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર સરળ બન્યો છે.

ઉત્તર : (1) જગતનો બહુ મોટા ભાગનો આંતરરાષ્ટ્રીય વેપાર સમુદ્રમાર્ગે થાય છે, એટલે જે દેશોને સમુદ્રકિનારાનો લાભ મળ્યો છે તે પોતાનો આંતરરાષ્ટ્રીય વેપાર સરળતાથી વિકસાવી શકે છે. (2) ભારત લગભગ 7500 કિમી લાંબો સમુદ્રકિનારો અને મોકાનું ભૌગોલિક સ્થાન ધરાવે છે. તેના સમુદ્રમાર્ગો નજીકના પશ્ચિમ એશિયા, દક્ષિણ એશિયા, દક્ષિણ-પૂર્વ એશિયા, ઑસ્ટ્રેલિયા અને પૂર્વ આફ્રિકા તરફ જાય છે. આ ઉપરાંત, તેના લાંબા સમુદ્રમાર્ગો સુએઝની નહેરમાં થઈને યુરોપ, ઉત્તર આફ્રિકા અને ઉત્તર અમેરિકા; કેપ ઑફ ગુડ હોપ થઈને પશ્ચિમ આફ્રિકા તથા દક્ષિણ અમેરિકા અને ઇન્ડોનેશિયાની મલાક્કાની સામુદ્રધુનીમાં થઈને પૅસિફિક મહાસાગર પસાર કરીને કૅનેડા અને યૂ.એસ.એ. પહોંચી શકાય છે. આમ, સમુદ્રમાર્ગોનો બહોળો લાભ મળવાથી ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર સરળ બન્યો છે.

*** (5) સુએઝ નહેર શરૂ થવાથી ભારતને કયો લાભ થયો છે?**

ઉત્તર : (1) રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રને જોડતી સુએઝ નહેર ઈ. સ. 1869માં શરૂ થવાથી ભારત અને યુરોપ વચ્ચેનું અંતર આશરે 7000 કિમી જેટલું ઓછું થયું છે. તેથી જળમાર્ગે યુરોપ, યૂ.એસ.એ. અને કૅનેડા સાથે વેપાર કરવામાં સમયની ઘણી બચત થઈ છે. (2) આ દેશો સાથે વિદેશ વ્યાપારમાં ખૂબ લાભ પ્રાપ્ત થયો છે.

*** (6) મૃદાવરણીય પ્લેટો કેટલી છે અને કઈ કઈ છે, તે જણાવો.**

ઉત્તર : મૃદાવરણીય પ્લેટો મુખ્ય **સાત** છે : (1) પૅસિફિક પ્લેટ, (2) ઉત્તર અમેરિકન પ્લેટ, (3) દક્ષિણ અમેરિકન પ્લેટ, (4) યુરેશિયન પ્લેટ, (5) આફ્રિકન પ્લેટ, (6) ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ અને (7) ઍન્ટાર્ક્ટિક પ્લેટ.

*** (7) ભારત વૈવિધ્યસભર ભૂપૃષ્ઠ શાથી ધરાવે છે?**

ઉત્તર : (1) ઉત્તર ભારતમાં નિક્ષિપ્ત અને રૂપાંતરિત ખડકોથી બનેલી ઊંચી, વિશાળ પર્વતમાળા આવેલી છે. તેમાં ઊંચાં પર્વતશિખરો, ઉચ્ચપ્રદેશો, સાંકડી અને ઊંડી ખીણો, ઘાટ વગેરે આવેલાં છે. (2) ઉત્તરનું મેદાન સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્ર જેવી મોટી નદીઓના કાંપની માટીનું બનેલું છે. તેની દક્ષિણે આવેલો ભારતનો બાકીનો ભાગ ભારતીય દ્વીપકલ્પ કહેવાય છે. (3) દક્ષિણનો દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ અગ્નિકૃત અને રૂપાંતરિત ખડકોનો બનેલો છે. તે દેશનો પ્રાચીનતમ ભૂ-ભાગ છે. તેમાં પ્રાચીન પર્વતશ્રેણીઓના અવશિષ્ટ ભાગો અને કપાયેલા ઉચ્ચપ્રદેશો છે. (4) ભારતના પૂર્વ અને પશ્ચિમ કિનારે તટીય મેદાનો છે.

ઉપર દર્શાવેલાં ભૂ-સ્વરૂપોના વૈવિધ્યના આધારે કહી શકાય કે, ભારત વૈવિધ્યસભર ભૂપૃષ્ઠ ધરાવે છે.

(8) ભારતનો અક્ષાંશીય – રેખાંશીય વ્યાપ – વિસ્તાર લગભગ સરખો છે. સાબિત કરો.

ઉત્તર : ભારતદેશના અક્ષાંશીય અને રેખાંશીય વ્યાપ બંને લગભગ સરખા અર્થાત્ 29° – 30° જેટલા છે. પરંતુ વાસ્તવિક અંતરોમાં થોડો ફરક છે. લદાખથી કન્યાકુમારી ઉત્તરથી દક્ષિણનો (અક્ષાંશીય) વિસ્તાર આશરે 3214 કિમી છે, જ્યારે પશ્ચિમે ગુજરાતથી શરૂ કરી પૂર્વે અરુણાચલ પ્રદેશ સુધીનો વિસ્તાર આશરે 2933 કિમી છે. રેખાંશીય તફાવતને કારણે દેશના પૂર્વ અને પશ્ચિમે આવેલાં દૂરનાં સ્થળોના સ્થાનિક સમયમાં આશરે બે કલાકનો તફાવત છે. કર્કવૃત્ત (23° 30′

ઉ.અ.) ભારતની મધ્યમાંથી પસાર થઈ દેશના લગભગ બે સરખા ભાગ કરે છે.

પ્રશ્ન 3. નીચેના શબ્દોની સંકલ્પનાઓ સમજાવો : *[પ્રત્યેકના 1 કે 2 ગુણ]*

*** (1) કર્કવૃત્ત**

ઉત્તર : વિષુવવૃત્તથી 23°30′ ને અંતરે ઉત્તરમાં આવેલા અક્ષાંશવૃત્તને 'કર્કવૃત્ત' કહે છે.

*** (2) દ્વીપકલ્પ *અથવા* દ્વીપકલ્પ એટલે શું?**

ઉત્તર : જેની ત્રણ બાજુએ સમુદ્ર કે પાણીનો વિશાળ જથ્થો હોય એવો ભૂખંડ 'દ્વીપકલ્પ' કહેવાય છે. દા. ત., દક્ષિણ ભારતનો દ્વીપકલ્પ, સૌરાષ્ટ્રનો દ્વીપકલ્પ, મલાયાનો દ્વીપકલ્પ વગેરે.

(3) ઉચ્ચપ્રદેશ *અથવા* ઉચ્ચપ્રદેશ એટલે શું?

ઉત્તર : મેદાન કરતાં વધુ ઊંચાઈએ આવેલો સપાટ પ્રદેશ 'ઉચ્ચપ્રદેશ' કહેવાય છે. દા. ત., દખ્ખણનો ઉચ્ચપ્રદેશ. કેટલાક ઉચ્ચપ્રદેશો સામાન્ય પર્વતો કરતાં પણ ઊંચા હોય છે. દા. ત., પામીર, તિબેટ અને બોલિવિયાના ઉચ્ચપ્રદેશો.

*** (4) ગોળાર્ધ *અથવા* ગોળાર્ધનો ભૌગોલિક અર્થ સમજાવો.**

ઉત્તર : વિષુવવૃત્ત પૃથ્વીનું જે બે સરખા ભાગોમાં વિભાજન કરે છે, તે દરેક ભાગ પૃથ્વીનો 'ગોળાર્ધ' કહેવાય છે. વિષુવવૃત્તથી ઉત્તરે આવેલો ભાગ 'ઉત્તર ગોળાર્ધ' અને દક્ષિણે આવેલો ભાગ 'દક્ષિણ ગોળાર્ધ' કહેવાય છે.

(5) સ્થાનિક સમય *અથવા* સ્થાનિક સમય એટલે શું?

ઉત્તર : કોઈ પણ સમયે સૂર્ય આકાશમાં બરાબર માથા પર કે મહત્તમ ઊંચાઈએ આવે ત્યારે ત્યાં બપોરના 12 વાગ્યા ગણાય છે. આ પ્રમાણે ગણવામાં આવતા સમયને તે સ્થળનો 'સ્થાનિક સમય' કહેવામાં આવે છે.

*** (6) પ્રમાણસમય *અથવા* પ્રમાણસમયની સમજ આપો.**

ઉત્તર : સમગ્ર દેશમાં કે બહુ વિશાળ દેશના ચોક્કસ વિભાગમાં તેના મધ્ય ભાગમાં કે મહત્ત્વના સ્થળનો સ્થાનિક સમય તે દેશના કે વિભાગના 'પ્રમાણસમય' તરીકે નક્કી કરાયેલો હોય છે. આ સમય દેશનાં કે વિભાગનાં બધાં સ્થળોને લાગુ પડે છે. ભારતમાં એક જ પ્રમાણસમય છે, જ્યારે કૅનેડા અને યૂ.એસ.એ.માં છ-છ તથા રશિયામાં અગિયાર પ્રમાણસમય છે.

(7) દ્વીપ *અથવા* 'દ્વીપ'નો અર્થ સમજાવો.

ઉત્તર : જેની બધી બાજુઓ સમુદ્ર કે પાણીથી ઘેરાયેલી હોય એવો ભૂખંડ 'દ્વીપ', 'ટાપુ' કે 'બેટ' કહેવાય છે. દા. ત., દીવનો ટાપુ, લક્ષદ્વીપ ટાપુઓ.

(8) સમુદ્ર *અથવા* સમુદ્રની વ્યાખ્યા આપો.

ઉત્તર : પાણીનો ખૂબ વિશાળ અને વિસ્તૃત જથ્થો 'સમુદ્ર', 'સાગર' કે 'દરિયો' કહેવાય છે. દા. ત., અરબ સાગર, રાતો સમુદ્ર, ભૂમધ્ય સમુદ્ર.

(9) વિષુવવૃત્ત *અથવા* વિષુવવૃત્ત એટલે કયું વૃત્ત?

ઉત્તર : પૃથ્વીની સપાટી પર મધ્યમાં પૂર્વ-પશ્ચિમ દિશામાં જતું 0° અક્ષાંશવૃત્ત 'વિષુવવૃત્ત' કહેવાય છે. તે પૃથ્વીનું બે સરખા ગોળાર્ધમાં વિભાજન કરે છે : ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધ.

(10) ઘાટ

ઉત્તર : પર્વતને ઓળંગીને તેની આરપાર જવા માટે પહાડોની ખીણોનો માર્ગ 'ઘાટ' કહેવાય છે. દા. ત., થળઘાટ, બોરઘાટ, જેલાપલા, શિપ્કી લા.

(11) સામુદ્રધુની

ઉત્તર : બે મોટા સમુદ્રોને જોડતી ખાડી કે સમુદ્રની સાંકડી પટ્ટી 'સામુદ્રધુની' કહેવાય છે. દા. ત., પાલ્કની સામુદ્રધુની, મલાક્કાની સામુદ્રધુની.

(12) દશાંશપદ્ધતિ

ઉત્તર : (1) વિવિધ પરિમાણો(માપો)ને દશકથી ગણવાની પદ્ધતિ 'દશાંશપદ્ધતિ' કહેવાય છે. (2) સંખ્યાલેખનની દશાંશપદ્ધતિમાં આંકડાઓની કિંમત ડાબી બાજુએથી જમણી બાજુએ સ્થાન પ્રમાણે અનુક્રમે દશ-દશ ગણી ઓછી થતી જાય છે, અર્થાત્ જમણી બાજુએથી ડાબી બાજુએ દશ-દશ ગણી વધતી જાય છે.

(13) મૃદાવરણીય પ્લેટ *અથવા* મૃદાવરણીય પ્લેટનું નિર્માણ સમજાવો.

ઉત્તર : (1) પૃથ્વીના પેટાળમાં થતા કિરણોત્સર્ગી ક્ષયને પરિણામે ઉદ્ભવતી ગરમી **ઍસ્થેનોસ્ફિયર (મિશ્રાવરણ)**ના દ્રવિત ખડકોમાં **ઉષ્ણતાનયન**ની ક્રિયાથી સંવહનિક તરંગો ઉત્પન્ન કરીને ભૂસપાટી તરફ જવાનો પ્રયત્ન કરે છે. (2) તેના દબાણથી ઉપરનું પડ ફાટીને મોટા મોટા ટુકડાઓમાં વિભાજિત થાય છે. આ ટુકડાઓ 'મૃદાવરણીય (લિથોસ્ફિરિક) પ્લેટ' કહેવાય છે.

*** (14) અપસારી પ્લેટ *અથવા* અપસારી પ્લેટ એટલે શું?**

ઉત્તર : કેટલીક જગ્યાએ મૃદાવરણીય પ્લેટો એકબીજાથી અલગ અથવા દૂર થઈ રહી છે. આ પ્લેટો 'અપસારી પ્લેટ' કહેવાય છે. **અપસરણ**ની ક્રિયાથી ભૂપૃષ્ઠ પર **સ્તરભંગ** થાય છે.

*** (15) અભિસરણ**

ઉત્તર : (1) કેટલીક જગ્યાએ મૃદાવરણીય પ્લેટો એકબીજાની નજીક આવી રહી છે. આ પ્લેટો 'અભિસારી પ્લેટ' કહેવાય છે. (2) **અભિસરણ**ની ક્રિયાથી ભૂપૃષ્ઠના પ્રસ્તર ખડકોમાં ગેડ પડે છે. હિમાલયની રચના આ પ્રકારે થઈ છે.

(16) ગોંડવાનાલૅન્ડ *અથવા* ગોંડવાનાલૅન્ડ કયા ખંડનું નામ હતું?

ઉત્તર : (1) વિરાટ ભૂખંડ પેન્જીઆના પ્રથમ વિભાજનથી છૂટા પડેલા બે વિશાળ ખંડો પૈકી દક્ષિણ ગોળાર્ધમાં આવેલા ખંડને ભૂસ્તરશાસ્ત્રીઓએ 'ગોંડવાનાલૅન્ડ' નામ આપ્યું છે. (2) તેમાં દક્ષિણ અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને ઍન્ટાર્ક્ટિકાનો સમાવેશ થાય છે.

(17) નિમજ્જન *અથવા* નિમજ્જન એટલે શું?

ઉત્તર : (1) પૃથ્વીના પોપડાના કોઈ પણ ભાગનું પેટાળ તરફ નીચે બેસી જવું 'નિમજ્જન' કહેવાય છે. (2) ભારતીય ઉચ્ચપ્રદેશના પશ્ચિમ ભાગનું નિમજ્જન થવાથી અરબ સાગરનું નિર્માણ થયું છે.

(18) મેદાન *અથવા* કેવું ભૂમિસ્વરૂપ મેદાન કહેવાય છે?

ઉત્તર : (1) સામાન્ય રીતે સમથળ અથવા બહુ ઘીમા ઢોળાવવાળી જમીન 'મેદાન' કહેવાય છે. (2) મોટા ભાગનાં મેદાનોની ઊંચાઈ સમુદ્રસપાટીથી **180** મીટરથી વધારે હોતી નથી. દા. ત., ઉત્તર ભારતનું મેદાન અને સમુદ્રકિનારાનાં મેદાનો.

પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) ભારતદેશ કયાં કયાં અક્ષાંશવૃત્તો અને રેખાંશવૃત્તો વચ્ચે આવેલો છે?

ઉત્તર : ભારતદેશ 8°4′થી 37°6′ ઉત્તર અક્ષાંશવૃત્ત વચ્ચે અને 68°7′થી 97°25′ પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે આવેલો છે.

(2) ભારતની મધ્યમાંથી કયું વૃત્ત પસાર થાય છે?

ઉત્તર : ભારતની મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.

(3) કયા અક્ષાંશવૃત્તને કર્કવૃત્ત કહે છે?

ઉત્તર : 23°30′ ઉત્તર અક્ષાંશવૃત્તને કર્કવૃત્ત કહે છે.

(4) ભારતમાં સૂર્યોદયની શરૂઆત કયા રાજ્યમાં થાય છે?

ઉત્તર : ભારતમાં સૂર્યોદયની શરૂઆત 'અરુણાચલ પ્રદેશ'માં થાય છે.

(5) ભારતનો પ્રમાણસમય કઈ રેખાંશ રેખા પરથી ગણાય છે?

ઉત્તર : ભારતનો પ્રમાણસમય 82°30′ પૂર્વ રેખાંશવૃત્ત પરથી ગણાય છે.

(6) ભારતનું ક્ષેત્રફળ કેટલું છે?

ઉત્તર : ભારતનું ક્ષેત્રફળ 32.8 લાખ ચોરસ કિલોમીટર છે.

(7) કયા કયા દેશો વિસ્તારમાં ભારતથી મોટા છે?

ઉત્તર : રશિયા, કૅનેડા, યૂ.એસ.એ., ચીન, બ્રાઝિલ અને ઑસ્ટ્રેલિયા દેશો વિસ્તારમાં ભારતથી મોટા છે.

(8) ભારતીય દ્વીપકલ્પની આસપાસ કયા કયા સમુદ્રો છે?

ઉત્તર : ભારતીય દ્વીપકલ્પની પૂર્વે બંગાળાની ખાડી, પશ્ચિમે અરબ સાગર અને દક્ષિણે હિંદ મહાસાગર છે.

(9) ભારત કયા ગોળાર્ધમાં આવેલો દેશ છે?

ઉત્તર : ભારત ઉત્તર અને પૂર્વ ગોળાર્ધમાં આવેલો દેશ છે.

(10) ભારતનું સ્થાન ટૂંકમાં જણાવો.

ઉત્તર : ભારત દક્ષિણ એશિયાની મધ્યમાં હિંદ મહાસાગરના શીર્ષસ્થ કેન્દ્રીય સ્થાને આવેલો છે.

(11) કયા કયા દેશોની સાથે સમુદ્રમાર્ગો દ્વારા ભારતનો સંબંધ પ્રાચીન કાળથી રહ્યો છે?

ઉત્તર : પૂર્વ આફ્રિકા, પશ્ચિમ એશિયા, દક્ષિણ એશિયા અને પૂર્વ એશિયાના દેશોની સાથે સમુદ્રમાર્ગો દ્વારા ભારતનો સંબંધ પ્રાચીન કાળથી રહ્યો છે.

(12) ભારત અને યુરોપ વચ્ચેનું અંતર કઈ નહેરથી ઓછું થયું છે?

ઉત્તર : ભારત અને યુરોપ વચ્ચેનું અંતર સુએઝ નહેરના માર્ગને લીધે આશરે 7000 કિલોમીટર જેટલું ઓછું થયું છે. (આ નહેર ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રને જોડે છે.)

(13) ભારતમાં કુલ કેટલાં રાજ્યો અને કેટલા કેન્દ્રશાસિત પ્રદેશો છે?

ઉત્તર : ભારતમાં કુલ 28 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશો છે. (દિલ્લીનું રાજ્ય રાષ્ટ્રીય રાજધાનીનો પ્રદેશ છે.)

(14) ભારતની જમીનસીમા કયાં કયાં રાજ્યો સાથે જોડાયેલી છે?

ઉત્તર : ભારતની જમીનસીમા ઉત્તર-પશ્ચિમે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સાથે, ઉત્તર-પૂર્વે ચીન, તિબેટ, નેપાળ અને ભૂતાન સાથે તથા પૂર્વમાં મ્યાનમાર અને બાંગ્લાદેશ સાથે જોડાયેલી છે.

(15) ભારતના પાડોશી દેશો કયા કયા છે?

ઉત્તર : ભારતના પાડોશી દેશો : પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ચીન, તિબેટ, નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, શ્રીલંકા અને માલદીવ.

(16) ભારત અને શ્રીલંકા કઈ રીતે અલગ પડે છે?

ઉત્તર : ભારત અને શ્રીલંકા પાલ્કની સામુદ્રધુની અને મન્નારના અખાત દ્વારા અલગ પડે છે.

(17) અરબ સાગરમાં ભારતનો કયો દ્વીપસમૂહ આવેલો છે?

ઉત્તર : અરબ સાગરમાં ભારતનો 'લક્ષદ્વીપ' દ્વીપસમૂહ આવેલો છે.

(18) બંગાળાની ખાડીમાં ભારતના કયા દ્વીપસમૂહો આવેલા છે?

ઉત્તર : બંગાળાની ખાડીમાં ભારતના 'અંદમાન-નિકોબાર' દ્વીપસમૂહો આવેલા છે.

(19) કઈ ક્રિયાથી ભૂપૃષ્ઠ પર સ્તરભંગ અને ગેડ થાય છે?

ઉત્તર : અપસરણ અને અભિસરણની ક્રિયાથી ભૂપૃષ્ઠ પર સ્તરભંગ અને ગેડ થાય છે.

(20) ગોંડવાનાલૅન્ડ નામના ભૂમિખંડમાં આજના કયા કયા ખંડોનો સમાવેશ થયો હતો?

ઉત્તર : ગોંડવાનાલૅન્ડ નામના ભૂમિખંડમાં આજના દક્ષિણ અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને ઍન્ટાર્ક્ટિકા ખંડોનો સમાવેશ થયો હતો.

(21) ગોંડવાનાલૅન્ડમાંથી કઈ મૃદાવરણીય પ્લેટ છૂટી પડી?

ઉત્તર : ગોંડવાનાલૅન્ડમાંથી 'ઇન્ડો-ઑસ્ટ્રેલિયન' નામની મૃદાવરણીય પ્લેટ છૂટી પડી.

(22) હિમાલય પર્વતશ્રેણીનું નિર્માણ શામાંથી થયું?

ઉત્તર : ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ અને યુરેશિયન પ્લેટના ટકરાવાથી ટેથિસ સમુદ્રમાંથી હિમાલય પર્વતશ્રેણીનું નિર્માણ થયું.

પ્રશ્ન 5. કારણો આપી વિધાનો પૂરાં કરો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) ભારત 'સંસ્કૃતિનું સમન્વયતીર્થ' બન્યું છે, કારણ કે ...

ઉત્તર : ભારતીય સંસ્કૃતિમાં જગતની ભિન્ન ભિન્ન પ્રજાનાં સાંસ્કૃતિક તત્ત્વોનું સંયોજન જોવા મળે છે.

(2) ભારતનો પ્રમાણસમય 82°30′ પૂર્વ રેખાંશના સ્થાનિક સમય મુજબ નક્કી કરવામાં આવ્યો છે, કારણ કે ...

ઉત્તર : ભારતનો પૂર્વ-પશ્ચિમ રેખાંશીય વિસ્તાર આશરે 29° હોવાથી ભારતનાં પૂર્વ અને પશ્ચિમનાં દૂરનાં સ્થળોના સ્થાનિક સમયમાં આશરે બે કલાકનો ફરક છે. તેથી સમગ્ર ભારતનો પ્રમાણસમય 68° અને 97°થી સરખા અંતરે આવેલા મધ્યવર્તી 82°30′ પૂર્વ રેખાંશ પરના સ્થાનિક સમય મુજબ નક્કી કરવામાં આવ્યો છે.

(3) ભારતનું પૂર્વ ગોળાર્ધમાં મોકાનું સ્થાન છે, કારણ કે ...

ઉત્તર : પૂર્વ અને દક્ષિણ-પૂર્વ એશિયા અને ઑસ્ટ્રેલિયાથી સુએઝ માર્ગે યુરોપ અને અમેરિકા જતા દરિયાઈ માર્ગો અને હવાઈ માર્ગો ભારત પરથી કે ભારત પાસેથી પસાર થાય છે.

(4) ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર સરળ બન્યો છે, કારણ કે ...

ઉત્તર : ભારત લગભગ 7500 કિમી લાંબો સમુદ્રકિનારો અને મોકાનું ભૌગોલિક સ્થાન ધરાવે છે.

(5) સુએઝ નહેર શરૂ થવાથી ભારતને લાભ થયો છે, કારણ કે ...

ઉત્તર : રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રને જોડતી સુએઝ નહેર ઈ. સ. 1869માં શરૂ થવાથી ભારત અને યુરોપ વચ્ચેનું અંતર આશરે 7000 કિમી જેટલું ઓછું થયું છે. તેથી જળમાર્ગે યુરોપ, યૂ.એસ.એ. અને કૅનેડા સાથે વેપાર કરવામાં સમયની ઘણી બચત થઈ છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારતની મધ્યમાંથી .....વૃત્ત પસાર થાય છે.
A. વિષુવ B. કર્ક C. મકર

(2) ભારતમાં સૂર્યોદયનો આરંભ .....માં થાય છે.
A. ગુજરાત B. અસમ C. અરુણાચલ પ્રદેશ

(3) ભારતની પ્રમાણસમય રેખા ..... રાજ્યોમાંથી પસાર થાય છે.
A. પાંચ B. સાત C. નવ

(4) ક્ષેત્રફળની દૃષ્ટિએ જગતમાં ભારત ..... ક્રમે આવે છે.
A. ચોથા B. છઠ્ઠા C. સાતમા

(5) ભારતની દક્ષિણે ..... મહાસાગર આવેલો છે.
A. હિંદ B. પૅસિફિક C. ઍટલૅન્ટિક

(6) ભારત અને યુરોપ વચ્ચેનું અંતર ..... નહેરને કારણે 7000 કિલોમીટર જેટલું ઓછું થયું છે.
A. યમુના B. પનામા C. સુએઝ

(7) બંગાળાની ખાડીમાં ભારતના ..... દ્વીપસમૂહો આવેલા છે.
A. અંદમાન-નિકોબાર B. લક્ષદ્વીપ C. માલદીવ

(8) ક્ષેત્રફળની દૃષ્ટિએ વિશ્વના ..... દેશો ભારતથી મોટા છે.
A. ચાર B. પાંચ C. છ

(9) ભારત ..... મહાસાગરના શીર્ષસ્થ સ્થાને આવેલો છે.
A. હિંદ B. ઍટલૅન્ટિક C. પૅસિફિક

(10) ભારતમાં ..... રાજ્યો અને ..... કેન્દ્રશાસિત પ્રદેશો છે.
A. 26, 9 B. 28, 7 C. 28, 6

ઉત્તર : (1) કર્ક (2) અરુણાચલ પ્રદેશ (3) પાંચ (4) સાતમા (5) હિંદ (6) સુએઝ (7) અંદમાન-નિકોબાર (8) છ (9) હિંદ (10) 28, 7

(11) ભારત અને શ્રીલંકા .....ની સામુદ્રધુની દ્વારા અલગ પડે છે.
A. પાલ્ક B. મન્નાર C. કુક

(12) મૃદાવરણીય પ્લેટોની કુલ સંખ્યા ..... છે.
A. પાંચ B. છ C. સાત

(13) અપસરણ અને અભિસરણની ક્રિયાથી ભૂપૃષ્ઠ પર ..... થાય છે.
A. ગેડીકરણ B. સ્તરભંગ C. હલનચલન

(14) દક્ષિણનો ..... પ્રદેશ ભારતનો પ્રાચીનતમ પ્રદેશ છે.
A. ભૂકંપીય B. દ્વીપકલ્પીય C. જ્વાળામુખીય

(15) ભારત અને શ્રીલંકા વચ્ચે .....નો અખાત આવેલો છે.
A. મેક્સિકો B. બેરિંગ C. મન્નાર

ઉત્તર : (11) પાલ્ક (12) સાત (13) સ્તરભંગ (14) દ્વીપકલ્પીય (15) મન્નાર

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારતદેશ ઉત્તર ગોળાર્ધમાં આફ્રિકા ખંડના દક્ષિણ ભાગમાં આવેલો છે.

(2) ભારતની પૂર્વ-પશ્ચિમ લંબાઈ આશરે 2933 કિલોમીટર છે.

(3) ભારતનું ક્ષેત્રફળ જગતના ભૂ-ક્ષેત્રના આશરે 2.42 % છે.

(4) ઇન્ડોનેશિયા ભારતનો પાડોશી દેશ છે.

(5) ભારતના લક્ષદ્વીપ દ્વીપસમૂહો અરબ સાગરમાં આવેલા છે.

(6) ભારતની પ્રમાણસમય રેખા 80°30′ પૂર્વ રેખાંશવૃત્ત છે.

(7) ભારતની પ્રમાણસમય રેખા પાંચ રાજ્યોમાંથી પસાર થાય છે.

(8) ભારતની દક્ષિણે પૅસિફિક મહાસાગર આવેલો છે.

(9) ભારતની મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.

(10) ક્ષેત્રફળની દૃષ્ટિએ વિશ્વના સાત દેશો ભારતથી મોટા છે.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખરું (4) ખોટું (5) ખરું (6) ખોટું (7) ખરું (8) ખોટું (9) ખરું (10) ખોટું

(11) દિલ્લીનું રાજ્ય ભારતની રાષ્ટ્રીય રાજધાનીનો પ્રદેશ છે.

(12) અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો હિંદ મહાસાગરમાં આવેલા છે.

(13) ભારત કરોડો વર્ષ પહેલાં ગોંડવાનાલૅન્ડ નામના પ્રાચીન વિશાળ ભૂમિખંડનો ભાગ હતો.

(14) સુએઝ નહેર શરૂ થવાથી ભારત અને યુરોપ વચ્ચે લગભગ 6000 કિલોમીટરનું અંતર ઘટી ગયું છે.

(15) ભારત સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે.

ઉત્તર : (11) ખરું (12) ખોટું (13) ખરું (14) ખોટું (15) ખરું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) ભારતીય સંસ્કૃતિ કઈ ભાવના ધરાવે છે? – **સમન્વયકારી**

(2) ભૌગોલિક દૃષ્ટિએ ભારત કયા ગોળાર્ધમાં આવેલો છે? – **ઉત્તર**

(3) ભારતની મધ્યમાંથી કયું વૃત્ત પસાર થાય છે? – **કર્કવૃત્ત**

(4) ભારતમાં સૌપ્રથમ કયા રાજ્યમાં સૂર્યોદય થાય છે?
– **અરુણાચલ પ્રદેશ**

(5) ક્ષેત્રફળની દૃષ્ટિએ વિશ્વમાં ભારત કયા ક્રમે આવે છે? – **સાતમા**

(6) વિશ્વમાં કેટલા દેશો ભારતના ક્ષેત્રફળથી મોટા છે? – **છ**

(7) ભારતીય દ્વીપકલ્પની પશ્ચિમે કયો સાગર આવેલો છે?
– **અરબ સાગર**

(8) ભારતીય દ્વીપકલ્પની દક્ષિણે કયો મહાસાગર આવેલો છે? – **હિંદ**

(9) ભારતીય દ્વીપકલ્પની પૂર્વમાં કઈ ખાડી આવેલી છે? – **બંગાળાની**

(10) ભારત કયા ગોળાર્ધમાં મોકાનું સ્થાન ધરાવે છે? – **પૂર્વ**

(11) હિંદ મહાસાગરના શીર્ષસ્થ સ્થાને કયો દેશ આવેલો છે? – **ભારત**

(12) ઈ. સ. 1869માં કઈ નહેર શરૂ થઈ હતી? – **સુએઝ**

(13) ઇન્ડોનેશિયાની કઈ સામુદ્રધુની થઈને પૅસિફિક મહાસાગર પસાર કરીને કૅનેડા અને યૂ.એસ.એ. પહોંચી શકાય છે? – **મલાક્કાની**

(14) ભારતની જમીન સીમા ઉત્તર-પશ્ચિમમાં કયા દેશો સાથે જોડાયેલી છે? – **પાકિસ્તાન** અને **અફઘાનિસ્તાન**

(15) ભારતની જમીન સીમા પૂર્વમાં કયા દેશો સાથે જોડાયેલી છે?
– **બાંગ્લાદેશ** અને **મ્યાનમાર**

(16) ભારતની દક્ષિણ દિશામાં સમુદ્રકિનારે કયા પડોશી દેશો આવેલા છે?
– **શ્રીલંકા** અને **માલદીવ**

(17) ભારત અને શ્રીલંકા કઈ સામુદ્રધુની દ્વારા એકબીજાથી અલગ પડે છે? – **પાલ્ક(PALK)ની**

(18) ભારત અને શ્રીલંકા કયા અખાત દ્વારા એકબીજાથી અલગ પડે છે?
– **મન્નારના**

(19) અરબ સાગરમાં કયા દ્વીપસમૂહો આવેલા છે? – **લક્ષદ્વીપ**

(20) બંગાળાની ખાડીમાં કયા દ્વીપસમૂહો આવેલા છે?
– **અંદમાન** અને **નિકોબાર**

(21) પૃથ્વીનો ઉપરનો પોપડો કયા અર્ધ-દ્રવિત ખડકોની ઉપર તરી રહ્યો છે? – **ઍસ્થેનોસ્ફિયર**

(22) પૃથ્વીના પેટાળમાં થતી કઈ પ્રક્રિયાને પરિણામે ગરમી ઉદ્ભવે છે? – **કિરણોત્સર્ગી**

(23) ભૂ-કવચ તરફ ઉદ્ભવતા તરંગો દ્વારા ઉપરનું પડ ફાટીને મોટા મોટા ટુકડાઓમાં વિભાજિત થઈ જાય છે, તેને શું કહે છે?
– **મૃદાવરણીય પ્લેટ**

(24) એકબીજાથી દૂર થઈ રહેલી ભૂસંચલનીય પ્લેટોને શું કહેવામાં આવે છે? – **અપસારી પ્લેટ**

(25) એકબીજાની નજીક આવી રહેલી ભૂસંચલનીય પ્લેટોને શું કહેવામાં આવે છે? – **અભિસારી પ્લેટ**

(26) અપસરણ અને અભિસરણની ક્રિયાથી ભૂપૃષ્ઠ પર શું થાય છે?
– **સ્તરભંગ** અને **ગેડીકરણ**

(27) કરોડો વર્ષ પહેલાં ભારત કયા નામના પ્રાચીન વિશાળ ભૂમિખંડનો ભાગ હતો? – **ગોંડવાનાલૅન્ડ**

(28) હિમાલય પર્વતશ્રેણીનું નિર્માણ શામાંથી થયેલું છે?
– **ટેથિસ સમુદ્રમાંથી**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : ***[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]***

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ભારતની પ્રમાણસમય રેખા	a. મલાક્કાની સામુદ્રધુની
	b. 82°30′ પૂર્વ રેખાંશવૃત્ત
2. કર્કવૃત્ત	c. દક્ષિણનો દ્વીપકલ્પીય પ્રદેશ
3. ઈન્ડોનેશિયા	d. 23°30′ ઉત્તર અક્ષાંશવૃત્ત
4. ભારતનો પ્રાચીનતમ પ્રદેશ	e. પાલ્કની સામુદ્રધુની

ઉત્તર : (1 – b), (2 – d), (3 – a), (4 – c).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ભારતની ઉત્તર-દક્ષિણ લંબાઈ	a. અરુણાચલ પ્રદેશ
2. ભારતની પૂર્વ-પશ્ચિમ લંબાઈ	b. ઈ. સ. 1869
3. ભારતમાં સૂર્યોદયની પ્રથમ શરૂઆત	c. 3214 કિમી
4. સુએઝ નહેરની શરૂઆત	d. ઈ. સ. 1902
	e. 2933 કિમી

ઉત્તર : (1 – c), (2 – e), (3 – a), (4 – b).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. રાષ્ટ્રીય રાજધાનીનો પ્રદેશ	a. ભારત
2. સંસ્કૃતિનું સંગમતીર્થ	b. અરબ સાગર
3. ભારતીય દ્વીપકલ્પની પૂર્વમાં	c. ટેથિસ સાગર
4. ભારતીય દ્વીપકલ્પની પશ્ચિમમાં	d. દિલ્લી
	e. બંગાળાની ખાડી

ઉત્તર : (1 – d), (2 – a), (3 – e), (4 – b).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. ભારતની મધ્યમાં થઈને કયું વૃત્ત પસાર થાય છે?
A. કર્કવૃત્ત B. વિષુવવૃત્ત C. મકરવૃત્ત D. દક્ષિણ ધ્રુવવૃત્ત

* **2.** ભારતની પ્રમાણસમય રેખા કયા રાજ્યમાંથી પસાર થતી નથી?
A. ઉત્તર પ્રદેશ B. છત્તીસગઢ C. મધ્ય પ્રદેશ D. તમિલનાડુ

* **3.** નીચેના પૈકી કયો દેશ ભારતના ક્ષેત્રફળ સંદર્ભે વધુ વિશાળ છે?
A. કૅનેડા B. ઇંગ્લૅન્ડ C. પાકિસ્તાન D. થાઇલૅન્ડ

4. ભારતીય દ્વીપકલ્પની દક્ષિણે કયો મહાસાગર આવેલો છે?
A. ઍટલૅંટિક મહાસાગર B. પૅસિફિક મહાસાગર
C. આર્ક્ટિક મહાસાગર D. હિંદ મહાસાગર

5. ઇન્ડોનેશિયાની કઈ સામુદ્રધુનીમાં થઈને પૅસિફિક મહાસાગર પસાર કરીએ તો કૅનેડા અને યૂ.એસ.એ. પહોંચી શકાય છે?
A. મલાક્કા B. બેરિંગ C. પાલ્ક D. ડ્રેઇક

* **6.** ભારતની ઉત્તરે : ચીન અને ભારતની વાયવ્યે : .....
A. બાંગ્લાદેશ B. પાકિસ્તાન C. શ્રીલંકા D. નેપાળ

* **7.** ભારતના પડોશી દેશોના સંદર્ભે કઈ જોડી અયોગ્ય છે?
A. અફઘાનિસ્તાન – ઉત્તર-પશ્ચિમ
B. નેપાળ – ઉત્તર-પૂર્વ
C. ચીન – ઉત્તર
D. બાંગ્લાદેશ – પશ્ચિમ

8. લક્ષદ્વીપ દ્વીપસમૂહો ક્યાં આવેલા છે?
A. બંગાળાની ખાડીમાં B. હિંદ મહાસાગરમાં
C. ખંભાતના અખાતમાં D. અરબ સાગરમાં

9. અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો ક્યાં આવેલા છે?
A. બંગાળાની ખાડીમાં B. અરબ સાગરમાં
C. હિંદ મહાસાગરમાં D. ખંભાતના અખાતમાં

10. ભારત કરોડો વર્ષ પહેલાં કયા પ્રાચીન વિશાળ ભૂમિખંડનો ભાગ હતો?
A. અપસારી પ્લેટ B. યુરેશિયન પ્લેટ
C. અભિસારી પ્લેટ D. ગોંડવાનાલૅન્ડ

ઉત્તર : **1.** કર્કવૃત્ત **2.** તમિલનાડુ
3. કૅનેડા **4.** હિંદ મહાસાગર
5. મલાક્કા **6.** પાકિસ્તાન
7. બાંગ્લાદેશ – પશ્ચિમ **8.** અરબ સાગરમાં
9. બંગાળાની ખાડીમાં **10.** ગોંડવાનાલૅન્ડ

---

11. જગતમાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ કયો છે?
A. ચીન B. યૂ.એસ.એ. C. ભારત D. રશિયા

12. ભારતના અક્ષાંશીય અને રેખાંશીય વિસ્તારો આશરે કેટલા અંશ જેટલા છે?
A. 30 B. 35 C. 25 D. 20

13. ભારતની ઉત્તર-દક્ષિણ લંબાઈ આશરે કેટલા કિલોમીટર જેટલી છે?
A. 2933 B. 3070 C. 3120 D. 3214

14. ભારતનો પૂર્વ-પશ્ચિમ વિસ્તાર આશરે કેટલા કિલોમીટર જેટલો છે?
A. 3214 B. 3180 C. 2933 D. 3030

15. ભારતના પૂર્વ અને પશ્ચિમ છેડે આવેલાં સ્થળોના સ્થાનિક સમયમાં આશરે કેટલો ફરક છે?
A. અડધા કલાકનો B. બે કલાકનો
C. દોઢ કલાકનો D. એક કલાકનો

16. પશ્ચિમ ગુજરાતમાં રાત બાકી હોય છે એ જ સમયે ભારતના પૂર્વ ભાગના કયા પ્રદેશમાં સૂર્યોદય થાય છે?
A. અરુણાચલ પ્રદેશ B. ઉત્તર પ્રદેશ
C. આંધ્ર પ્રદેશ D. હિમાચલ પ્રદેશ

17. ભારતનો પ્રમાણસમય કયા રેખાંશવૃત્ત પરથી ગણાય છે?
A. 80° પૂર્વ રેખાંશવૃત્ત B. 78°5' પૂર્વ રેખાંશવૃત્ત
C. 82°30' પૂર્વ રેખાંશવૃત્ત D. 85° પૂર્વ રેખાંશવૃત્ત

18. ભારતની પ્રમાણસમય રેખા કેટલાં રાજ્યોમાંથી પસાર થાય છે?
A. બે B. ત્રણ C. ચાર D. પાંચ

19. ક્ષેત્રફળની દૃષ્ટિએ જગતમાં ભારત કયા ક્રમે આવે છે?
A. છઠ્ઠા B. પાંચમા C. સાતમા D. આઠમા

20. વિશ્વના કેટલા દેશો ભારતના ક્ષેત્રફળથી મોટા છે?
A. સાત B. છ C. આઠ D. નવ

ઉત્તર : **11.** ભારત **12.** 30
13. 3214 **14.** 2933
15. બે કલાકનો **16.** અરુણાચલ પ્રદેશ
17. 82°30' પૂર્વ રેખાંશવૃત્ત
18. પાંચ **19.** સાતમા
20. છ

---

21. ભારતીય દ્વીપકલ્પની પશ્ચિમે કયો સાગર આવેલો છે?
A. લૅબ્રડૉર સાગર B. બાંદા સાગર
C. બેરિંગ સાગર D. અરબ સાગર

22. મુખ્ય મૃદાવરણીય પ્લેટો કેટલી છે?
A. પાંચ B. છ C. સાત D. આઠ

23. ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ અને યુરેશિયન પ્લેટના ટકરાવથી ટેથિસ સમુદ્રમાંથી કઈ પર્વતશ્રેણીનું નિર્માણ થયું હતું?
A. હિમાલય B. ઍન્ડીઝ C. રૉકી D. આલ્પ્સ

24. ભારતનો કયો પ્રાકૃતિક પ્રદેશ પ્રાચીનતમ પ્રદેશ છે?
A. દ્વીપસમૂહો B. દક્ષિણનો દ્વીપકલ્પીય પ્રદેશ
C. ઉત્તરનો મેદાની પ્રદેશ D. ઉત્તરનો પર્વતીય પ્રદેશ

25. કઈ પ્લેટો પર આવેલા ભૂમિખંડો નિરંતર ખસતા રહે છે?
A. અગ્નિકૃત પ્લેટો
B. પ્રસ્તર પ્લેટો
C. રૂપાંતરિત પ્લેટો
D. વિકૃત પ્લેટો

26. કયું અક્ષાંશવૃત્ત ભારતને બે ભાગોમાં વિભાજિત કરે છે?
A. વિષુવવૃત્ત B. મકરવૃત્ત
C. કર્કવૃત્ત D. ઉત્તર ધ્રુવવૃત્ત

ઉત્તર : **21.** અરબ સાગર **22.** સાત
23. હિમાલય **24.** દક્ષિણનો દ્વીપકલ્પીય પ્રદેશ
25. રૂપાંતરિત પ્લેટો **26.** કર્કવૃત્ત

(બ) માગ્યા મુજબ ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

1. નીચે આપેલાં રાજ્યોનો ઉત્તરથી દક્ષિણ દિશા તરફનો સાચો ક્રમ જણાવો.
A. કેરલ, આંધ્ર પ્રદેશ, દિલ્લી, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ
B. આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્લી, કેરલ
C. કેરલ, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, દિલ્લી, ઉત્તરાખંડ
D. ઉત્તરાખંડ, દિલ્લી, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, કેરલ
ઉત્તર : D

2. નીચે આપેલાં રાજ્યોનો પૂર્વથી પશ્ચિમ દિશા તરફનો સાચો ક્રમ જણાવો.
A. મધ્ય પ્રદેશ, ઝારખંડ, મણિપુર, ગુજરાત
B. ઝારખંડ, મણિપુર, ગુજરાત, મધ્ય પ્રદેશ
C. મણિપુર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, ગુજરાત
D. ગુજરાત, મધ્ય પ્રદેશ, મણિપુર, ઝારખંડ
ઉત્તર : C

3. નીચે આપેલાં રાજ્યોનો પશ્ચિમથી પૂર્વ દિશા તરફનો સાચો ક્રમ જણાવો.
A. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, મેઘાલય
B. બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મેઘાલય
C. મેઘાલય, બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન
D. રાજસ્થાન, મેઘાલય, બિહાર, ઉત્તર પ્રદેશ
ઉત્તર : A

* **4.** નીચે આપેલાં રાજ્યોને દક્ષિણથી ઉત્તર દિશાના ક્રમમાં ગોઠવો :
ઉત્તરાખંડ, કેરલ, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, દિલ્લી
A. ઉત્તરાખંડ, દિલ્લી, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, કેરલ
B. કેરલ, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, દિલ્લી, ઉત્તરાખંડ
C. આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્લી, કેરલ
D. કેરલ, આંધ્ર પ્રદેશ, દિલ્લી, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ
ઉત્તર : B

14 ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ – II

પ્રકરણસાર

ભૂપૃષ્ઠની વિવિધતાના આધારે ભારતના **પાંચ** પ્રાકૃતિક વિભાગો છે : 1. ઉત્તરનો પર્વતીય પ્રદેશ, 2. ઉત્તરનો વિશાળ મેદાની પ્રદેશ, 3. દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ, 4. તટીય મેદાનો (દરિયાકિનારાના મેદાની પ્રદેશો) અને 5. દ્વીપસમૂહો.

1. ઉત્તરનો પર્વતીય પ્રદેશ : તે ઉત્તરમાં પૂર્વ-પશ્ચિમમાં આશરે **2400 કિમી**ની લંબાઈમાં પથરાયેલી હિમાલય પર્વતશ્રેણી કહેવાય છે. તેની પહોળાઈ આશરે **240થી 320 કિમી** છે. **સમગ્ર હિમાલય પર્વતશ્રેણીના મુખ્ય બે વિભાગ છે :** (1) ઉત્તરનો હિમાલય પર્વતીય પ્રદેશ અને (2) પૂર્વ હિમાલય.

(1) ઉત્તરનો હિમાલય પર્વતીય પ્રદેશ : આ પ્રદેશમાં એકબીજીને સમાંતર એવી ત્રણ પર્વતશ્રેણીઓ છે. સૌથી ઉત્તર તરફની પર્વતશ્રેણી **'બૃહદ હિમાલય'** કે **'હિમાદ્રિ'** કહેવાય છે. તેની સરાસરી ઊંચાઈ 7000 મીટર કરતાં વધારે છે. હિમાલયનાં ઊંચાં શિખરો આ પ્રદેશમાં આવેલાં છે. અહીં નેપાળ-ચીનની સરહદે આવેલું માઉન્ટ એવરેસ્ટ (8848 મીટર) શિખર વિશ્વનું સર્વોચ્ચ શિખર છે. ભારતનું સર્વોચ્ચ શિખર માઉન્ટ ગોડવિન ઑસ્ટિન પણ (K2 8611 મીટર) અહીં આવેલું છે. હિમાલયમાં શિપ્કી લા, જેલાપલા, નાથુ લા વગેરે મહત્ત્વના ઘાટ છે. અહીં પ્રખ્યાત પવિત્ર યાત્રાધામ માનસરોવર આવેલું છે.

હિમાદ્રિની દક્ષિણમાં **'મધ્ય હિમાલય'** અથવા **'હિમાચલ'** શ્રેણી આવેલી છે. તેની પહોળાઈ **80થી 100 કિમી** અને ઊંચાઈ **1700થી 4500 મીટર** છે. આ ક્ષેત્રમાં **પીરપંજાલ, ધૌલાધાર, નાગટીબા** અને **મહાભારત** શ્રેણીઓ છે. ઉત્તર ભારતનાં બધાં હવા ખાવાનાં સ્થળો તેમજ જાણીતાં યાત્રાધામો આ પર્વતશ્રેણીમાં આવેલાં છે.

મધ્ય હિમાલયની દક્ષિણે આવેલી પર્વતશ્રેણી **'બાહ્ય હિમાલય'** કે **'શિવાલિક'** નામે ઓળખાય છે. તે **10થી 15 કિમી** પહોળી અને સરેરાશ **1000 મીટર** ઊંચી છે.

આ પર્વતશ્રેણીમાં આવેલી સમથળ ખીણો **'દૂન'** (DUN) કહેવાય છે. દા. ત., દેહરાદૂન, પાટલીદૂન, કોથરીદૂન વગેરે.

(2) પૂર્વ હિમાલય : હિમાલય પર્વતશ્રેણીના પૂર્વ ભાગમાં આવેલી હારમાળાઓ ટેકરીઓ તરીકે પ્રખ્યાત છે. તે ભારતની પૂર્વ સરહદ પાસે આવેલી છે. તેમાં **પતકાઈ, નાગા** અને **લુશાઈ (મિઝો)** ટેકરીઓ તેમજ **ગારો, ખાસી** અને **જૈન્તિયા** ટેકરીઓ આવેલી છે.

2. ઉત્તરનો વિશાળ મેદાની પ્રદેશ : આ પ્રદેશ સતલુજ, ગંગા અને બ્રહ્મપુત્ર તેમજ તેમની શાખા-નદીઓના કાંપથી રચાયું છે. તે લગભગ 2400 કિમી લાંબો છે.

દિલ્લીની પશ્ચિમે સતલુજનું અને પૂર્વે ગંગાનું મેદાન આવેલું છે. તેથી દિલ્લીને 'ગંગાના મેદાનનું પ્રવેશદ્વાર' કહેવામાં આવે છે.

આ મેદાનમાં દિલ્લી, આગરા, કાનપુર, લખનઉ, વારાણસી, પટના, કોલકાતા વગેરે મોટાં શહેરો આવેલાં છે.

સિંધુ અને તેની પાંચ સહાયક નદીઓએ રચેલું મેદાન **પંજાબ** કહેવાય છે. તેનો થોડો ભાગ ભારતમાં અને મોટો ભાગ પાકિસ્તાનમાં છે. સિંધુ નદી **અરબ સાગર**ને મળે છે.

ભૂપૃષ્ઠના આધારે મેદાની પ્રદેશના ચાર વિભાગો પડે છે : (1) ભાબર, (2) તરાઈ, (3) બાંગર અને (4) ખદર. **શિવાલિક**ના તળેટીપ્રદેશમાં પર્વતમાળાને સમાંતર રચાયેલી કંકર-પથ્થરોની **8થી 16 કિમી** પહોળી પટ્ટીને **ભાબર** કહે છે. ભાબર પછી **તરાઈ**નું ક્ષેત્ર આવે છે. તે ભીનાશવાળું અને દલદલીય છે. અહીં ગીચ જંગલો છે. જૂના કાંપના થરોને **બાંગર** કહે છે અને નવા કાંપવાળા થરોને **ખદર** કહે છે.

3. દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ : આ દેશનો સૌથી પ્રાચીન ભાગ છે.

આ ત્રિભુજાકાર ક્ષેત્રનો પાયો ઉત્તરમાં અને શીર્ષભાગ દક્ષિણમાં છે. તેની સામાન્ય ઊંચાઈ **600થી 900 મીટર** છે. તેના ઉત્તર ભાગનો ઢોળાવ ઉત્તર-પૂર્વ તરફ અને દક્ષિણ ભાગનો ઢોળાવ દક્ષિણ-પૂર્વ તરફ છે. તેના બે ભાગ પડે છે : (1) માળવાનો ઉચ્ચપ્રદેશ અને (2) દખ્ખણનો ઉચ્ચપ્રદેશ.

માળવાના ઉચ્ચપ્રદેશનો ઉત્તર ભાગ નક્કર અગ્નિકૃત ખડકોનો બનેલો છે. તેની ઉત્તર-પશ્ચિમે **અરવલ્લી** પર્વતશ્રેણી છે અને ગુજરાતથી દિલ્લી સુધી વિચ્છિન્ન ટેકરીઓ સ્વરૂપે છે. અરવલ્લી પ્રાચીન ગેડ પર્વતનો અવશિષ્ટ ભાગ છે.

માળવાના ઉચ્ચભૂમિની દક્ષિણ સરહદે **વિંધ્યાચળ** ગિરિમાળા અને પૂર્વ સરહદે **કૈમૂર** ટેકરીઓ છે. અરવલ્લી અને વિંધ્યાચળની વચ્ચે **માળવાનો ઉચ્ચપ્રદેશ** છે. તેમાં **ચંબલ**

અને **બેતવા** મુખ્ય નદીઓ છે. તેનો ઉત્તર-પૂર્વ ભાગ **બુંદેલખંડ** કહેવાય છે.

ઉચ્ચભૂમિ ક્ષેત્રના વચ્ચેના ભાગમાં **નર્મદા** અને **શોણ** નદીખીણોની મધ્યે વિંધ્યાચળ-કૈમૂર ટેકરીઓની ભેખડો બની છે. શોણ નદીની પૂર્વે ઝારખંડમાં આવેલો **છોટાનાગપુરનો ઉચ્ચપ્રદેશ** પણ આ ક્ષેત્રનો ભાગ છે. તે લાવાનો બનેલો છે.

માળવાના ઉચ્ચભૂમિની લગભગ બધી નદીઓ **ઉત્તર** તરફ વહી **યમુના** કે **ગંગા**ને મળે છે.

રાજમહલની ટેકરીઓ અને **શિલૉંગનો ઉચ્ચપ્રદેશ** પણ દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશનો ભાગ છે.

દખ્ખણનો ઉચ્ચપ્રદેશ ઉત્તરે **સાતપુડા, મહાદેવ** અને **મૈકલ**ની ટેકરીઓથી લઈને દ્વીપકલ્પના દક્ષિણ છેડા સુધી ફેલાયેલો છે. તેની પશ્ચિમ સરહદે **પશ્ચિમઘાટ** અને પૂર્વ સરહદે **પૂર્વઘાટ** છે.

પશ્ચિમઘાટ અરબ સાગરને કિનારે લગભગ અવિચ્છિન્નરૂપે વ્યાપ્ત છે. તેને મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં **સહ્યાદ્રિ** તથા તમિલનાડુમાં **નીલગિરિ** કહે છે. કેરલ-તમિલનાડુની સરહદ પર તે **અન્નામલાઈ** અને **કાર્ડેમમની ટેકરીઓના** નામે ઓળખાય છે. પૂર્વઘાટ તૂટક છે.

દખ્ખણના ઉચ્ચપ્રદેશનો દક્ષિણ ભાગ પ્રમાણમાં વધારે ઊંચો છે. દખ્ખણના ઉચ્ચપ્રદેશની ઊંચાઈ **900થી 1100 મીટર** છે. તેનો ઢાળ પૂર્વ અને દક્ષિણ-પૂર્વ તરફનો છે.

દખ્ખણના ઉચ્ચપ્રદેશની **નર્મદા** અને **તાપી** નદીઓ **પશ્ચિમ** તરફ વહી **અરબ સાગર**ને મળે છે. આ સિવાયની મોટા ભાગની નદીઓ **પૂર્વ** તરફ વહી **બંગાળાની ખાડી**ને મળે છે.

4. તટીય મેદાનો (દરિયાકિનારાના મેદાની પ્રદેશો) : ગુજરાતથી કેરલ સુધી ફેલાયેલું છે. ગુજરાતને બાદ કરતાં તે સાંકડું છે. મહારાષ્ટ્ર અને ગોવામાં તે **કોંકણ** તથા ગોવાની દક્ષિણે **મલબાર** કહેવાય છે. કોંકણનું મેદાન અસંખ્ય ટેકરીઓને લીધે ઘણું અસમતલ છે.

પશ્ચિમ તટની નદીઓનાં મુખ પહોળી ખાડી સ્વરૂપે છે. તે માછીમારી અને બંદરોના વિકાસ માટે ઉપયોગી છે. પશ્ચિમ કિનારે ઘણાં **કુદરતી બંદરો** આવેલાં છે, તેમાં **મુંબઈ, માર્માગોવા (મુડગાંવ)** અને **કોચીન** મુખ્ય છે.

કેરલના તટ પર પશ્ચાદ્ જળ(Back water)થી નિર્માણ થયેલાં ખારા પાણીનાં **'લગૂન'** તેમજ **રેત-પાળા** (Sand bars) અને **સાંકડી ભૂશિર** (Spits) જેવાં ભૂસ્વરૂપો જોવા મળે છે.

પૂર્વનું તટીય મેદાન પશ્ચિમના તટીય મેદાન કરતાં **વધારે પહોળું** છે. અહીં **મહાનદી, ગોદાવરી, કૃષ્ણા** અને **કાવેરી**ના ડેલ્ટાપ્રદેશોમાં કાંપ નિક્ષેપણ વધારે થયું છે.

આ મેદાનનો ઉત્તર ભાગ **ઉત્તર સરકાર તટ**ના નામે અને દક્ષિણ ભાગ **કોરોમંડલ તટ**ના નામે ઓળખાય છે.

5. દ્વીપસમૂહો : લક્ષદ્વીપ અને અંદમાન-નિકોબાર આ બે ભારતના મુખ્ય દ્વીપસમૂહો છે.

લક્ષદ્વીપ દ્વીપસમૂહો કેરલથી થોડે દૂર અરબ સાગરમાં આવેલા છે. તે પરવાળાના નિક્ષેપથી બનેલા છે. તેમાંના ઘણાનો આકાર **ઘોડાની નાળ** જેવો છે, તેને **'ઍટૉલ'** કહે છે.

બંગાળાની ખાડીમાં આવેલા **અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહો** લક્ષદ્વીપ દ્વીપસમૂહો કરતાં મોટા, સંખ્યામાં વધુ અને વધારે વિસ્તૃત ક્ષેત્રમાં પથરાયેલા છે. તે નિમજ્જન-પર્વત શ્રેણીઓનાં શિખરો છે. કેટલાક જ્વાળામુખીય ક્રિયા દ્વારા બનેલા છે. આ દ્વીપસમૂહો દેશની સુરક્ષાની દૃષ્ટિએ વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે.

ભારતના પ્રાકૃતિક વિભાગો એકબીજાના પૂરક છે. ઉત્તરના પર્વતો જળ અને જંગલોના મુખ્ય સ્રોત છે. ઉત્તરનું મેદાન દેશનો અન્નભંડાર છે. ઉચ્ચપ્રદેશો ખનીજોના ભંડાર છે તથા તટીય મેદાનો માછીમારી અને બંદર-સંબંધિત પ્રવૃત્તિઓ માટે મહત્ત્વનાં છે.

❁ **ખડક :** એક કે તેથી વધુ ખનીજોના બનેલા સંગઠિત પદાર્થને 'ખડક' કહે છે.

❁ ખડકોના મુખ્ય **ત્રણ** પ્રકારો છે : (1) આગ્નેય ખડકો, (2) પ્રસ્તર અથવા નિક્ષેપકૃત ખડકો અને (3) રૂપાંતરિત ખડકો.

❁ પૃથ્વીના પેટાળમાં અર્ધપ્રવાહી સ્થિતિમાં રહેલો લાવા સપાટી પર આવી મૅગ્મા(Magma)રૂપે ઠંડો પડે છે ત્યારે આગ્નેય ખડકો રચાય છે. તે પૃથ્વીની આંતરિક ગરમી વડે બનેલા હોવાથી તેમને **'આગ્નેય ખડકો'** કે **'અગ્નિકૃત ખડકો'** કહે છે. દા. ત., ગ્રેનાઈટ.

❁ ધોવાણ અને ખવાણનાં પરિબળોના નિક્ષેપણ કાર્યથી મહાસાગર, સમુદ્ર કે સરોવર જેવાં જળાશયોના તળિયે નિક્ષિપ્ત દ્રવ્યોની જમાવટથી બનતા ખડકોને **'પ્રસ્તર'** અથવા **'નિક્ષેપકૃત'** ખડકો કહે છે. દા. ત., કોલસો.

❁ પૃથ્વીની ભૂસંચલન ક્રિયાને લીધે અગ્નિકૃત અને પ્રસ્તર ખડકોનાં કણરચના, સ્તરરચના અને બંધારણ, રંગ વગેરે મૂળભૂત ગુણધર્મો રૂપાંતર પામીને જે ખડકો બને છે; તેમને **'રૂપાંતરિત ખડકો'** કહે છે.

❁ નિશ્ચિત અણુરચના, અમુક ચોક્કસ રાસાયણિક બંધારણ અને સમાન ગુણધર્મ ધરાવતા ઘન, પ્રવાહી કે વાયુરૂપ પદાર્થોને **'ખનીજ'** કહેવામાં આવે છે.

❁ ખનીજોના મુખ્ય **બે** વિભાગો છે : (1) ધાતુમય ખનીજો અને (2) અધાતુમય ખનીજો.

❁ **ધાતુમય ખનીજો :** (1) કીમતી ધાતુમય ખનીજો દા. ત., સોનું, રૂપું (ચાંદી), પ્લૅટિનમ વગેરે. (2) હલકી ધાતુમય ખનીજો દા. ત., મૅગ્નેશિયમ, બૉક્સાઇટ, ટીટાનિયમ વગેરે. (3) સામાન્ય ઉપયોગમાં લેવાતાં ખનીજો દા. ત., લોખંડ, તાંબું વગેરે. (4) મિશ્રધાતુ રૂપે વપરાતાં ખનીજો દા. ત., મૅંગેનીઝ, ટંગસ્ટન વગેરે.

❁ **અધાતુમય ખનીજો :** ચૂનાના ખડકો, ચૉક, ફ્લોરસ્પાર, અબરખ વગેરે.

❁ **સંચાલનશક્તિ માટે ઉપયોગમાં લેવાતાં ખનીજો :** કોલસો, ખનીજ તેલ, કુદરતી વાયુ, યુરેનિયમ, થોરિયમ વગેરે.

❁ **મુખ્ય ખનીજો અને તેનું ક્ષેત્રિય વિતરણ :**

1. લોખંડ : ઝારખંડ, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, ગોવા, ઓરિસ્સા (ઓડિશા), તમિલનાડુ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક, બિહાર, મધ્ય પ્રદેશ વગેરે.

2. મૅંગેનીઝ : કર્ણાટક, ઓરિસ્સા (ઓડિશા), મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા વગેરે.

3. તાંબું : ગુજરાત, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ, સિક્કિમ, મેઘાલય, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ વગેરે.

4. બૉક્સાઇટ : ઓરિસ્સા (ઓડિશા), આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ઝારખંડ, ગુજરાત વગેરે.

5. સીસું : રાજસ્થાન, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા (ઓડિશા), મહારાષ્ટ્ર, મેઘાલય, સિક્કિમ, ગુજરાત વગેરે.

6. અબરખ : આંધ્ર પ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઝારખંડ વગેરે.

7. ચૂનાના ખડકો : મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક, હિમાચલ પ્રદેશ વગેરે.

❁ પૃથ્વીના પોપડાના ઉપરના પાતળા સ્તરને **'જમીન'** કહે છે. ખડકોની સપાટીવાળા ભાગોનું તાપમાન, વરસાદ, હિમ, હવા, વનસ્પતિ, જીવજંતુઓ વગેરે પરિબળોનું ખવાણ થતાં ભૂકો બને છે અને જમીન તૈયાર થાય છે.

❁ ભૂમિ-આવરણમાં ખડકોના નાના-મોટા ટુકડા, કાંકરા, માટી, રજ વગેરે હોય છે; જેને **'રેગોલિથ'** કહેવામાં આવે છે.

❁ ભારતની જમીનોના છ પ્રકારો છે : (1) કાંપની જમીન, (2) કાળી કે રેગુર જમીન, (3) રાતી જમીન, (4) પડખાઉ કે લેટેરાઇટ જમીન, (5) પર્વતીય જમીન અને (6) રણપ્રકારની જમીન.

(1) કાંપની જમીન : તેના ખદર અને બાંગર એમ બે પેટાપ્રકારો છે. ખદર જમીન નદીના તટની નવા કાંપની બનેલી છે. તે રેતાળ અને આછા રંગની હોય છે. બાંગર જમીન નદીના જૂના કાંપની બનેલી છે. તે ચીકણી અને ઘેરા રંગની હોય છે.

(2) કાળી કે રેગુર જમીન : તે દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની ભેટ છે. તે ચીકણી અને કસવાળી હોય છે. તે કપાસના પાક માટે વધુ અનુકૂળ હોવાથી તેને **'કપાસની કાળી જમીન'** પણ કહે છે. તે **'રેગુર'**ના નામે પણ ઓળખાય છે.

(3) રાતી જમીન : લોહતત્ત્વ અને અન્ય સેન્દ્રિય તત્ત્વોને લીધે આ જમીનનો રંગ રાતો દેખાય છે. તે પ્રમાણમાં છિદ્રાળુ અને ઉપજાઉ હોય છે.

(4) પડખાઉ કે લેટેરાઇટ જમીન : વધુ વરસાદને કારણે તીવ્ર ધોવાણ થતાં પડખાઉ જમીન તૈયાર થાય છે. તેમાં જૈવિક દ્રવ્યોનું પ્રમાણ ઓછું હોવાથી તે ઓછી ફળદ્રુપ છે.

(5) પર્વતીય જમીન : તે દેશના પર્વતીય વિસ્તારોમાં જોવા મળે છે. તે રેતાળ, છિદ્રાળુ અને જૈવિક દ્રવ્યોના અભાવવાળી હોય છે.

(6) રણપ્રકારની જમીન : તે મુખ્યત્વે શુષ્ક અને અર્ધશુષ્ક વિસ્તારોમાં જોવા મળે છે. તેમાં ક્ષારકણો વધારે અને જૈવિક પદાર્થો ઓછા હોય છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*


(1) ઉત્તરના હિમાલય પર્વતીય પ્રદેશમાં એકબીજાને સમાંતર એવી પર્વતશ્રેણીઓ વિશે માહિતી આપો.

ઉત્તર : ઉત્તરના હિમાલય પર્વતીય પ્રદેશમાં એકબીજાને સમાંતર **ત્રણ** પૂર્વ-પશ્ચિમ પર્વતશ્રેણીઓ છે :

→ સૌથી ઉત્તર તરફની શ્રેણી **'બૃહદ હિમાલય'** કે **'હિમાદ્રિ'** નામે ઓળખાય છે. તે સમગ્ર હિમાલયની સૌથી ઊંચી પર્વતશ્રેણી છે. તેનાં 40થી વધુ શિખરો આશરે 7000 મીટરથી વધુ ઊંચાં છે. અહીં નેપાળ-ચીનની સરહદે આવેલું માઉન્ટ એવરેસ્ટ (8848 મીટર) વિશ્વનું સર્વોચ્ચ અને સૌથી વધુ પ્રખ્યાત શિખર છે. અહીંનું માઉન્ટ ગોડવિન ઑસ્ટિન (K2 8611 મીટર) ભારતનું સર્વોચ્ચ શિખર છે. બૃહદ હિમાલયમાં જેલાપલા, નાથુ લા, શિપ્કી લા વગેરે ઘાટ આવેલા છે. પ્રખ્યાત પવિત્ર યાત્રાધામ માનસરોવર પણ આ પર્વતશ્રેણીમાં આવેલું છે.

→ બૃહદ હિમાલયની દક્ષિણમાં **'મધ્ય હિમાલય'** અથવા **'હિમાચલ'** પર્વતશ્રેણી આવેલી છે. તેની પહોળાઈ આશરે 80થી 100 કિમી અને ઊંચાઈ આશરે 1700થી 4500 મીટર છે. આ શ્રેણીમાં ડેલહાઉસી, ધર્મશાલા, શિમલા, મસૂરી, રાનીખેત, અલમોડા, નૈનિતાલ, દાર્જિલિંગ, ગુલમર્ગ, પહેલગામ વગેરે હવા ખાવાનાં પ્રખ્યાત ગિરિમથકો છે. અહીં ગંગોત્રી, યમનોત્રી, બદરીનાથ, કેદારનાથ, હેમકુંડ સાહિબ વગેરે જાણીતાં યાત્રાધામ આવેલાં છે. આ પર્વતશ્રેણીમાં અત્યંત રમણીય પ્રાકૃતિક ખીણપ્રદેશો છે.

→ મધ્ય હિમાલયની દક્ષિણે આવેલી પર્વતશ્રેણી **'બાહ્ય હિમાલય'** કે **'શિવાલિક'** નામે ઓળખાય છે. તે આશરે **10થી 15 કિમી** પહોળી અને સરેરાશ **1000 મીટર** ઊંચી છે. આ પર્વતશ્રેણીઓ નક્કર ખડકોની બનેલી નથી. તેથી અહીં અવારનવાર ભૂ-સ્ખલન થતું રહે છે. શિવાલિક અને મધ્ય હિમાલયની વચ્ચે ઘણી જગ્યાએ સમથળ ખીણો જોવા મળે છે. કંકર, પથ્થર અને કાંપના જાડા થરથી ઢંકાયેલી આ ખીણો **'દૂન'** કહેવાય છે. દા. ત., **દેહરાદૂન, પાટલીદૂન, કોથરીદૂન** વગેરે.



(2) ઉત્તર ભારતના મેદાન વિશે માહિતી આપો.

ઉત્તર : ઉત્તર ભારતનું મેદાન ઉત્તર હિમાલય અને દક્ષિણે દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની વચ્ચે આવેલું છે. તેનું નિર્માણ આ બંને પ્રદેશોમાંથી નીકળતી સતલુજ, ગંગા અને બ્રહ્મપુત્ર જેવી મોટી નદીઓ અને તેમની શાખા-નદીઓએ યુગોથી પાથરેલા કાંપથી થયું છે. આ મેદાનના કેટલાક ભાગમાં 50 મીટરની જાડાઈ સુધીના કાંપના થર આવેલા છે. તે લગભગ સપાટ છે. તેના કોઈ પણ ભાગની ઊંચાઈ સમુદ્રની સપાટીથી 180 મીટર કરતાં વધુ નથી.

→ આ મેદાની પ્રદેશ આશરે 2400 કિમી લાંબો છે. તેના પૂર્વ ભાગ કરતાં પશ્ચિમ ભાગ વધુ સાંકડો છે.

→ નદીઓએ નિર્માણ કરેલા દુનિયાના સૌથી મોટા મેદાની પ્રદેશ તરીકે તેની ગણના થાય છે.

→ ફળદ્રુપ જમીન, અનુકૂળ આબોહવા અને પર્યાપ્ત માત્રામાં મળતા પાણીને લીધે અહીં ખેતીનો ખૂબ વિકાસ થયો છે. આ મેદાન ભારતનો સમૃદ્ધ ભાગ ગણાય છે. અહીં દિલ્લી, આગરા, કાનપુર, લખનઉ, અલાહાબાદ, વારાણસી, પટના, કોલકાતા વગેરે શહેરો આવેલાં છે.

→ આ મેદાન દિલ્લી પાસે સાંકડું છે. દિલ્લીની પશ્ચિમ બાજુએ સતલુજનું અને પૂર્વ બાજુએ ગંગાનું મેદાન આવેલું છે. તેથી દિલ્લીને 'ગંગાના મેદાનનું પ્રવેશદ્વાર' કહેવામાં આવે છે.

→ ઉત્તર ભારતનું મેદાન **સિંધુ** નદીના મુખથી લઈને **ગંગા-બ્રહ્મપુત્ર**ના મુખ સુધી લગભગ **2400 કિમી** લાંબું અને **150થી 300 કિમી** પહોળું છે. પૂર્વમાં તે સાંકડું છે.

→ તેના **બે** વિભાગો પડે છે : સિંધુ નદીતંત્રનું મેદાન અને ગંગા-બ્રહ્મપુત્ર નદીતંત્રનું મેદાન.

→ **સિંધુ** અને તેની પાંચ સહાયક નદીઓ **ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ** અને **સતલુજે** રચેલું મેદાન **પંજાબ (પંજ + આબ)** કહેવાય છે. આ મેદાનનો મોટો ભાગ પાકિસ્તાનમાં છે.

→ **ગંગા** નદી **હરદ્વાર** પાસે મેદાનમાં પ્રવેશી પૂર્વ તરફ વહે છે. માર્ગમાં તેને **યમુના, ગોમતી, ઘાઘરા, ગંડક, શોણ (સોન), કોસી** જેવી અનેક સહાયક નદીઓ મળે છે. બાંગ્લાદેશમાં તેને **બ્રહ્મપુત્ર** નદી મળે છે. તેમનો સંયુક્ત પ્રવાહ **મેઘના** નામે ઓળખાય છે. આ નદીઓએ રચેલો મુખત્રિકોણ (ડેલ્ટા) જગતનો સૌથી મોટો અને વિસ્તાર પામતો **મુખત્રિકોણપ્રદેશ** છે.

→ ભૂપૃષ્ઠના આધારે મેદાની પ્રદેશના **ચાર** વિભાગો પડે છે : ભાબર, તરાઈ, બાંગર અને ખદર. શિવાલિકના તળેટીપ્રદેશમાં પર્વતમાળાને સમાંતર રચાયેલી કંકર-પથ્થરોની 8થી 16 કિમી પહોળી પટ્ટીને **ભાબર** કહે છે. ભાબરની દક્ષિણે **તરાઈ**નું ક્ષેત્ર છે. આ ભીનાશવાળા અને દલદલીય ક્ષેત્રમાં ગીચ જંગલો છે. તેનાથી દક્ષિણે જૂના કાંપના થરોના ક્ષેત્રને **બાંગર** અને નવા કાંપવાળા થરોના ક્ષેત્રને **ખદર** કહે છે.

(3) ભારતના દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના એક ભાગ તરીકે 'માળવાના ઉચ્ચપ્રદેશ'ની લાક્ષણિકતાઓ જણાવો.

ઉત્તર : માળવાના ઉચ્ચપ્રદેશની લાક્ષણિકતાઓ :

→ તેનો ઉત્તર ભાગ નક્કર આગ્નેય ખડકોનો બનેલો છે. તેની ઉત્તર-પશ્ચિમે અરવલ્લીની ગિરિમાળા છે. તે એક પ્રાચીન ગેડ પર્વતનો એક અવશિષ્ટ ભાગ છે. **માઉન્ટ આબુ** તેનું રમણીય અને સુંદર ગિરિમથક છે. **ગુરુશિખર** (1722 મીટર) તેનું સૌથી ઊંચું શિખર છે.

→ માળવાના ઉચ્ચપ્રદેશની દક્ષિણ સરહદે વિંધ્યાચળની ગિરિમાળા છે. આ ગિરિમાળા તેના પૂર્વોત્તર છેડે **'કૈમૂર ટેકરીઓ'**ના નામે ઓળખાય છે. વિંધ્યાચળની પૂર્વમાં મૈકલ પર્વત આવેલો છે.

→ વિંધ્યાચળમાંથી નીકળતી ચંબલ અને બેતવા નદીઓ ઉત્તર તરફ વહી યમુનાને મળે છે તથા શોણ નદી ગંગાને મળે છે. આ પરથી જણાય છે કે મધ્યવર્તી ઉચ્ચપ્રદેશનો ઢોળાવ ઉત્તર તરફનો છે.

→ માળવાના ઉચ્ચપ્રદેશનો ઉત્તર-પૂર્વ ભાગ જે ક્રમશઃ ઉત્તરના મેદાનમાં ભળી જાય છે. તે **'બુંદેલખંડ'** કહેવાય છે.

→ અરવલ્લીની ગિરિમાળામાંથી નીકળતી લૂણી અને બનાસ નદીઓ નૈર્ઋત્ય તરફ વહી કચ્છના રણમાં લુપ્ત થાય છે. સાબરમતી અને મહી નદીઓ ખંભાતના અખાતને મળે છે. આ નદીઓના વહેણ પરથી જણાય છે કે પશ્ચિમ તરફના માળવાના ઉચ્ચપ્રદેશનો ઢોળાવ નૈર્ઋત્ય તરફનો છે.

→ શોણ નદીની પૂર્વે ઝારખંડમાં છોટાનાગપુરનો ઉચ્ચપ્રદેશ આવેલો છે. તેમાં રાજમહલની ટેકરીઓ, શિલૉંગનો ઉચ્ચપ્રદેશ અને રાંચીના ઉચ્ચપ્રદેશનો સમાવેશ થાય છે.

(4) ભારતના દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના એક ભાગ તરીકે 'દખ્ખણના ઉચ્ચપ્રદેશ'ની લાક્ષણિકતાઓ જણાવો.

ઉત્તર : દખ્ખણના ઉચ્ચપ્રદેશની લાક્ષણિકતાઓ :

→ દખ્ખણનો ઉચ્ચપ્રદેશ ઉત્તરે **સાતપુડા, મહાદેવ** અને **મૈકલ**ની ટેકરીઓથી લઈને દ્વીપકલ્પના દક્ષિણ છેડા **કન્યાકુમારી** સુધી ફેલાયેલો છે, તેની પશ્ચિમ સરહદે **પશ્ચિમઘાટ** અને પૂર્વ સરહદે **પૂર્વઘાટ** આવેલા છે.

→ દખ્ખણના ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમી ભાગો લાવારસના બનેલા છે.

→ પશ્ચિમઘાટ અરબ સાગરને કિનારે લગભગ સળંગ અવિચ્છિન્નરૂપે વ્યાપ્ત છે. તે મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં **સહ્યાદ્રિ** તથા તમિલનાડુમાં **નીલગિરિ** નામે ઓળખાય છે. કેરલ-તમિલનાડુની સરહદ પર તેને **અન્નામલાઈ** અને છેક દક્ષિણમાં **કાર્ડેમમની ટેકરીઓ** કહે છે. પૂર્વઘાટ નદીઓથી કોરાયેલો હોવાથી **તૂટક** છે. પશ્ચિમઘાટનો દક્ષિણ ભાગ પ્રમાણમાં વધુ ઊંચો છે.

→ દખ્ખણના ઉચ્ચપ્રદેશનો દક્ષિણ ભાગ પ્રમાણમાં વધારે ઊંચો છે. દખ્ખણના ઉચ્ચપ્રદેશની ઊંચાઈ **900થી 1100 મીટર** છે. તેનો ઢાળ **પૂર્વ** અને **દક્ષિણ-પૂર્વ** તરફનો છે. ઘણી ઓછી ઊંચાઈ ધરાવતી તૂટક ટેકરીઓ શૃંખલાના સ્વરૂપે આ ઉચ્ચપ્રદેશની પૂર્વ સીમા બનાવે છે. એ સીમાને **'પૂર્વઘાટ'** કહે છે.

→ દખ્ખણના ઉચ્ચપ્રદેશની **નર્મદા** અને **તાપી** નદીઓ **પૂર્વથી પશ્ચિમ** તરફ વહી અરબ સાગરને મળે છે. આ સિવાયની મોટા ભાગની નદીઓ **પૂર્વ** તરફ વહી બંગાળાની ખાડીને મળે છે.

(5) ભારતના પશ્ચિમના તટીય મેદાન વિશે માહિતી આપો.

ઉત્તર : ભારતના પશ્ચિમ કિનારાનું મેદાન **ગુજરાતથી કેરલ** સુધી ફેલાયેલું છે. માત્ર ગુજરાતમાં તે પહોળું છે. અન્ય ભાગોમાં તે સાંકડું છે.

→ મહારાષ્ટ્ર અને ગોવામાં તે **કોંકણ** તથા ગોવાની દક્ષિણે **મલબાર તટ** કહેવાય છે.

→ કોંકણનું મેદાન અસંખ્ય નાની ટેકરીઓને લીધે ઘણું ઊંચુંનીચું અને અસમતલ છે. કેટલીક જગ્યાએ તે અતિશય સાંકડું છે.

→ પશ્ચિમ તટના દરિયાને મળતી મોટી નદીઓમાં નર્મદા અને તાપી મુખ્ય છે. નાની નાની અનેક નદીઓ છે.

→ પશ્ચિમ તટની નદીઓનાં મુખ પહોળી **ખાડી (Estuary)** સ્વરૂપે છે. મોટા ભાગની ખાડીઓ નદી અને દરિયાના પાણી હેઠળ ડૂબી ગયેલી ખીણો છે. આ પ્રકારની ખાડીઓ માછીમારી અને બંદરોના વિકાસ માટે ઉપયોગી છે.

→ પશ્ચિમ કિનારે ઘણાં કુદરતી બંદરો આવેલાં છે. **મુંબઈ** અને **માર્માગોવા(મુડગાંવ)**નો તેમાં સમાવેશ થાય છે.

→ કેરલના તટ પર **પશ્ચાદ્ જળ(Back water)**થી નિર્માણ થયેલાં ખારા પાણીનાં **સરોવર (Lagoon** – લગૂન) જોવા મળે છે. તેને સ્થાનિક ભાષામાં **'કાયલ'** કહે છે.

→ આ ઉપરાંત, **રેત-પાળા (Sand bars)** અને **અવરોધક ભૂશિર (Spits)** જેવાં નિક્ષેપણથી રચાયેલાં તટીય ભૂમિસ્વરૂપો પણ નોંધપાત્ર છે.

(6) ભારતના પૂર્વ તટીય અને પશ્ચિમ તટીય મેદાનોની તુલના કરો.

ઉત્તર : ભારતના પૂર્વ તટીય અને પશ્ચિમ તટીય મેદાનોનો તફાવત નીચે મુજબ છે :

પૂર્વ તટીય મેદાન	પશ્ચિમ તટીય મેદાન
1. આ મેદાન ઓડિશાના પૂર્વ તટથી છેક કન્યાકુમારી સુધી ફેલાયેલું છે.	1. આ મેદાન ગુજરાતથી કેરલ સુધી ફેલાયેલું છે.
2. તે પશ્ચિમના તટીય મેદાન કરતાં પહોળું છે.	2. તે માત્ર ગુજરાતમાં પહોળું અને અન્ય ભાગોમાં સાંકડું છે.
3. તેનો ઉત્તર તરફનો ભાગ 'ઉત્તર સરકારના મેદાન' તરીકે અને દક્ષિણનો ભાગ 'કોરોમંડલ તટ' તરીકે ઓળખાય છે.	3. મહારાષ્ટ્ર અને ગોવામાં આ મેદાન 'કોંકણના મેદાન' તરીકે અને ગોવાની દક્ષિણે 'મલબારના મેદાન' તરીકે ઓળખાય છે.
4. આ મેદાનમાં મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી નદીઓએ મુખત્રિકોણપ્રદેશો રચ્યા છે, જેમાં ઘણું કાંપ-નિક્ષેપણ થાય છે.	4. પશ્ચિમ તટના દરિયાને મળતી મોટી નદીઓમાં નર્મદા અને તાપી મુખ્ય છે. નાની નાની અનેક નદીઓ છે. આ મેદાન તરફનો પશ્ચિમઘાટનો ઢોળાવ સીધો છે. તેથી અહીંની નદીઓએ મુખત્રિકોણપ્રદેશો બનાવ્યા નથી.
5. આ તટીય મેદાનમાં મુખત્રિકોણપ્રદેશોની જમીન ઘણી ફળદ્રુપ છે. તેથી અહીં ખેતીનો વિકાસ થયો છે અને ઠીક ઠીક ગીચ વસ્તી છે.	5. આ તટીય મેદાનમાં મુખત્રિકોણપ્રદેશો નથી. તેથી અહીં ખેતીનો પૂરતો વિકાસ થયો નથી.
6. અહીંનો દરિયો છીછરો હોવાથી આ મેદાનના દરિયાકિનારે કુદરતી બંદરો બહુ ઓછાં છે.	6. અહીંનો દરિયો ઊંડો અને કિનારો ખંડિત હોવાથી પશ્ચિમ કિનારે ઘણાં કુદરતી બંદરો આવેલાં છે.

*** (7) ટૂંક નોંધ લખો : ભારતના દ્વીપસમૂહો**

ઉત્તર : ભારત બે દ્વીપસમૂહો ધરાવે છે : (1) લક્ષદ્વીપ દ્વીપસમૂહો અને (2) અંદમાન તથા નિકોબાર દ્વીપસમૂહો. આ બંને દ્વીપસમૂહોની ઉત્પત્તિ જુદા જુદા પ્રકારે થઈ છે.

→ **લક્ષદ્વીપ દ્વીપસમૂહો** અરબ સાગરમાં કેરલના કિનારાથી 280થી 480 કિમી દૂર આવેલા છે. આ દ્વીપસમૂહ **પરવાળાના નિક્ષેપથી રચાયેલા** નાના નાના ટાપુઓનો બનેલો છે. તેમાંના ઘણાનો આકાર **ઘોડાની નાળ** જેવો છે. આ પ્રકારના પરવાળાના દ્વીપોને 'ઍટૉલ' (Atoll) કહે છે. લક્ષદ્વીપ સમૂહમાં કુલ **27** ટાપુઓ છે, જેમાંના **11** પર વસ્તી છે.

→ **અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહો** બંગાળાની ખાડીમાં કોલકાતા અને ચેન્નઈથી લગભગ **1200 કિમી**ના સમાન અંતરે આવેલા છે. આ ટાપુઓ લક્ષદ્વીપ દ્વીપસમૂહો કરતાં મોટા, સંખ્યામાં વધુ અને વધારે વિસ્તૃત ક્ષેત્રમાં પથરાયેલા છે. નાના-મોટા કુલ **572** ટાપુઓમાંથી અંદમાન જૂથના કુલ **25** ટાપુઓ અને નિકોબાર જૂથના કુલ **13** ટાપુઓ પર વસ્તી છે. બાકીના ટાપુઓ નિર્જન છે.

→ આ ટાપુઓ **નિમજ્જન-પર્વત શ્રેણીઓનાં શિખરો** છે. એ પૈકી કેટલાક **જ્વાળામુખી ક્રિયા** દ્વારા બનેલા છે. આમાંના કેટલાક દ્વીપોની લંબાઈ **60થી 100 કિમી** જેટલી છે. નિકોબાર દ્વીપસમૂહ લગભગ **350 કિમી**ના અંતરમાં ફેલાયેલો છે.

→ અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો દેશની વ્યૂહાત્મક સુરક્ષાની દૃષ્ટિએ ઘણા મહત્ત્વપૂર્ણ છે.

*** (8) ભારતની જમીનના પ્રકારો જણાવી વિસ્તૃત માહિતી આપો.**

ઉત્તર : ભારતની જમીનોને **છ** પ્રકારોમાં વહેંચવામાં આવે છે : 1. કાંપની જમીન, 2. કાળી કે રેગુર જમીન, 3. રાતી જમીન, 4. પડખાઉ કે લેટેરાઇટ જમીન, 5. પર્વતીય જમીન અને 6. રણપ્રકારની જમીન.

1. કાંપની જમીન : કાંપની જમીન દેશના મોટા વિસ્તારમાં જોવા મળે છે. તે મુખ્યત્વે ઉત્તરનાં મેદાનો, કિનારાનાં મેદાનો અને છત્તીસગઢ બેસિનમાં આવેલી છે.

→ કાંપની જમીનના **બે** પ્રકાર છે : **ખદર** અને **બાંગર**. નદીઓના નિક્ષેપથી બનેલી નવા કાંપની જમીન **ખદર** નામે ઓળખાય છે. આવી જમીનો મોટી નદીઓનાં નજીકનાં ક્ષેત્રોમાં જોવા મળે છે.

→ નદીઓના ઉપરવાસમાં આવેલી જૂના કાંપની જમીનો **બાંગર** કહેવાય છે.

→ ખદર જમીન પ્રમાણમાં રેતાળ અને આછા રંગની હોય છે, જ્યારે બાંગર જમીન ચીકણી અને ઘેરા રંગની હોય છે.


→ કાંપની જમીનની ફળદ્રુપતા જુદી જુદી જગ્યાએ ભિન્ન ભિન્ન હોય છે, પરંતુ એકંદરે આ જમીન ઘણી ઉપજાઉ હોય છે. ભારતમાં પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં કાંપની જમીન આવેલી છે.

2. કાળી કે રેગુર જમીન : કાળી જમીન દખ્ખણ ભારતના ઉચ્ચપ્રદેશોમાં મુખ્યત્વે મહારાષ્ટ્ર, પશ્ચિમી મધ્ય પ્રદેશ, ઉત્તર કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા, તમિલનાડુ અને ગુજરાતમાં આવેલી છે.

→ તે રૂપાંતરિત ખડકોમાંથી બનેલી છે.

→ તે કસદાર અને ચીકણી હોય છે અને ભેજને લાંબા સમય સુધી જાળવી રાખવાની ક્ષમતા ધરાવે છે.

→ તે કપાસના પાક માટે ખૂબ અનુકૂળ હોવાથી **'કપાસની કાળી જમીન'** તરીકે ઓળખાય છે. તે **'રેગુર'** નામે પણ જાણીતી છે.


ભારત
જમીનના મુખ્ય પ્રકાર
અ ર બ સા ગ ર
બં ગા ળા ની ખા ડી
સંજ્ઞાસૂચિ
જમીનના પ્રકાર
કાંપની જમીન
કાળી જમીન
રાતી જમીન
પડખાઉ કે લેટેરાઇટ જમીન
પર્વતીય જમીન
રણપ્રકારની જમીન

3. રાતી જમીન : ભારતમાં રાતી જમીન મોટા ભાગે ગોવા, તમિલનાડુ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને ઝારખંડના કેટલાક ભાગોમાં અને ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં આવેલી છે.

→ તે ખાસ કરીને **અગ્નિકૃત** અને **રૂપાંતરિત** ખડકો ધરાવતાં ક્ષેત્રોમાં છે.

→ તેનો રાતો રંગ તેમાં રહેલા **લોહતત્ત્વ** અને અન્ય સેન્દ્રિય તત્ત્વોને આભારી છે.

→ જ્યાં જમીનના કણો ઘણા બારીક છે અને થર જાડા છે ત્યાં તે છિદ્રાળુ અને ઉપજાઉ છે.

4. પડખાઉ કે લેટેરાઇટ જમીન : પડખાઉ જમીન પશ્ચિમ મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરલ, ઓડિશા, અસમ અને મેઘાલયના કેટલાક ભાગોમાં જોવા મળે છે.

→ ભારે વરસાદને લીધે જમીનના ઉપલા પડમાંથી દ્રાવ્ય ક્ષારો ધોવાઈને પડખાઉ જમીન બને છે.

→ ધોવાઈ ગયેલા પડમાં **લોહ** અને **ઍલ્યુમિનિયમ** તત્ત્વોનાં સંયોજનોનું પ્રમાણ વધુ હોવાથી તે રાતી દેખાય છે.

→ પડખાઉ જમીનમાં જૈવિક દ્રવ્યોનું પ્રમાણ ઓછું હોવાથી તે ઓછી ફળદ્રુપતા ધરાવે છે.

5. પર્વતીય જમીન : ભારતમાં પર્વતીય જમીન હિમાલય અને પૂર્વની પર્વતશ્રેણીઓ ધરાવતાં જમ્મુ-કશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં જોવા મળે છે.

→ જંગલવાળા ભાગોમાં આ જમીનમાં જૈવિક દ્રવ્યો વધુ હોય છે.

→ શિવાલિક પર્વતશ્રેણી પર આ જમીન ઓછા કસવાળી, અપરિપક્વ, રેતાળ, છિદ્રાળુ અને જૈવિક દ્રવ્યોના અભાવવાળી જોવા મળે છે.

6. રણપ્રકારની જમીન : ભારતમાં રણપ્રકારની જમીન રાજસ્થાન, ગુજરાત, પંજાબ અને હરિયાણાનાં શુષ્ક ક્ષેત્રોમાં આવેલી છે.

→ અહીં કેટલીક રેતી મુખ્યત્વે પવન દ્વારા થયેલા સ્થાનિક ખવાણથી ઉદ્‌ભવી છે, તો કેટલીક સિંધુખીણમાંથી ઊડી આવીને જમા થઈ છે.

→ કેટલાંક ક્ષેત્રોમાં ક્ષારકણોની અધિકતા અને જૈવિક દ્રવ્યોની ઓછપ જોવા મળે છે.

→ અહીં જે વિસ્તારોમાં માટીના કણોનું પ્રમાણ સારું છે અને ક્ષારતા ઓછી છે ત્યાં સિંચાઈની સગવડો થવાથી ખેતી થવા લાગી છે.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો :

[પ્રત્યેકના 3 ગુણ]

(1) ભારતના દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની લાક્ષણિકતાઓ જણાવો.

ઉત્તર : ભારતના દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની લાક્ષણિકતાઓ :

→ તે ભારતનો પ્રાચીનતમ ભાગ છે. તે ઊંધા ત્રિકોણાકારે વિસ્તરેલો છે.

→ દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ અગ્નિકૃત અને રૂપાંતરિત ખડકોનો બનેલો છે.

→ તે ભારતનો સૌથી પ્રાચીન ભાગ છે.

→ તેમાં પ્રાચીન પર્વતશ્રેણીઓના અવશિષ્ટ ભાગો તથા કપાયેલા ઉચ્ચપ્રદેશો છે.

→ આ ત્રિભુજાકાર ક્ષેત્રનો પાયો ઉત્તરમાં **દિલ્લી**ની ડુંગરધારથી **રાજમહલ**ની ટેકરીઓની વચ્ચે છે.

→ ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ **શિલાંગ**નો ઉચ્ચપ્રદેશ પણ તેનો એક વિસ્તૃત ભાગ છે.

→ તેનો શીર્ષભાગ દક્ષિણમાં **કન્યાકુમારી** પાસે છે.

→ તેની સામાન્ય ઊંચાઈ **600થી 900 મીટર** છે.

→ તેના ઉત્તર ભાગનો ઢોળાવ **ઉત્તર-પૂર્વ** તરફ અને દક્ષિણ ભાગનો ઢોળાવ **પૂર્વ** તથા **દક્ષિણ-પૂર્વ** તરફ છે. દખ્ખણના ઉત્તર-પશ્ચિમ ભાગનો ઢોળાવ **પશ્ચિમ** તરફ છે.

→ દખ્ખણના ઉચ્ચપ્રદેશની ત્રણેય બાજુએ સમુદ્રો આવેલા છે. તેથી તેને 'દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ' કહે છે. વળી, આ પ્રદેશનો મોટો ભાગ દક્ષિણમાં આવેલો હોવાથી તેને દક્ષિણનો ઉચ્ચપ્રદેશ કહેવાય છે.

→ દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના બે ભાગ પડે છે : માળવાનો ઉચ્ચપ્રદેશ અને દખ્ખણનો ઉચ્ચપ્રદેશ.

(2) પૂર્વના તટીય મેદાન વિશે માહિતી આપો.

ઉત્તર : પૂર્વનું તટીય મેદાન **ઓડિશા**ના પૂર્વ તટથી છેક **કન્યાકુમારી** સુધી ફેલાયેલું છે. તે પશ્ચિમના તટીય મેદાન કરતાં વધારે પહોળું છે.

→ પૂર્વના તટીય મેદાનના બે ભાગ પડે છે : (1) ઉત્તર સરકારનું મેદાન અને (2) કોરોમંડલ કિનારાનું મેદાન. ઉત્તર સરકારના મેદાનમાં ઓડિશા અને આંધ્ર પ્રદેશના ઘણા ભાગોનો સમાવેશ થાય છે. દક્ષિણ આંધ્ર પ્રદેશ અને તમિલનાડુનો પૂર્વ કિનારો 'કોરોમંડલ તટ' કહેવાય છે.

→ આ મેદાનમાં **મહાનદી, ગોદાવરી, કૃષ્ણા** અને **કાવેરી** નદીઓના મુખત્રિકોણપ્રદેશ (ડેલ્ટા) છે, જેમાં ઘણું કાંપ-નિક્ષેપણ થયું છે.

→ આ તટીય મેદાનમાં ડેલ્ટાઓની જમીન ઘણી ફળદ્રુપ હોવાથી ત્યાં ખેતીનો વિકાસ થયો છે. તેથી ત્યાં પ્રમાણમાં ગીચ વસ્તી છે.

→ અહીંનો દરિયો છીછરો હોવાથી અહીં કુદરતી બંદરો બહુ ઓછાં છે.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) ખડકોના મુખ્ય પ્રકારો જણાવો.

ઉત્તર : એક કે તેથી વધુ ખનીજોના બનેલા સંગઠિત પદાર્થને 'ખડક' કહે છે. [પૃથ્વીના પોપડામાં કે ભૂ-કવચમાં આવેલા બધા જ ઘન પદાર્થોને ભૂસ્તરશાસ્ત્રીની ભાષામાં **'ખડક'** (Rock) કહેવામાં આવે છે.] ખડકો અતિ નક્કર સ્વરૂપ ધરાવતા હોય છે તેમ તદ્દન નરમ સ્વરૂપ પણ ધરાવતા હોય છે. ખડકો છિદ્રાળુ કે અછિદ્રાળુ તેમજ વજનમાં ભારે કે હલકા હોઈ શકે છે. વિવિધ પ્રક્રિયાઓના ફળસ્વરૂપે જુદા જુદા પ્રકારના ખડકોનું નિર્માણ થાય છે. ખડકો સામાન્ય રીતે નિશ્ચિત રાસાયણિક બંધારણ ધરાવતા નથી. તે મોટે ભાગે એક કરતાં વધુ ખનીજદ્રવ્યોના બનેલા હોય છે.

નિર્માણ ક્રિયાને આધારે ખડકોના નીચે મુજબ મુખ્ય ત્રણ પ્રકારો પડે છે :


(1) આગ્નેય ખડકો

(2) પ્રસ્તર અથવા નિક્ષેપકૃત ખડકો

(3) રૂપાંતરિત ખડકો

(2) ખડકોનું વર્ગીકરણ કરો.

ઉત્તર :



[ખડકોનું વર્ગીકરણ]

(3) આગ્નેય ખડકોની રચના સમજાવો.

ઉત્તર : આ ખડકોની રચનામાં પૃથ્વીના પેટાળમાં રહેલી પ્રચંડ ગરમી કારણભૂત છે. ભૂગર્ભની આ ગરમીને લીધે પૃથ્વીનું પેટાળ હંમેશાં ધીકતું રહે છે. પૃથ્વીના ભૂગર્ભમાંથી પોપડામાં આવેલો અર્ધપ્રવાહી **'મૅગ્મા'** અથવા લાવારસ પોપડામાં જ અથવા તેની સપાટી પર ઠરી જતાં તેમાંથી રચાતા ખડકો 'આગ્નેય ખડકો' કહેવાય છે. વધુ લોહતત્ત્વ ધરાવતા અગ્નિકૃત ખડકો ઘેરા કાળા રંગના હોય છે, જ્યારે ઍસિડિક તત્ત્વોવાળા ખડકો આછા કાળા કે રાખોડી રંગના હોય છે. ગ્રેનાઇટ અને બેસાલ્ટ આગ્નેય ખડકનાં ઉદાહરણો છે. અગ્નિકૃત ખડકો પૃથ્વી પરના સૌથી પ્રાચીન ખડકો હોવાથી તે પ્રાથમિક (Primary) કે આદ્ય ખડકો તરીકે પણ ઓળખાય છે. આગ્નેય ખડકો સૌથી વધુ નક્કર હોય છે. 'ગ્રેનાઇટ' એ અંતઃસ્થ પ્રકારના ખડકનું જાણીતું દૃષ્ટાંત છે. બેસાલ્ટ પણ આ પ્રકારના ખડકો છે.

અગ્નિકૃત ખડકોમાંથી સોનું, ચાંદી, નિકલ, તાંબું, લોખંડ, અબરખ, ગ્રેનાઇટ વગેરે ખનીજો મળે છે.

(4) પ્રસ્તર અથવા નિક્ષેપકૃત ખડકોની રચના સમજાવો.

ઉત્તર : પૃથ્વીની સપાટી પર વરસાદ, નદી, હિમનદી અને પવન જેવાં પરિબળો દ્વારા સતત ઘસારાની પ્રક્રિયા ચાલ્યા કરે છે. ઘસારાની ક્રિયાથી છૂટાં પડેલાં ખડકદ્રવ્યો, માટીકણો, વનસ્પતિ, પ્રાણીઓના અવશેષો વગેરે પાણીના પ્રવાહ સાથે ઘસડાઈને સમુદ્ર કે મહાસાગરના તળિયે એકઠાં થાય છે. આમ, સમુદ્રના તળિયે નિક્ષેપ દ્વારા એકઠાં થયેલાં દ્રવ્યોના લાંબા ગાળે એક સ્તર પર બીજો સ્તર એમ અનેક સ્તરો એકઠા થતા જાય છે. આ સ્તરો એકબીજા પર આવવાથી દબાતા જાય છે. કાળક્રમે તેમાંથી સ્તરરચના ધરાવતા ખડકો તૈયાર થાય છે. તેથી આ ખડકોને 'પ્રસ્તર ખડકો' કહેવામાં આવે છે.

પ્રસ્તર ખડકોની નિર્માણ ક્રિયામાં વરસાદ, નદી, સમુદ્ર વગેરેનું પાણી મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી તે **'જળકૃત ખડકો'** પણ કહેવાય છે. પ્રસ્તર ખડકોમાંથી ચૂનાના પથ્થર, કોલસો, ખનીજ તેલ, ચિરોડી (જિપ્સમ) વગેરે ખનીજદ્રવ્યો મળી આવે છે.

(5) રૂપાંતરિત ખડકોની રચના સ્પષ્ટ કરો.

ઉત્તર : પૃથ્વીની ભૂસંચલન ક્રિયાને લીધે આગ્નેય અને પ્રસ્તર ખડકોનાં કણરચના, સ્તરરચના, બંધારણ, રંગ વગેરે મૂળભૂત ગુણધર્મો રૂપાંતર પામીને જે ખડકો બને છે. તે **'રૂપાંતરિત ખડકો'** કહેવાય છે. આ ખડકોની રચનામાં ગરમી અને દબાણ એ બે પરિબળો મુખ્ય ભાગ ભજવે છે.

રૂપાંતરિત ખડકોમાંથી આરસપહાણ, ક્વાર્ટ્ઝાઇટ, ગ્રૅફાઇટ, સ્લેટ, હીરા વગેરે ખનીજો મળી આવે છે.

*** (6) ખનીજોનું વર્ગીકરણ કરો.**

ઉત્તર : ખનીજોનું સામાન્ય વર્ગીકરણ :

1. ધાતુમય ખનીજો :

(i) કીમતી ધાતુમય ખનીજો : સોનું, રૂપું (ચાંદી), પ્લૅટિનમ વગેરે.

(ii) હલકી ધાતુમય ખનીજો : મૅગ્નેશિયમ, બૉક્સાઇટ, ટીટાનિયમ વગેરે.

(iii) સામાન્ય ઉપયોગમાં લેવાતાં ખનીજો : લોખંડ, તાંબું, સીસું, જસત, કલાઈ, નિકલ વગેરે.

(iv) મિશ્રધાતુના રૂપે વપરાતાં ખનીજો : ક્રોમિયમ, મૅંગેનીઝ, ટંગસ્ટન, વેનેડિયમ વગેરે.

2. અધાતુમય ખનીજો : ચૂનાના પથ્થર, ચૉક, ઍસ્બેસ્ટૉસ, અબરખ, ફ્લોરસ્પાર, જિપ્સમ (ચિરોડી), ગંધક, હીરા વગેરે.

3. સંચાલનશક્તિ માટે ઉપયોગમાં લેવાતાં ખનીજો : કોલસો, ખનીજ તેલ, કુદરતી વાયુ, યુરેનિયમ, થોરિયમ વગેરે.

પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) આપેલ ખડકોનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો :
ગ્રેનાઇટ, કોલસો, બેસાલ્ટ, ચિરોડી

ઉત્તર :

ક્રમ	આગ્નેય ખડકો	પ્રસ્તર ખડકો
1.	ગ્રેનાઇટ	કોલસો
2.	બેસાલ્ટ	ચિરોડી

(2) આપેલ ખનીજોનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો :

સોનું, અબરખ, ફ્લોરસ્પાર, બૉક્સાઇટ

ઉત્તર :

ક્રમ	ધાતુમય ખનીજો	અધાતુમય ખનીજો
1.	સોનું	અબરખ
2.	બૉક્સાઇટ	ફ્લોરસ્પાર

(3) આપેલ મેદાની પ્રદેશોનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો :

ઉત્તર સરકાર તટ, કોંકણ, કોરોમંડલ તટ, મલબાર તટ

ઉત્તર :

ક્રમ	પશ્ચિમનું તટીય મેદાન	પૂર્વનું તટીય મેદાન
1.	કોંકણ	ઉત્તર સરકાર તટ
2.	મલબાર તટ	કોરોમંડલ તટ

(4) આપેલ પર્વતીય પ્રદેશનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો :

ગારો, હિમાદ્રિ, પતકાઈ, હિમાચલ

ઉત્તર :

ક્રમ	ઉત્તરનો હિમાલય પર્વતીય પ્રદેશ	પૂર્વ હિમાલય
1.	હિમાદ્રિ	ગારો
2.	હિમાચલ	પતકાઈ

(5) આપેલ ખનીજોનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો :

ચૉક, મૅગ્નેશિયમ, મૅંગેનીઝ, ચૂનાના ખડકો

ઉત્તર :

ક્રમ	ધાતુમય ખનીજો	અધાતુમય ખનીજો
1.	મૅગ્નેશિયમ	ચૉક
2.	મૅંગેનીઝ	ચૂનાના ખડકો

(6) આપેલ ખનીજોનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો :

તાંબું, સોનું, ખનીજ તેલ, કોલસો

ઉત્તર :

ક્રમ	આગ્નેય ખડકોમાંથી મળતાં ખનીજો	પ્રસ્તર ખડકોમાંથી મળતાં ખનીજો
1.	તાંબું	ખનીજ તેલ
2.	સોનું	કોલસો

(7) આપેલ ખનીજોનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો :

ટીટાનિયમ, સોનું, બૉક્સાઇટ, પ્લૅટિનમ

ઉત્તર :

ક્રમ	કીમતી ધાતુમય ખનીજો	હલકી ધાતુમય ખનીજો
1.	સોનું	ટીટાનિયમ
2.	પ્લૅટિનમ	બૉક્સાઇટ

પ્રશ્ન 5. નીચેનાં વિધાનોનાં ભૌગોલિક કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) પશ્ચિમઘાટ સળંગ છે, જ્યારે પૂર્વઘાટ તૂટક છે.

ઉત્તર : (1) દક્ષિણ ભારતના ઉચ્ચપ્રદેશનો ઢોળાવ પશ્ચિમથી પૂર્વ તરફનો છે. તેથી પશ્ચિમઘાટમાંથી નીકળતી ગોદાવરી, કૃષ્ણા, કાવેરી વગેરે નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે અને પૂર્વઘાટના ડુંગરોને કોતરી બંગાળાની ખાડીને મળે છે. આથી પૂર્વઘાટ તૂટક છે. (2) પશ્ચિમઘાટમાં કોઈ મોટી નદી નથી. તેથી તે સળંગ છે.

(2) દખ્ખણના ઉચ્ચપ્રદેશની નદીઓ બંગાળાની ખાડીને મળે છે.

ઉત્તર : (1) દખ્ખણનો ઉચ્ચપ્રદેશ પૂર્વ કરતાં પશ્ચિમ બાજુએ વધારે ઊંચો છે. તેથી તેનો ઢોળાવ પશ્ચિમથી પૂર્વ તરફનો છે. (2) તેને લીધે દખ્ખણના ઉચ્ચપ્રદેશની નદીઓ ઢોળાવ તરફની પૂર્વ દિશામાં વહી બંગાળાની ખાડીને મળે છે.

પ્રશ્ન 6. નીચેના શબ્દોની સંકલ્પનાઓ સમજાવો : *[પ્રત્યેકના 1 કે 2 ગુણ]*

(1) ભૂ-સ્ખલન *અથવા* 'ભૂ-સ્ખલન' એટલે શું?

ઉત્તર : (1) પહાડોના ઢોળાવો પરના ખડકોમાં ઘસારાનાં બળોની અસરથી તિરાડો પડી ખડકોના ટુકડા થાય છે. આમાંના જે ટુકડાઓ પહાડના સીધા ઊભા ઢોળાવ પર હોય છે, તે ગુરુત્વાકર્ષણથી ખેંચાઈને નીચે સરકી એકાએક તૂટી પડે છે. તે ઘટનાને 'ભૂ-સ્ખલન' કહે છે. (2) જોરદાર વરસાદ અને ભૂકંપ જેવાં પરિબળો આ ઘટનામાં મદદરૂપ થાય છે. **હિમાલય** અને **પૂર્વાંચલ** વિસ્તારમાં અવારનવાર ભૂ-સ્ખલન થયા કરે છે.

*** (2) બાંગર *અથવા* બાંગર એટલે શું?**

ઉત્તર : (1) તરાઈની દક્ષિણે નદીઓના જૂના કાંપનો થર 'બાંગર' કહેવાય છે. (2) કાંપના નિરંતર થતા જમાવને કારણે તે નવાં પૂરનાં મેદાનોથી થોડી ઊંચાઈએ આવેલા પગથિયા સમાન દેખાય છે.

(3) પૂરનું મેદાન *અથવા* પૂરનું મેદાન કઈ રીતે રચાય છે?

ઉત્તર : (1) નદીમાં આવેલું પૂર ઓસરવા લાગે ત્યારે પાણીના પ્રવાહ સાથે ઘસડાઈ આવેલો વધારાનો કાંપ નદીના કિનારે પથરાય છે. (2) આ કાંપથી રચાતું મેદાન 'પૂરનું મેદાન' કહેવાય છે.

*** (4) નિક્ષેપણ *અથવા* નિક્ષેપણ એટલે શું?**

ઉત્તર : (1) નદી, હિમનદી, પવન, દરિયાનાં મોજાં જેવાં ઘસારાનાં પરિબળો દ્વારા થતો કાંપ-માટીનો પથરાટ 'નિક્ષેપણ' કહેવાય છે. (2) પૂરનાં મેદાનો, નદી વચ્ચેના ટાપુઓ, નદીના મુખત્રિકોણપ્રદેશો (ડેલ્ટા) વગેરે ઘણાં ભૂમિસ્વરૂપો નિક્ષેપણથી રચાય છે.

*** (5) ખડક**

ઉત્તર : પૃથ્વીના પોપડામાં કે ભૂ-કવચમાં આવેલા બધા જ ઘન પદાર્થોને ભૂસ્તરશાસ્ત્રીની ભાષામાં ખડક કહે છે.

*** (6) ખનીજ**

ઉત્તર : નિશ્ચિત અણુરચના, અમુક ચોક્કસ રાસાયણિક બંધારણ અને સમાન ગુણધર્મ ધરાવતા ઘન, પ્રવાહી કે વાયુરૂપ પદાર્થોને 'ખનીજ' કહે છે.

*** (7) જમીન *અથવા* જમીન-નિર્માણ કઈ રીતે થાય છે?**

અથવા

*** જમીન-નિર્માણની પ્રક્રિયા વિશે જણાવો.**

ઉત્તર : તાપમાનના મોટા ફેરફારો, વરસાદ, હિમ, હવા, વનસ્પતિ, જીવજંતુઓ વગેરે પરિબળોની અસરથી ખડકોનું ખવાણ થાય છે. તેનાથી ખડકોની ઉપરની સપાટીનો ભૂકો બની ભૂમિ-આવરણ રચાય છે. તેમાં ખડકોના ટુકડા, કાંકરા, માટી-રજ વગેરે હોય છે, જે **'રેગોલિથ'** કહેવાય છે. તેમાં જૈવિક દ્રવ્યો, હવા અને પાણી ભળીને 'જમીન' બને છે.

(8) આગ્નેય *અથવા* અગ્નિકૃત ખડક *અથવા* આગ્નેય ખડક એટલે શું?

ઉત્તર : (1) પૃથ્વીના મૅન્ટલમાંથી પોપડામાં આવેલો **મૅગ્મા** અથવા **લાવારસ** પોપડામાં જ અથવા તેની સપાટી પર ઠરી જતાં તેમાંથી રચાતો ખડક 'આગ્નેય ખડક' કહેવાય છે. (2) **ગ્રેનાઇટ** અને **બેસાલ્ટ** આગ્નેય ખડકનાં ઉદાહરણો છે.

(9) ઉત્તર સરકારનું મેદાન

ઉત્તર : (1) ભારતના પૂર્વ કિનારે બંગાળાની ખાડી અને પૂર્વઘાટની વચ્ચે પૂર્વ કિનારાનું મેદાન આવેલું છે. તે મુખ્ય બે ભાગમાં વહેંચાયેલું છે. આ મેદાનનો ઉત્તર તરફનો ભાગ 'ઉત્તર સરકારના મેદાન'ના નામે ઓળખાય છે. (2) તેમાં આંધ્ર પ્રદેશ અને ઓડિશાના ઘણા ભાગોનો સમાવેશ થાય છે.

પ્રશ્ન 7. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) ભારતના મુખ્ય પ્રાકૃતિક વિભાગો જણાવો.

ઉત્તર : ભારતના મુખ્ય પ્રાકૃતિક વિભાગો : (1) ઉત્તરનો પર્વતીય પ્રદેશ, (2) ઉત્તરનો વિશાળ મેદાની પ્રદેશ, (3) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ, (4) તટીય મેદાનો (દરિયાકિનારાના મેદાની પ્રદેશો) અને (5) દ્વીપસમૂહો.

(2) હિમાલયનો વ્યાપ જણાવો.

ઉત્તર : હિમાલય પશ્ચિમે અફઘાનિસ્તાનથી પૂર્વમાં મ્યાનમાર સુધી વ્યાપ્ત છે. ચાપ આકારની આ પર્વતશ્રેણી આશરે 2400 કિમી લાંબી અને 240થી 320 કિમી પહોળી છે. તે પૂર્વમાં સાંકડી છે.

(3) હિમાલય કઈ મુખ્ય પર્વતશ્રેણીનો એક ભાગ છે?

ઉત્તર : હિમાલય મધ્ય એશિયાની 'પામીર ગ્રંથિ' તરીકે ઓળખાતી મુખ્ય પર્વતશ્રેણીનો એક ભાગ છે.

(4) હિમાલય પર્વતશ્રેણીના મુખ્ય કેટલા વિભાગ પડે છે?

ઉત્તર : હિમાલય પર્વતશ્રેણીના મુખ્ય બે વિભાગ પડે છે.

(5) હિમાલયની મુખ્ય ત્રણ હારમાળાઓનાં નામ જણાવો.

ઉત્તર : હિમાલયની સૌથી ઉત્તરની હારમાળા **'બૃહદ હિમાલય'** કે **'હિમાદ્રિ'**; મધ્યની હારમાળા **'મધ્ય હિમાલય'** કે **'હિમાચલ'**; અને છેક દક્ષિણની હારમાળા **'બાહ્ય હિમાલય'** કે **'શિવાલિક'** નામે ઓળખાય છે.

(6) સમગ્ર હિમાલયની સૌથી વધુ ઊંચી પર્વતશ્રેણી કઈ છે?

ઉત્તર : સમગ્ર હિમાલયની સૌથી વધુ ઊંચી પર્વતશ્રેણી બૃહદ હિમાલય છે.

(7) બૃહદ હિમાલયનું સર્વોચ્ચ શિખર કયું છે? તેની ઊંચાઈ કેટલી છે?

ઉત્તર : 'માઉન્ટ એવરેસ્ટ' બૃહદ હિમાલયનું સર્વોચ્ચ શિખર છે. તેની ઊંચાઈ 8848 મીટર છે.

(8) માઉન્ટ એવરેસ્ટ ક્યાં આવેલું છે?

ઉત્તર : માઉન્ટ એવરેસ્ટ બૃહદ હિમાલયમાં નેપાળ-ચીનની સરહદે આવેલું છે.

(9) તિબ્બતમાં માઉન્ટ એવરેસ્ટને શું કહે છે?

ઉત્તર : તિબ્બતમાં માઉન્ટ એવરેસ્ટને 'સાગર મથ્થા' કહે છે.

(10) ભારતનું સર્વોચ્ચ શિખર કયું છે? તેની ઊંચાઈ કેટલી છે?

ઉત્તર : ભારતનું સર્વોચ્ચ શિખર માઉન્ટ ગોડવિન ઑસ્ટિન (K2) છે. તેની ઊંચાઈ 8611 મીટર છે.

(11) બૃહદ હિમાલયમાં મહત્ત્વનાં શિખરો ક્યાં ક્યાં છે?

ઉત્તર : બૃહદ હિમાલયમાં મહત્ત્વનાં શિખરો : માઉન્ટ એવરેસ્ટ, માઉન્ટ ગોડવિન ઑસ્ટિન (K2), કાંચનજંગા, મકાલુ, અન્નપૂર્ણા, ધવલગિરિ વગેરે.

*** (12) હિમાલય પર્વતશ્રેણીઓમાં કયા કયા ઘાટ આવેલા છે?**

ઉત્તર : હિમાલય પર્વતશ્રેણીઓમાં શિપ્કી લા, જેલાપલા, નાથુ લા વગેરે ઘાટ આવેલા છે.

(13) મધ્ય હિમાલયમાં કઈ કઈ ગિરિમાળાઓ આવેલી છે?

ઉત્તર : મધ્ય હિમાલયમાં 'પીરપંજાલ', ધૌલાધાર, 'મહાભારત' અને 'નાગટીબા' નામની ગિરિમાળાઓ આવેલી છે.

(14) મધ્ય હિમાલયમાં હવા ખાવાનાં પ્રખ્યાત સ્થળો (ગિરિમથકો) ક્યાં ક્યાં છે?

ઉત્તર : મધ્ય હિમાલયમાં હવા ખાવાનાં પ્રખ્યાત સ્થળો (ગિરિમથકો) : ડેલહાઉસી, ધર્મશાલા, શિમલા, મસૂરી, રાનીખેત, નૈનિતાલ, દાર્જિલિંગ વગેરે.

(15) મધ્ય હિમાલયમાં ક્યાં પ્રસિદ્ધ યાત્રાધામો આવેલાં છે?

ઉત્તર : મધ્ય હિમાલયમાં આવેલાં પ્રસિદ્ધ યાત્રાધામો : ગંગોત્રી, યમનોત્રી, બદરીનાથ, કેદારનાથ, હેમકુંડ સાહિબ વગેરે.

(16) મધ્ય હિમાલયમાં અત્યંત રમણીય પ્રાકૃતિક ખીણપ્રદેશો કયા કયા છે?

ઉત્તર : મધ્ય હિમાલયમાં અત્યંત રમણીય પ્રાકૃતિક ખીણપ્રદેશો કુલ્લુ, કાંગડા અને કશ્મીર છે.

(17) 'દૂન' (DUN) એટલે શું?

ઉત્તર : હિમાલયમાં શિવાલિક અને મધ્ય હિમાલયની વચ્ચે આવેલી સમથળ ખીણો 'દૂન' (DUN) નામે ઓળખાય છે. દા. ત., દેહરાદૂન, પાટલીદૂન, કોથરીદૂન વગેરે.

(18) પૂર્વ હિમાલયમાં કઈ કઈ ટેકરીઓનો સમાવેશ થાય છે?

ઉત્તર : પૂર્વ હિમાલયમાં પતકાઈ બુમ, નાગા અને લુશાઈ (મિઝો) ટેકરીઓ તેમજ ગારો, ખાસી અને જૈન્તિયા ટેકરીઓનો સમાવેશ થાય છે.

(19) પૂર્વ હિમાલયમાં સડકમાર્ગો અને રેલમાર્ગોનો વિકાસ શાથી ઘણો જ ઓછો થયો છે?

ઉત્તર : પૂર્વ હિમાલયમાં ગીચ જંગલો આવેલાં છે, તેથી અહીં સડકમાર્ગો અને રેલમાર્ગોનો વિકાસ ઘણો જ ઓછો થયો છે.

(20) ઉત્તર ભારતના મેદાની પ્રદેશનું સ્થાન જણાવો.

ઉત્તર : ઉત્તર ભારતનો મેદાની પ્રદેશ ભારતના ઉત્તરના પર્વતીય પ્રદેશ અને દક્ષિણના ઉચ્ચપ્રદેશની વચ્ચે આવેલો છે.

(21) ઉત્તર ભારતના મેદાની પ્રદેશની રચના કઈ રીતે થયેલી છે?

ઉત્તર : ઉત્તર ભારતના મેદાની પ્રદેશની રચના હિમાલયમાંથી વહેતી સતલુજ, ગંગા અને બ્રહ્મપુત્ર જેવી મોટી નદીઓ તથા તેને મળતી નાનીમોટી અનેક નદીઓએ યુગોથી પાથરેલા કાંપ વડે થયેલી છે.

(22) સામાન્ય રીતે બે નદીઓની વચ્ચેની ભૂમિને શું કહે છે?

ઉત્તર : સામાન્ય રીતે બે નદીઓની વચ્ચેની ભૂમિને 'દોઆબ' (દો – બે અને આબ – જળ) કહે છે.

(23) સિંધુની શાખા-નદીઓ કઈ કઈ છે?

ઉત્તર : સિંધુની શાખા-નદીઓ : ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલુજ.

(24) ભૂપૃષ્ઠના આધારે ઉત્તરના મેદાની પ્રદેશના કયા ચાર વિભાગો પડે છે?

ઉત્તર : ભૂપૃષ્ઠના આધારે પડતા ઉત્તરના મેદાની પ્રદેશના ચાર વિભાગો : (1) ભાબર, (2) તરાઈ, (3) બાંગર અને (4) ખદર.

(25) ભાબરની ઓળખ આપો. ***અથવા***

સંકલ્પના સમજાવો : ભાબર

ઉત્તર : (1) શિવાલિકના તળેટી-પ્રદેશમાં કંકર-પથ્થરોની એક પાતળી પટ્ટી જોવા મળે છે. 8થી 16 કિમી પહોળી આ પટ્ટીને 'ભાબર' કહે છે. (2) તે નદીઓના પ્રવાહને સમાંતર ગોઠવાયેલી છે.

(26) કયું ક્ષેત્ર તરાઈ નામે ઓળખાય છે? ***અથવા***

સંકલ્પના સમજાવો : તરાઈ

ઉત્તર : (1) શિવાલિકની દક્ષિણે ભાબર પટ્ટી પછી 'તરાઈનું ક્ષેત્ર' આવેલું છે. તે ઘણી ભીનાશવાળું અને દલદલીય છે. (2) તેમાં ગીચ જંગલો અને વિવિધ વન્ય જીવો જોવા મળે છે.

(27) ખદર એટલે શું? ***અથવા***

સંકલ્પના સમજાવો : ખદર

ઉત્તર : પૂરનાં મેદાનોમાં બાંગરથી નીચાઈએ પથરાયેલો નવો કાંપ 'ખદર' કહેવાય છે.

(28) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના કયા બે ભાગ પડે છે?

ઉત્તર : દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના બે ભાગ : (1) માળવાનો ઉચ્ચપ્રદેશ અને (2) દખ્ખણનો ઉચ્ચપ્રદેશ.

(29) માળવાના ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં કઈ ગિરિમાળા આવેલી છે?

ઉત્તર : માળવાના ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં અરવલ્લીની ગિરિમાળા આવેલી છે.

(30) અરવલ્લી કયા પ્રકારનો પર્વત છે?

ઉત્તર : અરવલ્લી ગેડ પર્વતનો અવશિષ્ટ ભાગ છે.

(31) અરવલ્લી પર્વતમાં કયું સુંદર અને રમણીય ગિરિમથક આવેલું છે?

ઉત્તર : અરવલ્લી પર્વતમાં સુંદર અને રમણીય ગિરિમથક માઉન્ટ આબુ આવેલું છે.

(32) અરવલ્લી પર્વતનું સૌથી ઊંચું શિખર કયું છે? તેની ઊંચાઈ કેટલી છે?

ઉત્તર : અરવલ્લી પર્વતનું સૌથી ઊંચું શિખર ગુરુશિખર છે. તેની ઊંચાઈ 1722 મીટર છે.

(33) માળવાના ઉચ્ચપ્રદેશની દક્ષિણે કયો પર્વત આવેલો છે?

ઉત્તર : માળવાના ઉચ્ચપ્રદેશની દક્ષિણે વિંધ્યાચળ પર્વત આવેલો છે.

(34) માળવાના ઉચ્ચપ્રદેશની ત્રણ મુખ્ય નદીઓ કઈ કઈ છે? તે કયા પર્વતમાંથી નીકળે છે?

ઉત્તર : માળવાના ઉચ્ચપ્રદેશની ત્રણ મુખ્ય નદીઓ ચંબલ, બેતવા અને સોન છે. તે વિંધ્યાચળ પર્વતમાંથી નીકળે છે.

(35) માળવાના ઉચ્ચભૂમિના ઉત્તર-પૂર્વ ભાગને શું કહે છે?

ઉત્તર : માળવાના ઉચ્ચભૂમિના ઉત્તર-પૂર્વ ભાગને બુંદેલખંડ કહે છે.

(36) માળવાનો ઉચ્ચપ્રદેશ કઈ કઈ ગિરિમાળાઓની વચ્ચે આવેલો છે?

ઉત્તર : માળવાનો ઉચ્ચપ્રદેશ અરવલ્લી અને વિંધ્યાચળ ગિરિમાળાઓની વચ્ચે આવેલો છે.

(37) માળવાના ઉચ્ચપ્રદેશની ઉત્તર તરફ વહેતી નદીઓ કઈ નદીઓને મળે છે?

ઉત્તર : માળવાના ઉચ્ચપ્રદેશની ઉત્તર તરફ વહેતી નદીઓ ગંગા કે યમુનાને મળે છે.

(38) કઈ બે નદીઓ કચ્છના રણમાં લુપ્ત થઈ જાય છે? તે કયા પર્વતમાંથી નીકળે છે?

ઉત્તર : લૂણી અને બનાસ નદીઓ કચ્છના રણમાં લુપ્ત થઈ જાય છે. તે અરવલ્લી પર્વતમાંથી નીકળે છે.

(39) સાબરમતી અને મહી નદી કોને મળે છે?

ઉત્તર : સાબરમતી અને મહી નદીઓ ખંભાતના અખાતને મળે છે.

(40) દખ્ખણના ઉચ્ચપ્રદેશની ઉત્તર સરહદે કઈ કઈ ગિરિમાળાઓ છે?

ઉત્તર : દખ્ખણના ઉચ્ચપ્રદેશની ઉત્તર સરહદે સાતપુડા, મહાદેવ અને મૈકલની ગિરિમાળાઓ છે.

(41) દખ્ખણના ઉચ્ચપ્રદેશની પશ્ચિમ અને પૂર્વ સરહદે કઈ કઈ ગિરિમાળા આવેલી છે?

ઉત્તર : દખ્ખણના ઉચ્ચપ્રદેશની પશ્ચિમ સરહદે પશ્ચિમઘાટ અને પૂર્વ સરહદે પૂર્વઘાટની ગિરિમાળાઓ આવેલી છે.

(42) પશ્ચિમઘાટ કયાં કયાં નામે ઓળખાય છે?

ઉત્તર : પશ્ચિમઘાટ (1) મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં **સહ્યાદ્રિ**, (2) તમિલનાડુમાં **નીલગિરિ**, (3) કેરલ-તમિલનાડુની સરહદ પર મધ્યમાં **અન્નામલાઈ** તથા (4) છેક દક્ષિણે **કાર્ડેમમ** ટેકરીઓના નામે ઓળખાય છે.

(43) દખ્ખણના ઉચ્ચપ્રદેશની કઈ બે મોટી નદીઓ અરબ સાગરને મળે છે?

ઉત્તર : દખ્ખણના ઉચ્ચપ્રદેશની નર્મદા અને તાપી નદીઓ અરબ સાગરને મળે છે.

(44) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ ક્યાંથી ક્યાં સુધી મેદાનોની સાંકડી પટ્ટીથી ઘેરાયેલો છે?

ઉત્તર : દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ કચ્છથી ઓડિશા સુધી મેદાનોની સાંકડી પટ્ટીથી ઘેરાયેલો છે.

(45) પશ્ચિમનું તટીય મેદાન ક્યાંથી ક્યાં સુધી વિસ્તરેલું છે?

ઉત્તર : પશ્ચિમનું તટીય મેદાન ગુજરાતથી કેરલ સુધી વિસ્તરેલું છે.

(46) પશ્ચિમના તટીય મેદાનના કેટલા ભાગ પડે છે? કયા કયા?

ઉત્તર : પશ્ચિમના તટીય મેદાનના ત્રણ ભાગ પડે છે : (1) ઉત્તરમાં ગુજરાતનું મેદાન, (2) મધ્યમાં કોંકણનું મેદાન અને (3) દક્ષિણમાં મલબારનું મેદાન.

(47) પશ્ચિમના તટે મહત્ત્વનાં કયાં કયાં કુદરતી બંદરો આવેલાં છે?

ઉત્તર : પશ્ચિમના તટે આવેલાં મહત્ત્વનાં કુદરતી બંદરો : કંડલા, મુંબઈ, માર્મગોવા (મુરગાંવ), કારવાર, નવું મેંગલોર અને કોચી.

(48) પૂર્વીય તટીય મેદાનના કેટલા વિભાગો પડે છે? કયા કયા?

ઉત્તર : પૂર્વીય તટીય મેદાનના બે વિભાગો પડે છે : (1) ઉત્તર સરકારનું મેદાન અને (2) કોરોમંડલ કિનારાનું મેદાન.

(49) કયો તટ 'કોરોમંડલ તટ' કહેવાય છે?

ઉત્તર : દક્ષિણ આંધ્ર પ્રદેશ અને તમિલનાડુનો તટીય પ્રદેશ 'કોરોમંડલ તટ' કહેવાય છે.

(50) 'ઍટૉલ' એટલે શું?

ઉત્તર : લગૂનની ચોતરફ પરવાળાના નિક્ષેપથી રચાયેલો ઘોડાની નાળના આકારનો ટાપુ 'ઍટૉલ' કહેવાય છે.

(51) અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો કેવી રીતે બનેલા છે?

ઉત્તર : (1) મોટા ભાગના અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો જળનિમગ્ન પર્વતશ્રેણીનાં પાણીની બહારનાં શિખરો છે. (2) કેટલાક ટાપુઓ જ્વાળામુખી પ્રક્રિયાથી બનેલા છે.

(52) ખડક એટલે શું?

ઉત્તર : એક કે તેથી વધુ ખનીજોના બનેલા સંગઠિત પદાર્થને 'ખડક' કહે છે. [પૃથ્વીના પોપડામાં કે ભૂ-કવચમાં આવેલા બધા જ ઘન પદાર્થોને ભૂસ્તરશાસ્ત્રીની ભાષામાં ખડક કહેવામાં આવે છે.]

*** (53) ખડકોના મુખ્ય કેટલા અને કયા કયા પ્રકારો પડે છે?**

ઉત્તર : ખડકોના મુખ્ય ત્રણ પ્રકારો પડે છે : (1) આગ્નેય ખડકો, (2) પ્રસ્તર અથવા નિક્ષેપકૃત ખડકો અને (3) રૂપાંતરિત ખડકો.

(54) પ્રસ્તર *અથવા* નિક્ષેપકૃત ખડકો કોને કહે છે?

ઉત્તર : ધોવાણ અને ખવાણનાં પરિબળોના નિક્ષેપણ કાર્યથી મહાસાગર, સમુદ્ર કે સરોવર જેવાં જળાશયોના તળિયે નિક્ષિપ્ત દ્રવ્યોની જમાવટથી બનતા ખડકોને 'પ્રસ્તર' અથવા 'નિક્ષેપકૃત' ખડકો કહે છે.

(55) રૂપાંતરિત ખડકો કોને કહે છે?

ઉત્તર : પૃથ્વીની ભૂ-સંચલન ક્રિયાને લીધે અગ્નિકૃત અને પ્રસ્તર ખડકોનાં કણરચના, સ્તરરચના અને બંધારણ, રંગ વગેરે મૂળભૂત ગુણધર્મો રૂપાંતર પામીને જે ખડકો બને છે, તેમને 'રૂપાંતરિત ખડકો' કહે છે.

(56) ખનીજોને કયા મુખ્ય બે વિભાગમાં વહેંચવામાં આવે છે?

ઉત્તર : ખનીજોને આ મુખ્ય બે વિભાગોમાં વહેંચવામાં આવે છે : (1) ધાતુમય ખનીજો અને (2) અધાતુમય ખનીજો.

(57) આગ્નેય ખડકો, પ્રસ્તર ખડકો અને રૂપાંતરિત ખડકોમાંથી કયાં કયાં ખનીજો પ્રાપ્ત થાય છે?

ઉત્તર : લોખંડ, તાંબું, જસત, સોનું, ચાંદી વગેરે આગ્નેય ખડકોમાંથી; કોલસો, ખનીજ તેલ અને કુદરતી વાયુ પ્રસ્તર ખડકોમાંથી અને આરસપહાણ, સ્લેટ, હીરા વગેરે રૂપાંતરિત ખડકોમાંથી ખનીજો પ્રાપ્ત થાય છે.

(58) અધાતુમય ખનીજો કયાં કયાં છે?

ઉત્તર : ચૂનાના ખડકો, ચૉક, ઍસ્બેસ્ટૉસ, અબરખ, ફ્લોરસ્પાર, જિપ્સમ (ચિરોડી), સલ્ફર, હીરા વગેરે અધાતુમય ખનીજો છે.

(59) સંચાલનશક્તિ માટે ઉપયોગમાં લેવાતાં ખનીજો કયાં કયાં છે?

ઉત્તર : કોલસો, ખનીજ તેલ, કુદરતી વાયુ, યુરેનિયમ, થોરિયમ વગેરે સંચાલનશક્તિ માટે ઉપયોગમાં લેવાતાં ખનીજો છે.

(60) ભારતમાં લોખંડ કયાં કયાં રાજ્યોમાંથી મળી આવે છે?

ઉત્તર : ભારતમાં લોખંડ આ રાજ્યોમાંથી મળી આવે છે : ઝારખંડ, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, ગોવા, ઓરિસ્સા (ઓડિશા), તમિલનાડુ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક, બિહાર અને મધ્ય પ્રદેશ.

(61) ભારતમાં મૅંગેનીઝ કયાં કયાં રાજ્યોમાંથી મળી આવે છે?

ઉત્તર : ભારતમાં મૅંગેનીઝ આ રાજ્યોમાંથી મળી આવે છે : કર્ણાટક, ઓરિસ્સા (ઓડિશા), મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગોવા.

(62) ભારતમાં તાંબું કયાં કયાં રાજ્યોમાંથી મળી આવે છે?

ઉત્તર : ભારતમાં તાંબું આ રાજ્યોમાંથી મળી આવે છે : ગુજરાત, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ, સિક્કિમ, મેઘાલય, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળ.

(63) ભારતમાં બૉક્સાઇટ કયાં કયાં રાજ્યોમાંથી મળી આવે છે?

ઉત્તર : ભારતમાં બૉક્સાઇટ આ રાજ્યોમાંથી મળી આવે છે : ઓરિસ્સા (ઓડિશા), આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ઝારખંડ અને ગુજરાત.

(64) ભારતમાં સીસું કયાં કયાં રાજ્યોમાંથી મળી આવે છે?

ઉત્તર : ભારતમાં સીસું આ રાજ્યોમાંથી મળી આવે છે : રાજસ્થાન, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા (ઓડિશા), મહારાષ્ટ્ર, મેઘાલય, સિક્કિમ અને ગુજરાત.

(65) ભારતમાં અબરખ કયાં કયાં રાજ્યોમાંથી મળી આવે છે?

ઉત્તર : ભારતમાં અબરખ આ રાજ્યોમાંથી મળી આવે છે : આંધ્ર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને ઝારખંડ.

(66) ભારતમાં ચૂનાના ખડકો કયાં કયાં રાજ્યોમાં છે?

ઉત્તર : ભારતમાં ચૂનાના ખડકો આ રાજ્યોમાં છે : મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત અને હિમાચલ પ્રદેશ.

(67) જમીન કોને કહે છે?

ઉત્તર : પૃથ્વીના પોપડાના ઉપરના પાતળા સ્તરને 'જમીન' કહે છે.

* **(68) રેગોલિથ એટલે શું?**

ઉત્તર : ભૂમિ-આવરણમાં ખડકોના નાના-મોટા ટુકડા, કાંકરા, માટી, રજ વગેરે હોય છે, જેને 'રેગોલિથ' કહેવામાં આવે છે. રેગોલિથમાં શરૂઆતમાં ફક્ત જૈવિક દ્રવ્યો હોય છે.

(69) ભારતની જમીનના પ્રકારો કેટલા અને કયા કયા છે?

ઉત્તર : ભારતની જમીનોને છ પ્રકારોમાં વહેંચવામાં આવે છે : (1) કાંપની જમીન, (2) કાળી જમીન કે રેગુર જમીન, (3) રાતી જમીન, (4) પડખાઉ જમીન કે લેટેરાઇટ જમીન, (5) પર્વતીય જમીન અને (6) રણપ્રકારની જમીન.

(70) કાંપની જમીનના કયા કયા બે પેટાપ્રકાર પડે છે?

ઉત્તર : કાંપની જમીનના આ બે પેટાપ્રકાર પડે છે : (1) ખદર અને (2) બાંગર.

(71) 'ખદર' અને 'બાંગર' જમીનો વચ્ચે મુખ્ય તફાવત કયા છે?

ઉત્તર : (1) 'ખદર' જમીન નદીના તટની નવા કાંપની બનેલી છે; જ્યારે 'બાંગર' જમીન નદીના જૂના કાંપની બનેલી છે. (2) ખદર જમીન રેતાળ અને આછા રંગની હોય છે; જ્યારે બાંગર જમીન ચીકણી અને ઘેરા રંગની હોય છે.

(72) કાળી જમીન ધરાવતાં મુખ્ય રાજ્યોનાં નામ લખો.

ઉત્તર : કાળી જમીન ધરાવતાં મુખ્ય રાજ્યો : મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ગુજરાત, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા અને તમિલનાડુ.

(73) ભારતમાં રાતી જમીન કયાં ક્ષેત્રોમાં આવેલી છે?

ઉત્તર : ભારતમાં રાતી જમીન આગ્નેય અને રૂપાંતરિત ખડકોવાળાં ક્ષેત્રોમાં આવેલી છે.

(74) ભારતમાં પડખાઉ જમીન કયા વિસ્તારોમાં જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં પડખાઉ જમીન મોસમી આબોહવાના ભારે વરસાદવાળા વિસ્તારોમાં જોવા મળે છે.

(75) ભારતમાં રણપ્રકારની જમીન મુખ્યત્વે કયા વિસ્તારોમાં જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં રણપ્રકારની જમીન મુખ્યત્વે શુષ્ક અને અર્ધશુષ્ક વિસ્તારોમાં જોવા મળે છે.

પ્રશ્ન 8. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) પૂર્વ હિમાલયમાં સડકમાર્ગો અને રેલમાર્ગોનો વિકાસ ઘણો જ ઓછો થયો છે, કારણ કે ...

ઉત્તર : પૂર્વ હિમાલયમાં ગીચ જંગલો આવેલાં છે.

(2) દિલ્લી 'ગંગાના મેદાનનું પ્રવેશદ્વાર' કહેવાય છે, કારણ કે ...

ઉત્તર : દિલ્લીની પશ્ચિમે સતલુજનું મેદાન અને પૂર્વે ગંગાનું મેદાન છે. દિલ્લી એ બંનેને જોડતા સાંકડા પ્રદેશમાં આવેલું છે.

(3) દક્ષિણના ઉચ્ચપ્રદેશને 'દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ' કહેવામાં આવે છે, કારણ કે ...

ઉત્તર : દક્ષિણના ઉચ્ચપ્રદેશની ત્રણે બાજુએ સમુદ્રો આવેલા છે.

(4) આગ્નેય ખડકોને પ્રાથમિક ખડકો કહે છે, કારણ કે ...

ઉત્તર : પૃથ્વીના ભૂસ્તરીય નિર્માણમાં આગ્નેય ખડકો સર્વપ્રથમ બન્યા છે.

(5) આગ્નેય ખડકોને અગ્નિકૃત ખડકો પણ કહે છે, કારણ કે ...

ઉત્તર : આગ્નેય ખડકો પૃથ્વીની આંતરિક ગરમી વડે બનેલા છે.

(6) કાળી જમીનને 'કપાસની કાળી જમીન' પણ કહે છે, કારણ કે ...

ઉત્તર : કાળી જમીન કપાસના પાક માટે વધુ અનુકૂળ હોય છે.

(7) પડખાઉ કે લેટેરાઇટ જમીન ઓછી ફળદ્રુપ છે, કારણ કે ...

ઉત્તર : તેમાં જૈવિક દ્રવ્યોનું પ્રમાણ ઓછું હોય છે.

(8) ભારતના પૂર્વ તટીય મેદાનમાં ખેતીનો વિકાસ થયો છે, કારણ કે ...

ઉત્તર : અહીંના મુખત્રિકોણપ્રદેશોની જમીન ઘણી ફળદ્રુપ છે.

(9) ભારતના પૂર્વ તટીય મેદાનના દરિયાકિનારે કુદરતી બંદરો બહુ ઓછાં છે, કારણ કે ...

ઉત્તર : અહીંનો દરિયાકિનારો છીછરો છે.

(10) ભારતના પશ્ચિમ તટીય મેદાનમાં ખેતીનો પૂરતો વિકાસ થયો નથી, કારણ કે ...

ઉત્તર : આ તટીય મેદાનમાં મુખત્રિકોણપ્રદેશો નથી.

(11) ભારતના પશ્ચિમ કિનારે ઘણાં કુદરતી બંદરો આવેલાં છે, કારણ કે ...

ઉત્તર : અહીંનો દરિયો ઊંડો અને કિનારો ખંડિત છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) પવિત્ર યાત્રાધામ માનસરોવર ..... હિમાલયમાં આવેલું છે.

A. લઘુ B. બૃહદ C. બાહ્ય

(2) માળવાના ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં .....ની ગિરિમાળા આવેલી છે.

A. અરવલ્લી B. સહ્યાદ્રિ C. નીલગિરિ

(3) બે નદીઓ વચ્ચેના ભૂમિભાગને ‘.....’ કહે છે.

A. દૂન B. દોઆબ C. શિપ્કી લા

(4) દક્ષિણ ભારતનો ઉચ્ચપ્રદેશ વિવિધ ..... સંપત્તિથી સમૃદ્ધ છે.

A. ખનીજ B. જંગલ C. જળ

(5) આબુ પર્વતનું સૌથી ઊંચું શિખર ..... છે.

A. ધવલગિરિ B. મકાલુ C. ગુરુશિખર

(6) ખનીજ તેલ ..... ખડકોમાંથી મળે છે.

A. રૂપાંતરિત B. પ્રસ્તર C. આગ્નેય

(7) ..... એ કૃષિપ્રવૃત્તિ માટેનું મૂળભૂત સાધન છે.

A. જમીન B. રાસાયણિક ખાતર C. વરસાદ

(8) ..... જમીનને ‘રેગુર’ પણ કહેવાય છે.

A. કાંપની B. લાલ C. કાળી

(9) હિમાલયનું ‘.....’ વિશ્વનું સર્વોચ્ચ શિખર છે.

A. માઉન્ટ ગોડવિન ઑસ્ટિન B. માઉન્ટ એવરેસ્ટ C. ગુરુશિખર

(10) ..... ભારતનું સર્વોચ્ચ શિખર છે.

A. માઉન્ટ ગોડવિન ઑસ્ટિન (K2)

B. ગુરુશિખર

C. ધવલગિરિ

ઉત્તર : (1) બૃહદ (2) અરવલ્લી (3) દોઆબ (4) ખનીજ (5) ગુરુશિખર (6) પ્રસ્તર (7) જમીન (8) કાળી (9) માઉન્ટ એવરેસ્ટ (10) માઉન્ટ ગોડવિન ઑસ્ટિન (K2)

(11) માઉન્ટ એવરેસ્ટને તિબ્બતમાં ‘.....’ કહે છે.

A. સાગર મથ્થા B. માઉન્ટ સાગર C. સાગર શિખર

(12) પતકાઈ નામની ટેકરી .....માં આવેલી છે.

A. મેઘાલય B. અસમ C. અરુણાચલ પ્રદેશ

(13) લુશાઈ નામની ટેકરી .....માં આવેલી છે.

A. મિઝોરમ B. અસમ C. મેઘાલય

(14) ઉત્તર ભારતના વિશાળ મેદાની પ્રદેશની લંબાઈ આશરે ..... કિમી છે.

A. 2800 B. 3200 C. 2400

(15) .....ને ગંગા નદીનું પ્રવેશદ્વાર કહેવામાં આવે છે.

A. હરદ્વાર B. દિલ્લી C. પટના

(16) દખ્ખણના ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમી ભાગો મુખ્યત્વે .....થી બનેલા છે.

A. કાર્બનિક ક્રિયા B. લાવા-નિક્ષેપો C. અકાર્બનિક ક્રિયા

(17) પશ્ચિમનું તટીય મેદાન ગુજરાતથી ..... સુધી ફેલાયેલું છે.

A. ગોવા B. કેરલ C. કર્ણાટક

(18) પશ્ચિમના તટીય મેદાનને ગોવાથી દક્ષિણમાં ..... કહે છે.

A. મલબાર તટ B. કોરોમંડલ તટ C. ગોદાવરી તટ

(19) દક્ષિણે આંધ્ર પ્રદેશ અને તમિલનાડુનો તટીય પ્રદેશ .....ના નામથી જાણીતો છે.

A. પૂર્વના તટીય મેદાન B. મલબાર તટ C. કોરોમંડલ તટ

(20) એક કે તેથી વધુ ખનીજોના બનેલા સંગઠિત પદાર્થને ..... તરીકે ઓળખવામાં આવે છે.

A. ખડક B. ભૂ-કવચ C. ખનીજ

ઉત્તર : (11) સાગર મથ્થા (12) અરુણાચલ પ્રદેશ (13) મિઝોરમ (14) 2400 (15) દિલ્લી (16) લાવા-નિક્ષેપો (17) કેરલ (18) મલબાર તટ (19) કોરોમંડલ તટ (20) ખડક

(21) નદીઓના નિક્ષેપણથી તૈયાર થયેલી નવા કાંપની જમીનને ..... તરીકે ઓળખવામાં આવે છે.

A. બાંગર B. ખદર C. તટીય

(22) નદી ખીણોના ઉપરવાસમાં આવેલી એકંદરે જૂનો કાંપ ધરાવતી જમીન ..... તરીકે જાણીતી છે.

A. બાંગર B. તટીય C. ખદર

ઉત્તર : (21) ખદર (22) બાંગર

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) માઉન્ટ એવરેસ્ટને ભારતમાં 'સાગર મથ્થા' કહે છે.

(2) લુશાઈ ટેકરીઓ મિઝોરમમાં આવેલી છે.

(3) દખ્ખણના ઉચ્ચપ્રદેશની ચારે બાજુ સમુદ્રો હોવાથી તેને દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ કહે છે.

(4) અરવલ્લી ખંડ પ્રકારનો પર્વત છે.

(5) બૉક્સાઇટ હલકી ધાતુમય ખનીજ છે.

(6) પવિત્ર યાત્રાધામ માનસરોવર મધ્ય હિમાલયમાં આવેલું છે.

(7) K2 (ગોડવિન ઑસ્ટિન) વિશ્વનું સર્વોચ્ચ શિખર છે.

(8) પતકાઈ ટેકરી અરુણાચલ પ્રદેશમાં આવેલી છે.

(9) ચંડીગઢને ગંગાના મેદાનનું પ્રવેશદ્વાર કહેવામાં આવે છે.

(10) સામાન્ય રીતે બે નદીઓની વચ્ચેની ભૂમિને દોઆબ કહે છે.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખોટું (5) ખરું (6) ખોટું (7) ખોટું (8) ખરું (9) ખોટું (10) ખરું

---

(11) ચંબલ અને બેતવા નદીઓ યમુના નદીને મળે છે.

(12) સાબરમતી અને મહી નદીઓ ખંભાતના અખાતને મળે છે.

(13) છોટાનાગપુરનો ઉચ્ચપ્રદેશ છત્તીસગઢ રાજ્યમાં છે.

(14) નર્મદા અને તાપી નદીઓ અરબ સાગરને મળે છે.

(15) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ ભારતનો અન્નભંડાર છે.

(16) ગ્રેનાઇટ સેન્દ્રિય પ્રકારનો ખડક છે.

(17) મૅંગેનીઝ મિશ્રધાતુરૂપે વપરાતું ખનીજ છે.

(18) ખાતર ખેતી માટેનું મૂળભૂત સંસાધન છે.

(19) કાળી જમીન રેગુરના નામે પણ ઓળખાય છે.

(20) કાંપની જમીનમાં ક્ષારકણોની અધિકતા અને જૈવિક પદાર્થોની ઓછપ જોવા મળે છે.

ઉત્તર : (11) ખરું (12) ખરું (13) ખોટું (14) ખરું (15) ખોટું (16) ખોટું (17) ખરું (18) ખોટું (19) ખરું (20) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) અનિયમિત અને ઊર્ધ્વ આકાર ધરાવતા ભૂમિભાગની વિષમતાઓને શું કહેવાય છે? – **ભૂપૃષ્ઠ**

(2) સમગ્ર હિમાલયની સૌથી વધુ ઊંચી પર્વતશ્રેણી કઈ છે?

– **બૃહદ હિમાલય**

(3) બૃહદ હિમાલયનું સૌથી વધુ જાણીતું શિખર કયું છે?

– **માઉન્ટ એવરેસ્ટ**

(4) 'માઉન્ટ એવરેસ્ટ' શિખર કયા દેશોની સરહદે આવેલું છે?

– **નેપાળ અને ચીનની**

(5) માઉન્ટ એવરેસ્ટને તિબ્બતમાં શું કહે છે? – **'સાગર મથ્થા'**

(6) ભારતનું સર્વોચ્ચ શિખર કયું છે?

– **માઉન્ટ ગોડવિન ઑસ્ટિન (અથવા K2)**

(7) જેલાપલા, નાથુ લા, શિપ્કી લા વગેરે ઘાટો ક્યાં આવેલા છે?

– **બૃહદ હિમાલયમાં**

(8) પવિત્ર યાત્રાધામ ગણાતું પ્રખ્યાત માનસરોવર કઈ હારમાળામાં આવેલું છે? – **બૃહદ હિમાલયમાં**

(9) બૃહદ હિમાલયની દક્ષિણે કઈ હારમાળા આવેલી છે?

– **મધ્ય હિમાલય અથવા લઘુ હિમાલય (હિમાચલ શ્રેણી)**

(10) શિમલા, નૈનિતાલ, દાર્જિલિંગ વગેરે ગિરિમથકો કઈ ગિરિમાળામાં આવેલાં છે? – **મધ્ય હિમાલયમાં**

(11) ગંગોત્રી, યમનોત્રી, બદરીનાથ, કેદારનાથ વગેરે જાણીતાં યાત્રાધામો કઈ ગિરિમાળામાં આવેલાં છે? – **મધ્ય હિમાલયમાં**

(12) કુલ્લુ (Kullu), કાંગડા અને કશ્મીર કઈ ગિરિમાળાના રમણીય ખીણપ્રદેશો છે? – **મધ્ય હિમાલયના**

(13) કઈ હારમાળાનો ઘણો વધારે વ્યાપ ભારતમાં છે?

– **શિવાલિક (બાહ્ય હિમાલય)**

(14) પતકાઈ ટેકરીઓ ક્યાં આવેલી છે? – **અરુણાચલ પ્રદેશમાં**

(15) લુશાઈ ટેકરીઓ ક્યાં આવેલી છે? – **મિઝોરમમાં**

(16) પૂર્વ હિમાલયની ટેકરીઓનું અનુસંધાન કઈ હારમાળા સાથે છે?

– **આરાકાનયોમા**

(17) ગારો, ખાસી અને જૈન્તિયા ટેકરીઓ ક્યાં આવેલી છે? – **મેઘાલયમાં**

(18) દિલ્લીની પશ્ચિમ બાજુએ કયું મેદાન આવેલું છે?

– **સતલુજનું મેદાન**

(19) દિલ્લીની પૂર્વ બાજુએ કયું મેદાન આવેલું છે? – **ગંગાનું મેદાન**

(20) ગંગાના મેદાનનું પ્રવેશદ્વાર કોને કહેવામાં આવે છે? – **દિલ્લીને**

(21) ભારતનો સૌથી વધુ સમૃદ્ધ પ્રદેશ કયો ગણાય છે?

– **ગંગાનું મેદાન**

(22) દિલ્લી, આગરા, લખનઉ, કોલકાતા વગેરે શહેરો કયા પ્રદેશમાં આવેલાં છે? – **ગંગાના મેદાનમાં**

(23) સામાન્ય રીતે બે નદીઓની વચ્ચેની ભૂમિને શું કહે છે? – **'દોઆબ'**

(24) સિંધુ નદીથી તિસ્તા નદી સુધી પથરાયેલી પટ્ટીને શું કહે છે?

– **'ભાબર'**

(25) ભાબર પછી કયું ક્ષેત્ર આવેલું છે? – **તરાઈનું**

(26) મેદાનોના જૂના કાંપને શું કહે છે? – **'બાંગર'**

(27) પૂરનાં મેદાનોનો નવો કાંપ શું કહેવાય છે? – **'ખદર'**

(28) ભારતનો પ્રાચીનતમ ભાગ કયો છે? – **દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ**

(29) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ કઈ રીતે વિસ્તરેલો છે? – **ઊંધા ત્રિકોણાકારે**

(30) દક્ષિણના ઉચ્ચપ્રદેશની ત્રણે બાજુએ સમુદ્રો આવેલા હોવાથી તેને શું કહેવામાં આવે છે? – **દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ**

(31) માળવાના ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં કઈ ગિરિમાળા આવેલી છે? – **અરવલ્લીની ગિરિમાળા**

(32) અરવલ્લીની ગિરિમાળામાં કયું ગિરિમથક આવેલું છે? – **માઉન્ટ આબુ**

(33) અરવલ્લી પર્વતનું સૌથી ઊંચું શિખર કયું છે? – **ગુરુશિખર**

(34) પશ્ચિમઘાટને મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં શું કહે છે? – **સહ્યાદ્રિ**

(35) પશ્ચિમઘાટને તમિલનાડુમાં કયા નામે ઓળખવામાં આવે છે? – **નીલગિરિના નામે**

(36) પશ્ચિમઘાટને કેરલ અને તમિલનાડુની સીમા પર કયા નામથી ઓળખવામાં આવે છે? – **અન્નામલાઈ અને કાર્ડેમમ**

(37) દખ્ખણના ઉચ્ચપ્રદેશની પૂર્વ સીમાને શું કહે છે? – **પૂર્વઘાટ**

(38) દખ્ખણના ઉચ્ચપ્રદેશની મોટા ભાગની નદીઓ પૂર્વ તરફ વહીને કોને મળે છે? – **બંગાળાની ખાડીને**

(39) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ ક્યાંથી ક્યાં સુધી મેદાનોની સાંકડી પટ્ટીથી ઘેરાયેલો છે? – **કચ્છથી ઓડિશા**

(40) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ ગોવાથી દક્ષિણમાં કયા નામે ઓળખાય છે? – **મલબાર તટના નામે**

(41) દક્ષિણમાં કેરલના તટ પર જોવા મળતા પશ્ચજળ(Back water)ને સ્થાનિક ભાષામાં શું કહે છે? – **કાયલ**

(42) દક્ષિણે આંધ્ર પ્રદેશ અને તમિલનાડુનો તટીય પ્રદેશ કયા નામથી જાણીતો છે? – **કોરોમંડલ તટ**

(43) ભારતના મુખ્ય દ્વીપસમૂહો કયા કયા છે? – **અંદમાન-નિકોબાર અને લક્ષદ્વીપ**

(44) ઘોડાની નાળ જેવા પરવાળા દ્વીપોને શું કહે છે? – **ઍટૉલ**

(45) અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો ક્યાં આવેલા છે? – **બંગાળાની ખાડીમાં**

(46) લક્ષદ્વીપ દ્વીપસમૂહો ક્યાં આવેલા છે? – **કેરલ તટથી થોડે દૂર અરબી સમુદ્રમાં**

(47) ઉત્તરના ફળદ્રુપ કાંપના મેદાનને શું કહેવામાં આવે છે? – **અનાજનો ભંડાર**

(48) દક્ષિણ ભારતનો ઉચ્ચપ્રદેશ કયા સંસાધનથી સમૃદ્ધ છે? – **ખનીજ**

(49) અરવલ્લી અને વિંધ્યાચળની વચ્ચે કયો ઉચ્ચપ્રદેશ આવેલો છે? – **માળવાનો**

(50) લોખંડ, તાંબું, સોનું, ચાંદી વગેરે ખનીજો કયા ખડકોમાંથી મળે છે? – **આગ્નેય**

(51) કોલસો, ખનીજ તેલ અને કુદરતી વાયુ કયા ખડકોમાંથી મળે છે? – **પ્રસ્તર**

(52) સ્લેટ, આરસપહાણ અને હીરા કયા ખડકોમાંથી મળે છે? – **રૂપાંતરિત**

(53) ખેતી માટેનું મૂળભૂત સંસાધન કયું છે? – **જમીન**

(54) પૃથ્વીના પોપડાના ઉપરના પાતળા સ્તરને શું કહે છે? – **જમીન**

(55) ભૂમિ-આવરણમાં રહેલા ખડકોના નાના-મોટા ટુકડા, કાંકરા, માટી, રજ વગેરે કયા નામે ઓળખાય છે? – **રેગોલિથ**

(56) નદીઓના નિક્ષેપણથી તૈયાર થતી નવા કાંપની જમીનને શું કહે છે? – **ખદર**

(57) જૂના કાંપની જમીનને શું કહે છે? – **બાંગર**

(58) કઈ જમીન રૂપાંતરિત ખડકો દ્વારા તૈયાર થયેલી છે? – **કાળી જમીન**

(59) કઈ જમીન 'કપાસની જમીન' તરીકે જાણીતી છે? – **કાળી જમીન**

(60) કઈ જમીન 'રેગુર' નામે પણ ઓળખાય છે? – **કાળી જમીન**

(61) પડખાઉ જમીનનું બીજું નામ શું છે? – **લેટેરાઇટ જમીન**

(62) કઈ જમીનમાં જૈવિક દ્રવ્યોનું પ્રમાણ વધારે હોય છે? – **પર્વતીય જમીનમાં**

(63) કઈ જમીનમાં ક્ષારકણોની અધિકતા અને જૈવિક પદાર્થોની ઓછપ જોવા મળે છે? – **રણપ્રકારની જમીનમાં**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ભારતનું સર્વોચ્ચ શિખર	a. ગ્રેનાઇટ
2. જૈન્તિયા ટેકરીઓ	b. આરસપહાણ
3. નીલગિરિ	c. મેઘાલય
4. આગ્નેય ખડક	d. ગોડવિન ઑસ્ટિન (K2)
	e. તમિલનાડુ

ઉત્તર : (1 – d), (2 – c), (3 – e), (4 – a).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. માઉન્ટ એવરેસ્ટ	a. દાર્જિલિંગ
2. મધ્ય હિમાલયનું ગિરિમથક	b. અરુણાચલ પ્રદેશ
3. પતકાઈ ટેકરીઓ	c. દિલ્લી
4. ગંગાના મેદાનનું પ્રવેશદ્વાર	d. 'સાગર મથ્થા'
	e. મેઘાલય

ઉત્તર : (1 – d), (2 – a), (3 – b), (4 – c).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. માઉન્ટ આબુનું સૌથી ઊંચું શિખર	a. ઉત્તર સિરકાર તટ
2. કચ્છના રણમાં લુપ્ત થતી નદી	b. કાયલ
3. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં પશ્ચિમઘાટ	c. સહ્યાદ્રિ
	d. બનાસ
4. કેરલના તટ પર પશ્ચજળ	e. ગુરુશિખર

ઉત્તર : (1 – e), (2 – d), (3 – c), (4 – b).

(4)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ઘોડાની નાળ જેવા પરવાળા દ્વીપો	a. આગ્નેય ખડકો
2. અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો	b. રૂપાંતરિત ખડકો
3. પ્રાથમિક અથવા આદ્ય ખડકો	c. 'ઍટૉલ'
4. આરસપહાણ	d. બંગાળાની ખાડી
	e. પ્રસ્તર ખડકો

ઉત્તર : (1 – c), (2 – d), (3 – a), (4 – b).

(5)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. જૂના કાંપની જમીન	a. ખદર
2. નવા કાંપની જમીન	b. કોરોમંડલ તટ
3. પવિત્ર યાત્રાધામ	c. ઉત્તર સરકાર
4. આંધ્ર પ્રદેશ અને તમિલનાડુનો તટીય પ્રદેશ	d. બાંગર
	e. માનસરોવર

ઉત્તર : (1 – d), (2 – a), (3 – e), (4 – b).

(6)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. કાળી જમીન	a. લોહ અને ઍલ્યુમિનિયમ
2. રાતી જમીન	b. ખનીજ તેલ
3. પડખાઉ જમીન	c. રેગુર
4. પ્રસ્તર ખડકો	d. ગ્રૅફાઇટ
	e. લોહતત્ત્વ

ઉત્તર : (1 – c), (2 – e), (3 – a), (4 – b).

(7)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. સંચાલનશક્તિ માટેનું ખનીજ	a. મૅંગેનીઝ
2. અધાતુમય ખનીજ	b. મૅગ્નેશિયમ
3. હલકી ધાતુમય ખનીજ	c. તાંબું
4. મિશ્રધાતુના રૂપે વપરાતું ખનીજ	d. ફ્લોરસ્પાર
	e. યુરેનિયમ

ઉત્તર : (1 – e), (2 – d), (3 – b), (4 – c).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. વિશ્વનું સર્વોચ્ચ શિખર કયું છે?
A. કાંચનજંગા B. માઉન્ટ એવરેસ્ટ
C. K2 D. ધવલગિરિ

2. ભારતમાં આવેલું બૃહદ હિમાલયનું સર્વોચ્ચ શિખર કયું છે?
A. કાંચનજંગા B. K2 (ગોડવિન ઑસ્ટિન)
C. ધવલગિરિ D. માઉન્ટ એવરેસ્ટ

* **3.** પતકાઈ ટેકરીઓ : અરુણાચલ પ્રદેશ : : લુશાઈ : .....
A. નાગાલૅન્ડ B. મણિપુર C. મિઝોરમ D. મેઘાલય

4. સામાન્ય રીતે બે નદીઓની વચ્ચેની ભૂમિને શું કહે છે?
A. બાંગર B. દોઆબ C. દ્વીપકલ્પ D. દૂન

5. ઉત્તર ભારતના વિશાળ મેદાની પ્રદેશના જૂના કાંપને શું કહે છે?
A. ભાબર B. ખદર C. તરાઈ D. બાંગર

6. ઉત્તર ભારતના વિશાળ મેદાની પ્રદેશનાં પૂરનાં મેદાનોના નવા કાંપને શું કહે છે?
A. ખદર B. તરાઈ C. બાંગર D. ભાબર

* **7.** અરવલ્લી અને વિંધ્યાચળની વચ્ચે કયો ઉચ્ચપ્રદેશ આવેલો છે?
A. છોટાનાગપુરનો B. માળવાનો
C. દખ્ખણનો D. શિલૉંગનો

8. છોટાનાગપુરનો ઉચ્ચપ્રદેશ કયા રાજ્યમાં છે?
A. બિહાર B. મધ્ય પ્રદેશ C. ઝારખંડ D. છત્તીસગઢ

* **9.** નીચેનાં વિધાનોમાંથી કયું વિધાન સાચું છે?
A. પશ્ચિમઘાટ ઉત્તર ક્ષેત્રમાં વધુ ઊંચાઈ ધરાવે છે.
B. કર્ણાટકમાં પશ્ચિમઘાટને નીલગિરિ કહે છે.
C. પશ્ચિમઘાટ અરબ સાગરને કિનારે અવિછિન્નરૂપે ઉત્તર-દક્ષિણમાં વ્યાપ્ત છે.
D. કેરલ અને તમિલનાડુની સીમા પર પશ્ચિમઘાટને સહ્યાદ્રિ કહે છે.

10. પશ્ચિમનું તટીય મેદાન ગોવાથી દક્ષિણે કયા નામે ઓળખાય છે?
A. કોરોમંડલ B. કોંકણ C. મલબાર D. દક્ષિણ સરકાર

ઉત્તર : **1.** માઉન્ટ એવરેસ્ટ **2.** K2 (ગોડવિન ઑસ્ટિન)
3. મિઝોરમ **4.** દોઆબ
5. બાંગર **6.** ખદર
7. માળવાનો **8.** ઝારખંડ
9. પશ્ચિમઘાટ અરબ સાગરને કિનારે અવિછિન્નરૂપે ઉત્તર-દક્ષિણમાં વ્યાપ્ત છે. **10.** મલબાર

---

11. ભારતનો કયો પ્રાકૃતિક વિભાગ ખનીજોનો ભંડાર છે?
A. ઉત્તરના વિશાળ પર્વતો B. દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ
C. ઉત્તરનું મેદાન D. દરિયાકિનારાનાં મેદાનો

* **12.** નીચેનાંમાંથી એક જોડકું સાચું છે. તે શોધીને ઉત્તર લખો.

'અ'	'બ'
1. પ્રસ્તર ખડક	a. ગ્રેનાઇટ
2. રૂપાંતરિત ખડક	b. ચૂનાનો ખડક
3. આગ્નેય ખડક	c. આરસપહાણ (માર્બલ)

A. (1 – b), (2 – c), (3 – a)
B. (1 – a), (2 – c), (3 – b)
C. (1 – c), (2 – b), (3 – a)
D. (1 – b), (2 – a), (3 – c)

* **13.** નીચેનાંમાંથી કયું વિધાન ખોટું છે? શોધો.
A. કશીશ : સોનું, ચાંદી, પ્લૅટિનમ કીમતી ધાતુમય ખનીજો છે.
B. કિન્ની : બૉક્સાઇટ, ટીટાનિયમ અને મૅગ્નેશિયમ વગેરે હલકી ધાતુમય ખનીજો છે.
C. ધ્રુવી : ટંગસ્ટન, મૅંગેનીઝ અને ક્રોમિયમ વગેરે અધાતુમય ખનીજો છે.
D. નિધિ : સીસું, તાંબું અને લોખંડ વગેરે સામાન્ય ઉપયોગમાં લેવાતાં ખનીજો છે.

14. નીચેનામાંથી કયું ખનીજ અધાતુમય ખનીજ છે?
A. તાંબું B. ફ્લોરસ્પાર C. મૅંગેનીઝ D. બૉક્સાઇટ

15. ખેતી માટે મૂળભૂત સંસાધન કયું છે?
A. વૃષ્ટિ B. જમીન C. ખાતર D. આબોહવા

16. કઈ જમીન દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની ભેટ ગણાય છે?
A. કાળી B. રાતી C. પડખાઉ D. કાંપની

17. હિમાલય પર્વતીય પ્રદેશની ઉત્તર તરફની હારમાળા કયા નામે ઓળખાય છે?
A. બૃહદ હિમાલય B. બાહ્ય હિમાલય
C. મધ્ય હિમાલય D. ભારત-ચીન હિમાલય

18. વિશ્વનો સૌથી ઊંચો પર્વત કયો છે?
A. રૉકીઝ B. આલ્પ્સ C. ઍન્ડીઝ D. હિમાલય

19. નીચેના પૈકી કયો ઘાટ બૃહદ હિમાલયમાં આવેલો છે?
A. શિપ્કી લા B. થળઘાટ
C. બોરઘાટ D. ખૈબરઘાટ

20. પવિત્ર યાત્રાધામ માનસરોવર ક્યાં આવેલું છે?
A. શિવાલિકમાં B. પશ્ચિમઘાટમાં
C. મધ્ય હિમાલયમાં D. બૃહદ હિમાલયમાં

ઉત્તર : **11.** દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ **12.** (1 – b), (2 – c), (3 – a)
13. ધ્રુવી : ટંગસ્ટન, મૅંગેનીઝ અને ક્રોમિયમ વગેરે અધાતુમય ખનીજો છે.
14. ફ્લોરસ્પાર **15.** જમીન
16. રાતી **17.** બૃહદ હિમાલય
18. હિમાલય **19.** શિપ્કી લા
20. બૃહદ હિમાલયમાં

---

21. ગંગોત્રી, યમનોત્રી, બદરીનાથ, કેદારનાથ વગેરે ઉત્તર ભારતનાં પવિત્ર યાત્રાધામો કઈ પર્વતશ્રેણીમાં આવેલાં છે?
A. મધ્ય હિમાલય B. બાહ્ય હિમાલય
C. પૂર્વ હિમાલય D. બૃહદ હિમાલય

22. શિવાલિક હારમાળામાં કંકર, પથ્થરો અને જાડા કાંપથી ઢંકાયેલી ખીણ રચનાને સ્થાનિક ભાષામાં શું કહે છે?
A. દોઆબ B. દૂન (DUN) C. બાંગર D. ભાબર

23. ગંગાના મેદાનનું પ્રવેશદ્વાર કોને કહેવામાં આવે છે?
A. દિલ્લીને B. ચંડીગઢને C. હરદ્વારને D. આગરાને

24. કઈ ગિરિમાળા વિશ્વની પ્રાચીનતમ ગિરિમાળાઓ પૈકીની એક છે?
A. વિંધ્યાચળ B. સહ્યાદ્રિ C. નીલગિરિ D. અરવલ્લી

25. અરવલ્લી કયા પ્રકારનો પર્વત છે?
A. ગેડ B. ખંડ C. અવશિષ્ટ D. જ્વાળામુખી

26. માઉન્ટ આબુ કઈ ગિરિમાળામાં આવેલું હવા ખાવાનું સ્થળ છે?
A. અરવલ્લી B. નીલગિરિ C. અન્નામલાઈ D. સહ્યાદ્રિ

27. કૃષ્ણા, ગોદાવરી અને કાવેરી નદીઓ કઈ જળરાશિને મળે છે?
A. અરબ સાગરને B. હિંદ મહાસાગરને
C. ખંભાતના અખાતને D. બંગાળાની ખાડીને

28. લક્ષદ્વીપ દ્વીપસમૂહો ક્યાં આવેલા છે?
A. ખંભાતના અખાતમાં B. અરબ સાગરમાં
C. બંગાળાની ખાડીમાં D. હિંદ મહાસાગરમાં

29. અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો ક્યાં આવેલા છે?
A. અરબ સાગરમાં B. હિંદ મહાસાગરમાં
C. મન્નારના અખાતમાં D. બંગાળાની ખાડીમાં

30. કયો પ્રાકૃતિક વિભાગ ભારતનો અન્નભંડાર છે?
A. દખ્ખણનો ઉચ્ચપ્રદેશ B. મધ્યવર્તી ઉચ્ચભૂમિ
C. તટીય મેદાનો D. ઉત્તરનું મેદાન

ઉત્તર : **21.** મધ્ય હિમાલય **22.** દૂન (DUN)
23. દિલ્લીને **24.** અરવલ્લી
25. ગેડ **26.** અરવલ્લી
27. બંગાળાની ખાડીને **28.** અરબ સાગરમાં
29. બંગાળાની ખાડીમાં **30.** ઉત્તરનું મેદાન

---

31. ભારતનો કયો પ્રાકૃતિક વિભાગ ખનીજોનો ભંડાર છે?
A. ઉત્તરના વિશાળ પર્વતો B. દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ
C. ઉત્તરનું મેદાન D. દરિયાકિનારાનાં મેદાનો

32. બેસાલ્ટ કયા પ્રકારનો ખડક છે?
A. રૂપાંતરિત B. રાસાયણિક C. આગ્નેય D. પ્રસ્તર

33. લોખંડ, તાંબું, જસત, સોનું, ચાંદી વગેરે ખનીજો કયા ખડકમાંથી મળે છે?
A. રૂપાંતરિત B. આગ્નેય C. રાસાયણિક D. પ્રસ્તર

34. કોલસો, ખનીજ તેલ, કુદરતી વાયુ વગેરે કયા ખડકમાંથી મળે છે?
A. રાસાયણિક B. રૂપાંતરિત C. આગ્નેય D. પ્રસ્તર

35. સ્લેટ, આરસપહાણ, હીરા વગેરે કયા ખડકમાંથી મળે છે?
A. પ્રસ્તર B. રાસાયણિક C. રૂપાંતરિત D. આગ્નેય

36. કાળી જમીન બીજા કયા નામે ઓળખાય છે?
A. ખદર B. પડખાઉ C. રેગુર D. બાંગર

37. કઈ જમીન રેતાળ, છિદ્રાળુ અને જૈવિક દ્રવ્યોના અભાવવાળી હોય છે?
A. કાળી B. રાતી C. પહાડી D. પડખાઉ

38. કઈ જમીન અપરિપક્વ અને ઓછા કસવાળી હોય છે?
A. પહાડી B. રાતી C. કાળી D. પડખાઉ

39. કયા પ્રકારની જમીનમાં ક્ષારકણોની અધિકતા અને જૈવિક પદાર્થોની ઓછપ જોવા મળે છે?
A. કાંપની B. રાતી C. કાળી D. રણપ્રકારની


40. નીચેનામાંથી કઈ ધાતુ વજનમાં હલકી છે?
A. સીસું B. વેનેડિયમ
C. પ્લૅટિનમ D. ટીટાનિયમ

41. સંચાલનશક્તિ માટે ઉપયોગમાં લેવાતું ખનીજ કયું છે?
A. યુરેનિયમ B. અબરખ
C. મૅંગેનીઝ D. નિકલ

ઉત્તર : **31.** દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ **32.** આગ્નેય
33. આગ્નેય **34.** પ્રસ્તર
35. રૂપાંતરિત **36.** રેગુર
37. પહાડી **38.** પહાડી
39. રણપ્રકારની **40.** ટીટાનિયમ
41. યુરેનિયમ


(બ) માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં છાયાંકિત જમીનનો પ્રકાર જણાવો.



A. કાંપની જમીન
B. કાળી જમીન
C. રાતી જમીન
D. લેટેરાઇટ જમીન
ઉત્તર : C

2. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં છાયાંકિત જમીનનો પ્રકાર જણાવો.



A. રાતી જમીન
B. પડખાઉ જમીન
C. કાંપની જમીન
D. કાળી જમીન
ઉત્તર : D

3. ઉત્તરથી શરૂ કરી દક્ષિણ તરફ આવેલા પહાડોનો સાચો ક્રમ કયો છે?
A. નીલગિરિ, અન્નામલાઈ, કાર્ડેમમ
B. નીલગિરિ, કાર્ડેમમ, અન્નામલાઈ
C. અન્નામલાઈ, નીલગિરિ, કાર્ડેમમ
D. કાર્ડેમમ, નીલગિરિ, અન્નામલાઈ
ઉત્તર : A

4. દક્ષિણથી શરૂ કરી ઉત્તર તરફ આવેલા પહાડોનો સાચો ક્રમ કયો છે?
A. નીલગિરિ, સહ્યાદ્રિ, અન્નામલાઈ
B. અન્નામલાઈ, સહ્યાદ્રિ, નીલગિરિ
C. અન્નામલાઈ, નીલગિરિ, સહ્યાદ્રિ
D. સહ્યાદ્રિ, અન્નામલાઈ, નીલગિરિ
ઉત્તર : C

5. કીમતી ધાતુમય ખનીજોનો સાચો ક્રમ કયો છે?
A. લોખંડ, તાંબું, સીસું
B. સોનું, રૂપું (ચાંદી), પ્લૅટિનમ
C. મૅગ્નેશિયમ, બૉક્સાઇટ, ટીટાનિયમ
D. ક્રોમિયમ, મૅંગેનીઝ, ટંગસ્ટન
ઉત્તર : B

15 જળપરિવાહ

પ્રકરણસાર

- નદી અને તેની શાખા-પ્રશાખાઓનું ક્રમબદ્ધ રીતે ગોઠવાયેલા સામૂહિક તંત્રને **'જળપરિવાહ પ્રણાલી'** કહે છે.
- જે કોઈ પર્વતધાર કે ઉચ્ચ ભૂમિ વડે બે પડોશી જળપરિવાહ અલગ થાય છે, તે પર્વતધાર કે ઉચ્ચ ભૂમિને **'જળવિભાજક'** કહે છે.
- ભારતની નદી પ્રણાલીને બે પ્રકારોમાં વહેંચી શકાય : (1) **હિમાલયની નદીઓ** અને (2) **દ્વીપકલ્પીય નદીઓ.**
- **હિમાલયની નદીઓ**નાં બેસિન (ખીણક્ષેત્રો) મોટાં છે. અનેક નદીઓએ હિમાલયમાં તીવ્ર ઢોળાવવાળી ઊંડી ખીણો અને વિશિષ્ટ કોતરો બનાવ્યાં છે. આ નદીઓ બારમાસી છે. તેમાં ચોમાસામાં **વરસાદથી** અને ઉનાળામાં હિમાલયનાં શિખરોનો **બરફ પીગળવાથી** પાણી આવ્યા કરે છે.
- હિમાલયની નદીઓ તેના ઉદ્ભવસ્થાનેથી નીકળીને સમુદ્રને મળે છે ત્યાં સુધીનો જળમાર્ગ ઘણો લાંબો છે.
- નદીપરિવાહની મુખ્ય ત્રણ અવસ્થાઓ છે : (1) ઉપરવાસ, (2) મધ્યસ્થ ભાગ અને (3) હેઠવાસ.
- નદીઓના વિસર્પણને લીધે તેમજ પૂરના પ્રભાવથી મેદાનોમાં **ઘોડાની નાળ** જેવા આકારનાં **સરોવરો** રચાય છે.
- નદી મુખપ્રદેશ આગળ અનેક શાખાઓમાં વિભાજિત થાય છે. કાળક્રમે એ ભાગમાં ત્રિકોણ આકારનો અતિશય ફળદ્રુપ પ્રદેશ બને છે, તેને **'ડેલ્ટા'** (Delta) કહે છે.
- **દ્વીપકલ્પની નદીઓ** છીછરી ખીણોમાં થઈને વહે છે. તેમાંની મોટા ભાગની નદીઓ હંગામી (મોસમી) હોય છે. ઉનાળાની સૂકી ઋતુમાં મોટી નદીઓમાં પણ પાણી ઘણું ઓછું થઈ જાય છે. મોટા ભાગની નદીઓ પશ્ચિમઘાટમાંથી નીકળી, પૂર્વ તરફ વહીને બંગાળાની ખાડીને મળે છે.
- હિમાલયની નદીઓને ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (1) સિંધુ નદી પ્રણાલી, (2) ગંગા નદી પ્રણાલી અને (3) બ્રહ્મપુત્ર નદી પ્રણાલી.

(1) સિંધુ નદી પ્રણાલી : સિંધુ તિબેટમાં કૈલાસ માનસરોવર પાસેથી નીકળી ઉત્તર-પશ્ચિમ તરફ વહે છે. જમ્મુ-કશ્મીરમાં તેને જાસ્કાર, શ્યોક, નૂબરા, ગિલગિટ, હુંજા વગેરે નદીઓ મળે છે. પાકિસ્તાનમાં તેને પંજાબની પાંચ નદીઓ – સતલુજ, બિયાસ, રાવી, ચિનાબ અને ઝેલમનો સંયુક્ત પ્રવાહ પંજનદ મિથાનકોટ પાસે મળે છે. એ પછી સિંધુ નદી અરબ સાગરને મળે છે. સિંધુના બેસિનનો ત્રીજો ભાગ ભારતમાં જમ્મુ-કશ્મીર, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં આવેલો છે.

(2) ગંગા નદી પ્રણાલી : ઉત્તરાખંડમાં **દેવપ્રયાગ** પાસે **અલકનંદા** અને **ભાગીરથી** નદીઓનો સંયુક્ત પ્રવાહ **ગંગા** નામે ઓળખાય છે. તે **હરદ્વાર** પાસે મેદાનમાં પ્રવેશે છે.

તેને ઉત્તરે નેપાળ તરફથી આવીને **ઘાઘરા, ગંડક** અને **કોસી** નદીઓ મળે છે. આ નદીઓ મોટા પ્રમાણમાં જળવિદ્યુત પેદા કરવાની અને સિંચાઈ માટે પાણી આપવાની ક્ષમતા ધરાવે છે.

ગંગાના જમણા કિનારે **અલાહાબાદ** પાસે ગંગા અને **યમુનાનો** તથા **પટના** પાસે ગંગા અને **સોન**નો સંગમ થાય છે.

પશ્ચિમ બંગાળમાં **ફરાક્કા** પાસે ગંગા બે ફાંટાઓમાં વહેંચાઈ જાય છે. તેનો મુખ્ય ફાંટો આગળ દક્ષિણ-પૂર્વ તરફ વહીને **'પદ્મા'** નામથી બાંગ્લાદેશમાં પ્રવેશ કરે છે. દક્ષિણ તરફનો બીજો ફાંટો **'ભાગીરથી-હુગલી'** નામે પશ્ચિમ બંગાળમાં વહી બંગાળાની ખાડીને મળે છે.

પદ્માને બાંગ્લાદેશમાં **બ્રહ્મપુત્ર** મળે છે. આગળ વધતાં તેને **મેઘના** મળે છે. ત્યાંથી બંગાળાની ખાડી સુધીનો તેનો સંયુક્ત પ્રવાહ **'મેઘના'** નામે જ ઓળખાય છે.

ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓએ ફળદ્રુપ મુખત્રિકોણપ્રદેશ બનાવ્યો છે, જે 'સુંદરવન'ના નામે ઓળખાય છે.

(3) બ્રહ્મપુત્ર નદી પ્રણાલી : બ્રહ્મપુત્ર નદી તિબેટમાં સિંધુ અને સતલુજના ઉદ્ગમની નજીક નીકળે છે. તે સિંધુથી સહેજ વધારે લાંબી છે. તિબેટમાં તે હિમાલયને સમાંતર પૂર્વ તરફ વહી **નામચા બરવા** શિખરની ફરતે અંગ્રેજી અક્ષર **'U'** જેવો વળાંક લઈ અરુણાચલ પ્રદેશમાં પ્રવેશે છે. અહીં તેણે **5500 મીટર** ઊંડી કોતર જેવી ખીણ બનાવી છે. ભારતમાં તે અરુણાચલ પ્રદેશ અને અસમમાં થઈને વહે છે. અહીં તેને ઘણી નદીઓ મળે છે.

તિબેટમાં તે **'ત્સાંગપો'**, અરુણાચલ પ્રદેશમાં **'સિતાંગ'** કે **'દિહાંગ'**, અસમમાં **'બ્રહ્મપુત્ર'** અને બાંગ્લાદેશમાં **'જમુના'** નામે ઓળખાય છે.

ત્સાંગપોમાં પાણી અને કાંપ ઓછાં હોય છે, પણ ભારતમાં તે ભારે વરસાદવાળા પ્રદેશમાં થઈને વહેતી હોવાથી તેમાં પુષ્કળ પાણી અને કાંપ હોય છે.

અસમમાં તે એકબીજા સાથે ગૂંથાયેલા ફાંટાઓમાં વહેંચાઈને એક **ગુંફિત નદી** (Braided river) સ્વરૂપે વહે છે. તેના પ્રવાહની વચ્ચે કેટલાક મોટા દ્વીપ પણ બનેલા છે.

ચોમાસામાં બ્રહ્મપુત્રમાં અવારનવાર ભારે પૂર આવે છે ત્યારે અસમ અને બાંગ્લાદેશમાં ભયંકર તારાજી સર્જાય છે.

- દ્વીપકલ્પીય ભારતમાં **પશ્ચિમઘાટ** મુખ્ય જળવિભાજક છે. તે પશ્ચિમ કિનારાથી ઘણો નજીક છે. પશ્ચિમઘાટની પશ્ચિમે અનેક નાની નાની નદીઓ વહે છે.
- દ્વીપકલ્પની **મહાનદી, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી** વગેરે મોટા ભાગની મોટી નદીઓ **પૂર્વ** તરફ વહી બંગાળાની ખાડીને મળે છે. નર્મદા અને તાપી નદીઓ **પશ્ચિમ** તરફ વહે છે.
- દ્વીપકલ્પીય નદીઓનાં પ્રવાહ-ક્ષેત્રો (બેસિન) પ્રમાણમાં નાનાં છે.
- **નર્મદા બેસિન :** નર્મદા **અમરકંટક** પાસેથી નીકળી એક ફાટમાં થઈને લગભગ **1312 કિમી** દૂર વહે છે અને અરબ સાગરને મળે છે. માર્ગમાં નર્મદા નદીએ **ધુંઆધાર** નામના જળધોધની રચના કરી છે. તેનું બેસિન મધ્ય પ્રદેશ અને ગુજરાત પૂરતું સીમિત છે.
- **તાપી બેસિન :** તાપી નદી મધ્ય પ્રદેશના બેતૂલ જિલ્લામાંથી નીકળી નર્મદાને સમાંતર એક ફાટખીણમાં વહીને અરબ સાગરને મળે છે. તેનું બેસિન મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં છે.
- **ગોદાવરી બેસિન :** ગોદાવરી ભારતીય દ્વીપકલ્પની **સૌથી મોટી** નદી છે. તેની લંબાઈ આશરે **1465 કિમી** છે. તે **દ્વીપકલ્પમાં સૌથી મોટું** બેસિન ક્ષેત્ર ધરાવે છે. તેનો **50 %** ભાગ મહારાષ્ટ્રમાં અને બાકીનો આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશામાં છે.

  ગોદાવરીની શાખા-નદીઓમાં પૂર્ણા, માંજરા, પેનગંગા, વર્ધા, વેનગંગા, **પ્રાણહિતા** અને ઇંદ્રાવતી મુખ્ય છે. ગોદાવરી તેના લાંબા માર્ગ અને વિસ્તૃત બેસિનને કારણે **'દક્ષિણની ગંગા'** કહેવાય છે.
- **મહાનદી બેસિન :** મહાનદી છત્તીસગઢના પહાડી ક્ષેત્રમાંથી નીકળી ઓડિશામાં થઈને બંગાળાની ખાડીને મળે છે. તેની લંબાઈ **860 કિમી** છે. તેનું બેસિન ક્ષેત્ર છત્તીસગઢ, ઝારખંડ અને ઓડિશામાં છે.
- **કૃષ્ણા બેસિન :** કૃષ્ણા નદી **મહાબળેશ્વર** પાસેથી નીકળી લગભગ **1400 કિમી** વહીને બંગાળાની ખાડીને મળે છે. **કોયના**, ઘાટપ્રભા, **ભીમા, તુંગભદ્રા**, મુસી વગેરે તેની શાખા-નદીઓ છે. તેનું બેસિન ક્ષેત્ર મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં છે.
- **કાવેરી બેસિન :** કાવેરી નદી પશ્ચિમઘાટની **બ્રહ્મગિરિ** શ્રેણી-માંથી નીકળીને **760 કિમી** વહી જૂના કાવેરીપટ્નમની પાસે બંગાળાની ખાડીને મળે છે. તેનું બેસિન ક્ષેત્ર કર્ણાટક, કેરલ અને તમિલનાડુમાં છે.
- આ સિવાય **દામોદર, પેન્નેરુ, સુવર્ણરેખા, મહી** વગેરે નાની નદીઓનાં બેસિન ક્ષેત્રો છે.
- **ભારતનાં સરોવરો :** ભારતમાં કુદરતી સરોવરો પ્રમાણમાં ઓછાં છે. મીઠા પાણીનાં મોટા ભાગનાં સરોવરો **હિમાલય** ક્ષેત્રમાં છે. તે મુખ્યત્વે હિમનદીઓથી બન્યાં છે.
- જમ્મુ-કશ્મીરનું **વુલર** સરોવર ભારતમાં મીઠા પાણીનું સૌથી મોટું કુદરતી સરોવર છે. **ડાલ** સરોવર, **ભીમતાલ, નૈનિતાલ, લોકતક, કોલેરુ** તથા **બડાપાની** મહત્ત્વનાં અન્ય સરોવરો છે.
- સમુદ્રની ભરતીના કારણે ભારતના પૂર્વ કિનારે ચિલિકા (ચિલ્કા), કોલેરુ અને પુલિકટ જેવાં લગૂન (પશ્ચજળ) સરોવરો રચાયાં છે.
- રાજસ્થાનનું **સાંભર** ખારા પાણીનું સરોવર છે. તેના પાણીમાંથી મીઠું પકવાય છે.
- ભારતનાં અનેક માનવરચિત સરોવરો નદીઓ પર બંધ બાંધવાથી રચાયેલાં છે.
- **સરોવરોની ઉપયોગિતા :** સિંચાઈ, જલવિદ્યુત, મત્સ્ય ઉદ્યોગ, પ્રવાસન, પીવા અને ઘરવપરાશ, નૌકાવિહાર, દુષ્કાળગ્રસ્ત પરિસ્થિતિ વગેરે માટે સરોવરો ઉપયોગી છે.
- **નદીઓનું આર્થિક મહત્ત્વ :** નદીઓનું પાણી એક કુદરતી સંસાધન છે. પ્રાચીન સંસ્કૃતિઓ નદીકિનારે જ જન્મી અને વિકાસ પામી હતી. નદીનું પાણી ખેતીવાડી માટે ખૂબ જ ઉપયોગી છે. આ ઉપરાંત, તે સિંચાઈ, જલવિદ્યુત, પીવા અને ઘરવપરાશ, કારખાનાં અને ઉદ્યોગો, નૌકાવિહાર વગેરે માટે ઉપયોગી છે.
- **નદીપ્રદૂષણ :** શહેરીકરણ અને ઉદ્યોગીકરણના પરિણામે નદીઓના પાણીના પ્રદૂષણમાં સતત વધારો થઈ રહ્યો છે. નદીપ્રદૂષણ એ દેશની એક રાષ્ટ્રીય સમસ્યા બની છે.
- **જળ-પ્રદૂષણ અટકાવવાના ઉપાયો :** (1) રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના (NRCP) દ્વારા જળ શુદ્ધીકરણના કાર્યક્રમોનો અમલ કરવો. (2) ઔદ્યોગિક એકમો પોતાનું ગંદું પાણી નદીઓમાં ન ઠાલવે તે માટેના કાયદા બનાવવા અને તેનો કડકપણે અમલ કરવો. (3) ઔદ્યોગિક એકમોએ પોતાનું દૂષિત પાણી નદીઓમાં ઠાલવતાં પહેલાં તેમાં રહેલાં હાનિકારક તત્ત્વો નાબૂદ કરવા પ્લાન્ટ્સ બનાવવા. (4) નદીનું પાણી ચોખ્ખું રહે એ માટે ઘરનો કચરો નદીમાં ન ભળે તેની બધા નાગરિકોએ કાળજી રાખવી.


પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

*** (1) સમજાવો : જળપરિવાહ અને જળવિભાજક**

ઉત્તર : ભારતની ભૂપૃષ્ઠ રચનાથી સ્પષ્ટ થાય છે કે પ્રારંભમાં પર્વત કે ડુંગરમાળામાંથી એક નદી નીકળે છે. એ પછી તેના પ્રવાહમાર્ગમાં તેને નાની-મોટી નદીઓ જુદી જુદી દિશાએથી આવીને મળે છે. એ નદીઓ મુખ્ય નદીની શાખા-નદીઓ કહેવાય છે. અંતે આ નદીઓનું પાણી સમુદ્ર, મહાસાગર કે રણપ્રદેશને મળે છે. આ રીતે એક નદીતંત્ર વડે નદીનો પ્રવાહ જે ક્ષેત્ર-વિસ્તારમાંથી પસાર થાય છે, તેને 'નદીનું બેસિન ક્ષેત્ર' કહે છે.

આમ, એક મોટી નદી અને તેની શાખા-પ્રશાખા નદીઓનું ક્રમબદ્ધ રીતે ગોઠવાયેલું સામૂહિક તંત્ર **'જળપરિવાહ પ્રણાલી'** કહેવાય છે. જળપરિવાહમાં મુખ્ય નદી અને તેની શાખા-નદીઓની ગોઠવણી જુદા જુદા પ્રકારની હોય છે.



[જળવિભાજક]

જે કોઈ પર્વતધાર કે ઉચ્ચભૂમિ વડે બે પડોશી જળપરિવાહ અલગ થાય છે, તે પર્વતધાર કે ઉચ્ચભૂમિને **'જળવિભાજક'** કહેવામાં આવે છે.

*** (2) તફાવત આપો : હિમાલયની નદીઓ અને દ્વીપકલ્પીય નદીઓ**

અથવા

હિમાલયની નદીઓ અને દ્વીપકલ્પીય નદીઓનો તફાવત સ્પષ્ટ કરો.

ઉત્તર :

હિમાલયની નદીઓ	દ્વીપકલ્પીય નદીઓ
1. હિમાલયની નદીઓનાં બેસિન મોટાં છે.	1. દ્વીપકલ્પીય નદીઓનાં બેસિન નાનાં છે.
2. આ નદીઓનાં ઉદ્‌ગમસ્થાન ઊંચાં હોવાથી તે પર્વતાવસ્થામાં વેગથી વહે છે. તેમણે પર્વતમાં પુષ્કળ ઘસારો કરી ઊંડી ખીણો અને કોતરો બનાવ્યાં છે. તે ઊંડી ખીણોમાં થઈને વહે છે.	2. આ નદીઓનાં ઉદ્‌ગમસ્થાન પ્રમાણમાં નીચાં હોવાથી તેનો વેગ ઓછો હોય છે. તેના દ્વારા થતો ઘસારો ઓછો હોવાથી તે છીછરી ખીણોમાં થઈને વહે છે.
3. આ નદીઓ બારમાસી છે. તેમાં ચોમાસામાં વરસાદથી અને ઉનાળામાં હિમાલયનાં શિખરોનો બરફ પીગળવાથી પાણી આવ્યા કરે છે.	3. આમાંની મોટા ભાગની નદીઓ હંગામી (મોસમી) છે. તેમાં માત્ર વરસાદનું પાણી આવે છે. તેથી મોટી નદીઓમાં પણ ઉનાળામાં પાણી ઘણું ઓછું થઈ જાય છે.
4. તે પર્વતોમાં તીવ્ર ઘસારો કરી રેતી અને કાંપ મેદાનોમાં ઘસડી લાવે છે, જ્યાં નિક્ષેપણક્રિયાથી પૂરનાં મેદાનો, તટબંધ વગેરે રચાય છે.	4. તે ઓછો ઘસારો કરતી હોવાથી તેના પાણીમાં રેતી અને કાંપનું પ્રમાણ ઓછું હોય છે. આથી નિક્ષેપણ બહુ ઓછું થાય છે.
5. મેદાનપ્રદેશમાં તેના તળમાં થતા નિક્ષેપણથી પ્રવાહમાં ઘણું વિસર્પણ થયા કરે છે.	5. નક્કર ખડકવાળું તળ, ઓછું પાણી અને પ્રવાહમાં નિક્ષેપના અભાવે પ્રવાહનું કોઈ નોંધપાત્ર વિસર्पણ થતું નથી.

(3) સિંધુ નદી પ્રણાલી વિશે સમજાવો.

ઉત્તર : (1) સિંધુ નદી **તિબેટમાં કૈલાસ-માનસરોવર ક્ષેત્ર**માંથી નીકળી ઉત્તર-પશ્ચિમ દિશામાં વહી ભારતમાં **જમ્મુ-કશ્મીર**ના લડાખ અને બલ્તિસ્તાનમાંથી પસાર થાય છે. અહીં તેણે દુર્ગમ કોતરોનું નિર્માણ કર્યું છે. આ ક્ષેત્રમાં તેને **જાસ્કાર, શ્યોક, નૂબરા, ગિલગિટ, હુંજા** વગેરે નદીઓ મળે છે.

(2) જમ્મુ-કશ્મીરમાંથી તે દક્ષિણ દિશા તરફ વળી પાકિસ્તાનમાં બલ્તિસ્તાન અને ગિલગિટ ક્ષેત્રમાં પ્રવેશ કરે છે અને **અટક** શહેર નજીક પર્વતીય ક્ષેત્રની બહાર નીકળે છે. પાકિસ્તાનના પંજાબમાં તેને પંજાબની પાંચ નદીઓ – **ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ** અને **સતલુજ** – નો સંયુક્ત પ્રવાહ **પંજનદ** મિથાનકોટના ઉપરવાસમાં મળે છે. ત્યાંથી આગળ વધી તે કરાંચીની પૂર્વ બાજુએ અરબ સાગરને મળે છે. સિંધુ નદીના મેદાનનો ઢોળાવ ધીમો છે.

(3) સિંધુના બેસિનનો $\frac{1}{3}$ થી વધુ વિસ્તાર ભારતમાં **જમ્મુ-કશ્મીર, હિમાચલ પ્રદેશ** અને **પંજાબ**માં આવેલો છે.

(4) સિંધુ વિશ્વની એક લાંબી નદી છે. તેની લંબાઈ આશરે **2900 કિમી** છે.

*** (4) ગંગા નદી પ્રણાલી વિશે સમજાવો.**

અથવા

ગંગા નદીતંત્ર વિશે નોંધ લખો.

ઉત્તર : (1) હિમાલયના ગંગોત્રીમાંથી નીકળતી **અલકનંદા** અને **ભાગીરથી** નદીઓનો સંગમ **દેવપ્રયાગ** પાસે થાય છે. ત્યાંથી તેમનો સંયુક્ત પ્રવાહ **'ગંગા'** નામે ઓળખાય છે. તે **હરદ્વાર** પાસે મેદાનમાં પ્રવેશે છે.

(2) મેદાનપ્રદેશમાં ઘણી નાની-મોટી નદીઓ ઉત્તર તરફથી આવી ગંગાને મળે છે. તેમાં નેપાળથી આવતી **ઘાઘરા, ગંડક** અને **કોસી** મુખ્ય છે.

(3) હિમાલયના યમનોત્રીમાંથી યમુના નદી નીકળે છે. ગંગાના જમણા કિનારે **પ્રયાગ (અલાહાબાદ)** પાસે **ગંગા અને યમુનાનો** તથા **પટના** પાસે **ગંગા અને શોણ(સોન)નો** સંગમ થાય છે.

(4) પશ્ચિમ બંગાળમાં **ફરાક્કા** પાસે ગંગા બે ફાંટાઓમાં વહેંચાઈ જાય છે. તેનો મુખ્ય ફાંટો દક્ષિણ-પૂર્વ દિશામાં આગળ વધી **'પદ્મા'**ના નામથી બાંગ્લાદેશમાં પ્રવેશ કરે છે. દક્ષિણ તરફનો બીજો ફાંટો **'ભાગીરથી-હુગલી'** નામે પશ્ચિમ બંગાળમાં વહી બંગાળાની ખાડીને મળે છે.

(5) પદ્મા બાંગ્લાદેશમાં બ્રહ્મપુત્રના પ્રવાહની સાથે ભળી જાય છે, જેને અહીં **'જમુના'** કહે છે. ત્યાંથી બંગાળાની ખાડી સુધીનો તેનો સંયુક્ત પ્રવાહ **'મેઘના'** નામે ઓળખાય છે.

(6) ગંગાની લંબાઈ **2500** કિમીથી વધારે છે. **ભારતમાં તેનો બેસિન વિસ્તાર સૌથી મોટો છે.** ઉત્તર ભારતનું મોટા ભાગનું પાણી ગંગાતંત્રમાં વહી બંગાળાની ખાડીમાં જાય છે.

(7) ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓનો મુખત્રિકોણપ્રદેશ ખૂબ જ ફળદ્રુપ છે. તે **'સુંદરવન'**ના નામે ઓળખાય છે.

(5) બ્રહ્મપુત્ર નદી પ્રણાલીની માહિતી આપો.

અથવા

બ્રહ્મપુત્ર નદીતંત્ર વિશે તમે જે જાણતા હો તે લખો.

ઉત્તર : (1) બ્રહ્મપુત્ર નદી **તિબેટ**માં સિંધુ અને સતલુજના ઉદ્ગમની નજીક નીકળે છે. તે સિંધુથી સહેજ વધારે લાંબી છે, પણ તેના પ્રવાહનો મોટો ભાગ ભારતની બહાર છે.

(2) તિબેટમાં તે હિમાલયને સમાંતર પૂર્વ તરફ વહી **નામચા બરવા શિખર(7757 મી)**ની ફરતે અંગ્રેજી **'U'** જેવો વળાંક લઈ **અરુણાચલ પ્રદેશ**માં પ્રવેશે છે. અહીં તેણે પર્વત કોરીને **5500 મીટર** ઊંડી કોતર જેવી ખીણ બનાવી છે. ભારતમાં તે અરુણાચલ પ્રદેશ અને **અસમ**માં થઈને વહે છે. અહીં તેને પાણીથી ભરપૂર એવી ઘણી નદીઓ મળે છે.

(3) તિબેટમાં તે **'ત્સાંગપો'**ના નામે, અરુણાચલ પ્રદેશમાં **'દિહાંગ'** કે **'સિતાંગ'**ના નામે, અસમમાં **'બ્રહ્મપુત્ર'**ના નામે અને બાંગ્લાદેશમાં **'જમુના'** નામે ઓળખાય છે.

(4) તિબેટમાં ત્સાંગપોમાં પાણી અને કાંપ ઓછાં હોય છે, પણ ભારતમાં તે અસમનાં ભારે વરસાદવાળા પ્રદેશમાં થઈને વહેતી હોવાથી તેમાં પુષ્કળ પાણી અને કાંપનો વધારો થાય છે અને વધારામાં તેમાં અનેક શાખા-નદીઓનું પાણી ઠલવાય છે.

(5) અસમમાં બ્રહ્મપુત્ર નદી એકબીજા સાથે ગૂંથાયેલા ફાંટાઓમાં વહેંચાઈને એક **ગુંફિત (Braided)** નદીના સ્વરૂપે વહે છે. આ કારણે તેના પ્રવાહની વચ્ચે કેટલાક મોટા **દ્વીપ** પણ બનેલા છે.

(6) દર વર્ષે ચોમાસામાં બ્રહ્મપુત્ર નદીના જળજથ્થામાં મોટા પ્રમાણમાં વધારો થાય છે. પરિણામે તેમાં અવારનવાર ભારે પૂર આવે છે ત્યારે **અસમ** અને **બાંગ્લાદેશ**માં ભયંકર તારાજી થાય છે.

(6) ભારતનાં સરોવરો વિશે મુદ્દાસર લખો.

ઉત્તર : (1) ભારતમાં અનેક નાનાં-મોટાં સરોવરો છે. (2) ભારતમાં મીઠા પાણીનાં સરોવરો મુખ્યત્વે **હિમાલય**ના ક્ષેત્રમાં છે. તે મોટા ભાગે **હિમનદી**થી બન્યાં છે. પહાડોના ઢોળાવો પર હિમથી ભરાયેલા **ગર્ત**નો હિમ (બરફ) આબોહવા ગરમ થવાથી પીગળી જતાં પાણી ગર્તમાં જ ભરાઈ રહે છે અને સરોવર રચાય છે. (3) કશ્મીરનું **વુલર** સરોવર ભૂગર્ભીય ક્રિયાના કારણે બનેલું છે. **તે ભારતનું મીઠા પાણીનું સૌથી મોટું કુદરતી સરોવર** છે. (4) શ્રીનગરનું **ડાલ** સરોવર, **ભીમતાલ, નૈનિતાલ, લોકતક, બડાપાની** વગેરે મીઠા પાણીનાં મહત્ત્વનાં સરોવરો છે. (5) વિસર્પી નદીઓમાં પૂરના પ્રકોપના કારણે ઘોડાની નાળ જેવાં સરોવરો રચાયાં છે. (6) સમુદ્રની ભરતીના કારણે દરિયાકિનારે **'લગૂન'** સરોવરો રચાયાં છે. (7) ઓડિશાનું ચિલ્કા સરોવર, કોરોમંડલ કિનારાનું **પુલિકટ** સરોવર અને મલબાર કિનારાનું **વેમ્બનાડ** સરોવર ખારા પાણીનાં મોટાં **'લગૂન' (પશ્ચજળ) સરોવરો** છે. તેમાં **ચિલ્કા** સૌથી મોટું છે. તે **ભારતનું સૌથી મોટું કુદરતી સરોવર** છે. (8) રાજસ્થાનનું **સાંભર** ખારા પાણીનું સરોવર છે. **તેના પાણીમાંથી મીઠું પકવાય** છે. (9) ભારતનાં અનેક માનવરચિત સરોવરો નદીઓ પર બંધ બાંધવાથી રચાયેલાં છે.


ભારત
નદીઓ અને સરોવરો
0 200 400 કિમી
ચીન
નામચા બરવા
તિબેટ
ત્સાંગપો
નેપાળ
ભૂતાન
બાંગ્લાદેશ
મ્યાનમાર (બર્મા)
પાકિસ્તાન
વુલર સરોવર
ડાલ સરોવર
સિંધુ
અટક
ઝેલમ
ચિનાબ
રાવી
સતલુજ
બિયાસ
ભાખડા-નંગલ
અંબાલા
હરદ્વાર
માનસરોવર
ચંદિગઢ
જેસલમેર
સાંભર સરોવર
લુણી
ગંગા
યમુના
ઘાઘરા
ગોમતી
ગંડક
કોસી
કાલી
બ્રહ્મપુત્ર
ચંબલ
રાણાપ્રતાપ સાગર
ચંબલ
ગાંધી સાગર
બેતવા
કેન
અલ્લાહાબાદ
સોન (શોણ)
ગંગા-ત્રિભેટો
ઢેબર સરોવર
સાબરમતી
નળ સરોવર
અરવલ્લી
વણાકબોરી
નવાગામ
નર્મદા
ઉકાઈ
તાપી
ઘુંઆધાર ધોધ
ભેડાઘાટ
રિહંદ
દામોદર
ખીણ
મયૂરાક્ષી
પદ્મા
મેઘના
હુગલી
સુવર્ણરેખા
મહાનદી
હીરાકુડ
બ્રાહ્મણી
કાકરાપાર
ગંગાપુર
લોણાર સરોવર
પેનગંગા
ગોદાવરી
ભંડારદરા
આંજરા
કોયના
ભીમા
નિઝામ સાગર
કોલેરુ
કૃષ્ણા
નાગાર્જુન સાગર સરોવર
ગોદાવરીનો મુખત્રિકોણ
કૃષ્ણાનો મુખત્રિકોણ
ગંગાનો મુખત્રિકોણ
મહાનદીનો મુખત્રિકોણ
ચિલ્કા સરોવર
બંગાળાનો ઉપસાગર
અરબ સાગર
તુંગભદ્રા
શરાવતી
ગેરસપ્પા (જોગ)નો ધોધ
પેન્નેરુ
પુલિકટ સરોવર
કૃષ્ણરાજ સાગર
પોનેયાર
શિવસમુદ્રમ
શિવસમુદ્રમ ધોધ
મેત્તુર
કાવેરી
કાવેરીનો મુખત્રિકોણ
ઈડુક્કી
વૈગઈ
વેમ્બનાડ સરોવર
મન્નારનો અખાત
પાલ્ક સામુદ્રધુની (ભારત)
શ્રીલંકા
હિંદ મહાસાગર
સંજ્ઞાસૂચિ
નદી
સરોવર
બંધ યોજના

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) હિમાલયની નદીઓ વિશે ટૂંકમાં માહિતી આપો.

ઉત્તર : (1) હિમાલયની નદીઓનાં ખીણક્ષેત્રો (બેસિન) મોટાં છે. (2) અનેક નદીઓએ હિમાલયમાં તીવ્ર ઢોળાવવાળી ઊંડી ખીણો અને વિશિષ્ટ કોતરો બનાવ્યાં છે. (3) આ નદીઓમાં ચોમાસામાં **વરસાદથી** અને ઉનાળામાં હિમાલયનાં શિખરોનો **બરફ પીગળવાથી** પાણી આવ્યા કરે છે. તેથી તે **બારમાસી – કાયમી** છે. (4) તે પર્વતાવસ્થામાં તીવ્ર ઘસારો કરી રેતી અને કાંપ મેદાનમાં ઘસડી લાવે છે, જ્યાં નિક્ષેપણ-ક્રિયાથી **પૂરનાં મેદાન, ભેખડો, તટબંધ** વગેરે સ્વરૂપો રચાય છે. (5) મેદાનપ્રદેશમાં નદીના તળમાં થતા નિક્ષેપણથી નદીના પ્રવાહમાં **વિસર્પણ (Meandering)** જોવા મળે છે.

(2) ભારતીય દ્વીપકલ્પની નદીઓ વિશે ટૂંકમાં માહિતી આપો.

ઉત્તર : (1) ભારતીય દ્વીપકલ્પની મોટા ભાગની નદીઓના પાણીનો જથ્થો માત્ર વરસાદ પર આધારિત છે. તેથી તે મોસમી કે હંગામી છે. (2) ઉનાળામાં મોટા ભાગની નદીઓમાં પાણી ઓછું થઈ જાય છે કે બંધ થઈ જાય છે. (3) હિમાલયની નદીઓની સરખામણીમાં તેમની લંબાઈ ઓછી છે. (4) તે નદીઓ છીછરી છે. (5) મોટા ભાગની નદીઓ પૂર્વ તરફ વહી બંગાળાની ખાડીને મળે છે. (6) દ્વીપકલ્પીય નદીઓ માટે પશ્ચિમઘાટ મુખ્ય જળવિભાજક છે.

*** (3) નર્મદા બેસિન વિશે જણાવો.** ***અથવા***
નર્મદા બેસિન વિશે ટૂંકમાં માહિતી આપો.

ઉત્તર : (1) નર્મદા નદી **અમરકંટક** પાસેથી નીકળી મધ્ય પ્રદેશમાં એક ફાટખીણમાં વહીને ઉદ્ગમથી લગભગ **1312 કિમી** દૂર આવેલા **અરબ સાગરને** મળે છે. તેના પહોળા મુખમાં લાંબે સુધી દરિયાનું પાણી જાય છે. (2) નર્મદાનું બેસિન **મધ્ય પ્રદેશ** અને **ગુજરાત** પૂરતું સીમિત છે. (3) નર્મદા નદી મધ્ય પ્રદેશમાં **જબલપુર** પાસે આવેલા **ભેડાઘાટના** સંગેમરમર(આરસ)ના ખડકાળ પ્રદેશમાંથી વહે છે. અહીં નર્મદાનો ઢોળાવ ઘણો તીવ્ર હોવાથી ધુંઆધાર નામના ધોધની રચના થઈ છે. (4) નર્મદાની ઘણી શાખા-નદીઓ છે, જેમાંની કોઈ **200 કિમીથી** વધુ લાંબી નથી. મોટા ભાગની નદીઓ નર્મદાને કાટખૂણે મળે છે. (5) નર્મદા અને તેની શાખા-પ્રશાખાઓ મધ્ય પ્રદેશમાં **આયતાકાર જળપરિવાહ પ્રણાલી** બનાવે છે.

(4) ગોદાવરી બેસિન વિશે ટૂંકમાં માહિતી આપો.

ઉત્તર : (1) **ગોદાવરી નદી ભારતીય દ્વીપકલ્પની સૌથી મોટી નદી** છે. તેની લંબાઈ આશરે **1465 કિમી** છે. (2) તે મહારાષ્ટ્રના **નાશિક** જિલ્લાના પશ્ચિમઘાટના ઢોળાવોમાંથી નીકળી પૂર્વ તરફ વહીને બંગાળાની ખાડીને મળે છે. (3) તે દ્વીપકલ્પમાં **સૌથી મોટું બેસિન ક્ષેત્ર** ધરાવે છે, જેનો **50 %** ભાગ **મહારાષ્ટ્રમાં** અને બાકીનો આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશામાં છે. (4) ગોદાવરીની શાખા-પ્રશાખા નદીઓમાં પૂર્ણા, માંજરા, પેનગંગા, વર્ધા, વેનગંગા, **પ્રાણહિતા** અને ઇંદ્રાવતી મુખ્ય છે, જેમાં **માંજરા, પેનગંગા** અને **વેનગંગા** ઘણી મોટી છે. (5) ગોદાવરીનો પ્રવાહમાર્ગ લાંબો છે તેમજ તેનું બેસિન ક્ષેત્ર પણ વિસ્તૃત છે. તેથી તેને **'દક્ષિણની ગંગા'** કહે છે.

*** (5) કૃષ્ણા અને કાવેરી બેસિનની વિસ્તૃત માહિતી આપો.**

ઉત્તર : કૃષ્ણા બેસિન : (1) કૃષ્ણા નદી પશ્ચિમઘાટમાં મહાબળેશ્વર પાસેથી નીકળી મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં થઈને બંગાળાની ખાડીને મળે છે. (2) તેની લંબાઈ આશરે **1400 કિમી** છે. (3) કોયના, ઘાટપ્રભા, ભીમા, તુંગભદ્રા, મુસી વગેરે તેની શાખા-નદીઓ છે. (4) તેનું બેસિન ક્ષેત્ર મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં ફેલાયેલું છે.

કાવેરી બેસિન : (1) કાવેરી નદી કર્ણાટકમાં પશ્ચિમઘાટની બ્રહ્મગિરિ શ્રેણીમાંથી નીકળે છે અને તમિલનાડુના કુડલૂરની દક્ષિણે જૂના કાવેરીપટ્નમની પાસે બંગાળાની ખાડીને મળે છે. (2) તેની લંબાઈ આશરે **760 કિમી** છે. (3) અમરાવતી, ભવાની, હેમાવતી, કાલિની વગેરે તેની શાખા-નદીઓ છે. (4) તેનું બેસિન ક્ષેત્ર કેરલ, કર્ણાટક અને તમિલનાડુમાં ફેલાયેલું છે.

*** (6) સરોવરોની ઉપયોગિતા જણાવો.**

ઉત્તર : સરોવરોની ઉપયોગિતા : (1) ભારતનાં કેટલાંક સરોવરો નદીઓનાં ઉદ્ભવસ્થાન છે; જેમ કે, અમરકંટક સરોવરમાંથી નર્મદા નદી નીકળે છે. (2) વધારે વરસાદવાળા વિસ્તારોમાં આવેલાં સરોવરોમાં વધુ પાણી એકઠું કરી તેનો ઉપયોગ સિંચાઈમાં, પીવામાં, ઘર-વપરાશમાં તેમજ મત્સ્ય ઉદ્યોગ માટે કરી શકાય છે. (3) સરોવરોનાં પાણી દુષ્કાળ વખતે ઉપયોગમાં આવે છે. (4) નદીઓ પર મોટા બંધો બાંધી બનાવેલાં સરોવરોનું પાણી સિંચાઈ, જળવિદ્યુતનું ઉત્પાદન તથા મત્સ્ય ઉદ્યોગ માટે ઉપયોગમાં આવે છે. (5) ઘણાં સરોવરો કુદરતી સૌંદર્યમાં વધારે કરતાં હોય છે. તેથી એ સરોવરોને સહેલગાહ કે પ્રવાસન સ્થળો તરીકે વિકસાવી શકાય છે.

આમ, સરોવરો અનેક રીતે ઉપયોગી છે.

*** (7) જળ-પ્રદૂષણ અટકાવવાના ઉપાયો જણાવો.**

ઉત્તર : જળ-પ્રદૂષણ અટકાવવાના ઉપાયો : (1) જળ-પ્રદૂષણ અટકાવવા માટે બનાવેલા નિયમોનું કડકપણે પાલન કરાવવું. (2) રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના (NRCP) દ્વારા જળ શુદ્ધીકરણ માટે બનાવેલા કાર્યક્રમોનો અમલ કરવો. (3) ઔદ્યોગિક એકમો પોતાનું દૂષિત પાણી નદીઓમાં ન ઠાલવે, તે માટેના કડક કાયદા બનાવવા. (4) ઉદ્યોગો દૂષિત પાણીને નદીઓમાં છોડતાં પહેલાં તેની પર જરૂરી શુદ્ધીકરણની પ્રક્રિયા કરે, જેથી રાસાયણિક જળમાં રહેલાં હાનિકારક તત્ત્વો નાબૂદ થાય. (5) દૂષિત પાણીને શુદ્ધ કર્યા પછી જ તેનો નદીઓમાં નિકાલ કરી શકાય એવા સરકારી કાયદા બનાવવા અને તેનો ચુસ્તપણે અમલ કરાવવો. (6) બધા નાગરિકોએ નદીનું પાણી ચોખ્ખું રહે તે માટે ઘરનો કચરો નદીના પાણીમાં ન ભળે તેની કાળજી રાખવી.

(8) નદીઓનું આર્થિક મહત્ત્વ જણાવો.

ઉત્તર : નદીઓનું આર્થિક મહત્ત્વ : (1) નદીઓનું જળ કુદરતી સંસાધન છે. (2) નદીઓના જળે માનવીની આર્થિક જરૂરિયાતો પૂરી પાડી છે. (3) ખેતી અને ઉદ્યોગોનો વિકાસ નદીઓને આભારી છે. (4) વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓનો ઉદ્ભવ અને વિકાસ નદીતટે જ થયો હતો. (5) ભારતનાં અનેક મોટાં શહેરો નદીકિનારે વિકાસ પામ્યાં છે. દા. ત., દિલ્લી, કોલકાતા, અમદાવાદ, સુરત, ભરૂચ વગેરે. (6) બારે માસ વહેતી નદીઓ આંતરિક જળમાર્ગ માટે ઉપયોગી છે.

(9) જળ-પ્રદૂષણથી કઈ કઈ સમસ્યાઓ ઉદ્‌ભવી શકે છે? વિદ્યાર્થી તરીકે તમે આ પ્રદૂષણ અટકાવવા શું કરશો?

ઉત્તર : જળ-પ્રદૂષણથી આ સમસ્યાઓ ઉદ્‌ભવી શકે છે : (1) પીવા માટે સ્વચ્છ અને આરોગ્યપ્રદ પાણી દુર્લભ બને છે. (2) રોજિંદા વપરાશ અને ખેતી માટે એ પાણી અયોગ્ય બને છે. (3) સજીવોનું અસ્તિત્વ જોખમમાં મુકાય છે. તેનાથી અનેક રોગો ફેલાય છે. (4) જાહેર સુખાકારીના અનેક પ્રશ્નો ઊભા થાય છે.

જળ-પ્રદૂષણ અટકાવવાના ઉપાયો : જુઓ પ્રશ્ન **2**ના પેટાપ્રશ્ન **(7)**નો ઉત્તર.

પ્રશ્ન 3. નીચેનાં નદી-બેસિનો વિશે ટૂંકમાં માહિતી આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) તાપી બેસિન

ઉત્તર : (1) તાપી નદી મધ્ય પ્રદેશમાં પશ્ચિમઘાટ ગિરિમાળાના બેતૂર જિલ્લામાં મુલ્તાઈ પાસેથી નીકળી નર્મદાને સમાંતર એક ફાટખીણમાંથી વહી સુરત પાસે અરબ સાગરને મળે છે. (2) તે નર્મદાથી નાની છે. તેની લંબાઈ આશરે **724 કિમી** છે. (3) તેનું બેસિન ક્ષેત્ર મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ફેલાયેલું છે.

(2) મહાનદી બેસિન

ઉત્તર : (1) મહાનદી છત્તીસગઢમાં મૈકલના પહાડોમાંથી નીકળી ઓડિશામાં થઈને બંગાળાની ખાડીને મળે છે. (2) તેની લંબાઈ આશરે **860 કિમી** છે. (3) તેનું બેસિન ક્ષેત્ર છત્તીસગઢ, ઝારખંડ અને ઓડિશામાં ફેલાયેલું છે.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં ભૌગોલિક કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) હિમાલયની નદીઓ બારે માસ પાણીથી ભરપૂર રહે છે.

અથવા

હિમાલયની નદીઓ શાથી બારે માસ પાણીથી ભરપૂર રહે છે?

ઉત્તર : (1) હિમાલયની મોટા ભાગની નદીઓ હિમાલયના હિમાચ્છાદિત પ્રદેશોમાંથી નીકળે છે. આ પ્રદેશોમાં ચોમાસામાં ભારે વરસાદ પડે છે. તેથી આ નદીઓમાં ચોમાસામાં મોટાં પૂર આવે છે. (2) ઉનાળામાં હિમાલયનાં શિખરોનો બરફ પીગળવાથી આ નદીઓમાં ઘણું પાણી આવે છે. આમ, હિમાલયની નદીઓમાં વર્ષની બે ઋતુઓમાં ઘણું પાણી આવે છે. તેથી તે બારે માસ પાણીથી ભરપૂર રહે છે.

(2) બ્રહ્મપુત્ર નદીમાં ચોમાસામાં વિનાશક પૂર આવે છે. *અથવા* બ્રહ્મપુત્ર નદીમાં ચોમાસામાં શાથી વિનાશક પૂર આવે છે?

ઉત્તર : (1) બ્રહ્મપુત્ર નદી ભારતમાં અરુણાચલ પ્રદેશ અને અસમમાં થઈને વહે છે. અહીં તેને અનેક નાની નદીઓ મળે છે. (2) આ પ્રદેશો ભારે વરસાદવાળા હોવાથી અહીંની નદીઓ બ્રહ્મપુત્રમાં પુષ્કળ પાણી લાવે છે. તેમાં ચોમાસામાં અવારનવાર ભારે વરસાદનું પાણી ઉમેરાતાં બ્રહ્મપુત્રમાં વિનાશક પૂર આવે છે.

પ્રશ્ન 5. નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) જળપરિવાહ પ્રણાલી (Drainage pattern)

અથવા

જળપરિવાહ પ્રણાલી એટલે શું?

ઉત્તર : એક મોટી નદી અને તેની શાખા-પ્રશાખા નદીઓનું ક્રમબદ્ધ રીતે ગોઠવાયેલું સામૂહિક તંત્ર 'જળપરિવાહ પ્રણાલી' (Drainage pattern) કહેવાય છે.

(2) જળવિભાજક *અથવા* જળવિભાજક એટલે શું?

ઉત્તર : જે કોઈ પર્વતધાર કે ઉચ્ચભૂમિ વડે બે પડોશી જળપરિવાહ અલગ થાય છે, તે પર્વતધાર કે ઉચ્ચભૂમિને 'જળવિભાજક' કહેવામાં આવે છે.

(3) નદીનું ખીણક્ષેત્ર (River basin) *અથવા* નદીનું ખીણક્ષેત્ર એટલે શું?

ઉત્તર : નદીની આસપાસના જેટલા પ્રદેશનો ઢોળાવ નદી તરફનો હોય અને તેના પર પડતા વરસાદનું પાણી વહીને તે નદીમાં આવતું હોય તેટલા પ્રદેશને તે 'નદીનું ખીણક્ષેત્ર' (Basin) કહે છે.

(4) વિસર્પણ (Meandering) *અથવા* વિસર્પણ એટલે શું?

ઉત્તર : નદીના તળમાં નિક્ષેપના અવરોધથી વહેણનું વળાંકો લઈ, ગતિ કરતા સર્પની જેમ વાંકુંચૂકું વહેવું 'વિસર્પણ' કહેવાય છે.

(5) ગુંફિત નદી (Braided river) *અથવા* ગુંફિત નદીનો અર્થ સમજાવો.

ઉત્તર : જે નદી, તળમાં મોટા પાયે નિક્ષેપણ થવાથી, એકબીજા સાથે ગૂંથાયેલા ફાંટાઓમાં વહેંચાઈને વહેતી હોય તેને 'ગુંફિત નદી' કહે છે. તેના પ્રવાહની વચ્ચે દ્વીપ બનેલા દેખાય છે. દા. ત., **બ્રહ્મપુત્ર નદી.**

પ્રશ્ન 6. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારતની નદીઓને કયા બે વિભાગોમાં વહેંચવામાં આવે છે?

ઉત્તર : ભારતની નદીઓને બે વિભાગોમાં વહેંચવામાં આવે છે : (1) હિમાલયની નદીઓ અને (2) દ્વીપકલ્પીય નદીઓ.

(2) નદી પરિવાહની ત્રણ અવસ્થાઓ કઈ કઈ છે?

ઉત્તર : નદી પરિવાહની ત્રણ અવસ્થાઓ : (1) ઉપરવાસ, (2) મધ્યસ્થ ભાગ અને (3) હેઠવાસ.

(3) 'ડેલ્ટા' કોને કહે છે?

ઉત્તર : નદી તેના મુખપ્રદેશ આગળ અનેક શાખાઓમાં વિભાજિત થાય છે. કાળક્રમે તે ભાગ ત્રિકોણ આકારનો અત્યંત ફળદ્રુપ પ્રદેશ બને છે. તેને 'ડેલ્ટા' (મુખત્રિકોણપ્રદેશ) કહે છે.

(4) દ્વીપકલ્પીય નદીઓનો મુખ્ય જળવિભાજક કયો છે?

ઉત્તર : દ્વીપકલ્પીય નદીઓનો મુખ્ય જળવિભાજક પશ્ચિમઘાટ છે.

(5) હિમાલયની મુખ્ય નદીઓ કઈ કઈ છે?

ઉત્તર : સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્ર હિમાલયની મુખ્ય નદીઓ છે.

(6) 'જળપરિવાહ પ્રણાલી' એટલે શું?

ઉત્તર : એક મોટી નદી અને તેની શાખા-નદીઓ એકબીજીને મળે છે ત્યારે જે સ્વરૂપ રચાય છે, તેને 'જળપરિવાહ પ્રણાલી' કહે છે.

(7) સિંધુ નદી ક્યાંથી નીકળે છે?

ઉત્તર : સિંધુ નદી તિબેટમાં કૈલાસ-માનસરોવર ક્ષેત્રમાંથી નીકળે છે.

(8) સિંધુ નદીને જમ્મુ-કશ્મીરમાં કઈ કઈ નદીઓ મળે છે?

ઉત્તર : સિંધુ નદીને જમ્મુ-કશ્મીરમાં જાસ્કર, શ્યોક, નૂબરા, ગિલગિટ, હુંજા વગેરે નદીઓ મળે છે.

(9) પંજાબની કઈ નદીઓ સંયુક્તરૂપે સિંધુ નદીને મળે છે? ક્યાં?

ઉત્તર : પંજાબની પાંચ નદીઓ સતલુજ, બિયાસ, રાવી, ચિનાબ અને ઝેલમનો સંયુક્ત પ્રવાહ સિંધુ નદીને પાકિસ્તાનમાં મિથાનકોટના સહેજ ઉપરવાસમાં મળે છે.

(10) સિંધુ નદીની પ્રણાલીમાં ભારતનાં કયાં રાજ્યોની નદીઓનો સમાવેશ થાય છે?

ઉત્તર : સિંધુ નદીની પ્રણાલીમાં ભારતનાં ત્રણ રાજ્યો જમ્મુ-કશ્મીર, હિમાચલ પ્રદેશ અને પંજાબની નદીઓનો સમાવેશ થાય છે.

(11) જેના સંગમથી ગંગા બને છે તે ગંગાની બે શીર્ષધારાઓનાં નામ જણાવો.

ઉત્તર : ગંગાની બે શીર્ષધારાઓનાં નામ **અલકનંદા** અને **ભાગીરથી** છે.

(12) ગંગાને ઉત્તરમાંથી કઈ કઈ મોટી નદીઓ મળે છે?

ઉત્તર : ગંગાને ઉત્તરમાંથી મળનારી મોટી નદીઓ ગોમતી, ઘાઘરા, ગંડક અને કોસી છે.

(13) ગંગાને તેના જમણા કિનારે કઈ કઈ મોટી નદીઓ મળે છે?

ઉત્તર : ગંગાને તેના જમણા કિનારે મળતી મોટી નદીઓ યમુના અને સોન છે.

(14) ગંગા અને યમુનાનો સંગમ ક્યાં થાય છે?

ઉત્તર : ગંગા અને યમુનાનો સંગમ અલાહાબાદ પાસે પ્રયાગમાં થાય છે.

(15) ગંગા નદીના મુખ્ય ફાંટાઓ પશ્ચિમ બંગાળમાં અને બાંગ્લાદેશમાં કયાં કયાં નામે ઓળખાય છે?

ઉત્તર : પશ્ચિમ બંગાળમાં વહેતો ગંગાનો મુખ્ય ફાંટો **'ભાગીરથી'** અને **'હુગલી'** નદીના નામે તથા બાંગ્લાદેશમાં વહેતો મુખ્ય પ્રવાહ **'પદ્મા'** અને પછી આગળ જતાં તેમનો સંયુક્ત પ્રવાહ **'મેઘના'** નામે ઓળખાય છે.

(16) ગંગાને બાંગ્લાદેશમાં કઈ મોટી નદી મળે છે?

ઉત્તર : ગંગાને બાંગ્લાદેશમાં બ્રહ્મપુત્ર નદી મળે છે.

(17) ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓનો મુખત્રિકોણપ્રદેશ કયા નામે ઓળખાય છે?

ઉત્તર : ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓનો મુખત્રિકોણપ્રદેશ 'સુંદરવન'ના નામે ઓળખાય છે.

(18) બ્રહ્મપુત્ર નદી જુદા જુદા વિસ્તારોમાં કયાં કયાં નામે ઓળખાય છે?

ઉત્તર : બ્રહ્મપુત્ર નદી તિબેટમાં **'ત્સાંગપો'**, અરુણાચલ પ્રદેશમાં **'સિતાંગ'** કે **'દિહાંગ'**, અસમમાં **'બ્રહ્મપુત્ર'** અને બાંગ્લાદેશમાં **'જમુના'** નામે ઓળખાય છે.

(19) દ્વીપકલ્પ ભારતની મુખ્ય નદીઓ કઈ કઈ છે?

ઉત્તર : દ્વીપકલ્પ ભારતની મુખ્ય નદીઓ મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી છે.

(20) દ્વીપકલ્પ ભારતની કઈ બે મોટી નદીઓ અરબ સાગરને મળે છે?

ઉત્તર : દ્વીપકલ્પ ભારતની નર્મદા અને તાપી નદીઓ અરબ સાગરને મળે છે.

(21) દ્વીપકલ્પીય ભારતની કઈ બે મોટી નદીઓ ફાટખીણમાં થઈને વહે છે?

ઉત્તર : દ્વીપકલ્પીય ભારતની **નર્મદા** અને **તાપી** નદીઓ ફાટખીણમાં થઈને વહે છે.

(22) નર્મદા નદી ક્યાંથી નીકળી કોને મળે છે?

ઉત્તર : નર્મદા નદી મધ્ય પ્રદેશમાં **અમરકંટક** પાસેથી નીકળી અરબ સાગરને મળે છે.

(23) નર્મદા નદીએ કયા જળધોધની રચના કરી છે?

ઉત્તર : નર્મદા નદીએ **'ધુંઆધાર'** નામના જળધોધની રચના કરી છે.

(24) નર્મદા નદીનું બેસિન ક્ષેત્ર કયાં રાજ્યોમાં ફેલાયેલું છે?

ઉત્તર : નર્મદા નદીનું બેસિન ક્ષેત્ર મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં ફેલાયેલું છે.

(25) તાપી નદી ક્યાંથી નીકળી કોને મળે છે?

ઉત્તર : તાપી નદી મધ્ય પ્રદેશમાં સાતપુડાની ગિરિમાળાની નજીક બેતૂલ જિલ્લામાંથી નીકળી સુરત પાસે અરબ સાગરને મળે છે.

(26) દ્વીપકલ્પીય નદીઓમાં સૌથી મોટી નદી કઈ છે?

ઉત્તર : દ્વીપકલ્પીય નદીઓમાં સૌથી મોટી નદી ગોદાવરી છે.

(27) ગોદાવરી નદી ક્યાંથી નીકળી કોને મળે છે?

ઉત્તર : ગોદાવરી નદી મહારાષ્ટ્રના નાશિક જિલ્લામાંથી નીકળી બંગાળાની ખાડીને મળે છે.

(28) ગોદાવરીની મુખ્ય શાખા-નદીઓ કઈ કઈ છે? તેમાં મોટી કઈ કઈ છે?

ઉત્તર : ગોદાવરીની મુખ્ય શાખા-નદીઓ પૂર્ણા, માંજરા, પેનગંગા, વર્ધા, વેનગંગા, પ્રાણહિતા અને ઇંદ્રાવતી છે. તેમાં **માંજરા, પેનગંગા** અને **વેનગંગા** મોટી છે.

*** (29) "ગોદાવરીને 'દક્ષિણની ગંગા' કહે છે." કારણ આપો.**

ઉત્તર : ગંગા નદીની જેમ ગોદાવરી નદીનો પ્રવાહમાર્ગ લાંબો અને તેનું બેસિન ક્ષેત્ર વિસ્તૃત છે. તેથી તેને **'દક્ષિણની ગંગા'** કહે છે.

(30) કૃષ્ણા નદીની મુખ્ય શાખા-નદીઓ કઈ કઈ છે?

ઉત્તર : કૃષ્ણા નદીની મુખ્ય શાખા-નદીઓ કોયના, ઘટપ્રભા, **ભીમા, તુંગભદ્રા** અને મુસી છે.

(31) મહાનદી ક્યાંથી નીકળી કોને મળે છે?

ઉત્તર : મહાનદી છત્તીસગઢના પહાડી પ્રદેશમાંથી નીકળી ઓડિશામાં થઈને બંગાળાની ખાડીને મળે છે.

(32) મહાનદીનું બેસિન ક્ષેત્ર ક્યાં ક્યાં રાજ્યોમાં ફેલાયેલું છે?

ઉત્તર : મહાનદીનું બેસિન ક્ષેત્ર છત્તીસગઢ, ઝારખંડ અને ઓડિશામાં ફેલાયેલું છે.

(33) કૃષ્ણા નદીનું બેસિન ક્ષેત્ર ક્યાં ક્યાં રાજ્યોમાં ફેલાયેલું છે?

ઉત્તર : કૃષ્ણા નદીનું બેસિન ક્ષેત્ર મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં ફેલાયેલું છે.

(34) કાવેરી નદી ક્યાંથી નીકળી કોને મળે છે?

ઉત્તર : કાવેરી નદી કર્ણાટકમાં પશ્ચિમઘાટની બ્રહ્મગિરિ શ્રેણીમાંથી નીકળી બંગાળાની ખાડીને મળે છે.

(35) કાવેરી નદીની મુખ્ય શાખા-નદીઓ કઈ કઈ છે?

ઉત્તર : કાવેરી નદીની મુખ્ય શાખા-નદીઓ અમરાવતી, ભવાની, હેમાવતી અને કાલિની છે.

(36) કાવેરી નદીનું બેસિન ક્ષેત્ર ક્યાં ક્યાં રાજ્યોમાં ફેલાયેલું છે?

ઉત્તર : કાવેરી નદીનું બેસિન ક્ષેત્ર કેરલ, કર્ણાટક અને તમિલનાડુમાં ફેલાયેલું છે.

(37) ભારતના પૂર્વ કિનારે આવેલાં ત્રણ 'લગૂન' સરોવરોનાં નામ લખો.

ઉત્તર : ભારતના પૂર્વ કિનારે આવેલાં ત્રણ 'લગૂન' સરોવરો : **ચિલ્કા, કોલેરુ અને પુલિકટ.**

(38) સાંભર સરોવર કયા રાજ્યમાં છે? તે કેવા પાણીનું સરોવર છે?

ઉત્તર : સાંભર સરોવર રાજસ્થાનમાં છે. તે ખૂબ ખારા પાણીનું સરોવર છે.

(39) ભારતમાં મીઠા પાણીનાં મુખ્ય કુદરતી સરોવરો ક્યાં ક્યાં છે?

ઉત્તર : ભારતમાં મીઠા પાણીનાં મુખ્ય કુદરતી સરોવરો : **વુલર,** ડાલ, ભીમતાલ, નૈનિતાલ, લોકતક, બડાપાની, કોલેરુ, ઢેબર વગેરે.

(40) આધુનિક સમયમાં નદીના પાણીનો ઉપયોગ ક્યાં ક્યાં કામો માટે થાય છે?

ઉત્તર : આધુનિક સમયમાં નદીના પાણીનો ઉપયોગ પીવા અને ઘરવપરાશ, સિંચાઈ, જળવિદ્યુત, નૌકાવિહાર વગેરે કામો માટે થાય છે.

પ્રશ્ન 7. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) હિમાલયની નદીઓ બારમાસી છે, કારણ કે ...

ઉત્તર : આ નદીઓમાં ચોમાસામાં વરસાદથી અને ઉનાળામાં હિમાલયનાં શિખરોનો બરફ પીગળવાથી પાણી આવ્યા કરે છે.

(2) ભારતીય દ્વીપકલ્પની નદીઓ મોસમી કે હંગામી છે, કારણ કે ...

ઉત્તર : ભારતીય દ્વીપકલ્પની મોટા ભાગની નદીઓના પાણીનો જથ્થો માત્ર વરસાદ પર આધારિત છે.

(3) અસમમાં બ્રહ્મપુત્ર નદીના પ્રવાહની વચ્ચે કેટલાક મોટા દ્વીપ બનેલા છે, કારણ કે ...

ઉત્તર : અસમમાં બ્રહ્મપુત્ર નદી એકબીજા સાથે ગૂંથાયેલા ફાંટાઓમાં વહેંચાઈને એક ગુંફિત (Braided) નદીના સ્વરૂપે વહે છે.

(4) મેદાનોમાં ઘોડાની નાળ જેવા આકારનાં સરોવરો રચાય છે, કારણ કે ...

ઉત્તર : મેદાનોમાં નદીઓનું વિસર્પણ અને પૂરનો પ્રભાવ હોય છે.

(5) મોટા ભાગની દ્વીપકલ્પીય નદીઓ પશ્ચિમઘાટમાંથી નીકળી પૂર્વ તરફ વહી બંગાળાની ખાડીને મળે છે, કારણ કે ...

ઉત્તર : ભારતની પ્રાકૃતિક રચના તેમજ પહાડોના ઢોળાવ પશ્ચિમથી પૂર્વ તરફ છે.

(6) ગોદાવરીને 'દક્ષિણની ગંગા' કહે છે, કારણ કે ...

ઉત્તર : ગંગા નદીની જેમ ગોદાવરી નદીનો પ્રવાહમાર્ગ લાંબો અને તેનું બેસિન ક્ષેત્ર વિસ્તૃત છે.

(7) જળ-પ્રદૂષણમાં સતત વધારો થયા કરે છે, કારણ કે ...

ઉત્તર : જળ-પ્રદૂષણ ઉદ્યોગીકરણ અને શહેરીકરણનું પરિણામ છે.

(8) સાંભર સરોવરના પાણીમાંથી મીઠું પકવવામાં આવે છે, કારણ કે ...

ઉત્તર : સાંભર સરોવર ખારા પાણીનું સરોવર છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ..... નદીઓ મોસમી હોય છે.

A. હિમાલયની B. દ્વીપકલ્પીય C. કશ્મીરની

(2) ગંગાનો પ્રવાહ બાંગ્લાદેશમાં .....ના નામે ઓળખાય છે.

A. હુગલી B. મેઘના C. પદ્મા

(3) ગંગા અને બ્રહ્મપુત્રનો મુખત્રિકોણપ્રદેશ .....ના નામે ઓળખાય છે.

A. સુંદરવન B. ભાગીરથી C. ગંગોત્રી

(4) બ્રહ્મપુત્ર નદી તિબેટમાં .....ના નામે ઓળખાય છે.

A. લોહિત B. દિહાંગ C. કેનુલા

(5) ..... નદીએ ધુંઆધાર ધોધની રચના કરી છે.

A. ગોદાવરી B. નર્મદા C. કૃષ્ણા

(6) ..... નદી 'દક્ષિણની ગંગા' તરીકે ઓળખાય છે.

A. ગોદાવરી B. કાવેરી C. કૃષ્ણા

(7) રાજસ્થાનમાં આવેલું સાંભર સરોવર ..... પાણીનું સરોવર છે.

A. મીઠા B. ખારા C. ઝરણાંના

(8) ..... દ્વીપકલ્પીય નદીઓ માટે મુખ્ય જળવિભાજક બને છે.
A. અરવલ્લી B. સાતપુડા C. પશ્ચિમઘાટ

(9) ગંગાનો પ્રવાહ પશ્ચિમ બંગાળમાં .....ના નામે ઓળખાય છે.
A. ભાગીરથી-હુગલી B. પદ્મા C. મેઘના

(10) ભાગીરથી-હુગલી અને પદ્મા આ બંનેનો સંયુક્ત પ્રવાહ .....ના નામે ઓળખાય છે.
A. મેઘના B. પદ્મા C. ભાગીરથી

ઉત્તર : (1) દ્વીપકલ્પીય (2) પદ્મા (3) સુંદરવન (4) દિહાંગ (5) નર્મદા (6) ગોદાવરી (7) ખારા (8) પશ્ચિમઘાટ (9) ભાગીરથી-હુગલી (10) મેઘના

---

(11) દિહાંગ, લોહિત અને કેનુલા જેવી શાખા-નદીઓ મળીને અસમમાં તે .....ના નામે ઓળખાય છે.
A. ગંગા B. કોસી C. બ્રહ્મપુત્ર

(12) નર્મદા નદી મધ્ય પ્રદેશના ..... પાસેથી નીકળે છે.
A. પહાડો B. અમરકંટક C. બ્રહ્મગિરિ

(13) ..... નદી દ્વીપકલ્પીય નદીઓમાં સૌથી મોટી નદી છે.
A. ગોદાવરી B. કૃષ્ણા C. કાવેરી

(14) ગોદાવરી નદી મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના .....ના ઢોળાવોમાંથી નીકળે છે.
A. પશ્ચિમઘાટ B. પૂર્વઘાટ C. નીલગિરિ

(15) કૃષ્ણા નદી મહારાષ્ટ્રના પશ્ચિમઘાટના ..... પાસેથી નીકળે છે.
A. બેતૂલ B. બ્રહ્મગિરિ C. મહાબળેશ્વર

(16) કાવેરી નદી પશ્ચિમઘાટની ..... પર્વતમાળામાંથી નીકળે છે.
A. બ્રહ્મગિરિ B. સાતપુડા C. નીલગિરિ

(17) વિસર્પી નદીઓમાં પૂરના પ્રકોપના કારણે ..... જેવાં સરોવરો રચાયાં છે.
A. લગૂન B. ઘોડાની નાળ C. રકાબી

(18) સમુદ્રની ભરતીના કારણે ‘.....’ જેવાં સરોવરો રચાયાં છે.
A. રકાબી B. ઘોડાની નાળ C. લગૂન

(19) કશ્મીરનું ..... સરોવર ભૂગર્ભીય ક્રિયાઓથી રચાયેલું છે.
A. વુલર B. સાંભર C. પુલિકટ

(20) આપણે નદીઓને ‘.....’ કહીએ છીએ.
A. જલદેવી B. લોકમાતા C. ભૂમિપુત્રી

ઉત્તર : (11) બ્રહ્મપુત્ર (12) અમરકંટક (13) ગોદાવરી (14) પશ્ચિમઘાટ (15) મહાબળેશ્વર (16) બ્રહ્મગિરિ (17) ઘોડાની નાળ (18) લગૂન (19) વુલર (20) લોકમાતા

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) હિમાલયની નદીઓની સરખામણીમાં દ્વીપકલ્પીય નદીઓની લંબાઈ વધારે છે.

(2) સિંધુ, યમુના અને બ્રહ્મપુત્ર હિમાલયમાંથી નીકળતી મુખ્ય નદીઓ છે.

(3) બ્રહ્મપુત્ર નદીના પ્રવાહમાં વારંવાર માર્ગ પરિવર્તન થાય છે.

(4) પશ્ચિમઘાટ દ્વીપકલ્પીય નદીઓનો મુખ્ય જળવિભાજક બન્યો છે.

(5) મહાનદી દ્વીપકલ્પીય નદીઓમાં સૌથી મોટી નદી છે.

(6) કાવેરી નદી પશ્ચિમઘાટની નીલગિરિ શ્રેણીમાંથી નીકળે છે.

(7) નદીઓના વિસર્પણને કારણે ઘોડાની નાળ જેવાં સરોવરો રચાય છે.

(8) ગંગા અને યમુનાનો સંગમ અલાહાબાદ પાસે થાય છે.

(9) બાંગ્લાદેશમાં ગંગાનો પ્રવાહ પદ્મા નામે ઓળખાય છે.

(10) નર્મદા નદીએ શિવસમુદ્રમ ધોધની રચના કરી છે.

ઉત્તર : (1) ખોટું (2) ખોટું (3) ખરું (4) ખરું (5) ખોટું (6) ખોટું (7) ખરું (8) ખરું (9) ખરું (10) ખોટું

---

(11) કૃષ્ણા નદીને ‘દક્ષિણની ગંગા’ કહેવામાં આવે છે.

(12) તાપી નદી સાતપુડા પર્વતમાંથી નીકળે છે.

(13) ઘાઘરા, ગંડક અને કોસીનાં મૂળ ભૂતાનમાં છે.

(14) ચિલ્કા ‘લગૂન સરોવર’ છે.

(15) કશ્મીરનું વુલર સરોવર ભૂગર્ભીય ક્રિયાઓ દ્વારા રચાયેલું છે.

ઉત્તર : (11) ખોટું (12) ખરું (13) ખોટું (14) ખરું (15) ખરું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) નદીનો પ્રવાહ જે ક્ષેત્રમાંથી પસાર થાય તેને શું કહે છે?
– નદી-બેસિન

(2) કોઈ પર્વત કે ઉચ્ચભૂમિ નદીઓના વહેણને એકબીજાથી અલગ કરે તેને શું કહેવાય? **– જળવિભાજક**

(3) ભારતના જળપરિવાહની રચના કોના આધારે કરવામાં આવે છે? **– ભૌગોલિક રચનાના**

(4) કઈ નદીઓમાં બારે માસ જળપ્રવાહ રહે છે? **– હિમાલયની**

(5) નદીઓના વિસર્પણને કારણે કેવાં સરોવરો રચાય છે?
– ઘોડાની નાળ જેવાં

(6) અતિશય ફળદ્રુપ ભાગમાં રૂપાંતર પામતા નદીના ત્રિકોણ આકાર ભાગને શું કહે છે? **– ડેલ્ટા**

(7) કઈ નદીઓ મોસમી છે? **– દ્વીપકલ્પીય નદીઓ**

(8) દ્વીપકલ્પીય નદીઓનો મુખ્ય જળવિભાજક કોણ ગણાય છે?
– પશ્ચિમઘાટ

(9) કોઈ એક મોટી નદી અને તેની શાખા-નદીઓ એકબીજાને મળે ત્યારે જે સ્વરૂપ રચાય છે, તેને શું કહેવામાં આવે છે?
– જળપરિવાહ પ્રણાલી

(10) કઈ નદી-બેસિનનો ત્રીજો ભાગ જમ્મુ-કશ્મીરનાં પર્વતીય ક્ષેત્રોમાં આવેલો છે? **– સિંધુ નદી**

(11) ગંગા નદી ક્યાંથી મેદાની પ્રદેશમાં પ્રવેશે છે? **– હરદ્વાર આગળથી**

(12) ગંગાનો પ્રવાહ બાંગ્લાદેશમાં કયા નામે ઓળખાય છે?
– પદ્મા નામે

(13) ગંગાનો ફાંટો પશ્ચિમ બંગાળમાં કયા નામે ઓળખાય છે?
– ભાગીરથી-હુગલી

(14) ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓનો સંયુક્ત પ્રવાહ કયા નામે ઓળખાય છે? – **મેઘના**

(15) ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓનો મુખત્રિકોણપ્રદેશ કયા નામે ઓળખાય છે? – **સુંદરવન**

(16) બ્રહ્મપુત્ર નદી અરુણાચલ પ્રદેશમાં કયા નામે ઓળખાય છે?
– દિહાંગના નામે

(17) ભારતમાં કઈ નદી વધારે વરસાદવાળાં ક્ષેત્રોમાંથી પસાર થાય છે? – **બ્રહ્મપુત્ર નદી**

(18) મધ્ય પ્રદેશના અમરકંટક પાસેથી કઈ નદી નીકળે છે? – **નર્મદા**

(19) નર્મદા નદી પર કયો ધોધ આવેલો છે? – **ધુંઆધાર**

(20) મધ્ય પ્રદેશના બેતૂલ જિલ્લામાંથી કઈ નદી નીકળે છે? – **તાપી**

(21) કઈ નદી દ્વીપકલ્પીય નદીઓમાં સૌથી મોટી છે? – **ગોદાવરી**

(22) કઈ નદીને 'દક્ષિણની ગંગા' કહેવાય છે? – **ગોદાવરી**

(23) કઈ નદીનું ઉદ્ગમસ્થાન છત્તીસગઢના પહાડી ક્ષેત્રમાં છે?
– મહાનદીનું

(24) કઈ નદી મહારાષ્ટ્રના પશ્ચિમઘાટના મહાબળેશ્વર પાસેથી નીકળે છે? – **કૃષ્ણા**

(25) કઈ નદી પશ્ચિમઘાટની બ્રહ્મગિરિ પર્વતમાળામાંથી નીકળે છે?
– કાવેરી

(26) સમુદ્રની ભરતીને લીધે કયાં સરોવરો રચાય છે? – **લગૂન**

(27) રાજસ્થાનના કયા સરોવરમાંથી મીઠું પકવવામાં આવે છે? – **સાંભર**

(28) કશ્મીરનું કયું સરોવર ભૂગર્ભીય ક્રિયાઓ દ્વારા રચાયેલું છે? – **વુલર**

(29) ભારતની કૃષિના વિકાસ માટે કોને પાયો ગણવામાં આવે છે?
– નદીને

(30) 'લોકમાતા' કોને કહે છે? – **નદીને**

(31) શાના પરિણામે જળ-પ્રદૂષણમાં સતત વધારો થાય છે?
– ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. સિંધુ નદીની એક શાખા-નદી	a. લગૂન સરોવર
2. ગંગા નદીની એક શાખા-નદી	b. સતલુજ
3. દક્ષિણની ગંગા	c. ભાગીરથી
4. ચિલ્કા સરોવર	d. ગોદાવરી નદી
	e. કોસી

ઉત્તર : (1 – b), (2 – e), (3 – d), (4 – a).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. દ્વીપકલ્પીય નદીઓ માટે મુખ્ય જળવિભાજક	a. પદ્મા
2. સિંધુ નદીની એક શાખા	b. પશ્ચિમઘાટ
3. ગંગા નદીને મળતી એક નદી	c. વેનગંગા
4. બાંગ્લાદેશમાં ગંગાનો પ્રવાહ	d. યમુના
	e. બિયાસ

ઉત્તર : (1 – b), (2 – e), (3 – d), (4 – a).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ધુંઆધાર ધોધ	a. કોલેરુ સરોવર
2. દ્વીપકલ્પીય નદીઓમાં સૌથી મોટી નદી	b. નર્મદા નદી
3. સમુદ્રની ભરતીના કારણે રચાયેલું સરોવર	c. વુલર સરોવર
4. ભૂગર્ભીય ક્રિયાઓ દ્વારા રચાયેલું સરોવર	d. ગોદાવરી નદી
	e. ડેલ્ટા

ઉત્તર : (1 – b), (2 – d), (3 – a), (4 – c).

(4)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ખારા પાણીનું સરોવર	a. મેઘના
2. ગંગા અને બ્રહ્મપુત્રનો સંયુક્ત પ્રવાહ	b. અલાહાબાદ
3. ત્રિકોણ આકારનો અતિશય ફળદ્રુપ પ્રદેશ	c. સાંભર
4. ગંગા અને યમુનાનું સંગમસ્થળ	d. હરદ્વાર
	e. ડેલ્ટા

ઉત્તર : (1 – c), (2 – a), (3 – e), (4 – b).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. એક ક્ષેત્રની નદીતંત્રની વ્યવસ્થિત પ્રણાલી માટે કયો શબ્દ વપરાય છે?
A. જળવિભાજક B. જળપરિવાહ C. જળરચના D. બેસિન

* **2.** કોઈ પર્વત કે ઉચ્ચભૂમિ નદીઓના વહેણને એકબીજાથી અલગ કરે તેને શું કહેવાય?
A. જળરચના B. જળવિભાજક
C. નદી પ્રણાલી D. બેસિન

* **3.** નદીઓના વિસર્પણને કારણે કેવાં સરોવરો રચાય છે?
A. લગૂન B. ઘોડાની નાળ જેવાં
C. લંબગોળ D. ચોરસ

* **4.** ગંગાને મળતી મુખ્ય નદીઓ કઈ કઈ છે?
A. યમુના, ઘાઘરા, ગંડક અને કોસી
B. યમુના, ચંબલ, ઘાઘરા અને કોસી
C. યમુના, ઘાઘરા, શરાવતી અને કોસી
D. નર્મદા, ઘાઘરા, ગંડક અને કોસી

* **5.** નીચેનામાંથી કઈ નદી દ્વીપકલ્પીય નથી?
A. ગોદાવરી B. કૃષ્ણા C. કોસી D. કાવેરી

6. કઈ નદીને 'દક્ષિણની ગંગા' કહેવામાં આવે છે?
A. કાવેરીને B. કૃષ્ણાને C. મહાનદીને D. ગોદાવરીને

7. નીચેના પૈકી કઈ નદીનું બેસિન ક્ષેત્ર છત્તીસગઢ, ઝારખંડ અને ઓડિશામાં ફેલાયેલું છે?
A. ગોદાવરી B. નર્મદા C. મહાનદી D. તાપી

8. નીચેના પૈકી કયું સરોવર 'લગૂન સરોવર' છે?
A. ડાલ B. ચિલ્કા C. સાંભર D. ભીમતાલ

* **9.** નીચેનામાંથી કયા સરોવરનો ઉપયોગ મીઠું પકવવા માટે થાય છે?
A. ઢેબર B. સાંભર C. વુલર D. નળ

10. દ્વીપકલ્પીય નદીઓ માટે કયો પર્વત મુખ્ય જળવિભાજક છે?
A. વિંધ્ય B. સાતપુડા C. પૂર્વઘાટ D. પશ્ચિમઘાટ

ઉત્તર : **1.** જળપરિવાહ **2.** જળવિભાજક
3. ઘોડાની નાળ જેવાં
4. યમુના, ઘાઘરા, ગંડક અને કોસી
5. કોસી **6.** ગોદાવરીને
7. મહાનદી **8.** ચિલ્કા
9. સાંભર **10.** પશ્ચિમઘાટ

---

11. કઈ નદીનું ઉદ્‌ભવસ્થાન તિબેટમાં કૈલાસ-માનસરોવરની નજીક છે?
A. સિંધુ B. ગંગા C. બ્રહ્મપુત્ર D. સતલુજ

12. ભાગીરથી અને અલકનંદા કયા સ્થળ પાસે એકબીજીને મળે છે?
A. રુદ્રપ્રયાગ B. કર્ણપ્રયાગ C. હૃષીકેશ D. દેવપ્રયાગ

13. ગંગા અને યમુનાનો સંગમ કયા સ્થળ પાસે થાય છે?
A. હરદ્વાર B. અલાહાબાદ C. વારાણસી D. દેવપ્રયાગ

14. ઘાઘરા, ગંડક અને કોસીનાં મૂળ કયા દેશમાં છે?
A. બાંગ્લાદેશમાં B. ભૂતાનમાં C. બર્મામાં D. નેપાળમાં

15. બાંગ્લાદેશમાં ગંગાનો પ્રવાહ કયા નામે ઓળખાય છે?
A. ભાગીરથી B. પદ્મા C. હુગલી D. મેઘના

16. ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓનો સંયુક્ત પ્રવાહ કયા નામે ઓળખાય છે?
A. ભાગીરથી B. હુગલી C. પદ્મા D. મેઘના

17. ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓનો મુખત્રિકોણપ્રદેશ કયા નામે ઓળખાય છે?
A. સુંદરવન B. સાગરવન C. દેવવન D. વનશ્રી

18. કયા પ્રદેશમાં બ્રહ્મપુત્ર નદી 'દિહાંગ' નામે ઓળખાય છે?
A. અરુણાચલ પ્રદેશ B. બાંગ્લાદેશ C. તિબેટ D. અસમ

19. દ્વીપકલ્પની મુખ્ય ચાર નદીઓ કઈ છે?
A. મહાનદી, ચંબલ, કૃષ્ણા અને કાવેરી
B. કાવેરી, કૃષ્ણા, બેતવા અને ગોદાવરી
C. મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી
D. કૃષ્ણા, ગોદાવરી, કાવેરી અને ભાભર

20. નર્મદા નદીએ કયા ધોધની રચના કરી છે?
A. ધુંઆધાર B. જોગ C. તુંગભદ્રા D. શિવસમુદ્રમ

ઉત્તર : **11.** સિંધુ **12.** દેવપ્રયાગ
13. અલાહાબાદ **14.** નેપાળમાં
15. પદ્મા **16.** મેઘના
17. સુંદરવન **18.** અરુણાચલ પ્રદેશ
19. મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી
20. ધુંઆધાર

---

21. કાવેરી કઈ પર્વતમાળામાંથી નીકળે છે?
A. દેવગિરિ B. બ્રહ્મગિરિ C. નીલગિરિ D. સાતપુડા

22. નીચેના પૈકી કઈ નદીનું બેસિન ક્ષેત્ર કેરલ, કર્ણાટક અને તમિલનાડુમાં ફેલાયેલું છે?
A. દામોદર B. કાવેરી C. કૃષ્ણા D. ગોદાવરી

23. ભારતમાં મીઠા પાણીનાં મોટા ભાગનાં કુદરતી સરોવરો કયા ક્ષેત્રમાં છે?
A. નર્મદા બેસિન ક્ષેત્રમાં B. કૃષ્ણા બેસિન ક્ષેત્રમાં
C. હિમાલયના ક્ષેત્રમાં D. કાવેરી બેસિન ક્ષેત્રમાં

24. કશ્મીરનું કયું સરોવર ભૂગર્ભીય ક્રિયાઓ દ્વારા રચાયેલું છે?
A. નૈનિતાલ B. પુલિકટ C. ચિલ્કા D. વુલર

25. નીચેનાંમાંથી કયું એક જોડકું ખરું છે?
A. રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના – NRDP
B. રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના – NCRT
C. રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના – NRCP
D. રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના – NRCS

26. નીચેનામાંથી કયું સરોવર રાજસ્થાનમાં આવેલું છે?
A. સાંભર B. પુલિકટ C. ચિલ્કા D. વુલર

27. નીચેનામાંથી ખારા પાણીનું સરોવર કયું છે?
A. વુલર B. ડાલ C. ભીમતાલ D. સાંભર

28. નીચેના પૈકી કયું સરોવર 'લગૂન સરોવર' છે?
A. સાંભર B. ડાલ C. પુલિકટ D. વુલર

29. નીચેના પૈકી કયું સરોવર 'લગૂન સરોવર' નથી?
A. ચિલ્કા B. પુલિકટ C. કોલેરુ D. સાંભર

30. નીચેના પૈકી કઈ નદી ઓડિશામાંથી વહીને બંગાળાની ખાડીને મળે છે?
A. ગંડક B. સાબરમતી C. મહાનદી D. મહી

ઉત્તર : **21.** બ્રહ્મગિરિ **22.** કાવેરી
23. હિમાલયના ક્ષેત્રમાં **24.** વુલર
25. રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના – NRCP
26. સાંભર **27.** સાંભર
28. પુલિકટ **29.** સાંભર
30. મહાનદી

---

31. નીચેના પૈકી કઈ નદીનું બેસિન ક્ષેત્ર છત્તીસગઢ, ઝારખંડ અને ઓડિશામાં ફેલાયેલું છે?
A. ગોદાવરી B. નર્મદા C. મહાનદી D. તાપી

32. નર્મદા નદી કયા રાજ્યમાંથી નીકળે છે?
A. ઓડિશા B. ઝારખંડ C. છત્તીસગઢ D. મધ્ય પ્રદેશ

33. ધુંઆધાર ધોધની રચના કઈ નદીએ કરી છે?
A. તાપી B. નર્મદા C. કૃષ્ણા D. મહાનદી


34. તાપી નદી કઈ ગિરિમાળામાંથી નીકળે છે?
A. વિંધ્યાચળ B. સાતપુડા C. અરવલ્લી D. કૈમૂર

35. દ્વીપકલ્પીય ભારતની સૌથી મોટી નદી કઈ છે?
A. નર્મદા B. કાવેરી C. ગોદાવરી D. કૃષ્ણા

ઉત્તર : **31.** મહાનદી **32.** મધ્ય પ્રદેશ **33.** નર્મદા
34. સાતપુડા **35.** ગોદાવરી


(બ) માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં એક સરોવરનું સ્થળ દર્શાવ્યું છે. તે સરોવર કયું છે?




A. સાંભર
B. વુલર
C. કોલેરુ
D. લોણાર
ઉત્તર : B

2. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં એક સરોવરનું સ્થળ દર્શાવ્યું છે. તે સરોવર કયું છે?




A. ડાલ
B. ઢેબર
C. લોણાર
D. નળ
ઉત્તર : D

3. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં એક સરોવરનું સ્થળ દર્શાવ્યું છે. તે સરોવર કયું છે?



A. સાંભર
B. કોલેરુ
C. વેમ્બનાડ
D. ચિલ્કા
ઉત્તર : C

4. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં નદીનો એક મુખત્રિકોણપ્રદેશ દર્શાવ્યો છે. તે મુખત્રિકોણપ્રદેશ કયો છે?



A. કૃષ્ણાનો મુખત્રિકોણપ્રદેશ
B. કાવેરીનો મુખત્રિકોણપ્રદેશ
C. ગોદાવરીનો મુખત્રિકોણપ્રદેશ
D. મહાનદીનો મુખત્રિકોણપ્રદેશ
ઉત્તર : B

5. ઉત્તરથી શરૂ કરી દક્ષિણ તરફ આવેલી નદીઓનો સાચો ક્રમ કયો છે?
A. ગોદાવરી, ચંબલ, સતલુજ, કૃષ્ણા
B. સતલુજ, ચંબલ, ગોદાવરી, કૃષ્ણા
C. ચંબલ, કૃષ્ણા, સતલુજ, ગોદાવરી
D. કૃષ્ણા, સતલુજ, ગોદાવરી, ચંબલ
ઉત્તર : B

6. દક્ષિણથી શરૂ કરી ઉત્તર તરફ આવેલી નદીઓનો સાચો ક્રમ કયો છે?
A. ગોદાવરી, કાવેરી, યમુના, નર્મદા
B. નર્મદા, યમુના, કાવેરી, ગોદાવરી
C. યમુના, નર્મદા, ગોદાવરી, કાવેરી
D. કાવેરી, ગોદાવરી, નર્મદા, યમુના
ઉત્તર : D

7. દક્ષિણથી શરૂ કરી ઉત્તર તરફ આવેલાં સરોવરોનો સાચો ક્રમ કયો છે?
A. વેમ્બનાડ, કોલેરુ, સાંભર, વુલર
B. કોલેરુ, વુલર, વેમ્બનાડ, સાંભર
C. સાંભર, વેમ્બનાડ, કોલેરુ, વુલર
D. વુલર, કોલેરુ, સાંભર, વેમ્બનાડ
ઉત્તર : A

16 આબોહવા

પ્રકરણસાર

- **આબોહવા** એટલે કોઈ પણ પ્રદેશની લાંબા સમયગાળાની વાતાવરણની સરેરાશ પરિસ્થિતિ.
- **હવામાન** એટલે કોઈ પણ સ્થળની, કોઈ એક સમયની કે નિશ્ચિત એવા કોઈ ટૂંકા સમયગાળાની વાતાવરણની સરેરાશ પરિસ્થિતિ.
- હવામાનનો આધાર મુખ્ય રૂપે હવાનું તાપમાન, હવાનું દબાણ, પવનોની દિશા અને વેગ, હવામાં ભેજનું પ્રમાણ, વરસાદ, ધુમ્મસ, ઝાકળ, વાદળાં વગેરે પર રહેલો છે.
- ઋતુ પ્રમાણે દિશા બદલતા પવનોને **મોસમી પવનો** કહે છે. એશિયા ખંડમાં મોસમી આબોહવા ધરાવતા મુખ્ય દેશો ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને મ્યાનમાર છે.
- પૃથ્વી પોતાની ધરી પર **23.5°**નો અને કક્ષાની સાથે **66.5°**નો ખૂણો બનાવે છે. 21 જૂનના દિવસે કર્કવૃત્ત પર અને 22 ડિસેમ્બરના દિવસે મકરવૃત્ત પર સૂર્યનાં કિરણો બરાબર લંબ પડે છે.
- ભારતની લગભગ મધ્યમાંથી **કર્કવૃત્ત** પસાર થતું હોવાથી ભારતનો દક્ષિણ ભાગ ઉષ્ણ કટિબંધમાં અને ઉત્તર ભાગ સમશીતોષ્ણ કટિબંધમાં આવે છે. તેથી ભારતના જુદા જુદા ભાગોમાં આવેલાં સ્થળોના તાપમાનમાં ઘણો મોટો તફાવત નોંધાય છે.
- ભારતની ઉત્તરે આવેલા **લેહ** અને **દ્રાસ**નું તાપમાન શિયાળામાં – 45 °સે જેટલું નીચું જાય છે, જ્યારે રાજસ્થાનમાં આવેલા **શ્રીગંગાનગર** અને **અલવર** ખાતે ઉનાળાનું તાપમાન 51 °સે જેટલું ઊંચું નોંધાયેલું છે.
- ભારતના ઉત્તર-પૂર્વ ભાગમાં આવેલા **મેઘાલય**ના ચેરાપુંજીમાં વાર્ષિક 1200 સેમી વરસાદ પડે છે, જે વિશ્વમાં સૌથી વધુ છે. ચેરાપુંજીથી 16 કિમી દૂર આવેલું **મૌસિનરમ** ચોવીસ કલાક દરમિયાન પડેલા મહત્તમ વરસાદી સ્થળ તરીકે જાણીતું બન્યું છે; જ્યારે રાજસ્થાનના રણપ્રદેશમાં વાર્ષિક માત્ર 10થી 12 સેમી વરસાદ પડે છે.
- ભારતની આબોહવાને અસર કરતાં પરિબળો અક્ષાંશ (વિષુવવૃત્તથી અંતર), સમુદ્રથી અંતર, સમુદ્રની સપાટીથી ઊંચાઈ, વાતાવરણીય દબાણ અને પવનો છે.
- સામાન્ય પરિસ્થિતિમાં પૃથ્વીની સપાટીથી ઊંચે તરફ જતાં 165 મીટરે 1 °સે અથવા 1000 મીટરે 6.5 °સે જેટલું તાપમાન ઘટે છે.
- ભારતની આબોહવાને દૂરના પ્રદેશોની જેટ સ્ટ્રીમ, પશ્ચિમી વિક્ષોભ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સીઝ), અલ-નીનો, આઈ. ટી. સી. ઝોન વગેરે ઘટનાઓ અસર કરે છે.
- ભારતમાં પરંપરાગત રીતે છ ઋતુઓ ગણાય છે : હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ.
- ભારત સરકારની **દિલ્લી** ખાતે આવેલી હવામાન ખાતાની કચેરીએ ભારતની ઋતુઓને **ચાર** વિભાગમાં વર્ગીકૃત કરી છે : (1) **શિયાળો** – ડિસેમ્બરથી ફેબ્રુઆરી, (2) **ઉનાળો** – માર્ચથી મે, (3) **ચોમાસું** – જૂનથી સપ્ટેમ્બર તથા (4) **પાછા ફરતા મોસમી પવનોની ઋતુ** – ઑક્ટોબર અને નવેમ્બર.
- **શિયાળા**ના મહિના દરમિયાન ભારત પર સૂર્યનાં કિરણો ત્રાંસાં પડતાં હોવાથી ઘણી ઓછી ગરમી પડે છે. આ સમય દરમિયાન મધ્ય એશિયામાંથી ઉત્તર-પૂર્વીય પવનો વાય છે. તે સૂકા અને ઠંડા હોય છે. તેથી દેશમાં હવામાન સૂકું રહે છે. સમુદ્રથી વધુ દૂર હોવાથી ઉત્તર-પૂર્વ ભારતમાં ખૂબ ઠંડી પડે છે. હિમાલયમાં થતી હિમવર્ષાથી ઉત્તર ભારતનાં મેદાનો સહિત રાજસ્થાન અને ગુજરાતમાં ઠંડીનું મોજું ફરી વળે છે. શિયાળામાં હિમાલયની ગિરિમાળાઓ મધ્ય એશિયાથી આવતા અત્યંત ઠંડા પવનો રોકે છે. તેથી ઊંચા પર્વતીય વિસ્તારો સિવાય ભારતમાં તાપમાન ઠારબિંદુથી નીચું જતું નથી.
- ઉત્તર-પૂર્વીય પવનો તમિલનાડુના કોરોમંડલ તટીય ક્ષેત્રમાં બંગાળાની ખાડી પર થઈને આવતા હોવાથી ભેજવાળા બને છે, જે તમિલનાડુમાં વરસાદ આપે છે.
- માર્ચથી મે દરમિયાન સૂર્ય વધુ ને વધુ ઉત્તર તરફ ખસે છે. આથી ભારતમાં ઉનાળો હોય છે. માર્ચથી દક્ષિણ ભારતનું અધિકતમ તાપમાન 40 °સેની આસપાસ પહોંચી જાય છે. એપ્રિલ-મે મહિનાઓમાં મધ્ય અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં સૌથી વધુ ગરમી પડે છે. અહીં કેટલાંક સ્થળોનું તાપમાન 40°થી 45 °સે સુધી પહોંચી જાય છે. દ્વીપકલ્પીય ભારતમાં સમુદ્રની સમીપતા અને ઉચ્ચપ્રદેશની ઊંચાઈને લીધે તાપમાન બહુ ઊંચું જતું નથી.
- મે માસ દરમિયાન મલબાર કિનારે થોડો વરસાદ પડે છે, જે કેરી પાકવામાં મદદરૂપ થતો હોવાથી **'આમ્રવૃષ્ટિ'** કહેવાય છે. તે કૉફીના પાકને પણ ફાયદાકારક છે.
- ભારતીય દ્વીપકલ્પ નૈર્ઋત્યકોણીય મોસમી પવનોને બે શાખાઓમાં વહેંચી દે છે : અરબ સાગરની શાખા અને બંગાળની ખાડીની શાખા. અરબ સાગરની શાખાના માર્ગમાં પશ્ચિમઘાટ અવરોધરૂપ બનતાં તેના વાતાભિમુખ ઢોળાવો પર 200 સેમી કરતાં વધુ વરસાદ પડે

છે. આ પવનો પશ્ચિમઘાટની વાતવિમુખ બાજુએ આગળ જતાં ઓછો વરસાદ આપે છે.

- અરબ સાગરની એક શાખા ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ થઈને રાજસ્થાન સુધી પહોંચે છે. તે માર્ગમાં ઘણો ઓછો વરસાદ આપે છે. રાજસ્થાનના રણપ્રદેશમાં 10 સેમી કરતાં પણ ઓછો વરસાદ પડે છે.
- બંગાળાની ખાડીની એક શાખા પશ્ચિમ બંગાળ થઈને મેઘાલય જાય છે. મેઘાલયમાં ખાસી ટેકરીઓમાં આવેલાં **ચેરાપુંજી** અને **મૌસિનરમ**માં વિશ્વનો સૌથી વધુ વરસાદ પડે છે.
- મોસમી પવનોની સાથે બંગાળાની ખાડી અને અરબ સાગર પર તૈયાર થતા ચક્રવાતો વર્ષાઋતુને વધુ તીવ્ર બનાવે છે.
- મોસમી પવનોની સાથે **'વરસાદના ક્રમભંગ'**ની ઘટના સંકળાયેલી છે. વરસાદ પડવાના અને નહિ પડવાના સમયગાળાઓ વારાફરતી આવ્યા કરે છે.
- ભારતની પ્રાકૃતિક રચનામાં ઘણું વૈવિધ્ય છે. તેને લીધે ભારતમાં વરસાદનું પ્રમાણ અને વિતરણ અસમાન બન્યું છે. દા. ત., અસમ અને મેઘાલયમાં ખૂબ વરસાદ પડે છે, જ્યારે રાજસ્થાનના રણપ્રદેશમાં અને કશ્મીરના લેહમાં ખૂબ જ ઓછો વરસાદ પડે છે.
- **ઑક્ટોબર** અને **નવેમ્બર** માસમાં ભારતમાં હળવા દબાણનું ક્ષેત્ર નબળું પડે છે અને તેના સ્થાને ક્રમશઃ ભારે દબાણનું ક્ષેત્ર રચાય છે. આથી મોસમી પવનો ભારતના ભૂમિ-ભાગો પરથી સમુદ્રો તરફ વાય છે. તેથી આ ઋતુ **'પાછા ફરતા મોસમી પવનોની ઋતુ'** કહેવાય છે. ભેજવાળી જમીન, સ્વચ્છ આકાશ અને વધતું જતું તાપમાન તેનાં પૂર્વલક્ષણો છે. ઊંચા તાપમાન અને ભેજને લીધે દિવસનું તાપમાન અકળાવનારું રહે છે, તેને **'ઑક્ટોબર હીટ'** કે **'ભાદરવી તાપ'** કહે છે.
- મોસમી પવનોની અનિયમિતતા અને અનિશ્ચિતતાની અસરો ભારતની આબોહવા પર અને લોકોનાં ખાનપાન, રહેણીકરણી, સ્વભાવ અને ખેતપ્રવૃત્તિ પર પડે છે.
- **આબોહવાની માનવજીવન પર અસરો :** (1) સિંચાઈની સગવડો વિનાના વિસ્તારોમાં માત્ર વરસાદના આધારે એક જ પાક લઈ શકાય છે. (2) પાકોને યોગ્ય સમયે વરસાદી પાણી મળતું ન હોવાથી બિયારણ નિષ્ફળ જાય છે કે પાક બળી જાય છે. (3) અતિવૃષ્ટિ થવાથી પાકો નાશ પામે છે. (4) પૂરથી જમીનનું ધોવાણ થતાં જમીનની ફળદ્રુપતા ઘટી જાય છે. લાંબા ગાળે ખેત-ઉત્પાદન ઘટી જાય છે. (5) વર્ષાઋતુ પછી ખેતમજૂરો બેકાર બને છે. તેથી તેમની આજીવિકાનો પ્રશ્ન વિકટ બને છે. તેઓ રોજગારી માટે શહેરો તરફ સ્થળાંતર કરે છે. (6) વરસાદની અનિશ્ચિતતાથી કાચો માલ ન મળવાથી ખેત આધારિત ઉદ્યોગોને સહન કરવું પડે છે. (7) અનિયમિત વરસાદને લીધે પીવાના પાણીની સમસ્યા વિકટ બને છે. રણવિસ્તાર અને પહાડોની તળેટીમાં રહેતા લોકોનું જીવન હાડમારીભર્યું બને છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :

[પ્રત્યેકના 4 ગુણ]

(1) ભારતની આબોહવાની લાક્ષણિકતાઓ જણાવો.

ઉત્તર : ભારતની આબોહવાની નોંધપાત્ર લાક્ષણિકતાઓ નીચે મુજબ છે :

(1) ભારતની આબોહવા એકંદરે ઉષ્ણ છે. ઉત્તરના ઊંચા પર્વતીય પ્રદેશોને બાદ કરતાં બાકીના પ્રદેશોનું તાપમાન શિયાળામાં પણ 0 °સે જેટલું નીચું જતું નથી.

(2) ભારતના સમુદ્રકિનારાના ભાગોની આબોહવા સાધારણ ગરમ, ભેજવાળી અને સમ છે; જ્યારે સમુદ્રથી દૂરના ઉત્તરના ભાગોની આબોહવા ખંડીય પ્રકારની વિષમ અને સૂકી છે.

(3) **મોસમ (ઋતુ) પ્રમાણે બદલાતા પવનો** એ ભારતની આબોહવાની ખાસ વિશિષ્ટતા છે. અહીં ઉનાળાના અંતે સમુદ્ર પરથી જમીન તરફ અને શિયાળામાં જમીન પરથી સમુદ્ર તરફ મોસમી પવનો વાય છે. આથી ભારતમાં ઉનાળાના અંતે આવતી વર્ષાઋતુમાં વરસાદ પડે છે અને શિયાળામાં તમિલનાડુના પૂર્વ ભાગ સિવાયના ભારતના વિસ્તારો એકંદરે વરસાદ વગરના હોય છે.

(4) આબોહવા પ્રમાણે ભારતમાં વર્ષની ચાર ઋતુઓ છે : **1. શિયાળો** – ડિસેમ્બરથી ફેબ્રુઆરી, **2. ઉનાળો** – માર્ચથી મે, **3. ચોમાસું** – જૂનથી સપ્ટેમ્બર તથા **4. પાછા ફરતા મોસમી પવનોની ઋતુ** – ઑક્ટોબર અને નવેમ્બર.

(5) ભારતમાં સૌથી વધારે ઠંડી હિમાલયના પર્વતીય પ્રદેશના ઉત્તર ભાગમાં તથા સૌથી વધુ ગરમી રાજસ્થાનના રણપ્રદેશમાં પડે છે. શિયાળામાં **જમ્મુ-કશ્મીરમાં આવેલા દ્રાસ(Dras)નું** તાપમાન **– 45 °સે** જેટલું નીચું જાય છે, જ્યારે ઉનાળામાં **રાજસ્થાનમાં આવેલા શ્રીગંગાનગરનું** તાપમાન ક્યારેક **51 °સે** જેટલું ઊંચું નોંધાયેલું છે.

(6) ભારતમાં **શિયાળો સ્ફૂર્તિદાયક અને આરોગ્યવર્ધક ઋતુ છે.** ભારતમાં આ ઋતુમાં ઉત્તર-પૂર્વના મોસમી પવનો વાય છે, જે કોરોમંડલ કિનારા સિવાય અન્યત્ર સૂકા અને ઠંડા હોય છે.

(7) ભારતમાં **ઉનાળો ગરમ, સૂકી અને અકળાવનારી ઋતુ છે.** ઉત્તર ભારતમાં અને ખાસ કરીને વાયવ્ય ભાગમાં તેની તીવ્ર અસર વર્તાય છે. દક્ષિણ ભારતમાં ઉનાળો પ્રમાણમાં નરમ રહે છે.

(8) ભારતમાં **વર્ષાઋતુ સૌથી અગત્યની ઋતુ છે.** આ ઋતુમાં વાતા **નૈર્ઋત્યના મોસમી પવનો** સમગ્ર ભારતમાં વરસાદ લાવે છે. વર્ષનો બહુ મોટા ભાગનો વરસાદ આ ઋતુમાં પડે છે.

(9) ભારતમાં વિશ્વના સૌથી વધુ વરસાદવાળા પ્રદેશો છે તેમજ નહિવત્ વરસાદવાળા પ્રદેશો પણ છે. મેઘાલયમાં વાર્ષિક **400 સેમી** જેટલો, તો જમ્મુ-કશ્મીરના લેહ વિસ્તાર અને રાજસ્થાનના રણપ્રદેશમાં વાર્ષિક માત્ર **10થી 12 સેમી** વરસાદ પડે છે. **મેઘાલય**માં આવેલાં **મૌસિનરમ** અને **ચેરાપુંજી**માં આશરે **1200 સેમી** જેટલો વરસાદ પડે છે, જે વિશ્વમાં સૌથી વધુ છે.

(10) ભારતમાં મોટા ભાગનો વરસાદ મોસમી પવનો દ્વારા મળતો હોવાથી વરસાદના પ્રમાણ અને સમય વિશે હંમેશાં અનિશ્ચિતતા પ્રવર્તે છે.

*** (2) આબોહવાને અસર કરતાં પરિબળોની ટૂંકમાં માહિતી જણાવો.**

ઉત્તર : ભારતની આબોહવાને અસર કરતાં પરિબળો નીચે મુજબ છે :

1. અક્ષાંશ : આબોહવાનાં તત્ત્વોનું વિતરણ મહદ્અંશે અક્ષાંશોને અનુસરે છે.

→ ભારત 8°4′ ઉ. અક્ષાંશ અને 37°6′ ઉ. અક્ષાંશ વચ્ચે આવેલો દેશ છે, એટલે **કર્કવૃત્ત (23°30′ ઉ. અક્ષાંશવૃત્ત)** તેને લગભગ બે ભાગોમાં વહેંચે છે.

→ કર્કવૃત્તની દક્ષિણનો ભાગ ઉષ્ણ કટિબંધમાં અને ઉત્તરનો ભાગ સમશીતોષ્ણ કટિબંધમાં આવે છે.

2. સમુદ્રથી અંતર : સૂર્યની ગરમી સંઘરવાની તથા તેની આપ-લે કરવાની શક્તિ જમીન અને પાણીમાં અલગ અલગ છે.

→ દ્વીપકલ્પીય ભારતના સમુદ્રકિનારાના ભાગો સમુદ્રની અસરથી લગભગ બારે માસ સમ આબોહવા અનુભવે છે.

→ ઉત્તરનું મેદાન સમુદ્રથી દૂર આવેલું હોવાથી ત્યાંની ખંડીય આબોહવા વિષમ એટલે કે ઉનાળામાં ઘણી ગરમ અને શિયાળામાં ઠંડી રહે છે. દા. ત., મુંબઈ સમુદ્રકિનારે હોવાથી તેની આબોહવા સમ છે, જ્યારે દિલ્લી સમુદ્રથી દૂર હોવાથી તેની આબોહવા વિષમ છે.

3. સમુદ્રની સપાટીથી ઊંચાઈ : સમુદ્રની સપાટીથી વાતાવરણમાં જેમ ઊંચે જઈએ તેમ હવાનું તાપમાન અને દબાણ ઘટે છે. સામાન્ય રીતે 165 મીટરે 1 °સે અથવા દર 1000 મીટર(1 કિમી)ની ઊંચાઈએ 6.5 °સે જેટલું તાપમાન ઘટે છે.

→ હવાનો દરેક સ્તર તેની નીચેના સ્તર પર દબાણ કરે છે. ઊંચાઈ પર હવાના સ્તરો ઓછા અને પાતળા હોવાથી જેમ જેમ ઊંચે જઈએ તેમ તેમ હવાનું દબાણ પણ ઘટે છે. આથી જ ઊંચા પહાડી પ્રદેશોમાં ઉનાળામાં પણ ઠંડકવાળી આબોહવા રહે છે. દા. ત., ઉત્તર ગુજરાતના મેદાનમાં ખૂબ ગરમી પડે છે, જ્યારે તેની નજીકમાં ઊંચાઈ પર આવેલા માઉન્ટ આબુના ગિરિમથક પર ઉનાળામાં ખુશનુમા અને આહ્લાદક આબોહવા અનુભવાય છે.

→ ભૂપૃષ્ઠની ઊંચાઈ વરસાદમાં વધારો કરે છે. હિમાલય પર્વતનાં બહુ ઊંચાં શિખરો બારે માસ બરફથી છવાયેલાં રહે છે. ભેજવાળી હવા ઊંચે ચડતાં ઠંડી પડે છે અને વરસાદ આપે છે. દા. ત., અસમ અને મેઘાલયના પહાડી વિસ્તારોમાં જેમ ઊંચાઈ વધતી જાય છે તેમ વરસાદનું પ્રમાણ વધતું જાય છે.

4. વાતાવરણીય દબાણ અને પવનો : ભારત ઉત્તર-પૂર્વી વ્યાપારી પવનોના ક્ષેત્રમાં આવેલ છે. આ પવનો ઉત્તર ગોળાર્ધના ઉષ્ણ કટિબંધીય ગુરુભારપટના ભારે દબાણના પટ્ટાઓ દ્વારા સર્જાય છે. તે પૃથ્વીના પરિભ્રમણને લીધે થોડા મરડાઈને વિષુવવૃત્ત તરફ વાય છે.

→ આ પવનો ભૂ-ભાગમાંથી ઉત્પન્ન થઈને વાતા હોવાથી તેમાં ભેજ હોતો નથી. પરંતુ ભારતની દક્ષિણે હિંદ મહાસાગર, પશ્ચિમે અરબ સાગર અને પૂર્વે બંગાળાની ખાડીના વિશાળ જળરાશિ ઉપરથી વાતા આ પવનો ભેજવાળા બને છે અને ભારતમાં સારો વરસાદ લાવે છે.

→ શિયાળામાં હિમાલયના પર્વતીય ક્ષેત્રમાં ભારે દબાણ હોય છે. તેથી અહીંના ઠંડા અને સૂકા પવનો દક્ષિણ ભારતના હળવા દબાણવાળા સમુદ્રી વિસ્તારો તરફ વાય છે.

→ ઉનાળામાં ઉત્તર ભારતમાં ઊંચા તાપમાનને કારણે હલકું દબાણ રચાય છે. આ સમયે હિંદ મહાસાગર પર ભારે દબાણ હોય છે. તેથી હિંદ મહાસાગર પરથી ઉત્તર ભારતના હલકા દબાણ તરફ પવનો વાય છે. તે ભેજવાળા હોવાથી વરસાદ લાવે છે. તે દક્ષિણ-પશ્ચિમ મોસમી પવનો કહેવાય છે.

5. ભૂપૃષ્ઠ : હિમાલય ઉનાળામાં વાતા મધ્ય એશિયાના અતિશય ઠંડા પવનોને ભારતમાં આવતા રોકે છે. તેથી ઉત્તર ભારત શિયાળામાં પણ હૂંફાળી આબોહવાનો અનુભવ કરે છે.

→ વળી, આ જ હિમાલય ચોમાસામાં હિંદ મહાસાગર પરથી આવતા ભેજવાળા પવનોને રોકી ઉત્તર ભારતમાં સારો વરસાદ અપાવે છે.

→ હિમાલયની જેમ **પશ્ચિમઘાટ** પણ ભેજવાળા પવનોને અવરોધી ભારતના પશ્ચિમ તટ પર ભારે વરસાદ વરસાવે છે.

→ હિમાલય અને **પૂર્વાંચલ**ની ગિરિમાળાઓને લીધે ઉત્તર-પૂર્વ ભારતમાં ખૂબ વરસાદ પડે છે.

*** (3) ભારતની શીતઋતુ – શિયાળા વિશે નોંધ લખો. *અથવા* ભારતના શિયાળા (શીતઋતુ) પર ટૂંક નોંધ લખો.**

ઉત્તર : ભારતમાં શિયાળાની ઋતુ ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી હોય છે.

→ આ સમયે ભારતમાં સૂર્યનાં કિરણો ત્રાંસાં પડતાં હોવાથી તાપમાન નીચું રહે છે. આ ઋતુમાં ભારત પર ઈશાની પવનો વાય છે. તે જમીન પરથી વાતા હોવાથી સૂકા અને ઠંડા હોય છે. આથી શિયાળામાં ભારતની આબોહવા એકંદરે સૂકી અને ઠંડી હોય છે. આકાશ વાદળાં વગરનું સ્વચ્છ હોય છે. હવામાં ભેજનું પ્રમાણ

ઓછું હોય છે. પરિણામે ભારતમાં શિયાળાની આબોહવા ખુશનુમા અને આરોગ્યપ્રદ હોય છે.

→ ઉત્તર ભારતના વિસ્તારો દરિયાથી બહુ દૂર હોવાને કારણે તથા અમુક ભાગ રેતાળ હોવાને કારણે ત્યાં શિયાળાનું તાપમાન ઘણું નીચું રહે છે.

→ ઉત્તર ભારતમાં પૂર્વથી પશ્ચિમ તરફ જતાં શિયાળાનું તાપમાન ઘટતું જાય છે. જાન્યુઆરીમાં કોલકાતાનું તાપમાન 18 °સે જેટલું, અલાહાબાદનું 16 °સે જેટલું અને દિલ્લીનું 10 °સે કરતાં પણ નીચું જાય છે.

→ આ સમયે હિમાલયમાં તાપમાન ઘણું નીચું રહે છે. શિમલા અને દાર્જિલિંગનું જાન્યુઆરીનું તાપમાન 5 °સે જેટલું હોય છે.

→ હિમાલયમાં શિયાળામાં કેટલીક વાર ભારે **'હિમવર્ષા'** થાય છે તે વખતે ત્યાંની ઠંડી અને ભારે હવા ઉત્તરના મેદાનમાં ઘસી આવે છે. તેની અસરથી ઉત્તર ભારતમાં તેમજ રાજસ્થાન અને ગુજરાતમાં પણ ઠંડીનું મોજું ફરી વળે છે અને તાપમાન એકાએક નીચું ઊતરી જાય છે. કેટલાક ભાગોમાં **'હિમ'** પડતાં કપાસ જેવા પાકને નુકસાન થાય છે.

→ જોકે શિયાળામાં ઊંચા પહાડો સિવાય ભારતમાં તાપમાન ઠારબિંદુ સુધી નીચે જતું નથી. કારણ કે, ઉત્તર સરહદે આવેલી હિમાલયની ગિરિમાળા તેની પેલે પાર મધ્ય એશિયામાંથી ફૂંકાતા ખૂબ જ ઠંડા પવનોને રોકે છે અને ભારતને કાતિલ ઠંડીથી બચાવે છે.

→ દક્ષિણ ભારત ઉષ્ણ કટિબંધમાં છે. વળી, તે દ્વીપકલ્પ છે. તેના અંદરના ભાગો સમુદ્રથી બહુ દૂર નથી. આથી ત્યાં શિયાળામાં ઉત્તર ભારત જેવી કાતિલ ઠંડી પડતી નથી. જેમ કે; જાન્યુઆરીમાં કોચીનું તાપમાન 26 °સે, મદુરાઈનું 25 °સે અને ચેન્નઈનું 24 °સે જેટલું હોય છે. ભારતમાં દક્ષિણથી ઉત્તર તરફ જતાં શિયાળાનું તાપમાન ઘટતું જાય છે. જેમ કે, મુંબઈ કરતાં દિલ્લીનું તાપમાન ઘણું નીચું રહે છે.

→ શિયાળામાં ભારતમાં વાતા ઈશાનના મોસમી પવનો મોટા ભાગના પ્રદેશોમાં જમીન પર થઈને આવતા હોવાથી સૂકા હોય છે. તેથી તે વરસાદ લાવતા નથી. પરંતુ **કોરોમંડલ તટે** તે બંગાળાની ખાડી પરથી ભેજ લઈને આવે છે. આથી તમિલનાડુના કિનારે આ પવનો વધુ વરસાદ આપે છે. આ સિવાય વાયવ્ય ભારતમાં શિયાળામાં પશ્ચિમ તરફ આવતા નરમ વંટોળ થોડોઘણો વરસાદ આપે છે. આ શિયાળુ વરસાદ પંજાબ અને હરિયાણામાં ઘઉં અને ચણાના રવી પાકને ફાયદો કરે છે. ભારતના અન્ય વિસ્તારોમાં શિયાળામાં ક્યારેક વરસાદ પડે છે. ગુજરાતમાં તે **'કમોસમી વરસાદ'** કે **'માવઠું'** કહેવાય છે.

(4) ભારતના ઉનાળા (ઉષ્ણઋતુ) વિશે માહિતી આપો.

ઉત્તર : ભારતમાં ઉનાળાની ઋતુ માર્ચથી મે સુધી ચાલે છે. ઉત્તર ભારતના મેદાનના વાયવ્ય વિસ્તારમાં તે છેક જૂન સુધી લંબાય છે.

→ આ સમયે ભારતમાં સૂર્યનાં કિરણો લંબ પડતાં હોવાથી ગરમીનું પ્રમાણ વધારે રહે છે. દક્ષિણ ભારતમાં તો માર્ચ માસમાં પ્રખર ગરમીનો અનુભવ થાય છે. અહીં માર્ચ મહિનામાં કેટલાંક સ્થળોનું મહત્તમ તાપમાન 40 °સે જેટલું ઊંચું રહે છે. એપ્રિલ અને મે મહિનામાં મધ્ય અને વાયવ્ય ભારતમાં ઘણી ગરમી પડે છે. મે મહિનામાં ગરમીનું પ્રમાણ પરાકાષ્ઠાએ પહોંચે છે. અહીં કેટલાંક સ્થળોનું મહત્તમ તાપમાન 40°થી 50 °સે જેટલું થઈ જાય છે. (રાજસ્થાનના શ્રીગંગાનગરમાં તો 51 °સે જેટલું ઊંચું તાપમાન નોંધાયું છે.) આમ, સમગ્ર ભારતમાં ઉનાળામાં એકંદરે ગરમ હવામાન અનુભવાય છે.

→ ઉત્તર ભારતની સરખામણીમાં દક્ષિણ ભારતમાં ઉનાળામાં થોડી ઓછી ગરમી પડે છે. દક્ષિણ ભારતમાં સમુદ્રની નિકટતા અને તેના ઉચ્ચપ્રદેશની ઊંચાઈ ઉનાળાને થોડી સૌમ્ય બનાવે છે. જેમ કે; ઉનાળામાં દિલ્લી અને અલાહાબાદનું તાપમાન 34 °સે જેટલું હોય છે, જ્યારે દક્ષિણમાં આવેલાં બેંગલૂરુ અને કોચીનું તાપમાન 27 °સે તથા મદુરાઈનું 30 °સે જેટલું હોય છે.

→ ભારતમાં મોટા ભાગના પ્રદેશોમાં ઉનાળો એકંદરે ગરમ અને સૂકો હોય છે.

→ ભારતમાં ઉનાળા દરમિયાન ખાસ વરસાદ પડતો નથી, પરંતુ ક્યારેક મલબાર કિનારે મે માસમાં થોડો વરસાદ પડે છે. જેને **'આમ્રવૃષ્ટિ'** કહેવામાં આવે છે. તે કેરીના પાકને પકવવામાં મદદરૂપ થાય છે.

(5) ભારતની વર્ષાઋતુ પર નોંધ લખો.

ઉત્તર : ખેતીપ્રધાન ભારત માટે વર્ષાઋતુ (ચોમાસું) સૌથી મહત્ત્વની ઋતુ છે. જૂનથી સપ્ટેમ્બર સુધી ચાલતી આ ઋતુમાં દેશનો આશરે 80 % વરસાદ પડે છે. ભારતની ખેતીનો ઘણોખરો આધાર આ વરસાદ પર છે.

→ વર્ષાઋતુમાં થતો વરસાદ ભારત તરફ વાતા દક્ષિણ-પશ્ચિમ(નૈર્ઋત્ય)ના મોસમી પવનોને આભારી છે. વર્ષાઋતુને **'નૈર્ઋત્યના મોસમી પવનોની ઋતુ'** પણ કહે છે.

→ મે મહિનાના અંત સુધીમાં ઊંચા તાપમાનને કારણે ભારતના ઉત્તર-પશ્ચિમ મેદાનોમાં હલકા દબાણની સ્થિતિ સર્જાય છે. આ સમયે ભારતની દક્ષિણે આવેલા હિંદ મહાસાગર પર હવાનું ભારે દબાણ હોય છે. તેથી હિંદ મહાસાગર પરથી પવનો ઉત્તર ભારતના હલકા દબાણ તરફ ખેંચાઈ આવે છે. તે પોતાની સાથે પુષ્કળ ભેજ લઈને ભારતમાં આવે છે. તેથી જૂનથી સપ્ટેમ્બર દરમિયાન ભારતમાં વરસાદ પડે છે.

→ આ પવનો વ્યાપારી પવનોની જેમ નિયમિત અને કાયમી હોતા નથી. તે ચોક્કસ મોસમ (ઋતુ) દરમિયાન જ ઉદ્‌ભવતા અને વાતા હોવાથી **'મોસમી પવનો'** કહેવાય છે.

→ ભારતીય દ્વીપકલ્પને કારણે નૈર્ઋત્યકોણીય મોસમી પવનો બે શાખાઓમાં વહેંચાઈ જાય છે : 1. અરબ સાગર પરથી વાતા પવનો અને 2. બંગાળાની ખાડી પરથી વાતા પવનો.

1. અરબ સાગર પરથી વાતા પવનો : આ પવનો દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારે આવેલા કેરલમાં થઈને ભારતમાં પ્રવેશ કરે છે. તે કિનારે પ્રવેશતાંની સાથે જ પશ્ચિમઘાટ તેને અવરોધે છે. આથી પશ્ચિમઘાટની વાતાભિમુખ બાજુએ ભારે વરસાદ પડે છે. આ પવનો પશ્ચિમઘાટ ઓળંગીને દખ્ખણના ઉચ્ચપ્રદેશ પર પહોંચે છે ત્યારે એમાંનો ભેજ ઓછો થઈ ગયો હોય છે. આથી ઉચ્ચપ્રદેશમાં વરસાદનું પ્રમાણ ઘટી જાય છે. દખ્ખણનો ઉચ્ચપ્રદેશ, પશ્ચિમઘાટની વાતવિમુખ બાજુએ આવેલો છે એટલે તે વર્ષાછાયાનો પ્રદેશ બને છે. મુંબઈ અને પુણે એકબીજાથી બહુ દૂર નથી છતાં પશ્ચિમઘાટની વાતાભિમુખ બાજુએ આવેલા મુંબઈમાં 200 સેમી કરતાં વધારે વરસાદ પડે છે, જ્યારે વાતવિમુખ બાજુએ વર્ષાછાયામાં આવેલા પુણેમાં ફક્ત 75 સેમી જેટલો વરસાદ પડે છે.

→ ભારતના પશ્ચિમ કિનારે દક્ષિણથી ઉત્તર તરફ જતાં કેરલ, કર્ણાટક, ગોવા અને મહારાષ્ટ્રમાં વરસાદનું પ્રમાણ ક્રમશઃ ઘટતું જાય છે.

→ મોસમી પવનોનો એક પ્રવાહ નર્મદાની ખીણના માર્ગે મધ્ય પ્રદેશમાં જાય છે. આ પ્રવાહ આગળ વધે છે ત્યારે તેની સાથે બંગાળાની ખાડી પરથી આવતા પવનો ભળી જાય છે.


→ અરબ સાગરના મોસમી પવનોનો એક નબળો પ્રવાહ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાન તરફ જાય છે. તેમાં ભેજ ઘણો ઓછો હોય છે. વળી, ગુજરાતમાં ખૂબ ઊંચા પહાડો કે ગીચ જંગલો નથી. આથી આ પવનોમાં રહેલા ભેજનું ઘનીભવન થવાની શક્યતા ઓછી રહે છે. પરિણામે ગુજરાતમાં ઓછો વરસાદ પડે છે. આ પવનો રાજસ્થાનમાં પહોંચે છે ત્યારે તેમાંનો ભેજ ઘણો ઓછો થઈ જાય છે. આથી ત્યાં વરસાદ ઘણો ઓછો પડે છે. રાજસ્થાનના રણપ્રદેશમાં તો 10 સેમી કરતાં પણ ઓછો વરસાદ પડે છે.

2. બંગાળાની ખાડી પરથી વાતા પવનો : આ પવનો સૌપ્રથમ પશ્ચિમ બંગાળમાં પ્રવેશ કરી મેઘાલય સુધી પહોંચે છે. આ પવનો ખૂબ જ ભેજવાળા હોય છે. આ પવનોને મેઘાલયમાં ગારો, ખાસી અને જૈન્તિયાની ટેકરીઓ રોકે છે. આથી આ ટેકરીઓના વાતાભિમુખ ઢાળ પર મુશળધાર વરસાદ પડે છે. મેઘાલયમાં ખાસી ટેકરીઓના ઢાળ પર આવેલા ચેરાપુંજીમાં વાર્ષિક આશરે 1200 સેમી જેટલો વરસાદ પડે છે, જે વિશ્વમાં સૌથી વધુ છે. ચેરાપુંજીથી 16 કિમી દૂર આવેલા મૌસિનરમ પણ ચોવીસ કલાક દરમિયાન પડેલા મહત્તમ વરસાદી સ્થળ તરીકે જાણીતું છે.

→ પશ્ચિમ તરફ ફંટાતા પવનોની દિશા બદલાતાં તે દક્ષિણ-પૂર્વ (અગ્નિ) દિશાના બને છે. આ પવનો પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં થઈ પંજાબ સુધી પહોંચે છે. પશ્ચિમ તરફ આગળ વધતાં તેમાંના ભેજનું પ્રમાણ ક્રમશઃ ઘટતું જાય છે. આથી ઉત્તર ભારતના મેદાનમાં પૂર્વથી પશ્ચિમ તરફ જતાં વરસાદનું પ્રમાણ પણ ઘટતું જાય છે. કોલકાતામાં 160 સેમી, અલાહાબાદમાં 100 સેમી અને દિલ્લીમાં 65 સેમી જેટલો વરસાદ પડે છે.

→ બંગાળાની ખાડી પરથી આવતા મોસમી પવનો અને અરબ સાગર પરથી આવતા મોસમી પવનો ભેગા થઈ જતાં તે ઉત્તરમાં હિમાલયના ક્ષેત્રમાં સારો વરસાદ આપે છે. ક્યારેક અહીં હિમવર્ષારૂપે વરસાદ પડે છે.

→ ઉત્તર ભારતમાં મોટા ભાગનો વરસાદ બંગાળાની ખાડી પરથી વાતા પવનો લાવે છે. આ વરસાદ લાવવામાં બંગાળાની ખાડીમાં ઉત્પન્ન થતા ચક્રવાતો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. બંગાળાની ખાડીના ઉત્તર ભાગમાં હવાનું દબાણ હલકું બનતાં ત્યાં વર્ષાઋતુ દરમિયાન પાંચથી છ ચક્રવાતો (વંટોળો) સર્જાય છે. આ ચક્રવાતો મોસમી પવનોની સાથે પશ્ચિમ તરફ આગળ વધે છે અને વરસાદ લાવવામાં ખૂબ મદદરૂપ થાય છે. આ ચક્રવાતોની અસર ક્યારેક છેક ગુજરાત સુધી પહોંચે છે ત્યારે ગુજરાતમાં વધુ વરસાદ પડે છે.



(6) નિવર્તન ઋતુ – ભારતની પાછા ફરતા મોસમી પવનોની ઋતુ વિશે માહિતી આપો.

ઉત્તર : ભારતમાં આ ઋતુ ઑક્ટોબર-નવેમ્બરના સમયગાળામાં હોય છે.

→ સપ્ટેમ્બર પછી ભારતમાં ગરમીનું પ્રમાણ ઘટે છે અને સૂર્યનાં સીધાં કિરણો દક્ષિણ તરફ ખસતાં જાય છે. આથી દક્ષિણે હિંદ મહાસાગર પર હવાનું હલકું દબાણ અને ઉત્તર ભારતમાં હવાનું ભારે દબાણ વિકસતું જાય છે. પરિણામે ચોમાસામાં વાતા નૈર્ઋત્યના મોસમી પવનો સપ્ટેમ્બરના અંતે નબળા પડે છે અને ઑક્ટોબરમાં આ પવનો ભારતના જમીન ભાગોમાંથી પાછા ફરીને સમુદ્ર તરફ વાવા લાગે છે. તેથી ઑક્ટોબર-નવેમ્બર મહિનાના સમયગાળાને **'પાછા ફરતા મોસમી પવનોની ઋતુ'** કહેવામાં આવે છે.

→ ઉત્તર ભારતમાં આ પવનો નરમ વંટોળના સ્વરૂપમાં વાય છે ત્યારે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ વગેરે ભાગોમાં થોડો વરસાદ આપે છે, જે રવી (શિયાળુ) પાકને ફાયદો કરે છે.

→ ચોમાસામાં નૈર્ઋત્યમાંથી વાતા પવનો આ ઋતુમાં દિશા બદલીને ઈશાનમાંથી વાય છે. તે બંગાળાની ખાડી પરથી પસાર થતાં ભેજવાળા બને છે અને તમિલનાડુના કોરોમંડલ કિનારે સારો વરસાદ આપે છે. આ ઋતુ તમિલનાડુની મુખ્ય વર્ષાઋતુ ગણાય છે.

→ ઑક્ટોબર-નવેમ્બર મહિના દરમિયાન આર્દ્ર અને ગરમ વર્ષાઋતુના સ્થાને શુષ્ક અને ઠંડા પવનોની પરિસ્થિતિનો પ્રારંભ થાય છે. આ ઋતુનું પ્રાથમિક લક્ષણ સ્વચ્છ થઈ રહેલું આકાશ અને વધતું જતું તાપમાન છે. સ્વચ્છ આકાશને લીધે તાપમાન વધી જાય છે, પરંતુ રાત્રિ ઠંડી અને ખુશનુમા હોય છે. જમીન હજી ભેજવાળી હોવાથી હવામાં ભેજનું પ્રમાણ વધુ હોય છે. ઊંચા તાપમાન અને ભેજના વધુ પ્રમાણને લીધે દિવસનું હવામાન અકળાવનારું થઈ જાય છે. આ સ્થિતિને 'ઑક્ટોબર હીટ' (October heat) કહે છે. ગુજરાતમાં તે 'ભાદરવી તાપ'ના નામે જાણીતી છે.

*** (7) આબોહવાની માનવજીવન પર થતી અસરો વર્ણવો.**

ઉત્તર : આબોહવાની માનવજીવન પર થતી અસરો :

→ ભારતમાં વર્ષના મોટા ભાગના સમય દરમિયાન તાપમાન ઊંચું રહે છે. તેથી ખેતીના વિવિધ પાકો પકવી શકાય છે.

→ દેશમાં વરસાદ ઘણો અનિયમિત પડે છે. તેને લીધે પાકોના ઉત્પાદનમાં મોટી વધઘટ થયા કરે છે. આથી દેશના કેટલાક ભાગોમાં અવારનવાર અછત અને દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય છે.

→ ભારતમાં ચોમાસામાં જ મોટા ભાગનો વરસાદ પડી જાય છે, જેથી સિંચાઈ સગવડો ન હોય ત્યાં માત્ર વરસાદના આધારે વર્ષમાં એક જ પાક લઈ શકાય છે.

→ વર્ષાઋતુની શરૂઆત કે સમાપ્તિ અનિશ્ચિત હોય છે. તેથી ખેતીને ઘણી વાર સમયસર વરસાદનું પાણી ન મળવાથી વાવણી થઈ શકતી નથી કે ઊભો પાક બળી જાય છે. તેથી ખેતીના ઉત્પાદન પર માઠી અસર પહોંચે છે.

→ કેટલીક વાર ઓછા સમયમાં ભારે વરસાદ પડે છે ત્યારે પૂરની સ્થિતિ સર્જાય છે. પરિણામે ઊભો પાક નાશ પામે છે.

→ નદીઓમાં પૂર આવવાથી જમીનનું ધોવાણ થાય છે. જમીનની ફળદ્રુપતા ઓછી થવાથી ખેત-ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

→ વર્ષાઋતુ પૂરી થયા પછી ખેતરોમાં કામ ન મળવાથી ખેતમજૂરો માટે આજીવિકાનો પ્રશ્ન ઊભો થાય છે. તેઓ રોજગારી માટે શહેરોમાં સ્થળાંતર કરે છે.

→ વરસાદની અનિશ્ચિતતા અને અનિયમિતતાને લીધે કપાસ, શેરડી, તમાકુ વગેરે પાકો પર આધારિત ઉદ્યોગોને પૂરતો કાચો માલ મળતો નથી. પરિણામે એ ઉદ્યોગોને સહન કરવું પડે છે.

→ અપૂરતા વરસાદને કારણે ભારતના ઘણા વિસ્તારોમાં આજે પણ પીવાના પાણીની તંગી ઊભી થાય છે. લોકોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. રણવિસ્તાર અને પહાડોની તળેટીમાં રહેતા લોકોનું જીવન હાડમારીભર્યું બને છે. પશુધન બચાવવું મુશ્કેલ પડે છે.

આમ, આબોહવાની માનવજીવન પર ગાઢ અસરો થાય છે. તેની સીધી અસર માનવીના ખોરાક, પોશાક, વ્યવસાય અને રહેઠાણ પર પણ પડે છે.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*


*** (1) ઋતુ-પરિવર્તનની ઘટના કયાં કયાં કારણોથી થાય છે?**

અથવા


પૃથ્વી પર ઋતુઓ કેવી રીતે બદલાય છે, તે આકૃતિ દોરીને સમજાવો.

ઉત્તર : પૃથ્વી પોતાની ધરીને 66.5°ને ખૂણે નમેલી રાખીને સૂર્યની આસપાસ ફરે છે. તેથી વર્ષ દરમિયાન ઉત્તર અને દક્ષિણ ગોળાર્ધ વારાફરતી સૂર્યની સામે નમેલા રહે છે.

→ જે ગોળાર્ધ સૂર્યની સામે નમેલો હોય ત્યાં સૂર્યનાં કિરણો સીધાં પડે છે. સીધાં કિરણોમાંથી ગરમી વધારે મળે છે. દિવસો પણ વધુ લાંબા હોય છે. આથી ત્યાં **ઉનાળો** હોય છે. જે ગોળાર્ધ સૂર્યની વિરુદ્ધ દિશામાં નમેલો હોય ત્યાં સૂર્યનાં કિરણો ત્રાંસા પડે છે. ત્રાંસાં કિરણોમાંથી ઓછી ગરમી મળે છે. અહીં રાત્રિની લંબાઈ વધારે અને દિવસની લંબાઈ ઓછી હોય છે. આથી ત્યાં **શિયાળો** હોય છે.



[22 ડિસેમ્બર : પૃથ્વીની સ્થિતિ]



[21 જૂન : પૃથ્વીની સ્થિતિ]

→ 22 ડિસેમ્બરે સૂર્યનાં કિરણો દક્ષિણ ગોળાર્ધમાં મકરવૃત્ત પર સીધાં પડે છે. તેથી દક્ષિણ ગોળાર્ધમાં ઉનાળો અને ઉત્તર ગોળાર્ધમાં શિયાળો હોય છે. એ સમયે ભારતમાં દિવસ ટૂંકો અને રાત્રિ લાંબી તથા ઠંડી હોય છે.

→ 21 જૂને સૂર્યનાં કિરણો ઉત્તર ગોળાર્ધમાં કર્કવૃત્ત પર લંબ પડે છે. તેથી ઉત્તર ગોળાર્ધમાં ઉનાળો અને દક્ષિણ ગોળાર્ધમાં શિયાળો હોય છે. એ સમયે ભારતમાં દિવસ લાંબો અને રાત્રિ ટૂંકી હોય છે.

*** (2) સમુદ્રસપાટીથી ઊંચાઈ વધતાં હવામાનમાં શા ફેરફારો થાય છે?**

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(2)**નો મુદ્દો **3. સમુદ્રની સપાટીથી ઊંચાઈ.**

*** (3) 'વ્યાપારી પવનો' વિશે સમજ આપો.**


ઉત્તર : પૃથ્વીના બંને ગોળાર્ધોમાં અયનવૃત્તીય ગુરુભારપટ તરફથી વિષુવવૃત્તીય લઘુભારપટ તરફ વાતા બારમાસી પવનો 'વ્યાપારી પવનો' કહેવાય છે.

→ આ પવનો પૃથ્વીની પરિભ્રમણ ગતિને લીધે થોડા મરડાઈને વિષુવવૃત્ત તરફ વાય છે. આ પવનો લગભગ નિયમિત અને એકધારી ગતિથી વાય છે. તેથી તે પહેલાંના સમયમાં દરિયાઈ માર્ગે પવનશક્તિથી ચાલતાં જહાજો દ્વારા થતા વેપાર પર લાભદાયક અસર કરતા, ત્યારથી તે **'વ્યાપારી પવનો'** તરીકે ઓળખાય છે.

→ આ પવનો જમીન પરથી વાતા હોવાથી સૂકા હોય છે. પરંતુ ભારતની દક્ષિણે હિંદ મહાસાગર, પશ્ચિમે અરબ સાગર અને પૂર્વે બંગાળાની ખાડીના વિશાળ જળરાશિ ઉપરથી પસાર થઈને આવતા હોવાથી તે પોતાની સાથે પુષ્કળ ભેજ લઈને ભારતમાં આવે છે અને વરસાદ આપે છે.

(4) ભારતનું ઋતુચક્ર સમજાવો.

ઉત્તર : ભારતમાં લગભગ બે-બે મહિનાના સમયગાળા દરમિયાન હવામાન એકસરખું જ રહે છે. આ સમયગાળાને **'ઋતુ'** કહેવામાં આવે છે.



[ભારતનું ઋતુચક્ર]

→ ભારતમાં પરંપરાગત રીતે છ ઋતુઓ છે : (1) હેમંત, (2) શિશિર, (3) વસંત, (4) ગ્રીષ્મ, (5) વર્ષા અને (6) શરદ.

→ તે એકબીજાની નજીક હોવાથી પાસપાસેની બે ઋતુઓના હવામાનની પરિસ્થિતિમાં બહુ તફાવત હોતો નથી. તેથી બે-બે ઋતુઓને સાથે લેવામાં આવે, તો વર્ષની મુખ્ય **ત્રણ** ઋતુઓ જ ગણાય : (1) શિયાળો, (2) ઉનાળો અને (3) ચોમાસું.

→ ભારતમાં ઋતુઓ સ્પષ્ટ રીતે બદલાય છે. શિયાળામાં હવામાન ઠંડું, ઉનાળામાં ગરમ અને ચોમાસામાં ભેજવાળું રહે છે.

→ ભારત સરકારની **દિલ્લી** ખાતે આવેલી હવામાન ખાતાની કચેરીએ ભારતની આબોહવાને ચાર ઋતુઓમાં વર્ગીકૃત કરી છે :

(1) શીતઋતુ – શિયાળો – ડિસેમ્બરથી ફેબ્રુઆરી

(2) ઉષ્ણઋતુ – ઉનાળો – માર્ચથી મે


(3) વર્ષાઋતુ – ચોમાસું – જૂનથી સપ્ટેમ્બર

(4) નિવર્તન ઋતુ – પાછા ફરતા મોસમી પવનોની ઋતુ – ઑક્ટોબર અને નવેમ્બર

પ્રશ્ન 3. પૃથ્વીની આકૃતિ દોરી તેના પર નીચેનાં સ્થાનો દર્શાવો : *[2 ગુણ]*

(1) કર્કવૃત્ત (2) વિષુવવૃત્ત (3) મકરવૃત્ત

ઉત્તર :



પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં ભૌગોલિક કારણો આપો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) દક્ષિણ ભારતમાં બહુ ઠંડી-ગરમી પડતી નથી. *અથવા*
દક્ષિણ ભારતમાં શા માટે બહુ ઠંડી-ગરમી પડતી નથી?

ઉત્તર : (1) દક્ષિણ ભારત દ્વીપકલ્પ છે. આથી તેના મોટા તટીય વિસ્તાર પર દરિયાઈ આબોહવાની અસર રહે છે, જે ગરમી-ઠંડીને હળવી બનાવે છે. (2) દક્ષિણ ભારત ઉષ્ણ કટિબંધમાં હોવાથી અહીં શિયાળામાં બહુ ઓછી ઠંડી પડે છે. (3) ઉનાળામાં તેના પર સૂર્યનાં કિરણો લંબ પડે છે, પરંતુ તેનો મોટો ભાગ ઉચ્ચપ્રદેશ હોવાથી ગરમીનું પ્રમાણ ઓછું રહે છે. (4) આમ, દરિયાઈ આબોહવા, વિષુવવૃત્તની સમીપતા અને ઉચ્ચપ્રદેશની ઊંચાઈને લીધે દક્ષિણ ભારતમાં બહુ ઠંડી-ગરમી પડતી નથી.

(2) કોરોમંડલ કિનારે શિયાળામાં વરસાદ પડે છે. *અથવા*
કોરોમંડલ કિનારે શિયાળામાં વરસાદ શાથી પડે છે?

ઉત્તર : (1) ભારતમાં શિયાળામાં ઈશાનના મોસમી પવનો વાય છે. આ પવનો દેશના મોટા ભાગમાં જમીન પરથી વાતા હોવાથી સામાન્ય રીતે સૂકા હોય છે. સામાન્ય રીતે તે વરસાદ લાવતા નથી. (2) પરંતુ કોરોમંડલ કિનારે વાતા ઈશાનના પવનો બંગાળાની ખાડી પર થઈને આવતા હોવાથી ભેજવાળા હોય છે. તેથી તે કોરોમંડલ કિનારે વધુ વરસાદ આપે છે. આમ, કોરોમંડલ કિનારે શિયાળામાં વરસાદ પડે છે.

(3) દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારાના મેદાનમાં ભારે વરસાદ પડે છે. *અથવા*
દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારાના મેદાનમાં શાથી ભારે વરસાદ પડે છે?

ઉત્તર : (1) દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારાની નજીક પશ્ચિમઘાટ ઉત્તર-દક્ષિણ પથરાયેલો હોવાથી દક્ષિણ ભારતનું પશ્ચિમ કિનારાનું મેદાન સાંકડું છે. (2) મોસમી પવનોની અરબ સાગરની શાખા આ મેદાનમાં પ્રવેશતાં જ તેના માર્ગમાં પશ્ચિમઘાટ આડે આવે છે. (3) પશ્ચિમઘાટ ઊંચો હોવાથી પવનો ઊંચે ચડે છે અને તેમાં રહેલો ઘણોખરો ભેજ ઠંડો પડી પશ્ચિમઘાટની વાતાભિમુખ બાજુએ પશ્ચિમ કિનારાના મેદાનમાં વરસાદરૂપે વરસી જાય છે. (4) આ કારણે પશ્ચિમ કિનારાના મેદાનમાં ભારે વરસાદ પડે છે.

(4) મેઘાલય સહિતના ઉત્તર-પૂર્વ (ઈશાન) ભારતમાં ભારે વરસાદ પડે છે.

ઉત્તર : (1) મોસમી પવનોની બંગાળાની ખાડીની શાખા પુષ્કળ ભેજ સાથે બાંગ્લાદેશ પર થઈને ઈશાન ભારતમાં પ્રવેશ કરે છે. (2) તેના માર્ગમાં મેઘાલયમાં આવેલી ગારો, ખાસી અને જૈન્તિયા ટેકરીઓ આડી આવે છે. આથી મેઘાલયમાં મુશળધાર વરસાદ પડે છે. (3) ખાસી ટેકરીના દક્ષિણ ઢોળાવ પર આવેલા **મૌસિનરમ** અને **ચેરાપુંજી**માં વિશ્વનો સૌથી વધુ વરસાદ પડે છે. (4) આ પવનોની એક શાખા બ્રહ્મપુત્રની ખીણમાં પ્રવેશી હિમાલય અને પૂર્વાચલના પહાડોથી અવરોધાઈને ઈશાન ભારતનાં અન્ય રાજ્યોમાં પણ ઘણો વરસાદ આપે છે. આમ, મેઘાલય સહિતના ઈશાન ભારતમાં ભારે વરસાદ પડે છે.

(5) ગુજરાતમાં ઓછો વરસાદ પડે છે. *અથવા*
કયાં કારણોસર ગુજરાતમાં ઓછો વરસાદ પડે છે?

ઉત્તર : (1) ગુજરાતમાં અરબ સાગર પરથી વાતા નૈર્ઋત્યના મોસમી પવનોની એક શાખા વરસાદ લાવે છે. આ શાખાના પવનો નબળા હોય છે અને તેમાં ભેજનું પ્રમાણ પણ ઓછું હોય છે. (2) વળી, ગુજરાતના આ ભાગમાં કોઈ ઊંચા પહાડો કે ગીચ જંગલો નથી. તેથી આ પવનોમાં રહેલા ભેજનું ઘનીભવન થવાની શક્યતા ઓછી રહે છે. તેથી ગુજરાતમાં વરસાદ ઓછો પડે છે.

(6) રાજસ્થાનમાં ઘણો ઓછો વરસાદ પડે છે.

ઉત્તર : (1) અરબ સાગર પરથી વાતા નૈર્ઋત્યના મોસમી પવનો ગુજરાતમાં વરસાદ વરસાવીને રાજસ્થાનમાં પ્રવેશ કરે છે. આ પવનોમાં ભેજનું પ્રમાણ ખૂબ જ ઓછું હોય છે. (2) રાજસ્થાનની અરવલ્લીની ગિરિમાળા પણ પવનોની દિશામાં જ પથરાયેલી હોવાથી પવનોને અવરોધતી નથી. (3) મોસમી પવનોમાંનો ભેજ ઠરવાના સંજોગો અહીં બહુ ઓછા હોય છે. તેથી રાજસ્થાનમાં ઘણો ઓછો વરસાદ પડે છે. પશ્ચિમ રાજસ્થાનના થરપાકરના રણવિસ્તારમાં 10 સેમી કરતાં પણ ઓછો વરસાદ પડે છે.

(7) ઉત્તર ભારતમાં પૂર્વથી પશ્ચિમ તરફ જતાં વરસાદનું પ્રમાણ ઘટતું જાય છે. *અથવા*

ઉત્તર ભારતમાં પૂર્વથી પશ્ચિમ તરફ જતાં વરસાદનું પ્રમાણ શાથી ઘટતું જાય છે?

ઉત્તર : (1) ઉત્તર ભારતમાં મુખ્યત્વે બંગાળાની ખાડી પરથી વાતા નૈર્ઋત્યના મોસમી પવનો વરસાદ લાવે છે. આ પવનોનો ઘણો ભેજ મેઘાલય, અસમ અને પશ્ચિમી બંગાળાના ઊંચા પહાડી વિસ્તારોમાં વરસાદરૂપે ઠલવાઈ જાય છે. (2) આ પહાડોને કારણે પવનોનો એક ભાગ પશ્ચિમ તરફ મરડાઈને જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તેમનો ભેજ માર્ગમાં વરસાદરૂપે ઠલવાતો જાય છે. તેથી ઉત્તર ભારતમાં પૂર્વથી પશ્ચિમ તરફ જતાં વરસાદનું પ્રમાણ ઘટતું જાય છે.

(8) ચોમાસું ભારતની સૌથી મહત્ત્વની ઋતુ ગણાય છે.

ઉત્તર : (1) ભારત ખેતીપ્રધાન દેશ છે. (2) ભારતની મોટા ભાગની ખેતી વરસાદ પર આધાર રાખે છે. (3) ભારતનો 80 % જેટલો વરસાદ ચોમાસામાં – જૂનથી સપ્ટેમ્બર – પડે છે. તેથી ચોમાસું ભારતની સૌથી મહત્ત્વની ઋતુ ગણાય છે.

(9) શિયાળામાં કેટલીક વાર રાજસ્થાન અને ગુજરાતમાં ઠંડીનું મોજું ફરી વળે છે.

ઉત્તર : (1) હિમાલયમાં શિયાળામાં કેટલીક વાર **હિમવર્ષા** થાય છે ત્યારે ત્યાંથી ભારતમાં પવનોની દિશા ઉત્તરથી દક્ષિણ તરફની હોય છે. (2) આથી હિમાલયની ઠંડી અને ભારે હવા દક્ષિણ તરફ ધસી આવે છે. (3) તેની અસર નીચે ઉત્તર ભારતમાં તેમજ રાજસ્થાન અને ગુજરાતમાં પણ ઠંડીનું મોજું ફરી વળે છે અને તાપમાન એકાએક નીચું ઊતરી જાય છે. કેટલાક ભાગોમાં **'હિમ'** પડતાં કપાસ જેવા પાકને નુકસાન થાય છે.

(10) દક્ષિણ ભારતમાં ઉનાળો પ્રમાણમાં સૌમ્ય હોય છે.

ઉત્તર : (1) દક્ષિણ ભારત દ્વીપકલ્પ છે અને તેનું કોઈ સ્થળ દરિયાથી બહુ દૂર નથી. આથી તેના પર દરિયાઈ આબોહવાની અસર રહે છે, જે ગરમી-ઠંડીને હળવી બનાવે છે. (2) ઉનાળામાં તેના પર સૂર્યનાં કિરણો સીધાં પડે છે, પરંતુ તેનો મોટો ભાગ ઉચ્ચપ્રદેશ હોવાથી ગરમીનું પ્રમાણ ઓછું રહે છે. (3) આમ, દરિયાઈ આબોહવા અને દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની ઊંચાઈને લીધે દક્ષિણ ભારતમાં ઉનાળો પ્રમાણમાં સૌમ્ય હોય છે.

(11) મુંબઈ અને પુણે વચ્ચેનું અંતર બહુ નથી તેમ છતાં મુંબઈ કરતાં પુણેમાં વરસાદ ઓછો પડે છે.

ઉત્તર : મુંબઈ પશ્ચિમના દરિયાકિનારે આવેલું છે. અહીં ચોમાસામાં વાતા ભેજવાળા મોસમી પવનોને પશ્ચિમઘાટ રોકે છે. આથી મુંબઈમાં વાર્ષિક 200 સેમી કરતાં વધુ વરસાદ પડે છે. પુણે પશ્ચિમઘાટની વર્ષાછાયામાં આવેલું છે. નૈર્ઋત્યના મોસમી પવનો પશ્ચિમઘાટ ઓળંગીને પુણે પહોંચે ત્યાં સુધીમાં તેમનો ભેજ ઓછો થઈ ગયો હોય છે. આથી પુણેમાં વાર્ષિક માત્ર 75 સેમી જેટલો વરસાદ પડે છે. આમ, મુંબઈ અને પુણે વચ્ચેનું અંતર બહુ નથી તેમ છતાં મુંબઈ કરતાં પુણેમાં વરસાદ ઓછો પડે છે.

પ્રશ્ન 5. નીચેના શબ્દોની સંકલ્પનાઓ સમજાવો : *અથવા*
નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 1 કે 2 ગુણ]*

(1) હવામાન *અથવા* હવામાનનો અર્થ સમજાવો.

ઉત્તર : (1) હવાનું તાપમાન, તેનું દબાણ, તેની ગતિ (પવન), તેમાં રહેલો ભેજ, આકાશની સ્વચ્છતા કે તેમાં રહેલાં વાદળોનું પ્રમાણ, વરસાદ વગેરેની પરિસ્થિતિને 'હવામાન' કહે છે. (2) હવામાનની પરિસ્થિતિ બદલાતી રહે છે. ક્યારેક તેમાં જલદી ફેરફાર થાય છે, તો ક્યારેક લાંબા ગાળા સુધી એકધારી સ્થિતિ અનુભવાય છે.

(2) આબોહવા *અથવા* આબોહવા એટલે શું?

ઉત્તર : (1) કોઈ પણ ક્ષેત્રની 'આબોહવા' એટલે તે ક્ષેત્રમાં **35 કે તેથી વધુ વર્ષના** સમયગાળા દરમિયાન અનુભવાયેલી હવામાનની ઋતુસંબંધી પરિસ્થિતિ. (2) વાતાવરણનાં તાપમાન, દબાણ, પવન, ભેજ, વરસાદ વગેરે તત્ત્વો સ્થળની આબોહવા નિશ્ચિત કરે છે.

(3) હિમવર્ષા *અથવા* હિમવર્ષા એટલે શું?

ઉત્તર : (1) હવામાં રહેલા ભેજનું અતિશય ઠંડીના કારણે **હિમ(બરફ)**ના કણોમાં રૂપાંતર થઈ રૂ જેવા સ્વરૂપમાં વરસવું 'હિમવર્ષા' કહેવાય છે. (2) ભારતમાં માત્ર **હિમાલય** ક્ષેત્રમાં શિયાળામાં આવી હિમવર્ષા થાય છે.

(4) રવી પાક *અથવા* કઈ ઋતુનો પાક રવી પાક કહેવાય છે?

ઉત્તર : (1) શિયાળામાં લેવાતા પાક 'રવી પાક' કહેવાય છે. (2) આ પાકને ઠંડી આબોહવા માફક આવે છે. **ઘઉં, ચણા, સરસવ** વગેરે રવી પાક છે.

(5) આમ્રવૃષ્ટિ (Mango showers) *અથવા*
આમ્રવૃષ્ટિ એટલે શું?

ઉત્તર : (1) મે મહિના દરમિયાન મલબાર કિનારે કેરલ અને કર્ણાટકમાં ચોમાસા પૂર્વેનાં ઝાપટાં (Pre-monsoon showers) પડે છે. (2) તે **કેરી** પાકવામાં મદદરૂપ થતાં હોવાથી સ્થાનિક ભાષામાં 'આમ્રવૃષ્ટિ' તરીકે ઓળખાય છે.

(6) પહાડનો વાતાભિમુખ ઢોળાવ *અથવા*
વાતાભિમુખ ઢોળાવની સમજ આપો.

ઉત્તર : (1) પવનની દિશા સાથે કાટખૂણે પથરાયેલા કે અંતરાયરૂપ બનતા પહાડોના જે ઢોળાવ પર પવન અથડાઈને અવરોધાય છે તે ઢોળાવને 'વાતાભિમુખ ઢોળાવ' કહે છે. (2) ભારતમાં વાતા નૈર્ઋત્યના મોસમી પવનોના માર્ગમાં પશ્ચિમઘાટના પશ્ચિમ તરફના ઢોળાવો અને હિમાલયના દક્ષિણ ઢોળાવો વાતાભિમુખ ઢોળાવો છે.

(7) પહાડનો વાતવિમુખ ઢોળાવ *અથવા*
પહાડના કયા ઢોળાવ વાતવિમુખ કહેવાય છે?

ઉત્તર : (1) પહાડના વાતાભિમુખ ઢોળાવની ઊલટ બાજુએ આવેલા ઢોળાવ 'વાતવિમુખ ઢોળાવ' કહેવાય છે. (2) નૈર્ઋત્યના મોસમી પવનોના સંદર્ભમાં પશ્ચિમઘાટના પૂર્વ તરફના ઢોળાવો અને હિમાલયના ઉત્તર ઢોળાવો વાતવિમુખ ઢોળાવો છે.

(8) વર્ષાછાયાનો પ્રદેશ *અથવા*
વર્ષાછાયાનો પ્રદેશ એટલે શું?

ઉત્તર : (1) ભેજવાળા પવનોને આંતરતા પહાડની **વાતાભિમુખ** બાજુએ **સારો વરસાદ** પડે છે. (2) આ પવનોમાં રહેલો મોટા ભાગનો ભેજ પહાડની વાતાભિમુખ બાજુએ ઠલવાઈ જતો હોવાથી તે પહાડની **વાતવિમુખ** બાજુએ **ઘણો ઓછો વરસાદ** આપે છે. એટલે પહાડની વાતવિમુખ બાજુએ આવેલો વિસ્તાર 'વર્ષાછાયાનો પ્રદેશ' કહેવાય છે.

(9) વરસાદનો ક્રમભંગ *અથવા*
કઈ ઘટનાને વરસાદનો ક્રમભંગ કહેવાય છે?

ઉત્તર : આગળ વધતા મોસમી પવનોની ઋતુ ચોમાસામાં વરસાદવાળા અને વરસાદ વગરના દિવસોના ગાળા વારાફરતી આવ્યા કરે છે. આ ઘટના 'વરસાદનો ક્રમભંગ' (Monsoon Break) કહેવાય છે.

પ્રશ્ન 6. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર આપો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) આબોહવા એટલે શું?

ઉત્તર : આબોહવા એટલે કોઈ પણ પ્રદેશની લાંબા સમયગાળાની વાતાવરણની સરેરાશ પરિસ્થિતિ.

(2) હવામાન એટલે શું?

ઉત્તર : હવામાન એટલે કોઈ સ્થળની, કોઈ એક સમયની કે નિશ્ચિત એવા કોઈ ટૂંકા સમયગાળાની વાતાવરણની સરેરાશ પરિસ્થિતિ.

(3) હવામાનનો આધાર કોની પર રહેલો છે?

ઉત્તર : હવામાનનો આધાર હવાનું તાપમાન, હવાનું દબાણ, પવનોની દિશા અને વેગ, હવામાં ભેજનું પ્રમાણ, વરસાદ, ધુમ્મસ, ઝાકળ, વાદળાં વગેરે પર રહેલો છે.

(4) મોસમી પવનો કોને કહે છે?

ઉત્તર : ઋતુ પ્રમાણે દિશા બદલાતા પવનોને મોસમી પવનો કહે છે.

(5) એશિયા ખંડમાં મોસમી આબોહવા ધરાવતા મુખ્ય દેશો કયા કયા છે?

ઉત્તર : એશિયા ખંડમાં મોસમી આબોહવા ધરાવતા મુખ્ય દેશો ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને મ્યાનમાર છે.

(6) પૃથ્વી પોતાની ધરી પર કેટલા અંશનો અને કક્ષાની સાથે કેટલા અંશનો ખૂણો બનાવે છે?

ઉત્તર : પૃથ્વી પોતાની ધરી પર 23.5°નો અને કક્ષાની સાથે 66.5°નો ખૂણો બનાવે છે.

(7) કર્કવૃત્ત અને મકરવૃત્ત પર સૂર્યનાં કિરણો બરાબર લંબ ક્યારે પડે છે?

ઉત્તર : 21 જૂનના દિવસે કર્કવૃત્ત પર અને 22 ડિસેમ્બરના દિવસે મકરવૃત્ત પર સૂર્યનાં કિરણો બરાબર લંબ પડે છે.

(8) ભારતના જુદા જુદા ભાગોમાં આવેલાં સ્થળોનાં વરસાદ અને તાપમાનમાં ઘણો મોટો તફાવત શાથી નોંધાય છે?

ઉત્તર : ભારતની લગભગ મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થતું હોવાથી ભારતનો દક્ષિણ ભાગ ઉષ્ણ કટિબંધમાં અને ઉત્તર ભાગ સમશીતોષ્ણ કટિબંધમાં આવે છે. તેથી ભારતના જુદા જુદા ભાગોમાં આવેલાં સ્થળોનાં વરસાદ અને તાપમાનમાં ઘણો મોટો તફાવત નોંધાય છે.

(9) ભારતની આબોહવાને અસર કરતાં પરિબળો કયાં કયાં છે?

ઉત્તર : ભારતની આબોહવાને અસર કરતાં પરિબળો : અક્ષાંશ (વિષુવવૃત્તથી અંતર), સમુદ્રથી અંતર, સમુદ્રની સપાટીથી ઊંચાઈ, વાતાવરણીય દબાણ અને પવનો વગેરે.

*** (10) ભારતીય આબોહવાને દૂરના પ્રદેશોની કઈ કઈ ઘટના અસર કરે છે?**

ઉત્તર : ભારતીય આબોહવાને દૂરના પ્રદેશોની જેટ સ્ટ્રીમ, પશ્ચિમી વિક્ષોભ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સીઝ), અલ-નીનો, આઈ. ટી. સી. ઝોન વગેરે ઘટનાઓ અસર કરે છે.

(11) ભારતમાં પરંપરાગત રીતે કેટલી ઋતુઓ છે? કઈ કઈ?

ઉત્તર : ભારતમાં પરંપરાગત રીતે છ ઋતુઓ છે : હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ.

*** (12) ભારતીય હવામાન ખાતાએ ભારતની ઋતુઓની કેટલા અને કયા કયા વિભાગમાં વહેંચણી કરી છે? *અથવા***

ભારતની મુખ્ય ઋતુઓ કેટલી છે? કઈ કઈ?

ઉત્તર : ભારતીય હવામાન ખાતાએ ભારતની ઋતુઓની ચાર વિભાગમાં વહેંચણી કરી છે : (1) શિયાળો – ડિસેમ્બરથી ફેબ્રુઆરી, (2) ઉનાળો – માર્ચથી મે, (3) ચોમાસું – જૂનથી સપ્ટેમ્બર તથા (4) પાછા ફરતા મોસમી પવનોની ઋતુ – ઑક્ટોબર અને નવેમ્બર.

*** (13) "હિમાલય ભારતનું રક્ષણ કરતી કુદરતી દીવાલ છે." કઈ રીતે?**

ઉત્તર : હિમાલય શિયાળામાં મધ્ય એશિયા તરફથી આવતા કાતિલ ઠંડા પવનોને રોકી ભારતને સખત ઠંડીથી બચાવે છે. આ રીતે તે ભારતની ઉત્તર સરહદ પર આવેલી રક્ષણ કરતી કુદરતી દીવાલ છે.

(14) ઉત્તર-પૂર્વીય (ઈશાની) મોસમી પવનો ભારતના કયા ભાગમાં વરસાદ આપે છે?

ઉત્તર : ઉત્તર-પૂર્વીય (ઈશાની) મોસમી પવનો ભારતના કોરોમંડલ કિનારા પર વરસાદ આપે છે.

(15) ભારતના કયા ભાગોમાં થતા રવી પાકને શિયાળુ વરસાદનો લાભ મળે છે?

ઉત્તર : ભારતના પંજાબ અને હરિયાણામાં થતા રવી પાક(ઘઉં, ચણા અને સરસવ)ને શિયાળુ વરસાદનો લાભ મળે છે.

(16) દક્ષિણ ભારતના તાપમાન પર કયાં પરિબળોની અસર થાય છે?

ઉત્તર : દક્ષિણ ભારતના તાપમાન પર સમુદ્રની અને દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની ઊંચાઈની અસર થાય છે.

(17) ઉનાળાના અંતમાં કયા પ્રદેશમાં 'આમ્રવૃષ્ટિ' થાય છે? તે કયા પાકોને ઉપયોગી છે?

ઉત્તર : ઉનાળાના અંતમાં મલબાર કિનારે 'આમ્રવૃષ્ટિ' થાય છે. તે કેરી અને કૉફીના પાકોને ઉપયોગી થાય છે.

*** (18) નૈર્ઋત્યના મોસમી પવનો ભારતમાં કેટલા ભાગમાં વહેંચાઈ જાય છે? કયા કયા?**

ઉત્તર : નૈર્ઋત્યના મોસમી પવનો ભારતમાં બે ભાગમાં વહેંચાઈ જાય છે : (1) અરબ સાગર પરથી આવતા મોસમી પવનો અને (2) બંગાળાની ખાડી પરથી આવતા મોસમી પવનો.

(19) કઈ ઘટનાને 'વરસાદનો ક્રમભંગ' (Monsoon break) કહે છે?

ઉત્તર : મોસમી પવનો સાથે સંકળાયેલો વરસાદ પણ એકધારો અને નિયમિત હોતો નથી. મોસમી પવનોની ઋતુમાં વરસાદવાળા અને વરસાદ વગરના દિવસો વારાફરતી આવ્યા કરે છે. આ ઘટનાને 'વરસાદનો ક્રમભંગ' (Monsoon break) કહે છે.

(20) ભારતના કયા પ્રદેશોમાં વાર્ષિક 10 સેમીથી પણ ઓછો વરસાદ પડે છે?

ઉત્તર : ભારતમાં પશ્ચિમ રાજસ્થાનના રણપ્રદેશમાં તેમજ જમ્મુ-કશ્મીરના લેહ વિસ્તારમાં વાર્ષિક 10 સેમીથી પણ ઓછો વરસાદ પડે છે.

*** (21) બંગાળાની ખાડી પરથી આવતા મોસમી પવનો ભારતના કયા કયા પ્રદેશોમાં વરસાદ લાવે છે?**

ઉત્તર : બંગાળાની ખાડી પરથી આવતા મોસમી પવનો પશ્ચિમ બંગાળ, મેઘાલય, અસમ, બિહાર, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા વગેરે પ્રદેશોમાં વરસાદ લાવે છે.

*** (22) 'ઑક્ટોબર હીટ' એટલે શું?**

ઉત્તર : ઑક્ટોબર માસમાં (અથવા ભાદરવા મહિનાના ઉત્તરાર્ધમાં) ઊંચા તાપમાન અને ભેજના ઊંચા પ્રમાણને લીધે દિવસનું હવામાન અકળાવાનારું થઈ જાય છે. આ સ્થિતિને 'ઑક્ટોબર હીટ' કહે છે. ગુજરાતમાં હવામાનની આ સ્થિતિને 'ભાદરવાનો તાપ' કહે છે.

(23) પાછા ફરતા મોસમી પવનોનું પૂર્વ લક્ષણ કયું છે?

ઉત્તર : સ્વચ્છ આકાશ અને વધતું જતું તાપમાન એ પાછા ફરતા મોસમી પવનોનું પૂર્વ લક્ષણ છે.

(24) મોસમી પવનોનું મુખ્ય લક્ષણ કયું છે?

ઉત્તર : મોસમી પવનોનું મુખ્ય લક્ષણ તેની અનિયમિતતા છે.

(25) મોસમી પવનોની અનિયમિતતાની અસર કોની કોની પર પડે છે?

ઉત્તર : મોસમી પવનોની અનિયમિતતાની અસર ભારતની આબોહવા પર તેમજ લોકોનાં ખાનપાન, રહેણીકરણી, સ્વભાવ, ખેતીપ્રવૃત્તિ વગેરે પર પડે છે.

પ્રશ્ન 7. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) દક્ષિણ ભારતમાં બહુ ગરમી-ઠંડી પડતી નથી, કારણ કે ...

ઉત્તર : દક્ષિણ ભારતમાં દરિયાઈ આબોહવા છે. તે વિષુવવૃત્તની નજીક છે તેમજ આ પ્રદેશ ઉચ્ચપ્રદેશની ઊંચાઈ ધરાવે છે.

(2) કોરોમંડલ કિનારે શિયાળામાં વરસાદ પડે છે, કારણ કે ...

ઉત્તર : કોરોમંડલ કિનારે શિયાળામાં વાતા ઈશાનના પવનો બંગાળાની ખાડી પર થઈને આવતા હોવાથી ભેજવાળા હોય છે. તેથી તે કોરોમંડલ કિનારે વધુ વરસાદ આપે છે.

(3) દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારાના મેદાનમાં ભારે વરસાદ પડે છે, કારણ કે ...

ઉત્તર : દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારાની નજીક ઉત્તર-દક્ષિણ પથરાયેલો પશ્ચિમઘાટ મોસમી પવનોની આડે આવે છે. પશ્ચિમઘાટ ઊંચો હોવાથી પવનો ઊંચે ચડે છે અને તેમાં રહેલો ઘણોખરો ભેજ ઠંડો પડી પશ્ચિમઘાટની વાતાભિમુખ બાજુએ પશ્ચિમ કિનારાના મેદાનમાં વરસાદરૂપે વરસી જાય છે.

(4) મેઘાલય સહિતના ઉત્તર-પૂર્વ (ઈશાન) ભારતમાં ભારે વરસાદ પડે છે, કારણ કે ...

ઉત્તર : મોસમી પવનોની બંગાળાની ખાડીની શાખા પુષ્કળ ભેજ સાથે બાંગ્લાદેશ પર થઈને ઈશાન ભારતમાં પ્રવેશ કરે છે. તેના માર્ગમાં મેઘાલયમાં આવેલી ગારો, ખાસી અને જૈન્તિયા ટેકરીઓ આડી આવે છે.

(5) ગુજરાતમાં ઓછો વરસાદ પડે છે, કારણ કે ...

ઉત્તર : ગુજરાતમાં અરબ સાગર પરથી વાતા નૈર્ઋત્યના મોસમી પવનોની એક શાખા વરસાદ લાવે છે. આ શાખાના પવનો નબળા હોય છે અને તેમાં ભેજનું પ્રમાણ પણ ઓછું હોય છે.

(6) રાજસ્થાનમાં ઘણો ઓછો વરસાદ પડે છે, કારણ કે ...

ઉત્તર : અરબ સાગર પરથી વાતા નૈર્ઋત્યના મોસમી પવનો ગુજરાતમાં વરસાદ વરસાવીને રાજસ્થાનમાં પ્રવેશ કરે છે. આ પવનોમાં ભેજનું પ્રમાણ ખૂબ જ ઓછું હોય છે. રાજસ્થાનની અરવલ્લીની ગિરિમાળા પણ પવનોની દિશામાં જ પથરાયેલી હોવાથી પવનોને અવરોધતી નથી.

(7) ચોમાસું ભારતની સૌથી મહત્ત્વની ઋતુ ગણાય છે, કારણ કે ...

ઉત્તર : ભારતની મોટા ભાગની ખેતી વરસાદ પર આધાર રાખે છે. ભારતનો 80 % જેટલો વરસાદ ચોમાસામાં – જૂનથી સપ્ટેમ્બર – પડે છે.

(8) શિયાળામાં કેટલીક વાર રાજસ્થાન અને ગુજરાતમાં ઠંડીનું મોજું ફરી વળે છે, કારણ કે ...

ઉત્તર : હિમાલયમાં શિયાળામાં કેટલીક વાર હિમવર્ષા થાય છે ત્યારે ત્યાંથી ભારતમાં પવનોની દિશા ઉત્તરથી દક્ષિણ તરફની હોય છે. આથી હિમાલયની ઠંડી અને ભારે હવા દક્ષિણ તરફ ધસી આવે છે. તેની અસર નીચે ઉત્તર ભારતમાં તેમજ રાજસ્થાન અને ગુજરાતમાં પણ ઠંડીનું મોજું ફરી વળે છે.

(9) દક્ષિણ ભારતમાં ઉનાળો પ્રમાણમાં સૌમ્ય હોય છે, કારણ કે ...

ઉત્તર : દક્ષિણ ભારત દ્વીપકલ્પ હોવાથી તેના પર દરિયાઈ આબોહવાની અસર રહે છે, જે ગરમી-ઠંડીને હળવી બનાવે છે. ઉનાળામાં તેના પર સૂર્યનાં કિરણો સીધાં પડે છે, પરંતુ તેનો મોટો ભાગ ઉચ્ચપ્રદેશ હોવાથી ગરમીનું પ્રમાણ ઓછું રહે છે.

(10) ભારતના જુદા જુદા ભાગોમાં આવેલાં સ્થળોનાં વરસાદ અને તાપમાનમાં ઘણો મોટો તફાવત નોંધાય છે, કારણ કે ...

ઉત્તર : ભારતની લગભગ મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થતું હોવાથી ભારતનો દક્ષિણ ભાગ ઉષ્ણ કટિબંધમાં અને ઉત્તર ભાગ સમશીતોષ્ણ કટિબંધમાં આવે છે.

(11) શિયાળામાં ઊંચા પર્વતીય વિસ્તારો સિવાય ભારતમાં તાપમાન ઠારબિંદુથી નીચું જતું નથી, કારણ કે ...

ઉત્તર : હિમાલયની ગિરિમાળાઓ મધ્ય એશિયા તરફથી આવતા અત્યંત ઠંડા પવનોને રોકે છે અને ભારતને સખત ઠંડીથી બચાવે છે.

(12) ચોમાસાને 'નૈર્ઋત્યના મોસમી પવનોની ઋતુ' કહેવામાં આવે છે, કારણ કે ...

ઉત્તર : ચોમાસા દરમિયાન થતો વરસાદ તેમજ ચોમાસામાં રહેતું ભેજવાળું અને વાદળછાયું હવામાન નૈર્ઋત્ય(દક્ષિણ-પશ્ચિમ)ના મોસમી પવનોને આભારી છે.

(13) નૈર્ઋત્યના મોસમી પવનો ભેજવાળા હોય છે, કારણ કે ...

ઉત્તર : નૈર્ઋત્યના મોસમી પવનો હિંદ મહાસાગર, અરબ સાગર અને બંગાળાની ખાડીની વિશાળ જળરાશિ પરથી પુષ્કળ ભેજ ગ્રહણ કરીને ભારતમાં આવે છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) પૃથ્વીના ધરી નમનને કારણે ..... થાય છે.

A. રાત-દિવસ B. ઋતુઓ C. ભરતી

(2) ઉત્તર ભારતનો ઘણો ભાગ દરિયાથી દૂર હોવાથી ત્યાંની આબોહવા ..... છે.

A. ખંડીય B. દરિયાઈ C. સમઘાત

(3) દુનિયાનો સૌથી વધુ વાર્ષિક વરસાદ .....માં પડે છે.

A. મુંબઈ B. ચેન્નઈ C. ચેરાપુંજી

(4) ભારત સરકારની હવામાન વિભાગની મુખ્ય કચેરી ..... ખાતે આવેલી છે.

A. મુંબઈ B. ગાંધીનગર C. દિલ્લી

(5) શિયાળા દરમિયાન ક્યારેક થતી વર્ષા ..... પાકને ફાયદાકારક હોય છે.

A. ખરીફ B. રવી C. જાયદ

(6) ..... ભારતની મહત્ત્વની ઋતુ છે.

A. ચોમાસું B. ઉનાળો C. શિયાળો

(7) 'ઑક્ટોબર હીટ' ગુજરાતમાં '.....' નામે જાણીતી છે.

A. ભાદરવી તાપ B. આષાઢી તાપ C. માગશરી તાપ

(8) ..... પવનોનું મુખ્ય લક્ષણ તેની અનિયમિતતા છે.

A. વ્યાપારી B. મોસમી C. પ્રતિવ્યાપારી

(9) સામાન્ય પરિસ્થિતિમાં પૃથ્વીની સપાટીથી ઊંચે તરફ જતાં ..... મીટરે 1 °સે અથવા સરેરાશ 1000 મીટરે ..... °સે તાપમાન ઘટે છે.

A. 185, 6.5 B. 180, 6.8 C. 165, 6.5

(10) મોસમ પ્રમાણે દિશા બદલતા પવનોને '.....' પવનો કહે છે.

A. પ્રતિવ્યાપારી B. દરિયાઈ C. મોસમી

ઉત્તર : (1) ઋતુઓ (2) ખંડીય (3) ચેરાપુંજી (4) દિલ્લી (5) રવી (6) ચોમાસું (7) ભાદરવી તાપ (8) મોસમી (9) 165, 6.5 (10) મોસમી

---

(11) 22 ડિસેમ્બરે સૂર્યનાં કિરણો ..... પર લંબ પડે છે.

A. કર્કવૃત્ત B. મકરવૃત્ત C. ધ્રુવવૃત્ત

(12) 21 જૂને સૂર્યનાં કિરણો ..... પર લંબ પડે છે.

A. વિષુવવૃત્ત B. મકરવૃત્ત C. કર્કવૃત્ત

(13) બે અક્ષાંશવૃત્તો વચ્ચે આશરે ..... કિમીનું અંતર હોય છે.

A. 111 B. 105 C. 121

(14) ભારત ઉત્તર-પૂર્વી ..... પવનોવાળા ક્ષેત્રમાં આવે છે.

A. વ્યાપારિક B. મોસમી C. પ્રતિવ્યાપારિક

(15) ભારતમાં પરંપરાગત રીતે ..... ઋતુઓ ગણવામાં આવે છે.

A. ચાર B. છ C. બાર

(16) ભારતમાં ડિસેમ્બરથી ..... માસના સમયગાળાને શીતઋતુ કે શિયાળો ગણવામાં આવે છે.

A. માર્ચ B. ફેબ્રુઆરી C. એપ્રિલ

(17) ભારતમાં .....થી મે સુધીના સમયગાળાને ઉનાળો ગણવામાં આવે છે.

A. માર્ચ B. એપ્રિલ C. ફેબ્રુઆરી

(18) ભારતમાં જૂનથી ..... માસ સુધીના સમયગાળાને વર્ષાઋતુ ગણવામાં આવે છે.

A. ઑગસ્ટ B. સપ્ટેમ્બર C. ઑક્ટોબર

ઉત્તર : (11) મકરવૃત્ત (12) કર્કવૃત્ત (13) 111 (14) વ્યાપારિક (15) છ (16) ફેબ્રુઆરી (17) માર્ચ (18) સપ્ટેમ્બર

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) હવામાન એ વાતાવરણની લાંબા સમયગાળાની સરેરાશ પરિસ્થિતિ છે.

(2) પૃથ્વી પોતાની કક્ષા સાથે 66.5°નો ખૂણો બનાવે છે.

(3) બે અક્ષાંશવૃત્તો વચ્ચે આશરે 111 કિમી જેટલું અંતર હોય છે.

(4) ભારતમાં વર્ષની મુખ્ય બે ઋતુઓ છે.

(5) જાન્યુઆરી મહિનો દક્ષિણ ભારત માટે વધુ ગરમ હોય છે.

(6) ભારતમાં વર્ષાઋતુનો પ્રારંભ સામાન્ય રીતે કેરલથી થાય છે.

(7) 21 જૂને સૂર્યનાં કિરણો મકરવૃત્ત પર લંબ પડે છે.

(8) સામાન્ય પરિસ્થિતિમાં પૃથ્વીની સપાટીથી 165 મીટર ઊંચે જતાં 1 °સે તાપમાન ઘટે છે.

(9) મુંબઈની આબોહવા સમ છે, કારણ કે તે દરિયાકિનારે છે.

(10) ભારતના હવામાન ખાતાની મુખ્ય કચેરી દિબ્રુગઢ શહેરમાં આવેલી છે.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખરું (4) ખોટું (5) ખોટું (6) ખરું (7) ખોટું (8) ખરું (9) ખરું (10) ખોટું

---

(11) ભારતમાં વર્ષાઋતુ જૂનથી સપ્ટેમ્બર મહિનાઓ દરમિયાન હોય છે.

(12) ભારત વ્યાપારી પ્રકારના પવનોનો દેશ છે.

(13) ભારતમાં નૈર્ઋત્ય દિશામાંથી વાતા પવનો મોટા ભાગે સૂકા અને ઠંડા હોય છે.

(14) દક્ષિણ ભારત માટે માર્ચ મહિનો સૌથી ગરમ હોય છે.

(15) ભારત માટે વર્ષાઋતુ મહત્ત્વની ગણાય છે.

(16) ક્રમભંગતા મોસમી પવનોનું મુખ્ય લક્ષણ છે.

ઉત્તર : (11) ખરું (12) ખોટું (13) ખોટું (14) ખરું (15) ખરું (16) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) વાતાવરણની લાંબા ગાળાની સરેરાશ પરિસ્થિતિ એટલે શું?
– આબોહવા

(2) વાતાવરણની ટૂંકા ગાળાની સરેરાશ પરિસ્થિતિ એટલે શું?
– હવામાન

(3) ઋતુ પ્રમાણે દિશા બદલતા પવનોને શું કહે છે? **– મોસમી પવનો**

(4) પૃથ્વીના ધરી નમનને કારણે શું થાય છે? **– ઋતુઓ**

(5) 22 ડિસેમ્બરે સૂર્યનાં કિરણો શાની પર લંબ પડે છે? **– મકરવૃત્ત પર**

(6) 21 જૂને સૂર્યનાં કિરણો શાની પર લંબ પડે છે? **– કર્કવૃત્ત પર**

(7) કર્કવૃત્ત પર સૂર્યનાં કિરણો સીધાં પડે ત્યારે ભારતમાં કઈ ઋતુ અનુભવાય છે? – **ઉષ્ણઋતુ**

(8) દરિયાકિનારાથી દૂર જતાં કઈ આબોહવા અનુભવાય છે? **– ખંડીય**

(9) મેઘાલય રાજ્યના કયા સ્થળે દુનિયાનો સૌથી વધુ વાર્ષિક વરસાદ (1200 સેમી) વરસે છે? **– ચેરાપુંજીમાં**

(10) ચેરાપુંજીની બાજુમાં આવેલું કયું સ્થળ 24 કલાક દરમિયાન પડેલા મહત્તમ વરસાદ માટે જાણીતું છે? **– મૌસિનરમ**

(11) ભારતમાં ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધીના સમયગાળાને કઈ ઋતુ ગણવામાં આવે છે? **– શીતઋતુ** કે **શિયાળો**

(12) 22 સપ્ટેમ્બરથી 21 માર્ચ સુધી સૂર્યનાં કિરણો કયા ગોળાર્ધમાં સીધાં પડે છે? **– દક્ષિણ ગોળાર્ધમાં**

(13) શિયાળામાં ગુજરાત અને રાજસ્થાનમાં ઠંડીનું મોજું ફરી વળવા માટે હિમાલય સંદર્ભે હવામાનની કઈ ઘટના વધુ અસર કરે છે?
– હિમવર્ષા

(14) કયો મહિનો દક્ષિણ ભારત માટે સૌથી વધુ ગરમ હોય છે?
– માર્ચ મહિનો

(15) મે માસમાં મલબાર કિનારે પડતો થોડો વરસાદ કયા નામે ઓળખાય છે? **– આમ્રવર્ષા**

(16) ભારતની મહત્ત્વની ઋતુ કઈ છે? **– વર્ષાઋતુ**

(17) વરસાદ પડે જ નહિ એવા દિવસો હોય અને ફરીથી વરસાદના દિવસો આવે તે ઘટનાને શું કહે છે?
– વરસાદનો ક્રમભંગ (Monsoon break)

(18) મોસમી પવનો સાથે કઈ ઘટના સંકળાયેલી છે?
– વરસાદના ક્રમભંગની

(19) ભારતમાં પાછા ફરતા મોસમી પવનોની ઋતુ (નિવર્તન ઋતુ) કયા મહિનાઓમાં હોય છે? **– ઑક્ટોબર અને નવેમ્બર**

(20) ઊંચું તાપમાન અને ભેજની પરિસ્થિતિને કારણે દિવસનું હવામાન અકળાવનારું બને એ સ્થિતિને શું કહે છે? **– ઑક્ટોબર હીટ**

(21) ગુજરાતમાં ઑક્ટોબર હીટ કયા નામે જાણીતી છે?
– ભાદરવી તાપના નામે

(22) ભારતની આબોહવા કેવી છે? **– મોસમી**

(23) મોસમી પવનોનું મુખ્ય લક્ષણ શું છે?
– અનિયમિતતા અને અનિશ્ચિતતા

(24) અત્યારે લોકો છત્રી અને રેઇનકોટનો ઉપયોગ કરી રહ્યા છે, તો ભારતમાં કઈ ઋતુ હશે? **– વર્ષાઋતુ**

(25) વહેલી સવારે ફરવા જતા લોકો ઊનમાંથી બનેલાં મફલર કે ટોપી તેમજ સ્વેટર પહેરે છે, તો તેઓ કઈ ઋતુ અનુભવતા હશે? **– શિયાળાની ઋતુ**

(26) અત્યારે ઘણા લોકો સફેદ, સુતરાઉ અને પાતળાં કપડાં પહેરેલા જોવા મળે છે, તો તેઓ કઈ ઋતુ અનુભવતા હશે? **– ઉનાળાની ઋતુ**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. શીતઋતુ – શિયાળો	a. માર્ચથી મે
2. ઉષ્ણઋતુ – ઉનાળો	b. ઉત્તર-પૂર્વી વ્યાપારિક પવનો
3. વર્ષાઋતુ – ચોમાસું	c. ઑક્ટોબર અને નવેમ્બર
4. નિવર્તન ઋતુ	d. જૂનથી સપ્ટેમ્બર
	e. ડિસેમ્બરથી ફેબ્રુઆરી

ઉત્તર : (1 – e), (2 – a), (3 – d), (4 – c).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. મોસમી આબોહવા ધરાવતો દેશ	a. આમ્રવૃષ્ટિ
2. શ્રીગંગાનગર	b. ભારત
3. મૌસિનરમ	c. અફઘાનિસ્તાન
4. કૉફીના પાકને ફાયદાકારક	d. મેઘાલય
	e. રાજસ્થાન

ઉત્તર : (1 – b), (2 – e), (3 – d), (4 – a).

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. વાતાવરણની લાંબા સમયગાળાની સરેરાશ પરિસ્થિતિને શું કહેવાય?
A. વ્યાપારી પવનો B. આબોહવા
C. હવામાન D. ભાદરવી તાપ

2. વાતાવરણની ટૂંકા સમયગાળાની સરેરાશ પરિસ્થિતિને શું કહેવાય?
A. મોસમ B. ઘનીભવન C. આબોહવા D. હવામાન

3. પૃથ્વી પોતાની ધરી પર કેટલા અંશનો ખૂણો બનાવે છે?
A. 23.5°નો B. 90°નો C. 66.5°નો D. 45.5°નો

4. પૃથ્વી તેની કક્ષાની સપાટી સાથે કેટલા અંશનો ખૂણો બનાવે છે?
A. 45.5°નો B. 66.5°નો C. 23.5°નો D. 90°નો

*** 5.** કર્કવૃત્ત પર સૂર્યનાં કિરણો સીધાં પડે ત્યારે ભારતમાં કઈ ઋતુ અનુભવાય છે?
A. શીતઋતુ B. ઉષ્ણઋતુ C. વર્ષાઋતુ D. નિવર્તન ઋતુ

6. સામાન્ય પરિસ્થિતિમાં પૃથ્વીની સપાટીથી કેટલા મીટર ઊંચે જતાં 1 °સે તાપમાન ઘટે છે?
A. 210 B. 195 C. 145 D. 165

* **7.** ચેરાપુંજીની બાજુમાં આવેલ કયું સ્થળ વધુ વરસાદ માટે પ્રચલિત છે?
A. શિલૉંગ B. ગુવાહાટી C. ઇમ્ફાલ D. મૌસિનરમ

* **8.** પાછા ફરતા મોસમી પવનોની ઋતુ ભારતમાં ક્યારે હોય છે?
A. માર્ચથી મે
B. ઑક્ટોબર અને નવેમ્બર
C. જાન્યુઆરી અને ફેબ્રુઆરી
D. જુલાઈ અને ઑગસ્ટ

* **9.** શિયાળામાં ગુજરાત અને રાજસ્થાનમાં ઠંડીનું મોજું ફરી વળવા માટે હિમાલય સંદર્ભે હવામાનની કઈ ઘટના વધુ અસર કરે છે?
A. હિમવર્ષા B. ધૂળ-ડમરી
C. જલવર્ષા D. ભેખડ પડવી

* **10.** નીચેનામાંથી કયું વિધાન સાચું છે?
A. શિયાળામાં દિવસો લાંબા અને રાત્રિ ટૂંકી હોય છે.
B. ઉનાળામાં દિવસો ટૂંકા અને રાત્રિ ટૂંકી હોય છે.
C. શિયાળામાં દિવસો ટૂંકા અને રાત્રિ લાંબી હોય છે.
D. ઉનાળામાં દિવસો ટૂંકા અને રાત્રિ લાંબી હોય છે.

ઉત્તર : **1.** આબોહવા **2.** હવામાન
3. 23.5°નો **4.** 66.5°નો
5. ઉષ્ણઋતુ **6.** 165
7. મૌસિનરમ **8.** ઑક્ટોબર અને નવેમ્બર
9. હિમવર્ષા
10. શિયાળામાં દિવસો ટૂંકા અને રાત્રિ લાંબી હોય છે.

---

* **11.** મે માસમાં મલબાર કિનારે થતો થોડો વરસાદ કયા નામે ઓળખાય છે?
A. અનારવર્ષા B. બનાનાવર્ષા C. આમ્રવર્ષા D. હિમવર્ષા

12. ભારત માટે કઈ ઋતુ મહત્ત્વની ગણાય છે?
A. ઉનાળાની B. શિયાળાની C. ચોમાસાની D. શિશિરની

13. ભારતની લગભગ મધ્યમાંથી કયું વૃત્ત પસાર થાય છે?
A. કર્કવૃત્ત B. મકરવૃત્ત C. વિષુવવૃત્ત D. ધ્રુવવૃત્ત

14. ઋતુ પ્રમાણે દિશા બદલતા પવનોને શું કહેવાય?
A. મોસમી પવનો B. પ્રતિવ્યાપારી પવનો
C. વ્યાપારી પવનો D. પાછા ફરતા મોસમી પવનો

15. નીચેના પૈકી કયો દેશ મોસમી આબોહવા ધરાવતો દેશ છે?
A. રશિયા B. વિયેતનામ C. ભારત D. ઇઝરાયલ

16. 22 ડિસેમ્બરે સૂર્યનાં કિરણો કયા વૃત્ત પર લંબ પડે છે?
A. વિષુવવૃત્ત પર B. મકરવૃત્ત પર
C. કર્કવૃત્ત પર D. દક્ષિણ ધ્રુવવૃત્ત પર

17. 21 જૂને સૂર્યનાં કિરણો કયા વૃત્ત પર લંબ પડે છે?
A. મકરવૃત્ત પર B. ઉત્તર ધ્રુવવૃત્ત પર
C. વિષુવવૃત્ત પર D. કર્કવૃત્ત પર

18. ભારત કયા પ્રકારના પવનોનો દેશ છે?
A. પશ્ચિમિયા B. વ્યાપારી C. મોસમી D. નૈર્ઋત્યના

19. શિયાળાની રાત્રિઓમાં લેહ અને દ્રાસનું તાપમાન કેટલું નીચું ઊતરી જાય છે?
A. – 45 °સે B. – 18.6 °સે
C. – 22.8 °સે D. – 51 °સે

20. નૈર્ઋત્યકોણીય મોસમી પવનોની અરબ સાગરની શાખા કયા પ્રદેશમાં 10 સેમી કરતાં ઓછો વરસાદ આપે છે?
A. મધ્ય પ્રદેશ B. ઉત્તર પ્રદેશ
C. રાજસ્થાન D. મહારાષ્ટ્ર

ઉત્તર : **11.** આમ્રવર્ષા **12.** ચોમાસાની
13. કર્કવૃત્ત **14.** મોસમી પવનો
15. ભારત **16.** મકરવૃત્ત પર
17. કર્કવૃત્ત પર **18.** મોસમી
19. – 45 °સે **20.** રાજસ્થાન

---

21. શ્રીગંગાનગર અને અલવરનું ઉનાળાનું તાપમાન કેટલું ઊંચું નોંધાયેલ છે?
A. 42 °સે B. 51 °સે C. 45 °સે D. 48 °સે

22. બે અક્ષાંશો વચ્ચે આશરે કેટલા કિલોમીટરનું અંતર હોય છે?
A. 170 કિલોમીટર B. 111 કિલોમીટર
C. 141 કિલોમીટર D. 78 કિલોમીટર

23. મુંબઈની આબોહવા સમ છે, કારણ કે ...
A. તે વિષુવવૃત્ત પર આવેલું છે.
B. તે દરિયાથી દૂર છે.
C. તે દરિયાકિનારે છે.
D. તે કર્કવૃત્ત પર આવેલું છે.

24. દિલ્લીની આબોહવા વિષમ છે, કારણ કે ...
A. તે યમુના નદીના કિનારે આવેલું છે.
B. તે પહાડી પ્રદેશમાં આવેલું છે.
C. તે દરિયાની નજીક છે.
D. તે દરિયાથી દૂર છે.

25. ભારતની દક્ષિણે કયો મહાસાગર આવેલો છે?
A. પૅસિફિક મહાસાગર B. ઍટલૅંટિક મહાસાગર
C. હિંદ મહાસાગર D. આર્ક્ટિક મહાસાગર

26. ભારતમાં પરંપરાગત રીતે કેટલી ઋતુઓ ગણવામાં આવે છે?
A. ચાર B. પાંચ C. છ D. આઠ

27. ભારતના હવામાન ખાતાની મુખ્ય કચેરી કયા શહેરમાં આવેલી છે?
A. દિલ્લી B. પુણે C. મુંબઈ D. દેહરાદૂન

28. ભારતમાં શિયાળો કયા મહિનાઓ દરમિયાન હોય છે?
A. નવેમ્બરથી ફેબ્રુઆરી B. માર્ચથી મે
C. ડિસેમ્બરથી ફેબ્રુઆરી D. ડિસેમ્બરથી માર્ચ

29. ભારતમાં ઉનાળો કયા મહિનાઓ દરમિયાન હોય છે?
A. માર્ચથી એપ્રિલ B. એપ્રિલથી જુલાઈ
C. જૂનથી સપ્ટેમ્બર D. માર્ચથી મે

30. ભારતમાં વર્ષાઋતુ કયા મહિનાઓ દરમિયાન હોય છે?
A. મેથી સપ્ટેમ્બર B. જૂનથી સપ્ટેમ્બર
C. જૂનથી ઑગસ્ટ D. જુલાઈથી સપ્ટેમ્બર

ઉત્તર : **21.** 51 °સે **22.** 111 કિલોમીટર
23. તે દરિયાકિનારે છે. **24.** તે દરિયાથી દૂર છે.
25. હિંદ મહાસાગર **26.** છ
27. દિલ્લી **28.** ડિસેમ્બરથી ફેબ્રુઆરી
29. માર્ચથી મે **30.** જૂનથી સપ્ટેમ્બર

---

31. સામાન્ય રીતે ભારતમાં વર્ષાઋતુનો આરંભ કયા મહિનાથી થાય છે?
A. માર્ચ મહિનાથી B. જૂન મહિનાથી
C. ઑગસ્ટ મહિનાથી D. ઑક્ટોબર મહિનાથી

32. ભારતના પશ્ચિમ કિનારે પડતો ભારે વરસાદ મુખ્યત્વે શાને આભારી છે?
A. સમુદ્રની નિકટતા
B. ઓછા અક્ષાંશોમાં સ્થાન
C. દ્વીપકલ્પીય આકાર
D. પશ્ચિમઘાટની વાતાભિમુખ બાજુએ સ્થાન

33. ભારતમાં કયા પવનોને લીધે વરસાદ પડે છે?
A. વ્યાપારી B. મોસમી C. ચક્રવાતી D. પ્રતિવ્યાપારી

34. મોસમી પવનોનું મુખ્ય લક્ષણ કયું છે?
A. અનિયમિતતા B. અસમાનતા
C. વિલંબિતતા D. ક્રમભંગતા

35. પૃથ્વીના ઘરી નમનને કારણે શું થાય છે?
A. ગરમી B. ઠંડી C. ઋતુઓ D. વરસાદ

36. ભારતમાં કઈ દિશામાંથી વાતા મોસમી પવનો મોટા ભાગે સૂકા અને ઠંડા હોય છે?
A. નૈર્ઋત્ય B. ઈશાન C. વાયવ્ય D. અગ્નિ

37. નાગપુરમાં વિષમ આબોહવા અનુભવાય છે, કારણ કે ...
A. તે દરિયાથી દૂર છે.
B. તે દરિયાથી નજીક છે.
C. તે કર્કવૃત્ત પર આવેલું છે.
D. તે સમુદ્રની સપાટીથી ખૂબ ઊંચે આવેલું છે.

38. શિયાળામાં ઉત્તર ભારત પ્રમાણમાં વધુ ઠંડો રહે છે, કારણ કે ...
A. તે સમુદ્રની સપાટીથી ઘણો ઊંચો છે.
B. તેનો મોટો ભાગ રણપ્રદેશ છે.
C. તે સમુદ્રથી નજીક છે.
D. તે સમુદ્રથી વધુ દૂર આવેલો છે.

39. 'હિમ' પડવાથી કયા પાકને નુકસાન થાય છે?
A. કપાસને B. બાજરીને C. તલને D. ચણાને

40. ગુજરાતમાં 'ઑક્ટોબર હીટ'ની પરિસ્થિતિ કયા નામે જાણીતી છે?
A. 'ભાદરવી તાપ' B. 'આષાઢી તાપ'
C. 'વૈશાખી તાપ' D. 'ચૈત્રી તાપ'

ઉત્તર : **31.** જૂન મહિનાથી **32.** ઓછા અક્ષાંશોમાં સ્થાન
33. મોસમી **34.** અનિયમિતતા
35. ઋતુઓ **36.** ઈશાન
37. તે દરિયાથી દૂર છે.
38. તે સમુદ્રથી વધુ દૂર આવેલો છે.
39. કપાસને **40.** 'ભાદરવી તાપ'

17 કુદરતી વનસ્પતિ

પ્રકરણસાર

- ભારતમાં વિવિધ પ્રકારની વનસ્પતિ છે. વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ ભારતનું સ્થાન વિશ્વમાં **દસમું** અને એશિયામાં **ચોથું** છે.
- વિશાળ વિસ્તારમાં પથરાયેલાં વૃક્ષો અને અન્ય વનસ્પતિના સમૂહને **'જંગલ'** કહે છે.
- માણસની સહાય વગર ઊગતી અને વિકસતી વનસ્પતિ **'કુદરતી વનસ્પતિ'** કહેવાય છે.
- ભારતની કુદરતી વનસ્પતિની વિવિધતા પર અસર કરનારાં પરિબળોમાં **ભૂપૃષ્ઠ, જમીન, તાપમાન અને ભેજ, સૂર્યપ્રકાશ** અને **વરસાદનું પ્રમાણ** મુખ્ય છે.
- ભારતમાં આશરે **5000** જાતનાં વૃક્ષો થાય છે. તેમાંથી **450** જાતનાં વૃક્ષો વેપારી દૃષ્ટિએ ખૂબ ઉપયોગી છે. આ ઉપરાંત આશરે **15,000** પ્રકારના ફૂલવાળા છોડ થાય છે, જે વિશ્વના **6 %** છે. હંસરાજ (ફર્ન), લીલ, શેવાળ અને ફૂગ જેવી અપુષ્પ વનસ્પતિ પણ થાય છે.
- ભારત **સર્પગંધા** જેવી ઘણી જડીબુટ્ટીઓ માટે વિખ્યાત છે. સર્પગંધા **લોહીના ઊંચા દબાણનો રોગ** મટાડે છે. તે ફક્ત ભારતમાં જ થાય છે. આયુર્વેદમાં લગભગ **2000** ઔષધિઓનું વર્ણન છે.
- ભારતમાં કુદરતી વનસ્પતિના પાંચ પ્રદેશો રચાયા છે :
  - (**1**) **ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો 200 સેમી**થી વધુ વરસાદવાળા ગરમ પ્રદેશોમાં જોવા મળે છે. આ જંગલો બારે માસ લીલાં રહે છે. વૃક્ષો જાડા થડવાળાં અને **60 મીટર**થી વધુ ઊંચાં હોય છે. વૃક્ષોનું લાકડું કઠણ અને વજનદાર હોય છે. **અબનૂસ, મૅહોગની, રોઝવુડ** અને **રબર** અહીંનાં મુખ્ય વૃક્ષો છે.
  - (**2**) **ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોને 'મોસમી જંગલો'** પણ કહે છે. અહીં **70થી 200 સેમી** જેટલો વરસાદ પડે છે. અહીંનાં વૃક્ષો પાનખર ઋતુમાં પોતાનાં બધાં પાન ખેરવી નાખે છે. **સાગ, સાલ, સીસમ, ચંદન, ખેર** અને **વાંસ** અહીંનાં મુખ્ય વૃક્ષો છે.
  - (**3**) **ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો 70 સેમીથી ઓછો** વરસાદ મેળવતા પ્રદેશોમાં જોવા મળે છે. અહીં **ખજૂર, બાવળ, બોરડી, થોર** અને **ખીજડો** મુખ્ય વનસ્પતિ છે. તેનાં મૂળ લાંબાં, ઊંડાં અને પાણી મેળવવા માટે ચોતરફ ફેલાયેલાં હોય છે. પાન નાનાં હોય છે, જેથી બાષ્પનિષ્કાસન ઓછું થાય છે.
  - (**4**) **સમશીતોષ્ણ કટિબંધીય જંગલો તથા ઘાસનાં મેદાનો** મુખ્યત્વે હિમાલયમાં જોવા મળે છે. હિમાલયના તળેટી વિસ્તારમાં ખરાઉ જંગલો, **1000થી 2000 મીટર**ની ઊંચાઈએ પહોળાં પાનવાળાં **ઓક, ચેસ્ટનટ** અને **ચિનાર**નાં વૃક્ષો તથા **1500થી 3000 મીટર**ની ઊંચાઈએ **પાઇન, દેવદાર, સિલ્વર ફર, સ્પ્રૂસ, સીડર** વગેરે શંકુ આકારનાં વૃક્ષો જોવા મળે છે. આ વૃક્ષોનું લાકડું પોચું અને માવાદાર હોવાથી **કાગળ** બનાવવામાં વપરાય છે.

    હિમાલયના 3600 મીટરથી વધુ ઊંચાઈએ આલ્પાઇન ઘાસ અને ટુંડ્ર વનસ્પતિ જોવા મળે છે. અહીં **સિલ્વર ફર, જુનિફર બર્ચ** મુખ્ય વનસ્પતિ છે.
  - (**5**) ભારતનાં દરિયાકિનારે નદીઓના મુખત્રિકોણપ્રદેશોમાં **ભરતીનાં જંગલો** (મેન્ગ્રુવ જંગલો) આવેલાં છે. **સુંદરી** અને **ચેર** અહીંની મુખ્ય વનસ્પતિ છે.
- ભારતનાં જંગલો અનેક પ્રકારની પેદાશો આપે છે. તેમાં લાકડું મુખ્ય છે.
- પર્યાવરણની સમતુલા જાળવવા માટે જંગલો બહુ મહત્ત્વનાં છે.
- જંગલોના વિનાશ માટેનાં કારણોમાં દેશનો વસ્તીવધારો, ખેતી માટે વધુ જમીન મેળવવાની ઘેલછા, ઉદ્યોગીકરણ, ઝૂમ પદ્ધતિની ખેતી, જંગલવાસીઓની ગરીબી, બળતણ માટે લાકડાં મેળવવાની પ્રવૃત્તિ, નવી વસાહતોનું પ્રસ્થાપન, સડકોનું નિર્માણ, બહુહેતુક યોજનાઓ વગેરે મુખ્ય છે. જંગલોના વિનાશના કારણે માનવ સમક્ષ ઘણી વિકટ સમસ્યાઓ ઊભી થઈ છે.
- જંગલોના વિનાશથી પર્યાવરણીય સમતુલા ખોરવાઈ છે. આ અસરોમાં વરસાદનું પ્રમાણ ઘટવું, દુષ્કાળ, ગ્લોબલ વૉર્મિંગ (વૈશ્વિક તાપવૃદ્ધિ), ગ્રીનહાઉસ ઇફેક્ટ (હરિતગૃહ પ્રભાવ), રણવિસ્તારમાં વધારો થવો, વન્ય જીવો નિરાશ્રિત થવાં વગેરે મુખ્ય છે.
- ભારતની ઈ. સ. 1952ની રાષ્ટ્રીય વનનીતિ મુજબ દેશના **33 %** વિસ્તારમાં જંગલો હોવાં જોઈએ. તેને બદલે માત્ર **23 %** વિસ્તારમાં જંગલો છે. ગુજરાતમાં આ પ્રમાણ કેવળ **10 %** છે.

❁ જંગલોનું જતન અને સંવર્ધન કરવા માટે ભારત સરકારે ઈ. સ. 1952માં રાષ્ટ્રીય વનનીતિ અમલમાં મૂકી છે. ઈ. સ. 1980માં સંસદે વનસંરક્ષણ અધિનિયમ પસાર કર્યો. ભારત સરકારે ઈ. સ. 1988માં નવી રાષ્ટ્રીય વનનીતિ જાહેર કરી.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

* **(1) ભારતનાં જંગલોના પ્રકાર જણાવો.** *અથવા*

ભારતના કુદરતી વનસ્પતિના પ્રદેશો જણાવી, તે દરેક વિશે જાણકારી આપો.

ઉત્તર : ભારતનાં જંગલો(કુદરતી વનસ્પતિ)ના **પાંચ** પ્રકારો છે : 1. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો, 2. ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો, 3. ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો, 4. સમશીતોષ્ણ કટિબંધીય જંગલો તથા ઘાસનાં મેદાનો (હિમાલયની વનસ્પતિ) અને 5. ભરતીનાં જંગલો (મેન્ગ્રુવ જંગલો).

1. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો :

(i) વિતરણ : ભારતમાં આ જંગલો ગરમ અને ભેજવાળી આબોહવા, વાર્ષિક 200 સેમી કરતાં વધુ વરસાદ અને 22 °સે કરતાં વધુ તાપમાનવાળા પ્રદેશોમાં આવેલાં છે.

→ ભારતમાં તે પશ્ચિમઘાટના વધુ વરસાદવાળા વિસ્તારો, લક્ષદ્વીપ અને અંદમાન-નિકોબાર ટાપુઓ, અસમની ઉપરના વિસ્તારો અને તમિલનાડુના તટીય પ્રદેશોમાં જોવા મળે છે.

(ii) વૃક્ષો : મૅહોગની, અબનૂસ, રોઝવુડ, રબર વગેરે અહીંનાં મુખ્ય વૃક્ષો છે.

(iii) વિશેષતાઓ : (1) અહીંનાં વૃક્ષોની ઊંચાઈ 60 મીટર કરતાં વધુ હોય છે. (2) ઝાડી-ઝાંખરાંના કારણે અહીં ભેજનું પ્રમાણ વધુ હોય છે. (3) આ જંગલોમાં પાનખર ઋતુ હોતી નથી. (4) તે બારે માસ લીલાં રહે છે, તેથી તેમને 'નિત્ય લીલાં જંગલો' પણ કહે છે. (5) અહીંનાં વૃક્ષોનાં થડ જાડાં તથા તેમનું લાકડું કઠણ અને વજનદાર હોય છે.

2. ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો :

(i) વિતરણ : ભારતમાં આ પ્રકારનાં જંગલો 70થી 200 સેમી વરસાદ મેળવતાં ઉત્તર-પૂર્વીય રાજ્યો, હિમાલયની તળેટીનો પ્રદેશ, પશ્ચિમ ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમઘાટના પૂર્વીય ઢોળાવો અને વિંધ્ય તથા સાતપુડાના પર્વતોમાં જોવા મળે છે.

(ii) વૃક્ષો : સાગ, સાલ, સીસમ, ચંદન, ખેર, વાંસ વગેરે અહીંનાં મહત્ત્વનાં વૃક્ષો છે.

(iii) વિશેષતાઓ : અહીંનાં વૃક્ષો પાનખર ઋતુમાં 6થી 8 અઠવાડિયાં દરમિયાન પોતાનાં બધાં પાંદડાં ખેરવી નાખે છે. તેથી આ જંગલો 'ખરાઉ જંગલો' કહેવાય છે.

→ દરેક પ્રજાતિનાં વૃક્ષોનાં પાન ખેરવવાનો ચોક્કસ સમય જુદો જુદો હોય છે. તેથી આખું જંગલ એક ચોક્કસ સમય માટે પાન વગરનું થઈ જતું નથી.

→ આ જંગલોનાં વૃક્ષો મોસમ પ્રમાણે પાન ખેરવતાં હોવાથી તેને 'મોસમી જંગલો' પણ કહે છે.

3. ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો :

(i) વિતરણ : ભારતમાં આ જંગલો 70 સેમી કરતાં ઓછા વરસાદવાળા પ્રદેશોમાં જોવા મળે છે.


→ આ પ્રકારનાં જંગલો ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પશ્ચિમઘાટના વર્ષાછાયાના કેટલાક વિસ્તારોમાં આવેલાં છે.

(ii) વૃક્ષો : ખજૂર, બોરડી, બાવળ, થોર, ખીજડો વગેરે અહીંનાં વૃક્ષો છે.

(iii) વિશેષતાઓ : આ વનસ્પતિનાં મૂળ લાંબાં, ઊંડાં અને પાણી મેળવવા માટે વર્તુળની ત્રિજ્યાઓની જેમ ચોતરફ ફેલાયેલાં હોય છે.

→ તેમનાં પાન નાનાં હોય છે, જેથી લાંબી સૂકી ઋતુમાં બાષ્પનિષ્કાસનની ક્રિયા મંદ થાય છે.

→ અહીંનાં જંગલોમાં વૃક્ષો છૂટાંછવાયાં હોય છે.



4. સમશીતોષ્ણ કટિબંધીય જંગલો તથા ઘાસનાં મેદાનો (હિમાલયની વનસ્પતિ) :

ઊંચાઈ	ક્ષેત્રિય વિસ્તાર	જંગલો	વૃક્ષો
હિમાલયના 1000થી 2000 મીટર	ઉત્તર-પૂર્વીય ઊંચા પહાડી વિસ્તારો, પશ્ચિમ બંગાળ અને ઉત્તરાખંડનો પહાડી વિસ્તાર	સમશીતોષ્ણ કટિબંધીય જંગલો	ઓક અને ચેસ્ટનટ
હિમાલયના 1500થી 3000 મીટર	હિમાલયનો દક્ષિણ ઢોળાવ, દક્ષિણ અને ઉત્તર-પૂર્વીય ઊંચાઈવાળા વિસ્તારો	શંકુદ્રુમ જંગલો	પાઇન, દેવદાર, સિલ્વર ફર, સ્પ્રૂસ, સીડર વગેરે
હિમાલયના 3600 મીટરથી વધારે	હિમાલયના પહાડી વિસ્તારો અને હિમરેખા નજીક	આલ્પાઇન ઘાસ અને ટુંડ્ર વનસ્પતિ	સિલ્વર ફર, જુનિફર બર્ચ વગેરે

શંકુદ્રુમ જંગલોની વિશેષતાઓ : અહીંનાં વૃક્ષો શંકુ આકાર ધરાવે છે.

→ વૃક્ષોની ડાળીઓ નીચે તરફ ઢળતી હોવાથી હિમવર્ષા વખતે વૃક્ષો પર પડતો બરફ સહેલાઈથી જમીન પર સરકી જાય છે.

→ વૃક્ષોનાં પાન લાંબાં, અણીદાર અને ચીકાશવાળાં હોય છે. તે ભેજને લાંબા સમય સુધી ટકાવી રાખે છે.

→ વૃક્ષોનું લાકડું અંદરથી પોચું અને માવાદાર હોય છે. તેથી તે કાગળ બનાવવા માટે ઉપયોગી છે.

→ આ વૃક્ષોનો વિકાસ થવામાં ઘણાં વર્ષો લાગે છે.

5. ભરતીનાં જંગલો (મેન્ગ્રુવ જંગલો) :

(i) વિતરણ : આ જંગલો દરિયાકિનારે નદીઓના મુખત્રિકોણપ્રદેશોમાં આવેલાં છે.

→ ભારતમાં તે બંગાળાની ખાડીના કિનારાના પ્રદેશ(સુંદરવન)માં તેમજ ગુજરાતના દરિયાકિનારે દલદલીય વિસ્તારમાં નાના પાયા પર જોવા મળે છે.

(ii) વૃક્ષો : સુંદરી અને ચેર અહીંનાં મુખ્ય વૃક્ષો છે.

*** (2) જંગલોની ઉપયોગિતા લખો.**

ઉત્તર : (અ) જંગલોની વન્ય પેદાશો સંદર્ભે ઉપયોગિતા :

→ જંગલની મુખ્ય પેદાશ **લાકડું** છે. જંગલોમાંથી **સાગ, સાલ** અને **સીસમ** જેવાં મજબૂત અને ટકાઉ ઇમારતી લાકડાં મળે છે.

→ **બાવળ** અને **ખેર** જેવાં વૃક્ષોનું લાકડું બળતણ તરીકે વપરાય છે.

→ **દેવદાર** અને **ચીડ** જેવાં શંકુ આકારનાં વૃક્ષોના પોચા લાકડામાંથી ચા અને દવાના પૅકિંગની પેટીઓ, રમતગમતનાં સાધનો, દીવાસળી, કાગળ, કૃત્રિમ રેસા (Synthetic fibres) વગેરે ચીજો બને છે.

→ **વાંસ**માંથી કાગળ અને રેયૉન તેમજ ટોપલા, ટોપલી, રમકડાં, સાદડી અને ગૃહ-સુશોભનની વસ્તુઓ બનાવવામાં આવે છે.

→ સુંદરવનમાં થતા **સુંદરી વૃક્ષ**ના લાકડાની હોડી બને છે.

→ કર્ણાટકનાં જંગલોમાં થતાં **ચંદનનાં વૃક્ષો**માંથી સુગંધીદાર **ચંદનનું લાકડું (સુખડ)** તેમજ **સુખડનું તેલ** મળે છે.

→ ખેરના લાકડામાંથી **કાથો** મળે છે.

→ ચીડના રસમાંથી **ટર્પેન્ટાઇન** અને **યુકેલિપ્ટસ**નાં પાનમાંથી ઔષધીય તેલ મળે છે.

→ **સર્પગંધા, અશ્વગંધા, સિંકોના, શંખાવલી, સરગવો, ગરમાળો, હરડે, બહેડાં, આંબળાં** વગેરે વનસ્પતિ **ઔષધો** આપે છે.

→ **તાડ-ખજૂરીનાં** પાનમાંથી સાવરણી, **ખાખરા**નાં પાનમાંથી પાતળ-પડિયા અને **ટીમરુ**નાં પાનમાંથી બીડી બનાવવામાં આવે છે.

→ જંગલની કેટલીક ગૌણ પેદાશોમાં **રબર, લાખ, રાળ, મધ, ગુંદર** અને **નેતર**નો સમાવેશ થાય છે. લાખનું મોટા ભાગનું ઉત્પાદન **ભારત**માં થાય છે.

→ જંગલોમાંથી વિવિધ પ્રકારનાં **ફળો** પણ મળે છે.

*** (બ) જંગલોનું પર્યાવરણીય ઉપયોગિતા (મહત્ત્વ) :**

જંગલોની પર્યાવરણીય મહત્ત્વ (ઉપયોગિતા) નીચે પ્રમાણે છે :

→ જંગલો વાતાવરણને ઠંડું રાખી વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે.

→ જંગલો વાતાવરણમાં ભેજ પ્રસરાવી આબોહવાને વિષમ બનતી અટકાવે છે.

→ જંગલો હવામાંથી કાર્બન ડાયૉક્સાઇડ જેવા હાનિકારક વાયુનું શોષણ કરી પ્રાણદાયી ઑક્સિજન વાયુ આપે છે.

→ નદીઓમાં આવતા પૂરને નિયંત્રિત કરવા માટે જંગલો ખૂબ ઉપયોગી છે.

→ તે પવન અને વરસાદથી થતું જમીનનું ધોવાણ અટકાવે છે.

→ તે રણને આગળ વધતું અટકાવી, ફળદ્રુપ જમીનોનું રક્ષણ કરે છે.

→ જંગલો ભેજ સંઘરી રાખે છે અને ભૂમિગત જળને જાળવી રાખે છે.

→ જંગલો પ્રદૂષણમાં ઘટાડો કરે છે અને પર્યાવરણમાં સમતુલા જાળવી રાખે છે.

→ તે કુદરતી સૌંદર્યમાં વધારો કરે છે.

→ તે હવાને શુદ્ધ રાખે છે.

→ તે વન્ય જીવસૃષ્ટિને કુદરતી રહેઠાણ પૂરું પાડે છે.

→ જંગલો 'સાહસિક – પ્રવાસન પ્રવૃત્તિ' માટે આદર્શ ક્ષેત્રો છે.

→ ભારતમાં કેટલાંક જંગલો રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યો માટે આરક્ષિત કરવામાં આવ્યાં છે.

*** (3) જંગલોના જતન માટેના ઉપાયો જણાવો.**

ઉત્તર : જંગલોના જતન માટેના ઉપાયો : ભારત સરકારે જંગલોનું જતન અને સંવર્ધન કરવા માટે ઈ. સ. 1952માં રાષ્ટ્રીય વનનીતિ અમલમાં મૂકી. એ પછી ઈ. સ. 1980માં ભારતની સંસદે વનસંરક્ષણ અધિનિયમ પસાર કર્યો. ઈ. સ. 1988માં ભારત સરકારે નવી રાષ્ટ્રીય વનનીતિ જાહેર કરી.

→ જંગલો આપણી રાષ્ટ્રીય સંપત્તિ છે, તેથી તેનું જતન કરવું એ આપણા સૌની નૈતિક ફરજ છે તેવી નાગરિકોમાં સમજ કેળવવી.

→ વૃક્ષછેદન પર કડક નિયંત્રણો મૂકવાં અને ગેરકાયદે વૃક્ષ કાપતી વ્યક્તિને કડક સજા કરવી.

→ વનમહોત્સવ અને સામાજિક વનીકરણ જેવા કાર્યક્રમોમાં લોકભાગીદારી વધારવી તેમજ આ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું.

→ જંગલ ખાતાએ તૈયાર કરેલા રોપાઓ પડતર જમીન, નદી, રેલવે, સડકો, નહેરો વગેરેની બંને બાજુએ રોપવા અને તેનો ઉછેર કરવો.

→ શાળા-કૉલેજોમાં પર્યાવરણ શિક્ષણ, પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ દ્વારા તેમજ શાળાકીય અભ્યાસક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય જાગરૂકતા લાવવી.

→ 'વિશ્વ વનદિન' અને 'વિશ્વ પર્યાવરણદિન' જેવા પર્યાવરણલક્ષી દિન ઊજવવા.

→ જંગલોમાં આગ ન લાગે તેની તકેદારી રાખવી અને આગ લાગે તો તેનું તાત્કાલિક શમન કરવા પૂરતી વ્યવસ્થા કરવી.

→ ઊર્જા મેળવવા માટે લાકડાને સ્થાને સૌર-ઊર્જા, બાયો-ઊર્જા, પવન-ઊર્જા વગેરેનો ઉપયોગ કરવા લોકોને પ્રોત્સાહિત કરવા અને તે અંગેનાં સાધનો ખરીદવા મદદ કરવી.

→ પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા લોકોને જંગલોનું મહત્ત્વ સમજાવી, લોકજાગૃતિ લાવવી.

(4) દેવદાર, ચીડના લાકડામાંથી રમતગમતનાં સાધનો બનાવવામાં આવે છે. ચંદનના વૃક્ષમાંથી સૌંદર્યવર્ધક બનાવટો બનાવવામાં આવે છે. વાંસમાંથી ટોપલા, ટોપલી, રમકડાં, ગૃહ-સુશોભનની વસ્તુઓ બનાવવામાં આવે છે. જંગલો રાખ, રાળ, ગુંદર, રબર, મધ, નેતર જેવી વન્ય પેદાશો પૂરી પાડે છે.

ઉપર આપેલી માહિતી પરથી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો :

(1) સૌંદર્યવર્ધક બનાવટો બનાવવા કયા વૃક્ષના લાકડાનો ઉપયોગ થાય છે?

(2) એક ફેરિયો ટોપલીમાં ફળ વેચી રહ્યો છે. તેની ટોપલી શામાંથી બનેલી હશે?

(3) તમે એક પરીક્ષાનું ફૉર્મ ભરી રહ્યા છો. તમને ફૉર્મમાં પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોંટાડવાનું કહ્યું છે, તો તમે જંગલની કઈ પેદાશનો ઉપયોગ કરશો?

(4) તમે ક્રિકેટની રમત જોઈ હશે. તેમાં દડાને ફટકારવા માટે જે સાધનનો ઉપયોગ થાય છે, તે કયા વૃક્ષના લાકડામાંથી બનેલું હશે?

ઉત્તર : (1) સૌંદર્યવર્ધક બનાવટો બનાવવા માટે ચંદનના વૃક્ષના લાકડાનો ઉપયોગ થાય છે.

(2) ફેરિયાની ફળોની ટોપલી વાંસમાંથી બનેલી હશે.

(3) પરીક્ષાના ફૉર્મમાં પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોંટાડવા માટે ગુંદરનો ઉપયોગ કરવામાં આવશે.

(4) ક્રિકેટની રમતમાં દડાને ફટકારવા માટે ઉપયોગમાં લેવાતું બૅટ દેવદારના વૃક્ષમાંથી બનેલું હશે.

(5) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો ગરમ અને ભેજવાળી આબોહવાળા પ્રદેશમાં જ્યાં સરેરાશ વાર્ષિક વરસાદ **200** સેમી કરતાં વધારે અને વાર્ષિક સરેરાશ તાપમાન **22** °સે કરતાં વધુ જોવા મળે છે તે પ્રદેશોમાં આવેલાં છે. અહીં મૅહોગની, અબનૂસ, રોઝવુડ, રબર વગેરે વૃક્ષો જોવા મળે છે. અહીંનાં વૃક્ષો સામાન્ય રીતે **60** મીટર જેટલાં ઊંચાં હોય છે. આ જંગલો બારે માસ લીલાં રહેતાં હોવાથી તેને નિત્ય લીલાં જંગલો પણ કહે છે.

ઉપર આપેલી માહિતી પરથી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો :

(1) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો ભારતમાં કયા પ્રદેશોમાં આવેલાં છે?

(2) આ જંગલોમાં કયાં કયાં વૃક્ષો જોવા મળે છે?

(3) આ જંગલોનાં વૃક્ષો કેટલાં ઊંચાં હોય છે?

(4) આ જંગલોને નિત્ય લીલાં જંગલો પણ શાથી કહે છે?

ઉત્તર : (1) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો ભારતમાં ગરમ અને ભેજવાળી આબોહવાવાળા પ્રદેશમાં જ્યાં સરેરાશ વાર્ષિક વરસાદ 200 સેમી કરતાં વધારે અને વાર્ષિક સરેરાશ તાપમાન 22 °સે કરતાં વધુ જોવા મળે છે તે પ્રદેશોમાં આવેલાં છે.

(2) આ જંગલોમાં મૅહોગની, અબનૂસ, રોઝવુડ, રબર વગેરે વૃક્ષો જોવા મળે છે.

(3) આ જંગલોનાં વૃક્ષો સામાન્ય રીતે 60 મીટર જેટલાં ઊંચાં હોય છે.

(4) આ જંગલો બારે માસ લીલાં રહેતાં હોવાથી તેને નિત્ય લીલાં જંગલો પણ કહે છે.

(6) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો સામાન્ય રીતે દેશમાં **70**થી **200** સેમી સુધીનો વરસાદ ધરાવતા પ્રદેશોમાં જોવા મળે છે. ભારતમાં આ જંગલોનું પ્રમાણ વધુ છે. અહીં સાગ, સાલ, સીસમ, ચંદન, ખેર, વાંસ વગેરે વૃક્ષો જોવા મળે છે. અહીંનાં વૃક્ષોની મુખ્ય વિશેષતા એ છે કે પાનખર ઋતુમાં તે **6**થી **8** અઠવાડિયાં દરમિયાન પોતાનાં પાંદડાં ખેરવી નાખે છે. આ જંગલોનાં વૃક્ષો મોસમ પ્રમાણે પાન ખેરવતાં હોવાથી તેને મોસમી જંગલો પણ કહે છે.

ઉપર આપેલી માહિતી પરથી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો :

(1) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો ભારતમાં કયા પ્રદેશોમાં આવેલાં છે?

(2) આ જંગલોમાં કયાં કયાં વૃક્ષો જોવા મળે છે?

(3) આ જંગલોનાં વૃક્ષોની મુખ્ય વિશેષતા શી છે?

(4) આ જંગલોને મોસમી જંગલો પણ શાથી કહે છે?

ઉત્તર : (1) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો ભારતમાં સામાન્ય રીતે 70થી 200 સેમી સુધીનો વરસાદ ધરાવતા પ્રદેશોમાં આવેલાં છે.

(2) આ જંગલોમાં સાગ, સાલ, સીસમ, ચંદન, ખેર, વાંસ વગેરે વૃક્ષો જોવા મળે છે.

(3) આ જંગલોની મુખ્ય વિશેષતા એ છે કે તે પાનખર ઋતુમાં 6થી 8 અઠવાડિયાં દરમિયાન પોતાનાં પાંદડાં ખેરવી નાખે છે.

(4) આ જંગલોનાં વૃક્ષો મોસમ પ્રમાણે પાન ખેરવતાં હોવાથી તેને 'મોસમી જંગલો' પણ કહે છે.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

* **(1) ભારતમાં વૈવિધ્યસભર કુદરતી વનસ્પતિ શા માટે જોવા મળે છે?**

ઉત્તર : ભારતની કુદરતી વનસ્પતિનું સર્જન આ પરિબળોથી થાય છે : (1) ભૂપૃષ્ઠ, (2) જમીન, (3) તાપમાન તથા ભેજ, (4) સૂર્યપ્રકાશ અને (5) વરસાદનું પ્રમાણ.

→ ભારતનું ભૂપૃષ્ઠ પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, દરિયાકિનારાનાં મેદાનો અને રણપ્રદેશોનું બનેલું છે. ભૂપૃષ્ઠની આ વિવિધતાને કારણે દેશની કુદરતી વનસ્પતિમાં વિવિધતા જોવા મળે છે.

→ ભારતમાં કાંપની, રાતી, કાળી, પહાડી અને રેતાળ એવી પાંચ પ્રકારની જમીન છે. જમીનની વિવિધતા પ્રમાણે વનસ્પતિમાં વિવિધતા જોવા મળે છે.

→ ભારતમાં હિમાલયના બરફાચ્છાદિત તથા ઠંડા પ્રદેશોના તેમજ દક્ષિણ ભારતના દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના તાપમાન અને ભેજમાં રહેલા તફાવતને કારણે કુદરતી વનસ્પતિમાં વિવિધતા સર્જાઈ છે.

→ સૂર્યપ્રકાશની અસર વનસ્પતિની વૃદ્ધિ પર થાય છે. વધુ સૂર્યપ્રકાશ મેળવતા વિસ્તારોમાં વનસ્પતિની વૃદ્ધિ ઝડપી હોય છે, જ્યારે ઓછો સૂર્યપ્રકાશ મેળવતા વિસ્તારોમાં વનસ્પતિની વૃદ્ધિ મંદ હોય છે.

→ ભારતમાં વરસાદ એકસરખો વરસતો નથી. ભારતમાં વાર્ષિક 200 સેમીથી વધુ વરસાદવાળા પ્રદેશો છે અને વાર્ષિક 10થી 12 સેમી જેટલો વરસાદ ધરાવતા પ્રદેશો પણ છે. આમ, વરસાદના અસમાન વિતરણને કારણે ભારતમાં વનસ્પતિની વિવિધતા જોવા મળે છે.

*** (2) જંગલોના વિનાશનાં કારણો કયાં કયાં છે?**

ઉત્તર : જંગલોનો સૌથી વધુ વિનાશ માનવી કરે છે. **જંગલોના વિનાશ માટેનાં કારણો નીચે મુજબ છે :**

→ દેશનો વસ્તીવધારો

→ ઉદ્યોગોને શહેરોના રહેણાક વિસ્તારથી દૂર લઈ જવાની નીતિ

→ શહેરીકરણ અને ઉદ્યોગીકરણ

→ નવી વસાહતો અને રહેઠાણોનું સ્થાપન

→ બહુહેતુક યોજનાઓ અને નહેરોનું નિર્માણ

→ રેલવે, સડકો અને હવાઈ મથકોનું નિર્માણ

→ ઇમારતો અને બળતણ માટે લાકડાં મેળવવાની પ્રવૃત્તિ

→ 'ઝૂમ' પદ્ધતિની ખેતી (સ્થળાંતરિત ખેતી)

→ જંગલવાસીઓની ગરીબી

→ ઇમારતી લાકડાની વધી રહેલી ચોરી

→ ઉદ્યોગો માટે જંગલપેદાશોની પ્રાપ્તિમાં થઈ રહેલો અવિવેક

→ આ ઉપરાંત, દાવાનળ જંગલવિનાશનું કારણ છે.

*** (3) જંગલવિનાશની અસરો કઈ કઈ છે? *અથવા***
જંગલોના આડેધડ વિનાશથી આપણા પર્યાવરણને કયાં પરિણામો ભોગવવાં પડ્યાં છે?

ઉત્તર : જંગલોના આડેધડ વિનાશથી –

→ પ્રદૂષણમાં વધારો થવો

→ વરસાદના પ્રમાણમાં ઘટાડો થવો

→ દુષ્કાળ પડવા

→ ગ્લોબલ વૉર્મિંગ (Global warming) – વૈશ્વિક તાપવૃદ્ધિ થવી

→ ગ્રીનહાઉસ ઇફેક્ટ (Greenhouse effect) – હરિતગૃહ પ્રભાવની સમસ્યા સર્જાવી

→ રણવિસ્તારોમાં વધારો થવો

→ વન્ય જીવો નિરાશ્રિત થવા

→ જમીનનું ધોવાણ થવું

→ નદીઓમાં પૂર આવવાં

→ કેટલાંક વન્ય પ્રાણીઓ લુપ્ત થવાં

→ પ્રાકૃતિક સૌંદર્યનો હ્રાસ થવો વગેરે માઠાં પરિણામો આપણા પર્યાવરણને ભોગવવાં પડ્યાં છે.

(4) જંગલોનો વિનાશ થઈ રહ્યો છે. તેથી વન્ય જીવોની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે. તેના લીધે પર્યાવરણ ચક્રમાં ખલેલ પહોંચી છે. પર્યાવરણ ચક્ર વ્યવસ્થિત ચાલે તે માટે તમારી દૃષ્ટિએ શા ઉપાયો કરવા જોઈએ?

ઉત્તર : પર્યાવરણ ચક્ર વ્યવસ્થિત ચાલે તે માટે જંગલોનું જતન કરવા માટેના ઉપાયો કરવા જોઈએ. આ માટે જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(3)**નો ઉત્તર.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોની વિશેષતાઓ જણાવો.

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(1)**ના પ્રકાર **1**નો મુદ્દો **(iii) વિશેષતાઓ.**

(2) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોની વિશેષતાઓ જણાવો.

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(1)**ના પ્રકાર **2**નો મુદ્દો **(iii) વિશેષતાઓ.**

(3) ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલોની વિશેષતાઓ જણાવો.

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(1)**ના પ્રકાર **3**નો મુદ્દો **(iii) વિશેષતાઓ.**

(4) શંકુદ્રુમ જંગલોની વિશેષતાઓ જણાવો.

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(1)**ના પ્રકાર **4માં શંકુદ્રુમ જંગલોની વિશેષતાઓ.**

પ્રશ્ન 4. નીચેના વિધાનનાં ભૌગોલિક કારણો આપો : *[2 ગુણ]*
જંગલો રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે ઉપયોગી છે.

ઉત્તર : (1) જંગલો ઇમારતી લાકડું, બળતણ અને વિવિધ પ્રકારની અન્ય વસ્તુઓ પૂરી પાડે છે. (2) જંગલોમાં થતા વાંસમાંથી કાગળ, રેયૉન, ટોપલા, ટોપલી, રમકડાં, સાદડી તેમજ ગૃહ-સુશોભનની વસ્તુઓ વગેરે બનાવવાના, ચીડના રસમાંથી ટર્પેન્ટાઇન, દેવદાર અને ચીડના લાકડામાંથી રમતગમતનાં સાધનો, દીવાસળી, ચા અને દવાના પૅકિંગની પેટીઓ, ચંદનમાંથી સુગંધીદાર તેલ અને સૌંદર્યવર્ધક ચીજો, ખાખરાનાં પાનમાંથી પતરાળાં-પડિયા, ખેરના લાકડામાંથી કાથો, ટીમરુનાં પાનમાંથી બીડી વગેરે બનાવવાના ઉદ્યોગો વિકસ્યા છે. (3) જંગલોમાંથી હરડે, બહેડાં, અશ્વગંધા, આંબળાં, સિંકોના, સર્પગંધા, નીલગિરિ, યુકેલિપ્ટસ વગેરે અનેક ઔષધિઓ મળે છે. (4) જંગલોમાંથી લાખ, રાળ, ગુંદર,

નેતર, મધ, રબર વગેરે પેદાશો મળે છે. (5) જંગલો વનવાસી પ્રજાને આજીવિકા પૂરી પાડે છે.

આથી જંગલો રાષ્ટ્રના આર્થિક વિકાસમાં ઉપયોગી છે.

પ્રશ્ન 5. નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) ખરાઉ

ઉત્તર : ખરાઉ એ ઉષ્ણ કટિબંધીય જંગલોનો એક પ્રકાર છે. આ જંગલોનાં વૃક્ષો પાનખર ઋતુમાં 6થી 8 અઠવાડિયાં દરમિયાન પોતાનાં પાંદડાં ખેરવી નાખે છે. તેથી આ જંગલો ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો કહેવાય છે.

આ જંગલો મોસમ પ્રમાણે પાંદડાં ખેરવતાં હોવાથી તેને 'મોસમી જંગલો' પણ કહે છે.

(2) મેન્ગ્રુવ

ઉત્તર : મેન્ગ્રુવ એટલે ભરતીનાં જંગલો. ભારતમાં દરિયાકિનારે નદીઓના મુખત્રિકોણપ્રદેશમાં મેન્ગ્રુવ જંગલો આવેલાં છે. બંગાળાની ખાડીના કિનારાના પ્રદેશોમાં તેમજ ગુજરાતના કેટલાક સાગરકાંઠે દલદલીય વિસ્તારોમાં નાના પાયા પર **'મેન્ગ્રુવ'** આવેલાં છે.

(3) શંકુદ્રુમ

ઉત્તર : શંકુદ્રુમ એટલે શંકુ આકારનાં વૃક્ષોવાળાં જંગલો. આ જંગલો હિમાલયની 1500થી 3000 મીટરની ઊંચાઈએ આવેલાં છે. અહીંનાં વૃક્ષોની ડાળીઓ જમીન તરફ ઢળતી હોય છે, જેથી હિમવર્ષાના કારણે વૃક્ષો પર પડતો બરફ જમીન તરફ સરકી જાય. વૃક્ષોનાં પાંદડાં લાંબાં, અણીદાર અને ચીકાશવાળાં હોય છે. તે લાંબા સમય સુધી ભેજને સંઘરી રાખે છે.

(4) કુદરતી વનસ્પતિ

ઉત્તર : માણસની મદદ વિના ઊગતી અને વિકસતી વનસ્પતિ 'કુદરતી વનસ્પતિ' કહેવાય છે.

પ્રશ્ન 6. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) જંગલ એટલે શું?

ઉત્તર : વિશાળ વિસ્તારમાં પથરાયેલાં વૃક્ષો અને વનસ્પતિના સમૂહને 'જંગલ' કહે છે.

(2) કેવા પ્રકારની વનસ્પતિ કુદરતી વનસ્પતિ કહેવાય છે?

ઉત્તર : માણસની સહાય વગર ઊગતી અને વિકસતી વનસ્પતિ 'કુદરતી વનસ્પતિ' કહેવાય છે.

(3) ભારતમાં કુદરતી વનસ્પતિની વિવિધતા કયાં પરિબળોથી સર્જાય છે?

ઉત્તર : ભારતમાં કુદરતી વનસ્પતિની વિવિધતા આ પરિબળોથી સર્જાય છે : (1) ભૂપૃષ્ઠ, (2) જમીન, (3) તાપમાન તથા ભેજ, (4) સૂર્યપ્રકાશ અને (5) વરસાદનું પ્રમાણ.

(4) ભારતમાં કેટલી જાતનાં વૃક્ષો થાય છે? તેમાંથી કેટલી જાતનાં વૃક્ષો વેપારી દૃષ્ટિએ ઉપયોગી છે?

ઉત્તર : ભારતમાં લગભગ 5000 જાતનાં વૃક્ષો થાય છે. તેમાંથી 450 જાતનાં વૃક્ષો વેપારી દૃષ્ટિએ ઉપયોગી છે.

(5) ભારતમાં કેટલા પ્રકારના ફૂલવાળા છોડ થાય છે? તે વિશ્વના લગભગ કેટલા ટકા છે?

ઉત્તર : ભારતમાં લગભગ 15,000 પ્રકારના ફૂલવાળા છોડ થાય છે. તે વિશ્વના લગભગ 6 % છે.

(6) કુદરતી વનસ્પતિના પ્રદેશો કોને કહે છે?

ઉત્તર : એકસરખી આબોહવા ધરાવતા પ્રદેશોમાં સામાન્ય રીતે એકસરખી વનસ્પતિ જોવા મળે છે. આવા પર્યાવરણીય સામ્યતા ધરાવતા પ્રદેશને કે પ્રદેશના સમૂહજૂથને 'કુદરતી વનસ્પતિના પ્રદેશો' કહે છે.

(7) ભારતમાં મુખ્યત્વે કયા પ્રકારનાં જંગલો જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં મુખ્યત્વે પાંચ પ્રકારનાં જંગલો જોવા મળે છે : (1) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો, (2) ઉષ્ણ કટિબંધીય ખરાઉ કે મોસમી જંગલો, (3) ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો અને ઝાડી-ઝાંખરાં, (4) સમશીતોષ્ણ કટિબંધીય જંગલો તથા ઘાસનાં મેદાનો અને (5) ભરતીનાં જંગલો (મેન્ગ્રુવ જંગલો).

(8) ભારતમાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો કયા વિસ્તારોમાં આવેલાં છે?

ઉત્તર : ભારતમાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો 200 સેમીથી વધુ વરસાદ મેળવતા પશ્ચિમઘાટના વધારે વરસાદવાળા વિસ્તારો, લક્ષદ્વીપ, અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો, અસમના ઉપરી વિસ્તારો અને તમિલનાડુના તટીય પ્રદેશમાં આવેલાં છે.

(9) ભારતનાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોનાં મુખ્ય વૃક્ષો કયાં કયાં છે?

ઉત્તર : ભારતનાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોનાં મુખ્ય વૃક્ષો **અબનૂસ, મૅહોગની, રોઝવુડ** અને **રબર** છે.

*** (10) "ઉષ્ણ કટિબંધીય જંગલોને 'નિત્ય લીલાં જંગલો' કહે છે." શા માટે?**

ઉત્તર : ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો બારે માસ લીલાં રહેતાં હોવાથી તેને 'નિત્ય લીલાં જંગલો' કહે છે.

(11) ભારતના ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો મુખ્યત્વે કયા વિસ્તારોમાં આવેલા છે?

ઉત્તર : ભારતનાં ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો **70થી 200 સેમી** વરસાદ મેળવતાં ઉત્તર-પૂર્વનાં રાજ્યો, હિમાલયની તળેટીના પ્રદેશો, ઝારખંડ, પશ્ચિમ ઓડિશા, છત્તીસગઢ, વિંધ્ય તથા સાતપુડાના પર્વતો અને પશ્ચિમઘાટના પૂર્વીય ઢોળાવો પર આવેલાં છે.

(12) ઉષ્ણ કટિબંધીય ખરાઉ કે મોસમી જંગલોમાં કયાં કયાં વૃક્ષો જોવા મળે છે?

ઉત્તર : ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોમાં **સાગ, સાલ, સીસમ, ચંદન, ખેર, વાંસ** વગેરે વૃક્ષો જોવા મળે છે.

(13) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોની મુખ્ય વિશેષતા કઈ છે?

ઉત્તર : ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોની મુખ્ય વિશેષતા એ છે કે, પાનખર ઋતુમાં 6થી 8 અઠવાડિયાં દરમિયાન અહીંનાં વૃક્ષો પોતાનાં બધાં પાંદડાં ખેરવી નાખે છે.

(14) ભારતમાં ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો ક્યાં વધુ જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં **70 સેમીથી ઓછો** વરસાદ મેળવતા ઉત્તર-પશ્ચિમ વિસ્તારો, ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ વગેરેમાં ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો વધુ જોવા મળે છે.

(15) ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલોમાં ક્યાં વૃક્ષો થાય છે?

ઉત્તર : ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલોમાં **ખજૂર, બાવળ, બોરડી,** વિવિધ જાતના **થોર, ખીજડો** વગેરે વૃક્ષો થાય છે.

(16) ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલોનાં વૃક્ષો અને છોડની મુખ્ય વિશેષતા કઈ છે?

ઉત્તર : ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલોનાં વૃક્ષો અને છોડની મુખ્ય વિશેષતા એ છે કે, તેમનાં મૂળ લાંબાં, ઊંડાં અને ચારે તરફ ફેલાયેલાં હોય છે અને પાન નાનાં હોય છે.

(17) ભારતમાં સમશીતોષ્ણ કટિબંધીય જંગલો ક્યાં આવેલાં છે?

ઉત્તર : ભારતમાં સમશીતોષ્ણ કટિબંધીય જંગલો ઉત્તર-પૂર્વીય પહાડી વિસ્તારો, પશ્ચિમ બંગાળ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારમાં આવેલાં છે.

(18) સમશીતોષ્ણ કટિબંધીય જંગલોમાં ક્યાં વૃક્ષો જોવા મળે છે?

ઉત્તર : સમશીતોષ્ણ કટિબંધીય જંગલોમાં ઓક અને ચેસ્ટનટનાં વૃક્ષો જોવા મળે છે.

(19) ભારતમાં શંકુદ્રુમ જંગલો ક્યાં આવેલાં છે?

ઉત્તર : ભારતમાં શંકુદ્રુમ જંગલો હિમાલયના દક્ષિણ ઢોળાવ તથા દક્ષિણ અને ઉત્તર પૂર્વીય ઊંચાઈવાળા વિસ્તારમાં આવેલાં છે.

(20) શંકુદ્રુમ જંગલોમાં ક્યાં ક્યાં વૃક્ષો થાય છે?

ઉત્તર : શંકુદ્રુમ જંગલોમાં પાઇન, દેવદાર, સિલ્વર ફર, સ્પ્રૂસ વગેરે વૃક્ષો જોવા મળે છે.

(21) ભારતમાં આલ્પાઇન વનસ્પતિ ક્યાં જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં આલ્પાઇન વનસ્પતિ હિમાલયના 3600 મીટરથી વધુ ઊંચાઈના પહાડી વિસ્તારોમાં જોવા મળે છે.

(22) આલ્પાઇન વનસ્પતિવાળા વિસ્તારોમાં ક્યાં ક્યાં વૃક્ષો જોવા મળે છે?

ઉત્તર : આલ્પાઇન વનસ્પતિવાળા વિસ્તારોમાં સિલ્વર ફર, જુનિફર બર્ચ વગેરે વૃક્ષો જોવા મળે છે.

(23) ભારતમાં ભરતીનાં જંગલો ક્યાં આવેલાં છે?

ઉત્તર : ભારતમાં ભરતીનાં જંગલો દરિયાકિનારે નદીઓના મુખત્રિકોણપ્રદેશોમાં જોવા મળે છે.

(24) ભરતીનાં જંગલોની મુખ્ય વનસ્પતિ કઈ છે?

ઉત્તર : ભરતીનાં જંગલોની મુખ્ય વનસ્પતિ સુંદરી અને ચેર છે.

(25) ક્યાં વૃક્ષોમાંથી ઊંચા પ્રકારનું ઇમારતી લાકડું મળે છે?

ઉત્તર : સાગ, સાલ અને સીસમનાં વૃક્ષોમાંથી ઊંચા પ્રકારનું ઇમારતી લાકડું મળે છે.

(26) સુંદરી વૃક્ષનું લાકડું કઈ રીતે ઉપયોગી છે?

ઉત્તર : સુંદરી વૃક્ષનું લાકડું હોડી બનાવવા માટે ઉપયોગી છે.

(27) દેવદાર અને ચીડના લાકડામાંથી શું શું બનાવવામાં આવે છે?

ઉત્તર : દેવદારના પોચા લાકડામાંથી રમતગમતનાં સાધનો, ચા અને દવાના પૅકિંગની પેટીઓ, દીવાસળી તેમજ તેના માવામાંથી કાગળ અને કૃત્રિમ કાપડ માટેના રેસા બનાવવામાં આવે છે.

(28) ચીડના રસમાંથી શું બને છે?

ઉત્તર : ચીડના રસમાંથી ટર્પેન્ટાઇન બને છે.

(29) ચંદનમાંથી શું બનાવવામાં આવે છે?

ઉત્તર : ચંદનમાંથી સુગંધીદાર તેલ તેમજ સૌંદર્યવર્ધક વસ્તુઓ બનાવવામાં આવે છે.

(30) વાંસમાંથી શું શું બનાવવામાં આવે છે?

ઉત્તર : વાંસમાંથી કાગળ, રેયૉન, ટોપલા, ટોપલી, રમકડાં, સાદડી અને ગૃહ-સુશોભનની વસ્તુઓ વગેરે બનાવવામાં આવે છે.

(31) ભારતનાં જંગલોમાંથી કઈ કઈ વન્ય પેદાશો મળે છે?

ઉત્તર : ભારતનાં જંગલોમાંથી લાખ, રાળ, ગુંદર, રબર, મધ, નેતર વગેરે વન્ય પેદાશો મળે છે.

(32) ભારતનાં જંગલોમાંથી કઈ ઔષધિઓ મળે છે?

ઉત્તર : ભારતનાં જંગલોમાંથી આંબળાં, બહેડાં, હરડે, અશ્વગંધા, સર્પગંધા, સિંકોના, ગરમાળો, શંખાવલી, સરગવો વગેરે ઔષધિઓ મળે છે.

(33) ખાખરા અને ટીમરુના પાનમાંથી શું શું બને છે?

ઉત્તર : ખાખરાનાં પાનમાંથી પતરાળાં-પડિયા અને ટીમરુનાં પાનમાંથી બીડી બને છે.

(34) ખેરના લાકડામાંથી શું મળે છે?

ઉત્તર : ખેરના લાકડામાંથી કાથો મળે છે.

પ્રશ્ન 7. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ઉષ્ણ કટિબંધીય જંગલોને 'નિત્ય લીલાં જંગલો' કહે છે, કારણ કે ...

ઉત્તર : ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો બારે માસ લીલાં રહે છે.

(2) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોને 'મોસમી જંગલો' કહે છે, કારણ કે ...

ઉત્તર : ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો મોસમ પ્રમાણે પાન ખેરવી નાખે છે.

(3) ભારત સરકારે રાષ્ટ્રીય વનનીતિ અમલમાં મૂકી છે, કારણ કે ...

ઉત્તર : ભારત સરકાર જંગલોનું જતન અને સંવર્ધન કરવા ઇચ્છે છે.

(4) ભારતની કુદરતી વનસ્પતિમાં વિવિધતા જોવા મળે છે, કારણ કે ...

ઉત્તર : ભારતમાં પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, રણપ્રદેશો એમ વિવિધ પ્રકારનું ભૂપૃષ્ઠ છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ ભારત વિશ્વમાં ..... સ્થાન ધરાવે છે.
A. આઠમું B. નવમું C. દસમું

(2) ભારતમાં આશરે ..... પ્રકારના ફૂલવાળા છોડ થાય છે.
A. 15,000 B. 12,000 C. 17,400

(3) ઉષ્ણ કટિબંધીય ..... જંગલોનાં વૃક્ષો સામાન્ય રીતે 60 મીટરથી ઊંચાં હોય છે.
A. ખરાઉ B. વરસાદી C. કાંટાળાં

(4) નદીઓના મુખત્રિકોણપ્રદેશોમાં .....નાં જંગલો આવેલાં છે.
A. ભરતી B. શંકુદ્રુમ C. ખરાઉ

(5) જંગલો ..... વાયુ આપે છે.
A. નાઇટ્રોજન B. કાર્બન ડાયૉક્સાઇડ C. ઑક્સિજન

(6) લોહીના ઊંચા દબાણનો રોગ મટાડવા ..... વનસ્પતિ ઉત્તમ ઔષધિ છે.
A. તુલસી B. સર્પગંધા C. આમળાં

(7) ચીડના રસમાંથી ..... બને છે.
A. સુગંધી તેલ B. ટર્પેન્ટાઇન C. હોડી

(8) ભારત સરકારે ઈ. સ. .....માં નવી રાષ્ટ્રીય વનનીતિ જાહેર કરી.
A. 1988 B. 1986 C. 1992

(9) ભારતમાં લગભગ ..... જાતનાં વૃક્ષો વ્યાપારી દૃષ્ટિએ ખૂબ ઉપયોગી છે.
A. 450 B. 610 C. 580

(10) મૅહોગની વૃક્ષ ..... જંગલોમાં જોવા મળે છે.
A. ઉષ્ણ કટિબંધીય કાંટાળાં
B. ઉષ્ણ કટિબંધીય ખરાઉ
C. ઉષ્ણ કટિબંધીય વરસાદી

ઉત્તર : (1) દસમું (2) 15,000 (3) વરસાદી (4) ભરતી (5) ઑક્સિજન (6) સર્પગંધા (7) ટર્પેન્ટાઇન (8) 1988 (9) 450 (10) ઉષ્ણ કટિબંધીય વરસાદી

---

(11) ભારતમાં ..... જંગલોનું પ્રમાણ વધુ છે.
A. ઉષ્ણ કટિબંધીય વરસાદી
B. ઉષ્ણ કટિબંધીય ખરાઉ
C. ઉષ્ણ કટિબંધીય કાંટાળાં

(12) ચંદનનું વૃક્ષ ..... જંગલોમાં જોવા મળે છે.
A. ઉષ્ણ કટિબંધીય કાંટાળાં
B. ઉષ્ણ કટિબંધીય વરસાદી
C. ઉષ્ણ કટિબંધીય ખરાઉ

(13) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોને ..... જંગલો પણ કહે છે.
A. વરસાદી B. મોસમી C. ખરાઉ

(14) ..... જંગલોનાં વૃક્ષોનાં પાન લાંબાં, અણીદાર અને ચીકાશવાળાં હોય છે.
A. શંકુદ્રુમ B. વરસાદી C. મેન્ગ્રુવ

(15) સુંદરી નામની વનસ્પતિ ..... જંગલોમાં થાય છે.
A. વરસાદી B. ભરતીનાં C. મોસમી

(16) સુંદરી વૃક્ષના લાકડામાંથી ..... બનાવવામાં આવે છે.
A. ફર્નિચર B. હોડી C. રમતગમતનાં સાધનો

(17) .....નાં પાનમાંથી પતરાળાં-પડિયા બનાવવામાં આવે છે.
A. ખાખરા B. લીમડા C. ટીમરુ

(18) .....ના લાકડામાંથી કાથો બનાવવામાં આવે છે.
A. ચીડ B. ટીમરુ C. ખેર

(19) .....નાં પાનમાંથી બીડી બનાવવામાં આવે છે.
A. ખેર B. ટીમરુ C. ખાખરા

(20) જંગલો ..... જેવા હાનિકારક વાયુનું શોષણ કરે છે.
A. કાર્બન ડાયૉક્સાઇડ B. નાઇટ્રોજન C. હાઇડ્રોજન

ઉત્તર : (11) ઉષ્ણ કટિબંધીય ખરાઉ (12) ઉષ્ણ કટિબંધીય ખરાઉ (13) મોસમી (14) શંકુદ્રુમ (15) ભરતીનાં (16) હોડી (17) ખાખરા (18) ખેર (19) ટીમરુ (20) કાર્બન ડાયૉક્સાઇડ

---

(21) જંગલો ..... પ્રવૃત્તિ' માટેનાં આદર્શ ક્ષેત્રો છે.
A. ચિત્રકલા B. કૃષિ C. સાહસિક-પ્રવાસન

(22) ભારતમાં આશરે ..... % વિસ્તારમાં જંગલો આવેલાં છે.
A. 23 B. 33 C. 25

(23) ગુજરાતમાં આશરે ..... % જંગલો આવેલાં છે.
A. 6 B. 10 C. 20

ઉત્તર : (21) સાહસિક-પ્રવાસન (22) 23 (23) 10

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારતમાં આશરે 6500 જાતનાં વૃક્ષો થાય છે.

(2) રોઝવુડ નામનું વૃક્ષ ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોમાં થાય છે.

(3) હિમાલયના 3600 મીટરથી વધુ ઊંચાઈએ આલ્પાઇન નામનું ઘાસ થાય છે.

(4) ચંદન ખરાઉ જંગલનું વૃક્ષ છે.

(5) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોમાં પાનખર ઋતુ હોતી નથી.

(6) સુંદરી નામના વૃક્ષના લાકડામાંથી સુગંધીદાર તેલ બનાવવામાં આવે છે.

(7) વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ વિશ્વમાં ભારતનું સ્થાન દસમું છે.

(8) અંદમાન-નિકોબાર પ્રદેશમાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો જોવા મળે છે.
(9) મૅહોગની મોસમી પ્રકારનાં જંગલોનું વૃક્ષ છે.
(10) પશ્ચિમઘાટના પૂર્વ ઢોળાવો પર કાંટાળાં જંગલો જોવા મળે છે.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખરું (4) ખરું (5) ખોટું (6) ખોટું (7) ખરું (8) ખરું (9) ખોટું (10) ખોટું

---

(11) ભારતમાં વરસાદી જંગલોનું પ્રમાણ વધારે છે.
(12) ગુજરાત અને રાજસ્થાનમાં કાંટાળાં જંગલો જોવા મળે છે.
(13) દેવદારનું વૃક્ષ શંકુદ્રુમ જંગલોમાં જોવા મળે છે.
(14) ચીડના રસમાંથી કાથો બને છે.
(15) ટીમરુ વૃક્ષના પાનમાંથી બીડી બનાવવામાં આવે છે.
(16) કરંજનો ઉપયોગ ચામડીના અને દાંત-પેઢાના રોગો મટાડવા માટે થાય છે.
(17) ભારતમાં 23 % વિસ્તારમાં જંગલો છે.
(18) 'વિશ્વ વન દિવસ' 4 નવેમ્બરે ઊજવાય છે.
(19) 'વિશ્વ પર્યાવરણ દિવસ' 12 જૂને ઊજવાય છે.
(20) 'વિશ્વ ઓઝોન દિવસ' 1 જાન્યુઆરીએ ઊજવાય છે.

ઉત્તર : (11) ખોટું (12) ખરું (13) ખરું (14) ખોટું (15) ખરું (16) ખરું (17) ખરું (18) ખોટું (19) ખોટું (20) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ વિશ્વમાં ભારતનું સ્થાન કેટલામું છે? – **દસમું**
(2) વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ એશિયામાં ભારતનું સ્થાન કેટલામું છે? – **ચોથું**
(3) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો બીજા કયા નામે ઓળખાય છે? – **નિત્ય લીલાં જંગલો**
(4) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો બીજા કયા નામે ઓળખાય છે? – **મોસમી જંગલો**
(5) શંકુદ્રુમ જંગલોની મુખ્ય વિશેષતા કઈ છે? – **શંકુ આકારનાં વૃક્ષો**
(6) ભારતમાં દરિયાકિનારે નદીઓના મુખત્રિકોણપ્રદેશમાં કયાં જંગલો આવેલાં છે? – **ભરતીનાં જંગલો (મેન્ગ્રુવ)**
(7) ભરતીનાં જંગલો(મેન્ગ્રુવ)ની મુખ્ય વનસ્પતિ કઈ છે? – **સુંદરી અને ચેર**
(8) હિમાલયના 1500 મીટરથી 3000 મીટરના વિસ્તારમાં કયાં જંગલો આવેલાં છે? – **શંકુદ્રુમ**
(9) સુંદરીના વૃક્ષનાં લાકડાંમાંથી શું બનાવવામાં આવે છે? – **હોડી**
(10) શાનાં લાકડાંમાંથી રમતગમતનાં સાધનો, ચા અને દવાના પૅકિંગની પેટીઓ (ખોખાં) બનાવવામાં આવે છે? – **દેવદાર અને ચીડનાં**
(11) ચીડના રસમાંથી શું બને છે? – **ટર્પેન્ટાઇન**
(12) શામાંથી સુગંધી તેલ અને સૌંદર્યવર્ધક વસ્તુઓ બનાવવામાં આવે છે? – **ચંદનમાંથી**
(13) શામાંથી ટોપલા, ટોપલી, રમકડાં, ગૃહ-સુશોભનની ચીજો વગેરે બનાવવામાં આવે છે? – **વાંસમાંથી**
(14) લોહીના ઊંચા દબાણના રોગની સારવારમાં કઈ વનસ્પતિ ઉપયોગી છે? – **સર્પગંધા**
(15) જીવાણુ પ્રતિરોધક તરીકે કઈ વનસ્પતિ ઉપયોગી છે? – **લીમડો**
(16) શરદી, ઉધરસ, તાવ વગેરેમાં કઈ વનસ્પતિ ઉપયોગી છે? – **તુલસી**
(17) હૃદયરોગની સારવારમાં કઈ વનસ્પતિ ઉપયોગી છે? – **અર્જુન સાદડ**
(18) વાત અને કફ દોષોની સારવારમાં કઈ વનસ્પતિ ઉપયોગી છે? – **બીલી**
(19) મધુપ્રમેહ, તાવ અને સાંધાના દુખાવાની સારવારમાં કઈ વનસ્પતિ ઉપયોગી છે? – **ગળો**
(20) કબજિયાત અને વાળ અંગેના રોગોની સારવારમાં કઈ વનસ્પતિ ઉપયોગી છે? – **હરડે**
(21) વાયુ અને પિત્તને દૂર કરવામાં તેમજ પાચક તરીકે કઈ વનસ્પતિ ઉપયોગી છે? – **આમળાં**
(22) ચામડીના અને દાંત-પેઢાંના રોગોની સારવારમાં કઈ વનસ્પતિ ઉપયોગી છે? – **કરંજ**
(23) વૃક્ષોના સમૂહને શું કહે છે? – **જંગલો**
(24) ભારત પ્રાચીન સમયથી કઈ ઉપયોગિતા ધરાવતી વનસ્પતિ માટે પ્રખ્યાત છે? – **ઔષધીય**
(25) ભારત સરકારે નવી રાષ્ટ્રીય વનનીતિ ક્યારે જાહેર કરી? – **ઈ. સ. 1988માં**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ટોપલા, રમકડાં, ગૃહ-સુશોભનની બનાવટ	a. ખાખરા
2. ટર્પેન્ટાઇનની બનાવટ	b. ખેર
3. પતરાળાં-પડિયાની બનાવટ	c. ટીમરુ
4. કાથાની બનાવટ	d. ચીડ
	e. વાંસ

ઉત્તર : (1 – e), (2 – d), (3 – a), (4 – b).

(2)

વિભાગ 'અ' (જંગલો)	વિભાગ 'બ' (વૃક્ષો)
1. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો	a. થોર, બાવળ, બોરડી
2. ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો	b. દેવદાર, પાઇન, સિલ્વર ફર
3. ઉષ્ણ કટિબંધીય કાંટાળી વનસ્પતિનાં જંગલો	c. ઓક, ચેસ્ટનટ, ચિનાર
4. શંકુદ્રુમ જંગલો	d. સાગ, સાલ, ચંદન
	e. મૅહોગની, અબનૂસ, રોઝવુડ

ઉત્તર : (1 – e), (2 – d), (3 – a), (4 – b).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

* **1.** વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ વિશ્વમાં ભારતનું સ્થાન કેટલામું છે?
A. પ્રથમ B. ચોથું C. દસમું D. પાંચમું

2. મૅહોગની કયા પ્રકારનાં જંગલોનું વૃક્ષ છે?
A. સમશીતોષ્ણ કટિબંધીય B. કાંટાળાં
C. વરસાદી D. મોસમી

* **3.** નીચે આપેલાં વિધાનોમાં કયું વિધાન અયોગ્ય છે?
A. ગંગા નદીના મુખત્રિકોણપ્રદેશમાં ભરતીનું જંગલ આવેલું છે.
B. ચીડના રસમાંથી ટર્પેન્ટાઈન બને છે.
C. સુંદરીનું લાકડું હોડી બનાવવા માટે ઉપયોગમાં આવે છે.
D. હિમાલયના પર્વતીય વિસ્તારોમાં કાંટાળી વનસ્પતિ થાય છે.

4. ચંદનનાં વૃક્ષો કયા પ્રકારનાં જંગલોમાં જોવા મળે છે?
A. સમશીતોષ્ણ કટિબંધીય B. વરસાદી
C. મોસમી D. કાંટાળાં

5. કયું વૃક્ષ શંકુદ્રુમ જંગલોમાં જોવા મળે છે?
A. ચેસ્ટનટ B. દેવદાર C. બર્ચ D. ઓક

6. કયાં જંગલોનાં વૃક્ષોનાં પાન લાંબાં, અણીદાર અને ચીકાશવાળાં હોય છે?
A. વરસાદી B. મોસમી C. શંકુદ્રુમ D. કાંટાળાં

7. કયા વૃક્ષના લાકડામાંથી હોડી બનાવવામાં આવે છે?
A. ચીડના B. ચંદનના C. સુંદરીના D. વાંસના

* **8.** ચીડના રસમાંથી શું બને છે?
A. કાથો B. ટર્પેન્ટાઈન C. લાખ D. ગુંદર

9. કયા વૃક્ષના લાકડામાંથી કાથો મળે છે?
A. બાવળના B. ચીડના C. ખેરના D. દેવદારના

10. ભારતની રાષ્ટ્રીય વનનીતિ અનુસાર ભારતના કેટલા ટકા વિસ્તારમાં જંગલો હોવાં જોઈએ?
A. 33 % B. 23 % C. 41 % D. 50 %

ઉત્તર : **1.** દસમું **2.** વરસાદી
3. હિમાલયના પર્વતીય વિસ્તારોમાં કાંટાળી વનસ્પતિ થાય છે.
4. મોસમી **5.** દેવદાર
6. શંકુદ્રુમ **7.** સુંદરીના
8. ટર્પેન્ટાઈન **9.** ખેરના
10. 33 %

---

11. ગુજરાતમાં કેટલા ટકા વિસ્તારમાં જંગલો છે?
A. 8 % B. 10 % C. 13.5 % D. 16 %

12. ભારત સરકારે નવી રાષ્ટ્રીય વનનીતિ ક્યારે જાહેર કરી?
A. ઈ. સ. 1978માં B. ઈ. સ. 1988માં
C. ઈ. સ. 1991માં D. ઈ. સ. 2001માં

* **13.** જોડકાં જોડો :

વિભાગ 'અ'	વિભાગ 'બ'
a. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો	1. ચેર
b. ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો	2. દેવદાર
c. ભરતીનાં જંગલો	3. બાવળ
d. શંકુદ્રુમ જંગલો	4. મૅહોગની

A. (a – 3), (b – 4), (c – 1), (d – 2).
B. (a – 4), (b – 3), (c – 1), (d – 2).
C. (a – 4), (b – 3), (c – 2), (d – 1).
D. (a – 4), (b – 2), (c – 3), (d – 1).

14. વિશ્વ ઓઝોન દિવસ ક્યારે ઊજવાય છે?
A. 10 એપ્રિલે B. 25 માર્ચે
C. 16 સપ્ટેમ્બરે D. 1 જાન્યુઆરીએ

15. રબર કયા પ્રકારનાં જંગલોનું વૃક્ષ છે?
A. વરસાદી B. ખરાઉ
C. કાંટાળાં D. સમશીતોષ્ણ કટિબંધીય

16. કયાં જંગલો નિત્ય લીલાં જંગલો કહેવાય છે?
A. ખરાઉ B. વરસાદી
C. સમશીતોષ્ણ કટિબંધીય D. કાંટાળાં

17. ભારતમાં કયા પ્રકારનાં જંગલોનાં વૃક્ષો 6થી 8 અઠવાડિયાં દરમિયાન પોતાનાં પાંદડાં ખેરવી નાખે છે?
A. ખરાઉ B. સમશીતોષ્ણ કટિબંધીય
C. કાંટાળાં D. વરસાદી

18. કયા પ્રકારનાં જંગલોને મોસમી જંગલો પણ કહે છે?
A. સમશીતોષ્ણ કટિબંધીય B. કાંટાળાં
C. ખરાઉ D. વરસાદી

19. ગુજરાત અને રાજસ્થાનમાં કયા પ્રકારનાં જંગલો જોવા મળે છે?
A. ખરાઉ B. સમશીતોષ્ણ કટિબંધીય
C. વરસાદી D. કાંટાળાં

20. કયું વૃક્ષ ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલોનું વૃક્ષ છે?
A. ખીજડો B. ઓક C. દેવદાર D. સીસમ

ઉત્તર : **11.** 10 % **12.** ઈ. સ. 1988માં
13. (a – 4), (b – 3), (c – 1), (d – 2).
14. 16 સપ્ટેમ્બરે **15.** વરસાદી
16. વરસાદી **17.** ખરાઉ
18. ખરાઉ **19.** કાંટાળાં
20. ખીજડો

21. કયાં જંગલોનાં વૃક્ષો અને છોડનાં મૂળ લાંબાં, ઊંડાં અને ચારે તરફ ફેલાયેલાં હોય છે?
A. કાંટાળાં B. મોસમી
C. સમશીતોષ્ણ કટિબંધીય D. વરસાદી

22. ખાખરાનાં પાન શું બનાવવા માટે વપરાય છે?
A. સાવરણી B. પતરાળાં-પડિયા C. સાદડી D. બીડી

23. કયા વૃક્ષના લાકડામાંથી કાથો મળે છે?
A. બાવળના B. ચીડના C. ખેરના D. દેવદારના

24. કયા વૃક્ષના પાનમાંથી બીડી બનાવવામાં આવે છે?
A. ટીમરુના B. ખેરના C. ચીડના D. દેવદારના

25. કયા ઝાડમાંથી ટોપલા, ટોપલી, રમકડાં અને ગૃહ-સુશોભનની વસ્તુઓ બનાવી શકાય છે?
A. ટીમરુ B. દેવદાર C. વાંસ D. સાગ


26. અંદમાન-નિકોબાર દ્વીપસમૂહોમાં કેવા પ્રકારનાં જંગલો આવેલાં છે?
A. મોસમી B. વરસાદી C. કાંટાળાં D. ખરાઉ

27. દવા અને ચાના પૅકિંગની પેટીઓ કયા લાકડામાંથી બનાવવામાં આવે છે?
A. ખેરના B. સુંદરીના C. દેવદાર-ચીડના D. સાલના

ઉત્તર : **21.** કાંટાળાં **22.** પતરાળાં-પડિયા **23.** ખેરના
24. ટીમરુના **25.** વાંસ **26.** વરસાદી
27. દેવદાર-ચીડના


(બ) માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં છાયાંકિત કરેલું પ્રાકૃતિક ક્ષેત્ર કયું જંગલ દર્શાવે છે?



A. ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો
B. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો
C. સમશીતોષ્ણ કટિબંધીય જંગલો
D. ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો
ઉત્તર : B

2. બાજુમાં આપેલા ભારતીય નકશામાં છાયાંકિત કરેલું પ્રાકૃતિક ક્ષેત્ર કયું જંગલ દર્શાવે છે?



A. ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલો
B. સમશીતોષ્ણ કટિબંધીય જંગલો
C. ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો
D. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો
ઉત્તર : A

3. ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલોનાં વૃક્ષોનો સાચો ક્રમ કયો છે?
A. પાઈન, દેવદાર, સિલ્વર ફર, સ્પ્રુસ
B. મૅહોગની, અબનૂસ, રોઝવુડ, રબર
C. સાગ, સાલ, સીસમ, ચંદન
D. ખજૂર, બોરડી, બાવળ, ખીજડો
ઉત્તર : C

4. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોનાં વૃક્ષોનો સાચો ક્રમ કયો છે?
A. ખજૂર, બોરડી, બાવળ, ખીજડો
B. મૅહોગની, અબનૂસ, રોઝવુડ, રબર
C. પાઈન, દેવદાર, સિલ્વર ફર, સ્પ્રુસ
D. સાગ, સાલ, સીસમ, ચંદન
ઉત્તર : B

5. શંકુદ્રુમ જંગલોનાં વૃક્ષોનો સાચો ક્રમ કયો છે?
A. પાઈન, દેવદાર, સિલ્વર ફર, સ્પ્રુસ
B. ખજૂર, બોરડી, બાવળ, ખીજડો
C. સાગ, સાલ, સીસમ, ચંદન
D. મૅહોગની, અબનૂસ, રોઝવુડ, રબર
ઉત્તર : A

18 વન્યજીવન

પ્રકરણસાર

- સમગ્ર વિશ્વમાં જીવસૃષ્ટિની આશરે **15** લાખ પ્રજાતિઓ છે, તે પૈકી આશરે **81,251** પ્રજાતિઓ ભારતમાં છે. તેમાં **1230** જાતનાં પક્ષીઓ, **496** જાતના સરીસૃપો, **210** જાતનાં ઉભયજીવી પ્રાણીઓ, **398** સસ્તનો, **2546** જાતનાં માછલાં અને **60,000** જાતનાં કીટકો છે.
- જૈવિક વૈવિધ્યની દૃષ્ટિએ વિશ્વમાં ખૂબ જ સમૃદ્ધ બૃહદજૈવ વૈવિધ્ય ધરાવતા કુલ આઠ દેશોમાં ભારત **છઠ્ઠા** ક્રમે છે.
- ભારતના પ્રાણી-ભૌગોલિક પ્રદેશોના કુલ **9** ભાગ છે : (1) હિમાલય પ્રદેશ, (2) લડાખ અને શુષ્ક શીત ક્ષેત્ર, (3) હિમાલયનું વનાચ્છાદિત નીચલું ક્ષેત્ર, (4) હિમાલયનાં વનસ્પતિવિહીન ઊંચાં ક્ષેત્રો, (5) ઉત્તરનું મેદાન, (6) રાજસ્થાનનો રણપ્રદેશ, (7) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ, (8) સમુદ્રકિનારો તથા (9) નીલગિરિની પહાડીઓ.
- ભારત વૈવિધ્યસભર વન્ય જીવસૃષ્ટિ ધરાવે છે. તેમાં એશિયાઈ હાથી, એકશિંગી ગેંડા, હિમદીપડા, જંગલી બકરીઓ, કસ્તૂરી મૃગ, જંગલી ભેંસ (ભારતીય બાયસન), રાષ્ટ્રીય પ્રાણી વાઘ, એશિયાઈ સિંહ, ઘુડખર (જંગલી ગધેડાં) વગેરે પ્રાણીઓ જોવા મળે છે.
- ભારતમાં સુરખાબ, ઘોરાડ (ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ), નિકોબારી કબૂતર વગેરે વિશિષ્ટ પક્ષીઓ જોવા મળે છે.
- પશ્ચિમઘાટનાં ગીચ જંગલોમાં ઊડતી ખિસકોલીઓ જોવા મળે છે.
- શિયાળા દરમિયાન ભારતના જલપ્લાવિત વિસ્તારોમાં ઠંડા પ્રદેશોમાંથી સાઇબીરિયન ક્રેન, પેલીકન, તિબેટીયન બતક, કુંજ કરકરા વગેરે યાયાવર (ભટકતાં) પક્ષીઓ આવે છે.
- કચ્છના અખાતમાં અને લક્ષદ્વીપ ટાપુસમૂહમાં પરવાળાંની દુર્લભ પ્રજાતિઓ જોવા મળે છે.
- ભારતમાં રાજનાગ, સાપ, અજગર, પાટલા ઘો વગેરે સરીસૃપોની જાતો છે.
- ભારતના દરિયાકિનારા તથા અન્ય જળવિસ્તારોમાં વિવિધ પ્રકારની માછલીઓ, દરિયાઈ સાપ, ડૉલ્ફિન, ડુગાંગ (દરિયાઈ ગાય), ઑક્ટોપસ (રંગારા), વહેલ જેવી જીવસૃષ્ટિ છે.
- ભારતમાં મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં આજે (ઈ. સ. 2014) વાઘની સંખ્યા **2226** જેટલી છે.
- ભારતમાં નામશેષ થયેલાં પ્રાણીઓમાં **ચિત્તો** મુખ્ય છે. ગીધ પક્ષી નામશેષ થવાના આરે છે. **એશિયાઈ સિંહો** માત્ર ગુજરાતનાં ગીરનાં જંગલોમાં જ જોવા મળે છે. આજે (ઈ. સ. 2015) તેની સંખ્યા આશરે **523** જેટલી છે. એક સમયે ગુજરાતમાં સારસ પક્ષી મોટી સંખ્યામાં જોવા મળતું હતું. આજે તેની સંખ્યા ઘટી ગઈ છે. ગુજરાતનાં પર્વતીય જંગલોનું મૂળ રહેવાસી **શ્યામ ગરુડ** ક્યારેક જોવા મળે છે. એ જ રીતે **ચિલોત્રો** પક્ષી પણ ભાગ્યેજ જોવા મળે છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

*** (1) ટૂંક નોંધ લખો : ભારતનું વન્ય જીવ વૈવિધ્ય** *અથવા*
ભારતની વૈવિધ્યસભર વન્ય જીવસૃષ્ટિ વિશે માહિતી આપો.

ઉત્તર : ભારતનું ભૂપૃષ્ઠ ઊંચા પર્વતો, વિશાળ નદીમેદાનો, દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ, દલદલીય પ્રદેશો, સમુદ્રકિનારા વગેરે વિવિધ સ્વરૂપોનું બનેલું છે.

→ તેમાં આવેલાં ગીચ વર્ષાવનો, મોસમી જંગલો, કાંટાળાં જંગલો, શંકુદ્રુમ જંગલો વગેરે કુદરતી વનસ્પતિના પ્રદેશોએ વન્ય જીવોના વસવાટ માટે વિસ્તૃત પાર્શ્વભૂમિકા(Background)ની રચના કરી છે.

→ તેથી દક્ષિણના દ્વીપકલ્પીય વર્ષાવનોમાં એશિયાઈ હાથી, બ્રહ્મપુત્ર નદીનાં દલદલીય ક્ષેત્રોમાં એકશિંગી ભારતીય ગેંડા, હિમાલયનાં ઊંચાઈવાળાં ક્ષેત્રોમાં હિમદીપડા, જમ્મુ-કશ્મીરમાં જંગલી બકરીઓ અને કસ્તૂરી મૃગ, દક્ષિણ ભારતનાં જંગલોમાં જંગલી ભેંસ (ભારતીય બાયસન), મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં વાઘ, કચ્છના નાના રણના ઘુડખર (જંગલી ગધેડાં) અને કચ્છના મોટા રણનાં જલપ્લાવિત ક્ષેત્રોમાં સુરખાબ જોવા મળે છે.

→ દેશના ઘાસભૂમિના વિસ્તારોમાં ઘોરાડ નામનાં મોટાં પક્ષી જોવા મળે છે.

→ ભારતનાં જલપ્લાવિત ક્ષેત્રોમાં શિયાળા દરમિયાન ઠંડા પ્રદેશોમાંથી સાઇબીરિયન ક્રેન, પેલીકન, તિબેટીયન બતક, કુંજ કરકરા વગેરે યાયાવર (ભટકતાં) પક્ષીઓ આવે છે.

→ પશ્ચિમઘાટનાં ગીચ જંગલોમાં ઊડતી ખિસકોલીઓ જોવા મળે છે.

→ નિકોબારી કબૂતર એ નિકોબાર ટાપુમાં જોવા મળતું દુર્લભ પક્ષી છે.

→ કચ્છના અખાતમાં અને લક્ષદ્વીપ ટાપુસમૂહમાં પરવાળાંની દુર્લભ પ્રજાતિઓ જોવા મળે છે.

→ દેશમાં રાજનાગ, સાપ, અજગર, પાટલા ઘો વગેરે સરીસૃપોની વિવિધ જાતો જોવા મળે છે.

→ દેશના સમુદ્રકિનારે અને અન્ય જળવિસ્તારોમાં વિવિધ માછલાં મળે છે, જેમાં ડૉલ્ફિન, શાર્ક, ડુગાંગ (દરિયાઈ ગાય), ઑક્ટોપસ (રંગારા), વહેલ, મૅકરેલ, બુમલા, પોમફ્રેટ, હેરિંગ, સામન વગેરે મુખ્ય છે.

→ દેશના કૃષિ-વિસ્તારો તેમજ ગોચર અને પડતર જમીનો પર શિયાળ, વરુ, નીલગાય, હરણ, નોળિયા, સસલાં, જંગલી સૂવર, શેળો વગેરે પ્રાણીઓ વિહરતાં જોવા મળે છે.

→ ભારતમાં પક્ષીઓનું વૈવિધ્ય ઘણું છે. ભારતમાં રાષ્ટ્રીય પક્ષી મોર અતિ સુંદર છે. આ ઉપરાંત, કોયલ, પોપટ, સુઘરી, ઘુવડ, ચીબરી, પીળક, સમડી, કાબર, ઢોરબગલા, બતક, બાજ, કાગડા, કબૂતર, ચકલી વગેરે અનેક જાતનાં પક્ષીઓ ખૂબ મોટી સંખ્યામાં છે.

*** (2) ટૂંક નોંધ લખો : વન્ય જીવ સંરક્ષણના ઉપાયો** ***અથવા***
વન્ય જીવોના સંરક્ષણ માટે કયા કયા ઉપાયો હાથ ધરવા જોઈએ?

અથવા

વન્ય જીવોના સંરક્ષણ માટેના ઉપાયો જણાવો.

ઉત્તર : વન્ય જીવોના સંરક્ષણ માટેના ઉપાયો નીચે મુજબ છે :

→ જંગલોનું જતન કરી તેમનું ઉત્તરોત્તર સંવર્ધન કરવા માટે સરકારે લાંબા ગાળાનું આયોજન કરવું જોઈએ.

→ જંગલો અને વન્ય જીવોના સંરક્ષણ માટે કડક કાયદા બનાવવા જોઈએ અને તેના પાલન માટે બધા નાગરિકોએ તૈયાર રહેવું જોઈએ.

→ સમાજનાં સ્વૈચ્છિક સંગઠનોએ વન્ય જીવોના રક્ષણને પ્રાથમિકતા આપી તેના માટે જનજાગૃતિના કાર્યક્રમો કરવા જોઈએ.

→ વન્ય જીવોના રક્ષણની સમસ્યાને શાળાના પાઠ્યક્રમોમાં સમાવીને ભાવિ નાગરિકોને તૈયાર કરવા જોઈએ.

→ દેશની વિકાસ યોજનાઓ, ઉદ્યોગો, રહેઠાણો, કારખાનાં વગેરેનું આયોજન કરતાં પહેલાં પર્યાવરણ અને જીવસૃષ્ટિ પર થનારી સંભવિત અસરોનો અભ્યાસ કરવો જોઈએ.

→ જંગલોમાં થતી ગેરકાયદેસર વૃક્ષછેદનની પ્રવૃત્તિ અટકાવવી જોઈએ. વૃક્ષોનાં પોલાણોમાં પક્ષીઓ રહેતાં હોય છે તેમજ વૃક્ષોની ડાળીઓ પર તે માળા બાંધે છે.

→ યાયાવર (ભટકતાં) અને જળાશ્રયી પક્ષીઓ માટે તળાવો, ખેત-તલાવડીઓ કે જલપ્લાવિત વિસ્તારો(વૅટલૅન્ડ)ને જાળવવાં જોઈએ.

→ ખેતરોમાં જંતુનાશક દવાઓ વાપરવાને બદલે જૈવિક કીટનાશકો વાપરવાં જોઈએ.

→ વાતાવરણમાં પ્રદૂષણની માત્રા ઘટાડવાના પ્રયત્નો કરવા જોઈએ.

→ જંગલમાં દાવાનળ ન સળગે તેની પૂરતી તકેદારી રાખવી જોઈએ. એ માટે પેટ્રોલિંગ અને સાવચેતીનું આગોતરું આયોજન કરવું જોઈએ.

(3) ભારતમાં વન્ય જીવોના સંરક્ષણ માટે કયા ઉપાયો હાથ ધરવામાં આવ્યા છે?

ઉત્તર : ભારતમાં વન્ય જીવોના સંરક્ષણ માટેના હાથ ધરવામાં આવેલા ઉપાયો :

→ નાગરિકની મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં વનો અને વન્ય જીવોનું સંરક્ષણ કરવાની તથા જીવો પ્રત્યે દયા દર્શાવવાની ફરજ સામેલ કરવામાં આવી છે.

→ જીવોની રક્ષા માટે સરકારે વિવિધ પ્રકારના કાયદા ઘડ્યા છે. તેમાં વન્ય પ્રાણીઓનો શિકાર કરવા કે તેમને પકડવા પર, અભયારણ્યમાં પરવાનગી વગર પ્રવેશ કરવા પર તથા રાષ્ટ્રીય ઉદ્યાનોમાં પશુઓને ચરાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ગુનાઓ માટે સજાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

→ વન્ય જીવોની સુરક્ષા માટે વન્ય જીવ બોર્ડની ભલામણો સંદર્ભે ભારતીય સંસદે **'વન્ય જીવ સુરક્ષા અધિનિયમ'** બનાવ્યો છે અને દેશનાં મોટા ભાગનાં રાજ્યોમાં **'રાજ્ય જીવ સલાહકાર બોર્ડ'** સ્થાપવામાં આવ્યાં છે.

→ વન્ય જીવોની સુરક્ષા માટે દેશમાં અભયારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને જૈવ આરક્ષિત ક્ષેત્રોની રચના કરવામાં આવી છે. તે પૈકી ગુજરાતમાં 22 અભયારણ્યો, 4 રાષ્ટ્રીય ઉદ્યાનો અને 1 જૈવ આરક્ષિત ક્ષેત્ર બનાવવામાં આવ્યું છે.


→ જે વન્ય પ્રાણીઓના અસ્તિત્વ સામે જોખમ હોય કે જે પ્રાણીઓ વિનાશને આરે હોય એવાં વિશિષ્ટ પ્રાણીઓની પ્રજાતિ માટે સરકારે સંરક્ષણની ખાસ પરિયોજનાઓ બનાવી છે.

→ દેશના રાષ્ટ્રીય પ્રાણી વાઘની સંખ્યામાં થઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં લઈ ભારત સરકારે ઈ. સ. 1973માં 'પ્રોજેક્ટ ટાઇગર' કાર્યક્રમ શરૂ કર્યો છે. તે મુજબ વાઘના રક્ષણ અને સંવર્ધન માટે દેશમાં 9 આરક્ષિત ક્ષેત્રો તૈયાર કરવામાં આવ્યાં છે. તેમાં હાલ 48 વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે.

→ એશિયાઈ સિંહોની સુરક્ષા માટે ગીરમાં 'સિંહ પરિયોજના' શરૂ કરવામાં આવી છે.

→ એ મુજબ કશ્મીરી બારાસિંગા નામની દુર્લભ હરણની પ્રજાતિ માટે 'હંગૂલ પરિયોજના', ખારા પાણીના મગરમચ્છ માટે 'મગરમચ્છ પરિયોજના', ભારતીય ગેંડાના રક્ષણ માટે 'ગેંડા પરિયોજના', 'હિમદીપડા પરિયોજના' વગેરે પરિયોજનાઓ શરૂ કરવામાં આવી છે.

→ સરકાર અસુરક્ષિત પ્રાણીઓના રક્ષણની યોજના બનાવી 'પ્રકૃતિ શિક્ષણ શિબિરો' દ્વારા પ્રજામાં જાગરૂકતા લાવવાનું કામ કરે છે.



પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

(1) ભારતના વન્ય જીવોની માહિતી આપો.

ઉત્તર : ભારતમાં છેલ્લા કેટલાક દાયકાથી વન્ય જીવોના અસ્તિત્વ પર ભારે જોખમ ઊભું થયું છે. તેથી વન્ય જીવોની સંખ્યામાં ઘટાડો થયેલો છે.

→ આજથી સો વર્ષ પહેલાં ભારતમાં વાઘની સંખ્યા હજારોમાં હતી. વન અને પર્યાવરણ મંત્રાલયના ઈ. સ. 2014ના અંદાજ મુજબ આજે તેમની સંખ્યા 2226 જેટલી છે.

→ દુધાળાં પશુઓની સારવારમાં વપરાતી પ્રતિબંધિત ડાયક્લોફેન્સ (Diclofence) નામની દવાથી દૂષિત થયેલું માંસ ખાવાથી ગીધની પ્રજાતિ નામશેષ થઈ રહી છે.

→ 20મી સદીના પ્રારંભમાં ભારતનાં જંગલોમાં જોવા મળતા ચિત્તા આજે સમગ્ર દેશમાંથી નામશેષ થઈ ગયા છે.

→ એક સમયે એશિયાઈ સિંહો મધ્ય-પૂર્વ એશિયાઈ દેશોનાં જંગલોમાં વિહરતા જોવા મળતા હતા, તે આજે માત્ર ગીરનાં જંગલોમાં જ જોવા મળે છે. 'વાઘ પરિયોજના'(પ્રોજેક્ટ ટાઇગર)ના અમલથી તેનું સંવર્ધન થતાં ઈ. સ. 2015માં તેની સંખ્યા 523 જેટલી થઈ છે.

→ એક સમયે દેશમાં સારસ પક્ષી મોટી સંખ્યામાં જોવા મળતાં હતાં. આજે એ સંખ્યા ઘટી ગઈ છે.

→ ગુજરાતનાં પર્વતીય જંગલોનું મૂળ રહેવાસી શ્યામ ગરુડ પક્ષી કોઈક વખત જ જોવા મળે છે.

→ ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાનાં પર્વતીય જંગલોમાં સહજ જોવા મળતું ચિલોત્રો પક્ષી આજે ભાગ્યેજ જોવા મળે છે.

*** (2) "વન્ય જીવો આજે સંકટમાં છે." આ વિધાન સમજાવો.**

ઉત્તર : વન્ય જીવોનું જીવન વિવિધ કારણોસર સંકટમાં મુકાયું છે.

→ વન્ય જીવોનાં કુદરતી રહેઠાણ એવાં જંગલોનો મોટા પાયે વિનાશ થઈ રહ્યો છે. વધતી જતી માનવવસ્તી, મોટાં થઈ રહેલાં શહેરો, લાકડાંની વધતી જતી માંગ વગેરેના લીધે જંગલોમાં ગેરકાયદે વૃક્ષો કાપવાની પ્રવૃત્તિ વધી ગઈ છે. તેની વિપરીત અસર વન્ય જીવો પર થઈ છે. રહેઠાણ ગુમાવવાથી પ્રાણીઓની કેટલીક પ્રજાતિઓ અમુક વિસ્તારોમાંથી નામશેષ થવા લાગી છે.

→ ઘણી વાર ખેડૂતો પોતાના પાકના સંરક્ષણ માટે પ્રતિબંધિત જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી વન્ય જીવોને મોતના મુખમાં ધકેલી દે છે.

→ પોતાનાં પ્રાણીઓને સિંહ-દીપડાથી બચાવવા માટે માલધારીઓ ક્યારેક સિંહ-દીપડાને મારવા ઝેરનો પણ ઉપયોગ કરે છે.

→ પશુ-પક્ષીઓનાં માંસ, ચામડાં, હાડકાં, શિંગડાં, દાંત, પીંછાં વગેરે મેળવવા માટે તેઓનો શિકાર કરવામાં આવે છે.

→ વનવિસ્તારમાં વાહનોનો ઘોંઘાટ, પ્રદૂષણ, પ્રાણીઓ માટે તબીબી સેવાઓનો અભાવ, જંતુનાશક દવાઓનો વધુ પડતો ઉપયોગ વગેરે બાબતો પણ વન્ય જીવો માટે સંકટરૂપ છે.

→ દેશનો અનિયમિત વરસાદ અને માનવી દ્વારા થઈ રહેલા પાણીના વધુ ને વધુ ઉપયોગને કારણે જંગલો લુપ્ત થવા લાગ્યા છે. તેથી ઘણાં વન્ય જીવોને પીવાનું પાણી પણ પૂરતા પ્રમાણમાં મળતું નથી.

આવી ઘણી મુશ્કેલીઓને કારણે વન્ય જીવો આજે સંકટમાં છે.

*** (3) વન્ય જીવ સંરક્ષણ માટેની વિવિધ પરિયોજનાઓની વિગતો ટૂંકમાં આપો.**

ઉત્તર : વન્ય જીવ સંરક્ષણ માટેની મુખ્ય પરિયોજનાઓ નીચે મુજબ છે :

1. વાઘ પરિયોજના (પ્રોજેક્ટ ટાઇગર) : દેશના રાષ્ટ્રીય પ્રાણી વાઘની સંખ્યામાં થઈ રહેલા ઘટાડાને તેમજ વાઘના થતા શિકારને ધ્યાનમાં લઈ ભારત સરકારે ઈ. સ. 1973માં 'વાઘ પરિયોજના' (પ્રોજેક્ટ ટાઇગર) કાર્યક્રમ શરૂ કર્યો છે.

→ આ પરિયોજના 9 આરક્ષિત વિસ્તારો સાથે અમલમાં મુકાઈ હતી, જે અંતર્ગત હાલમાં 48 વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે.

2. સિંહ પરિયોજના : પહેલાં એશિયાઈ સિંહો એશિયા ઉપમહાદ્વીપના ઈરાનનાં જંગલો સુધી જોવા મળતા હતા. પરંતુ તેઓનો શિકાર અને જંગલોનો વિનાશ થવાથી હાલમાં માત્ર તે સૌરાષ્ટ્ર દ્વીપકલ્પના ગીરનાં જંગલોમાં જ જોવા મળે છે. એક તબક્કે ગીરમાં સિંહોની સંખ્યા 100થી પણ ઓછી થઈ ગઈ હતી. તેથી તેમના સંરક્ષણ અને સંવર્ધન માટે સરકારે ઈ. સ. 1972માં ગીરમાં 'સિંહ પરિયોજના' અમલમાં મૂકી.

→ આ ઉપરાંત, ભારતમાં કશ્મીરી બારાસિંગા હરણની દુર્લભ પ્રજાતિ માટે 'હંગૂલ પરિયોજના', ખારા પાણીના મગરમચ્છ માટે 'મગરમચ્છ પરિયોજના', ભારતીય ગેંડા માટે 'ગેંડા પરિયોજના', 'હિમદીપડા પરિયોજના' વગેરે પરિયોજનાઓ અમલમાં છે.

*** પ્રશ્ન 3. ભારતના પ્રાણી-ભૌગોલિક પ્રદેશોની યાદી આપો.** ***[2 ગુણ]***

ઉત્તર : ભારતના પ્રાણી-ભૌગોલિક પ્રદેશો કુલ નવ છે : (1) હિમાલય પ્રદેશ, (2) લડાખ અને શુષ્ક શીત ક્ષેત્ર, (3) હિમાલયનું વનાચ્છાદિત નીચલું ક્ષેત્ર, (4) હિમાલયનાં વનસ્પતિવિહીન ઊંચાં ક્ષેત્રો, (5) ઉત્તરનું મેદાન, (6) રાજસ્થાનનો રણપ્રદેશ, (7) દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ, (8) સમુદ્રકિનારો તથા (9) નીલગિરિની પહાડીઓ.

પ્રશ્ન 4. નીચેનાં વિધાનોનાં ભૌગોલિક કારણો આપો : ***[પ્રત્યેકના 2 ગુણ]***

(1) ભારતનાં પક્ષીઓની વિવિધતા અજોડ છે.

ઉત્તર : (1) પક્ષીઓની વિવિધતાની બાબતમાં ભારત લૅટિન અમેરિકા પછી બીજા નંબરે આવે છે. (2) ભારતનાં ખ્યાતનામ પક્ષીઓમાં મોર, હંસ, સારસ, ઘોરાલ (ઘોરાડ), ચિલોત્રો વગેરે મુખ્ય છે. મોર તેનાં અતિ સુંદર પીંછાંને કારણે ખૂબ રળિયામણો દેખાય છે. બે ફૂટથી વધુ ઊંચું સારસ અને સૌથી વધારે વજનદાર ઘોરાલ (Great Indian Bustard) પણ આકર્ષક પક્ષીઓ છે. (3) શિયાળામાં કચ્છના રણમાં ઈંડાં મૂકવા હજારોની સંખ્યામાં આવતાં સુરખાબ પક્ષીઓ પણ અનેરું 'સુરખાબનગર' રચે છે. (4) મીઠા અવાજવાળું કોયલ પક્ષી પણ ખૂબ પ્રખ્યાત છે. (5) ભારતમાં કાગડા, કબૂતર, કાબર, ચકલી, પોપટ, બતક, બાજ, ઘુવડ, ગીધ, સમડી વગેરે અનેક જાતનાં પક્ષીઓ ખૂબ મોટી સંખ્યામાં છે. આમ, ભારતનાં પક્ષીઓની વિવિધતા અજોડ છે.

(2) વન્ય પ્રાણીઓના માથે સંકટ ઊભું થયું છે. *અથવા* વન્ય પ્રાણીઓના માથે સંકટ શાથી ઊભું થયું છે?

ઉત્તર : (1) ભારતમાં જંગલોના થઈ રહેલા વિનાશને લીધે પ્રાણીઓ તેમનાં નૈસર્ગિક રહેઠાણો ગુમાવી રહ્યાં છે. આ કારણે તે સંકટમાં મુકાયાં છે. (2) પશુ-પક્ષીઓનાં માંસ, ચામડાં, હાડકાં, શિંગડાં, દાંત, પીંછાં વગેરે મેળવવા કે માત્ર શોખ ખાતર પશુ-પક્ષીઓનો શિકાર કરવામાં આવે છે. (3) ઘણી વાર ખેડૂતો પોતાના પાકની સુરક્ષા માટે

જંતુનાશક દવાઓ અને ઝેરનો ઉપયોગ કરી પશુ-પક્ષીઓને મોતના મુખમાં ધકેલી દે છે. (4) માનવીની પ્રાણીવિરોધી પ્રવૃત્તિઓ અને જંગલોમાં ઘણી જગ્યાએ જળસ્રોતો લુપ્ત થવાને કારણે પણ વન્ય પ્રાણીઓના માથે સંકટ ઊભું થયું છે.

(3) સરકારે વન્ય જીવોના સંરક્ષણ પર વિશેષ ધ્યાન આપ્યું છે.

ઉત્તર : (1) વન્ય જીવો આપણા પર્યાવરણનું મહત્ત્વનું અને અવિભાજ્ય અંગ છે. તે પર્યાવરણના રક્ષકો છે, તેથી તે આપણા મિત્રો છે. તેમનાં કલ્યાણ અને રક્ષણમાં આપણું હિત સમાયેલું છે. (2) પરંતુ આજે વન્ય જીવો ઘણી રીતે સંકટમાં છે, એટલે સરકારે તેમના રક્ષણ અને સંવર્ધન માટે નાગરિકોની મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં તેનો ઉલ્લેખ કર્યો છે. (3) ભારતીય વન્ય જીવ બોર્ડની ભલામણ અનુસાર સંસદે વન્ય જીવ સુરક્ષા અધિનિયમ બનાવ્યો છે. (4) આ અધિનિયમ મુજબ દેશમાં વન્ય જીવો માટે અભયારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને જૈવ આરક્ષિત ક્ષેત્રોની રચના કરવામાં આવે છે. (5) આ ઉપરાંત, સરકારે જેમના અસ્તિત્વ સામે જોખમ હોય અને જે વિનાશના આરે હોય એવી વિશિષ્ટ પ્રાણી પ્રજાતિઓ માટે ખાસ સંરક્ષણ યોજનાઓ બનાવી છે. આમ, સરકારે વન્ય જીવોના સંરક્ષણ પર વિશેષ ધ્યાન આપ્યું છે.

પ્રશ્ન 5. નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો :

[પ્રત્યેકના 1 કે 2 ગુણ]

(1) વન્ય જીવો ***અથવા***

કયા પ્રકારના જીવો 'વન્ય જીવો' કહેવાય છે?

ઉત્તર : મનુષ્ય પર આધાર રાખ્યા વગર કુદરતમાં સ્વતંત્ર રીતે જીવતાં પ્રાણીઓ 'વન્ય જીવ' કહેવાય છે.

(2) અભયારણ્ય

ઉત્તર : (1) જેમના માથે વિનાશનું જોખમ હોય એવા વન્ય જીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે સુરક્ષિત કરાયેલો વિસ્તાર 'અભયારણ્ય' કહેવાય છે. તેમાં વન્ય જીવસૃષ્ટિ અને પર્યાવરણ બંનેનું રક્ષણ કરવામાં આવે છે. (2) અહીં વૃક્ષછેદન પર કડક નિયંત્રણો તથા પ્રાણીઓના શિકાર પર પ્રતિબંધ હોય છે.

(3) રાષ્ટ્રીય ઉદ્યાન

ઉત્તર : (1) 'રાષ્ટ્રીય ઉદ્યાન' એ કુદરતી વનસ્પતિ, વન્ય જીવો, કુદરતી સૌંદર્યનાં સ્થળો તેમજ રાષ્ટ્રીય મહત્ત્વનાં સ્થળોની જાળવણી માટેનો સુરક્ષિત વિસ્તાર છે. (2) તેમાં માનવ-વસવાટ, ચરાણ કે જંગલને લગતી આર્થિક પ્રવૃત્તિઓ કરવા પર અને પ્રાણીઓના શિકાર પર સંપૂર્ણ પ્રતિબંધ હોય છે.

(4) તૃણાહારી (તૃણ + આહારી)

ઉત્તર : તૃણ એટલે ઘાસ. જેમનો ખોરાક ઘાસ છે તે જીવો. દા. ત., હરણ. જંગલોમાં પાલતુ પશુઓના ચરાણથી તૃણાહારી જીવો ખોરાકની અછત અનુભવી રહ્યા છે. પરિણામે જંગલોમાં તેમની સંખ્યા ઘટી રહી છે.

પ્રશ્ન 6. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) વિશ્વમાં વન્ય જીવસૃષ્ટિની કેટલી પ્રજાતિઓ છે? તેમાં કેટલી પ્રજાતિઓ ભારતમાં જોવા મળે છે?

ઉત્તર : વિશ્વમાં વન્ય જીવસૃષ્ટિની 15 લાખ પ્રજાતિઓ છે. તેમાં 81,251 પ્રજાતિઓ ભારતમાં જોવા મળે છે.

(2) ભારતમાં એશિયાઈ હાથી ક્યાં જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં એશિયાઈ હાથી દક્ષિણ ભારતના દ્વીપકલ્પીય વર્ષાવનોમાં જોવા મળે છે.

(3) ભારતમાં એકશિંગી ગેંડા ક્યાં વસે છે?

ઉત્તર : ભારતમાં એકશિંગી ગેંડા બ્રહ્મપુત્ર નદીનાં દલદલીય ક્ષેત્રોમાં જોવા મળે છે.

(4) ભારતમાં હિમદીપડા ક્યાં વસે છે?

ઉત્તર : ભારતમાં હિમદીપડા હિમાલય પર્વતનાં ઊંચાઈવાળાં ક્ષેત્રોમાં વસે છે.

(5) ભારતમાં જંગલી બકરીઓ અને કસ્તૂરી મૃગ ક્યાં જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં જંગલી બકરીઓ અને કસ્તૂરી મૃગ જમ્મુ-કશ્મીરમાં જોવા મળે છે.

(6) ભારતમાં જંગલી ભેંસ (ભારતીય બાયસન) ક્યાં જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં જંગલી ભેંસ (ભારતીય બાયસન) દક્ષિણ ભારતનાં જંગલોમાં જોવા મળે છે.

(7) ભારતમાં વાઘ ક્યાં વસે છે?

ઉત્તર : ભારતમાં વાઘ મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળનાં જંગલોમાં વસે છે.

(8) ભારતમાં ઘુડખર (જંગલી ગધેડાં) અને સુરખાબ ક્યાં જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં ઘુડખર (જંગલી ગધેડાં) કચ્છના નાના રણમાં અને સુરખાબ કચ્છના મોટા રણનાં જલપ્લાવિત ક્ષેત્રોમાં જોવા મળે છે.

(9) ભારતમાં શિયાળા દરમિયાન ઠંડા પ્રદેશોમાં ક્યાં ક્યાં યાયાવર (ભટકતાં) પક્ષીઓ આવે છે?

ઉત્તર : ભારતમાં શિયાળા દરમિયાન ઠંડા પ્રદેશોમાંથી સાઇબીરિયન ક્રેન, પેલીકન, તિબેટીયન બતક, કુંજ કરકરા વગેરે યાયાવર (ભટકતાં) પક્ષીઓ આવે છે.

(10) ભારતમાં ઊડતી ખિસકોલીઓ ક્યાં જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં ઊડતી ખિસકોલીઓ પશ્ચિમઘાટનાં ગીચ જંગલોમાં જોવા મળે છે.

(11) ભારતના નિકોબાર ટાપુમાં જોવા મળતું દુર્લભ પક્ષી ક્યું છે?

ઉત્તર : નિકોબારી કબૂતર ભારતના નિકોબાર ટાપુમાં જોવા મળતું દુર્લભ પક્ષી છે.

(12) ભારતમાં પરવાળાંની દુર્લભ પ્રજાતિઓ ક્યાં જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં પરવાળાંની દુર્લભ પ્રજાતિઓ કચ્છના અખાતમાં અને લક્ષદ્વીપ ટાપુસમૂહમાં જોવા મળે છે.

(13) ભારતમાં સરીસૃપોની કઈ જાતો જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં સરીસૃપોની આ જાતો જોવા મળે છે : રાજનાગ, સાપ, અજગર, પાટલા ઘો વગેરે.

(14) ભારતના સમુદ્રકિનારે અને અન્ય જળવિસ્તારોમાં કઈ કઈ જીવસૃષ્ટિ જોવા મળે છે?

ઉત્તર : ભારતના સમુદ્રકિનારે અને અન્ય જળવિસ્તારોમાં દરિયાઈ સાપ, ડૉલ્ફિન, શાર્ક, ડુગાંગ (દરિયાઈ ગાય), ઑક્ટોપસ (રંગારા), મૅકરેલ, બુમલા, પોમફ્રેટ, હેરિંગ, સામન, વહેલ વગેરે જીવસૃષ્ટિ જોવા મળે છે.

(15) ભારતના કૃષિ-વિસ્તારો, ગોચરો અને પડતર જમીનો પર કયાં કયાં પ્રાણીઓ અને પક્ષીઓ જોવા મળે છે?

ઉત્તર : ભારતના કૃષિ-વિસ્તારો, ગોચરો અને પડતર જમીનો પર શિયાળ, વરુ, નીલગાય, હરણ, નોળિયા, સસલાં, જંગલી સૂવર, શેળો વગેરે પ્રાણીઓ અને કોયલ, પોપટ, મોર, સુઘરી, ઘુવડ, ચીબરી, સમડી, કાબર, ઢોરબગલા વગેરે પક્ષીઓ જોવા મળે છે.

(16) કયા કયા હેતુઓ માટે પ્રાણીઓનો શિકાર કરવામાં આવે છે?

ઉત્તર : પ્રાણીઓનાં માંસ, ચામડાં, શિંગડાં, દાંત, પીંછાં વગેરે મેળવવા કે માત્ર શોખ ખાતર અથવા સાહસિકતાનું પ્રદર્શન કરવા પ્રાણીઓનો શિકાર કરવામાં આવે છે.

(17) ગુજરાતનું રાજ્ય-પ્રાણી અને રાજ્ય-પક્ષી કયાં છે?

ઉત્તર : ગુજરાતનું રાજ્ય-પ્રાણી સિંહ અને રાજ્ય-પક્ષી સુરખાબ છે.

(18) ભારતમાં માત્ર ગુજરાતમાં જ કયાં પ્રાણીઓ જોવા મળે છે?

ઉત્તર : ભારતમાં માત્ર ગુજરાતમાં જ એશિયાઈ સિંહ, ઘુડખર (જંગલી ગધેડાં) અને પટ્ટી ગરોળી જેવાં પ્રાણીઓ જોવા મળે છે.

(19) ગુજરાતનાં જંગલોમાંથી કયાં કયાં પ્રાણીઓ લુપ્ત થયાં છે?

ઉત્તર : ગુજરાતનાં જંગલોમાંથી જંગલી ભેંસ (ભારતીય બાયસન), હાથી, ચિત્તો, મોટી ભારતીય ખિસકોલી, વાઘ વગેરે પ્રાણીઓ લુપ્ત થયાં છે.

(20) ગુજરાતમાં સૌથી વધુ વિસ્તાર ધરાવતું અભયારણ્ય કયું છે?

ઉત્તર : ગુજરાતમાં સૌથી વધુ વિસ્તાર ધરાવતું અભયારણ્ય કચ્છ રણ અભયારણ્યનું છે.

(21) ગુજરાતમાં સૌથી ઓછો વિસ્તાર ધરાવતું અભયારણ્ય કયું છે?

ઉત્તર : ગુજરાતમાં સૌથી ઓછો વિસ્તાર ધરાવતું અભયારણ્ય પોરબંદર પક્ષી અભયારણ્ય છે.

(22) પ્રાચીન સમયમાં કોના સમયમાં વન્ય જીવોના સંરક્ષણ માટે કાયદા બનાવવામાં આવ્યા હતા?

ઉત્તર : પ્રાચીન સમયમાં મૌર્યયુગના મહાન રાજા અશોકના સમયમાં વન્ય જીવોના સંરક્ષણ માટે કાયદા બનાવવામાં આવ્યા હતા.

(23) ગુજરાતમાં કેટલાં અભયારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને જૈવ આરક્ષિત ક્ષેત્રો છે?

ઉત્તર : ગુજરાતમાં 22 અભયારણ્યો, 4 રાષ્ટ્રીય ઉદ્યાનો અને 1 જૈવ આરક્ષિત ક્ષેત્ર છે.

(24) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં છે?

ઉત્તર : કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન અસમ રાજ્યમાં છે.

(25) કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં છે?

ઉત્તર : કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન મધ્ય પ્રદેશ રાજ્યમાં છે.

(26) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં છે?

ઉત્તર : ગીર રાષ્ટ્રીય ઉદ્યાન ગુજરાત રાજ્યમાં છે.

(27) વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં છે?

ઉત્તર : વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન ગુજરાત રાજ્યમાં છે.

(28) ભરતપુર – રાજસ્થાનમાં કયું અભયારણ્ય આવેલું છે?

ઉત્તર : ભરતપુર – રાજસ્થાનમાં કેવલાદેવ અભયારણ્ય આવેલું છે.

(29) કર્ણાટકમાં કયો રાષ્ટ્રીય ઉદ્યાન આવેલો છે?

ઉત્તર : કર્ણાટકમાં બાંદીપુર રાષ્ટ્રીય ઉદ્યાન આવેલો છે.

(30) દચિગામ રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલો છે?

ઉત્તર : દચિગામ રાષ્ટ્રીય ઉદ્યાન જમ્મુ-કશ્મીર રાજ્યમાં આવેલો છે.

(31) કૉર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન ક્યાં આવેલો છે?

ઉત્તર : કૉર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન હિમાલયની તળેટીમાં આવેલો છે.

(32) ભારત સરકારે વાઘ પરિયોજના (પ્રોજેક્ટ ટાઇગર) ક્યારે અને શા માટે અમલમાં મૂકી?

ઉત્તર : દેશના રાષ્ટ્રીય પ્રાણી વાઘની સંખ્યામાં થઈ રહેલા ઘટાડાને તેમજ તેના થઈ રહેલા શિકારને ધ્યાનમાં લઈ ભારત સરકારે ઈ. સ. 1973માં વાઘ પરિયોજના (પ્રોજેક્ટ ટાઇગર) અમલમાં મૂકી.

પ્રશ્ન 7. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારતમાં પક્ષીઓની વિવિધતા અજોડ છે, કારણ કે ...

ઉત્તર : ભારતમાં મોર, હંસ, સારસ, ઘોરાલ (ઘોરાડ), ચિલોત્રો વગેરે મુખ્ય પક્ષીઓ છે. શિયાળામાં કચ્છના રણમાં હજારોની સંખ્યામાં સુરખાબ પક્ષીઓ આવે છે. ભારતમાં કાબર, કાગડા, કબૂતર, ચકલી, પોપટ વગેરે પક્ષીઓ ખૂબ મોટી સંખ્યામાં છે.

(2) ભારતમાં વન્ય પ્રાણીઓના માથે સંકટ ઊભું થયું છે, કારણ કે ...

ઉત્તર : ભારતમાં જંગલોનો થઈ રહેલો વિનાશ, માત્ર શોખ ખાતર પશુ-પક્ષીઓનો થતો શિકાર, માનવીની પ્રાણીવિરોધી પ્રવૃત્તિઓ અને જંગલોમાં ઘણી જગ્યાએ લુપ્ત થતા જળસ્રોતો વગેરે બાબતોને લીધે વન્ય પ્રાણીઓ સંકટમાં મુકાયાં છે.

(3) ભારત સરકારે વાઘ પરિયોજના (પ્રોજેક્ટ ટાઇગર) અમલમાં મૂકી, કારણ કે ...

ઉત્તર : દેશના રાષ્ટ્રીય પ્રાણી વાઘની સંખ્યામાં થઈ રહેલા ઘટાડાને લઈને તેમજ તેના થઈ રહેલા શિકારને ધ્યાનમાં લઈ ભારત સરકારે વાઘ પરિયોજના (પ્રોજેક્ટ ટાઇગર) અમલમાં મૂકી.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) સમગ્ર વિશ્વમાં વન્ય જીવસૃષ્ટિની લગભગ ..... પ્રજાતિઓ છે.
A. 20 લાખ B. 15 લાખ C. 12 લાખ

(2) ભારતમાં પક્ષીઓની આશરે ..... પ્રજાતિઓ છે.
A. 1230 B. 1580 C. 1690

(3) ભારતમાં એકશિંગી ગેંડા ..... નદીનાં દલદલીય ક્ષેત્રોમાં જોવા મળે છે.
A. ગંગા B. યમુના C. બ્રહ્મપુત્ર

(4) કચ્છના નાના રણમાં ..... નામે ઓળખાતાં જંગલી ગધેડાં જોવા મળે છે.
A. મુનખર B. ઘુડખર C. ચંદ્રખર

(5) ભારતમાં એશિયાઈ સિંહો માત્ર .....નાં જંગલોમાં જોવા મળે છે.
A. ગીર B. મધ્ય પ્રદેશ C. કર્ણાટક

(6) ભારતમાં મૌર્યયુગના મહાન રાજા ..... વન્ય જીવોના સંરક્ષણ માટે કાયદા બનાવ્યા હતા.
A. ચંદ્રગુપ્ત બીજાએ B. સમુદ્રગુપ્તે C. અશોકે

(7) ઈ. સ. 2015ની સિંહોની વસ્તીગણતરી મુજબ ગીરમાં સિંહોની કુલ સંખ્યા ..... જેટલી છે.
A. 675 B. 523 C. 462

(8) ભારતમાં કશ્મીરી બારાસિંગા નામની દુર્લભ હરણની પ્રજાતિ માટે ..... પરિયોજના અમલમાં છે.
A. હંગૂલ B. કશ્મીરી C. બારાસિંગા

(9) ભારતમાં જીવસૃષ્ટિની ..... પ્રજાતિઓ જોવા મળે છે.
A. 60,228 B. 81,251 C. 42,251

(10) કચ્છના મોટા રણનાં જળપ્લાવિત ક્ષેત્રોમાં ..... જોવા મળે છે.
A. પેલીકન B. ઘોરાડ C. સુરખાબ

ઉત્તર : (1) 15 લાખ (2) 1230 (3) બ્રહ્મપુત્ર (4) ઘુડખર (5) ગીર (6) અશોકે (7) 523 (8) હંગૂલ (9) 81,251 (10) સુરખાબ

---

(11) નિકોબારી ..... એ નિકોબાર ટાપુમાં જોવા મળતું દુર્લભ પક્ષી છે.
A. મોર B. પોપટ C. કબૂતર

(12) વન અને પર્યાવરણ મંત્રાલયના ઈ. સ. 2014ના અંદાજ મુજબ ભારતમાં વાઘની કુલ સંખ્યા ..... છે.
A. 2226 B. 2540 C. 2080

(13) કાઝીરંગા અભયારણ્ય .....માં આવેલું છે.
A. મેઘાલય B. અસમ C. અરુણાચલ પ્રદેશ

(14) કાન્હા અભયારણ્ય .....માં આવેલું છે.
A. રાજસ્થાન B. જમ્મુ-કશ્મીર C. મધ્ય પ્રદેશ

(15) વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન .....માં આવેલો છે.
A. ગુજરાત B. રાજસ્થાન C. આંધ્ર પ્રદેશ

(16) દચિગામ રાષ્ટ્રીય ઉદ્યાન .....માં આવેલો છે.
A. અસમ B. ઉત્તરાખંડ C. જમ્મુ-કશ્મીર

(17) ગુજરાતમાં ..... અભયારણ્યો અને ..... રાષ્ટ્રીય ઉદ્યાનો છે.
A. 28, 6 B. 22, 4 C. 18, 8

(18) .....નાં ગીચ વનોના વિસ્તારોમાં ઊડતી ખિસકોલીઓ જોવા મળે છે.
A. અરવલ્લી B. પશ્ચિમઘાટ C. પૂર્વઘાટ

ઉત્તર : (11) કબૂતર (12) 2226 (13) અસમ (14) મધ્ય પ્રદેશ (15) ગુજરાત (16) જમ્મુ-કશ્મીર (17) 22, 4 (18) પશ્ચિમઘાટ

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારતમાં કુલ આઠ પ્રાણી-ભૌગોલિક પ્રદેશો છે.

(2) સુરખાબ પક્ષી કચ્છના મોટા રણનાં જલપ્લાવિત ક્ષેત્રોમાં જોવા મળે છે.

(3) શિયાળામાં ભારતનાં જલપ્લાવિત ક્ષેત્રોમાં ગરમ પ્રદેશોમાંથી અનેક જાતનાં યાયાવર પક્ષીઓ આવે છે.

(4) વન અને પર્યાવરણના ઈ. સ. 2014ના અંદાજ મુજબ ભારતમાં વાઘની કુલ સંખ્યા 2226 છે.

(5) ઈ. સ. 2015ની સિંહગણતરી મુજબ ગીરમાં સિંહોની કુલ સંખ્યા 325 છે.

(6) ગુજરાતમાં કુલ 22 અભયારણ્યો અને 4 રાષ્ટ્રીય ઉદ્યાનો છે.

(7) એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે ઈ. સ. 1972માં કચ્છમાં યોજના શરૂ કરવામાં આવી હતી.

(8) ભારતમાં એશિયાઈ હાથી દક્ષિણના ઊંચાઈવાળાં ક્ષેત્રોમાં જોવા મળે છે.

(9) ભારતમાં કસ્તૂરી મૃગ જમ્મુ-કશ્મીરમાં જોવા મળે છે.

(10) ભારતમાં વાઘ રાજસ્થાન અને ઝારખંડ રાજ્યોનાં જંગલોમાં જોવા મળે છે.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખરું (5) ખોટું (6) ખરું (7) ખોટું (8) ખોટું (9) ખરું (10) ખોટું

---

(11) અસમનું કાઝીરંગા એ હામુર માટેનું અભયારણ્ય છે.

(12) ભારતનાં જંગલોમાં એશિયાઈ સિંહ ગીરનાં જંગલોમાં જોવા મળે છે.

(13) ઈ. સ. 2001ની મોજણી મુજબ ગુજરાતમાં સારસ પક્ષીની સંખ્યા 1402 જેટલી હતી.
(14) વાઘ ગુજરાતનું રાજ્ય-પ્રાણી છે.
(15) સુરખાબ ગુજરાતનું રાજ્ય-પક્ષી છે.
(16) સાસણગીર અભયારણ્ય ગુજરાતનું સૌથી મોટો વિસ્તાર ધરાવતું અભયારણ્ય છે.
(17) પોરબંદર પક્ષી અભયારણ્ય ગુજરાતનું સૌથી ઓછો વિસ્તાર ધરાવતું અભયારણ્ય છે.
(18) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન અસમ રાજ્યમાં આવેલો છે.
(19) કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન આંધ્ર પ્રદેશમાં આવેલો છે.
(20) દચિગામ રાષ્ટ્રીય ઉદ્યાન હિમાચલ પ્રદેશમાં આવેલો છે.

ઉત્તર : (11) ખોટું (12) ખરું (13) ખરું (14) ખોટું (15) ખરું (16) ખોટું (17) ખરું (18) ખરું (19) ખોટું (20) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) જૈવ વૈવિધ્યની દૃષ્ટિએ વિશ્વમાં ભારત કયા ક્રમે આવે છે? – **છઠ્ઠા**
(2) ભારતને કુલ કેટલા પ્રાણી-ભૌગોલિક પ્રદેશોમાં વહેંચવામાં આવ્યો છે? – **નવ**
(3) દક્ષિણનાં દ્વીપકલ્પીય વર્ષાવનોમાં કયું પ્રાણી જોવા મળે છે? – **એશિયાઈ હાથી**
(4) બ્રહ્મપુત્ર નદીનાં દલદલ ક્ષેત્રોમાં કયું પ્રાણી જોવા મળે છે? – **એકશિંગી ભારતીય ગેંડા**
(5) હિમાલયનાં ઊંચાઈવાળાં ક્ષેત્રોમાં કયું પ્રાણી જોવા મળે છે? – **હિમદીપડા**
(6) ભારતમાં જંગલી બકરીઓ અને કસ્તૂરી મૃગ ક્યાં જોવા મળે છે? – **જમ્મુ-કશ્મીરમાં**
(7) દક્ષિણ ભારતનાં જંગલોમાં કયું પ્રાણી જોવા મળે છે? – **જંગલી ભેંસ** (ભારતીય બાયસન)
(8) મધ્ય ભારત અને પશ્ચિમ બંગાળમાં કયું પ્રાણી જોવા મળે છે? – **વાઘ**
(9) કચ્છના નાના રણમાં કયું પ્રાણી જોવા મળે છે? – **ઘુડખર**
(10) કચ્છના મોટા રણનાં જલપ્લાવિત ક્ષેત્રોમાં કયું પ્રાણી જોવા મળે છે? – **સુરખાબ**
(11) ઘોરાડ પક્ષી ક્યાં જોવા મળે છે? – **ઘાસભૂમિના વિસ્તારોમાં**
(12) ઊડતી ખિસકોલીઓ ક્યાં જોવા મળે છે? – **પશ્ચિમઘાટનાં ગીચ વનોમાં**
(13) કચ્છના અખાતમાં અને લક્ષદ્વીપ દ્વીપસમૂહમાં કઈ દુર્લભ પ્રજાતિઓ જોવા મળે છે? – **પરવાળાંની**
(14) આજે સમગ્ર ભારતનાં જંગલોમાંથી કયું પ્રાણી નષ્ટ થયું છે? – **ચિત્તો**
(15) ભારતમાં એશિયાઈ સિંહો ક્યાં જોવા મળે છે? – **ગીરનાં જંગલોમાં**
(16) ગુજરાતમાં કયા પક્ષીની સંખ્યા ઘટી ગઈ છે? – **સારસ પક્ષીની**
(17) ગુજરાતના પર્વતીય વન વિસ્તારોનું મૂળ રહેવાસી એવું કયું પક્ષી ક્વચિત્ જ જોવા મળે છે? – **શ્યામ ગરુડ**
(18) ગુજરાતમાં સાબરકાંઠાના વિજયનગર તાલુકાના પર્વતીય વિસ્તારોમાં ભાગ્યેજ દેખાતું પક્ષી કયું છે? – **ચિલોત્રો**
(19) અસમના કયા અભયારણ્યમાં ગેંડા, જંગલી ભેંસ અને હરણ જોવા મળે છે? – **કાઝીરંગા**
(20) રાજસ્થાનના કયા અભયારણ્યમાં રણનું વરુ, રણની બિલાડી અને ઘોરાડ જોવા મળે છે? – **થરનું રણ**
(21) મધ્ય પ્રદેશના કયા અભયારણ્યમાં વાઘ અને સાબર જોવા મળે છે? – **કાન્હા**
(22) ગુજરાતના કયા રાષ્ટ્રીય ઉદ્યાનમાં સિંહ, દીપડા અને ચિત્તલ જોવા મળે છે? – **ગીર**
(23) ગુજરાતના કયા રાષ્ટ્રીય ઉદ્યાનમાં કાળિયાર, વરુ, ખડમોર અને ઘોરાડ જોવા મળે છે? – **વેળાવદર કાળિયાર**
(24) કર્ણાટકના કયા અભયારણ્યમાં હાથી, રીંછ, સૂવર, જંગલી બિલાડા વગેરે જોવા મળે છે? – **બાંદીપુર**
(25) કશ્મીરના કયા અભયારણ્યમાં હામુર (કશ્મીરી હરણ) અને કસ્તૂરી મૃગ જોવા મળે છે? – **દચિગામ**
(26) હિમાલયની તળેટીના કયા અભયારણ્યમાં વાઘ, હાથી, દીપડો, હરણ વગેરે જોવા મળે છે? – **કોર્બેટ**
(27) મૌર્યયુગના કયા મહાન રાજાના સમયમાં વન્ય જીવોના સંરક્ષણ માટે કાયદા બનાવાયા હતા? – **અશોક**
(28) કશ્મીરી બારાસિંગા નામની દુર્લભ હરણની પ્રજાતિ માટે કઈ પરિયોજના અમલમાં મુકાઈ છે? – **હંગૂલ પરિયોજના**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : ***[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]***

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. એકશિંગી ભારતીય ગેંડા	a. કચ્છનું નાનું રણ
2. હિમદીપડા	b. બ્રહ્મપુત્ર નદીનું દલદલીય ક્ષેત્ર
3. કસ્તૂરી મૃગ	c. કચ્છનું મોટું રણ
4. ઘુડખર	d. હિમાલયનું ઊંચાઈવાળું ક્ષેત્ર
	e. જમ્મુ-કશ્મીર

ઉત્તર : (1 – b), (2 – d), (3 – e), (4 – a).

(2)

વિભાગ 'અ' (રાષ્ટ્રીય ઉદ્યાનો)	વિભાગ 'બ' (પ્રદેશો)
1. કાઝીરંગા	a. ગુજરાત
2. કાન્હા	b. જમ્મુ-કશ્મીર
3. ગીર	c. અસમ
4. બાંદીપુર	d. કર્ણાટક
	e. મધ્ય પ્રદેશ

ઉત્તર : (1 – c), (2 – e), (3 – a), (4 – d).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

* **1.** સમગ્ર વિશ્વમાં જીવસૃષ્ટિની કુલ કેટલી પ્રજાતિઓ નોંધાઈ છે?
A. 72 લાખ B. 15 લાખ
C. 18 લાખ D. 19 લાખ

* **2.** ભારતને કુલ કેટલા પ્રાણી-ભૌગોલિક પ્રદેશોમાં વહેંચવામાં આવ્યો છે?
A. નવ B. ચાર C. છ D. આઠ

3. ભારતમાં કસ્તૂરી મૃગ ક્યાં જોવા મળે છે?
A. પશ્ચિમઘાટનાં ગીચ વનોમાં B. નિકોબાર ટાપુમાં
C. જમ્મુ-કશ્મીરમાં D. પશ્ચિમ બંગાળમાં

4. ભારતનાં કયાં રાજ્યોનાં જંગલોમાં વાઘ જોવા મળે છે?
A. ગુજરાત અને મધ્ય પ્રદેશ
B. રાજસ્થાન અને ઝારખંડ
C. મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળ
D. કર્ણાટક અને જમ્મુ-કશ્મીર

5. ભારતમાં ઘુડખર (જંગલી ગધેડાં) ક્યાં જોવા મળે છે?
A. કચ્છના મોટા રણમાં B. રાજસ્થાનના મરુસ્થલમાં
C. જલપ્લાવિત ક્ષેત્રોમાં D. કચ્છના નાના રણમાં

6. ભારતમાં સુરખાબ પક્ષીઓ ક્યાં જોવા મળે છે?
A. કચ્છના મોટા રણનાં જલપ્લાવિત ક્ષેત્રોમાં
B. ઘાસભૂમિના વિસ્તારોમાં
C. કચ્છના નાના રણનાં જલપ્લાવિત ક્ષેત્રોમાં
D. નિકોબાર ટાપુમાં

* **7.** ઘોરાડ કયા વિસ્તારોમાં જોવા મળે છે?
A. વૅટલૅન્ડમાં B. પર્વતીય ક્ષેત્રોમાં
C. દલદલીય ક્ષેત્રોમાં D. ઘાસભૂમિના વિસ્તારોમાં

* **8.** ઊડતી ખિસકોલીઓ ક્યાં જોવા મળે છે?
A. કચ્છના મોટા રણમાં
B. હિમાલયના ઊંચા પર્વતીય વિસ્તારોમાં
C. દલદલના વિસ્તારોમાં
D. પશ્ચિમઘાટનાં ગીચ જંગલોમાં

* **9.** દુર્લભ પરવાળાંની પ્રજાતિઓ ...
A. વેળાવદર B. નળ સરોવર
C. લક્ષદ્વીપ ટાપુસમૂહ D. ગીર અભયારણ્ય

* **10.** વિજયનગર તાલુકાના પર્વતીય વિસ્તારોમાં ભાગ્યેજ દેખાતું પક્ષી કયું છે?
A. સુરખાબ B. ચિલોત્રો C. ઘોરાડ D. પોપટ

ઉત્તર : 1. 15 લાખ **2.** નવ
3. જમ્મુ-કશ્મીરમાં
4. મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળ
5. કચ્છના નાના રણમાં
6. કચ્છના મોટા રણનાં જલપ્લાવિત ક્ષેત્રોમાં
7. ઘાસભૂમિના વિસ્તારોમાં
8. પશ્ચિમઘાટનાં ગીચ જંગલોમાં
9. લક્ષદ્વીપ ટાપુસમૂહ **10.** ચિલોત્રો

---

11. ગુજરાતનું રાજ્ય-પ્રાણી કયું છે?
A. વાઘ B. હાથી C. સિંહ D. ગેંડો

12. ગુજરાતનું રાજ્ય-પક્ષી કયું છે?
A. ગરુડ B. પોપટ C. સુરખાબ D. મોર

13. વીસમી સદીની શરૂઆતમાં ભારતનાં જંગલોમાં જોવા મળતું કયું પ્રાણી આજે સમગ્ર ભારતમાંથી લુપ્ત થયું છે?
A. ઝીબ્રા B. કાળિયાર C. ચિત્તો D. દીપડો

14. ભારતનાં જંગલોમાં એશિયાઈ સિંહ ક્યાં જોવા મળે છે?
A. કેરલના જંગલમાં
B. કર્ણાટકના જંગલમાં
C. હિમાલયની તળેટીનાં ક્ષેત્રોમાં
D. ગીરના જંગલમાં

15. ઈ. સ. 2015ની ગણતરી મુજબ ગીરનાં જંગલોમાં એશિયાઈ સિંહોની સંખ્યા કેટલી છે?
A. 778 B. 625 C. 465 D. 523

16. ભારતમાં શ્યામ ગરુડ કયા વિસ્તારોનું મૂળ રહેવાસી છે?
A. પશ્ચિમઘાટના ગીચ વન વિસ્તારોનું
B. ગુજરાતના પર્વતીય વન વિસ્તારોનું
C. હિમાલયના ઊંચા પર્વતીય વિસ્તારોનું
D. વિજયનગર તાલુકાના પર્વતીય વિસ્તારોનું

17. મૌર્યયુગના કયા રાજાએ વન્ય જીવોના સંરક્ષણ માટે કાયદા બનાવ્યા હતા?
A. સમુદ્રગુપ્તે B. ચંદ્રગુપ્ત પહેલાએ
C. વિક્રમાદિત્યે D. અશોકે

18. ગુજરાતનું સૌથી મોટો વિસ્તાર ધરાવતું અભયારણ્ય કયું છે?
A. કચ્છ રણ અભયારણ્ય B. વેળાવદર અભયારણ્ય
C. સાસણગીર અભયારણ્ય D. નળ સરોવર અભયારણ્ય

19. કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલો છે?
A. મધ્ય પ્રદેશ B. કર્ણાટક C. રાજસ્થાન D. અસમ

20. કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલો છે?
A. મધ્ય પ્રદેશ B. ઉત્તર પ્રદેશ
C. પંજાબ D. આંધ્ર પ્રદેશ

ઉત્તર : 11. સિંહ **12.** સુરખાબ
13. ચિત્તો **14.** ગીરના જંગલમાં
15. 523 **16.** ગુજરાતના પર્વતીય વન વિસ્તારોનું
17. અશોકે **18.** કચ્છ રણ અભયારણ્ય
19. અસમ **20.** મધ્ય પ્રદેશ

21. બાંદીપુર રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલો છે?
A. મધ્ય પ્રદેશ B. કર્ણાટક
C. અસમ D. પશ્ચિમ બંગાળ

22. દચિગામ રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલો છે?
A. જમ્મુ-કશ્મીર B. ઉત્તરાખંડ
C. હિમાચલ પ્રદેશ D. પંજાબ

23. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન કયા જિલ્લામાં આવેલો છે?
A. નવસારી B. વેરાવળ C. જૂનાગઢ D. ભાવનગર

24. ગીર રાષ્ટ્રીય ઉદ્યાનનું મુખ્ય પ્રાણી કયું છે?
A. ચિત્તલ B. સિંહ C. ચૌસીંગા D. વાઘ

25. વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન કયા જિલ્લામાં આવેલો છે?
A. નવસારી B. જૂનાગઢ
C. જામનગર D. ભાવનગર


26. કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન કયા જિલ્લામાં આવેલો છે?
A. જામનગર B. નવસારી
C. જૂનાગઢ D. ભાવનગર

27. દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન કયા જિલ્લામાં આવેલો છે?
A. ભાવનગર B. જામનગર C. નવસારી D. જૂનાગઢ

ઉત્તર : **21.** કર્ણાટક **22.** જમ્મુ-કશ્મીર
23. જૂનાગઢ **24.** સિંહ **25.** નવસારી
26. ભાવનગર **27.** જામનગર


(બ) માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં સંજ્ઞાંકિત કરેલા રાષ્ટ્રીય ઉદ્યાનના સ્થળનું નામ શું છે?




A. કાઝીરંગા
B. પોચરમ
C. બાંદીપુર
D. દચિગામ
ઉત્તર : D

2. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં સંજ્ઞાંકિત કરેલા રાષ્ટ્રીય ઉદ્યાનના સ્થળનું નામ શું છે?




A. બાંદીપુર
B. કાઝીરંગા
C. શિવપુરી
D. દચિગામ
ઉત્તર : B

3. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં સંજ્ઞાંકિત કરેલા રાષ્ટ્રીય ઉદ્યાનના સ્થળનું નામ શું છે?



A. તાડોબા
B. કાન્હા
C. બાંદીપુર
D. કેવલાદેવ
ઉત્તર : C

4. બાજુમાં આપેલા ભારતના વિભાગીય નકશામાં સંજ્ઞાંકિત કરેલા રાષ્ટ્રીય ઉદ્યાનના સ્થળનું નામ શું છે?



A. વેળાવદર
B. ગીર
C. માનસ
D. કોર્બેટ
ઉત્તર : B

5. ઉત્તરથી શરૂ કરી દક્ષિણ તરફ આવેલા રાષ્ટ્રીય ઉદ્યાનોનો સાચો ક્રમ કયો છે?
A. રણથંભોર, બાંદીપુર, દચિગામ, કાન્હા
B. કાન્હા, દચિગામ, બાંદીપુર, રણથંભોર
C. દચિગામ, કાન્હા, બાંદીપુર, રણથંભોર
D. દચિગામ, રણથંભોર, કાન્હા, બાંદીપુર
ઉત્તર : D

6. દક્ષિણથી શરૂ કરી ઉત્તર તરફ આવેલાં અભયારણ્યોનો સાચો ક્રમ કયો છે?
A. કેવલાદેવ, ચંદ્રપ્રભા, એતુરનાગરમ, મદુમલાઈ
B. મદુમલાઈ, એતુરનાગરમ, ચંદ્રપ્રભા, કેવલાદેવ
C. એતુરનાગરમ, મદુમલાઈ, કેવલાદેવ, ચંદ્રપ્રભા
D. ચંદ્રપ્રભા, કેવલાદેવ, મદુમલાઈ, એતુરનાગરમ
ઉત્તર : B

19 ભારત : લોકજીવન

પ્રકરણસાર

- ભારતના લોકોના ખોરાક, પહેરવેશ, રહેઠાણ, ભાષા, બોલી, ઉત્સવો, તહેવારો, ધર્મ વગેરેમાં ભિન્નતા છે. આથી ભારત **વિવિધતામાં એકતા ધરાવતો ભાતીગળ દેશ** ગણાય છે.
- લોકજીવનની દૃષ્ટિએ ભારતને **ચાર** વિભાગોમાં વહેંચી શકાય : 1. પશ્ચિમ ભારત, 2. ઉત્તર ભારત, 3. દક્ષિણ ભારત અને 4. પૂર્વ ભારત.

1. પશ્ચિમ ભારતનું લોકજીવન :

- પશ્ચિમ ભારતનાં મુખ્ય રાજ્યો રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ગોવા છે. ગુજરાતમાં સંઘશાસિત પ્રદેશો દમણ અને દીવ તથા દાદરા અને નગરહવેલીનો સમાવેશ થાય છે.
- **લોકોનો ખોરાક :** અહીંના લોકો ખોરાકમાં અનાજ, કઠોળ, લીલાં શાકભાજી, દાળ-ભાત, ખીચડી, કઢી તેમજ દૂધ, દહીં, છાશ, માખણ વગેરેનો ઉપયોગ કરે છે. આ પ્રદેશમાં દરિયાકિનારે રહેતા લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માછલી છે.
- **પહેરવેશ :** રાજસ્થાનમાં પુરુષો ધોતિયું, અંગરખું અને રંગબેરંગી પાઘડી પહેરે છે; જ્યારે સ્ત્રીઓ ઘેરવાળો રંગીન ચણિયો અને કબજો પહેરે છે અને માથે ઓઢણી ઓઢે છે. ગુજરાતમાં પુરુષો ધોતિયું, ઝભ્ભો કે ચોરણો અને માથે સફેદ ટોપી કે પાઘડી પહેરે છે; જ્યારે સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે. મહારાષ્ટ્રમાં પુરુષો ધોતિયું, પહેરણ અને માથે ટોપી કે પાઘડી પહેરે છે; જ્યારે સ્ત્રીઓ કછોટો વાળીને સાડી (મહારાષ્ટ્રીયન ઢબની સાડી) પહેરે છે. મધ્ય પ્રદેશના લોકોનો પોશાક ગુજરાત અને મહારાષ્ટ્રના લોકો જેવો જ છે. ગોવામાં પુરુષો ધોતી અને પહેરણ પહેરે છે; જ્યારે સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે. આજે બધાં રાજ્યોમાં પુરુષો પૅન્ટ-શર્ટ અને ટી-શર્ટ તથા સ્ત્રીઓ સલવાર-કમીઝ કે જીન્સ પહેરતી થઈ ગઈ છે.
- **રહેઠાણ :** આ પ્રદેશમાં ઈંટ કે પથ્થર અને સિમેન્ટનાં ઘાબાવાળાં મકાનો છે. ગામડાંઓમાં લોકો ઘાસ-માટીનાં બનાવેલાં મકાનોમાં રહે છે. અહીંની આદિવાસી પ્રજા વાંસ અને લાકડાથી બનાવેલાં છૂટાંછવાયાં ઝૂંપડાંમાં રહે છે. કોંકણમાં મકાનોનાં છાપરાં ઢાળવાળાં હોય છે.
- **ભાષાઓ :** અહીંના લોકો મુખ્યત્વે હિન્દી, ગુજરાતી, મરાઠી અને કોંકણી ભાષા બોલે છે. દરેક રાજ્યમાં વિસ્તાર પ્રમાણે પ્રાદેશિક બોલીઓ બોલાય છે.
- **તહેવારો – ઉત્સવો :** રાજસ્થાનનાં ઘુમ્મર, કચ્ચીઘોડી અને કાલબેલિયા નૃત્યો તથા મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય ખૂબ જ જાણીતાં છે. ગુજરાતના રાસ-ગરબા દુનિયાભરમાં જાણીતા છે. અહીંના લોકો દિવાળી, નવરાત્રી, શિવરાત્રી, ગણેશચતુર્થી, હોળી, દશેરા, મહાવીરજયંતી, ઈદ, મહોરમ, નાતાલ, પતેતી, ચેટીચાંદ વગેરે તહેવારો ઊજવે છે.
- **મેળાઓ :** આ પ્રદેશના પુષ્કર, સિદ્ધપુર, વૌઠા, તરણેતર, ભવનાથ, ડાંગ દરબાર વગેરે મેળાઓ ખૂબ જાણીતા છે. મધ્ય પ્રદેશના ઉજ્જૈન શહેરનો અને મહારાષ્ટ્રમાં નાશિકનો અર્ધકુંભમેળો અને ગોવાનો કાર્નિવલ ખૂબ જાણીતા છે.

2. ઉત્તર ભારતનું લોકજીવન :

- ઉત્તર ભારતનાં મુખ્ય રાજ્યો પંજાબ, હરિયાણા, જમ્મુ-કશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્લી (રાષ્ટ્રીય રાજધાનીનો પ્રદેશ) વગેરે છે.
- **લોકોનો ખોરાક :** અહીંના લોકો ખોરાકમાં ઘઉંની વાનગીઓ, કઠોળ, લીલાં શાકભાજી, દાળ-ભાત, માંસ-મચ્છી વગેરેનો ઉપયોગ કરે છે. પંજાબની લસ્સી, પરાઠાઓ, પનીર મિશ્રિત શાક વગેરે દેશભરમાં જાણીતાં છે.
- **પહેરવેશ :** પંજાબ અને હરિયાણાના પુરુષો ખૂલતી સલવાર, લાંબી બાંયનો ઝભ્ભો અને માથે પંજાબી પાઘડી પહેરે છે. કેટલાક પુરુષો ઝભ્ભા પર ભરત કરેલ કોટી પહેરે છે; જ્યારે સ્ત્રીઓ સલવાર અને કમીઝ પહેરે છે. તે જ પંજાબી ડ્રેસ છે. જમ્મુ-કશ્મીરના પુરુષો ચોરણો, લાંબી બાંયનો ઝભ્ભો અને જાકીટ પહેરે છે; સ્ત્રીઓ સલવાર-કમીઝ અને માથે સ્કાર્ફ બાંધે છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના લોકોનો પોશાક જમ્મુ-કશ્મીરના લોકોના પોશાક જેવો જ છે. વિશેષમાં, પુરુષો માથે ગઢવાલી ટોપી પહેરે છે અને સ્ત્રીઓ માથે રૂમાલ બાંધે છે. ઉત્તર પ્રદેશના પુરુષો ધોતિયું, પહેરણ અને માથે ગમછો બાંધે છે; સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે.
- **રહેઠાણ :** ઉત્તર ભારતના મેદાન પ્રદેશમાં ઈંટ અને સિમેન્ટનાં ઘાબાવાળાં મકાનો હોય છે; જ્યારે ગામડાંમાં મોટા ભાગનાં મકાનો માટીનાં હોય છે. ઠંડા પહાડી વિસ્તારોમાં મકાનો લાકડાનાં અને ઢળતા છાપરાવાળાં હોય છે.
- **ભાષાઓ :** પંજાબમાં પંજાબી, હરિયાણામાં હરિયાણવી, ઉત્તર પ્રદેશમાં હિન્દી અને ઉર્દૂ, જમ્મુ-કશ્મીરમાં ઉર્દૂ, કશ્મીરી અને

ડોંગરી, ઉત્તરાખંડમાં હિન્દી અને હિમાચલ પ્રદેશમાં પહાડી ભાષાઓ બોલાય છે. આ ઉપરાંત, દરેક રાજ્યમાં પ્રાદેશિક બોલીઓ પણ બોલાય છે.

- **તહેવારો – ઉત્સવો :** વૈશાખી અને લાહોરી પંજાબના તથા ઈદ અને મહોરમ જમ્મુ-કશ્મીરના મુખ્ય તહેવારો છે. હિમાચલમાં કુલ્લુમાં દશેરાનો તહેવાર ઊજવાય છે. હોળી ઉત્તર પ્રદેશનો મુખ્ય તહેવાર છે. આ ઉપરાંત; ઉત્તર ભારતમાં શિવરાત્રી, રામનવમી, જન્માષ્ટમી, દશેરા, ઈદ, મહોરમ, નાતાલ વગેરે તહેવારો ઊજવાય છે. ભાંગડા પંજાબનું અને કથક ઉત્તર પ્રદેશનું પ્રસિદ્ધ નૃત્ય છે.
- **મેળાઓ :** હિમાચલ પ્રદેશમાં કુલ્લુનો દશેરાનો, પંજાબનો શહીદોનો મેળો, ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજનો (અલાહાબાદનો) કુંભમેળો અને માઘમેળો વગેરે જાણીતા મેળાઓ છે. ઉત્તરાખંડમાં કુંભ અને અર્ધકુંભમેળા પ્રખ્યાત છે.

3. દક્ષિણ ભારતનું લોકજીવન :

- દક્ષિણ ભારતનાં મુખ્ય રાજ્યો આંધ્ર પ્રદેશ, તેલંગણા, કર્ણાટક, તમિલનાડુ અને કેરલ છે. આ પ્રદેશમાં સંઘશાસિત પ્રદેશ પુડુચેરી-(પૉંડિચેરી)નો સમાવેશ થાય છે. ભૂપૃષ્ઠની દૃષ્ટિએ દક્ષિણ ભારત દ્વીપકલ્પ છે. દક્ષિણ ભારતનાં બધાં જ રાજ્યો દરિયાકિનારે આવેલાં છે.
- **લોકોનો ખોરાક :** દક્ષિણ ભારતના લોકોનો મુખ્ય ખોરાક ભાત, માછલી અને કઠોળ છે. આ ઉપરાંત; તેઓ ખોરાકમાં ચોખામાંથી બનાવેલ ઈડલી, ડોસા અને મેંદુવડા જેવી વાનગીઓ કોપરાની ચટણી તથા 'રસમ' નામે જાણીતી દાળ સાથે લે છે. કૉફી અહીંનું લોકપ્રિય પીણું છે.
- **પહેરવેશ :** દક્ષિણ ભારતની આબોહવા ગરમ અને ભેજવાળી હોવાથી અહીંના લોકો ખૂલતાં સુતરાઉ કપડાં પહેરે છે. અહીંના પુરુષો લુંગી કે ટૂંકી ધોતી, પહેરણ, ખભે ખેસ અને માથે પાઘડી પહેરે છે; જ્યારે સ્ત્રીઓ દક્ષિણી સાડી, ચણિયો અને કબજો પહેરે છે. ફૂલોની શોખીન સ્ત્રીઓ માથામાં વેણી પહેરે છે.
- **રહેઠાણ :** દક્ષિણ ભારતનાં શહેરોમાં ઈંટ-સિમેન્ટનાં ઘાબાવાળાં આધુનિક ઢબનાં મકાનો હોય છે. અહીંના ગરમ વિસ્તારોમાં ઘાસ અને નાળિયેરનાં પાનથી છાજેલાં ઝૂંપડાં હોય છે. અહીંના વધુ વરસાદવાળા પ્રદેશોમાં ઢાળવાળાં છાપરાં હોય છે. દક્ષિણ ભારતના દરેક રાજ્યમાં લોકો ઘરના આંગણે રોજ રંગોળી પૂરે છે.
- **ભાષાઓ :** આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં તેલુગુ, કર્ણાટકમાં કન્નડ, તમિલનાડુમાં તમિલ અને કેરલમાં મલયાલમ ભાષા બોલાય છે. આ બધી ભાષાઓ દ્રવિડ કુળની ભાષાઓ છે.
- **તહેવારો – ઉત્સવો :** આંધ્ર પ્રદેશમાં શિવરાત્રી, મકરસંક્રાંતિ અને વિશાખા; કર્ણાટકમાં દશેરા, ઈદ અને નવરાત્રી; કેરલમાં ઓણમ, નાતાલ, ઈદ અને શિવરાત્રી તથા તમિલનાડુમાં પોંગલ વગેરે તહેવારો ઊજવાય છે.

4. પૂર્વ ભારતનું લોકજીવન :

- પૂર્વ ભારતમાં બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, અસમ, અરુણાચલ પ્રદેશ, નાગાલૅન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, મેઘાલય, સિક્કિમ વગેરે રાજ્યોનો સમાવેશ થાય છે. ઓડિશા અને પશ્ચિમ બંગાળ આ બે રાજ્યો દરિયાકિનારે આવેલાં છે.
- **લોકોનો ખોરાક :** પૂર્વ ભારતના લોકોનો ખોરાક ભાત, માછલી, રોટલી, કઠોળ, લીલાં શાકભાજી વગેરે છે. 'રસગુલ્લાં' અને 'સંદેશ' પશ્ચિમ બંગાળની પ્રિય મીઠાઈઓ છે.
- **પહેરવેશ :** બિહારમાં પુરુષો ધોતિયું, ઝભ્ભો અને માથે પાઘડી પહેરે છે અને ખભે ખેસ નાખે છે; સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે. પશ્ચિમ બંગાળના પુરુષો પાટલીવાળું ધોતિયું અને રેશમી ઝભ્ભો પહેરે છે; જ્યારે સ્ત્રીઓ બંગાળી ઢબે સાડી પહેરે છે.
- **રહેઠાણ :** પૂર્વ ભારતનાં મેદાનોમાં ઈંટ-સિમેન્ટનાં બનેલાં પાકાં મકાનો હોય છે. પહાડી વિસ્તારોનાં મકાનો લાકડાં અને વાંસનાં બનેલાં હોય છે. અહીંના વધારે વરસાદવાળા વિસ્તારોમાં ઝૂંપડાંનાં છાપરાં ઢાળવાળાં હોય છે. પશ્ચિમ બંગાળના લોકો ઘરના પાછલા ભાગમાં પુકુર (નાનકડું તળાવ) બનાવી તેમાં માછલાં ઉછેરે છે.
- **ભાષાઓ :** પૂર્વ ભારતમાં ઝારખંડ, છત્તીસગઢ અને બિહારમાં હિન્દી; અસમમાં અસમી; ઓડિશામાં ઉડિયા; પશ્ચિમ બંગાળમાં બંગાળી (બાંગ્લા); મેઘાલયમાં ગારો અને ખાસી તથા મિઝોરમમાં મિઝો ભાષા બોલાય છે.
- **તહેવારો – ઉત્સવો :** પૂર્વ ભારતમાં બિહારમાં છઠ્ઠ અને ભૈયાદૂજ તથા પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજાના તહેવારો ભવ્ય રીતે ઊજવવામાં આવે છે. આ ઉપરાંત, અહીં ઈદ અને ક્રિસમસના તહેવારો પણ ઊજવાય છે. પુરી(જગન્નાથપુરી)ની રથયાત્રા જગપ્રસિદ્ધ છે. પશ્ચિમ બંગાળનું રવીન્દ્ર સંગીત અને છાઉ નૃત્ય, અસમનાં બિહુ અને ઓજમાલી નૃત્યો, ઓડિશાનું ઓડિશી નૃત્ય અને મણિપુરનું મણિપુરી નૃત્ય જાણીતાં છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નનો માગ્યા મુજબ ઉત્તર લખો : *[3 ગુણ]*

*** (1) (ભારતના) દરેક રાજ્યમાં બોલાતી ભાષાઓ લખો.**

ઉત્તર :

રાજ્ય	ભાષાઓ	રાજ્ય	ભાષાઓ
1. રાજસ્થાન	હિન્દી	16. કેરલ	મલયાલમ
2. ગુજરાત	ગુજરાતી, સિંધી	17. બિહાર	હિન્દી
3. મહારાષ્ટ્ર	મરાઠી	18. ઝારખંડ	હિન્દી
4. મધ્ય પ્રદેશ	હિન્દી	19. છત્તીસગઢ	હિન્દી
5. ગોવા	કોંકણી	20. ઓડિશા	ઉડિયા
6. પંજાબ	પંજાબી	21. પશ્ચિમ બંગાળ	બંગાળી (બાંગ્લા)
7. હરિયાણા	હરિયાણવી	22. અસમ	અસમી
8. જમ્મુ-કશ્મીર	ઉર્દૂ	23. અરુણાચલ પ્રદેશ	અંગ્રેજી
9. હિમાચલ પ્રદેશ	પહાડી	24. નાગાલૅન્ડ	અંગ્રેજી
10. ઉત્તર પ્રદેશ	હિન્દી, ઉર્દૂ	25. મણિપુર	મણિપુરી
11. ઉત્તરાખંડ	હિન્દી	26. મિઝોરમ	મિઝો, અંગ્રેજી
12. આંધ્ર પ્રદેશ	તેલુગુ	27. ત્રિપુરા	બંગાળી (બાંગ્લા)
13. તેલંગણા	તેલુગુ	28. મેઘાલય	અંગ્રેજી, ગારો, ખાસી
14. કર્ણાટક	કન્નડ	29. સિક્કિમ	લેપ્ચા, નેપાળી
15. તમિલનાડુ	તમિલ		

(2) પશ્ચિમ ભારતના લોકોના પહેરવેશ અને પૂર્વ ભારતના લોકોના પહેરવેશની તુલના કરો.

ઉત્તર : પશ્ચિમ ભારતના લોકોના પહેરવેશ અને પૂર્વ ભારતના લોકોના પહેરવેશનો તુલનાત્મક અભ્યાસ નીચે પ્રમાણે છે :

પશ્ચિમ ભારતના લોકોના પહેરવેશ	પૂર્વ ભારતના લોકોના પહેરવેશ
રાજસ્થાનમાં પુરુષો ધોતિયું, અંગરખું અને રંગબેરંગી પાઘડી પહેરે છે; જ્યારે સ્ત્રીઓ ઘેરવાળો રંગીન ચણિયો અને કબજો પહેરે છે અને માથે ઓઢણી ઓઢે છે. **ગુજરાત**માં પુરુષો ધોતિયું, ઝભ્ભો કે ચોરણો અને માથે સફેદ ટોપી કે પાઘડી પહેરે છે; જ્યારે સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે. **મહારાષ્ટ્ર**માં પુરુષો ધોતિયું, પહેરણ અને માથે ટોપી કે પાઘડી પહેરે છે; જ્યારે સ્ત્રીઓ કછોટો વાળીને સાડી (મહારાષ્ટ્રીયન ઢબની સાડી) પહેરે છે. **મધ્ય પ્રદેશ**ના લોકોનો પોશાક ગુજરાત અને મહારાષ્ટ્રના લોકો જેવો જ છે. **ગોવા**માં પુરુષો ધોતી અને પહેરણ પહેરે છે; જ્યારે સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે.	**બિહાર**માં પુરુષો ધોતિયું, ઝભ્ભો અને માથે પાઘડી પહેરે છે અને ખભે ખેસ નાખે છે; સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે. **પશ્ચિમ બંગાળ**ના પુરુષો પાટલીવાળું ધોતિયું અને રેશમી ઝભ્ભો પહેરે છે; જ્યારે સ્ત્રીઓ બંગાળી ઢબે સાડી પહેરે છે. **ઝારખંડ, અસમ** અને **ઓડિશા**ના લોકોના પહેરવેશમાં મોટો તફાવત જોવા મળતો નથી.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) સંઘશાસિત પ્રદેશોમાં બોલાતી ભાષાઓનાં નામ લખો.

ઉત્તર : સંઘશાસિત પ્રદેશોમાં બોલાતી ભાષાઓનાં નામ :

(1) દિલ્લી (રાષ્ટ્રીય રાજધાનીનો પ્રદેશ) → હિન્દી, પંજાબી, ઉર્દૂ

(2) અંદમાન અને નિકોબાર ટાપુઓ → હિન્દી, તમિલ, બંગાળી (બાંગ્લા)

(3) ચંડીગઢ → હિન્દી, પંજાબી

(4) દમણ અને દીવ → ગુજરાતી

(5) દાદરા અને નગરહવેલી → ગુજરાતી, હિન્દી

(6) લક્ષદ્વીપ → જેસેરી, મહલ

(7) પુડુચેરી → તમિલ, તેલુગુ, મલયાલમ

(2) પશ્ચિમ ભારતના લોકોનો ખોરાક શો છે?

ઉત્તર : પશ્ચિમ ભારતના લોકોનો ખોરાક : (1) પશ્ચિમ ભારતમાં રાજસ્થાનના લોકોનો મુખ્ય ખોરાક બાજરી અને દાળ-બાટી છે. અહીંના લોકોની મારવાડી કચોરી નાસ્તા માટે જાણીતી છે. (2) ગુજરાતના લોકોનો મુખ્ય ખોરાક રોટલી-ભાખરી, દાળ-ભાત, લીલાં શાકભાજી, ખીચડી અને કઢી છે. જલેબી ગુજરાતની જાણીતી મીઠાઈ છે. ખમણ અને ગાંઠિયા અહીંના લોકોનું માનીતું ફરસાણ છે. (3) મધ્ય પ્રદેશના લોકોનો મુખ્ય ખોરાક રોટલી, લીલાં શાકભાજી અને દાળ-ભાત છે. (4) પશ્ચિમ ભારતના દરિયાકિનારે રહેતા લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માછલી છે. (5) મહારાષ્ટ્રના લોકો સેવ-ઉસળ ખાવાના શોખીન છે.

(3) પશ્ચિમ ભારતનાં રહેઠાણો કેવાં હોય છે?

ઉત્તર : પશ્ચિમ ભારતનાં રહેઠાણો : (1) પશ્ચિમ ભારતમાં રાજસ્થાનના પશ્ચિમ ભાગમાં થરનું રણ આવેલું હોવાથી વરસાદ ઘણો ઓછો પડે છે. આથી અહીંનાં મોટા ભાગનાં મકાનો ઘાબાવાળાં હોય છે. અહીંનાં ગામડાંમાં લોકો ઘાસ-માટીમાંથી બનાવેલાં મકાનોમાં રહે છે. (2) ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ગોવામાં લોકો ઈંટ-સિમેન્ટથી

બનાવેલાં પાકાં અને સુવિધાવાળાં મકાનોમાં રહે છે. (3) કોંકણમાં વધારે વરસાદ પડતો હોવાથી અહીંનાં મકાનોનાં છાપરાં ઢાળવાળાં હોય છે. (4) દરેક રાજ્યમાં જંગલ કે ડુંગરાળ પ્રદેશમાં વસતા વનવાસીઓ વાંસ અને લાકડામાંથી બનાવેલાં છૂટાંછવાયાં ઝૂંપડાંમાં રહે છે.

*** (4) ટૂંક નોંધ લખો : પશ્ચિમ ભારતના તહેવારો – ઉત્સવો**

ઉત્તર : પશ્ચિમ ભારતમાં રાજસ્થાનમાં હોળી અને ગણગોરના તહેવારો, મહારાષ્ટ્રમાં ગણેશચતુર્થીનો તહેવાર અને મધ્ય પ્રદેશમાં શિવરાત્રીનો તહેવાર ધામધૂમથી ઊજવવામાં આવે છે. પશ્ચિમ ભારતનાં બધાં રાજ્યોના લોકો દિવાળી, નવરાત્રી, શિવરાત્રી, દશેરા, ગણેશચતુર્થી, ઈદ, મહોરમ, નાતાલ, મહાવીરજયંતી, પતેતી, ચેટીચાંદ વગેરે તહેવારો ઊજવે છે.

(5) પશ્ચિમ ભારતનાં નૃત્યો જણાવો.

ઉત્તર : પશ્ચિમ ભારતનાં નૃત્યો : (1) રાજસ્થાનનાં ઘુમ્મર, કચ્ચીઘોડી અને કાલબેલિયા નૃત્યો ખૂબ જ જાણીતાં છે. (2) ગુજરાતના રાસ-ગરબા દુનિયાભરમાં જાણીતા છે. (3) મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય દેશભરમાં પ્રસિદ્ધ છે.

(6) પશ્ચિમ ભારતના મેળાઓ જણાવો.

ઉત્તર : પશ્ચિમ ભારતના મેળાઓ : (1) કાર્તિક પૂર્ણિમાએ રાજસ્થાનમાં ઊંટના વેચાણ માટે ભરાતો પુષ્કરનો મેળો અને ગુજરાતમાં સિદ્ધપુરનો મેળો ખૂબ જાણીતા છે. (2) ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં વૌઠા પાસે ગધેડાના વેચાણ માટે યોજાતો મેળો ખૂબ પ્રસિદ્ધ છે. (3) ગુજરાતમાં થાનગઢ પાસે તરણેતરનો મેળો, જૂનાગઢમાં ભવનાથનો મેળો અને પંચમહાલનાં જંગલોમાં ડાંગમાં ડાંગદરબાર (4) મધ્ય પ્રદેશમાં ઉજ્જૈન અને મહારાષ્ટ્રમાં નાશિકનો અર્ધકુંભમેળો (5) ગોવાનો કાર્નિવલ વગેરે.

(7) ઉત્તર ભારતના લોકોનો ખોરાક શો છે ?

ઉત્તર : ઉત્તર ભારતના લોકોનો ખોરાક : (1) ઉત્તર ભારતમાં પંજાબ અને હરિયાણાના લોકોનો મુખ્ય ખોરાક ઘઉં છે. પંજાબના લોકો ખોરાકમાં ઘઉંની તંદુરી રોટી અને વિવિધ પ્રકારના પરોઠાનો ખૂબ ઉપયોગ કરે છે. પનીરવાળું શાક પંજાબી લોકોને ખૂબ ગમે છે. 'લસ્સી' પંજાબનું જાણીતું પીણું છે. (2) જમ્મુ-કશ્મીરના લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માંસ-મચ્છી છે. (3) ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના લોકો ખોરાકમાં ભાત, કઠોળ (રાજમા) અને માંસનો ઉપયોગ કરે છે. (4) ઉત્તર પ્રદેશના લોકોનો મુખ્ય ખોરાક રોટલી, લીલાં શાકભાજી અને દાળ-ભાત છે.

(8) ઉત્તર ભારતના લોકો કેવો પહેરવેશ પહેરે છે ?

ઉત્તર : ઉત્તર ભારતના લોકોનો પહેરવેશ : (1) ઉત્તર ભારતમાં પંજાબ અને હરિયાણાના પુરુષો ખૂલતી સલવાર, લાંબી બાંયનો ઝભ્ભો અને માથે પંજાબી પાઘડી પહેરે છે. કેટલાક પુરુષો ઝભ્ભા પર ભરત કરેલ કોટી પહેરે છે; સ્ત્રીઓ સલવાર અને કમીઝ પહેરે છે. તે પંજાબી પોશાક તરીકે જાણીતો છે. (2) જમ્મુ-કશ્મીરના પુરુષો ચોરણો, લાંબી બાંયનો ઝભ્ભો અને જાકીટ પહેરે છે; સ્ત્રીઓ સલવાર-કમીઝ અને માથે સ્કાર્ફ બાંધે છે. (3) હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના લોકોનો પોશાક જમ્મુ-કશ્મીરના લોકોના પોશાક જેવો જ છે. વધુમાં, અહીંના પુરુષો માથા પર ગઢવાલી ટોપી પહેરે છે; સ્ત્રીઓ માથે રૂમાલ બાંધે છે. (4) ઉત્તર પ્રદેશના પુરુષો ધોતી અને પહેરણ પહેરે છે અને માથા પર ગમછો બાંધે છે; સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે.

(9) ઉત્તર ભારતનાં રહેઠાણો કેવાં હોય છે ?

ઉત્તર : ઉત્તર ભારતનાં રહેઠાણો : (1) પંજાબ અને હરિયાણામાં ઓછો વરસાદ પડતો હોવાથી મોટા ભાગનાં મકાનો ઘાબાવાળાં હોય છે. અહીંનાં શહેરોમાં ઈંટ અને સિમેન્ટનાં સુવિધાવાળાં મકાનો હોય છે. (2) જમ્મુ-કશ્મીરમાં લાકડાનાં મકાનો હોય છે. કશ્મીરમાં દાલ સરોવરમાં કેટલાક લોકો નૌકાઘર(Houseboat)માં રહે છે. (3) હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં લાકડાનાં બે માળનાં મકાનો હોય છે. મકાનના નીચેના ભાગમાં પશુઓ બાંધવામાં આવે છે, જેથી ઉપરના માળની લાકડાંની બનાવેલી ફર્સ ગરમ રહે છે. હિમવર્ષા વખતે આવાં મકાનો રાહતરૂપ બને છે. અહીંનાં મકાનોનાં છાપરાં ઢાળવાળાં હોય છે. છાપરાં પર નળિયાં તરીકે લીસ્સા પથ્થર નાખવામાં આવે છે, જેથી મકાનો પર પડતો બરફ સહેલાઈથી નીચે સરકી જાય. (4) ઉત્તર પ્રદેશમાં શહેરોમાં ઈંટ અને સિમેન્ટનાં સુવિધાવાળાં મકાનો હોય છે; જ્યારે ગામડાંમાં મોટા ભાગનાં મકાનો માટીનાં હોય છે.

(10) ઉત્તર ભારતમાં કઈ કઈ ભાષાઓ બોલાય છે ?

ઉત્તર : ઉત્તર ભારતમાં પંજાબમાં પંજાબી; હરિયાણામાં હરિયાણવી; ઉત્તર પ્રદેશમાં હિન્દી અને ઉર્દૂ; જમ્મુ-કશ્મીરમાં ઉર્દૂ, કશ્મીરી અને ડોંગરી; ઉત્તરાખંડમાં હિન્દી અને હિમાચલ પ્રદેશમાં પહાડી ભાષાઓ બોલાય છે. આ ઉપરાંત, દરેક રાજ્યમાં પ્રાદેશિક બોલીઓ પણ બોલાય છે.

(11) ઉત્તર ભારતના તહેવારો – ઉત્સવો જણાવો.

ઉત્તર : ઉત્તર ભારતના તહેવારો – ઉત્સવો : (1) વૈશાખી અને લાહોરી પંજાબના તથા ઈદ અને મહોરમ જમ્મુ-કશ્મીરના મુખ્ય તહેવારો છે. (2) હિમાચલ પ્રદેશના કુલ્લુમાં દશેરાનો તહેવાર અનોખી રીતે ઊજવાય છે. (3) હોળી ઉત્તર પ્રદેશનો મુખ્ય તહેવાર છે. (4) આ ઉપરાંત ઉત્તર ભારતમાં શિવરાત્રી, રામનવમી, જન્માષ્ટમી, દશેરા, ઈદ, મહોરમ, નાતાલ વગેરે તહેવારો ઊજવાય છે. ભાંગડા પંજાબનું અને કથક ઉત્તર પ્રદેશનું પ્રસિદ્ધ નૃત્ય છે.

(12) દક્ષિણ ભારતના લોકોનો ખોરાક શો છે ?

ઉત્તર : દક્ષિણ ભારતના લોકોનો મુખ્ય ખોરાક ભાત, માછલી અને કઠોળ છે. આ ઉપરાંત, તેઓ ખોરાકમાં ચોખામાંથી બનાવેલ ઈડલી, ડોસા અને મેંદુવડા જેવી વાનગીઓ કોપરાની ચટણી તથા 'રસમ' નામે જાણીતી દાળ સાથે લે છે. કૉફી અહીંનું લોકપ્રિય પીણું છે.

(13) દક્ષિણ ભારતના લોકો કેવો પોશાક પહેરે છે?

ઉત્તર : દક્ષિણ ભારતની આબોહવા એકંદરે ગરમ અને ભેજવાળી છે. તેથી અહીંના લોકો ખૂલતાં સુતરાઉ કપડાં પહેરે છે. અહીંના પુરુષો લુંગી કે ટૂંકી ધોતી, પહેરણ, ખભે ખેસ અને માથે પાઘડી પહેરે છે; સ્ત્રીઓ દક્ષિણી સાડી, ચણિયો અને કબજો પહેરે છે. ફૂલોની શોખીન સ્ત્રીઓ માથામાં વેણી પહેરે છે. સાગરખેડૂઓ અલગ પોશાક પહેરે છે.

(14) દક્ષિણ ભારતનાં મકાનો કેવાં હોય છે?

ઉત્તર : દક્ષિણ ભારતનાં શહેરોમાં ઈંટ-સિમેન્ટનાં ઘાબાવાળાં આધુનિક ઢબનાં મકાનો હોય છે. અહીંના ગરમ વિસ્તારોમાં ઘાસ અને નાળિયેરનાં પાનથી છજેલાં ઝૂંપડાં હોય છે. અહીંના વધુ વરસાદવાળા પ્રદેશોમાં વધુ ઢાળવાળાં છાપરાં હોય છે. દક્ષિણ ભારતના દરેક રાજ્યમાં લોકો ઘરના આંગણે રોજ રંગોળી પૂરે છે.

*** (15) ટૂંક નોંધ લખો : પૂર્વ ભારતનાં રાજ્યો તથા બંગાળી પુરુષો અને સ્ત્રીઓનો પહેરવેશ**

ઉત્તર : બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અસમ, અરુણાચલ પ્રદેશ, નાગાલૅન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, મેઘાલય વગેરે પૂર્વ ભારતનાં રાજ્યો છે.

બંગાળી પુરુષો પાટલીવાળું ધોતિયું અને રેશમી ઝભ્ભો પહેરે છે; જ્યારે સ્ત્રીઓ વિશિષ્ટ ઢબની બંગાળી સાડી પહેરે છે.

(16) પૂર્વ ભારતના લોકો કેવો પોશાક પહેરે છે?

ઉત્તર : પૂર્વ ભારતમાં બિહારમાં પુરુષો ધોતિયું, ઝભ્ભો અને માથે પાઘડી પહેરે છે અને ખભે ખેસ નાખે છે; જ્યારે સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે. પશ્ચિમ બંગાળમાં પુરુષો પાટલીવાળું ધોતિયું અને રેશમી ઝભ્ભો પહેરે છે; જ્યારે સ્ત્રીઓ વિશિષ્ટ ઢબની બંગાળી સાડી પહેરે છે. પૂર્વ ભારતમાં ગરમી અને વરસાદનું પ્રમાણ વધુ હોવાથી લોકો સુતરાઉ કપડાં પસંદ કરે છે અને તે થોડાં ઊંચાં પહેરે છે.

(17) પૂર્વ ભારતમાં રહેઠાણો કેવાં હોય છે?

ઉત્તર : પૂર્વ ભારતનાં મેદાનોમાં ઈંટ-સિમેન્ટનાં બનેલાં પાકાં મકાનો હોય છે. પહાડી વિસ્તારોનાં મકાનો લાકડાં અને વાંસનાં બનેલાં હોય છે. અહીંના વધારે વરસાદવાળા વિસ્તારોમાં ઝૂંપડાંનાં છાપરાં ઢાળવાળાં હોય છે. પશ્ચિમ બંગાળના લોકો ઘરના પાછલા ભાગમાં પુકુર (નાનકડું તળાવ) બનાવી તેમાં માછલાં ઉછેરે છે.

(18) પૂર્વ ભારતના તહેવારો અને ઉત્સવો જણાવો.

ઉત્તર : પૂર્વ ભારતમાં બિહારમાં છઠ્ઠ અને ભૈયાદૂજ તથા પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજાના તહેવારો ભવ્ય રીતે ઊજવવામાં આવે છે. આ ઉપરાંત, અહીં ઈદ અને ક્રિસમસના તહેવારો પણ ઊજવાય છે. પુરી(જગન્નાથપુરી)ની રથયાત્રા જગપ્રસિદ્ધ છે. પશ્ચિમ બંગાળનું રવીન્દ્ર સંગીત અને છાઉ નૃત્ય, અસમનાં બિહુ અને ઓજમાલી નૃત્યો, ઓડિશાનું ઓડિશી નૃત્ય અને મણિપુરનું મણિપુરી નૃત્ય વગેરે જાણીતાં છે.

(19) યશનાં માસી શારદાબહેન અને તેના માસા દિવાળી મનાવવા તેને ઘેર આવ્યાં હતાં. શારદાબહેને રસગુલ્લાંનો ડબો યશને આપતાં કહ્યું, 'બેટા, આ અમારે ત્યાંની પ્રિય મીઠાઈ છે.' તમે વિચારીને જણાવો કે એ મીઠાઈ કયા પ્રદેશની છે? એ પ્રદેશના લોકોના પહેરવેશ અને તહેવાર વિશે જાણકારી આપો.

ઉત્તર : 'રસગુલ્લાં' મીઠાઈ પશ્ચિમ બંગાળના લોકોની પ્રિય મીઠાઈ છે. પશ્ચિમ બંગાળના પુરુષો પાટલીવાળું ધોતિયું અને રેશમી ઝભ્ભા પહેરે છે અને સ્ત્રીઓ બંગાળી ઢબે સાડી પહેરે છે. પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજાનો તહેવાર ભવ્ય રીતે ઊજવાય છે.

(20) તમે તમારાં મમ્મી-પપ્પા સાથે દક્ષિણ ભારતના પ્રવાસે ગયા છો. એક શહેરના બજારમાં ફરતાં ફરતાં તમને લુંગી અને ટૂંકી ધોતી પહેરેલા પુરુષો અને માથામાં વેણી પહેરેલી સ્ત્રીઓ જોવા મળી. તમે વિચારીને જણાવો કે તેઓ કયા પ્રદેશના છે? તેઓ કઈ ભાષા બોલે છે? તેમના મુખ્ય તહેવારો કયા કયા છે?

ઉત્તર : આ લોકો કેરલના છે. તેઓ મલયાલમ ભાષા બોલે છે. ઓણમ, નાતાલ, ઈદ, શિવરાત્રી એ તેમના મુખ્ય તહેવારો છે.

(21) તમારા વર્ગમાં એક નવો વિદ્યાર્થી આવ્યો હતો. તે તમારી સાથે પાટલી પર બેઠો. શરૂઆતમાં તે તમારી સાથે મરાઠી ભાષામાં બોલવા લાગ્યો. તમે વિચારીને જણાવો કે તે કયા રાજ્યમાંથી આવ્યો છે? એ રાજ્યના લોકોનો પહેરવેશ કેવો હશે? ત્યાં કયો તહેવાર ભવ્ય રીતે ઊજવવામાં આવે છે?

ઉત્તર : આ વિદ્યાર્થી મહારાષ્ટ્ર રાજ્યમાંથી આવ્યો છે. અહીંના પુરુષોનો પરંપરાગત પહેરવેશ ધોતિયું અને પહેરણ છે. તેઓ માથે ટોપી કે પાઘડી પહેરે છે. અહીંની સ્ત્રીઓ મહારાષ્ટ્રીય ઢબે સાડી પહેરે છે. મહારાષ્ટ્રમાં ગણેશચતુર્થીનો તહેવાર ભવ્ય રીતે ઊજવવામાં આવે છે.

(22) શ્યામ તેનાં મમ્મી-પપ્પા સાથે એક સાંજે રેસ્ટોરન્ટમાં જમવા ગયો. તેના પપ્પાએ જમવાનું મંગાવ્યું ત્યારે જમવામાં ઘઉંમાંથી બનાવેલી તંદુરી રોટી આવી. શ્યામ વિચારે છે કે, આપણા દેશના કયા રાજ્યમાં લોકો ખોરાકમાં તંદુરી રોટીનો ઉપયોગ કરતા હશે? એ રાજ્યના લોકોનો ખોરાક અને પોશાક જણાવો.

ઉત્તર : આપણા દેશમાં પંજાબમાં લોકો ખોરાકમાં તંદુરી રોટીનો ઉપયોગ કરે છે. તેઓ ખોરાકમાં જાતજાતના પરોઠાનો તેમજ પનીર મિશ્રિત શાકનો છૂટથી ઉપયોગ કરે છે. 'લસ્સી' એ પંજાબનું જાણીતું પીણું છે.

પંજાબના લોકોનો પોશાક પંજાબી ડ્રેસ તરીકે જાણીતો છે. અહીંના પુરુષો વિશેષ પ્રકારનો ઝભ્ભો અને ખૂલતી સલવાર પહેરે છે. તેઓ માથે પાઘડી પહેરે છે. કેટલાક પુરુષો ઝભ્ભા ઉપર ભરત ભરેલ કોટી પહેરે છે. અહીંની સ્ત્રીઓ સલવાર-કમીઝ પહેરે છે.

(23) તમારી શાળામાં કેટલાક પ્રવાસીઓ આવે છે. તેમાં પુરુષોએ ધોતિયું, ઝભ્ભો અને માથે સફેદ ટોપી કે પાઘડી પહેરેલી છે. વિદ્યાર્થીઓ કુતૂહલવશ વિચારે છે – આ કયા પ્રદેશના લોકો હશે? વિચારીને જણાવો કે આ પ્રદેશ કયો છે? તેનાં પહેરવેશ, રહેઠાણ અને ભાષા વિશે જાણકારી આપો.

ઉત્તર : શાળામાં આવેલા પ્રવાસીઓ ગુજરાત રાજ્યના છે. ગુજરાતમાં પુરુષો ધોતિયું, ઝભ્ભો, માથે સફેદ ટોપી કે પાઘડી પહેરે છે; જ્યારે સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે.

ગુજરાતનાં નાનાં-મોટાં શહેરોમાં લોકો ઈંટ-સિમેન્ટમાંથી બનાવેલાં આધુનિક મકાનોમાં રહે છે. ગામડાંમાં લોકો ઈંટ-માટીમાંથી બનાવેલાં ઘરોમાં રહે છે.

ગુજરાતમાં લોકોની મુખ્ય ભાષા ગુજરાતી છે. ગુજરાતના કચ્છ પ્રદેશમાં લોકો કચ્છી બોલી બોલે છે.

(24) ધ્રુવિલ જે વિસ્તારમાં વસવાટ કરે છે ત્યાં પુરુષો રંગબેરંગી પાઘડી પહેરે છે, તો તે ભારતના કયા ભાગમાં રહેતો હશે? ત્યાંના લોકોના ખોરાક વિશે જણાવો.

ઉત્તર : ધ્રુવિલ જે વિસ્તારમાં વસવાટ કરે છે ત્યાં પુરુષો રંગબેરંગી પાઘડી પહેરે છે, તો તે ભારતના **રાજસ્થાન રાજ્ય**માં રહેતો હશે. રાજસ્થાનમાં સામાન્ય રીતે પુરુષો ધોતિયું, અંગરખું અને રંગબેરંગી પાઘડી પહેરે છે.

રાજસ્થાનના લોકોનો ખોરાક : રાજસ્થાનના લોકોનો મુખ્ય ખોરાક બાજરી અને દાળ-બાટી છે. રાજસ્થાનમાં મારવાડી કચોરી નાસ્તા માટે જાણીતી છે.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

* **(1) ભારતના લોકોમાં કેવી કેવી ભિન્નતા જોવા મળે છે?**

ઉત્તર : ભારતના લોકોમાં ખોરાક, પહેરવેશ, રહેઠાણ, ભાષા, બોલી, ઉત્સવો – તહેવારો, ધર્મ વગેરેમાં ભિન્નતા જોવા મળે છે.

(2) ઠંડા અને પહાડી પ્રદેશમાં રહેતા લોકોનો પહેરવેશ કેવો હોય છે?

ઉત્તર : ઠંડા અને પહાડી પ્રદેશમાં રહેતા લોકોનો પહેરવેશ ઊની તથા સમગ્ર શરીર ઢંકાઈ જાય તેવો હોય છે.

(3) જે પ્રદેશમાં બારે માસ તાપમાન ઊંચું રહેતું હોય ત્યાંના લોકોનો પહેરવેશ કેવો હોય છે?

ઉત્તર : જે પ્રદેશમાં બારે માસ તાપમાન ઊંચું રહેતું હોય ત્યાંના લોકોનો પહેરવેશ આછા રંગોવાળો, સુતરાઉ અને ખૂલતો હોય છે.

(4) લોકજીવનની દૃષ્ટિએ ભારતના કેટલા ભાગ પડે છે?

ઉત્તર : લોકજીવનની દૃષ્ટિએ ભારતના **ચાર** ભાગ પડે છે : (1) પશ્ચિમ ભારત, (2) પૂર્વ ભારત, (3) દક્ષિણ ભારત અને (4) ઉત્તર ભારત.

(5) રાજસ્થાનના લોકોનો મુખ્ય ખોરાક શો છે?

ઉત્તર : રાજસ્થાનના લોકોનો મુખ્ય ખોરાક બાજરી અને દાળ-બાટી છે.

(6) ગુજરાતના લોકોનો મુખ્ય ખોરાક શો છે?

ઉત્તર : ગુજરાતના લોકોનો મુખ્ય ખોરાક રોટલી-ભાખરી, શાક, દાળ-ભાત, ખીચડી અને કઢી છે.

(7) ગુજરાતની જાણીતી મીઠાઈ કઈ છે?

ઉત્તર : ગુજરાતની જાણીતી મીઠાઈ જલેબી છે.

(8) પશ્ચિમ ભારતના દરિયાકિનારે રહેતા લોકોનો મુખ્ય ખોરાક શો છે?

ઉત્તર : પશ્ચિમ ભારતના દરિયાકિનારે રહેતા લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માછલાં છે.

(9) રાજસ્થાનનાં સ્ત્રી-પુરુષો કેવો પોશાક પહેરે છે?

ઉત્તર : રાજસ્થાનની સ્ત્રીઓ ઘેરવાળો રંગીન ચણિયો, કેડ સુધી પહોંચે એવો કબજો અને માથે ઓઢણી ઓઢે છે; જ્યારે પુરુષો ધોતી, અંગરખું અને રંગબેરંગી પાઘડી પહેરે છે.

(10) ગુજરાતનાં સ્ત્રી-પુરુષોનો પોશાક કેવો હોય છે?

ઉત્તર : ગુજરાતની સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે; જ્યારે પુરુષો ધોતિયું, ઝભ્ભો કે ચોરણો તેમજ માથે સફેદ ટોપી કે પાઘડી પહેરે છે.

(11) રાજસ્થાનમાં મોટા ભાગનાં મકાનો ઘાબાવાળાં શાથી હોય છે?

ઉત્તર : રાજસ્થાનમાં થરનું રણ છે, તેથી ત્યાં વરસાદ ઘણો ઓછો પડે છે. આથી રાજસ્થાનમાં મોટા ભાગનાં મકાનો ઘાબાવાળાં હોય છે.

(12) પશ્ચિમ ભારતના લોકો કઈ કઈ ભાષાઓ બોલે છે?

ઉત્તર : પશ્ચિમ ભારતમાં રાજસ્થાન અને મધ્ય પ્રદેશના લોકો હિન્દી, ગુજરાતના લોકો ગુજરાતી, મહારાષ્ટ્રમાં મરાઠી અને ગોવાના લોકો કોંકણી ભાષા બોલે છે.

(13) રાજસ્થાનમાં કયા તહેવારો ધામધૂમથી ઊજવાય છે?

ઉત્તર : રાજસ્થાનમાં હોળી અને ગણગૌરના તહેવારો ધામધૂમથી ઊજવાય છે.

(14) રાજસ્થાનનાં કયાં લોકનૃત્યો ખૂબ જાણીતાં છે?

ઉત્તર : રાજસ્થાનનાં ઘુમ્મર, કચ્ચીઘોડી અને કાલબેલિયા લોકનૃત્યો ખૂબ જાણીતાં છે.

(15) મહારાષ્ટ્રમાં કયો તહેવાર ભવ્ય રીતે ઊજવવામાં આવે છે?

ઉત્તર : મહારાષ્ટ્રમાં ગણેશચતુર્થીનો તહેવાર ભવ્ય રીતે ઊજવવામાં આવે છે.

(16) મહારાષ્ટ્રનું કયું નૃત્ય પ્રસિદ્ધ છે?

ઉત્તર : મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય પ્રસિદ્ધ છે.

(17) પશ્ચિમ ભારતના લોકો કયા કયા તહેવારો ઊજવે છે?

ઉત્તર : પશ્ચિમ ભારતના લોકો દિવાળી, નવરાત્રી, શિવરાત્રી, હોળી, દશેરા, ગણેશચતુર્થી, ઈદ, મહોરમ, નાતાલ, મહાવીરજયંતી, પતેતી, ચેટીચાંદ વગેરે તહેવારો ઊજવે છે.

(18) ઉત્તર ભારતમાં કયાં કયાં રાજ્યોનો સમાવેશ થાય છે?

ઉત્તર : ઉત્તર ભારતમાં પંજાબ, હરિયાણા, જમ્મુ-કશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્લી વગેરે રાજ્યોનો સમાવેશ થાય છે.

(19) દેવભૂમિ તરીકે ઓળખાતો પર્વતીય પ્રદેશ કયો છે?

ઉત્તર : હિમાચલ પ્રદેશ દેવભૂમિ તરીકે ઓળખાતો પર્વતીય પ્રદેશ છે.

(20) પંજાબનું જાણીતું પીણું કયું છે?

ઉત્તર : પંજાબનું જાણીતું પીણું લસ્સી છે.

(21) જમ્મુ-કશ્મીરના લોકોનો મુખ્ય ખોરાક શો છે?

ઉત્તર : જમ્મુ-કશ્મીરના લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માંસ-મચ્છી છે.

(22) ઉત્તર પ્રદેશના લોકોનો મુખ્ય ખોરાક શો છે?

ઉત્તર : ઉત્તર પ્રદેશના લોકોનો મુખ્ય ખોરાક રોટલી, દાળ-ભાત અને શાકભાજી છે.

(23) ઉત્તર પ્રદેશનાં સ્ત્રી-પુરુષોનો પોશાક શો છે?

ઉત્તર : ઉત્તર પ્રદેશની સ્ત્રીઓ સાડી, કબજો અને ચણિયો પહેરે છે; પુરુષો ધોતી અને પહેરણ પહેરે છે અને માથે ગમછો બાંધે છે.

(24) પંજાબના મુખ્ય તહેવારો કયા કયા છે?

ઉત્તર : પંજાબના મુખ્ય તહેવારો વૈશાખી અને લાહોરી છે.

(25) ઉત્તર ભારતના મુખ્ય તહેવારો કયા કયા છે?

ઉત્તર : ઉત્તર ભારતના મુખ્ય તહેવારો હોળી, શિવરાત્રી, રામનવમી, જન્માષ્ટમી, દશેરા, ઈદ, મહોરમ, નાતાલ વગેરે છે.

(26) ઉત્તર પ્રદેશનું જાણીતું નૃત્ય કયું છે?

ઉત્તર : ઉત્તર પ્રદેશનું જાણીતું નૃત્ય કથક છે.

(27) દક્ષિણ ભારતમાં કયાં કયાં રાજ્યોનો સમાવેશ થાય છે?

ઉત્તર : દક્ષિણ ભારતમાં આંધ્ર પ્રદેશ, તેલંગણા, કર્ણાટક, તમિલનાડુ, કેરલ વગેરે રાજ્યોનો સમાવેશ થાય છે.

(28) દક્ષિણ ભારતના લોકોનો મુખ્ય ખોરાક શો છે?

ઉત્તર : દક્ષિણ ભારતના લોકોનો મુખ્ય ખોરાક ભાત, માછલી તેમજ ઈડલી, ડોસા, મેંદુવડા જેવી ચોખાની વાનગીઓ અને કઠોળ છે.

(29) દક્ષિણ ભારતનાં સ્ત્રી-પુરુષોનો પોશાક શો છે?

ઉત્તર : દક્ષિણ ભારતની સ્ત્રીઓ દક્ષિણી સાડી, ચણિયો અને કબજો પહેરે છે; જ્યારે પુરુષો લુંગી અને પહેરણ પહેરે છે તથા ખભે ખેસ નાખે છે અને માથે પાઘડી પહેરે છે.

(30) દક્ષિણ ભારતમાં કઈ કઈ ભાષાઓ બોલાય છે?

ઉત્તર : આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં તેલુગુ, કર્ણાટકમાં કન્નડ, તમિલનાડુમાં તમિલ અને કેરલમાં મલયાલમ ભાષા બોલાય છે.

*** (31) દક્ષિણ ભારતમાં બોલાતી ભાષાઓ કયા કુળની છે?**

ઉત્તર : દક્ષિણ ભારતમાં બોલાતી ભાષાઓ દ્રવિડ કુળની છે.

(32) દક્ષિણ ભારતમાં કયા કયા તહેવારો ઊજવાય છે?

ઉત્તર : આંધ્ર પ્રદેશમાં શિવરાત્રી, મકરસંક્રાંતિ અને વિશાખા; કર્ણાટકમાં દશેરા, ઈદ અને નવરાત્રી; કેરલમાં ઓણમ, નાતાલ, ઈદ અને શિવરાત્રી તથા તમિલનાડુમાં પોંગલ વગેરે તહેવારો ઊજવાય છે.

(33) દક્ષિણ ભારતનાં કયાં કયાં નૃત્યો ખૂબ જાણીતાં છે?

ઉત્તર : આંધ્ર પ્રદેશનું કૂચીપુડી, કેરલનું કથકલી અને તમિલનાડુનું ભરતનાટ્યમ્ નૃત્યો ખૂબ જાણીતાં છે.

(34) તમિલનાડુનો મુખ્ય તહેવાર કયો છે?

ઉત્તર : તમિલનાડુનો મુખ્ય તહેવાર પોંગલ છે.

(35) પૂર્વ ભારતમાં કયાં કયાં રાજ્યોનો સમાવેશ થાય છે?

ઉત્તર : પૂર્વ ભારતમાં બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, અસમ, અરુણાચલ પ્રદેશ, નાગાલૅન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, મેઘાલય, સિક્કિમ વગેરે રાજ્યોનો સમાવેશ થાય છે.

(36) પૂર્વ ભારતના લોકોનો ખોરાક શો છે?

ઉત્તર : પૂર્વ ભારતના લોકોનો ખોરાક ભાત, માછલી, રોટલી, કઠોળ, લીલાં શાકભાજી વગેરે છે.

(37) બંગાળી લોકોની પ્રિય મીઠાઈઓ કઈ કઈ છે?

ઉત્તર : 'રસગુલ્લાં' અને 'સંદેશ' બંગાળી લોકોની પ્રિય મીઠાઈઓ છે.

(38) બિહારના લોકો કેવો પોશાક પહેરે છે?

ઉત્તર : બિહારના પુરુષો ધોતિયું, ઝભ્ભો અને માથે પાઘડી પહેરે છે તથા ખભે ખેસ નાખે છે; સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે.

*** (39) બિહારની મુખ્ય ભાષા તથા બોલીઓ જણાવો.**

ઉત્તર : બિહારની મુખ્ય ભાષા હિન્દી છે. મૈથિલી, ભોજપુરી, માગધી વગેરે બિહારની બોલીઓ છે.

(40) પશ્ચિમ બંગાળનાં સ્ત્રી-પુરુષો કેવો પોશાક પહેરે છે?

ઉત્તર : પશ્ચિમ બંગાળની સ્ત્રીઓ બંગાળી ઢબે સાડી પહેરે છે; જ્યારે પુરુષો પાટલીવાળું ધોતિયું અને રેશમી ઝભ્ભો પહેરે છે.

(41) પશ્ચિમ બંગાળના લોકો ઘરમાં માછલાં કેવી રીતે ઉછેરે છે?

ઉત્તર : પશ્ચિમ બંગાળના લોકો ઘરના પાછલા ભાગમાં પુકુર (નાનું તળાવ) બનાવી તેમાં માછલાં ઉછેરે છે.

(42) પૂર્વ ભારતમાં કઈ કઈ ભાષાઓ બોલાય છે?

ઉત્તર : પૂર્વ ભારતમાં ઝારખંડ, છત્તીસગઢ અને બિહારમાં હિન્દી, અસમમાં અસમી, ઓડિશામાં ઉડિયા, પશ્ચિમ બંગાળમાં બંગાળી (બાંગ્લા), મેઘાલયમાં ગારો અને ખાસી તથા મિઝોરમમાં મિઝો ભાષા બોલાય છે.

(43) બિહાર અને પશ્ચિમ બંગાળમાં કયા કયા તહેવારો ભવ્ય રીતે ઊજવાય છે?

ઉત્તર : બિહારમાં છઠ અને ભૈયાદૂજના તહેવારો તથા પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજાનો તહેવાર ભવ્ય રીતે ઊજવાય છે.

(44) અસમનું જાણીતું નૃત્ય કયું છે?

ઉત્તર : અસમનું જાણીતું નૃત્ય બિહુ છે.

(45) ઓડિશાનું જાણીતું નૃત્ય કયું છે?

ઉત્તર : ઓડિશાનું જાણીતું નૃત્ય ઓડિશી છે.

(46) કયા શહેરની રથયાત્રા વિશ્વભરમાં પ્રખ્યાત છે?

ઉત્તર : પુરી(જગન્નાથપુરી)ની રથયાત્રા વિશ્વભરમાં પ્રખ્યાત છે.

પ્રશ્ન 4. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારત વિવિધતામાં એકતા ધરાવતો ભાતીગળ દેશ છે, કારણ કે ...

ઉત્તર : ભારતના લોકોના ખોરાક, પહેરવેશ, રહેઠાણ, ભાષા, બોલી, ઉત્સવો – તહેવારો, ધર્મ વગેરેમાં ઘણી જ ભિન્નતા છે; છતાં તેઓ એક જ દેશમાં ભારતીય પ્રજા તરીકે સંપીને રહે છે.

(2) રાજસ્થાનમાં મોટા ભાગનાં મકાનો ઘાબાવાળાં હોય છે, કારણ કે ...

ઉત્તર : રાજસ્થાનમાં થર(થરપાકર)નું રણ છે. તેથી ત્યાં વરસાદ ઘણો ઓછો પડે છે.

(3) જમ્મુ-કશ્મીર પૃથ્વી પરનું સ્વર્ગ કહેવાય છે, કારણ કે ...

ઉત્તર : જમ્મુ-કશ્મીર અનુપમ અને રમણીય પ્રાકૃતિક સૌંદર્ય ધરાવે છે.

(4) સમગ્ર ભારતમાં બધા ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારો ઊજવવામાં આવે છે, કારણ કે ...

ઉત્તર : ભારત બિનસાંપ્રદાયિક દેશ છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) રાજસ્થાની લોકોની મારવાડી ..... નાસ્તા માટે જાણીતી છે.

A. જલેબી B. કચોરી C. રબડી

(2) ગુજરાતમાં થાનગઢ પાસેનો .....નો મેળો જાણીતો છે.

A. તરણેતર B. ભવનાથ C. વૌઠા

(3) હિમાચલ પ્રદેશ ..... તરીકે ઓળખાતો પર્વતીય પ્રદેશ છે.

A. રંગીન ભૂમિ B. પવિત્ર ભૂમિ C. દેવભૂમિ

(4) દક્ષિણ ભારત ભૂપૃષ્ઠની દૃષ્ટિએ ..... છે.

A. દ્વીપકલ્પ B. ઉચ્ચપ્રદેશ C. પર્વતીય

(5) આંધ્ર પ્રદેશનું ..... નૃત્ય પ્રસિદ્ધ છે.

A. બિહુ B. કૂચીપુડી C. કથકલી

(6) .....માં શહીદોનો મેળો ભરાય છે.

A. પંજાબ B. રાજસ્થાન C. બિહાર

(7) ..... તમિલનાડુનો મુખ્ય તહેવાર છે.

A. વૈશાખી B. વિશાખા C. પોંગલ

(8) ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવાના દરિયાકિનારે વસતા લોકોનો મુખ્ય ખોરાક ..... છે.

A. ઈડલી, ડોસા B. ભાત-માછલાં C. ભાત-કઠોળ

(9) રાજસ્થાનમાં મોટા ભાગનાં મકાનો ..... હોય છે.

A. લાકડાનાં B. સુવિધાઓ C. ઘાબાવાળાં

(10) મધ્ય પ્રદેશની મુખ્ય ભાષા ..... છે.

A. હિન્દી B. મધ્ય પ્રદેશી C. ઉર્દૂ

ઉત્તર : (1) કચોરી (2) તરણેતર (3) દેવભૂમિ (4) દ્વીપકલ્પ (5) કૂચીપુડી (6) પંજાબ (7) પોંગલ (8) ભાત-માછલાં (9) ઘાબાવાળાં (10) હિન્દી

---

(11) મહાકવિ ..... કહ્યું છે કે મનુષ્યો ઉત્સવપ્રિય છે.

A. ભારવિએ B. માઘે C. કાલિદાસે

(12) મહારાષ્ટ્રમાં .....નો તહેવાર ભવ્ય રીતે ઊજવવામાં આવે છે.

A. નાતાલ B. ગણેશચતુર્થી C. નવરાત્રી

(13) જમ્મુ-કશ્મીર પ્રાકૃતિક સૌંદર્યને કારણે ..... ગણાય છે.

A. પૃથ્વીનું સ્વર્ગ B. સ્વર્ગભૂમિ C. દેવભૂમિ

(14) હિમાચલ પ્રદેશની ભાષા ..... છે.

A. પંજાબી B. પહાડી C. ગઢવાલી

(15) ઉત્તર પ્રદેશનો મુખ્ય તહેવાર ..... છે.

A. હોળી B. મકરસંક્રાંતિ C. શિવરાત્રી

(16) દક્ષિણ ભારતમાં બોલાતી ભાષાઓ ..... કુળની ભાષાઓ તરીકે ઓળખાય છે.

A. તમિલ B. કન્નડ C. દ્રવિડ

(17) ..... એ કેરલનું જાણીતું નૃત્ય છે.

A. ભરતનાટ્યમ્ B. કથકલી C. કથક

(18) ..... એ તમિલનાડુનું જાણીતું નૃત્ય છે.

A. કૂચીપુડી B. કથકલી C. ભરતનાટ્યમ્

(19) '.....' અને '.....' બંગાળી લોકોની પ્રિય વાનગીઓ છે.

A. પરોઠા, રસમ B. રસગુલ્લાં, સંદેશ C. રસગુલ્લાં, જલેબી

(20) જગન્નાથપુરીની ..... દુનિયાભરમાં પ્રસિદ્ધ છે.

A. દુર્ગાયાત્રા B. કુંભયાત્રા C. રથયાત્રા

ઉત્તર : (11) કાલિદાસે (12) ગણેશચતુર્થી (13) પૃથ્વીનું સ્વર્ગ (14) પહાડી (15) હોળી (16) દ્રવિડ (17) કથકલી (18) ભરતનાટ્યમ્ (19) રસગુલ્લાં, સંદેશ (20) રથયાત્રા

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) ગુજરાતના લોકોનો મુખ્ય ખોરાક ઘઉં અને દાળ-બાટી છે.

(2) મધ્ય પ્રદેશની મુખ્ય ભાષા હિન્દી છે.

(3) દિલ્લી ભારતની રાજધાની છે.

(4) ભાંગડા ઉત્તર પ્રદેશનું જાણીતું નૃત્ય છે.

(5) દુર્ગાપૂજા પશ્ચિમ બંગાળનો મોટો તહેવાર છે.

(6) ધર્મની દૃષ્ટિએ ભારત સાંપ્રદાયિક દેશ છે.

(7) રાજસ્થાનના લોકોની મારવાડી કચોરી નાસ્તા માટે જાણીતી છે.

(8) મહારાષ્ટ્રના લોકોને જલેબી પ્રિય છે.

(9) ગુજરાતની સ્ત્રીઓ ઘેરવાળો ચણિયો, કબજો અને ઓઢણી ઓઢે છે.

(10) ગોવામાં કોંકણી ભાષા બોલાય છે.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખરું (4) ખોટું (5) ખરું (6) ખોટું (7) ખરું (8) ખોટું (9) ખોટું (10) ખરું

---

(11) ગણગોર રાજસ્થાનનો તહેવાર છે.

(12) ગુજરાતના ધોળકા તાલુકામાં વૌઠાનો મેળો ભરાય છે.

(13) હિમાચલ પ્રદેશ પૃથ્વી પરનું સ્વર્ગ ગણાય છે.

(14) હરિયાણા પાંચ નદીઓના પ્રદેશ તરીકે ઓળખાય છે.

(15) ઉત્તર પ્રદેશના પુરુષો ધોતી-પહેરણ અને માથે ગમછો બાંધે છે.

(16) ભારતમાં અમદાવાદમાં કુંભમેળો ભરાય છે.

(17) કથકલી કર્ણાટકનું પ્રસિદ્ધ નૃત્ય છે.

(18) ઉત્તર પ્રદેશનો સમાવેશ પૂર્વ ભારતમાં થતો નથી.

(19) સાથવો બિહારના લોકોની વિશિષ્ટ વાનગી છે.

(20) અમદાવાદ શહેરની રથયાત્રા દુનિયાભરમાં પ્રસિદ્ધ છે.

(21) જો તમે પંજાબની મુલાકાત લેશો તો ત્યાંના મુખ્ય ખોરાક તરીકે મેંદુવડાનો સ્વાદ ચાખશો.

ઉત્તર : (11) ખરું (12) ખરું (13) ખોટું (14) ખોટું (15) ખરું (16) ખોટું (17) ખોટું (18) ખરું (19) ખરું (20) ખોટું (21) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો :

[પ્રત્યેકનો 1 ગુણ]

(1) કેવું તાપમાન ધરાવતા પ્રદેશોના લોકોનો પહેરવેશ સુતરાઉ, આછા રંગોવાળો અને ખૂલતો હોય છે? – **વધુ**

(2) રાજસ્થાનના લોકોનો મુખ્ય ખોરાક શો છે?

– **બાજરી અને દાળ-બાટી**

(3) રાજસ્થાની લોકોના નાસ્તા માટે કઈ વાનગી જાણીતી છે?

– **મારવાડી કચોરી**

(4) ગુજરાતની જાણીતી મીઠાઈ કઈ છે? – **જલેબી**

(5) મહારાષ્ટ્રના લોકોને કઈ વાનગી પ્રિય છે? – **સેવ-ઉસળ**

(6) ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવાના દરિયાકિનારે વસતા લોકોનો ખોરાક મુખ્યત્વે શો છે? – **ભાત-માછલાં**

(7) રાજસ્થાનના લોકોનો પહેરવેશ કેવો હોય છે? – **રંગબેરંગી**

(8) કયા રાજ્યના લોકો ઊંટનાં ચામડાંમાંથી બનેલાં પગરખાં પહેરે છે? – **રાજસ્થાન**

(9) કયા રાજ્યમાં મોટા ભાગનાં મકાનો ઘાબાવાળાં હોય છે?

– **રાજસ્થાન**

(10) મહારાષ્ટ્રના કયા પ્રદેશમાં ઢાળવાળાં છાપરાં ધરાવતાં મકાનો હોય છે? – **કોંકણ**

(11) રાજસ્થાનના લોકો મુખ્યત્વે કઈ ભાષા બોલે છે? – **હિન્દી**

(12) મધ્ય પ્રદેશની મુખ્ય ભાષા કઈ છે? – **હિન્દી**

(13) ગોવામાં કઈ ભાષા બોલાય છે? – **કોંકણી**

(14) મનુષ્યો ઉત્સવપ્રિય છે એવું કયા મહાકવિએ કહ્યું છે? – **કાલિદાસે**

(15) કયા રાજ્યમાં હોળી અને ગણગૌરના તહેવારો ધામધૂમથી ઊજવવામાં આવે છે? – **રાજસ્થાન**

(16) કયા રાજ્યનાં ઘુમ્મર, કચ્ચીઘોડી, કાલબેલિયા વગેરે લોકનૃત્યો ખૂબ જાણીતાં છે? – **રાજસ્થાન**

(17) ગુજરાત કયાં નૃત્યથી વિશ્વભરમાં જાણીતું છે?

– **રાસ અને ગરબાથી**

(18) કયા રાજ્યમાં ગણેશચતુર્થીનો તહેવાર ભવ્ય રીતે ઊજવવામાં આવે છે? – **મહારાષ્ટ્ર**

(19) મહારાષ્ટ્રનું કયું નૃત્ય ખૂબ જાણીતું છે? – **લાવણી**

(20) મધ્ય પ્રદેશના ઉજ્જૈન શહેરમાં કયો તહેવાર ખૂબ જ ઉત્સાહથી ઊજવવામાં આવે છે? – **શિવરાત્રીનો**

(21) ગુજરાતમાં વૌઠાનો મેળો શાના માટે જાણીતો છે?

– **ગધેડાની લે-વેચ માટે**

(22) ગુજરાતમાં થાનગઢ પાસે કયો મેળો ભરાય છે? – **તરણેતરનો**

(23) ગુજરાતમાં જૂનાગઢમાં કયો મેળો ભરાય છે? – **ભવનાથનો**

(24) મહારાષ્ટ્રમાં નાશિક કયા મેળા માટે જાણીતું છે? – **અર્ધકુંભ**

(25) ગોવા શાના માટે જાણીતું છે? – **કાર્નિવલ માટે**

(26) ભારતનું કયું રાજ્ય પૃથ્વીનું સ્વર્ગ કહેવાય છે? – **જમ્મુ-કશ્મીર**

(27) ભારતનું કયું રાજ્ય દેવભૂમિ તરીકે ઓળખાય છે? – **ઉત્તરાખંડ**

(28) ભારતની રાજધાનીનું શહેર કયું છે? – **દિલ્લી**

(29) ભારતના કયા રાજ્યના લોકો જાતજાતના પરોઠા આરોગે છે?

– **પંજાબ**

(30) પંજાબનું જાણીતું પીણું કયું છે? – **લસ્સી**

(31) જમ્મુ-કશ્મીરના લોકોનો મુખ્ય ખોરાક શો છે?
– ભાત અને માંસ-મચ્છી

(32) કયાં રાજ્યોની સ્ત્રીઓ સલવાર-કમીઝ પહેરે છે?
– પંજાબ અને હરિયાણા

(33) કયા રાજ્યના પુરુષો મુખ્યત્વે ધોતી-પહેરણ અને માથે ગમછો બાંધે છે? – **ઉત્તર પ્રદેશના**

(34) હરિયાણાના લોકો કઈ ભાષા બોલે છે? – **હરિયાણવી**

(35) જમ્મુ-કશ્મીરની ભાષા કઈ છે? – **ઉર્દૂ**

(36) ભારતના કયા રાજ્યની ભાષા પહાડી છે? – **હિમાચલ રાજ્યની**

(37) પંજાબનું જાણીતું નૃત્ય કયું છે? – **ભાંગડા**

(38) ઉત્તર પ્રદેશનો મુખ્ય તહેવાર કયો છે? – **હોળી**

(39) ઉત્તર પ્રદેશનું જાણીતું નૃત્ય કયું છે? – **કથક**

(40) પંજાબમાં કોનો મેળો ભરાય છે? – **શહીદોનો**

(41) પ્રયાગરાજમાં (અલાહાબાદમાં) કયો મેળો ભરાય છે? – **કુંભમેળો**

(42) માઘમેળો ક્યાં ભરાય છે? – **ઉત્તર પ્રદેશમાં**

(43) દક્ષિણ ભારતના લોકો ખોરાકમાં દાળ જેવી કઈ વાનગીનો ઉપયોગ કરે છે? – **રસમ**

(44) દક્ષિણ ભારતમાં ઘરના આંગણે રોજ શું પૂરવામાં આવે છે?
– રંગોળી

(45) આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં કઈ ભાષા બોલાય છે? – **તેલુગુ**

(46) કર્ણાટકમાં કઈ ભાષા બોલાય છે? – **કન્નડ**

(47) કેરલમાં કઈ ભાષા બોલાય છે? – **મલયાલમ**

(48) આંધ્ર પ્રદેશનું જાણીતું નૃત્ય કયું છે? – **કૂચીપુડી**

(49) કેરલનું જાણીતું નૃત્ય કયું છે? – **કથકલી**

(50) તમિલનાડુનું જાણીતું નૃત્ય કયું છે? – **ભરતનાટ્યમ્**

(51) પોંગલ કયા રાજ્યનો મુખ્ય તહેવાર છે? – **તમિલનાડુ**

(52) બંગાળી લોકોની પ્રિય મીઠાઈઓ કઈ છે? – **રસગુલ્લાં અને સંદેશ**

(53) પશ્ચિમ બંગાળમાં માછલાં ઉછેરવા માટે ઘરના પાછલા ભાગમાં શું રાખવામાં આવે છે? – **પુકુર**

(54) અસમનું જાણીતું નૃત્ય કયું છે? – **બિહુ**

(55) ઓડિશાનું જાણીતું નૃત્ય કયું છે? – **ઓડિશી**

(56) કયા શહેરની રથયાત્રા જગતભરમાં પ્રસિદ્ધ છે? – **જગન્નાથપુરીની**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ' (નૃત્યો)	વિભાગ 'બ' (રાજ્યો)
1. ઘુમ્મર	a. પંજાબ
2. ભાંગડા	b. તમિલનાડુ
3. કથકલી	c. કર્ણાટક
4. ભરતનાટ્યમ્	d. રાજસ્થાન
	e. કેરલ

ઉત્તર : (1 – d), (2 – a), (3 – e), (4 – b).

(2)

વિભાગ 'અ' (રાજ્યો)	વિભાગ 'બ' (તહેવારો – ઉત્સવો)
1. ઉત્તર પ્રદેશ	a. દુર્ગાપૂજા
2. તમિલનાડુ	b. રાસ-ગરબા
3. પશ્ચિમ બંગાળ	c. ઓણમ
4. કેરલ	d. પોંગલ
	e. હોળી

ઉત્તર : (1 – e), (2 – d), (3 – a), (4 – c).

(3)

વિભાગ 'અ' (નૃત્યો)	વિભાગ 'બ' (રાજ્યો)
1. બિહુ	a. મહારાષ્ટ્ર
2. કથક	b. અસમ
3. લાવણી	c. પંજાબ
4. ઘુમ્મર	d. ઉત્તર પ્રદેશ
	e. રાજસ્થાન

ઉત્તર : (1 – b), (2 – d), (3 – a), (4 – e).

(4)

વિભાગ 'અ' (મેળાઓ)	વિભાગ 'બ' (રાજ્યો)
1. તરણેતર	a. પંજાબ
2. અર્ધકુંભમેળો	b. ઉત્તર પ્રદેશ (પ્રયાગરાજ)
3. કુંભમેળો	c. છત્તીસગઢ
4. શહીદોનો મેળો	d. મહારાષ્ટ્ર (નાશિક)
	e. ગુજરાત (થાનગઢ)

ઉત્તર : (1 – e), (2 – d), (3 – b), (4 – a).

(5)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. કૂચીપુડી નૃત્ય	a. કર્ણાટક
2. કન્નડ ભાષા	b. આંધ્ર પ્રદેશ
3. બંગાળી મીઠાઈ	c. ગુજરાત
4. રાસ-ગરબા	d. તમિલનાડુ
	e. રસગુલ્લાં

ઉત્તર : (1 – b), (2 – a), (3 – e), (4 – c).

(6)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. ગુજરાતની જાણીતી મીઠાઈ	a. મહારાષ્ટ્ર
2. દેવભૂમિ તરીકે ઓળખાતો પર્વતીય પ્રદેશ	b. બિહાર
	c. કાજુકતરી
3. ભવ્ય રીતે ઊજવાતો ગણેશચતુર્થીનો તહેવાર	d. હિમાચલ પ્રદેશ
	e. જલેબી
4. છઠ અને ભૈયાદૂજના તહેવારો	

ઉત્તર : (1 – e), (2 – d), (3 – a), (4 – b).

પ્રશ્ન 5. (અ) નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. કયા લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માછલાં છે?
A. પહાડી જંગલોમાં રહેતા લોકોનો
B. નદીઓનાં મેદાનોમાં રહેતા લોકોનો
C. રણપ્રદેશમાં રહેતા લોકોનો
D. દરિયાકિનારે રહેતા લોકોનો

* **2.** કેવા તાપમાનવાળા પ્રદેશના લોકોનો પહેરવેશ સુતરાઉ અને આછા રંગોવાળો હોય છે?
A. વધુ B. ઓછું C. સમ D. વિષમ

3. ગુજરાતની જાણીતી મીઠાઈ કઈ છે?
A. લાડુ B. જલેબી C. સોનપાપડી D. કાજુકતરી

4. કયા રાજ્યની સ્ત્રીઓ ઘેરવાળો ચણિયો, કબજો અને ઓઢણી ઓઢે છે?
A. મધ્ય પ્રદેશ B. રાજસ્થાન C. ગુજરાત D. મહારાષ્ટ્ર

* **5.** ઊંટનાં ચામડાંમાંથી બનેલાં પગરખાં મુખ્યત્વે કયા રાજ્યના લોકો પહેરે છે?
A. ગુજરાત B. રાજસ્થાન C. મહારાષ્ટ્ર D. ગોવા

* **6.** ગોવામાં કઈ ભાષા બોલાય છે?
A. મરાઠી B. હિન્દી C. ગુજરાતી D. કોંકણી

7. કયા કવિએ કહ્યું છે કે મનુષ્યો ઉત્સવપ્રિય છે?
A. ભવભૂતિએ B. ભારવિએ C. બાણભટ્ટે D. કાલિદાસે

8. ગણગોર કયા રાજ્યનો તહેવાર છે?
A. મધ્ય પ્રદેશ B. રાજસ્થાન C. મહારાષ્ટ્ર D. ગોવા

9. રાજસ્થાનનું કયું લોકનૃત્ય ખૂબ જાણીતું છે?
A. બિહુ B. લાવણી C. ઘુમ્મર D. ભાંગડા

10. કયા રાજ્યના રાસ-ગરબા દુનિયાભરમાં જાણીતા છે?
A. મહારાષ્ટ્ર B. ગુજરાત C. ગોવા D. મધ્ય પ્રદેશ

ઉત્તર : **1.** દરિયાકિનારે રહેતા લોકોનો **2.** વધુ **3.** જલેબી **4.** રાજસ્થાન **5.** રાજસ્થાન **6.** કોંકણી **7.** કાલિદાસે **8.** રાજસ્થાન **9.** ઘુમ્મર **10.** ગુજરાત

---

11. કયા રાજ્યમાં ગણેશચતુર્થીનો તહેવાર ખૂબ જ ઉત્સાહથી ઊજવવામાં આવે છે?
A. રાજસ્થાન B. મધ્ય પ્રદેશ C. મહારાષ્ટ્ર D. ગુજરાત

12. પુષ્કરનો જાણીતો મેળો કયા રાજ્યનો છે?
A. ગુજરાત B. રાજસ્થાન C. મધ્ય પ્રદેશ D. મહારાષ્ટ્ર

13. તરણેતરનો પ્રખ્યાત મેળો કયા રાજ્યનો છે?
A. રાજસ્થાન B. ગુજરાત C. મહારાષ્ટ્ર D. મધ્ય પ્રદેશ

14. ગુજરાતમાં શિવરાત્રીનો મેળો ક્યાં ભરાય છે?
A. જૂનાગઢ B. પાલિતાણા C. વાંકાનેર D. ભાવનગર

15. અર્ધકુંભમેળો ક્યાં ભરાય છે?
A. પ્રયાગરાજમાં B. બનારસમાં
C. ઉજ્જૈનમાં D. પટનામાં

16. કયું રાજ્ય પૃથ્વી પરનું સ્વર્ગ ગણાય છે?
A. હિમાચલ પ્રદેશ B. ઉત્તર પ્રદેશ
C. હરિયાણા D. જમ્મુ-કશ્મીર

* **17.** ઉત્તરાખંડ કેવું ભૂપૃષ્ઠ ધરાવે છે?
A. ફળદ્રુપ મેદાન B. પર્વતીય
C. દરિયાકિનારો D. આપેલ પૈકી એક પણ નહિ

18. કયું શહેર ભારતની રાજધાની છે?
A. દિલ્લી B. જયપુર C. ભોપાલ D. કોલકાતા

19. શહીદોનો મેળો કયા રાજ્યમાં ભરાય છે?
A. પશ્ચિમ બંગાળ B. પંજાબ
C. ઉત્તરાખંડ D. હિમાચલ પ્રદેશ

* **20.** માઘમેળો ક્યાં ભરાય છે?
A. પુષ્કર B. નાશિક C. અલાહાબાદ D. ઉજ્જૈન

ઉત્તર : **11.** મહારાષ્ટ્ર **12.** રાજસ્થાન **13.** ગુજરાત **14.** જૂનાગઢ **15.** ઉજ્જૈનમાં **16.** જમ્મુ-કશ્મીર **17.** પર્વતીય **18.** દિલ્લી **19.** પંજાબ **20.** અલાહાબાદ

---

21. કયા નામે ઓળખાતી દાળનો ઉપયોગ દક્ષિણ ભારતના લોકો કરે છે?
A. 'સંદેશ' B. 'ઈડલી' C. 'કસમી' D. 'રસમ'

22. કયા રાજ્યની સ્ત્રીઓ ફૂલોની વેણીની શોખીન છે?
A. કેરલ B. ગુજરાત C. મધ્ય પ્રદેશ D. બિહાર

23. ભારતમાં કુંભમેળો ક્યાં ભરાય છે?
A. પ્રયાગરાજમાં B. હરદ્વારમાં C. પુષ્કરમાં D. અમૃતસરમાં

24. આંધ્ર પ્રદેશ કયા નૃત્ય માટે જાણીતું છે?
A. કૂચીપુડી B. ભરતનાટ્યમ્ C. બિહુ D. કથકલી

25. કથકલી કયા રાજ્યનું પ્રસિદ્ધ નૃત્ય છે?
A. કર્ણાટક B. કેરલ C. તમિલનાડુ D. આંધ્ર પ્રદેશ

26. તમિલનાડુનું જાણીતું નૃત્ય કયું છે?
A. બિહુ B. ભરતનાટ્યમ્ C. કૂચીપુડી D. કથક

* **27.** 'પોંગલ' કયા રાજ્યનો મુખ્ય તહેવાર છે?
A. આંધ્ર પ્રદેશ B. તમિલનાડુ C. મેઘાલય D. સિક્કિમ

28. કેરલનો મુખ્ય તહેવાર કયો છે?
A. બિહુ B. ઓણમ C. વૈશાખી D. ગણેશચતુર્થી

29. 'રસગુલ્લાં' અને 'સંદેશ' કયા લોકોની પ્રિય મીઠાઈઓ છે?
A. કશ્મીરી B. પંજાબી C. બંગાળી D. ગુજરાતી

30. બિહુ કયા રાજ્યનું પ્રસિદ્ધ નૃત્ય છે?
A. આંધ્ર પ્રદેશ B. તમિલનાડુ C. કેરલ D. અસમ

ઉત્તર : **21.** 'રસમ' **22.** કેરલ **23.** પ્રયાગરાજમાં
24. કૂચીપુડી **25.** આંધ્ર પ્રદેશ **26.** ભરતનાટ્યમ્
27. તમિલનાડુ **28.** ઓણમ **29.** બંગાળી
30. અસમ

---

31. કયા શહેરની રથયાત્રા દુનિયાભરમાં પ્રસિદ્ધ છે?
A. પુરી (જગન્નાથપુરી) B. ભુવનેશ્વર
C. બલાંગીર D. તિરુપતિ

32. કયા રાજ્યમાં દુર્ગાપૂજાનો તહેવાર ભવ્ય રીતે ઊજવાય છે?
A. ઉત્તર પ્રદેશ B. ગુજરાત C. પશ્ચિમ બંગાળ D. બિહાર

33. કયો પ્રદેશ પાંચ નદીઓના પ્રદેશ તરીકે ઓળખાય છે?
A. જમ્મુ-કશ્મીર B. હરિયાણા
C. પંજાબ D. હિમાચલ પ્રદેશ

* **34.** કયા રાજ્યના લોકો જાતજાતના પરોઠા આરોગે છે?
A. ગોવા B. તમિલનાડુ C. અસમ D. પંજાબ

35. કયા રાજ્યનાં મકાનોની બનાવટમાં લાકડાંનો ઉપયોગ વિશેષ થાય છે?
A. પંજાબ B. હરિયાણા C. જમ્મુ-કશ્મીર D. ઉત્તર પ્રદેશ

36. કયા રાજ્યના લોકો લાકડાંનાં બે માળવાળાં મકાનોમાં રહે છે?
A. હરિયાણા B. પંજાબ C. ઉત્તરાખંડ D. ગુજરાત

37. ઉત્તર પ્રદેશનું જાણીતું નૃત્ય કયું છે?
A. કથક B. કથકલી C. ભરતનાટ્યમ્ D. બિહુ

ઉત્તર : **31.** પુરી (જગન્નાથપુરી)
32. પશ્ચિમ બંગાળ **33.** પંજાબ **34.** પંજાબ
35. જમ્મુ-કશ્મીર **36.** ઉત્તરાખંડ **37.** કથક

(બ) માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. પશ્ચિમ ભારતનાં મુખ્ય રાજ્યોનો સાચો ક્રમ કયો છે?
A. રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક, પંજાબ
B. પંજાબ, કેરલ, જમ્મુ-કશ્મીર, મહારાષ્ટ્ર
C. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન
D. મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, આંધ્ર પ્રદેશ, મેઘાલય
ઉત્તર : C

2. ઉત્તર ભારતનાં મુખ્ય રાજ્યોનો સાચો ક્રમ કયો છે?
A. પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ
B. પંજાબ, રાજસ્થાન, કર્ણાટક, મણિપુર
C. આંધ્ર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કશ્મીર, કેરલ
D. છત્તીસગઢ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, પંજાબ
ઉત્તર : A

3. દક્ષિણ ભારતનાં રાજ્યોનો સાચો ક્રમ કયો છે?
A. તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, કેરલ, બિહાર
B. હરિયાણા, અરુણાચલ પ્રદેશ, કર્ણાટક, બિહાર
C. મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, કર્ણાટક, કેરલ
D. આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, કેરલ
ઉત્તર : D

20 આપત્તિ-વ્યવસ્થાપન



પૂર



વાવાઝોડું (ચક્રવાત)



ભૂકંપ



ત્સુનામી



દુકાળ



દાવાનળ

પ્રકરણસાર

- આપત્તિ-વ્યવસ્થાપનના નિષ્ણાતોએ આપત્તિઓના મુખ્ય **બે** પ્રકાર પાડ્યા છે : 1. કુદરતી આપત્તિઓ અને 2. માનવસર્જિત આપત્તિઓ.
- પૂર, વાવાઝોડું, ત્સુનામી, દુકાળ, ભૂકંપ, જ્વાળામુખી, દાવાનળ વગેરે કુદરતી આપત્તિઓ છે; જ્યારે આગ, ઔદ્યોગિક અકસ્માત, બૉમ્બ વિસ્ફોટ, હુલ્લડ વગેરે માનવસર્જિત આપત્તિઓ છે.

1. કુદરતી આપત્તિઓ :

(1) પૂર : વર્ષાઋતુમાં નદીના ઉપરવાસમાં એકધારો ભારે વરસાદ પડવાથી નદીમાં આવતો પાણીનો ધસમસતો પ્રવાહ 'પૂર' કહેવાય છે. પૂરને લીધે કિનારાના જમીન વિસ્તારો પાણીમાં ડૂબી જાય છે.

પૂર આવે ત્યારે પોતાની કીમતી અને અંગત વસ્તુઓ લઈ સલામત સ્થળે જતા રહેવું; સ્વચ્છ પાણી, સૂકો નાસ્તો, ફાનસ, મીણબત્તી, દીવાસળીની પેટી, રેડિયો, મોબાઇલ વગેરે પોતાની પાસે રાખવાં; બાળકોને ભૂખ્યાં ન રાખવાં; પાણી ઉકાળીને જ પીવું; સાપ અને અન્ય જીવજંતુઓને દૂર રાખવા વાંસની લાકડી સાથે રાખવી.

ખોરાક બનાવવા પૂરના પાણીનો ઉપયોગ ન કરવો તેમજ રસ્તાઓ અને પૂરની પરિસ્થિતિની ચોક્કસ માહિતી મેળવ્યા વિના સલામત સ્થળેથી નીકળવું નહિ.

(2) વાવાઝોડું (ચક્રવાત) : હવાના અસમાન દબાણથી સર્જાતું વિનાશકારી વાવાઝોડું ભારતમાં ચક્રવાત, યૂ.એસ.એ.માં હરિકેન અને ટૉર્નેડો તથા ચીન અને જાપાનમાં ટાઇફૂનના નામે ઓળખાય છે. ભારતના પૂર્વ કિનારે અને કચ્છ-સૌરાષ્ટ્રના કિનારે ચક્રવાત ત્રાટકે છે.

વાવાઝોડું ફુંકાય ત્યારે ટી.વી.ના સમાચાર જોવા; રેડિયો પરથી પ્રસારિત થતા સમાચારો સાંભળવા અને તેનો અમલ કરવો; મોબાઇલ ચાર્જ કરી લેવા; અફવાઓને

અનુસરવું નહિ; વધારાનો ખોરાક, સૂકો નાસ્તો, પીવાનું પાણી વગેરેનો સંગ્રહ કરવો; બધાં માટે દવાની જોગવાઈ કરવી; બચાવતંત્ર દ્વારા અપાતી સૂચનાઓનું પાલન કરવું; પીવા માટે શુદ્ધ પાણી વાપરવું; પાલતુ પ્રાણીઓને ખીલેથી છોડી દેવાં વગેરે.

વાવાઝોડું ફુંકાય ત્યારે ઊડી શકે એવી ચીજવસ્તુઓ છૂટી ન રાખવી; હવામાન વિભાગ દ્વારા અપાતી ચેતવણી સિવાયની વાતો કે અફવાઓ ધ્યાનમાં ન લેવી; ખુલ્લામાં બહાર નીકળવું નહિ; વીજળીના થાંભલા કે વીજળીના છૂટા વાયરને અડકવું નહિ; જાહેરાતનાં મોટાં પાટિયાં કે મોટાં વૃક્ષો નીચે ઊભા રહેવું નહિ વગેરે.

(3) ભૂકંપ : પૃથ્વીના પેટાળમાં થતી ક્રિયાઓને લીધે પૃથ્વીની સપાટીનો નબળો ભાગ આકસ્મિક રીતે વેગથી ધ્રૂજી ઊઠે છે. પૃથ્વીસપાટીની આ આકસ્મિક ધ્રુજારીને 'ભૂકંપ' કહે છે.

ભૂકંપ થાય ત્યારે તમે શાળામાં હો તો પાટલીઓ કે ટેબલની નીચે બેસો; ખુલ્લામાં હો તો મકાનો, વરંડા, વીજળીના થાંભલા અને લાઇનોથી દૂર રહેવું; વાહન ચલાવતા હો તો પુલની નીચે કે ઉપર, વીજળીના થાંભલા કે વીજળીની લાઇન અને ટ્રાફિક સિગ્નલથી વાહન દૂર ઊભું રાખવું તથા વાહનમાં જ બેસી રહેવું; ભૂકંપના આંચકા પછી ઘરમાં નીચે પડી જાય એવી વસ્તુઓથી દૂર ઊભા રહેવું; રેડિયો પરથી પ્રસારિત થતા સમાચાર સાંભળવા વગેરે.

ભૂકંપ સમયે ગભરાઈને બૂમાબૂમ કે નાસભાગ ન કરવી; ઘરમાં નીચે પડતી વસ્તુઓને અટકાવવી નહિ; બહુમાળી મકાનમાંથી નીચે ઉતરવા લિફ્ટનો ઉપયોગ ન કરવો; તમે ઘરમાં હો તો લાકડાનાં કબાટ, તિજોરી, અરીસા કે કાચના ઝુમ્મર નીચે ઊભા ન રહેવું; રસોઈ માટેના ગૅસ લીકેજની ખાતરી કર્યા વિના ઘરમાં દીવાસળી, લાઇટર કે વીજળીનાં સાધનો ચાલુ ન કરવાં, કારણ કે તેનાથી વિસ્ફોટ થઈ શકે છે; તબીબી સારવારની મદદ માટે અને આગની કટોકટી સિવાય ફોન ન કરવા વગેરે.

(4) ત્સુનામી : ત્સુનામી શબ્દ જાપાનીઝ ભાષાનો છે. તેનો અર્થ **વિનાશક મોજાં** એવો થાય છે. સમુદ્રના પેટાળમાં જ્વાળામુખી ફાટવાથી કે ભૂકંપ થવાથી સમુદ્રની સપાટી પર ખૂબ વિશાળ કદનાં, શક્તિશાળી અને અસાધારણ લંબાઈનાં મોજાં ઉત્પન્ન થાય છે; તેને 'ત્સુનામી' કહેવામાં આવે છે.

ત્સુનામી સમયે સૂચના મળતાં જ કિનારાથી દૂર સલામત સ્થળે જતા રહેવું તેમજ રેડિયો પાસે રાખવો અને તેના દ્વારા મળતી સૂચનાઓ મુજબ વર્તવું.

ત્સુનામી સમયે સમુદ્રકિનારે આવેલાં ઊંચાં મકાનોમાં આશ્રય ન લેવો, કારણ કે તે વિનાશક મોજાંથી ધરાશયી થઈ શકે છે. ત્સુનામી ઓસરી જાય એ પછી તંત્ર દ્વારા સૂચના મળે તે પહેલાં કિનારા તરફ ન જવું.

(5) દુકાળ : વર્ષાઋતુમાં વરસાદ આવે જ નહિ કે નહિવત્ વરસાદ આવે ત્યારે પાણીની તીવ્ર અછતની જે પરિસ્થિતિ સર્જાય તેને 'દુકાળ' કહે છે.

દુષ્કાળનો સામનો કરવા માટે ખેતીમાં ટપક સિંચાઈ પદ્ધતિનો વ્યાપ વધારવો; અનાજની માપબંધી કરવી તેમજ સસ્તા દરના અનાજના વિતરણની વ્યવસ્થા કરવી; ઉપલબ્ધ પાણીના પુરવઠાની વપરાશનું આયોજન કરવું; રાહતકામો શરૂ કરવાં; તાકીદનાં કામો સિવાયનાં બાંધકામનાં બીજાં કામો બંધ કરવાં વગેરે.

અનાજનો બગાડ અટકાવવા મોટા ભોજન-સમારંભો બંધ કરવા તેમજ સુખી અને સમૃદ્ધ લોકોએ અનાજ કે ઘાસચારાનો સંગ્રહ ન કરવો.

(6) દાવાનળ : જંગલોમાં લાગતી ભયાનક અને વિનાશકારી આગ 'દાવાનળ' કહેવાય છે. દાવાનળની ઘટના માટે વીજળી પડવી સિવાયનાં બધાં કારણો માટે માણસ જ જવાબદાર છે. હવા અને જલદી સળગી શકે એવું ઈંધણ બંને સૂકાં હોય તો દાવાનળ પ્રગટી શકે છે.

દાવાનળ ન પ્રગટે એ માટે જંગલની આસપાસ રહેતા લોકોએ વનવિભાગની સૂચનાઓ મુજબ જ વર્તવું; સૂકી ઋતુ દરમિયાન જંગલ વિસ્તારમાં પેટ્રોલિંગ ગોઠવવું તેમજ વનવિભાગના કર્મચારીઓને દાવાનળ બુઝાવવાની વિશેષ તાલીમ આપવી.

દાવાનળ ન લાગે એ માટે વન વિસ્તારમાં પ્રવાસ કરતા લોકોએ સળગતી ચીજો તેમજ સિગરેટ-બીડીનાં ઠૂંઠાં ગમે ત્યાં ન ફેંકવાં તથા જંગલ વિસ્તારની નજીક રહેતા લોકોએ વનવિભાગની સૂચનાઓ અવગણવી નહિ.

2. માનવસર્જિત આપત્તિઓ :

(1) ઔદ્યોગિક અકસ્માત : ઔદ્યોગિક વસાહતો, મિલો, કારખાનાં વગેરેમાં અકસ્માતો થાય છે. તેના માટે માનવીની ભૂલો જવાબદાર છે. ઔદ્યોગિક અકસ્માતોથી માણસો અને પશુઓની જાનહાનિ થાય છે તેમજ પર્યાવરણને મોટું નુકસાન થાય છે. **ભોપાલ ગૅસકાંડ :** મધ્ય પ્રદેશ રાજ્યના પાટનગર ભોપાલમાં આવેલા યુનિયન કાર્બાઇડ નામના જંતુનાશક દવાઓ બનાવતા કારખાનાની ટાંકીઓમાંથી 3 ડિસેમ્બર, 1984ના રોજ મીક નામનો અત્યંત ઝેરી વાયુ લગભગ 45 મિનિટ સુધી લીક થતો રહ્યો. તેની જીવલેણ અસરથી શહેરના લગભગ 2500 જેટલા લોકો મૃત્યુ પામ્યા હતા. લગભગ 10,000 જેટલા લોકો કાયમી વિકલાંગ બન્યા હતા; જ્યારે 1.5 લાખ જેટલા લોકો આંશિક વિકલાંગ બન્યા હતા.

ગૅસ ગળતરની ઘટના ન બને તે માટે કારખાનામાં આધુનિક વૉર્નિંગ સિસ્ટમ લગાડવી; સલામતીનાં ઉચ્ચ ધોરણોનું ચુસ્તપણે પાલન કરવું; ગૅસ ગળતર શરૂ થાય તો ગૅસટૅન્કરોને માનવવસાહતોથી દૂર લઈ જવાં : પવનની દિશા જોઈ તેનાથી વિરુદ્ધ દિશામાં દોડી જવું, શારીરિક તકલીફો માટે નજીકના ડૉક્ટર પાસે જવું; બેહોશ કે અશક્ત બનેલી વ્યક્તિઓને તાત્કાલિક દૂર લઈ જવી; ફાયરબ્રિગેડ અને પોલીસતંત્રને જાણ કરવી; બચાવ કામગીરીમાં રોકાયેલાં વાહનોને અવરોધે નહિ તેમ લોકોએ પોતાનાં વાહનો મૂકવાં.

બચાવ કામગીરી ચાલતી હોય ત્યારે બીજા લોકોએ એકઠા ન થવું; ગૅસ ગળતરનો વિસ્તાર સંપૂર્ણ સલામત જાહેર ન થાય ત્યાં સુધી એ વિસ્તારમાં જવું નહિ; બચાવ કામગીરીનું પ્રશિક્ષણ અને તે માટેનો જરૂરી સરંજામ લીધા વિના બચાવ કામગીરીમાં જોડાવું નહિ.

(2) વિષાણુજન્ય રોગ : ડેન્ગ્યુ, ઇબોલા, સ્વાઇન ફ્લૂ, ઇન્ફ્લુએન્ઝા વગેરે વિષાણુજન્ય રોગોથી હજારો લોકોનાં મૃત્યુ થયાં છે. અગાઉના સમયમાં પ્લેગ જેવા રોગથી લાખો લોકો અવસાન પામ્યા હતા. વર્તમાન સમયમાં વૈજ્ઞાનિક શોધખોળો અને રોગપ્રતિકારક રસીઓ તેમજ બચાવ માટેનાં શ્રેષ્ઠ સાધનોને લીધે રોગચાળાના પ્રકોપનો સામનો કરી શકાય છે.

સપ્ટેમ્બર, 1994માં સુરત શહેરમાં પ્લેગના રોગચાળાને અને ઈ. સ. 2015માં ગુજરાત તથા દિલ્લી સહિત દેશના અન્ય ભાગોમાં પ્રસરેલા સ્વાઇન ફ્લૂના રોગચાળાને આરોગ્યતંત્રે ચાંપતાં પગલાં ભરી મોટી જાનહાનિ રોકવામાં સફળતા મેળવી હતી.

વિષાણુજન્ય રોગોથી બચવા માટે રોગપ્રતિકારક રસી મુકાવવી; પ્રચાર માધ્યમો દ્વારા રોગોનાં તમામ પાસાંથી લોકોને માહિતગાર કરવા; હૉસ્પિટલોમાં ચેપી રોગની સારવાર માટે અલાયદા વૉર્ડની વ્યવસ્થા કરવી; વિશ્વ-આરોગ્ય સંસ્થાએ વિષાણુજન્ય રોગો અટકાવવા માટે આપેલી સૂચનાઓ અને માર્ગદર્શન પ્રમાણે પગલાં લેવાં વગેરે.

(3) આતંકવાદી હુમલો : જે લોકો પોતાનો રાજકીય કે ધાર્મિક હેતુ સિદ્ધ કરવા માટે શસ્ત્રો વડે ત્રાસ આપવાની પદ્ધતિ અપનાવી લોકોમાં ભય, ત્રાસ, હિંસા, અસલામતી કે અરાજકતા ફેલાવે છે તેઓ 'આતંકવાદીઓ' કહેવાય છે. તેમણે ઊભું કરેલું વાતાવરણ 'આતંકવાદ' કહેવાય છે.

આતંકવાદ ફેલાવવા આતંકવાદીઓ આ પ્રવૃત્તિઓ કરે છે : (1) આત્મઘાતી હુમલા કરવા; (2) માનવ-બૉમ્બનો ઉપયોગ કરવો; (3) બૉમ્બ ફેંકવા, રૉકેટો છોડવાં અને સુરંગો બિછાવવી; (4) હિટલિસ્ટ બનાવવું; (5) વિમાનો હાઇજૅક કરવાં; (6) વ્યક્તિઓનું અપહરણ કરવું અને તેમને મારી નાખવી; (7) માદક દ્રવ્યોની હેરાફેરી કરી નાણાં એકઠાં કરવાં; (8) ધાર્મિક સ્થળો પર હુમલા કરવા; (9) રેલગાડી કે બસમાં બૉમ્બ મૂકવા વગેરે.

આતંકવાદી હુમલાથી બચવા માટે કોઈ પણ વ્યક્તિની શંકાસ્પદ હિલચાલની પોલીસને જાણ કરવી, જાહેર સ્થળોએ જોવા મળતી બિનવારસી વસ્તુઓને અડકવું નહિ. આ બાબતની જાણ એ સ્થળના સુરક્ષાકર્મીને કરવી, સુરક્ષાના હેતુથી કરવામાં આવતી તપાસ કે અંગજડતીની પ્રક્રિયામાં સહકાર આપવો, ઘરના ભાડુઆત વિશેની નોંધ નજીકના પોલીસ સ્ટેશનમાં કરાવવી, જાહેર સ્થળોએ સી.સી.ટી.વી. કૅમેરા ગોઠવવા, બસ કે ટ્રેનમાં કોઈ બિનવારસી સામાન જોવા મળે તો તેની તાત્કાલિક રેલતંત્રની જવાબદાર વ્યક્તિને જાણ કરવી, પાડોશમાં રહેતી એકલી વ્યક્તિ મોડી રાત સુધી કમ્પ્યૂટર પર શંકાસ્પદ કામ કરતી જોવા મળે તો તેની પોલીસતંત્રને જાણ કરવી, બિનવારસી વાહનોની પોલીસને જાણ કરવી.

આતંકવાદીઓને કોઈ તક ન મળે એ માટે અજાણી વ્યક્તિ કોઈ વસ્તુ કે પાર્સલ આપે તો લેવું નહિ, અજાણી વ્યક્તિને પૂરતી તપાસ કર્યા વિના ઘર ભાડે આપવું નહિ તેમજ અજાણી વ્યક્તિ સાથે ઘર, વાહન કે મોબાઇલની લે-વેચ કરવી નહિ.

વિશ્વની કેટલીક આતંકવાદી ઘટનાઓ :

(1) 11 સપ્ટેમ્બર, 2001ની સવારે 19 જેટલા આતંકવાદીઓએ 4 ઉતારુ જૅટ વિમાનોનું અપહરણ કર્યું. તેમાંનાં બે વિમાનોને ન્યૂ યૉર્ક શહેરના ટ્વીન ટાવર (WTC) સાથે અથડાવ્યાં. તેનાથી લગભગ ત્રણ હજાર નિર્દોષ નાગરિકો મૃત્યુ પામ્યા; જ્યારે લગભગ છ હજારથી વધારે નાગરિકો ઘાયલ થયા. બાકીનાં બે વિમાનો પૈકી એક વિમાનને પૅંટાગોન સાથે અથડાવ્યું અને બીજું વિમાન પેન્સિલ્વેનિયામાં એક ખેતરમાં જઈ પડ્યું.

(2) 13 ડિસેમ્બર, 2001ના રોજ 5 આતંકવાદીઓએ રાજધાની દિલ્લીમાં ભારતના સંસદભવન પર સશસ્ત્ર હુમલો કર્યો. સંસદના સુરક્ષાદળના જવાનોએ જાનને હોડમાં મૂકી હુમલાને નિષ્ફળ બનાવ્યો. આતંકવાદીઓ સાથેની અથડામણમાં 8 જવાનો શહીદ થયા; જ્યારે 16 જવાનો ઘાયલ થયા.

(3) 26 નવેમ્બર, 2008ની મોડી રાત્રે આતંકવાદીઓએ મુંબઈની જાણીતી હૉટલો પર અને ભારે ભીડવાળાં સ્થળોએ શ્રેણીબદ્ધ વિસ્ફોટો તથા અંધાધૂંધ ગોળીબાર કર્યા. તેમાં 166 જેટલા લોકો મૃત્યુ પામ્યા; જ્યારે 137 જેટલા લોકો ઘાયલ થયા.

(4) ડિસેમ્બર 2014માં આતંકવાદીઓએ પાકિસ્તાનના પેશાવર શહેરની આર્મી સ્કૂલમાં આડેધડ ગોળીબાર કરી 132 જેટલાં નિર્દોષ બાળકો સહિત 141 જેટલા લોકોને મોતના મુખમાં ધકેલ્યા હતા.

(5) 13 –14 નવેમ્બર, 2015ના દિવસો દરમિયાન આતંકવાદીઓએ ફ્રાન્સની રાજધાની પૅરિસ શહેરમાં 7 સ્થળોએ વિસ્ફોટો કર્યા. તેમાં 130 જેટલા માણસો મૃત્યુ પામ્યા; જ્યારે 368 જેટલા માણસો ઘાયલ થયા.

(4) હુલ્લડ : હુલ્લડ સમયે અફવાઓથી દોરવાવું નહિ તેમજ તેને ફેલાતી અટકાવવી; મહોલ્લા કે પોળોમાં શાંતિ સમિતિઓ રચવી તેમજ અસરગ્રસ્તોને તમામ પ્રકારની મદદ પહોંચાડવી.

હુલ્લડ સમયે અફવાઓ ફેલાવવામાં નિમિત્ત ન બનવું, સત્તાવાળાઓના આદેશો કે સંચારબંધીનું ઉલ્લંઘન કરવું નહિ તેમજ સોસિયલ મીડિયામાં આવતી આધારહીન અને ભ્રામક વાતો માનવી નહિ તથા તેને ફેલાવવી નહિ.

❁ આપત્તિઓની માનવજીવન પર થતી અસરો :

1. ભૌતિક અસરો : (1) મિલકતોને ભારે નુકસાન થાય છે. (2) આંતરમાળખાકીય સગવડોને ક્ષતિ પહોંચે છે. તેમના પુનઃનિર્માણમાં ખર્ચનું નવેસરથી આયોજન કરવું પડે છે. (3) પૂરને લીધે ઊભો પાક ધોવાઈ જાય છે. ફળદ્રુપ જમીનનું ધોવાણ થતાં ખેતીનું ઉત્પાદન ઘટી જાય છે. કિનારા પરની માલમિલકતને અતિ નુકસાન પહોંચે છે તેમજ જાનહાનિ થાય છે.

2. જનજીવન પર થતી અસરો : (1) આબાલવૃદ્ધનું અકાળે અવસાન થાય છે; કેટલાય લોકો વિકલાંગ બને છે. તંદુરસ્ત માણસોનું સ્વાસ્થ્ય બગડે છે. (2) સ્વજનો ગુમાવવાથી કુટુંબીજનો માનસિક સ્વસ્થતા ગુમાવે છે. (3) અનાથ બાળકોની અને નિરાધાર વૃદ્ધોની હાલત કફોડી બને છે. (4) સામાન્ય લોકોને મુશ્કેલીઓ અને હાડમારીઓ વેઠવી પડે છે.

3. આર્થિક અસરો : (1) નવેસરથી બાંધકામો કરવા માટે નાણાંની જરૂર પડે છે, તેથી વિકાસનાં ચાલુ કામો બંધ કરવાં પડે છે. ચાલુ યોજનાઓ વિલંબમાં મુકાય છે. (2) ઔદ્યોગિક એકમો બંધ થતાં કામદારોની બેરોજગારીનો પ્રશ્ન વિકટ બને છે. (3) અસરગ્રસ્ત લોકોની આર્થિક સ્થિતિ નબળી પડે છે.

4. સામાજિક અસરો : (1) ભયભીત બનેલા લોકોનું સ્થળાંતર થતાં સામાજિક સંબંધોના તાણાવાણા કમજોર બને છે. (2) ધાર્મિક ઉત્સવોની ઉજવણી નીરસ બને છે. લોકોમાં તહેવારનો આનંદ-ઉત્સાહ પ્રગટ થતાં સમય લાગે છે. સામાજિક સંબંધોમાં પરિવર્તન આવતાં સામાજિક સંસ્થાઓનું માળખું શિથિલ બને છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

(1) વિશ્વની કેટલીક આતંકવાદી ઘટનાઓની માહિતી આપો.

ઉત્તર : વિશ્વની કેટલીક આતંકવાદી ઘટનાઓ નીચે મુજબ છે :

(1) 11 સપ્ટેમ્બર, 2001ના દિવસે એક આતંકવાદી સંગઠને યૂ.એસ.એ.માં શ્રેણીબદ્ધ આત્મઘાતી હુમલા કર્યા.

→ તે દિવસે સવારે 19 જેટલા આતંકવાદીઓએ 4 ઉતારુ જેટ વિમાનોનું અપહરણ કર્યું. તેમાંનાં બે વિમાનોને તેમણે ન્યૂ યૉર્ક શહેરના ટ્વીન ટાવર (WTC) સાથે અથડાવ્યાં. તેનાથી ટાવરમાં કામ કરતા લગભગ ત્રણ હજાર જેટલા નિર્દોષ નાગરિકો મોતને ભેટ્યા. મકાનો ધરાશાયી થવાથી લગભગ છ હજારથી વધારે નાગરિકો ઘવાયા. બાકીનાં બે વિમાનો પૈકી એક વિમાનને પૅંટાગોન સાથે અથડાવ્યું અને બીજું વિમાન પેન્સિલ્વેનિયામાં એક ખેતરમાં જઈ પડ્યું.

(2) 13 ડિસેમ્બર, 2001ના રોજ એક આતંકવાદી સંગઠનના 5 આતંકવાદીઓએ રાજધાની દિલ્લીમાં ભારતના સંસદભવન પર સશસ્ત્ર હુમલો કર્યો.

→ લગભગ 45 મિનિટ સુધી તેમણે સંસદના પરિસરમાં આડેધડ ગોળીબાર કર્યા, પરંતુ સંસદના સુરક્ષાદળના જવાનોએ જાનને જોખમમાં મૂકી આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવ્યો. આતંકવાદીઓ સાથેની અથડામણમાં 8 જવાનો શહીદ થયા અને 16 જવાનો ઘાયલ થયા.

(3) 26 નવેમ્બર, 2008ની મોડી રાત્રે આતંકવાદીઓએ મુંબઈની જાણીતી હૉટલો પર અને ભારે ભીડવાળાં સ્થળોએ શ્રેણીબદ્ધ વિસ્ફોટો તથા અંધાધૂંધ ગોળીબારો કર્યા.

→ આ આતંકવાદી હુમલામાં 166 જેટલા લોકો અકાળે મોતને ભેટ્યા અને 137 જેટલા લોકો ઘાયલ થયા.

(4) ડિસેમ્બર, 2014માં આતંકવાદીઓએ પાકિસ્તાનના પેશાવર શહેરની લશ્કરી છાવણીમાં આવેલ આર્મી સ્કૂલમાં આડેધડ ગોળીબાર કરી 132 જેટલાં નિર્દોષ બાળકો સહિત 141 જેટલા લોકોને મોતના મુખમાં ધકેલ્યા હતા.

(5) 13 – 14 નવેમ્બર, 2015ના દિવસો દરમિયાન એક આતંકવાદી સંગઠને ફ્રાન્સની રાજધાની પૅરિસ શહેરમાં 7 સ્થળોએ વિસ્ફોટો કર્યા. તેમાં 130 જેટલા માણસો મોતને ભેટ્યા; જ્યારે 368 જેટલા માણસો ઘાયલ થયા.

(6) 24 સપ્ટેમ્બર, 2002ના રોજ 2 આતંકવાદીઓએ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલ અક્ષરધામ મંદિરની મુલાકાતે

આવેલા લોકો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો. તેમાં 30 જેટલી વ્યક્તિઓ મૃત્યુ પામી હતી; જ્યારે 80 વ્યક્તિઓ ઘાયલ થઈ હતી.

*** (2) આપત્તિની માનવજીવન પર થતી અસરો સવિસ્તર વર્ણવો.**

ઉત્તર : આપત્તિની માનવજીવન પર થતી અસરો નીચે પ્રમાણે છે :

1. આપત્તિની ભૌતિક અસરો :

→ સ્થાવર અને જંગમ મિલકતોને ભારે નુકસાન થાય છે કે નાશ પામે છે.

→ રસ્તાઓ, પુલો, વીજળી, ગૅસ જેવી આંતરમાળખાકીય સગવડોને મોટી ક્ષતિ પહોંચે છે. તેમનું પુનઃનિર્માણ કરતાં સમય લાગે છે તેમજ ખર્ચનું ફરીથી આયોજન કરવું પડે છે.

→ પૂરને લીધે ઊભો પાક ધોવાઈ જાય છે. વળી, ખેતીની ફળદ્રુપ જમીનોનું ભારે ધોવાણ થાય છે, જેથી લાંબા ગાળે ખેતીનું ઉત્પાદન ઘટી જાય છે.

→ નદીમાં અચાનક ઘોડાપૂર આવે છે ત્યારે કિનારા પરની માલમિલકતને અતિ નુકસાન પહોંચે છે તેમજ જાનહાનિ થાય છે.

2. આપત્તિની જનજીવન પર થતી અસરો :

→ નિર્દોષ બાળકો અને સ્ત્રી-પુરુષોનું અકાળે અવસાન થાય છે. કેટલાય લોકો કાયમી વિકલાંગ બને છે.

→ તંદુરસ્ત માણસોનું સ્વાસ્થ્ય બગડે છે.

→ આપત્તિમાં સ્વજનો ગુમાવવાથી કુટુંબીજનો ભારે આઘાત અને હતાશા અનુભવે છે. તેઓ માનસિક સ્વસ્થતા ગુમાવે છે. માનસિક યાતનામાંથી બહાર આવવામાં તેઓને ઘણો સમય લાગે છે.

→ અનાથ બનેલાં બાળકોની અને નિરાધાર બનેલા વૃદ્ધોની હાલત કફોડી બને છે. તેઓની સારસંભાળનો બંદોબસ્ત કરવો ઘણો કઠિન છે.

→ રાબેતા મુજબનું જીવન ખોરવાઈ જતાં સામાન્ય લોકોને અનેક મુશ્કેલીઓ અને હાડમારીઓ વેઠવી પડે છે.

3. આપત્તિની આર્થિક અસરો :

→ આપત્તિ પછી નવેસરથી બાંધકામો કરવા માટે નાણાંની જરૂર પડે છે, તેથી વિકાસનાં ચાલુ કામો બંધ કરવાં પડે છે.

→ નાણાંની અછત ઊભી થતાં ચાલુ યોજનાઓ વિલંબમાં મુકાય છે.

→ ઔદ્યોગિક એકમો ફરીથી ચાલુ કરવામાં આવે ત્યાં સુધી કામદારોની બેરોજગારીનો પ્રશ્ન વિકટ બને છે.

→ આપત્તિગ્રસ્ત વિસ્તારના લોકોની આર્થિક સ્થિતિ નબળી પડે છે.

4. આપત્તિની સામાજિક અસરો :

→ આપત્તિગ્રસ્ત વિસ્તારના ભયભીત થયેલા લોકો સ્થળાંતર કરે છે. તેથી એ વિસ્તારના સામાજિક સંબંધોના તાણાવાણા કમજોર બને છે.

→ ધાર્મિક ઉત્સવોની જાહેર ઉજવણીના પ્રસંગો અગાઉની સરખામણીમાં નીરસ બને છે. લોકોમાં તહેવારનો આનંદ, ઉમંગ અને ઉત્સાહ પ્રગટ થતાં સમય લાગે છે.

→ સામાજિક સંબંધોમાં પરિવર્તન આવવાથી સામાજિક સંસ્થાઓનું માળખું શિથિલ બને છે.

*** (3) આપત્તિ પછીનું પુનઃસ્થાપન – નોંધ લખો.**

ઉત્તર : આપત્તિ પછી સૌપ્રથમ આપત્તિગ્રસ્ત લોકોને શક્ય તેટલી ઝડપથી બચાવવાના હોય છે. એ પછી તેઓને રાહતસામગ્રી પહોંચાડવાની હોય છે અને છેલ્લે તેઓનું પુનર્વસન કરવાનું હોય છે.

→ આપત્તિઓના સ્વરૂપ પ્રમાણે પુનઃસ્થાપનની જરૂરિયાતોના પ્રકાર જુદા જુદા હોય છે.

→ ભૂકંપ, પૂર કે વાવાઝોડા પછી મોટા પાયા પર નવાં મકાનો બાંધવાં પડે છે.

→ દુષ્કાળના સમયે રાહતનાં નવાં કામો શરૂ કરવાં પડે છે. દુષ્કાળ પછીના સમયમાં લોકોને આર્થિક રક્ષણ આપવા માટે નવી રોજગારીઓ ઊભી કરવી પડે છે.

→ નવેસરથી ખેતી કરવા માટે ખેડૂતોને ખેતીનાં ઓજારો, બિયારણો, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ વગેરે ખરીદવા આર્થિક મદદ કરવી પડે છે.

→ વિષાણુજન્ય રોગચાળા પછી લોકો ભવિષ્યમાં રોગચાળાનો ભોગ ન બને એ માટે લોકશિક્ષણ અને લોકજાગૃતિના કાર્યક્રમો યોજવા પડે છે.

→ આંતરમાળખાગત સુવિધાઓનું પુનઃનિર્માણ કરવું પડે છે.

→ આપત્તિમાંથી બચેલી કુટુંબની માત્ર એક-બે વ્યક્તિઓના જીવનને પુનઃધબકતું કરવા સઘન પ્રયાસો કરવા પડે છે.

→ આપત્તિએ વેરેલા વિનાશને નજરે જોનારી વ્યક્તિઓને માનસિક આઘાતમાંથી બહાર લાવવા તેઓને મનોચિકિત્સક ડૉક્ટરોની સમયસર સારવાર આપવી પડે છે. જો તેઓની સારવાર કરવામાં ન આવે તો લાંબા ગાળે તેમના તન-મન પર માઠી અસરો થાય છે.

→ આપત્તિને કારણે કાયમી વિકલાંગ બનેલા લોકોની આજીવિકા માટે તેમને અનુકૂળ વ્યવસાયી તાલીમની વ્યવસ્થા કરવી પડે છે.

આમ, આપત્તિઓ પછીનું પુનઃસ્થાપન એક પડકારરૂપ કાર્ય છે. પરંતુ યોગ્ય આયોજન કરી, તેનો તબક્કાવાર ઝડપી અમલ કરવાથી તેને સફળતાથી પૂરું કરી શકાય છે.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

*** (1) પૂર સમયે શું કરવું જોઈએ?**

ઉત્તર : પૂર સમયે બચવા માટેના પ્રયત્નો નીચે મુજબ છે :

→ પોતાની કીમતી અને અંગત વસ્તુઓ લઈને કોઈ સલામત સ્થળે આશ્રય લેવો.

→ સ્વચ્છ પાણી, સૂકો નાસ્તો, મીણબત્તી, ફાનસ, ભેજ ન લાગે એ માટે પ્લાસ્ટિકની ડબીમાં દીવાસળીની પેટી વગેરે વસ્તુઓ સાથે રાખવી.

→ બાળકોને ભૂખ્યાં ન રાખવાં.

→ પૂર ઓસરી ગયા પછી પાણી ઉકાળીને પીવું.

→ રેડિયો અને મોબાઇલ ફોન અવશ્ય સાથે રાખવા.

→ સાપ કે અન્ય જીવજંતુઓથી સાવધાન રહેવું. તે કોરી અને સૂકી જગ્યામાં આવી શકે છે. તેમને હટાવવા વાંસની લાકડી સાથે રાખવી.

(2) વાવાઝોડા વખતે શું કરવું?

ઉત્તર : વાવાઝોડા વખતે નીચે મુજબ સાવધાનીઓ રાખવી જોઈએ :

→ આવનાર વાવાઝોડાનો ચોક્કસ સમય જાણવા માટે રેડિયો અને ટેલિવિઝન પર સમાચારો સાંભળતા તથા જોતા રહેવું.

→ રેડિયો માટે વધારાની એક બૅટરી પાસે રાખવી.

→ મોબાઇલ ફોન અને પાવર બૅન્ક જેવાં સાધનો ચાર્જ કરી લેવાં.

→ રેડિયો પરથી પ્રસારિત થતી સૂચનાઓ અને ચેતવણીઓ ધ્યાનથી સાંભળવી અને તેનો ચુસ્તપણે અમલ કરવો.

→ અફવાઓ પર ધ્યાન ન આપવું.

→ ખોરાક, સૂકો નાસ્તો, પીવાનું પાણી, વગેરેનો જરૂરિયાત પ્રમાણે સંગ્રહ કરવો.

→ વૃદ્ધો અને બાળકો માટે જરૂરી ખોરાક અને દવાઓની જોગવાઈ રાખવી.

→ બચાવતંત્રે ઘર છોડી દેવા જણાવ્યું હોય તો તેનું તાત્કાલિક પાલન કરી તરત જ સલામત જગ્યાએ જતા રહેવું.

→ પીવા માટે શુદ્ધ અને સલામત પાણી વાપરવું.

→ સરકાર કે સ્વૈચ્છિક સંસ્થાઓના આશ્રયસ્થાનમાં રહેતા હો તો ત્યાંના વ્યવસ્થાપકોની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું.

→ ઢોરઢાંખરને ખીલેથી છોડી મૂકવાં.

→ ઘરની વીજળીની સ્વિચ બંધ કરવી. વીજળીના થાંભલા, મોટાં વૃક્ષો, મકાનો વગેરેથી દૂર ઊભા રહેવું.

(3) વાવાઝોડા વખતે શું ન કરવું?

ઉત્તર : વાવાઝોડા વખતે –

→ ગભરાઈને બૂમાબૂમ કે નાસભાગ ન કરવી.

→ પ્લાસ્ટિક કે પતરાના ડબ્બા કે ડબ્બીઓ છૂટાં ન રાખવાં, કારણ કે પવનથી ઊડીને તે ઈજા પહોંચાડી શકે છે.

→ હવામાન વિભાગ દ્વારા રેડિયો પર આવતી ચેતવણી સિવાયની વાતો કે અફવાઓ પર ધ્યાન ન આપવું.

→ એકાએક વાતાવરણ ચોખ્ખું થઈ જાય, વરસાદ બંધ થઈ જાય તેમજ પવન બંધ થઈ જાય તોપણ ઘરની બહાર ખુલ્લામાં જવું નહિ, અચાનક પવન કે વરસાદ આવી શકે છે.

→ વીજળીના થાંભલા તેમજ વીજળીના છૂટા તારને અડકવું નહિ. તેમનાથી દૂર ઊભા રહેવું.

→ જાહેરાતનાં મોટાં પાટિયાં (હૉર્ડિંગ્સ) અને મોટાં વૃક્ષો પાસે ઊભા ન રહેવું.

(4) ભૂકંપ (ધરતીકંપ) સમયે શું કરવું?

ઉત્તર : ભૂકંપ (ધરતીકંપ) સમયે –

→ તમે શાળામાં હો તો મોટી પાટલીઓ કે ટેબલ નીચે બેસી જવું.

→ તમે બહાર ખુલ્લામાં હો તો મકાનો, વરંડા, વીજળીના થાંભલા અને વીજળીની લાઇનોથી દૂર ઊભા રહેવું.

→ જો તમે વાહન ચલાવતા હોય તો પુલ (બ્રિજ), વીજળીના થાંભલા કે તેની લાઇનો અને ટ્રાફિક સિગ્નલથી તમારું વાહન દૂર ઊભું રાખવું.

→ ભૂકંપના આંચકા પૂરા ન થાય ત્યાં સુધી વાહનમાં જ બેસી રહેવું.

→ ભૂકંપના આંચકા પૂરા થઈ જાય પછી પણ ઘરમાં ફ્રીઝ, દીવાલ પર લગાવેલા ફોટા, છત પરના પંખા (સિલિંગ ફૅન) વગેરેથી દૂર ઊભા રહેવું, કારણ કે તે પાછળથી પણ નીચે પડી શકે છે.

→ માર્ગદર્શન માટે સ્થાનિક રેડિયો સ્ટેશનથી આવતા સમાચારો સાંભળવા.

→ ભૂકંપ સમયે ગભરાઈ ન જવું. ઘરની બહાર સલામત જગ્યાએ પહોંચવું.

→ ઘરમાં વીજળી, ગૅસ વગેરે બંધ કરવાં.

(5) ભૂકંપ (ધરતીકંપ) સમયે શું ન કરવું?

ઉત્તર : ભૂકંપ (ધરતીકંપ) સમયે આ ન કરવું :

→ ભૂકંપ સમયે ગભરાઈ ન જવું. બૂમાબૂમ કે નાસભાગ ન કરવી.

→ ભૂકંપના આંચકાથી નીચે પડતી વસ્તુઓને રોકવાનો પ્રયાસ ન કરવો.

→ બહુમાળી મકાનોમાંથી નીચે ઉતરવા માટે લિફ્ટનો ઉપયોગ ન કરવો.

→ ભૂકંપ સમયે ઘરમાં લાકડાના કબાટ, તિજોરી અને અરીસાની બાજુમાં કે કાચનાં ઝુમ્મર નીચે ઊભા ન રહેવું.

→ ઘરમાં વીજળી, ગૅસ વગેરે ચાલુ ન રાખવાં. ગૅસ ગળતરને લીધે વિસ્ફોટ થઈ શકે છે.

→ તબીબી સારવારની મદદ માટે કે આગ લાગી હોય ત્યારે જ સત્તાવાળાઓને ફોન કરવા. આ સિવાયની બાબતો માટે ફોન ન કરવા, કારણ કે ટેલિફોન નેટવર્ક ઠપ થતાં રાહત અને બચાવની કામગીરી અવરોધાય છે.

→ ખોટી માન્યતાઓ કે અફવાઓથી દોરવાવું નહિ.

*** (6) ત્સુનામી વિશે ટૂંકમાં માહિતી આપો.**

ઉત્તર : 'ત્સુનામી' (Tsunami) જાપાનીઝ ભાષાનો શબ્દ છે. **'ત્સુ'** એટલે બંદર અને **'નામી'** એટલે મોજાં.

→ સમુદ્ર કે મહાસાગરના પેટાળમાં 7ની તીવ્રતાથી વધારે તીવ્રતાવાળો ભૂકંપ આવવાથી અથવા સમુદ્રી જ્વાળામુખી ફાટવાથી કે સમુદ્રીય ભૂસ્ખલનથી સમુદ્ર કે મહાસાગરની સપાટી પર ખૂબ વિશાળ કદનાં, શક્તિશાળી અને અસાધારણ લંબાઈનાં વિનાશક મોજાં ઉત્પન્ન થાય છે. તેને 'ત્સુનામી' કહેવામાં આવે છે.

→ ઘણું કરીને ત્સુનામીની ઉત્પત્તિ સમુદ્રના પેટાળમાં થતા ભૂકંપ દ્વારા થાય છે. તેથી ત્સુનામીને ભૂકંપીય સાગરમોજાં તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ સમુદ્રમાં ભૂકંપ થાય ત્યારે ભૂકંપકેન્દ્રની નજીક ત્સુનામીની અસર ઓછી જણાય છે, પરંતુ આ મોજાં કિનારા પાસે પહોંચતાં ખૂબ ભયાનક બની જાય છે. કિનારા સુધી પહોંચતાં ત્સુનામી મોજાં ક્યારેક 30 મીટર જેટલાં ઊંચાં બની જાય છે.

→ ત્સુનામી મોજાં સમુદ્રકિનારા તરફ એક પછી એક હારબંધ આવતાં રહે છે. સમુદ્રના છિછરા ક્ષેત્રમાંથી પસાર થતાં તે વિનાશક બને છે.

→ તેની ઝડપ કિનારા પાસે ઓછી થઈ જાય છે; જ્યારે ઊંચાઈ વધી જાય છે ત્યારે કિનારાના પ્રદેશોમાં ત્સુનામી મોજાં પાણીની એક ઊંચી દીવાલ બનીને આગળ વધે છે અને ભારે વિનાશ સર્જે છે.

→ 26 ડિસેમ્બર, 2004ના રોજ ભારતે અને 11 માર્ચ, 2011ના રોજ જાપાને ત્સુનામીની ભયંકર હોનારતનો અનુભવ કર્યો છે.

(7) ત્સુનામી સમયે શું કરવું અને શું ન કરવું તે જણાવો.

ઉત્તર : ત્સુનામી સમયે શું કરવું –

→ ત્સુનામીના સમાચારો કે સૂચનાઓ સાંભળતાં જ સમુદ્રકિનારાથી દૂર સલામત જગ્યાએ જતા રહેવું.

→ રેડિયો પોતાની પાસે રાખવો, જેથી સરકારી તંત્ર દ્વારા મળતી સૂચનાઓનો તુર્ત અમલ કરી શકાય.

→ મૅન્ગ્રોવ વનસ્પતિ ત્સુનામીની અસર એકંદરે ઓછી કરે છે. તેથી તેનો વિસ્તાર વધારવા પ્રયત્નો કરવા.

ત્સુનામી સમયે શું ન કરવું –

→ દરિયાકિનારે આવેલાં ઊંચાં મકાનોમાં આશ્રય ન લેવો, કારણ કે તે ત્સુનામીનાં વિનાશક મોજાંથી તે ધરાશાયી થઈ શકે છે.

→ ત્સુનામી ઓસર્યા પછી સરકારી તંત્ર દ્વારા સૂચનાઓ મળે તે પહેલાં દરિયાકિનારે જવું નહિ.

(8) દુષ્કાળ સમયે શું કરવું અને શું ન કરવું તે જણાવો.

ઉત્તર : દુષ્કાળ સમયે શું કરવું –

→ ખેતીમાં ટપક સિંચાઈ પદ્ધતિનો વિસ્તાર વધારવો.

→ સૌને અનાજ મળી રહે તે માટે અનાજની માપબંધી કરવી.

→ ઉપલબ્ધ જળના જથ્થાનો અંદાજ કાઢી તેના વપરાશનું આયોજન કરવું.

→ રાહતકામો શરૂ કરવાં.

→ સસ્તા દરના અનાજના વિતરણની વ્યવસ્થા ઊભી કરવી.

→ જરૂરિયાત સિવાયનાં અન્ય કામો બંધ કરવાં. દા. ત., બાંધકામ પ્રવૃત્તિ બંધ કરવી.

દુષ્કાળ સમયે શું ન કરવું –

→ અનાજનો બગાડ કે બિનજરૂરી વપરાશ અટકાવવા ભોજન-સમારંભો યોજવા નહિ.

→ સુખી અને સમૃદ્ધ નાગરિકોએ અનાજ કે ઘાસચારાની સંગ્રહખોરી ન કરવી.

(9) દાવાનળ એટલે શું? દાવાનળ માટેનાં કારણો જણાવો.

ઉત્તર : જંગલમાં લાગતી વિકરાળ અને વિનાશકારી આગ 'દાવાનળ' કહેવાય છે.

દાવાનળનાં કારણો :

→ જંગલમાં વીજળી પડે છે ત્યારે આગ ઉત્પન્ન થાય છે.

→ બીડી-સિગરેટ પીતી વ્યક્તિઓએ ફેંકેલાં ઠૂંઠાંથી તેમજ પર્યટકો-યાત્રિકોએ કે માલધારીઓએ જંગલમાં છોડી દીધેલી સળગતી ચીજવસ્તુઓથી જંગલમાં આગ લાગે છે.

→ પાનખર ઋતુમાં જંગલમાં એકઠાં થયેલાં સૂકાં પાંદડાં અને સૂકું ઘાસ આગના ઈંધણનું કામ કરે છે.

→ સૂકી હવા અને સળગી જાય એવું ઈંધણ દાવાનળ માટે પાયાનું કારણ છે.

→ વાતાવરણમાં ગરમી હોય, ભેજ ઓછો હોય તેમજ પવનવાળા દિવસો હોય તો જંગલમાં આગ ઝડપથી ફેલાય છે.

→ જંગલનાં કેટલાંક વૃક્ષોમાંથી તૈલીય પદાર્થ ઝરતો હોય છે. તે જ્વલનશીલ હોવાથી આગ ઝડપથી પ્રસરે છે.

(10) જંગલમાં દાવાનળ ન પ્રગટે તે માટે શું કરવું? *અથવા* દાવાનળથી બચવા શું કરી શકાય?

ઉત્તર : જંગલમાં દાવાનળ ન પ્રગટે તે માટે –

→ જંગલ વિસ્તારમાં વનવિભાગની સૂચનાઓ પ્રમાણે વર્તવું.

→ પાનખર ઋતુ દરમિયાન જંગલ ક્ષેત્રમાં ખાસ પેટ્રોલિંગની વ્યવસ્થા કરવી.

→ વનવિભાગના કર્મચારીઓને દાવાનળ બુઝાવવાની ખાસ તાલીમ આપવી.

→ જંગલ વિસ્તારમાં પ્રવાસ કરતી વખતે સળગતી ચીજવસ્તુઓ કે બીડી-સિગરેટનાં ઠૂંઠાં ફેંકવાં નહિ.

→ જંગલ વિસ્તારોની નજીક વસવાટ કરતા લોકોએ વનવિભાગે આપેલી સૂચનાઓ મુજબ જ વર્તવું.

(11) ઔદ્યોગિક અકસ્માત વિશે ટૂંકમાં માહિતી આપો.

ઉત્તર : ઔદ્યોગિક વસાહતો (GIDC), મિલો, કારખાનાઓ વગેરેમાં ઘણી તકેદારીઓ રાખવા છતાં અકસ્માતો થાય છે.

→ ઔદ્યોગિક પ્રક્રિયામાં નાનાં-મોટાં યંત્રોનું સંચાલન અને સારસંભાળ તથા ઉત્પાદનમાં વપરાતી સામગ્રીની હેરફેર, સંગ્રહ અને વિતરણ માણસો જ કરે છે. આ દરેક તબક્કે અકસ્માત થવાની સંભાવના રહેલી છે.

→ ઔદ્યોગિક અકસ્માતોથી ઉદ્યોગમાં કામ કરતા દરેક કક્ષાના કર્મચારીઓની અને કામદારોની જાનહાનિ થાય છે.

→ ઔદ્યોગિક અકસ્માતોથી પર્યાવરણને ઘણું નુકસાન થાય છે. તેનાથી પર્યાવરણ પ્રદૂષિત થાય છે.

(12) ભોપાલ ગૅસકાંડ વિશે માહિતી આપો.

ઉત્તર : ભોપાલ ગૅસકાંડ મધ્ય પ્રદેશના પાટનગર ભોપાલમાં ઈ. સ. 1984માં બન્યો હતો.

→ ભોપાલમાં આવેલ યુનિયન કાર્બાઇડ નામનું કારખાનું જંતુનાશક દવાઓનું ઉત્પાદન કરતું હતું.

→ કારખાનાની ઉત્પાદનની પ્રક્રિયામાં મીક નામનો અત્યંત ઝેરી વાયુનો ઉપયોગ થતો હતો. આ વાયુનો સંગ્રહ કારખાનાની મોટી ટાંકીઓમાં થતો હતો.

→ 3 ડિસેમ્બર, 1984ના રોજ વહેલી સવારે કારખાનાની ટાંકીઓમાંથી મીક વાયુનું ગળતર થયું. તે લગભગ 45 મિનિટ સુધી ચાલુ રહ્યું. મીક વાયુ પલકારામાં ભોપાલ શહેરના ગીચ વિસ્તારોમાં પ્રસરી ગયો તેની જીવલેણ અસરથી આશરે 2500 જેટલી વ્યક્તિઓ મૃત્યુ પામી. આ ઉપરાંત, ઝેરી વાયુથી પીવાનું પાણી, જળાશયો, જમીન, ગર્ભસ્થ શિશુઓ, નવજાત બાળકો, સગર્ભા સ્ત્રીઓ, વૃદ્ધો વગેરે અસરગ્રસ્ત બન્યાં. આશરે 10,000 જેટલી વ્યક્તિઓ કાયમી વિકલાંગ બની; જ્યારે 1.5 લાખ જેટલા લોકો આંશિક રીતે વિકલાંગ બની.

→ આ ઉપરાંત, હજારો પશુ-પક્ષીઓ પણ મૃત્યુ પામ્યાં.

(13) ગૅસ ગળતર ન થાય તે માટે અને ગૅસ ગળતર થાય તો શું કરવું તે જણાવો.

ઉત્તર : ગૅસ ગળતરની ચેતવણી માટે કારખાનામાં આધુનિક વૉર્નિંગ સિસ્ટમનો પ્રબંધ કરવો.

→ કારખાનાના સંચાલન માટે સલામતીના ઉચ્ચ માપદંડો નક્કી કરવા અને તેનું ચુસ્તપણે પાલન કરવું.

→ ગૅસની હેરફેર દરમિયાન ગળતર થાય તો ગૅસટૅન્કરને તાબડતોબ માનવવસાહતોથી દૂર લઈ જવું.

→ ગૅસ ગળતર સમયે પવનની દિશા જોઈને તેનાથી વિરુદ્ધ દિશામાં દોડી જવું.

→ શ્વાસ લેવામાં તકલીફ પડે અને આંખોમાં બળતરા થાય તો તેનો જાતે ઉપચાર કરવાને બદલે તાત્કાલિક નજીકના ડૉક્ટર પાસે પહોંચી જવું.

→ બેહોશ કે અશક્ત થયેલા લોકોને ગૅસના અસરગ્રસ્ત વિસ્તારથી તાત્કાલિક દૂર લઈ જવા.

→ ફાયરબ્રિગેડ અને પોલીસતંત્રને જાણ કરવી.

→ રસ્તામાં બચાવ કામગીરીનાં વાહનોને આપણાં વાહનો અવરોધે નહિ તેમ મૂકવાં.

*** (14) વિષાણુજન્ય રોગોથી બચવાના ઉપાયો લખો.**

ઉત્તર : વિષાણુજન્ય રોગોથી બચવાના ઉપાયો નીચે મુજબ છે :

→ ચેપ ન લાગે તે માટે રોગપ્રતિકારક રસી મુકાવવી.

→ વર્તમાનપત્રો, સામયિકો, ચોપાનિયાં, ભીંતપત્રો વગેરે માધ્યમો દ્વારા રોગોનાં લક્ષણો, કારણો, બચાવ માટેના ઉપચારો, પરિણામો વગેરેથી લોકોને માહિતગાર કરવા.

→ નાની-મોટી હૉસ્પિટલોમાં ચેપી રોગની સારવાર માટે અલાયદા વૉર્ડની વ્યવસ્થા કરવી.

→ વિશ્વ-આરોગ્ય સંસ્થા(WHO)એ વિષાણુજન્ય રોગો અટકાવવા માટે આપેલી સૂચનાઓ અને માર્ગદર્શન પ્રમાણે પગલાં લેવાં.

(15) આતંકવાદ એટલે શું? આતંકવાદ ફેલાવવા આતંકવાદીઓ શું શું કરે છે?

ઉત્તર : જે લોકો પોતાનો રાજકીય કે ધાર્મિક હેતુ સિદ્ધ કરવા માટે શસ્ત્રો વડે ત્રાસ આપવાની પદ્ધતિ અપનાવી લોકોમાં ભય, ત્રાસ, હિંસા, અસલામતી કે અરાજકતા ફેલાવે છે તેઓ 'આતંકવાદીઓ' કહેવાય છે. તેમણે ઊભું કરેલું વાતાવરણ 'આતંકવાદ' કહેવાય છે.

આતંકવાદ ફેલાવવા આતંકવાદીઓ નીચેની પ્રવૃત્તિઓ કરે છે :

→ આત્મઘાતી હુમલા કરવા.

→ માનવબૉમ્બનો હુમલો કરવો.

→ બૉમ્બ ફેંકવા, રૉકેટો છોડવાં અને સુરંગો બિછાવવી.

→ હિટલિસ્ટ બનાવવું.

→ ઘાતક શસ્ત્રો સંતાડવાં અને તેમનો ઉપયોગ કરવો.

→ વિમાનો હાઈજૅક કરવાં.

→ વ્યક્તિઓનું અપહરણ કરવું તેમજ અપહૃત વ્યક્તિઓને અમાનુષી રીતે મારી નાખવી.

→ માફિયા ટોળીઓ રચી માદક દ્રવ્યોની હેરાફેરી કરવી અને નાણાં પડાવવાં.

→ ધાર્મિક સ્થળો પર હુમલા કરવા.

→ બસ કે રેલગાડીમાં બૉમ્બ મૂકવા વગેરે.

(16) આતંકવાદી હુમલાથી બચવા માટે શું કરવું જોઈએ?

ઉત્તર : આતંકવાદી હુમલાથી બચવાના ઉપાયો નીચે મુજબ છે :

→ કોઈ પણ વ્યક્તિની શંકાસ્પદ હિલચાલની પોલીસને જાણ કરવી.

→ શૉપિંગ મૉલ્સ, સિનેમાગૃહો, ધાર્મિક સ્થળો વગેરે જાહેર સ્થળોએ જોવા મળતી બિનવારસી વસ્તુઓને અડકવું નહિ. આ બાબતની એ સ્થળના સુરક્ષાકર્મીને જાણ કરવી.

→ સુરક્ષાના હેતુથી થતી તપાસ કે અંગજડતીની પ્રક્રિયામાં સહકાર આપવો.

→ કાયદાકીય જોગવાઈ મુજબ ઘરના ભાડુઆત વિશેની નોંધ નજીકના પોલીસ મથકે કરાવવી.

→ જાહેર સ્થળોએ સી.સી.ટી.વી. કૅમેરા ગોઠવવા.

→ મુસાફરી દરમિયાન બસ કે ટ્રેનમાં કોઈ બિનવારસી સામાન જોવા મળે તો તેની તાત્કાલિક રેલ સત્તાવાળાઓને જાણ કરવી.

→ પાડોશમાં કોઈ વ્યક્તિ એકલો રહેતો હોય, સ્થાનિક લોકો સાથે ભળતો ન હોય કે મોડી રાત સુધી કમ્પ્યૂટર પર શંકાસ્પદ કામ કરતો હોય તેની પોલીસતંત્રને જાણ કરવી.

→ બિનવારસી વાહનોની પોલીસને જાણ કરવી.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : *[પ્રત્યેકના 2 ગુણ]*

(1) આપત્તિઓના પ્રકાર જણાવો.

ઉત્તર : આપત્તિ-વ્યવસ્થાપનના નિષ્ણાતોએ આપત્તિઓના મુખ્ય બે પ્રકાર પાડ્યા છે : 1. કુદરતી આપત્તિઓ અને 2. માનવસર્જિત આપત્તિઓ.

1. કુદરતી આપત્તિઓ : પૂર, વાવાઝોડું, ત્સુનામી, દુકાળ, ભૂકંપ, જ્વાળામુખી, દાવાનળ વગેરે.

કુદરતી આપત્તિઓના બે પેટાવિભાગ છે : **(i) આગાહી કરી શકાય તેવી આપત્તિઓ;** પૂર, વાવાઝોડું, ત્સુનામી, દુકાળ વગેરે. **(ii) આગાહી ન કરી શકાય તેવી આપત્તિઓ;** ભૂકંપ, જ્વાળામુખી અને દાવાનળ.

2. માનવસર્જિત આપત્તિઓ : આગ, ઔદ્યોગિક અકસ્માત, બૉમ્બ વિસ્ફોટ, હુલ્લડ વગેરે.

*** (2) ગૅસ ગળતર સમયે શું ન કરવું જોઈએ?**

ઉત્તર : (1) ગૅસ ગળતર સમયે બચાવ કામગીરી ચાલતી હોય ત્યારે બીજા લોકોએ ત્યાં એકઠા થવું નહિ. (2) સત્તાવાળાઓ તરફથી ગૅસ ગળતરનો વિસ્તાર સંપૂર્ણપણે સલામત જાહેર ન થાય ત્યાં સુધી તેમાં કોઈએ પ્રવેશ કરવો નહિ. (3) બચાવ કામગીરીની સંપૂર્ણ જાણકારી અને તે માટેના આવશ્યક સરંજામ વગર બચાવની કામગીરીમાં જોડાવું નહિ.

(3) આતંકવાદીઓને તક ન મળે એ માટે શું ન કરવું જોઈએ?

ઉત્તર : (1) કોઈ અજાણી વ્યક્તિ વસ્તુ કે પાર્સલ આપે તો લેવાં નહિ. (2) અજાણી વ્યક્તિ વિશે પૂરી જાણકારી મેળવ્યા વિના તેને ઘર ભાડે આપવું નહિ. (3) અજાણી વ્યક્તિ સાથે મકાન, મોબાઇલ, વાહન વગેરેની લે-વેચ કરવી નહિ.

પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન સંયુક્ત રાજ્ય અમેરિકા(યૂ.એસ.એ.)એ જાપાનનાં કયાં બે શહેરો પર પરમાણુ બૉમ્બ ફેંક્યા હતા?

ઉત્તર : દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન સંયુક્ત રાજ્ય અમેરિકા(યૂ.એસ.એ.)એ જાપાનનાં હિરોશિમા અને નાગાસાકી શહેરો પર પરમાણુ બૉમ્બ ફેંક્યા હતા.

(2) કુદરતી આપત્તિઓનાં નામ આપો.

ઉત્તર : કુદરતી આપત્તિઓનાં નામ : (1) પૂર, (2) વાવાઝોડું, (3) ત્સુનામી, (4) દુકાળ, (5) ભૂકંપ (ધરતીકંપ), (6) જ્વાળામુખી, (7) દાવાનળ અને (8) ભૂસ્ખલન.

(3) આગાહી કરી શકાય તેવી કુદરતી આપત્તિઓ કઈ કઈ છે?

ઉત્તર : આગાહી કરી શકાય તેવી કુદરતી આપત્તિઓ : (1) પૂર, (2) વાવાઝોડું, (3) ત્સુનામી અને (4) દુકાળ.

(4) આગાહી ન કરી શકાય તેવી કુદરતી આપત્તિઓ કઈ કઈ છે?

ઉત્તર : આગાહી ન કરી શકાય તેવી કુદરતી આપત્તિઓ : (1) ભૂકંપ, (2) જ્વાળામુખી, (3) દાવાનળ અને (4) ભૂસ્ખલન.

(5) માનવસર્જિત આપત્તિઓ કઈ કઈ છે?

ઉત્તર : માનવસર્જિત આપત્તિઓ : (1) ઔદ્યોગિક અકસ્માત, (2) બૉમ્બ વિસ્ફોટ અને (3) હુલ્લડ.

(6) 'પૂર' એટલે શું?

ઉત્તર : વર્ષાઋતુમાં નદીના ઉપરવાસમાં એકસામટો ભારે વરસાદ પડવાથી, નદી પરનો બંધ તૂટવાથી કે હિમક્ષેત્રમાં બરફ પીગળવાથી નદીમાં આવતા ધસમસતા પ્રવાહને 'પૂર' કહે છે.

(7) વાવાઝોડું ભારત, યૂ.એસ.એ. અને જાપાનમાં કયાં કયાં નામે ઓળખાય છે?

ઉત્તર : વાવાઝોડું ભારતમાં ચક્રવાત, યૂ.એસ.એ.માં હરિકેન અને ટૉર્નેડો તથા ચીન અને જાપાનમાં ટાઈફૂનના નામે ઓળખાય છે.

(8) ભારતમાં વાવાઝોડાની અસર ક્યાં અનુભવાય છે?

ઉત્તર : ભારતમાં વાવાઝોડાની અસર દેશના પૂર્વકિનારે અને કચ્છ તથા સૌરાષ્ટ્રના કિનારે અનુભવાય છે.

(9) ભૂકંપ એટલે શું?

ઉત્તર : પૃથ્વીના પેટાળમાં થતી ભૂગર્ભિક ક્રિયાઓને લીધે પૃથ્વીસપાટીનો અમુક નબળો ભાગ આકસ્મિક રીતે વેગથી ધ્રૂજી ઊઠે છે. તેને 'ભૂકંપ' કે 'ધરતીકંપ' કહે છે.

(10) ત્સુનામી (Tsunami) એટલે શું?

ઉત્તર : 'ત્સુનામી' જાપાનીઝ ભાષાનો શબ્દ છે. 'ત્સુ' એટલે બંદર અને 'નામી' એટલે મોજાં. સમુદ્રના પેટાળમાં જ્વાળામુખી ફાટવાથી કે ભૂકંપ આવવાથી સમુદ્રની સપાટી પર ખૂબ વિશાળ કદનાં, શક્તિશાળી અને અસાધારણ લંબાઈનાં મોજાં ઉત્પન્ન થાય છે. તેમને 'ત્સુનામી' કહેવામાં આવે છે.

(11) ત્સુનામીની મહાવિનાશક અસરનું એક દૃષ્ટાંત આપો.

ઉત્તર : 26 ડિસેમ્બર, 2004ના રોજ હિંદ મહાસાગરમાં આવેલા મહાવિનાશક ત્સુનામીએ થાઈલૅન્ડ, ઇન્ડોનેશિયા, ભારત, શ્રીલંકા સહિતના દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોના આશરે 2 લાખથી વધારે લોકોનો ભોગ લીધો હતો.

(12) દુકાળ એટલે શું?

ઉત્તર : વર્ષાઋતુના સમયમાં વરસાદ આવે જ નહિ અથવા બહુ ઓછો આવે ત્યારે પાણીની તીવ્ર અછતની જે પરિસ્થિતિ સર્જાય છે, તેને 'દુકાળ' કે 'દુષ્કાળ' કહેવામાં આવે છે.

(13) દુષ્કાળના સમયે ખેતીમાં કઈ સિંચાઈ પદ્ધતિનો વ્યાપ વધારવો જોઈએ?

ઉત્તર : દુષ્કાળના સમયે ખેતીમાં ટપક સિંચાઈ પદ્ધતિનો વ્યાપ વધારવો જોઈએ.

(14) દાવાનળ એટલે શું?

ઉત્તર : જંગલોમાં ફેલાયેલી આગને 'દાવાનળ' કહે છે.

(15) માનવસર્જિત આપત્તિઓ કોને કહે છે?

ઉત્તર : માનવે પ્રત્યક્ષ કે પરોક્ષ, જાણતાં કે અજાણતાં કરેલ ભૂલોથી તેમજ તેની બેદરકારી, અસાવધાની કે અજ્ઞાનને લીધે ઉદ્ભવતી

દુર્ઘટનાઓથી જાનમાલને ભારે નુકસાન થાય છે. આવી દુર્ઘટનાઓને 'માનવસર્જિત આપત્તિઓ' કહે છે.

(16) ભોપાલ ગૅસકાંડ ક્યારે બન્યો હતો?

ઉત્તર : ભોપાલ ગૅસકાંડ 3 ડિસેમ્બર, 1984ની વહેલી સવારે બન્યો હતો.

(17) યૂ.એસ.એ.માં એક આતંકવાદી સંગઠને ક્યારે આત્મઘાતી હુમલાઓ કર્યા હતા?

ઉત્તર : યૂ.એસ.એ.માં એક આતંકવાદી સંગઠને 11 સપ્ટેમ્બર, 2001ના રોજ આત્મઘાતી હુમલાઓ કર્યા હતા.

(18) એક આતંકવાદી સંગઠનના આતંકવાદીઓએ ભારતની સંસદ પર ક્યારે હુમલો કર્યો હતો?

ઉત્તર : એક આતંકવાદી સંગઠનના આતંકવાદીઓએ ભારતની સંસદ પર 13 ડિસેમ્બર, 2001ના રોજ હુમલો કર્યો હતો.

(19) આતંકવાદીઓએ ક્યારે અને ક્યાં કરેલ હુમલામાં 132 નિર્દોષ બાળકો સહિત કુલ 141 વ્યક્તિઓ મૃત્યુ પામી હતી?

ઉત્તર : ડિસેમ્બર, 2014માં પાકિસ્તાનના પેશાવર શહેરના લશ્કરી છાવણીમાં આવેલી આર્મી સ્કૂલમાં આતંકવાદીઓએ કરેલા હુમલામાં 132 નિર્દોષ બાળકો સહિત કુલ 141 વ્યક્તિઓ મૃત્યુ પામી હતી.

(20) આપત્તિઓની જનજીવન પર થતી એક અસર જણાવો.

ઉત્તર : આપત્તિઓની જનજીવન પર થતી એક અસર : અનેક લોકો મૃત્યુ પામે છે અને કેટલાય લોકો કાયમી વિકલાંગ બને છે.

(21) આપત્તિઓની એક આર્થિક અસર જણાવો.

ઉત્તર : આપત્તિઓની એક આર્થિક અસર : આપત્તિ પછી પુનઃ-નિર્માણ માટે પ્રમાણમાં મોટા નાણાભંડોળની વ્યવસ્થા કરવી પડે છે. પરિણામે વિકાસનાં ચાલુ કામોની ગતિ મંદ પડે છે.

પ્રશ્ન 5. કારણો આપી વિધાનો પૂરાં કરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) નદીમાં પૂર આવે છે, કારણ કે ...

ઉત્તર : વર્ષાઋતુમાં નદીના ઉપરવાસમાં એકસામટો ભારે વરસાદ પડવાથી કે નદી પરનો બંધ તૂટવાથી કે હિમક્ષેત્રમાં બરફ પીગળવાથી નદીમાં ખૂબ પાણી આવે છે.

(2) વાવાઝોડું સર્જાય છે, કારણ કે ...

ઉત્તર : વાવાઝોડું હવાના દબાણની અસમતુલાથી સર્જાય છે. જ્યારે દરિયાકિનારાના પ્રદેશોમાં હવાનું ભારે દબાણ અને સમુદ્ર કે મહાસાગર પર હવાનું હલકું દબાણ ઉત્પન્ન થાય ત્યારે વાવાઝોડાની પરિસ્થિતિ સર્જાય છે.

(3) ભૂકંપ થાય છે, કારણ કે ...

ઉત્તર : પૃથ્વીના પેટાળમાં થતી ભૂગર્ભિક ક્રિયાઓને લીધે પૃથ્વીસપાટીનો અમુક નબળો ભાગ આકસ્મિક રીતે વેગથી ધ્રૂજી ઊઠે છે.

(4) ત્સુનામી (Tsunami) ઉત્પન્ન થાય છે, કારણ કે ...

ઉત્તર : સમુદ્રના પેટાળમાં જ્વાળામુખી ફાટવાથી કે ભૂકંપ આવવાથી સમુદ્રની સપાટી પર ખૂબ વિશાળ કદનાં, શક્તિશાળી અને અસાધારણ લંબાઈનાં મોજાં ઉત્પન્ન થાય છે. તેને 'ત્સુનામી' કહેવામાં આવે છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) પૂરની ઘટના ..... સાથે જોડાયેલી છે.
A. પર્વત B. નદી C. ભૂકંપ

(2) વાવાઝોડું જાપાનમાં ..... નામે ઓળખાય છે.
A. હરિકેન B. ટૉર્નેડો C. ટાઇફૂન

(3) ભૂકંપથી બચવા માટે નવાં મકાનો ભૂકંપ ..... તરાહનાં બનાવવાં જોઈએ.
A. પ્રતિરોધક B. પ્રતિશોધક C. નિરોધક

(4) ત્સુનામી શબ્દનો અર્થ જાપાનીઝ ભાષામાં ..... થાય છે.
A. તોફાની મોજાં B. વિનાશક મોજાં C. ઝડપી મોજાં

(5) જંગલોમાં લાગતી આગ ..... કહેવાય છે.
A. દાવાનળ B. જંગલી આગ C. જ્વલનશીલ આગ

(6) યુનિયન કાર્બાઇડ કારખાનામાં જંતુનાશક દવાઓના ઉત્પાદનની પ્રક્રિયામાં ..... નામનો ઝેરી વાયુ વપરાતો હતો.
A. નીક B. કાર્બન C. મીક

(7) 13 ડિસેમ્બર, 2001ના રોજ 5 આતંકવાદીઓએ દિલ્લીમાં ..... પર હુમલો કર્યો હતો.
A. લાલ કિલ્લા B. ભારતીય સંસદ C. ગેઇટ વે ઑફ ઇન્ડિયા

(8) આપત્તિઓ પછીનું ..... એક પડકારજનક કાર્ય છે.
A. પુનઃસ્થાપન B. વિસ્થાપન C. નિર્માણ

(9) અમેરિકામાં વાવાઝોડું ..... અને ..... નામે ઓળખાય છે.
A. હરિકેન, ટાઇફૂન B. હરિકેન, ટૉર્નેડો C. ટાઇફૂન, ટૉર્નેડો

(10) બહુધા પૃથ્વીના પેટાળમાં થતી ..... ક્રિયાઓને પરિણામે ભૂકંપો અનુભવાય છે.
A. ભૂકંપીય B. ભૂકંપનીય C. ભૂગર્ભિક

ઉત્તર : (1) નદી (2) ટાઇફૂન (3) પ્રતિરોધક (4) વિનાશક મોજાં (5) દાવાનળ (6) મીક (7) ભારતીય સંસદ (8) પુનઃસ્થાપન (9) હરિકેન, ટૉર્નેડો (10) ભૂગર્ભિક

---

(11) સમુદ્રમાં પેદા થતાં વિનાશક શક્તિશાળી મોજાંને ..... કહે છે.
A. ત્સુસુકી B. સુત્સુકી C. ત્સુનામી

(12) .....ની પરિસ્થિતિ પાણીના અભાવને લીધે સર્જાય છે.
A. ભૂખમરા B. અછત C. જાનહાનિ

(13) આપત્તિ બાદ ..... માટે મોટા પ્રમાણમાં નાણાંભંડોળની વ્યવસ્થા કરવી પડે છે.
A. સુવિધાઓ B. વ્યવસ્થા C. પુનઃનિર્માણ

ઉત્તર : (11) ત્સુનામી (12) અછત (13) પુનઃનિર્માણ

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) પૂર એક કુદરતી ઘટના છે.
(2) ત્સુનામી એક માનવસર્જિત ઘટના છે.
(3) ભૂકંપની ચોક્કસ આગાહી કરી શકાય છે.
(4) જંગલમાં દાવાનળ વર્ષાઋતુ દરમિયાન પ્રગટે છે.
(5) સામાન્ય રોગો કરતાં વિષાણુજન્ય રોગોના દર્દીઓની સંખ્યા ઝડપથી વધે છે.
(6) હુલ્લડો દેશની એકતા અને અખંડિતતા માટે પડકારરૂપ છે.
(7) બૉમ્બ વિસ્ફોટ એ કુદરતી આપત્તિ નથી.
(8) પૂર ઓસર્યા પછી ઉકાળેલા પાણીથી બનાવેલ ખોરાક ન ખાવો.
(9) વાતાવરણના વિક્ષોભથી રચાતા તોફાની પવનો સંયુક્ત રાજ્ય અમેરિકામાં ટાઇફૂનના નામે ઓળખાય છે.

ઉત્તર : (1) ખરું (2) ખોટું (3) ખોટું (4) ખોટું (5) ખરું (6) ખરું (7) ખરું (8) ખોટું (9) ખોટું

---

(10) વાતાવરણના વિક્ષોભથી રચાતા તોફાની પવનો જાપાનમાં હરિકેનના નામે ઓળખાય છે.
(11) વાતાવરણના વિક્ષોભથી રચાતા તોફાની પવનો ભારતમાં ટૉર્નેડોના નામે ઓળખાય છે.
(12) ત્સુનામી શબ્દનો અર્થ જાપાનીઝ ભાષામાં વિનાશક મોજાં એવો થાય છે.
(13) પાણીના અભાવને લીધે અછતની પરિસ્થિતિ સર્જાય છે.
(14) ભોપાલ ગૅસકાંડ ગુજરાત રાજ્યમાં બન્યો હતો.
(15) સ્વાઇન ફ્લૂ વિષાણુજન્ય રોગ નથી.
(16) 13 ડિસેમ્બર, 2001ના રોજ એક આતંકવાદી જૂથના 5 આતંકવાદીઓએ ભારતની સંસદ પર હુમલો કર્યો હતો.
(17) ડિસેમ્બર, 2014માં પાકિસ્તાનના લાહોર શહેરમાં આતંકવાદીઓએ મોટો હુમલો કર્યો હતો.

ઉત્તર : (10) ખોટું (11) ખોટું (12) ખરું (13) ખરું (14) ખોટું (15) ખોટું (16) ખરું (17) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો :
[પ્રત્યેકનો 1 ગુણ]

(1) લોકો પૂરની ઘટનાને મોટા ભાગે કોની સાથે જોડે છે?
– નદી સાથે

(2) વાતાવરણના વિક્ષોભથી રચાતા તોફાની પવનો યૂ.એસ.એ.માં કયા નામે ઓળખાય છે? **– હરિકેન અને ટૉર્નેડો**

(3) ચીન અને જાપાનના દરિયાકિનારે કયા તોફાની પવનો ત્રાટકે છે?
– ટાઇફૂન

(4) મહાસાગર કે સમુદ્રમાં પેદા થતાં વિનાશક શક્તિશાળી મોજાંને શું કહે છે? **– ત્સુનામી**

(5) ત્સુનામીની ઉત્પત્તિ મોટા ભાગે કોના દ્વારા જ થાય છે?
– સમુદ્રતળના ભૂકંપો

(6) ત્સુનામીને કયાં મોજાં તરીકે પણ ઓળખવામાં આવે છે?
– ભૂકંપીય સાગરમોજાં

(7) કઈ આપત્તિ એ અત્યંત વિનાશકારી લાંબા સમય સુધીનો પ્રભાવી કુદરતી પ્રકોપ છે? **– દુષ્કાળ**

(8) કઈ કુદરતી આપત્તિ સમયે મોટા ભોજન-સમારંભો ન યોજવા જોઈએ? **– દુષ્કાળ**

(9) જંગલોમાં લાગતી આગને શું કહેવાય? **– દાવાનળ**

(10) ભોપાલ ગૅસકાંડમાં કયો ઝેરી વાયુ ગળતર થયો હતો? **– મીક**

(11) પ્લેગ એ કયા પ્રકારનો રોગ છે? **– વિષાણુજન્ય**

(12) ડેન્ગ્યુ, ઈબોલા, સ્વાઇન ફ્લૂ, ઇન્ફ્લુએન્ઝા વગેરે કયા પ્રકારના રોગો છે? **– વિષાણુજન્ય**

(13) માનવતાનો દુશ્મન કોણ છે? **– આતંકવાદ**

(14) ભારતમાં 13 ડિસેમ્બર, 2008ના રોજ આતંકવાદીઓએ કોની પર હુમલો કર્યો હતો? **– ભારતની સંસદ પર**

(15) આપત્તિ પછી કઈ કામગીરી પ્રથમ ક્રમે આવે છે? **– બચાવની**

(16) આપત્તિ પછી કઈ કામગીરીનો ક્રમ છેલ્લો આવે છે?
– પુનઃસ્થાપનની

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. કુદરતી આપત્તિ	a. ટૉર્નેડો
2. માનવસર્જિત આપત્તિ	b. 13 ડિસેમ્બર, 2001
3. યૂ.એસ.એ.માં વાવાઝોડું	c. જ્વાળામુખી
4. હિંદ મહાસાગરમાં ત્સુનામી	d. 26 ડિસેમ્બર, 2004
	e. બૉમ્બ વિસ્ફોટ

ઉત્તર : (1 – c), (2 – e), (3 – a), (4 – d).

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

* **1.** નીચેનામાંથી કઈ આપત્તિ માનવસર્જિત છે?
A. ભૂકંપ B. ચક્રવાત C. પૂર D. હુલ્લડ

* **2.** મોટે ભાગે લોકો પૂરની ઘટનાને શેની સાથે જોડે છે?
A. નદી B. મહાસાગર C. પર્વત D. ટાપુ

* **3.** પૂર ઓસર્યા બાદ પીવા માટે કેવું પાણી વાપરશો?
A. બે વાર ગાળેલું B. વહેતા પ્રવાહનું
C. ચોખ્ખું દેખાતું D. ઉકાળેલું

4. વાતાવરણના વિક્ષોભથી રચાતા તોફાની પવનો ભારતીય ઉપમહાદ્વીપમાં કયા નામે ઓળખાય છે?
A. ટાઈફૂન B. ચક્રવાત C. હરિકેન D. ટૉર્નેડો

* **5.** વાતાવરણના વિક્ષોભથી રચાતા તોફાની પવનો સંયુક્ત રાજ્ય અમેરિકામાં ...
A. ટાઈફૂન B. હરિકેન C. વિલિ-વિલિ D. ટૉર્નેડો

6. વાતાવરણના વિક્ષોભથી રચાતા તોફાની પવનો સંયુક્ત રાજ્ય અમેરિકા(યૂ.એસ.એ.)માં કયા નામે ઓળખાય છે?
A. હેરિઝોન B. હરિકેન C. ટાઈફૂન D. હોનાવર

7. વાતાવરણના વિક્ષોભથી રચાતા તોફાની પવનો જાપાનમાં કયા નામે ઓળખાય છે?
A. ટૉર્નેડો B. હરિકેન C. ટાઈફૂન D. ટેરેઝિના

* **8.** ત્સુનામી શબ્દનો અર્થ જાપાનીઝ ભાષામાં ...
A. ભરતી મોજાં B. ભમ્મરિયાં મોજાં
C. વિનાશક મોજાં D. ભૂકંપીય મોજાં

9. ત્સુનામીની ઉત્પત્તિ મોટે ભાગે ...
A. સમુદ્રતળના ભૂકંપો દ્વારા જ થાય છે.
B. સમુદ્રી ટાપુ ડૂબી જવાથી જ થાય છે.
C. ઘોઘમાર વર્ષાથી જ થાય છે.
D. પ્રચંડ વાતાવરણીય તોફાનો દ્વારા જ થાય છે.

10. 26 ડિસેમ્બર, 2004ના રોજ કયા મહાસાગરમાં આવેલા મહાવિનાશક ત્સુનામીએ આશરે 2 લાખથી વધારે લોકોનો ભોગ લીધો હતો?
A. પૅસિફિક મહાસાગર B. હિંદ મહાસાગર
C. ઉત્તર ઍટલૅંટિક મહાસાગર D. દક્ષિણ ઍટલૅંટિક મહાસાગર

ઉત્તર : **1.** હુલ્લડ **2.** નદી **3.** ઉકાળેલું
4. ચક્રવાત **5.** ટૉર્નેડો **6.** હરિકેન
7. ટાઈફૂન **8.** વિનાશક મોજાં
9. સમુદ્રતળના ભૂકંપો દ્વારા જ થાય છે.
10. હિંદ મહાસાગર

---

11. પાણીના અભાવને લીધે કઈ પરિસ્થિતિ સર્જાય છે?
A. અનાજના બગાડની B. અછતની
C. છતની D. તબીબી સારવારની

12. ભોપાલ ગૅસકાંડ કયા રાજ્યમાં બન્યો હતો?
A. મહારાષ્ટ્ર B. ઉત્તર પ્રદેશ C. હરિયાણા D. મધ્ય પ્રદેશ

* **13.** ભોપાલ ગૅસકાંડમાં ગળતર થયેલો વાયુ ...
A. ઓઝોન B. મીક C. સલ્ફર ડાયૉક્સાઇડ D. મિથેન

14. નીચેનામાંથી કયો રોગ વિષાણુજન્ય રોગ નથી?
A. ઇન્ફ્લુએન્ઝા B. ઇબોલા C. ડેન્ગ્યુ D. પ્લેગ

15. 11 સપ્ટેમ્બર, 2001ના રોજ કયા દેશમાં આતંકવાદી સંગઠન દ્વારા શ્રેણીબદ્ધ આત્મઘાતી હુમલાઓ થયા હતા?
A. સંયુક્ત રાજ્ય અમેરિકામાં B. ગ્રેટબ્રિટનમાં
C. ફ્રાન્સમાં D. ભારતમાં

16. એક આતંકવાદી જૂથના 5 આતંકવાદીઓએ ભારતની સંસદ પર ક્યારે હુમલો કર્યો હતો?
A. 13 ડિસેમ્બર, 2005ના રોજ
B. 26 જાન્યુઆરી, 2001ના રોજ
C. 26 નવેમ્બર, 2008ના રોજ
D. 13 ડિસેમ્બર, 2001ના રોજ

17. નીચેનામાંથી કઈ આપત્તિ કુદરતી આપત્તિ છે?
A. બૉમ્બ વિસ્ફોટ B. ભૂકંપ C. હુલ્લડ D. આગ

18. નીચેનામાંથી કઈ આપત્તિ કુદરતી આપત્તિ નથી?
A. ત્સુનામી B. દાવાનળ
C. જ્વાળામુખી D. હુલ્લડ

19. પૂર ઓસર્યા પછી કયો ખોરાક ન ખાવો?
A. ઉકાળેલા પાણીથી બનાવેલ
B. ગાળેલા પાણીથી બનાવેલ
C. પૂરના પાણીથી બનાવેલ
D. ચોખ્ખા દેખાતા પાણીથી બનાવેલ

20. ભારતમાં નીચેનામાંથી કયા પ્રદેશમાં ચક્રવાતની વિધ્વંસક અસરો અનુભવાય છે?
A. કચ્છ-સૌરાષ્ટ્રના કિનારે B. મલબાર કિનારે
C. કોંકણ કિનારે D. ખંભાતના અખાતમાં

ઉત્તર : **11.** અછતની **12.** મધ્ય પ્રદેશ
13. મીક **14.** પ્લેગ
15. સંયુક્ત રાજ્ય અમેરિકામાં
16. 13 ડિસેમ્બર, 2001ના રોજ
17. ભૂકંપ **18.** હુલ્લડ
19. પૂરના પાણીથી બનાવેલ
20. કચ્છ-સૌરાષ્ટ્રના કિનારે

---

21. આગાહી કરી શકાય તેવી આપત્તિ કઈ છે?
A. દુકાળ B. ભૂકંપ C. દાવાનળ D. ઔદ્યોગિક અકસ્માત

22. માનવસર્જિત આપત્તિ કઈ છે?
A. પૂર B. બૉમ્બ વિસ્ફોટ C. દાવાનળ D. દુકાળ

23. નીચેનામાંથી કયો રોગ વિષાણુજન્ય રોગ છે?
A. સ્વાઇન ફ્લૂ B. મલેરિયા C. ટાઇફૉઇડ D. કૉલેરા

24. વિષાણુજન્ય રોગોથી બચવાના ઉપાયોમાં એક ઉપાય સાચો નથી તે ...

A. રોગની ફાયરબ્રિગેડ અને પોલીસને જાણ કરવી.

B. તેના માટેની રોગપ્રતિકારક રસી લેવી.

C. ચેપ ન લાગે તેની સાવચેતી રાખવી.

D. હૉસ્પિટલમાં દર્દીઓની સારવાર માટે અલાયદા (અલગ) વૉર્ડની વ્યવસ્થા કરવી.

25. નીચેનામાંથી કઈ આપત્તિ કુદરતી આપત્તિ છે?

A. ઔદ્યોગિક અકસ્માત B. જ્વાળામુખી

C. હુલ્લડ D. આગ

26. નીચેનામાંથી કઈ આપત્તિ માનવસર્જિત આપત્તિ છે?

A. ત્સુનામી B. પૂર

C. ઔદ્યોગિક અકસ્માત D. જ્વાળામુખી

27. નીચેનામાંથી કઈ આપત્તિ કુદરતી આપત્તિ છે?

A. આગ B. હુલ્લડ

C. ઔદ્યોગિક અકસ્માત D. દાવાનળ

ઉત્તર : 21. દુકાળ

22. બૉમ્બ વિસ્ફોટ

23. સ્વાઈન ફ્લૂ

24. હૉસ્પિટલમાં દર્દીઓની સારવાર માટે અલાયદા (અલગ) વૉર્ડની વ્યવસ્થા કરવી.

25. જ્વાળામુખી

26. ઔદ્યોગિક અકસ્માત

27. દાવાનળ

21 ભારતીય કૃષિનો ઇતિહાસ અને પ્રાકૃતિક ખેતીનો પરિચય

પ્રકરણસાર

- **ભારતીય કૃષિનો ઇતિહાસ :** પ્રારંભિક જીવનમાં માનવી ખોરાકની શોધમાં ભટકતું જીવન જીવતો હતો. સમય જતાં તે નદીકિનારે સ્થાયી થયો. તે વિવિધ પાકો ઉગાડતો થયો. ઋષિઓના કર્મયોગ-માર્ગદર્શનથી તે સમૂહમાં જીવવા લાગ્યો. તેમાંથી કુટુંબવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા નિર્માણ પામી અને વિકસિત થઈ. ધીરે ધીરે માનવ-સભ્યતા અને માનવ-સંસ્કૃતિનું નિર્માણ થયું. તેથી ભારતીય સંસ્કૃતિને 'ઋષિ-કૃષિની સંસ્કૃતિ' પણ કહેવામાં આવે છે.
- **પ્રાચીન આત્મનિર્ભર ગ્રામ્ય વ્યવસ્થા :** આઝાદી પહેલાં ભારતનો ખેડૂત પરંપરાગત ખેતી કરતો હતો. ખેતી માટેનાં સંસાધનો તેને ગામડામાંથી જ મળી રહેતાં. પશુપાલન દ્વારા છાણિયું ખાતર, સંયુક્ત કુટુંબોને લીધે માણસો, બિયારણના સંગ્રહ દ્વારા બીજ વગેરે ખેડૂતને પોતાની પાસેથી મળી રહેતાં હતાં; એટલે કે આ બાબતો માટે તે આત્મનિર્ભર હતો. તે સમયનાં ગામડાં પણ આત્મનિર્ભર હતાં. એકંદરે ગ્રામ્ય અર્થતંત્ર આત્મનિર્ભર હતું. વિનિમય પ્રથા દ્વારા ગામડાના લોકો વસ્તુઓની આપ-લે કરી લેતા હતા. તેથી ગ્રામજનોને જીવનજરૂરિયાતની વસ્તુઓ સરળતાથી મળી રહેતી હતી.
- **હરિયાળી ક્રાંતિનો ઉદ્ભવ :** આઝાદી પછી આપણો દેશ અનાજ માટે સ્વનિર્ભર બને એ માટેના અથાગ પ્રયત્નોને લીધે દેશમાં 'હરિયાળી ક્રાંતિ'નો ઉદ્ભવ થયો છે.
- હાઇબ્રિડ બિયારણો, રાસાયણિક ખાતરો, જંતુનાશકો વગેરેના ઉપયોગથી અનાજ(મુખ્યત્વે ઘઉં અને ડાંગર)ના ઉત્પાદનમાં જે વધારો થયો તેને 'હરિયાળી ક્રાંતિ' તરીકે ઓળખવામાં આવે છે.
- સઘન ખેતીની પદ્ધતિમાં વધુ ઉત્પાદન મેળવવાની લાલચમાં ખેડૂતો આડેધડ રાસાયણિક ખાતરો, જંતુનાશકો તેમજ પિયત પાણીનો ઉપયોગ કરવા લાગ્યા. પરિણામે ખેતીમાં અનેક આડઅસરો ઊભી થઈ.
- **હરિયાળી ક્રાંતિનાં પરિણામો :** જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં રસાયણોના ઉપયોગથી ખેડૂતોનો ખેતી-ખર્ચ વધતો ગયો. વર્ષ દરમિયાન એક જ જમીનમાં એક કરતાં વધુ પાક લેવા અને એક જ પ્રકારનાં ખાતરોના ઉપયોગને લીધે સૂક્ષ્મ પોષક તત્ત્વોયુક્ત ખાતરો અને જમીન-સુધારકોની જરૂરિયાત સમયાંતરે વધતી ગઈ. આમ, રાસાયણિક ખેતીને લીધે જમીન સખત બનતાં વિવિધ પાકો લેવા માટે યાંત્રિક ખેતી-ખર્ચમાં વધારો થયો. વધુ પડતા પિયતથી જમીનમાં પાણીમાં રહેલા ક્ષારનું પ્રમાણ વધવાથી ઉત્પાદનમાં પણ ઘટાડો થયો.
- રાસાયણિક ખેતીમાં ફક્ત રાસાયણિક ખાતરોનો ઉપયોગ થાય છે. તેથી ધીરે ધીરે જમીનની ફળદ્રુપતા ઘટતાં ઉત્પાદકતા ઘટતી ગઈ.
- રાસાયણિક ખેતીમાં અપૂરતાં સેન્દ્રિય ખાતરોના જથ્થાને લીધે જમીનની ભેજસંગ્રહ-શક્તિ ઘટતી ગઈ. પરિણામે કૃષિક્ષેત્રે પાણીનો વધુ ઉપયોગ કરવો પડ્યો. વધુ પડતાં રસાયણોના ઉપયોગને લીધે ભૂગર્ભજળ પણ દૂષિત થયાં.
- ફક્ત રાસાયણિક ખાતરોના ઉપયોગને લીધે ઉત્પાદિત થતા પાકોમાં સંતુલિત પોષક તત્ત્વો હોતાં નથી. તેથી મનુષ્યોના શરીરમાં વિટામિન્સ અને ખનીજોની ઊણપ હોય છે. પરિણામે મનુષ્યો અનેક રોગોના ભોગ બને છે.
- રાસાયણિક ખેતીમાં જરૂર કરતાં વધારે પિયત અને રસાયણોને લીધે મિથેન, નાઇટ્રસ ઑક્સાઇડ વગેરેથી ગ્રીનહાઉસ ગૅસ ઉત્પન્ન થાય છે, જે ગ્લોબલ વૉર્મિંગ(વૈશ્વિક તાપમાન વૃદ્ધિ)માં મહત્ત્વનો ભાગ ભજવે છે.
- જરૂરિયાત કરતાં વધુ માત્રામાં કૃષિ-રસાયણોના અવશેષો કૃષિ-ઉત્પાદનોમાં આવતા હોવાથી કૃષિ-ઉત્પાદનોની નિકાસ પર માઠી અસર થાય છે. તદુપરાંત, રાસાયણિક સંશોધનો પાછળના વધારે ખર્ચને લીધે ખેત-ઉત્પાદનોની પડતર કિંમતો ખૂબ ઊંચી જતી હોવાથી ખેડૂતોની આવક ઘટે છે.
- રાસાયણિક ખેતીમાં વપરાતાં જંતુનાશકોને લીધે કીટકો, પક્ષીઓ અને સૂક્ષ્મ જીવો નાશ પામે છે. પરિણામે પર્યાવરણનું સંતુલન જોખમાય છે. દા. ત., મધમાખીઓ નાશ પામવાથી પરાગનયનની ક્રિયા ઓછી થતી જાય છે, પરિણામે પાક-ઉત્પાદનો ઘટતાં જાય છે.
- આમ, રાસાયણિક ખેતીની આડઅસરોથી બચવા માટે તેના મજબૂત વિકલ્પ તરીકે 'પ્રાકૃતિક ખેતી' સ્વીકારવી જોઈએ.
- **પ્રાકૃતિક ખેતી એટલે શું? :** પ્રાકૃતિક ખેતીને કુદરતી ખેતી અથવા નૅચરલ ફાર્મિંગ (Natural Farming) કહેવામાં આવે છે. પ્રાકૃતિક ખેતી એટલે રસાયણો(કેમિકલ્સ)મુક્ત પરંપરાગત ખેતીની પદ્ધતિ.
- કૃષિ પારિસ્થિતિકી વિજ્ઞાન આધારિત વૈવિધ્યસભર ખેતીની પદ્ધતિ એટલે પ્રાકૃતિક ખેતી. જે પાકો, વૃક્ષો અને પશુધનને કાર્યાત્મક જૈવિક સાથે એકીકૃત કરે છે.

❁ સજીવ સૃષ્ટિના અસ્તિત્વને ટકાવી રાખનાર પ્રકૃતિની વ્યવસ્થાને સમજવી અને તેનો ઉપયોગ પરંપરાગત ખેતીમાં કરવો તે પ્રાકૃતિક ખેતી છે.

❁ પદ્મશ્રી ડૉ. સુભાષ પાલેકરે પ્રકૃતિનો અભ્યાસ કર્યો અને તેની ઉપર સંશોધન કર્યું. એ અભ્યાસના નિચોડરૂપે તેમણે વિકસાવેલી પદ્ધતિ **'સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી'(SPNF)**ના નામે પ્રસિદ્ધ થઈ.

❁ હાલમાં ગુજરાત રાજ્યની સરકારશ્રીએ **ડાંગ** જિલ્લાને પ્રાકૃતિક કૃષિના જિલ્લા તરીકે જાહેર કર્યો છે.

❁ પ્રાકૃતિક કૃષિમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓને વેગ આપવા સરકારશ્રીએ **'નૅચરલ ફાર્મિંગ ઍન્ડ ઑર્ગેનિક ઍગ્રિકલ્ચરલ યુનિવર્સિટી'**ની સ્થાપના કરી છે. પ્રાકૃતિક કૃષિની પદ્ધતિનો વ્યાપ વધારવા અને ખેડૂતોને અવિરત માર્ગદર્શન દ્વારા પ્રોત્સાહન પૂરું પાડવા માટે સરકારશ્રીએ **'ગુજરાત પ્રાકૃતિક કૃષિવિકાસ બોર્ડ'**ની રચના પણ કરી છે.

❁ **શા માટે પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે?**

(1) ખેતી-સંસ્કૃતિને ટકાવવા માટે પ્રાકૃતિક ખેતી : ભારતની કૃષિ-સંસ્કૃતિ ખૂબ જ પ્રાચીન છે. આજે વધારે પાક-ઉત્પાદન મેળવવા માટે વધુ પડતાં રસાયણોના ઉપયોગથી ખેતી-ખર્ચ વધ્યો છે, જેથી ખેડૂતને ઓછી આવક મળે છે. પરંતુ આપણા પ્રાચીન અને ભવ્ય વારસાને ટકાવવાનો એકમાત્ર વિકલ્પ પ્રાકૃતિક ખેતી જ છે.

(2) આત્મનિર્ભર ભારત માટે પ્રાકૃતિક ખેતી : પ્રાકૃતિક ખેતીમાં ખેતી-ખર્ચ નહિવત્ આવે છે. ઉત્પાદન પણ ઘટતું નથી. આ ખેતીનું ઉત્પાદન ગુણવત્તાયુક્ત હોવાથી તેના પોષણક્ષમ ભાવો મળે છે, જેનાથી ખેડૂતોને આર્થિક રીતે ઘણો ફાયદો થાય છે. આ ઉપરાંત, પ્રાકૃતિક ખેતીમાં બહારથી કોઈ પણ સંસાધનો ખરીદવાની જરૂર ખેડૂતને હોતી નથી. તેથી તે આત્મનિર્ભર બની શકે છે.

(3) જમીનની ફળદ્રુપતા માટે પ્રાકૃતિક ખેતી : વધારે પડતા રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી જમીનની ઉત્પાદનશક્તિમાં ખૂબ જ ઘટાડો થતો જાય છે. આ પરિસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનને જીવંત રાખી દીર્ઘકાલીન ઉત્પાદન કરી શકાય છે. પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતામાં અકલ્પનીય સુધારો કરી શકાય છે.

(4) વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિના નિયંત્રણ માટે પ્રાકૃતિક ખેતી : વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિ થવાથી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડાં, અતિ ગરમી, અતિ ઠંડી, કમોસમી વરસાદ વગેરે આફતોનો સામનો કરવો પડે છે. વૈશ્વિક તાપમાનની વૃષ્ટિ માટે ઔદ્યોગિકીકરણ, વાહનો, ભૌતિકવાદી જીવનશૈલી, રાસાયણિક ખેતી વગેરે પરિબળો જવાબદાર છે.

- વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિના નિયંત્રણ માટે પ્રાકૃતિક ખેતી ખૂબ ઉપયોગી છે, કારણ કે પ્રાકૃતિક ખેતી-પદ્ધતિમાં કમ્પોસ્ટ તેમજ રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ઉપરાંત, પાકના અવશેષો(અવશિષ્ટ)ને સળગાવવાને બદલે આચ્છાદનના રૂપમાં જમીનને પાછા આપવામાં આવતા હોવાથી **ગ્રીનહાઉસ ગૅસ**નું ઉત્સર્જન ઓછું થાય છે.

(5) તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી : રસાયણવાળો ખોરાક ખાવાથી ભારતમાં દરરોજ હજારો લોકો કૅન્સર, ડાયાબિટીસ, હૃદયરોગ, બ્લડ-પ્રેશર વગેરે જીવલેણ રોગોથી મૃત્યુ પામી રહ્યા છે. આ રોગોથી બચવા માટે તેમજ લાંબું આયુષ્ય અને તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાકૃતિક ખોરાક અનિવાર્ય બની ગયો છે.

- પ્રાકૃતિક ખેતીનાં ઉત્પાદનો સંપૂર્ણ રસાયણમુક્ત હોવાથી ખેતપેદાશોમાં જમીનમાં રહેલાં બધાં આવશ્યક પોષક તત્ત્વો મળી રહે એવી પ્રકૃતિની વ્યવસ્થા ગોઠવાયેલી હોય છે, જેથી ઉત્પાદિત ખેતપેદાશો પુષ્કળ **પોષક તત્ત્વો** અને **ઔષધીય** ગુણો ધરાવે છે.

(6) જળ-સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી : યોગ્ય આયોજનના અભાવે આપણે જરૂરિયાત કરતાં પાણીનો વધુ બગાડ કરીએ છીએ તેમજ પાણીનો સંગ્રહ પણ કરતા નથી. રાસાયણિક ખેતીને લીધે જમીન ખૂબ જ કઠણ બની ગઈ છે. પરિણામે ભૂગર્ભમાં પાણી ઊતરી શકતું નથી. વળી, ખેતરની જમીન સમથળ ન હોવાથી વરસાદનું પાણી ખેતરમાંથી વહી જાય છે. આજે ભૂગર્ભજળ ખૂબ ઊંડાં ગયાં છે તેમજ જળ-પ્રદૂષણ પણ વધ્યું છે.

- પ્રાકૃતિક ખેતીથી જમીન પોચી અને ભરભરી બને છે, જેથી વરસાદનું બધું પાણી જમીનમાં ઊતરે છે અને ભૂગર્ભજળ ઊંચાં આવે છે.
- પ્રાકૃતિક ખેતીમાં જમીનમાં અળસિયાંની અને જમીનના સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિ અનેક ગણી વધી જાય છે. પરિણામે જમીનની ભૌતિક સ્થિતિ સુધરતાં જમીન ભરભરી અને છિદ્રાળુ બને છે, જેથી વરસાદનું પાણી જમીનમાં ઊતરી જાય છે અને જમીનની ભેજધારણ-શક્તિ ખૂબ જ વધી જાય છે.

(7) ગૌવંશ બચાવવા માટે પ્રાકૃતિક ખેતી : ભારતીય સંસ્કૃતિમાં ગાય **પવિત્ર** અને **માતા** મનાય છે. તેથી તેની પૂજા કરવામાં આવે છે. હિંદુ ધર્મની માન્યતા છે કે, ગાયના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે.

- **દેશી ગાયો** પ્રાકૃતિક ખેતીનો મુખ્ય આધારસ્તંભ છે. દેશી ગાયના ગોબરમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ ખેતીમાં ખૂબ મહત્ત્વના છે. આ ઉપરાંત, ગાયનાં મૂત્ર, દૂધ અને ઘીમાં પણ ઘણા ઔષધીય ગુણો રહેલા છે.
- પ્રાકૃતિક ખેતી કરવાથી ગાયોને સાચા અર્થમાં માતાનો દરજ્જો મળશે અને ખેડૂતો પણ સમૃદ્ધ બનશે. આમ,

પ્રાકૃતિક ખેતીથી ગાયનું વૈજ્ઞાનિક મહત્ત્વ વધશે અને ગાયની જરૂરિયાત વધતાં ગૌવંશનું સંવર્ધન થશે.

(8) ખેડૂતોના જીવન પરિવર્તન માટે પ્રાકૃતિક ખેતી : ખેડૂતને **'જગતનો તાત'** કહેવામાં આવે છે. જગતનો તાત (પિતા) પાકોનું વધારે ઉત્પાદન લેવાની ઘેલછામાં રાસાયણિક ખેતી કરીને જરૂરિયાત કરતાં વધુ ખેતી-ખર્ચ કરે છે. પરિણામે ખેતીમાંથી ઓછું વળતર મળવાથી તે પસ્તાવો અનુભવે છે.

- પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત ખેતપેદાશો સાત્ત્વિક અને પોષક તત્ત્વોથી ભરપૂર હોવાથી ખોરાકમાં તેનો ઉપયોગ કરવાથી માનવીની તંદુરસ્તી સારી બને છે.
- જો ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરશે, તો ઓછા ખર્ચને લીધે ખેતીમાં નફાનું પ્રમાણ વધતાં તેઓ આર્થિક દૃષ્ટિએ સુખી-સમૃદ્ધ બનશે. પરિણામે તેમના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવશે. આમ, ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રાકૃતિક ખેતી ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

*** (1) હરિયાળી ક્રાંતિનો ઉદ્‌ભવ અને તેનાં પરિણામો વિશે વિગતે લખો.**

ઉત્તર : હરિયાળી ક્રાંતિનો ઉદ્‌ભવ : આઝાદી પછી દેશની વસ્તીમાં સતત વધારો થતો ગયો. સતત વધતી જતી વસ્તીને અનાજ પૂરું પાડવા માટે વિદેશથી આયાત કરવું પડતું હતું. આ પરિસ્થિતિમાં દેશને અનાજ માટે સ્વાવલંબી બનાવવાના અથાગ પ્રયત્નો શરૂ થયા. એ પ્રયત્નોના પરિણામ સ્વરૂપે **'હરિયાળી ક્રાંતિ'**નો ઉદ્‌ભવ થયો.

હાઇબ્રિડ બિયારણો (બિયારણની સુધારેલી જાતો), રાસાયણિક ખાતરો, જંતુનાશકો, બીજ-વિતરણ, સિંચાઈ, કૃષિ વૈજ્ઞાનિકો, ખેડૂતોનો પ્રચંડ પુરુષાર્થ વગેરે પરિબળોથી કૃષિક્ષેત્રે અનાજ(મુખ્યત્વે ઘઉં અને ડાંગર)ના ઉત્પાદનમાં થયેલા અસાધારણ વધારાને **'હરિયાળી ક્રાંતિ' (Green Revolution)** કહેવામાં આવે છે.

હરિયાળી ક્રાંતિનાં પરિણામો :

(1) જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં રસાયણોના ઉપયોગથી ખેડૂતોને વર્ષોવર્ષ ખેતીનો ખર્ચ વધતો ગયો. વર્ષ દરમિયાન એક જ જમીનમાં એક કરતાં વધારે પાકો લેવા તેમજ એક જ પ્રકારનાં રાસાયણિક ખાતરોના ઉપયોગને કારણે સૂક્ષ્મ પોષક તત્ત્વોયુક્ત ખાતરો અને જમીન-સુધારકોની જરૂરિયાત સમયાંતરે વધતી ગઈ. રાસાયણિક ખેતીને લીધે જમીન સખત થતી હોવાથી વિવિધ પાકો લેવા માટે યાંત્રિક ખેતીનો ખર્ચ વધતો ગયો. વળી, વધુ પડતા પિયતથી જમીનમાં પાણીમાંના ક્ષારનું પ્રમાણ વધવાથી ઉત્પાદનમાં પણ ઘટાડો થતો ગયો.

(2) રાસાયણિક ખેતીમાં સેન્દ્રિય ખાતરોનો ઉપયોગ ઓછો થાય છે. તેમાં ફક્ત રાસાયણિક ખાતરોનો ઉપયોગ થાય છે. તેથી ધીમે ધીમે જમીનની ફળદ્રુપતા ઘટવાને લીધે ઉત્પાદકતા ઘટતી જાય છે.

(3) અપૂરતાં સેન્દ્રિય ખાતરોના ઉપયોગને લીધે જમીનની ભેજ-સંગ્રહ-શક્તિ ઘટે છે. તેથી ખેતરમાં પાણીનો વધુ ઉપયોગ કરવો પડે છે. આ ઉપરાંત, વધુ પડતાં રસાયણોના ઉપયોગને લીધે ભૂગર્ભજળ પણ દૂષિત થાય છે.

(4) માત્ર રાસાયણિક ખાતરોના ઉપયોગથી ઉત્પાદિત થતા પાકોમાં સંતુલિત પોષક તત્ત્વો હોતાં નથી. પરિણામે મનુષ્યના શરીરમાં વિટામિન્સ અને ખનીજ તત્ત્વોની ઊણપને કારણે રોગો થાય છે.

(5) રાસાયણિક ખેતીમાં જરૂર કરતાં વધારે પિયત અને રસાયણોના ઉપયોગને લીધે કેટલાક **ગ્રીનહાઉસ ગૅસ** (મિથેન, નાઇટ્રસ ઑક્સાઇડ) ઉત્પન્ન થાય છે, જે ગ્લોબલ વૉર્મિંગ(વૈશ્વિક તાપમાન વૃદ્ધિ)માં મુખ્ય ભાગ ભજવે છે.

(6) ખેતરમાં જરૂરિયાત કરતાં વધારે માત્રામાં કૃષિ-રસાયણોના ઉપયોગથી રસાયણોના અવશેષો કૃષિ-ઉત્પાદનોમાં આવે છે. પરિણામે કૃષિ-ઉત્પાદનોની નિકાસ પર માઠી અસર થાય છે.

(7) રાસાયણિક સંસાધનોના ઉત્પાદન પાછળ વધારે ખર્ચ થતો હોવાથી ખેત-ઉત્પાદનોની પડતર કિંમતો ખૂબ ઊંચી જાય છે. પરિણામે ખેડૂતોની આવક ઘટે છે.

(8) રાસાયણિક ખેતીમાં વપરાતાં જંતુનાશકોને લીધે પર્યાવરણમાં રહેલા કેટલાક ઉપયોગી કીટકો, પક્ષીઓ અને અન્ય સૂક્ષ્મ જીવો નાશ પામે છે. પરિણામે કુદરતના પર્યાવરણીય સંતુલન પર ખૂબ જ માઠી અસરો થાય છે. દા. ત., મધમાખીઓ નાશ પામવાને લીધે પરાગનયનની ક્રિયા ઓછી થતી જાય છે. પરિણામે પાકનાં ઉત્પાદનો ઘટતાં જાય છે.

*** (2) પ્રાકૃતિક ખેતી એટલે શું? સવિસ્તર સમજાવો.**

ઉત્તર : પ્રાકૃતિક ખેતી : પ્રાકૃતિક ખેતી એટલે રસાયણો(કેમિકલ્સ)-મુક્ત ખેતી.

→ પ્રાકૃતિક ખેતીને કુદરતી ખેતી અથવા નૅચરલ ફાર્મિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ પ્રાકૃતિક ખેતીને કૃષિ પારિસ્થિતિકી વિજ્ઞાન આધારિત વૈવિધ્યસભર ખેતીની પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

→ ખેતીની આ પદ્ધતિ પાકો, વૃક્ષો અને પશુધનને કાર્યાત્મક જૈવિક સાથે એકીકૃત કરે છે.

→ પૃથ્વી પર માનવીના આગમન પહેલાં લાખો વર્ષોથી સજીવ સૃષ્ટિનું અસ્તિત્વ હતું. આ અસ્તિત્વને ટકાવી રાખનાર પ્રકૃતિની વ્યવસ્થાને સમજીને તેનો ઉપયોગ કરીને કરવામાં આવતી ખેતી પ્રાકૃતિક ખેતી ગણાય છે.

→ **ડૉ. સુભાષ પાલેકરે** પ્રકૃતિનો અભ્યાસ અને તેનું સંશોધન કર્યું. તેમણે પોતાના અભ્યાસના નિચોડરૂપે ખેતીની જે પદ્ધતિ વિકસાવી તે **'સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી'(SPNF)**ના નામે પ્રસિદ્ધ બની છે.

→ કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને વધુમાં વધુ ખેડૂતો તેનો લાભ લે તેના માટેના સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુજરાત રાજ્યની સરકારશ્રીએ **ડાંગ** જિલ્લાને પ્રાકૃતિક જિલ્લા તરીકે જાહેર કર્યો છે.

→ પ્રાકૃતિક ખેતીમાં શિક્ષણની, સંશોધનની અને વિસ્તરણની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે સરકારશ્રીએ **'નૅચરલ ફાર્મિંગ ઍન્ડ ઑર્ગેનિક ઍગ્રિકલ્ચરલ યુનિવર્સિટી'**ની સ્થાપના કરી છે.

→ આ ઉપરાંત, પ્રાકૃતિક ખેતી-પદ્ધતિનો વ્યાપ વધારવા તેમજ ખેડૂતોને આ પદ્ધતિનું સતત માર્ગદર્શન દ્વારા પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રી **'ગુજરાત પ્રાકૃતિક કૃષિવિકાસ બોર્ડ'**ની રચના પણ કરી છે.

(3) પ્રાકૃતિક ખેતી જ શા માટે ખેતીનો શ્રેષ્ઠ વિકલ્પ છે? સમજાવો.

ઉત્તર : **1. ખેતી-સંસ્કૃતિને ટકાવવા માટે પ્રાકૃતિક ખેતી :** ભારતની કૃષિ-સંસ્કૃતિ ખૂબ જ પ્રાચીન છે. આજે વધારે પાક-ઉત્પાદન મેળવવા માટે વધુ પડતાં રસાયણોના ઉપયોગથી ખેતી-ખર્ચ વધ્યો છે, જેથી ખેડૂતને ઓછી આવક મળે છે. આપણા પ્રાચીન અને ભવ્ય વારસાને ટકાવવાનો એકમાત્ર વિકલ્પ પ્રાકૃતિક ખેતી જ છે એવો અનેક સફળ ખેડૂતોનો પ્રત્યક્ષ અનુભવ છે.

2. આત્મનિર્ભર ભારત માટે પ્રાકૃતિક ખેતી : પ્રાકૃતિક ખેતીમાં ખેતી-ખર્ચ નહિવત્ આવે છે. ઉત્પાદન પણ ઘટતું નથી. આ ખેતીનું ઉત્પાદન ગુણવત્તાયુક્ત હોવાથી તેના પોષણક્ષમ ભાવો મળે છે, જેનાથી ખેડૂતોને આર્થિક રીતે ઘણો ફાયદો થાય છે. આ ઉપરાંત, પ્રાકૃતિક ખેતીમાં બહારથી કોઈ પણ સંસાધનો ખરીદવાની જરૂર ખેડૂતને હોતી નથી. તેથી તે આત્મનિર્ભર બની શકે છે.

3. જમીનની ફળદ્રુપતા માટે પ્રાકૃતિક ખેતી : વધારે પડતાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી જમીનની ઉત્પાદન-શક્તિમાં વર્ષોવર્ષ ઘટાડો થતો જાય છે. આ પરિસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનને જીવંત રાખીને લાંબા સમય સુધી ઉત્પાદન કરી શકાય છે. પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતામાં અકલ્પનીય સુધારો કરી શકાય છે.

4. વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિના નિયંત્રણ માટે પ્રાકૃતિક ખેતી : વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિ થવાથી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડાં, અતિ ગરમી, અતિ ઠંડી, કમોસમી વરસાદ વગેરે આફતોનો સામનો કરવો પડે છે. વૈશ્વિક તાપમાનની વૃદ્ધિ માટે ઔદ્યોગિકીકરણ, યાંત્રિક વાહનો, ભૌતિકવાદી જીવનશૈલી, રાસાયણિક ખેતી વગેરે પરિબળો જવાબદાર છે.

પ્રાકૃતિક ખેતી (SPNF) પદ્ધતિમાં કમ્પોસ્ટ તેમજ રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરવામાં આવતો નથી. તદુપરાંત, પાકોના અવશેષો-(અવશિષ્ટ)ને સળગાવવાના બદલે આચ્છાદનના રૂપમાં જમીનને પાછા આપવામાં આવતા હોવાથી **ગ્રીનહાઉસ ગૅસ**નું ઉત્સર્જન ઓછું થાય છે.

5. તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી : રસાયણોવાળો ખોરાક ખાવાથી ભારતમાં દરરોજ હજારો માણસો કૅન્સર, ડાયાબિટીસ, બ્લડ-પ્રેશર, હૃદયરોગ જેવા જીવલેણ રોગોથી મૃત્યુ પામી રહ્યા છે. આ રોગોથી બચવા માટે તેમજ લાંબું આયુષ્ય અને તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાકૃતિક ખોરાક હવે અનિવાર્ય બની ગયો છે.

પ્રાકૃતિક કૃષિ-પદ્ધતિ સંપૂર્ણપણે કુદરત આધારિત છે. તેમાં કોઈ જ જાતનાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. આમ, ઉત્પાદન સંપૂર્ણ રસાયણમુક્ત છે. આ પદ્ધતિથી ઉપાર્જિત ખેતપેદાશોમાં જમીનમાં રહેલાં તમામ આવશ્યક પોષક તત્ત્વો ઉપલબ્ધ થાય એવી પ્રકૃતિની વ્યવસ્થા ગોઠવાયેલી હોય છે, જેથી ઉત્પાદિત ખેતપેદાશો ઘણાં **પોષક તત્ત્વો** અને **ઔષધીય** ગુણો ધરાવે છે.

6. જળ-સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી : યોગ્ય આયોજનના અભાવે આપણે જરૂરિયાત કરતાં વધારે પાણીનો ઉપયોગ કરીએ છીએ તેમજ જરૂરિયાત મુજબ યોગ્ય સમયે અને જગ્યાએ પાણીનો સંગ્રહ કરતા નથી. રાસાયણિક ખાતરો, જંતુનાશકો અને પિયત પાણીના વધુ પડતા ઉપયોગને કારણે જમીન ખૂબ સખત બને છે. પરિણામે વરસાદનું પાણી ભૂગર્ભમાં ઊતરી શકતું નથી. વળી, જમીન સમથળ ન હોવાથી વરસાદનું ઘણું બધું પાણી ખેતરમાંથી વહી જાય છે. આજે ભૂગર્ભજળ ખૂબ ઊંડાં ગયાં છે તેમજ જળ-પ્રદૂષણની સમસ્યા વિકટ બની છે. આ પરિસ્થિતિમાં જળ-સંરક્ષણ અનિવાર્ય બન્યું છે.

પ્રાકૃતિક ખેતી કરવાથી ખેતરની જમીન પોચી અને ભરભરી બને છે, જેથી વરસાદનું બધું જ પાણી જમીનમાં ઊતરે છે. પરિણામે ભૂગર્ભ-જળ ઊંચાં આવે છે. પ્રાકૃતિક ખેતીમાં પાકના અવશેષો(અવશિષ્ટ)ને ખેતરની જમીન પર પાથરવામાં આવે છે. તેથી જમીનની ભેજસંગ્રહ-શક્તિમાં વધારો થાય છે. પરિણામે પાણીની બચત થાય છે.

પ્રાકૃતિક ખેતી કરવાથી જમીનમાં અળસિયાંનું પ્રમાણ વધે છે, તેમજ જમીનમાં સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિ અનેક ગણી વધે છે. પરિણામે જમીનની ભૌતિક સ્થિતિ સુધરે છે અને જમીન ભરભરી તથા છિદ્રાળુ બને છે. તેથી વરસાદનું પાણી મોટા જથ્થામાં જમીનની અંદર જ ઊતરે છે. પરિણામે જમીનની ભેજસંગ્રહ-શક્તિ ખૂબ જ વધે છે. રાસાયણિક ખેતી કે અન્ય ખેત-પદ્ધતિના પ્રમાણમાં પ્રાકૃતિક ખેતીના પાકોને સિંચાઈના પાણીની જરૂરિયાત ખૂબ ઓછી રહે છે. આમ, પ્રાકૃતિક ખેતી કરવાથી જળ-સંરક્ષણ શક્ય બને છે.

7. ગૌવંશ બચાવવા માટે પ્રાકૃતિક ખેતી : ભારતીય સંસ્કૃતિમાં ગાય પવિત્ર અને માતા મનાય છે. તેથી ગાયની પૂજા કરવામાં આવે છે. હિંદુ ધર્મની માન્યતા છે કે, ગાયના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે.

દેશી ગાયો પ્રાકૃતિક ખેતીનો મુખ્ય આધારસ્તંભ છે. દેશી ગાયના ગોબરમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ ખેતીમાં ખૂબ મહત્ત્વના છે. આ ઉપરાંત, દેશી ઓલાદની ગાયનાં મૂત્ર, દૂધ અને ઘીમાં પણ ઔષધીય ગુણો રહેલા છે.

સામાન્યતઃ લોકો ગાયના વૈજ્ઞાનિક મહત્ત્વ વિશે પૂરતી માહિતી કે સમજણ ધરાવતા નથી. પ્રાકૃતિક ખેતી કરવાથી ગાયોને સાચા અર્થમાં માતાનો દરજ્જો મળશે તેમજ ખેડૂતો પણ સમૃદ્ધ બનશે. આમ, પ્રાકૃતિક ખેતી કરવાથી ગાયનું વૈજ્ઞાનિક મહત્ત્વ વધશે અને ગાયની જરૂરિયાત વધતાં ગૌવંશનું સંવર્ધન થશે.

8. ખેડૂતોના જીવન પરિવર્તન માટે પ્રાકૃતિક ખેતી : ખેડૂતને **'જગતનો તાત'** કહેવામાં આવે છે. જગતનો તાત (પિતા) પાકોનું વધારે ઉત્પાદન લેવાની ઘેલછામાં રાસાયણિક ખેતી કરીને જરૂરિયાત કરતાં વધુ ખર્ચ કરે છે. પરિણામે ખેતીમાં ઓછું વળતર મળવાથી તે પસ્તાવો અનુભવે છે.

પ્રાકૃતિક ખેતી કરવાથી પ્રકૃતિનું શોષણ બંધ થાય છે. ખેતીની આ પદ્ધતિથી ઉત્પન્ન કરેલ ઉત્પાદિત ખેતપેદાશો સાત્ત્વિક અને પોષક તત્ત્વોથી ભરપૂર હોવાથી ખોરાકમાં તેનો ઉપયોગ કરવાથી માનવીની તંદુરસ્તી સારી અને સત્ત્વશીલ બને છે.

જો ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરશે, તો ઓછા ખર્ચને લીધે ખેતીમાં નફાનું પ્રમાણ વધતાં તેઓ આર્થિક દૃષ્ટિએ સુખી-સમૃદ્ધ બનશે. પરિણામે તેમના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવશે. આમ, ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રાકૃતિક ખેતી ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : *[પ્રત્યેકના 3 ગુણ]*

*** (1) ભારતીય સંસ્કૃતિને શા માટે 'ઋષિ-કૃષિની સંસ્કૃતિ' કહેવામાં આવે છે?** *અથવા*

ભારતીય સંસ્કૃતિ 'ઋષિ-કૃષિની સંસ્કૃતિ' કેમ કહેવાય છે?

ઉત્તર : પ્રારંભિક જીવનમાં માનવી ખોરાકની શોધમાં જંગલમાં ભટકતું જીવન જીવતો હતો.

→ સમય જતાં માનવી નદીકિનારે ઝૂંપડીઓ બાંધીને રહેવા લાગ્યો અને ખેતીના વિવિધ પાકો ઉગાડતો થયો.

→ એ અરસામાં તે ઋષિઓના સંપર્કમાં આવ્યો. ઋષિઓના પરિશ્રમ (કર્મયોગ) અને માર્ગદર્શનથી તે સમૂહમાં જીવવા લાગ્યો.

→ સામૂહિક જીવનમાંથી માનવીના જીવનમાં કુટુંબવ્યવસ્થા અને સમાજ-વ્યવસ્થાની રચના થઈ. આ સંસ્થાઓનો વિકાસ થતાં માનવીના જીવનમાં માનવ સભ્યતા અને માનવ સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી. માનવી કૃષિપ્રધાન જીવન જીવવા લાગ્યો.

→ આમ, માનવ સંસ્કૃતિના વિકાસમાં ઋષિઓનો અમૂલ્ય ફાળો રહ્યો હતો. તેથી ભારતીય સંસ્કૃતિને 'ઋષિ-કૃષિની સંસ્કૃતિ' કહેવામાં આવે છે.

(2) પ્રાચીન ગ્રામ્ય વ્યવસ્થા આત્મનિર્ભર હતી એમ શાથી કહી શકાય?

ઉત્તર : ખેડૂતને પરંપરાગત ખેતી માટે જરૂરી સંસાધનો ગામડામાંથી જ મળી રહેતાં હતાં.

→ પશુપાલન દ્વારા ખેડૂતને છાણિયું ખાતર મળી રહેતું હતું.

→ સંયુક્ત કુટુંબો હોવાથી ખેતીકામ માટે માણસોની જરૂરિયાત પૂરી પડતી હતી.

→ ખેડૂત પોતાના ઉગાડેલા પાકનું બિયારણ વર્ષોવર્ષ સંઘરતો અને તેને સંવર્ધિત પણ કરતો. આમ, પાકના બિયારણ માટે તે આત્મનિર્ભર હતો.

→ ગામના બધા જ વર્ગો વિનિમય પ્રથા દ્વારા વસ્તુઓની આપ-લે કરતા. તેથી ગ્રામજનોને જીવનજરૂરિયાતની વસ્તુઓ ગામડામાંથી જ સરળતાથી મળી રહેતી હતી.

→ ઉપર્યુક્ત કારણોને લીધે કહી શકાય કે, પ્રાચીન ગ્રામ્ય અર્થવ્યવસ્થા આત્મનિર્ભર હતી.

*** (3) ખેતી-ખર્ચ વધવા પાછળનાં કારણો જણાવો.**

ઉત્તર : ખેતી-ખર્ચ વધવા પાછળનાં મુખ્ય કારણો નીચે પ્રમાણે છે :

→ પાકનું વધુ ઉત્પાદન મેળવવા માટે ખેતરમાં જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કરવાથી વર્ષોવર્ષ ખેતી-ખર્ચ વધતો જાય છે.

→ વર્ષ દરમિયાન એકની એક જ જમીનમાં એક કરતાં વધારે પાક લેવા માટે સૂક્ષ્મ પોષક તત્ત્વોયુક્ત ખાતરો અને જમીન-સુધારકોની જરૂરિયાત સમયાંતરે વધતી ગઈ. પરિણામે ખેતી-ખર્ચ વધતો ગયો.

→ રાસાયણિક ખેતીના લીધે જમીન સખત થઈ જતાં વિવિધ પાકો લેવા માટે યાંત્રિક ખેતી-ખર્ચમાં વધારો થયો.

(4) પ્રાકૃતિક ખેતીના વિસ્તરણ માટે સરકારશ્રી કયા કયા પ્રયત્નો કરી રહી છે?

ઉત્તર : કેન્દ્ર અને રાજ્યોની સરકારો પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને વધુમાં વધુ ખેડૂતો તેનો લાભ લે તે માટેના સઘન પ્રયત્નો કરી રહી છે.

→ હાલમાં ગુજરાત રાજ્યની સરકારશ્રીએ **ડાંગ** જિલ્લાને પ્રાકૃતિક કૃષિના જિલ્લા તરીકે જાહેર કર્યો છે.

→ પ્રાકૃતિક કૃષિમાં શિક્ષણની, સંશોધનની અને વિસ્તરણની પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા માટે સરકારશ્રીએ **'નૅચરલ ફાર્મિંગ ઍન્ડ ઑર્ગેનિક ઍગ્રિકલ્ચરલ યુનિવર્સિટી'**ની સ્થાપના કરી છે.

→ પ્રાકૃતિક કૃષિ-પદ્ધતિનો વ્યાપ વધારવા અને ખેડૂતોને સતત માર્ગદર્શન દ્વારા પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રીએ **'ગુજરાત પ્રાકૃતિક કૃષિ-વિકાસ બોર્ડ'**ની રચના કરી છે.

(5) જમીનની ફળદ્રુપતા માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર વિકલ્પ છે એમ શાથી કહી શકાય?

ઉત્તર : રાસાયણિક ખેતીને કારણે વર્ષોવર્ષ જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે.

→ ભારતના અમુક વિસ્તારની જમીન બિનફળદ્રુપ બની ગઈ છે.

→ વધારે પડતાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી જમીનની ઉત્પાદનશક્તિમાં ખૂબ ઘટાડો થતો જોવા મળે છે.

→ પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનને જીવંત અને લાંબા સમય સુધી ઉત્પાદન આપતી કરી શકાય છે.

→ પ્રાકૃતિક ખેતી કરવાથી જમીનની ફળદ્રુપતામાં અકલ્પનીય સુધારો જોવા મળે છે.

→ આથી કહી શકાય કે, જમીનની ફળદ્રુપતા માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર વિકલ્પ છે.

*** પ્રશ્ન 3. નીચેનાં વિધાનો કારણો આપી સમજાવો : *અથવા* ટૂંક નોંધ લખો : *[પ્રત્યેકના 3 ગુણ]***

(1) ગૌવંશ બચાવવા માટે પ્રાકૃતિક ખેતી *અથવા* પ્રાકૃતિક ખેતી દ્વારા ગૌવંશનું સંવર્ધન કરી શકાય છે.

ઉત્તર : ભારતીય સંસ્કૃતિમાં ગાય પવિત્ર અને માતા મનાય છે.

→ હિંદુ ધર્મની માન્યતા છે કે, ગાયના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓ વસે છે.

→ **દેશી ગાયો** પ્રાકૃતિક ખેતીનો મુખ્ય આધારસ્તંભ છે. દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં ખૂબ જ મોટી સંખ્યામાં ઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓ હોય છે. એ જીવાણુઓ ખેતીમાં ખૂબ જ મહત્ત્વના છે. તદુપરાંત, ગાયનાં મૂત્ર, દૂધ અને ઘીમાં પણ ઘણા ઔષધીય ગુણો રહેલા છે.

→ સામાન્યતઃ લોકો ગાયના વૈજ્ઞાનિક મહત્ત્વ વિશે પૂરતી માહિતી કે સમજણ ધરાવતા નથી.

→ પ્રાકૃતિક ખેતી કરવાથી ગાયોને સાચા અર્થમાં માતાનો દરજ્જો મળશે તેમજ ખેડૂતો પણ સમૃદ્ધ બનશે.

→ આમ, પ્રાકૃતિક ખેતી કરવાથી ગાયનું મહત્ત્વ વધશે અને ગાયની જરૂરિયાત વધતાં ગૌવંશનું સંવર્ધન થશે.

(2) ખેડૂતોના જીવન પરિવર્તન માટે પ્રાકૃતિક ખેતી *અથવા* ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રાકૃતિક ખેતી ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ઉત્તર : ખેડૂતને **'જગતનો તાત'** કહેવામાં આવે છે. જગતનો તાત (પિતા) પાકોનું વધારે ઉત્પાદન લેવાની ઘેલછામાં રાસાયણિક ખેતી કરીને જરૂરિયાત કરતાં વધુ ખર્ચ કરે છે. પરિણામે ખેતીમાંથી ઓછું વળતર મળવાથી તે પસ્તાવો અનુભવે છે.

→ પ્રાકૃતિક ખેતી કરવાથી ખેડૂતનું શોષણ બંધ થાય છે. ખેતીની આ પદ્ધતિથી ઉત્પન્ન કરેલ ઉત્પાદિત ખેતપેદાશો સાત્ત્વિક હોવાથી તેનો ખોરાકમાં ઉપયોગ કરવાથી માનવીની તંદુરસ્તી સારી બને છે.

→ જો ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરશે, તો ઓછા ખર્ચને લીધે નફાનું પ્રમાણ વધતાં તેઓ આર્થિક દૃષ્ટિએ સમૃદ્ધ બનશે.

→ પ્રાકૃતિક ખેતીને કારણે સુખી-સમૃદ્ધ બનતાં ખેડૂતના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવશે.

→ આમ, ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રાકૃતિક ખેતી ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

(3) સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી *અથવા* માનવીના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી લાભદાયક બને છે.

ઉત્તર : આજે આપણા દેશમાં લોકો કૅન્સર, ડાયાબિટીસ, બ્લડ-પ્રેશર, હૃદયરોગ જેવા જીવલેણ રોગોથી પીડાઈ રહ્યા છે.

→ આજે એકલા કૅન્સરના રોગથી દરરોજ હજારો માણસો મૃત્યુ પામી રહ્યા છે. દેશમાં અનેક નાની-મોટી બીમારીઓના ઝડપી ફેલાવા માટે રાસાયણિક ખોરાક જ કારણભૂત છે.

→ આથી દીર્ઘાયુ અને તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત પાકોમાંથી બનાવેલો ખોરાક જ એકમાત્ર વિકલ્પ છે.

→ પ્રાકૃતિક કૃષિ-પદ્ધતિ સંપૂર્ણપણે કુદરત પર આધારિત છે, કારણ કે તેમાં કોઈ પણ પ્રકારનાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી.

→ પ્રાકૃતિક ખેતી સંપૂર્ણપણે રસાયણો(કેમિકલ્સ)મુક્ત ખેતીની પદ્ધતિ છે. આ ખેત-પદ્ધતિ દ્વારા ઉત્પાદિત ખેતપેદાશોમાં જમીનમાં રહેલાં બધાં અનિવાર્ય પોષક તત્ત્વો મળી રહે એવી પ્રકૃતિની વ્યવસ્થા ગોઠવાયેલી હોય છે. પરિણામે પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન કરેલ ખેતપેદાશો અનેક પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે તેમજ તે **ઔષધીય** ગુણો પણ ધરાવે છે.

→ આમ, માનવીના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી લાભદાયક બને છે.

*** પ્રશ્ન 4. નીચેના શબ્દોની સમજ આપો : *[પ્રત્યેકના 2 ગુણ]***

(1) ગ્રામ્ય આત્મનિર્ભરતા

ઉત્તર : જુઓ પ્રશ્ન **2**ના પેટાપ્રશ્ન **(2)**નો ઉત્તર.

(2) જળ-સંરક્ષણ

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(3)**નો મુદ્દો **6. જળ-સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી**નો ઉત્તર.

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારતીય સંસ્કૃતિને કઈ સંસ્કૃતિ પણ કહેવામાં આવે છે?

ઉત્તર : ભારતીય સંસ્કૃતિને 'ઋષિ-કૃષિ'ની સંસ્કૃતિની પણ કહેવામાં આવે છે.

(2) આઝાદી પહેલાંનો ખેડૂત બિયારણ માટે આત્મનિર્ભર હતો, એમ શાથી કહી શકાય?

ઉત્તર : આઝાદી પહેલાંનો ખેડૂત પોતાના ખેતરના બિયારણને વર્ષોવર્ષ સંગ્રહ કરી રાખતો હતો. વળી, તે પોતાની સૂઝથી એ બિયારણને સંવર્ધિત પણ કરતો હતો. આથી કહી શકાય કે, આઝાદી પહેલાંનો ખેડૂત બિયારણ માટે આત્મનિર્ભર હતો.

(3) આપણા દેશમાં 'હરિયાળી ક્રાંતિ'નો ઉદ્‌ભવ કેવી રીતે થયો?

ઉત્તર : આઝાદી પછી આપણા દેશમાં સતત વધતી જતી વસ્તીને અનાજ પૂરું પાડવા માટે વિદેશોથી અનાજ આયાત કરવું પડતું હતું. આ પરિસ્થિતિમાં દેશ અનાજ માટે સ્વનિર્ભર (સ્વાવલંબી) બને એ માટેના અથાગ પ્રયત્નો શરૂ થયા. તેમાંથી આપણા દેશમાં **'હરિયાળી ક્રાંતિ'**(Green Revolution)નો ઉદ્‌ભવ થયો.

(4) હરિયાળી ક્રાંતિ (Green Revolution) એટલે શું?

અથવા

સંકલ્પના સમજાવો : હરિયાળી ક્રાંતિ

ઉત્તર : હાઇબ્રિડ બિયારણો (બિયારણની સુધારેલી જાતો), રાસાયણિક ખાતરો, જંતુનાશકો, બીજ-વિતરણ, સિંચાઈ, કૃષિ વૈજ્ઞાનિકો, ખેડૂતોનો પ્રચંડ પુરુષાર્થ વગેરે પરિબળોથી કૃષિક્ષેત્રે અનાજ(મુખ્યત્વે ઘઉં અને ડાંગર)ના ઉત્પાદનમાં થયેલા અસાધારણ વધારાને **'હરિયાળી ક્રાંતિ'** (Green Revolution) કહેવામાં આવે છે.

(5) ગ્રીનહાઉસ ગૅસ (મિથેન, નાઇટ્રસ ઑક્સાઇડ) શાથી ઉત્પન્ન થાય છે?

ઉત્તર : રાસાયણિક ખેતીમાં જરૂર કરતાં વધારે પિયત અને રસાયણોના ઉપયોગને લીધે કેટલાક ગ્રીનહાઉસ ગૅસ (મિથેન, નાઇટ્રસ ઑક્સાઇડ) ઉત્પન્ન થાય છે.

(6) કૃષિ-ઉત્પાદનોની નિકાસ પર શાથી માઠી અસર થાય છે?

ઉત્તર : જમીનમાં જરૂરિયાત કરતાં વધુ માત્રામાં કૃષિ-રસાયણોના ઉપયોગથી રસાયણોના અવશેષો કૃષિ-ઉત્પાદનોમાં આવતા હોવાથી કૃષિ-ઉત્પાદનોની નિકાસ પર માઠી અસર થાય છે.

*** (7) ખેતીમાં ઉપયોગી કીટકો, પક્ષીઓ અને સૂક્ષ્મ જીવાણુઓને શેનાથી નુકસાન થાય છે?**

ઉત્તર : રાસાયણિક ખેતીમાં વપરાતાં જંતુનાશકોને લીધે ખેતીમાં ઉપયોગી પર્યાવરણીય કીટકો, પક્ષીઓ અને સૂક્ષ્મ જીવાણુઓને નુકસાન થાય છે.

(8) પ્રાકૃતિક ખેતી એટલે શું?

ઉત્તર : પ્રાકૃતિક ખેતી એટલે રસાયણો(કેમિકલ્સ)મુક્ત ખેતી. પ્રાકૃતિક ખેતીને કુદરતી ખેતી અથવા નૅચરલ ફાર્મિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીને કૃષિ પારિસ્થિતિકી વિજ્ઞાન આધારિત વૈવિધ્યસભર ખેતીની પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

*** (9) પ્રાકૃતિક ખેતીનું પ્રાથમિક સંશોધન અને અભ્યાસ કોણે કર્યો છે?**

ઉત્તર : પ્રાકૃતિક ખેતીનું પ્રાથમિક સંશોધન અને અભ્યાસ પદ્મશ્રી **ડૉ. સુભાષ પાલેકરે** કર્યો છે.

(10) ગુજરાત સરકારશ્રીએ રાજ્યમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતીનો લાભ લઈ શકે તે માટે કયો પ્રયત્ન હાથ ધર્યો છે?

ઉત્તર : ગુજરાત સરકારશ્રીએ રાજ્યમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતીનો લાભ લઈ શકે તે માટે હાલમાં ડાંગ જિલ્લાને પ્રાકૃતિક કૃષિ જિલ્લા તરીકે જાહેર કર્યો છે.

(11) ગુજરાત સરકારશ્રીએ કઈ ઍગ્રિકલ્ચરલ યુનિવર્સિટીની સ્થાપના કરી છે? શા માટે?

ઉત્તર : ગુજરાત સરકારશ્રીએ પ્રાકૃતિક કૃષિમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા માટે 'નૅચરલ ફાર્મિંગ ઍન્ડ ઑર્ગેનિક ઍગ્રિકલ્ચરલ યુનિવર્સિટી'ની સ્થાપના કરી છે.

(12) ગુજરાત સરકારશ્રીએ રાજ્યના ડાંગ જિલ્લાને કયા જિલ્લા તરીકે જાહેર કર્યો છે?

ઉત્તર : ગુજરાત સરકારશ્રીએ રાજ્યના ડાંગ જિલ્લાને પ્રાકૃતિક કૃષિના જિલ્લા તરીકે જાહેર કર્યો છે.

(13) ગુજરાત સરકારશ્રીએ 'ગુજરાત પ્રાકૃતિક કૃષિવિકાસ બોર્ડ'ની રચના શા માટે કરી છે?

ઉત્તર : ગુજરાત સરકારશ્રીએ રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ-પદ્ધતિનો વ્યાપ વધારવા અને ખેડૂતોને આ કૃષિ-પદ્ધતિનું સતત માર્ગદર્શન દ્વારા પ્રોત્સાહન પૂરું પાડવાના હેતુથી 'ગુજરાત પ્રાકૃતિક કૃષિવિકાસ બોર્ડ'ની રચના કરી છે.

*** (14) રાસાયણિક ખેતીનો મજબૂત અને ટકાઉ એકમાત્ર વિકલ્પ શો છે?**

ઉત્તર : રાસાયણિક ખેતીનો મજબૂત અને ટકાઉ એકમાત્ર વિકલ્પ 'પ્રાકૃતિક ખેતી' જ છે.

(15) શાના ઉપયોગથી જમીનની ઉત્પાદનશક્તિમાં ઘટાડો થતો જોવા મળે છે?

ઉત્તર : વધારે પડતાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી જમીનની ઉત્પાદનશક્તિમાં ઘટાડો થતો જોવા મળે છે.

(16) કઈ ખેતીથી જમીનની ફળદ્રુપતામાં અકલ્પનીય સુધારો જોવા મળે છે?

ઉત્તર : પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતામાં અકલ્પનીય સુધારો જોવા મળે છે.

(17) વૈશ્વિક તાપમાન વૃદ્ધિને લીધે વાતાવરણમાં ફેરફાર થવાથી કઈ કઈ આફતોનો સામનો કરવો પડે છે?

ઉત્તર : વૈશ્વિક તાપમાન વૃદ્ધિને લીધે વાતાવરણમાં ફેરફાર થવાથી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડાં, અતિ ગરમી, અતિ ઠંડી, કમોસમી વરસાદ વગેરે આફતોનો સામનો કરવો પડે છે.

(18) વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિ થવા પાછળ કયાં પરિબળો જવાબદાર છે?

ઉત્તર : વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિ થવા પાછળ ઔદ્યોગિકીકરણ, યાંત્રિક વાહનો, ભૌતિકવાદી જીવનશૈલી, રાસાયણિક ખેતી વગેરે પરિબળો જવાબદાર છે.

(19) ગ્રીનહાઉસ ગૅસનું ઉત્સર્જન શાથી ઓછું થાય છે?

ઉત્તર : 'સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી(SPNF)પદ્ધતિમાં કમ્પોસ્ટ તેમજ રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ઉપરાંત, ખેતરના પાકના અવશેષો(અવશિષ્ટ)ને સળગાવવાને બદલે આચ્છાદનના રૂપમાં જમીનને પાછા આપવામાં આવતા હોવાથી ગ્રીનહાઉસ ગૅસનું ઉત્સર્જન ઓછું થાય છે.

(20) રસાયણવાળો ખોરાક ખાવાથી કઈ બીમારીઓ ખૂબ ઝડપથી વધી રહી છે?

ઉત્તર : રસાયણવાળો ખોરાક ખાવાથી કૅન્સર, ડાયાબિટીસ, બ્લડ-પ્રેશર, હૃદયરોગ જેવી બીમારીઓ ખૂબ ઝડપથી વધી રહી છે.

(21) પ્રાકૃતિક ખોરાક હવે શાથી અનિવાર્ય બની ગયો છે?

ઉત્તર : લાંબું આયુષ્ય અને તંદુરસ્ત જીવન જીવવા માટે હવે પ્રાકૃતિક ખોરાક અનિવાર્ય બની ગયો છે.

(22) પ્રાકૃતિક ખેતીનાં ઉત્પાદનો શાથી સંપૂર્ણ રસાયણમુક્ત હોય છે?

ઉત્તર : પ્રાકૃતિક કૃષિ-પદ્ધતિ સંપૂર્ણ પ્રાકૃતિક-કુદરત પર આધારિત છે તેમજ તેમાં કોઈ જ જાતનાં રાસાયણિક ખાતરો કે જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. આથી પ્રાકૃતિક ખેતીનાં ઉત્પાદનો સંપૂર્ણ રસાયણમુક્ત હોય છે.

(23) પ્રાકૃતિક ખેતી-પદ્ધતિથી ઉત્પાદિત ખેતપેદાશો શાથી પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે તેમજ તે ઔષધીય ગુણો ધરાવે છે?

ઉત્તર : પ્રાકૃતિક ખેતી-પદ્ધતિથી ઉપાર્જિત ખેતપેદાશોમાં જમીનમાં રહેલાં તમામ આવશ્યક પોષક તત્ત્વો મળી રહે એવી પ્રકૃતિની વ્યવસ્થા ગોઠવાયેલી હોય છે. તેથી પ્રાકૃતિક ખેતી-પદ્ધતિથી ઉત્પાદિત ખેતપેદાશો પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે તેમજ તે ઔષધીય ગુણો ધરાવે છે.

(24) વરસાદનું પાણી કેમ ભૂગર્ભમાં ઊતરી શકતું નથી?

ઉત્તર : રાસાયણિક ખાતરો, જંતુનાશકો અને પિયત પાણીના વધુ પડતા વપરાશને પરિણામે આજે જમીન ખૂબ જ કઠણ (સખત) બની ગઈ છે. પરિણામ સ્વરૂપ વરસાદનું પાણી ભૂગર્ભમાં ઊતરી શકતું નથી.

(25) "પ્રાકૃતિક ખેતી કરવાથી ભૂગર્ભજળ ઊંચાં આવે છે." કેવી રીતે?

ઉત્તર : પ્રાકૃતિક ખેતી કરવાથી જમીન પોચી અને ભરભરી બને છે, જેથી વરસાદનું બધું જ પાણી જમીનમાં ઊતરે છે. પરિણામે ભૂગર્ભજળ ઊંચાં આવે છે.

(26) "પ્રાકૃતિક ખેતી કરવાથી પાણીની બચત થાય છે." કેવી રીતે?

ઉત્તર : પ્રાકૃતિક ખેતીમાં પાકના અવશેષો(અવશિષ્ટ)ને ખેતરની જમીન પર પાથરવામાં આવે છે. તેથી જમીનની ભેજસંગ્રહ-શક્તિમાં વધારો થાય છે. પરિણામે પાણીની બચત થાય છે. આમ, પ્રાકૃતિક ખેતી કરવાથી પાણીની બચત થાય છે.

(27) ખેડૂતને કઈ ઉપમા આપવામાં આવી છે?

ઉત્તર : ખેડૂતને જગતના તાતની ઉપમા આપવામાં આવી છે.

(28) પ્રાકૃતિક ખેતીના મુખ્ય ફાયદા શા છે?

ઉત્તર : પ્રાકૃતિક ખેતીના મુખ્ય ફાયદા : (1) પ્રકૃતિનું શોષણ અટકે છે. (2) આ ખેત-પદ્ધતિથી ઉત્પાદિત ખેતપેદાશોનો ઉપયોગ કરવાથી માનવીની તંદુરસ્તી સારી અને સત્ત્વશીલ બને છે.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ઋષિઓના ·····ને લીધે માણસ સમૂહમાં જીવવા લાગ્યો.
A. કર્મયોગ B. જ્ઞાનયોગ C. ભક્તિયોગ

(2) ભારતીય સંસ્કૃતિને ····· પણ કહેવામાં આવે છે.
A. મુનિ-કૃષિની સંસ્કૃતિ B. કૃષિ-ઋષિની સંસ્કૃતિ
C. ઋષિ-કૃષિની સંસ્કૃતિ

(3) આઝાદી પહેલાં ભારતનો ખેડૂત ·····ની મદદથી પરંપરાગત ખેતી કરતો હતો.
A. ઘોડા B. બળદ C. ઊંટ

(4) આઝાદી પહેલાં ખેડૂતને ખેતી માટે જરૂરી સંસાધનો ·····એ મળી રહેતાં હતાં.
A. રાજ્યકક્ષા B. નગરકક્ષા C. ગ્રામ્ય કક્ષા

(5) ····· ખેતીમાં અપૂરતાં સેન્દ્રિય ખાતરોના જથ્થાને લીધે જમીનની ભેજસંગ્રહ-શક્તિ ઘટે છે.
A. પ્રાકૃતિક B. બાગાયતી C. રાસાયણિક

(6) ····· ખેતી એટલે રસાયણો(કેમિકલ્સ)મુક્ત ખેતી.
A. રાસાયણિક B. પ્રાકૃતિક C. સઘન

(7) ગુજરાત સરકારશ્રીએ રાજ્યના ····· જિલ્લાને પ્રાકૃતિક જિલ્લા તરીકે જાહેર કર્યો છે.
A. ડાંગ B. મહેસાણા C. સુરેન્દ્રનગર

(8) આપણી ખેતી-સંસ્કૃતિ ખૂબ જ ····· છે.
A. ભવ્ય B. અર્વાચીન C. પ્રાચીન

(9) આપણી ખેતી-સંસ્કૃતિને ટકાવી રાખવાનો એકમાત્ર વિકલ્પ ····· ખેતી જ છે.
A. રાસાયણિક B. પ્રાકૃતિક C. પરંપરાગત

(10) ખરેખર, ····· ભારત માટે પ્રાકૃતિક ખેતી એક મજબૂત વિકલ્પ છે.
A. આત્મનિર્ભર B. પરાવલંબી C. આઝાદ

ઉત્તર : (1) કર્મયોગ (2) ઋષિ-કૃષિની સંસ્કૃતિ (3) બળદ (4) ગ્રામ્ય કક્ષા (5) રાસાયણિક (6) પ્રાકૃતિક (7) ડાંગ (8) પ્રાચીન (9) પ્રાકૃતિક (10) આત્મનિર્ભર

---

(11) ····· ખેતીથી જમીનની ફળદ્રુપતામાં અકલ્પનીય સુધારો જોવા મળે છે.
A. પ્રાકૃતિક B. રાસાયણિક C. પરંપરાગત

(12) વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિનો મુદ્દો આખા ····· માટે ખૂબ ચિંતાનો વિષય છે.
A. ભારત B. એશિયા C. વિશ્વ

(13) ····· પદ્ધતિમાં ગ્રીનહાઉસ ગૅસનું ઉત્સર્જન ઓછું થાય છે.
A. SNPF B. SPNF C. NFSP

(14) પ્રાકૃતિક ખેતી-પદ્ધતિ સંપૂર્ણ ····· છે.
A. પ્રાકૃતિક B. રસાયણયુક્ત C. પ્રાચીન

(15) પ્રાકૃતિક કૃષિ-પદ્ધતિથી ઉત્પાદિત ખેતપેદાશો ·····થી ભરપૂર હોય છે.
A. રસાયણ તત્ત્વો B. કુદરતી તત્ત્વો C. પોષક તત્ત્વો

(16) 'વૃક્ષો વાવો, ····· લાવો.'
A. જીવન B. વરસાદ C. ઠંડી

(17) પ્રાકૃતિક ખેતી થકી જમીન ····· અને ભરભરી બને છે.
A. પ્રદૂષિત B. સખત C. પોચી

(18) ભારતીય સંસ્કૃતિમાં ·····ને માતા માનવામાં આવે છે.
A. દેશી ગાય B. સીતા ગાય C. અહલ્યા ગાય

(19) ખેડૂતને '.....' કહેવામાં આવે છે.
A. પ્રજાનો તાત B. ભારતનો તાત C. જગતનો તાત

(20) પ્રાકૃતિક ખેતી કરવાથી .....નું શોષણ અટકે છે.
A. જમીન B. પ્રકૃતિ C. ખેડૂત

ઉત્તર : (11) પ્રાકૃતિક (12) વિશ્વ (13) SPNF (14) પ્રાકૃતિક (15) પોષક તત્ત્વો (16) વરસાદ (17) પોચી (18) દેશી ગાય (19) જગતનો તાત (20) પ્રકૃતિ

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ભારતીય સંસ્કૃતિને 'ઋષિ-કૃષિની સંસ્કૃતિ' પણ કહેવામાં આવે છે.

(2) આઝાદી પહેલાં ભારતનો ખેડૂત ખેતીનાં યાંત્રિક સાધનો માટે આત્મનિર્ભર હતો.

(3) આઝાદી પહેલાં એકંદરે ગ્રામ્ય અર્થતંત્ર આત્મનિર્ભર હતું.

(4) રાસાયણિક ખેતીમાં અપૂરતાં સેન્દ્રિય ખાતરોના જથ્થાને લીધે ભેજસંગ્રહ-શક્તિ વધે છે.

(5) પ્રાકૃતિક ખેતીને કુદરતી ખેતી પણ કહેવામાં આવે છે.

(6) પ્રાકૃતિક ખેતી એટલે રસાયણો(કેમિકલ્સ)યુક્ત ખેતી.

(7) પ્રાકૃતિક ખેતીને કૃષિ પારિસ્થિતિકી વિજ્ઞાન આધારિત વૈવિધ્યસભર ખેતીની પદ્ધતિ તરીકે ગણવામાં આવે છે.

(8) પ્રકૃતિનો અભ્યાસ અને સંશોધન પદ્મશ્રી ડૉ. શૈલેષ પાલેકરે કર્યો હતો.

(9) ગુજરાત સરકારશ્રીએ રાજ્યના પંચમહાલ જિલ્લાને પ્રાકૃતિક કૃષિના જિલ્લા તરીકે જાહેર કર્યો છે.

(10) ગુજરાત સરકારશ્રીએ પ્રાકૃતિક કૃષિ-પદ્ધતિનો વ્યાપ વધારવા અને ખેડૂતોને સતત માર્ગદર્શન દ્વારા પ્રોત્સાહન પૂરું પાડવા માટે 'ગુજરાત પ્રાકૃતિક કૃષિ સંશોધન બોર્ડ'ની રચના કરી છે.

ઉત્તર : (1) ખરું (2) ખોટું (3) ખરું (4) ખોટું (5) ખરું (6) ખોટું (7) ખરું (8) ખોટું (9) ખોટું (10) ખોટું

---

(11) પ્રાકૃતિક ખેતીમાં ખેતી-ખર્ચ ખૂબ જ આવે છે.

(12) પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતોને આર્થિક રીતે ઘણો જ ફાયદો થાય છે.

(13) ખરેખર, આત્મનિર્ભર ભારત માટે પ્રાકૃતિક ખેતી એક મજબૂત વિકલ્પ છે.

(14) આજે જમીનની ફળદ્રુપતા દિવસે ને દિવસે વધતી જાય છે.

(15) પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતામાં અકલ્પનીય સુધારો જોવા મળે છે.

(16) વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિ સમગ્ર વિશ્વ માટે ખૂબ ચિંતાનો વિષય છે.

(17) રાસાયણિક કૃષિ-પદ્ધતિ સંપૂર્ણપણે પ્રાકૃતિક છે.

(18) 'જમીન એ જ જીવન' છે.

(19) પ્રાકૃતિક ખેતી થકી જમીન સખત અને ભરભરી બને છે.

(20) ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા માનવામાં આવે છે.

(21) આપણી દેશી ઓલાદની ગાયના ગોબર, ગૌમૂત્ર અને દૂધમાં ખૂબ જ ઔષધીય ગુણો હોય છે.

(22) ગાયના પાલકને 'જગતનો તાત' કહેવામાં આવે છે.

ઉત્તર : (11) ખોટું (12) ખરું (13) ખરું (14) ખોટું (15) ખરું (16) ખરું (17) ખોટું (18) ખોટું (19) ખોટું (20) ખરું (21) ખરું (22) ખોટું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) પ્રારંભિક જીવનમાં માનવી જંગલમાં કેવું જીવન જીવી રહ્યો હતો? – **ભટકતું જીવન**

(2) પ્રારંભિક જીવનમાં માનવી કોની શોધમાં ભટકતું જીવન જીવી રહ્યો હતો? – **ખોરાકની**

(3) કોના કર્મયોગથી માનવી સમૂહમાં જીવવા લાગ્યો? – **ઋષિઓના**

(4) કઈ સંસ્કૃતિને 'ઋષિ-કૃષિની સંસ્કૃતિ' પણ કહેવામાં આવે છે? – **ભારતીય**

(5) આઝાદી પહેલાં ખેડૂતને ખેતી માટે જરૂરી સંસાધનો ક્યાંથી મળી રહેતાં હતાં? – **ગ્રામ્ય કક્ષાએથી**

(6) આઝાદી પહેલાં ગામડાઓમાં કઈ પ્રથા દ્વારા વસ્તુઓની આપ-લે થતી હતી? – **વિનિમય પ્રથા દ્વારા**

(7) કૃષિ વૈજ્ઞાનિકોના પ્રયાસથી હાઇબ્રિડ બિયારણો, રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી અનાજના ઉત્પાદનમાં જે વધારો થયો તેને કઈ ક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે? – **હરિયાળી ક્રાંતિ**

(8) કઈ ખેતીના લીધે વિવિધ પાકો લેવા માટે યાંત્રિક ખેતી-ખર્ચમાં વધારો થયો? – **રાસાયણિક ખેતીના લીધે**

(9) રાસાયણિક ખેતીમાં વધુ પડતાં રસાયણોના ઉપયોગને લીધે શું દૂષિત થાય છે? – **ભૂગર્ભજળ**

(10) રાસાયણિક ખેતીમાં જરૂર કરતાં વધારે પિયત અને રસાયણોના ઉપયોગને લીધે શું ઉત્પન્ન થાય છે? – **ગ્રીનહાઉસ ગૅસ**

(11) મધમાખીઓ નાશ પામવાને લીધે કઈ ક્રિયા ઘટતી જાય છે? – **પરાગનયનની**

(12) કઈ ખેતીના મજબૂત વિકલ્પ તરીકે માત્ર પ્રાકૃતિક ખેતી જ છે? – **રાસાયણિક ખેતીના**

(13) કઈ ખેતીને કુદરતી ખેતી (Natural Farming) તરીકે પણ ઓળખવામાં આવે છે? – **પ્રાકૃતિક ખેતીને**

(14) પ્રાકૃતિક ખેતીનો અભ્યાસ અને સંશોધન કોણે કર્યું હતું? – **પદ્મશ્રી ડૉ. સુભાષ પાલેકરે**

(15) ગુજરાત સરકારશ્રીએ રાજ્યના કયા જિલ્લાને પ્રાકૃતિક કૃષિના જિલ્લા તરીકે જાહેર કરેલ છે? – **ડાંગ જિલ્લાને**

(16) ખેતીની કઈ પદ્ધતિમાં ખેતીનો ખર્ચ નહિવત્ આવે છે? – **પ્રાકૃતિક ખેતી-પદ્ધતિમાં**

(17) આત્મનિર્ભર માટે કઈ ખેતી એક મજબૂત વિકલ્પ છે?
– પ્રાકૃતિક ખેતી

(18) કઈ ખેતીથી જમીનની ફળદ્રુપતામાં અકલ્પનીય સુધારો જોવા મળે છે? **– પ્રાકૃતિક ખેતીથી**

(19) વૈશ્વિક તાપમાનની વૃદ્ધિનો પ્રશ્ન કોના માટે ખૂબ ચિંતાનો વિષય છે? **– આખા વિશ્વ માટે**

(20) કેવો ખોરાક ખાવાથી કૅન્સર, ડાયાબિટીસ, હૃદયરોગ વગેરે ભયંકર રોગોનો ફેલાવો ખૂબ ઝડપથી થઈ રહ્યો છે? **– રસાયણવાળો**

(21) લાંબું આયુષ્ય અને તંદુરસ્ત જીવન જીવવા માટે હવે કેવો ખોરાક અનિવાર્ય બની ગયો છે? **– પ્રાકૃતિક ખોરાક**

(22) પ્રાકૃતિક કૃષિ-પદ્ધતિનાં ઉત્પાદનો કેવાં હોય છે?
– સંપૂર્ણ રસાયણમુક્ત

(23) પ્રાકૃતિક કૃષિ-પદ્ધતિથી ઉત્પાદિત ખેતપેદાશો કેવા ગુણો ધરાવે છે?
– ઔષધીય

(24) પ્રાકૃતિક ખેતી થકી જમીન કેવી બને છે? **– પોચી અને ભરભરી**

(25) ભારતીય સંસ્કૃતિમાં ગાયને શું માનવામાં આવે છે? **– માતા**

(26) પ્રાકૃતિક ખેતીનો મુખ્ય આધારસ્તંભ શો છે? **– દેશી ગાય**

(27) ખેડૂતને શું કહેવામાં આવે છે? **– જગતનો તાત**

(28) પ્રાકૃતિક ખેતી કરવાથી કોનું શોષણ અટકે છે? **– પ્રકૃતિનું**

પ્રશ્ન 4. યોગ્ય જોડકાં જોડો : *[પ્રત્યેક સાચા જોડકાનો 1 ગુણ]*

(1)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. પશુપાલન	a. માણસોની જરૂરિયાત
2. સંયુક્ત કુટુંબો	b. વિનિમય પ્રથા
3. ગ્રામ્ય અર્થતંત્ર	c. બિયારણો
4. વસ્તુઓની આપ-લે	d. છાણિયું ખાતર
	e. આત્મનિર્ભર

ઉત્તર : (1 – d), (2 – a), (3 – e), (4 – b).

(2)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. રાસાયણિક ખેતી	a. પરાગનયનની ક્રિયા
2. ગ્રીનહાઉસ ગૅસ	b. રસાયણમુક્ત ખેતી
3. મધમાખીઓનો નાશ	c. યાંત્રિક ખેતી-ખર્ચમાં વધારો
4. પ્રાકૃતિક ખેતી	d. વૈવિધ્યસભર
	e. ગ્લોબલ વૉર્મિંગ

ઉત્તર : (1 – c), (2 – e), (3 – a), (4 – b).

(3)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. SPNF	a. રસાયણવાળો ખોરાક
2. પ્રાકૃતિક કૃષિ જિલ્લો	b. આર્થિક રીતે ફાયદાકારક
3. પ્રાકૃતિક ખેતી	c. ડાંગ જિલ્લો
4. જીવલેણ બીમારીઓનો ઝડપી ફેલાવો	d. દાહોદ જિલ્લો
	e. ડૉ. સુભાષ પાલેકર

ઉત્તર : (1 – e), (2 – c), (3 – b), (4 – a).

(4)

વિભાગ 'અ'	વિભાગ 'બ'
1. પ્રાકૃતિક કૃષિ-પદ્ધતિનાં ઉત્પાદનો	a. બળદ
2. પ્રાકૃતિક ખેતી	b. પોષક તત્ત્વોથી ભરપૂર
3. પ્રાકૃતિક ખેતીનો મુખ્ય આધારસ્તંભ	c. જગતનો તાત
4. ખેડૂત	d. જમીન પોચી અને ભરભરી
	e. દેશી ગાય

ઉત્તર : (1 – b), (2 – d), (3 – e), (4 – c).

પ્રશ્ન 5. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

1. કોના કર્મયોગને લીધે માનવી સમૂહમાં જીવવા લાગ્યો?
A. રાજાઓના B. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના
C. ઋષિઓના D. માનવીના પોતાના

* **2.** ભારતીય સંસ્કૃતિને બીજા કયા નામથી ઓળખવામાં આવતી?
A. સનાતન સંસ્કૃતિ B. પ્રાચીન સંસ્કૃતિ
C. ઋષિ-કૃષિ સંસ્કૃતિ D. આધુનિક સંસ્કૃતિ

* **3.** આઝાદી પહેલાં ભારતના ખેડૂતો કઈ ખેતી કરતા હતા?
A. સજીવ ખેતી B. પરંપરાગત ખેતી
C. પ્રાકૃતિક ખેતી D. રાસાયણિક ખેતી

4. આઝાદી પૂર્વે ભારતનો ખેડૂત કઈ બાબતો માટે આત્મનિર્ભર હતો?
A. ખાતર અને જંતુનાશકો માટે
B. રસાયણો અને બિયારણો માટે
C. ખાતર અને વરસાદ માટે
D. ખાતર અને બિયારણ માટે

* **5.** પૈસા આપી વસ્તુઓ ન ખરીદવી, પરંતુ વસ્તુના બદલે વસ્તુઓની આપ-લે કરવાની રીતને શું કહેવાય છે?
A. વિનિમય પ્રથા B. હૂંડિયામણ પ્રથા
C. બજારપ્રથા D. આપેલ પૈકી એક પણ નહિ

6. નીચેનામાંથી કઈ ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કરાતો નથી?
A. ટકાઉ ખેતીમાં B. પ્રાકૃતિક ખેતીમાં
C. મિશ્ર ખેતીમાં D. બાગાયતી ખેતીમાં

7. નીચેના પૈકી કયો ગૅસ ગ્લોબલ વૉર્મિંગ(વૈશ્વિક તાપમાન વૃદ્ધિ)માં મહત્ત્વનો ભાગ ભજવે છે?
A. ગોબર ગૅસ B. એલ.પી.જી.
C. સી.એન.જી. D. મિથેન ગૅસ

8. કોના નાશથી પરાગનયનની ક્રિયા ઘટતી જાય છે?
A. પતંગિયાંના B. ઉંદરોના
C. મધમાખીઓના D. ચકલીઓના

9. રાસાયણિક ખેતીનો મજબૂત અને ટકાઉ એકમાત્ર વિકલ્પ શો છે?
A. પ્રાકૃતિક ખેતી B. સઘન ખેતી
C. બાગાયતી ખેતી D. મિશ્ર ખેતી

10. નીચેના પૈકી કઈ ખેતી પાકો, વૃક્ષો અને પશુધનને કાર્યાત્મક જૈવિક સાથે એકીકૃત કરે છે?
A. રાસાયણિક ખેતી B. પ્રાકૃતિક ખેતી
C. બાગાયતી ખેતી D. સઘન ખેતી

ઉત્તર : **1.** ઋષિઓના **2.** ઋષિ-કૃષિ સંસ્કૃતિ
3. પરંપરાગત ખેતી **4.** ખાતર અને બિયારણ માટે
5. વિનિમય પ્રથા **6.** પ્રાકૃતિક ખેતીમાં
7. મિથેન ગૅસ **8.** મધમાખીઓના
9. પ્રાકૃતિક ખેતી **10.** પ્રાકૃતિક ખેતી

---

11. પ્રાકૃતિક ખેતીની શોધ કોણે કરી? **અથવા**
પ્રાકૃતિક ખેતી કોણે વિકસાવી?
A. ડૉ. સુભાષ પાલેકરે B. ડૉ. સુધાંશુ નાર્વેકરે
C. ડૉ. પ્રકાશ કુરિયને D. ડૉ. સુધેન્દુ કાલેલકરે

12. ગુજરાત સરકારશ્રીએ રાજ્યના કયા જિલ્લાને 'પ્રાકૃતિક કૃષિ જિલ્લા' તરીકે જાહેર કરેલ છે?
A. પંચમહાલ B. દાહોદ
C. ડાંગ D. વલસાડ

13. આત્મનિર્ભર ભારત માટે કઈ ખેતી એક મજબૂત વિકલ્પ છે?
A. બાગાયતી ખેતી B. મિશ્ર ખેતી
C. રાસાયણિક ખેતી D. પ્રાકૃતિક ખેતી

14. વધારે પડતાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી જમીન પર શી અસર થઈ છે?
A. તેની ઉત્પાદનશક્તિમાં ખૂબ ઘટાડો થયો છે.
B. તેની ઉત્પાદનશક્તિમાં નોંધપાત્ર વધારો થયો છે.
C. તેમાંથી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મળે છે.
D. તેની ભેજસંગ્રહ-શક્તિ વધી છે.

15. પ્રાકૃતિક ખેતીથી જમીન પર શી અસર થઈ છે?
A. વર્ષોવર્ષ રાસાયણિક ખાતરોની જરૂરિયાત વધી ગઈ છે.
B. તેની ફળદ્રુપતા ઘટી ગઈ છે.
C. તે સખત બની છે.
D. તેમાં રહેલાં તમામ આવશ્યક પોષક તત્ત્વો ઉપલબ્ધ બન્યાં છે.

16. વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિ થવાથી કોનો સામનો કરવો પડતો નથી?
A. અતિવૃષ્ટિનો B. અકસ્માતોનો
C. વાવાઝોડાનો D. કમોસમી વરસાદનો

17. લાંબું આયુષ્ય અને તંદુરસ્ત જીવન જીવવા માટે કયો ખોરાક હવે અનિવાર્ય બની ગયો છે?
A. માત્ર ફળફળાદિનો B. પરંપરાગત
C. પ્રાકૃતિક D. રાસાયણિક

18. પ્રાકૃતિક ખેતીમાં પાકના અવશેષો જમીન પર પાથરવાથી જમીન પર શી અસર થાય છે?
A. જમીનની ભેજસંગ્રહ-શક્તિમાં વધારો થાય છે.
B. જમીનની ભેજસંગ્રહ-શક્તિમાં ઘટાડો થાય છે.
C. જમીન ખૂબ સખત બને છે.
D. જમીનની ફળદ્રુપતા ઓછી થાય છે.

ઉત્તર : **11.** ડૉ. સુભાષ પાલેકરે
12. ડાંગ
13. પ્રાકૃતિક ખેતી
14. તેની ઉત્પાદનશક્તિમાં ખૂબ ઘટાડો થયો છે.
15. તેમાં રહેલાં તમામ આવશ્યક પોષક તત્ત્વો ઉપલબ્ધ બન્યાં છે.
16. અકસ્માતોનો
17. પ્રાકૃતિક
18. જમીનની ભેજસંગ્રહ-શક્તિમાં વધારો થાય છે.

22 માર્ગ-સલામતી : વાહનો અને માર્ગ

પ્રકરણસાર

❁ **વાહનચાલકની ફરજ :** માર્ગનો ઉપયોગ કરનાર અન્ય વાહનચાલકોને અગવડ પડે નહિ કે તેમની સલામતી જોખમાય નહિ તે રીતે વાહન ચલાવવું એ દરેક વાહનચાલકની ફરજ છે.

❁ **વાહનો દ્વારા માર્ગનો ઉપયોગ :**

(1) જે-તે વાહનનું ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવતી વ્યક્તિએ જ જાહેર માર્ગ પર વાહન ચલાવવું જોઈએ.

(2) સામાન્ય રીતે વાહનચાલકે પોતાનું વાહન માર્ગની ડાબી તરફ જ ચલાવવું જોઈએ.

(3) જ્યારે પોતાના વાહનને બીજું વાહન ઓવરટેક કરી રહ્યું હોય, આગળ રસ્તો વળાંકવાળો હોય, ઢોળાવવાળો હોય કે આગળનો રસ્તો કોઈ અવરોધને કારણે સ્પષ્ટ ન હોય ત્યારે વાહનચાલકે પોતાનું વાહન ફરજિયાતપણે જાહેર માર્ગની ડાબી બાજુ જ ચલાવવું જોઈએ.

(4) એક કરતાં વધારે લેનવાળા માર્ગ પર ભારે વાહનો માર્ગની ડાબી બાજુ જ ચલાવવાં જોઈએ.

(5) 'એક તરફી' (One-way) માર્ગ પર પ્રતિબંધિત દિશામાં વાહન ચલાવવું નહિ.

(6) ટ્રાફિકના પ્રવાહની વિરુદ્ધ દિશા(Wrong Side)માં વાહન ચલાવવું નહિ.

(7) પાછળની તરફ (Reverse) ગતિ કરી રહેલા વાહનથી સલામત અંતર રાખવું અને તેની પાછળની તરફની ગતિની ક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી તેની તરફ આગળ વધવું નહિ.

❁ **માર્ગનો અધિકાર (Right of Way) :**

• જ્યારે માર્ગ પર 'થોભો'(STOP)નો સંકેત હોય ત્યારે,

– 'થોભો'(STOP)ના સંકેત પહેલાંની આડી સ્ટૉપ-લાઇન પહેલાં થોભી જવું.

– સ્ટૉપ-લાઇન ન હોય કે દેખાતી ન હોય ત્યારે 'થોભો'ના સંકેત પહેલાં થોભી જવું.

– મુખ્ય માર્ગ પરના વાહનવ્યવહારને અગ્રતા આપવી.

– આગળનો રસ્તો ખાલી હોય ત્યારે જ મુખ્ય માર્ગ પર પ્રવેશ કરવો.

– જ્યારે 'માર્ગ આપો'(Give Way)નો સંકેત પ્રદર્શિત હોય ત્યારે વાહનચાલકે વાહન ધીમું પાડવું અને માર્ગ પરના વાહનવ્યવહારને અગ્રતા આપવી અને પછી આગળ વધવું.

– જ્યારે 'માર્ગ આપો' કે 'થોભો'ના સંકેત પહેલાં કોઈ રાહદારી-ક્રૉસિંગ ન હોય તોપણ વાહનચાલકે રાહદારીઓને પ્રાધાન્ય આપવું.

– માર્ગ પર પ્રવેશતાં પહેલાં વાહનચાલકે માર્ગ પરના ચાલુ વાહનવ્યવહારને અગ્રતા આપવી.

– ઢાળ કે ઢોળાવવાળા માર્ગ પર તેની પર ચઢી રહેલાં વાહનોને અગ્રતા આપવી.

– અગ્નિશામક વાહન કે ઍમ્બ્યુલન્સ જેવાં આપાતકાલીન વાહનો પસાર થઈ રહ્યાં હોય ત્યારે વાહનચાલકે પોતાનું વાહન તેના માર્ગમાંથી હટાવીને તેને આગળ જવા માટે માર્ગ કરી આપવો.

❁ **ડાબી કે જમણી તરફ વળવું :**

– **ડાબી** તરફ વળવા માગતા વાહનચાલકે સ્પષ્ટ રીતે અને સમયસર દિશાસૂચક સંકેતથી અથવા હાથના ઇશારાથી ડાબી તરફ વળવાનો પોતાનો ઇરાદો બતાવવો.

– ડાબી તરફ વળતાં પહેલાં વાહનચાલકે સમયસર સૌથી ડાબી તરફની લેનમાં આવી જવું.

– ડાબી તરફ વળવાનો સંકેત આપ્યા પછી પોતાની ડાબી તરફ તેમજ પાછળના વાહનવ્યવહારને જોઈને સલામત રીતે ડાબી તરફની લેનમાં આવવું.

– વાહનચાલકે ડાબી બાજુએ વળતાં પહેલાં માર્ગ પર જઈ રહેલા રાહદારીઓને અગ્રતા આપવી.

– **જમણી** તરફ વળવા ઇચ્છતા વાહનચાલકે સ્પષ્ટ રીતે અને સમયસર દિશાસૂચક સંકેતથી કે હાથના ઇશારાથી જમણી તરફ વળવાનો પોતાનો ઇરાદો બતાવવો.

– જમણી તરફ વળતાં પહેલાં વાહનચાલકે સમયસર સૌથી જમણી તરફની લેનમાં આવવું.

– જમણી તરફ વળવાનો સંકેત આપ્યા પછી પોતાની જમણી તરફ તેમજ પાછળના વાહનવ્યવહારને જોઈને સલામત રીતે જમણી તરફની લેનમાં આવવું.

– વાહનચાલકે જમણી બાજુએ વળતાં પહેલાં માર્ગ પર જઈ રહેલા રાહદારીઓને અગ્રતા આપવી.

– જમણી તરફ વળતી વખતે પાછળથી આવતા વાહનવ્યવહાર પર નજર રાખી સામેથી આવતા વાહનવ્યવહારને પસાર થવા દઈને સલામત જગ્યાએ વળવું.

❁ **યુ ટર્ન લેવો (Taking a 'U' turn) :**

• નીચે દર્શાવેલ જગ્યાઓએ ક્યારેય યુ ટર્ન લેવો નહિ :

– જ્યાં માર્ગ સંકેતથી અથવા ટ્રાફિક સિગ્નલથી યુ ટર્ન પ્રતિબંધિત હોય ત્યારે;

– વાહનવ્યવહાર સતત ચાલુ રહેતો હોય તેવા વ્યસ્ત જાહેર માર્ગો પર;

– મુખ્ય માર્ગ, ધોરીમાર્ગ કે એક્સપ્રેસ વે પર;

– એક (Single) કે બેવડા (Double) સળંગ સફેદ કે પીળા પટ્ટાને પાર કરીને.

❁ **યુ ટર્ન કેવી રીતે લેવો? :**

– સામેની દિશામાંથી આવતા વાહનવ્યવહાર તેમજ પોતાની બાજુના અને પાછળથી આવતા વાહનવ્યવહાર પર નજર રાખીને સલામત જણાય ત્યારે જ યુ ટર્ન લેવો.

– વાહનચાલકે યુ ટર્ન લેતાં પહેલાં રાહદારીઓ અને સાઇકલ-સવારોને અગ્રતા આપવી.

– વાહનચાલકે સામેથી આવતા વાહનવ્યવહારને પસાર થઈ જવા દઈ પોતે અન્યને અગવડરૂપ ન બને તે રીતે જ યુ ટર્ન લેવો.

❁ **ટ્રાફિક સિગ્નલની સમજ :**

• ટ્રાફિક નિયમન સિગ્નલને અનુસરવું તે દરેક વાહનચાલકની ફરજ છે.

• જંક્શન પર ત્રણ રંગનાં ટ્રાફિક સિગ્નલ હોય છે : લાલ, લીલું અને પીળું.

• વાહન ટ્રાફિક નિયમન સિગ્નલની નજીક પહોંચી રહ્યું હોય ત્યારે વાહનચાલકે પોતાના વાહનની ગતિ ધીમી કરીને નીચે જણાવ્યા મુજબ સિગ્નલને અનુસરવું :

લાલ બત્તી (Red Traffic Signal) :

(1) ચાર રસ્તા પર વાહનની સામે લાલ બત્તી હોય ત્યારે સ્ટૉપ-લાઇનની પહેલાં વાહન થોભાવવું.

(2) સ્ટૉપ-લાઇન અંકિત કરવામાં ન આવી હોય કે દેખાતી ન હોય ત્યારે રાહદારી-ક્રૉસિંગ પહેલાં વાહન થોભાવવું.

(3) રાહદારી-ક્રૉસિંગ ન હોય ત્યારે પ્રાથમિક ટ્રાફિક સિગ્નલ પહેલાં વાહન થોભાવી દેવું.

(4) લાલ બત્તી ચાલુ હોય ત્યારે ડાબી બાજુ વળવા માગતા વાહનચાલકે પોતાની જમણી તરફથી આવતાં વાહનોને, માર્ગ ઓળંગતા રાહદારીઓને તેમજ સાઇકલ-સવારોને અગ્રતા આપ્યા પછી જ ડાબી બાજુએ વળવું.

(5) ચાર રસ્તા પર લાલ બત્તી લબૂક-ઝબૂક થતી હોય ત્યારે વાહનચાલકે નીચે જણાવ્યા પ્રમાણે આગળ વધવું :

– સ્ટૉપ-લાઇન, તે ન હોય તો રાહદારી-ક્રૉસિંગ અને તે પણ ન હોય ત્યારે પ્રાથમિક ટ્રાફિક-સિગ્નલ પહેલાં વાહન થોભાવી દેવું.

– રાહદારીઓને અને મુખ્ય માર્ગ વાહનવ્યવહારને અગ્રતા આપ્યા પછી સલામતી જણાય ત્યારે જ વાહન આગળ હાંકવું.

લીલી બત્તી (Green Traffic Signal) :

(1) ચાર રસ્તા પર તમારા વાહનની સામે લીલી બત્તી હોય ત્યારે આગળનું રાહદારી-ક્રૉસિંગ કે ચાર રસ્તા ખાલી હોય તો જ વાહન આગળ હંકારવું.

(2) ટ્રાફિક નિયમન સિગ્નલ દ્વારા દિશાસૂચક લીલા રંગનું તીર (Green Arrow) પણ પ્રદર્શિત થઈ રહ્યું હોય ત્યારે તે તીરની દિશામાં જ આગળ વધવું.

(3) ટ્રાફિક સિગ્નલ પર લીલી બત્તી થવા સમયે રાહદારી-ક્રૉસિંગ પર હોય તેટલા રાહદારીઓ અને ચાર રસ્તા પર અગાઉથી આવી ગયેલાં વાહનોને પસાર થવાનો માર્ગ આપવો.

(4) ચાર રસ્તા પર સતત લબૂક-ઝબૂક થતું દિશાસૂચક લીલા રંગનું તીર પ્રદર્શિત થતું હોય ત્યારે વાહનચાલકે રાહદારીઓને, સાઇકલ-સવારોને અને તે માર્ગ પર ભળી રહેલ વાહનવ્યવહારને માર્ગનો અધિકાર આપ્યા પછી સલામતી જણાય ત્યારે તીરની દિશામાં જ વળવું.

પીળી બત્તી (Amber Traffic Light) :

(1) ચાર રસ્તા પર તમારા વાહનની સામે પીળી બત્તી હોય ત્યારે સ્ટૉપ-લાઇનની પહેલાં કે તે ન હોય ત્યારે રાહદારી-ક્રૉસિંગ કે પ્રાથમિક ટ્રાફિક સિગ્નલની પહેલાં વાહન થંભાવી દેવું.

(2) પરંતુ, જો તમારું વાહન સ્ટૉપ-લાઇન પાર કરી ગયું હોય અથવા સ્ટૉપ-લાઇનથી એટલું નજીક હોય કે અચાનક વાહન થોભાવી દેવાથી પાછળથી આવતા વાહન સાથે અથડામણની શક્યતા હોય ત્યારે વાહન થોભાવ્યા વિના સલામત રીતે સિગ્નલ પાર કરી શકાય.

(3) ચાર રસ્તા પર પીળી બત્તી સતત લબૂક-ઝબૂક થતી હોય ત્યારે વાહનચાલકે વાહનને ધીમું કરીને રાહદારીઓને અને ચાર રસ્તા પર અગાઉથી હાજર વાહનોને પસાર થવાનો માર્ગ આપ્યા પછી સાવચેતીપૂર્વક આગળ વધવું.

પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*

(1) માર્ગ પર ડાબી કે જમણી તરફ કઈ રીતે વળવું જોઈએ?

ઉત્તર : વાહનચાલકે યોગ્ય સંકેત સમયસર આપીને યોગ્ય લેનમાં સલામત રીતે પહોંચીને નીચે જણાવ્યા મુજબ વળવું જોઈએ :



ડાબી તરફ વળવા :

(1) **ડાબી** તરફ વળવા માગતા વાહનચાલકે સ્પષ્ટ રીતે અને સમયસર દિશાસૂચક સંકેતથી અથવા હાથના ઇશારાથી ડાબી તરફ વળવાનો પોતાનો ઇરાદો બતાવવો.

(2) ડાબી તરફ વળતાં પહેલાં વાહનચાલકે સમયસર સૌથી ડાબી તરફની લેનમાં આવી જવું.

(3) ડાબી તરફ વળવાનો સંકેત આપ્યા પછી પોતાની ડાબી તરફ તેમજ પાછળના વાહનવ્યવહારને જોઈને સલામત રીતે ડાબી તરફની લેનમાં આવવું.

(4) વાહનચાલકે ડાબી બાજુએ વળતાં પહેલાં માર્ગ પર જઈ રહેલા રાહદારીઓને અગ્રતા આપવી.

જમણી તરફ વળવા :

(1) **જમણી** તરફ વળવા ઇચ્છતા વાહનચાલકે સ્પષ્ટ રીતે અને સમયસર દિશાસૂચક સંકેતથી કે હાથના ઇશારાથી જમણી તરફ વળવાનો પોતાનો ઇરાદો બતાવવો.

(2) જમણી તરફ વળતાં પહેલાં વાહનચાલકે સમયસર સૌથી જમણી તરફની લેનમાં આવવું.

(3) જમણી તરફ વળવાનો સંકેત આપ્યા પછી પોતાની જમણી તરફ તેમજ પાછળના વાહનવ્યવહારને જોઈને સલામત રીતે જમણી તરફની લેનમાં આવવું.

(4) વાહનચાલકે જમણી બાજુએ વળતાં પહેલાં માર્ગ પર જઈ રહેલા રાહદારીઓને અગ્રતા આપવી.

(5) જમણી તરફ વળતી વખતે પાછળથી આવતા વાહનવ્યવહાર પર નજર રાખી સામેથી આવતા વાહનવ્યવહારને પસાર થવા દઈને સલામત જગ્યાએ વળવું.

*** (2) ટ્રાફિક સિગ્નલની સમજ આપો.**

ઉત્તર : ટ્રાફિક જંક્શન પર **ત્રણ** રંગનાં સિગ્નલ હોય છે : લાલ, લીલું અને પીળું.

→ વાહન ટ્રાફિક નિયમન સિગ્નલની નજીક પહોંચી રહ્યું હોય ત્યારે વાહનચાલકે પોતાના વાહનની ગતિ ધીમી કરીને નીચે જણાવ્યા મુજબ સિગ્નલને અનુસરવું :

લાલ બત્તી (Red Traffic Signal) :

(1) ચાર રસ્તા પર વાહનની સામે લાલ બત્તી હોય ત્યારે સ્ટૉપ-લાઇનની પહેલાં વાહન થોભાવવું.

(2) સ્ટૉપ-લાઇન અંકિત કરવામાં ન આવી હોય કે દેખાતી ન હોય ત્યારે રાહદારી-ક્રૉસિંગ પહેલાં વાહન થોભાવવું.

(3) રાહદારી-ક્રૉસિંગ ન હોય ત્યારે પ્રાથમિક ટ્રાફિક સિગ્નલ પહેલાં વાહન થોભાવી દેવું.

(4) લાલ બત્તી ચાલુ હોય ત્યારે ડાબી બાજુ વળવા માગતા વાહનચાલકે પોતાની જમણી તરફથી આવતાં વાહનોને, માર્ગ ઓળંગતા રાહદારીઓને તેમજ સાઇકલ-સવારોને અગ્રતા આપ્યા પછી જ ડાબી બાજુએ વળવું.

(5) ચાર રસ્તા પર લાલ બત્તી લબૂક-ઝબૂક થતી હોય ત્યારે વાહનચાલકે નીચે જણાવ્યા પ્રમાણે આગળ વધવું :

– સ્ટૉપ-લાઇન, તે ન હોય તો રાહદારી-ક્રૉસિંગ અને તે પણ ન હોય ત્યારે પ્રાથમિક ટ્રાફિક-સિગ્નલ પહેલાં વાહન થોભાવી દેવું.

– રાહદારીઓને અને મુખ્ય માર્ગ વાહનવ્યવહારને અગ્રતા આપ્યા પછી સલામતી જણાય ત્યારે જ વાહન આગળ હાંકવું.

લીલી બત્તી (Green Traffic Signal) :

(1) ચાર રસ્તા પર તમારા વાહનની સામે લીલી બત્તી હોય ત્યારે આગળનું રાહદારી-ક્રૉસિંગ કે ચાર રસ્તા ખાલી હોય તો જ વાહન આગળ હંકારવું.

(2) ટ્રાફિક નિયમન સિગ્નલ દ્વારા દિશાસૂચક લીલા રંગનું તીર (Green Arrow) પણ પ્રદર્શિત થઈ રહ્યું હોય ત્યારે તે તીરની દિશામાં જ આગળ વધવું.

(3) ટ્રાફિક સિગ્નલ પર લીલી બત્તી થવા સમયે રાહદારી-ક્રૉસિંગ પર હોય તેટલા રાહદારીઓ અને ચાર રસ્તા પર અગાઉથી આવી ગયેલાં વાહનોને પસાર થવાનો માર્ગ આપવો.

(4) ચાર રસ્તા પર સતત લબૂક-ઝબૂક થતું દિશાસૂચક લીલા રંગનું તીર પ્રદર્શિત થતું હોય ત્યારે વાહનચાલકે રાહદારીઓને, સાઇકલ-સવારોને અને તે માર્ગ પર ભળી રહેલ વાહનવ્યવહારને માર્ગનો અધિકાર આપ્યા પછી સલામતી જણાય ત્યારે તીરની દિશામાં જ વળવું.

પીળી બત્તી (Amber Traffic Light) :

(1) ચાર રસ્તા પર તમારા વાહનની સામે પીળી બત્તી હોય ત્યારે સ્ટૉપ-લાઇનની પહેલાં કે તે ન હોય ત્યારે રાહદારી-ક્રૉસિંગ કે પ્રાથમિક ટ્રાફિક સિગ્નલની પહેલાં વાહન થંભાવી દેવું.

(2) પરંતુ, જો તમારું વાહન સ્ટૉપ-લાઈન પાર કરી ગયું હોય અથવા સ્ટૉપ-લાઈનથી એટલું નજીક હોય કે અચાનક વાહન થોભાવી દેવાથી પાછળથી આવતા વાહન સાથે અથડામણની શક્યતા હોય ત્યારે વાહન થોભાવ્યા વિના સલામત રીતે સિગ્નલ પાર કરી શકાય.

(3) ચાર રસ્તા પર પીળી બત્તી સતત લબૂક-ઝબૂક થતી હોય ત્યારે વાહનચાલકે વાહનને ધીમું કરીને રાહદારીઓને અને ચાર રસ્તા પર અગાઉથી હાજર વાહનોને પસાર થવાનો માર્ગ આપ્યા પછી સાવચેતીપૂર્વક આગળ વધવું.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો :

[પ્રત્યેકના 3 ગુણ]

(1) વાહનચાલકે વાહનો દ્વારા માર્ગનો ઉપયોગ કઈ કઈ રીતે કરવો જોઈએ?

ઉત્તર : વાહનચાલકે વાહનો દ્વારા માર્ગનો ઉપયોગ નીચે જણાવ્યા મુજબ કરવો જોઈએ :

→ જે-તે વાહનનું ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવતી વ્યક્તિએ જ જાહેર માર્ગ પર વાહન ચલાવવું જોઈએ.

→ સામાન્ય રીતે વાહનચાલકે પોતાનું વાહન માર્ગની ડાબી તરફ જ ચલાવવું જોઈએ.

→ જ્યારે પોતાના વાહનને બીજું વાહન ઓવરટેક કરી રહ્યું હોય, આગળ રસ્તો વળાંકવાળો હોય, ઢોળાવવાળો હોય કે આગળનો રસ્તો કોઈ અવરોધને કારણે સ્પષ્ટ ન હોય ત્યારે વાહનચાલકે પોતાનું વાહન ફરજિયાતપણે જાહેર માર્ગની ડાબી બાજુ જ ચલાવવું જોઈએ.

→ એક કરતાં વધારે લેનવાળા માર્ગ પર ભારે વાહનો માર્ગની ડાબી બાજુ જ ચલાવવાં જોઈએ.

→ 'એક તરફી' (One-way) માર્ગ પર પ્રતિબંધિત દિશામાં વાહન ચલાવવું નહિ.

→ ટ્રાફિકના પ્રવાહની વિરુદ્ધ દિશા(Wrong side)માં વાહન ચલાવવું નહિ.

→ પાછળની તરફ (Reverse) ગતિ કરી રહેલા વાહનથી સલામત અંતર રાખવું અને તેની પાછળની તરફની ગતિની ક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી તેની તરફ આગળ વધવું નહિ.

*** (2) માર્ગનો અધિકારમાં સમાવિષ્ટ બાબતો જણાવો.**

અથવા

માર્ગનો અધિકારમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

ઉત્તર : માર્ગનો અધિકાર(Right of Way)માં નીચે જણાવેલી બાબતોનો સમાવેશ થાય છે :

● જ્યારે માર્ગ પર 'થોભો'(STOP)નો સંકેત હોય ત્યારે –

→ 'થોભો'(STOP)ના સંકેત પહેલાંની આડી સ્ટૉપ-લાઈન પહેલાં થોભી જવું.

→ સ્ટૉપ-લાઈન ન હોય કે દેખાતી ન હોય ત્યારે 'થોભો'ના સંકેત પહેલાં થોભી જવું.

→ મુખ્ય માર્ગ પરના વાહનવ્યવહારને અગ્રતા આપવી.

→ આગળનો રસ્તો ખાલી હોય ત્યારે જ મુખ્ય માર્ગ પર પ્રવેશ કરવો.

→ જ્યારે 'માર્ગ આપો'(Give Way)નો સંકેત પ્રદર્શિત હોય ત્યારે વાહનચાલકે વાહન ધીમું પાડવું અને માર્ગ પરના વાહનવ્યવહારને અગ્રતા આપવી અને પછી આગળ વધવું.

→ જ્યારે 'માર્ગ આપો' કે 'થોભો'ના સંકેત પહેલાં કોઈ રાહદારી-ક્રૉસિંગ ન હોય તોપણ વાહનચાલકે રાહદારીઓને પ્રાધાન્ય આપવું.

→ માર્ગ પર પ્રવેશતાં પહેલાં વાહનચાલકે માર્ગ પરના ચાલુ વાહનવ્યવહારને અગ્રતા આપવી.

→ ઢાળ કે ઢોળાવવાળા માર્ગ પર તેની પર ચઢી રહેલાં વાહનોને અગ્રતા આપવી.

→ અગ્નિશામક વાહન કે ઍમ્બ્યુલન્સ જેવાં આપાતકાલીન વાહનો પસાર થઈ રહ્યાં હોય ત્યારે વાહનચાલકે પોતાનું વાહન તેના માર્ગમાંથી હટાવીને તેને આગળ જવા માટે માર્ગ કરી આપવો.

(3) લાલ બત્તી કઈ બાબતો સૂચવે છે?

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(2)**માં મુદ્દો 'લાલ બત્તી'.

(4) લીલી બત્તી કઈ બાબતો સૂચવે છે?

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(2)**માં મુદ્દો 'લીલી બત્તી'.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :

[પ્રત્યેકના 2 ગુણ]

*** (1) યુ ટર્ન ક્યારે ન લેવો જોઈએ?**

ઉત્તર : નીચે દર્શાવેલ જગ્યાઓએ ક્યારેય યુ ટર્ન લેવો જોઈએ નહિ :

→ જ્યાં માર્ગ સંકેતથી અથવા ટ્રાફિક સિગ્નલથી યુ ટર્ન પ્રતિબંધિત હોય ત્યારે;

→ વાહનવ્યવહાર સતત ચાલુ રહેતો હોય તેવા વ્યસ્ત જાહેર માર્ગો પર;

→ મુખ્ય માર્ગ, ધોરીમાર્ગ કે એક્સપ્રેસ વે પર;

→ એક (Single) કે બેવડા (Double) સળંગ સફેદ કે પીળા પટ્ટાને પાર કરીને.

(2) યુ ટર્ન કેવી રીતે લેવો જોઈએ?

ઉત્તર : નીચે દર્શાવેલ રીતે યુ ટર્ન લેવો જોઈએ :




→ સામેની દિશામાંથી આવતા વાહનવ્યવહાર તેમજ પોતાની બાજુના અને પાછળથી આવતા વાહનવ્યવહાર પર નજર રાખીને સલામત જણાય ત્યારે જ યુ ટર્ન લેવો.

→ વાહનચાલકે યુ ટર્ન લેતાં પહેલાં રાહદારીઓ અને સાઇકલ-સવારોને અગ્રતા આપવી.

→ વાહનચાલકે સામેથી આવતા વાહનવ્યવહારને પસાર થઈ જવા દઈ પોતે અન્યને અગવડરૂપ ન બને તે રીતે જ યુ ટર્ન લેવો.

*** (3) પીળી બત્તી કઈ બાબતો સૂચવે છે?**

ઉત્તર : જુઓ પ્રશ્ન **1**ના પેટાપ્રશ્ન **(2)**માં મુદ્દો 'પીળી બત્તી'.



પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં ઉત્તર લખો : ***[પ્રત્યેકનો 1 ગુણ]***

(1) દરેક વાહનચાલકની ફરજ શી છે?

ઉત્તર : માર્ગનો ઉપયોગ કરનાર અન્ય વાહનચાલકોને અગવડ પડે નહિ કે તેમની સલામતી જોખમાય નહિ તે રીતે વાહન ચલાવવું એ દરેક વાહનચાલકની ફરજ છે.

(2) કઈ વ્યક્તિએ જ જાહેર માર્ગ પર વાહન ચલાવવું જોઈએ?

ઉત્તર : જે વાહન ચલાવવાનું હોય તે વાહનનું ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવતી વ્યક્તિએ જ જાહેર માર્ગ પર વાહન ચલાવવું જોઈએ.

(3) 'એક તરફી' (One-way) જાહેર કરવામાં આવેલા માર્ગ પર કઈ દિશામાં વાહન ચલાવવું નહિ?

ઉત્તર : 'એક તરફી' (One-way) જાહેર કરવામાં આવેલ માર્ગ પર જે દિશામાં વાહનવ્યવહાર પ્રતિબંધિત હોય તે દિશામાં વાહન ચલાવવું નહિ.

(4) જ્યારે 'માર્ગ આપો'(Give Way)નો સંકેત પ્રદર્શિત હોય ત્યારે વાહનચાલકે શું કરવું જોઈએ?

ઉત્તર : જ્યારે 'માર્ગ આપો'(Give Way)નો સંકેત પ્રદર્શિત હોય ત્યારે વાહનચાલકે વાહન ધીમું કરવું જોઈએ. વાહનચાલક જે માર્ગ પર પ્રવેશ કરવાનો હોય તે માર્ગ પરના વાહનવ્યવહારને અગ્રતા આપશે અને પછી તે સાવચેતીપૂર્વક આગળ વધશે.

(5) વાહનચાલકે યુ ટર્ન લેતાં પહેલાં કોને અગ્રતા આપવી જોઈએ?

ઉત્તર : વાહનચાલકે યુ ટર્ન લેતાં પહેલાં રાહદારીઓ અને સાઇકલ-સવારોને અગ્રતા આપવી જોઈએ.

(6) જંક્શન પર કેટલા રંગનાં ટ્રાફિક સિગ્નલ હોય છે? કયાં કયાં?

ઉત્તર : જંક્શન પર ત્રણ રંગનાં ટ્રાફિક સિગ્નલ હોય છે : લાલ, લીલું અને પીળું.

(7) ચાર રસ્તા પર વાહનચાલકની સામે લાલ બત્તી હોય ત્યારે તેણે શું કરવું જોઈએ?

ઉત્તર : ચાર રસ્તા પર વાહનચાલકની સામે લાલ બત્તી હોય ત્યારે તેણે સ્ટૉપ-લાઇનની પહેલાં પોતાનું વાહન થોભાવી દેવું જોઈએ.

(8) ચાર રસ્તા પર સતત લબૂક-ઝબૂક થતી પીળી બત્તી હોય ત્યારે વાહનચાલકે શું કરવું જોઈએ?

ઉત્તર : ચાર રસ્તા પર સતત લબૂક-ઝબૂક થતી પીળી બત્તી હોય ત્યારે વાહનચાલકે વાહનને ધીમું કરીને રાહદારીઓને અને ચાર રસ્તા પર અગાઉથી હાજર વાહનોને પસાર થવાનો માર્ગ આપ્યા પછી સાવચેતીથી આગળ વધવું જોઈએ.

હેતુલક્ષી પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક વિધાનની ખાલી જગ્યા માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ખાલી જગ્યા પૂરો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) ટ્રાફિકના પ્રવાહની ..... દિશામાં વાહન ચલાવવું.
A. સામેની B. વિરુદ્ધ C. ઉત્તર

(2) ..... સંકેત પહેલાંની આડી સ્ટૉપ-લાઇન પહેલાં થોભી જવું.
A. થોભોના B. માર્ગ આપોના C. એક તરફીના

(3) ..... સંકેત પ્રદર્શિત હોય ત્યારે વાહનચાલકે વાહન ધીમું કરવું.
A. 'આગળ વધો'ના B. 'યુ ટર્ન'નો C. 'માર્ગ આપો'ના

(4) વાહનચાલકે ..... રાહદારીઓ અને સાઇકલ-સવારોને અગ્રતા આપવી.
A. યુ ટર્ન પ્રતિબંધિત હોય ત્યારે
B. યુ ટર્ન લેતાં પહેલાં
C. ટ્રાફિક સિગ્નલ પર લીલી બત્તી હોય ત્યારે

(5) ચાર રસ્તા પર ..... બત્તી હોય ત્યારે સ્ટૉપ-લાઇનની પહેલાં વાહન થોભાવવું.
A. લીલા રંગની B. પીળા રંગની C. લાલ રંગની

ઉત્તર : (1) વિરુદ્ધ (2) થોભોના (3) 'માર્ગ આપો'ના (4) યુ ટર્ન લેતાં પહેલાં (5) લાલ રંગની

પ્રશ્ન 2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) બે તરફનો વાહનવ્યવહાર ધરાવતા માર્ગ પર વાહન સામાન્ય રીતે માર્ગની જમણી બાજુએ ચલાવવું જોઈએ.

(2) કોઈ માર્ગ પર એક કરતાં વધુ લેન હોય ત્યારે વાહનો માર્ગની ડાબી બાજુ જ ચલાવવાં જોઈએ.

(3) જ્યારે 'માર્ગ આપો'(Give Way)નો સંકેત પ્રદર્શિત હોય ત્યારે વાહનચાલક વાહન ધીમું કરશે.

(4) ઢાળ કે ઢોળાવવાળા માર્ગ પર તે ઢાળ કે ઢોળાવ પર ચઢી રહેલાં વાહનોને સલામતી આપવી જોઈએ.

(5) જમણી તરફ વળતાં પહેલાં વાહનચાલકે સમયસર સૌથી ડાબી તરફની લેનમાં આવી જવું જોઈએ.

(6) વાહનચાલકે યુ ટર્ન લેતાં પહેલાં રાહદારીઓ અને સાઇકલ-સવારોને અગ્રતા આપવી જોઈએ.

ઉત્તર : (1) ખોટું (2) ખરું (3) ખરું (4) ખોટું (5) ખોટું (6) ખરું

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

(1) આગળનો રસ્તો ખાલી હોય ત્યારે જ કયા માર્ગ પર સાવચેતીપૂર્વક પ્રવેશ કરવો જોઈએ? – **મુખ્ય માર્ગ**

(2) કેવાં વાહનો પસાર થઈ રહ્યાં હોય ત્યારે વાહનચાલકે તાત્કાલિક પોતાનું વાહન તેના માર્ગમાંથી હટાવી તેને આગળ જવા માર્ગ કરી આપવાનો રહેશે? – **આપાતકાલીન**

(3) રાહદારીઓ માર્ગ પસાર કરી રહ્યા હોય ત્યારે વાહનચાલકે ડાબી બાજુએ વળતાં પહેલાં કોને અગ્રતા આપવી જોઈએ?

– **રાહદારીઓને**

(4) જમણી તરફ વળતાં પહેલાં વાહનચાલકે સમયસર સૌથી પહેલાં કઈ તરફની લેનમાં આવી જવું જોઈએ? – **જમણી**

(5) ચાર રસ્તા પર તમારા વાહનની સામે કયા રંગની બત્તી હોય ત્યારે સ્ટૉપ-લાઇનની પહેલાં વાહન થોભાવવું? – **લાલ રંગની**

(6) ટ્રાફિક નિયમન સિગ્નલ દ્વારા દિશાસૂચક કયા રંગનું તીર પણ પ્રદર્શિત થઈ રહ્યું હોય તે તીરની દિશામાં આગળ વધી શકાશે?

– **લીલા રંગનું**

(7) સ્ટૉપ-લાઇન એટલે શું?

– **વાહનોને 'થોભો'ના સંકેત પહેલાંની આડી લાઇન**

પ્રશ્ન 4. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, ઉત્તર લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]*

* **1.** બે તરફનો વાહનવ્યવહાર ધરાવતા જાહેર માર્ગ પર માર્ગની કઈ તરફ વાહન ચલાવવું જોઈએ?

A. માર્ગની ડાબી તરફ
B. માર્ગની જમણી તરફ
C. ડ્રાઇવરની જમણી તરફ
D. જે તરફ જગ્યા હોય તે તરફ

* **2.** કોઈ માર્ગ પર એક કરતાં વધુ લેન હોય ત્યારે ભારે વાહન કઈ બાજુમાં ચલાવવું જોઈએ?

A. માર્ગની જમણી બાજુ
B. માર્ગની ડાબી બાજુ
C. રૉંગ સાઇડ
D. જે દિશામાં વાહનવ્યવહાર પ્રતિબંધિત હોય તે દિશામાં

* **3.** કેવાં વાહનોને આગળ જતા અગ્રતા આપવી?

A. આપાતકાલીન વાહનને B. ભારે વાહનને
C. પૅસેન્જર વાહનને D. માલવાહક વાહનને

* **4.** ડાબી તરફ જવા માગતા વાહનચાલકે કઈ લેનમાં આવી જવું જોઈએ?

A. પોતાની જમણી તરફની લેનમાં
B. પોતાની ડાબી તરફની લેનમાં
C. પોતાની સીધી લેનમાં
D. ખાલી લેનમાં

5. જો માર્ગ One-way જાહેર કરેલો હોય, તો તમે ...

A. જે દિશામાં વાહનવ્યવહાર પ્રતિબંધિત હોય તે દિશામાં જવું.
B. જે દિશામાં વાહનવ્યવહાર પ્રતિબંધિત હોય તે દિશામાં ન જવું.
C. રૉંગ સાઇડ વાહન ચલાવીને જવું.
D. વાહન રિવર્સમાં લઈને જઈ શકાય.

ઉત્તર : **1.** માર્ગની ડાબી તરફ
2. માર્ગની ડાબી બાજુ
3. આપાતકાલીન વાહનને
4. પોતાની ડાબી તરફની લેનમાં
5. જે દિશામાં વાહનવ્યવહાર પ્રતિબંધિત હોય તે દિશામાં ન જવું.

નમૂનાનાં પ્રશ્નપત્રો

પ્રશ્નપત્ર 1 : પ્રથમ પરીક્ષા માટે

(અભ્યાસક્રમ : ઇતિહાસ : પ્રકરણ 1થી 4; નાગરિકશાસ્ત્ર : પ્રકરણ 8 અને 9 તથા ભૂગોળ : પ્રકરણ 13થી 15)

સમય : 2 કલાક] **[કુલ ગુણ : 50**

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં કુલ **35** પ્રશ્નો છે.
(2) પ્રશ્નોની જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્ન **1**થી **15** હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો **1** ગુણ છે.
(4) પ્રશ્ન **16**થી **24** ટૂંકજવાબી પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **2** ગુણ છે.
(5) પ્રશ્ન **25**થી **32** ટૂંક નોંધ પ્રકારના પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **3** ગુણ છે.
(6) પ્રશ્ન **32** નકશાપૂર્તિનો પ્રશ્ન છે. આ પ્રશ્ન ફરજિયાત છે.
(7) પ્રશ્ન **33**થી **35** સવિસ્તર ઉત્તરવાળા પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **4** ગુણ છે.

વિભાગ A

નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : **15**
[પ્રત્યેકનો 1 ગુણ]

● **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો :**

1. ભારતમાં આવવાનો જળમાર્ગ કોણે શોધ્યો?
A. કોલંબસે B. પ્રિન્સ હેનરીએ
C. વાસ્કો-દ-ગામાએ D. બાર્થોલોમ્યુ ડાયસે

2. ફ્રેન્કફર્ટની સંધિમાં ફ્રાન્સે કયા પ્રદેશો ગુમાવ્યા?
A. ડેન્ઝિંગ પ્રદેશો B. આલ્સેસ અને લૉરેન્સના પ્રદેશો
C. પશ્ચિમ રશિયાના પ્રદેશો D. ઇંગ્લૅન્ડના પ્રદેશો

3. ભારત પ્રજાસત્તાક રાજ્ય છે, કારણ કે ...
A. તે સાર્વભૌમ રાજ્ય છે.
B. તે લોકશાહી રાજ્ય છે.
C. રાજ્યના વડાને નિશ્ચિત મુદત માટે ચૂંટવામાં આવે છે.
D. પ્રજાને ધાર્મિક સ્વતંત્રતા છે.

4. ભારતની પ્રમાણસમય રેખા કયા રાજ્યમાંથી પસાર થતી નથી, તે શોધીને લખો.
A. ઉત્તર પ્રદેશ B. છત્તીસગઢ
C. ઓડિશા D. તમિલનાડુ

● **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો :**

5. ..... સંયુક્ત રાષ્ટ્રો(UN)નું સૌથી મોટું અંગ છે.
A. સામાન્ય સભા B. સચિવાલય C. સલામતી સમિતિ

6. .....ના મતે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે.
A. પંડિત જવાહરલાલ નેહરુ
B. વિનોબા ભાવે
C. ડૉ. ભીમરાવ આંબેડકર

7. માળવાના ઉચ્ચપ્રદેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં .....ની ગિરિમાળા આવેલી છે.
A. અરવલ્લી B. સહ્યાદ્રિ C. નીલગિરિ

8. ..... નદી 'દક્ષિણની ગંગા' તરીકે ઓળખાય છે.
A. કાવેરી B. કૃષ્ણા C. ગોદાવરી

● **નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

9. શ્રી અરવિંદ ઘોષે સૌપ્રથમ ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની ભૂમિકા તૈયાર કરી હતી.

10. ભારત ધર્મની દૃષ્ટિએ બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે.

11. ભારતદેશ ઉત્તર ગોળાર્ધમાં આફ્રિકા ખંડના દક્ષિણ ભાગમાં આવેલો છે.

● **યોગ્ય જોડકાં જોડો :**

વિભાગ 'A'	વિભાગ 'B'
12. વૉલ સ્ટ્રીટ સંકટ	A. 10 ડિસેમ્બર
13. માનવ હકદિન	B. 1 સપ્ટેમ્બર, 1939
	C. 24 ઑક્ટોબર, 1929

● **નીચે આપેલા પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર આપો :**

14. પવિત્ર યાત્રાધામ ગણાતું પ્રખ્યાત માનસરોવર કઈ હારમાળામાં આવેલું છે?

15. બ્રહ્મપુત્ર નદી અરુણાચલ પ્રદેશમાં કયા નામે ઓળખાય છે?

વિભાગ B

નીચે આપેલા નવ (9) પ્રશ્નોમાંથી કોઈ પણ *છ* (6) પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : *[પ્રત્યેકના 2 ગુણ]* **12**

16. ભારતમાં ફ્રેંચ પ્રજાએ ક્યાં ક્યાં વેપારીમથકો (કોઠીઓ) સ્થાપ્યાં, તે શોધીને લખો :
(મછલીપટ્ટમ્, સુરત, ચંદ્રનગર, ભરૂચ, પુડુચેરી, કારિકલ, ફૉર્ટ સેન્ટ જ્યૉર્જ (ચેન્નઈ), ફૉર્ટ વિલિયમ (હુગલી, કોલકાતા))

17. ''પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપીય સમાજમાં સ્ત્રીઓ જાગૃત બની.'' આ વિધાન સમજાવો.

18. ''22 જાન્યુઆરી, 1905ના દિવસને રશિયાનો 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખવામાં આવે છે.'' આ વિધાન સમજાવો.

19. સંકલ્પના સમજાવો : કાળો કાયદો

20. ભારતના આમુખમાં કયા આદર્શો જણાવવામાં આવ્યા છે?

21. સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર એટલે શું?

22. આપેલ ખનીજોનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો :
બૉક્સાઇટ, અબરખ, ફ્લોરસ્પાર, મૅંગેનીઝ

ક્રમ	ધાતુમય ખનીજો	અધાતુમય ખનીજો

23. આપેલ ખડકોનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો :
ગ્રેનાઇટ, કોલસો, બેસાલ્ટ, ચિરોડી


ક્રમ	આગ્નેય ખડકો	પ્રસ્તર ખડકો

24. બ્રહ્મપુત્ર નદીમાં ચોમાસામાં શાથી વિનાશક પૂર આવે છે?

વિભાગ C

નીચે આપેલા આઠ (8) પ્રશ્નોમાંથી કોઈ પણ *પાંચ* (5) પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : *[પ્રત્યેકના 3 ગુણ]* **15**

25. નીચે આપેલ ચિત્ર જોઈ તેણે અમલમાં મૂકેલી સહાયકારી યોજનાની મુખ્ય શરતો જણાવો.



26. ટૂંક નોંધ લખો : સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિ

27. અસહકારના આંદોલનની રૂપરેખા સમજાવો.

28. ''ભારતના બંધારણમાં સમવાયી અને એકતંત્રી બંનેનો સમન્વય છે.'' કારણો આપી સમજાવો.

29. ''સામાજિક અને આર્થિક સમાનતા વિના રાજકીય સમાનતા અધૂરી છે.'' આ વિધાન સમજાવો.

30. ભારતનાં પૂર્વ તટીય અને પશ્ચિમ તટીય મેદાનોની તુલના કરો.

31. ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર કેમ સરળ બન્યો છે?

32. તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાઓ વડે, તેમના યોગ્ય સ્થાને દર્શાવો :
(1) ભારતની પ્રમાણસમય રેખા
(2) અરબ સાગર
(3) રણપ્રકારની જમીન – રાજસ્થાન

વિભાગ D

નીચે આપેલા ત્રણ (3) પ્રશ્નોમાંથી કોઈ પણ *બે* (2) પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : *[પ્રત્યેકના 4 ગુણ]* **8**

33. તમારા રહેણાક વિસ્તારમાં વિવિધ પ્રકારે થતી બાળમજૂરી અંગેની મોજણી હાથ ધરીને તેને અટકાવવા વિદ્યાર્થી તરીકે તમે શું કરશો? વિચારીને ઉત્તર લખો.

34. ભારતના બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત ફરજો વિશે જણાવો.

35. ભારતની જમીનના પ્રકારો જણાવી, કોઈ પણ બે પ્રકારોની વિસ્તૃત માહિતી આપો.

પ્રશ્નપત્ર 2 : દ્વિતીય પરીક્ષા માટે

(અભ્યાસક્રમ : ઇતિહાસ : પ્રકરણ 1થી 4 તથા પ્રકરણ 5 અને 6; નાગરિકશાસ્ત્ર : પ્રકરણ 8 અને 9 તથા પ્રકરણ 10 અને 11; ભૂગોળ : પ્રકરણ 13થી 15 તથા પ્રકરણ 16થી 18)

સમય : 2 કલાક] **[કુલ ગુણ : 50**

સૂચનાઓ : પ્રશ્નપત્ર **1** મુજબ.

વિભાગ A

નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : **15**
[પ્રત્યેકનો 1 ગુણ]

- **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો :**

1. ભારતમાં મુંબઈ, ચેન્નઈ અને કોલકાતામાં યુનિવર્સિટીઓ કોની ભલામણથી શરૂ થઈ, તે શોધીને લખો.
A. મેયોની B. મિન્ટોની C. ચાર્લ્સ વુડની D. મેકોલેની

2. જર્મન સમ્રાટ કૈસર વિલિયમ બીજો કઈ નીતિમાં માનતો હતો, તે શોધીને લખો.
A. 'યુદ્ધ એ જ કલ્યાણ'
B. 'વિશ્વપ્રભુત્વ'
C. 'શક્તિમાનને જ જીવવાનો હક છે.'
D. 'યુદ્ધ એ જ રાષ્ટ્રીય જરૂરિયાત છે.'

3. ભારતના પડોશી દેશોના સંદર્ભે કઈ જોડી અયોગ્ય છે?
A. અફઘાનિસ્તાન – ઉત્તર-પશ્ચિમ
B. નેપાળ – ઉત્તર-પૂર્વ
C. ચીન – ઉત્તર
D. બાંગ્લાદેશ – પશ્ચિમ

4. વડા પ્રધાનને હોદ્દા અને ગુપ્તતાના શપથ કોણ લેવડાવે છે?
A. ઉપરાષ્ટ્રપ્રમુખ
B. રાષ્ટ્રપ્રમુખ
C. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ
D. લોકસભાના પ્રૉટેમ સ્પીકર

- **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો :**

5. સિંગાપુરના હિંદીઓએ સુભાષચંદ્ર બોઝને '.....'નું હુલામણું નામ આપ્યું હતું.
A. સરદાર B. શાંતિદૂત C. નેતાજી

6. તટસ્થ રાષ્ટ્રોએ '.....'નો નવો અભિગમ અપનાવી વિશ્વ-રાજકારણમાં યોગ્ય પ્રદાન આપ્યું.
A. બિનજોડાણવાદ B. તટસ્થતા C. અસહકાર

7. નાણાકીય ખરડો પ્રથમ '.....'માં જ રજૂ થઈ શકે છે.
A. સંસદ B. રાજ્યસભા C. લોકસભા

8. '.....' એ કૃષિ-પ્રવૃત્તિ માટેનું મૂળભૂત સાધન છે.
A. જમીન B. રાસાયણિક ખાતર C. ટ્રૅક્ટર

- **નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

9. લોકઅદાલતોના ચુકાદાઓને કાનૂની પીઠબળ પૂરું પાડવામાં આવ્યું છે.

10. હિમાલયની નદીઓની સરખામણીમાં દ્વીપકલ્પીય નદીઓની લંબાઈ વધારે છે.

11. વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ વિશ્વમાં ભારતનું સ્થાન દસમું છે.

- **યોગ્ય જોડકાં જોડો :**

વિભાગ 'A'	વિભાગ 'B'
12. કસ્તૂરી મૃગ	A. બ્રહ્મપુત્ર નદીનું દલદલીય ક્ષેત્ર
13. એકશિંગી ભારતીય ગેંડા	B. જમ્મુ-કશ્મીર
	C. હિમાલયનું ઊંચાઈવાળું ક્ષેત્ર

- **નીચે આપેલા પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર લખો :**

14. ચીડના રસમાંથી શું બને છે?

15. સુભાષચંદ્ર બોઝે કયા નવા પક્ષની સ્થાપના કરી?

વિભાગ B

નીચે આપેલા નવ (9) પ્રશ્નોમાંથી કોઈ પણ *છ* (6) પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : *[પ્રત્યેકના 2 ગુણ]* **12**

16. કયાં કયાં રાષ્ટ્રો સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિના કાયમી સભ્યો છે, તે શોધીને લખો.
(ચીન, ઇટલી, જાપાન, યૂ.એસ.એ., ભારત, રશિયા, જર્મની, ફ્રાન્સ, બ્રિટન, તુર્કી)

17. સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના શા માટે કરવામાં આવી?

18. સંકલ્પના સમજાવો : બહિષ્કાર આંદોલન

19. નીચેની વ્યક્તિઓનો પરિચય આપો :
(1) અરવિંદ ઘોષ
(2) મૅડમ ભિખાઈજી કામા

20. ''આમુખ એ હોકાયંત્રની ગરજ સારે છે.'' આ વિધાન સમજાવો.

21. ભારતના નાગરિકને કયા કયા મૂળભૂત હકો આપવામાં આવ્યા છે? જણાવો.

22. જળ-પ્રદૂષણથી કઈ કઈ સમસ્યાઓ ઉદ્‌ભવી શકે છે? વિદ્યાર્થી તરીકે તમે આ પ્રદૂષણ અટકાવવા શું કરશો?

23. તાપી-બેસિન વિશે ટૂંકમાં માહિતી આપો.

24. લાલા લજપતરાયનું અવસાન શાથી થયું?

વિભાગ C

નીચે આપેલા આઠ (8) પ્રશ્નોમાંથી કોઈ પણ *પાંચ* (5) પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : *[પ્રત્યેકના 3 ગુણ]* **15**

25. દાંડીકૂચ-દાંડીયાત્રામાં ગાંધીજીએ ભજવેલા ફાળા વિશે નોંધ લખો.

26. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી મહાસત્તાઓ વચ્ચેના સંબંધો તનાવપૂર્ણ બન્યા, તે કેવી રીતે કહી શકાય? સમજાવો.

27. ઘણા વિદ્વાનો બર્લિનની નાકાબંધીને ઠંડા યુદ્ધનો આરંભ માને છે. કેવી રીતે? તાર્કિક રીતે સમજાવો.

28. સ્પીકર ગૃહની મર્યાદાના રક્ષક છે. શાથી?

29. 15 ઑગસ્ટનો દિવસ હતો. નીતા તેના પપ્પાની જોડે બેસીને ટીવી જોઈ રહી હતી. ટીવીમાં વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રવચન કરી રહ્યા હતા. નીતાના પપ્પાએ નીતાને પૂછ્યું કે વડા પ્રધાન ક્યાંથી પ્રવચન કરી રહ્યા છે? દેશના વડા પ્રધાન કઈ રીતે બની શકાય?

30. પૃથ્વી પર ઋતુઓ કેવી રીતે બદલાય છે, તે આકૃતિ દોરીને સમજાવો.

31. જંગલોનો વિનાશ થઈ રહ્યો છે. તેથી વન્ય જીવોની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે. તેના લીધે પર્યાવરણ ચક્રમાં ખલેલ પહોંચી છે. પર્યાવરણ ચક્ર વ્યવસ્થિત ચાલે તે માટે તમારી દૃષ્ટિએ શા ઉપાયો કરવા જોઈએ?

32. તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાઓ વડે, તેમના યોગ્ય સ્થાને દર્શાવો :

(1) વાર્ષિક 40થી 60 સેમી સુધીનો વરસાદ મેળવતો એક પ્રદેશ

(2) ઉષ્ણ કટિબંધીય કાંટાળાં જંગલોનો એક પ્રદેશ

(3) પેરિયાર વન્ય જીવ અભયારણ્ય

વિભાગ D

નીચે આપેલા ત્રણ (3) પ્રશ્નોમાંથી કોઈ પણ *બે* (2) પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : *[પ્રત્યેકના 4 ગુણ]* **8**

33. કયા સંજોગોમાં પૂર્ણ સ્વરાજ્યની માગણી કરવામાં આવી?

34. ટૂંક નોંધ લખો : સાયમન કમિશન

35. નઝીરી અદાલત કોને કહેવામાં આવે છે? સર્વોચ્ચ અદાલત નઝીરી અદાલત કયા કયા અધિકારો ધરાવે છે? જણાવો.

પ્રશ્નપત્ર 3 : વાર્ષિક પરીક્ષા માટે

[બોર્ડનું નમૂનાનું પ્રશ્નપત્ર]

સમય : 3 કલાક] **[સંપૂર્ણ અભ્યાસક્રમ]** **[કુલ ગુણ : 80**

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં કુલ **54** પ્રશ્નો છે. કેટલાક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો છે.

(2) પ્રશ્નોની જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

(3) પ્રશ્ન **1**થી **24** હેતુલક્ષી પ્રશ્નો છે. પ્રત્યેકનો **1** ગુણ છે.

(4) પ્રશ્ન **25**થી **37** ટૂંકજવાબી પ્રશ્નો છે. પ્રત્યેકના **2** ગુણ છે.

(5) પ્રશ્ન **38**થી **46** ટૂંક નોંધ પ્રકારના પ્રશ્નો છે. પ્રત્યેકના **3** ગુણ છે.

(6) પ્રશ્ન **47**થી **54** સવિસ્તર ઉત્તરવાળા પ્રશ્નો છે. પ્રત્યેકના **4** ગુણ છે.

વિભાગ A

નીચે આપેલા 1થી 24 પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : *[પ્રત્યેકનો 1 ગુણ]* **24**

● **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપો :**

1. ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું સૈન્ય શક્તિશાળી હોવા છતાં નવાબના સૈન્યને પરાજય આપવાનું સરળ ન લાગતાં રૉબર્ટ ક્લાઇવે કઈ યોજના બનાવી ?

A. વફાદારીની B. દગાખોરીની

C. ભાઈબંધીની D. જોડાણવાદીની

2. મેં સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન જાહેર કરેલું કે, ''સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને હું તેને લઈને જ ઝંપીશ.'' આ વિધાન કોણ બોલે છે તેને ઓળખો.

A. બાળગંગાધર ટિળક B. સુખદેવ થાપર

C. લાલા લજપતરાય D. સરદાર ભગતસિંહ

3. સ્વતંત્રતા મળ્યા બાદ ભારતના તત્કાલીન ગૃહપ્રધાન તરીકે કોની નિમણૂક થઈ હતી ?

A. સુભાષચંદ્ર બોઝની

B. સયાજીરાવ ગાયકવાડની

C. સરદાર વલ્લભભાઈ પટેલની

D. મોતીલાલ નેહરુની

4. ભારતમાં કેવા પ્રકારની લોકશાહી છે ?

A. પ્રમુખશાહી B. ન્યાયતંત્રીય C. સંસદીય D. રાજાનિર્મિત

5. જો માર્ગ One-way જાહેર કરેલો હોય, તો તમે ...

A. જે દિશામાં વાહનવ્યવહાર પ્રતિબંધિત હોય તે દિશામાં જવું.

B. જે દિશામાં વાહનવ્યવહાર પ્રતિબંધિત હોય તે દિશામાં ન જવું.

C. રૉંગ સાઇડ વાહન ચલાવીને જવું.

D. મોટરગાડી રિવર્સમાં લઈને જઈ શકાય.

● **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો :**

6. અસહકાર આંદોલનના ભાગરૂપે અંગ્રેજી શિક્ષણ છોડી તેના સ્થાને રાષ્ટ્રીય શાળાની સ્થાપના થઈ. તે સમયમાં ગાંધીજી દ્વારા ..... વિદ્યાપીઠની સ્થાપના ગુજરાતમાં કરવામાં આવી.

(જામીયા મિલિયા, ગૂજરાત, કાશી)

7. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપ્રમુખ જિનપિંગ વચ્ચે અમદાવાદમાં ..... ખાતે સૌજન્યપૂર્ણ મુલાકાત યોજાઈ હતી. *(ગાંધી આશ્રમ, મહાત્મા મંદિર, રિવરફ્રન્ટ)*

8. 'દિલીપભાઈની ઉંમર 55 વર્ષની છે. હિમાંશુભાઈની ઉંમર 67 વર્ષની છે અને રાજેશભાઈની ઉંમર 71 વર્ષની છે. આ ત્રણેયમાંથી ..... ભારતની સુપ્રીમ કૉર્ટ(સર્વોચ્ચ અદાલત)ના ન્યાયાધીશ બની શકે. *(હિમાંશુભાઈ, દિલીપભાઈ, રાજેશભાઈ)*

9. ઋતુ પ્રમાણે બદલાતી આબોહવા એટલે ..... પ્રકારની આબોહવા કહેવાય છે. *(મોસમી, ઉષ્ણ, સમશીતોષ્ણ)*

10. મધ્ય પ્રદેશમાં ભોપાલ ખાતે આવેલ યુનિયન કાર્બાઇડ કારખાનામાં જંતુનાશક દવાઓના ઉત્પાદનની પ્રક્રિયામાં ..... નામનો ઝેરી વાયુ વપરાતો હતો. *(મીક, ઝિંક, મૅગ્નેટ)*

● **નીચે આપેલાં વિધાનો *ખરાં* છે કે *ખોટાં* તે જણાવો :**

11. ભારતીય બંધારણ 26મી નવેમ્બર, 1950ના દિવસે પસાર કરવામાં આવ્યું.

12. હેબિયસ કોર્પસ એટલે બંદી પ્રત્યક્ષીકરણ.

13. સમુદ્ર સપાટીથી વાતાવરણમાં જેમ ઊંચે જઈએ તેમ હવાનું તાપમાન અને દબાણ ઘટે છે.

14. અસમનો કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન એ હામુર માટેનો રાષ્ટ્રીય ઉદ્યાન છે.

15. જો તમે પંજાબની મુલાકાત લેશો, તો ત્યાંના મુખ્ય ખોરાક તરીકે મેંદુવડાનો સ્વાદ ચાખશો.

● **યોગ્ય જોડકાં જોડો :**

વિભાગ 'A'	વિભાગ 'B'
16. બંગાળનું વિભાજન	A. ક્યૂબાની કટોકટી
17. હૉટ લાઈન	B. ભૂગર્ભીય ક્રિયાથી રચાયેલું સરોવર
18. વુલર	C. વાઇસરૉય કર્ઝન
19. પાઇન-દેવદાર	D. હિમાલયના ઊંચા ઢોળાવ
20. લાલ લાઇટ	E. વાહન સ્ટૉપ કરવું
	F. રામકૃષ્ણ પરમહંસ

● **નીચેના પ્રશ્નોના *એક-બે* શબ્દોમાં ઉત્તર આપો :**

21. સંયુક્ત રાષ્ટ્રોએ 10 ડિસેમ્બર, 1948ના દિવસને કયા દિવસ તરીકે ઊજવવામાં આવે છે?

22. અત્યારે લોકો છત્રી અને રેઇનકોટનો ઉપયોગ કરી રહ્યા છે, તો ભારતમાં કઈ ઋતુ અનુભવાતી હશે?

23. ભારત સરકારે નવી રાષ્ટ્રીય વનનીતિ ક્યારે જાહેર કરી?

24. સ્ટૉપ લાઇન એટલે શું?

વિભાગ B

નીચે આપેલા તેર (13) પ્રશ્નોમાંથી કોઈ પણ *નવ* (9) પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : **18**

[પ્રશ્ન નં. 25થી 37 – *પ્રત્યેકના 2 ગુણ*]

25. ભારતમાં રાજા નિઃસંતાન અવસાન થતાં જે રાજ્યો ડેલહાઉસીએ ખાલસા કર્યાં તે રાજ્યોનાં નામ શોધીને લખો.
(પંજાબ, સતારા, અવધ, જેતપુર, કર્ણાટક, ઝાંસી, તાંજોર, સંબલપુર)

26. ગાંધીજીએ રૉલેટ ઍક્ટને 'કાળો કાયદો' શા માટે કહ્યો?

27. ડોમિનિયન સ્ટેટ્સ એટલે શું?

28. બગદાદ-કરારની માહિતી આપો.

29. સંકલ્પના સમજાવો : પ્રદેશવાદ

30. ''આમુખ એ હોકાયંત્રની ગરજ સારે છે.'' આ વિધાન સમજાવો.

31. લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ 123 (3) શું દર્શાવે છે?

32. ભારતમાં કેટલાં ગૃહોની ધારાસભા છે? ક્યાં ક્યાં?

33. પરિચય આપો : નઝીરી અદાલત

34. ભારતના અક્ષાંશીય-રેખાંશીય વ્યાપ (વિસ્તારો) લગભગ સરખા છે. સાબિત કરો.

35. આપેલ ખડકોનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો :
ગ્રેનાઇટ, કોલસો, બેસાલ્ટ, ચિરોડી

ક્રમ	આગ્નેય ખડકો	પ્રસ્તર ખડકો

36. ભરતીનાં જંગલો કયાં રાજ્યોમાં જોવા મળે છે?


37. ભારતીય સંસ્કૃતિ 'ઋષિ-કૃષિની સંસ્કૃતિ' કેમ કહેવાય છે?

વિભાગ C

નીચે આપેલા નવ (9) પ્રશ્નોમાંથી કોઈ પણ *છ* (6) પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : **18**

[પ્રશ્ન નં. 38થી 46 – *પ્રત્યેકના 3 ગુણ*]

38. નીચેના ચિત્રનો અભ્યાસ કરી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :



(1) ઉપરનું ચિત્ર કઈ બાબત દર્શાવે છે?

(2) UNમાં સૌથી વધુ વખત 'વીટો પાવર'નો ઉપયોગ કયા દેશે કર્યો?

(3) અમેરિકા અને સોવિયત સંઘ (રશિયા) દ્વારા 'વીટો પાવર'ના ઉપયોગની તુલના કરો.

ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટેના પ્રશ્નો :

(1) વીટો પાવર એટલે શું?

(2) UNમાં સૌથી વધુ વખત 'વીટો પાવર'નો કોણે ઉપયોગ કર્યો છે?

(3) અમેરિકા અને રશિયામાં કોણે સૌથી વધુ વખત વીટો પાવરનો ઉપયોગ કર્યો છે?


39. વર્સેલ્સની સંધિને 'જર્મની માટે અન્યાયી સંધિ રહી' તે કેવી રીતે કહી શકાય? તાર્કિક રીતે સમજાવો.

40. ભારતના નાગરિકની મૂળભૂત ફરજો જણાવો.

41. લોક અદાલતો શા માટે આકર્ષણનું કેન્દ્ર બની છે?

42. ''ચૂંટણી એ લોકશાહીની પારાશીશી છે.'' આ વિધાન સમજાવો.

43. નીચે આપેલી આકૃતિનો અભ્યાસ કરી તે કઈ ઘટનાનું નિદર્શન કરે છે તે ઘટના વિશે ટૂંક નોંધ લખો.



44. જંગલોનો વિનાશ થઈ રહ્યો છે, તેથી વન્ય જીવોની સંખ્યામાં ઘટાડો થયેલો જોવા મળે છે. તેના લીધે પર્યાવરણ ચક્રમાં ખલેલ પહોંચી છે. પર્યાવરણ ચક્ર વ્યવસ્થિત રીતે ચાલે તે માટે તમારી દૃષ્ટિએ શા ઉપાયો કરવા જોઈએ?

45. ધ્રુવિલ જે વિસ્તારમાં વસવાટ કરે છે ત્યાં પુરુષો રંગબેરંગી પાઘડી પહેરે છે, તો તે ભારતના કયા ભાગમાં રહેતો હશે? ત્યાંના લોકોના ખોરાક વિશે જણાવો.

46. દાવાનળથી બચવા શું કરી શકાય? તે જણાવો.

વિભાગ D

નીચે આપેલા પ્રશ્ન 47થી 53માંથી કોઈ પણ *ચાર* (4) પ્રશ્નોના ઉત્તર લખો : *[પ્રત્યેકના 4 ગુણ]*
(પ્રશ્ન નં. 54 ફરજિયાત છે, જે નકશાપૂર્તિનો છે.) **20**

47.  બાજુમાં આપેલ ચિત્રને જુઓ. તેમણે દેશની સ્વાતંત્ર્ય ચળવળમાં આપેલ ફાળા વિશે ચર્ચા કરો.

48. ભારતનું આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિશ્વરાજકારણમાં પ્રદાનની સમજ આપો.

49. દીવ, દમણ અને ગોવાનું ભારત સાથે જોડાણ કેવી રીતે થયું? રાજકીય ઘટના તરીકે તેનું મૂલ્યાંકન કરો.

50. ભારતના રાષ્ટ્રપતિની ધારાકીય સત્તાઓ અને વહીવટી સત્તાઓ જણાવો.

51. લોકશાહીના ઘડતરમાં મુદ્રિત માધ્યમોનો ફાળો જણાવો.

52. દેવદાર, ચીડના લાકડામાંથી રમતગમતનાં સાધનો બનાવવામાં આવે છે. ચંદનના વૃક્ષમાંથી સૌંદર્યવર્ધક બનાવટો બનાવવામાં આવે છે. વાંસમાંથી ટોપલા, ટોપલી, રમકડાં, ગૃહસુશોભનની વસ્તુઓ બનાવવામાં આવે છે. જંગલો રાળ, લાખ, ગુંદર, રબર, મધ, નેતર જેવી વન્ય પેદાશો પૂરી પાડે છે.

ઉપર આપેલી માહિતી પરથી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો :

(1) સૌંદર્યવર્ધક બનાવટો બનાવવા કયા વૃક્ષના લાકડાનો ઉપયોગ થાય છે?

(2) એક ફેરિયો ટોપલીમાં ફળ વેચી રહ્યો છે, તો તે ટોપલી શામાંથી બનેલી હશે?

(3) તમે એક પરીક્ષાનું ફૉર્મ ભરી રહ્યા છો. તમને પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડવાનું કહ્યું છે, તો તમે જંગલની કઈ પેદાશનો ઉપયોગ કરશો?

(4) તમે ક્રિકેટની રમત જોઈ હશે. તેમાં દડાને ફટકારવા માટે જે સાધન(બેટ)નો ઉપયોગ થાય છે તે કયા વૃક્ષના લાકડામાંથી બનેલું હશે?

53. પશ્ચિમ ભારતના લોકોના પહેરવેશ અને પૂર્વ ભારતના લોકોના પહેરવેશની તુલના કરી તફાવત લખો.

54. તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાઓ વડે, યોગ્ય સ્થાને દર્શાવો :

(1) અંદમાન-નિકોબાર દ્વીપસમૂહો

(2) અરબ સાગર

(3) રણપ્રકારની જમીન – રાજસ્થાન

(4) ચંદ્રપ્રભા અભયારણ્ય

ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટેના પ્રશ્નો :

(1) અંદમાન-નિકોબાર ભારતીય દ્વીપકલ્પની કઈ દિશામાં આવેલું છે?

(2) અરબ સાગર ભારતની કઈ દિશાએ આવેલો છે?

(3) રણપ્રકારની જમીન ભારતમાં કયા રાજ્યમાં જોવા મળે છે?

(4) ચંદ્રપ્રભા અભયારણ્ય કયા રાજ્યમાં આવેલું છે?

Published by Navneet Education Limited, Dantali, Gujarat.
CTP **Printed by** Navneet Education Limited, Dantali, Gujarat. 25 01

IMP Notes For Students

બોર્ડની જવાબવહીને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલ

NAVNEET®

Knowledge is wealth

EXERCISE ANSWER BOOK

એક્સરસાઈઝ જવાબવહી

વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા પહેલાં પ્રશ્નપત્રના ઉત્તરો લખવા માટેનો મહાવરો થઈ શકે એ માટે 'એક્સરસાઈઝ જવાબવહી' તૈયાર કરવામાં આવી છે.

સાઈઝ


22 સેમી x 28 સેમી

પેપર

60 ગ્રામ

પાનાં

16



વિશિષ્ટતાઓ :

- બોર્ડની પરીક્ષાના પ્રશ્નપત્રના સ્વરૂપ અનુસાર.
- અંગત પ્રૅક્ટિસ તથા સ્કૂલ પરીક્ષા માટે ઉપયોગી.
- શિરોલંબ રેખાઓ દોરવા માટે મથાળે અને નીચે 1 સેમી મુજબ અપાયેલા આંકા.
- **પચીસના પૅકિંગમાં ઉપલબ્ધ.**

Tr. for Teacher

An Initiative By

NAVNEET®

શિક્ષકો તેમની સમાજપ્રત્યેની બહુમૂલ્ય સેવા તથા યોગદાન બદલ વિશેષ આદર અને સમ્માનને પાત્ર છે. આ વિચારને લઈ, આ વર્ષે અમે શિક્ષકદિનની ઉજવણી તેઓને યોગ્ય સમ્માન મળે તદર્થે 'Teacher' શબ્દને 'Tr.' સંકેતાક્ષર આપી બિરદાવવાની પહેલથી કરી છે.

અહીં એક ફિલ્મ દ્વારા સમાજને દિશાનિર્દેશ કરવામાં આવ્યો છે; જે સૌને વિચારતા કરે અને 'Teacher' માટે 'Tr.' સંકેતાક્ષર સત્તાવાર રીતે સ્વીકારવામાં આવે એ ઝુંબેશમાં જોડાવા આમંત્રિત/પ્રોત્સાહિત કરે છે.

ફિલ્મ જોવા માટે QR કોડ સ્કેન કરો અને પિટિશન પર સહી કરવા માટે વર્ણનમાં આપેલી લિંક પર ક્લિક કરો.

BeMasterly
A Navneet FutureTech Initiative

A NAVNEET FUTURETECH INITIATIVE

ટીચિંગ પ્રોફેશનલ્સ માટે પ્રોફેશનલ પ્લેટફૉર્મ



નવનીત સમજે છે કે શિક્ષણના આ હાઇ-ટેક યુગમાં એક ઉમદા શિક્ષક હોવાની સાથે એક પ્રોફેશનલ ટ્યૂટર હોવું પણ અત્યંત આવશ્યક છે. વધુમાં શિક્ષણક્ષેત્રે નવનીત 60થી પણ વધુ વર્ષોથી એક આગવું નામ રહ્યું છે. આ જ કારણસર, ટ્યૂટર્સ અને કૉચિંગ ઇન્સ્ટિટ્યૂટ્સને વધુ સશક્ત બનાવવા નવનીત ફ્યુચર-ટેક લિમિટેડ રજૂ કરે છે એક અત્યાધુનિક પ્લેટફૉર્મ-BeMasterly. જે ઍડમિનિસ્ટ્રેશન, કમ્યુનિકેશન અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓને સ્વચાલિત અને ડિજિટાઇઝ કરે છે, જેથી આપ શિક્ષણ પ્રદાન કરવાની આપની કુશળતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકો.

BeMasterly નો ઉપયોગ કરવાના ફાયદાઓ

- **વધુ** પ્રોફેશનલ બનો
- **વધુ** સફળ બનો
- **વધુ** સમૃદ્ધ બનો
- **વિશાળ** નેટવર્ક વિકસાવો
- **વધુ** હળવાશ અનુભવો

BeMasterly તરફથી મેળવો અમર્યાદિત સેવાનો ખજાનો

- **અમર્યાદિત** વિદ્યાર્થીઓ અને ટ્યૂટર્સની નોંધણી
- **અમર્યાદિત** પરીક્ષાઓ લઈ શકાય છે
- **અમર્યાદિત** નવનીત કન્ટેન્ટનો લાભ
- **અમર્યાદિત** હોમવર્ક ચેકિંગ
- વાલીઓ માટે એસએમએસ, વૉટ્સઅપ, ઇ-મેઇલ પર અમર્યાદિત નોટિફિકેશન્સ

તમારી ફ્રી ટ્રાયલ બુક કરવા માટે અમારો સંપર્ક કરો

+91 8080-544-000 | care@bemasterly.com | www.bemasterly.com